ત્રીજી શ્રેણી )

પુસ્તક: ૧૬૦

બુધવાર, તા. ૨૩મી માર્ચ-૨૦૧૧
ચૈત્ર ૨, ૧૯૩૩ શાકે

થી

સોમવાર, તા.૨૮મી માર્ચ, ૨૦૧૧
ચૈત્ર ૭, ૧૯૩૩ શાકે

# ગુજરાત વિધાનસભા
# ચર્ચાઓ

**સત્તાવાર અહેવાલ**

**બારમી ગુજરાત વિધાનસભા**

**આઠમું અધિવેશન**

**ગુજરાત વિધાનસભા અધિકાર હેઠળ પ્રકાશિત**

**ગુજરાત વિધાનસભા સચિવાલય**

**ગાંધીનગર.**

# અ નુ ક્ર મ ણિ કા


| વિષય | પાના નંબર |
|---|---|
| **બુધવાર, તા. ૨૩મી માર્ચ-૨૦૧૧ / ચૈત્ર ૨, ૧૯૩૩ શાકે** | |
| તારાંકિત પ્રશ્નો | ૧ - ૧ |
| અતારાંકિત પ્રશ્નો | ૨ - ૫૮ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ) | ૫૯ - ૯૦ |
| **ગુરૂવાર, તા.૨૪મી માર્ચ ૨૦૧૧ / ચૈત્ર ૩, ૧૯૩૩ શાકે** | |
| તારાંકિત પ્રશ્નો | ૯૧ - ૧૦૪ |
| અતારાંકિત પ્રશ્નો | ૧૦૫ - ૧૮૭ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ) | ૧૮૮ - ૨૦૮ |
| પૉઈન્ટ ઑફ ઑર્ડર | ૨૦૯ - ૨૦૯ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ) | ૨૧૦ - ૨૧૨ |
| દાખલ કરવાના બિન સરકારી વિધેયકો | ૨૧૩ - ૨૧૩ |
| બિન સરકારી સંકલ્પો | ૨૧૪ - ૨૩૦ |
| **શુકવાર, તાઃ૨૫મી માર્ચ, ૨૦૧૧ / ચૈત્ર ૪, ૧૯૩૩ શાકે** | |
| તારાંકિતપ્રશ્નો | ૨૩૧ - ૨૪૧ |
| અતારાંકિત પ્રશ્નો | ૨૪૨ - ૩૨૨ |
| સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો | ૩૨૩ - ૩૨૪ |
| સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો શ્રમ અને રોજગાર | ૩૨૫ - ૩૨૮ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન(બારમો અને છેલ્લો દિવસ) | ૩૨૯ - ૩૪૫ |
| **સોમવાર, તા.૨૮મી માર્ચ, ૨૦૧૧ / ચૈત્ર ૭, ૧૯૩૩ શાકે** | |
| તારાંકિત પ્રશ્નો | ૩૪૬ - ૩૫૬ |
| અતારાંકિત પ્રશ્નો | ૩૫૭ - ૪૦૩ |
| શહેરી વિકાસ મંત્રીશ્રીનું નિવેદન(નિયમ-૪૪) | ૪૦૪ - ૪૦૫ |
| સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો | ૪૦૬ - ૪૦૬ |
| વિધાનસભાની સમિતિઓના અહેવાલની રજૂઆત | ૪૦૭ - ૪૦૭ |
| ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયક,૨૦૧૧ | ૪૦૮ - ૪૧૧ |
| ગુજરાત સાર્વજનિક ટ્રસ્ટ વિધેયક,૨૦૧૧ | ૪૧૨ - ૪૧૯ |
| ગુજરાત અનધિકૃત વિકાસને નિયમિત કરવા બાબત વિધેયક,૨૦૧૧ | ૪૨૦ - ૪૩૧ |

# અ નુ ક્ર મ ણિ કા


| વિષય | પાના નંબર |
|---|---|
| ગુજરાત નાણાની ધીરધાર કરનારા બાબત વિધેયક, ૨૦૧૧ | ૪૩૩ - ૪૩૫ |
| સ્વર્ણિમ ગુજરાત રમતગમત યુનિવર્સિટી વિધેયક,૨૦૧૧ | ૪૩૬ - ૪૪૦ |
| ગુજરાત શરીરરચના વિધેયક, ૨૦૧૧ | ૪૪૧ - ૪૪૨ |
| ગુજરાત ટૂંકી સંજ્ઞા (સુધારા) વિધેયક, ૨૦૧૧ | ૪૪૩ - ૪૪૪ |


***

**ગુજરાત વિધાનસભા**
**બુધવાર, તા. ૨૩મી માર્ચ-૨૦૧૧**
**ચૈત્ર ૨, ૧૯૩૩ શાકે**
**સભાગૃહ બપોરના ૧૨-૦૦ વાગ્યે મળ્યું.**
**અધ્યક્ષશ્રી ગણપતભાઈ વસાવા અધ્યક્ષસ્થાને**

**અધ્યક્ષશ્રી** : ઑર્ડર, ઑર્ડર.
**સચિવશ્રી** : બાબત ક્રમાંક-૧, તારાંકિત પ્રશ્નોત્તરી.

# તારાંકિત પ્રશ્નો

**અધ્યક્ષશ્રી** : પ્રશ્ન ક્રમાંક-૧, માનનીય ભૂષણભાઈ.
**શ્રી ભૂષણભાઈ ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન ક્રમાંક-૧. (અંતરાય)

**અમદાવાદ શહેરમાં કેરોસીન/અનાજનો કાળાબજાર**

૨૨૩૯૧ **: શ્રી ભૂષણભાઈ ભટ (ખાડીયા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-
(૧)અમદાવાદ શહેરમાં વર્ષ ૨૦૧૦-૧૧ માં તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ કેરોસીન/અનાજનો કાળાબજાર અટકાવવા માટે કેટલી તપાસણી કરવામાં આવેલ છે,
(૨)તે પૈકી કેટલા લાયસન્સ રદ કરવામાં આવ્યા, અને
(૩)કેટલી વ્યક્તિઓ સામે પી.બી.એમ. કેસો કરવામાં આવ્યા ?

**નાગરિક પુરવઠા મંત્રીશ્રી :**
(૧)૨૧૦૭ તપાસણી કરવામાં આવેલ છે.
(૨)૮ લાયસન્સ રદ કરવામાં આવ્યા.
(૩)૧૦ વ્યક્તિઓ સામે પી.બી.એમ. કેસ કરવામાં આવ્યા.

--------

**અધ્યક્ષશ્રી** : ઑર્ડર, ઑર્ડર.

(આ તબક્કે માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ રજૂઆત કરવાનો પ્રયત્ન કરતાં તેમને અટકાવતાં સભાગૃહમાં ઉપસ્થિત રહેલા વિરોધપક્ષના સભ્યશ્રીઓ દ્વારા " વિકીલીકસ કહે છે *(xxxxx) " ના સતત સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા.)

**શ્રી પંકજભાઈ દેસાઈ** : બંધ કરો.. (xxxxx)

**અધ્યક્ષશ્રી** : ઑર્ડર, ઑર્ડર. બન્ને પક્ષના સભ્યશ્રીઓને વિનંતી છે કે બેસી જાવ. આ પ્રશ્નોત્તરીનો સમય છે. પ્રશ્નોત્તરી પછી આપ કહેશો તેના ઉપર ચર્ચા કરીશું. માનનીય શકિતસિંહભાઈ, આપને વિનંતી છે, આપ બેસી જાવ. પ્રશ્નોત્તરી પછી તમામ ચર્ચાઓ કરીશું, પ્લીઝ. (સતત અંતરાય)

**શ્રી વજુભાઈ વાળા** : પ્રણાલિકા જ નથી આ હાઉસમાં. આટલા વર્ષો થયા, પ્રશ્નોત્તરી પહેલાં કોઈ સવાલ પૂછવાની પ્રથા છે  જ નહીં. આપ તો કાયદાના નિષ્ણાત છો. આવી કોઈ પ્રણાલિકા જ નથી. પ્રશ્નોત્તરી પછી જે પૂછવું હોય એ પૂછી શકો છો.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ :** સાહેબ અમારી બે મિનિટ..

**અધ્યક્ષશ્રી** : શકિતસિંહભાઈ, આપ ખૂબ સિનિયર સભ્ય છો. વિધાનસભાના તમામ નિયમો-પ્રણાલિકાઓથી આપ ખૂબ જાણકાર છો. પ્રશ્નોત્તરી સમય દરમ્યાન આપણે અન્ય કોઈ ચર્ચા કરી શકતા નથી. આપને નમ્ર વિનંતી છે કે આપના સભ્યશ્રીઓને બેસાડો અને પ્રશ્નોત્તરીની ચર્ચા પૂરી થાય પછી આપણે ચર્ચા કરીશું પ્લીઝ. (સતત અંતરાય) પ્રશ્નોત્તરી પછી આપણે ચર્ચા કરીશું. પ્લીઝ, આપ બેસી જાવ. બન્ને પક્ષના સભ્યશ્રીઓના ઘણાં અગત્યના પ્રશ્નો હોઈ આપને બેસી જવા વિનંતી છે. (સતત અંતરાય) પ્રશ્નોત્તરી બાદ આપણે ચર્ચાઓ કરીશું. પ્લીઝ. (આ તબક્કે માનનીય વિરોધપક્ષના સભ્યશ્રીઓ દ્વારા સતત સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા.) (સતત અંતરાય) ઑર્ડર, ઑર્ડર. શકિતસિંહભાઈ, પ્લીઝ. આપણી એવી કોઈ પ્રણાલિકા નથી. પ્રશ્નોત્તરી સમય દરમ્યાન કોઈ ચર્ચાઓ આપણે કરતા નથી.પ્રશ્નોત્તરીના સમય દરમિયાન આપણે કાંઈ ચર્ચા કરતા નથી. આપને જે કાંઈ ચર્ચા કરવાની હશે એને માટે સંપૂર્ણ સમય હું આપને ફાળવીશ. જે કાંઈ ચર્ચા કરવી હશે એ પ્રશ્નોત્તરી પછી કરીશું. પ્લીઝ આપ બેસો.

* (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્નોત્તરી વખતે કાંઈ હોઈ શકે નહીં. આ તો દર વખતે એમને રોજે રોજ આવું થાય.. (અંતરાય) કોઈ સવાલ નથી.

**શ્રી શક્તિસિંહ હ. ગોહીલ :** શ્રી વજુભાઈ મારી વાત સાંભળો. તમે પણ સ્વીકારશો.

**અધ્યક્ષશ્રી** : પ્રશ્નોત્તરી વખતે કાંઈ ચર્ચા થશે નહીં. પ્લીઝ બે મિનિટના બદલે દસ મિનિટ ચર્ચા કરવા દઈશ, પણ પ્રશ્નોત્તરી બાદ. (સતત ઘોંઘાટ).. આપ ખૂબ અનુભવી છો, સિનિયર નેતા છો. સભ્યશ્રીઓના પ્રશ્નોનું મહત્ત્વ આપણે બધા સમજીએ. પ્લીઝ.. શ્રી શકિતસિંહ.. આપના સભ્યોને બેસાડો, આપને મારી નમ્ર વિનંતી છે.. આપણે આવી પ્રણાલિકા પાડી નથી.. પ્લીઝ.

(સતત સૂત્રોચ્ચાર - વિકિલિકસ કહે છે કે *(xxxxx)

**અધ્યક્ષશ્રી** : શ્રી શકિતસિંહ.. પ્રશ્નોત્તરી બાદ ચર્ચા કરીશું. પ્રશ્નોત્તરી આપણી પ્રણાલિકા છે. આપ ખૂબ અનુભવી સભ્ય છો. પ્લીઝ પ્રશ્નોત્તરી આપણે ચાલવા દઈએ.. (અંતરાય) નહીં અત્યારે આપને એલાઉ નહીં કરું.

**શ્રી વજુભાઈ વાળા** : પ્લીઝ કહેવાની જરૂર નથી. આ બધા સભ્યોની વાત છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહીલ** : માનનીય અધ્યક્ષશ્રી, સંસદમાં આ પ્રશ્નોત્તરી સમયે વિકિલિકસની ચર્ચા થાય. એમાં (xxxxx)છે એ વાત આવી છે. એની ચર્ચા અહીં થાય.

**અધ્યક્ષશ્રી** : હું ગૃહને એક વાગ્યા સુધી મુલતવી રાખું છું.

# અતારાંકિત પ્રશ્નો
# (નિયમ-૮૮ હેઠળ તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

### નવસારી જિલ્લામાં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય રોજગાર ગેરંટી યોજનામાં જોબકાર્ડ

૨૦૯૫૯ **: શ્રી છનાભાઈ ચૌધરી (ધરમપુર) :માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવસારી જિલ્લામાં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય રોજગાર ગેરંટી યોજના અન્વયે કેટલાને જોબકાર્ડ આપવામાં આવેલ છે, | (૧) તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવસારી જિલ્લામાં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય રોજગાર ગેરંટી યોજના અન્વયે જોબકાર્ડ આપવામાં આવેલા છે તેની વિગત નીચે મુજબ છે.<br>આપેલ જોબકાર્ડની વિગત<br>તા.૧-૨-૦૯ થી તા.૩૧-૧-૧૦ : ૧૨,૭૫૫<br>તા.૧-૨-૧૦ થી તા.૩૧-૧-૧૧ : ૧૬,૮૨૪<br>કુલ : ૨૯,૫૭૯ |
| (૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા જોબકાર્ડવાળાને કેટલી રોજગારી આપી, | (૨) તે અન્વયે છેલ્લા એક વર્ષમાં ૨૪,૧૯૩ જોબકાર્ડ ધારકોને માંગણી મુજબ ૭.૬૫ લાખ માનવદિનની રોજગારી આપી. |
| (૩) જોબકાર્ડ ધરાવતાં હોય છતાં રોજગારી ન અપાઇ હોય તેવા કેટલા લોકો છે, અને | (૩) એકપણ નહીં. |
| (૪) રોજગારી પૂરી પાડવાના સંદર્ભમાં ઉક્ત સ્થિતિએ કુલ કેટલો ખર્ચ થયો ? | (૪) રોજગારી પૂરી પાડવાના સંદર્ભમાં કુલ રૂ.૧૦૦૧.૫૫ લાખનો ખર્ચ થયેલ છે. |

--------

### ડાંગ જિલ્લામાં ઘરથાળના પ્લોટ

૨૧૦૪૨ **: શ્રી વિજયભાઈ ૨.પટેલ (ડાંગ-વાંસદા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ઘરથાળ યોજના હેઠળ ડાંગ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બી.પી.એલ. લાભાર્થીઓને ઘરથાળના કેટલા પ્લોટ ફાળવવામાં આવ્યા, અને | (૧) વર્ષ ૨૦૦૯ ૦૬<br>વર્ષ ૨૦૧૦ ૫૬૯ |

* (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

(૨) તેમાં કેટલી કિંમતની જમીન ફાળવવામાં આવી ?

(૨)

| વર્ષ | ઘરથાળના પ્લોટની સંખ્યા | જમીનની બજાર કિંમત |
|---|---|---|
| ૨૦૦૯ | ૬ | રૂ.૧,૭૪,૫૦૦/- (રૂપિયા એક લાખ ચુમ્મોતેર હજાર પાંચસો) |
| ૨૦૧૦ | ૫૬૯ | રૂ.૨,૦૧,૬૧,૬૦૦/- (રૂપિયા બે કરોડ એક લાખ એક્સઠ હજાર છસો) |
| **કુલ :** | **૫૭૫** | રૂ.૨,૦૩,૩૬,૧૦૦/- (રૂપિયા બે કરોડ ત્રણ લાખ છત્રીસ હજાર સો) |

તમામ બી.પી.એલ. લાભાર્થી પાસેથી કોઇ રકમ વસૂલ કરવામાં આવેલ નથી. વિનામૂલ્યે ફાળવણી કરવામાં આવેલ છે.

--------

**રાજ્યમાં ગ્રાહક તકરાર નિવારણ કમિશનના પ્રમુખ-સભ્યની ખાલી જગ્યાઓ**

૨૧૫૬૬ **: શ્રી ભરત બારોટ (દરિયાપુર-કાઝીપુર ) : માનનીય ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્ય ગ્રાહક તકરાર નિવારણ કમિશન હેઠળ તા.૩૧-૦૧-૨૦૧૧ ની સ્થિતિએ રાજ્ય કક્ષાએ કેટલી બેંચો ચાલે છે, | (૧) તા.૩૧-૦૧-૨૦૧૧ની સ્થિતિએ રાજ્ય કક્ષાએ રાજ્ય કમિશનની એક મુખ્ય બેન્ચ અને ત્રણ એડીશનલ બેન્ચ મંજુર થયેલ છે તે પૈકી એક મુખ્ય બેન્ચ તથા એક એડીશનલ બેન્ચ ચાલે છે. એમ કુલ-૨ (બે) બેન્ચો ચાલે છે. |
| (૨) તેમાં પ્રમુખ અને સભ્યોની કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે, | (૨) (૧) રાજ્ય ગ્રાહક તકરાર નિવારણ કમિશનની મુખ્ય બેન્ચમાં તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ મંજુર થયેલ જગ્યાઓ.<br>પ્રમુખશ્રી - ૧(એક)<br>સભ્યશ્રી - ૨(બે)<br>(૨) રાજ્ય ગ્રાહક તકરાર નિવારણ કમિશનની ૩(ત્રણ) એડીશનલ બેન્ચ મંજુર થયેલ છે. તેમાં પ્રત્યેક એડીશનલ બેન્ચમાં તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ નીચે પ્રમાણે જગ્યાઓ મંજુર થયેલ છે.<br>જ્યુડીશીયલ સભ્ય - ૧(એક)<br>બિન સરકારી સભ્ય - ૧(એક) |
| (૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ખાલી છે, અને | (૩) (૧) રાજ્ય ગ્રાહક તકરાર નિવારણ કમિશનની મુખ્ય બેન્ચમાં તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ ૨(બે) સભ્યોની જગ્યા ખાલી છે.<br>(૨) રાજ્ય ગ્રાહક તકરાર નિવારણ કમિશનની ત્રણ એડીશનલ બેન્ચમાં તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ ૨(બે) બિન સરકારી સભ્યોની જગ્યા ખાલી છે. |
| (૪) આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ? | (૪) તમામ ખાલી જગ્યાઓ ફેબ્રુઆરી-૨૦૧૧માં ભરાયેલ છે તેથી પ્રશ્ન નથી. |

--------

## સુરત જિલ્લામાં પંચવટી યોજના

૨૧૫૧૫ : **શ્રી કિરીટભાઈ ગં.પટેલ (ઓલપાડ)** : **માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લામાં પંચવટી યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૦-૨૦૧૧માં તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ કેટલી પંચવટી મંજૂર કરવામાં આવી, | (૧) ૨૮ (અઠ્યાવીસ). |
| (૨) તે પૈકી કેટલી પંચવટી બનાવવામાં આવી, | (૨) ૭ (સાત). |
| (૩) ઉક્ત સ્થિતિએ કેટલી પંચવટી બનાવવાની બાકી છે, અને | (૩) ૨૧ પ્રગતિમાં. |
| (૪) કેટલા ગામોને અનુદાનની રકમ આપવાની બાકી છે ? | (૪) બાકી નથી. |

## ગાંધીનગર જિલ્લામાં ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં કેસ

૨૧૫૨૨ : **શ્રી શંભુજી ઠાકોર (ગાંધીનગર)** : **માનનીય ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૦-૧૧માં તા. ૧-૪-૧૦ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં કુલ કેટલા કેસો પડતર હતા, | (૧) ૨૯૪. |
| (૨) તેમાં તા. ૩૧-૧૨-૧૦ સુધીમાં કુલ કેટલા નવા કેસો દાખલ થયા, | (૨) ૧૫૧. |
| (૩) તે સમય દરમ્યાન કેટલા કેસોનો નિકાલ કરવામાં આવ્યો, અને | (૩) |

| નિકાલ થયેલ કેસો | ૨૦૧૦-૧૧ પૈકી | અગાઉના વર્ષોના |
|---|---|---|
| ૨૯૦ | ૫૮ | ૨૩૨ |

| પ્રશ્ન | જવાબ | |
|---|---|---|
| (૪) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ કેટલા કેસો બાકી છે? | (૪) વર્ષ ૨૦૦૯-૧૦ | ૯૭ |
| | વર્ષ ૨૦૧૦-૧૧ | ૪૫ |
| | અગાઉના વર્ષના | ૧૩ |
| | કુલ : | ૧૫૫ |

## સુરત જિલ્લામાં ઇકો ટુરીઝમ યોજના

૨૨૩૯૬ : **શ્રી કિશોરભાઈ વાંકાવાળા (સુરત શહેર પશ્ચિમ)** : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લામાં ઇકો ટુરિઝમના વિકાસ માટેની કોઇ યોજના અમલમાં છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ યોજનામાં જિલ્લાનાં ક્યા ક્યા સ્થળો પસંદ કરવામાં આવેલ છે, અને | (૨) આ યોજનામાં સુરત જિલ્લાનાં કેવડી સ્થળને પસંદ કરવામાં આવેલ છે. |
| (૩) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં આ યોજના પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૩) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં આ યોજના પાછળ રૂપિયા ૨૩.૩૧ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. |

## રાજકોટ જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના

૨૧૫૪૨ : **ડૉ. ભરતભાઈ બોઘરા (જસદણ)** : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના હેઠળ વર્ષ-૨૦૦૯-૨૦૧૦ અને ૨૦૧૦-૨૦૧૧ દરમ્યાન તા. ૩૧-૦૧-૧૧ સુધીમાં કેટલા રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને | (૧) રાજકોટ જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના એટલે કે સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ વર્ષ-૨૦૦૯-૨૦૧૦ અને ૨૦૧૦-૨૦૧૧ દરમ્યાન તા. ૩૧-૦૧-૧૧ સુધીમાં નીચેની વિગતે રોપાનું વાવેતર કરવામાં આવેલ છે. |

(૨)

| વર્ષ | વાવેતર કરેલ વિસ્તાર (હેક્ટર) | વાવેલ રોપાની સંખ્યા (લાખમાં) |
|---|---|---|
| ૨૦૦૯-૧૦ | ૪૮૨ | ૪.૪૯ |
| ૨૦૧૦-૧૧ | ૩૯૭ | ૪.૬૫ |
| **કુલ** | **૮૭૯** | **૯.૧૪** |

(૨) તે પેકી જસદણ તાલુકામાં કેટલા રોપાનું વાવેતર કરવામાં આવેલ છે ?

(૨) તે પેકી જસદણ તાલુકામાં નીચેની વિગતે રોપાનું વાવેતર કરવામાં આવેલ છે.

| વર્ષ | વાવેતર કરેલ વિસ્તાર (હેક્ટર) | વાવેલ રોપાની સંખ્યા (લાખમાં) |
|---|---|---|
| ૨૦૦૯-૧૦ | ૨૬.૦૦ | ૦.૨૭ |
| ૨૦૧૦-૧૧ | ૩૨.૦૦ | ૦.૩૮ |
| **કુલ** | **૫૮.૦૦** | **૦.૬૫** |

## બનાસકાંઠા જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજનામાં જોબકાર્ડ

૨૧૫૩૩ **: શ્રી અનિલકુમાર માળી (દિયોદર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના હેઠળ વર્ષ ૨૦૧૦-૧૧ દરમ્યાન તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ કેટલા કુટુંબોને જોબકાર્ડ આપવામાં આવ્યા, અને

(૨) તે પેકી કેટલા પુરુષો અને કેટલી મહિલાઓને કામ આપવામાં આવ્યું ?

**જવાબ**

(૧) બનાસકાંઠા જિલ્લામાં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના હેઠળ વર્ષ ૨૦૧૦-૧૧ દરમ્યાન તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ ૨૨૧૦૮ કુટુંબોને જોબકાર્ડ આપવામાં આવેલ છે.

(૨) તે પેકી કામની માંગણી કરનાર ૮૫૧૭ પુરૂષોને ૮૬૬૧૨ માનવદિનનું અને ૧૦૭૦૮ મહિલાઓને ૧૧૯૪૨૩ માનવ દિનનું કામ આપવામાં આવેલ છે.

--------

## સુરત અને તાપી જિલ્લામાં એ.પી.એલ. અને બી.પી.એલ. કાર્ડ

૨૨૪૨૩ **: શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ (બારડોલી) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત અને તાપી જિલ્લામાં તા. ૩૧-૧-૨૦૧૧ ની સ્થિતિએ તાલુકાવાર બી.પી.એલ. અને એ.પી.એલ. રેશનકાર્ડ છેલ્લા બે વર્ષમાં કેટલા નવા કાર્ડ કાઢી આપવામાં આવ્યા,

(૨) હજુ કેટલા કાર્ડ કાઢી આપવાના બાકી છે, અને

(૩) તે ક્યાં સુધીમાં કાઢી આપવામાં આવશે ?

**જવાબ**

(૧) અને (૨) તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ સુરત જિલ્લાની વિગતો આ સાથેના પત્રક-૧ અને તાપી જિલ્લાની પત્રક-૨માં દર્શાવ્યા મુજબ

(૩) બારકોડેડ રેશનકાર્ડ આપવાની યોજના અંતર્ગત કામગીરી ચાલુ છે, ડેટાએન્ટ્રી ચકાસણી અને બાયોમેટ્રીક્ની કામગીરી પૂર્ણ થયે આપવામાં આવશે.

### પત્રક-૧
### સૂરત જિલ્લો

| અ.નં. | તાલુકો | તા. ૧-૧-૦૯ થી તા. ૩૦-૬-૧૦ સુધીના સમયગાળા દરમ્યાન આપવામાં આવેલ રેશનકાર્ડ | | તા. ૧-૧-૦૯ થી તા. ૩૦-૬-૧૦ સુધીના સમયગાળાના આપવાના બાકી રેશનકાર્ડ | | તા. ૧-૭-૧૦ થી તા. ૩૧-૧-૧૧ સુધી બારકોડેડ રેશનકાર્ડ યોજના હેઠળ આપેલ તન નવા રેશનકાર્ડ | | તા. ૧-૭-૧૦ થી તા. ૩૧-૧-૧૧ સુધીના તન નવા આપવાના બાકી રેશનકાર્ડ | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | ૪ | | ૫ | | ૬ | |
| અ.નં. | તાલુકો | એપીએલ | બીપીએલ | એપીએલ | બીપીએલ | એપીએલ | બીપીએલ | એપીએલ | બીપીએલ |
| ૧ | ચોયાર્સી | ૭૧૪ | ૧ | - | - | ૧૬ | - | ૧૫૧ | ૩ |
| ૨ | ઓલપાડ | ૧૬૧૩ | ૪૩ | - | - | - | - | ૧૭૯ | - |
| ૩ | માંડવી | ૧૪૬ | ૦ | - | - | - | - | - | - |
| ૪ | માંગરોળ | ૯૭૫ | ૪૩ | - | - | - | - | ૨૦૩ | ૨૮ |
| ૫ | ઉમરપાડા | ૧૦૦ | ૦ | - | - | - | - | ૧ | - |
| ૬ | બારડોલી | ૪૬૨ | ૦ | - | - | - | - | ૨૩૦ | - |
| ૭ | કામરેજ | ૯૨૫ | ૦ | - | - | - | - | ૮૨ | ૫ |
| ૮ | પલસાણા | ૪૮૦ | ૦ | - | - | - | - | ૨૬૬ | ૫૩ |
| ૯ | મહુવા | ૧૫૫૪ | ૦ | - | - | - | - | ૨૧ | - |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૦ | ચોક્બજારઝોન | ૧૯૩૦ | ૪ | - | - | ૪૯ | ૧ | ૧૪૫૩ | ૧ |
| ૧૧ | નાનપુરાઝોન | ૪૧૭૫ | ૮ | - | - | - | - | ૨૦૦૨ | ૮ |
| ૧૨ | ઉધના-લીંબાયતઝોન | ૩૨૧૯ | ૦ | - | - | - | - | ૫૫૦૧ | ૪૦ |
| ૧૩ | રાંદેર ઝોન | ૨૩૯૬ | ૦ | - | - | - | - | ૧૦૯૮ | - |
| ૧૪ | વરાછા ઝોન | ૬૭૧૩ | ૦ | - | - | - | - | ૩૫૪૯ | - |
| ૧૫ | ક્તારગામ-અમરોલી ઝોન | ૮૧૯૭ | ૧ | - | - | ૩૩ | - | ૫૭૭૯ | - |
| ૧૬ | પૂણા ઝોન | ૧૬૪૨૦ | ૧ | - | - | - | - | ૬૫૯૯ | ૮ |
| | કુલ | ૫૦૦૧૯ | ૧૦૧ | - | - | ૯૮ | ૧ | ૨૭૧૧૪ | ૧૪૬ |

-----------

## પત્રક-૨
## તાપી જિલ્લો

| અ.નં. | તાલુકો | તા. ૧-૧-૦૯ થી તા. ૩૧-૫-૧૦ સુધીના સમયગાળા દરમ્યાન આપવામાં આવેલ રેશનકાર્ડ | | તા. ૧-૧-૦૯ થી તા. ૩૧-૫-૧૦ સુધીના સમયગાળા દરમ્યાન આપવાના બાકી રેશનકાર્ડ | | તા. ૧-૬-૧૦ થી તા. ૩૧-૧-૧૧ સુધી બારકોડેડ રેશનકાર્ડ યોજના હેઠળ આપેલ તન નવા રેશનકાર્ડ | | તા. ૧-૬-૧૦ થી તા. ૩૧-૧-૧૧ સુધીના તન નવા આપવાના બાકી રેશનકાર્ડ | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | ૪ | | ૫ | | ૬ | |
| અ.નં. | તાલુકો | એપીએલ | બીપીએલ | એપીએલ | બીપીએલ | એપીએલ | બીપીએલ | એપીએલ | બીપીએલ |
| ૧ | વાલોડ | ૩૯ | - | - | - | - | - | - | - |
| ૨ | વ્યારા | ૮૨૦ | - | - | - | - | - | - | - |
| ૩ | સોનગઢ | ૨૪૯૫ | ૧૪૩૮ | - | - | - | - | ૭૫ | - |
| ૪ | ઉચ્છલ | ૧૨૧ | - | - | - | - | - | - | - |
| ૫ | નિઝર | ૧૫૧ | - | - | - | - | - | - | - |
| | કુલ | ૩૬૨૬ | ૧૪૩૮ | - | - | - | - | ૭૫ | - |

--------

### સુરેન્દ્રનગર જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજનામાં કામ

૨૧૫૩૪ **: શ્રીમતી વર્ષાબેન ન.દોશી (વઢવાણ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૧૦-૧૧ અંતર્ગત સુરેન્દ્રનગર જિલ્લામાં તા. ૩૧/૧૨/૧૦ની સ્થિતિએ રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના હેઠળ કેટલા કામો ચાલુ કરવામાં આવ્યા,

(૨) તે પૈકી કેટલા કામો પૂર્ણ કરવામાં આવ્યા, અને

(૩) બાકીના કામો ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

**જવાબ**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૧૧માં તા. ૩૧/૧૨/૧૦ની સ્થિતિએ મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના અંતર્ગત ૧૩૨૬ કામો ચાલુ કરવામાં આવ્યા,

(૨) તે પૈકી ૧૧૪૧ કામો પૂર્ણ કરવામાં આવ્યા.

(૩) રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના રોજગારીની માંગણી આધારીત યોજના હોઇ કામની માંગણી થયેથી કામગીરી કરવામાં આવશે.

### આદિજાતિ સલાહકાર પરિષદની બેઠકો

૨૦૯૫૬ **: શ્રી અમરસિંહ વસાવા (દેડીયાપાડા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૧/૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આદિજાતિ સલાહકાર પરિષદની બેઠકો વર્ષવાર ક્યારે ક્યારે યોજવામાં આવી,

(૨) આ બેઠકો નિયમિત રીતે બોલાવવામાં આવતી નથી તેવી કેટલી ફરિયાદો સરકારને ઉક્ત સ્થિતિએ મળી, અને

(૩) મળેલ ફરિયાદો પછી આ બેઠકો નિયમિત રીતે યોજાય તે માટે સરકારે શી કાર્યવાહી કરી?

**જવાબ**

(૧) વર્ષ ૨૦૦૯-૧૦ તા. ૧૧/૦૨/૨૦૧૦
વર્ષ ૨૦૧૦-૧૧ તા. ૩૧/૦૫/૨૦૧૦

(૨) એક.

(૩) તા. ૩૧/૦૫/૨૦૧૦ના રોજ બેઠક યોજવામાં આવી હતી.

### જામનગર જિલ્લામાં સરદાર આવાસ

૨૧૫૧૨ **: શ્રી મુળુભાઈ હ. બેરા (ભાણવડ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૧૧ દરમિયાન તા. ૩૧/૧૨/૧૦ની સ્થિતિએ સરદાર આવાસ યોજના

**જવાબ**

(૧) વર્ષ ૨૦૧૦-૧૧માં લક્ષ્યાંક ફાળવેલ ન હોય મંજૂર કરવાનો પ્રશ્ન રહેતો નથી.

હેઠળ કેટલા મકાનો મંજૂર કરવામાં આવ્યા,

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલા મકાનો બાંધવામાં આવ્યા,

(૩) કેટલા મકાનો બાંધવાના બાકી છે, અને

(૪) તે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

## ધંધુકા, બરવાળા અને રાણપુર તાલુકામાં ગોચર અને પંચાયતની જમીનો ઉપર દબાણ

**૭/page>** ૨૨૦૬૬ **: શ્રી રણછોડભાઈ ક.મેર (ધંધૂકા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ધંધુકા, બરવાળા અને રાણપુર તાલુકામાં તા. ૩૧/૧૨/૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગામવાર ગોચર અને પંચાયતની જમીનો ઉપર થયેલ દબાણો દૂર કરવા કેટલી ફરિયાદો મળી,

(૨) તે મુજબ ઉક્ત તાલુકાઓની કઈ કઈ પંચાયતોની જમીન અને ગોચર જમીન ઉપર દબાણ થયા છે, અને

(૩) આ દબાણો દુર કરવા સરકારે શાં પગલાં ભર્યા?

**જવાબ**

(૧) **ફરિયાદો નીચે મુજબ છે.**

| ક્રમ | તાલુકાનું નામ | ગામનું નામ | સંખ્યા ગોચર | પંચાયત | કુલ |
|---|---|---|---|---|---|
| ૧ | ધંધુકા | ગલસાણા | ૦ | ૧ | ૧ |
| | | છસીયાણા | ૦ | ૧ | ૧ |
| | | સરવાળ | ૦ | ૧ | ૧ |
| | | ઉંચડી | ૩ | ૦ | ૩ |
| | | હરીપુરા | ૨ | ૦ | ૨ |
| | | **કુલ** | **૫** | **૩** | **૮** |
| ૨ | બરવાળા | જુના નાવડા | ૦ | ૪ | ૪ |
| | | ચોકડી | ૦ | ૧ | ૧ |
| | | પોલારપુર | ૦ | ૧ | ૧ |
| | | સોઢી | ૦ | ૧ | ૧ |
| | | બેલા | ૦ | ૧ | ૧ |
| | | **કુલ** | **૦** | **૮** | **૮** |
| ૩ | રાણપુર | રાજપરા | ૦ | ૭ | ૭ |
| | | આલમપુર | ૦ | ૨ | ૨ |
| | | માલણપુર | ૦ | ૧ | ૧ |
| | | દેવળીયા | ૨ | ૦ | ૨ |
| | | **કુલ** | **૨** | **૧૦** | **૧૨** |
| | | **કુલ એકંદર** | **૭** | **૨૧** | **૨૮** |

(૨)

| ક્રમ | તાલુકાનું નામ | ગામનું નામ | ગોચર સંખ્યા | જમીન ક્ષેત્રફળ | પંચાયત સંખ્યા | જમીન ક્ષેત્રફળ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ધંધુકા | ગલસાણા | ૦ | ૦ | ૧ | ૦૦.૦૦૮૫ |
| | | છસીયાણા | ૦ | ૦ | ૧ | ૦૦.૦૦.૪૦ |
| | | સરવાળ | ૦ | ૦ | ૧ | ૦૦.૦૦.૩૫ |
| | | ઉંચડી | ૩ | ૩.૦૦.૦૦ | ૦ | ૦ |
| | | હરીપુરા | ૨ | ૨.૪૬.૦૦ | ૦ | ૦ |
| | | **કુલ** | ૫ | ૫.૪૬.૦૦ | ૩ | ૦૦.૦૧.૬૦ |
| ૨ | બરવાળા | જુના નાવડા | ૦ | ૦ | ૪ | ૦.૦૧.૮૭ |
| | | ચોકડી | ૦ | ૦ | ૧ | ૦.૦૦.૧૫ |
| | | પોલારપુર | ૦ | ૦ | ૧ | ૦.૦૦.૮૦ |
| | | સોઢી | ૦ | ૦ | ૧ | ૦.૦૦.૫૦ |
| | | બેલા | ૦ | ૦ | ૧ | ૦.૦૦.૨૫ |
| | | **કુલ** | ૦ | ૦ | ૮ | ૦.૦૩.૫૭ |
| ૩ | રાણપુર | રાજપરા | ૦ | ૦ | ૭ | ૦.૦૬.૧૫ |
| | | આલમપુર | ૦ | ૦ | ૨ | ૦૦.૦૨.૦૦ |
| | | માલણપુર | ૦ | ૦ | ૧ | ૦૦.૦૦.૧૦ |
| | | દેવળીયા | ૩ | ૦૯.૬૫.૨૨ | ૦ | ૦ |
| | | **કુલ** | ૩ | ૦૯.૬૫.૨૨ | ૧૦ | ૦૦.૦૮.૨૫ |
| | | **કુલ એકંદર** | ૮ | ૧૫.૧૧.૨૨ | ૨૧ | ૦૦.૧૩.૪૨ |

(૩) ગોચરના દબાણો દૂર કરવાની સત્તા ગ્રામ પંચાયતને છે. ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ની ક્લમ-૧૦૫ મુજબ જિલ્લા/તાલુકા/ગ્રામ પંચાયત દ્વારા દબાણ દૂર કરાવવા માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે.

--------

**અમદાવાદ જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના**

૨૧૫૯૨ : **શ્રી કમાભાઈ ગ.રાઠોડ (વિરમગામ)** : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના હેઠળ વર્ષ ૨૦૦૯-૧૦ અને ૨૦૧૦-૧૧ દરમ્યાન તા. ૩૧/૧/૧૧ સુધીમાં કેટલા રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તે પૈકી વિરમગામ તાલુકામાં કેટલા રોપાનું વાવેતર કરવામાં આવેલ છે?

**જવાબ**

(૧) અમદાવાદ જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના એટલે કે સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ વર્ષ ૨૦૦૯-૨૦૧૦ અને ૨૦૧૦-૨૦૧૧ દરમ્યાન તા. ૩૧/૧/૧૧સુધીમાં નીચેની વિગતે રોપાનું વાવેતર કરવામાં આવેલ છે

| વર્ષ | વાવેતર કરેલ વિસ્તાર (હેક્ટર) | વાવેલ રોપાની સંખ્યા (લાખમાં) |
|---|---|---|
| ૨૦૦૯-૨૦૧૦ | ૫૭૦.૦૦ | ૫.૧૧ |
| ૨૦૧૦-૨૦૧૧ | ૬૩૪.૩૧ | ૭.૧૧ |
| કુલ | ૧૨૦૪.૩૧ | ૧૨.૨૨ |

(૨) તે પૈકી વિરમગામ તાલુકામાં નીચેની વિગતે રોપાનું વાવેતર કરવામાં આવેલ છે.

| વર્ષ | વાવેતર કરેલ વિસ્તાર (હેક્ટર) | વાવેલ રોપાની સંખ્યા (લાખમાં) |
|---|---|---|
| ૨૦૦૯-૨૦૧૦ | ૬૫.૦૦ | ૦.૫૭ |
| ૨૦૧૦-૨૦૧૧ | ૧૯.૦૦ | ૦.૨૩ |
| કુલ | ૮૪.૦૦ | ૦.૮૦ |

--------

**પંચમહાલ જિલ્લામાં વોટરશેડના કામ**

૨૧૫૨૯ : **શ્રી ફતેસિંહ ચૌહાણ (રાજગઢ)** : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પંચમહાલ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા વોટરશેડના કામો મંજૂર કરવામાં આવ્યા,

(૨) તે પૈકી કેટલા કામો પૂર્ણ કરવામાં આવ્યા અને કેટલા કામો બાકી છે, અને

(૩) તે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

**જવાબ**

(૧) પંચમહાલ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ૯૧૭ વોટરશેડના કામો મંજૂર કરવામાં આવેલ છે.

(૨) તે પૈકી ૭૦૩ કામો પૂર્ણ કરવામાં આવેલ છે અને ૨૧૪ કામો બાકી છે.

(૩) બાકી ૨૧૪ કામો ડીસે-૨૦૧૧ સુધીમાં પૂર્ણ કરવામાં આવશે.

--------

**ગરીબ કુટુંબો માટે અનાજ અને કેરોસીન માટે બારકોડેડ રેશનકાર્ડ**

૨૧૫૬૪ : **ડૉ. માયાબેન સુ. કોડનાની (નરોડા)** : **માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ ગરીબ કુટુંબોને અનાજ અને કેરોસીન પૂરતા જથ્થામાં મળી રહે તે માટે સરકાર બારકોડેડ રેશનકાર્ડ લાવી રહી છે તે હકીક્ત સાચી છે, અને

(૨) જો હા, તો આ યોજનાનો અમલ ક્યારથી કરવામાં આવનાર છે?

**જવાબ**

(૧) હા, જી. માત્ર ગરીબ કુટુંબો માટે નહિ પરંતુ તમામ રેશનકાર્ડ ધારક કુટુંબો માટે બારકોડેડ રેશનકાર્ડની યોજના છે.

(૨) યોજના અંતર્ગત કામગીરી ચાલુ છે. ડેટાએન્ટ્રી, ચકાસણી અને બાયોમેટ્રીક્ની કામગીરી પૂર્ણ થયેથી.

**રાજકોટ જિલ્લામાં પંચવટી યોજના**

૨૨૪૦૪ : **શ્રી ગોવિંદભાઈ ઉ.પટેલ (રાજકોટ-૧)** : **માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લામાં પંચવટી યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૦-૧૧ માં તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ કેટલી પંચવટી મંજૂર કરવામાં આવી,

**જવાબ**

(૧) ૧૦ (દસ).

(૨) તે પેકી ઉક્ત સ્થિતિએ કેટલી પંચવટી બનાવવામાં આવી અને કેટલી પંચવટી બનાવવાની બાકી છે, અને

(૨) ૧૦ પ્રગતિમાં છે.

(૩) તે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

(૩) સત્વરે.

--------

## વડોદરા અને નર્મદા જિલ્લામાં બારમા નાણાં પંચ અંતર્ગત ફાળવેલ રકમ

૧૯૩૯૦ **: શ્રી ધીરુભાઈ ભીલ (નસવાડી) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૧૧ની સ્થિતિએ બારમાં નાણાંપંચ અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા છેલ્લા બે વર્ષમાં વડોદરા અને નર્મદા જિલ્લામાં વર્ષવાર કેટ કેટલી રકમ જિલ્લા અને તાલુકા કક્ષાએ ફાળવી, અને

**જવાબ**

(૧) **વડોદરા જિલ્લાની માહિતી :**

(૧) વર્ષ : ૨૦૦૮-૦૯માં રૂ.૧૬૨૫.૪૦ લાખની ગ્રાન્ટ મળેલ છે. જે પેકી રૂ.૫૪૧.૮૦ ની ગ્રાન્ટ વર્ષ : ૨૦૦૭-૦૮ની છે. જે મળી કૂલ ગ્રાન્ટ રૂ.૧૬૨૫.૪૦ લાખની ફાળવણી તાલુકા કક્ષાએ કરેલ છે.

(૨) વર્ષ : ૨૦૦૯-૧૦ માં રૂ.૧૦૮૩.૬૦ લાખની ગ્રાન્ટ મળેલ જે પેકી રૂ. ૧૦૮૩.૬૦ લાખની ફાળવણી તાલુકા કક્ષાએ કરેલ છે.

| તાલુકો | ફાળવેલ ગ્રાન્ટ | | કુલ |
|---|---|---|---|
| | ૨૦૦૮-૦૯ | ૨૦૦૯-૧૦ | |
| વડોદરા | ૧૮૯.૦૯ | ૧૧૮.૧૦ | ૩૦૭.૧૯ |
| પાદરા | ૧૪૬.૬૫ | ૯૪.૪૬ | ૨૪૧.૧૧ |
| કરજણ | ૧૦૩.૧૦૫ | ૭૧.૭૮ | ૧૭૪.૮૮૫ |
| સાવલી | ૧૪૪.૫૦૫ | ૧૦૦.૭૪ | ૨૪૫.૨૪૫ |
| ડભોઈ | ૧૫૫.૭૨૫ | ૧૩૨.૭૪ | ૨૮૮.૪૬૫ |
| શિનોર | ૭૩.૬૯ | ૩૨.૬૪ | ૧૦૬.૩૩ |
| વાઘોડીયા | ૯૧.૧૧૫ | ૭૫.૫૫ | ૧૬૬.૬૬૫ |
| સંખેડા | ૨૫૯.૪૩૫ | ૧૬૨.૦૨ | ૪૨૧.૪૫૫ |
| છોટા ઉદેપુર | ૯૪.૨૪૫ | ૬૩.૪૬ | ૧૫૭.૭૦૫ |
| જે.પાવી | ૧૪૫.૭૦ | ૧૦૬.૪૫ | ૨૫૨.૧૫ |
| ક્વાંટ | ૯૯.૨૫૫ | ૫૩.૮૮ | ૧૫૩.૧૩૫ |
| નસવાડી | ૧૨૨.૮૮૫ | ૭૧.૭૮ | ૧૯૪.૬૬૫ |
| **કુલ :** | **૧૬૨૫.૪૦** | **૧૦૮૩.૬૦** | **૨૭૦૯.૦૦** |

**નર્મદા જિલ્લાની માહિતી :**

છેલ્લા બે વર્ષ દરમ્યાન નર્મદા જિલ્લા ને સને ૨૦૦૮-૦૯ના વર્ષમાં રૂ.૪૭૬.૦૮ લાખ અને સને ૨૦૦૯-૧૦ના વર્ષમાં રૂ. ૪૭૬.૦૮ લાખ મળી કુલ રૂ. ૯૫૨.૧૬ લાખની રકમ જિલ્લાને મળેલ છે. જે પેકી ગ્રામ્ય, તાલુકા તેમજ જિલ્લા કક્ષાની ફાળવવા પાત્ર ગ્રાંટ અન્વયે નીચે મુજબ ફાળવણી કરેલ છે.

| તાલુકો | ફાળવેલ ગ્રાન્ટ | | કુલ |
|---|---|---|---|
| | ૨૦૦૮-૦૯ | ૨૦૦૯-૧૦ | |
| નાંદોદ | ૧૮૫.૬૭ | ૧૮૫.૬૭ | ૩૭૧.૩૪ |
| ડેડીયાપાડા | ૧૪૭.૫૯ | ૧૪૭.૫૯ | ૨૯૫.૧૮ |
| સાગબારા | ૮૫.૭૦ | ૮૫.૭૦ | ૧૭૧.૪૦ |
| તિલકવાડા | ૫૭.૧૨ | ૫૭.૧૨ | ૧૧૪.૨૪ |
| **કુલ :** | **૪૭૬.૦૮** | **૪૭૬.૦૮** | **૯૫૨.૧૬** |

(૨) તે અન્વયેની કેટલી રકમ વર્ષવાર અને તા. ૩૧-૦૧-૧૧ની સ્થિતિએ બચતમાં રહેલ છે?

(૨) **વડોદરા જિલ્લાની માહિતી :**

વર્ષ : ૨૦૦૮-૦૯ માં બચત ૦.૦૦ તથા
વર્ષ : ૨૦૦૯-૧૦ માં બચત ૦.૦૦ તથા
તા.૩૧-૧-૨૦૧૧ ની સ્થિતિએ બચત ૦.૦૦ રહેલ છે.

**નર્મદા જિલ્લાની માહિતી :**

સને ૨૦૦૮-૦૯ ની બચત શુન્ય તથા ૨૦૦૯-૧૦ના વર્ષની તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ રૂ.૩.૯૯ લાખ બચતમાં છે.

## અમદાવાદ જિલ્લામાં મહિલા જૂથો

૨૨૪૦૫ **: શ્રી બાબુભાઈ પટેલ (દસકોઈ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં મહિલા સશક્તિકરણ કાર્યક્રમ અન્વયે સખી મંડળ યોજનામાં વર્ષ ૨૦૧૦-૧૧ દરમ્યાન તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કેટલા મહિલા જૂથોની રચના થઈ, | (૧) ૨૮૮૮ મહિલા જૂથોની રચના થઈ. |
| (૨) તે પેકી કેટલા મહિલા જૂથોને રીવોલ્વીંગ ફંડ આપવામાં આવેલ છે, | (૨) તે પેકી ૧૭૯૮ મહિલા જૂથોને રીવોલ્વીંગ ફંડ આપવામાં આવેલ છે. |
| (૩) કેટલા જૂથોને ચૂકવવાનું બાકી છે, અને | (૩) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ ૧૦૯૦ મહિલા જૂથોને રીવોલ્વીંગ ફંડ ચૂકવવાનું બાકી હતું તે પેકી ફેબ્રુઆરી-૨૦૧૧માં ૭૪૭ મહિલા જૂથોને ચૂંકવણું કરવામાં આવેલ છે. આમ ૧૦૯૦ પેકી ૩૪૩ જૂથોને રીવોલ્વીંગ ફંડ ચૂકવવાનું બાકી છે. |
| (૪) તે ક્યાં સુધીમાં ચૂકવવામાં આવશે? | (૪) બનતી ત્વરાએ નિયમાનુસાર ચૂંકવણું કરવામાં આવશે. |

## વડોદરા જિલ્લામાં સરદાર આવાસ

૨૧૭૨૨ **: શ્રી અભેસિંહ મો. તડવી (સંખેડા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં તા.૩૧-૧-૨૦૧૧ ની સ્થિતિએ કેટલા સરદાર આવાસો મંજૂર કરવામાં આવ્યા, | (૧) ૩૦૨૧. |
| (૨) તે પેકી કેટલા પૂર્ણ કરવામાં આવ્યા, | (૨) ૯૩૪. |
| (૩) કેટલા બનાવવાના બાકી છે, અને | (૩) ૨૦૮૭ પ્રગતિમાં છે. |
| (૪) તે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ? | (૪) સત્વરે. |

## અમદાવાદ ખાતે રાજ્ય ગ્રાહક તકરાર નિવારણ કમિશનની કચેરીનું મકાન

૨૨૪૧૧ **: શ્રીમતી ગીતાબેન યો. પટેલ (સાબરમતી) : માનનીય ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) અમદાવાદ ખાતે રાજ્ય ગ્રાહક તકરાર નિવારણ કમિશનની કચેરી માટે નવીન મકાન મંજૂર થયેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ તેનું બાંધકામ ક્યા તબક્કે છે, અને | (૨) ગોતા-અમદાવાદ ખાતે ત્રણ જિલ્લા ફોરમ તથા ગ્રાહક તકરાર નિવારણ કમિશનના સંયુક્ત મકાન ગ્રાહક ભવન નું બાંધકામ પૂર્ણ થયેલ છે. અને આ તમામ કચેરીઓ તા.૧૬-૧૨-૨૦૧૦થી નવા મકાનમાં કાર્યરત થયેલ છે. |
| (૩) તેના માટે કેટલો ખર્ચ કરવાનો બાકી છે ? | (૩) રૂ. ૫૫.૭૫ લાખ. |

## ૧૦/page> સરકારી નાગરિક પુરવઠા કોર્પોરેશનના વજનકાંટાની ચકાસણી

૨૨૨૧૧ **: શ્રી શૈલેષભાઈ મ.પરમાર (શહેર કોટડા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧-૨૦૧૧ ની સ્થિતિએ અમદાવાદ ખાતે આવેલ સરકારી નાગરિક પુરવઠા કોર્પોરેશન (સીવીલ સપ્લાય કોર્પો.)ના તોલમાપના વજનકાંટાની ચકાસણી છેલ્લે ક્યારે કરવામાં આવી, અને | (૧) તોલમાપ કાયદામાં મિકેનીકલ વજનકાંટાની ચકાસણી બે વરસે અને ઇલેકટ્રોનિક વજનકાંટાની ચકાસણી દર વરસે કરવાની જોગવાઇ છે. તે મુજબ અમદાવાદ ખાતે આવેલ<br>(૧) નાગરિક પુરવઠા તા.૨૯-૯-૨૦૧૦ ખરાઇ |

| | |
|---|---|
| ગોડાઉન, શાહીબાગની ચકાસણી છેલ્લે | પ્રમાણપત્ર નં. ૦૯/૬૨ તા.૧-૧૨-૨૦૧૦ ના નં. ૧૧/૩૯, તા.૩૦-૧૨-૧૦ ના ખરાઇ પ્રમાણપત્ર નં. ૧૩/૪૨ થી ૧૩/૪૪ થી કરવામાં આવેલ છે. |
| (૨) નાગરિક પુરવઠા ગોડાઉન, સાણંદની ચકાસણી છેલ્લે | તા.૨૩-૧૨-૨૦૧૦ ના ખરાઇ પ્રમાણપત્ર નં. ૧૯/૫૩ થી કરવામાં આવેલ છે. |
| (૩) નાગરિક પુરવઠા ગોડાઉન, વિરમગામની ચકાસણી છેલ્લે | તા.૨૩-૧૨-૨૦૧૦ ના ખરાઇ પ્રમાણપત્ર નં. ૧૯/૫૨ થી કરવામાં આવેલ છે. |
| (૪) નાગરિક પુરવઠા ગોડાઉન, ધોળકાની ચકાસણી છેલ્લે | તા.૩-૨-૨૦૧૧ ના ખરાઇ પ્રમાણપત્ર નં. ૬૪/૧૧૧ થી કરવામાં આવેલ છે. |
| (૫) નાગરિક પુરવઠા ગોડાઉન, ધંધુકાની ચકાસણી છેલ્લે | તા.૪-૩-૨૦૧૧ ના ખરાઇ પ્રમાણપત્ર નં. ૫૪/૧૧૩ થી કરવામાં આવેલ છે. |
| (૬) ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા ગોડાઉન, કુબેરનગર, નરોડાની છેલ્લે | તા.૨૯-૯-૨૦૧૦ ના ખરાઇ પ્રમાણપત્ર નં. ૬૩/૯ થી કરવામાં આવેલ છે. |
| (૭) ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ, સ્ટેડીયમ, નવરંગપુરાની છેલ્લે | તા.૨૫-૯-૨૦૧૦ ના ખરાઇ પ્રમાણપત્ર નં. ૨૭/૭૩ થી કરવામાં આવેલ છે. |

(૨) તોલમાપના નિયમના ભંગ બદલ તે અન્વયે જવાબદાર અધિકારીઓ સામે સરકાર શાં સખ્તાઇ ભર્યા પગલાં ભરવા માંગે છે ?

(૨) આ ચકાસણી દરમ્યાન કોઇ અનિયમિતતા જણાઇ આવેલ ન હોવાથી અધિકારીને જવાબદાર ઠેરવી પગલાં ભરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. કાયદાની કલમોની જોગવાઇ અનુસાર તોલમાપ કાયદાના ભંગ બદલ જો પ્રથમ ગુન્હો હોય તો વજનમાપ કાયદાની કલમ-૬૫ અંતર્ગત આવો ગુન્હો ખાતાકીય રાહે માંડવાળ કરવાની જે તે વ્યક્તિને છુટ હોય છે તે મુજબ ગુન્હા માંડવાળ ફી રૂ.૫૦૦/- ની વસુલાત કરવામાં આવે છે. અને આજ કાયદા હેઠળ છેલ્લા ત્રણ વર્ષમાં ફરીથી બીજો ગુન્હો બનતો હોય તો જવાબદાર અધિકારીઓ સામે મે. જ્યુડીશીયલ ફર્સ્ટ ક્લાસ મેજીસ્ટ્રેટશ્રીની કોર્ટમાં ફરીયાદ દાખલ કરવામાં આવે છે. અને તે સાબિત થાય તો મે. અદાલત રૂ.૫૦૦/- સુધીનો દંડ અને એક વર્ષની શિક્ષા કરી શકે છે.

## અમદાવાદ જિલ્લામાં સમરસ ગ્રામ પંચાયતો

૨૨૪૦૩ **: શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ (માંડલ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ જિલ્લામાં વર્ષ ૨૦૦૯ અને વર્ષ ૨૦૧૦માં તારીખ ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કેટલી

**જવાબ**

(૧) ૨૦૦૯ - ૨ (બે)
૨૦૧૦ - ૦ (શૂન્ય).

| | |
|---|---|
| ગ્રામ પંચાયતોને સમરસ જાહેર કરવામાં આવી, | |
| (૨) તે પૈકી કેટલી ગ્રામ પંચાયતો મહિલા સમરસ થઇ, | (૨) ૦ - શૂન્ય. |
| (૩) તેને કેટલું અનુદાન ચૂકવવાનું બાકી છે, અને | (૩) ૦ - શૂન્ય. |
| (૪) તે ક્યાં સુધીમાં ચૂકવવામાં આવશે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

--------

**રાજકોટ જિલ્લામાં ગ્રામ સેવકોની મંજૂર જગ્યાઓ**

૨૧૭૧૫ **: શ્રીમતી ભાનુબેન મ.બાબરીયા (રાજકોટ ગ્રામ્ય) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લા પંચાયતમાં તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ ગ્રામ સેવકોની કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે, | (૧) ૧૯૫. |
| (૨) તે પૈકી કેટલી જગ્યાઓ ભરાયેલી છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને | (૨) ૮૧ ભરાયેલી જગ્યાઓ<br>૧૧૪ ખાલી જગ્યાઓ. |
| (૩) આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ? | (૩) સત્વરે. |

**ભરૂચ જિલ્લામાં ઈ-ગર્વનન્સ અંતર્ગત કોમ્પ્યુટરોની ફાળવણી**

૨૧૬૯૭ **: શ્રી ઈકબાલ પટેલ (વાગરા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ભરૂચ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કેટલી ગ્રામ પંચાયતોમાં ઈ-ગર્વનન્સ અંતર્ગત કોમ્પ્યુટરો ફાળવવામાં આવ્યા છે, | (૧) તમામ ૫૪૩ ગ્રામ પંચાયતોમાં ઈ-ગ્રામ યોજના અંતર્ગત કોમ્પ્યુટરો ફાળવવામાં આવેલ છે. |
| (૨) કેટલી ગ્રામ પંચાયતોમાં કોમ્પ્યુટર ઓપરેટરોની નિમણૂંકો કરવામાં આવી છે. | (૨) તમામ ૫૪૩ ગ્રામ પંચાયતોમાં કોમ્પ્યુટર ઓપરેટરોની વિલેજ કોમ્પ્યુટર એન્ટરપ્રિન્યોર) નિમણૂક કરવામાં આવી છે. |
| (૩) કેટલી ગ્રામ પંચાયતોમાં કોમ્પ્યુટર ફાળવવાના બાકી છે, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) કેટલી ગ્રામ પંચાયતોમાં કોમ્પ્યુટર ઓપરેટરોની નીમણૂક હજી સુધી થઈ નથી. | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**પાટણ જિલ્લામાં કારકુનોની મંજુર જગ્યાઓ**

૨૧૫૧૬ **: શ્રી ભાવસિંહભાઈ રાઠોડ (સમી) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ પાટણ જિલ્લામાં પંચાયતો માટે કારકુનોની કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે. | (૧) જિલ્લા પંચાયત - ૫૫<br>તાલુકા પંચાયતો- ૫૦ |
| (૨) તે પૈકી કેટલી જગ્યાઓ ભરવામાં આવેલ છે, | (૨) જિલ્લા પંચાયત - ૩૬<br>તાલુકા પંચાયતો- ૩૮ |
| (૩) કેટલી જગ્યાઓ બાકી છે, | (૩) જિલ્લા પંચાયત - ૧૯<br>તાલુકા પંચાયતો- ૧૨ |
| (૪) આ ખાલી જગ્યાઓ સરકાર ભરવા માંગે છે કે કેમ, અને | (૪) હા, |
| (૫) જો હા, તો ક્યાં સુધીમાં આ ખાલી જગ્યાઓ ભરવામાં આવશે? | (૫) બનતી ત્વરાએ. |

--------

**મહેસાણા જિલ્લામાં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજનામાં કામો**

૨૧૫૩૧ **: શ્રી કાંતિલાલ ર઼ા.પટેલ (વિજાપુર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૧૦-૧૧માં તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના અંતર્ગત કેટલા કામો ચાલુ કરવામાં આવ્યા,

(૨) તે પૈકી કેટલા કામો પૂર્ણ કરવામાં આવ્યા, અને

(૩) બાકીના કામો ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) વર્ષ ૨૦૧૦-૧૧માં તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના અંતર્ગત ૧૯૫૫ કામો ચાલુ કરવામાં આવ્યા.

(૨) તે પૈકી ૨૨૬ કામો પૂર્ણ કરવામાં આવ્યા.

(૩) રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના રોજગારીની માંગણી આધારીત યોજના હોઈ કામની માંગણી થયેથી કામગીરી કરવમાં આવશે.

**અમદાવાદ શહેરમાં સસ્તા અનાજની દુકાનો પરથી ખાદ્યતેલ, નમક ન મળવા બાબતની ફરિયાદો**

૨૧૦૨૨**: શ્રી ગ્યાસુદીન શેખ (શાહપુર) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧ ડિસેમ્બર-૨૦૧૦ની સ્થિતિએ અમદાવાદ શહેરમાં સસ્તા અનાજની દુકાનો પરથી ગરીબ પરિવારોને ખાદ્યતેલ, નમક અને ફોર્ટીફાઈડ આટો ન મળવાની કેટલી ફરિયાદો છેલ્લા બે વર્ષમાં મળી છે, અને

(૨) આ અંગે સરકારે શાં પગલાં લીધા ?

**જવાબ**

(૧) ૩ ફરિયાદો મળેલ છે.

(૨) આ મળેલ ફરિયાદો અન્વયે કરાયેલ તપાસો પૈકી એક સસ્તા અનાજની દુકાનની તપાસમાં જણાયેલ ક્ષતિઓ/ગેરરીતિઓ અન્વયે રૂ.૫૯૪૦૨ની કિંમતનો આવશ્યક ચીજવસ્તુઓનો જથ્થો સીઝ કરવામાં આવેલ છે.

**લુણાવાડા અને ખાનપુર તાલુકામાં ટોટલ સેનીટેશન કાર્યક્રમ**

૨૦૯૫૩ **: શ્રી હીરાભાઈ હ.પટેલ (લુણાવાડા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન પંચમહાલ જિલ્લાના લુણાવાડા અને ખાનપુર તાલુકાઓમાં ક્યા ક્યા ગામોમાં ટોટલ સેનીટેશન કાર્યક્રમ હેઠળ કેટલા શોચાલયો બાંધવામાં આવ્યા, અને

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન પંચમહાલ જિલ્લાના લુણાવાડા અને ખાનપુર તાલુકાઓમાં નીચે દર્શાવ્યા મુજબના ગામોમાં ટોટલ સેનીટેશન કાર્યક્રમ હેઠળ શોચાલયો બાંધવામાં આવ્યા,

**તાલુકો : લુણાવાડા**

| અ.નં. | ગામનું નામ | બનાવેલ શોચાલય |
|---|---|---|
| ૧ | કસલાલ | ૧૫૧ |
| ૨ | મોતીઘોડા | ૨૭ |
| ૩ | ચાટકાબેલી | ૪૪ |
| ૪ | કડાછલા | ૧૦૦ |
| ૫ | જુફરાલી | ૫૦ |
| ૬ | પટ્ટણ | ૫૭ |
| ૭ | વીરણીયા | ૨૨ |
| ૮ | જેશોલા | ૧૨ |
| ૯ | ડોકેલાવ | ૯ |
| ૧૦ | ભોજા | ૨૩ |
| ૧૧ | કોચીયા | ૫ |
| ૧૨ | ઝારા | ૯ |
| ૧૩ | ખાંટના મુવાડા | ૩૦ |
| ૧૪ | ખલાસપુર | ૫૯ |
| ૧૫ | ઉકરડી | ૨ |
| ૧૬ | કાંઠા | ૧૨ |
| ૧૭ | ચાવડીયા | ૧૭ |
| ૧૮ | ભમરા | ૩૮ |
| ૧૯ | મધવાસ | ૪ |
| ૨૦ | હીન્દોલીયા | ૨ |
| ૨૧ | વાઘજીબારીયાના મુવાડા | ૧ |

| | | |
|---|---|---|
| ૨૨ | છાપરી ભીમપુર | ૧૦ |
| ૨૩ | ડેટા | ૧૯ |
| ૨૪ | લાલસર | ૫ |
| ૨૫ | સાધકપુર | ૧૮ |
| ૨૬ | ઉંદરા | ૧૫૭ |
| ૨૭ | ઉચ્ચરપી | ૨૨ |
| **અ.નં.** | **ગામનું નામ** | **બનાવેલ શોચાલય** |
| ૨૮ | ગરીયા | ૧૦ |
| ૨૯ | નાની પાલ્લી | ૪૭ |
| ૩૦ | કાનેલા | ૧૬૦ |
| ૩૧ | ચપટીયા | ૯૭ |
| ૩૨ | મોટા વાડોદર | ૨૭ |
| ૩૩ | નાની દેનાવડ | ૫ |
| ૩૪ | શામણા | ૪૯ |
| ૩૫ | ચાવડીબાઈના મુવાડા | ૫ |
| ૩૬ | રાણી પગીના મુવાડા | ૪ |
| ૩૭ | નવામુવાડા | ૧૫ |
| ૩૮ | ભાણપુર | ૭ |
| ૩૯ | કીડીયા | ૧ |
| ૪૦ | વખતપુર | ૨ |
| ૪૧ | કાક્ચીયા | ૧૦૮ |
| ૪૨ | ચારણગામ સા. | ૩૦૬ |
| ૪૩ | નાના વડદલા | ૧૧૪ |
| ૪૪ | મોટા સોનલ | ૨૩૦ |
| ૪૫ | મેડજીના મુવાડા | ૫૨ |
| ૪૬ | અરીઠા | ૩૬ |
| ૪૭ | લીંબોદરા | ૨૮ |
| ૪૮ | રાણપુર | ૧૫ |
| ૪૯ | આંકલવા | ૪૦ |
| ૫૦ | મોટી ચરેલ | ૬૭ |
| ૫૧ | ઢેસીયા | ૪૦ |
| ૫૨ | ઉટડી | ૫૩ |
| ૫૩ | સેણાદરીયાના ગોરાડા | ૨૭ |
| ૫૪ | વાડાયાના ગોરડા | ૧૭ |
| ૫૫ | ખોડાઆંબા | ૫૩ |
| ૫૬ | મેહતાના ચાક્લીયા | ૪૦ |
| ૫૭ | ગોડના મુવાડા | ૫૩ |
| ૫૮ | સરકારી ચમારીયા | ૪૦ |
| ૫૯ | વેરામા | ૪૭ |
| ૬૦ | ગોલાના પાલ્લા | ૫૩ |
| ૬૧ | હરદાસપુર | ૨૭ |
| ૬૨ | દલુખેડીયા | ૫૩ |
| | **કુલ....** | **૨૮૩૩** |

## તાલુકો : ખાનપુર

| અ.નં. | ગામનું નામ | બનાવેલ શોચાલય |
|---|---|---|
| ૧ | ખડોદી | ૨૪૨ |
| ૨ | મદાપુર | ૪૨૬ |
| ૩ | નરોડા | ૪૯૮ |
| ૪ | લીમડીયા | ૪૫૮ |
| ૫ | ઘોઘાવાડા ક્નોડ | ૩૯૫ |
| ૬ | ભાદરોડ | ૩૫૯ |
| ૭ | ગાંગટા | ૧૦૦ |
| ૮ | ખાનપુર | ૨૩૧ |
| ૯ | બાબલીયા | ૨૩૫ |
| ૧૦ | નવાગામ | ૬૧ |
| ૧૧ | વડાગામ | ૩૫ |
| ૧૨ | મોરખાખરા | ૧૧૬ |
| ૧૩ | કારંટા | ૧ |
| ૧૪ | નાના ખાનપુર | ૧ |
| ૧૫ | હાં. મુવાડી | ૧ |
| ૧૬ | પુંજેલાવ | ૧ |
| ૧૭ | પાદેડી | ૧ |
| ૧૮ | મુડાવડખ | ૧ |
| | **કુલ....** | **૩૧૬૨** |

(૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૩) તેની પાછળ નીચેની વિગતે ખર્ચ કરવામાં આવ્યો.

## તાલુકો : લુણાવાડા

| અ.નં. | ગામનું નામ | થયેલ ખર્ચ |
|---|---|---|
| ૧ | ક્સલાલ | ૨.૯૦ |
| ૨ | મોતીઘોડા | ૦.૪૧ |
| ૩ | ચાટકાબેલી | ૦.૩૮ |
| ૪ | કડાછલા | ૧.૪૯ |
| ૫ | જુફરાલી | ૦.૯૭ |
| ૬ | પટટણ | ૦.૬૮ |
| ૭ | વીરણીયા | ૦.૪૯ |
| ૮ | જેશોલા | ૦.૨૭ |
| ૯ | ડોકેલાવ | ૦.૨૧ |
| ૧૦ | ભોજા | ૦.૫૩ |
| ૧૧ | કોચીયા | ૦.૧૦ |
| ૧૨ | ઝારા | ૦.૧૯ |
| ૧૩ | ખાંટના મુવાડા | ૦.૬૭ |
| ૧૪ | ખલાસપુર | ૧.૩૨ |
| અ.નં. | ગામનું નામ | થયેલ ખર્ચ |
| ૧૫ | ઉકરડી | ૦.૦૪ |
| ૧૬ | કાંઠા | ૦.૨૮ |
| ૧૭ | ચાવડીયા | ૦.૩૯ |
| ૧૮ | ભમરા | ૦.૯૦ |
| ૧૯ | મધવાસ | ૦.૧૦ |
| ૨૦ | હીન્દોલીયા | ૦.૦૫ |
| ૨૧ | વાઘજીબારીયાના મુવાડા | ૦.૦૨ |
| ૨૨ | છાપરી ભીમપુર | ૦.૨૩ |
| ૨૩ | ડેટા | ૦.૪૨ |
| ૨૪ | લાલસર | ૦.૧૧ |
| ૨૫ | સાધકપુર | ૦.૪૦ |
| ૨૬ | ઉદરા | ૩.૫૩ |
| ૨૭ | ઉચ્ચરપી | ૦.૫૦ |
| ૨૮ | ગરીયા | ૦.૨૨ |
| ૨૯ | નાની પાલ્લી | ૦.૪૫ |
| ૩૦ | કાનેલા | ૨.૮૯ |
| ૩૧ | ચપટીયા | ૧.૫૬ |
| ૩૨ | મોટા વાડોદર | ૦.૬૦ |
| ૩૩ | નાની દેનાવડ | ૦.૧૧ |
| ૩૪ | શામણા | ૦.૫૦ |
| ૩૫ | ચાવડીબાઈના મુવાડા | ૦.૧૧ |
| ૩૬ | રાણી પગીના મુવાડા | ૦.૦૮ |
| ૩૭ | નવામુવાડા | ૦.૩૩ |
| ૩૮ | ભાણપુર | ૦.૧૬ |
| ૩૯ | કીડીયા | ૦.૦૨ |
| ૪૦ | વખતપુર | ૦.૦૪ |
| ૪૧ | કાક્ચીયા | ૧.૬૩ |
| ૪૨ | ચારણગામ સા. | ૬.૨૮ |
| ૪૩ | નાના વડદલા | ૨.૫૬ |
| ૪૪ | મોટા સેનેલા | ૪.૬૮ |
| ૪૫ | મેડજીના મુવાડા | ૧.૧૭ |
| ૪૬ | અરીઠા | ૦.૨૭ |
| ૪૭ | લીંબોદરા | ૦.૨૧ |
| ૪૮ | રાણપુર | ૦.૧૧ |
| ૪૯ | આંક્લાવ | ૦.૩૦ |
| ૫૦ | મોટી ચરેલ | ૦.૫૦ |
| ૫૧ | ઢેસીયા | ૦.૩૦ |
| ૫૨ | ઉટડી | ૦.૪૦ |
| ૫૩ | સેણાદરીયાના ગોરાડા | ૦.૨૦ |
| અ.નં. | ગામનું નામ | થયેલ ખર્ચ |
| ૫૪ | વાડીયાના ગોરાડા | ૦.૧૨ |
| ૫૫ | ખોડાઆંબા | ૦.૪૦ |
| ૫૬ | મેહતાના ચાક્લીયા | ૦.૩૦ |
| ૫૭ | ગોડના મુવાડા | ૦.૪૦ |
| ૫૮ | સરકારી ચમારીયા | ૦.૩૦ |
| ૫૯ | વેરામા | ૦.૩૫ |
| ૬૦ | ગોલાના પાલ્લા | ૦.૪૦ |
| ૬૧ | હરદાસપુર | ૦.૨૦ |
| ૬૨ | દલુખેડીયા | ૦.૪૦ |
| | કુલ ખર્ચ.... | ૪૬.૧૩ લાખ |



## તાલુકો : ખાનપુર

| | | |
|---|---|---|
| ૩ | નરોડા | ૭.૮૩ |
| ૪ | લીમડીયા | ૮.૬૬ |
| ૫ | ઘોઘાવાડા ક્નોડ | ૫.૨૬ |
| ૬ | ભાદરોડ | ૬.૩૭ |
| ૭ | ગાંગટા | ૧.૫૭ |
| ૮ | ખાનપુર | ૩.૬૧ |
| ૯ | બાબલીયા | ૩.૭૦ |
| ૧૦ | નવાગામ | ૧.૩૪ |
| ૧૧ | વડાગામ | ૦.૭૭ |
| ૧૨ | મોરખાખરા | ૨.૫૫ |
| ૧૩ | કારંટા | ૦.૦૫ |
| ૧૪ | નાના ખાનપુર | ૦.૦૫ |
| ૧૫ | હાં. મુવાડી | ૦.૦૫ |
| ૧૬ | પુંજેલાવ | ૦.૦૫ |
| ૧૭ | પાદેડી | ૦.૦૫ |
| ૧૮ | મુડાવડખ | ૦.૦૫ |
| | **કુલ ખર્ચ રૂા. ...** | **૫૩.૧૭ લાખ** |

## વડોદરા જિલ્લામાં સસ્તા અનાજની દુકાનો ખોલવાની અરજીઓ

૨૧૫૨૧ **: શ્રી ઉપેન્દ્રસિંહ પ્ર.ગોહિલ (વડોદરા (ગ્રામ્ય) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લામાં તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સસ્તા અનાજની દુકાન ખોલવા માટે કેટલી અરજીઓ આવેલ છે.

(૨) તે પૈકી કેટલા અરજદારોને સસ્તા અનાજની દુકાન ખોલવા માટે પરવાના આપવામાં આવ્યા, અને

(૩) બાકી અરજીઓનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) ૯૭ સસ્તા અનાજની દુકાનો ખોલવા માટે ૩૭૭ અરજીઓ મળી.

(૨) ૮૭ દુકાનોના પરવાના આપતા ૩૫૩ અરજીઓનો નિકાલ થયેલ છે

(૩) ૧૦ સસ્તા અનાજની દુકાનો માટેની ૨૪ અરજીઓનો નિકાલ નિયમોનુસારની કાર્યવાહી પૂર્ણ થયેથી કરવામાં આવશે.

## સાબરકાંઠા ખાતે ગ્રાહક તકરાર નિવારણ ફોરમનું નવીન મકાન

૨૧૫૬૩ **: શ્રી ઉદેસિંહ ઝાલા (બાયડ) : માનનીય ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા ખાતે ગ્રાહક તકરાર નિવારણ ફોરમની કચેરી માટે નવીન મકાન મંજૂર થયેલ છે કે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તેનું બાંધકામ તા. ૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ તે પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) મકાનનું બાંધકામ પૂર્ણ થયેલ છે.

(૩) રૂ. ૫૭.૫૧ લાખ.

## જામનગર જિલ્લામાં ગોચરના દબાણો અને જવાબદાર અધિકારીઓ સામે પગલાં

૨૦૯૬૪ **: શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લામાં મે-૨૦૦૯ની સ્થિતિએ એક વર્ષ, ત્રણ વર્ષ, અને પાંચ વર્ષ જુના કુલ ૭૦૩ ગોચર દબાણો થયા હતા તે પૈકી તા. ૩૧ ડીસે. -૨૦૧૦ ની સ્થિતિએ કેટલાં દબાણો દૂર કરવામાં આવ્યા,

(૨) જે દબાણો ગ્રામ પંચાયતો દ્વારા દૂર કરાવી શકાયા નથી તેને ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ની ક્મલ-૧૦૫(૭) અન્વયે તાલુકા વિકાસ અધિકારી દ્વારા આ ગોચર દબાણ દૂર કરવામાં આવ્યા

**જવાબ**

(૧) મે-૨૦૦૯ની સ્થિતિએ બાકી દબાણો

| એક વર્ષ ઉપરના | ત્રણ વર્ષ ઉપરના | પાંચ વર્ષ ઉપરના | કુલ બાકી દબાણો |
|---|---|---|---|
| ૫૦૦ | ૮૭ | ૧૧૬ | ૭૦૩ |

૩૧ ડીસે.-૨૦૧૦ની સ્થિતિએ દૂર કરેલ દબાણો

| એક વર્ષ ઉપરના | ત્રણ વર્ષ ઉપરના | પાંચ વર્ષ ઉપરના | કુલ બાકી દબાણો |
|---|---|---|---|
| ૪૭૧ | ૩૪ | ૪૬ | ૫૫૧ |

(૨) ૧૫૨ ગોચરના દબાણો દૂર કરવાના બાકીમાં છે જે દબાણો દૂર કરવા ગ્રામ પંચાયતો પ્રયત્નશીલ છે. તા. ૩૧-૧૨-૨૦૧૦ પછી બીજા ૧૦૨ દબાણો દૂર કરતાં તા. ૧૧-૩-૨૦૧૧ની સ્થિતિએ માત્ર ૫૦ દબાણો

નથી તેના શા કારણો છે,

દૂર કરવાના બાકી છે. આ દબાણો દૂર કરવાની તાલુકા વિકાસ અધિકારીશ્રીના માર્ગદર્શન હેઠળ અને સુચના હેઠળ કાર્યવાહી ચાલુમાં છે.

(૩) જામનગર જિલ્લાના ઉપરોક્ત દબાણો દૂર કરવામાં નિષ્ફળ ગયેલા તાલુકા વિકાસ અધિકારીઓ સામે શાં પગલાં લેવામાં આવ્યા, અને

(૩) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કુલ ૫૫૧ દબાણો દૂર કરવામાં આવેલ. ત્યારબાદ તા. ૧૧-૩-૨૦૧૧ ની સ્થિતિએ બીજા ૧૦૨ દબાણો દૂર કરવામાં આવેલ છે. જેથી હાલ આવો કોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) ઉક્ત દબાણો લઘુતમ ક્યા સમય સુધીમાં દૂર કરવામાં આવનાર છે ?

(૪) દબાણ દૂર કરવાની વહીવટી પ્રક્રિયા પૂર્ણ થયે દબાણો દૂર કરાવવામાં આવશે.

## જામનગર જિલ્લામાં ગ્રામ પંચાયત મંત્રીનું મહેકમ

૨૧૫૧૦ **: શ્રી લાલજીભાઈ પ્રે.સોલંકી (જામનગર (રુરલ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) જામનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૨૦૧૧ માં તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ ગ્રામ પંચાયત મંત્રીનું કેટલું મહેકમ મંજૂર થયેલ છે,

(૧) ૫૯૩.

(૨) ઉક્ત સ્થિતિએ તે પેકી કેટલી જગ્યાઓ ભરેલી છે,

(૨) ૪૩૩.

(૩) કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) ૧૬૦.

(૪) આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

(૪) સત્વરે.

## પંચમહાલ જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના

૨૧૫૩૭ **: શ્રી જેઠાભાઈ ભરવાડ (શહેરા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) પંચમહાલ જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના હેઠળ વર્ષ ૨૦૦૯-૨૦૧૦ અને ૨૦૧૦-૨૦૧૧ દરમ્યાન તા. ૩૧-૧-૧૧ સુધીમાં કેટલા રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૧) પંચમહાલ જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના એટલે કે સામુહિક વન નિર્માણ યોજના હેઠળ વર્ષ ૨૦૦૯-૨૦૧૦ અને ૨૦૧૦-૨૦૧૧ દરમ્યાન તા. ૩૧-૧-૧૧ સુધીમાં નીચેની વિગતે વર્ષવાર વાવેતર કરવામાં આવેલ છે.

| વર્ષ | વાવેતર કરેલ વિસ્તાર (હેકટર) | વાવેલ રોપાની સંખ્યા (લાખમાં) |
|---|---|---|
| ૨૦૦૯-૧૦ | ૫૫૫ | ૫.૦૫ |
| ૨૦૧૦-૧૧ | ૨૫૮ | ૩.૦૯ |
| **કુલ** | **૮૧૩** | **૮.૧૪** |

(૨) તે પેકી શહેરા તાલુકામાં કેટલું વાવેતર કરવામાં આવેલ છે ?

(૨) તે પેકી શહેરા તાલુકામાં નીચેની વિગતે વાવેતર કરવામાં આવેલ છે.

| વર્ષ | વાવેતર કરેલ વિસ્તાર (હેકટર) | વાવેલ રોપાની સંખ્યા (લાખમાં) |
|---|---|---|
| ૨૦૦૯-૧૦ | ૩૫ | ૦.૩૩ |
| ૨૦૧૦-૧૧ | ૨૭ | ૦.૨૯ |
| **કુલ** | **૬૨** | **૦.૬૨** |

## વલસાડ જિલ્લામાં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજનામાં જોબકાર્ડ

**૧૭/page>** ૨૧૫૨૮ **: શ્રી રમણલાલ ના.પાટકર (ઉમરગામ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) વલસાડ જિલ્લામાં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી બાંહેધરી યોજના હેઠળ વર્ષ ૨૦૧૦-૨૦૧૧માં તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ કેટલા કુટુંબોને જોબકાર્ડ આપવામાં આવ્યા,

(૧) વલસાડ જિલ્લામાં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના હેઠળ વર્ષ ૨૦૧૦-૨૦૧૧માં તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ ૧૫૮૬૪ કુટુંબોને જોબકાર્ડ આપવામાં આવેલ છે.

(૨) તે પૈકી કેટલા પુરૂષો અને કેટલી મહિલાઓને કામ આપવામાં આવ્યું ?

(૨) તે પૈકી ૮૧૭૧ પુરૂષો અને ૧૧૭૪૩ મહિલાઓને કામ આપવામાં આવેલ છે.

## નવસારી જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના

૨૧૫૬૦ : **શ્રી લક્ષ્મણભાઈ પટેલ (ગણદેવી)** : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નવસારી જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના હેઠળ વર્ષ ૨૦૦૯-૨૦૧૦ અને ૨૦૧૦-૨૦૧૧ દરમ્યાન તા.૩૧-૦૧-૧૧ સુધીમાં કેટલા રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તે પૈકી ગણદેવી તાલુકામાં કેટલા રોપાનું વાવેતર કરવામાં આવેલ છે?

**જવાબ**

(૧) નવસારી જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના એટલે સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ વર્ષ ૨૦૦૯-૨૦૧૦ અને ૨૦૧૦-૨૦૧૧ દરમ્યાન તા.૩૧-૦૧-૧૧ સુધીમાં નીચેની વિગતે વાવેતર કરવામાં આવેલ છે.

| વર્ષ | વાવેતર કરેલ વિસ્તાર (હેક્ટર) | વાવેતર કરેલ રોપાની સંખ્યા (લાખમાં) |
|---|---|---|
| ૨૦૦૯-૨૦૧૦ | ૩૭૮ | ૩.૪૨ |
| ૨૦૧૦-૨૦૧૧ | ૧૮૫ | ૨.૨૦ |
| કુલ : | **૫૬૩** | **૫.૬૨** |

(૨) તે પૈકી ગણદેવી તાલુકામાં નીચેની વિગતે વાવેતર કરવામાં આવેલ છે.

| વર્ષ | વાવેતર કરેલ વિસ્તાર (હેક્ટર) | વાવેતર કરેલ રોપાની સંખ્યા (લાખમાં) |
|---|---|---|
| ૨૦૦૯-૨૦૧૦ | ૬૪ | ૦.૫૬ |
| ૨૦૧૦-૨૦૧૧ | ૪૬ | ૦.૬૨ |
| કુલ : | **૧૧૦** | **૧.૧૮** |

## કચ્છ જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના

૨૧૫૫૭ : **ડૉ. નીમાબેન આચાર્ય (અંજાર)** : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના હેઠળ વર્ષ ૨૦૦૯-૨૦૧૦ અને ૨૦૧૦-૨૦૧૧ દરમ્યાન તા.૩૧-૦૧-૧૧ સુધીમાં કેટલા રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તે પૈકી અંજાર તાલુકામાં કેટલું વાવેતર કરવામાં આવેલ છે?

**જવાબ**

(૧) કચ્છ જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના એટલે કે સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ વર્ષ ૨૦૦૯-૨૦૧૦ અને ૨૦૧૦-૨૦૧૧ દરમ્યાન તા.૩૧-૦૧-૧૧ સુધીમાં નીચેની વિગતે વર્ષવાર વાવેતર કરવામાં આવેલ છે.

| વર્ષ | વાવેતર કરેલ વિસ્તાર (હેક્ટર) | વાવેલ કરેલ રોપાની સંખ્યા (લાખમાં) |
|---|---|---|
| ૨૦૦૯-૨૦૧૦ | ૪૧૯ | ૩.૮૨ |
| ૨૦૧૦-૨૦૧૧ | ૪૨૫ | ૫.૨૬ |
| કુલ : | ૮૪૪ | ૯.૦૮ |

(૨) તે પૈકી અંજાર તાલુકામાં નીચેની વિગતે વાવેતર કરવામાં આવેલ છે.

| વર્ષ | વાવેતર કરેલ વિસ્તાર (હેક્ટર) | વાવેલ રોપાની સંખ્યા (લાખમાં) |
|---|---|---|
| ૨૦૦૯-૨૦૧૦ | ૪૬ | ૦.૪૩ |
| ૨૦૧૦-૨૦૧૧ | ૫૦ | ૦.૬૩ |
| કુલ : | ૯૬ | **૧.૦૬** |

## આણંદ જિલ્લામાં ગ્રામ પંચાયતોને કોમ્પ્યુટરની ફાળવણી

૨૧૮૫૩ : **શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર (ભાદરણ)** : **માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આણંદ જિલ્લામાં ઈ-ગ્રામ યોજના હેઠળ તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ તાલુકાવાર કેટલી ગ્રામ પંચાયતોને કોમ્પ્યુટરો ફાળવવામાં આવેલા છે, તે માટે કેટલા કોમ્પ્યુટર ઓપરેટરો ફાળવેલ છે, અને

**જવાબ**

(૧) આણંદ જિલ્લામાં ઈ-ગ્રામ યોજના હેઠળ તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ તમામ ૩૫૨ ગ્રામ પંચાયતોમાં કોમ્પ્યુટર ફાળવવામાં આવેલ છે અને તમામ ૩૫૨ ગ્રામ પંચાયતોમાં ગ્રામ પંચાયત દ્વારા કોમ્પ્યુટર

ઓપરેટર (વિલેજ કોમ્પ્યુટર એન્ટરપ્રિન્યોર)ની નિમણૂક કરવામાં આવેલ છે.

(૨) જે ગ્રામ પંચાયતોને ઉક્ત સ્થિતિએ કોમ્પ્યુટરો ફાળવ્યા નથી તેમને ક્યારે ફાળવવામાં આવશે?

(૨) તમામ ગ્રામ પંચાયતમાં કોમ્પ્યુટર ફાળવેલ હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**મહેસાણા જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના**

૨૧૫૫૮ **: શ્રી ભરતસિંહજી શં.ડાભી (ખેરાલુ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) મહેસાણા જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના હેઠળ વર્ષ ૨૦૦૯-૨૦૧૦ અને ૨૦૧૦-૨૦૧૧ દરમ્યાન તા.૩૧-૦૧-૧૧ સુધીમાં કેટલા રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

**જવાબ**

(૧) મહેસાણા જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના એટલે સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ વર્ષ તા.૩૧-૦૧-૧૧ સુધીમાં નીચેની વિગતે વાવેતર કરવામાં આવેલ છે.

| વર્ષ | વાવેતર કરેલ વિસ્તાર (હેક્ટર) | વાવેલ રોપાની સંખ્યા (લાખમાં) |
|---|---|---|
| ૨૦૦૯-૨૦૧૦ | ૭૫૭ | ૬.૮૮ |
| ૨૦૧૦-૨૦૧૧ | ૪૨૬ | ૫.૦૪ |
| કુલ : | **૧૧૮૩** | **૧૧.૯૨** |

(૨) તે પૈકી ખેરાલુ તાલુકામાં કેટલા રોપાનુ કેટલું વાવેતર કરવામાં આવેલ છે?

(૨) તે પૈકી ખેરાલુ તાલુકામાં નીચેની વિગતે વાવેતર કરવામાં આવેલ છે.

| વર્ષ | વાવેતર કરેલ વિસ્તાર (હેક્ટર) | વાવેલ રોપાની સંખ્યા (લાખમાં) |
|---|---|---|
| ૨૦૦૯-૨૦૧૦ | ૬૮ | ૦.૬૩ |
| ૨૦૧૦-૨૦૧૧ | ૨૮.૨૦ | ૦.૩૩ |
| કુલ : | **૯૬.૨૦** | **૦.૯૬** |

--------

**બનાસકાંઠા જિલ્લામાં મોડેલ ફેરપ્રાઈસ શોપ**

૨૨૪૧૦ **: શ્રી વસંતભાઈ ભટોળ (દાંતા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૧૦-૧૧ અંતર્ગત તા. ૩૧-૧૨-૧૦ ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં પંડિત દીનદયાળ ગ્રાહક ભંડારો પૈકી કેટલા ભંડારોને મોડેલ ફેરપ્રાઈસ શોપ તરીકે જાહેર કરવામાં આવ્યા,

(૨) કેટલી દુકાનો મોડેલ ફેરપ્રાઈસ શોપ તરીકે જાહેર કરવાના બાકી છે, અને

(૩) તે ક્યાં સુધીમાં જાહેર કરવામાં આવશે ?

**જવાબ**

(૧) કુલ-૯૯૫ પંડિત દીનદયાળ ગ્રાહક ભંડારો પૈકી તા. ૧-૪-૧૦ પહેલા ૯૫૫ ભંડારને તથા ૧-૪-૧૦ થી તા. ૩૧-૧૨-૧૦ સુધીમાં ૨૯ એમ કુલ ૯૮૪ ભંડારને મોડેલ ફેરપ્રાઈસ શોપ તરીકે જાહેર કરવામાં આવેલ છે.

(૨) ૧૧.

(૩) દુકાનદારની તત્પરતા તથા નિયમાનુસારની કાર્યવાહી પૂર્ણ થયેથી.

**ભાવનગર તાલુકામાં ટેરેસ તલાવડી**

૨૧૫૪૬ **: શ્રીમતી વિભાવરીબેન વિ.દવે (ભાવનગર શહેર (ઉત્તર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવાકૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લાના ભાવનગર તાલુકામાં વર્ષ ૨૦૧૦-૧૧ દરમ્યાન તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ કેટલી ટેરેસ તલાવડી બનાવવામાં આવેલ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ આ તલાવડી માટે કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

**જવાબ**

(૧) ૯૮૬૬ ટેરેસ તલાવડી બનાવવામાં આવેલ છે.

(૨) કૂલ રૂ. ૧,૭૯,૨૦૦/-નો ખર્ચ કરવામાં આવેલ છે.

**બનાસકાંઠા જિલ્લામાં બી.પી.એલ. લાભાર્થીઓને મફત પ્લોટ**

૨૨૦૪૫ **: શ્રી મફતલાલ મો.પુરોહિત (ધાનેરા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

**જવાબ**

(૧) બનાસકાંઠા જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલા બી.પી.એલ. લાભાર્થીઓને મફ્ત પ્લોટ આપવામાં આવેલ, અને

(૧)

| ક્રમ | વર્ષ | બી.પી.એલ. લાભાર્થીઓને ફાળવેલ મફ્ત પ્લોટ |
|---|---|---|
| ૧ | ૨૦૦૮ | ૧૫૨૫ |
| ૨ | ૨૦૦૯ | ૧૧૧૫૯ |
| ૩ | ૨૦૧૦ | ૩૮૯૫ |
| | **કુલ** | **૧૬૫૭૯** |

(૨) તેમાં કેટલા અરજદારોને તાલુકાવાર પ્લોટ આપવામાં આવ્યા?

(૨)

| ક્રમ | તાલુકો | વર્ષ | | | |
|---|---|---|---|---|---|
| | | **૨૦૦૮** | **૨૦૦૯** | **૨૦૧૦** | **કુલ** |
| ૧ | પાલનપુર | ૬૩૮ | ૨૨૧૫ | ૫૯ | ૨૯૧૨ |
| ૨ | વડગામ | ૨૪૯ | ૨૨૬૪ | ૧૪૦૦ | ૩૯૧૩ |
| ૩ | દાંતા | ૧૭ | ૪૦૩ | ૧૦૩ | ૫૨૩ |
| ૪ | અમીરગઢ | ૧૬ | ૨૪ | ૮૨ | ૧૨૨ |
| ૫ | ડીસા | ૧૩૯ | ૧૫૬૩ | ૬૨૨ | ૨૩૨૪ |
| ૬ | દાંતીવાડા | ૨૨૨ | ૩૯૫ | ૩૭૫ | ૯૯૨ |
| ૭ | ધાનેરા | ૬૬ | ૨૨૯૪ | ૦ | ૨૩૬૦ |
| ૮ | થરાદ | ૦ | ૪૬૦ | ૧૬૪ | ૬૨૪ |
| ૯ | વાવ | ૦ | ૪૭૫ | ૬૯ | ૫૪૪ |
| ૧૦ | દિયોદર | ૧૭૮ | ૮૬૩ | ૬૭૨ | ૧૭૧૩ |
| ૧૧ | ભાભર | ૦ | ૯૫ | ૪૨ | ૧૩૭ |
| ૧૨ | કાંકરેજ | ૦ | ૧૦૮ | ૩૦૭ | ૪૧૫ |
| | **કુલ** | **૧૫૨૫** | **૧૧૧૫૯** | **૩૮૯૫** | **૧૬૫૭૯** |

--------

**ગરીબ કુટુંબો માટે અનાજ/કેરોસીન માટે બારકોડેડ રેશનકાર્ડ**

૨૧૭૧૧ **: શ્રી ભૂપેન્દ્રભાઈ લાખાવાળા (વડોદરા શહેર ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગરીબ કુટુંબોને અનાજ અને કેરોસીન પૂરતા જથ્થામાં મળી રહે તે માટે સરકાર બારકોડેડ રેશનકાર્ડ લાવી રહી છે તે વાત સાચી છે, અને

(૨) જો હા, તો આ યોજનાનો અમલ ક્યારથી કરવામાં આવનાર છે?

**જવાબ**

(૧) હા, જી. માત્ર ગરીબ કુટુંબો માટે નહિ પરંતુ તમામ રેશનકાર્ડ ધારક કુટુંબો માટે બારકોડેડ રેશનકાર્ડની યોજના છે.

(૨) યોજના અંતર્ગત કામગીરી ચાલુ છે. ડેટા એન્ટ્રી, ચકાસણી અને બાયોમેટ્રીક્ની કામગીરી પૂર્ણ થયેથી.

--------

**રાજકોટ જિલ્લામાં ગરીબ કુટુંબોને પામોલીન તેલનું વિતરણ**

૨૧૫૨૭ **: શ્રી કાંતિભાઈ અમૃતિયા (મોરબી) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૧૧માં તા. ૩૧-૧૨-૧૦ સુધીમાં ગરીબ કુટુંબો માટે તહેવારોમાં સસ્તા દરે પામોલીન તેલ વિતરણ કરવાનું આયોજન કરેલ તે હકીક્ત સાચી છે, અને

(૨) જો હા, તો તેમાં કેટલુ પામોલીન તેલનું વિતરણ કર્યું.

**જવાબ**

(૧) હા, જી.

(૨) એક લીટરના ૪,૪૧,૪૬૪ પામોલીન તેલના પાઉચનું વિતરણ કરવામાં આવેલ છે.

**અમરેલી જિલ્લામાં સ્વર્ણ જયંતી ગ્રામ સ્વરોજગાર યોજના**

૨૧૫૨૫ **: શ્રી કાળુભાઇ વી. વીરાણી (કુંડલા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૧૦-૧૧ માં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં સ્વર્ણિમ જયંતિ ગ્રામ સ્વરોજગાર યોજના હેઠળ કેટલા જૂથોની રચના કરવામાં

**જવાબ**

(૧) વર્ષ ૨૦૧૦-૧૧માં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં સ્વર્ણ જયંતિ ગ્રામ સ્વરોજગાર યોજના હેઠળ ૨૪ જૂથોની રચના કરવામાં

આવી, તે પૈકી કેટલા જૂથો ગ્રેડ-૧ અને ગ્રેડ-૨ થયેલ છે,

(૨) કેટલા જૂથોને ગ્રેડ આપવાના બાકી છે, અને

(૩) તે પૈકી કેટલા જૂથો આર્થિક પ્રવૃત્તિઓ કરે છે ?

આવેલ છે તે પૈકી ૪ જૂથો ગ્રેડ-૧ થયેલ છે અને ૩ જૂથો ગ્રેડ-૨ થયેલ છે.

(૨) ૨૦ સ્વસહાય જૂથોને ગ્રેડ-૧ આપવાનો બાકી છે અને ૨૧ જુથોને ગ્રેડ-૨ આપવાનો બાકી છે.

**બનાસકાંઠા જિલ્લામાં ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં પ્રમુખ/સભ્યોની મંજૂર જગ્યાઓ**

૨૧૭૦૬ **: શ્રી ઉદેસિંહ ઝાલા (બાયડ) : માનનીય ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ પ્રમુખ/સભ્યોની કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે, | (૧) પ્રમુખશ્રી-૧<br>સભ્યશ્રી -૨. |
| (૨) કેટલી જગ્યાઓ ભરવામાં આવેલ છે, અને | (૨) તા. ૩૧-૧-૨૦૧૧ ની સ્થિતિએ સભ્યશ્રીની-૧ જગ્યા ભરવામાં આવેલ છે. |
| (૩) કેટલી જગ્યાઓ ખાલી છે, અને તે ક્યાં સુધીમાં ભરવામાં આવશે? | (૩) તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ પ્રમુખશ્રીની-૧ તથા સભ્યશ્રીની-૧ જગ્યા ખાલી હતી. જે પૈકી પ્રમુખશ્રીની જગ્યા તા. ૨૫-૨-૨૦૧૧ તથા સભ્યશ્રીની જગ્યા તા. ૧૪-૨-૨૦૧૧ ના રોજથી ભરાયેલ છે. આમ તમામ જગ્યા ભરાયેલ છે જેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

--------

**રાજ્યમાં ભૂતિયા રેશનકાર્ડ ઈશ્યુ કરનારા અધિકારીઓ સામે પગલા**

૨૦૯૬૫ **: શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સરકાર દ્વારા તા. ૩૧મી ડિસેમ્બર-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષથી ભૂતિયા રેશનકાર્ડ નાબૂદ કરવાની ઝુંબેશ ચાલી રહી છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) ઉપરોક્ત સમયગાળામાં રદ થયેલા ભૂતિયા રેશનકાર્ડ ઈશ્યુ કરનારા બેજવાબદાર અધિકારીઓ સામે પગલાં લેવા કોઈ આદેશો સરકારે પ્રસિધ્ધ કર્યા છે કે કેમ, અને | (૨) ના, જી. |
| (૩) જો ના, તો રદ કરવા પાત્ર ભૂતિયા રેશનકાર્ડ ઈશ્યુ કરનાર જવાબદાર અધિકારીઓ સામે સરકાર કેવા પ્રકારના પગલાં લેવા માંગે છે? | (૩) બોગસ રેશનકાર્ડ નાબૂદી ઝુંબેશ વખતે નાબુદ કરેલ કાર્ડની સામે અધિકારીઓ/કર્મચારીઓ ઉપર પગલાં ભરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

--------

**જામનગર જિલ્લામાં ગ્રામ સેવકોની મંજૂર જગ્યાઓ**

૨૧૭૧૯ **: શ્રી લાલજીભાઈ પ્રે.સોલંકી (જામનગર (રુરલ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) જામનગર જિલ્લા પંચાયતમાં તા. ૩૧-૧૨-૧૦ ની સ્થિતિએ ગ્રામ સેવકોની કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે, | (૧) ૧૨૦. |
| (૨) તે પૈકી કેટલી જગ્યાઓ ભરાયેલી છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, | (૨) ૬૪ ભરાયેલ<br>૫૬ ખાલી. |
| (૩) આ ખાલી જગ્યાઓ સરકાર ભરવા માંગે છે કે કેમ, અને | (૩) હા, જી. |
| (૪) જો હા, તો ક્યાં સુધીમાં આ ખાલી જગ્યાઓ ભરવામાં આવશે? | (૪) સત્વરે. |

--------

### શહેરા તાલુકામાં જંગલી ભૂંડ અને સુવરના કારણે ખેડૂતોના પાકને નુકસાન

૨૧૯૦૫ **: શ્રી જેઠાભાઈ ભરવાડ (શહેરા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પંચમહાલ જિલ્લાના શહેરા તાલુકામાં જંગલ નજીકના ક્યા ક્યા ગામોમાં જંગલી ભૂંડ અને સુવરના કારણે ખેડૂતોના ઊભા પાકને નુકસાન થાય છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો આવા જંગલી પ્રાણીઓથી ખેડૂતોના પાકને નુકસાન અટકાવવા સરકાર શાં પગલાં લેવા માંગે છે?

**જવાબ**

(૧) હા, જી. પંચમહાલ જિલ્લાના શહેરા તાલુકાના જંગલ નજીક આવેલ ગામો પૈકી સુરેલી, ચલાલી, ભેંસાણ, નવાગામ, મંગલીયાણા, ધાયકા, કવાલી, ગુણેલી, બાહી, બીલીથા, બોરડી, મોરવા, પોયડા, ઉજડા વગેરે ગામોમાં જંગલી ભૂંડના કારણે ખેડૂતોના ઊભા પાકને નુકસાન થાય છે.

(૨) જંગલી પ્રાણીઓથી ખેડૂતોના પાકને થતાં નુકસાન અટકાવવા માટે ખેડૂતોના ખેતર ફરતે વાડ બનાવવા માટે થતાં ખર્ચમાં ૫૦ ટકા સહાય આપવામાં આવે છે.

### વલસાડ જિલ્લામાં સ્વર્ણ જયંતી ગ્રામ સ્વરોજગાર યોજનામાં જૂથોની રચના

૨૧૭૧૬ **: શ્રી રમણલાલ ના.પાટકર (ઉમરગામ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૧૦-૧૧ માં તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં સ્વર્ણ જયંતિ ગ્રામ સ્વરોજગાર યોજના હેઠળ કેટલા જૂથોની રચના કરવામાં આવી,

(૨) તે પૈકી કેટલા જૂથો ગ્રેડ-૧ અને ગ્રેડ-૨ થયેલ છે.

(૩) કેટલા જૂથોને ગ્રેડ આપવાના બાકી છે, અને

(૪) તે પૈકી કેટલા જૂથો આર્થિક પ્રવૃત્તિઓ કરે છે?

**જવાબ**

(૧) વર્ષ ૨૦૧૦-૧૧ માં તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ ૪૦૬ જૂથોની રચના કરવામાં આવેલ છે.

(૨) તે પૈકી ૨૭૪ જૂથો ગ્રેડ-૧ અને ૨૭૪ જૂથો ગ્રેડ-૨ થયેલ છે.

(૩) ૧૩૨ જૂથોને ગ્રેડ આપવાના બાકી છે.

(૪) તે પૈકી ૨૭૪ જૂથો આર્થિક પ્રવૃત્તિઓ કરે છે.

### આણંદ જિલ્લામાં તોલમાપ તંત્ર ધ્વારા ગેસ એજન્સીઓનું ચેકીંગ

૨૧૮૫૪ **: શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર (ભાદરણ) : માનનીય ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આણંદ જિલ્લામાં તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર રાંધણગેસની એજન્સીઓ ઉપર તોલમાપ નિયંત્રણ ધ્વારા વજન તપાસણી માટે કેટલી વખત ચેકીંગ કરવામાં આવ્યું, અને

(૨) તે અન્વયે કેટલી ગેસ એજન્સીઓ સામે ગેસ સીલીન્ડરમાં ઓછા ગેસ હોવાના કેટલા કેસો કરવામાં આવ્યા ?

**જવાબ**

(૧) આણંદ જિલ્લામાં તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર રાંધણગેસની એજન્સીઓ ઉપર તોલમાપ નિયંત્રક ધ્વારા વજન તપાસણી માટે નીચે મુજબ ચેકીંગ કરવામાં આવેલ છે.

| અનુ. નં. | તાલુકાનું નામ | તપાસણીની સંખ્યા |
|---|---|---|
| ૧ | આણંદ | ૨૮ |
| ૨ | બોરસદ | ૧૩ |
| ૩ | ઉમરેઠ | ૧૨ |
| ૪ | પેટલાદ | ૧૧ |
| ૫ | સોજીત્રા | ૧૦ |
| ૬ | ખંભાત | ૩૫ |
| | **કુલ :** | **૧૦૯** |

(૨) તપાસણી દરમ્યાન ગેસ સીલીન્ડરમાં ઓછો ગેસ હોવાનો કોઈ કિસ્સો માલુમ પડેલ નથી.

### બનાસકાંઠા જિલ્લામાં પંચાયતની જમીન ઉપરથી દબાણ હટાવવા બાબત

૨૨૦૪૬ **: શ્રી મફતલાલ મો.પુરોહિત (ધાનેરા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પંચાયતની જમીનના કેટલા દબાણો દૂર કરવામાં આવેલ છે,

**જવાબ**

(૧) પંચાયત હસ્તકના ગોચર અને ગામતળ મળીને કુલ ૨૪૫૮ દબાણો દૂર કરવામાં આવેલ છે.

(૨) તેમાં જિલ્લાના ક્યા ક્યા તાલુકાઓમાંથી દબાણો દૂર કરવામાં આવ્યા, અને

(૨)

| ક્રમ | તાલુકાનું નામ | દૂર કરેલ દબાણની સંખ્યા |
|---|---|---|
| ૧ | ધાનેરા | ૧૬૮ |
| ૨ | દાંતીવાડા | ૬૦ |
| ૩ | ભાભર | ૭૮ |
| ૪ | અમીરગઢ | ૦૦ |
| ૫ | દિયોદર | ૦૦ |
| ૬ | ડીસા | ૪૦૦ |
| ૭ | થરાદ | ૨૨૭ |
| **ક્રમ** | **તાલુકાનું નામ** | **દૂર કરેલ દબાણની સંખ્યા** |
| ૮ | વડગામ | ૧૯૬ |
| ૯ | વાવ | ૦૦ |
| ૧૦ | દાંતા | ૨૩૫ |
| ૧૧ | પાલનપુર | ૮૮૫ |
| ૧૨ | કાંકરેજ | ૨૦૯ |
| | **કુલ :** | **૨૪૫૮** |

(૩) દબાણો દૂર કર્યા પછી તે જમીન ઉક્ત સ્થિતિએ કઈ પરિસ્થિતિમાં છે ?

(૩) જમીન હાલ ખુલ્લી છે અને ગ્રામ પંચાયત હસ્તક છે.

## અમરેલી જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના

૨૧૫૪૦ **: શ્રી કાળુભાઇ વી. વીરાણી (કુંડલા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમરેલી જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના હેઠળ વર્ષ ૨૦૦૯-૨૦૧૦ અને ૨૦૧૦-૨૦૧૧ના દરમ્યાન તા. ૩૧-૧-૨૦૧૧ સુધીમાં કેટલા રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

**જવાબ**

(૧) અમરેલી જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના એટલે કે સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ વર્ષ ૨૦૦૯-૨૦૧૦ અને ૨૦૧૦-૨૦૧૧ દરમ્યાન તા. ૩૧-૧-૨૦૧૧ સુધીમાં નીચેની વિગતે રોપાનું વાવેતર કરવામાં આવેલ છે.

| વર્ષ | વાવેતર કરેલ વિસ્તાર (હેક્ટર) | વાવેલ રોપાની સંખ્યા (લાખમાં) |
|---|---|---|
| ૨૦૦૯-૧૦ | ૪૪૨ | ૩.૯૯ |
| ૨૦૧૦-૧૧ | ૩૫૫ | ૪.૧૪ |
| **કુલ :** | **૭૯૭** | **૮.૧૩** |

(૨) તે પૈકી સાવરકુંડલા તાલુકામાં કેટલા રોપાનું વાવેતર કરવામાં આવેલ છે ?

(૨) તે પૈકી સાવરકુંડલા તાલુકામાં નીચેની વિગતે રોપાનું વાવેતર કરવામાં આવેલ છે.

| વર્ષ | વાવેતર કરેલ વિસ્તાર (હેક્ટર) | વાવેલ રોપાની સંખ્યા (લાખમાં) |
|---|---|---|
| ૨૦૦૯-૧૦ | ૫૫ | ૦.૫૦ |
| ૨૦૧૦-૧૧ | ૪૪ | ૦.૫૧ |
| **કુલ :** | **૯૯** | **૧.૦૧** |

## સુરેન્દ્રનગર જિલ્લામાં ઘરથાળના પ્લોટ મેળવવા માટેની અરજીઓ

૨૨૩૧૫ **: શ્રી હરીલાલ પટેલ (ધ્રાંગધ્રા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૯ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં તાલુકાવાર ૧૦૦ ચો.વાર. જમીનના ઘરથાળના પ્લોટ મેળવવા કેટલી અરજીઓ આવી,

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકો | વર્ષવાર મળેલ અરજીઓ | | | |
|---|---|---|---|---|---|
| | | ૨૦૦૭ | ૨૦૦૮ | ૨૦૦૯ | કુલ |
| ૧ | વઢવાણ | ૯૯ | ૪૭૭ | ૨૯૦ | ૮૬૬ |
| ૨ | લખતર | ૨૦૨ | ૪૯૯ | ૦ | ૭૦૧ |
| ૩ | લીંબડી | ૧૧૮ | ૭૪ | ૨૭૭ | ૪૬૯ |
| ૪ | ચુડા | ૧૩૨ | ૫૪ | ૧૦૬ | ૨૯૨ |
| ૫ | ચોટીલા | ૬૧૮ | ૩૧૦ | ૧૦૩૭ | ૧૯૬૫ |
| ૬ | સાયલા | ૭૯ | ૩૭૮ | ૧૨૫૫ | ૧૭૧૨ |
| ૭ | મુળી | ૧૧૮ | ૧૭૨ | ૧૦૭ | ૩૯૭ |
| ૮ | ધ્રાંગધ્રા | ૧૬૨ | ૧૩૧ | ૯૮૭ | ૧૨૮૦ |
| ૯ | હળવદ | ૮૬ | ૧૯૨ | ૮૦૪ | ૧૦૮૨ |
| ૧૦ | પાટડી | ૩૪૮ | ૨૫૪ | ૨૬૪ | ૮૬૬ |
| | **કુલ :** | **૧૯૬૨** | **૨૫૪૧** | **૫૧૨૭** | **૯૬૩૦** |

(૨) તેના અનુસંધાનમાં તાલુકાવાર લેન્ડ કમિટીની કેટલી બેઠકો મળી,

(૨)

| ક્રમ | તાલુકો | વર્ષવાર મળેલ લેન્ડ ક્મીટી | | | |
|---|---|---|---|---|---|
| | | ૨૦૦૭ | ૨૦૦૮ | ૨૦૦૯ | કુલ |
| ૧ | વઢવાણ | ૧ | ૩ | ૧ | ૫ |
| ૨ | લખતર | ૧ | ૧ | ૦ | ૨ |
| ૩ | લીંબડી | ૧ | ૧ | ૩ | ૫ |
| ૪ | ચુડા | ૧ | ૧ | ૧ | ૩ |
| ૫ | ચોટીલા | ૨ | ૧ | ૨ | ૫ |
| ૬ | સાયલા | ૧ | ૧ | ૨ | ૪ |
| ૭ | મુળી | ૨ | ૨ | ૨ | ૬ |
| ૮ | ધ્રાંગધ્રા | ૧ | ૨ | ૨ | ૫ |
| ૯ | હળવદ | ૨ | ૨ | ૨ | ૬ |
| ૧૦ | પાટડી | ૨ | ૨ | ૨ | ૬ |
| | **કુલ :** | **૧૪** | **૧૬** | **૧૭** | **૪૭** |

(૩) તેમાં તાલુકાવાર કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી અને કેટલી નામંજૂર કરવામાં આવી,

(૩)

| ક્રમ | તાલુકો | ૨૦૦૭ | | ૨૦૦૮ | | ૨૦૦૯ | |
|---|---|---|---|---|---|---|---|
| | | મંજુર | નામંજુર | મંજુર | નામંજુર | મંજુર | નામંજુર |
| ૧ | વઢવાણ | ૪૪ | ૫૫ | ૨૯૧ | ૧૮૬ | ૧૯૪ | ૯૬ |
| ૨ | લખતર | ૩૦ | ૧૭૨ | ૧૯૪ | ૩૦૫ | ૦ | ૦ |
| ૩ | લીબડી | ૯૮ | ૨૦ | ૩૪ | ૪૦ | ૨૦૧ | ૭૬ |
| ૪ | ચુડા | ૬૭ | ૬૫ | ૪૭ | ૭ | ૯૬ | ૧૦ |
| ૫ | ચોટીલા | ૨૯૧ | ૩૨૭ | ૨૨૩ | ૮૭ | ૩૨૧ | ૭૧૬ |
| ૬ | સાયલા | ૪૫ | ૩૪ | ૨૭૮ | ૧૦૦ | ૮૭૧ | ૩૮૪ |
| ૭ | મુળી | ૩૯ | ૭૯ | ૧૦૬ | ૬૬ | ૫૨ | ૫૫ |
| ૮ | ધાંગધ્રા | ૯૮ | ૬૪ | ૨૬ | ૧૦૫ | ૫૭૬ | ૪૧૧ |
| ૯ | હળવદ | ૩૨ | ૫૪ | ૭૬ | ૧૧૬ | ૩૪૩ | ૪૬૧ |
| ૧૦ | પાટડી | ૯૯ | ૨૪૯ | ૧૨૨ | ૧૩૨ | ૯૭ | ૧૬૭ |
| | **કુલ :** | **૮૪૩** | **૧૧૧૯** | **૧૩૯૭** | **૧૧૪૪** | **૨૭૫૧** | **૨૩૭૬** |

(૪) મંજૂર થયેલ અરજીઓ પરત્વે કેટલા લાભાર્થીઓને કબજા સોંપી સનદો આપવામાં આવી છે, અને

(૪)

| ક્રમ | તાલુકો | ૨૦૦૭ | | ૨૦૦૮ | | ૨૦૦૯ | |
|---|---|---|---|---|---|---|---|
| | | કબજો સોંપ્યો | સનદો આપી | કબજો સોંપ્યો | સનદો આપી | કબજો સોંપ્યો | સનદો આપી |
| ૧ | વઢવાણ | ૪૪ | ૪૪ | ૨૯૧ | ૨૯૧ | ૧૯૪ | ૧૯૪ |
| ૨ | લખતર | ૩૦ | ૩૦ | ૧૯૪ | ૧૯૪ | ૦ | ૦ |
| ૩ | લીબડી | ૯૮ | ૯૮ | ૩૪ | ૩૪ | ૨૦૧ | ૨૦૧ |
| ૪ | ચુડા | ૬૭ | ૬૭ | ૪૭ | ૪૭ | ૯૬ | ૯૬ |
| ૫ | ચોટીલા | ૨૯૧ | ૨૯૧ | ૨૨૩ | ૨૨૩ | ૩૨૧ | ૩૨૧ |
| ૬ | સાયલા | ૪૫ | ૪૫ | ૨૭૮ | ૨૭૮ | ૮૭૧ | ૮૭૧ |
| ૭ | મુળી | ૩૯ | ૩૯ | ૧૦૬ | ૧૦૬ | ૫૨ | ૫૨ |
| ૮ | ધાંગધ્રા | ૯૮ | ૯૮ | ૨૬ | ૨૬ | ૫૭૬ | ૫૭૬ |
| ૯ | હળવદ | ૩૨ | ૩૨ | ૭૬ | ૭૬ | ૩૪૩ | ૩૪૩ |
| ૧૦ | પાટડી | ૯૯ | ૯૯ | ૧૨૨ | ૧૨૨ | ૭૬ | ૭૬ |
| | **કુલ :** | **૮૪૩** | **૮૪૩** | **૧૩૯૭** | **૧૩૯૭** | **૨૭૩૦** | **૨૭૩૦** |

(૫) બાકી લાભાર્થીઓને કેટલા સમયમાં કબજા સોંપી સનદો આપવામાં આવશે ?

(૫) પાટડી તાલુકાના ૨૧ લાભાર્થીઓ પેકી ૧૪ ખારાઘોડાના લાભાર્થીઓને હિન્દુસ્તાન સોલ્ટ કું. અને ગ્રામ પંચાયત વચ્ચે વિવાદ હોઇ સરકારશ્રી પાસે હાઇલેવલ ક્મીટીના નિર્ણય આવેથી તેમજ ૭ જરવાલા ગામના લાભાર્થીઓને ગામતળ ફેરવવાની કામગીરી પૂર્ણ થયેથી.

## દાહોદ જિલ્લામાં રોપાનું વાવેતર

૨૦૯૫૧ **: શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા (લીમખેડા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) દાહોદ જિલ્લામાં તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા રોપાનું તાલુકાવાર વાવેતર કરવામાં આવ્યું,

(૧) દાહોદ જિલ્લામાં તા.૩૧-૧૦-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નીચેની વિગતે તાલુકાવાર રોપાનું વાવેતર કરવામાં આવ્યું.

| તાલુકાનું નામ | વાવેલ રોપાની સંખ્યા (લાખમાં) |
|---|---|
| દાહોદ | ૧૦.૦૮ |
| ઝાલોદ | ૧૦.૫૪ |
| લીમખેડા | ૧૦.૩૦ |
| બારીયા | ૫.૨૩ |
| ફતેપુરા | ૪.૨૬ |
| ગરબાડા | ૫.૩૭ |
| ધાનપુર | ૫.૨૬ |
| **કુલ :** | **૫૧.૦૪** |

(૨) આ અંગે કેટલો ખર્ચ થયો, અને

(૨) આ અંગે કુલ રૂ.૧૧૧૫.૨૯ લાખનો ખર્ચ થયેલ છે.

(૩) આ વાવેતર થયેલ રોપા પૈકી કેટલા વૃક્ષો તા.૩૧-૧-૧૧ ની સ્થિતિએ જીવંત છે ?

(૩) આ વાવેતર થયેલ રોપા પૈકી તા.૩૧-૧-૨૦૧૧ ની સ્થિતિએ કુલ ૪૮.૧૫ લાખ રોપા જીવંત છે.

--------

**આણંદ જિલ્લામાં અનાજના સંગ્રહખોરોને પકડવા બાબત**

૨૧૯૬૯ **: શ્રી લાલસિંહ વડોદિયા (ઉમરેઠ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આણંદ જિલ્લામાં તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નાગરિક પુરવઠા ધ્વારા તાલુકાવાર તથા વર્ષવાર અનાજના સંગ્રહખોરો પકડવા કેટલા દરોડા પાડવામાં આવ્યા.

(૨) દરોડામાં ક્યા ક્યા ખાદ્યપદાર્થોનો કેટલો પુરવઠો પકડવામાં આવ્યો, અને

(૩) પકડાયેલા ગુનેગારો સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

**જવાબ**

(૧) કુલ ૫૫ દરોડાઓ પાડવામાં આવ્યા. વર્ષવાર અને તાલુકાવાર વિગતો નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકાનું નામ | વર્ષ ૨૦૦૯-૧૦ (તા. ૧-૨-૦૯ થી તા. ૩૧-૧-૧૦) | વર્ષ ૨૦૧૦-૧૧ (તા. ૧-૨-૧૦ થી તા. ૩૧-૧-૧૧) |
|---|---|---|---|
| ૧ | આણંદ શહેર | ૪ | ૩ |
| ૨ | આણંદ ગ્રામ્ય | ૪ | ૮ |
| ૩ | અંકલાવ | ૬ | - |
| ૪ | બોરસદ | ૪ | ૧ |
| ૫ | ઉમરેઠ | ૧ | ૧ |
| ૬ | ખંભાત | ૪ | ૭ |
| ૭ | સોજીત્રા | ૧ | ૩ |
| ૮ | પેટલાદ | ૨ | ૨ |
| ૯ | તારાપુર | ૩ | ૧ |
| | કુલ :- | ૨૯ | ૨૬ |

(૨) અને (૩) : આ દરોડાઓમાં **પત્રક**માં દર્શાવ્યા મુજબ કુલ રૂા. ૧.૨૭ કરોડની કિંમતનો ખાદ્યપદાર્થોનો જથ્થો કબજે લેવામાં આવ્યો અને તે પૈકી રૂા. ૪.૧૮ લાખની કિંમતનો ખાદ્યપદાર્થોનો જથ્થો રાજ્યસાત કરવામાં આવ્યો. વિગતવાર **પત્રક** સામેલ છે.

**પત્રક**

| અ.નં. | આ.ચી.વ.નું નામ | કબજે કરવામાં આવેલ જથ્થો કીલોમાં | કબજે કરવામાં આવેલ જથ્થાની કિંમત રૂા. | રાજ્યસાત કરવામાં આવેલ જથ્થો કીલોમાં | રાજ્યસાત કરવામાં આવેલ જથ્થાની કિંમત રૂા. |
|---|---|---|---|---|---|
| ૧ | ઘઉં | ૯૨૯૦૮ | ૧૧૪૦૧૫૪ | ૪૮૧૩.૦૧ | ૬૮૬૧૩ |
| ૨ | ચોખા | ૪૩૦૮૪૦ | ૮૯૧૨૬૩૨ | ૩૩૧૦૦.૫ | ૨૬૪૩૬૧ |
| ૩ | તુવરદાળ | ૩૨૫૭ | ૨૧૮૦૬૫ | ૭૧૦.૬૨ | ૪૨૬૬૧ |
| ૪ | ખાંડ | ૩૫૨૦ | ૧૨૫૧૭૦ | ૧૩૫.૨ | ૩૯૮૦ |
| ૫ | ખાધ્યતેલ | ૫૧૩૫ | ૨૭૧૮૩૦ | ૬૩.૩૫ | ૩૪૪૨ |
| ૬ | બાજરી | ૪૫૦૯ | ૪૩૫૪૯ | ૧૦૦ | ૯૦૦ |
| ૭ | ડાંગર | ૧૭૯૬૫ | ૧૭૫૩૯૦ | - | - |
| ૮ | વટાણા | ૩૫૦ | ૫૬૦૦ | ૩૫ | ૫૬૦ |
| ૯ | રાયડો | ૬૩૮ | ૧૪૩૫૫ | - | - |
| ૧૦ | મઠ | ૫૫૦ | ૨૨૦૦૦ | - | - |
| ૧૧ | દાળ | ૧૦૫૯૬ | ૫૭૨૮૬૨ | ૧૭૭.૫ | ૮૫૧૫ |
| ૧૨ | મગદાળ | ૩૨૫ | ૧૬૨૫૦ | ૩૨.૦૫ | ૧૬૨૫ |
| ૧૩ | અંત્યોદય લોટ | ૬૫૫૪ | ૫૩૦૧૫ | ૭૦૩ | ૩૩૩૦ |
| ૧૪ | વન.ઘી | ૧૦૬૫ | ૫૧૪૭૫ | ૧૦.૬૫ | ૫૧૫ |
| ૧૫ | ચણા | ૪૯૦૦૮ | ૧૦૪૩૭૭૭ | ૯૦૧ | ૧૯૩૭૨ |
| ૧૬ | ચણાદાળ | ૬૨૫ | ૨૦૦૦૦ | ૬.૨૫ | ૨૦૦ |
| | | | ૧૨૬૮૬૧૨૪ | | ૪૧૮૦૭૪ |

--------

**ભાવનગર જિલ્લામાં સમરસ ગ્રામ પંચાયતો**

૪૬/page> ૨૨૪૦૧ **: શ્રી આત્મારામભાઈ પરમાર (ગઢડા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લામાં વર્ષ ૨૦૦૯ અને ૨૦૧૦ દરમ્યાન તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કેટલી ગ્રામ પંચાયતોને સમરસ જાહેર કરવામાં આવી,

(૨) તે પૈકી કેટલી ગ્રામ પંચાયતો મહિલા સમરસ થઈ,

(૩) કેટલી ગ્રામ પંચાયતોને અનુદાનની રકમ ચૂકવવામાં આવી અને કેટલી પંચાયતોને ચૂકવવાની બાકી છે, અને

(૪) બાકી પંચાયતોને અનુદાનની રકમ ક્યાં

**જવાબ**

(૧) ૨૦૦૯ - ૬ (છ)
૨૦૧૦ - ૦ (શૂન્ય).

(૨) શૂન્ય.

(૩) તમામ ૬ (છ) ગ્રામ પંચાયતોને અનુદાનની રકમ ચૂકવી દીધેલ છે. કોઈ પંચાયતને રકમ ચૂકવવાની બાકી નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

સુધીમાં ચૂકવવામાં આવશે ?

--------

## સાબરકાંઠા જિલ્લામાં સરદાર આવાસની અરજીઓ

૨૨૪૨૮ **: ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) સાબરકાંઠા જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૧૧માં તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ સરદાર આવાસ યોજના હેઠળ મકાન સહાય માટે તાલુકાવાર કુલ કેટલી અરજીઓ લાભાર્થીઓ તરફથી આવી,

(૧)

| ક્રમ | તાલુકો | મળેલ અરજીઓ |
|---|---|---|
| ૧ | હિંમતનગર | ૧૩૩ |
| ૨ | પ્રાંતિજ | ૫ |
| ૩ | તલોદ | ૦ |
| ૪ | મોડાસા | ૦ |
| ૫ | બાયડ | ૪૭ |
| ૬ | મેઘરજ | ૦ |
| ક્રમ | તાલુકો | મળેલ અરજીઓ |
| ૭ | માલપુર | ૨૬ |
| ૮ | ધનસુરા | ૦ |
| ૯ | ઇડર | ૧૫૧ |
| ૧૦ | વડાલી | ૪૪ |
| ૧૧ | ખેડબ્રહ્મા | ૧૨૨ |
| ૧૨ | વિજ્યનગર | ૩૨ |
| ૧૩ | ભિલોડા | ૮૫ |
| | કુલ : | ૬૪૫ |

(૨) તે પેકી તા.૩૧-૧-૨૦૧૧ સુધીમાં તાલુકાવાર કેટલા આવાસો મંજૂર કરી બાંધકામ પૂર્ણ કરવામાં આવ્યું, અને

(૨)

| ક્રમ | તાલુકો | મંજૂર કરેલ આવાસો | આવાસોનું બાંધકામ પૂર્ણ |
|---|---|---|---|
| ૧ | હિંમતનગર | ૧૩૩ | ૦ |
| ૨ | પ્રાંતિજ | ૫ | ૦ |
| ૩ | તલોદ | ૦ | ૦ |
| ૪ | મોડાસા | ૦ | ૦ |
| ૫ | બાયડ | ૪૭ | ૧૫ |
| ૬ | મેઘરજ | ૦ | ૦ |
| ૭ | માલપુર | ૨૬ | ૦ |
| ૮ | ધનસુરા | ૦ | ૦ |
| ૯ | ઇડર | ૧૫૧ | ૦ |
| ૧૦ | વડાલી | ૪૪ | ૦ |
| ૧૧ | ખેડબ્રહ્મા | ૧૨૨ | ૦ |
| ૧૨ | વિજ્યનગર | ૩૨ | ૦ |
| ૧૩ | ભિલોડા | ૮૫ | ૦ |
| | કુલ : | ૬૪૫ | ૧૫ |

(૩) બાકીની અરજીઓ મંજૂર ન થવાના કારણો શા છે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## કચ્છ જિલ્લામાં ગ્રામ પંચાયતોમાં બ્રોડ બેન્ડ ઇ-કનેક્ટીવીટી

૨૧૭૨૧ **: શ્રી રમેશભાઈ વ.મહેશ્વરી (મુંદ્રા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) કચ્છ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી ગ્રામ પંચાયતોને બ્રોડ-બેન્ડ ઈ:કનેકટીવીટીથી જોડવામાં આવી છે,

(૧) કચ્છ જિલ્લામાં તમામ ૬૧૫ ગ્રામ પંચાયતોને બ્રોડબેન્ડ ઈ:કનેકટીવીટીથી જોડવામાં આવેલ છે.

(૨) કેટલી ગ્રામ પંચાયતોને બ્રોડબેન્ડ ઈ:કનેકટીવીટીથી જોડવાની બાકી છે, અને

(૨) કોઈ પણ ગ્રામ પંચાયત બ્રોડબેન્ડ ઈ:કનેકટીવીટીથી જોડવાની બાકી નથી.

(૩) તેને ક્યાં સુધીમાં બ્રોડબેન્ડ કનેકટીવીટીથી જોડવામાં આવશે?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## રાજ્યમાં જિલ્લા પુરવઠા અધિકારીની ખાલી જ્યાઓ

૨૧૬૪૯ **: શ્રી ખુમાનસિંહ ચૌહાણ (સાવલી) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર જિલ્લા પુરવઠા અધિકારી (ડી.એસ.ઓ.)ની

(૧) તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ રાજ્યમાં ૧૨ જિલ્લા પુરવઠા અધિકારી (ડી.એસ.ઓ.)ની જ્ગ્યાઓ

કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૨) આવી ખાલી જગ્યાઓ સત્વરે નહીં ભરવાના કારણો શા છે?

ખાલી છે. આ જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે તે દર્શાવતું જિલ્લાવાર **પત્રક** આ સાથે સામેલ રાખેલ છે.

(૨) વહીવટી કારણોસર.

**પત્રક**

| અ.નં. | જિલ્લાનું નામ | ખાલી જગ્યાની તારીખ | રીમાર્ક્સ |
|---|---|---|---|
| ૧ | અમદાવાદ | તા.૨૪-૧૨-૨૦૧૦ | |
| ૨ | બનાસકાંઠા | તા.૨૩-૯-૨૦૧૦ | |
| ૩ | ગાંધીનગર | તા.૨૮-૨-૨૦૦૯ | |
| ૪ | જૂનાગઢ | તા.૯-૭-૨૦૦૯ | |
| ૫ | કચ્છ-ભુજ | તા.૨૦-૨-૨૦૦૯ | |
| ૬ | મહેસાણા | તા.૨૨-૬-૨૦૦૮ | |
| ૭ | નર્મદા | તા.૧-૭-૨૦૧૦ | |
| ૮ | નવસારી | તા.૧૩-૭-૨૦૧૦ | |
| ૯ | રાજકોટ | તા.૧૨-૧૧-૨૦૦૭ | |
| ૧૦ | સુરત | તા.૧-૭-૨૦૦૯ | |
| ૧૧ | સુરેન્દ્રનગર | તા.૧૪-૧૦-૨૦૦૯ | |
| ૧૨ | તાપી | તા.૨૦-૧૦-૨૦૦૯ | |

----------

## કચ્છ જિલ્લામાં વાજબી ભાવની દુકાનોનું નવીનીકરણ

૨૧૮૫૦ **: શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી (અબડાસા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

કચ્છ જિલ્લામાં તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર વાજબી ભાવની દુકાનોનું નવીનીકરણ કરવાની કોઈ યોજના અમલમાં મૂકેલ છે કે કેમ ?

**જવાબ**

હા, જી. તા.૬-૩-૦૯ થી મોડેલ ફેરપ્રાઈસ શોપ યોજના અમલમાં મૂકેલ છે.

--------

## સાબરકાંઠા જિલ્લામાં ગૃપ ગ્રામ પંચાયતોના વિભાજનની માગણીઓ

૨૨૪૨૭ **: શ્રી અશ્વિન કોટવાલ (ખેડબ્રહ્મા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લામાં તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ તાલુકાવાર કઈ કઈ ગૃપ ગ્રામ પંચાયતોના વિભાજન માંગણી પડતર છે,

(૨) આવી માંગણીઓ કેટલા સમયથી પડતર છે, અને

(૩) આ પડતર માંગણીઓ બાબતે સરકારનું શું

**જવાબ**

(૧) સાબરકાંઠા જિલ્લામાં તા.૩૧-૧૨-૧૦ ની સ્થિતિએ તાલુકાવાર ૧૨ ગ્રામ પંચાયતોની વિભાજનની માંગણીઓ છે.

| ક્રમ | તાલુકાનું નામ | ક્રમ | ગ્રામ પંચાયતનું નામ |
|---|---|---|---|
| ૧ | તલોદ | ૧ | ઉમેદની મુવાડી |
| ૨ | માલપુર | ૨ | પરસોડા |
| ૩ | ખેડબ્રહ્મા | ૩ | કલોલ |
| ૪ | મોડાસા | ૪ | જંબુસર |
| ૫ | હિંમતનગર | ૫ | કાણીયોલ |
| | | ૬ | ગઢા |
| | | ૭ | દેસાસણ |
| | | ૮ | ચાંદરણી |
| ૬ | વડાલી | ૯ | ડોભાડા |
| ૭ | પ્રાંતિજ | ૧૦ | મોયાદનાથજી |
| ૮ | ભિલોડા | ૧૧ | જુમસર |
| ૯ | મેઘરજ | ૧૨ | ઈસરી |

(૨) ૩ (ત્રણ) માંગણીઓ એક વર્ષ સુધીની ૯(નવ) માંગણીઓ એક વર્ષથી બે વર્ષ સુધીની.

(૩) ભારત સરકારના ગૃહ વિભાગના

આયોજન છે ?

તા. ૨૨-૯-૦૯ના પત્ર નં.૯/૬૬/૦૯ સીડી/સીઈએન થી વસ્તી ગણતરી-૨૦૧૧ અન્વયે રાજ્યની સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ તેમજ મહેસૂલી હદમાં કોઈ વહીવટી તેમજ ભોગોલિક માળખામાં તા.૩૧-૩-૧૧ સુધી કોઈ ફેરફાર ન કરાવા સૂચના આપેલ છે. ત્યારબાદ નિર્ણય કરવામાં આવશે.

--------

## સાબરકાંઠા જિલ્લામાં ઈકો ટુરીઝમ યોજના

૨૧૫૫૧ **: શ્રી દિલિપસિંહજી પરમાર (મોડાસા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લામાં ઈકો ટુરીઝમના વિકાસ માટેની કોઈ યોજના અમલમાં છે કે કેમ,

(૨) જો હા, તો આ યોજનામાં જિલ્લાના ક્યા ક્યા સ્થળો પસંદ કરવામાં આવેલ છે, અને

(૩) વર્ષ ૨૦૦૯-૨૦૧૦ અને ૨૦૧૦-૨૦૧૧ દરમ્યાન તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ આ યોજના પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) પોળો, ભમરેચી માતાજી મંદિર-સાયરા અને કટાળુ હનુમાન મંદિર-મેઘરજ.

(૩) રૂપિયા ૧૩.૪૧ લાખ.

--------

## રાજુલા, જાફરાબાદ અને ખાંભા તાલુકામાં ગ્રામ પંચાયતોમાં કોમ્પ્યુટરોની પરિસ્થિતિ

૨૧૬૧૧ **: શ્રી હીરાભાઈ સોલંકી (રાજુલા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં રાજુલા-જાફરાબાદ-ખાંભા તાલુકાની કેટલી ગ્રામ પંચાયતોમાં કોમ્પ્યુટર ચાલુ હાલતમાં કામ કરે છે,

(૨) ઉક્ત ત્રણેય તાલુકાની કેટલી ગ્રામ પંચાયતોમાં કોમ્પ્યુટર નથી અથવા બંધ પડેલ હાલતમાં છે, અને

(૩) ત્રણેય તાલુકામાં બધા જ ગામોએ ગ્રામ પંચાયતમાં કોમ્પ્યુટર સેવા નિયમિત કરવા શું આયોજન કરેલ છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં રાજુલા-૬૪, જાફરાબાદ-૩૬ અને ખાંભાની-૫૦ ગ્રામ પંચાયતોમાં કોમ્પ્યુટરો ચાલુ હાલતમાં કામ કરતા હતા.

(૨) અને (૩) : ઉક્ત ત્રણે તાલુકાની તમામ ગ્રામ પંચાયતોમાં કોમ્પ્યુટરો છે. તે પૈકી રાજુલા-૬, જાફરાબાદ-૪ અને ખાંભાની-૨ ગ્રામ પંચાયતોમાં કોમ્પ્યુટર બંધ થયાનું માલુમ પડેલ જેની વોરંટી પૂર્ણ થઈ ગયેલ હોઈ ત્રણેય તાલુકાઓમાં બધી જ ગ્રામ પંચાયતમાં કોમ્પ્યુટર સેવા નિયમિત કરવા તમામ ગ્રામ પંચાયતોને કોમ્પ્યુટરોનાં રીપેરીંગ માટે જે તે હાર્ડવેર કંપનીને વાર્ષિક મેન્ટેનન્સ કોન્ટ્રાક્ટ આપવામાં આવેલ છે.

## આણંદ અને ખેડા જિલ્લામાં ગોચર અને પંચાયતની જમીન ઉપર દબાણ

૨૨૩૮૨ **: શ્રી અમીતભાઈ ચાવડા (બોરસદ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આણંદ અને ખેડા જિલ્લામાં તા. ૩૧-૧-૨૦૧૧ ની સ્થિતિએ તાલુકાવાર કેટલા ગોચર અને પંચાયતની જમીન ઉપર દબાણો છે,

**જવાબ**

(૧) તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ તાલુકાવાર ગોચર અને પંચાયતની જમીન ઉપર નીચે મુજબના દબાણો છે.

**આણંદ જિલ્લો**

| ક્રમ | તાલુકાનું નામ | ગોચરના દબાણો | પંચાયતના દબાણો | કુલ દબાણો |
|---|---|---|---|---|
| ૧ | આણંદ | ૫૩ | ૧૮૭ | ૨૪૦ |
| ૨ | ઉમરેઠ | ૨૪ | ૧૪ | ૩૮ |
| ૩ | બોરસદ | ૨૭ | ૬૬ | ૯૩ |
| ૪ | આંકલાવ | ૧ | ૦ | ૧ |
| ૫ | પેટલાદ | ૪૦ | ૧૦૭ | ૧૪૭ |
| ૬ | સોજીત્રા | ૨ | ૭ | ૯ |
| ૭ | ખંભાત | ૨ | ૫ | ૭ |
| ક્રમ | તાલુકાનું નામ | ગોચરના દબાણો | પંચાયતના દબાણો | કુલ દબાણો |
| ૮ | તારાપુર | ૦ | ૧૫ | ૧૫ |
| | કુલ : | ૧૪૯ | ૪૦૧ | ૫૫૦ |

**ખેડા જિલ્લો**

| ક્રમ | તાલુકાનું નામ | ગોચરના દબાણો | પંચાયતના દબાણો | કુલ દબાણો |
|---|---|---|---|---|
| ૧ | નડીયાદ | ૫૨ | ૩૦ | ૮૨ |
| ૨ | કપડવંજ | ૧૦ | ૦ | ૧૦ |
| ૩ | કઠલાલ | ૪ | ૩ | ૭ |
| ૪ | ખેડા | ૧૨ | ૧૦ | ૨૨ |
| ૫ | ઠાસરા | ૧ | ૧ | ૨ |
| ૬ | મહેમદાવાદ | ૨૧ | ૬ | ૨૭ |
| ૭ | માતર | ૪૧ | ૧૧ | ૫૨ |
| ૮ | મહુધા | ૪ | ૪ | ૮ |
| ૯ | બાલાસિનોર | ૦ | ૧ | ૧ |
| ૧૦ | વિરપુર | ૦ | ૩ | ૩ |
| | કુલ : | **૧૪૫** | **૬૯** | **૨૧૪** |

(૨) તે પૈકી એક વર્ષ અને ત્રણ વર્ષ ઉપરના કેટલા દબાણો છે,

(૨)

| જિલ્લો | એક વર્ષ ઉપરના દબાણો | | | ત્રણ વર્ષ ઉપરના દબાણો | | |
|---|---|---|---|---|---|---|
| | ગોચર | પંચાયત | કુલ | ગોચર | પંચાયત | કુલ |
| આણંદ | ૪૨ | ૧૨૭ | ૧૬૯ | ૧૦૭ | ૨૭૪ | ૩૮૧ |
| ખેડા | ૫૬ | ૬૩ | ૧૧૯ | ૮૯ | ૬ | ૯૫ |
| **કુલ :** | **૯૮** | **૧૯૦** | **૨૮૮** | **૧૯૬** | **૨૮૦** | **૪૭૬** |

(૩) લાબાં સમયથી દબાણો દૂર કરવામાં નિષ્ફળ ગયેલ સંબંધિતો સામે શાં પગલાં લેવાયા છે, અને

(૩) આણંદ જિલ્લામાં ગોચર દબાણો પૈકી ૬ કોર્ટ કેસ તથા ગામતળ દબાણ પૈકી ૨૧ જેટલાં દબાણોમાં કોર્ટ કેસ ચાલુ છે. જેનો નિકાલ થયે કાર્યવાહી કરવામાં આવશે. બાકીના તમામ દબાણદારોને દબાણ દૂર કરવા અંગે ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ની કલમ-૧૦૫ અન્વયે નોટીસ આપી દબાણ દૂર કરવાની કાર્યવાહી હાથ ધરેલ છે.

ખેડા જિલ્લામાં ગોચરના ૧૪૫ દબાણો પૈકી ૬૮ દબાણો દૂર કરેલ છે. તથા ગામતળના ૬૯ દબાણો પૈકી ૫૫ દબાણો દૂર કરેલ છે. તથા ૨૧ દબાણોમાં કોર્ટ કેસ ચાલે છે જેનો નિકાલ થયે કાર્યવાહી કરવામાં આવશે. બાકીના ૭૦ દબાણદારોને દબાણ દૂર કરવા અંગે ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ની કલમ-૧૦૫ અન્વયે નોટીસ આપી દબાણ દૂર કરવાની કાર્યવાહી હાથ ધરેલ છે. આમ દબાણ દૂર કરવા બાબતે તમામ કક્ષાએ પ્રયત્ન કરવામાં આવેલ હોઈ પગલાં લેવાનો પ્રશ્ન નથી.

(૪) સદર દબાણો ક્યાં સુધીમાં હટાવી લેવાશે ?

(૪) સત્વરે.

--------

## ગીરનાર રોપ વેની મંજૂરી

૨૨૦૬૧ **: શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા (પોરબંદર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ ગીરનાર રોપ વે યોજનાને મંજૂરી આપવા માટે કેન્દ્ર સરકારમાં ક્યારે દરખાસ્ત કરવામાં આવી,

**જવાબ**

(૧) તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ ગીરનાર રોપ વે યોજનાને મંજૂરી આપવા નીચે મુજબ દરખાસ્ત કરવામાં આવી.

૧. વન સંરક્ષણ અધિનિયમ, ૧૯૮૦ હેઠળ તા.૨૨-૮-૧૯૯૫ના રોજ.
૨. વન્ય પ્રાણી(સંરક્ષણ) અધિનિયમ, ૧૯૭૨ હેઠળ તા.૮-૭-૨૦૦૯ના રોજ .

(૨) કેન્દ્ર સરકાર ધ્વારા ક્યારે મંજૂરી આપવામાં આવી, અને

(૨) કેન્દ્ર સરકાર ધ્વારા નીચે મુજબ સેધ્ધાંતિક મંજૂરી આપવામાં આવી છે.

૧. વન સંરક્ષણ અધિનિયમ, ૧૯૮૦ હેઠળ તા.૧૮-૯-૧૯૯૫ના રોજ
૨. વન્ય પ્રાણી(સરંક્ષણ) અધિનિયમ, ૧૯૭૨ હેઠળ તા.૮-૨-૨૦૧૧ના રોજ

(૩) સરકારે મંજૂરીની ભલામણ કરી ત્યારથી મંજૂરી મળી ત્યાં સુધીમાં માન. મુખ્યમંત્રીશ્રી કે માન.મંત્રીશ્રી કક્ષાએ જો કોઈ દરખાસ્ત કરાઈ હોય તો ક્યારે દરખાસ્ત કરવામાં આવી ?

(૩) સ્ટેટ બોર્ડ ફોર વાઈલ્ડ લાઈફની તા. ૪-૭-૨૦૦૯ના રોજ મળેલ બેઠકમાં માન. મુખ્યમંત્રીશ્રી તથા માન. મંત્રીશ્રી, વન અને પર્યાવરણ તથા બોર્ડના અન્ય સભ્યોની ભલામણ બાદ ગીરનાર રોપ વે

યોજનાને વન્ય પ્રાણી (સંરક્ષણ) અધિનિયમ, ૧૯૭૨ હેઠળ મંજૂરી આપવા માટે કેન્દ્ર સરકારમાં તા.૮-૭-૨૦૦૯ ના રોજ દરખાસ્ત કરવામાં આવી હતી.

--------

**પાટણ જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતોમાં કારકુનોની મંજૂર જગ્યાઓ**

૨૧૭૧૪ **: શ્રી રજનીકાન્ત સો.પટેલ (ચાણસ્મા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ પાટણ જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતો માટે કારકુનોની કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે, | (૧) જિલ્લા પંચાયત - ૫૫<br>તાલુકા પંચાયતોમાં - ૫૦ |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી ભરવામાં આવેલ છે. અને કેટલી જગ્યાઓ બાકી છે, | (૨) ભરાયેલ / બાકી<br>જિલ્લા પંચાયત - ૩૬ / ૧૯<br>તાલુકા પંચાયતો- ૩૮ / ૧૨ |
| (૩) આ ખાલી જગ્યાઓ સરકાર ભરવા માંગે છે કે કેમ, અને | (૩) હા, જી. |
| (૪) જો હા, તો ક્યાં સુધીમાં આ ખાલી જગ્યાઓ ભરવામાં આવશે ? | (૪) બનતી ત્વરાએ. |

**મહેસાણા જિલ્લામાં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજનાના કામો**

૨૧૭૧૨ **: શ્રી ઋષિકેશ ગ.પટેલ (વિસનગર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૦-૧૧માં તા.૩૧-૧૨-૧૦ ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી બાંહેધરી યોજના અંતર્ગત કેટલા કામો ચાલુ કરવામાં આવ્યા, | (૧) વર્ષ ૨૦૧૦-૧૧માં તા.૩૧-૧૨-૧૦ ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી બાંહેધરી યોજના અંતર્ગત ૧૮૯૧ કામો ચાલુ કરવામાં આવેલ છે. |
| (૨) તે પૈકી કેટલા કામો પૂર્ણ કરવામાં આવ્યા, | (૨) તે પૈકી ૨૨૬ કામો પૂર્ણ કરવામાં આવેલ છે. |
| (૩) બાકીના કામો ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ? | (૩) રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના રોજગારીની માંગણી આધારીત યોજના હોઇ કામની માંગણી થયેથી કામગીરી પૂર્ણ કરવામાં આવશે. |

**ભરૂચ જિલ્લામાં ફેરપ્રાઇસ શોપ**

૨૧૭૧૦ **: શ્રી દુષ્યંતભાઈ ૨.પટેલ (ભરૂચ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ભરૂચ જિલ્લામાં તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પંડિત દીનદયાળ ગ્રાહક ભંડારો પૈકી કેટલા ભંડારોને મોડેલ ફેરપ્રાઇસ શોપ તરીકે જાહેર કરવામાં આવેલ છે, | (૧) ૫૦૮ પંડિત દીનદયાળ ગ્રાહક ભંડારો પૈકી ૨૩૭ ભંડારો વર્ષ ૨૦૦૯માં અને ૨૦૧૦માં ૨૭૧ ભંડારો ફેરપ્રાઇસ શોપ તરીકે જાહેર કરવામાં આવેલ છે. |
| (૨) કેટલા ભંડારો મોડેલ ફેરપ્રાઇસ શોપ તરીકે જાહેર કરવાના બાકી છે, અને | (૨) કોઇ ભંડાર મોડેલ ફેરપ્રાઇસ શોપ તરીકે જાહેર કરવાના બાકી નથી. |
| (૩) ક્યાં સુધીમાં તે જાહેર કરવામાં આવશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

--------

**ભાવનગર જિલ્લામાં સર્વોદય યોજના**

૨૧૯૫૫ **: શ્રી ડૉ. કનુભાઈ કલસરીયા (મહુવા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લામાં સર્વોદય યોજના અંતર્ગત સર્વોદય કેન્દ્ર મારફત તા.૩૧-૧-૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષદીઠ દરેક તાલુકામાં સદરવાર કેટલી ગ્રાન્ટ ની જોગવાઈ કરવામાં આવી, | (૧) સર્વોદય યોજના અંતર્ગત ગ્રાન્ટની જોગવાઈ તાલુકાવાર નહિ પણ સંસ્થાવાર કરવામાં આવે છે. જેથી ભાવનગર જિલ્લામાં વાત્સલ્યધામ સર્વોદય યોજના માલપરા માટે તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ સને |

૨૦૦૯-૧૦માં રૂ.૯,૭૮,૦૦૦/- અને સને ૨૦૧૦-૧૧માં રૂ.૮,૧૦,૦૦૦/-ની ગ્રાન્ટની જોગવાઈ કરવામાં આવી છે.

(૨) તે પૈકી ઉપરોક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલી ગ્રાન્ટ વાપરવામાં આવી, અને

(૨) સને ૨૦૦૯-૧૦માં રૂ.૧૦,૩૦,૯૮૨/- અને સને ૨૦૧૦-૧૧માં રૂ.૮,૦૩,૭૯૯/-

(૩) કેટલી ગ્રાન્ટ વણવપરાયેલ રહેલ છે ?

(૩) સને ૨૦૦૯-૧૦માં શૂન્ય-(મળેલ ગ્રાન્ટ કરતા રૂ.૫૨૯૮૨ નો વધારે ખર્ચ થયેલ છે.) સને ૨૦૧૦-૨૦૧૧માં રૂ.૬,૨૦૧/-

--------

**અમરેલી જિલ્લામાં સસ્તા અનાજની દુકાનો ખોલવાની અરજીઓ**

૨૧૫૨૬ **: શ્રી મનસુખભાઈ પાં.ભુવા (ધારી) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમરેલી જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સસ્તા અનાજની દુકાનો ખોલવા માટે કુલ કેટલી અરજીઓ મળી છે,

(૨) તે પૈકી કેટલી સસ્તા અનાજની દુકાન ખોલવા માટે પરવાના આપવામાં આવ્યા, અને

(૩) બાકી અરજીઓનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) ૫૪ દુકાનો ખોલવા માટે કુલ ૨૫૭ અરજીઓ મળેલ છે.

(૨) ૯૬ અરજીઓનો નિકાલ કરી ૨૧ સસ્તા અનાજની દુકાનો ખોલવા માટે પરવાના આપવામાં આવ્યા.

(૩) બાકીની ૩૩ સસ્તા અનાજની દુકાનો માટે મળેલ ૧૬૧ અરજીઓનો નિકાલ નિયમોનુસારની કાર્યવાહી પૂર્ણ થયેથી કરવામાં આવશે.

**વલસાડ અને નવસારી જિલ્લામાં ગ્રામ પંચાયતોને કોમ્પ્યુટર અને કોમ્પ્યુટર ઓપરેટર આપવા બાબત**

૨૧૯૪૬ **: શ્રી છનાભાઈ ચૌધરી (ધરમપુર) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ નવસારી અને વલસાડ જિલ્લામાં કેટલી ગ્રામ પંચાયતોને ઈ-ગ્રામ હેઠળ સમાવી કેટલા કોમ્પ્યુટરો અને કોમ્પ્યુટર ઓપરેટરો ફાળવવામાં આવ્યા, અને

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ કેટલી ગ્રામ પંચાયતોને આ સુવિધાઓ આપવાની બાકી છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ નવસારી જિલ્લાની તમામ ૩૬૬ અને વલસાડ જિલ્લાની તમામ ૩૩૯ પંચાયતોને ઈ-ગ્રામ હેઠળ સમાવી તમામ ગ્રામ પંચાયતોને કોમ્પ્યુટરો અને કોમ્પ્યુટર ઓપરેટરો (વિલેજ કોમ્પ્યુટર એન્ટરપ્રિન્યોર) ફાળવવામાં આવેલ છે.

(૨) કોઈ ગ્રામ પંચાયત બાકી ન હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**ધંધુકા, બરવાળા અને રાણપુર તાલુકામાં નવા રેશનીંગ કાર્ડ માટેની અરજીઓ**

૨૨૦૯૫ **: શ્રી રણછોડભાઈ ક.મેર (ધંધૂકા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ધંધુકા, બરવાળા અને રાણપુર તાલુકામાં કેટલા નવા રેશનકાર્ડ કાઢવા માટેની અરજીઓ આવી,

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નીચેના તાલુકાઓમાં નવા રેશનકાર્ડ કાઢવા માટે નીચે મુજબ અરજીઓ મળી.

| ક્રમ | તાલુકાનું નામ | જાન્યુ-૧૦ થી તા.૨૩-૪- | બારકોડેડ રેશનકાર્ડ યોજના |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | ધંધુકા | ૩૬૭ | ૮૩૧ |
| ૨ | બરવાળા | ૧૩૨ | ૨૧૦ |
| ૩ | રાણપુર | ૨૩૯ | ૦૩૩ |

| | | | |
|---|---|---|---|
| ૩ | રાણપુર | ૨૩૯ | ૦૩૩ |
| | **કુલ :** | **૭૩૮** | **૧૦૭૪** |

(૨) તેમાં કુલ કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૩) કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી, અને

(૪) અરજીઓ નામંજૂર કરવાના શા કારણો છે ?

(૨), (૩) અને (૪) : ઉપર કોલમ નં.૩ પેકી ૬૪૫ અરજીઓ મંજૂર કરવામાં આવી. ૪ (ચાર) અરજીઓ અપૂરતા પુરાવાના કારણે નામંજૂર કરવામાં આવી. ૮૯ અરજીઓ ઉપર બારકોડેડ રેશનકાર્ડની નીતિ અમલમાં આવતાં અરજી પરત કરેલ અને નવા બારકોડેડ રેશનકાર્ડના નિયત ફોર્મ-૨ મુજબ અરજી કરવા જણાવેલ છે. ઉપર કોલમ નં.૪ ની તમામ અરજીઓ ડેટાએન્ટ્રી, ચકાસણી અને બાયોમેટ્રીક્ની કામગીરીના કારણે પેન્ડીંગ છે.

--------

## અમદાવાદ શહેરમાં રાંધણગેસના કાળાબજાર

૨૨૨૧૨ **: શ્રી શૈલેષભાઈ મ.પરમાર (શહેર કોટડા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ શહેરમાં તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ રાંધણગેસના કાળાબજારની વ્યાપક ફરિયાદો અન્વયે છેલ્લા એક વર્ષમાં રાંધણગેસના કાળાબજાર કરતા કેટલા ઈસમોને પકડવામાં આવ્યા,

(૨) તેમની સામે કઈ કઈ કલમો લગાડી કેસો કરવામાં આવ્યા,

(૩) આવી રીતે કાળાબજારમાં વેચાતા પકડાયેલા સીલીન્ડરો કઈ કઈ ગેસ એજન્સીના હતા, અને

(૪) તેમની સામે શાં પગલાં લેવાયા ?

**જવાબ**

(૧) અમદાવાદ શહેરમાં તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ રાંધણગેસના કાળાબજારની વ્યાપક ફરિયાદો અન્વયે છેલ્લા એક વર્ષમાં (તા.૧-૨-૧૦ થી તા.૩૧-૧-૧૧ દરમ્યાન) રાંધણગેસના કાળાબજાર કરતા કોઈ ઈસમ પકડાયેલ નથી. પરંતુ આ સમયગાળા દરમ્યાન કુલ ૧૪ ગેસ એજન્સીઓની તપાસમાં જણાયેલ ક્ષતિઓ/ગેરરીતિઓ અન્વયે રાંધણગેસના ૭૨૦ નંગ સીલીન્ડર રૂ.૨,૬૩,૬૯૭/- ની કિંમતના કબજે લેવામાં આવેલ છે. જે પેકી ૧૯૨ સીલીન્ડર રૂ.૬૮,૯૮૨/- ની કિંમતના રાજ્યસાત કરવામાં આવ્યા. અને પરવાના અનામત પેટેની રકમ પેકી રૂ.૯૦૦૦/- ની રકમ રાજ્યસાત કરવામાં આવી.

(૨), (૩) અને (૪) : રાંધણગેસના કાળાબજાર કરતા કોઈ ઈસમ પકડાયેલ ન હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## ભરૂચ જિલ્લામાં ફોટા સાથેના બારકોડેડ રેશનકાર્ડ

૨૧૬૯૯ **: શ્રી ઈકબાલ પટેલ (વાગરા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભરૂચ જિલ્લામાં તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ તાલુકાવાર નવા બારકોડેડ રેશનકાર્ડની કામગીરી હેઠળ ફોટા સાથેના રેશનકાર્ડ તૈયાર કરવા માટે કેટલી અરજીઓ મેળવવામાં આવી, અને

**જવાબ**

(૧) ભરૂચ જિલ્લામાં તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ નવા બારકોડેડ રેશનકાર્ડની કામગીરી હેઠળ રેશનકાર્ડ તેયાર કરવા માટે મળેલ અરજીઓની તાલુકાવાર વિગત નીચે મુજબ છે.

| અ.નં | તાલુકાનું | મળેલ અરજી | મળેલ અરજી | કુલ |
|---|---|---|---|---|
| ૧ | ભરૂચ | ૭૪૯૩૯ | ૧૩૫૦ | ૭૬૨૮૯ |
| ૨ | અંકલેશ્વર | ૪૦૭૪૪ | ૫૪૦ | ૪૧૨૮૪ |
| ૩ | જંબુસર | ૩૮૧૦૫ | ૬૬૫ | ૩૮૭૭૦ |
| ૪ | આમોદ | ૧૮૮૮૬ | ૪૬ | ૧૮૯૩૨ |
| ૫ | હાંસોટ | ૧૨૪૧૩ | ૧૨ | ૧૨૪૨૫ |
| ૬ | વાગરા | ૧૭૦૮૨ | ૧૬૮ | ૧૭૨૫૦ |
| ૭ | વાલીયા | ૨૧૪૩૪ | ૨૭૪ | ૨૧૭૦૮ |
| ૮ | ઝગડીયા | ૩૦૪૬૦ | ૧૫૦ | ૩૦૬૧૦ |

| | | | | |
|---|---|---|---|---|
| ૮ | ઝગડીયા | ૩૦૪૬૦ | ૧૫૦ | ૩૦૬૧૦ |
| | કુલ : | ૨૫૪૦૬૩ | ૩૨૦૫ | ૨૫૭૨૬૮ |

(૨) આ કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

(૨) યોજના અંતર્ગત કામગીરી ચાલુ છે. ડેટાએન્ટ્રી, ચકાસણી અને બાયોમેટ્રીક્ની કામગીરી પૂર્ણ થયેથી.

--------

**લુણાવાડા અને ખાનપુર તાલુકામાં રોપાનું વાવેતર કરવા બાબત**

૨૧૬૯૨ **: શ્રી હીરાભાઈ હ.પટેલ (લુણાવાડા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૧૦ સ્થિતીએ છેલ્લા બે વર્ષમાં લુણાવાડા અને ખાનપુર તાલુકાઓમાં ક્યા ક્યા પ્રકારના વૃક્ષોના રોપાનું વાવેતર કરવામાં આવ્યુ, અને | (૧) તા.૩૧-૧૨-૧૦ સ્થિતીએ છેલ્લા બે વર્ષમાં લુણાવાડા અને ખાનપુર તાલુકાઓમાં ખેર, મહુડા, જાંબૂ, ખાટી આંબલી, બહેડા, કણજી, આંબળા, વાંસ, સીતાફળ, ગરમાળો, અરડુસો, સાગ, કણજ, પાણી સાદડ, નીલગીરી, દેશી બાવળ, લીમડા, આંબા, રાયણ, પીપળો, બદામ, સીસમ, બોર, કાશીદ, સરગવા, વડ અને આસોપાલવ વગેરે વૃક્ષોના વાવેતર કરવામાં આવેલ છે. |
| (૨) આ વાવેતર પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૨) આ વાવેતર પાછળ કુલ રૂ.૨૯૨.૩૫૨ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. |

**વનખાતાના કર્મચારીઓના આશ્રિતોને રહેમરાહે નોકરી**

૨૨૪૩૫ **: શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વન ખાતાના સ્વર્ગસ્થ કર્મચારીના આશ્રિતને રહેમરાહે નોકરી આપવા માટે તા.૩૧મી ડીસેમ્બર-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલી અરજીઓ મળી. | (૧) વન ખાતાના સ્વર્ગસ્થ કર્મચારીના આશ્રિતને રહેમરાહે નોકરી આપવા માટે તા.૩૧મી ડીસેમ્બર-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ૧૦૨ અરજીઓ મળી. |
| (૨) આ અરજીઓ પેકી કેટલા આશ્રિતોને નોકરી આપવામાં આવી. | (૨) આ અરજીઓ પેકી કોઈ આશ્રિતને નોકરી આપવામાં આવેલ નથી. |
| (૩) કેટલી અરજીઓ નકારવામાં આવી અને તેના શાં કારણો છે, અને | (૩) ૨૬ અરજીઓ નકારવામાં આવી. સરકારના રહેમરાહેની નીતિના નિયમો અંતર્ગત શૈક્ષણિક લાયકાત, સમયમર્યાદા અને દયનીય સ્થિતિ ન હોવાને કારણે આ અરજીઓ નકારેલ છે. |
| (૪) નકારેલ અરજીઓ પેકી કેટલી અરજીઓ આર્થિક દયનીય સ્થિતિ ન હોવાને કારણે નકારેલ છે ? | (૪) નકારેલ અરજીઓ પેકી ૧૫ અરજીઓ આર્થિક દયનીય સ્થિતિ ન હોવાને કારણે નકારેલ છે. |

**પંચમહાલ જિલ્લામાં ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં કેસો**

૨૨૩૯૭ **: શ્રી જેઠાભાઈ ભરવાડ (શહેરા) : માનનીય ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પંચમહાલ જિલ્લામાં વર્ષ ૨૦૦૯ અને ૨૦૧૦માં તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં કેટલા નવા કેસો દાખલ થયા, | (૧) વર્ષ ૨૦૦૯ -૩૪૫<br>વર્ષ ૨૦૧૦ - ૩૯૪<br>કુલ :- - ૭૩૯ |
| (૨) ઉક્ત સ્થિતિએ કુલ કેટલા કેસોનો નિકાલ કરવામાં આવ્યો, અને | (૨) વર્ષ ૨૦૦૯ના કુલ નિકાલ થયેલ ૨૫૩ કેસો પેકી ૨૦૦૯માં દાખલ થયેલ કેસો પેકીના ૧૯૪ કેસોના નિકાલ થયેલ છે તથા અન્ય વર્ષોના ૫૯ કેસોના નિકાલ થયેલ છે.<br>વર્ષ ૨૦૧૦ના કુલ નિકાલ થયેલ ૭૧૩ કેસો પેકી ૨૦૧૦માં દાખલ થયેલ કેસો પેકીના ૮૩ કેસોનો નિકાલ થયેલ છે તથા અન્ય વર્ષોના ૬૩૦ કેસોનો નિકાલ થયેલ છે.<br>આમ સદર સમયગાળામાં કુલ ૯૬૬ કેસોનો |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| | નિકાલ થયેલ છે. |
| (૩) કેટલા કેસો પડતર રહેવા પામેલ છે ? | (૩) ૬૧૨ |

--------

**ગુજરાત પંચાયત અધિનિયમ અન્વયે નિયમો ઘડવા બાબત**

૨૨૩૧૪ : **શ્રી હરીલાલ પટેલ (ધ્રાંગધ્રા)** : **માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ હેઠળ ક્યા ક્યા નિયમો તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ સરકાર દ્વારા ઘડવાના બાકી છે, | (૧) સામેલ અનુસૂચિ મુજબના નિયમો જરૂરી સુધારા વધારા સાથે નવેસરથી તૈયાર કરી ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ હેઠળ બહાર પાડવાના રહે છે. |
| (૨) આ અધિનિયમની અમલવારીના ૧૮ વર્ષના લાંબા સમય પછી આજે પણ નિયમો ઘડવાના બાકી હોવાના શા કારણો છે, અને | (૨) વહીવટી. |
| (૩) હવે કેટલા સમયમાં આવા નિયમો તૈયાર કરીને જાહેર કરવામાં આવશે ? | (૩) વહીવટી અનુકૂળતા મુજબ |

**અનુસૂચિ**

**ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ હેઠળ નવેસરથી બહાર પાડવાના થતા નિયમો**

| | |
|---|---|
| ૧ | ૧૯૬૨ના ગુજરાત પંચાયતો (ગામ, નગર અથવા મ્યુ.બરોની જાહેરાત) સંબધી ચોક્સી બાબતના નિયમો |
| ૨ | ગુજરાત પંચાયતો (જાહેર માર્ગ તથા રસ્તો બંધ કરવા કે ચાલુ નહિ રાખવા માટેની નોટીસ પ્રસિધ્ધ કરવા) બાબતના નિયમો, ૧૯૬૬ |
| ૩ | ગુજરાત ગ્રામ અને નગર પંચાયતના મંત્રીઓ (કાર્યો અને ફરજો) બાબતના નિયમો, ૧૯૬૩ |
| ૪ | ગુજરાત ગ્રામ પંચાયતના મંત્રીઓની (ભરતી, તાલીમ અને નોકરીની શરતો) નિયમો, ૧૯૭૧ |
| ૫ | ગુજરાત ગ્રામ અને નગરપંચાયતો નાણાક્યિ હિસાબ અને અંદાજપત્ર બાબતના નિયમો, ૧૯૬૩ |
| ૬ | ગુજરાત ગ્રામ અને નગર પંચાયતના કર તથા ફી બાબતના નિયમો, ૧૯૬૪ |
| ૭ | ગુજરાત ગ્રામ અને નગર પંચાયત (ચોકી પહેરા ખર્ચ) નિયમો, ૧૯૭૦ |
| ૮ | ગુજરાત જિલ્લા વિકાસ નિધિ નિયમો, ૧૯૬૪ |
| ૯ | ગુજરાત તાલુકા અને જિલ્લા પંચાયતો (ઉપાધ્યક્ષોને માનદ વેતન અને ભથ્થા) બાબતના નિયમો, ૧૯૬૬ |
| ૧૦ | ગુજરાત ગ્રામ તાલુકા અને જિલ્લા પંચાયતો નાણાકીય હિસાબો અને બજેટ બાબતના નિયમો, ૧૯૬૩ |
| ૧૧ | ગુજરાત જિલ્લા પંચાયત (શિક્ષણ સમિતિના કાર્યકારી અધ્યક્ષને માનદ વેતન અને ભથ્થા) નિયમો, ૧૯૭૦ |
| ૧૨ | ગુજરાત જિલ્લા પંચાયતો (તાબાની પંચાયતોને લોન આપવા) બાબતના નિયમો, ૧૯૬૩ |
| ૧૩ | ગુજરાત પંચાયતો (સભામાં હાજરી આપવા ટેક્નીકલ વ્યક્તિઓને ભથ્થુ આપવા) બાબતના નિયમો, ૧૯૭૧ |
| ૧૪ | કોર્ટમાં હાજર થવા વગેરે બાબત મુસાફરી ભથ્થા બાબતના નિયમો, ૧૯૬૭ |
| ૧૫ | ગુજરાત પંચાયત નિમંત્રિતને મુસાફરી ભથ્થુ આપવા બાબતના નિયમો, ૧૯૭૮ |
| ૧૬ | ગુજરાત પંચાયતમાં ફાળવેલા સેવકોની પરીક્ષા બાબતના નિયમો, ૧૯૬૫ |
| ૧૭ | ગુજરાત પંચાયત સેવા (હિન્દી પરીક્ષા) નિયમો, ૧૯૬૫ |
| ૧૮ | ગુજરાત પંચાયત સેવા (ગુજરાતી ભાષાની પરીક્ષા) નિયમો, ૧૯૬૭ |
| ૧૯ | ૧૯૬૪ના ગુજરાત પ્રાથમિક શિક્ષણ સેવા વર્ગ (પસંદગી સમિતિ રચના, અધિકારો, ફરજો) બાબતના નિયમો |
| ૨૦ | ગુજરાત પંચાયત સેવા સામાન્ય પ્રોવિડન્ટ ફંડ નિયમો, ૧૯૭૧ |
| ૨૧ | ગુજરાત પંચાયત સેવા સામાન્ય પ્રોવિડન્ટ ફંડ નિયમો, ૧૯૭૧ |
| ૨૨ | ગુજરાત પંચાયત સેવા (ક્લાર્ક, ટાઈપીસ્ટ (અંગ્રેજી અથવા ગુજરાતી)), અથવા કોમ્પ્યુટર સંબધી નોકરીની શરતો, ખાતાકીય પરીક્ષા) બાબતના નિયમો, ૧૯૮૪ |
| ૨૩ | ગુજરાત પંચાયત સેવા (સમાજ કલ્યાણ શાખા) ખાતાકીય પરીક્ષા નિયમો, ૧૯૮૪ |

--------

**દાહોદ જિલ્લામાં ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં પડતર કેસ**

૨૦૯૫૨ : **શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા (લીમખેડા)** : **માનનીય ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં તાલુકાવાર ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં કુલ કેટલા કેસો પડતર છે, અને | (૧) દાહોદ ૩૦<br>ઝાલોદ ૧૧<br>લીમખેડા ૦૮<br>લીંમડી ૦૧<br>ગરબાડા ૦૭<br>દેવગઢ બારીયા ૦૭<br>ફતેપુરા ૧૨<br>કુલઃ- ૭૬ કેસો પડતર છે. |
| (૨) આવા પડતર કેસોના નિકાલ માટે સરકારે શું આયોજન કરેલ છે ? | (૨) ગ્રાહક સુરક્ષા ધારો ૧૯૮૬ તથા તે હેઠળના નિયમો અન્વયે કેસોના સત્વરે નિકાલ માટે રાજ્ય ગ્રાહક તકરાર નિવારણ કમિશનના માર્ગદર્શન હેઠળ જે તે જિલ્લા ફોરમ દ્વારા<br>(૧) કેસોની સુનાવણીની મુદ્તો નજીકની રાખવામાં |

આવે છે.

(૨) પક્ષકારો/વકીલો દર મુદ્દતે હાજર રહે તેવો આગ્રહ રાખવામાં આવે છે.

(૩) અનિવાર્ય સંજોગો સિવાય પક્ષકારોને વધુ મુદ્દતો આપવાનો ઈન્કાર કરવામાં આવે છે.

### આણંદ જિલ્લામાં નાગરિક પુરવઠાના ગોડાઉનો

૨૧૯૭૦ **: શ્રી લાલસિંહ વડોદિયા (ઉમરેઠ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આણંદ જિલ્લામાં તા. ૩૧/૧૨/૨૦૧૦ની સ્થિતિએ નાગરિક પુરવઠાના ગોડાઉનો ક્યાં ક્યાં આવેલા છે,

(૨) આણંદ જિલ્લાના દરેક તાલુકા મથકે ગોડાઉનની વ્યવસ્થા કરવા સરકાર માગે છે, અને

(૩) જો હા, તો કેટલા સમયમાં?

**જવાબ**

(૧) ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લી. હસ્તક નીચે મુજબ ગોડાઉનો છે.

(૧) આણંદ શહેર
(૨) બોરસદ
(૩) આંકલાવ
(૪) પેટલાદ
(૫) ખંભાત

(૨) હા, જી.

(૩) આણંદ જિલ્લાના બાકી રહેતા ત્રણ તાલુકા ઉમરેઠ, સોજીત્રા અને તારાપુર ખાતે જમીન મેળવવાની કાર્યવાહી ચાલુ છે જમીન ફાળવણી બાદ નિયમોનુસારની કાર્યપધ્ધતિ અનુસર્યા બાદ

### જાંબુઘોડા તાલુકાના રીઝર્વ ફોરેસ્ટ નોર્મલ વિસ્તારમાં રિસોર્ટ

૨૨૪૩૦ **: ડૉ. અનિલ જોષીયારા. (ભીલોડા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૧/૨૦૧૧ની સ્થિતિએ પંચમહાલ જિલ્લાના જાંબુઘોડા તાલુકાના રીઝર્વ ફોરેસ્ટ નોર્મલ વિસ્તારમાં ૫ કિ.મી. એરીયાની અંદર કેટલા રિસોર્ટ ચાલે છે,

(૨) આની મંજૂરી કોણે આપી છે,

(૩) એના કારણો શા છે, અને

(૪) રીઝર્વ ફોરેસ્ટ એરીયામાં રિસોર્ટ બનાવવાની મંજૂરી આપી શકાય છે કે કેમ?

**જવાબ**

(૧) જાંબુઘોડા અભયારણ્યમાં કે રીઝર્વ ફોરેસ્ટ વિસ્તારમાં કોઈ રિસોર્ટ ચાલતો નથી. જાંબુઘોડા અભયારણ્યની સરહદથી પાંચ કિ.મી. વિસ્તારમાં બે રિસોર્ટ ચાલે છે.

(૨) આની મંજૂરી સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ/પ્રાંત ગોધરા ધ્વારા આપવામાં આવેલ છે.

(૩) જાંબુઘોડા અભયારણ્ય વિસ્તારમાં આવતા પ્રવાસીઓની સુવિધા માટે આ રિસોર્ટની મંજૂરી આપેલ છે.

(૪) ના, જી.

### સાવલી તાલુકામાં અંત્યોદય યોજના

૨૧૬૪૭ **: શ્રી ખુમાનસિંહ ચૌહાણ (સાવલી) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લાના સાવલી તાલુકામાં કેટલા કુંટુબોને તા. ૩૧/૧/૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અંત્યોદય યોજના અંતર્ગત આવરી લેવામાં આવ્યા, અને

(૨) આ યોજના અંતર્ગત નવા કાર્ડ મેળવવા માટેની કેટલી અરજીઓ ઉક્ત સ્થિતિએ મળી છે?

**જવાબ**

(૧) તા.૩૧/૧/૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અંત્યોદય યોજના અંતર્ગત કોઈ કાર્ડ ઈસ્યુ કરવામાં આવેલ નથી. પરંતુ તા.૩૧/૧/૨૦૧૧ની સ્થિતિએ સાવલી તાલુકામાં ૪૩૨૭ અંત્યોદય કાર્ડ છે

(૨) આ યોજના અંતર્ગત નવા કાર્ડ મેળવવા કોઈ અરજી મળેલ નથી.

## કચ્છ જિલ્લામાં બી.પી.એલ. અને એ.પી.એલ. કાર્ડ ધારકોની સંખ્યા

૨૧૮૫૧ **: શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી (અબડાસા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર કુલ કેટલા બી.પી.એલ. કાર્ડ કાઢવામાં આવ્યા,

(૨) તાલુકામાં કુલ બી.પી.એલ. કાર્ડ ધારકોની સંખ્યા કેટલી છે, અને

(૩) એ.પી.એલ. કાર્ડ ધારકોની સંખ્યા કેટલી છે?

**જવાબ**

(૧) કચ્છ જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર નીચે મુજબ બી.પી.એલ. કાર્ડ કાઢવામાં આવ્યા

(૨)

| અ.નં. | તાલુકાનું નામ | કાઢવામાં આવેલ બી.પી.એલ. કાર્ડ |
|---|---|---|
| ૧ | ભૂજ | ૦ |
| ૨ | માંડવી | ૨ |
| ૩ | મુન્દ્રા | ૦ |
| ૪ | અંજાર | ૩ |
| ૫ | ગાંધીધામ | ૧ |
| ૬ | ભચાઉ | ૦ |
| ૭ | રાપર | ૩૩ |
| ૮ | નખત્રાણા | ૦ |
| ૯ | અબડાસા | ૦ |
| ૧૦ | લખપત | ૦ |
| | કુલ :- | ૩૯ |

(૨) કચ્છ જિલ્લામાં કુલ બી.પી.એલ. કાર્ડ ધારકોની સંખ્યા ૧,૩૫,૬૮૯ છે. જેની તાલુકાવાર વિગત નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકાનું નામ | બી.પી.એલ. કાર્ડ ધારકોની સંખ્યા |
|---|---|---|
| ૧ | ભૂજ | ૪૦૨૪૫ |
| ૨ | માંડવી | ૧૩૮૩૫ |
| ૩ | મુન્દ્રા | ૪૫૩૦ |
| ૪ | અંજાર | ૯૪૦૨ |
| ૫ | ગાંધીધામ | ૧૫૫૧૧ |
| ૬ | ભચાઉ | ૯૮૪૬ |
| ૭ | રાપર | ૧૬૮૨૧ |
| ૮ | નખત્રાણા | ૧૫૩૫૨ |
| ૯ | અબડાસા | ૮૪૫૯ |
| ૧૦ | લખપત | ૧૬૮૮ |
| | કુલ :- | **૧૩૫૬૮૯** |

(૩) એ.પી.એલ. કાર્ડ ધારકોની તાલુકાવાર સંખ્યા નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકાનું નામ | એ.પી.એલ. કાર્ડ ધારકોની સંખ્યા |
|---|---|---|
| ૧ | ભૂજ | ૬૪૯૩૪ |
| ૨ | માંડવી | ૨૮૦૧૧ |
| ૩ | મુન્દ્રા | ૨૧૬૮૯ |
| ૪ | અંજાર | ૪૧૧૩૫ |
| ૫ | ગાંધીધામ | ૫૭૮૭૧ |
| ૬ | ભચાઉ | ૨૫૮૨૫ |
| ૭ | રાપર | ૧૯૪૭૧ |
| ૮ | નખત્રાણા | ૧૭૨૮૭ |
| ૯ | અબડાસા | ૧૭૬૯૩ |
| ૧૦ | લખપત | ૧૩૯૭૦ |
| | કુલ :- | **૩૦૭૮૮૬** |

--------

## મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજનામાં જિલ્લા ઓમબડ્ઝ મેન નિમવાની સૂચનાઓ

૨૨૦૬૦ **: શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા (પોરબંદર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૧/૨૦૧૧ની સ્થિતિએ મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના હેઠળ દરેક જિલ્લામાં ઓમબડ્ઝ મેન નિમવાની સૂચનાઓ છે કે કેમ,

(૨) જો હા, તો આ સૂચનાઓ ક્યારે આપવામાં

**જવાબ**

(૧) હા, જી.

(૨) તા. ૭-૯-૨૦૦૯ના ભારત સરકારશ્રીના

આવી,

(૩) આ ઓમબડઝ઼ મેનની કામગીરી શી હોય છે,

પત્રથી આ સૂચનાઓ રાજ્યોને આપવામાં આવેલ છે.

(૩) ઓમ્બ્યુડઝમેનની કામગીરી મુખ્યત્વે નીચે મુજબ હોય છે.

- જિલ્લાની એમજીએનઆરઇજીએ અંતર્ગત તમામ ફરીયાદો સ્વીકારવી.
- ફરીયાદ સંદર્ભમાં જરૂર જણાય તો સ્થળ મુલાકાત લેવી.
- ફરીયાદ નિવારણ માટે યોગ્ય પગલાં લેવાના સૂચનો આપવા.
- ફરીયાદ અંગે જવાબદાર સામે જરૂરી જણાય તો એફ.આઈ.આર. નોંધાવવી.
- તટસ્થ રીતે ફરીયાદ સંદર્ભમાં આદેશ જારી કરવા.
- રાજ્ય પસંદગી સમિતિને જિલ્લાની ફરીયાદ સંદર્ભે માસિક અહેવાલ મોકલવો.
- રાજ્ય પસંદગી સમિતિને જિલ્લાની ફરીયાદ સંદર્ભે વાર્ષિક અહેવાલ મોકલવો.
- એમજીએનઆરઇજીએના કર્મચારીઓની કાર્યપધ્ધતિ વિષે સમીક્ષા આપવી.
- એમજીએનઆરઇજીએના વધારે અસરકારક અમલીકરણ માટે ભલામણો કરવી.

(૪) રાજ્યમાં કેટલા જિલ્લામાં ઓમબડઝ઼ મેનની નિમણૂક કરવામાં આવી છે કેટલા જિલ્લાઓમાં બાકી છે, અને

(૫) આવી નિમણૂકો ન કરવામાં આવી હોય તો તેના કારણો શાં છે?

(૪) ૧૯ જિલ્લામાં ઓમ્બ્યુડઝમેનની નિમણૂકના હુકમો કરવામાં આવેલ છે, ૭ જિલ્લામાં નિમણુંકો કરવાની બાકી છે,

(૫) ૩ જિલ્લાઓમાં કોઈ ઉમેદવારો દ્વારા અરજી ન કરવામાં આવતા તથા ૪ જિલ્લાઓમાં ભારત સરકારશ્રીની પસંદગીના ધોરણો મુજબ યોગ્ય ઉમેદવાર પ્રાપ્ત થયેલ ન હોવાથી નિમણૂકો થઈ શકેલ નથી.

--------

**પંચાયત ફાયનાન્સ બોર્ડની રચના**

**૫૮/page>** ૨૧૯૫૪ **: શ્રી ડૉ. કનુભાઈ કલસરીયા (મહુવા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગ્રામ પંચાયતોને જરૂરી નાણાંકીય લોન/સહાય મળી રહે તે હેતુસર રાજ્ય સરકારે પંચાયત ફાયનાન્સ બોર્ડની રચના કરવાનું વિચારેલ છે, તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો તા. ૩૧/૧/૨૦૧૧ની સ્થિતિએ કાર્યવાહી ક્યા તબક્કે છે, અને

(૩) ક્યારે પૂર્ણ કરી અમલમાં લાવવાનું આયોજન છે?

**જવાબ**

(૧) રચના કરવામાં આવેલ છે.

(૨) અને (૩) ઉપર-૧ સામેનો જવાબ જોતાં પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**બપોરના ૧૨.૦૮ વાગ્યે ગૃહની બેઠક એક વાગ્યા સુધી મુલતવી રહી.**

**મુલતવી રહેલ સભાગૃહની બેઠક બપોરના ૧-૦૦ વાગ્યે મળી.**

**અધ્યક્ષશ્રી** **અધ્યક્ષસ્થાને**

# સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

**સચિવશ્રી :** માનનીય અધ્યક્ષશ્રી, હું બારમી ગુજરાત વિધાનસભાના ચાલુ સત્રમાં વિધાનસભાએ પસાર કરેલાં અને જેને રાજલપાલશ્રીની અનુમતિ મળી છે તેવાં સન ૨૦૧૧ના વિધેયક ક્રમાંક: ૪ અને ૧૩ વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉ છું.

અનુમતિ મળેલાં વિધેયકો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.

# વિધાનસભાની સમિતિઓના અહેવાલની રજૂઆત

**અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટેની સમિતિનો અહેવાલ**

**શ્રી કાન્તિલાલ રા. લકુમ ( સમિતિના પ્રમુખશ્રી ):** માનનીય અધ્યક્ષશ્રી, હું અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટેની સમિતિનો આઠમો અહેવાલ રજૂ કરું છું.

**અહેવાલ રજૂ કરવામાં આવ્યો.**

**બિન સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિનો અહેવાલ**

**શ્રી નારાયણભાઈ લ. પટેલ (સમિતિના પ્રમુખશ્રી ) :** માનનીય અધ્યક્ષશ્રી, હું બિન સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિનો સોળમો અહેવાલ રજૂ કરું છું.

**અહેવાલ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી નારાયણભાઈ લ. પટેલ (સમિતિના પ્રમુખશ્રી ) :** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે બિન સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના સોળમા અહેવાલ સાથે આ સભાગૃહ સંમત થાય.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

# માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ)

**કૃષિ અને સહકાર વિભાગ**

**માગણી ક્રમાંક-૨**

**શ્રી દિલીપ સંઘાણી ( કૃષિ અને સહકારમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું કૃષિ સેવાને લગતી કૃષિ અને સહકાર વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂા. ૧૨,૯૫,૫૭,૦૦,૦૦૦/- અને મૂડી ખર્ચ માટેની રૂા. ૧,૬૪,૮૭,૭૫,૦૦૦/- ની માગણી ક્રમાંક: ૨ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક: ૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી હરીલાલ મો. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી ગ્યાસુદીન હ. શેખ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી અમિતકુમાર અ. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી પ્રભુભાઈ ના. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી મોહનસિંહ છો. રાઠવા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી ધીરૂભાઈ ચુ. ભીલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી રાઘવજીભાઈ હં. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી ભગવાનભાઈ ધા. બારડ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી વજેસિંગભાઈ પા. પણદા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૯ રજૂ કરવામાં આવી.**

**શ્રી ધીરસિંહ કરશનભાઈ બારડ** :માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક:૧૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૦ રજૂ કરવામાં આવી.**

**માગણી ક્રમાંક-૩**

**શ્રી દિલીપ સંઘાણી ( કૃષિ અને સહકારમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું નાની સિંચાઈ, ભૂમિ સંરક્ષણ અને વિસ્તાર વિકાસ સેવાને લગતી કૃષિ અને સહકાર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂા. ૬૦,૫૯,૭૧,૦૦૦/- અને મૂડી ખર્ચ માટે રૂા. ૧,૮૫,૨૫,૭૦,૦૦૦/-ની માગણી ક્રમાંકઃ ૩ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક : ૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી નટવરસિંહ ફુ. ઠાકોર :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી કિરણકુમાર એલ. મકવાણા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી ઈશ્વરભાઈ ન. વહીઆ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૩ રજૂ કરવામાં આવી.**

**માગણી ક્રમાંક-૪**

**શ્રી દિલીપ સંઘાણી ( કૃષિ અને સહકારમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું પશુપાલન અને ડેરી વિકાસને લગતી સેવા અંગેની કૃષિ અને સહકાર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂા. ૨,૬૬,૪૭,૪૩,૦૦૦/-ની માગણી ક્રમાંક : ૪ રજૂ કરું છું.

**માગણી ક્રમાંકઃ ૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી અમરસિંહ રા. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી શૈલેષ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી જોધાજી ગુ. ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૭ રજૂ કરવામાં આવી.**

**માગણી ક્રમાંકઃ ૫**

**શ્રી દિલીપ સંઘાણી ( કૃષિ અને સહકારમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું સહકાર સેવાને લગતી કૃષિ અને સહકાર વિભાગની મહેસૂલ ખર્ચ માટેની રૂા. ૧,૫૮,૬૫,૬૧,૦૦૦/- અને મૂડી ખર્ચ માટેની રૂા. ૧૮,૦૭,૫૧,૦૦૦/-ની માગણી ક્રમાંકઃ ૫ રજૂ કરું છું.

**માગણી ક્રમાંકઃ ૫ રજૂ કરવામાં આવી.**

**ડૉ. અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી પુનાભાઈ ઢે. ગામીત** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૯ રજૂ કરવામાં આવી.**

**શ્રી શૈલેષ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૦ રજૂ કરવામાં આવી.**

**શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી બચુભાઈ ના. કિશોરી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી રામસિંહ પ્ર. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૪ રજૂ કરવામાં આવી.**

**માગણી ક્રમાંકઃ ૬**

**શ્રી દિલીપ સંઘાણી ( મત્સ્યોદ્યોગમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું મત્સ્યોદ્યોગ સેવાને લગતી કૃષિ અને સહકાર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂા. ૪૬,૪૧,૨૨,૦૦૦/- તથા મૂડી ખર્ચ માટેની રૂા. ૧૮,૩૧,૨૦,૦૦૦/-ની માગણી ક્રમાંકઃ ૬ રજૂ કરું છું.

**માગણી ક્રમાંકઃ ૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી હીરાભાઈ હ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી ઈકબાલ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી ભગવાનભાઈ ધા. બારડ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૭ રજૂ કરવામાં આવી.**

**કાયદા વિભાગ**

**માગણી ક્રમાંક: ૬૦**

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (રાજય કક્ષાના કાયદો અને ન્યાયતંત્રમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ન્યાયતંત્રનો વહીવટ સેવાને લગતી કાયદા વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂા. ૫,૩૮,૨૮,૬૮,૦૦૦/-ની માગણી ક્રમાંક: ૬૦ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક: ૬૦ રજૂ કરવામાં આવી.**

**શ્રી છનાભાઈ કા. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી સી.કે. રાઉલજી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૩૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૩૦ રજૂ કરવામાં આવી.**

**શ્રી લાલસિંહ ઉ. વડોદીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૩૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૩૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી પરેશભાઈ ગો. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૩૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૩૨ રજૂ કરવામાં આવી.**

**સન ૨૦૧૧-૨૦૧૨ના વર્ષના અનુદાનો માટેની માગણીઓમાંની બુધવાર, તા ૨૩-૩-૨૦૧૧ (દસમા દિવસ)ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી.**

| અ.નં. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રુા. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | કૃષિ અને સહકાર વિભાગ<br>માગણી નં. ૨ | | |
| ૧. | ૨૪૦૧-પાક........વ્યવસ્થા<br>૦૦૧-નિદેશ અને વહીવટ<br>રૂા. ૫૦,૮૭,૦૯,૦૦૦<br>અં.પ્ર.નં.૩ પા.નં. ૧૨ થી ૧૮ | ૧૦૦ | કૃષિ પાકોના પોષણક્ષમ ભાવો નકકી કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી હરીલાલ પટેલ |
| ૨. | --"-- | ૧૦૦ | કૃષિ નિયામકની કચેરીના કથળેલા વહીવટને સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ગ્યાસુદ્દીનભાઈ શેખ |
| ૩. | --"-- | ૧૦૦ | કૃષિ પાકના સાચા અંદાજો રજૂ કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી અમિતકુમાર ચાવડા |
| ૪. | --"-- | ૧૦૦ | ભારે વરસાદ, પૂર, માવઠાથી થયેલા કૃષિ પાકોના નુકશાન અંગે સર્વે કરી ખેડૂતોને સમયસર આર્થિક સહાય આપવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પ્રભુભાઈ વસાવા |
| ૫. | --"-- | ૧૦૦ | ખર્ચાળ કૃષિ મેળાઓ યોજવા છતાં કિસાનોની હાલત સુધારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મોહનસિંહ રાઠવા |
| ૬. | --"-- | ૧૦૦ | કૃષિ વિષયક સવલતોના અભાવે ખેતી થઈ શકતી ન હોય તેવા ગામડાંઓમાં કૃષિરથ ફેરવી ખેડુતોની મુશ્કેલીઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ધીરુભાઈ ભીલ |
| ૭. | --"-- | ૧૦૦ | કૃષિ મહોત્સવમાં ખાનગી કંપનીઓના બિયારણની ઉંચા ભાવે ખરીદીમાં થતી ગેરરીતિઓની તપાસ કરાવી જવાબદારો સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રાઘવજીભાઈ પટેલ |
| ૮. | --"-- | ૧૦૦ | કૃષિ મેળાઓમાં અપાતી કિટસનું વિતરણ કરવામાં આચરવામાં આવતી ભેદભાવભરી નીતિ નિવારવામા તંત્રની નિષ્ફળતા | શ્રી ભગવાનભાઈ બારડ |
| ૯. | --"-- | ૧૦૦ | કૃષિ નિયામકની કચેરી હસ્તકની | શ્રી વજેસિંગભાઈ |

| | | | | |
|---|---|---|---|---|
| | | | જિલ્લા / તાલુકાની કચેરીઓ દવારા કૃષિ મેળાઓ યોજવામાં થતો નાણાંનો વ્યય અટકાવવામાં અને કિસાનોને પૂરતી સહાય આપવામા તંત્રની નિષ્ફળતા | પણદા |
| ૧૦. | ૨૪૦૧-પાક......વ્યવસ્થા<br>૧૦૫-ખાતર..... ખાતર<br>રૂા.૫૧,૪૫,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૩ પા.નં.૨૭ થી ૩૪ | ૧૦૦ | ગ્રામ્ય વિસ્તારોમાં રસાયણિક ખાતરોનું વેચાણ અને વિતરણ ખેડૂતોને સરળતાથી મળી રહે તેવી વ્યવસ્થા ગોઠવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ધીરસિંહભાઈ બારડ |
| | | **માગણી નં. ૩** | | |
| ૧૧. | ૨૪૦૨-ભૂમિ.......સંરક્ષણ<br>૧૦૧-ભૂમિ......ચકાસણી<br>રૂા.૧,૧૮,૭૫,૦૦૦<br>અં.પ્ર.નં.૩<br>પા.નં.૮૪ થી ૮૫ | ૧૦૦ | ભૂમિ સંરક્ષણ અને મોજણીતંત્રની શિથિલ કામગીરીને સુદ્રઢ કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી નટવરસિંહ ઠાકોર |
| ૧૨. | ૨૪૦૨-ભૂમિ.......સંરક્ષણ<br>૧૦૨-ભૂમિ સંરક્ષણ<br>રૂા.૫૫,૯૫,૩૬,૦૦૦<br>અં.પ્ર.નં.૩ પા.નં. ૮૬ થી ૯૧ | ૧૦૦ | વધુ ખેત તલાવડીઓ બનાવવા માટે જરૂરી પ્રોત્સાહનો આપવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કિરણકુમાર મકવાણા |
| ૧૩. | --"-- | ૧૦૦ | કૃષિ વિષયક પાકો લેવા માટે વરસાદી પાણીનો સંગ્રહ કરી શકાય તેવું આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ઈશ્વરભાઈ વહીઆ |
| | | **માગણી નં. ૪** | | |
| ૧૪. | ૨૪૦૩-પશુપાલન<br>૦૦૧-નિદેશ અને વહીવટ<br>રૂા.૧૩,૮૧,૬૮,૦૦૦<br>અં.પ્ર.નં. ૩ પા.નં. ૯૪ થી ૯૬ | ૧૦૦ | પશુ આહાર માટેના મીનરલ મીક્ષ્ચરની ખરીદીમાં થતી ગેરરીતિઓ માટે જવાબદારો સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અમરસિંહભાઈ વસાવા |
| ૧૫.* | --"-- | ૧૦૦ | પશુ દવાખાનાઓમાં પુરતા મહેકમના અભાવે પશુપાલકોને પશુ સારવારમાં પડતી હાડમારી નિવારવા અને વહીવટ સંગીન કરવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૧૬. | --"-- | ૧૦૦ | રાજયમાં પશુ મેળા યોજવા પાછળ થતા ખર્ચના કારણે કર્મચારીઓનો પગાર નિયમિત રીતે કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી શૈલેષ પરમાર |
| ૧૭. | ૨૪૦૩- પશુપાલન<br>૧૦૧-પશુચિકિત્સા....આરોગ્ય<br>રૂા.૧,૦૭,૭૩,૩૯,૦૦૦<br>અં.પ્ર.નં.૩ પા.નં.૯૭ થી ૧૧૩ | ૧૦૦ | પશુઓની ઈતરડીથી ફેલાતા વાયરસને લીધે પશુઓ / માનવીના સ્વાસ્થ્યને થતી ગંભીર અસરો નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી જોધાજી ઠાકોર |
| | | **માગણી નં. ૫** | | |
| ૧૮. | ૨૪૨૫-સહકાર<br>૦૦૧- નિદેશ અને વહીવટ<br>રૂા.૩૯,૭૫,૩૧,૦૦૦<br>અં.પ્ર.નં.૩ પા.નં. ૧૯૩ થી ૨૦૧ | ૧૦૦ | ગેરકાયદેસર અને ઉંચા દરે વ્યાજે નાણાં ફેરવતા ઈસમો સામે સખ્તાઈથી પગલાં લઈ ગરીબ લોકોને લૂંટાતા બચાવવામાં તંત્રની નિષ્ફળતા | ડૉ. અનિલભાઈ જોષીયારા |
| ૧૯. | --"-- | ૧૦૦ | જિલ્લા કક્ષાની કચેરીઓની ઓડિટ કામગીરીને સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પુનાભાઈ ગામીત |
| ૨૦. | --"-- | ૧૦૦ | ગેરરીતિઓ અને સરકારી હસ્તક્ષેપના કારણે સહકારી પ્રવૃત્તિઓનો વિકાસ રૂંધાતો નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી શૈલેષ પરમાર |
| ૨૧. | --"-- | ૧૦૦ | સહકારી મંડળીઓના રજીસ્ટ્રારની કચેરીમાં રાજકીય દબાણ અને દખલગીરીઓ દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રાજેન્દ્રસિંહ પરમાર |
| ૨૨. | --"-- | ૧૦૦ | સહકારી બેંકોમાં થયેલા કરોડો | શ્રી બચુભાઈ કિશોરી |

| | | | | |
|---|---|---|---|---|
| | | | રૂપિયાના ગોટાળાનુ પગેરૂ શોધવામાં અને પ્રજાના ફસાયેલા રૂપિયા પરત ચૂકવવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૨૩.* | --"-- | ૧૦૦ | નબળી સહકારી બેંકોને ફડચામાં જતી અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૨૪. | ૨૪૨૫-સહકાર<br>૧૦૧-સહકારી....ઓડીટ<br>રૂા.૪૪,૦૫,૯૭,૦૦૦<br>અં.પ્ર.નં.૩ પા.નં.૨૦૩ થી ૨૦૭ | ૧૦૦ | સહકારી મંડળીઓના હિસાબનું ઓડીટ સરકાર દવારા નિયુકત સી.એ.ની પેનલો દવારા કરાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રામસિંહ પરમાર |
| | | **માગણી નં. ૬** | | |
| ૨૫. | ૨૪૦૫-મત્સ્યોદ્યોગ<br>૦૦૧- નિદેશ અને વહીવટ<br>રૂા.૧૦,૯૬,૩૩,૦૦૦<br>અં.પ્ર.નં.૩ પા.નં.૧૬૦-૧૬૧ | ૧૦૦ | માછીમારો અને મત્સ્યોદ્યોગને લગતા પ્રશ્નોનું નિરાકરણ લાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી હીરાભાઈ પટેલ |
| ૨૬. | --"-- | ૧૦૦ | વિદેશી માછીમારો દવારા રાજયના દરિયાકાંઠામાં કરાતી મત્સ્યોદ્યોગ પ્રવૃદ્ધિ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ઈકબાલ પટેલ |
| ૨૭. | --"-- | ૧૦૦ | પાકિસ્તાની કોસ્ટ ગાર્ડ દવારા પકડાયેલા રાજયના માછીમારોના પરિવારોને સત્વરે આર્થિક સહાય ચૂકવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ભગવાનભાઈ બારડ |
| | | **કાયદા વિભાગ**<br>**માગણી નં. ૬૦** | | |
| ૨૮. | ૨૦૧૪- ન્યાયતંત્રનો વહીવટ<br>૧૦૫- સિવિલ .........કોર્ટ<br>રૂા. ૪,૫૦,૦૧,૪૨,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૬ પા.નં.૧૪ થી ૨૩ | ૧૦૦ | પ્રજાને ઝડપી ન્યાય મળે તેવુ સંગીન આયોજન કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી છનાભાઈ ચૌધરી |
| ૨૯.* | --"-- | ૧૦૦ | કેસોનો ઝડપી નિકાલ લાવવા કોર્ટમાં વારંવાર પડતી મુદતો અટકાવવામાં તંત્ર ની ઉદાસીનતા | |
| ૩૦. | --"-- | ૧૦૦ | કેસોનુ ભારણ ઘટાડવા માટે અદાલતોમાં જજોની ભરતી સમયસર કરવામાં તંત્રની ઉદાનસીનતા | શ્રી સી. કે. રાઉલજી |
| ૩૧. | --"-- | ૧૦૦ | જિલ્લા કોર્ટોમાં પ્રજાને પૂરતી સવલતો આપવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી લાલસિંહ વડોદીયા |
| ૩૨. | ૨૦૧૪- ન્યાયતંત્રનો વહીવટ<br>૧૧૪ કાનુની.... ધારાશાસ્ત્રીઓ<br>રૂા. ૫૨,૬૫,૪૯,૦૦૦<br>અં.પ્ર. નં. ૧૬ પા.નં. ૩૦ થી ૩૨ | ૧૦૦ | કાનુની સલાહકારો અને ધારાશાસ્ત્રીઓ ધ્વારા અસરકારક રજૂઆતો ન થવાને કારણે ચૂકાદાઓ ઉપર પડતી વિપરીત અસરો નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી પરેશ વસાવા |

*** આ કાપ દરખાસ્તો સભાગૃમાં રજૂ થઈ શકી નહીં.**

**અધ્યક્ષશ્રી:** હવે માગણીઓ અને કાપદરખાસ્તો પર ભેગી ચર્ચા કરવામાં આવશે.

**શ્રી સિધ્ધાર્થ ચી. પટેલ (ડભોઈ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી એમના વિભાગની માગણી ક્રમાંક: ૨, ૩, ૪, ૫, ૬, અને ૬૦ લઈને આ સભાગૃહ સમક્ષ આવ્યા છે ત્યારે એ સંદર્ભમાં મારા વિચારો રજૂ કરવાની રજા લઉં છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં આપણે ગમે એટલા મોટા ઔદ્યોગિક વિકાસની વાતો કરતા હોઈએ પણ હજી પણ એ વાસ્તવિકતા છે કે આપણું અર્થતંત્ર મહદ્અંશે કૃષિ આધારિત છે. જ્યારે કૃષિ આધારિત અર્થતંત્ર હોય ત્યારે કૃષિનો વિકાસ, ખેડૂતોની માવજત એ આપણા માટે એક મહત્ત્વનો મુદ્દો રહેવો જોઈએ. જે નીતિ ઉપર ચાલવામાં આવી રહ્યું છે એમાં સ્પષ્ટ દેખાય છે કે ઉદ્યોગો પાછળની જે આંધળી દોટ સરકારે મૂકી છે એ આંધળી દોટમાં કૃષિ અને ખેતીની આ સરકાર દ્વારા સદંતર ઉપેક્ષા કરવામાં આવી રહી છે. રાજ્ય સરકારની નીતિઓ અને એના દ્વારા વખતોવખત લેવામાં આવતા નિર્ણયો બહુ સ્પષ્ટ કરે છે. મારે બહુ ગંભીરતાપૂર્વક કેટલીક બાબતો આ સભાગૃહના ધ્યાન ઉપર મૂકવી છે. અનાજ પેદા કરવાની વાત છે. લોકોને બે ટંક પુરતું અનાજ સમગ્ર રાજ્યમાં મળી

રહે એની આપણે ચિંતા કરવાની વાત છે અને ત્યારે માનનીય મંત્રીશ્રી આ વર્ષનું બજૅટ લઈને આવ્યા છે એ બજૅટની એક વાત ઉપર હું આ સભાગૃહનું ધ્યાન દોરવા માગુ છું. અનાજના પાક માટે આપણે ખૂબ ચિંતા કરીએ છીએ, ગત વર્ષ સુધી અનાજના પાકના વિકાસ માટે જે બજૅટ આ રાજ્ય સરકાર દ્વારા ફાળવવામાં આવતું હતું એ આ વખતે ૯૭% નો ઘટાડો કરી દીધો અને માત્ર ૩% બજૅટ ફાળવવામાં આવ્યું. ૫ કરોડ ૧૯ લાખ રૂપિયાનું બજૅટ ફળવાયું અને આ વર્ષે અનાજના પાક માટે માત્ર ૧૬ લાખ રૂપિયા, માનનીય અધ્યક્ષશ્રી, આપણે કઈ દિશામાં જઈ રહ્યા છીએ? મારે એની સાથે બીજી વાત મૂકવી છે કે આ રાજ્યમાં અનાજના વાવેતર માટે જે જમીનમાં વાવેતર થતું હતું એ જમીનમાં ઉત્તરોત્તર ઘટાડો થતો જાય છે. ૨૦૦૭-૦૮માં ઘઉં ૧૨.૭૪ લાખ હેકટરમાં વવાયા. ૨૦૦૯-૧૦માં એ આંકડો ઘટીને ૮.૭૭ લાખ હેકટર થઈ ગયો. ચોખા ૨૦૦૭-૦૮માં ૭.૫૯ લાખ હેકટરમાં વવાયા, ૨૦૦૯-૧૦માં એ આંકડો ઘટીને ૬.૮૦ લાખ હેકટર થઈ ગયો અને સાહેબ કુલ અનાજ ૪૪ લાખ હેકટરમાં વવાતું હતું એને બદલે ગયા વર્ષે માત્ર ૩૫.૯૬ લાખ હેકટરમાં જ અનાજનું વાવેતર થયું અને એનું પરિણામ શું આવ્યું? એનું પરિણામ એ આવ્યું કે અનાજનું ઉત્પાદન આ રાજ્યમાં ઉત્તરોત્તર ઘટતું જાય છે. માનનીય અધ્યક્ષશ્રી, હું છેલ્લા ૩ વર્ષના આંકડા આપું તો ૨૦૦૭-૦૮માં અનાજનું કુલ ઉત્પાદન ૮૨.૬ મૅટ્રિક ટનથી ઘટીને ૨૦૦૯-૧૦માં ૫૬.૦૫ લાખ મૅટ્રિક ટન સુધી આવીને ઊભું રહ્યું. તેલીબિયાંનું ઉત્પાદન ૩ વર્ષમાં ૪૬.૯૯ લાખ મૅટ્રિક ટનથી ઘટીને ૩૦.૧૦ લાખ મૅટ્રિક ટન આવીને ઊભું રહ્યું. માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા ૩ વર્ષની વાત કરીએ તો આ રાજ્યના અનાજ અને તેલીબિયાંના ઉત્પાદનમાં લગભગ ૩૮ થી ૪૦% જેટલો ઘટાડો થયો છે. માત્ર કપાસ એકજ એવી વાત છે કે જેમાં માર્જિનલ વધારો થયો, બાકી તમામે તમામ ઘઉં, ચોખા, જુવાર, બાજરી, તેલીબિયાં, મગફળી તમામે તમામ ઉત્પાદનમાં ઘટાડો થયો અને આ સરકારને એની ચિંતા નથી રહી. રાજ્યનું અનાજનું કુલ ઉત્પાદન ૨૦૦૪-૦૫ના સ્થિર ભાવે જો જોઈએ તો ૨૦૦૫-૦૬માં ૩૩,૦૦,૯૮૨ ટન ઉત્પાદન હતું એ ઘટીને ૨૦૦૯-૧૦માં વધવાને બદલે આપણે ૯.૬% કૃષિ દરના વિકાસ દરની વાત કરીએ છીએ ત્યારે એ ઉત્પાદન વધવાને બદલે ૩૩૬૭૦ મૅટ્રિક ટન થયું અને એ ઉત્પાદન ઘટયું. ઉત્તરોત્તર અનાજ અને પલ્સીસનું ઉત્પાદન રાજ્યમાં ઘટતું જાય છે. કેટલી મોટી ચિંતાનો વિષય છે એને એપ્રિસિએટ કરવાની જરૂર છે. ૧૯૮૦-૮૧માં ગુજરાતની વસ્તી ૩.૪ કરોડ હતી અને તે વખતે માથાદીઠ અનાજનું ઉત્પાદન ૧૪૫ કિલો થતું હતું અને આજે ૨૦-૩૦ વર્ષ પછી આટલો બધો વિકાસ ગુજરાતે કર્યો એવા દાવાઓ પછી ૯.૬% કૃષિ દરનો વિકાસ દર હાંસલ કરવાનો કલેઈમ કર્યા પછી ૨૦૦૯-૧૦ની અંદર માથાદીઠ અનાજનું ઉત્પાદન ૧૪૫ કિલોથી ઘટી માત્ર ૯૩ કિલો રહ્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, કૃષિના ભાવ ખેડૂતને મળે એની ચિંતા આપણા સૌની હોય છે અને વરસાદ પડે તો વરસાદ પણ અમારા કારણે પડ્યો એવો જશ લેવાનો પ્રયત્ન કરનાર આ સરકારના શાસનમાં ખેડૂતોને જો આજે ભાવો મળતા હોય તો એક વાત સ્વીકારીને ચાલવી પડશે કે આજે ખેડૂતોને પોષણક્ષમ ભાવો માત્ર ને માત્ર કેન્દ્ર સરકારની નીતિના કારણે મળી રહ્યા છે અને આ રાજય સરકારે શું કર્યુ ? પહેલાંની સરકાર ટેકાના ભાવે કપાસની ખરીદી કરતી હતી. આ સરકારે ટેકાના ભાવે કપાસની ખરીદી બંધ કરી એટલું જ નહીં જ્યારે કેન્દ્ર સરકાર એમ કહે કે, તમારા રાજયના ખેડૂતોને મદદ કરવા માટે ૨૨૦/- રૂપિયાના ટેકાના ભાવે તમે ઘઉં ખરીદો અને જેટલા પૈસા જોઈએ એટલા કેન્દ્ર સરકાર આપશે અને એમ છતાંય આ રાજય સરકાર દ્વારા ટેકાના ભાવે ઘઉંની ખરીદી કરવામાં આવતી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, કૃષિની ચિંતા તો એવી છે કે, ૩.૫ લાખ વીજ કનેકશનો આજે પણ ખેડૂતોને મળતા નથી, ખેડૂતો ફાંફા મારી રહ્યા છે. આ મારી પાસે દાખલો ૧ લાખ ૯૮ હજારનો એસ્ટીમેટસ્ ભરવા માટે પણ ખેડૂત ઈલૅક્ટ્રીસીટી કંપનીની ઑફિસે ધક્કા ખાધા કરે અને એમ છતાંય એના પૈસા લેવામાં આવતા નથી, એને કનૅક્શન આપવામાં આવતું નથી. ખેડૂતોની ચિંતા કરનાર આ રાજય એક એવું રાજય કે આખા દેશમાં માત્ર આજ રાજયમાં ખાતર ઉપર વેટ લેવામાં આવે અને એટલી બધી ચિંતા આપણે ખેડૂતોની કરી રહ્યા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, જે ભ્રષ્ટાચાર ચાલી રહ્યો છે એ ભ્રષ્ટાચારની તો કોઈ સીમા રહી નથી. મારે ખાલી આક્ષેપ કરવા નથી, હું ચોક્કસ વિગતો આ સભાગૃહ સમક્ષ મૂકવા માગુ છું. ખેડૂતોને આપવા માટેનું બી.ટી. બિયારણ વિદેશની મોન્સેન્ટો કંપનીને આ કરાર કરી આપવામાં આવ્યો અને એને હમણાં એક પૅકૅટ દીઠ ૨૦૦/- રૂપિયાનો ભાવ વધારો આ સરકારે આપી દીધો. મોન્સેન્ટો કંપનીના પબ્લિક રિલેશન ઑફિસર ગાંધીનગરમાં આવે, બંધ બારણે કોની સાથે મિટિંગ કરે એ ચર્ચામાં મારે નથી પડવું પણ પરિણામ એ આવ્યું કે ૨૦૦/- રૂપિયાનો વધારો આપ્યો અને ગુજરાતના ખેડૂતો ઉપર ૧૦૦/- કરોડ રૂપિયાનો બોજો આ સરકારે મોન્સેન્ટો કંપનીને ખુશ કરવા માટે આ બોજો નાખ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, આદિવાસીઓને બિયારણની કીટ આપવાની યોજના, એના વિતરણની જવાબદારી એક એન.જી.ઓ.ને અપાઈ અને અંધેર કેવું ચાલે કે, એ એન.જી.ઓ.ને એટલી પણ ખબર નથી કે સાબરકાંઠાની પથરાળ જમીનમાં બટાકા ન ઊગે અને બટાકાની કીટ ત્યાં ન અપાય અને એમ છતાંય આ કીટો આપી દેવામાં આવી. પશુઓ માટેના મિનરલ્સ મિક્ષચર્સની ખરીદીમાં શું ગોટાળા થયા એ હવે આખું ગુજરાત જાણે છે. પરિસ્થિતિ એટલી ખરાબ થઈ કે, રાજય સરકારે પોતે ગુજરાત હાઈ કોર્ટમાં કબૂલ કરવું પડે કે આ મિનરલ્સ મિક્ષચર્સની ખરીદીની અંદર ૯.૮૭ કરોડ રૂપિયાનો ગફલો થયેલો છે અને સરકારે પોતે એફિડેવિટ કરી અને હાઈ કોર્ટમાં

કહેવું પડ્યું એ સ્થિતિ આજે આ વિભાગની ચાલી રહી છે. અને ફાયદા કોને ? પેલી ઉત્તરપ્રદેશની કામધેનુ સિડસ્ નામની કંપની અને શક્તિ લાઈવ સ્ટોકસ્ નામની કંપની એ કંપનીઓ ઉત્તરપ્રદેશમાં આ કીટ ૧૪૦/- રૂપિયાના ભાવે આપે એમના રાજયમાં અને એજ કંપનીઓ એજ કીટ ગુજરાતમાં ૨૪૦/- રૂપિયાના ભાવે આપે ? કયા પ્રકારનો ભ્રષ્ટાચાર આપણે કરી રહ્યા છીએ અહીંયા?

માનનીય અધ્યક્ષશ્રી, સહકાર ઉપર મારે વાત કરવી છે અને બે નાની વાત કરીને હું મારી વાત પૂરી કરીશ. સહકારી ક્ષેત્રનું આ સરકાર દ્વારા રાજકીય કરણ કરવામાં આવી રહ્યું છે. મારી મચડીને, શામ-દામ, દંડ-ભેદ તમામનો ઉપયોગ કરીને એક યા બીજા પ્રકારે સહકારી સંસ્થાઓને હથીયાવી લેવાની કામગીરી આ સરકાર દ્વારા ચાલી રહી છે અને પરિણામ શું આવે છે કે માતબર સહકારી સંસ્થાઓને લૂંટી લેવામાં આવે છે.મળતિયાઓને લુંટવાની છુટ આપી દેવામાં આવે. મારા વડોદરા જિલ્લાની વાત કરું. ખેડૂતોની ઉભી કરેલી બે સુગર મિલો ગંધારા અને વડોદરા સુગર મિલમાં ૫૩-૫૩કરોડનો ભ્રષ્ટાચાર એક સુગર મિલમાં થાય. ઑડિટર ઑડિટ કરે.

**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ (માંડલ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કાયદા મંત્રીશ્રી તેમના વિભાગની માગણી ક્રમાંક: ૬૦ લઈને આવ્યા છે એમાં મારું સમર્થન આપું છું. સમાજની અંદર કોઈપણ વ્યકિતને સમયસર ન્યાય મળે એનું ખૂબ જ મહત્વ હોય છે. અમારી સરકારે સમગ્ર ગુજરાતની અંદર સમયસર ન્યાય મળે, ઘરઆંગણે ન્યાય મળે એ માટેના પ્રયત્નો કર્યા છે. હું તો વકીલાતનો વ્યવસાય કરું છું એટલે મને ખ્યાલ છે કે અકસ્માતનો કેસ કોર્ટમાં ચાલતો હોય, કોઈ જમીનનો વિવાદ ચાલતો હોય, ગંભીર પ્રકારની ઈજાના કેસો ચાલતા હોય, છેતરપીંડીના કેસો ચાલતા હોય, વર્ષો સુધી કેસોના ભારને કારણે ભૂતકાળની સરકારની અંદર વારસદારોને જોડવા પડતા. જે કેસ દાખલ કરે, જે પક્ષકાર હોય એ ગુજરી જાય ત્યાં સુધી એના ચુકાદા નહોતા આવતા. મારે આ રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપવા છે. આ સુવર્ણ જયંતિ વર્ષની અંદર એમણે જે ઈનિશીયેટીવ પગલાં લીધાં છે એના કારણે જયારે ઈરાદો વ્યકત કર્યો છે ત્યારે જે વર્ષમાં કોર્ટમાં કેસો દાખલ થાય એ જ વર્ષે ચુકાદો આવે એવા પગલાં રાજય સરકારે ભર્યા છે એ અભિનંદનને પાત્ર છે. ૨૦૧૦-૧૧ની વાત કરું તો વહેલી તકે ચુકાદા આવે, કોર્ટનું ભારણ ઓછું થાય, કેસોનો નિકાલ થાય એના માટે ૭૦૦ જેટલી જુદા જુદા વર્ગની નવી કોર્ટોની નાણાકીય જોગવાઈ કરીને રચના કરી છે ત્યારે મારે ગર્વ સાથે કહેવું પડે છે મારો માંડલ તાલુકો અને દેત્રોજ તાલુકો બંને નવા તાલુકા છે અને ગુજરાત રાજયની અંદર સમગ્ર તાલુકાને એક એક કોર્ટ આપી છે ત્યારે આ રાજય સરકારના નિર્ણયને હું આવકારું છું. નહીંતર માંડલ અને દેત્રોજના બધા જ લોકોને વિરમગામ કે અમદાવાદની સેશન્સ કોર્ટમાં જવું પડતું હતું આજે ઘરઆંગણે ન્યાય આપવા માટેનો રાજય સરકારનો પ્રયત્ન ખૂબ જ આવકારદાયક છે. એના માટે રાજય સરકારે જુદા જુદા ઘણા બધા પગલાં લીધાં છે. એન્ટીકરપ્શનના કેસો માટે એમણે અલગ કોર્ટોની રચના કરી ગુજરાતની અંદર. એવી સાત કોર્ટો જામનગર, જુનાગઢ, ભાવનગર, પાલનપુર, સુરત શહેર, રાજકોટ શહેર અને અમદાવાદ શહેરમાં ભ્રષ્ટાચાર ઉપર લગામ મુકાય અને એન્ટીકરપ્શનના કેસો જલદી ચાલે, એનો નિકાલ આવે એના માટે રાજય સરકારે પગલાં ભર્યા છે. એવી જ રીતે હરિજનોની ઉપર જે અત્યાચારો થતા હતા આવા ગુના માટે પણ અલગ કોર્ટોની વ્યવસ્થા રાજય સરકારે કરી છે. આવી છ જેટલી અલાયદી કોર્ટો જયારે રાજય સરકારે, કાયદા વિભાગે કરી છે એ ગાંધીનગર, નડિયાદ, આણંદ, પોરબંદર, ભરુચ અને અમદાવાદ શહેરની અંદર આવી કોર્ટો શરૂ કરી છે. એના કારણે આવા અત્યાચારનો ભોગ બનેલા લોકોને ઝડપી ન્યાય મળશે. સૌથી વધારે અત્યારે ઈલેકટ્રીસીટી અને વસુલાત માટેના કેસો રાજયની અંદર ચોરીના કેસોની વસુલાત માટેનો ભરાવો હતો એના માટે પણ આ રાજયની અંદર ૨૫ જેટલી જુદી જુદી કોર્ટો શરૂ કરી અને આ ઉપયોગી સેવામાં ઝડપી નિકાલ થાય એના માટે પણ કાયદા વિભાગે પ્રયત્ન કર્યો છે. નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ-૧૩૮ મુજબના જે કેસો ચાલતા હતા, જે ચેકો નકારાય એના માટે પણ જામનગર, જુનાગઢ અને ભાવનગર આવા મોટા શહેરોની અંદર ૧૨ જેટલી નવી કોર્ટો શરૂ કરી છે. કૌટુંબીક ઝઘડા થાય, ફેમિલી કોર્ટ હોય એના માટે પણ રાજય સરકારે વ્યવસ્થા કરી અને જામનગર શહેરની અંદર, જુનાગઢમાં, ભાવનગરમાં અને બાકીના ત્રણ જિલ્લાઓની અંદર પણ પડતર કેસો હતા એના માટે નામદાર સરકારે જયારે કૌટુંબીક ઝઘડા માટેના નિરાકરણ માટે કોર્ટો શરૂ કરી છે એને હું આવકારું છું. સમગ્ર દેશની અંદર ગુજરાત એક એવું રાજય છે જેણે સાંધ્ય અદાલતો શરૂ કરી છે. એની અંદર આ ગુજરાતે ગૌરવ લેવા જેવો વિષય છે કારણકે જયારે કોઈ મજુરી કરતો હોય, કામ કરતો હોય, આખો દિવસ એનો દિવસ ન પડે અને સાંધ્ય કોર્ટમાં જઈ અને પોતાના ચુકાદાના કેસમાં હાજર રહી શકે આવા પ્રકારની જયારે કોર્ટો શરૂ કરી છે એનું પરિણામ પણ એ આવ્યું છે કે તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિની વાત કરું તો ગુજરાતની અંદર જે સાંધ્ય કોર્ટો કાર્યવંત થઈ એના કારણે ૧૧૭૮૯૧ કેસોનો નિકાલ થયો છે. લોક અદાલતોની અંદર પણ કાયદા વિભાગે ખૂબ જ સારું કામ કર્યું છે. ૨૦૧૦ની વાત કરું તો ૨૦૧૦ના વર્ષમાં ૯૯૨૭ જેટલી લોક અદાલત થઈ અને તેના કારણે ૪૩૩૩૪૯ કેસનો નિકાલ આ લોક અદાલતોની અંદર થયો છે.એના કારણે ૩૦૫ કરોડ જેટલા એવોર્ડો પણ જાહેર કર્યા છે, જે લોકોને રાહત થઈ છે. ફાસ્ટ ટ્રેક કોર્ટની રચનાથી ૪૧૮૨૦ જેટલા કેસોનો નિકાલ થયો છે, જેના કારણે મોટા ભાગના કેસોનો ભરાવો સેશન કોર્ટમાં હતો તે ઓછો થયો છે. કાયદા વિભાગ એના જુદા જુદા વિભાગોની અંદર તાલુકા જિલ્લામાં નવાં મકાનો બનાવવા માટે પણ ૪૦.૯૨ કરોડની જોગવાઈ કરી છે. ગુજરાત હાઈકોર્ટમાં સોલાર સિસ્ટમના આધુનીકરણ માટે ૫.૫૫ કરોડની

જોગવાઈ કરી છે. જુદા જુદા બિલ્ડિંગ માટે અધિકારીઓ અને ન્યાયધીશોના આવાસો માટે ૧૮૪ કરોડ જેટલી જોગવાઈ કરી છે. આ વર્ષે ૨૦૧૧-૧૨ માં આ તાપી જિલ્લો એ નવો મહેસૂલી જિલ્લો બન્યો છે અને એને પણ ન્યાયિક જિલ્લો જાહેર કર્યો છે. અન તેમાં પણ જિલ્લા અને ક્ષેત્રીય ન્યાયાધીશની કોર્ટ સિનિયર સિવિલ જજની કોર્ટ નવી મંજૂર કરી છે. મારા વિસ્તારમાં ઉના, જૂનાગઢ, રાજકોટ જિલ્લામાં ધોરાજી અને વીરમગામની અંદર નવી સિનિયર ડિવિઝનની કોર્ટ નવા બજેટમાં મંજૂર કરી છે, જેને હું આવકારું છું અને કાયદા મંત્રીશ્રીનો આભાર માનું છું. રાજયની અંદર ચાલતી હાઈકોર્ટ અને તેના તાબા નીચેની જે કોર્ટ છે, તેની અંદર કાર્યવાહી કોર્ટમાં ખુલ્લી ચલાવવામાં આવે છે. આની અંદર દરેક લોકોને કાર્યવાહી જોવા માટે સાંભળવા માટે નાગરિકો ઉપસ્થિત રહી શકે એના માટે ખૂબ જ મહત્ત્વની જોગવાઈ આ રાજય સરકારે નવા બજેટમાં કરી છે. નાગરિકોની સંખ્યા વધુ હોવાથી અને કોર્ટમાં અપુરતી બેઠક વ્યવસ્થા હોવાથી દરેક લોકો ન્યાયિક કાર્યવાહીમાં ભાગ લઈ શકતી નહોતી, એના માટે વિધાનસભાની જેમ બહાર લોંજની અંદર ટીવીમાં જોઈ શકે છે. આવી વ્યવસ્થા ગુજરાતની અંદર કોર્ટ કેમ્પસમાં એક રૂમમાં જાહેર પ્રસારણની કાર્યવાહી થઈ શકે. આમ લોકો કાર્યવાહીમાં ભાગ લઈ શકે, જોઈ શકે એના માટેની વ્યવસ્થા રાજય સરકારે કરી છે. પ્રદીપસિંહ એમના વિભાગની જે માગણીઓ લઈને આવ્યા છે તેને મારું સમર્થન આપીને મારી વાત પૂરી કરું છું.

**શ્રી કાળુભાઈ વીરાણી (કુંડલા)** : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય ગૃહમાં કૃષિમંત્રીશ્રી એમની માગણી નં. ૨ અને ૩ તેમજ ૪, ૫ અને ૬ જે લઈને આવ્યા છે. તેને હું મારું અનુમોદન આપવા માટે ઉભો થયો છું.

આપણું રાજ્ય અને દેશ એ કૃષિનો દેશ અને ઋષિનો દેશ કહેવામાં આવ્યો છે. ખેડૂતના દીકરા હોય અને અખાત્રિજ જેને આપણે કહીએ તેવા પવિત્ર દિવસે ખેતીના કામની શરૂઆત કરતા હોઈએ. અખાત્રિજનો દિવસ એટલે ઋષિનો અને કૃષિનો દિવસ. ઋષિ પરશુરામના જન્મ દિવસે આની શરૂઆત થતી હોય છે. મને કહેતા ગૌરવ થાય છે કે અમારા ભાવનગરના એક કવિએ બહુ સરસ વાત કરી છે. જે નાથાલાલ દવે કવિ થઈ ગયા. અમે ભણતા હતા ત્યારે કવિતામાં આ કવિની કવિતા આવતી હતી. "સોનાવર્ણી સીમ બનીને આજે મેહુલે કીધી મ્હેર, હૈ ભાઈ, મૌસમ આવી મહેનતની". અને બીજુ ટૂંકમાં એમ કહ્યું " લીયો પછરડી, દાંતરડા અને આજે સીમ કરે સાદ, હૈ ભાઈ મૌસમ આવી મહેનતની. અને આ ખેડૂતના દીકરાને ઉજાગર કરવા માટે છેલ્લે એમ કહ્યું છે કે "લીલો કંચન વાદળો, ઉજળો દૂધ કપાસ, હૈ ભાઈ મૌસમ આવી મહેનતની". આ કવિ ભાવનગરના નાથાલાલ દવે વાત કરી ગયા. આજે ગુજરાતના ખેડૂત માલામાલ છે. અમારા સામા પક્ષના સિદ્ધાર્થભાઈ પટેલ ખેડૂતની ચિંતા કરતા હતા. મને કહેતા ગૌરવ થાય ૧૦મી પંચવર્ષીય યોજના દરમ્યાન કૃષિ, પશુપાલન સહિતનો જે વિકાસદર એકંદરે ૧૦.૫૧ ટકા નોંધાયેલ છે અને દેશનો સરેરાશ કૃષિ વિકાસ દર કરતા ખૂબ જ વધુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, જેના કારણે રાજય અગ્રેસર રહ્યું છે. કપાસ, મગફળી અને દિવેલાના પાકોમાં ઉત્પાદનની દૃષ્ટિએ સમગ્ર દેશમાં આપણું રાજય પ્રથમ નંબરે છે. સિદ્ધાર્થભાઈ પટેલે અનાજની વાત કરી આ બહું જૂની વાત છે. આજના વૈજ્ઞાનિક યુગમાં બી.ટી. કપાસનું વાવેતર ખેડૂતોનો દીકરો કરે છે અને તેના કારણે ખેડૂતો પાસે ફોર વ્હીલ ગાડી છે. તે ફોર વ્હીલ ગાડી લઈને તે ખેતરમાં જાય છે. મને કહેતાં ગૌરવ થાય છે કે રાજયની કુલ ૯૮ લાખ હેકટર ખેડાણ લાયક જમીન છે. રાજયના ખાદ્ય પાકોના વાવેતર વિસ્તારમાં વર્ષ ૨૦૦૨-૦૩માં ૩૭.૬૯ લાખ હેકટરમાં હતું અને વર્ષ ૨૦૦૯-૧૦માં આ વિસ્તાર ૩૬ લાખ હેકટર થયો. ૨૦૧૧માં આ વિસ્તાર વધીને ૩૮.૦૯ લાખ હેકટરમાં થવાનો અંદાજ છે. રાજયના તેલીબિયાંના પાકના વાવેતર વિસ્તારની વાત કરવી છે. આ રાજયમાં ૨૦૦૨-૦૩માં ૨૮.૯૯ લાખ હેકટરમાં થતું હતું અને ૨૦૦૯-૧૦માં આ વિસ્તાર ૨૬.૯૬ લાખ હેકટર થયો અને આજે ૨૦૧૦-૧૧માં આ વિસ્તારમાં વાવેતર વધીને ૩૯ લાખ હેકટર થયું છે. વર્ષ ૨૦૦૩માં કપાસનો પાક ૧૬.૮૭ લાખ હેકટરમાં હતો. તે આજે ૨૦૦૯-૧૦માં વધીને ૨૪.૬૪ લાખ હેકટર થયો છે. ૨૦૧૦-૧૧માં આ વિસ્તાર ૨૬.૩૩ લાખ થવાનો અંદાજ છે. રાજયના ખાદ્ય પાકોનું ઉત્પાદન વર્ષ ૨૦૦૩માં ૪૩.૯૫ લાખ મે.ટન થયું હતું અને ૨૦૦૯-૧૦માં ઓછા વરસાદની પરિસ્થિતિ હોવા છતાં આ વધીને ૫૬.૦૫ લાખ મે.ટન થયું છે. વર્ષ ૨૦૧૦માં તે વધીને ૬૩.૫૦ લાખ મે.ટન થવાનો અંદાજ છે. આજે સમગ્ર દેશમાં ગુજરાત રાજય કૃષિમાં ખૂબ જ આગળ રહ્યું છે. મારે દૂ:ખ સાથે કહેવું છે કે વર્ષ ૨૦૧૦-૧૧માં સમગ્ર દેશમાં કપાસનું જે ઉત્પાદન છે તેમાં ફક્ત ગુજરાત ૪૦ લાખ ગાંસડી, એટલે કે ૪૦ ટકામાં એકલું ગુજરાત ઉભું છે. સભ્યશ્રી ચિંતા કરતા હતા ભાવની, મને દુ:ખ થાય છે કે આજે કેન્દ્ર સરકાર રૂ ઉપર ૨૦ ટકા ડ્યૂટી નાંખી છે. ૨૦ ટકા ડ્યૂટી ઉપાડી લે તો ૧૪૦૦નો ભાવ છે તે ૧૭૦૦નો ભાવ મળે તેમ છે. તો મિત્રો કેન્દ્રમાં રજૂઆત કરીને આ જે ૨૦ ટકા ડ્યૂટી છે તે હટાવી લે તે કરવું જોઈએ. મને કહેતાં ગૌરવ થાય છે કે ૨૦૧૦-૧૧માં ઉત્પાદન ૩૯.૦૫ લાખ મે.ટન થવાનો અંદાજ છે. બી.ટી. કપાસ બિયારણનો ભાવ અને ગુણવત્તા ટકી રહે તે માટે ગુજરાત સરકાર કોટન સીડ એકટ ૨૦૦૮ રાજય સરકાર દ્વારા ઘડવામાં આવ્યો અને અમલમાં મૂકવામાં આવ્યો જેથી ખેડૂતને મોટો ફાયદો થયો છે. બિયારણની વાત માનનીય સિદ્ધાર્થભાઈએ કરી તેમને મારે કહેવું છે કે આપ ખેડૂત છો, આ કપાસનું બિયારણ એગ્રોવાળા ૧૭૦૦ રૂપિયા લેતા એક થેલીના. પરંતુ ગુજરાતના મરદ મુખ્યમંત્રીએ પરિપત્ર કર્યો, કૃષિ વિભાગના માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે આ થેલીના ૭૦૦ રૂપિયાથી કોઈ વધારે લે તો જેલના સળિયા ગણવા માટેનો કાયદો કર્યો. આજે ખેડૂતના ઘરમાં સાડા ત્રણ કરોડ રૂપિયાનો ફાયદો થયો છે.

માનનીય અધ્યક્ષશ્રી, કૃષિ મહોત્સવની મારે વાત કરવી છે. આ અખાત્રીજના પવિત્ર દિવસે ગુજરાત સરકારે ૨૦૦૫ થી કૃષિ મહોત્સવનું આયોજન કર્યુ. આ આયોજનમાં કૃષિ વૈજ્ઞાનિકો, કૃષિ યુનિવર્સિટીના અધિકારીઓ ૪૦ વર્ષ સુધી સુધી જુનાગઢ જેવી કૃષિ યુનિર્વસિટીમાં બેઠા બેઠા પંખાની હવા ખાતા હતા. ખેડૂતના દીકરાને માર્ગદર્શન મળી રહે, યોગ્ય બિયારણ મળી રહે તેના માટે હમણાં અખાત્રીજ આવશે, ખેડૂતનો દીકરો છું, મને ખબર છે.

ગરમી પીસ્તાલીસ ડીગ્રી હોય, અખાત્રીજના દિવસે અમારા ખેડૂતો ગોળની કઢી રાંધે, શું કામ તો કહે કે ખેડૂતના દીકરાને લૂ ના લાગે એટલા માટે, ( સમયસૂચક ઘંટડી ) માનનીય અધ્યક્ષશ્રી, હજી મારે ઘણી વાત કરવાની છે, આ કૃષિ મહોત્સવ ગામના પાદરમાં ઢોલ નગારાં સાથે ગામના ભાઈઓ- બહેનો સામૈયુ લઈને અમારા કૃષિ રથનું સન્માન કરે અને આખું ગામ ભેગું થાય અને ચાર ચાર કલાક કૃષિ વિશેની વિગતવાર માહિતી અધિકારીશ્રીઓ આપે, અને એને કારણે આજે આટલું મોટું કૃષિ ઉત્પાદન વધ્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, આજે મારે વિશેષ પણ ઘણી વાત કરવી છે. કૃષિ મહોત્સવ દરમિયાન રાજયના ગરીબ ખેડૂતોને દર વર્ષે કૃષિ કિટ્સનું વિના મૂલ્યે વિતરણ કરવામાં આવે છે, વર્ષ ૨૦૦૬-૦૭માં એક કરોડ બેતાલીસ લાખ અને સાતસો અગિયાર અને ૨૦૦૮-૦૯માં એક કરોડ પાંસઠ લાખ અને એકસો સાડત્રીસ ખેડૂતોને કિટ્સ આપવામાં આવી છે, અને આ વર્ષ ૨૦૧૦-૧૧માં એક કરોડ અડસઠ લાખ ત્રણસો ત્રીસ લાભાર્થીને કિટ્સ વહેંચવામાં આવી છે. માનનીય અધ્યક્ષશ્રી, અગાઉની સરકારોએ આવી ચિંતા ખેડૂતોની કરી ન હતી, ખેડૂત ખાતેદાર અકસ્માત વીમા યોજનાની પણ મારે વાત કરવી છે. યોજના વર્ષ ૧૯૯૫-૯૬થી રાજય સરકારશ્રીએ ખાતેદાર ખેડૂતોને રૂપિયા ત્રણ કરોડ એકસો પચાસ લાખ રૂપિયાનું પ્રીમિયમ ભરી ને કુલ ૧૧૦૮૮ ખાતેદાર ખેડૂતોને ૯ કરોડ ૨૦ લાખ રૂપિયાની દાવાના પેટે રકમ ચૂકવી દેવામાં આવી છે. આ ગુજરાત સરકાર ખેડૂતો માટે અનેક યોજનાઓ લાવે છે. અને એ યોજનાઓ લાવે છે એના કારણે આજે ગુજરાત હરિયાળુ બની રહ્યું છે, (સમયસૂચક ઘંટડી ) માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયના માનનીય મુખ્ય મંત્રીશ્રી હરિયાળી ક્રાંતિ કરવા માગે છે, અને એ મને કહેતાં ગૌરવ થાય છે.

**શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી કૃષિ, સહકાર ન્યાય, મત્સ્યોદ્યોગ, પશુપાલન ખાતાની માગણીઓ લઈને આ ગૃહ સમક્ષ આવ્યા છે ત્યારે એમાં મારા મંતવ્યો વ્યક્ત કરવા માટે હું ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જ મારા સન્માનનીય મિત્ર શ્રી કાળુભાઈ વિરાણી બીટી કપાસની વાત કરતા હતા. બીટી કપાસનું બિયારણ એની છેલ્લા દશ વર્ષ થયાં લગભગ ૭૮૦ કરોડ રૂપિયા જેટલી રૉયલ્ટી મોન્સેન્ટો કંપની લઈ ગઈ, રાજય સરકારે નવસારી કૃષિ યુનિવર્સિટીને બીટી કપાસના બિયારણમાં સંશોધન કરી નવી જાત વિકસાવવા માટે ૫૦ લાખ રૂપિયાની મદદ કરી, કૃષિ યુનિવર્સિટીએ સંશોધન પણ કરી નાખ્યું, પણ આજ દિવસ સુધી આ બીટીના સંશોધિત બિયારણને મંજૂરી આ સરકાર આપતી નથી કારણ કે પેલા જે ખાનગી ઉત્પાદકો છે મોન્સેન્ટો કંપની છે એને ફાયદો થાય એટલા માટે સરકાર આવી પ્રવૃત્તિ કરી રહી છે. સાહેબ, ખેડૂતોના ઉત્કર્ષ માટેની વાત કરી, છેલ્લા દશ વર્ષમાં ગુજરાત રાજયમાં ૫૪૪૭ જેટલા ખેડૂતોએ આત્મહત્યા કરી છે. સાહેબ, હમણાં જ કમોસમી વરસાદ થયો, એના પરિણામે અમારા દ્વારકા તાલુકાના ધેવાડ ગામના જેઠાભા માણેક નામના ખેડૂતે આપઘાત કર્યો, સાહેબ, આ કમોસમી વરસાદના કારણે જે નુકસાન થયું એમાં રાજય સરકારે આજ દિન સુધી કોઈ સહાય ચૂકવી નથી, ઊલટાનું એમ કહે છે કે અમે તો કેન્દ્ર સરકારને દરખાસ્ત મોકલી છે, સારુ, કેન્દ્ર સરકારમાં દરખાસ્ત મોકલી છે પણ રાજય સરકારની એમાં કોઈ જવાબદારી ખરી કે નહીં ? મહારાષ્ટ્રના ખેડૂતોને આવા જ કમોસમી વરસાદના કારણે નુકસાન જે થયું હતું, એમાં રાજય સરકારે એક હજાર કરોડ રૂપિયાનું પેકેજ ખેડૂતોને સહાય માટે જાહેર કર્યુ છે, તો ગુજરાતની સરકાર જો ખેડૂતોના હિત માટેની વાત કરતી હોય તો એણે ખાતર ઉપર ચાર ટકા, જંતુનાશક દવા ઉપર બાર ટકા, ટ્રેક્ટર ઉપર બાર ટકા, ખેતઓજારો ઉપર બાર ટકા, ક્રુડઓઈલ ઉપર ચોવીસ ટકા, આ વેરા છે એ ખેડૂતોના હિત માટે એણે નાબૂદ કરવા જોઈએ પણ એવું કાંઈ કરતા નથી. માનનીય મંત્રીશ્રી પોતે પણ ખેડૂત છે એને બરાબર ખબર છે કે સોઈલ હેલ્થ કાર્ડના નામે જે સરકાર વાતો કરે છે, સોઈલ હેલ્થ કાર્ડ તો એક વર્ષ કામ આવે. કોઈ પણ જમીન છે એનું પૃથ્થકરણ થાય એમાં બે ત્રણ પાક લેવાય જાય પછી જમીનના જે પોષક તત્વો છે એમાં ફેરફાર થઈ જતો હોય છે. બીજા વર્ષે પાક માટે ફરીથી એનું ટેસ્ટીંગ કરવુ પડે. સરકાર આ જાણે છે પણ સરકાર દર વર્ષે સોઈલ હેલ્થ કાર્ડ-જમીનના ટેસ્ટીંગ માટેની કોઈ કાર્યવાહી કરતી નથી અને મને દુઃખ એ વાતનું છે કે, માનનીય મંત્રીશ્રી એક ખેડૂતના દિકરા છે અને તેઓ ખેડૂત અને ખેતી વિશેની બરાબર જાણકારી ધરાવે છે, પણ ખરેખર જો ખેડૂતોને મદદ કરવા માગતા હોય તો સોઈલ હેલ્થ કાર્ડ જે કાયમી આપવાની વાત છે એને બદલે વાર્ષિક દર વર્ષે એની જમીનનું ટેસ્ટીંગ થાય અને ખેડૂતને એના પૃથ્થકરણ વિશે માહિતી મળે તો જ આ સોઈલ હેલ્થ કાર્ડનો હેતુ સરી શકે.

માનનીય અધ્યક્ષશ્રી, પાક વીમા યોજના માટે કેન્દ્ર સરકારે ૧૯૮૫માં આ યોજના દાખલ કરી છે. પાક વીમાના નાણાં ખેડૂતોને ઝડપથી મળી જાય એના માટે જે સર્વેક્ષણ કરવું પડે એમાં ગ્રામ સેવકોની કે કર્મચારીઓની જરૂર પડે છે. હવે મોટા ભાગના ગ્રામ સેવકોની તો જગ્યા ખાલી છે, પરિણામ એ આવે છે કે, આ સર્વેક્ષણ માટે ઘ ણો બધો સમય જાય છે અને એના પરિણામે ખેડૂતોને પાક વીમા યોજનાના નાણાં સમયસર મળી શકતા નથી.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી એક વાત કરું તો માનનીય મંત્રીશ્રી જેમ ખેડૂત છે તેમ સહકારી પ્રવૃત્તિના પણ આગેવાન છે. વૈદ્યનાથન સમિતિએ સહકારી કાયદામાં જે સુધારા સૂચવ્યા હતા એ સૂધારા માટેનો કાયદો અઢી વર્ષ પહેલા રાજય સરકારે કર્યો પણ એના નિયમ હજુ નથી ઘડ્યા. નિયમ એટલા માટે નથી ઘડ્યા કે, જેનાથી રાજય સરકારનો અંકૂશ સહકારી સંસ્થાઓ ઉપર ઓછો ન થાય અને એની પક્કડ રહે અને એના પરિણામે રાજય સહકારી બેન્કોને અને ૫૦ હજાર જેટલી સહકારી મંડળીઓ, ૨૬૦ જેટલી સહકારી બેન્કો એણે જે વૈદ્યનાથન સમિતિની ભલામણના અનુસંધાને ૧૧૦૦ કરોડથી વધુ રકમનું આર્થિક સહાયનું પેકેજ કેન્દ્ર સરકાર આપવાની છે એનાથી આ સંસ્થાઓ વંચિત રહે છે.

માનનીય અધ્યક્ષશ્રી, નાના માચ્છીમારોને રોજીરોટી મળી રહે એ માટે હમણા જ અમે માનનીય મંત્રીશ્રી પાસે રજૂઆત કરી હતી. મોટી હોળી વાળા અને યાંત્રિક હોળીઓ વાળા દરિયા કાંઠા સુધી આવી અને તમામ માછલી ઉપાડી લે છે અને પરિણામ એ આવે છે કે ગરીબ-નાના માચ્છીમારો કે જેની બોટો નાની હોય છે તેઓ દરિયામાં બહું દૂર સુધી માચ્છીમારી કરવા જઈ શકતા નથી એવા લોકોના ભાગે માચ્છીમારીમાં કંઈ મળતું નથી અને પરિણામે આવા લોકો બેકાર રહે છે. આના માટે અમે વારંવાર મંત્રીશ્રીને રજૂઆત કરી છે અને મંત્રીશ્રીએ સૂચના પણ આપી પણ ત્યાં શું થાય છે સાહેબ? ત્યાં અધિકારીઓ પગલાં લે છે કાગળ ઉપર, બોટો પકડે છે અને પછી પૈસા લઈને એને જવા દે છે. સાહેબ, વાતો તો ઘણી બધી કરે છે કે, 'ખાતો નથી-ખાવા દેતો નથી.' આવી વાતો તો થાય છે પણ નીચે સુધી જુએ તો ખબર પડે કે આમાં શું ચાલે છે?

માનનીય અધ્યક્ષશ્રી, એક છેલ્લી વાત કરીને મારી વાત પૂરી કરીશ. સાબરકાંઠા જિલ્લાના વડાલી તાલુકાના ભવાનગઢ ગામમાં સરદાર પટેલ કૃષિ યુનિવર્સિટીએ તુવેરના બિયારણ માટે ગામને દત્તક લીધું, ૬૮ જેટલા ખેડૂતોને તુવેરનું બિયારણ આપ્યું, પાક એનો સદંતર નિષ્ફળ ગયો. ખેડૂતોએ રજૂઆત કરી, નિયામકશ્રીએ એમ કહ્યું કે 'આમાં અમારી જવાબદારી નથી, અમે સ્વીકારીએ છીએ કે તમારો પાક નિષ્ફળ ગયો છે, તમે ગ્રાહક સુરક્ષામાં જાવ.' માનનીય અધ્યક્ષશ્રી, ગ્રાહક સુરક્ષામાં આ ખેડૂતો કેવી રીતે જઈ શકે? કેમ કે એની પાસે એનું કોઈ બિલ તો હોય નહીં. ખેતીવાડી ખાતાએ, કૃષિ યુનિવર્સિટી એને બિયારણ આપ્યું છે ત્યારે એના માટે માનનીય મંત્રીશ્રી જરૂર યોગ્ય કરે અને એના પાકની નુકસાનીનું વળતર મળી રહે એ માટે ઘટતું કરે એવી મારી માગણી છે. આમ, માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે એને હું સમર્થન આપી શકતો નથી અને આ સાથે મારી વાત પૂરી કરું છું.

**શ્રી નારાયણભાઈ લ. પટેલ (ઉંઝા)** : માનનીય અધ્યક્ષશ્રી, સહકાર અને કૃષિ ખાતાના મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે એને હું મારુ સમર્થન આપવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્રમાં અત્યારે પાર્લામેન્ટ અને રાજયસભા ચાલે છે એમાં કેન્દ્ર સરકાર દ્વારા એક કાયદો આવી રહ્યો છે. સહકારી કાયદામાં સુધારા-વધારા કરવા અંગેનું એક વિધેયક કેન્દ્ર સરકાર લાવી રહી છે. હવે એ વિધેયક આવે ત્યારે એ વિધેયકમાં ટેક્સ નાંખવાથી માંડીઆવક ઉપર ઈન્કમટેક્સથી માંડી એના ઉપર બીજા કેટલાય બોજ આવવાના, અત્યારે કેટલીક સહકારી મંડળીઓ ઓક્સીજન ઉપર જીવતી હોય અને તેવે તબક્કે આવા કાયદા આવે તે બરાબર નથી. સહકાર એ તો ગુજરાતનો પ્રાણ છે. સહકાર અને કૃષિના કારણે આપણે જે પ્રગતિ કરી છે એ પ્રગતિ ઉપર કુઠ્ઠાઘાત થશે અને ગરીબ વર્ગ અને ખેડૂત વર્ગના ઉત્થાન માટે, ગ્રામ વિકાસ માટે તેમજ સામાજિક ઉત્થાન માટે ખૂબજ મોટું યોગદાન આપેલ છે. આ સંજોગોમાં કેન્દ્ર સરકાર દ્વારા માનવ કલ્યાણની પ્રવૃત્તિને તોડી નાંખવાનો પ્રયત્ન થયો છે એ બરાબર નથી. સૂચિત વિધેયક પસાર થશે તો સહકારી સંસ્થાઓને પોતાના મહેકમનો પગાર ખર્ચ ચૂકવવાની પણ મુશ્કેલી પડશે અને શેર હોલ્ડરોને ડિવિડન્ડ પણ મળશે નહિ. એનો વિરોધ સમગ્ર ભારતમાંથી થઈ રહ્યો છે આ દેશના ગ્રામીણ ક્ષેત્રના વિકાસ માટે સહકારી પ્રવૃત્તિઓનો ફાળો મહત્વનો છે. જે હકીકત ધ્યાને લઈ સહકારી માળખાને પુન:જીવિત કરવા, વધુ અર્થક્ષમ અને સુસંગઠિત કરવા માટે ભારત સરકાર તરફથી પ્રોફેસર વૈદ્યનાથ સમિતિની રચના કરેલ છે અને સમિતિની ભલામણોનો અમલ કરવાનું સ્વીકારી રાજય સરકાર, કેન્દ્ર સરકાર અને નાબાર્ડ વચ્ચે એક ત્રિપક્ષી કરાર કરેલ છે. કૃષિ ધિરાણ માટે રિવાઈવલ પેકેજ મુજબ ધિરાણ સહકારી સંસ્થાઓને નીચે મુજબની સહાય મળશે.

એકત્રિત ખોટ ભરપાઈ કરવા, સી.આર. એ.આર. જાળવવા માટે, સરકારશ્રીનું શેરભંડોળ પરત કરવા, કમ્પ્યુટરાઈઝેશન માટે ટેકનીકલ સહાય આપવા, રાજયમાં હાલ કૃષિ ધિરાણ માળખામાં સહકારી સંસ્થાઓ અસ્તિત્વમાં છે. રાજય સહકારી બેન્ક, જિલ્લા મધ્યસ્થ સહકારી બેન્કો કુલ ૧૮, પ્રાથમિક કૃષિ સહકારી મંડળીઓ ૭૭૯૮, આ યોજના અન્વયે ૧૬ જિલ્લાની 'એ' કેટેગરીની કુલ ૩૯૦૯ પ્રાથમિક કૃષિ સહકારી મંડળીઓને સરકાર દ્વારા ૧૨૧.૨૪ કરોડ રૂપિયા તથા રાજય સરકારશ્રીના ફાળા પેટે ૨૭.૨૨ કરોડ છુટાં કરવામાં આવેલ. ત્યારે મારે એટલું કહેવું છે કે એક માનનીય સભ્યશ્રી કહેતા હતા કે હજીસુધી નિયમો થયાં નથી પરંતુ ધિરાણ તો ક્યારનુંય શરૂ થઈ ગયું છે, સી.ઓ.પી. તથા રત્ન કલાકારો માટે જે વચ્ચે મંદી આવી હતી, એ રત્ન કલાકારોને જીવવા માટે પણ કપરું હતું ત્યારે સહકારી કૃષિ ધિરાણ માળખા દ્વારા ધિરાણ આપવાની શરૂઆત કરી. રાજયમાં કૃષિ વિષયક ટૂંકાગાળાનું ધિરાણ આપવા માટે એક રાજય સહકારી બેન્ક, ૧૮ જિલ્લા મધ્યસ્થ સહકારી બેન્ક અને આઠ હજાર પ્રાથમિક કૃષિ સહકારી મંડળીઓ રાજયમાંના કુલ ૭૦ ટકા નાના અને સિમાંત ખેડૂતો સહકારી માળખા જોડે

જોડાયેલા છે, આગળ વાત કરું તો રાજયના ૧૩ લાખ ઉપરાંત નાના, સિમાન્ત અને નબળા વર્ગના ખેડૂતો ટૂંકી મુદતનું કૃષિ પાક ધિરાણ સહકારી માળખા દ્વારા મેળવે છે. આ ધિરાણ મોટાભાગની સહકારી બેન્કો પહેલાં ૧૦ થી ૧૩ ટકાના વ્યાજના દરે આપતી હતી ત્યારે કોમર્શિયલ બેન્કો સાત ટકાના દરે ધિરાણ આપતી હતી ત્યારે રાજય સરકારે વિચાર્યુ કે ખેડૂતો જ્યારે સેવા સહકારી મંડળીઓ જોડે, કૃષિ મંડળીઓ જોડે જોડાયેલા હોય તો એમને પણ આર્થિક લાભ મળે એટલા માટે સરકારે કાયદામાં સુધારો કરીને સાત ટકાના દરે આપવાનું નક્કી કર્યુ

**અધ્યક્ષશ્રી** : આપની પાસે બે મિનિટ છે.

**શ્રી નારાયણભાઈ લ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, સહકારી બેન્કોના વિસ્તૃત માળખા સાથે જોડાયેલા ખેડૂતોને ૭ ટકાના દરે પણ સાહેબ રત્ન કલાકારો કે જે જમીનના નાના નાના ટુકડા ઉપર જીવન નિર્વાહ કરે છે તે લોકોને પણ સરકારે સ્પેશ્યલ ૧ ટકો રિબેટ આપી ૬ ટકાના દરે આ ધીરાણ આપવાનું નક્કી કર્યુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, તે સિવાય ગુજરાત રાજય કો.ઓપરેટીવ માર્કેટીંગ ફેડરેશન, અમદાવાદમાં તેની પ્રવૃત્તિઓ કૃષિ તરફની છે. કોઈ વખતે ખેત પેદાશોનું વેચાણ કરવું , ખેતી સાથે સંબંધિત ચીજ-વસ્તુઓ જેવી કે ખાતર, બિયારણ તથા જંતુનાશક દવાઓનું વિતરણ કરવું. ખેત પેદાશોનું પ્રોસેસીંગ કરવું. લોકો માટે ગ્રાહક લક્ષી પ્રવૃત્તિઓ કરવી. ફેડરેશન જ્યારે ખેત પેદાશોના ભાવ નીચા જાય અને ખેડૂતો પાયમાલ થતાં હોય ત્યારે તે બજારમાંથી બજાર ભાવે ખરીદી અને ખેડૂતોને મદદરૂપ થવાનો પ્રયત્ન કરતાં હોય છે. તેમાં સાહેબ ઘઉં, ડાંગર, દાળ, કઠોળ, મગફળી, મગ તેમજ કપાસ જેવી વસ્તુઓની ખરીદી કરી ખેડૂતોને પોષણક્ષમ ભાવો મળી રહે અને બજારમાં સારા ભાવ મળી રહે ત્યાં વેચાણ કરે. ફેડરેશન ખેત ઉત્પાદન માટે વપરાતી ચીજ-વસ્તુઓ જેવી કે ખાતર, બિયારણ, દવા જેવી વસ્તુઓ પૂરી પાડે છે. ઈફકો, કૃભકો, જી.એસ.એફ.સી. જેવી ખાતર ઉત્પાદન કંપનીઓ પાસેથી ખાતરો ખરીદ કરી જિલ્લા, તાલુકા..

**અધ્યક્ષશ્રી** : આપનો સમય પૂરો થાય છે.

**શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ (શહેરા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી આજે કૃષિ વિભાગની જે માગણીઓ લઈને આવ્યાં છે તે માગણીઓમાં માગણી નંબર ૨,૩,૪,૫ અને ૬ તેમાં મારું અનુમોદન આપવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના ખેડૂતો માટે જે કંઈ કામગીરી થઈ છે ગુજરાતના મુખ્યમંત્રી માનનીય નરેન્દ્ર મોદી અને માનનીય દિલીપભાઈ સંઘાણીની સરકારના વખતમાં જે કામગીરી થઈ છે તે " ના ભૂતો ના ભવિષ્યતી " તે પ્રકારની કામગીરી આ સરકાર કરી રહી છે ત્યારે મારે કહેવું પડશે કે ખેડૂતો માટે જે વીમા જેવા કવચથી ખેડૂતોને રક્ષણ આપવાનું કામ કર્યુ છે તે રક્ષણના આધારે આજે કોઈ ખેડૂત, ગરીબ ખેડૂત ખેતરમાં કામ કરતાં જો મૃત્યુ પામે તો તેને એક લાખની સહાય આપવાનું કામ આ ભારતીય જનતા પાર્ટીની સરકાર અને નરેન્દ્ર મોદીની સરકારે કર્યુ છે. મારી સામે બેઠેલાં મિત્રો જે હસીને વાતો કરે છે તેમની સરકારમાં જે તે વખતના સમયમાં પૈસા આપતાં હતા, પણ કોના આપતાં હતા ? જે દારૂ પીવે, ગેરકાયદેસર પ્રવૃત્તિ કરે અને મરી જાય એવા લોકોને તમે પૈસા આપતાં હતા. લઠ્ઠો પી અને મરી જાય એવા લોકોને પૈસા આપવામાં આવતા. જ્યારે ગુજરાતની સરકાર, ભારતીય જનતા પાર્ટીની સરકાર અને નરેન્દ્ર મોદીની સરકારે ખેડૂતોના હિતમાં અને ખેડૂતોના હિતની વાતો કરીને, ખેડૂતોની લાગણી સાથે જોડાયને જે કામગીરી કરી છે તે કામગીરીને અભિનંદન આપવા સિવાય બીજું કશું હોઈ જ શકે નહીં.

માનનીય અધ્યક્ષશ્રી, આજે મને કહેતાં આનંદ થાય છે કે, ગુજરાતના મુખ્યમંત્રી અને માનનીય દિલીપભાઈ સંઘાણી સાહેબે દૂધ મંડળીઓ માટે અને દૂધ ફેડરેશન અને શ્વેત ક્રાંતિ કરવા માટેના જે પ્રયત્નો થયા છે તે શ્વેત ક્રાંતિ માટે મને કહેવાનું મન થાય છે અમારા પંચમહાલ જિલ્લાના એક મોરવા ગામની અંદર અમારી એક બહેન જે ભૂરી ભેંસનું લક્ષ્મીબહેને દૂધ દોહેલું તે અમૅરિકા અને યુરોપના દેશોની અંદર ટી સ્પેશ્યલ તરીકે આજે વપરાય છે અને ટેસ્ટ ઓફ ઈન્ડિયાના નામથી આજે ગુજરાતની અંદર પ્રખ્યાત રીતે આજે વેંચાય રહ્યું છે ત્યારે મને કહેતાં આનંદ થાય છે કે આજે યુરોપની અંદર બેઠેલી મારી ભૂરી બેન તે સવારથી ઉઠે ત્યારે અમારી ટેસ્ટ ઓફ ઈન્ડિયાનું દૂધ પી અને આનંદથી તેની સવાર જતી હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે માનનીય મંત્રીશ્રીએ સૌ પ્રથમ વખત ખેડૂતોના અને દૂધ ઉત્પાદનના હિતની જો વાત કરી હોય તો એ પ્રથમ સરકાર એવી છે કે જેમણે ખેડૂતો માટે, દૂધના સાધનો માટે આ વર્ષે બજેટની અંદર ૪૧ કરોડ રૂપિયા. દૂધ ઉત્પાદન સહકારી મંડળીઓને આપવા માટે અને દૂધની ગુણવત્તા સુધારવા માટે ૪૧ કરોડ રૂપિયા આપવાનો નિર્ણય લીધો છે ત્યારે અને સૌરાષ્ટ્ર અને કચ્છના પશુઓને આહાર આપવા માટે ૨૦ કરોડ રૂપિયાની જોગવાઈ આ વખતે બજેટમાં કરવામાં આવી છે ત્યારે માનનીય મંત્રીશ્રી, નાણામંત્રીશ્રી અને માનનીય મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપ્યા વગર મારાથી રહેવાય જ નહીં.

માનનીય અધ્યક્ષશ્રી, મારે એ વાત કરવી છે કે ગુજરાતની અંદર અમૂલ The test of india. જે દૂધ મંડળીઓ આવેલી છે, એના માટે રાષ્ટ્રીય ડેરી નિગમ સાથે થયેલ કરાર મુજબ પ્રાથમિક દૂધ સહકારી મંડળીઓ, સંસ્થાને કારણે આજે ગુણવત્તા સુધારવા, દૂધની ગુણવત્તા સુધારવા માટે ઓડિટ પ્રથા દાખલ કરીને ઓડિટ દ્વારા દૂધ મંડળીઓની ગુણવત્તા સુધરે અને ગુજરાતની પ્રજાનું સ્વાસ્થય સાથે દેશ અને દુનિયાના લોકો અમૂલના નામથી

દૂધ પીવે છે. એ ગુજરાતની અને ગુજરાત સરકારની દેન છે. પાંચ અમૃત, પંચામૃતમાં અહીં ગાય અને દૂધ દહીં. રાજય સહકારી ક્ષેત્રે દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ અને સહકારી સંસ્થાઓની કામગીરી વિશ્વમાં વિખ્યાત છે. શ્વેત ક્રાંતિ, અમૂલ પેટર્ન એ પર્યાય શબ્દો બન્યા છે. આ વ્યવસ્થાના સભાસદોના હિતમાં કાર્યરત પ્રાથમિક દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ અને દૂધ ઉત્પાદક સહકારી સંઘોનું સમયાંતરે ઓડિટ થાય તે જરૂરી છે. સને ૧૯૮૨માં સમિતિની રચના કરવામાં આવી. અને ક્રમશ: જિલ્લાની તમામ દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ અને જિલ્લા સંઘોનું સતત ઓડિટ સમયાંતરે થાય એની વ્યવસ્થા કરવાનું કામ આ ભારતીય જનતા પાર્ટીની સરકારે અને માનનીય કૃષિમંત્રીશ્રીએ કરેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૦-૧૧માં પ્લાન હેઠળ ૨૩ લાખ રૂપિયા અને નોન પ્લાન હેઠળ ૧૫૮૬ લાખ રૂપિયાની જોગવાઈ કરીને ખેડૂતોને ફાયદો થાય એવી વ્યવસ્થા કરવાનું કામ ભારતીય જનતા પાર્ટીની સરકારે અને માનનીય મંત્રીશ્રીએ કરેલું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની અંદર આજે ખેડૂતોને કોટન વેચવા માટેની, ખેડૂતોને રૂ વેચવા માટેની જે પેટર્ન બદલી છે. ચીન અને અમેરિકા જેવા દેશોની અંદર માર્કેટીંગની અંદર ગુજરાતના કપાસની અદ્‌ભૂત માગણી ઉભી થઈ છે. ખેડૂતોની દિશા અને દશા બદલાઈ ગઈ છે. મહારાષ્ટ્ર કે રાજસ્થાનને કોટન વેચવા માટે ગુજરાતમાં આવવું પડે છે અને એના કરતા ગુજરાતની અંદર મહારાષ્ટ્ર રાજય સંઘ કરતા ૨૦ રૂપિયાનો વધારો આપીને એ ખેડૂતોને લાભની અને હિતની વાતો થઈ રહી છે. અને અત્યારે દેશની અંદર અને વિદેશની અંદર જયારે જે કોટન વેચવામાં આવે છે એ ગુજરાત પેટર્નના નામથી વેચવામાં આવે છે. (સમય સૂચક ઘંટડી)

**અધ્યક્ષશ્રી** : આપની પાસે બે મિનિટનો સમય છે.

**શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે તો હજુ શરૂઆત જ થઈ છે.

**અધ્યક્ષશ્રી** : નહીં, નહીં. બે મિનિટમાં પૂરું કરો, આપ.

**શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ** : માનનીય અધ્યક્ષશ્રી, નરેન્દ્રભાઈની પ્રમાણિકતા વિશે આજે પેપરની અંદર પણ આખા દેશ અને દુનિયાના, આખા વર્લ્ડના લોકોએ પેપરમાં વાંચ્યું હશે. કે નરેન્દ્રભાઈની જે પ્રમાણિકતા છે એ વિકીલીકસે કહ્યું છે. અને આજે એમની નિષ્ઠા અને છબીનું ચિત્ર એ અમેરિકાએ પણ સ્વીકાર્યુ છે. જેના નેતાના રાજયમાં કેવું હોય માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર સરકારની..

**અધ્યક્ષશ્રી** : આપ વિષય ઉપર જ વાત કરો, પ્લીઝ.

**શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ** : માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર સરકાર ખેડૂતોને અન્યાય કરવા માટે ખેડૂતોના ખેતી પેદાશો ઉપર ઈન્કમટેક્સ લગાવવા માટેની જે કાર્યવાહી થયેલી છે, એવી •(xxxxx) મારે કહેવું છે કે ખેડૂતના હિતની વાતોનું આપણે ધ્યાન રાખવું જોઈએ.

**અધ્યક્ષશ્રી** : આપ એ શબ્દો પાછા ખેંચી લો.

**શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ** : મારા શબ્દો હું પાછા ખેંચી લંઉ છું.

**અધ્યક્ષશ્રી** : તેઓ શબ્દો પાછા ખેંચે છે.

**શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ** : એમને દુઃખ થાય એવું મારે નથી કહેવું સાહેબ. માનનીય અધ્યક્ષશ્રી, નેનો કાર. એક લાખ રૂપિયાની એ કારની જે કિંમત. ગુજરાતની અંદર જે નેનો કાર આવી છે, એનાથી ગુજરાતના ખેડૂતો આજે ઘેર ઘેર નેનો કાર લઈને ફરતા થઈ ગયા છે. અમારી કચ્છની બની ભેંસ એ જોઈએ તો આજે એની પણ કિંમત આજે ખેડૂતોએ ૪૦ હજાર, ૫૦ હજારે પણ એ બની ભેંસ મળતી નથી. અઢી લાખની કિંમત બની ભેંસની થઈ ગઈ છે. મને કહેતા આનંદ થાય છે, માનનીય મંત્રીશ્રી આજે જે ખેડૂતપુત્રની વાત કરી, ત્યારે મારે ચોકકસ કહેવું છે કે આજે મંત્રીશ્રી પણ એક ખેડૂતપુત્ર છે, ગામડામાંથી આવેલા વ્યકિત છે અને આજે એમણે જે બંડી પહેરી છે. મારે ન કહેવું જોઈએ, પણ આ પેપર હું ફોડી નાંખું છું. કે જે કેળના જે થડ છે, કેળના થડ જે ખેડૂતો એને કાઢીને ફેંકી દેવા માટે પૈસા ખર્ચવા પડતા હતા, એ થડમાંથી આજે એમણે કાપડ બનાવી અને પોતે આજે આ હાઉસની અંદર બંડી પહેરેલી છે, એટલે મારી આપને એ વિનંતી છે, માનનીય અધ્યક્ષશ્રી. જે ખેડૂતોને...(સમય સૂચક ઘંટડી)

**અધ્યક્ષશ્રી** : માનનીય રામસિંહભાઈ.

**શ્રી રામસિંહ પ્ર. પરમાર(ઠાસરા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જયારે કૃષિ અને સહકાર વિભાગની માગણીઓ લઈને આવ્યા છે ત્યારે એની ઉપર મારા વિચારો વ્યકત કરવા માટે હું ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ભારત એ ખેતી પ્રધાન દેશ છે ત્યારે ગુજરાતના ખેડૂતો માટેના બજેટની જયારે વાત કરતા હોઈએ ત્યારે મને સરદાર સાહેબના શબ્દો યાદ આવે છે. સરદાર સાહેબ પણ પોતે ખેડૂત પુત્ર અને હંમેશાં એ કહેતા કે આ ધરતી ઉપર કોઈને છાતી કાઢીને ચાલવાનો અધિકાર હોય તો એ ખેડૂતનો અધિકાર છે અને આ સરકાર જયારથી બેઠી છે ત્યારથી ખૂબ વાહ વાહ કરવાની વાત કરે છે. કૃષિ મહોત્સવ, કૃષિ મેળા અને મિટિંગો

• (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે..

કરવાનું જયારે ગોઠવે છે ત્યારે ગામડાંમાં મેં જોયું છે કે એની અંદર ફક્ત અધિકારીઓનો ઉપયોગ કરવામાં આવે છે, એસ.ટી.ની બસોનો ઉપયોગ કરવામાં આવે છે, માણસોને ગમે ત્યાંથી લઈ આવે છે, સરકારના માણસો લઈ આવે છે અને જયારે માણસો એટલે કે પબ્લિક ભેગી ના થાય તો (xxxxx)લાવીને મેળામાં માણસો ભેગા કરવાનો પ્રયત્ન કરવમાં આવે છે. પબ્લિક ભેગી કરવા માટે સરકારી માણસોનો ઉપયોગ કરે, મંડપ માટે ૪૦-૪૦ લાખ રૂપિયાનો ખર્ચ કરે અને પબ્લિક ના આવે તો (xxxxx)લાવે છે. બહેનોને ગમે તે લાલચ અને લાભ આપીને લઈ આવવામાં આવે છે, આંગણવાડીની બહેનોને પણ લઈ આવવામાં આવે છે. આ મેળા થાય અને એમાં જયારે માનનીય મુખ્યમંત્રીશ્રી આવે ત્યારે..(અંતરાય)

**શ્રી નીતિનભાઈ ર. પટેલ( નર્મદા મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઈન્ટ ઓફ ઓર્ડર છે કે માનનીય સભ્યશ્રીએ *(xxxxx)એવો જે શબ્દ પ્રયોગ કર્યો એ બરાબર નથી અને એ શબ્દો એમણે પાછા ખેંચવા જોઈએ અથવા તો એ કાર્યવાહીમાંથી રદ કરવા જોઈએ. આમ કહીને એ ગુજરાતના ગરીબ માણસોનું અપમાન કરે છે. એ ગુજરાતના ગરીબોનું અને ગુજરાતના ખેડૂતોનું અપમાન કરે છે. તો આ શબ્દો રેકર્ડમાંથી રદ કરવા માટે મારી વિનંતી છે.

અધ્યક્ષશ્રી: માનનીય સભ્યશ્રી, આપ (ભાડૂતી માણસો) એ શબ્દો પાછા ખેંચી લો.

**શ્રી રામસિંહ પ્ર. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારા એ શબ્દો પાછા ખેંચી લઉં છું. એ રીતે આંગણવાડીની બહેનો અને બીજી બહેનોને લઈ આવે અને જયારે મુખ્યમંત્રીશ્રી આવે ત્યારે મુખ્યમંત્રીશ્રી ખૂબ મોટી મોટી જાહેરાતો કરે છે. કીટની જાહેરાત કરે, બીજી પણ વાતોકરે અને પછી બહેનોની સામે જોઈને કહે કે, બહેનો તમારો ભાઈ ગાંધીનગરમાં બેઠો છે, કોઈ ચિંતા કરતા નહીં, કાંઈ તકલીફ હોય તો મને પાંચ પૈસાનો કાગળ લખજો. તો માનનીય મુખ્યમંત્રીશ્રી જયારે આવી વાત કરતા હોય ત્યારે કેટલીક બહેનો તો વિચારે કે ભાઈ મળ્યો છે તો ભાઈને રાખડી પણ બાંધીએ અને બજારમાં રાખડી લેવા જાય અને ત્યારે બીજી બહેનો કે જે ઓછું ભણેલી હોય, પરંતુ કોડાસૂઝવાળી હોય એ એમને કહે કે ઉતાવળ ના કરો, નીવડે ખબર પડશે કે આ મુખ્યમંત્રીશ્રી કેવા છે. બહેનોની વાત કરીએ છીએ ત્યારે હમણાં મહુવાના ખેડૂતો એમના પ્રશ્ન લઈને અહીં આવ્યા હતા ત્યારે એમાં બહેનો અને બાળકો પણ હતાં. એમને ખેડૂતોના પ્રશ્નોની સરકારમાં ફક્ત રજૂઆત કરવાની હતી અને એના માટે ખૂબ જ દૂરથી બધાં આવ્યાં હતાં અને એ બહેનોને કોઈ જગ્યાએ રજૂઆત કરવા દેવાને બદલે એ બહેનોને પોલીસ વાનમાં બેસાડીને દંડા મારવામાં આવ્યા, બાળકોને પણ દંડા મારવામાં મારીને ઢસડીને વાનમાં બેસાડી દેવામાં આવ્યાં. કદાચ એ બહેનોના પતિએ પણ કોઈ દિવસ એમને લાફો પણ માર્યો નહીં હોય એવી બહેનોની સાથે પોલીસે આ રીતે વર્તાવ કર્યો. કદાચ મુખ્યમંત્રીશ્રી પાસે સમય ના હોય અને બીજા કોઈ મંત્રીશ્રી પાસે સમય હોય અને તેમની સાથે એમને રજૂઆત કરવા દીધી હોત તો હું એમને ધન્યવાદ આપત.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વ. શ્રી ચીમનભાઈની સરકાર હતી ત્યારે ઘ-૬ ના સર્કલ પાસેની જે છાવણી હતી ત્યાં લોકો પોતાના પ્રશ્નો માટે બેસતા હતા. તો સ્વ. શ્રી ચીમનભાઈ આવા કોઈ પ્રશ્નો લોકોના હોય તો એના નિકાલ માટે અમારા જેવા મંત્રીને મોકલતા હતા અને પ્રશ્નોનો નિકાલ કરવા માટે પ્રયત્ન કરતા હતા અને જો નિકાલ ના આવે તો પછી ૪-૫ માણસોને પોતાની પાસે રજૂઆત કરવા માટે લાવવા માટે કહેતા હતા અને પ્રશ્નનો નિકાલ કરતા. તો આજે તો આ સર્કલની છાવણી જ બંધ કરી દેવામાં આવી છે. આજેતો લોકો કહે છે કે આના કરતાં તો અંગ્રેજ સરકાર સારી હતી. (xxxxx). કોઈને રજૂઆત ના કરવા દેવી, કોઈને સાંભળવા નહીં, તો કઈ રીતે આ સરકાર ચલાવે છે? જયારે ખેડૂતોની વાત થતી હતી ત્યારે મેં કહયું છે એ પ્રમાણે અહીં જાહેરાતો બહુ કરવામાં આવે છે. આ બાબતમાં એક વખત તેમણે કહયું હતું કે એનીમલ હોસ્ટેલ અને ગ્લોબલ બેંક બનાવવાની છે. તો મારે માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે એ જાહેરાત થઈ, પરંતુ એ કયારે થશે? તો આ રીતે મોટી મોટી જાહેરાતો કરે છે, પરંતુ એનો કોઈ અમલ થતો નથી. કેન્દ્ર સરકારે સાત ટકાના વ્યાજે લોન આપવાનું કહ્યું, સમયસર પૈસા ભરી દે તો એને બે ટકા કાપીને આપવાનું કહ્યું. રાજય સરકાર એની અંદર બે ટકા ઉમેરે (સમય સૂચક ઘંટડી) માનનીય જેઠાભાઈ બોલતા હતા. પંચમહાલ ડેરીના ચેરમેન છે, ખેડૂતોની વાત કરતા હતા, ચેરમેનશ્રીને કહું કે ખેડૂતોને દૂધના ભાવ કેટલા આપો છો? ૩૭૦નો ભાવ આપે છે. (અંતરાય) અમૂલ ડેરી..

**અધ્યક્ષશ્રી** : ઑર્ડર, ઑર્ડર, માનનીય જેઠાભાઈ, પ્લીઝ.

**શ્રી રામસિંહ પ્ર. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, મહેસાણા ૪૦૦ રૂપિયા આપે છે. બાકીના પૈસા તો ખેડૂતોને આપો. પૈસા ખેડૂતોને ઓછા ચૂકવે છે.

મીનરલ મિક્ષ્ચરની વાત થઈ ત્યારે કહીશ કે ઉત્તર પ્રદેશમાં ૧૩૫ માં બને અને એની ૪૨૫ ની અંદર ખરીદી થાય, અમૂલમાં પણ અમે મીનરલ મિક્ષ્ચર બનાવીએ છીએ. સરકારને જોઈતો હોય તો પાંચ કિલોનો ભાવ ૧૭૫માં આપવા માટે હું તૈયાર છું. બીજા મીનરલ મિક્ષ્ચર કરતાં પણ સારો પાવડર આપવાની મારી પૂરેપૂરી તૈયારી છે, અમારી જોડે વાત નહિ કરે, એમાં ગોઠવાશે નહિ એટલે અમારી જોડે વાત નહિ કરે.

---

* (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

સહકારની બાબતમાં વાત કરીશ. ગયા વખતે માનનીય મંત્રીશ્રી મેં તમને કહ્યું હતું કે દૂધ મંડળીમાં ડૂબત લેણા કાઢવા માટે નક્કી કર્યુ છે એમાં આપે મને ખાતરી આપી હતી કે ડૂબત લેણા હું કાઢી નાખીશ આજે એક વર્ષ થયું છતાં હજી સુધી એનો પરિપત્ર થયો નથી. કાં તો અધિકારી ગાઠતાં નથી કાં તો આપ ભૂલી ગયા હોય એના કારણે મંડળીઓના સભાસદો ઉપર કેસ કરવામાં આવે છે. મારી મંત્રીશ્રીને નમ્ર વિનંતી છે કે આપે થોડીક જાહેરાતો કરી છે, ખેડૂતોને ટ્રેક્ટરની વાત કરી છે, પશુ બાબતની ચિંતા કરી છે, કચ્છ અને સૌરાષ્ટ્રની કેટલ ફિલ્ડની ફૅક્ટરી નાખવા ૩૦ કરોડ મંજૂર કર્યા હું ધન્યવાદ આપું છું કે તમે પશુઓની ખૂબ ચિંતા કરેલી છે. સહકાર ખાતાની બાબતમાં મારી નમ્ર વિનંતી છે કે જે સંઘો છે એનું ઑડિટ સરકાર કરે છે એના બદલે સી.એ. નું ઑડિટ કરવા માટેની મંજૂરી આપે.

**શ્રી વસંતકુમાર પ. ભટોળ (દાંતા)** : માનનીય અધ્યક્ષ મહોદય, રાજયના કૃષિ મંત્રીશ્રી માગણી ક્રમાંક ૨ થી ૬ લઈને આવ્યા છે તેમાં હું મારો સૂર પુરાવીને મારા વિચારો રજૂ કરું છું.

દરેક વ્યકિતનો હંમેશા માટે એક વિચાર હોય છે, પ્રગતિના પંથ ઉપર ચાલીને દેશ અને દુનિયા જોવાનો પરંતુ કોઈ રાજય પ્રગતિના પંથ ઉપર ચાલીને દેશ અને દુનિયાને એક નવી દિશા અપાવે છે એ ગુજરાતની આ સરકારે કરીને બતાવ્યું છે આજે દેશ અને દુનિયા અહીંયા જોવા આવી રહી છે. રાજયના પ્રગતિશીલ કુશળ લોક માનસ તથા દૂરદર્શીય નેતૃત્વ પુરુ પાડતા ગૃહના આદરણીય નેતા અને મારા જેવા લાખો યુવા માનસના આદર્શ કહી શકાય તેવા માનનીય મુખ્યમંત્રીશ્રીને વંદન સહ અભિનંદન પાઠવું છું. કે આજે હમણાં જે રિપૉર્ટ આવ્યો અને જેઠાભાઈએ અહીંયા વાત કરી કે માનનીય મુખ્યમંત્રીશ્રીને આજે બીજા લોકો પણ સ્વીકારતા થયા છે કે પારદર્શક વહીવટ આપતી આ સરકાર છે એટલે માનનીય મુખ્યમંત્રીશ્રીને જેટલા અભિનંદન આપીએ એટલા ઓછા છે.

ગુજરાતના વિશ્વફલકને વૈશ્વિકરણ અને ઉદારીકરણના યુગ સામે કૃષિ, પશુપાલન, ઉદ્યોગ અને સામાજિક ક્ષેત્રને સામાજિક મૂલ્યના જતન ક્ષેત્રે મહત્ત્વની સિદ્ધિ પ્રાપ્ત કરી છે ત્યારે ગુજરાત રાજયે ઉદ્યોગથી વિકાસના માધ્યમ દ્વારા ઇન્ડસ્ટ્રીયલ રીવોલ્યુશન સ્ટેટ તરીકે આજે નામના પ્રાપ્ત કરી છે. ગુજરાતના કૃષિ વિકાસના કારણે કરી ગ્રીન રીવોલ્યુશન તરીકે ગુજરાતની નામના થઈ છે અને ગુજરાતના પશુપાલન અને ડેરી ઉદ્યોગના કારણે કરી આજે વ્હાઇટ રીવોલ્યુશન તરીકે આ ગુજરાતની સ્થાપના થઈ છે અને ગુજરાતની ઓળખ થઈ છે જે બદલ લાખ લાખ અભિનંદન આપું છું.

હમણાં ગૃહના સન્માનનીય સભ્યશ્રી સિદ્ધાર્થભાઈ પટેલ એમ કહેતા હતા કે કૃષિની જે પેદાશો છે એ ઘટી છે. મારે સિદ્ધાર્થભાઈને કહેવું છે કે ૨૦૦૨ની અંદર નવ હજાર કરોડ હતી અને આજે ૪૯ હજાર કરોડ થઈ એ કયાંથી આવી છ? જ્યારે તમે આંકડા આપતા હતા એની સાથે એટલી વિગત આપી હોત કે ગુજરાતની કૃષિ પેદાશો છે એ દેશ અને દુનિયામાં નંબર વન છે એવી વાત કરી હોત તો મને આનંદ થાત. હું આ ગૃહ સમક્ષ આકડા મૂકું છું. એરંડામાં સમગ્ર દુનિયામાં ૯૦ ટકા ઉત્પાદન કરતું કોઈ રાજય હોય તો એ ગુજરાત રાજય છે. અને એની અંદર લાખ લાખ અભિનંદન આપવાનું મન થાય છે. તેલીબીયાના પાક દિન પ્રતિદિન ઘટ્યું હોય તો કેન્દ્રની પૉલિસીના કારણે ઘટ્યું છે. પામ ઑઈલ વિદેશમાંથી આયાત કરવામાં આવે છે એના કારણે કરીને ખેડૂતો અત્યારે તેલીબીયાના પાક ઉત્પાદન કરતાં બંધ થઈ ગયા છે. આજે ગુજરાતના ખેડૂતો જોવા જઈએ તો બટાકા ક્ષેત્રે, કપાસ ક્ષેત્રે અને બાગાયત ક્ષેત્રે દિન પ્રતિદિન વિસ્તાર વધારતા થયા છે. આવતી કાલે ગુજરાતમાં જે રીતે કૃષિ પેદાશોનો વધારો થઈ રહ્યો છે એ પ્રમાણે જોતા આવતી કાલે સમગ્ર દેશને અનાજ પૂરું પાડતું સ્ટેટ પણ થશે. દેશને આ રાજય છે એ ૨૪.૪૪ ટકા ખાદ્ય પદાર્થોમાં પૂરું પાડે છે. ગુજરાતના આ નાના, સિમાન્ત અને જમીન વિહોણા ખેત મજૂરો માટે, આર્થિક ઉપાર્જન માટે સચોટ વિકલ્પ તરીકે પશુપાલન અને દૂધનો વ્યવસાય બન્યો છે. એમાં સમગ્ર ભારતમાં સૌથી વધારે દૂધ ગુજરાત, આજે મારે આ ગૃહ સમક્ષ આંકડા આપવા છે. ગુજરાતની ૭.૮૪ લાખ માતાઓ આ દૂધ વ્યવસાય અને પશુપાલન ક્ષેત્રે જોડાયેલ છે. ભારતમાં નં.૧ છે. દાતરડાના હાથા ઉપર સ્વમાનભેર, ગૌરવભેર એના પરિવારનો જીવન નિર્વાહ કરે છે. ગુજરાત રાજયની ગીર અને કાંકરેજી ગાય ગુજરાત રાજયની એક ઓળખ છે. ગુજરાત રાજયની સુરતી, જાફરાબાદી અને મહેસાણી ભેંસ એ પણ ગુજરાત રાજયની ઓળખ છે.

**અધ્યક્ષશ્રી** : આપની પાસે બે મિનિટનો સમય છે.

**શ્રી વસંતકુમાર પ. ભટોળ** : માનનીય અધ્યક્ષશ્રી, મને ત્રણ વિષય આપવામાં આવ્યા છે. મારી આપને વિનમ્રતાપૂર્વક વિનંતી છે કે બે-ત્રણ મિનિટ મને વધારે આપશો. ગુજરાત રાજયની ગીર અને કાંકરેજી ગાય તેણે આજે દેશ અને દુનિયામાં નં.૧ તરીકે પ્રસિદ્ધિ પ્રાપ્ત કરી છે. મનુષ્યમાં જીવ હોય છે તેમ પ્રાણીમાં પણ જીવ હોય છે. માનવીને વેદના કે તકલીફ થાય ત્યારે તે બોલી શકે છે, સમજી શકે છે પણ જ્યારે પ્રાણીને વેદના અને તકલીફ થાય છે ત્યારે તે સમજી શકતું નથી. આ ગુજરાતની સરકાર પ્રાણીની વેદના પણ સમજે છે એ બદલ માનનીય મુખ્યમંત્રીશ્રી અને કૃષિમંત્રીશ્રીને લાખ લાખ અભિનંદન આપું છું, કારણ કે આખા હિંદુસ્તાનમાં સૌથી વધારેમાં વધારે ચિકિત્સક, જો કોઈ કૃષિ મેળા કર્યા હોય, આ પ્રાણીઓને માટે જીવદયાનું કામ કર્યું હોત તો આ સરકારે કર્યું છે, એના મોતિયાના ઑપરેશન અને નવતર પ્રયોગો કરીને. માનનીય મુખ્યમંત્રીશ્રીનું સ્વપ્ન, હમણાં જે એનીમલ હોસ્ટેલની વાત ચાલતી હતી. સાબરકાંઠામાં એનીમલ હોસ્ટેલ, તેનું બાંધકામ પણ ચાલુ થઈ ગયું છે. દેશ અને દુનિયામાં દૂધ ઉત્પાદન ભારત ક્ષેત્રે નં.૧ છે. ૧,૦૮,૪૬૩ મેટ્રીકટન જ્યારે ઉત્પાદન થાય છે તેમાં ગુજરાતનું

ઉત્પાદન છે ૮,૩૮૬ મેટ્રીકટન. સમગ્ર એશિયામાં ગુજરાતમાં સૌથી વધારેમાં વધારે દૂધ ઉત્પાદન કરતું આ ગુજરાત રાજયનું છેવાડાનું ગામ, એ બનાસકાંઠા જિલ્લો સમગ્ર એશિયામાં નં.૧ ઉત્પાદન કરી અને ત્યાંના ખેડૂતોએ ક્રાંતિ કરી છે. ૧૨મી પંચવર્ષીય યોજનાની અંદર આ ૧.૭૫ લાખ કરોડનો ટોટલ વ્યવસાય હતો, તેમાં ગુજરાતનો દૂધ વ્યવસાય સહકારી ક્ષેત્રે લગભગ ૧૫ હજાર કરોડ અને પ્રાઈવેટ ક્ષેત્રે ૪ હજાર કરોડનો થાય છે. ગુજરાતના પશુપાલકોએ ઉત્પાદિત કરેલ દૂધ અને તેની ગુણવત્તા આજે સમગ્ર હિંદુસ્તાનમાં પ્રચલિત છે અને અહીંથી જે ગુજરાતના ખેડૂતોએ દૂધ ઉત્પાદન કર્યું છે એ સમગ્ર ભારતમાં જાય છે. આખી દુનિયામાં સૌથી વધારેમાં વધારે દૂધ કોઈ ખાતું હોય તો એ દિલ્હી ખાય છે અને દિલ્હીમાં જે દૂધ છે તેમાંથી ૩૦ લાખ લિટર દૂધ ગુજરાતનું થાય છે. માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે તેમાં સૂર પુરાવીને મારું વક્તવ્ય પૂરું કરું છું.

**શ્રી રમણલાલ ના. પાટકર (ઉમરગામ)** : માનનીય અધ્યક્ષશ્રી, આજની માગણી નં.૨ થી ૬માં હું મારું અનુમોદન આપીને મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારે બે વિષય પર બોલવાનું છે. સહકારમાં શુગર ફૅક્ટરી અને મત્સ્ય ઉદ્યોગ. દક્ષિણ ગુજરાત અને સમગ્ર ગુજરાતમાં શુગર ઉદ્યોગ એ ખૂબ મહત્ત્વનો ઉદ્યોગ છે. સહકાર સાથે જોડાયેલો અને લાખો લોકોને રોજી પૂરી પાડતો આ ઉદ્યોગ છે. શુગર ફૅક્ટરી ઉભી કરવી હોય તો નાણાકીય વ્યવસ્થા આ પ્રકારની છે. ૬૦ ટકા મંડળ અન્ય નાણાકીય સંસ્થાઓ પાસેથી મેળવે છે. ૩૦ ટકા સરકાર ટર્મ લોન તરીકે આપે છે અને ૧૦ ટકા રકમ સભાસદો પાસેથી શેર લોન તરીકે આપણે ઉભી કરીએ છીએ. ગુજરાતમાં લગભગ કુલ ૩૭ જેટલી શુગર ફૅક્ટરીઓ નોંધાયેલી છે. તે પૈકી આજે ૧૮ ફૅક્ટરીઓ કાર્યવંત છે અને તેમાં નાના અને સિમાન્ત જે પૂર્વ પટ્ટી પહાડી વિસ્તારમાં રહેતા અમારા આદિવાસી ભાઈઓ છે તેઓ ખેતરમાં શુગર કાપવાનું કામ કરે છે અને કમસેકમ સાડાચાર લાખ લોકો એમાંથી રોજગારી મેળવે છે. એક ટન શુગર કાપવા પાછળ એને ૧૬૫ રૂપિયા શુગર ફૅક્ટરીઓ ચૂકવે છે. આદિવાસી ક્ષેત્રમાં શુગર ફૅક્ટરીને કારણે ખેડૂતોને ખૂબ મોટી રોજગારીની તકો ઉભી થઈ છે. આજે શુગર ફૅક્ટરીના શુગરના જે ટનના ભાવ છે એ કમસેકમ ગયા વખતે ૨૮૦૦ રૂપિયા સુધી એક ટનના આપવામાં આવ્યા હતા. એક એકર શુગર કેન કરો તો સ્વાભાવિક રીતે ૪૦થી ૫૦ ટન થાય અને આ રીતે ખેડૂતોને તેમાં ખૂબ મોટી આવક થતી હોય છે. મારા સામાવાળા મિત્રો એમ કહે છે કે, કેટલી સુગર ફૅકટરીઓ ફડચામાં ગઈ છે? અવ્યવસ્થાના કારણે એમ બની શકે છે. પણ આપણે જાણીએ છીએ કે, હજારો સભાસદો સાથે ચાલનારી આ સંસ્થા હોય ત્યારે સ્વાભાવિક રીતે જ નાણાકીય વ્યવસ્થા બરાબર ન હોય તો એ સુગર ફૅકટરી બંધ થશે. દક્ષિણ ગુજરાત અને અમારો વિસ્તાર ભૌગોલિક દૃષ્ટિએ આદિવાસી ક્ષેત્ર છે. ચાર તાલુકા દમણગંગા સુગર ફૅકટરી ઉમરગામની ટ્રાયબલ તાલુકાની અંદર આવેલી છે. એ દમણગંગા સુગર ફૅકટરી સાથે ૧૯૦૦૦ સભાસદો જોડાયેલા છે. એમાં ૮૫ ટકા જેટલું કામ થયેલું છે. માનનીય સહકાર મંત્રીશ્રી અને સરકારને મારી વિનંતી છે કે, આ બાબતે વિશેષ ધ્યાન આપે અને આ સુગર ફૅકટરી ચાલુ થાય તો આ આદિવાસી વિસ્તારની કાયાપલટ થશે. એવી અપેક્ષા રાખું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મત્સ્ય ઉદ્યોગ ઉપર મારે વિચારો રજૂ કરવા છે. મત્સ્ય ઉદ્યોગ એ આપણા ૧૬૦૦ કિ.મી.ના દરિયા કિનારા સાથે સંકળાયેલ ઉદ્યોગ છે. એમાં ત્રણ પ્રકારનો બીઝનૅસ થાય છે. એક છીછરા દરિયાની અંદર અમુક સમયે બૂમલા તરીકે મચ્છી આવે છે. એને કમસેકમ બે કલાકની અંદર ખલાસીઓ છીછરા દરિયામાં જાય છે અને નાના મછવા દ્વારા માછલીઓ પકડે છે. નાની બોટો દ્વારા આ મચ્છી પકડવાનો ધંધો થાય છે. જ્યારે મોટી બોટોનું આપણે ત્યાં રજીસ્ટ્રેશન થયેલ છે. એવી ૨૨૫૬૪ જેટલી મત્સ્યોદ્યોગ બોટો આવેલી છે અને આપણા ૪૪ બંદરો છે એ પૈકી ૨૬ બંદરો ઉપર આ મચ્છી પકડવાનો હજારોની સંખ્યામાં માછીમારો ધંધો કરે છે. માછીમારીના કારણે ગુજરાત સરકારને કેટલી આવક થાય છે? છેલ્લા ચાર વર્ષમાં કેટલી આવક થઈ? મચ્છી પકડવાના છેલ્લા ચાર વર્ષના આંકડા મારી પાસે છે. એમાં ચાર વર્ષમાં ખૂબ જ મોટા પ્રમાણમાં મચ્છી પકડવામાં આવી છે. એમાં ૨૦૦૬-૦૭ની અંદર ૭.૫૩ લાખ મૅટ્રિક ટન, ૨૦૦૭-૦૮ની અંદર ૭.૫૯ મે.ટન, ૨૦૦૮-૦૯માં ૭.૬૫ મે.ટન, ૨૦૦૯-૧૦માં ૭.૭૧ મે.ટન અને ટોટલ ૧,૮૩,૭૮૦ મૅટ્રિક ટન મચ્છી પકડવામાં આવી છે. એના કારણે ચાર વર્ષમાં આવક કેટલી થઈ? એના કારણે આપણી આવક રૂ.૫૭૩૨.૦૪ કરોડ થઈ છે. આ રીતે આ ધંધા સાથે સ્વાભાવિક રીતે સરકારને મોટું હૂંડિયામણ મળતું હોય છે એ એના આશીર્વાદ છે. આ ધંધા સાથે સંકળાયેલ કામદારો છે એ માછીમારો છે. એમને આપણે રક્ષણ શું આપી શકીએ? આપણે ઇતિહાસની અંદર જોઈએ છીએ કે, દરિયાની અંદર પાકિસ્તાન સરહદ વિસ્તારની અંદર સીમા હદ ન જોઈ શકવાના કારણે પાકિસ્તાન બૉર્ડર ઉપર તેઓ ચાલી જાય છે અને તેમને પકડવામાં આવે છે. આ પકડાયેલા ખલાસીઓને જેલમાં પૂરવામાં આવે છે. આવા ખલાસીઓ માટે ગુજરાત સરકારે છેલ્લા ચાર વર્ષથી યોજના બનાવી છે. જે દિવસથી ખલાસીભાઈ પકડાઈ જાય તે દિવસથી છૂટે ત્યાં સુધી પર દિવસે રૂ.૫૦/- લેખે વેતન આપવામાં આવે છે અને આ રીતે આપણા ગુજરાતના ૧૮૨૮ જેટલા ખલાસીઓ અત્યાર સુધીમાં પકડાયા છે અને એમને ગુજરાત સરકારે રૂ.૩.૫૮ કરોડ રૂપિયાનું વળતર ચૂકવવામાં આવ્યું છે. અત્યારે કેન્દ્ર સરકારની નીતિના કારણે મોંઘવારી વધી ગઈ છે. એટલે આ વળતરમાં વધારો કરવામાં આવે એવી મારી વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, છીછરા દરિયા કિનારાની જમીનને ખાજમ કહે છે, આ ખારપટની જમીનમાં ઝીંગા ઉછેરવાનો ખૂબ મોટો ધંધો ચાલી રહ્યો છે. આ ઝીંગા ઉછેરના તાલીમ કેન્દ્રો પોરબંદર અને ઉમરગામ તાલુકામાં આવેલ છે. ત્યાં માછીમારો સ્પેશિયલ ટ્રેનિંગ આપવાનો બીઝનૅસ ચાલે છે. આ તાલીમ લીધા પછી એને ઝીંગા ઉછેર માટે જગ્યા આપવામાં આવે છે. એમાંથી સરકારને ખૂબ મોટી આવક થાય છે. એના આંકડા મારી પાસે મોજૂદ છે. આંકડાની દૃષ્ટિએ જોઈએ તો કરોડો રૂપિયાનું હૂંડિયામણ એમાંથી મળે છે. મચ્છી ઉછેર અને બીજ ઉત્પાદન માટે પૂર્વ પટ્ટીની અંદર આપણા જળાશયો, ખેત તલાવડી, નદીઓ અને તળાવો છે એમાં બીજ નાખવામાં આવે છે અને લોકોને એમાંથી ફાયદો થાય છે. માછીમારી સાથે સંકળાયેલ લોકોને આપણે કેવી રીતે સહાય આપીએ છીએ. એક-દરિયાની અંદર લાપત્તા બનેલા ખલાસીને ૨.૫ વર્ષ પછી સરકાર એને લાપત્તા તરીકે જાહેર કરે છે અને એને એક લાખ રૂપિયાની સહાય આપે છે. એની વિધવા પત્નીને મરણનો દાખલો મળ્યા પછી વિધવા પેન્શન આપવામાં આવે છે. ત્યાર પછી જે કંઈ એમની સાથે સંકળાયેલા છે, એની બોટ કોઈ અકસ્માતમાં ગુમ થઈ જાય તો એમાં પણ આપણે વળતર તરીકે આપીએ છીએ, કોઈક વાવાઝોડાની અંદર જોખમ આવે તો ૨૦હજાર રૂપિયા સુધીની સહાય આપીએ છીએ. નેટ ગુમ થઈ જાય તો ૨૦હજાર રૂપિયાની સહાય આપીએ છીએ, આ રીતે મત્સ્યોદ્યોગ વિભાગ દ્વારા નાના માછીમારોને અને મોટાઓને પણ આપણે સારી એવી મદદ કરીએ છીએ, જે સહકારી મંડળીની અંદર મચ્છીમારી સાથે જોડાયેલો હોય અને એને મોટી બોટ બનાવવી છે ૪૫-૫૦ લાખ રૂપિયાની તો એને કેન્દ્ર સરકારની NCDC યોજના દ્વારા એ દરખાસ્ત કરે તો એમાંથી પણ ઘણી બોટો બની શકે છે અને આ રીતે પોતાનો ધંધો વિકસાવી શકે છે.

**શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર (ભાદરણ)** : માનનીય અધ્યક્ષશ્રી, કૃષિ અને સહકાર વિભાગના માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે એમાં હું મારા વિચારો પ્રગટ કરવા ઉપસ્થિત થયો છું. અહીંયા ખેડૂતની વાત કરવામાં આવે, આ ખેતીપ્રધાન દેશ છે ૮૦ ટકા એવી વાતો કરવામાં આવે, પશુપાલનની વાતો કરવામાં આવે, મારે આજે ગુજરાતમાં જે ફળદ્રુપ જમીન પર જે કૃષિ ઉપજ લઈએ છીએ આપણે એ જમીનો આજે રહી નથી. કદાચ આવનારા દિવસમાં ખેડૂતો નહીં રહે પણ કદાચ ખેતમજૂર રહેશે આ ગુજરાતમાં. મારે ડેરી ઉદ્યોગ વિશે થોડીક વાત કરવી છે. કે ગુજરાતમાં અમૂલ જેટલા લગભગ બાર સંઘો આવેલા છે. ૩૦ લાખ જેટલા સભાસદો છે દરરોજનું ૮૦ થી ૯૦ લાખ લીટર જેટલું દુધ આ ગુજરાતમાં એકત્ર થાય છે. હમણાં કેન્દ્ર સરકારના નાણામંત્રીશ્રી પ્રણવ મુકરજીએ જે આર્થિક સર્વેક્ષણની વાત કરી એમાં ૩૫ લાખ મેટ્રીક ટન પર એક દિવસનું દુધ આવે છે. આવનારા દિવસમાં આવી ૬૦ થી ૬૫ લાખ મેટ્રીકટન દુધની જરૂર પડશે આ દેશમાં. એની પર ખૂબ ઊંડાણથી એમણે વિચાર કર્યો. કરોડો રૂપિયાનું બજૅટ કૃષિ ક્ષેત્રે કેન્દ્ર સરકારે આપ્યું છે. માનનીય મંત્રીશ્રીએ વાત કરી કે ૩૦ કરોડ રૂપિયા સૌરાષ્ટ્રમાં આપણે આપવાના છે. મારે કેન્દ્ર સરકારને અભિનંદન એટલા માટે આપવા છે કે આજથી બે-પાંચ વર્ષ પહેલા આપણે કેનમાં દુધ લાવતા હતા. ૩૦ ટકા દુધ બગડી જતું હતું, પણ કેન્દ્ર સરકારે સમગ્ર ગુજરાત નહીં સમગ્ર દેશનું આ વિલેજ યુનીટ સેન્ટર બલ્ક કુલર આપવાની સો ટકા જાહેરાત કરી છે. અને મંત્રીશ્રી દુધ વિશે કંઈક કહેશે, મને પોતાને આશા છે કારણ કે એ મારા કરતા ખૂબ વડીલ છે. સહકારી માળખાની આપણે વાત કરીએ છીએ. અમારા રાજય સરકારના સહકાર મંત્રી માજી હતા અમારા જિલ્લામાં, માનનીય મંત્રીશ્રી જાણે છે. ૧૨૦ કરોડ રૂપિયા જેટલા ખોટી રીતે કોન્ટ્રાકટરને ચૂકવી દીધા, ૩ મહીના થયા, એફ.આઈ.આર. થયા પણ પકડયા નથી. સહકારની વાત, સહકારી માળખું તૂટવા બેઠું છે. નારણકાકાએ વાત કરી કેન્દ્ર સરકાર કંઈ આપતી નથી આપણને. કેન્દ્ર સરકાર કંઈ સપના બતાવે છે. નારાયણકાકાના નેતૃત્વ નીચે અમે દિલ્હી મુકામે ગયા હતા કે માર્કેટ યાર્ડમાં ઈન્કમટેકસ લેવાય છે. અમે અડવાણીજીને પણ મળ્યા હતા પણ સાહેબ, નારણકાકાને મારે યાદ કરાવવું છે કે અમે અહેમદ પટેલને મળ્યા હતા અને દિલ્હીથી ગુજરાતમાં પાછા આવતા પહેલા ઈન્કમટેકસ માફ થઈ ગયો. નારણકાકા તો અહીંયા મોજુદ છે. અહીંયા પશુધનની વાત કરીએ છીએ આપણે કે પશુધન બચાવવું છે. પશુધન બચાવવા માટે આપણે શું કરવું પડશે? જેમ આર્થિક સર્વેક્ષણમાં સર્વેક્ષણમાં ૩૫ લાખ મેટ્રીકટન દુધની વાત કરી. ગુજરાત-અમુલ એ આખા વિશ્વમાં ફેમસ છે. માનનીય મુખ્યમંત્રીશ્રીએ ચાર-પાંચ દિવસ પહેલા ઈન્ડીયા ટુડે કોન્કલેવમાં એમનો એક ઈન્ટર્વ્યુ હતો એમાં કીધું કે સીંગાપુરમાં રહેતો માણસ જ્યારે ચા પીવેને તો અમૂલ દેખાય, ચીઝ ઉપરનું કવર ખોલેને તો અમૂલ દેખાય. મારે માનનીય મુખ્યમંત્રીશ્રીને કહેવું છે કે કોંગ્રેસે કંઈ કર્યું નથી, કોંગ્રેસ કશું કરતી નથી પણ કોંગ્રેસે આ અમૂલ જેવાનો પાયો નાખ્યો છે. (સમયસૂચક ઘંટડી) માનનીય મુખ્યમંત્રીશ્રી આજે જાહેરાત કરે, માનનીય મંત્રીશ્રી જાહેરાત કરે કે પશુ ક્ષેત્રે આપણે આગળ વધવું છે. (અંતરાય) મારા બહુ વડીલ છે. દૂધમાંથી બનતી પ્રોડક્ટ ઉપર જે વેટ લાગે છે એ ગુજરાત સરકાર માફ કરે. બીજું કંઈ નહીં તો એ કરે તો ખેડૂતોને સીધો ફાયદો થશે. મારે કેટલ ફીડ વિશેની વાત કરવી છે. આજે મોલાસિસ ઉપર ટેક્સ છે, માનનીય નાણામંત્રીશ્રી અહીં બેઠા છે અને એમણે ૧૭મી વખત બજૅટ રજૂ કર્યું છે તો મોલાસિસ ઉપર સેલ્સ ટેક્સ છે એ માફ કરે તો ખેડૂતોને ઓછા ભાવે દાણ આપી શકીએ એમ છે. આ વ્યક્તિગત વિચારો છે એને સામૂહિક વિચારો કરવા પડશે. આ કોઈ મારા એકલાના વિચારો નથી. ખેડૂતલક્ષી વાત કરીએ છીએ અને ૮૦ ટકા ખેડૂતપ્રધાન દેશ છે ત્યારે એમાં આપણે બધાએ સહયોગ અને પુરુષાર્થ આપવો પડશે અને જેટલું બને એટલું ખેડૂતો વિશે આગળ વધીએ, પશુ વિશે આગળ વધીએ અને સારામાં સારી દૂધની પ્રોડક્ટો

બનાવીએ. આજે વિશ્વમાં અમૂલનું નામ છે એ નામ હજી આગળ વધે એવા પ્રયત્નો કરીએ. મને આ ગૃહે શાંતિથી સાંભળ્યો તે બદલ ગૃહનો આભાર માની મારી વાત પૂરી કરું છું.

**શ્રી ભગવાનભાઈ ધા. બારડ(તાલાળા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કૃષિ મંત્રીશ્રી સહકાર અને કૃષિની જે માગણીઓ લઈને આવ્યા છે એની અંદર મારા વિચારો રજૂ કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય) નીતિનભાઈ, મારે ટ્યુશન રાખવાની જરૂર નથી કારણ કે મારા લોહીમાં છે. કૃષિ અને સહકાર વિશે હમણાં મારા ભારતીય જનતા પક્ષના સાથી મિત્ર ભાઈશ્રી જેઠાભાઈ ગાયો અને ભેંસોની બહુ સારી વાત કરતા હતા. હું એમને અભિનંદન આપીશ જો સરકારમાં એની અમલવારી કરાવે તો. એટલા માટે કહું છું કે આ હાઉસમાં વારંવાર મેં માગણીઓ ઉપર સરકારનું ધ્યાન દોર્યું છે છતાં આજની તારીખ સુધી અમલવારી નથી કરી. એટલે જેઠાભાઈ જે બોલ્યા છે કે ૨.૫૦ લાખની ભેંસ અને એક લાખની ગાય, જેઠાભાઈ આ વળતર ખેડૂતોને અપાવો તો હું મારા વિસ્તારમાં તમને લઈ જઈને તમારું સ્વાગત અને બહુમાન કરીશ. વારંવાર માગણી કર્યા પછી પણ હવે તો અમારે ત્યાં તો એવું બન્યું છે કે રાત્રિના પાણી વાળવા જાય તો દીપડો હુમલો કરે અને માણસને મારી નાખે અને દિવસે ખેડૂત ખેતરમાં કામ કરવા જાય તો સિંહ મારી નાખે અને સરકાર એમને વળતર આપે એક લાખ રૂપિયા. આજે માણસની કિંમત આ સરકારમાં એક લાખથી વધારે નથી એટલા માટે યાદ અપાવું છું. ખેડૂતના દીકરા જે બજૅટ લઈને આવ્યા છે, અમારી બાજુના જિલ્લાના છે. મારે બે-ત્રણ વાતો એમના ધ્યાન ઉપર મૂકવી છે. સહકારની ભાવનાની વાતો કરીએ, ખેડૂતોની વાતો કરીએ ત્યારે ખેડૂતના દીકરા તરીકે હું પણ જે વાત કરવા ઊભો થયો છું એ સત્ય વાત કરવા માટે ઊભો થયો છું, નહીં કે રાજકારણ કરવા માટે. કારણ કે રાજકારણ ક્યારેય કરતાં આવડતું નથી. રાજનીતિના ભાગ તરીકે હું અહીંયા આવ્યો છું અને નીતિના ભાગ તરીકે હું વાત કરું છું. મારા વિસ્તારની અંદર ખાંડ ઉદ્યોગ ફેકટરી તલાલામાં આવેલ છે. નાબાર્ડ અને કેન્દ્ર સરકાર દ્વારા ટૂંકાગાળાની ઓછા વ્યાજની લોનનો એક પરિપત્ર જ્યારે ફેકટરીને મળે અને એમાં રાજ્ય સરકારને એમની દરખાસ્ત મોકલવાની હોય ત્યારે એ તલાલા ખાંડ ઉદ્યોગ ફેકટરી ઓછા વ્યાજની લોનની દરખાસ્ત જ્યારે રાજ્ય સરકારને મોકલે...(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : વિરામનો સમય થયો છે. સભાગૃહ બપોરે ૩-૧૫ વાગ્યે ફરી મળશે. માનનીય સભ્યશ્રીનું પ્રવચન ચાલું રહેશે.

**વિરામ બપોરના ૨-૩૦ થી ૩-૧૫**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષ સ્થાને**

**શ્રી ભગવાનભાઈ બારડ (ક્રમશ:)** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી સહકારની માગણીઓ લઈને આવ્યા છે, મારા વિસ્તારની અંદર તાલાળા સુગર ફૅકટરી આવેલ છે અને એ સુગર મિલે કેન્દ્ર સરકારની જે નાબાર્ડ યોજના નીચે તા.૨૬/૫/૨૦૦૭ નાં રોજ પત્ર લખીને ઓછા વ્યાજની લોન માટે ૧૩.૯૫ કરોડની માગણી કરવામાં આવી હતી. આજની તારીખ સુધી એ માગણીનો કોઈ જવાબ નથી મળ્યો અને એ માગણી કયા કારણોસર નામંજૂર કરવામાં આવી છે એ પણ નથી જણાવ્યું એટલે માનનીય મંત્રીશ્રી આ વાતની અંદર થોડુંક ગંભીરતાપૂર્વક વિચારીને આ ફૅકટરીના સભાસદો છે એ ખેડૂતો છે એ વાતનો વિચાર કરીને બીજી કંપનીઓને, ફૅકટરીઓને લોન આપવામાં આવી છે પણ તાલાળા સુગર ફૅકટરીને લોન નથી આપવામાં આવી તો એના કારણો બતાવે અને વહેલામાં વહેલી તકે એ લોનની દરખાસ્ત કેન્દ્ર સરકારને મોકલી આપે એવી વિનંતી કરું છું. બીજું માનનીય મંત્રીશ્રીને મારે એ જણાવવું છે કે મોટા બંદરોને જ્યારે આપણે આટલું બધું પ્રોત્સાહન આપીએ છીએ ત્યારે મારા વિસ્તાર અને દરિયાઈ પટ્ટીના નાના બંદરો આવેલા છે એ જે ફિશરમેન માટેના બંદરો છે જેને ફિશરીઝ હાર્બર જેટી કહેવામાં આવે છે. એ જેટીઓની માગણી આપણે ઘણાં સમયથી અમે લોકો કરતા આવ્યા છીએ પણ આજની તારીખ સુધી એ વિસ્તારના નાના બંદરો આવેલા છે તેની દરખાસ્તો સરકારમાં મોકલવામાં નથી આવી તો એ પણ વહેલામાં વહેલી તકે મોકલી આપે એવી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે નાના બંદરોને પ્રોત્સાહન આપવા માટે એ દરખાસ્ત ઉપર કેન્દ્ર સરકારમાં મોકલે એવી વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ડિઝલની અંદર સબસિડી ફિશરમેનોને આપવામાં આવતી હતી એ સબસિડી પણ રાજ્ય સરકારે બંધ કરી દીધી છે તો એ પણ ચાલુ કરવામાં આવે અને નાના ફિશરમેનોને એમાં પૂરેપૂરો લાભ મળે. કૃષિની અંદર મેં હમણાં જે વાત કરી એ પ્રમાણે માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે જે વિભાગને લાગતું હોય તે વિભાગને ભલામણ કરીને મારા વિસ્તારની અંદર દિવસનો થ્રીફેઈઝ પુરવઠો આપવામાં આવે તો ખેડૂતોને વન્ય પ્રાણીઓથી નુકસાન થાય છે એ ઓછું થાય. કારણ કે હમણાંજ મારા વિસ્તારમાં સિંહે એક બહેનને મારીને એનું મારણ નાંખ્યું, એવા ગંભીર પ્રકારના બનાવો મારા ગીર પડોશ વિસ્તારમાં બને છે તો બંને વિભાગને મારી વિનંતી છે. કૃષિ અને માનનીય મંગુભાઈને પણ મારી વિનંતી છે દિવસનો થ્રીફેઈઝ પાવર પુરવઠો મારા વિસ્તારના ગીર પડોશના ખેડૂતોને મળે એટલી હું વિનંતી કરું છું. આ વાત માનનીય મંત્રીશ્રી બહુ વિચારીને આની અમલવારી કરે કારણ કે આ જે મેં વાત કરી છે એ ખેડૂતના હિતની વાત છે, ખેડૂતના દીકરા તરીકે વાત કરી રહ્યો છું, સત્ય હકીકતથી વાત કરું છું તો આની અંદર કોઈ પણ સરકાર હોય એ સરકારની ફરજના ભાગરૂપે પણ ખેડૂતોને અન્યાય અને નુકસાન ના થાય એવી સંસ્થાઓમાં અને ખેડૂતને ખેતીવાડીની અંદર પણ એમને પૂરતો લાભ મળે એ

માટે માનનીય મંત્રીશ્રીને હું ફરી વખત વિનંતી કરું છું. આ જે બનાવ બને છે એની અંદર રકમ ચૂકવવા માટેના જે ધારાધોરણ છે એ ખૂબ ઓછા છે તો એની અંદર પણ માનનીય કૃષિ મંત્રી વિચાર કરીને એના અંદર પણ થોડો વધારો કરે. કારણ કે ૭૦૦૦ દૂધાળા પશુના, ભેંસના ૧૦,૦૦૦ આ હાઉસમાં ૨.૫૦ લાખ સુધીના ભાવ ભારતીય જનતા પાર્ટીના સભ્યએ કબૂલીને કરતા હોય છે ત્યારે આની અંદર સરકારશ્રી વિચારીને વધારો કરે એવી માનનીય કૃષિ મંત્રીશ્રીને અને સરકારશ્રીને વિનંતી કરું છું. ફિશરમેનની પણ મેં જે વાતો કરી છે એની અંદર ગંભીરતાપૂર્વક વિચાર કરીને ડિઝલની અંદર સબસિડી અને નાના બંદરો આવેલા છે એની અંદર જેટીઓ બનાવવા માટે પણ સરકાર, કારણે એમાં કેન્દ્ર સરકાર રૂપિયાની મંજૂરી આપે છે તો એની અંદર વહેલી તકે દરખાસ્તો મોકલી આપવામાં આવે અને એની અંદર પણ વહેલામાં વહેલી તકે અમલવારી થાય એટલી આપના મારફત સરકારશ્રીને અને માનનીય કૃષિમંત્રીશ્રીને હું વિનંતી કરી મારી વાત જે શાંતિથી સાંભળવા બદલ આપ સૌનો આભાર વ્યકત કરી મારી વાત પૂરી કરું છું.

**શ્રી અનિલકુમાર અ. માળી (દીઓદર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી કૃષિ વિભાગની જે માગણીઓ લઈને આવ્યા છે તેને સમર્થન કરવા અને તેમાં મારા વિચારો વ્યક્ત કરવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, એક વખત આ ગુજરાતની ઓળખ એક વેપારી રાજય તરીકે હતી, એક ઔદ્યોગિક રાજય તરીકે હતી પરંતુ આ અગાઉ ઓળખમાં કોઈ જગ્યાએ કૃષિનું નામોનિશાન નહતું. દેશમાં જ્યારે કૃષિની વાત આવે ત્યારે પંજાબની વાત આવે, પંજાબનું નામ આવે, હરિયાણાનું નામ આવે અન્ય રાજયોના નામો આવે પણ ગુજરાતનું નામ ન હોય. ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર અને આદરણીય નરેન્દ્રભાઈ મોદીના શાસનમાં આવ્યા પછી આ સરકારે ખેડૂત લક્ષી યોજનાઓ કરી ગુજરાતને કૃષિ ક્ષેત્રે એક મોટી હરણ ફાળ ભરી. ૯,૦૦૦/- કરોડથી લઈ અને ૪૯,૦૦૦/- કરોડનું ઉત્પાદન ગુજરાતે હાંસલ કરી અને સમગ્ર દેશમાં નંબર વન કૃષિ ક્ષેત્રે નામ મેળવ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મુખ્ય મંત્રીશ્રી આદરણીય નરેન્દ્રભાઈ મોદી સાહેબ અને કૃષિ મંત્રીશ્રી આદરણીય દિલીપભાઈ સંઘાણી સાહેબને આભાર સાથે અભિનંદન આપવા છે કે, તેઓની ખેડૂતો પ્રત્યેની સાચી લાગતી અને ખેડૂત લક્ષી નીતિઓના કારણે અને સચોટ આયોજન કરી ગુજરાતનો ખેડૂત એ દેશની અંદર અન્ય રાજયોના ખેડૂતો કરતાં સવાયો સાબિત થયો છે. માત્ર ને માત્ર ગુજરાત રાજયની આ કાબેલ નીતિના કારણે ગુજરાતનો ખેડૂત પૂરા દેશમાં માર્ગદર્શન આપતો બન્યો છે. આપણા રાજયમાં અગાઉ ખેડૂતો એટલે માંડ માંડ પોતાના પરિવારનું ભરણપોષણ કરતો ગરીબ ખેડૂત તેવી એક છાપ હતી. આજે ગરીબ ખેડૂત નહીં પરંતુ જગતના તાતની સાચી છાપ ગુજરાતનો ખેડૂત ધરાવતો થયો છે. અગાઉ ખેડૂત એવા દેવા તળે હતો તે વ્યાજેથી નાણા લે અને બિયારણ લાવે અને સિંચાઈની કોઈ સગવડ ઉપલબ્ધ ના હોવાના કારણે એ પણ ઊપજ ના મેળવી શકે અને દિન પ્રતિદિન એ વ્યાજના ખાડામાં ડૂબતો જાય અને પરિણામ માત્ર એ આવે કે છેલ્લે ખેડૂતને જમીન એના વ્યાજ અને મૂડી પેટે જમીન વેચી ખેડૂત બીચારો સામાન્ય ખેતમજૂર બની જતો. આજે ગુજરાતનો ખેડૂત એ સુખી, સમૃદ્ધ બન્યો છે, અન્ય રાજયોના ખેડૂતોને પણ માર્ગદર્શન આપનારો બન્યો છે ત્યારે આજે ગુજરાતનો ખેડૂત એ હાઈ-ટેક ખેતી તરફ વળ્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, પહેલા એક કહેવત હતી કે, " ઉત્તમ ખેતી, મધ્યમ વેપાર અને કનિષ્ઠ નોકરી". ખરેખર ગુજરાતના ખેડૂતે એ ખેતીને ફરી આજે પ્રસ્થાપિત કરી છે આ કહેવતને અને ખેતી ઉત્તમ છે એવું ગુજરાતના ખેડૂતે પુરવાર કર્યુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, અગાઉની સરકારો વખતે ખેડૂતો ખેતીથી કેમ દૂર જતા ? એ વાતમાં મારે નથી પડવું પણ ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર અને આદરણીય નરેન્દ્રભાઈ મોદીના શાસનમાં ખેડૂતો પ્રત્યેની, ખેતી લક્ષી નીતિઓના કારણે તમામ પ્રકારની સગવડો આજે ખેડૂતને મળે છે. માનનીય અધ્યક્ષશ્રી, હમણાં મારા સાથી મિત્ર કેન્દ્રની સરકારને અભિનંદન આપતા હતા ખેડૂતોની વાસ્તવિકતામાં મારે માનનીય અધ્યક્ષશ્રી, મારા વિસ્તારનો એક દાખલો આજે આપવો છે કે, મારા વિસ્તારની અંદર મારા દિયોદર, ભાભર અને વાવનો એક પટ્ટો મારા વિસ્તારમાં કચ્છ કેનાલમાં પસાર થાય છે. માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા વિભાગની આખી કેનાલનું કામ પૂરું કરી દીધું પણ એક રેલવેના નાળાના કારણે એ કચ્છ કેનાલમાં મારા સૂઈગામ અને રાધનપુર પટ્ટાના ખેડૂતો ક્યારથી લમણે હાથ દઈને બેઠા હતા કે, ક્યારે આ રેલવેના નાળા ઉપરથી કેનાલ પસાર થાય અને અમારા ખેતરોને પાણી મળે. માનનીય અધ્યક્ષશ્રી, રાધનપુરના ધારાસભ્ય, આદરણીય શ્રી શંકરભાઈ ચૌધરીનના નેતૃત્વમાં પાંચ હજાર ખેડૂતો અમે એક જગ્યાએ ભેગા થયા.રેલ્વે તંત્રને, કેન્દ્રને વારંવાર રજૂઆત કરી છતાંપણ ૨-૩ મહિના સુધી કોઈ પરિણામ ન આવ્યું. અંતે માનનીય શંકરભાઈ ચૌધરીના નેતૃત્વમાં જનઆંદોલન જીત્યું અને જયારે અમે ત્યાં ઉપવાસ ઉપર બેઠા ત્યારે રાતોરાત આ રેલ્વેની આડોડાઈવાળા અધિકારીઓ ત્યાં આવ્યા અને આઠ હજાર ખેડૂતોનો જે પ્રશ્ન હતો, ખેડૂતોનો જે આક્રોશ હતો એ જોઈ અને એક જ દિવસની અંદર ખેડૂતોના ખેતર સુધી પાણી આ આંદોલનથી મળ્યું. મારે એ વાત કરવી છે કે ગુજરાતમાં કૃષિ વિકાસ સાચી દિશામાં થાય અને એ માટે ખેડૂતોમાં જાગૃતિ લાવવા માટે આ ભારતીય જનતા પાર્ટીની સરકારે એક બે નહીં, સો-બસ્સો નહીં, હજારોની સંખ્યામાં કૃષિ મહોત્સવ કર્યા, કૃષિ શિબિરો કરી જેના થકી આ વિસ્તારના ખેડૂતોને, ગુજરાતના ખેડૂતોને એ માહિતી મળી કે કેવા પ્રકારે ખેતી થાય અને કેવા પ્રકારની ખેતીમાં કયું બિયારણ વાપરવું જોઈએ, કેવું ખાતર

વાપરવું જોઈએ, કેવી રીતે પાણી આપવું જોઈએ અને આજના આધુનિક જમાનામાં મારા વિસ્તારના ખેડૂતો ખેતી કરતા થયા છે. મારે એ પણ વાત કરવી છે કે ભારતીય જનતા પાર્ટીની સરકારની લાંબાગાળાની વ્યુહરચના અને ખેડૂતલક્ષી અભિગમના કારણે દસમી પંચવર્ષીય યોજના દરમિયાન ગુજરાતે કૃષિ, પશુપાલન સહિતના વિકાસ દરમાં એકંદરે ૧૦.૫૧ટકાનો રેશીયો હાંસલ કર્યો છે ત્યારે એક મહત્વની સિદ્ધિ એ પણ છે કે ૨૦૧૦માં ખાદ્ય પાકોનું ઉત્પાદન ૬૩.૫૦લાખ મેટ્રીક ટન, તેલીબીયા પાકોનું ઉત્પાદન ૩૦.૫લાખ મેટ્રીક ટન અને કપાસનું ઉત્પાદન ૧૦૪.૫૫લાખ આ વખતે ગાંસડી થવાનો અંદાજ છે ત્યારે ગુજરાતમાં ૩૦.૪૨ લાખ ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ તથા ૨૪લાખ ખેડૂતોને કિસાન ક્રેડીટ કાર્ડ આપવામાં આવ્યા છે. માનનીય મંત્રીશ્રી જે માગણી લઈને આવ્યા છે એને હું સમર્થન કરું છું.

**શ્રી મોહનસિંહ છો. રાઠવા (જેતપુર-પાવી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી કૃષિ અને સહકાર વિભાગની માંગણી નં. ૨, ૩, ૪, ૫, ૬ લઈને આવ્યા છે એના ઉપર મહત્વના સુચનો જ રજૂ કરવા માટે ઉભો થયો છું. ગુજરાત રાજયના ૨૬ જેટલા જિલ્લામાં ઉદ્યોગો માટે અનેક લાગણીઓ સરકાર ધરાવે છે અને ઉદ્યોપતિઓને લાખો એકર જમીન અને તમામ પ્રકારની સુવિધાઓ વીજળીની, પાણીની બધી સુવિધાઓ ગુજરાતમાં આપી છે. મારી લાગણી એટલી જ છે કે વડોદરા જિલ્લાના છોટા ઉદેપુર, જેતપુર, નસવાડી, કવાંટ, સંખેડા અને ડભોઈ એ તાલુકા માટે ૧૯૯૨-૯૩માં સ્વ. ચિમનભાઈ પટેલ હતા ત્યારે અમે બધા જ ભેગા મળીને અમારા વિસ્તારની એક સહકારી મંડળી, ખાંડ સહકારી મંડળી ઉભી થાય એટલા માટે અમે સખત મહેનત કરેલી અને લગભગ ૧૭૦૮૦ જેટલા સભાસદો બનાવીને આ મંડળીનું રજીસ્ટ્રેશન ૧૯૯૪માં કરાવ્યું હતુ. આ રજીસ્ટ્રેશન ૧૯૯૪માં કરાવ્યા પછી એ મંડળી લગભગ ૨૦૦૫-૦૬ અને ૨૦૦૭-૦૮ના વર્ષમાં એનું પિલાણ શરૂ થયું અને પ્રથમ જે પિલાણ શરૂ થયું અને ૧૯૯૮-૯૯ની કામગીરી શરૂ થઈ તે વખતે આના પ્રમુખ તરીકે માનનીય નાણામંત્રીશ્રી સનતભાઈ મહેતા તે વખતે એના અધ્યક્ષ હતા અને તે વખતે નિયામક મંડળની સ્થાપના કરેલી અને ૧૨૧ એકર જમીન એ સંખેડા તાલુકામાં આ સરદાર સુગર ફેકટરીના નામે લીધી હતી. હવે એટલું ઐતિહાસિક આ સરદાર સુગર ફેકટરી જે બની છે એ અનેક જુદા જુદા જયાં સુધી સનત મહેતા રહયાં ત્યાં સુધી બે વખત શેરડીનું પિલાણ થયું પછી સનત મહેતા બાદ બીજી વખતે જે એના મંડળીના પ્રમુખ તરીકે જેમની નિમણૂક થઈ એ ત્યાંના સ્થાનિક કાર્યકર *(xxxxx)એમની નિમણૂક થયા પછી આ મંડળીમાં તે વખતે જ ઓડીટરે કીધું હતું કે.આમાં જબરજસ્ત મોટી ગેરરીતિ છે. સાહેબ, અત્યાર સુધી ૫૪ કરોડ રૂપિયાની ગેરરીતિ આ મંડળીના અધિકારીઓએ કરી છે. તો ૫૪ કરોડની ગેરરીતિ કરનાર માણસોની સામે આ સરકાર કોઈપણ પગલાં ભરતી નથી અને આ ૧૭ થી ૧૮ હજાર જેટલા ખેડૂતો ૧૦-૧૦ વખત શેરડીનું પીલાણ જે વિસ્તારમાં થયું છે તે વિસ્તારની પ્રજાને થોડા ઘણા વધારે પૈસા આપીને પણ આ શેરડીનું કારખાનું ચાલુ રહે તેવી મારી માગણી છે. બીજું પણ ઉકાઈ પ્રદેશ સહકારી ખાંડ ઉદ્યોગ લિમિટેડ-ખુશાલપુરા એ ખુશાલપુરામાં અદ્યતન મકાન બંધાયેલ છે. એમાં ૨૨૦૦૦ જેટલા સભ્યો છે એમણે જે કઈ પૈસા આપવાના થાય તે આપીને તે આદિવાસી વિસ્તારોના ખાંડ ઉદ્યોગ ખુશાલપુરા આ વ્યારાની મંડળીને ચલાવવા મારી વિનંતી છે. બીજું ઉકાઈ અસરગ્રસ્તો માટે નવીન સુગર ફૅક્ટરી કરવા માટેની માગણી છે. ૨૦૦ જેટલા ગામ ઉકાઈ ડેમમાં ડૂબાણમાં ગયા, એટલે એ અસરગ્રસ્તો માટે આ નવીન સુગર ફૅક્ટરી બનાવવાની જે માગણી કરી છે, તે માગણીને મંજૂરી આપવા મારી ખાસ વિનંતી છે. બીજું એટલું જ કહેવાનું છે કે ખેતીવાડી ખાતામાં કેટલીક જુદી જુદી ઘણી યોજનાઓ છે, પણ એ યોજનાઓમાં જે ઑઈલ એન્જિન આદિવાસી ખેડૂતોને આપવામાં આવે છે, એનો ભાવ ૨૫૦૦૦ રૂપિયા છે અને ૩૪૦૦૦ રૂપિયા જે ઑઈલ એન્જિન આદિવાસી વિસ્તારમાં લોકોને આપવામાં આવે છે એમાં કયા કયા અધિકારીઓનો ભાગ છે એની પણ તપાસ કરે તેટલી મારી વિનંતી છે.

**શ્રી હરીલાલ મો. પટેલ (ધ્રાંગધ્રા)** : માનનીય અધ્યક્ષશ્રી, ખેતીવાડી સહકાર વિભાગની ચર્ચામાં મારા મંતવ્યો રજૂ કરું છું. રાઘવજીભાઈના પ્રશ્નમાં કમોસમી વરસાદથી ૩૩૧૨ કરોડ ૮૨ લાખનું ગુજરાતમાં નુકસાન થયું છે એવા ફિગરો આપેલા છે. આપણે બધા અહીયા કપાસની વાતો કરીએ છીએ. ૧ કરોડ ૨૫ લાખ ગાંસડી ગુજરાતમાં થઈ હતી. આ વખતે ૧ કરોડ પણ ગાંસડી ગુજરાતમાં થશે નહિ, એટલે ૨૫ લાખ ગાંસડીની અંદાજે કિંમત ૧૦,૦૦૦ કરોડ રૂપિયા થાય. મગફળીના પાકમાં ૫૦૦૦ કરોડનું નુકસાન છે. ચારો, જુવાર, બાજરી, કઠોળ એના પાકમાં કરોડો, અબજો રૂપિયાનું નુકસાન થયું છે. ઘાસચારો, શાકભાજીમાં ભયંકર નુકસાન થયું છે. ત્યારે આ ફિગર ૩૩૧૨ કરોડ તદન ખોટા છે. એવા ખોટા રિપૉર્ટ આપેલા છે. જે અધિકારીએ કરેલા છે એના ઉપર માનનીય મંત્રીશ્રી આપના મારફત સજા કરે તેવી વિનંતી કરું છું. આ એક કરોડ ગાંસડી કપાસની આ વર્ષે થઈ છે. એમાં ૨૦૧૨૫ લાખ ગાંસડી કપાસ મહારાષ્ટ્રમાંથી આવેલ છે, જે એની કિંમત થાય છે. ફિગર મોટી ગણાવાઈ છે. ૩ વર્ષ પહેલા કપાસનો ભાવ ૪૦૦ રૂપિયા હતો અને આજે ૧૪૦૦ રૂપિયા છે, એટલે કિંમત ઊલટાની વધારે થાય. આજે કપાસના ખેડૂતોએ મહેનત કરી છે. આપણે કોઈ પાવડો પછાડવા નથી ગયા. ખેડૂતોની મહેનતથી થયું છે. એનો જશ આપણે લઈએ છીએ. આ જશ લેવાનું બંધ કરો. બીજી વસ્તુ આ સહકાર શબ્દ છે. સહકાર ખાતામાં

* (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

એ સહકાર શબ્દમાં અમારા જેવા બધા કોંગ્રેસના જે માણસો છે એને બિલકુલ સહકાર નથી આપતા. સાહેબ, હું આપની આગળ અને માનનીય મંત્રીશ્રી કહે છે હું અત્યારે કહું છું એમને જવાબ જોઈતો હોય તો કોઈપણ સરકારમાં અંગ્રેજ શાસનમાં ન થયું હોય તેવો અત્યાચાર અમારા ઉપર થાય છે. મંત્રીશ્રીને ફિગર જોઈતો હોય તો હું આપીશ. જો આ ખોટો હોય તો જે સજા અધ્યક્ષશ્રી કરે તે મને મંજૂર છે. માનનીય અધ્યક્ષશ્રી, સાહેબ બોલવા દેજો, પહેલીવાર ઉભો થયો છું. સહકાર ખાતમાં માર્કેટીંગ યાર્ડની ચૂંટણીમાં કિન્નાખોરી હોય છે. બોલવામાં કંઈ વાંધો નથી.

**અધ્યક્ષશ્રી** : આપનો સમય પૂરો થાય છે.

**શ્રી હરીલાલ મો. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, સાહેબ વેપારી જે હોય, વેપારી કોને કહેવાય કે જેને સેલ્સ ટેક્સ નંબર હોય, લાયસન્સ નંબર હોય, પાનકાર્ડ નંબર હોય. ઘણા દાખલ આપવા છું કે જેની પાસે સેલ્સ ટેક્સ નંબર નથી., પાનકાર્ડ નંબર નથી, લાયસન્સ નંબર નથી અને એકપણ વાઉચર નથી, ગામમાં દુકાન નથી. તેની જિંદગીમાં કોઈ ચીજનો વેપાર નથી કર્યો. આવા કેટલાય દાખલા હું આપવા આજે તૈયાર છું.જેણે એકપણ માલ ખરીદ કર્યો નથી અને જો વેચાણ કર્યુ હોય તો બીલથી વેચાણ કરવું જોઈએ અને તેનું ચેકથી પેમેન્ટ કરવું જોઈએ. એકપણ ચેકથી પેમેન્ટ નથી થયું તેને વેપારી તરીકે આ સરકારના જિલ્લા રજીસ્ટ્રારો ભંયકરમાં ભયંકર પરેશાન કરે છે.

**શ્રી વલ્લભભાઈ ગો. કાકડિયા (રખિયાલ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી દિલીપભાઈ સંઘાણી જે માગણી ક્રમાંક: ૨ થી ૬ લઈને આવ્યા છે તેને હું આવકારું છું અને મારી વાત કહેવા માગું છું.

આપણો દેશ ખેતીપ્રધાન દેશ છે અને ખેતી ઉપર ૬૫ થી ૭૦ ટકા લોકો નિર્ભર છે. પરંતુ ગુજરાતમાં અગાઉની કોંગ્રેસની સરકાર હતી તે વર્ષોમાં ઘણું શહેરીકરણ થયેલ છે અને અત્યારે અંદાજે ૩૫ થી ૪૦ ટકા વસ્તી શહેરોમાં અને ૬૦ થી ૬૫ ટકા વસ્તી ગ્રામ્ય લેવલે વસે છે. અગાઉની કોગ્રેસ સરકાર વખતે ગામડામાં પીવાના પાણીનો ખૂબ જ મોટો પ્રશ્ન ઉપસ્થિત થયેલ. ગામડામાં બારેમાસ ટેન્કરો ચાલતા અને એક સમય એવો આવેલ કે ટ્રેનથી સૌરાષ્ટ્રમાં પીવાનું પાણી પહોંચાડવું પડેલ.

**અધ્યક્ષશ્રી** : આપ મૂળ વિષય ઉપર બોલો. આજે કોઈ પાણી પુરવઠાનો વિષય નથી.

**શ્રી વલ્લભભાઈ ગો. કાકડિયા** : માનનીય અધ્યક્ષશ્રી, કૃષિને લગતું છે. ખેડૂતને જગતનો તાત કહેવામાં આવે છે. આ જગતના તાતને રોજગારી મેળવવા શહેરોમાં આવવું પડેલ અને તેમાં મારા જેવા ઘણા લોકોએ શહેરમાં આવવું પડેલ. તે શાના હિસાબે? કે ગામડામાં પીવાનું પાણી મળતું ન હતું એટલે. ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી ગામડાની ખેતી ઉપર ધ્યાન આપવામાં આવેલ. દરવર્ષે કૃષિરથ ધોમધખતા તાપમાં એક મહિના સુધી ગામડામાં ફરે છે. ખેડૂતને ખેતીને લગતી માહિતી આપવામાં આવે છે. જમીનમાં ઉગતા ઉત્પાદન ક્યારે આવી શકે, તે જમીનની ફળદ્રુપતા શું છે તેની માહિતી આપવામાં આવે છે.મારા મિત્ર રાઘવજીભાઈ કહેતા હતા કે સોઈલ હેલ્થ કાર્ડ પાક બદલાતો હોય તો દરવર્ષે આપવા જોઈએ. રાઘવજીભાઈને કહું છું કે જ્યારે સોઈલ હેલ્થ કાર્ડ આપવામાં આવે છે ત્યારે એક જ પાક માટે નથી આપવામાં આવતા. તેમાં કહેવામાં આવે છે કે આ ત્રણ-ચાર પાક આમાં લઈ શકાશે. એટલા માટે દરવર્ષે સોઈલ હેલ્થ કાર્ડ આપવાની જરૂરિયાત રહેતી નથી. ૨૦૦૩-૦૪માં જે ૧૮૪૧ લાખ જમીનના નમૂના લઈને ૨૦૧૦ સુધીમાં આટલા સોઈલ હેલ્થ કાર્ડ આપવામાં આવેલ છે અને ૨૦૧૦માં ખેડૂતોના સોઈલ હેલ્થ કાર્ડ માટે સ્વર્ણિમ ગોલ રાખવામાં આવેલ છે. તેમાં ૩૦૪૨ લાખ ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ આપેલ છે. રાજેન્દ્રભાઈ કહેતા હતા કે ગુજરાતમાં કોઈ ખેતીની ફળદ્રુપ જમીન રહી નથી. મારે બાગાયતી જમીન માટે કહેવું છે કે જેણે ઓર્ગેનિક ચોકલેટ આજે ખવડાવી હતી તેવી નવસારી કૃષિ યુનિવર્સિટીના સંશોધનથી બાગાયતી પાકમાં કેળાનું ઉત્પાદન દસ વર્ષ પહેલાં ૩૪ ટન પ્રતિ એકર હતું તે વધીને આજે ૬૦ ટન પ્રતિ એકર થયેલ છે. માનનીય અધ્યક્ષશ્રી, સિત્તેર હજાર હેકટરમાં કેળાંનું વાવેતર થાય છે, અને ૭૨૮ કરોડની વાર્ષિક આવક એકલા કેળાંમાથી જ વધેલ છે, કેળાની નિકાસમાં ગુજરાત બીજા નંબરે આવે છે, આ જ નવસારી યુનિવર્સિટીએ બેગમ પલ્લી બીગ નામની કેરીની એક જાતનું સંશોધન કરેલ છે, આ કેરીનું એક નંગ સવા બે કિલોનું થાય છે, માનનીય કૃષિ મંત્રીશ્રી દિલીપભાઈને ત્યાં આ સવા બે કિલોની કેરી સુધારીને મેં અને એમણે પોતે અને આખા સ્ટાફે ખાધી હતી. તો આ જે આ બાગાયતી ખેતી. માનનીય અધ્યક્ષશ્રી, ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી રાજયમાં પ્રથમ ચેકડેમની યોજના બનાવેલ, અને જેથી વરસાદી પાણી રોકાય અને તળ ઉંચા આવે એના માટે થઈને, આજે આ ગુજરાતનો કૃષિ આંક ભારતના કૃષિ આંક કરતાં ઘણો જ ઉંચો આવેલ છે ૧૦.૫૧, માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની ખેતીના વિકાસથી પ્રેરાઈને ભારત સરકારે ગુજરાતને સ્ટેટ એગ્રીકલ્ચર એવોર્ડ ડો. મોન્ટેકસિંહના હાથે આપેલ છે. ગામડામાં ચોવીસ કલાક વીજળી અને નર્મદાના પાણી પીવા માટે મળવાથી આજે નાના મોટા ઉદ્યોગો શરૂ થયેલ છે, અને પહેલાં જે ગામડાંમાંથી હિજરત કરીને જે લોકો શહેરમાં જતા હતા એ લોકો આજે ગામડા તરફ પાછા વળ્યા છે, અને શહેરોમાં આજે કોઈ મજૂરો પણ મળતા નથી, મારા હીરા ઉદ્યોગમાં કહીએ તો પણ આજે પચાસ ટકા લોકો છે અને પચાસ ટકા કારખાનાં ખાલી છે, એનું કારણ એ છે કે આ રાજય સરકારે ખેતી ઉપર જે ધ્યાન આપેલ છે, તેનાથી ખેત પેદાશોમાં આવકો વધી છે અને લોકો ખેતી કરતા થયા છે. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, હું એક જ મિનિટમાં પૂરું કરું છું.

**શ્રી નટવરસિંહ ફુ. ઠાકોર (મહુધા)** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત એ ખેતી પ્રધાન રાજય છે, ગુજરાતમાં ૭૦ ટકા ખેડૂતો ખેતી કરે છે, અને ભાઈ, આ સરકાર એવું કહે છે કે, અમે ખેડૂતોના હામી છીએ, અલ્યા ભાઈ, તમે ખેડૂતોના હામી છો? તમે ખેડૂતો માટે શું કર્યુ? ગૌચરો વેચી ખાદ્યાં, ખેડૂતોની ગાયો ભેંસો કયાં ચરશે, ભાઈ? એ પાછાં લો, ગૌચરો વેચી ખાદ્યાં, ખેડૂતોની ગાયો- ભેંસો કયાં ચરશે?

બીજું, આપણી ખેતીની ચાર યુનિવર્સિટી, બીજી પાંચ સંસ્થાઓ છે, તો પણ આપણે બિયારણ કંપની પાસે લેવાનું ? આપણે પકવોને, તો ખેડૂતોને સસ્તુ મળે, આટલા બધા રૂપિયા પેલી કંપનીઓને આપવા પડે, અને ખેડૂતોને મોંઘા ભાવે બિયારણ ખરીદવું પડે છે, અને બિયારણ ખરાબ આવે છે, બનાસકાંઠામાં તુવેરનું બિયારણ એવું આવ્યું હતું કે એક ડેટું પણ તુવેરનું ન આવ્યું. એવું તમે બિયારણ કંપનીઓ પાસેથી લો છો, તો શું કરવાનું ? તમારા રાજમાં ખેડૂતો પાયમાલ થઈ ગયા, ભાઈ, ખેડૂતો પાયમાલ થઈ ગયા, અને ડાર્કઝોનની વાત કરીએ તો ડાર્કઝોન પણ તમે કર્યો, જળ સંપત્તિ નિગમ જો અભિપ્રાય સારો આપે તો ડાર્કઝોન નીકળી જાય, પણ તમે આ નથી કરવા દેતા ડાર્કઝોન, આખા રાજયમાં કેટલાય તાલુકામાં ડાર્કઝોન છે. આ ડાર્કઝોન કાઢી નાખો તમે, અને પાછા તમે કહો છો કે ખેડૂતોના અમે હામી છીએ, શું તમે હામી, ભાઈ?

બીજું. બે એચ.પી.ની મોટર પશુપાલન આપો, પણ કહે છે કે ના ભાઈ, એ ના મળે, માનનીય સૌરભભાઈ કહે કે ના મળે, ભાઈ, અરે, ભાઈ તમે ખેડૂતોના હામી હોવ તો બે એચ.પી.ની પશુપાલન માટે મોટર આપો. અમારા વખતમાં અમારા ત્રિભોવનદાસ અને કુરિયર સાહેબ, શ્વેતક્રાંતિ લાવ્યા, તમે લાવો, એવું તો કાંઈક કરો, તો અમને એમ લાગે કે ભાઈ, તમે કંઈક કર્યુ, પશુપાલનમાં તો કેટલાય લોકોને રોજીરોટી મળે છે, તો એ કરવું નથી, અને કહે કે અમે આ લાવ્યા તે લાવ્યા, અને આપણી ચાર યુનિવર્સિટીઓ છે, એમને કહો કે સારું બિયારણ પકવે, સારા પશુપાલનના ઓલાદ પકવે, તો કાંઈક ખેડૂતોનું સારું થાય, પણ તમારે તો ખેડૂતો માટે સારું કરવું જ નથી.

બીજું, કાયદામાં, જે ગુજરાતમાં જયુડીશીલ ઑફિસરોને તમે પદ્‌માશન કમિટીના લાભો આપતા નથી. અલ્યા ભાઈ, આપોને, એમને ન્યાય કરવાનો છે. જેમને ન્યાય આપવાનો છે એને લાભો તો આપો, કાયદા સચિવશ્રીએ સોંગધનામું રજૂ કર્યુ છે, અને એની ફાઈલ માનનીય મુખ્ય મંત્રીશ્રી પાસે પડી છે, તો એનો નિકાલ કરોને ભાઈ, અ કરીને ન્યાયાધીશોની ન્યાય આપોને, ન્યાયાધીશોને ન્યાય આપવામાં તમે શું કામ ચૂકો છો? એમને આપો, એમને લાભ આપો સુપ્રિમ કોર્ટે આદેશ કર્યો છે તો પણ તમે આપતા નથી. તો પછી તમે બીજું શું રાજ કરવાના હતા? જો ન્યાયાધીશોને તમે અન્યાય કરો છો અને જે ન્યાય આપે છે એને તમે ન્યાય નથી આપતા તો પછી બીજાને તમે શું ન્યાય આપવાના હતા? નાના માણસોનું તો તમે સાંભળતા જ નથી, ફોન પણ તમે સ્વીચ ઓફ રાખો છો. ફોન કરીએ તો પણ કોઈ મંત્રીશ્રી અમારી વાત સાંભળતા જ નથી આ તમારુ રાજ છે અને તમે ખેડૂતોની વાત કરો છો કે ખેડૂતો માટે આમ કરીશું, તેમ કરીશું. સહકારની વાત કરો ત્યારે કહું છું કે, અમારા ત્રિભોવનદાસ અને કુરિયન સાહેબ કર્યૂ એવું કંઈક કરો તો એમ લાગે કે કંઈક કર્યુ. કોઈ વાતનો તમે અમલ જ કરતા નથી. તમારું આવી રહ્યું છે હવે થોડામાં જ છો તમે. તમે એમ કહો છો કે પંચાયતનો પાયો તમે નાંખ્યો પણ એ વાત ખોટી છે તમારી. તમારે પણ હવે બહું વાર નથી આ ૨૦૧૨માં જુઓ તમે તમારું શું થાય છે? ૨૦૧૨માં તમે જવાના જ છો ભાઈ, અમે પછી એ પાટલીએ આવવાના જ છીએ. પછી જો જો તમે અમે ખેડૂતોને મફત પાવર અને મોટર આપીશું. ખેડૂતોને પાંચ એચ.પી.ની અને બે એચ.પી.ની મોટર મફત આપીશું તમારા જેવું નહીં કરીએ. આજે નાના ખેડૂતોને બિચારાને રોજી મળતી નથી, નથી એમને કંઈ ખાવાનું મળતું બિચારાને તેઓ આજે ભૂખ્યે મરે છે એમને આજે આ કારણસર આત્મહત્યા કરવી પડે છે એ દુઃખદ બાબત છે. એને લાઈટના કનેકશન મળતા નથી એને કનેકશન આપો અને ૧૪ કલાક વીજળી આપો અત્યારે ૮ કલાક વીજળી આપો છો એમાં પણ બે કલાક તો કાપી નાંખો છો અને ૬ કલાક જ વીજળી પૂરી મળતી નથી એને ૧૪ કલાક વીજળી આપો. ખેડૂતોના નામે વાતો કરો છો તો કંઈક તો કરી બતાવો. આ બધા કારણોસર હું માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે એની સાથે સંમત થઈ શકતો નથી.

**શ્રી ધીરૂભાઈ ચુ. ભીલ (નસવાડી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કૃષિ મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂતોની ઘણી બધી વાત થઈ છે પણ કોઈ એક સેવા સહકારી મંડળીને નાતે માનનીય કૃષિ મંત્રીને વિનંતી કરું છું કે, સેવા સહકારી મંડળીઓના વૈદ્યનાથન સમિતિના અહેવાલ મુજબ કેન્દ્ર સરકારે આખું પેકેજ જાહેર કર્યું અને એ પેકેજના આધારે હું મારા વડોદરા જિલ્લાની વાત કરું છું. ૨૮૨ મંડળીઓ વડોદરા જિલ્લામાં આવેલી છે અને કેન્દ્ર સરકારે આ પેકેજ એટલા માટે જાહેર કર્યું કે મંડળીઓનો ઉત્થાન કરવા માટેની જે યોજના છે એમાં વડોદરા જિલ્લાને ૫૫.૪૦ કરોડ રૂપિયાનું પેકેજ જાહેર કર્યું છે. એ આ મંડળીઓને આપવાનું હતું પણ આ જે પેકેજ છે એ બરોડા સેન્ટ્રલ કો-ઓપરેટીવ બેંક એ મંડળીઓના જે બાકી લેણા હતા એમાં કાપી લીધા છે. આ માટે માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે ગામડામાં છેવાડાની મંડળીઓનું જો ઉત્થાન કરવું હશે તો આ પેકેજ સીધું મંડળીને મળે એવી એક મારી વિનંતી પણ છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને એક બીજી પણ વાત કરવા માગુ છું કે, કૃષિ મહોત્સવ દરમ્યાન આપણે કીટનું વિતરણ કરવામાં આવે છે એમાં ત્રણ પ્રકારની કીટ વિતરણ કરવામાં આવે છે. એક પશુ-પાલન,

બાગાયત અને ખેતીવાડી. આમાં ત્રણેય પ્રકારની કીટમાં જે એની કિંમત છે એ ત્રણે પ્રકારની કીટની કિંમત અલગ અલગ થાય છે. ત્યારે આ પ્રશ્ન એટલા માટે કહું છું કે, જ્યારે ગામડામાં કીટ લઈને જાય છે ત્યારે એક ખેડૂતને ગોળ આપવામાં આવે છે અને બીજાને ખોળ આપવામાં આવે છે. આવી વિસંગતતા જે છે એને દૂર કરીને આમાં કંઈક સુધારો કરે એવી મારી વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા કૃષિ વિભાગ દ્વારા બાગાયતમાં કીટ બનાવવામાં આવે છે, ખેતીવાડી પણ કીટો બનાવે છે એમાં ખેતીવાડી તરફથી જે કીટ બનાવવામાં આવે છે એમાં ૭૫ ટકા સહાય અને બાગાયતમાં જે કીટ બનાવવામાં આવે છે ૫૦ ટકા સહાય. તો આ બંનેનું સદર માનનીય કૃષિમંત્રી જ્યારે બનાવતા હોય ત્યારે આ વિસંગતતા દૂર થવી જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, મારે બીજી પણ વાત કરવી છે કે, ખેડૂતો માટે નર્મદાનું પાણી ઘણા બધા વિસ્તારોમાં મળવાનું છે પણ જે વિસ્તારોમાં નર્મદાનું પાણી ન મળે ત્યાં જળસંપત્તિ નિગમ દ્વારા જે અગાઉના વર્ષોમાં અગાઉની સરકારોએ નર્મદા જળસંપત્તિ વિભાગ દ્વારા જે બોર કરવામાં આવતા હતા.જ્યાં નર્મદાનું પાણી ન મળે એવા વિસ્તારોમાં માનનીય કૃષિમંત્રીશ્રીને હું વિનંતી કરું છું કે જે વિસ્તારો બિન પિયત હોય એવા વિસ્તારોમાં બોર મારફતે પણ આપે એવી મારી વિનંતી છે. હમણાં ઘણી બધી વાતો થઈ છે કે કપાસના આટલા બધા ભાવો છે. હું એવી વિનંતી કરું છું કે કપાસના ભાવની ખરીદીમાં એકલું સી.સી.આઈ. એ ખરીદી કરી છે, અગાઉ ગુજરાત કોટન ફેડરેશનના નામે કપાસ ખરીદાતો હતો, આજે આ કપાસની ખરીદી ગુજરાત સરકાર ગુજરાત કોટન ફેડરેશનના નામે કરે તો હજુ ખેડૂતોને થોડાંક પોષણક્ષમ ભાવો વધારે મળે એવી પણ એક પરિસ્થિતિ છે, માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને એ પણ વાત કરું છું કે, મારા વડોદરા જિલ્લામાં એક ખરીદ વેચાણ સંઘ ચાલતો હતો, આ ખરીદ વેચાણ સંઘના બારે બાર તાલુકામાં ડેપો આવેલા હતા, આ ખરીદ વેચાણ સંઘ છેલ્લાં બે વર્ષથી બંધ થઈ ગયો છે. જેથી ખેડૂતોને સારું બિયારણ જે ત્યાંથી મળતું હતું તે બંધ થયું છે એટલે આ ખરીદ વેચાણ સંઘ ચાલુ કરવા માટે મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે.

**શ્રી કાંતિભાઈ રા. પટેલ (વિજાપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી કૃષિની માગણીઓ જે રજૂ કરેલ છે તેને અનુમોદન આપવા અને મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું. આપણો દેશ કૃષિપ્રધાન દેશ છે અને ગુજરાતમાં પણ ૭૦ ટકા લોકો ખેતીવાડી સાથે સંકળાયેલા છે, સામાન્યતઃ આ ખેડૂતોને સુધારેલું બિયારણ મળે, ખેતી માટે સમયસર સિંચાઈનું પાણી મળે, આ બધું જ આયોજન છેલ્લાં પાંચ સાત વર્ષમાં આ કૃષિ વિભાગ અને જળસંપત્તિ વિભાગ મારફતે પરિપૂર્ણ કરવામાં આવે છે. એના કારણે ૨૦૦૫માં ૯૦૦૦ કરોડ રૂપિયાનું કૃષિનું ઉત્પાદન હતું અને આજે ૨૦૧૦માં ૪૯ થી ૫૦ હજાર કરોડ રૂપિયાનું કૃષિનું ઉત્પાદન થયું છે. આ ગુજરાતમાં શુદ્ધ બિયારણ અને એમાં પણ બી.ટી. કપાસનું બિયારણ, આ ગુજરાતમાં સિત્તેર સિત્તેર હજાર એકર જમીનમાં બી.ટી. કપાસના બિયારણનું પ્લાન્ટેશન થાય છે. એના કારણે ગુજરાત સિવાયની બહારની કંપનીઓ આખા દેશમાંથી ગુજરાતમાં જ આવે છે. એ કંપનીઓને ગુજરાતના ખેડૂતો ઉપર વિશ્વાસ છે અને ગુજરાત સરકાર તરફથી પણ એમને બિયારણનું ઉત્પાદન કરવામાં મદદ મળે છે. એના કારણે ગુજરાતમાં બે કરોડ પેકેટ બી.ટી. કપાસના બિયારણનું ઉત્પાદન થાય છે, ગુજરાતમાં તો ફક્ત ૨૦ થી ૨૫ લાખ પેકેટ જ વપરાય છે આ બાકીના બિયારણના પેકેટ ગુજરાતમાંથી તૈયાર થઈને અન્ય રાજ્યોમાં જાય છે અને એટલા જ માટે ગુજરાત નંબર વન ગણાય છે.

ઘણી વખત ચર્ચા થાય છે કે ગુજરાતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ નંબર વન છે, મિત્રો ૧૯૬૦માં ગુજરાત અલગ રાજ્ય બન્યું હતું, આજે ૨૦૧૦ છે. આ દસ વર્ષમાં ગુજરાતના મુખ્યમંત્રીશ્રીને જે ભેટસોગાદો મળી છે એ સરકારની તિજોરીઓમાં જમા થઈ છે અને ૨૦ કરોડ રૂપિયા એ કન્યા કેળવણી માટે વપરાય છે. આ ચાલીસ વર્ષમાં કોણે આવું આયોજન કર્યુ છે મિત્રો? કયા મુખ્યમંત્રીશ્રીએ કર્યુ છે અને એટલા માટે ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ નંબર વન ગણાય છે. ગુજરાતમાં વિવિધ પાકોનું ઉત્પાદન થાય છે અને દરેક પાકોમાં સારું બિયારણ મળે. ગુણવત્તાવાળું બિયારણ ઉત્પન્ન થાય એટલે ગુજરાતમાં ચાર ખેતી કૃષિ યુનિવર્સિટીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કૃષિ યુનિવર્સિટી દરેક વિસ્તારના તેની ભૌગોલિક પરિસ્થિતિ પ્રમાણે પાકોનું જે વાવેતર થતું હતું તે પ્રમાણે ત્યાં ઉત્પાદન કરે છે. દાંતીવાડામાં ઘઉંનું બિયારણ, બાજરી અને અન્ય પાકોનું ત્યાં ગુણવત્તાવાળું બિયારણ તૈયાર કરવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારા વિસ્તારની વાત કરવી છે મારા વિજાપુર તાલુકાનું ઘઉં સંશોધન કેન્દ્ર આ દેશમાં ત્રીજા નંબરનું છે અને તેમાં ગત સાલ જ માનનીય કૃષિ મંત્રીશ્રીએ ૪ કરોડ અને ૮૫ લાખના ખર્ચે આધુનિક લેબોરેટરીનું આયોજન કર્યુ હતું. હું આ માગણીઓને અનુમોદન આપું છું.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (રાજય કક્ષાના કાયદો અને ન્યાયતંત્રમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આપણાં કાયદા વિભાગની માગણીઓના સંદર્ભમાં સન્માનીય સભાગૃહમાં માનનીયશ્રી પ્રાગજીભાઈ અને નટવરસિંહ બાપુ બે જણાંએ હું જે માગણીઓ લઈને આવ્યો છું તેના સંદર્ભમાં તેમણે પોતાના મંતવ્યો વ્યક્ત કર્યા.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં જ્યારથી મુખ્યમંત્રી તરીકે નરેન્દ્રભાઈ મોદી આવ્યાં છે ત્યારથી ગુજરાતની અંદર સૌને સમયસર ન્યાય મળે તે હેતુથી રાજયમાં કાયદાના સંદર્ભનું ઈન્ફ્રાસ્ટ્રકચર, રિક્રુટમેન્ટ, ટ્રેનિંગ કે તેની

વર્સેટાઈલ એરેન્જમેન્ટ કરવી હોય તેના માટે જરૂરી બજેટ ફાળવીને તેને અગ્રીમતા આપી છે. હું આ એટલા માટે કહું છું કે ૨૦૦૧ના આ બજેટમાં પ્લાન અને નોનપ્લાનની રકમ ૧૦૮ કરોડ ફાળવી હતી અને આજે જ્યારે ૨૦૧૧-૧૨માં આ ફાળવણીની વાત કરીએ તો ૯૧૪ કરોડ જેટલી રકમ ફાળવી છે. દસ વર્ષની અંદર બજેટમાં ૯૦૦ ટકા જેટલો જો વધારો કર્યો હોય તો એ આ નરેન્દ્રભાઈ મોદીની સરકારે કર્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, સમયસર જો ન્યાય ના મળે તો એ પણ અન્યાય બરાબર છે. અને ગુજરાતની પ્રજાને આવો અન્યાય ના થાય એટલા માટે સ્વર્ણિમ વર્ષ નિમિત્તે એવું સ્વપ્ન સાકાર કરવાનો નિર્ધાર કરેલો કે અદાલતમાં જે વર્ષે કેસ દાખલ થાય તે જ વર્ષે કેસનો નિકાલ આવે તેના માટે રાજય સરકારે ૭૦૦ નવી કોર્ટો એક વર્ષ માટે સ્થાપવાનો નિર્ધાર કર્યો હતો તેમાં ફેરફાર કરીને આ ૭૦૦ કોર્ટો પાંચ વર્ષની મુદ્દત માટે સ્થાપવાનો રાજય સરકારે નિર્ણય કરેલો છે. જેથી વર્ષોથી પડતર કેસોમાં નાગરિકોને સમયસર ન્યાય મળી શકશે. આ ન્યાયનું શિક્ષણ તે સતત આવશ્યક છે. અને ન્યાયના શિક્ષણથી જેટલાં વકીલ મિત્રો પ્ર શિક્ષિત થશે તેટલી આખી ન્યાયીક પ્રક્રિયા સરળ બનશે અને તેનાથી અરજદારને પણ લાભ થશે. લોકોને ન્યાય આપવા માટે અને તેનું કાનૂની ઉત્તરદાયિત્વ સુપેરે પાર પડે એના અમલ માટે સમગ્ર રાષ્ટ્રમાં શ્રેષ્ઠ પ્રકારની આંતર માળખાકીય સુવિધા નવી અદાલતોની આપણે સ્થાપના કરવામાં આવી છે. સાથે સાથે ન્યાયીક અધિકારીઓ/કર્મચારીઓની પણ નિમણૂક કરવામાં આવી છે. પરંતુ અનુભવે એવું જણાયું કે જિલ્લા અને તાલુકાના ૧૨ એસોસિએશનના કેટલાક સભ્યશ્રીઓ એવા વકીલો દ્વારા કાયદાના અદ્યતન પુસ્તકો અને જનરલ વસાવવાનું શકય હોતું નથી.પરિણામે તેના વકીલશ્રી દ્વારા લડવામાં આવતા કેસોને એની અસરની શકયતાને સરકારે પિછાણી. એના કારણે તમામ જિલ્લા અને તાલુકાના બાર એસોસિએશનને હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટના ચુકાદાઓના સોફટવેર સહિત અદ્યતન ઈ-લાયબ્રેરીની સેવા પૂરી પાડવા સૌપ્રથમ વખત એક ઐતિહાસિક નિર્ણય લઈને આ સરકારે ૨ કરોડ ૨૨ લાખ રૂપિયાની જોગવાઈ કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ અને મારા કેબિનેટ મંત્રીશ્રી દિલીપભાઈ સંઘાણી કે જેઓએ પોતે વર્ષો સુધી એડવોકેટ તરીકે કામ કરેલું છે. એમના પોતાના કાર્યકાળમાં એક એડવોકેટને, એક અરજદારને શું મુશ્કેલીઓ પડે છે, એ મુશ્કેલીઓના આધારે પ્રવર્તમાન વ્યવસ્થામાં શું સુધારા કરવા જોઈએ એના માટે હાલ આપણા રાજયની વડી અદાલતમાં સઘળી કામગીરી જેવી કે અદાલત સમક્ષ રજૂ કરવામાં આવતી પીટીશન, રજૂ કરવામાં આવતા જવાબો, વકીલો દ્વારા કરવામાં આવતી દલીલો વગેરે અંગેની કાર્યવાહી અંગ્રેજી ભાષામાં થાય છે. આના કારણે જે સામાન્ય માણસે અદાલતના દ્વાર ખખડાવ્યા હોય તેમને એ કાર્યવાહીની સમજ મળતી નથી અને ઘણીવાર તેમના વકીલ દ્વારા હકીકતનો કોઈ મુદ્દો અદાલત સમક્ષ ભૂલથી લાવવામાં આવ્યો ન હોય તો તેના કેસના હિતોને અવળી અસર પડતી હોય છે. કોર્ટની કાર્યવાહી, જેઓ અદાલત સમક્ષ ગયા છે, તેમને સંપૂર્ણ સમજાય તે તેમના હિતોને સાચવવા માટે ખૂબ જ જરૂરી છે. આ વર્ષ એ સ્વર્ણિમ્ ગુજરાતનું વર્ષ છે. મારા ગુજરાતનું વર્ષ છે અને મારી ગુજરાતી ભાષાનું વર્ષ છે. આ પરિસ્થિતિ નિવારવા માટે આપણા બંધારણના આર્ટિકલ ૩૪૮ની કલમ-૨ પ્રમાણે માનનીય રાજયપાલશ્રી, માનનીય રાષ્ટ્રપતિશ્રીની પૂર્વ સંમતિથી હિન્દી ભાષાની અથવા સરકારી હેતુ માટે વપરાતી બીજી ભાષાના વપરાશને અધિકૃત કરી શકે છે, પરંતુ આ જોગવાઈ ઉચ્ચ અદાલતે, ન્યાયાલયે આપેલ કોઈ ફેંસલો અથવા કોઈ હુકમ કે હુકમનામાને લાગુ પડતી નથી. તેથી અદાલત દ્વારા આપવામાં આવતા હુકમ સિવાય વડી અદાલત સમક્ષ ચાલતી કાર્યવાહી માનનીય રાષ્ટ્રપતિશ્રીની પૂર્વ સંમતિથી ગુજરાતીમાં ચાલે તે માટે પ્રબંધ કરવાનું જનહિતમાં છે. તે સંજોગોમાં માનનીય રાજયપાલશ્રીને વિનંતી કરી આ બાબતમાં રાષ્ટ્રપતિશ્રીની પૂર્વ સંમતિ મેળવવા માટેની જરૂરી કાર્યવાહી ગુજરાતના સ્વર્ણિમ્ વર્ષે નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળની આ સરકાર દ્વારા કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વર્ણિમ્ વર્ષ નિમિત્તે રાજયમાં ચાલતી હાઈકોર્ટ સહિત તમામ કોર્ટની કાર્યવાહી એ જાહેર કાર્યવાહી છે. જે ખુલ્લી કોર્ટમાં ચલાવવામાં આવે છે. પરંતુ કેટલીક વખત જાહેર અગત્યની બાબતે ચાલતા કેસની કાર્યવાહી સાંભળવા અને જોવા મોટી સંખ્યામાં નાગરિકો કોર્ટ રૂમમાં આવતા હોવાથી કોર્ટની કાર્યવાહીને ખલેલ પહોંચે છે. કોર્ટરૂમમાં અપૂરતી બેઠક વ્યવસ્થા હોય છે. એવા સંજોગોમાં આ તમામ નાગરિકો કોર્ટ રૂમમાં ઉપસ્થિત રહી શકતા નથી. જો જાહેર જનતા કોર્ટ કાર્યવાહીમાં પણ સરળતાથી જોઈ શકે, સાંભળી શકે અને કોર્ટની કાર્યવાહીને ખલેલ ન પડે તે માટે ગુજરાત વિધાનસભાની જેમ કોર્ટ કાર્યવાહીનું કોર્ટ કેમ્પસમાં, કોર્ટ રૂમની બહાર જીવંત પ્રસારણ કરવામાં આવે તો અગત્યના અને જાહેર જનતા રસ ધરાવતી હોય તેવા કેસોની કાર્યવાહી આમજનતા કોર્ટના રૂમની બહાર જોઈ શકે, સમજી શકે અને તેના કારણે બંધારણના અને કાયદાના રક્ષક તરીકેની કોર્ટની ભૂમિકા નાગરિકો સારી રીતે સમજી શકે. આ હેતુસર રાજય સરકાર કોર્ટ કાર્યવાહીનું જીવંત પ્રસારણ કોર્ટ કેમ્પસમાં કરવા અંગે વિચારી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત પબ્લિક ટ્રસ્ટ એકટ, એના સંદર્ભમાં હું એટલું કહીશ કે જે જરી પુરાણા નકામા કાયદા હતા એની જગ્યાએ રાજય સરકાર નવા કાયદા લાવવા માટેનો આ વખતે પ્રયાસ કરી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મુંબઈ ટ્રસ્ટ અધિનિયમ એકટ, ૧૯૫૦ અમલમાં છે એને ૬૦ વર્ષ જેટલો સમય વીતી ગયો છે અને આ કાયદાની જોગવાઈઓમાં પ્રજા હિતની રક્ષા માટે અને મહાત્મા ગાંધીજીએ પ્રબોધેલ ટ્રસ્ટશીપની વાલીપણાની ભાવનાને યથાર્થ રાખવા માટે આ કાયદાનો અનિચ્છનીય ઉપયોગ દેશની કેટલીક રાજય સરકારોના

ધ્યાન ઉપર આવ્યું અને એમાંથી પ્રેરણા લઈને મુંબઈ પબ્લિક ટ્રસ્ટ અધિનિયમ ૧૯૫૦ ને રદ કરીને ગુજરાત પબ્લિક ટ્રસ્ટ એકટ ૨૦૧૧ વિધાનસભાના ચાલુ સત્રમાં અનમતિ માટે રજૂ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, ચેરિટેબલ કમિશ્નરશ્રીની ઓફિસમાં જયારે આપણે જઈએ તો બધી અપૂરતી સગવડો અને અપૂરતાં સાધનોને કારણે આવતા અરજદારો અને વકીલોને અનેક પ્રકારની સમસ્યાઓ થાય છે. આ મુખ્ય ચેરિટેબલ કમિશનરની ઓફિસ અત્યારે અમદાવાદમાં છે અને શહેરના મુખ્ય સ્થાનમાં આવેલ હોવાને કારણે પાર્કિંગ વ્યવસ્થાની અને અનેકવિધ સમસ્યા ઉભી થતી હતી એવા સંજોગોમાં સમગ્ર ગુજરાતના મુખ્ય ચેરિટી કમિશનરશ્રીની ઓફિસ અમદાવાદથી ખસેડીને ગાંધીનગરમાં લાવવાનો આ રાજય સરકારે નિર્ણય કર્યો છે અને તમામ જિલ્લા મથકોની જે ચેરિટી કમિશનરશ્રીની ઓફિસો આવેલ છે એ તમામ જિલ્લા સ્થાનો ઉપર નવી જમીનો સંપાદન કરીને અને એકસરખી નવી ટાઈપની ડિઝાઈન સાથે રાજયના તમામ જિલ્લા સ્થાનો ઉપર ચેરિટી કમિશનરશ્રીની ઓફિસો કરવા માટે રાજય સરકાર દ્વારા આયો.જન કરવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, સરકાર દ્વારા તમામ વર્ગના લોકોનો એકસમાન વિકાસ કરવા માટે એટલા માટે લઘ ુમતિ સમાજ હોય કે લઘુમતિ મુસ્લિમ સમાજ હોય એના માટે કાર્યરત વકફ બોર્ડમાં તે સમાજની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને પ્રવર્તમાન સમાજમાં કાર્યરત અને તે સમાજના અગ્રણીઓનો અનુભવનો લાભ લેવા માટે પક્ષાપક્ષીથી દૂર રહીને આપણે ગુજરાતના સાંસદ માનનીય અહમદભાઈ પટેલ અને આ સભાગૃહના ધારાસભ્ય શ્રી સાબીરભાઈ કાંબલીવાલાની પણ આ વકફ બોર્ડમાં નિમણૂક કરવામાં આવેલ છે. રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી જયાં તમામ સમાજના લોકોને સાથે લઈને ચાલવા માટે ઉદારતાથી પક્ષાપક્ષીથી પર ઉઠીને લઘુમતિ સમાજને પણ સાથે જોડવા માટે આ પ્રયાસ કર્યો છે

માનનીય અધ્યક્ષશ્રી, હાઈકોર્ટ ખાતે વિશેષ સુરક્ષા વ્યવસ્થા ઉભી થાય એના માટે સી.સી.ટી.વી. કેમેરાની સિકયુરિટી અને સર્વેલન્સ સિસ્ટમ બનાવવામાં આવેલ છે અને હાઈકોર્ટમાં અનેક પ્રકારનું રેકર્ડ રહે છે એ રેકર્ડ માટે અદ્યતન મોબાઈલ સ્ટોરેજ સિસ્ટમ સ્થાપવા માટેની જોગવાઈ કરવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે રાજયમાં કુલ ૪૨ ન્યાયમૂર્તિઓનું સંખ્યાબળ છે અને હમણાં જ ૬ નવા ન્યાયમૂર્તિઓની નિમણૂક કરવામાં આવેલ છે. એટલે હાલનું ૨૮ નું સંખ્યાબળ છે, કેન્દ્ર સરકાર દ્વારા બાકીની કુલ ૧૪ જગ્યા ઉપર (અંતરાય) આપણે જે ૧૪ જેટલી નવી સંખ્યા લાવવા માટે સફળ રહીએ તો નામદાર હાઈકોર્ટ ખાતેના પડતર કેસોનો વધુ ઝડપથી નિકાલ થશે. આ પડતર કેસોમાં ઘટાડો થાય અને નાગરિકોને ઝડપથી ન્યાય મળે અને રાજય સરકારનો જે સ્વર્ણીમ ગોલ સાકાર કરવા માટે મને લાગે છે કે આપણે જેટલી ઝડપથી હાઈકોર્ટમાં નવા ન્યાયમૂર્તિઓની નિમણૂક થશે તો આપણે આ લોકોને ન્યાય આપવાની પ્રક્રિયામાં ઝડપ કરી શકીશું.

માનનીય અધ્યક્ષશ્રી, હાઈકોર્ટનું ઈન્ફ્રાસ્ટ્રકચર એ આપણી પાસે પરિપૂર્ણ છે, પરંતુ તમામ જગ્યાઓ જયાં જયાં જે મહેકમની આવશ્યકતા હતી એ ૨૦૧૧-૧૨ માં વર્ગ-૧ થી વર્ગ-૪ માં કુલ ૧૨૨ જેટલી નવી જગ્યાઓ ઉભી કરીને હાઈકોર્ટમાં મહેકમ પૂરું પાડવા માટે પણ રાજય સરકાર દ્વારા આ બજેટમાં ફાળવણી કરવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, સમયાંતરે નવા પ્રકારના ગુનાઓ બનતા જાય છે. ગુજરાત એ સમૃધ્ધિપૂર્ણ રાજય છે. ગુજરાતે આજે ઔદ્યોગિક ક્ષેત્રે અને તમામ ક્ષેત્રે જયારે સફળતા હોંસલ કરી છે ત્યારે ગુજરાતમાં ગુનાઓનું પ્રમાણ બદલાય છે. સાયબર ટેકનોલોજીના માધ્યમથી અનેક પ્રકારના ગુનાઓ શોધવા અને એ શોધેલા ગુનાઓના આધાર ઉપર ગુનેગારને સજા કરાવવા માટે રાજયમાં ન્યાયિક એકેડેમિકની અંદર આ બધાને પ્રશિક્ષિત કરવા માટે ૧૫ નવી જગ્યાઓની નિમણૂક પણ ચાલુ વર્ષમાં કરવામાં આવેલ છે. આપણે ન્યાયાલયને ન્યાયાલય નથી કહેતા પરંતુ આપણે એને ન્યાયનું મંદિર કહીએ છીએ, એ એટલા માટે કહીએ છીએ કે આપણા સૌની શ્રદ્ધા ત્યાં જોડાયેલી છે, આપણા બધાની આસ્થા જોડાયેલી છે. કોઈ અરજદાર ન્યાય લેવા જાય છે ત્યારે નામદાર ન્યાયમૂર્તિ સમક્ષ આ પ્રકારના ભાવથી એની અંદર જોતા હોય છે. તો આવા ન્યાયમંદિરોની જ્યાં આવશ્યકતા છે ત્યાં પરિપૂર્ણ થાય એના માટે ચાલુ વરસે ૧૪૩.૯૧ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. સુરત જિલ્લાનું વિભાજન થવાથી નવો તાપી જિલ્લો બન્યો એના કારણે તાપી જિલ્લામાં નવા ન્યાયમંદિરની તથા સાથે સાથે જુનાગઢ જિલ્લાના ઉના ખાતે, રાજકોટ જિલ્લામાં ધોરાજી ખાતે, અમદાવાદ જિલ્લાના વિરમગામ ખાતે એક સાથે બે નવી કોર્ટ ન્યાયધીશ સહિત જરૂરી મહેકમની વ્યવસ્થા કરવામાં આવી છે.

ચાલુ વર્ષ એ સ્વર્ણિમ વર્ષ છે અને સ્વર્ણિમ વર્ષમાં માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની નેમ છે કે ગુજરાતના તમામે તમામ તાલુકાની અંદર આવશ્યક કોર્ટોની વ્યવસ્થા તાલુકા મથક ઉપર ઊભી કરવી.

કેટલાક વિશિષ્ટ પ્રકારના ગુનાઓ હોય છે તો આ વિશિષ્ટ પ્રકારના ગુનાઓ માટે પણ અલગ વ્યવસ્થા કરી છે. એ.સી.બીના કેસ માટે સાત કોર્ટની, એટ્રોસિટીના કેસ માટે ૬ કોર્ટની, ઇલેકિટ્રક સિટીની વસુલાત માટે અને બીજા ઉપયોગ માટે ૨૫ કોર્ટની અને નેગોસીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ માટે ૧૨ કોર્ટની આમ વિવિધ પ્રકારના ગુનાઓ માટે અલગ પ્રકારની કોર્ટોની વ્યવસ્થાના માધ્યમથી ઝડપથી ન્યાય મળે એના માટેનો પ્રયાસ કર્યો છે. આપણા ગુજરાતી એટલે શાંતિપૂર્ણ ગુજરાતી તરીકે જાણીતા છે આ શાંતિપૂર્ણ સમાજ માટે ક્યાંક ક્યાંક કૌટુંબિક કલેશો થાય એના નિવારણ માટે આઠ ફૅમિલી કોર્ટો કાર્યરત હતી, સન ૨૦૦૯-૧૦માં છ ફૅમિલી કોર્ટો

કાર્યરત થયેલ અને હવે આ કૌટુંબિક વિવાદોનું ઝડપી નિવારણ આવે એના માટે બીજી નવી ૧૫ ફૅમિલી કોર્ટોનું આયોજન વિચારી રહેલ છે.

ગુજરાતે હંમેશા દેશને નવી દિશા ચીંધી છે. રાજયના પડતર કેસોના નિકાલ માટે સાંધ્ય કોર્ટનો નવો અભિગમ આ ગુજરાત સરકારે દેશને પૂરો પાડ્યો છે. સન ૨૦૦૬માં આપણે ૮૫ જેટલી સાંધ્ય કોર્ટો શરૂ કરી હતી એમાં અત્યાર સુધીમાં સાત લાખ જેટલા કેસોનો નિકાલ કરવામાં આવ્યો છે. એની પાછળનો આશય એ છે કે સામાન્ય મજદૂર માણસ સવારથી સાંજ સુધી નોકરી કરતો હોય ત્યારે પોતાના વેપાર ધંધા, રોજગારીનો સમય બગાડ્યા સિવાય સાંજે જ્યારે એને સમય મળે ત્યારે એના સમય ઉપર પોતે કોર્ટમાં જઈને ન્યાય મેળવી શકે છે. આ રીતે રેગ્યુલર કોર્ટોના પડતર કેસોનું ભારણ ઘટે એના માટેનો રાજય સરકારનો આ પ્રયાસ છે. .

ગુજરાત દેશનું ઇન્ડસ્ટ્રીયલ હબ બન્યું છે. સ્વાભાવિક છે કે ઇન્ડસ્ટ્રીયલ હબ બનવાને કારણે ઔદ્યોગિક કેસો વધવાના, મજૂર અદાલતોના કેસો વધવાના એના માટે ત્રણ નવી મજૂર અદાલતો મંજૂર કરવામાં આવી છે. એક જામનગર ખાતે ઔદ્યોગિક અદાલત, ગોધરા, સુરત અને વલસાડ આમ આ ત્રણેય જગ્યાએ એક એક નવી મજૂર અદાલત શરૂ કરવાનો નિર્ણય કર્યો છે.

ફાસ્ટ ટ્રેક કોર્ટો આપણને કેન્દ્ર સરકાર દ્વારા મળી હતી પરંતુ કેન્દ્ર સરકારે ૧-૪-૨૦૧૧થી રાજયની ફાસ્ટ ટ્રેક કોર્ટો બંધ કરવાનો નિર્ણય કર્યો છે. આ ફાસ્ટ ટ્રેક કોર્ટો દ્વારા આપણે ૪,૨૧,૦૦૦થી વધારે કેસોનું નિરાકરણ લાવ્યા છીએ. પણ કેન્દ્ર સરકારની સહાય કદાચ બંધ થઈ જાય છતાં પણ રાજય સરકારે ૭૦૦ સ્વર્ણિમ કોર્ટો જે પાંચ વર્ષ માટે ચાલુ રાખવાનો નિર્ણય કર્યો છે એ કોર્ટોમાં હાલની કાર્યરત ફાસ્ટ ટ્રેક કોર્ટોનો સમાવેશ કરીને એને પણ ચાલુ રાખવાનો નિર્ણય કર્યો છે.

રાજયના કાનૂની સેવા મંડળ એના આયોજન હેઠળ રાજયના ચોક્કસ કાયદા હેઠળ ચોક્કસ પ્રકારના મોટી સંખ્યામાં પડતર રહેલા કેસો માટે લોક અદાલતો યોજી કોર્ટનો સમય બચે એના માટે આપણો પ્રયાસ છે અને આ પ્રયાસના અંતર્ગત ગત વરસમાં ૪,૩૩,૩૪૯ કેસોનો નિકાલ કર્યો છે. ૩૦૫ કરોડના એવોર્ડ જાહેર કર્યા છે. જુદી જુદી કાનૂની શિબિરો ગોઠવીને ૧૦,૯૦૦ જેટલી કાનૂની શિબિરો પણ ગોઠવવામાં આવી છે. માનનીય અધ્યક્ષશ્રી, હમણાં બાર કાઉન્સિલ ઑફ ગુજરાતનો સ્વર્ણિમ વર્ષનો કાર્યક્રમ થયો. તેમાં અમારે બધાને જવાનું થયું. ગુજરાતના માનનીય મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીની અપીલના કારણે આ સ્વર્ણિમ વર્ષે બાર કાઉન્સિલના તમામ વકીલો દ્વારા અમે આ વર્ષ દરમ્યાન એક વકીલનો કેસ મફતમાં લડીશું એવી તેમણે જે જાહેરાત કરી. આ કાનૂની સહાય માટે સંકલન કરીને આ દિશમાં અમે એક પ્રયાસ કરી રહ્યા છીએ. આસિસ્ટન્ટ પબ્લિક પ્રોસીકયુટરની પણ ૧૯૮ નવી જગ્યાઓની નિમણૂંક કરી છે. ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી આપણને દેશમાં આગવી ઓળખ પૂરી પાડી છે. આમાં ૨૫ ટકા જેટલા ગુજરાતીઓને પ્રવેશ મળે છે. ૧૦૦ ટકા પ્લેસમેન્ટ થાય છે અને નેશનલ લો યુનિવર્સિટીમાં પાસ થઈને માણસને ૧૫ લાખ રૂપિયાના પૅકેજ મળે છે. આના માધ્યમથી આપણે રાષ્ટ્ર સેવાઓમાં પણ એક યોગદાન પૂરું પાડ્યું છે. વિપક્ષના માનનીય સભ્યશ્રીઓ છનાભાઈ, માનસિંહભાઈ, રાઉલજીભાઈ અને લાલસિંહભાઈ અને પરેશભાઈ જુદી જુદી કાપ દરખાસ્તો લાવ્યા છે પણ આ કાપ દરખાસ્તોના સંદર્ભમાં હું એટલું જ કહીશ કે બંધારણ અનુસાર વડી અદાલત એ સ્વતંત્ર અંગ છે અને સ્વતંત્ર અંગ હોવાથી રાજય સરકારનું કોઈ પ્રોવિઝન, કોઈ દેખરેખ હેઠળ એમાં કામ કરી શકાતું નથી. જ્યાં ઈન્ફ્રાસ્ટ્રકચરની આવશ્યકતા હોય, જ્યાં જરૂરી નાણાકીય સહાય કરવાની હોય એ વડી અદાલત સાથે પરામર્શ કરીને આપણે કરતા હોઈએ છીએ. આપણાં સૌનો આ ન્યાયતંત્ર ઉપર ભરોસો છે એટલે હું માનનીય વિપક્ષના સાથી પક્ષના સભ્યોને વિનંતી કરું છું કે રાજય સરકાર દ્વારા આવું ઉત્તમ કાર્ય ન્યાય વિભાગમાં થઈ રહ્યું છે અને જે આપણાં અધિકાર ક્ષેત્રમાં નથી આવતું એવી જે કાપ દરખાસ્તો સૂચવી છે એ કાપ દરખાસ્તો પાછી ખેંચે એવી હું તેમને અપીલ કરું છું.

**શ્રી દિલીપ સંઘાણી (કૃષિ અને સહકાર મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની એવી ધરતી ઉપરથી હું અહીં આવું છું જે ધરતીના એક રાજવી અને કવિએ એ શબ્દો કહેલા, મને યાદ આવે છે, જે હું બાળપણમાં ભણતો.

રસ હીન થઈ છે ધરા, દયા હીન થયો નૃપ
નહીં તો ના બને આવું, બોલી માતા ફરી રડી.

સાહેબ, હું નાનો હતો ત્યારે ભણવામાં પણ આવતું અને એ દિવસો મને યાદ આવે છે. અહીં મને પણ ૧૯૮૫થી ૯૦ દરમ્યાન સામી પાટલીએ બેસવાનો પ્રજાએ મોકો આપ્યો. એ દિવસોમાં સામી પાટલીનું નેતૃત્વ કરતા હતા મારા એ વખતના ગુજરાતના ખેડૂતોના ખૂબ હિતચિંતક અને ખેડૂતોને નેતૃત્વ પૂરું પાડનાર પૂર્વ મુખ્યમંત્રી માનનીય ચીમનભાઈ પટેલ. તેમની સાથે, (અંતરાય) એમને *(xxxxx)મેં તો તેમના નેતૃત્વમાં કામ કર્યું છે એક કાર્યકર્તા તરીકે અંતરાય) સુધારી લેજો. મેં તો કામ કર્યું છે, ત્યારે *(xxxxx) હોય. મારે તેમાં વિવાદમાં નથી પડવું. જે હશે તે. ચીમનભાઈ સાથે ૧૯૯૧માં હું મંત્રી હતો. રામસિંહભાઈએ તેમનો ઉલ્લેખ કર્યો, મિત્રો એ

* (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

* (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

દિવસે કવિએ કેમ ગાયું હશે, એ દિવસ યાદ આવે છે. ગાંધીનગર આખું છાવણીમાં છવાઈ ગયું હોય, રાજ્યભરમાંથી ખેડૂતો અહીં આવી રહ્યા હતા. અચાનક ગાંધીનગરમાં ગુજરાતની પોલીસના ગોળીબારથી ખેડૂતોની લાશો આ પાટનગર ગાંધીનગરમાં લોહીથી લદબદતી હતી અને ચીમનભાઈએ મને કહ્યું કે તું ચીલોડા તરફ જા અને આ બાજુ એક બીજો લાઠી ચાર્જ અને આંદોલનની સ્થિતિ છે તે દિશામાં હું જાઉં.મને યાદ છે. હું અને શ્રી વજુભાઈ ચિલોડા તરફ ગાડી મારી ગયા ત્યારે આ ધરતી ઉપર સરકારની ગોળઓથી થયેલ ખેડૂતોની લાશો લોહીથી લથબથ હોય ત્યારે આ કોંગ્રસની સરકારના કારણે કવિ હૃદયની અંદર વ્યથા પડેલી હતી અને એના કારણે એણે ગાયેલા ગીતની સાર્થકતા સાંપડે છે. મિત્રો પરિસ્થિતિ પલટી અને પછી આજની સરકારની સ્થિતિનું નિર્માણ કેવી સ્થિતિના કારણે થયું એ કહેવા માગું છું. એ દિવસો મને યાદ છે. જ્યારે ખેડૂતો પોતાનો પાક વાવે અને પૂરતો પાક ન મળી શકે, એ વેચાય નહીં તો એના કારણે શેરડીનો પાક બાળી નાખતા હતા. આ સ્થિતિના નિર્માણને ઝાઝા દિવસો નથી થયા. આજની શેરડીની પરિસ્થિતિ વર્ણવું. આખા દેશમાં અને દુનિયામાં શેરડીના જે ભાવ છે એ ડોલરનો છે. આજે ઑસ્ટ્રેલિયામાં ૫૫ ડોલર ટન દીઠ આપવામાં આવે છે. આપણા દેશમાં ૫૫થી ૫૮ ડોલર સુધી મળે છે. જ્યારે ગુજરાતમાં ૬૨થી ૬૫ ડોલર આપવામાં આવે છે. વિવિધ સુગર ફેક્ટરીઓને કેન્દ્ર સરકારની વિવિધ સંસ્થાઓ તરફથી ત્રણ-ત્રણ ઇનામો આ ગુજરાતને મળ્યા છે અને એના કારણે આજની પરિસ્થિતિમાં -

" પ્યાલુ ઉપાડી ઊભી શેરડી પાસ માતા, છૂરી વતી જરીક કાપી કાતરી,
શેર છૂટી રસની ભરી પાત્ર જેવો લોટો રસ છલકાવી પ્યાલો."

મિત્રો, એના કારણે જે સ્થિતિ આવી એ સ્થિતિ એ છે કે, આજે આપણા રાજયમાં આ સરકારનું નેતૃત્વ કરતા માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના વડપણ હેઠળ ૨૦૦૭થી ૨૦૧૨ની ૧૧મી પંચવર્ષીય યોજનામાં રૂ.૧,૧૧,૧૧,૧૦૦/- નિર્ધારિત કરેલ છે. જે પૈકી કૃષિ અને સંલગ્ન માટે રૂ.૮,૩૧,૫૬૯/-ની ફાળવણી કરી છે. મિત્રો, જેની સામે આગામી વર્ષે ૨૦૧૧-૧૨ માટે કરવામાં આવેલ કુલ જોગવાઈ રૂ.૨,૪૭,૮૦૦/- મળીને કુલ રૂ.૮,૪૦,૯૦૦/- એને ડીવાઈડ કરીએ તો પંચવર્ષીય યોજનામાં કરેલી જોગવાઈના ૧૦૦ ટકા કરતાં વધારે સિદ્ધિ હાંસલ કરી છે. આ સિદ્ધિના કારણે મિત્રો, આખા દેશમાં દસમી પંચવર્ષીય યોજનામાં એટલે કે, ૨૦૦૨-૦૭ દરમિયાન સમગ્ર દેશમાં કૃષિ વિકાસ દર ૨.૭૩ ટકાની સામે ગુજરાતે કૃષિ વિકાસ દર ૧૦.૫૧ ટકા હાંસલ કરેલ છે. મિત્રો, એટલું જ નહીં આ ચાલુ પંચવર્ષીય યોજના છેલ્લા ત્રણ વર્ષમાં એટલે કે, ૨૦૦૬-૦૭, ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯ દરમિયાન રાજયનું સફળ કૃષિ ઘરેલું ઉત્પાદન બજાર ભાવના મુકાબલે ૧૩.૪૬નો આંક દર હાંસલ કર્યો છે. આ ગૌરવનો જશ ન લો, એવો મિત્રો ઉલ્લેખ કરે છે. અમારે જશ નથી લેવો. આ જશ જે ગુજરાતના ખેડૂતો પરિશ્રમ કરે છે એને આપીએ છીએ. આ ગુજરાતના ખેડૂતો ભારતીય જનતા પાર્ટીનું શાસન આવ્યું ત્યાર પછી જ પરિશ્રમ કરે છે? પહેલાં પરિશ્રમ નહોતા કરતા? પહેલાં પરિશ્રમ કરતા હતા ત્યારે એમની સ્થિતિ કેવી દયનીય હતી કે, ખેડૂતોએ પોતે પકવેલો માલ પોતાના ખેતરથી પોતાના બાળકોને કે પોતાના પરિવારના પેટ સુધી નહોતા પહોંચાડી શકતા. એવી કઈ સ્થિતિનું નિર્માણ હતું? એવું કયું પરિબળ હતું? માત્ર કુદરતના પરિબળના આધારે નહીં પણ રાજય સરકારની કેટલીક આગવી વ્યવસ્થાઓ અને આ વ્યવસ્થાઓ આ સરકાર નહોતી ત્યારે કોઈ ખેડૂતને કોઈ તળાવમાંથી, ચેકડેમમાંથી પાણી સુકાઈ ગયા પછી માટી લઈ જવી હોય,તો એના ઉપર કર નાખવામાં આવતો, રોયલ્ટી લેવામાં આવતી. આજે માનનીય સિંચાઈ મંત્રીશ્રી નીતિનભાઈએ માત્ર રોયલ્ટી નહીં લેવાનો નિર્ણય નથી કર્યો, ખેડૂતો એનો ખેતીમાં જો આ કાપ ભરવા માગતા હોય તો રાજય સરકાર જે.સી.બી. અને અન્ય સાધનોથી ખેડૂતોને એ ખોદીને ભરી આપે અને રોયલ્ટી માફ કરવામાં આવે, આ સ્થિતિનું નિર્માણ પહેલા નહોતું. આવી અનેક યોજનાઓ પાણી જયાં હોય ત્યાં રોકવું અને એના કારણે તો તાજેતરમાં હું નથી કહેતો, કેન્દ્ર સરકારે તાજેતરમાં કરેલા સરવેમાં માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર દેશમાં પાણીના તળ નીચા જઈ રહ્યા છે. એક માત્ર ગુજરાત એવું છે ૫ થી ૧૫ મીટર સુધીના પાણીના તળ અલગ અલગ વિસ્તારમાં ઊંચા આવે છે. આ સ્થિતિના કારણે જે સ્થિતિ નિર્માણ થઈ છે એ છેલ્લા પાક વખતે જે પાણીની જરૂરિયાત હોય એ જરૂરિયાત આજે પૂર્ણ થઈ શકી છે. આ સ્થિતિમાં ગુજરાતનો વિકાસ થઈ રહ્યો છે અને આ વિકાસ સૌની મહેનતથી થઈ રહ્યો છે. ખેડૂતો પરિશ્રમ ટાઢ તડકામાં કરે છે અને એ સ્થિતિમાં અહીંયા હમણાં મારા મુરબ્બી સાથી માનનીય સિધ્ધાર્થભાઈએ ખેતીમાં જે રીતે ઘટાડો થઈ રહ્યો છે એનો ઉલ્લેખ કર્યો છે. ૨૦૦૧ના વર્ષમાં ૧૦૪.૯૭લાખ હેકટરના વાવેતર વિસ્તાર સામે ૨૦૦૯-૧૦માં ૧૧૭.૩૪ લાખ હેકટરના વિસ્તારમાં વાવેતર થયું આમ વાવેતર વિસ્તારમાં ૧૩ લાખ હેકટર જેટલો વધારો થયો છે. સરકાર દ્વારા હાથ ધરાયેલ જળ સંચયના કામો મોટા પ્રમાણમાં પિયત સુવિધા ઉપલબ્ધ થતા રવિ ઉનાળુ પાક સફળ થયા છે. આ હું એકલો કહું એવું નથી. પાકનો વધારો ઘટાડાનો ઉલ્લેખ અહીંયા કરવામાં આવ્યો. મારા હાથમાં છે પ્રો. એમ.સી. સ્વામીનાથન, અને તાજેતરમાં ૧૧-૨-૧૧ના એમના પ્રવચનમાંથી લીધેલી નોંધ. કૃષિ ક્ષેત્રે આજે ભારતમાં ડૉ. સ્વામીનાથન હાલ રાજયસભાના વર્તમાન સાંસદ છે. જેઓ ભારત સરકારના કૃષિ વિભાગના પૂર્વ સચિવ અને ભારતીય કૃષિ અનુસંધાન પરિષદના આ ICAR ભૂતપૂર્વ ડાયરેકટર જનરલ છે. સમગ્ર દેશમાં કૃષિ ક્ષેત્રના નિષ્ણાત તરીકે ગણાય છે. એમણે તાજેતરમાં ૧૧-૨-૧૧ના એક એમના નિવેદનમાં કેટલાક શબ્દો જે કીધા એનો હું ઉલ્લેખ કરવા માગુ છું. એમણે કીધેલી વાત "The extreme volatility of the price of food and grains in the international market

emphasizes that the user belongs to nations with grain and guns. It is because of the intervention of Hon'ble Chief Minister and his distinguished colleague Shri Dilip Sanghani for the prime priorities they have given to agriculture in the development of the State. માનનીય અધ્યક્ષ શ્રી, એમણે કરેલી વાત આંતરરાષ્ટ્રીય બજારમાં જે અનાજની કિંમતમાં તીવ્ર વધઘટ થઈ રહી જે દર્શાવે છે અને આવનારા દિવસોમાં અનાજ જેમની પાસે હશે એમનું ભવિષ્ય ઉજળું હશે, જે દેશો પાસે શસ્ત્ર હશે એમનું નહીં અને એવા સમયે ગુજરાત આ ક્ષેત્રમાં બહુ મહત્વનુ કામ કરી રહ્યું હશે એને સ્વામીનાથન જેમને સર્વસ્વીકૃત કૃષિ ક્ષેત્રના એક અગ્રણી વૈજ્ઞાનિક તરીકે દેશે સ્વીકાર્યા છે એમણે કરેલી વાત છે. કપાસ, મગફળી, દિવેલા પાક ઉત્પાદનમાં સમગ્ર દેશમાં ગુજરાત પ્રથમ નંબરે હશે. ગુજરાત રાજય ૨૦૦૧-૦૨ની સરખામણીએ કપાસના વાવેતરમાં સો ટકા જેટલો વધારો નોંધાયો હશે.પહેલા કરતાં આજે છ ગણા કરતાં વધારે આ વધારો નોંધાયો છે. અહીંયા મારા સાથી પક્ષના સભ્યોએ જે અવલોકનો કર્યા છે, મારા સમર્થક અને પાર્ટીના ધારાસભ્યશ્રીઓએ કે જેમણે સમર્થન કર્યું છે. હું બધાને ખૂબ રચનાત્મક અભિગમથી જોવું છું. અહીંયા કહેવામાં આવે કે ખેડૂતો હવે ઘઉં નથી વાવતા, બાજરી નથી વાવતા, આ નથી વાવતા, કપાસ વાવે છે. શું આટલા વર્ષોથી ખેડૂતોએ એવું તે કયું ગુનાનું કામ કર્યું કે પોતાનું સ્વતંત્ર રીતે વાવેતર ન કરી શકે? હું વિચારતો હતો. મને યાદ આવે છે હું જ્યારે બાળપણમાં હતો. બાળપણમાં મને કંઈ ખબર ન હતી પણ અમારા ખેતરમાં કંઈ પાક્યું ન હતું. એક દિવસ મામલતદારે આવીને તમારે આટલું ફરજિયાત અનાજ આપવું પડશે. મેં કહ્યું કે શેનું આપવું પડશે? મારા કાકા એની સાથે ધડ કરતા હતા. વાત લેવીની હતી. મેં કહ્યું પાક્યું જ નથી તો લેવી શેની? નથી આપવી. આના કારણે પોલીસ કેસ થયો, પોલીસ પકડી ગઈ કારણ કે લેવી આપવા માટે એ વખતે જોગવાઈ હતી. મેં આ બધી વિગતો માનનીય મુખ્યમંત્રીશ્રી સાથે ચર્ચી તો એમણે ભવિષ્યમાં આવા કાયદાનું પાલન ન થાય એટલે આવા બીન જરૂરી કાયદાઓ આ સરકારે તો ન કર્યા પણ જો આવા કાયદા અસ્તિત્વમાં હશે તો ભવિષ્યમાં પણ આવા કોઈ માનસિકતા લોકશાહીમાં લઈને ન આવે એટલે આવા કાયદા રદ કરવા જોઈએ અને એના માટે આગળ વધવા માટે વાત કરી ત્યારે જે કવિ કલાપીની વાત કરી એ સ્થિતિ નું નિર્માણ ન થાય.. ચાલું સત્ર દરમિયાન વિધેયક લાવ્યા. હું એ તરફ ધ્યાન દોરું છું કે ૧૯૩૯નો અંગ્રેજો વખતનો કાયદો હતો, મુંબઈ ઘાસચારા અને અનાજના નિયંત્રણ બાબતનો કાયદો. અનાજનું નિયંત્રણ કરી ખેડૂતના ઘરમાં હોય તો નિયંત્રણ કરે, વધારે ઉત્પાદન થયું હોય તો લેવી લઈ જવાની, બહાર નહીં મોકલવાનું, પેદાશના ભાવ ન મળે. એટલે રાજ્ય સરકારની સ્પષ્ટ નીતિ ખેડૂતોને તરફદારીની રહી છે. ખેડૂતો ડબલ્યુ.ટી.ઓ.ના સમયમાં વિશ્વ આખું પોતાનો માલ ક્યાં ઉત્પન્ન કરવો, ક્યાં વેચવો એનો અધિકાર ધરાવતા હોય ત્યારે ગુજરાતના ખેડૂતોના હાથ-પગ બાંધીને વિશ્વની હરીફાઇમાં મૂકી ન શકાય. એમને પણ ખુલ્લા હાથે, ખુલ્લી મદદ કરવી જોઈએ. એટલા માટે આ કાયદો રાજ્ય સરકારે રદ કર્યો છે. ૧૯૪૪નો મુંબઈ ખાદ્ય પાક ઉગાડવા માટેનો અધિનિયમ ૧૯૪૪. કયું ઉગાડવું અને કેમ ઉગાડવું એના ઉપર નિયંત્રણ હતું એ પણ કાયદો રાજ્ય સરકારે રદ કર્યો છે. ખેડૂતો મુક્ત મને એમની પ્રગતિ કરી શકે એટલા માટે આ રાજ્ય સરકારે સમયાંતરે જરૂરિયાત મુજબ એમને સગવડતા આપી છે. આગામી કૃષિ મહોત્સવ દરમિયાન ખેડૂતોને અદ્યતન માર્ગદર્શન અને મદદ મળી રહે એના માટેની વ્યવસ્થાઓ રાજ્ય સરકારે કરી છે. કૃષિ ક્ષેત્રનો ઉલ્લેખ મારા સાથી મિત્ર રાઘવજીભાઈએ અહીંયા કર્યો કે સોઈલ હેલ્થ કાર્ડ. સોઈલ હેલ્થ કાર્ડમાં થોડો અભ્યાસ કર્યો હોત તો ખ્યાલ આવત. દર વર્ષે કોઈ પાકવાઈઝ સોઈલ હેલ્થ કાર્ડ નથી આપતા. જમીનના તત્ત્વો બતાવવામાં આવે છે અને દર ત્રણ વર્ષે એને રીન્યુ કરાવવું જોઈએ અને એ જરૂરી છે. એટલા માટે રાજ્ય સરકારે પહેલી વખત પક્ષાપક્ષીથી ઉપર ઊઠીને કયા પક્ષની એ.પી.એમ.સી. છે એમ નહીં પરંતુ રાજ્યની ૬૦ જેટલી એ.પી.એમ.સી.ઓમાં આવી સોઈલ લેબોરેટરીઓ ફાળવવાનો નિર્ણય કરી ફાળવી છે. જેથી ખેડૂતો પોતાનો માલ એ.પી.એમ.સી.માં લઈને આવે ત્યારે એમણે ત્રણ વર્ષમાં રીન્યુ કરાવ્યું ન હોય તો માલ લઈને આવે ત્યારે કરાવી શકે. એટલેથી અટક્યા નથી પણ આ રાજ્યમાં ખેડૂતોને સરળતાથી સહજતાથી પોતાની સોઈલની તપાસણી કરવા માટે જે એ.પી.એમ.સી. સક્ષમતાથી પોતે આ સગવડતા ઊભી કરવા માગતી હોય તો પક્ષાપક્ષીથી પર આ રાજ્ય સરકારે ક્યારેય જોયું નથી કે કયા પક્ષની છે.કે આ કોને કયા પક્ષથી સંચાલિત છે એમને આ સુવિધાઓ આપવામાં આવે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજા ઉલ્લેખો કર્યા હતા માછીમારી માટે. એમણે અર્ધી વાત કરી, જો એમણે પૂરી વાત કરી હોત તો ખ્યાલ આવત. એમની હાજરીમાં બે જ મિનિટમાં ફોન કરીને સૂચનાઓ આપી કે આવા નિયમોથી પર થઈને હોડીઓ જો એ વિસ્તારમાં જતી હોય તો એની સામે પગલા લેવામાં આવે. એમણે કબૂલ્યું કે પકડવામાં આવે છે. પકડયા પછી જામીન પર છોડવા (અંતરાય) કોર્ટમાં કેસ થયેલ છે. અરે, પણ મારી પાસે રૅકૉર્ડ છે. હવે તમે એમ કહો તો તમારી ઉપર મારે હાઉસને ગેરમાર્ગે દોરવાની વાત કરવી એ વાજબી નથી. મારી પાસે રૅકૉર્ડવાળી વાત છે. જામીન ઉપર છોડવાની વાત આપણા હાથની નથી, સરકારે પગલા લેવા જોઈએ બાકી તો ન્યાયતંત્રની સામે કાર્યવાહી કરી શકે. એવી જ રીતે માનનીય સિધ્ધાર્થભાઈએ કામધેનુંને લાલચોકની સામે ખૂબ ગંભીર પ્રયાસ થયો. ખેડૂતો સામે કોઈ પણ જાતનું ચીટિંગ કે છેતરનારને આ રાજય સરકાર માફ કરવાના કે છોડવાના મતમાં નથી અને એટલા માટે તો આ બંને સામે પોલીસ કેસ કરવામાં આવ્યો અને હાઈકોર્ટમાં આ કેસ સમગ્ર જતાં હાઈકોર્ટે આની પુનઃતપાસ કરવાનું કીધું એટલે રાજ્ય સરકારે અગ્રસચિવને આની સંપૂર્ણ તટસ્થ તપાસ

થાય તેની જવાબદારી સોંપી છે. ખેડૂતોની સાથેની છેતરપિંડી કરવાના દિવસો માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈના નેતૃત્વમાં આ સરકારમાં હવે ભૂલાઈ ચૂકયા છે. કોઈ હિંમત કરે તો એને છોડવા માટે આ સરકાર તૈયાર નથી આ જવાબદારી જ્યારે મુકત મને માનનીય મુખ્યમંત્રીશ્રીએ મને જ્યારે સોંપી છે ત્યારે આ ગૃહના માધ્યમથી ખેડૂતોને એ વિશ્વાસ આપવા માગું છું એ ચાહે બિયારણમાં હોય, ચાહે ખાતરમાં હોય કે કોઈ જગ્યાએ ખેડૂતો સાથે લેશમાત્ર છેતરપિંડી કરનાર હશે તો એની સામે આ રાજ્ય સરકાર કડકમાં કડક હાથે કામ લેવા માટે તૈયાર છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકારનો અહીંયા ઉલ્લેખ્ કરવામાં આવ્યો કે વિમાની રકમ, મારા ભગવાનભાઈ મિત્રએ અને બાકીના સાથીદારોએ, આખા દેશમાં પાક વીમો અને આકસ્મિક વીમો ક્યારથી અમલમાં આવ્યો? પાક વીમો ૧૯૮૫ માં કરવામાં આવ્યો એનો ઉલ્લેખ્ અહીંયા કરવામાં આવ્યો. માનનીય અધ્યક્ષશ્રી, કેવી સ્થિતિ હતી? ટકે શેર ભાજી, એ કહેવત ગમે એવડો ખેડૂત હોય એનો વીમો કેટલા રૂપિયાનો પાકે? ૧૦,૦૦૦ રૂપિયાનો. ૧૦,૦૦૦ રૂપિયા કરતા વધારે ૧૦૦% વીમો પાકી જાય તો ૧૦,૦૦૦ રૂપિયા જ મળે વધારે ના મળે, પણ આ દેશમાં ખેડૂતોના હિતવાળી, અટલજીના નેતૃત્વવાળી જ્યારે સરકાર આવી ત્યારે એમણે ૧૦,૦૦૦ રૂપિયાની સિલિંગ વટાવીને વાસ્તવિક ખેડૂતોની જે સ્થિતિ હોય, જે ધિરાણ લીધું હોય એને ધ્યાનમાં રાખીને ૧૦૦% વીમો કવર કરવાનો નિર્ણય ક્યારે કયો? જ્યારે કર્યો ત્યારે આખા દેશમાં યોજના એવી હતી કે ૫૦% જો આ યોજનામાં જોડાય તો રાજ્યએ ખર્ચ ભોગવવો પડે અને ૫૦% કેન્દ્ર સરકાર ભોગવશે. મને ગૌરવ છે કે ભારતીય જનતા પાર્ટીની એ વખતની સરકારે ૫૦% રાજ્ય સરકાર ભોગવશે. આખા દેશમાં માત્ર ૪ સરકારો હતી એ પૈકી ભારતીય જનતા પાર્ટીની સરકાર ગુજરાત સરકારે નિર્ણય કર્યો કે અમે પૂરા ૧૦૦% આ ખેડૂતોને આ વીમાથી આવરી લેવામાં આવશે. હવે એમ કહે કે વીમો મળતો નથી. રાજ્ય સરકાર સરવે કરીને દરખાસ્ત કેન્દ્ર સરકારને મોકલે છે ત્યાંથી મંજૂર થયા પછી રાજ્ય સરકાર એક પણ દિવસ આ વીમાને રોકતી નથી. નાબાર્ડ જીએસસી બેંકને આપે છે અને એના માધ્યમ દ્વારા ખેડૂતોને ચૂકવાય છે. રાજ્ય સરકારનો હિસ્સો તો અગાઉથી ભરી દેવામાં આવે છે. રાજ્ય સરકાર આના માટે ખેડૂતોને કયારેય આ વીમો ના મળે એના માટેનો વિલંબ એક દિવસ કરવા માટે તૈયાર નથી અને એના માટેની પુરતી સગવડતાઓ બજેટમાં વ્યવસ્થાઓ રાખવામાં આવે છે. એટલું જ નહિ આખા દેશમાં આજે પણ ખેડૂતનું આકસ્મિક મૃત્યુ થાય તો આ વિમાની યોજના પણ અટલજી આખા દેશમાં લાવ્યા. અને ત્યાર પછી મને એ વાત કહેતાં ગૌરવ થાય છે કે, માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈએ જ્યારે સત્તાના સૂત્રો સંભાળ્યા અને એમાં તત્કાલીન કૃષિ મંત્રીશ્રી પરસોત્તમભાઈ રુપાલા હતા, અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકમાં અમે આ યોજના જ્યારે એક લાખ કરતાં બે લાખ સુધી લઈ ગયા ત્યારે આખા દેશમાં પચાસ હજારની યોજના હતી ત્યારે ગુજરાત સરકારે પોતાના પચાસ હજાર ઉમેરીને એક લાખ રૂપિયાનું વળતર આપવાની યોજના કરી. આજે પણ સમગ્ર દેશમાં કિસાનોને આકસ્મિક વીમા યોજનાના લાભમાં માત્ર પચાસ હજાર જ મળે છે, માત્ર ને માત્ર ગુજરાતે એક એવું છે જેના ખેડૂતોને આકસ્મિક યોજનાનો લાભ એક લાખ રૂપિયા મળે છે. દેશમાં અન્યો રાજયોમાં આજે પણ એક લાખ સુધી પહોંચી શક્યા નથી, પચાસ હજારથી સંતોષ માને છે. જે સ્થિતિનું નિર્માણ આ રાજય સરકારે પ્રસંગોપાત જે નિર્ણયો લેવા પડ્યા એ નિર્ણયો લઈને એ કરે છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારી કેટલીક વાતો સમયની મર્યાદામાં રહી જશે એટલે વહેલા કહેવા માગુ છું. આ રાજય સરકારે કેટલાક નિર્ણયો કર્યા છે. વર્ષોથી, બાળપણથી જોઉં છું, હવે તડબૂચની સીઝન આવશે, ટેટીની સીઝન આવે, મારા દેવી પૂજક ભાઈઓ-બહેનો સતત રાત-દિવસ મથે, હવે આંતરરાષ્ટ્રીય હરીફાઇઓ **W.T.O.**માં થાય છે, વિદેશી અનેક બિયારણો આવે છે કે, મારા ગરીબ આ સમાજના ભાઈ-બહેનો આ બિયારણ, મોંઘા ભાવનું લઈ શકતા નથી અને એના કારણે આવા સમૃદ્ધ દેશોના આવતા બિયારણોને પહોંચી વળે નહીં એવી મુશ્કેલીમાંથી બહાર કાઢવા માટે રાજય સરકારે ચાલુ વર્ષે આ બજેટમાં જોગવાઈ કરીને રાજયના દેવી પૂજક ભાઈ-બહેનો ચાહે સુરેન્દ્રનગર, જુનાગઢ, જામનગર, અમરેલી, રાજકોટ, ભાવનગર, અમદાવાદ, આણંદ, ખેડા, ગાંધીનગર, દાહોદ, પંચમહાલ, સાબરકાંઠા કે રાજયમાં વસતા કોઈ પણ જગ્યાએ દેવી પૂજક ભાઈઓ અતિ આધુનિક તડબૂચ, ટેટી કે આવા બિયારણો જે વાવવા માગતા હશે એમને રાજય સરકાર વિનામૂલ્યે શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ બિયારણો પૂરા પાડવામાં આવશે. જેના કારણે દેવી પૂજક ભાઈઓ આજના હરીફાઇમાં સારા બિયારણો વાવીને પોતાની આવક સારી મેળવી શકે એના માટેની યોજના રાજય સરકારે કરી છે. એટલું જ નહીં, માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં નેશનલ હોર્ટિકલ્ચરલ મિશન દ્વારા અત્યાર સુધી સોળ જિલ્લાઓમાં જે મિશનના ધોરણે બાગાયત ખેડૂતોને લાભ મળતો એના બદલે જે દસ જિલ્લાઓ બાકી રહી ગયા હતા એમને એજ પ્રકારનો લાભ આપવા માટે રાજય સરકારે ચાલુ વર્ષે આ બજેટમાં જોગવાઈ કરીને બાકી રહેલા જિલ્લાઓને પણ આ સુવિધા આપવાનો નિર્ણય આ રાજય સરકારે કર્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા મેં ચાલુ વાતે *(xxxxx)નિયમો પ્રમાણે હું વચ્ચે ઊભો થઈને અટકાવી શક્યો હોત પણ હું ખૂબ માન અને આદર ધરાવું છું એવા સિદ્ધાર્થભાઈ આ વાત કરતા હતા એટલે મને એમને અટકાવવું ઉચિત ન લાગ્યું પરંતુ સિદ્ધાર્થભાઈ કદાચ ખૂબ મોટુ નેતૃત્વ કર્યુ છે, આદર ધરાવું છું ફિલ્ડમાં કદાચ નહીં ગયા હોય

---

* (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

એટલે એમને જે માહિતી આપનારાઓ હશે, જે સોર્સ હશે એટલા સોર્સ પારદર્શક અને હકીકતલક્ષી નહીં હોય એટલે, એમનું (xxxxx)ઇરાદો હોઈ શકે નહીં મને વિશ્વાસ છે પણ એમને મળેલી માહિતીના આધારે એમના મુખે કોઈએ આવું મુકાવ્યું હોય એટલે મારે કેટલીક સ્પષ્ટતાઓ કરવી જોઈએ. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં કોઈ કંપનીને રાજય સરકારે ભાવ વધારો કરી આપ્યો નથી અને આમ છતાંય આપના ધ્યાન ઉપર મૂકું કે તાજેતરમાં ભારત સરકારના કૃષિ મંત્રીશ્રી શરદ પવારજીનો ગુજરાત સરકારને પત્ર આવ્યો છે માનનીય મુખ્ય મંત્રીશ્રી ઉપર આવ્યો છે માનનીય મુખ્ય મંત્રીશ્રીએ એ પત્ર મારા સુધી પહોંચાડ્યો. બી.ટી.કપાસના બિયારણ ઉપર ભાવ અંકુશ જે રાખવામાં આવ્યો છે એ અંકુશ હટાવી લેવામાં આવે, એટલે ભાવ વધારો થાય. માનનીય મુખ્ય મંત્રીશ્રીનું જ્યારે મેં ધ્યાન દોર્યું, બે વર્ષ પહેલાં કે બી.ટી.કપાસના ઉત્પાદનના ઉત્પાદકો ખેડૂતો છે, એનું શોષણ થાય છે, એની પાસેથી સસ્તામાં મોટી કંપનીઓ માલ સસ્તામાં પડાવે છે.અને ઉંચા ભાવે વેચે છે. આ રાજયમાં એવો કોઈ કાયદો નથી જેને કારણે આવા બિયારણ પેદા કરનાર કંપનીઓ ખૂબ ખેડૂતોને લુંટે છે. કાયદો લાવવો જરૂરી છે એમ કીધું ત્યારે ખેડૂતોની સીઝન ચાલુ થઈ ગઈ હતી.માનનીય મુખ્યમંત્રીશ્રીએ વટહુકમ બહાર પાડીને પણ ખેડૂતોને રક્ષણ આપવાનો નિર્ણય કર્યો. ૯૫૦ રૂપિયાનો ભાવ લઈને ખેડૂતોને લુંટતા હતા એ ખેડૂતોને ૭૫૦ રૂપિયાનો ભાવ આપીને ખેડૂતોને રક્ષણ આપ્યું છે. આ સરકાર ખેડૂતોને રક્ષણ આપનારી છે. ખેડૂતોનું ભક્ષણ કરનારી નથી એ પણ સૌ સમજી લે. આ સરકાર કાયમ માટે ખેડૂતોનું રક્ષણ કરશે. ભાવ વધારો થઈ રહયો છે જે રીતે કપાસના ભાવ મળતા હતા. આંતરરાષ્ટ્રીય મળતો જાય છે અને માગણીઓ આવતી જાય છે પરંતુ આજ દિવસ સુધી હજી સ્વીકાર્યું નથી. અમે મુળ પાયામાં વાત કરી છે. આખા દેશમાં જો બીન ઉત્પાદક ખેડૂતો હોય તો આંધ્ર અને ગુજરાત છે અને ૭૦ ટકા જેટલા બીજ ગુજરાતના ખેડૂતો ઉત્પાદન કરે છે. કંપનીઓ જયાં સુધી ઉત્પાદકોના ભાવ વધારી ન આપે ત્યાં સુધી ખેડૂતોને ભાવ નહીં મળે, ખેડૂતોને લાભ નહીં મળે તો આ અંગે સરકાર કોઈ વિચાર નહીં કરે આ દ્રઢતા સાથે કારણકે ખેડૂતોને પ્રાથમિક ભાવ વધારો મળવો જોઈએ. ખેડૂતોના હિંતમાં વિચારવાવાળી સરકાર છે ત્યારે (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, પશુપાલન ક્ષેત્રે તાજેતરમાં જ બારમી પંચવર્ષીય યોજનાની કામગીરીમાં ખૂબ અસરકારક રીતે સફળતા મળી. પશુ આરોગ્ય મેળામાં આ રાજય સરકારે જે રીતે કામ કર્યું એના કારણે કેન્દ્ર સરકાર તરફથી જે આયોજનના અભ્યાસ માટે રાષ્ટ્રીય આયોજન પંચના દિલ્હી ખાતેના પશુપાલન એડવાઈઝર ડો. શાહુકારે તાજેતરમાં ગુજરાતની મુલાકાત લઈને પશુપાલનના આરોગ્ય મેળાઓ કેવી રીતે સફળ થયા એની પૂરી વિગત લઈને સમગ્ર દેશને આ દિશા તરફ કામ કરવા માટે એમણે સલાહ આપી. એ કહેવામાં આવ્યું કે માછીમારોને ડીઝલ સબસીડી રાજય સરકારે બંધ કરી છે. સમજી લેવું જોઈએ રાજય સરકારે આ ડિઝલ સબસીડીનો જશ કયારેય લીધો નથી. ડિઝલ સબસીડી માછીમારો ભાઈઓને સમગ્ર દેશમાં કેન્દ્ર સરકાર તરફથી આપવામાં આવે છે અને એનું ઋણ સ્વીકારવામાં મને લેશ માત્ર સંકોચ નથી. વર્ષોથી આપવામાં આવે છે પરંતુ કેન્દ્ર સરકારને શું સુજયું એની ખબર ન પડી. બી.પી.એલ.ની યાદી અંગે પ્રશ્ન હોય પરંતુ છેલ્લા બે વર્ષ પહેલા પરિપત્ર કરી દીધો. બી.પી.એલ.ની યાદીમાં જે ઓનરશીપ ધરાવતા હોય એવી બોટ માલિકોને જ આ ડિઝલ સબસીડી આપવામાં આવશે. બી.પી.એલ.ની યાદીમાં શું કે પંખો, સાઈકલ કે અન્ય કોઈ સાધનો હોય તો બી.પી.એલ. યાદીમાં ન આવી શકે. (અંતરાય) ના, ના, કેન્દ્ર સરકાર પાસે અમારી દરખાસ્ત છે જ. એ સ્વીકારતી નથી. અને બોટ લાખો રૂપિયાની થાય. લાખો રૂપિયાની બોટનો માલિક બી.પી.એલ.ની યાદીમાં આવે કયાંથી? અને એટલા માટે રાજય સરકારે માનનીય નાણામંત્રીશ્રીને ખાસ વિનંતી કરી બે વર્ષ સુધી કેન્દ્ર સરકારે ભોગવવાની જે સબસીડી હોય એ રાજય સરકારે ભોગવી અને બાકીના એના પેટેના ૪૪કરોડ રૂપિયા હજી પણ કેન્દ્ર સરકાર પાસે આપણા લેણા છે પણ આપતી નથી અને બી.પી.એલ.ની યાદીમાંથી મુકત કરીને આ ડિઝલ સબસીડી આપવી જોઈએ આ આપણી ભારપૂર્વકની લાગણી અને માગણી છે. પરંતુ કેન્દ્ર સરકાર સાંભળતી નથી. હું વિનંતી કરું છું આવો, તમારા નેતૃત્વમાં મને આવવામાં વાંધો નથી. આ માછીમારભાઈઓને બી.પી.એલ.ની યાદીમાંથી મુકત કરીને આ સબસીડીની યોજનામાં સમાવેશ કરે. હું વિરોધ પક્ષના નેતાના નેતૃત્વમાં આ ગરીબ માછીમારોને સબસીડી અપાવવા માટે જવામાં મને લેશ માત્ર સંકોચ નથી.આ આપને ખ્યાલ નથી કે બી.પી.એલ.ની યાદીમાં કોણ કોણ આવે અને કોણ ન આવે.(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : શ્રી કુંવરજીભાઈ આપ બેસી જાઓ.

**શ્રી દિલીપ સંઘાણી** : આવી સ્થિતિમાં આગળ વધતા હોઈએ ત્યારે મારે ગૃહના સભ્યોનો ઘણો લાંબો સમય લેવો નથી, પણ કેટલીક વાતો એમના ધ્યાન ઉપર મૂકવા માગું છું. દૂધના ઉત્પાદન અંગે કેટલીક વાતો થઈ. આ રાજ્ય સરકારે આ બાબતે ચિંતા કરી છે. એ માત્ર..

**અધ્યક્ષશ્રી** : આપની પાસે ૧૫ મિનિટ છે. મહત્ત્વની બાબત આપ ધ્યાનમાં મૂકવા માગતા હોય તે મૂકો.

**શ્રી દિલીપ સંઘાણી** : આભાર સાહેબ. પશુપાલન ક્ષેત્રે આરોગ્ય લોકોનું કેવી રીતે જળવાય તેની ચિંતા આ રાજ્યમાં ૩,૦૦૦ જેટલા પશુ આરોગ્ય મેળાઓ કરીને રાજ્યના ૬૦ લાખ કરતા પણ વધારે પશુઓને સારવારો આપીને અને કેવા પ્રકારની સારવાર મુખ્યમંત્રીશ્રીએ આપવાનો નિર્ધાર કર્યો જે આખા દેશમાં પશુઓના આંખ અને દાંતની ચિંતા કોઈએ નથી કરી. જે પશુઓના દાંત ખરાબ હોય, જેની આંખ ખરાબ હોય એમને યોગ્ય રીતે સારવાર નહોતી અપાતી અને એના કારણે આખા દેશમાંથી અભ્યાસ કરવા માટે અહીયા આવી રહ્યા છે અને આ

પશુઓનું દૂધ શુદ્ધ મળે તો એને આરોગનાર બાળકો અને માનવી ઉપર રોગની કોઈ પ્રતિકૂળ અસર ન પડે, એટલા માટે એની ચિંતા કરી છે. છેલ્લાં ૧૦ વર્ષમાં રાજ્યનું દૂધ ઉત્પાદન આશરે ૬૮ ટકા જેટલું વધ્યું છે. ૬.૮૩ ટકા જેટલો સરેરાશ વાર્ષિક દૂધ વૃદ્ધિનો દર છે. ૧૯૯૯-૨૦૦૦ માં રાજ્યનું દૂધ ઉત્પાદન ૫૨.૫૫ લાખ મૅટ્રિક ટન હતું, જે ૨૦૦૯-૧૦ માં વધીને ૮૮.૪૩ લાખ મૅટ્રિક ટન નોંધાયેલ છે. આ ૧૦ વર્ષના સમયગાળા દરમ્યાન સમગ્ર દેશમાં દૂધ ઉત્પાદનનો વાર્ષિક દર ૪.૩૮ રહેલ છે. જ્યારે આપણે ત્યાં તેનાથી વધ્યો છે. ૨૦૦૧ માં રાજ્યમાં માથાદીઠ દૂધની ઉપલબ્ધતા ૨૯૧ ગ્રામ હતી, જે ૨૦૦૯-૧૦ વધીને ૪૨૧ ગ્રામ જેટલી થઈ છે. જેની સામે ભારત દેશની માથાદીઠ ઉપલબ્ધતા આજે માત્ર ૨૬૩ ગ્રામ ઉપલબ્ધતા, તેની સામે ગુજરાતની ૪૨૧ ગ્રામ જેટલી ઉપલબ્ધતા છે. આ બતાવે છે કે આ રાજ્ય પશુપાલન ક્ષેત્રે પણ ખૂબ ચિંતિત છે. રાજ્યમાં પશુધનની ઉત્તમ ઓલાદ મળી રહે તે માટે ક્વોલિટી ડેવલપમેન્ટ આધુનિક સુવિધા દ્વારા ૧૫ કરોડના ખર્ચે તૈયાર કરેલ ફ્રોઝેન સિમેન પ્રોડક્ટસ પાટણ ખાતે તાજેતરમાં લોકાર્પણ કરેલ છે અને આના કારણે ખૂબ સારી ઓલાદના પશુઓ રાજ્યના પશુપાલકોને મળી રહે તે માટેની વ્યવસ્થા આ ક્ષેત્રમાં કરવામાં આવી છે. છેલ્લાં ૧૦ વર્ષમાં સમયગાળા દરમ્યાન રાજ્યની શંકર ગાયમાં દૂધ ઉત્પાદકતાના કુલ ૩૩૭ ટકા, દેશી ગાયમાં ઉત્પાદકતામાં ૧૩ ટકા, ભેંસના ઉત્પાદનમાં ૪૧ ટકાનો વધારો નોંધાયેલ છે. આ સ્થિતિનું નિર્માણ પશુપાલન ક્ષેત્રે ખૂબ સરળતાથી રાજ્યમાં થઈ રહ્યું છે. મારે મત્સ્યોદ્યોગ માટે સમગ્ર દેશમાં ખૂબ સારી રીતે ગુજરાત કામ કરી રહ્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, પરંતુ ગુજરાતમાં માછીમારીના કે બાકીના ઉદ્યોગોની વાતો કરીએ તો કેટલાંકના નાકનાં ટેરવાં ચઢી જાય, પરંતુ હોંશે હોંશે આ વિભાગમાં તેમની કોઈ રૂચી જાગે એટલા માટે રંગીન માછલીઓની હેચરીના ઉદ્યોગમાં જે જોડાય તેમને ૭૦ ટકા જેટલી સબસીડી વિવિધ યોજનાઓ દ્વારા આપીને એક લાખ રૂપિયાની હેચરી થાય તો ૭૦ હજાર રૂપિયાની સબસીડી અને તેના દ્વારા એટલે કે રંગીન માછલીઓ દ્વારા રોજગારી પ્રાપ્ત થાય તેવી એક નવીન વ્યવસ્થાઓ રાજય સરકારે કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની કેટલીક વિગતો આપું તો કૃષિ યુનિવર્સિટી અને કૃષિ મહોત્સવો દ્વારા કેટલાક સંશોધનો થયા છે. આ સંશોધનોમાં જેઠાભાઈએ ઉલ્લેખ કર્યો. થડ કાઢવા માટે ભૂતકાળમાં તેને સળગાવી દેવા પડે, જમીન બગડે તેના બદલે હવે એકસપોર્ટ કવોલિટીનું સારું પ્લાયવુડ બને તેવું સુરેન્દ્રનગરમાં શરૂ થયું છે. તેની કિંમત બહું નથી. એટલું જ નહીં કેળ અને કેળાં ખાસ કરીને દક્ષિણ ગુજરાતમાં સામાન્ય રીતે કેળાનો પાક લીધા પછી એક એકરે ખેડૂતોને તેના થડ કાઢવા માટે આઠથી દસ હજાર રૂપિયાનો ખર્ચ થતો હતો અને તેનો નિકાલ કેમ કરવો તેની ચિંતા થતી હતી. જ્યારે સંશોધન ક્ષેત્રે રાજય સરકારે યુનિવર્સિટીઓને ફ્રી હેન્ડ આપીને તેમાં આગળ વધવા માટે જે આર્થિક વ્યવસ્થાઓ માટે ફ્રી હેન્ડ આપ્યું તેના કારણે નવા નવા સંશોધનોમાં આ જ કેળના થડ માટે ખેડૂતોને ખર્ચ કરવો પડતો હતો તેના બદલે આજે તેના થડમાંથી પહેલા પડમાંથી કાપડ બનાવવામાં આવે છે, બીજા પડમાંથી કાગળ બનાવવામાં આવે છે અને છેલ્લે અંદર વધે તેમાંથી ચૉકલેટ બનાવવામાં આવે છે. જે ચૉકલેટનો આજે મેં માનનીય ધારાસભ્યશ્રીઓને ટેસ્ટ કરાવવાનો પ્રયત્ન કર્યો છે. કાગળ એટલો મજબૂત છે. કરન્સી નોટ કરતાં પણ મજબૂત કાગળ છે. આજે જે મારા સાથી સભ્ય જેઠાભાઈએ કહ્યુ તેમ મેં જે બંડી પહેરી છે તે આ કેળના થડમાંથી વેસ્ટ જે હતું તેમાંથી બેસ્ટ બનાવીને મેં આજે આ બંડી પહેરી છે. તે કેળના થડની છે. આના કારણે ખેડૂતોને ૨૦ થી ૨૫ હજાર રૂપિયાની આવક શરૂ થશે. આ કાગળ એટલો મજબૂત છે કે સામાન્ય રીતે ફાડવો અઘ રો છે. સામાન્ય રીતે ફાટે નહીં તેવી સ્થિતિનું નિર્માણ આ યુનિવર્સિટીઓએ કર્યુ છે. ન ફાટે તેવી સ્થિતિનું નિર્માણ કર્યુ છે. આ થયું હોય ત્યારે એટલું જ નહીં આ કાપડ બનાવવાની સ્થિતિનું નિર્માણ કર્યુ છે. આજે સમગ્ર વિશ્વમાં આ ગુજરાત અનેક વિષયોમાં ચર્ચાના એરણે ચઢયું છે. ચાલુ વર્ષે રાજય સરકારે કૃષિ યુનિવર્સિટીઓ અને લૅબૉરૅટરીઓ માટે અવું આયોજન કર્યુ છે કે કદાચ લેમન ગ્રાસ જોયું હશે. મારા ખેતરની વાડીમાં વાવ્યું છે. તે તમે લગાવો તો તમને લીંબુંનું ફાડિયું લાગે. તેવી રીતે ભવિષ્યમાં કેસર અને સુખડના જીનમાં, તેના સુગંધિત જીન સુધી પહોંચીને આવા અઢી થી ત્રણ મહિનાના ગ્રાસ ઉપર તેનો પ્રયોગ કરીને તેમાં સફળતા મેળવીને આવતા દિવસોમાં વિશ્વભરમાં કેસર અને સુખડની જે માગ છે અને જે કેમીકલયુકત રીતે વપરાય છે તેના બદલે કુદરતી રીતે આના સંશોધનો કરીને એક નવી દિશા તરફ જવાનો નિર્ણય આ રાજય સરકાર કેસરની જેમ ફૂલેફાલે અને સુખડની જેમ સુગંધિત થાય તેવી વિશ્વને નવી ભેટ આપવા માટેની યોજના આ બજૅટમાં કૃષિ યુનિવર્સિટીઓ માટે કરી છે. કૃષિ યુનિવર્સિટીઓ અલગ અલગ સંશોધનો કરે છે તેના કારણે કેન્દ્ર સરકારે તમામ યુનિવર્સિટીઓને સમય મર્યાદાના કારણે કયો કયો એવોર્ડ આપ્યો તે કહેતો નથી. તે તમામ યુનિવર્સિટીઓને અલગ અલગ એવોર્ડો પ્રાપ્ત થયા છે. આ ક્ષેત્રમાં અનેક એવોર્ડો પ્રાપ્ત કર્યા છે. રાજય સરકારે આ ક્ષેત્રે અનેક એવોર્ડો પ્રાપ્ત કર્યા છે, એવી રીતે જ્યારે આ કૃષિ ક્ષેત્રે ગુજરાતના વિકાસમાં ખૂબ સમર્થન મળ્યું હોય ત્યારે હું આપ સૌને આપની કાપદરખાસ્તો પાછી ખેંચીને વિના વિરોધે મારી માગણીઓ પાસ કરવાની વાત કરું તે પહેલાં માનનીય અધ્યક્ષશ્રી, એક વધારે સ્પષ્ટતા માટે હું વાત કરીશ, આ રાજય સરકાર કોઈ ભાષામાં, કોઈ ભાષાનો અભાવ કે પ્રભાવ નીચે નહીં હોવી જોઈએ એમ માને છે, અને એટલા માટે વર્ષોથી સ્વર્ણિમ વર્ષ નિમિત્તે આ રાજય સરકારે નિર્ણય કર્યો કે રાજયના વકીલો ખૂબ બુદ્ધિજીવી હોય છે પોતાની વાત ગુજરાતીમાં બહુ સારી રીતે કહી શકે અને એટલા માટે હાઈકોર્ટમાં ગુજરાતી ભાષામાં પોતાની દલીલથી પોતાનો કેસ સચોટ રીતે મૂકી શકે એટલા માટે બંધારણીય જોગવાઈ ૩૪૮(૨) પ્રમાણે

આજે રાજય સરકારે નિર્ણય કર્યો છે કે ગુજરાતમાં હાઈકોર્ટમાં ગુજરાતી ભાષામાં વકીલો એનો ઉપયોગ કરી શકે એટલે ઓફિશિયલી લેંગ્વેજ તરીકે સ્વર્ણિમ વર્ષ તરીકે ગુજરાતી ભાષાનો ઉપયોગ રાજભાષામાં કરવા માટે રાજય સરકારે નિર્ણય કર્યો છે ત્યારે હું આપ સૌને મારી વાત પૂર્ણ કરીને જે સરકાર જે દિશા તરફ ચાલી રહી છે એ દિશામાં આપણે સૌ જોડાઈએ એમાં આપણા સૌનું ગૌરવ છે જય જય હરી, જય જય શ્વેત, જય જય સ્વર્ણિમ ગુજરાત, જય જય હરી , જય જય શ્વેત, જય જય સ્વર્ણિમ ગુજરાત.

**શ્રી સિદ્ધાર્થ ચી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને મારે બે પ્રશ્ન પૂછવા માગું છું એક જ્યારે એમણે વાત કરી કે ગુજરાતના શેરડી પકવતા ખેડૂતોને આંતરરાષ્ટ્રિય ભાવ કરતાં પણ વધારે ભાવ મળી રહ્યો છે, પણ માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂતને ભાવ ત્યારે જ મળે છે કે ખેડૂત બજારમાં શેરડી સહકારી સંસ્થાઓને અને ખાંડ ફૅક્ટરીઓને જ વેચી શકે છે, અને જ્યારે એ લોકો તરફથી એણે નાણાં મળે ત્યારે જ ખેડૂતને એ પૈસા મળે છે આ સંજોગોમાં વડોદરા જિલ્લાની વડોદરા સુગર અને સરદાર સુગર, આ બંને સુગરમાં જે ખેડૂતોએ શેરડી નાખી એમને આજ સુધી એના પૈસા મળ્યા નથી, તો એ સંજોગોમાં ખેડૂતોને આ સુગરના પૈસા તાત્કાલિક મળી જાય એવી કોઈ વ્યવસ્થા સરકાર ગોઠવવા માગે છે કે કેમ? આ મારો પહેલો સવાલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારો બીજો સવાલ એ છે કે, જુદા જુદા પાક વચ્ચે બેલેન્સ રાખવું એ સરકારની જવાબદારી છે, ખેડૂતને તો જે પાકની અંદર વધારે ઊપજ મળે, સ્વાભાવિક રીતે જ ખેડૂતને અધિકાર છે કે એ પાક પકવે, પણ એ બેલેન્સ રાખવાની જવાબદારી સરકારની છે, અને જ્યારે સ્વામિનાથનનો ઉલ્લેખ કરીને આપણે જ્યારે ગૌરવ લેવાનો પ્રયત્ન કર્યો છે ત્યારે આ બેલેન્સ ગુજરાતમાં જળવાતું નથી, અને અનાજના વાવેતર અને એના ઉત્પાદનમાં અસામાન્ય અને ગંભીર કહી શકાય એવો ઘટાડો થયો છે, અને ગુજરાત રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રીના સલાહકાર નલવાવાલાએ જ પોતાના એક ઓબ્ઝર્વેશનમાં કહ્યું છે કે ગુજરાતમાં પાકની પસંદગીની તરાહ ઉપર ગંભીર વિચાર કરવાની જરૂરિયાત ઉભી થઈ છે, જ્યારે માનનીય મુખ્ય મંત્રીશ્રીના સલાહકારનું જ આ માનવું છે, એવા સંજોગોમાં આ પાકનું બેલેન્સિંગ જાળવી રાખવા માટે અને એ ખેડૂતોને વધારે ઊપજ આ પાકમાંથી પણ મળે એવી કોઈ વ્યવસ્થા સરકાર ગોઠવવા માગે છે કે કેમ, અને જ્યારે માનનીય મંત્રીશ્રીએ વિનંતી કરી છે કાપ દરખાસ્તો પાછી ખેંચી લેવા માટે તો ત્યારે જો સરકાર ખરેખર ખેડૂતોના હિતનો વિચાર કરતી હોય તો ખાતર ઉપર અને જંતુનાશક દવા ઉપર જે વેટ નાખવામાં આવ્યો છે એ વેટ સરકાર પાછો ખેંચી લેવાની જાહેરાત કરે તો અમે અમારી કાપ દરખાસ્ત પાછી ખેંચી લઈશું.

**શ્રી દિલીપ સંઘાણી** :માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સિધ્ધાર્થભાઈએ બે પ્રશ્ન ઉભા કર્યા છે, ત્યારે એમના છેલ્લા પ્રશ્નો જવાબ હું પહેલાં આપું, એમની ચિંતા સાથે હું પણ સહમત છું, કે ખેડૂતો પાક માટે સ્વતંત્ર છે, પરંતુ ખેડૂતો કોઈ ચોક્કસ પાક તરફ વળ્યા છે. આખા દેશમાં જે અનાજ અને પેદાશ અંગે વિશ્વમાં જે ચર્ચા થઈ છે એ પ્રમાણે જો ખેડૂતોને ફરજિયાત અમુક પાક વવવા માટે આપણે દબાણ કે સલાહ આપવા જઈએ એનાથી ખેડૂતોને જે ખોટ આવતી હોય એ ખોટ ભરપાઈ કરવા માટે કેન્દ્ર સરકાર તરફથી કોઈ આપણને આશ્વાસન, આધાર કે ખોટની રકમ ફાળવવાની ખાતરી આપવામાં આવે તો ચોક્કસ રાજયના ખેડૂતોને આ દિશા તરફ વાળવાનો રાજ્ય સરકાર નિર્ધાર કરશે. બાકી ગુજરાતના ખેડૂતોને માટે ગુજરાતની સરકારની જે જવાબદારી છે ગુજરાતની જનતા, ગરીબ માણસ ભૂખ્યો ન સૂવે એના માટે રાજય સરકાર દુનિયાના કોઈ પણ દેશમાંથી જરૂરિયાતવાળું અનાજ પૂરું પાડીને ગરીબોના પેટ સુધી પહોંચાડવાની જવાબદારી રાજય સરકાર નિભાવે છે ત્યારે ખેડૂતોને ફરજિયાત રીતે આજ પાક વાવીને તમે નુકસાન કરો એ કહેવા માટે સરકાર હરગિઝ તૈયાર ન હોઈ શકે સિવાય કે એની ખોટ પૂરી કરવાની કેન્દ્ર સરકાર ખાતરી આપે.

માનનીય અધ્યક્ષશ્રી, એમનો બીજો સવાલ સુગર ફેક્ટરીઓ હતો. માનનીય અધ્યક્ષશ્રી, એક સહકારી સંસ્થા, સહકારી સંસ્થામામાં કોને કેટલી રકમ ચૂકવવી? ક્યારે ચૂકવવી? કેમ ચૂકવવી? આ બાબતમાં સરકાર જો માર્ગદર્શન આપે તો સરકાર સહકારી ક્ષેત્રમાં ચંચૂપાત કરે છે એમ કહેશે. અને ચંચૂપાત કરવાની વાત કરે તો એ સ્વતંત્ર રીતે વહીવટ કરવામાં જે કોઈ રીતે કૌભાંડો, ફરિયાદો થઈ છે એની અંદર રાજય સરકારે કોઈ પણ જાતની શેહ-શરમ વગર પગલાંઓ લીધા છે અને સરકારને ભાગ આવતી ફરજ સરકારે બજાવી છે.

**શ્રી રાઘવજીભાઈ હં. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગુ છું કે, મેં મારી માગણીના પ્રવચનમાં વાત કરી હતી કે, સાબરકાંઠા જિલ્લાના વડાલી તાલુકાના એક ગામે સરદાર પટેલ કૃષિ યુનિવર્સિટીએ આપેલ તુવેરના બિયારણથી નિષ્ફળ ગયેલ ખેડૂતોના તુવેરના પાકનું વળતર ખેડૂતોને રાજય સરકાર આપવા માગે છે કે કેમ? બીજું નવસારી કૃષિ યુનિવર્સિટીએ સંશોધન કરેલ BT કપાસના બિયારણને બજારમાં મૂકવાની સરકાર તાત્કાલીક મંજૂરી સરકાર આપવા માગે છે કે કેમ, અને ક્યારે? ત્રીજો પ્રશ્ન. ખેત તલાવડીમાં જે ૬.૫૦ કરોડ રૂપિયાની ફાળવણી બજેટમાં કરી છે એમાં વધારો કરવા માગે છે કે કેમ?

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, રાઘવજીભાઈએ જે BT કપાસની વાત નવસારીની કરી છે તો આવી કોઈ દરખાસ્ત રાજય સરકાર પાસે આવી નથી. પુના ખાતેની ટેકનોલોજી લેબમાં હજુ આ પ્રક્રિયા ચાલુ છે અને કોઈ પણ સંશોધન વર્ષ- બે વર્ષમાં થતા નથી. એ સામાન્ય રીતે પાંચથી સાત કરતા વધારે ગાળો લે છે હજુ તો આ જીન આપણને ૨૦૦૮માં મળ્યા છે પુના તરફથી અને આની પ્રક્રિયા ચાલુ છે. હું આ ગૃહ મારફત વિશ્વાસ

આપવા માગુ છું કે, આજ નહીં ભવિષ્યમાં પણ નવા સંશોધનો યુનિવર્સિટી દ્વારા જે થાય એ આ સરકાર હોય કે પેલી સરકાર હોય કોઈની તાકાત નથી કે રોકી શકે. કારણ કે, ખેડૂતોને રાજયના હિતમાં આ બાબત છે આજે રોકાયું નથી અને ભવિષ્યમાં પણ જેવું સંશોધન બહાર નિકળશે એટલે ખેડૂતોના હિતમાં, રાજયના હિતમાં એનો ઉપયોગ કરવામાં આવશે. બાકી બિયારણ જે ખેડૂતોને મળ્યું છે એની એક વાત સમજવા જેવી છે. આમ છતાં યુનિવર્સિટીઓ દ્વારા નવા નવા પ્રયોગો થાય છે એમાં ખેડૂતોને પા વિઘો, અડધો વિઘો કે એક વિઘો એના પ્રાઈમરી બૈઈઝ ઉપર ટેસ્ટ કરવા માટે વિનામૂલ્યે, વેચાતું નથી આપવામાં આવતું, વિનામૂલ્યે જે ખેડૂતો આવે કે અમારે આ બિયારણનો અમારે ત્યાં ટેસ્ટ કરવો છે એને આપીએ છીએ. મૂલ્યથી નથી આપતા, વેચતા નથી.પણ કોઈક બેચ નબળી આવી હોય તો એની તપાસ કરવા માટે જણાવવામાં આવેલ છે, આ ખેડૂતોને વળતર કેવી રીતે આપીને સરભર થઈ શકે એ માટે જેવી ફરિયાદ આવી તુરત જ ઉચ્ચ કક્ષાના અધિકારીઓને બોલાવીને તપાસ કરવા માટે જણાવવામાં આવેલ છે, એ ખેડૂતોને મેં સાંભળ્યા છે, યુનિવર્સિટીના અધિકારીઓને મેં અહીંયા બોલાવ્યા છે એટલે ખેડૂતોના હિતમાં નિર્ણય કરવા માટેની સૂચના આપી છે.

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી મારે એટલું જાણવું હતું કે, અત્યાર સુધીમાં ખેતીનો જે વ્યવસાય છે તેને ઈન્કમટેક્સમાંથી મુક્ત રાખવામાં આવેલ છે અને હમણાં ખેડૂતો ઉપર ઈનડાયરેક્ટલી ઈન્કમટેક્સ નાંખવા માટે ભારત સરકાર વિચારી રહી છે, મારો પ્રશ્ન એટલો જ છે કે પ્રાથમિક તબક્કે સહકારી સંસ્થાઓ ઉપર ઈન્કમટેક્સ દાખલ કરીને ઈનડાયરેક્ટલી ઈન્કમટેક્સ નાંખ્યો છે અને હવે બીજા તબક્કામાં જ્યારે પ્રાથમિક સહકારી મંડળીઓ ઉપર ટેક્સ નાંખવા જઈ રહ્યા છે ત્યારે ગુજરાતના ખેડૂતો વતી રાજ્યના કૃષિ મંત્રીશ્રી ભારત સરકારને આવું ન કરવા માટે વિનંતી કરવા માગે છે કે કેમ?

**શ્રી દિલીપ સંઘાણી** : રાજ્યના અને દેશના ખેડૂતોને ઈન્કમટેક્સમાંથી મુક્ત કરવા માટે આપણે ચોક્કસ પ્રયત્ન કરીશું. વિવિધ રીતના ટેક્સ હોય છે, સીધા કરવેરા હોય છે અને આડકતરા કરવેરા હોય છે, અહીંયા હમણાં ઉલ્લેખ કરવામાં આવ્યો કે એ.પી.એમ.સી. માટે અમે ગયા અને ટેક્સ પાછો ખેંચાવ્યો, ટેકસ હતો જ નહિ, નાંખ્યો અને પાછો ખેંચ્યો છે, પરંતુ જેટલા દિવસ ભરવો પડ્યો એ પાછો નથી આપ્યો, બીજી વાત એ છે કે જિલ્લા મધ્યસ્થ સહકારી બેન્કો દ્વારા ખેડૂતોને ધિરાણ આપવામાં આવે છે આઝાદી પછી પંડિત નહેરૂથી માંડીને અટલજી સુધી કોઈ ટેક્સ નાંખવામાં આવ્યો નહોતો પરંતુ આજની કેન્દ્રની સરકારે ૩૦ ટકા જેટલો ટેક્સ નાંખ્યો છે આડકતરી રીતે ટેક્સ નાંખી જ દીધો છે એનો પણ વિરોધ આ ગુજરાતની સરકારે અને સર્વપક્ષીય રીતે જયરામભાઈના નેતૃત્વમાં કર્યો છે આખા દેશે અને ભવિષ્યમાં પણ આ ટેક્સનો વિરોધ રાજ્ય સરકાર કરશે એટલે હું આ સભાગૃહને વિશ્વાસ આપવા માગું છું કે આપણે એનો ચોક્કસ વિરોધ કરીશું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૧ થી ૧૪, ૧૬ થી ૨૨, ૨૪ થી ૨૮ અને ૩૦ થી ૩૨ મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.**

**માગણી ક્રમાંક ૨, ૩, ૪, ૫, ૬ અને ૬૦ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**સભાગૃહનું કામકાજ સાંજના ૫-૧૪ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર ગુરૂવાર તા.૨૪મી માર્ચ, ૨૦૧૧ના રોજ બપોરના ૧૨-૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહયું.**

**ગુજરાત વિધાનસભા**
**ગુરૂવાર, તા.૨૪મી માર્ચ ૨૦૧૧**
**ચૈત્ર ૩, ૧૯૩૩ શાકે**
**સભાગૃહ બપોરના ૧૨.૦૦ વાગ્યે મળ્યું.**
**અધ્યક્ષશ્રી, ગણપતભાઈ વસાવા અધ્યક્ષસ્થાને**

# તારાંકિત પ્રશ્નો

## કપડવંજ અને કઠલાલ તાલુકાના પેટાપરાને પાકા રસ્તાથી જોડવાનું આયોજન

*** ૨૨૫૭૦ શ્રી મણીભાઈ દે. પટેલ(કપડવંજ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ ખેડા જિલ્લાના કપડવંજ અને કઠલાલ તાલુકામાં કેટલા પેટા પરાને જોડતા પાકા રસ્તા નથી, અને

(૨) આ પેટા પરાને પાકા રસ્તાથી જોડવાનું સરકારનું શું આયોજન છે?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી :**

(૧) ખેડા જિલ્લાના કપડવંજ અને કઠલાલ તાલુકાના ૫૦૦થી વધુ વસ્તી ધરાવતા તમામ ગામ/પરા પાકા ડામરના રસ્તાથી જોડાયેલ છે. જ્યારે ૫૦૦થી ૨૫૦ની વસ્તી ધરાવતા કપડવંજ તાલુકાના ૪૫ પેટાપરા અને કઠલાલ તાલુકાના ૨૫ પેટા પરા તેમજ ૨૫૦થી ઓછી વસ્તી ધરાવતા કપડવંજ તાલુકાના ૫૮ પેટાપરા અને કઠલાલ તાલુકાના ૨૭ પેટા પરાને જોડતા પાકા રસ્તા નથી.

(૨) ૭ કામો કઠલાલના અને ૨ કામો કપડવંજ તાલુકાના મંજૂર કરેલ છે. જ્યારે અમુક કામો વર્ષ-૨૦૧૧-૧૨ની જોગવાઈ સામે હાથ ધરવાનું આયોજન છે.

**શ્રી મણીભાઈ દે. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રીએ જે ૨૫૦થી ૫૦૦ વચ્ચે ગામની વસ્તી છે એવા ૭૦ ગામ છે. આ વસ્તી ગણતરીના આંકડા ૨૦૦૧ની વસ્તી ગણતરીના છે. આજે ૨૦૧૧માં એટલે કે, દસ વર્ષ પછી ગામથી વસ્તી ૫૦૦ માણસો જેટલી થઈ છે. આપણે વિકાસની ગમે તેટલી વાતો કરીએ, વાઈબ્રન્ટ ગુજરાતની વાતો કરીએ..

**અધ્યક્ષશ્રી** : આપ સીધા પ્રશ્ન ઉપર આવી જાઓ.

**શ્રી મણીભાઈ દે. પટેલ** : પણ ગામડાને જોઈએ તો સાબિત થાય છે કે, આપણે કેટલો વિકાસ કરીએ છીએ. કંપડવંજ તાલુકાના ૪૫ ગામ અને કઠલાલ તાલુકાના ૨૫ મળી કુલ ૭૦ ગામને ૨૦૧૧-૧૨માં મંત્રીશ્રીએ કહ્યું છે કે એને પાકા રસ્તાથી જોડવામાં આવશે. તો હું પૂછવા માગું છું કે, આવા કેટલા ગામોને ૨૦૧૧-૧૨માં જોડવામાં આવશે અને બીજો પ્રશ્ન એ છે કે, નાણા મંત્રીશ્રીએ ૧૮મા અંદાજપત્રમાં બાકીના ગામોને જોડવાની વાત કરી છે તો તેમાં કેટલા ગામોને જોડવામાં આવશે અને તેમાં સમાવેશ કરવામાં આવશે? મારો ત્રીજો પ્રશ્ન એ છે કે, કપડવંજ તાલુકાના આલમપુરા, ભુતિયા અને કંબોયામાં ૧૦૦૦થી વધારે માણસોની વસ્તી છે અને તે રેવન્યૂ ગામ છે તો તેમને પાકા રસ્તાથી જોડવા માગો છો કે કેમ?

**શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન કર્યો એ કપડવંજ તાલુકામાં ૧૦૬ અને કઠલાલ તાલુકામાં ૫૯ મહેસૂલી ગામ આવેલ છે. આ તમામ ગામોને રસ્તાથી જોડવામાં આવેલ છે. કપડવંજ તાલુકામાં ૨૦૧ પેટા પરા આવેલા છે એમાં ૯૮ પેટા પરા રસ્તાથી જોડાયેલ છે. કઠલાલમાં ૧૬૯ પેટા પરા છે એમાંથી ૧૧૭ પેટાપરા રસ્તાથી જોડાયેલ છે. આમ કપડવંજના ૧૦૩ પેટા પરા અને કઠલાલના ૫૨ પેટા પરા મળીને કુલ ૧૫૫ પેટાપરા આ બે તાલુકાના થાય છે. ૧૫૫માંથી લગભગ ૭૦ પેટા પરાની વસ્તી ૨૫૦થી ૫૦૦ની છે તથા ૨૫૦થી ઓછી વસ્તીવાળા ૮૫ પેટા પરાને રસ્તાથી જોડવાના બાકી છે. કેન્દ્રમાં જ્યારે અટલ બિહારી બાજપાઈના નેતૃત્વ હેઠળની એન.ડી.એ.ની સરકાર હતી ત્યારે પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ ૫૦૦થી વધુ નોર્મલ તથા તથા ૨૫૦ની વસ્તીવાળા ટ્રાયબલ વિસ્તારના ગામના રસ્તાના કામ મંજૂર કરવામાં આવતા હતા. યુ.પી.એ.ની સરકારે આ નીતિમાં ફેરફાર કરીને ફકત ભારત નિર્માણને પ્રાધાન્ય આપીને ૧૦૦૦થી વધુ વસ્તીવાળા નોર્મલ અને ટ્રાયબલ વિસ્તારમાં ૫૦૦થી વધુ વસ્તીના કામો મંજૂર કરવાનો નિર્ણય લીધો છે. આ સન્માનનીય ગૃહના માનનીય સભ્યો દ્વારા ૫૦૦થી ઓછી વસ્તીવાળા ગામોને પાકા રસ્તાથી જોડવા માટે અવાર-નવાર માગણી થાય છે. ૫૦૦થી ઓછી વસ્તીવાળા પેટાપરા હોય તો યુ.પી.એ.ની સરકાર દ્વારા આ રસ્તાઓ મંજૂર થતા નથી. હાલમાં કેન્દ્ર સરકાર દ્વારા ૫૦૦થી ઓછી વસ્તીવાળા ગ્રામ્ય વિસ્તારને જોડવા પેટા પરાના ગામોને વર્ષ ૨૦૧૪-૧૫માં તથા ૨૫૦થી ૫૦૦ની વસ્તીવાળા નૉર્મલ ગામોને જોડવા માટે ૨૦૨૧ ના વર્ષ સુધીમાં આયોજન કરેલ છે. જેથી ઓછી વસ્તીવાળા પેટાપરામાં વસતા ગ્રામજનોની રસ્તા માટેની માગણી લાંબા સમય સુધી સંતોષાય

નહીં તેવી પરિસ્થિતિનું નિર્માણ થયેલ છે. કપડવંજ તાલુકાના સાત રસ્તાઓ ૭.૮ કિ.મી. લંબાઈના રૂ.૧૪૭.૩૫ લાખની રકમ તેમજ કઠલાલ તાલુકાના ૧૦ રસ્તાઓના ૨૧.૭ કિ.મી. લંબાઈના ૪૦૩.૩૪ લાખની રકમના, સપાટીની સુધારણા અર્થે દરખાસ્ત કેન્દ્ર સરકારમાં તા.૯-૨-૦૯થી પડતર છે. જેની મંજૂરી આજ દીન સુધી રાજય સરકારને મળેલ નથી. આપણા આદરણીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના નેતૃત્વ હેઠળની ગુજરાત સરકારે માર્ગ અને મકાન વિભાગમાં ખૂબ જ પ્રશંસનીય કામગીરી કરેલ છે.આપણા ગ્રામ્ય વિસ્તારના વિકાસની યાત્રાને આગળ ધપાવવા માટે રાજ્ય સરકારે વર્ષ ૨૦૧૧-૧૨માં અંદાજિત રૂપિયા એક હજાર કરોડની જોગવાઈ કરી છે. આદિજાતિ વિસ્તારના ગ્રામ્ય રસ્તાઓ એટલે કે પેટાપરા કે જેની વસતિ ૨૫૦ થી ઓછી છે એને આ યોજના અનુસંધાને ૧૫૦ કિલોમિટરની લંબાઈના રસ્તાઓ ઉપરાંત કેટલાક ગામો અને પેટાપરાઓને જોડતા અસંખ્ય નોન પ્લાનના રસ્તાઓ પૈકી આ વર્ષે ૬૦૦ કિલોમિટરની લંબાઈના નોન પ્લાનના રસ્તાઓ વિકસાવવા માટે ૧૫૦ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવેલ છે. મારી માહિતી મુજબ સમગ્ર દેશમાં આવી નીતિ નક્કી કરનાર ગુજરાત પ્રથમ રાજ્ય છે. આ જોગવાઈ હેઠળ ઘણા ગામો અને પેટાપરાઓના રસ્તાઓને પાકા કરવાની કામગીરી તબક્કાવાર નાણાકીય ઉપલબ્ધતા ધ્યાને લઈને હાથ ધરવામાં આવશે ત્યારે કઠલાલ અને કપડવંજના બાકી રહેતા પેટાપરાઓના રસ્તાઓ નાણાકીય ઉપલબ્ધતા અને અન્ય સંજોગોને ધ્યાનમાં લઈ તબક્કાવાર આયોજન કરવાનું વિચારવામાં આવશે. માનનીય સભ્યશ્રીએ પૂછ્યું કે આ વસતિ ૨૦૦૧ની છે અને આપણા દરેક કામો જેનું સેન્સસ ૨૦૦૧નું ફાઈનલ થયું હોય એ વસતિ ધ્યાને લેવી પડે અને એ વસતિ ધ્યાને લઈને રાજ્ય સરકાર કામ કરે છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, બે બાબતો જાણવી છે. જે માનનીય સભ્યશ્રીની લાગણી છે કે આપણે જોગવાઈ કરીએ છીએ એ અપૂરતી છે. ખાસ એ વાત હતી કે જે સિલેક્શન કરીએ છીએ એ કેવી રીતે કરીએ છીએ? એના માટે આ પેટાપરાના રસ્તાઓને જોડવા માટેના સિલેક્શનની કોઈ નીતિ છે? બીજું જે નવી નીતિ પ્રમાણે ટ્રાયબલ અને એક હજારની વસતિવાળામાંથી કેન્દ્ર સરકાર વધારે પૈસા આપવાની એટલે એ સ્ટેટના આયોજનમાંથી પૈસા બચવાના. એ પૈસા આના માટે વધારે ફાળવી વહેલા પૂરા થાય એમ કરવા માગે છે કે કેમ? ભૂતકાળમાં એન.ડી.એ.ની સરકારમાં પૂરતા પૈસા અપાયા હોત તો આટલો બેકલોગ રહ્યો ન હોત. આ ઘણો મોટો બેકલોગ છે. એ પૂરો કરવા માટે ભવિષ્યમાં નાણાની ફાળવણીમાં વધારો કરવા માગો છો કે કેમ?

**શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર** : માનનીય વિપક્ષના નેતાશ્રીએ જે પ્રશ્ન ઉપસ્થિત કર્યો, એ પણ સારી રીતે જાણે છે કે ગુજરાતની અંદર આ નીતિ અમલમાં આવી હોય તો પહેલી વખત સમગ્ર દેશમાં ગુજરાતમાં અમલમાં આવી છે. જો કેન્દ્ર સરકારને એટલી ચિંતા હોય તો એમણે વર્ષ ૨૦૧૪-૧૫ સુધી અને ૨૦૨૧ સુધી જે વસતિ ૫૦૦ નીચેની છે એના માટે આયોજન કરવાનું કેન્દ્ર સરકારે પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનામાં નક્કી કર્યું છે એ કેન્દ્ર સરકારની ચોપડીમાં કેન્દ્ર સરકારે જણાવ્યું છે કે જેની વસતિ ૫૦૦ની આજુબાજુની છે અને એન.ડી.એ. સરકારે કામો ચાલું કર્યા હતા એ યુ.પી.એ. સરકારમાં વર્ષ ૨૦૧૪-૧૫ સુધી રાહ જોવાનું નક્કી કર્યું છે. એટલે વર્ષ ૨૦૧૪-૧૫ સુધી રાહ જોવી પડે. ૨૫૦ થી ઓછી વસતિ હોય એણે ૨૦૨૧ સુધી રાહ જોવી પડે. રાજ્ય સરકાર આ રાહ જોવા માગતી નથી. આપણે ગુજરાતનો સર્વાંગી વિકાસ કરવાનો છે એને ધ્યાનમાં રાખીને પક્ષાપક્ષીથી પર રહીને અમારી સરકારે આદરણીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ આ નીતિ અમલમાં મૂકી છે. (અંતરાય)

**શ્રી કનુભાઈ ડાભી**: માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે કઠલાલ અને કપડવંજ તાલુકાના કુલ ૯ કામો મંજૂર કરેલ છે તે કયા કયા છે અને હાલ કયા તબક્કે છે?(અંતરાય)

**શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, મને રક્ષણ આપો, હું જવાબ આપવા ઊભો થાઉ છું ત્યારે વિપક્ષના સભ્યશ્રીઓ સાંભળવા તૈયાર હોતા નથી. મને જવાબ આપવામાં રક્ષણ આપો.

**અધ્યક્ષશ્રી** : આપ ટૂંકમાં જવાબ આપો.

**શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર** : માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછ્યો એમાં કપડવંજ તાલુકાના ૭ રસ્તાઓ ૭.૮ કિલોમિટર લંબાઈના રૂપિયા ૧૪૭.૩૫ લાખની રકમના અને કઠલાલ તાલુકાના ૧૦ રસ્તાઓ ૨૧.૭ કિલોમિટર લંબાઈના ૪૦૩.૨૪ લાખના સપાટીની સુધારણા અર્થે કેન્દ્ર સરકારમાં દરખાસ્ત તા. ૯-૨૦૦૯ થી પડતર છે. આજ સુધી મંજૂરી મળી નથી. કઠલાલ તાલુકાના ૧૭ પેટાપરા અને કપડવંજ તાલુકાના ૧૧ પેટાપરાને પી.એમ.જી.એસ.વાય સદર હેઠળ જોડવામાં આવ્યા છે.

**શ્રી માનસિંહ કો. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસે એ જાણવા માગુ છું કે કપડવંજ અને કઠલાલ તાલુકાના પેટાપરા આજે મોટા ગામ જેવા થઈ ગયા છે. માલીતાડીથી ખડોલનો રસ્તો છે એમાં વચે સાત જેટલા પેટા પરા આવે છે તો માલીતાડીથી ખડોલનો રસ્તો કરવા માગો છો કે કેમ?

**શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, ખડોલના રસ્તા માટે માનનીય સભ્યશ્રીએ વાત કરી મેં આ સન્માનનીય ગૃહને જણાવ્યું છે કે જે કાંઈ સરકારની નીતિ છે. કેન્દ્ર સરકારે તો કોઈ ગ્રાન્ટ ૨૦૧૪-૧૫ સુધી PMGSY માં આપવાની ના પાડી છે પણ અમારા વતી ત્યાં આગળ જઈને ભલામણ કરજો માનનીય વિરોધપક્ષના નેતાને કહું છું કે કાંઈ થોડું આપનું પણ ઉપજતું હોય તો કહેજો કે ગુજરાત સરકારને થોડી ગ્રાન્ટ વધારે આપે. આ જે માનનીય સભ્યશ્રીએ પ્રશ્ન કર્યો એમને કહેવા માગું છું કે અમારી રાજ્ય સરકારે જે આયોજન

કર્યુ છે અને અમારી રાજ્ય સરકાર નાણાકીય ઉપલબ્ધતાને ધ્યાને લઈને તબક્કાવાર જે કોઈ કામો બાકી રહેતા હશે આપણે આ વર્ષે ગ્રાન્ટની જોગવાઈ કરી છે ૧૫૦ કરોડ રૂપિયા કદાચ જરૂર પડશે તો વધારે ગ્રાન્ટની જોગવાઈ આવતા વર્ષે પણ કરીને ગુજરાતના બધા ગામોને રસ્તા મળે એ તબકકાવાર નાણાકીય ઉપલબ્ધતાને ધ્યાનમાં લઈને આયોજન કરીશું.

**સુરેન્દ્રનગર અદાલતના નવા મકાન અંગે**

***૨૧૭૩૭ શ્રીમતી વર્ષાબેન ન. દોશી(વઢવાણ) : માનનીય કાયદો અને ન્યાયતંત્ર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

(૧) સુરેન્દ્રનગર સ્થિત કોર્ટના બિલ્ડિંગને નવું બનાવવા માટે તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ મંજૂરી આપવામાં આવી છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તે માટે કેટલી રકમની ફાળવણી કરવામાં આવી છે, અને આ કામ ઉકત સ્થિતિએ કયા તબક્કે છે?

**કાયદો અને ન્યાયતંત્ર મંત્રીશ્રી :**

(૧) હા જી.

(૨) કાયદા વિભાગ દ્વારા નવા મકાનના નકશા અને અંદાજોને રૂપિયા ૩,૮૩,૨૮,૦૦૦/- (રૂપિયા ત્રણ કરોડ ત્યાંસી લાખ અઠાવીસ હજાર પુરા)ની વહીવટી મંજૂરી આપવામાં આવી છે. સુરેન્દ્રનગર ખાતે નવું કોર્ટ બિલ્ડિંગનું કામ પૂર્ણ થયેલ છે.

**શ્રીમતી વર્ષાબેન ન. દોશી** : માનનીય અધ્યક્ષશ્રી, સુરેન્દ્રનગર ખાતે નવું કોર્ટનું બિલ્ડિંગનું કામ પૂર્ણ થયું છે તેનો આનંદ વ્યકત કરું છું અને માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગુ છું કે નવા મકાનની અંદર કઈ કઈ અદાલતને કાર્યરત કરવાનું આયોજન છે? બીજું એ પૂછવા માગુ છું કે હાલના મકાનની અંદર અને આ જે નવું મકાન બન્યું છે એની અંદર ચોક્કસ કઈ કઈ સવલતો આપ વધારાની આપવા માગો છો?

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન ઉપસ્થિત કર્યો છે એના સંદર્ભમાં ગુજરાતની અંદર પડતર કેસોનો નિકાલ ઝડપથી થાય એના માટે રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રીએ સ્વર્ણિમ ગુજરાત વર્ષ નીમિતે રાજ્યમાં ૭૦૦ જેટલી કોર્ટો પાંચ વર્ષ માટે બનાવવાનો નિર્ધાર કર્યો છે એના ઉપરાંત કેન્દ્ર સરકાર દ્વારા જે ફાસ્ટ ટ્રેક કોર્ટો હતી. માનનીય અધ્યક્ષશ્રી, હું એટલા માટે કહું છું કે આ આવશ્યકતા હતી (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : સુરેન્દ્રનગર જિલ્લા પુરતું છે.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, એ ફાસ્ટ ટ્રેક કોર્ટો પણ હવે કેન્દ્ર સરકાર દ્વારા બંધ કરવામાં આવી છે પણ રાજ્ય સરકાર દ્વારા આ ફાસ્ટ ટ્રેક કોર્ટોનો પણ સમાવેશ કરી જેના કારણે આ પડતર કેસોનો નિકાલ થાય. આ એટલા માટે અગત્યનું છે કે સમયસર ન્યાય ના મળે એ અન્યાય બરાબર છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : આપ સુરેન્દ્રનગર જિલ્લા પુરતો જવાબ આપો, પ્લીઝ.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, અને પડતર કેસોના નિકાલ માટે એનું જો બિલ્ડિંગ બરાબર હોય તો એમાં આપણે વધારાના જ્જો બેસાડી શકીએ અને વકીલોને પણ પુરતી સુવિધા ઊભી કરાવી શકીએ. એટલે એમણે જે પ્રશ્ન ઊભો કર્યો છે એમાં આ બિલ્ડિંગની અંદર પાર્કિંગ રોડ છે, આંતરિક રસ્તા છે, એડવોકેટ રૂમ છે. માનનીય અધ્યક્ષશ્રી, ગઈકાલે જ મેં કહ્યું એમ ત્યાં લાઈબ્રેરી રૂમની પણ સગવડત છે અને હવે રાજ્ય સરકાર દ્વારા રાજ્યભરના તમામ તાલુકા અને જિલ્લામાં બાર એસોસિએશનને આપણે જે ઈ-લાઈબ્રેરી પૂરી પાડવાના છીએ તો વકીલો દ્વારા આ ઈ-લાઈબ્રેરીનો ઉપયોગ થઈ શકે એના માટે કોમ્પ્યુટર રૂમનું પણ ત્યાં આયોજન કરવામાં આવ્યું છે. લોકઅપ રૂમ છે, મુદામાલ રૂમ છે અને આ ભવનની અંદર લેડિઝ બાર એસોસિએશન અને જેન્ટસ બાર એસોસિએશન અલગ રીતે બેસી શકે એના માટે આની અંદર આયોજન કરવામાં આવ્યું છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્નની ક્ષેત્ર મર્યાદા બહુજ સિમિત છે. સુરેન્દ્રનગર સ્થિત કોર્ટનું બિલ્ડિંગ નવું બનાવવા અંગેનો છે. માનનીય અધ્યક્ષશ્રી, મારો સવાલ એ છે કે આપે વહીવટી મંજૂરી આપી છે મારે એ જાણવું છે કે આ વહીવટી મંજૂરી ક્યારે આપી છે અને એના ટેન્ડર ક્યારે બહાર પડવાના છે અને કામ પરિપૂર્ણ કરવા માટેની મુદત કઈ તારીખ સુધીની છે? ૩,૮૩,૨૮,૦૦૦/- પૈકી આ વર્ષના બજેટમાં ફાળવણી કેટલી છે?

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ ૨૦૧૦નો ઉલ્લેખ કર્યો પણ આની વહીવટી મંજૂરી તા.૬/૧૨/૨૦૦૫ માં અપાઈ, એનું ટેન્ડર તા.૫/૩/૨૦૦૭ એ પડ્યું. ટેન્ડર મંજૂર તા.૪/૬/૨૦૦૭ એ થયું. એના વર્ક ઓર્ડર તા.૭-૭-૨૦૦૭એ આપ્યો અને તા.૨૭-૮-૨૦૦૮એ આ સંપૂર્ણ કામનું કમ્પ્લીશન થઈ ગયું છે.

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્ક્ષ્યશ્રી, ચિંતા જે છે કે લગભગ આ મકાન દોઢેક વર્ષ પહેલાં કામ પૂર્ણ થયું છે અને હજુ કેમ ઉપયોગમાં લેવામાં આવતું નથી એની ચિંતા સાથે હું પણ સમંત છું કે, આટલો મોટો ખર્ચ

કરીને રાજય સરકારે કોર્ટ માટે બિલ્ડિંગ બનાવ્યું. આ પ્રથા અત્યાર સુધી વિભાગીય આર.એન્ડ બી.ને કામ સોંપવામાં આવતું આપણા પરિપત્રો મુજબ અને આર.એન્ડ બી. આ કબજો જે તે જિલ્લા ન્યાયાધિશને સોંપતા, ન્યાયાધિશ સરકારનો ભાગ નથી એના કારણે ન્યાયાધિશ દ્વારા યોગ્ય ફોર્મમાં લો વિભાગમાં જે આવવું જોઈએ એ ન આવતું એ જે સંકલનની જયાં જયાં કચાસણી રહી હતી એટલા માટે હવે ભવિષ્યમાં નવા બંધાનારા બિલ્ડિંગોમાં લો વિભાગ તરફથી જ આનું કામ સોંપાય અને સુપ્રત થાય એની વ્યવસ્થાઓ જે કરવાની છે એ સુધારીને ઝડપથી આવા મકાનોનો ઉપયોગ વિભાગ દ્વારા જ લોકાપર્ણ કે ઉદ્‌ઘાટનની જે કરવી હોય જેથી કરીને આટલા લાંબા સમય સુધી મકાનો પડતર ન રહે એની કાળજી લેવામાં આવશે.

**શ્રી શંભુપ્રસાદ બ. ટુંડિયા** : મારા પ્રશ્નનો જવાબ મળી ગયો છે.

**શ્રી ભરતભાઈ ખોરાણી** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, હાલના મકાનો અને નવા મકાનોના જે આ બાંધકામોનું ક્ષેત્રફળ છે તે કેટલા ચોરસ મીટર છે અને તેનો કુલ પ્લોંટ એરિયા કેટલો છે?

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, હાલના મકાનનું ક્ષેત્રફળ ૭૬૯૭.૭૩ ચો.મી. છે, નવા મકાનનું ક્ષેત્રફળ ૩૭૩૮.૨૦ ચો.મી છે અને આનો સમગ્ર પ્લોટ એરિયા ૧૮,૦૦૦ ચો.મી. જેટલો છે.

**ગાંધીનગર જિલ્લામાં આંગણવાડીઓના મકાનો**

***૨૨૦૦૨શ્રી સુરેશકુમાર ચ. પટેલ(કલોલ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર કેટલી આંગણવાડીઓ માટે પોતાના મકાન નથી, અને

(૨) જે આંગણવાડીઓના મકાન નથી તેના માટે સરકાર કયારે મકાન બનાવવા માગે છે?

**મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી :**

(૧) તા. તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર માટે પોતાના મકાન નથી તેની વિગત નીચે પ્રમાણે છે.

| અ.નં. | ઘટકનું નામ | પોતાના મકાન નથી તેની વિગત |
|---|---|---|
| ૧ | ગાંધીનગર | ૫૪ |
| ૨ | દહેગામ | ૫૬ |
| ૩ | કલોલ | ૪૬૯ |
| ૪ | માણસા | ૫૯ |
| | **કુલ :** | **૩૩૮** |

(૨) -૧૪૦ કેન્દ્રોના મકાન બાંધકામનું કામ પ્રગતિમાં છે.

- વર્ષ ૨૦૧૧-૧૨ સુધીમાં ૧૦૦ આંગણવાડી કેન્દ્રોના મકાનોના બાંધકામનું આયોજન કરેલ છે.
- બાકીના ૯૮ કેન્દ્રોની જમીન ઉપલબ્ધ થયેથી તબક્કાવાર આયોજન કરવામાં આવશે.

**શ્રી સુરેશકુમાર ચ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના થકી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, ૯૮ આંગણવાડીઓની જગ્યા નથી તો ઉદ્યોગપતિઓને આપવા જમીનો મળે છે તો ફકત એક ૯૮ કેન્દ્રો માટે તમે કયારે જમીન સંપાદન કરવા માગો છો ? અને કેટલા સમયમાં આ આંગણવાડીના કામો પૂરા કરવા માગો છો ?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ઉદ્યોગપતિઓને જમીનો તમારા સમયમાં અપાવી છે અને અમારા સમયમાં પણ અપાવી છે અને એટલા માટે આ બધા પ્રશ્નો ઉપસ્થિત કરવાની જરૂરી આવશ્યકતા હું જોતી નથી. માનનીય અધ્યક્ષશ્રી, ૯૮ આંગણવાડીઓના મકાનો જે બાંધવાના બાકી છે એની જમીન અત્યારે હાલ મહિલા અને બાળ કલ્યાણ વિભાગ અને આઈ.સી.ડી.એસ. વિભાગ એ જે ગામોની અંદર જમીન ઉપલબ્ધ નથી ત્યાં જમીન ઉપલ કરાવવા માટે મારો વિભાગ અત્યારે પ્રયત્નો કરી રહયો છે અને ૯૮-૯૮ આંગણવાડીના મકાનો આવતા એકાદ-બે વર્ષમાં પૂરા થાય એ માટેની જોગવાઈ આ બજેટમાં કરી દીધી છે.

**બનાસકાંઠા જિલ્લાના ખેડૂતોને જિપ્સમ સહાય.**

***૨૧૭૯૪શ્રી ગોવિંદભાઈ મા. પ્રજાપતિ(પાલનપુર)** : માનનીય **કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં કેટલા ખેડૂતોની જીપ્સમ સહાય મેળવવા માટે કેટલી અરજીઓ આવી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજુર કરવામાં આવી,

(૩) કેટલી અરજીઓ પડતર છે, અને

(૪) પડતર અરજીઓનો નિકાલ કયારે કરવામાં આવશે?

**કૃષિ મંત્રીશ્રી :**

(૧) કુલ ૧૦,૨૪૩ ખેડૂતોની ૧૦,૨૪૩ અરજીઓ.

(૨) ૧૦૨૪૩ અરજીઓ.

(૩) કોઈ અરજી પડતર નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી ગોવિંદભાઈ મા. પ્રજાપતિ** : માનનીય અધ્યક્ષ મહોદયશ્રી, આપના માધ્યમથી કૃષિ મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગુ છું કે, જીપ્સમ સહાય જેઠળે જે ૧૦૩૪૨ અરજીઓ મંજૂર કરવામાં આવી છે તેની વર્ષવાર સ્થિતિ શું છે? નેશનલ ફૂડ સિકયુરીટી મીશન હેઠળ ઘઉં માટે અને વર્ક પ્લાન યોજનામાં જીપ્સમ સહાયની મર્યાદા રૂા.૫૦૦/- અને જયારે આયસોપામ અને નેશનલ ફૂડ સિકયુરીટી હેઠળ કઠોળ સહાયની મર્યાદા ૭૫૦/- છે તે વાત ખરી છે ? અને જો હા, તો સહાયના જુદા જુદા ધોરણોનું શું કારણ છે ?

**શ્રી કનુભાઈ મે. ભાલાળા** : માનનીય અધ્યક્ષશ્રી, જીપ્સમ સહાય હેઠળ જે ૧૦૨૪૩ અરજીઓ મંજૂર કરવામાં આવી છે અને તેની વર્ષવાર વિગતો જાણવાની જે સભ્યશ્રીએ જે વિનંતી કરી છે એના જવાબમાં જીપ્સમ સહાય હેઠળ ૧૦૨૪૩ અરજીઓ મંજૂર કરવામાં આવી છે. આ અંગેની વર્ષવાર વિગતો પણ માગવામાં આવી છે તો જોઈએ તો ૨૦૦૮-૦૯માં તેલીબિયાં યોજના હેઠળ ૨,૫૦૬ અરજીઓ, વર્કપ્લાન હેઠળ કોઈ અરજી નહી અને રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા મીશન હેઠળ ૬૬૦ અરજીઓ મંજૂર કરેલ છે.વર્ષ ૨૦૦૯-૧૦ માં તેલીબીયા યોજના હેઠળ ૧૨૪૫ અરજીઓ, વર્ક પ્લાન હેઠળ ૨૮૫ અરજીઓ અને રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા મિશન હેઠળ ૨૩૬૯ અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે. વર્ષ ૨૦૧૦-૧૧માં તા.૩૧-૧૨-૧૦ સુધીમાં તેલીબીયા યોજના હેઠળ ૧૪૪૭ અરજીઓ, વર્ક પ્લાન હેઠળ ૨૨૪ અરજીઓ અને રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા મિશન હેઠળ ૧૫૦૭ અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે. અને સહાયના ધોરણો જુદા જુદા હોવાની જે હકીકત છે એ ખરી છે.

**શ્રી મફતલાલ મો. પુરોહિત** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે જીપ્સમ સહાય કોણ મંજૂર કરે છે? અને તેની શી પ્રક્રિયા હોય છે અને મારો એક બીજો પ્રશ્ન એ છે કે ખેડૂતોને ખેતી લાયક જમીન બની રહે તેના માટે આ જીપ્સમની ખૂબ જરૂર છે તો એમાં આપણે કોઈ ગ્રાન્ટ આપીએ છીએ કે કેમ? એનો માનનીય મંત્રીશ્રી જવાબ આપે.

**શ્રી કનુભાઈ મે. ભાલાળા** : માનનીય અધ્યક્ષશ્રી, જીપ્સમ સહાય કોણ મંજૂર કરે છે અને તેની પ્રક્રિયા શું છે? તો જીપ્સમ સહાય સબંધિત જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રીઓ મંજૂર કરે છે. લાભ મેળવવા માટે ખેડૂતોએ ગ્રામ સેવકને અરજી કરવાની હોય છે અને ગ્રામ સેવક એ અરજીને ભલામણ સાથે તાલુકા કક્ષાએ પહોંચાડે છે. આવી અરજીઓ અને ૫૦ટકા ખેડૂતોનો ફાળો અધિકૃત વિક્રેતાને ત્યાં ઉપલબ્ધ કરાવતા જરૂર મુજબનો જથ્થો ખેડૂતના ખેતરે વિક્રેતા પહોંચાડે છે અને પાવતી મેળવી બીલ સહિતની વિગતો સાથે સહાય મેળવવા દરખાસ્ત કરે છે. જે દરખાસ્તની ચકાસણી કરી અને સહાય ચૂકવવા મંજૂરીનો આદેશ કરી સબંધીત નોડલ એજન્સીને મોકલવામાં આવે છે.

**શ્રી વસંતકુમાર પ. ભટોળ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે જીપ્સમની અંદર કયા પ્રકારના તત્વો રહેલા છે અને જમીન સુધારવા માટે એ કઈ રીતે ઉપયોગી થાય છે? અને જીપ્સમ કયાંથી ઉપલબ્ધ થાય છે?

**શ્રી કનુભાઈ મે. ભાલાળા** : માનનીય અધ્યક્ષશ્રી, જીપ્સમ જમીન સુધારક છે. જે ભાષ્મિક જમીનનો પી.એચ.આંક ૮.૫ કે તેથી વધુ હોય અને વિસ્થાપનીય સોડીયમ ૧૫ટકા કરતાં વધારે હોય એવી જમીનોમાં જીપ્સમનો ઉપયોગ થાય છે. આવી જમીનનો નિતાર ઓછો થાય છે. વરાપ જલદી થતી નથી પરિણામે બીજનો ઉગાવો ઓછો થાય છે . તેમજ છોડને જરૂરી પોષક તત્વોની ઉપલબ્ધતા પણ ઘટે છે. આવી જમીનોની ભૌતિક સ્થિતિ પણ ખરાબ હોય છે. જેથી ભાષ્મિક જમીનમાં જીપ્સમ આપવાથી જમીનના કણ સાથે જોડાયેલો સોડીયમ આયર્ન જીપ્સમના સંપર્કમાં હોવાથી તે જીપ્સમના કેલ્શીયમ, આયર્નથી વિસ્થાપિત થઈ છુટો પડે છે અને આ સોડીયમ આયર્ન, સોડીયમ સલ્ફેટ સ્વરૂપમાં ફેરવાય છે અને જે પાણીમાં દ્રાવ્ય હોય નિતારથી નિકાલ થાય છે અને જમીન સુધરે છે. જીપ્સમ ડી.એ.પી. અને એ.એસ.પી. ખાતરના ઉત્પાદન વખતે મળતી બાયપ્રોડકટ છે. જીપ્સમ ખુલ્લા બજારમાં કાયમી ઉપલબ્ધ નથી પરંતુ વિક્રેતાઓ પાસે માગણી કરતા ઉપલબ્ધ થઈ શકે છે. સામાન્ય રીતે જીપ્સમ ગુજરાત સ્ટેટ ફર્ટીલાઈઝર કંપની વડોદરા અને હીન્ડાલ્કો ઈન્ડસ્ટ્રીઝ લીમીટેડ બિરલા કોપર યુનીટ દહેજ, જિ. ભરુચ દ્વારા પૂરું પાડવામાં આવે છે.

**શ્રી મણીભાઈ દે. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, કઈ કઈ કંપનીઓને આ જીપ્સમ માટે સહાય ચૂકવવામાં આવે છે અને ખેડૂતદીઠ વધુમાં વધુ કેટલી સહાય ચૂકવવામાં આવે છે?

**શ્રી કનુભાઈ મે. ભાલાળા** : માનનીય અધ્યક્ષશ્રી, આઈસોપોમ જે સહાય યોજના છે એમાં હેકટરદીઠ ખર્ચના ૫૦ટકા અથવા રૂપિયા ૭૫૦ની મર્યાદામાં પ્રતિ હેકટર બે ટન અથવા પાંચ હેકટર માટે ચૂકવવામાં આવે

છે. વર્ક પ્લાન હેઠળ હેકટરદીઠ ખર્ચના ૫૦ટકા અથવા રૂપિયા ૫૦૦ની મર્યાદામાં ચૂકવવામાં આવે છે. એવી જ રીતે એન.એફ.એસ.એમ. કઠોળ જે હેકટરદીઠ ખર્ચના ૫૦ટકા અથવા રૂ.૭૫૦ ચૂકવવામાં આવે છે.

**આણંદ જિલ્લામાં પાકા ડામરના રસ્તાઓ**

*** ૨૧૯૭૧ શ્રી લાલસિંહ ઉ. વડોદીયા(ઉમરેઠ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં તાલુકાવાર અનુસૂચિત જાતિના વધુ વસ્તી ધરાવતા ગામોના કાચા રસ્તા પાકા ડામરના રસ્તાથી જોડવાની કેટલી અરજીઓ આવી,

(૨) આવેલ અરજીમાંથી કેટલા કાચા રસ્તા પાકા ડામરના બનાવવાનું આયોજન કરવામાં આવ્યું, અને

(૩) આવેલ અરજીમાંથી બાકી રહેતા રસ્તા પાકા ડામરના બનાવવાની સરકારની શી યોજના છે?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી :**

(૧) કુલ ૮ અરજીઓ નીચે મુજબ મળી છે.

| **તાલુકાના નામ** | **અરજીની સંખ્યા** |
|---|---|
| ઉમરેઠ | ૧ |
| પેટલાદ | ૪ |
| ખંભાત | ૩ |
| **કુલ** | ૮ |

(૨) ૪ રસ્તાને પાકા ડામરના કરવા મંજૂરી આપી.

(૩) વર્ષ ૨૦૧૧-૧૨ ના આયોજનમાં વિચારણામાં લેવામાં આવશે.

**શ્રી લાલસિંહ ઉ. વડોદીયા** : માનનીય અધયક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે ઉમરેઠ તાલુકામાં જે અરજીઓ આવી છે એમાં કયા કયા કાચા રોડ પાકા કરવા માટે જણાવેલ છે? અને એમાંથી કયા કયા રોડ બનાવવાનું આયોજન કરવામાં આવ્યું છે? અને અનુસૂચિત જાતિના વસ્તીવાળા રસ્તાઓ મંજૂર કરવા માટેના ધોરણો શા શા છે? આ રસ્તા બનાવવા માટે જિલ્લામાં કેટલાં નાણાં ફાળવવાનાં હતાં? એની સામે કેટલાં નાણાં ફાળવવામાં આવ્યાં છે?

**શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર** : છેલ્લાં બે વર્ષમાં આણંદ જિલ્લામાં અનુસૂચિત જાતિના વધુ વસ્તી ધરાવતા ગામોના કુલ ૧૨ કાચા રસ્તા પાકા ડામરના બનાવવા માટે કુલ ૮ અરજીઓ મળેલ છે, તે પૈકી ૪ પાકા ડામરના રસ્તા બનાવવા માટે મંજૂર કરેલ છે. આ પૈકી ઉમરેઠ તાલુકાનું એક અને પેટલાદ તાલુકાના ૩ એમ કુલ ૪ કાચા રસ્તાને પાકા ડામરના બનાવાનું મંજૂર કરવામાં આવેલ છે. આ ચાર રસ્તાઓ સીલી રઘાપુરા ખંભોળજ રોડ, તા. ઉમરેઠ આમોદ વીરોલ સો રોડ તા.પેટલાદ, વીરોલ થી બોચાસણ રોડ, તા. પેટલાદ, વીરોલ બોચાસણ રોડ તા. પેટલાદ, જ્યારે બાકીના ૮ રસ્તાઓને આગામી વર્ષમાં નાણાકીય ઉપલબ્ધતાને ધ્યાનમાં રાખી આયોજન અંગે વિચારણા કરવામાં આવશે. આ સન્માનનીય ગૃહને જણાવતા મને આનંદ થાય છે કે ખાસ અંગભૂત યોજના હેઠળ અનુસૂચિત જાતિની વધુ વસ્તી ધરાવતા ગામોને સારા ડામરના રસ્તાની સુવિધા મળે તે માટે જે ગામોમા અનુસૂચિત જાતિની વસ્તી ૨૫૦ થી વધુ છે તેવા ગામોને ડામર સપાટીના સારા રસ્તાની સુવિધા પૂરી પાડવાનો નવો અભિગમ છેલ્લાં બે વર્ષથી અમારી સરકારે આદરણીય નરેન્દ્રભાઈના નેતૃત્વ હેઠળ લીધો છે. આ અગાઉના વર્ષોમાં અનુસ ૂચિત જાતિની વધુ વસ્તી ધરાવતા ગામોમાં બજેટમાં ફક્ત રૂપિયા ૧ કરોડ જેટલી ટોકન જોગવાઈ આખા રાજય માટે કરવામાં આવતી હતી. આદરણીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે અનુસૂચિત જાતિની ચિંતા કરેલ છે અને તેમના વિસ્તારના રસ્તાઓ બનાવવા માટે વર્ષ-૨૦૦૯-૧૦ ના બજેટમાં રૂપિયા ૧૨૭ કરોડ વર્ષ ૨૦૧૦-૧૧ બજેટમાં રૂપિયા ૧૭૭ કરોડ આનાથી અત્યાર સુધી ૩૪૧૧ કિ.મી. લંબાઈના ૯૬૧ રસ્તાઓ માટે રૂપિયા ૫૮૨ કરોડનાં કામો મંજૂર કરેલ છે, જે પૈકી ૧૭૦૬ કિ.મી. લંબાઈના કામો પૂર્ણ કરેલ અને ૧૬૩૫ કિ.મી.ના કામો પ્રગતિમાં છે, જેથી અનુસૂચિત જાતિની વધુ વસ્તી ધરાવતા ૫૨ ગામોને સીધો લાભ મળશે. આ યોજના હેઠળ(અંતરાય) તમારું આવે છે લાલસિંહ ભાઈ. આ યોજના હેઠળ આણંદ જિલ્લામાં(અંતરાય) ૭૯ કિ.મી. લંબાઈના ૩૫ રસ્તાઓ માટે ૧૬૮૪ લાખના કામો મંજૂર કરેલ છે, જે પૈકી ૨૫ રસ્તાના કામો ૪૨૫ લાખના કામો પૂર્ણ કરવામાં આવેલ છે. અને બાકી કામો સમય મર્યાદામાં પૂર્ણ કરવામાં આવશે. આ ચાલુ વર્ષના ૨૦૧૧-૧૨ ના અંદાજપત્રમાં રૂપિયા ૧૯૪ કરોડ જેવી માતબર રકમની જોગવાઈ કરવામાં આવેલ છે. આ જોગવાઈ હેઠળ સમગ્ર

રાજ્યની અનુસૂચિત જાતિની વધુ વસ્તી ધરાવતા ગામોની ઉપલબ્ધતાને ધ્યાનમાં લઈને પાકા ડામરના રસ્તાથી જોડવામાં આવશે.

**અધ્યક્ષશ્રી** : આણંદ જિલ્લા પૂરતી વાત કરો.

**શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર** : આણંદ જિલ્લાના અનુસૂચિત જાતિના વધુ વસ્તીવાળા અને પાત્રતા ધરાવતા અને આવેલ અરજીઓ પૈકી બાકી રહેતા ૮ રસ્તાને પાકા ડામરના રસ્તાથી જોડાણ કરવાનો નાણાકીય ઉપલબ્ધતા અને સંજોગોને ધ્યાનમાં રાખીને વિચારણા કરવામાં આવશે.

**શ્રી શિરિષકુમાર મ. શુકલ** : માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે આણંદ જિલ્લામાં તારાપુર અને ખંભાત તાલુકામાં ખાસ અંગભૂત યોજના હેઠળ કેટલા રસ્તાઓ મંજૂર કરવામાં આવ્યા અને કેટલી રકમના અને કયા તબક્કે છે?

**શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર** : ખાસ અંગભૂત યોજના હેઠળ ખંભાત અને તારાપુર તાલુકાના છેલ્લાં બે વર્ષમાં નીચે જણાવેલ રસ્તાઓ મંજૂર કરેલ છે, જે તમામ કામો પૂર્ણ થયા છે. ખંભાત તાલુકામાં જલસંદ ગેટનાપુર રોડ ૫૬ લાખ રૂપિયા, વટાદરા રામપુરા રોડ ૬૩ લાખ રૂપિયા, ભુવેલ એપ્રોચ રોડ ૩૨ લાખ રૂપિયા, જલસંદ બામણવા રોડ ફીનાવ રોડ ૪૦ લાખ રૂપિયા, તારાપુર તાલુકાના વાદા તલવાડગલિયાના રોડ ૧૭ લાખ રૂપિયા અને વરસડા ગલિયાના રોડ ૨૩.૮૦ લાખ રૂપિયા.

**શ્રી લાલસિંહ ઉ. વડોદીયા** : માનનીય અધ્યક્ષશ્રી, મારે ત્યાં અનુસૂચિત જાતિની સૌથી વધારે વસ્તી ધરાવતું ગામ છે વણસોલ છે. ત્યારે તેમણે સીલી રગાપુરાથી ખંભોળજના રસ્તાની વાત કરી છે. એ તો આ અરજી આવ્યા પહેલાં મંજૂર થયેલ છે અને તે બનાવેલ છે. મારે માત્ર એ પૂછવું છે કે અનુસૂચિત જાતિની અરજીમાં જે ગામો આપેલા છે વણસોલ છે, પણસોલ છે અને સુરેલી છે. તો એમાં રસ્તા બનાવવાનું કોઈ આયોજન કર્યુ છે કે કેમ?

**શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, આ જે રસ્તાની એમણે વાત કરી તેમને હું કહેવા માગું છું કે આપણા ગુજરાતની અંદર અને તેમના જિલ્લાની અંદર જ્યાં અનુસૂચિત જાતિની વસ્તી ૨૫૦ની ઉપર છે તે બધા ગામો આપણે તબક્કાવાર લેવાના છીએ. હું આ સન્માનનીય ગૃહને કહેવા માગુ છું કે આ અનુસૂચિત જાતિના લોકો માટે કયારેય કોઈએ આ સન્માનનીય ગૃહમાં ભૂતકાળની સરકારોએ ચિંતા નથી કરી. એટલે છેલ્લા બે વર્ષમાં અમારી સરકારે કરોડો રૂપિયાની ગ્રાન્ટ ફાળવી છે અને અનુસૂચિત જાતિ વિસ્તારના રસ્તાઓ અમારી સરકાર કરવાની છે. કદાચ તમારા વિસ્તારના કોઈ રસ્તા બાકી હોય તો ચોક્કસ અમને કહેજો. તેના પર અમે ધ્યાન રાખીને નાણાંકીય ઉપલબ્ધતાને આધીન રહીને તબક્કાવાર આયોજન થાય તેની અમે ચિંતા કરીશું.

**શ્રી અમિતકુમાર અ. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગું છુ  અને એમણે ખૂબ લાંબી વાત કરી કે અમે અનુસૂચિત જાતિની ચિંતા કરીએ છીએ. આપણે બંધારણીય જોગવાઈ છે તે મુજબ ટકાવારીમાં જે રકમ ફાળવવાની હોય તે મુજબની રકમ આપણે ફાળવવાની થાય છે. એટલે આપણે મોટી * (xxxxx) મારી દીધી હોય એવું કશું નથી.

**અધ્યક્ષશ્રી** : અમીતભાઈ આપ પ્રશ્ન ઉપર આવી જાઓ. આપનો શબ્દ હું રદ કરું છું. આપ પ્રશ્ન ઉપર આવી જાઓ(xxxxx) મારવી શબ્દ યોગ્ય નથી.

**શ્રી અમિતકુમાર અ. ચાવડા** : અત્યારે ૨૦૦૧ની વસ્તીના આધારે ૨૫૦ની જે ગામોમાં વસ્તી છે તે ગામોને આ યોજનાનો લાભ આપવાની જોગવાઈ છે. હું કહેવા માગું છું કે અત્યારે ૨૦૦૧ની વસ્તીના ધોરણે આપણે લાભ આપીએ છીએ. આજે ૨૦૧૧ થઈ છે. દસ વર્ષમાં દરેક ગામોમાં  વસ્તી વધી છે અને તેમાં પણ અનુસૂચિત જાતિની વસ્તી વધી છે એટલે ખાસ કરીને સરકાર નીતિમાં ફેરફાર કરી ગ્રામ પંચાયત અને જિલ્લા પછાત વર્ગ અધિકારીના દાખલાને આધારે જે ગામોમાં વસ્તી અનુસૂચિત જાતિની વધી છે તેવા ગામોને લાભ આપવા માગો છો કે કેમ?

**શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર** :માનનીય અધ્યક્ષશ્રી, અમારી સરકારે જે આ ગ્રાન્ટ ઉપલબ્ધ કરી છે તેમાં અમે કોઈ ધાડ મારી નથી એમ કહીએ પણ કેન્દ્ર સરકારે જ્યારે પી.એમ.જી.એસ.વાય.ની રકમમાં અમારા ગુજરાતને રકમ આપવાનું બંધ કર્યુ તો (xxxxx) તેવું અમે કહેવા માગીએ છીએ.જ્યારે રાજય સરકારની વાત કરે છે.

**અધ્યક્ષશ્રી** : આપ ટૂંકમાં જવાબ આપી દો પ્લીઝ.

**શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર** :હું આ સન્માનનીય ગૃહને કહેવા માગુ છું કે અનુસૂચિત જાતિ માટે વર્ષો પહેલાં એક કરોડની ટોકન રકમની જોગવાઈ કરવામાં આવતી હતી. અમારી સરકારે છેલ્લા બે વર્ષથી ૧૨૭ અને ૧૭૭ કરોડ અને ચાલુ વર્ષે ૧૯૪ કરોડ આ બધી રકમમાં અમારી સરકારે કામ કર્યા છે તેમાં આ ચાર દાયકામાં અનુસૂચિત જાતિના તમે કામો નથી કર્યા તેટલા કામો અમારી સરકારે કર્યા છે. તમારા બાકી કામો અમારી પાસે લઈ  આવજો, અમે જે કામ કરીએ છીએ તે આ સેન્સર્સની જે ચોપડી ૨૦૦૧ની છે તેના આધારે કામ કરીએ છીએ. તમે એમ કહો કે આ અધિકારીના દાખલાના આધારે કરો એવું ન થાય. અમારે તો આ ચોપડીના આધારે કામ કરીએ છીએ અમીતભાઈ.

---

* (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

**આણંદ જિલ્લામાં રસ્તાઓના કામોને જોબ નંબર**

*** ૨૧૧૯૮ શ્રી નિરંજન પટેલ(પેટલાદ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,

(૧) તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં તાલુકાવાર રસ્તાઓના કેટલા જોબ નંબર આપવામાં આવ્યા,

(૨) આવા જોબ નંબરો આપ્યા પછી કેટલા કામો કેટલી રકમના ખર્ચ સાથે પૂર્ણ થયા, અને

(૩) તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ કેટલા કામો પ્રગતિમાં છે અથવા શરૂ થયા નથી.

**માર્ગ અને મકાન મંત્રીશ્રી :**

(૧) તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં તાલુકાવાર રસ્તાઓને આપવામાં આવેલ જોબ નંબરોની વિગત નીચે મુજબ છે.

| તાલુકાના નામ્ | જોબ નંબરની સંખ્યા |
|---|---|
| આણંદ | ૪૫ |
| ઉમરેઠ | ૧૮ |
| બોરસદ | ૨૮ |
| આંકલાવ | ૧૩ |
| પેટલાદ | ૨૦ |
| સોજીત્રા | ૫ |
| ખંભાત | ૨૧ |
| તારાપુર | ૧૬ |
| કુલ્ | ૧૬૬ |

(૨) ૭૩ કામો રૂા. ૧૫૩૨.૫૯ લાખની રકમના કામ પૂર્ણ થયા.

(૩) ૩૬ કામો પ્રગતિમાં છે અને ૫૭ કામો હવે શરૂ થવામાં છે.

**શ્રી નિરંજન પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી આપના દ્વારા જાણવા માગું છું કે આણંદ જિલ્લામાં ૧૬૬ જોબ નંબરો આપ્યા છે તેમાં ૭૩ કામો પૂર્ણ થયા છે. બાકીના કામો પૂર્ણ થયા નથી. આણંદ જિલ્લો એટલે ચરોતર કહેવાય, સરદાર પટેલની કર્મભૂમિ. તેની અંદર રસ્તાઓ ખૂબ બિસ્માર છે તો ખાસ કિસ્સામાં મોટું પેકેજ આપવા માગો છો કે કેમ? તે વિસ્તારની અંદર વિદેશથી આવતા લોકો વધારે હોવાને કારણે મજબૂતાઈ અને પહોળાઈવાળા માર્ગો કરવા માગો છો કે કેમ? બીજો પ્રશ્ન કે આગલા પ્રશ્નમાં મારા પેટલાદના ત્રણ અનુસૂચિત જાતિના રસ્તાની અરજીઓ આવી હતી તેની અંદર બે વર્ષની અંદર અને આપણે જ્યારે ચર્ચા કરીએ છીએ ત્યારે અનુસૂચિત જાતિના સભ્યો ત્યાં વધારે છે અને અહીં ઓછા છે.

**અધ્યક્ષશ્રી** : આપ સીધા પ્રશ્ન ઉપર આવો.

**શ્રી નિરંજન પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા બે વર્ષમાં બજેટમાં એકપણ રૂપિયો ફાળવ્યો નથી. મારા મત વિસ્તારનો છે.

**અધ્યક્ષશ્રી** : આગલા પ્રશ્નનો પૂરક પ્રશ્ન આપ ન પૂછી શકો.

**શ્રી નિરંજન પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારા મત વિસ્તારના અનુસૂચિત જાતિના લોકોનો પ્રશ્ન છે. મારા મત વિસ્તારના ત્રણ રસ્તા છે તેનો તો પૂછું જ ને.

**અધ્યક્ષશ્રી** : આપ ટૂંકમાં પૂછી લો.

**શ્રી નિરંજન પટેલ** :સાહેબ મારા ૧૬૬ પૈકી આ ત્રણ રસ્તા નથી. ૧૬૬ પૈકી આ ત્રણ રસ્તા ના હોય અને મંત્રી ના પાડે તો નહીં પૂછું. ૧૬૬ રસ્તા પૈકી ત્રણ રસ્તા ના હોય અને મંત્રીશ્રી ના પાડે તો નહીં પૂછું, એ ત્રણ રસ્તાની અંદર અનુસૂચિત જાતિ માટે છેલ્લા બે વર્ષથી એક પણ રૂપિયા વાપર્યો નથી, અનુસૂચિત જાતિના સભ્યો ત્યાં વધારે છે એવું કહો છો તો અનુસૂચિત જાતિ માટે છલ્લા બે વર્ષથી બજૅટ છે જ નહીં ? નાણાકીય ઉપલબ્ધતા તો અનુસૂચિત જાતિ માટે નાણાકીય ઉપલબ્ધતા છે જ નહીં હા કે ના કહો.

**શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ બે પ્રશ્નો કહ્યા, એની અંદર બીજો પ્રશ્ન છે એને સૂચન ગણીએ કારણ કે એ તો પૂરો થઈ ગયો, પાંચમો પ્રશ્ન પૂરો થઈ ગયો છે, અને આ છઠ્ઠા પ્રશ્નની વાત કરીએ તો ૧૬૬ રસ્તાઓ રાજય સરકારે મંજૂર કર્યા છે તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ, એમાં હું કહેવા માગું છું કે, આજે સમગ્ર દેશની અંદર રોડ કનેકટીવીટીમાં ગુજરાત રાજય મોખરાનું સ્થાન ધરાવે છે, ગ્રામ્ય વિસ્તારોમાં સર્વાંગી વિકાસ થાય અને ગુજરાતના છેવાડાના માનવી સુધી પ્રાથમિક સુવિધાઓ ઉપલબ્ધ થાય તેને ધ્યાનમાં લઈને આપણા આદરણીય માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે ગ્રામ્ય વિસ્તારોને પાકા રસ્તાઓ મળે તેની સવિશેષ ચિંતાઓ કરી છે, તેને ધ્યાનમાં લઈને, પક્ષાપક્ષીથી ઉપર જઈને સમગ્ર ગુજરાતનો સર્વાંગી વિકાસ અમારા આદરણીય મુખ્ય મંત્રીશ્રીએ કરેલ છે. માર્ગ અને મકાન વિભાગને જે બજૅટ ફાળવવામાં

આવ્યું છે એમાં ત્રીસ ટકા ઉપરાંતની રકમ ગ્રામ્ય વિસ્તારના કામો માટે અમારી રાજય સરકારે ફાળવેલ છે અને ગ્રામ્ય વિસ્તારના રસ્તાઓની ચિંતા સવિશેષ અમારી રાજય સરકારે કરેલ છે, માનનીય અધ્યક્ષશ્રી, અમારા મંત્રીશ્રી આદરણીય આનંદીબેને પણ ગ્રામ્ય વિસ્તાર માટે (અંતરાય) આણંદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ૧૬૬ પાકા રસ્તાઓના કામો અમારી સરકારે મંજૂર કરેલ છે, તે પૈકી ૭૩ રસ્તાઓના કામો પૂર્ણ થયેલ છે, અને ૩૬ કામો પ્રગતિમાં છે અને જે ૫૭ કામો શરૂ થયેલ નથી તે તમામ કામો સમયમર્યાદામાં અમારી સરકાર પૂર્ણ કરશે.

**શ્રી શિરિષકુમાર મ. શુકલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે, આણંદ જિલ્લાના ખંભાત અને તારાપુર તાલુકામાં પંચાયત અને રાજય સરકારના કેટલા રસ્તાઓ મંજૂર થયા, હાલ કયા તબક્કે છે, અને એક ખાસ રસ્તા માટે મારી વિનંતી છે કે, ખંભાત તાલુકાના ગોલાણા - વરલી રસ્તો એ એસઆરમાં મંજૂર કર્યો પણ ખાલી ૧૦૦ મીટર જ કર્યો છે અને બીજા ત્રણ કિલોમીટરનો કરવાનો બાકી છે અને એ અંગે વારંવાર રજૂઆત થઈ છે, તો એ કામ પૂર્ણ કરવા માટેની મારી વિનંતી છે.

**શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, આ જે આણંદ જિલ્લાના ખંભાત અને તારાપુર તાલુકાની વાત કરીએ તો છેલ્લા બે વર્ષમાં રાજય હસ્તકના અને પંચાયત હસ્તકના નીચે મુજબના રસ્તાઓ મંજૂર કરવામાં આવ્યા છે, એમાં ખંભાતના રાજયના ૬ રસ્તાઓ ૨૭૩ લાખ રૂપિયાના, જેમાંથી ચાર પૂરા થયા છે અને બે પ્રગતિ હેઠળ છે, પંચાયતના પંદર રસ્તાઓ જેમાં ૩૭૯.૪૪ લાખ રૂપિયા, એ પંદર રસ્તાઓમાંથી બે પૂર્ણ થયા છે અને ચાર પ્રગતિમાં છે, અને નવ કામ છે એ શરૂ કરવાના તબક્કે છે, તારાપુર તાલુકામાં રાજયના ૪ રસ્તાઓ ૫૨ લાખના ચારે.ચારે કામો પૂર્ણ થયેલા છે અને પંચાયતના ૧૨ રસ્તાઓ ૨૧૬.૧૦ લાખના જેમાંથી ૬ કામ પૂર્ણ થયેલ છે અને માનનીય સભ્યશ્રીએ જે રસ્તાની વાત કરી, એ રસ્તાની પણ અમે એની જરૂરી તપાસ કરાવી લઈશું.

**શ્રી નિરંજન પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારો..

**અધ્યક્ષશ્રી** : આપ પછી એમને મળી લેજો.

### મહેસાણા જિલ્લામાં જિપ્સમ સહાય માટે અરજીઓ

**૨૧૮૦૪ શ્રી ઋષિકેશ ગ. પટેલ(વિસનગર)** : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં કેટલા ખેડૂતોની જિપ્સમ સહાય મેળવવા માટે કેટલી અરજીઓ આવી,
(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી,
(૩) કેટલી અરજીઓ પડતર છે, અને
(૪) પડતર અરજીઓનો નિકાલ ક્યારે કરવામાં આવશે?

**કૃષિ મંત્રીશ્રી :**

(૧) કુલ ૭૦૦૫ ખેડૂતોની ૭૦૦૫ અરજીઓ.
(૨) ૭૦૦૫ અરજીઓ.
(૩) કોઈ અરજી પડતર નથી.
(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી ઋષિકેશ ગ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી આપના દ્વારા જાણવા માગું છું કે, જિપ્સમ સહાય હેઠળ મારા મહેસાણા જિલ્લામાં જે ૭૦૦૫ અરજીઓ મંજૂર કરવામાં આવી છે, તેની વર્ષવાર વિગત આપવા વિનંતી છે, અને હાલમાં જિપ્સમ કઈ કંપનીઓ દ્વારા પૂરું પાડવામાં આવે છે અને શા ભાવે પૂરું પાડવામાં આવે છે ?

**શ્રી કનુભાઈ મે. ભાલાળા** : માનનીય અધ્યક્ષશ્રી, જિપ્સમ સહાય હેઠળ જે ૭૫૦૦ અરજીઓ મંજૂર કરવામાં આવી છે, માનનીય સભ્યશ્રીએ તેની વર્ષવાર વિગત જાણવા માટેની વિનંતી કરેલ છે, તો જિપ્સમ સહાય હેઠળ જે ૭૫૦૦ અરજીઓ મંજૂર કરવામાં આવી છે, તેમાંથી તેલીબિયાં યોજના હેઠળ વર્ષવાર ૦૮-૦૯માં ૧૩૦૦ અરજીઓ, વર્ષ ૯-૧૦માં ૧૧૫૨ અરજીઓ, વર્ષ ૧૦-૧૧માં તા. ૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં ૧૧૨૯ અરજીઓ મંજૂર કરવામાં આવી છે. એવી જ રીતે વર્કપ્લાન યોજના હેઠળ વર્ષ ૨૦૦૮-૦૯માં ૭૧ અરજીઓ, વર્ષ ૨૦૦૯-૧૦માં ૧૨૫ અરજીઓ અને વર્ષ ૨૦૧૦-૧૧માં તારીખ ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ ૧૬૩ અરજીઓ મંજૂર કરવામાં આવી છે. એવી જ રીતે રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા મિશન કઠોળ યોજના હેઠળ વર્ષ ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦માં એક પણ અરજી મળેલ નથી, જ્યારે વર્ષ ૨૦૧૦-૧૧માં તારીખ ૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં ૩૭૬ અરજીઓ મંજૂર કરવામાં આવી છે.

**શ્રી રજનીકાંત સો. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકાર જ્યારે આ રાજયનો ખેડૂત સમૃધ્ધ બને એના માટેની પૂરેપૂરી ચિંતા કરતી હોય ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, કૃષિ મહોત્સવ અને કૃષિરથ દ્વારા ગામડે ગામડે જઈ અને ખેતી માટેના જે શંસાધનો છે એનો કઈ રીતે યોગ્ય ઉપયોગ કરવો એ માટે કૃષિ વૈજ્ઞાનિકો દ્વારા જ્યારે માર્ગદર્શન થતું હોય અને સોઈલ હેલ્થ કાર્ડનો ઉપયોગ કરી અને આ ખેડૂત વધુ સારી ખેતી કઈ રીતે થાય એ માટે છેલ્લા પાંચ વર્ષથી એ દિશામાં આગળ વધી રહ્યો હોય ત્યારે મહેસાણા જિલ્લામાં જે જિપ્શમની અરજીઓ આવી છે

એ બધી જ અરજીઓનો નિકાલ થયો છે પણ મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, અરજી મંજૂર થયેથી કેટલા દિવસથી આપણે ખેડૂતને જિપ્શમ પહોંચાડીએ છીએ?

**શ્રી કનુભાઈ મે. ભાલાળા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીની વાત બહુ વાજબી છે. પહેલા રાજયના ખેડૂતોને ડી.એ.ટી., યુરિયા અને સેન્દ્રીય ખાતર પુરતી જ માહિતી હતી પરંતુ જ્યારથી ગુજરાત રાજયના ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ આપવામાં આવ્યા છે ત્યારથી અને એવી જ રીતે ૨૦૦૫થી કૃષિરથ દ્વારા માર્ગદર્શન આપવામાં આવે છે. આ તકે હું રાજયના મુખ્યમંત્રીશ્રીનો ખૂબ ખૂબ આભાર માનુ છું અને એવી જ રીતે કૃષિમંત્રીશ્રી દિલીપભાઈ અને પૂર્વ કૃષિમંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાનો આભાર માનું છું કે અગાઉ ખેડૂતોને ખેતીની અંદર જે સૂક્ષ્મ તત્ત્વો આવેલા હોય એની માહિતી પૂરી હતી નહીં અને એમાં ખેડૂતો રસ પણ લેતા ન હતા અને એના હિસાબે ગુણવત્તાસભર ઉત્પાદન જે રાજયમાં થવું જોઈએ, જે ક્વોલિટી ઉત્પાદન થવું જોઈએ એમાં ખૂબ ધીમી ગતિ આવી ગઈ હતી અને એમાં નબળાઈ આવી ગઈ હતી. પરંતુ આ સોઈલ હેલ્થ કાર્ડ અને કૃષિરથ દ્વારા અને તજજ્ઞો મારફત જે ખેડૂતોને માર્ગદર્શન આપવામાં આવે છે એના હિસાબે આ જિપ્શમની જે ખામી છે રાજયમાં એ બહાર આવી છે અને આપણે જોયું કે છેલ્લા ૨૦૦૯-૧૦ અને ૨૦૧૦-૧૧ની અંદર વધુમાં વધુ અરજીઓ જિપ્શમ માટેની આવેલી છે. સભ્યશ્રીનો પ્રશ્ન ખૂબ જ ખેડૂતો માટે જરૂરી અને અગત્યનો હોય જિપ્શમ સહાય નીચે ISOCOM , Integrated Scheme of Oilseeds and Oilpalms and Maize એ રીતે વર્કપ્લાન અને એજ રીતે NSFM. કઠોળની ઉપર સહાય આપવામાં આવે છે જેના સહાયના ધોરણે મેં મારા પ્રશ્ન ચારના જવાબમાં જણાવ્યું છે એ મુજબ ખેડૂતોને સહાય ચૂકવવામાં આવે છે.

**શ્રી જયંતભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, * (xxxxx) (xxxxx) (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : આમાંથી આ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી જયંતભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય) (xxxxx) (xxxxx)

**અધ્યક્ષશ્રી** : આપનો પૂરક પ્રશ્ન હું ના-મંજૂર કરું છું આપ બેસી જાવ. આપનો પૂરક પ્રશ્ન હું રેકર્ડ ઉપરથી દૂર કરું છું.

## દાહોદ જિલ્લામાં ખેતીના સાધનો માટે સહાય

***૨૨૪૧૬ શ્રી બચુભાઈ ના. કિશોરી(લીમડી)** : માનનીય કૃષિમંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે,

(૧) દાહોદ જિલ્લામાં તા. ૩૧-૩-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ૩ વર્ષમાં ઈલેકિટ્રક મોટર, ઓઈલ એન્જિન, ખેતી માટે કૂવા જેવા ખેતીના સાધનો માટેની સહાયના કેટલા કેસો તાલુકાવાર અને વર્ષવાર આપેલ છે, અને

(૨) આવેલ કેસો પૈકી કેટલા કેસોને સહાય ચૂકવવામાં આવી?

**કૃષિમંત્રીશ્રી :** ખેતી નિયામકશ્રીની કચેરીમાં આવેલ સહાયના કેસો

(૧) ખેતી નિયામકશ્રીની ક્ચેરીમાં આવેલ સહાયના કેસો

| તાલુકો | ૨૦૦૭-૦૮ | | | ૨૦૦૮-૦૯ | | | ૨૦૦૯-૧૦ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | ઈલે. મોટર | ઓઈલ એન્જીન | કુવા | ઈલે. મોટર | ઓઈલ એન્જીન | કુવા | ઈલે.મ ોટર | ઓઈલ એન્જીન | કુવા |
| દાહોદ | ૦ | ૩૭ | ૩૭ | ૪૬ | ૨૬૯ | ૧૫૦ | ૦ | ૨૦૭ | ૧૩૬ |
| ગરબાડા | ૦ | ૩૨ | ૧૦ | ૦ | ૧૫૬ | ૮૬ | ૦ | ૬૬ | ૪૨ |
| ઝાલોદ | ૩ | ૬૯ | ૪૬ | ૧ | ૧૯૫ | ૧૭૧ | ૪૫ | ૧૩૪ | ૧૦૯ |
| ફતેપુરા | ૦ | ૧૮૨ | ૨૯૫ | ૪૩ | ૧૭૩ | ૨૯૫ | ૧૭ | ૧૩૧ | ૨૦૧ |
| લીમખેડા | ૦ | ૧૯ | ૨૬ | ૫ | ૧૨૯ | ૧૨૨ | ૪ | ૨૬૮ | ૨૪૪ |
| ધાનપુરા | ૦ | ૨૮૮ | ૨૩૫ | ૦ | ૨૫૫ | ૨૫૩ | ૦ | ૨૬૨ | ૧૩૯ |
| દેવ. બારીયા | ૦ | ૨૮ | ૨૮ | ૦ | ૧૦૩ | ૩૦ | ૦ | ૧૯ | ૨૨ |
| કુલ | ૩ | ૬૫૫ | ૬૭૭ | ૯૫ | ૧૨૮૦ | ૧૧૦૭ | ૬૬ | ૧૦૮૭ | ૮૯૩ |

આદિજાતિ વિકાસ વિભાગમાં આવેલ સહાયના કેસો

| તાલુકો | ૨૦૦૭-૦૮ | | | ૨૦૦૮-૦૯ | | | ૨૦૦૯-૧૦ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | ઈલે. મોટર | ઓઈલ એન્જીન | કુવા | ઈલે. મોટર | ઓઈલ એન્જીન | કુવા | ઈલે.મ ોટર | ઓઈલ એન્જીન | કુવા |
| દાહોદ | ૧૬ | -- | ૧૪ | -- | ૭૯ | ૨૩ | ૪૮ | -- | -- |
| ગરબાડા | ૭ | -- | ૬ | -- | ૩૫ | ૧૦ | ૨૧ | -- | -- |
| ઝાલોદ | ૧૭ | -- | ૧૪ | -- | ૮૫ | ૨૪ | ૫૩ | -- | -- |
| ફતેપુરા | ૯ | -- | ૮ | -- | ૪૫ | ૧૩ | ૨૮ | -- | -- |
| લીમખેડા | ૧૦ | -- | ૮ | -- | ૪૭ | ૧૪ | ૨૭ | -- | -- |
| ધાનપુરા | ૫ | -- | ૫ | -- | ૨૭ | ૮ | ૧૬ | -- | -- |
| દેવ. બારીયા | ૬ | -- | ૫ | -- | ૨૯ | ૮ | ૧૭ | -- | -- |
| કુલ | ૭૦ | -- | ૬૦ | -- | ૩૪૭ | ૧૦૦ | ૨૧૦ | -- | -- |

* (XXXXX) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

ગ્રામ વિકાસ કમિશનરશ્રીની ક્ચેરીમાં કુવા માટે આવેલ સહાયના કેસો મહાત્મા ગાંધી રાષ્ટ્રીય બાંહેધરી યોજના

| ક્રમ | તાલુકો | ૨૦૦૭-૦૮ | ૨૦૦૮-૦૯ | ૨૦૦૯-૧૦ | કુલ |
|---|---|---|---|---|---|
| ૧ | દાહોદ | ૧૯૮ | ૬૭૮ | ૦ | ૮૭૬ |
| ૨ | ગરબાડા | ૪૫ | ૧૪૨ | ૩૨૬ | ૫૧૩ |
| ૩ | ઝાલોદ | ૩૦ | ૪૨૨ | ૨૬ | ૪૭૮ |
| ૪ | ફતેપુરા | ૦ | ૧૦૪૦ | ૦ | ૧૦૪૦ |
| ૫ | લીમખેડા | ૧૭૨ | ૯૦૧ | ૨૨૯ | ૧૩૦૨ |
| ૬ | ધાનપુરા | ૦ | ૧૨૪૮ | ૩૯૩ | ૧૬૪૧ |
| ૭ | દેવ. બારીયા | ૨૪૪ | ૫૪૭ | ૧૨૪ | ૯૧૫ |
| | કુલ | ૬૮૯ | ૪૯૭૮ | ૧૦૯૮ | ૬૭૬૫ |

ગ્રામ વિકાસ કમિશનરશ્રી દ્વારા આર્ટીફીશીયલ રીચાર્જ ટુ ગ્રાઉન્ડ વોટર થ્રુ ડગવેલની માહીતી

| ક્રમ | તાલુકો | નાબાર્ડ દ્વારા મંજૂર થયેલ લાભાર્થી | | |
|---|---|---|---|---|
| | | ૨૦૦૭-૦૮ | ૨૦૦૮-૦૯ | ૨૦૦૯-૧૦ |
| ૧ | દેવ. બારીયા | ૦ | ૦ | ૪૪૨૪ |
| ૨ | ધાનપુર | ૦ | ૦ | ૧૨૮૨ |
| | કુલ : | ૦ | ૦ | ૫૭૦૬ |

## (૨) ખેતી નિયામકશ્રી દ્વારા અપાયેલ સહાય

| તાલુકો | ૨૦૦૭-૦૮ | | | ૨૦૦૮-૦૯ | | | ૨૦૦૯-૧૦ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | ઈલે. મોટર | ઓઈલ એન્જીન | કુવા | ઈલે. મોટર | ઓઈલ એન્જીન | કુવા | ઈલે.મ ોટર | ઓઈલ એન્જીન | કુવા |
| દાહોદ | ૦ | ૨૦ | ૧૬ | ૪૬ | ૨૬૩ | ૮૯ | ૦ | ૧૦૪ | ૭૯ |
| ગરબાડા | ૦ | ૧૧ | ૬ | ૦ | ૧૨૦ | ૫૨ | ૦ | ૪૬ | ૪૨ |
| ઝાલોદ | ૦ | ૨૭ | ૧૯ | ૧ | ૧૯૫ | ૧૬૦ | ૪૧ | ૧૨૯ | ૮૮ |
| ફતેપુરા | ૦ | ૧૫ | ૧૪ | ૩૧ | ૪૯ | ૯૫ | ૧૧ | ૫૧ | ૬૨ |
| લીમખેડા | ૦ | ૧૯ | ૨૬ | ૫ | ૬૬ | ૮૫ | ૨ | ૭૯ | ૪૯ |
| ધાનપુરા | ૦ | ૧૦ | ૧૪ | ૦ | ૪૫ | ૪૫ | ૦ | ૫૪ | ૩૯ |
| દેવ. બારીયા | ૦ | ૨૮ | ૨૮ | ૦ | ૧૦૩ | ૩૦ | ૦ | ૧૯ | ૨૨ |
| કુલ | ૦ | ૧૩૦ | ૧૨૩ | ૮૩ | ૮૪૧ | ૫૫૬ | ૫૪ | ૪૮૨ | ૩૮૧ |

## આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા અપાયેલ સહાય

| તાલુકો | ૨૦૦૭-૦૮ | | | ૨૦૦૮-૦૯ | | | ૨૦૦૯-૧૦ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | ઈલે. મોટર | ઓઈલ એન્જીન | કુવા | ઈલે. મોટર | ઓઈલ એન્જીન | કુવા | ઈલે.મ ોટર | ઓઈલ એન્જીન | કુવા |
| દાહોદ | ૧૬ | -- | ૧૪ | -- | ૭૯ | ૨૩ | ૪૮ | -- | -- |
| ગરબાડા | ૭ | -- | ૬ | -- | ૩૫ | ૧૦ | ૨૧ | -- | -- |
| ઝાલોદ | ૧૭ | -- | ૧૪ | -- | ૮૫ | ૨૪ | ૫૩ | -- | -- |
| ફતેપુરા | ૯ | -- | ૮ | -- | ૪૫ | ૧૩ | ૨૮ | -- | -- |
| લીમખેડા | ૧૦ | -- | ૮ | -- | ૪૭ | ૧૪ | ૨૭ | -- | -- |
| ધાનપુરા | ૫ | -- | ૫ | -- | ૨૭ | ૮ | ૧૬ | -- | -- |
| દેવ. બારીયા | ૬ | -- | ૫ | -- | ૨૯ | ૮ | ૧૭ | -- | -- |
| કુલ | ૭૦ | -- | ૬૦ | -- | ૩૪૭ | ૧૦૦ | ૨૧૦ | -- | -- |

ગ્રામ વિકાસ કમિશનરશ્રી દ્વારા અપાયેલ સહાયના કેસો
મહાત્મા ગાંધી રાષ્ટ્રીય બાંહેધરી યોજના

| ક્રમ | તાલુકો | ૨૦૦૭-૦૮ | ૨૦૦૮-૦૯ | ૨૦૦૯-૧૦ | કુલ |
|---|---|---|---|---|---|
| ૧ | દાહોદ | ૧૯૮ | ૬૭૮ | ૦ | ૮૭૬ |
| ૨ | ગરબાડા | ૪૫ | ૧૪૨ | ૩૨૬ | ૫૧૩ |
| ૩ | ઝાલોદ | ૩૦ | ૪૨૨ | ૨૬ | ૪૭૮ |
| ૪ | ફતેપુરા | ૦ | ૧૦૪૦ | ૦ | ૧૦૪૦ |
| ૫ | લીમખેડા | ૧૭૨ | ૯૦૧ | ૨૨૯ | ૧૩૦૨ |
| ૬ | ધાનપુર | ૦ | ૧૨૪૮ | ૩૯૩ | ૧૬૪૧ |
| ૭ | દેવ. બારીયા | ૨૪૪ | ૫૪૭ | ૧૨૪ | ૯૧૫ |
| | કુલ | ૬૮૯ | ૪૯૭૮ | ૧૦૯૮ | ૬૭૬૫ |

ગ્રામ વિકાસ કમિશનરશ્રી દ્વારા આર્ટીફીશીયલ રીચાર્જ ટુ ગ્રાઉન્ડ વોટર થ્રુ ડગવેલની માહીતી

| ક્રમ | તાલુકો | નાબાર્ડ દ્વારા મંજૂર થયેલ લાભાર્થી | | |
|---|---|---|---|---|
| | | ૨૦૦૭-૦૮ | ૨૦૦૮-૦૯ | ૨૦૦૯-૧૦ |
| ૧ | દેવ. બારીયા | ૦ | ૦ | ૪૪૨૪ |
| ૨ | ધાનપુર | ૦ | ૦ | ૧૨૮૨ |
| | કુલ | ૦ | ૦ | ૫૭૦૬ |

**શ્રી બચુભાઈ ના. કિશોરી :** માનનીય અધ્યક્ષશ્રી, આજે દાહોદ જિલ્લામાં એક ખેડૂત ઓઈલ એન્જિન, ઈલેકિટ્રક મોટર કે કૂવો સ્વખર્ચે બનાવ્યા પછી વર્ષો સુધી એને સહાય ચૂકવવામાં આવતી નથી. માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા ખેતી નિયામક કચેરીમાં છેલ્લા ત્રણ વર્ષના આંકડા છે એમાં બતાવ્યું છે કે, છેલ્લા ત્રણ વર્ષમાં ઈલેકિટ્રક મોટરના ૧૬૪ કેસો થયા એમાંથી માત્ર ૨૭ કેસને સહાય ચૂકવવામાં આવી, ઓઈલ એન્જિનના છેલ્લા ત્રણ વર્ષમાં ૩૦૨૨ કેસો થયા એમાંથી ૧૧૬૯ કેસોમાં જ સહાય ચૂકવવામાં આવી. અને કૂવો ખેડૂત માંડ બનાવે પોતાના ખર્ચે કેટલી મહેનત પછી એ સહાય માટે એવી ૨૬૭૭ અરજીઓ આવી છેલ્લા ત્રણ વર્ષમાં દાહોદ જિલ્લામાં એમાંથી માત્ર ૧૬૧૭ અરજીઓમાં સહાય ચૂકવવામાં આવી તો આ બાકીની જે સહાય છે એ તમામ કેસોમાં સહાય ચોક્કસ કેટલા સમયમાં ચૂકવવા માગો છો આ અત્યંત જરૂરી છે.કારણકે આદિવાસીઓ પોતાના ખર્ચે કરે છે. ખર્ચો કર્યા પછી વ્યાજ થાય ત્યાંસુધી સહાય ચૂકવવામાં આવતી નથી, એનું વ્યાજ એટલુંને એટલું ચડી જાય છે તો જલ્દીમાં જલ્દી ચૂકવવા માગો છો કે કેમ એ મારો પ્રશ્ન છે.

**શ્રી કનુભાઈ મે. ભાલાળા** : જે અરજીઓ આવે છે એમાં જે નિયમ પ્રમાણે ફંડ ઉપલબ્ધ હોય એ રીતે ચૂકવવામાં આવે છે, જે અરજીઓ પડતર રહે છે એ આગલા વર્ષમાં ખેંચી જઈને એ અરજીઓની રકમ ચૂકવવામાં આવે છે, કૂવામાં અત્યારે તો નારેગા યોજનામાં કુવામાં અત્યારે એક કુવા દીઠ ૩.૫૦ લાખ જેટલી રકમ મળતી હોઈ આજે ખેડૂતો નારેગા યોજનામાં પણ એ રીતેની રકમ મેળવી રહેલ છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય સભ્યશ્રીની લાગણી આપણે સમજવી પડશે એ એટલા માટે કે જે જવાબ અપાયો છે નરેગામાં મોટાભાગના પૈસા કેન્દ્રમાંથી આવી ગયા છે અને ચૂકવાઈ ગયા છે એ આપ જોશો તો લગભગ ચૂકવાઈ ગયા છે, કોલમ - ૧ છે ખેતી નિયામકની કચેરી, આપ જોશો તો ઈલેકટ્રીક મોટરમાં ત્રણ અરજીઓ આવી, ચૂકવાઈ ઝીરો, આ ત્રણ વર્ષ પહેલાંના આંકડા છે ૨૦૦૭-૦૮ના આંકડા છે. ઓઈલ એન્જીનમાં ૬૫૫ની અરજીઓ આવી, માત્ર ૧૩૦ ચૂકવાયા, કુવામાં ૬૭૭ની માગણીઓ આવી અને એની સામે ચૂકવાઈ માત્ર ૧૨૩, એ જ રીતે આપ જોશો તો બાકીના વર્ષોમાં, પરંતુ એટલીસ્ટ ૨૦૦૭-૦૮ના કેસીસ પેન્ડીંગ છે ખેતી

નિયામકમાં જેની ગ્રાન્ટ રાજ્ય સરકારે આપવાની હોય છે, ૨૦૦૭-૦૮ થી આટલા બધા, એટલે લગભગ ઓઈલ એન્જીન જોઈએ તો ૫૨૫, કુવા જોઈએ તો લગભગ ૫૪૦ જેટલા અને ૨૦૦૭-૦૮થી બાકી છે, એ નામંજૂર નથી થઈ, આ બાકી છે એ નાણાં કેટલા સમયમાં આપણે ચૂકવવા માગીએ છીએ?

**શ્રી દિલીપ સંઘાણી** : ત્વરિત, શક્ય એટલા વહેલામાં વહેલા ચૂકવવામાં આવશે.

**શ્રી ફતેસિંહ વ. ચૌહાણ** : કુવા, ઈલેકટ્રીક મોટર તેમજ ઓઈલ એન્જીનની સહાયતાના ધોરણો કયા છે અને સહાયતાની પ્રક્રિયા કેવી રીતે કરવામાં આવે છે એની વિગત માનનીય મંત્રીશ્રી જણાવે તેવી વિનંતી છે.

**શ્રી કનુભાઈ મે. ભાલાળા** : ઈલેકટ્રીક મોટર, ઓઈલ એન્જીન અને કુવા માટેની સહાય માટેના ધોરણો જોઈએ તો પ્રથમ ઈલેકટ્રીક મોટર અંગેની સહાય માટેના ધોરણો આ પ્રમાણે છે. ૩ થી ૩.૫ હોર્સપાવર માટે ખર્ચના ૭૫ ટકા અથવા રૂપિયા ૮,૬૦૦/- બેમાંથી જે ઓછું હોય તે, ૫ હોર્સપાવર માટે ખર્ચના ૭૫ ટકા અથવા રૂપિયા ૯,૭૫૦/- બેમાંથી જે ઓછું હોય તે, તેવી જ રીતે ૭.૫ હોર્સપાવર માટે ખર્ચના ૭૫ ટકા અથવા રૂપિયા ૧૨,૯૦૦/- બેમાંથી જે ઓછું હોય તે, તેમજ ઓઈલ એન્જીન માટે ૩ થી ૩.૫ હોર્સપાવર માટે ખર્ચના ૭૫ ટકા અથવા રૂપિયા ૮,૭૦૦/- બેમાંથી જે ઓછું હોય તે, તેવી જ રીતે ૫ હોર્સપાવર માટે ખર્ચના ૭૫ ટકા અથવા રૂપિયા ૧૨,૦૦૦/- બેમાંથી જે ઓછું હોય તે, ૭.૫ થી ૮ હોર્સપાવર માટે ખર્ચના ૭૫ ટકા અથવા રૂપિયા ૧૩,૫૦૦/- બેમાંથી જે ઓછું હોય તે, એ રીતે ચૂકવવામાં આવે છે.

**શ્રી દીતાભાઈ ભી. મછાર** : મારા મત વિસ્તારમાં ઝાલોદ અને ફતેપુરા તાલુકામાં સહાય, ઝાલોદમાં ૧૦૯ અને ફતેપુરામાં ૨૦૧ને કેટલા સમયમાં સહાય ચૂકવવા માગો છો આ કેસો બહુ સમયથી પેન્ડીંગ છે એટલા માટે હું કહુ છું.

**શ્રી કનુભાઈ મે. ભાલાળા** : આની પહેલાં પણ જવાબમાં કહેલું જ છે કે પાછલા વર્ષમાં લઈ જઈ અને જે રીતે રકમ ઉપલબ્ધ થાય તે રીતે પાછળના વર્ષમાં ચૂકવવામાં આવશે.

**શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ** : માનનીય અધ્યક્ષશ્રી, કૂવાની ઇલૅકટ્રીક મોટર અને ઓઈલ એન્જિનની સહાય ચૂકવતાં અગાઉ ભૌતિક ચકાસણી કરવામાં આવે છે કે કેમ ? અને જો હા તો આ ચકાસણી કોણ કરે છે ?

**શ્રી કનુભાઈ મે. ભાલાળા** : માનનીય અધ્યક્ષશ્રી, કૂવાની ઇલૅકટ્રીક મોટર અને ઓઈલ એન્જિનની સહાય માટે આ યોજના હેઠળ સહાય ચૂકવતાં અગાઉ ભૌતિક ચકાસણી કરવામાં આવે છે. અરજદાર તરફથી સહાય માટે તાલુકા કક્ષાએ અરજી કર્યા બાદ ગ્રામ સેવક વિસ્તરણ અધિકારી દ્વારા સ્થળ ચકાસણી કરી અને પછી આ મંજૂર કરવામાં આવતું હોય છે.

*** ૨૧૬૪૮ શ્રી ખુમાનસિંહ રા. ચૌહાણ(સાવલી) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ રાજયમાં આંગણવાડીઓના સંચાલન માટે કોઈજ નીતિ નિયમો બનાવવામાં ન આવ્યા હોય તો તેના કારણો શા છે ?

**મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી:**

ભારત સરકાર તરફથી મહિલા અને બાળ વિકાસ વિભાગના તા. ૨૬-૮-૯૭ના પત્રની સૂચના તથા આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા. ૭-૯-૮૮ના ઠરાવથી આંગણવાડીઓના સંચાલન માટે માર્ગદર્શક રૂપરેખા ઠરાવવામાં આવેલ છે.

**શ્રી ખુમાનસિંહ રા. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નની અગત્યતા એટલી બધી છે કે સરકારી કાર્યક્રમો કરવા માટે આ આંગણવાડી કાર્યકરોનો અને તેડાગરોનો ઉપયોગ થાય છે. ત્યારે ખરેખર કેન્દ્ર અને રાજય સરકારના આંગણવાડી વર્કરો અને તેડાગરોને જે વેતન આપે છે તેમાં કેન્દ્રનું કેટલું અને રાજય સરકારનું કેટલું ? અને કેન્દ્રએ જેમ વધારો કર્યો છે તેમ રાજય સરકાર કરવા માગે છે કે કેમ ? બીજો પ્રશ્ન ભારત સરકારના મહિલા બાળ વિકાસ અને આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના જે પત્રો છે તેમાં કયા પ્રકારની સૂચના આપવામાં આવેલી છે ? મારો ત્રીજો પ્રશ્ન આંગણવાડી કાર્યકરો તરફથી કાયમી કરવા માટેની કોઈ રજૂઆતો મળી છે કેમ ? અને ના મળી હોય તો રાજય સરકાર આ આંગણવાડી કાર્યકરોને કાયમી કરવા માગે છે કે કેમ ?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ**: માનનીય અધ્યક્ષશ્રી, આઈ.સી.ડી.એસ.યુનિટ તે ભારત સરકારે મંજૂર કરેલું યુનિટ છે. અને ભારત સરકારની જે ગાઈડ લાઈન છે તે ગાઈડ લાઈન પ્રમાણે રાજય સરકાર કામ કરતી હોય છે. તેમાં એક લાખની વસતિએ એક ઘટક મંજૂર કરવો. બે લાખથી વધુ વસતિ હોય અને એકથી વધુ ઘટકની માગણી કરી શકાય છે તેમાં ગ્રામ્ય વિસ્તાર અને શહેરી વિસ્તાર હોય તો ૪૦૦ થી ૮૦૦ની વસતિ દીઠ એક આંગણવાડી આપણે કરી શકીએ છીએ. ૮૦૦ થી ૧૬૦૦ની વસતિએ બે આંગણવાડી કેન્દ્રો ખોલી શકાય. ૧૬૦૦ થી ૨૪૦૦ની વસતિએ ત્રણ આંગણવાડી કેન્દ્રો આમ ૮૦૦ના ગુણાંકની અંદર એક એક આંગણવાડી વધુ આપણે કરી શકીએ છીએ. હમણાં ૧૫-૩-૨૦૦૭ના રોજ ભારત સરકારની એક નવી ગાઈડ લાઈન આવી મીની આંગણવાડી કેન્દ્રો શરૂ કરવા માટેની. તેમાં ૧૫૦ થી ૪૦૦ની વસતિએ એક આંગણવાડી કેન્દ્ર. ૧૫૦ થી ૪૦૦ની વસતિએ એક મીની આંગણવાડી કેન્દ્ર ખોલી શકાય. આદિજાતિ વિસ્તાર હોય, ખાણ પ્રદેશ હોય, રણ વિસ્તાર હોય, પર્વતીય વિસ્તાર હોય અને અનેક પ્રકારની મુશ્કેલીવાળા હોય તો તેમાં ૩૦૦ થી ૮૦૦ની વસતિએ એક આંગણવાડી અને

૧૫૦ થી ૩૦૦ની વસતિએ એક મીની આંગણવાડી કેન્દ્ર આપણે ખોલી શકીએ છીએ અને તે પ્રમાણે આપણે આંગણવાડીઓ કાર્યરત કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે આંગણવાડીની ભારત સરકારની ગાઈડ લાઈન પ્રમાણે જે આંગણવાડીને ભારત સરકાર તરફથી જે ફંડ મળે છે, જે માનદ વેતન મળે છે તેમાં નોન મૅટ્રિક હોય તો ભારત સરકારમાંથી ૧૪૩૮ રૂપિયા તેને મળે છે અને રાજય સરકાર તરફથી એક હજાર રૂપિયા મળી રહ્યાં છે તેમ કરીને ૨૪૩૮ રૂપિયા તેને માનદ વેતન મળે છે. નોન મૅટ્રિક હોય અને પાંચ વર્ષનો અનુભવ હોય તો ૧૪૬૯ ભારત સરકાર તરફથી, હજાર રૂપિયા રાજય સરકાર તરફથી તેમ કરીને ૨૪૬૯ રૂપિયા મળે છે. નોન મૅટ્રિક હોય પરંતુ દસ વર્ષનો અનુભવ હોય તો ૧૫૦૦ રૂપિયા ભારત સરકાર, હજાર રૂપિયા રાજય સરકાર એમ કરીને તેને ૨૫૦૦ રૂપિયા મળે છે. મૅટ્રિક થયેલી બહેન હોય તો ૧૫૦૦ રૂપિયા ભારત સરકાર, હજાર રૂપિયા ગુજરાત સરકાર અને કુલ ૨૫૦૦ રૂપિયા. મૅટ્રિક હોય પણ પાંચ વર્ષનો અનુભવ હોય તો ૧૫૩૧ રૂપિયા ભારત સરકારના, એક હજાર રૂપિયા રાજય સરકારના અને ૨૫૩૧ રૂપિયા તેને ટોટલ મળે છે. મૅટ્રિક હોય અને દસ વર્ષનો અનુભવ હોય તો ૧૫૬૩ ભારત સરકારમાંથી અને હજાર રૂપિયા રાજય સરકારમાંથી તેમ કરીને ૨૫૬૩ રૂપિયા મળે. મીની આંગણવાડી કાર્યકરને ૭૫૦ રૂપિયા ભારત સરકાર તરફથી અને ૨૫૦ રૂપિયા રાજય સરકાર તરફથી એમ કરીને એક હજાર રૂપિયા તેમને આપવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, તેમણે જે વાત કરી છે કે ગુજરાત સરકાર આંગણવાડીની બહેનોને પૂરા પગારમાં એટલે કે કાયમી કરવા માગે છે કે કેમ ? પણ આખું યુનિટ તે ભારત સરકારનું છે ભારત સરકારના કર્મચારીઓ છે. અને ભારત સરકારના કર્મચારીઓ હોય તો ભારત સરકારને નિર્ણય કરવો જોઈએ આને પૂરાં પગારમાં લઈ જવા માટે તેણે નિર્ણય કરવો જોઈએ.

**શ્રી ઉપેન્દ્રસિંહ પ્ર. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ આંગણવાડીઓ ચાલતી હોય છે, પણ જયારે રજાનો દિવસ હોય છે ત્યારે પણ આંગણવાડીના ભૂલકાઓ એમના માબાપને કહે છે કે મારે ભણવા જવું છે. ત્યારે મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે આ આંગણવાડીઓ જે ચાલે છે, એમાં કયા કયા પ્રકારની કલ્યાણલક્ષી યોજનાની પ્રવૃત્તિ ચાલતી હોય છે અને બીજું કે આ આંગણવાડી કેન્દ્રોના બાળકો પાસે કોઈ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ કરાવવામાં આવે છે કે કેમ? અને જો કરાવવામાં આવતી હોય તો કયા કયા પ્રકારની?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ**: આ આંગણવાડી કેન્દ્રોમાં વિવિધ પ્રકારની કલ્યાણલક્ષી યોજનાઓ હાથ ધરી છે. એમાં ખાસ કરીને સંકલિત બાળવિકાસ યોજના હેઠળ અપાતી સેવાઓ જે આઈ.સી.ડી.એસ. યુનિટ દ્વારા અપાતી હોય છે. બીજું બાલિકા સમૃદ્ધિ યોજના, એ રાજય સરકારની યોજના દ્વારા એને હાથ ધરવામાં આવી છે. કિશોરી શકિત યોજના, માતા યશોદા ગૌરવ નિધિ, કાર્યકત્રી વીમા યોજના અને સખીમંડળ યોજનાની આપણે અમલવારી કરી છે અને એનો લાભ આજે ગામડાની અનેક બહેનો લઈ રહી છે. જે રીતે પ્રાથમિક શાળામાં બાળકોના કલ્યાણ માટે અને બાળકોની શુષુપ્ત શકિતઓને વિકસાવવા માટે પ્રયાસો થાય છે એ જ રીતે આંગણવાડી કેન્દ્રોમાં વિવિધ પ્રકારના દિવસની ઉજવણી કરીએ છીએ. બાળક ૬ મહિનાનું થાય ત્યારે એને પહેલીવાર ભોજન આપવાનું હોય છે. તેને અન્નપ્રાશન દિવસ તરીકે ઉજવાય છે. મમતા દિવસ મહિનામાં એક વખત જેમાં સગર્ભા માતાઓ, ધાત્રી માતાઓ, કિશોરીઓ અને બાળકો બધા જ ભેગા થતા હોય છે. અને એમના આરોગ્યની સેવાઓની ચકાસણી કરવામાં આવે છે. એ જ રીતે આપણા રાષ્ટ્રીય પર્વો જેમ કે ૨૬ મી જાન્યુઆરીનો પ્રજાસત્તાક દિવસ અને ૧૫મી ઓગષ્ટ, એ પણ ઉજવવામાં આવે છે. ૧૧મી ફેબ્રુઆરી સલામત માતૃત્વ દિન છે તેની પણ આપણે ઉજવણી કરીએ છીએ. ૮ મી માર્ચે વિશ્વ મહિલા દિનની ઉજવણી કરવામાં આવે છે. જે રીતે પ્રાથમિક શાળામાં બાળકોના શાળા પ્રવેશોત્સવ કરાવવામાં આવે છે, એ જ રીતે કન્યા કેળવણીના સમયે પણ શાળા પ્રવેશોત્સવ સમયે આ જ કાર્યક્રમ આંગણવાડીમાં પણ લેવામાં આવે છે. એ જ રીતે માતા પોતે પોતાનું દૂધ બાળકોને પીવડાવે એવી એક જનજાગૃતિ અનુસાર વિશ્વ સ્તનપાન દિવસની ઉજવણી પણ એમાં કરવામાં આવે છે. રાષ્ટ્રીય પોષણ સપ્તાહ ઉજવવામાં આવે છે. ૨૧મી ઓકટોબરે વિશ્વ આયોડીન નિયંત્રણ દિન ઉજવવામાં આવે છે. ૧૪મી નવેમ્બરે બાળદિન ઉજવવામાં આવે છે અને ૧લી ડિસેમ્બર વિશ્વ એઈડસ દિન અને બાળકોની જન્મની ઉજવણી પણ આ આંગણવાડી કેન્દ્રોમાં કરવામાં આવતી હોય છે.

**શ્રી સિધ્ધાર્થ ચી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ આંગણવાડી કયાં કયાં ખોલી શકાય એના જે ક્રાઈટેરીયા હતા એની બહુ વિગતે વાત કરી. આ પ્રશ્ન આંગણવાડી ખોલવા માટેનો નથી. માનનીય સભ્યશ્રી ખુમાનસિંહભાઈની ચિંતા બહુ સકારણ છે. આ પ્રશ્ન છે એ એના સંચાલન માટે કોઈ નીતિ નિયમ બનાવવામાં આવ્યા છે કે કેમ? કારણ કે જે રીતે આંગણવાડી વર્કરોનો અન્ય કામમાં ઉપયોગ કરવામાં આવી રહ્યો છે, એ સંદર્ભમાં સભ્યશ્રીએ ચિંતા વ્યકત કરી. એટલે એના સંચાલન માટેના નિયમો કોઈ કેન્દ્ર સરકારે બનાવ્યા હોય, તો એની વિગત એમણે તમારી પાસે માગી છે.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ**: માનનીય અધ્યક્ષશ્રી, મેં એમને એ જ જવાબ આપ્યો. આંગણવાડી કેન્દ્ર શરુ થાય, એનું સંચાલન ભારત સરકાર દ્વારા જ થતું હોય છે. એમાં આંગણવાડી વર્કર અને આંગણવાડી હેલ્પર હોય

છે. એના ઉપર મુખ્ય સેવિકા હોય છે, જે ૧૫ થી ૨૦ જેટલી આંગણવાડીઓ સંભાળતી હોય છે. એના ઉપર તાલુકો, એના ઉપર સી.ડી.પી.ઓ. હોય છે. અને આખા જિલ્લાની ઉપર પ્રોગ્રામ ઓફિસર હોય છે. અને એના ઉપર ધ્યાન રાખવાવાળા ડી.ડી.ઓ. હોય છે. આ રીતે એનું સંચાલન રાજયની અંદર આંગણવાડીઓની અંદર થતું હોય છે. અને એટલા માટે રાજયમાં આ આંગણવાડી કેન્દ્રોનું સંચાલન વધારે સારી રીતે ચલાવાય, એના માટે રાજય સરકારનો મહિલા બાળકલ્યાણ વિભાગ પણ ખૂબ જ સક્રિય રીતે કામ કરી રહ્યો છે.

**આણંદ જિલ્લામાં સરકારી કોલેજો**

*** ૨૧૭૪૯ શ્રીમતી જયોત્સનાબેન ર઼ા. પટેલ(આણંદ)** : **માનનીય શિક્ષણમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) વર્ષ ૨૦૧૦-૨૦૧૧માં તા. ૩૧/૧/૧૧ની સ્થિતિએ આણંદ જિલ્લામાં કેટલી સરકારી કોલેજો શરૂ કરવામાં આવી, અને

(૨) આ કોલેજો શરૂ કરવા પાછળ સરકારે કેટલો ખર્ચ કર્યો?

**શિક્ષણમંત્રી:**

(૧) એકપણ નહીં.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રીમતી જયોત્સનાબેન ર઼ા. પટેલ** : અમારા આણંદ જિલ્લાના આણંદ તાલુકામાં કુલ કેટલી ગ્રાન્ટ ઈન એઈડ કોલેજો આવેલી છે? અને આણંદ જિલ્લામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને સ્નાતક કક્ષાએ અને અનુસ્નાતક કક્ષાએ કુલ કેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે?

**શ્રીમતી વસુબેન ત્રિવેદી**: માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રી આ રાજયનો વિદ્યાર્થી દેશના રાજયો સાથે નહીં, પરંતુ વિશ્વના દેશોના વિદ્યાર્થીઓની હરોળમાં ઉભો રહે તે માટે પ્રયત્નશીલ છે. ગૃહને જણાવતા મને ખુશી થાય છે કે એકલા આણંદ તાલુકામાં જ ૧૪ ગ્રાન્ટ ઈન એઈડ કોલેજો આવેલી છે. એ ૧૪ કોલેજોમાં ૯ કોલેજ આણંદમાં છે અને ૫ કોલેજ વિદ્યાનગરમાં છે. આણંદ આર્ટસ કોલેજ, એન.એસ.પટેલ આર્ટસ કોલેજ, આણંદ કોમર્સ કોલેજ, સી.પી.પટેલ એન્ડ એફ.એચ.શાહ કોમર્સ કોલેજ, એન.એચ.પટેલ કોલેજ ઓફ એજયુકેશન, એમ.બી.પટેલ સાયન્સ કોલેજ, વી.પી.એન્ડ આર.પી.ડી.પી. સાયન્સ કોલેજ, એસ.એમ.પટેલ કોલેજ ઓફ હોમ સાયન્સ, નલિની અરવિંદ એન્ડ ટી.વી.પટેલ આર્ટસ કોલેજ, એચ.એમ.પટેલ....

**અધ્યક્ષશ્રી** : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે, નેકસ્ટ.

# અતારાંકિત પ્રશ્નો
# (તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

**ભાવનગર જિલ્લામાં ગ્રામ્ય માર્ગોની સુધારણા**

૨૧૯૫૩ **: શ્રી ડૉ. કનુભાઈ કલસરીયા (મહુવા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ભાવનગર જિલ્લામાં તાલુકાવાર કિસાનપથ, વિકાસપથ, નાબાર્ડ તથા પ્રગતિપથ યોજના હેઠળ કેટલા કી.મી. લંબાઈનાં ગ્રામ્ય માર્ગોનું સુધારણાનું કાર્ય કરવામાં આવ્યું છે, અને

(૨) તેની પાછળ તાલુકાદીઠ કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે ?

**જવાબ**

(૧) અને (૨) **પત્રક** મુજબ.

તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ભાવનગર જિલ્લામાં તાલુકાવાર કિસાનપથ, વિકાસપથ, નાબાર્ડ તથા પ્રગતિપથ યોજના હેઠળ કરવામાં આવેલ ગ્રામ્ય માર્ગોની સુધારણા તથા તેની પાછળ કરવામાં આવેલ ખર્ચની વિગતો નીચે મુજબ છે.

**લંબાઈ કિ.મી. માં રૂા. લાખમાં**

| ક્રમ | તાલુકો | યોજના | ત્રણ વર્ષની કામગીરી | |
|---|---|---|---|---|
| | | | થયેલ લંબાઈ | થયેલ ખર્ચ |
| ૧ | ભાવનગર | કિસાનપથ | ૨૧.૮૦ | ૨૩૪.૯૨ |
| | | નાબાર્ડ | ૨૭.૯૫ | ૩૩૦.૭૧ |
| | **ભાવનગર તાલુકાનું કુલ** | | **૪૯.૭૫** | **૫૬૫.૬૩** |
| ૨ | બોટાદ | કિસાનપથ | ૨૦.૫૦ | ૨૮૧.૭૫ |
| | | નાબાર્ડ | ૨૫.૩૦ | ૩૯૦.૧૬ |
| | **બોટાદ તાલુકાનું કુલ** | | **૪૫.૮૦** | **૬૭૧.૯૧** |

| | | | | |
|---|---|---|---|---|
| ૩ | ગઢડા | કિસાનપથ | ૧૬.૪૦ | ૨૦૧.૦૯ |
| | | નાબાર્ડ | ૫૨.૪૦ | ૮૦૯.૩૦ |
| | **ગઢડા તાલુકાનું કૂલ** | | **૬૮.૮૦** | **૧૦૧૦.૩૯** |
| ૪ | ગારીયાધાર | કિસાનપથ | ૨૧.૨૪ | ૨૧૫.૦૭ |
| | | નાબાર્ડ | ૨૨.૪૦ | ૧૧૭૬.૧૧ |
| | **ગારીયાધાર તાલુકાનું કૂલ** | | **૪૩.૬૪** | **૧૩૯૧.૧૮** |
| ૫ | ઘોઘા | કિસાનપથ | ૧૪.૭૫ | ૧૭૩.૬૧ |
| | | નાબાર્ડ | ૨.૮૦ | ૪૨.૬૪ |
| | **ઘોઘા તાલુકાનું કૂલ** | | **૧૭.૫૫** | **૨૧૬.૨૫** |
| ૬ | મહુવા | કિસાનપથ | ૫૪.૪૦ | ૬૨૦.૧૨ |
| | | નાબાર્ડ | ૪૫.૦૫ | ૫૮૬.૬૫ |
| | **મહુવા તાલુકાનું કૂલ** | | **૯૯.૪૫** | **૧૨૦૬.૭૭** |
| ૭ | પાલીતાણા | કિસાનપથ | ૧૫.૮૫ | ૧૮૭.૭૨ |
| | | નાબાર્ડ | ૪.૨૦ | ૫૪.૬૦ |
| | **પાલીતાણા તાલુકાનું કૂલ** | | **૨૦.૦૫** | **૨૪૨.૩૨** |
| ૮ | શિહોર | કિસાનપથ | ૬.૭૦ | ૪૫.૨૯ |
| | | નાબાર્ડ | ૫૩.૭૦ | ૬૩૭.૮૮ |
| | **શિહોર તાલુકાનું કૂલ** | | **૬૦.૪૦** | **૬૮૩.૧૭** |
| ૯ | તળાજા | કિસાનપથ | ૨૯.૩૩ | ૨૫૪.૨૭ |
| | | નાબાર્ડ | ૪૭.૯૬ | ૭૦૧.૭૪ |
| | **તળાજા તાલુકાનું કૂલ** | | **૭૭.૨૯** | **૯૫૬.૦૧** |
| ૧૦ | ઉમરાળા | કિસાનપથ | ૧૪.૯૦ | ૧૪૭.૬૪ |
| | | નાબાર્ડ | ૪૫.૯૦ | ૬૫૧.૭૨ |
| | **ઉમરાળા તાલુકાનું કૂલ** | | **૬૦.૮૦** | **૭૯૯.૩૬** |
| ૧૧ | વલ્લભીપુર | કિસાનપથ | ૭.૫૦ | ૮૬.૭૦ |
| | | નાબાર્ડ | ૨.૯૦ | ૪૧.૮૫ |
| | **વલ્લભીપુર તાલુકાનું કૂલ** | | **૧૦.૪૦** | **૧૨૮.૫૫** |
| | **ભાવનગર જિલ્લાનું કૂલ** | | **૫૫૩.૯૩** | **૭૮૭૧.૫૪** |

## મહેસૂલ વિભાગમાં યુ.એલ.સી.ની ફાઈલોના નિકાલ બાબત

૨૨૨૦૬ **: શ્રી ચંદુભાઈ મો.ડાભી (કરજણ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧/૧/૧૧ની સ્થિતિએ મહેસૂલ વિભાગમાં યુ.એલ.સી.ની કચેરીમાં કેટલી ફાઈલો નિકાલ વિનાની કેટલા સમયથી પડતરમાં છે, | (૧) (૧) ૪૫૮<br>(૨) જુદા જુદા સમયથી પડતર. |
| (૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર યુ.એલ.સી.ની કમિટિની બેઠકો ક્યારે ક્યારે યોજવામાં આવી અને કેટલા કેસોનો નિકાલ કર્યો, અને | (૨) (૧) તા. ૧૦-૬-૨૦૦૯,<br>(૨) તા. ૩-૭-૨૦૦૯,<br>(૩) તા. ૧૪-૭-૨૦૦૯,<br>(૪) તા. ૨૪-૭-૨૦૦૯,<br>(૫) તા. ૩૦-૭-૨૦૦૯,<br>(૬) તા. ૧૦-૧૨-૨૦૦૯,<br>(૭) તા. ૧૬-૧૧-૨૦૧૦<br>(૮) તા. ૨૫-૧૧-૨૦૧૦<br>(૯) તા. ૧૯-૧-૨૦૧૧<br>સને-૨૦૦૯ ૬ બેઠકો<br>સને-૨૦૧૦ ૨ બેઠકો<br>સને-૨૦૧૧ ૧ બેઠક<br>કુલ ૯ બેઠકો<br>કુલ-૧૦ કેસોનો નિકાલ કર્યો. |
| (૩) જો યુ.એલ.સી.ની કમિટિની બેઠકો ન મળી હોય તો તેના કારણો શા છે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

--------

## ૧૦૬/page> કચ્છ જિલ્લામાં પશુ આરોગ્ય મેળા

૨૧૭૮૪ **: શ્રી ધનજીભાઈ ગો.સેંધાણી (માંડવી)** : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૧૨/૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં કેટલા પશુ આરોગ્ય મેળાઓનું આયોજન કરવામાં આવ્યુ, | (૧) ૪૦૯. |
| (૨) આ મેળામાં કેટલા પશુઓને ક્યા રોગો માટે સારવાર આપવામાં આવી, અને | (૨) કુલ ૧,૮૭,૩૯૫ પશુઓને મુખ્યત્વે ઝાડા, આફરો, અપચો, ન્યુમોનીયા, ચકરી, તાવ, ચામડીના રોગો, કૃમિજન્ય રોગો, સુવા રોગ, વલો, મોઢામાં ચાંદા, આંચળના રોગો, વંધ્યત્વ - ગર્ભાશયના રોગો. તણછ, કરમોડી, ગાંઠ વગેરે રોગો માટે સારવાર આપવામાં આવી. |
| (૩) કેટલા પશુઓનું રસીકરણ કરવામાં આવ્યુ? | (૩) ૧,૩૩,૭૨૩. |

--------

## ભરૂચ જિલ્લામાં જનસેવા કેન્દ્રો

૨૧૧૮૦ **: શ્રી ઈકબાલ પટેલ (વાગરા)** : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૧/૧૧ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં તાલુકાવાર મહેસૂલ વિભાગના જનસેવા કેન્દ્રો કેટલાં છે, | (૧) તા. ૩૧-૦૧-૨૦૧૧ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં તાલુકા દીઠ એક-એક એમ આઠ જનસેવા કેન્દ્રો છે. |
| (૨) આ જનસેવા કેન્દ્રોમાં દસ્તાવેજોની નોંધણીના તથા ૭/૧૨ અને ૮/અ ના ઉતારાની નકલો મેળવવામાં કોમ્પ્યુટર ઓપરેટર અને કોમ્પ્યુટર એક એક ફાળવેલ હોઈ અને ધીમી ગતિએ આ કોમ્પ્યુટરો ચાલતા હોવાથી આમજનતાને ભારે હાડમારી વેઠવી પડે છે તે હકીકતથી સરકાર વાકેફ છે, અને | (૨) જનસેવા કેન્દ્રોમાં નાગરિક અધિકાર પત્રને લગતી કામગીરી થાય છે. જ્યારે ઇ-ધરા કેન્દ્રોમાં બે કોમ્પ્યુટર ફાળવવામાં આવેલ છે અને બે ઓપરેટરની સેવાઓ ઉપલબ્ધ છે. તે પૈકી એક કોમ્પ્યુટર ઓપરેટર ખેતીની જમીનના દસ્તાવેજોની, વારસાઇ, બોજા દાખલ, બોજા કમી, વહેંચણી વગેરે નોંધો પાડવાની તથા નોંધોનો નિકાલ થયે નોંધોની અસર આપવાની કામગીરી કરે છે અને બીજા કોમ્પ્યુટર ઓપરેટર ખાતેદારોને ૭/૧૨, ૮-અ તથા નં. ૬ની નોંધોના ઉતારા આપે છે. આ ઉપરાંત તાલુકાની તમામ ગ્રામ પંચાયતોના ઇ-ગ્રામ કેન્દ્રો ઉપરથી ANY RoR સેવા હેઠળ ખાતેદારોને ૭/૧૨, ૮-અ તથા નં. ૬ની નોંધોની નકલો તાલુકા કક્ષાએ આવ્યા સિવાય ગ્રામ કક્ષાએથી પ્રાપ્ત થઇ શકે તેવી વ્યવસ્થા કરવામાં આવેલ છે. આ નવી વ્યવસ્થાથી વધુ સરળતાથી અને ઝડપથી નકલો મળી રહે છે. જેથી જનતાને હાડમારીનો પ્રશ્ન નથી. |
| (૩) જો હા, તો આ હાડમારી દૂર કરવા અઠવાડીયે ત્રણ દિવસ જ ચાલતી આ કાર્યવાહીના દિવસો વધારવા અને કોમ્પ્યુટરોની સ્પીડ વધારવા સરકાર કેવા પ્રકારના પગલાં લેવા માંગે છે? | (૩) ઇ-ધરા કેન્દ્ર ઉપરથી કામકાજના દિવસોએ ૭/૧૨, ૮-અ અને નં. ૬ની નોંધોના ઉતારા મળી રહે તેવી વ્યવસ્થા ગોઠવવા સૂચના આપવામાં આવેલ છે તથા ઇ-ધરા કેન્દ્રો પરના કોમ્પ્યુટરોની કેપેસીટીમાં વધારો કરીને ઝડપને લગતા પ્રશ્નનો ઉકેલ લાવવામાં આવેલ છે. ઉપરાંત આ કામગીરી પર પ્રાંત અધિકારી અને કલેકટરશ્રી કક્ષાએથી સતત મોનીટરીંગની વ્યવસ્થા પણ કરવામાં આવેલ છે. |

--------

## જામનગર જિલ્લામાં પશુ આરોગ્ય મેળા

૨૧૭૮૭ **: શ્રી લાલજીભાઈ પ્રે.સોલંકી (જામનગર (રુરલ) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૧/૧૨/૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર જિલ્લામાં કેટલા પશુ આરોગ્ય મેળાઓનું આયોજન કરવામાં આવ્યું, | (૧) ૩૨૦. |
| (૨) આ મેળામાં કેટલા પશુઓને મુખ્યત્વે સારવાર આપવામાં આવી, અને | (૨) ૫,૦૬,૨૭૯. |
| (૩) કેટલા પશુઓનું રસીકરણ કરવામાં આવ્યું? | (૩) ૯૨,૧૧૨. |

--------

## રાજકોટ જિલ્લાના કોઠારીયા ગામે સરકારી ખરાબામાં બની ગયેલ રહેણાંક્ના મકાનો

૨૧૧૬૭ **: શ્રી મહંમદ જાવેદ પીરઝાદા (વાંકાનેર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૧/૧/૧૧ની સ્થિતિએ રાજકોટ તાલુકાના કોઠારીયા ગામના રેવન્યુ સર્વે નં. ૮૮-૮૯ને લાગુ સરકારી ખરાબામાં રહેણાંક્ના મકાનો બનાવી દેવામાં આવ્યા છે તે હકીક્ત સાચી છે, | (૧) ના જી. |
| (૨) જો હા, તો તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી ફરિયાદો સરકારને મળી છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. પરંતુ કોઠારીયાના સ.નં. ૮૮ તથા સ.નં. ૮૯ ને લાગુ સરકારી ખરાબાની જમીનમાં પાકા મકાનો અને પ્લોટ પાડવામાં આવ્યા હોવાની ફરિયાદ રાજકોટના શ્રી ગોબરભાઈ ધરમશીભાઈ પટેલ દ્વારા તા.૯-૬-૨૦૧૦ના રોજ તથા તા.૮-૧૨-૨૦૧૦ નાં રોજ કરવામાં આવેલી છે. |
| (૩) મળેલ ફરિયાદોના સંદર્ભમાં સરકારે શાં પગલાં લીધા છે? | (૩) શ્રી ગોબરભાઈ ધરમશીભાઈ પટેલની મળેલી ફરિયાદ અન્વયે મામલતદારશ્રીએ તા.૧૮-૧-૧૧ના રોજ તલાટી ક્મ મંત્રી કોઠારીયા, સર્કલ ઓફીસર, રાજકોટ તથા જિલ્લા નિરીક્ષકશ્રી, જમીન દફ્તર રાજકોટ દ્વારા પંચોની હાજરીમાં સ્થળ તપાસ કરેલ છે. જેમાં વિગતો જાહેર થયેલ છે કે ખાતેદારના ખાનગી નામે રહેલા આ સર્વે નં.-૮૮ તથા ૮૯ ની ખેતીની જમીન અગાઉ બિન ખેતી હેતુ માટેની મંજુરીઓ મેળવી છે બિન ખેતી મંજુરીવાળા લે-આઉટ પ્લાન મુજબના અમુક પ્લોટમાં બાંધકામ પૂર્ણ થયેલ છે અને અમુક પ્લોટમાં બાંધકામ ચાલુ હોવાનું તથા અમુક પ્લોટ ખુલ્લા આવેલા છે તેવું તપાસમાં જાહેર થયેલ છે. છેવટની તપાસની વિગતે મુળ ખાતેદારના દિકરાએ બિન ખેતી થયેલા લાગુ સર્વે નંબરોની પૂર્વ દિશાની ટાવર્સની જમીનમાં અંદાજે ૩ થી ૪ એકર સરકારી જમીનમાં ખેતીના હેતુ માટેનું દબાણ કરીને ઘઉંનું વાવેતર કરેલ છે તથા કાંટાળા તારની વાડ કરીને બિનકાયદેસર કબ્જો કરેલ છે. જે અન્વયે કાયદાકીય પગલાં લેવા માટે મામલતદારશ્રી, રાજકોટ તાલુકાએ કાર્યવાહી હાથ ધરેલ છે. |

--------

**ખેડા જિલ્લામાં એન્જીનીયરીંગ કોલેજોમાં ખાલી જ્ગ્યાઓ**

૨૧૨૧૩ **: શ્રી શંકરભાઈ દે. વાઘેલા (ચકલાસી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૧/૧૧ની સ્થિતિએ ખેડા જિલ્લામાં સરકારી એન્જીનીયરીંગ કોલેજો કઈ કઈ છે,

(૨) તે અન્વયે કોલેજામાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

(૩) કેટલી જ્ગ્યાઓ તે અન્વયે કેટલા સમયથી ખાલી છે, અને

(૪) આવી ખાલી જ્ગ્યાઓ સત્વરે નહીં ભરવાના કારણો શાં છે અને કેટલા સમયમાં આવી જ્ગ્યાઓ ભરવામાં આવશે?

**જવાબ**

(૧) ખેડા જિલ્લામાં હાલ કોઇ સરકારી ઇજનેરી કોલેજ કાર્યરત નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**સુરત જિલ્લામાં વિધવા સહાયની અરજીઓ**

૨૧૮૬૪ **: શ્રીમતી ભારતીબેન રાઠોડ (કામરેજ) : માનનીય મહિલા અને બાળકલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લામાં તા. ૩૧/૧૨/૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી વિધવા મહિલાઓની સહાય અંગેની અરજીઓ મળી,

(૨) મળેલ અરજીઓ પેકી કેટલી મંજૂર કરી, અને

(૩) કેટલી ના મંજૂર કરવામાં આવી?

**જવાબ**

(૧) ૧૧૯૫ અરજીઓ.

(૨) ૭૦૪ અરજીઓ.

(૩) ૧૫૨ અરજીઓ.

**ભાવનગર જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં સુવિધા**

૨૧૫૦૫ **: શ્રી મહેન્દ્રસિંહ સરવૈયા (પાલીતાણા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લામાં તા. ૩૧/૧૨/૧૦ની સ્થિતિએ કેટલી પ્રાથમિક શાળાઓમાં પીવાના પાણી, લાઈટ, શોચાલય, જેવી પ્રાથમિક સુવિધાઓ ઉપલબ્ધ છે,

(૨) અને કેટલી શાળાઓમાં આવી સુવિધા નથી, અને

(૩) કેટલા સમયમાં આવી સુવિધાઓ ઉપલબ્ધ કરાશે ?

**જવાબ**

(૧) ભાવનગર જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ પ્રાથમિક શાળાઓમાં નીચે મુજબ સુવિધાઓ ઉપલબ્ધ છે.

| પીવાના પાણી | લાઇટ | શોચાલય |
|---|---|---|
| ૧૦૬૩ | ૧૦૫૪ | ૧૦૫૪ |

(૨)

| પીવાના પાણી | લાઇટ | શોચાલય |
|---|---|---|
| ૦૦ | ૦૯ | ૦૯ |

(૩) જમીન ઉપલબ્ધ થયે અને રૂમોનું બાંધકામ પૂર્ણ થયે સુવિધા પૂર્ણ કરવામાં આવશે.

**પાટણ જિલ્લા અને શહેરમાં એન્જીનીયરીંગ કોલેજોમાં ખાલી જ્ગ્યાઓ**

૨૧૨૧૬ **: શ્રી જોધાજી ઠાકોર (વાગડોદ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૧/૧૧ની સ્થિતિએ પાટણ શહેર અને જિલ્લામાં સરકારી એન્જીનીયરીંગ કોલેજો કઈ કઈ છે,

(૨) તે અન્વયે કોલેજોમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

**જવાબ**

(૧) સરકારી ઇજનેરી કોલેજ, પાટણ.

(૨)

| સંવર્ગ | મંજૂર થયેલ મહેકમ |
|---|---|
| વર્ગ-૧ | ૩૦ |
| વર્ગ-૨ | ૬૨ |
| વર્ગ-૩ | ૨૬ |
| વર્ગ-૪ | ૦૪ |

(૩) કેટલી જ્ગ્યાઓ તે અન્વયે કેટલા સમયથી ખાલી છે, અને

(૩) ખાલી જ્ગ્યાઓની પરિસ્થિતિ સંવર્ગવાર નીચે મુજબ છે.

| ક્રમ | ૧ વર્ષ સુધીની | ૧ થી ૨ વર્ષ સુધીની | ૨ થી ૩ વર્ષ સુધીની | ૩ વર્ષથી વધુ | કુલ |
|---|---|---|---|---|---|
| વર્ગ-૧ | ૦૩ | ૧૩ | ૧૦ | ૦૧ | ૨૭ |
| વર્ગ-૨ | ૦૮ | ૨૧ | ૦૧ | - | ૩૦ |
| વર્ગ-૩ | ૦૩ | ૦૧ | ૦૬ | ૧૦ | ૨૦ |
| વર્ગ-૪ | - | - | ૦૩ | - | ૦૩ |
| **કુલ :** | **૧૪** | **૩૫** | **૨૦** | **૧૧** | **૮૦** |

(૪) આવી ખાલી જ્ગ્યાઓ સત્વરે નહીં ભરવાના કારણો શાં છે અને કેટલા સમયમાં આવી જ્ગ્યાઓ ભરવામાં આવશે?

(૪) વર્ગ-૧ ની જ્ગ્યાઓ એ.આઇ.સી.ટી.ઇ. ના નવા સુધારેલ નિયમો મુજબ આચાર્ય અને પ્રાધ્યાપકની જ્ગ્યાઓના ભરતી નિયમો આખરી થયેથી જ્ગ્યાઓ ભરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

વર્ગ-૨ ના વ્યાખ્યાતાઓની જ્ગ્યાઓ ભરવાની કાર્યવાહી ગુજરાત જાહેર સેવા આયોગના પરામર્શમાં ચાલુ છે.

વર્ગ-૩ ની કુલ-૨૫૬ જ્ગ્યાઓ ભરવા માટેના માંગણીપત્રકો ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળને તા.૧-૨-૧૦ના રોજ મોકલવામાં આવેલ છે.

વર્ગ-૪ ની જ્ગ્યાઓ આવશ્યક્તા અનુસાર આઉટ સોર્સીંગ એજન્સી મારફ્ત ભરવાની કાર્યવાહી વિચારણા હેઠળ છે.

## સુરેન્દ્રનગર જિલ્લામાં માર્કેટયાર્ડો પાસેથી ઉઘરાવવાનો સેસ

૨૨૩૧૭ : **શ્રી હરીલાલ પટેલ (ધ્રાંગધ્રા) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) સુરેન્દ્રનગરમાં દરેક તાલુકામાં માર્કેટ યાર્ડોમાં સેસ ઉઘરાવવામાં આવે છે તે દરેક તાલુકાના યાર્ડોમાં એક સરખી છે તે હકીક્ત સાચી,

(૧) ના, જી.

(૨) જો ના, તો ક્યા કારણોસર અલગ-અલગ સેસના દર છે, અને

(૨) ગુજરાતના ખેતી ઉત્પન્નના બજારો બાબતના નિયમો, ૧૯૬૫ના નિયમ-૪૮ની જોગવાઈ મુજબ રૂા.૦.૩૦ પેસાથી રૂા.૨.૦૦ સુધીની મર્યાદામાં જે તે બજાર સમિતિએ મંજૂર કરાવેલ પેટા નિયમ મુજબ સેસ ફી વસુલ લઈ શકે છે.

(૩) જો હા, તો કંઈ સુવિધાઓને લીધે દર વધુ લેવામાં આવે છે?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## જામનગર જિલ્લામાં કમોસમી વરસાદથી મગફળીના પાકને નુક્સાન

૨૧૦૩૫ : **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) જામનગર જિલ્લામાં ખરીફ-૨૦૧૦માં પાક વિમા યોજના માટે મગફળી પાકમાં પાક કાપણી અખતરા થયા બાદ કમોસમી વરસાદ નવેમ્બર-૨૦૧૦ માં થયેલ છે તે હકીક્ત સાચી છે,

(૧) હા, જી.

(૨) જો હા, તો કમોસમી વરસાદને કારણે મગફળીના પાકમાં થયેલ નુક્સાન અંગે સર્વે કરવામાં આવેલ છે કે કેમ, અને

(૨) પ્રાથમિક સર્વે કરવામાં આવેલ છે.

(૩) તાલુકાવાર કેટલું નુક્સાન અંદાજવામાં આવ્યું છે?

(૩) મગફળીના પાકમાં કોઈ નુક્સાન નથી.

## વાયબ્રન્ટ ગુજરાત સમિટમાં ઉદ્યોગકારો દ્વારા જમીનની માગણી માટે અરજીઓ

૨૨૦૨૨ : **શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા (પોરબંદર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ ૨૦૦૭ અને ૨૦૦૯માં જે ઉદ્યોગકારોએ એમ.ઓ.યુ. કરેલા તે પૈકીના ક્યા ક્યા ઉદ્યોગકારોની તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ જમીનની માંગણીઓ કરતી અરજીઓ આવી,

(૨) તે અન્વયે કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી અને કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી, અને

(૩) મંજૂર થયેલ અરજીઓ પૈકી ક્યા ક્યા ઉદ્યોગો માટે કેટલી જમીન શા ભાવે આપવામાં આવી?

**જવાબ**

(૧) આ સાથે સામેલ પત્રકના કોલમ-૩માં મળેલ અરજીની વિગત દર્શાવી છે.

(૨) મંજૂર નામંજૂર કેસની વિગત કોલમ નં. :- ૫માં દર્શાવી છે.

(૩) ફાળવેલ જમીનની વિગત કોલમ નં. ૫ માં અને ભાવ કોલમ નં. ૬માં દર્શાવેલ છે.

**પત્રક**

| ક્રમ | જિલ્લો | તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ ઉદ્યોગકારોએ જમીનની માંગણી કરી | | ગામ | મંજુર નામંજુર | ફાળવેલ જમીનની વિગત | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | | ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. | જમીનના ભાવ રૂપિયા |
| ૧ | ૨ | ૩ | | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧ | વલસાડ | ૧ | તુલસી બાયો સાયન્સીસ પ્રા.લી. | કરવડ, તા. પારડી | મંજુર | ૩-૦૫-૦૦ | ૫૫૦/- |
| | | ૨ | પી.આર.સેઝ પ્રા.લી. | -- | નામંજુર | -- | -- |
| | | ૩ | ધારા મીનરલ વોટર | -- | નામંજુર | -- | -- |
| | | ૪ | તુલસી એગ્રો ફુડ ઈન્ડસ્ટ્રીઝ | -- | નામંજુર | -- | -- |
| | | ૫ | સ્વસ્તિક ઈન્ટર મીડીયા પ્રા.લી. | -- | નામંજુર | -- | -- |
| | | ૬ | ચંદન સ્ટીલ લી. | -- | નામંજુર | -- | -- |
| | | ૭ | ગઢીયા પાવર એન્જી.સીસ્ટમ પ્રા.લી. | -- | નામંજુર | -- | -- |
| | | ૮ | ગુજરાત ઈનોવેશન સીટી લી. | -- | બાકી | -- | -- |
| ૨ | નવસારી | | ઓમ્નીબસ ઈન્ડસ્ટ્રીઝ ડેવલપમેન્ટ કોર્પો. ઓફ દમણ, દીવ અને દાદરાનગર હવેલી લી. | મોજે વાંસી તા.જલાલપોર | બાકી | ૦ | -- |
| ૩ | સુરત | ૧ | ગુજરાત મેરી ટાઈમ બોર્ડ | સુલતાનાબાદ, તા.સીટી | મંજુર | ૧-૦૦-૦૦ | ૭૫૦/- |
| | | ૨ | ગુજરાત મેરી ટાઈમ બોર્ડ | હજીરા, તા.ચોર્યાસી | મંજુર | ૦-૨૫-૦૦ | ૧૪૦૦/- |
| | | ૩ | લાર્સન એન્ડ ટુબ્રો લી. | સુવાલી, ચોર્યાસી | મંજુર | ૮૫-૩૨-૪૭ | ૭૦૦/- |
| | | ૪ | લાર્સન એન્ડ ટુબ્રો લી. | સુવાલી, ચોર્યાસી | મંજુર | ૨૫-૭૬-૬૭ | ૭૦૦/- |
| | | ૫ | ઓપરેશન પીજીએ. | આભવા, તા.સીટી | નામંજુર | -- | -- |
| | | ૬ | રામાન્યુઝ પ્રિન્ટ એન્ડ પેપર્સ લી. | બરબોધન,તા.ઓલપાડ | દફતરે | -- | -- |
| | | ૭ | મોહીત ઈન્ડસ્ટ્રીઝ લી. | ડુમસ, તા.સીટી | દફતરે | -- | -- |
| | | ૮ | મોહીત ઈન્ડસ્ટ્રીઝ લી. | મોરા, તા.ચોર્યાસી | દફતરે | -- | -- |
| ૩ | સુરત | ૯ | મોહીત ઈન્ડસ્ટ્રીઝ લી. | સુરતનાબાદ, તા.સીટી | દફતરે | -- | -- |
| | | ૧૦ | શ્રી શેલેષભાઈ ડી.પટેલ, છત્રાલા ગૃપ, | ડુમસ, તા.સીટી | દફતરે | -- | -- |
| | | ૧૧ | શ્રી શેલેષભાઈ ડી.પટેલ, છત્રાલા ગૃપ, | આભવા, તા.સીટી | નામંજુર | -- | -- |
| | | ૧૨ | શ્રી શેલેષભાઈ ડી.પટેલ, છત્રાલા ગૃપ, | મગદલ્લા, તા.સીટી | દફતરે | -- | -- |
| | | ૧૩ | શ્રી શેલેષભાઈ ડી.પટેલ, છત્રાલા ગૃપ, | વેસુ, તા.સીટી | બાકી | -- | -- |
| | | ૧૪ | શ્રી શેલેષભાઈ ડી.પટેલ, છત્રાલા ગૃપ, | ઈચ્છાપોર, તા.ચોર્યાસી | દફતરે | -- | -- |
| | | ૧૫ | શ્રી શેલેષભાઈ ડી.પટેલ, છત્રાલા ગૃપ, | આભવા, તા.સીટી | દફતરે | -- | -- |
| | | ૧૬ | કોહીનુર ડેવલોપર્સ, | સુલતાનાબાદ, તા.સીટી | દફતરે | -- | -- |
| | | ૧૭ | મોહીબ ઈન્ફ્રાસ્ટક્ચર પ્રા.લી. | ખજોદ, તા.સીટી | દફતરે | -- | -- |
| | | ૧૮ | મોહીબ ઈન્ફ્રાસ્ટક્ચર પ્રા.લી. | ડુમસ, તા.સીટી | દફતરે | -- | -- |
| | | ૧૯ | મોહીબ ઈન્ફ્રાસ્ટક્ચર પ્રા.લી. | વેસુ, તા.સીટી | દફતરે | -- | -- |
| | | ૨૦ | ટોટલ થરમોવેસ્ટ સોલ્યુશન પ્રા.લી. | -- | દફતરે | -- | -- |
| | | ૨૧ | એગ્રીકલ્ચર પ્રોડયુશર્સ માર્કેટ સુરત. | વરેલી, તા.પલસાણા | નામંજુર | -- | -- |
| | | ૨૨ | ગુજરાત હોસ્પિટલ પ્રા.લી. | વેસુ, આભવા, મગદલ્લા | દફતરે | -- | -- |
| ૧ | ભરૂચ | ૧ | સ્ટર્લીંગ સેઝ એન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર લી. | વલીપોર, તા. જંબુસર | મંજુર | ૬૮૫-૫૩-૦૦ | ૪૦/- |
| | | ૨ | સ્ટર્લીંગ સેઝ એન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર લી. | સારોદ, તા. જંબુસર | મંજુર | ૫૭૭-૪૭-૧૭ | ૫૭/- |
| | | ૩ | અસ્મી સોલ્ટ વર્કસ | કતપોર, તા. હાંસોટ | મંજુર | ૨૮૭-એકર | એકરના રૂા. ૧૨૦/- |
| | | ૪ | સુભમ સોલ્ટ વર્કસ | ગંધાર, તા. વાગરા | મંજુર | ૩૫૦-એકર | એકરના રૂા. ૧૨૦/- |
| | | ૫ | કાનાણી કંપની | - | દફતરે | - | - |
| | | ૬ | સાંઈ સોલ્ટ વર્કસ | - | દફતરે | - | - |
| | | ૭ | જે. કે. સોલ્ટ વર્કસ | - | દફતરે | - | - |
| | | ૮ | સોલ્ટ વર્કસ | - | દફતરે | - | - |
| | | ૯ | જે. બી. કેમીકલ્સ | - | બાકી | - | - |
| | | ૧૦ | જી. એન. એફ. સી. | - | બાકી | - | - |
| - | | ૧૧ | ઉન્નતી સોલ્ટ વર્કસ | - | બાકી | - | - |

| ક્રમ | જિલ્લો | તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ ઉદ્યોગકારોએ જમીનની માંગણી કરી | | ગામ | મંજુર | ફાળવેલ જમીનની વિગત | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | નામંજુર | ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. | જમીનના ભાવ રૂપિયા |
| ૧ | ૨ | ૩ | | ૪ | ૫ | ૬ | ૭ |
| ૫ | આણંદ | | ડ્યુરાવીટા ઈન્ડીયા પ્રા. લી. | ઈન્દ્રણજ | | ૦-૫૦-૦૦ | ૨૫૦/- |
| ૬ | અમદાવાદ | ૧ | એન. જી. રીયાલીટી પ્રા. લી. | રજોડા, તા. બાવળા | નામંજુર | | |
| | | ૨ | ગુજરાત ભાલ કંસ્ટ્રક્શ લી. | મોટીબરૂ, તા. ધોળકા | નામંજુર | | |
| | | ૩ | દિપકિરણ ફુટસ પ્રા. લી. | બાકરોલ, તા. દશક્રોઈ | દફતરે | | |
| | | ૪ | ફોર્ટીઝ હેલ્થ કેર લી. | કઠવાડા, તા. દશક્રોઈ | દફતરે | | |
| | | ૫ | ઈટીના ફીલ્મ સીટી પ્રા. લી. | શિયાળ, તા. બાવળા | નામંજુર | | |
| | | ૬ | અદાણી એક્ષપોર્ટ લી. | ધોલેરા, તા. ધંધુકા | નામંજુર | | |
| | | ૭ | પ્રદિપ ઓવરસીઝ લી. | ભામસરા, તા. બાવળા | બાકી | | |
| | | ૮ | સી.પી.એલ. ઈન્ફ્રાસ્ટ્રક્ચર લી. | હરીપુરા, તા. ધંધુકા | બાકી | | |
| | | ૯ | દિશમાન ઈન્ફ્રસ્ટ્રક્ચર લી. | ગાંગડ, તા. બાવળા | બાકી | | |
| | | ૧૦ | અરીજ ખંભાતા બેનોવલટ | સોલા, તા. દશક્રોઈ | દફતરે | | |
| | | ૧૧ | અમદાવાદ મ્યુ. કોર્પોરેશન | નિકોલ, તા. સીટી | બાકી | | |
| | | ૧૨ | શ્રી રણછોડભાઈ આત્મારામ | ધોળકા, તા. ધોળકા | દફતરે | | |
| ૭ | ગાંધીનગર | ૧ | એનર્જી લીંક ઈન્ડીયા પ્રા. લી. | કુડાસણ, તા. ગાંધીનગર | નામંજુર | - | - |
| | | ૨ | એક્વાલાઈ પ્રોપર્ટીઝ પ્રા. લી. | કોબા, તા. ગાંધીનગર | મંજુર | ૩૭-૬૫-૮૧ | ૪૭૦/- |
| | | ૩ | ક્રોમાલાઈન ઈલેક્ટ્રોનિક્સ પ્રા. લિ. | ભાટ, તા. ગાંધીનગર | દફતરે | - | - |
| | | ૪ | યુનાઈટેડ ફોસ્ફરસ | ગાંધીનગર શહેર | બાકી | - | - |
| ૭ | ગાંધીનગર | ૫ | એસ્સાર ગૃપ | ગાંધીનગર શહેર | બાકી | - | - |
| | | ૬ | સ્ટેન્ટોન ગૃપ | નભોઈ, તા. ગાંધીનગર | નામંજુર | - | - |
| | | ૭ | રોયલ મેનોર હોટલ | અમીયાપુર, તા. ગાંધીનગર | નામંજુર | - | - |
| | | ૮ | ડી.એલ.એફ.લિ. | ગાંધીનગર શહેર | મંજુર | ૧૦-૧૨-૦૦ | ૫૦૦૦/- |
| | | ૯ | અલુવા હીલ્સ રીસોર્ટ (સ્કોપ કન્સલ્ટન્સી) | અલુઆ, તા. ગાંધીનગર | નામંજુર | - | - |
| | | ૧૦ | લક્ષ્મી ફ્રેન્કલીન પ્રા. લિ. | કુડાસણ, તા. ગાંધીનગર | નામંજુર | - | - |
| | | ૧૧ | એનર્જી લીંક (ઈન્ડીયા) પ્રા. લિ. | કુડાસણ, તા. ગાંધીનગર | નામંજુર | | |
| | | ૧૨ | જી. પી. જૈન ચેરીટેબલ ટ્રસ્ટ | ભોયણરાઠોડ, તા. ગાંધીનગર | નામંજુર | - | - |
| ૮ | મહેસાણા | ૧ | અનંતરાજ ઈન્ડસ્ટ્રીઝ લી. | - | નામંજુર | - | - |
| | | ૨ | હીમાલીયા ઈન્ટરનેશનલ લી. | સુલતાનપુર, તા. વડનગર | મંજુર | ૨૦-૮૪-૯૪ | ૧૦૦/- |
| | | ૩ | ગણપત યુનિવર્સિટી | - | નામંજુર | - | - |
| ૯ | બનાસકાંઠા | ૧ | રસના માર્કેટીંગ સર્વિસીસ પ્રા. લી. | ખેરોલા, તા. ડીસા | બાકી | - | - |
| | | ૨ | બાલાજી ડેવલોપર્સ | પાલનપુર, તા. પાલનપુર | બાકી | - | - |
| | | ૩ | બાલાજી ડેવલોપર્સ | અંબાજી, તા. દાંતા | દફતરે | - | - |
| | | ૪ | એક્મે ટેલીપાવર લીમીટેડ | બુકોલી, તા. કાંકરેજ | બાકી | | |
| | | ૫ | ઈલેક્ટ્રોથર્મ રીન્યુએબલ્સ લીમીટેડ | બુકોલી, તા. કાંકરેજ | બાકી | - | - |
| | | ૬ | લેન્કો સોલાર પ્રાઈવેટ લીમીટેડ | જુનાડીસા, તા. ડીસા | બાકી | | |
| | | | | નવાપુરા, તા. વાવ | બાકી | | |
| | | | | માવસરી, તા. વાવ | બાકી | | |
| | | ૭ | પીએલજી પાવર લીમીટેડ | આસોદર, તા. થરાદ | બાકી | | |
| | | ૮ | મોઝર બેયર એનર્જી એન્ડ ડેવલોપમેન્ટ લી. | બુકોલી, તા. કાંકરેજ | બાકી | | |
| | | | | મુડેઠા, તા. ડીસા | બાકી | | |
| | | | | સમો નાના, તા. ડીસા | દફતરે | | |
| | | ૯ | અનંતરાજ ઈન્ડસ્ટ્રીઝ | મુડેઠા, તા. ડીસા | બાકી | | |
| | | ૧૦ | સી.સી.એલ. ઓપ્ટોઈલેક્ટ્રોનિક્સ પ્રા.લી. | પીલુડા, તા. થરાદ | બાકી | | |
| | | ૧૧ | વેલસ્પન ઉર્જા ઈન્ડીયા લીમીટેડ | ઈન્દરવાનવા, તા. ભાભર | દફતરે | | |
| | | ૧૨ | ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રીસીટી કોર્પોરેશન લી. | ભડોદર, તા. થરાદ | બાકી | | |
| ૧૦ | કચ્છ | ૧ | સુરખાબ બર્ડ રીસોર્ટ પ્રા. લી. | મસકા, તા. માંડવી | મંજુર | ૨૦-૨૩-૫૦ | ૨૦/- |
| | | ૨ | સી.એલ. શર્મા રીસોર્ટ | મેઘપર, અંજાર | - | - | - |
| | | ૩ | એબીજી સીમેન્ટ લી. | અકરીમોટી, થુમડી, નાની બેર, તા. અબડાસા | મંજુર | ૨૯૭-૫૮-૩૨ | ૧૧/- |
| | | ૪ | દિપક સીમેન્ટસ એન્ડ કેમીકલ્સ લી. | ગુનેરી, તા. લખપત | મંજુર | ૮૪-૦૦-૦૦ | ૫/- |
| | | ૫ | એશીયા પેસીફીક કોર્પો. લી. | અંજાર, અંજાર | - | - | - |
| | | ૬ | સોલારીસ કેમ ટેક લી. | ખાવડા રતાડીયા, કચ્છ | - | - | - |
| | | ૭ | ક્રોસ્ટલ ગુજરાત પાવર લી. | ટુન્ડા, તા. મુંદ્રા | મંજુર | ૨૧૮-૩૮-૯૧ | - |
| | | ૮ | ગુજરાત પગુથન એનર્જી કોર્પોરેશન | રામપર અંજાર, કચ્છ | - | - | - |
| | | ૯ | ગુજરાત હેરીટેઝ કન્ઝર્વેશન. બીચ રીસોર્ટ | માંડવી, કચ્છ | - | - | - |
| | | ૧૦ | સાંઘી ઈન્ડસ્ટ્રીઝ લી. | અકરી મોટી, કચ્છ | - | - | - |
| | | ૧૧ | અજંતા લીમીટેડ | લખપત, કચ્છ | - | - | - |
| | | ૧૨ | એ. બી. જી. સિમેન્ટ | થુમડી, અબડાસા | મંજુર | ૬-૮૦-૬૩ | ૭૫/- |
| | | ૧૩ | એસ.આર.કે. કેમીકલ્સ | ગાંધીધામ | - | - | - |
| | | ૧૪ | નિલકંઠ એન્ટરપ્રાઈઝ, ગાંધીધામ | ગાંધીધામ | - | - | - |
| ૧૦ | કચ્છ | ૧૫ | બાલાજી એન્ટરપ્રાઈઝ | ભારાપર, તા. ગાંધીધામ | - | - | - |
| | | ૧૬ | નિલકંઠ સોલ્ટ સપ્લાયર, ગાંધીધામ | ગાંધીધામ | - | - | - |
| | | ૧૭ | ગોતમ ઓવરસીઝ પ્રા. લી. | કચ્છ | - | - | - |
| | | ૧૮ | પાર્થ કેમીકલ્સ | પધ્ધર ભુજ | - | - | - |
| | | ૧૯ | સી. એલ. શર્મા રિસોર્ટ પ્રા. લી. | ગાંધીધામ | - | - | - |
| | | ૨૦ | ઓસ્ટ્રલ કોક એન્ડ પ્રોજેક્ટ લી. | લુણવા, કચ્છ | - | - | - |
| | | ૨૧ | યુરો સીરાસીક્સ લી. | ભચાઉ | - | - | - |
| | | ૨૨ | એસ. પી. જી. ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રા. લી. | પધ્ધર | - | - | - |

| ક્રમ | જિલ્લો | તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ ઉદ્યોગકારોએ જમીનની માંગણી કરી | | ગામ | મંજુર | ફાળવેલ જમીનની વિગત | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | નામંજુર | ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. | જમીનના ભાવ રૂપિયા |
| ૧ | ૨ | ૩ | | ૪ | ૫ | ૬ | ૭ |
| | | ૨૩ | સૌરાષ્ટ્ર એન્વાયરો પ્રોજેક્ટ પ્રા. લી. | જુના કટારીયા | - | - | - |
| | | ૨૪ | વિનાયક મીનરલ્સ | જી.આઈ.ડી.સી., નાગોર | - | - | - |
| | | ૨૫ | સોની માઈન્સ એન્ડ મીનરલ્સ | જી.આઈ.ડી.સી., નાગોર | - | - | - |
| ૧૧ | જામનગર | ૧ | રીલાયન્સ જામનગર ઈન્ફ્રાસ્ટ્રક્ચર લી. | લાલપુર/ક્રાનાલુસ | મંજુર | ૧૩૨-૨૯-૩૩ | ૨૫૭/- |
| | | ૨ | "" "" "" | લાલપુર/ક્રાનાલુસ | મંજુર | ૩-૩૦-૮૩ | ૧૨૧/- |
| | | ૩ | "" "" "" | લાલપુર/ક્રાનાલુસ | મંજુર | ૧૧૬-૩૪-૪૮ | ૧૨૧/- |
| | | ૪ | "" "" "" | લાલપુર/ક્રાનાલુસ | મંજુર | ૭૪-૮૮-૭૪ | ૨૫૭/- |
| | | ૫ | "" "" "" | લાલપુર/ક્રાનાલુસ | મંજુર | ૨૬-૩૨-૫૦ | ૩૮૪/- |
| | | ૬ | "" "" "" | લાલપુર/ક્રાનાલુસ | મંજુર | ૨૧૨-૭૪-૪૩ | ૧૨૧/- |
| | | ૭ | "" "" "" | લાલપુર/ક્રાનાલુસ | મંજુર | ૧૧-૭૧-૫૨ | ૨૪૦/- |
| | | ૮ | "" "" "" | લાલપુર/ક્રાનાલુસ | મંજુર | ૧૬-૩૮-૯૯ | ૧૬૭/- |
| | | ૯ | "" "" "" | લાલપુર/ક્રાનાલુસ | મંજુર | ૦-૬૪-૫૭ | ૩૮૪/- |
| | | ૧૦ | "" "" "" | લાલપુર/ક્રાનાલુસ | મંજુર | ૪-૮૬-૬૩ | ૨૬૨/- |
| | | ૧૧ | "" "" "" | લાલપુર/નવાગામ | મંજુર | ૧૦-૮૯-૬૩ | ૨૦૦/- |
| | | ૧૨ | "" "" "" | લાલપુર/નવાગામ | મંજુર | ૩૭-૧૪-૦૭ | ૨૪૧/- |
| | | ૧૩ | "" "" "" | લાલપુર/નવાગામ | મંજુર | ૭૧-૩૯-૦૮ | ૨૪૧/- |
| | | ૧૪ | "" "" "" | લાલપુર/નવાગામ | મંજુર | ૧૭-૧૦-૮૨ | ૨૦૦/- |
| | | ૧૫ | "" "" "" | લાલપુર/નવાગામ | મંજુર | ૧૧-૯૪-૮૭ | ૨૪૧/- |
| | | ૧૬ | "" "" "" | લાલપુર/નવાગામ | મંજુર | ૧૬-૬૫-૨૯ | ૨૫૮/- |
| | | ૧૭ | "" "" "" | લાલપુર/નવાગામ | મંજુર | ૨૦-૭૦-૯૯ | ૩૦૪/- |
| | | ૧૮ | "" "" "" | લાલપુર/નવાગામ | મંજુર | ૯૩-૦૭-૮૫ | ૨૦૦/- |
| | | ૧૯ | "" "" "" | લાલપુર/નવાગામ | મંજુર | ૨૨-૯૫-૫૯ | ૧૨૧/- |
| | | ૨૦ | "" "" "" | લાલપુર/નવાગામ | મંજુર | ૩૯-૯૮-૩૩ | ૨૨૨/- |
| | | ૨૧ | "" "" "" | લાલપુર/નવાગામ | મંજુર | ૦-૩૭-૪૩ | ૨૪૧/- |
| | | ૨૨ | "" "" "" | લાલપુર/નવાગામ | મંજુર | ૨૬-૦૫-૮૭ | ૨૦૦/- |
| | | ૨૩ | "" "" "" | લાલપુર/નવાગામ | મંજુર | ૨-૧૯-૫૪ | ૨૫૮/- |
| | | ૨૪ | "" "" "" | લાલપુર/પડાણા | મંજુર | ૪૮-૨૦-૫૩ | ૨૨૦/- |
| | | ૨૫ | "" "" "" | લાલપુર/ક્રાનાછીંકારી | મંજુર | ૩૪-૧૫-૫૬ | ૩૦૪/- |
| | | ૨૬ | "" "" "" | લાલપુર/ક્રાનાછીંકારી | મંજુર | ૨૨૪-૬૦-૩૮ | ૨૨૦/- |
| | | ૨૭ | "" "" "" | લાલપુર/ક્રાનાછીંકારી | મંજુર | ૦-૫૭-૬૭ | ૩૦૪/- |
| | | ૨૮ | "" "" "" | લાલપુર/ક્રાનાછીંકારી | મંજુર | ૧-૪૮-૭૨ | ૧૧૨/- |
| | | ૨૯ | "" "" "" | લાલપુર/ક્રાનાછીંકારી | મંજુર | ૧-૨૨-૪૨ | ૧૮૧/- |
| | | ૩૦ | "" "" "" | લાલપુર/ક્રાનાછીંકારી | મંજુર | ૫૩-૨૨-૬૬ | ૨૨૦/- |
| | | ૩૧ | "" "" "" | લાલપુર/ડરાછીંકારી | મંજુર | ૦-૦૫-૦૬ | ૨૦૦/- |
| | | ૩૨ | રિલાયન્સ પોર્ટ્સ એન્ડ ટર્મીનલ્સ લી. | જામનગર/નાની ખાવડી | મંજુર | ૩૫-૮૨-૫૧ | ૩૯૦.૮૮ |
| | | | | જામનગર/નાની ખાવડી | મંજુર | ૨૧-૮૦-૦૦ | ૩૯૦.૮૮ |
| ૧૧ | જામનગર | ૩૩ | એસ્સાર પાવર ગુજરાત લી. | ખંભાલીયા/કજુરડા | મંજુર | ૩૦૫-૪૯-૧૫ | ૮૦/- |
| | | | | ખંભાલીયા/સોઢા તરઘડી | મંજુર | ૨૪-૭૬-૪૩ | ૮૦/- |
| | | ૩૪ | થર્મલ પાવર સ્ટેશન, સિક્કા | બાલંભા | મંજુર | ૧૦૦-૦૦-૦૦ | ૧૫/- |
| | | ૩૫ | યુનિવર્સલ ક્રેસન્ટ પાવર લી. | ભાટવાડીયા | બાકી | - | - |
| ૧૨ | પોરબંદર | ૧ | મે. ગુજરાત હેરીટેઝ કન્ઝર્વેશન | | પડતર | | |
| | | ૨ | શ્રી ડી. આર. ગારમેન્ટ | | નામંજુર | | |
| ૧૩ | જુનાગઢ | ૧ | જે. એસ. ડબલ્યુ એનર્જી લી. | સીમર, તા. ઉના | નામંજુર | - | - |
| | | ૨ | જે. એસ. ડબલ્યુ એનર્જી લી. | દુધાળા, તા. ઉના | નામંજુર | - | - |
| | | ૩ | જે. એસ. ડબલ્યુ એનર્જી લી. | સનખડા, તા. ઉના | નામંજુર | - | - |
| | | ૪ | રાજહંસ મત્સ્ય ઉદ્યોગ | માણેકપુર, તા. ઉના | નામંજુર | - | - |
| | | ૫ | શાપુરજી પાલોનજી એનર્જી પ્રા. લી. | કાજ, તા. નાનાવાડા | મંજુર | ૫૬-૨૩-૪૬ | - |
| ૧૪ | રાજકોટ | ૧ | રાજ હેરીટેજ હોસ્પીટાલીટી | માધાપર/રાજકોટ | નામંજુર | - | - |
| | | ૨ | ઉદ્યોગ વિકાસ મંડળ ટ્રસ્ટ | વાવડી/રાજકોટ | બાકી | - | - |
| | | ૩ | બોલટેક એન્જીનીયરીંગ | શાપર/કોટડાસાંગાણી | બાકી | - | - |
| | | ૪ | સરદાર ડીહાઈડ્રેશન | ચારેડી/ગોંડલ | બાકી | - | - |
| | | ૫ | ક્શિાન કોર્પોરેશન | જામવાડી/ગોંડલ | બાકી | - | - |
| | | ૬ | જય જલારામ ઈન્ડસ્ટ્રીઝ | શાપર/કોટડાસાંગાણી | બાકી | - | - |
| | | ૭ | દેવ એન્ટરપ્રાઈઝ | જામવાડી/ગોંડલ | બાકી | - | - |
| | | ૮ | ઉદ્યોગ ભારતી | ગોંડલ/ગોંડલ | બાકી | - | - |
| | | ૯ | એસર ગ્રેનાઈટો પ્રા. લી. | ઘુંટુ/મોરબી | બાકી | - | - |
| | | ૧૦ | રાધે રીન્યુએબલ એનર્જી ડેવલપમેન્ટ પ્રા.લી. | બાલસર/લોધીકા | બાકી | - | - |
| | | ૧૧ | ઈપીપી કોમ્પોઝીટસ પ્રા. લી. | લોધીકા | નામંજૂર | - | - |
| | | ૧૨ | સૌરાષ્ટ્ર આયર્ન ફોર્જીંગ પ્રા. લી. | પીપળીયા/ગોંડલ | - | ૪-૦૪-૭૦ | ૧૭૦/- |
| | | ૧૩ | રાજકોટ એન્જીનીયરીંગ એસો. | ખીરસરા/લોધીકા | નામંજુર | - | - |
| | | ૧૪ | ક્શિન રીફ્રેક્ટરીઝ પ્રા. લી. | વાગુદડ/લોધીકા | મંજુર | ૧-૦૦-૦૦ | ૪૦૦/- |
| | | ૧૫ | પ્રીવેલ કાસ્ટીંગ પ્રા. લી. | શાપર/કોટડાસાંગાણી | નામંજુર | - | - |
| | | ૧૬ | જ્યોતી સીએનજી ઓટોમેશન પ્રા. લી. | મેટોડા/લોધીકા | નામંજુર | - | - |
| ૧૫ | અમરેલી | ૧ | અગ્નિ ફાઈનાન્સ સર્વિસીઝ લી. | અમરેલી | નામંજુર | - | - |
| | | ૨ | પી. એસ. એલ. લી. | રામપરા-૨, તા. રાજુલા | નામંજુર | - | - |
| | | ૩ | વિસા પાવર | નિંગાળા, ભેરાઈ, તા. રાજુલા | નામંજુર | - | - |
| | | ૪ | ટૉરેન્ટ પાવર | લુણસાપુર, | દફ્તરે | - | - |

| ક્રમ | જિલ્લો | તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ ઉદ્યોગકારોએ જમીનની માંગણી કરી | | ગામ | મંજુર | ફાળવેલ જમીનની વિગત | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | નામંજુર | ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. | જમીનના ભાવ રૂપિયા |
| ૧ | ૨ | ૩ | | ૪ | ૫ | ૬ | ૭ |
| | | | | તા. જાફરાબાદ | | | |
| | | ૫ | ગુજરાત પાવર કોર્પો. લી. ગાંધીનગર તથા ગુજરાત સ્ટેટ પેટ્રોલીયમ કોર્પો. લી. | રામપરા-૨, તા. રાજુલા | - | ૦૦-૨૪-૨૮ | - |
| | | ૬ | વિડીયોકોન ઈન્ડસ્ટ્રીઝ | ભેરાઈ, તા. રાજુલા | બાકી | - | - |
| | | ૭ | સોનપાલ એક્સપોર્ટ પ્રા. લી. | મીતીયાળા, તા. જાફરાબાદ | નામંજુર | - | - |
| | | ૮ | અગ્નિ ફાઈનાન્સ સર્વિસીઝ લી. | વડેરા, તા. અમરેલી | નામંજુર | - | - |
| | | ૯ | ગુજરાત પીપાવાવ પોર્ટ લી. | ભેરાઇ, તા. રાજુલા | બાકી | - | - |
| ૧૬ | ભાવનગર | ૧ | ગચાહ હોસ્પીટાલીટી પ્રા. લી. | પાલીતાણા | દફ્તરે | - | - |
| | | ૨ | ન્યુ ક્લીયર પાવર કોર્પોરેશન લી. | તળાજા | બાકી | - | - |
| | | ૩ | અરવિંદભાઈ ગુણવંતસિંહ | તગડી | નામંજુર | - | - |
| | | ૪ | વિપુલભાઈ ઘેલાભાઈ | રાજાવદર/મહુવા | બાકી | | |
| | | ૫ | ભારતી મરીન કન્સ્ટ્રક્શન પ્રા. લી. | - | નામંજુર | - | - |

--------------

## અમદાવાદ જિલ્લામાં સોઈલ હેલ્થ કાર્ડ

૨૧૭૭૮ **: શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ (માંડલ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સોઈલ હેલ્થ કાર્ડ અંતર્ગત તા.૩૧-૧૨-૧૦ ની સ્થિતિએ ખેડૂતોને છેલ્લા ત્રણ વર્ષમાં અમદાવાદ જિલ્લામાં કેટલા કાર્ડ આપવામાં આવ્યા છે,

(૨) સોઈલ હેલ્થ કાર્ડથી ખેડૂતોને ક્યા ક્યા લાભો મળ્યાં છે, અને

(૩) બાકીના ખેડૂતોને કેટલા સમયમાં હેલ્થ કાર્ડ આપવામાં આવશે?

**જવાબ**

(૧) ૩૧,૪૨૭ સોઈલ હેલ્થ કાર્ડ આપવામાં આવ્યા છે.

(૨)
- જમીનમાં મુખ્ય પોષક તત્વોનું પ્રમાણ જાણી શક્યા છે.
- તેના આધારે આપવાના થતા ખાતરની ગણતરી કરી શક્યા છે.
- ખાતરના સમતોલ ઉપયોગ દ્વારા જમીનની તંદુરસ્તી જાળવી ઓછા ખર્ચે વધુ પાક ઉત્પાદન મેળવી શક્યા છે.
- જમીન સુધારણા માટે જરૂરી પગલાં લઈ શક્યા છે.
- જમીનના સ્વાસ્થ્યની જાળવણી કરી શક્યા છે.

(૩) કુલ ૧,૭૪,૦૪૪ ખેડૂતોના જમીનના નમુના એકત્રીકરણ અને પૃથ્થકરણ પૂર્ણ થયેલ છે. ૮૩,૪૫૬ ખેડૂતોને કાર્ડ આપવામાં આવેલ છે. બાકી રહેલ ખેડૂતોને કાર્ડ આપવાની કામગીરી ચાલુ છે.

--------

## રાજ્યમાં મત્સ્ય ઉદ્યોગ વિકાસ

૨૧૭૯૨ **: શ્રી રાજસીભાઈ જોટવા (સોમનાથ) : માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મત્સ્ય ઉદ્યોગના વિકાસ માટે રાજ્ય સરકારે ભારત સરકારમાં કેટલી દરખાસ્તો કરી,

(૨) તે પૈકી ભારત સરકારે કેટલી દરખાસ્તો મંજૂર કરેલ છે, અને

(૩) ભારત સરકારે કેટલી રકમ મંજૂર કરેલ છે?

**જવાબ**

(૧) ૭ (સાત).

(૨) ભારત સરકારે એક પણ દરખાસ્ત મંજૂર કરેલ નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## સુરત અને તાપી જિલ્લાઓમાં રસ્તાના કામો

૨૨૪૯૭ : **શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ (બારડોલી)** : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ સુરત અને તાપી જિલ્લાઓમાં નાબાર્ડ યોજના હેઠળ રાજ્ય હસ્તકના કેટલા રસ્તાઓની કેટલી મંજૂરી મળેલ હતી,

(૨) તે પૈકી કેટલા રસ્તાઓના કામો પૂર્ણ કરવામાં આવ્યા, અને

(૩) બાકી રહેલા રસ્તાના કામો ક્યાં સુધીમાં પૂર્ણ કરવાનું સરકારનું આયોજન છે ?

**જવાબ**

(૧) સુરત જિલ્લામાં ૨૨ રસ્તાના કામો રૂા. ૧૬૬૭.૮૬ લાખના અંદાજીત રકમથી તાપી જિલ્લામાં કોઈ કામો મંજૂર કરેલ નથી.

(૨) અને (૩)

તમામ ૨૨ કામો પૂર્ણ.

## વડોદરા જિલ્લામાં મે. રાહેજા કોર્પોરેશન લિ. ને ફાળવેલ જમીન

૨૧૨૨૧ : **શ્રી ધીરુભાઈ ભીલ (નસવાડી)** : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લામાં તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ મે. રાહેજા કોર્પોરેશન લી. ને કેટલા ચોરસ મીટર સરકારી પડતર જમીન ક્યારે ફાળવવામાં આવી, અને

(૨) તે પૈકી આ ઉદ્યોગગૃહોને અપાયેલી જમીનની શરતોનો કોઇપણ પ્રકારનો ભંગ થયેલ છે કે કેમ ?

**જવાબ**

(૧) હે. ૧૩-૭૩-૯૨ ચો.મી. જમીન તા. ૨૨-૮-૨૦૦૭ના હુકમથી ફાળવવામાં આવી.

(૨) ના, જી.

## સાબરકાંઠા જિલ્લામાં જમીનો ઉપરના દબાણો દૂર કરવા બાબત

૨૨૫૭૩ : **શ્રી અશ્વિન કોટવાલ (ખેડબ્રહ્મા)** : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લાના વિજયનગર, ખેડબ્રહ્મા, ભિલોડા તેમજ મેઘરજ તાલુકાઓમાં તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ કેટલી સરકારી જમીન તાલુકાવાર આવેલી છે,

(૨) આ પૈકી તાલુકાવાર કેટલી જમીન ખુલ્લી છે. અને કેટલી જમીન ઉપર દબાણ થયેલ છે,

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા દબાણો તાલુકાવાર દૂર કરવામાં આવ્યા, અને

(૪) જે જમીનો ઉપર ગેરકાયદેસર દબાણો છે તે ક્યારે દૂર કરવામાં આવશે ?

**જવાબ**

(૧) સાબરકાંઠા જિલ્લાના વિજયનગર, ખેડબ્રહ્મા, ભિલોડા તેમજ મેઘરજ તાલુકાઓમાં તા. ૩૧-૦૧-૨૦૧૧ની સ્થિતિએ નીચે મુજબ સરકારી પડતર જમીન આવેલી છે.

| અ.નં. | તાલુકાનું નામ | હે.આરે.ચો.મી. |
|---|---|---|
| ૧ | વિજયનગર | ૭૦૧૩-૯૩-૭૩ |
| ૨ | ખેડબ્રહ્મા | ૬૫૫૯-૦૨-૮૨ |
| ૩ | ભિલોડા | ૯૦૧-૨૦-૯૬ |
| ૪ | મેઘરજ | ૨૨૨૮-૮૪-૦૦ |

(૨) ખુલ્લી અને દબાણ થયેલ જમીન તાલુકાવાર નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકાનું નામ | ખુલ્લી જમીન હે.આરે.ચો.મી. | દબાણ હે.આરે.ચો.મી. |
|---|---|---|---|
| ૧ | વિજયનગર | ૬૪૬૮-૭૩-૬૮ | ૫૪૫-૨૦-૦૫ |
| ૨ | ખેડબ્રહ્મા | ૫૮૪૦-૭૮-૩૮ | ૭૧૮-૨૪-૪૪ |
| ૩ | ભિલોડા | ૮૩૦-૩૦-૩૧ | ૭૦-૯૦-૬૫ |
| ૪ | મેઘરજ | ૨૨૦૬-૦૬-૦૦ | ૨૨-૭૮-૦૦ |

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નીચે જણાવ્યા મુજબ તાલુકાવાર દબાણો દૂર કરવામાં આવેલ છે.

| અ.નં. | તાલુકાનું નામ | દૂર કરવામાં આવેલ દબાણનું ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. |
|---|---|---|
| ૧ | વિજયનગર | ૨૬૦-૮૬-૧૮ |
| ૨ | ખેડબ્રહ્મા | - નીલ - |
| ૩ | ભિલોડા | ૪૦-૯૦-૬૫ |
| ૪ | મેઘરજ | ૨૬-૧૨-૦૦ |

(૪) દબાણો દૂર કરવા માટે જમીન મહેસૂલ કાયદાની કલમ-૬૧ હેઠળ કાર્યવાહી હાથ ધરવામાં આવી રહેલ છે.

--------

## ડાંગ જિલ્લામાં મધ્યાહન ભોજન યોજના

૨૧૭૩૮ **: શ્રી વિજયભાઈ ર.પટેલ (ડાંગ-વાંસદા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ડાંગ જિલ્લામાં મધ્યાહન ભોજન યોજનાનો કેટલા બાળકોએ લાભ લીધો, અને | (૧) ૩૭૧૪૫. |
| (૨) તે પાછળ કેટલા ખર્ચ થયો ? | (૨) ૬,૦૮,૯૨,૭૧૦.૦૦. |

## સુરત જિલ્લાના રસ્તાઓને મંજૂરી

૨૧૭૫૭ **: શ્રી કિરીટભાઈ ગં.પટેલ (ઓલપાડ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુરત જિલ્લામાં એસ.આર. હેઠળ કેટલા રસ્તાઓ મંજૂર કરવામાં આવ્યા, અને | (૧) ૪૫ રસ્તાના કામો. |
| (૨) આ રસ્તાના કામો માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવી ? | (૨) રૂા. ૨૮૦૫.૪૦ લાખ. |

## આંગણવાડી વર્કર અને તેડાગરને માસિક વેતનમાં વધારો

૨૧૧૯૫ **: શ્રી શૈલેષભાઈ મ.પરમાર (શહેર કોટડા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ આંગણવાડી વર્કર અને હેલ્પર (તેડાગર) ને માસિક કેટલું વેતન આપવામાં આવે છે.

**જવાબ**

(૧) આંગણવાડી વર્કર અને હેલ્પર (તેડાગર) બહેનોને માસિક નીચે મુજબનું વેતન આપવામાં આવે છે.

| અ. નં. | વેતનની વિગત | ભારત સરકાર તરફથી | ગુજરાત સરકાર તરફથી | કુલ રકમ |
|---|---|---|---|---|
| **આંગણવાડી કાર્યકર** | | | | |
| ૧ | નોન મેટ્રીક રૂા. ૯૩૮/- | રૂા. ૧૪૩૮/- | રૂા. ૧૦૦૦/- | રૂા. ૨૪૩૮/- |
| ૨ | નોન મેટ્રીક (૫ વર્ષનો અનુભવ) રૂા. ૯૬૯/- | રૂા. ૧૪૬૯/- | રૂા. ૧૦૦૦/- | રૂા. ૨૪૬૯/- |
| ૩ | નોન મેટ્રીક (દસ વર્ષનો અનુભવ) રૂા. ૧૦૦૦/- | રૂા. ૧૫૦૦/- | રૂા. ૧૦૦૦/- | રૂા. ૨૫૦૦/- |
| ૪ | મેટ્રીક રૂા. ૧૦૦૦/- | રૂા. ૧૫૦૦/- | રૂા. ૧૦૦૦/- | રૂા. ૨૫૦૦/- |
| ૫ | મેટ્રીક (૫ વર્ષનો અનુભવ) રૂા. ૧૦૩૧/- | રૂા. ૧૫૩૧/- | રૂા. ૧૦૦૦/- | રૂા. ૨૫૩૧/- |
| ૬ | મેટ્રીક (૧૦ વર્ષનો અનુભવ) રૂા. ૧૦૬૩/- | રૂા. ૧૫૬૩/- | રૂા. ૧૦૦૦/- | રૂા. ૨૫૬૩/- |
| મીની આંગણવાડી કાર્યકર | | રૂા. ૭૫૦/- | રૂા. ૨૫૦/- | રૂા. ૧૦૦૦/- |
| આંગણવાડી તેડાગર | | રૂા. ૭૫૦/- | રૂા. ૫૦૦/- | રૂા. ૧૨૫૦/- |

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૨) તે અન્વયે છેલ્લા એક વર્ષમાં તેઓના વેતનમાં વધારો કરવા કેટલી માગણીઓ સરકારને મળી, અને | (૨) સરકારને કોઈ માંગણીઓ મળેલ નથી. |
| (૩) મળેલ માંગણી અન્વયે સરકારે કેટલો વેતન વધારો ક્યારે કરી આપ્યો ? | (૩) તા. ૨૯-૪-૨૦૧૦ના ઠરાવથી નીચે મુજબ વધારો રાજ્ય સરકારે કરેલ છે. |

(૧) આંગણવાડી કાર્યકર રૂા. ૫૦૦/-
(૨) આંગણવાડી તેડાગરને રૂા. ૨૫૦/-
(૩) મીની આંગણવાડી કાર્યકરને રૂા. ૨૫૦/-

--------

**ચિખલી તાલુકાના રસ્તાના કામ અંગે**

૨૧૭૫૩ **: શ્રી નરેશભાઈ મ. પટેલ (ચીખલી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નવસારી જિલ્લાના ચીખલી તાલુકાના વાડ પણંજ આછવણી જામનપાડા રોડનું કામ તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ ક્યા તબક્કે છે, | (૧) નવસારી જિલ્લાના ચિખલી તાલુકાના વાડ પણંજ આછવણી જામનપાડા રોડનું કામ તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ ટેન્ડર તાંત્રિક ચકાસણી હેઠળ હતું. |
| (૨) આ કામ ક્યારે પૂર્ણ કરવાનું આયોજન છે, અને | (૨) તા. ૮-૧૨-૨૦૧૧ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |
| (૩) આ કામ માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે ? | (૩) આ કામ માટે રૂા. ૩૦૦/- લાખ મંજૂર કરવામાં આવેલ છે. |

--------

**હાલોલ-શામળાજી રસ્તો ફોરલેન કરવા અંગે**

૨૧૨૩૦ **: શ્રી સી. કે. રાઉલજી (ગોધરા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ હાલોલ-શામળાજી ફોર લેઇન રોડ ક્યારે મંજૂર કરવામાં આવ્યો,<br>(૨) તે અન્વયે આ કામ કેટલી રકમનું કઇ એજન્સીને આપવામાં આવ્યું,<br>(૩) આ રોડનું કામ કેટલા સમયમાં પૂર્ણ થશે, અને | (૧) (૨) અને (૩)<br>ખાનગીકરણ પધ્ધતિથી આ રસ્તાને ચાર માર્ગીય કરવાનું કામના ટેન્ડરનો મે. એલ. એન્ડ ટી. હાલોલ-શામળાજી ટોલ-વે પ્રા. લી. તા. ૭-૮-૦૮ના રોજ એજન્સીને સ્વીકૃતિ પત્ર આપેલ કરારની જોગવાઈ અન્વયે તા. ૧૨-૯-૨૦૦૯ના રોજ ફાયનાન્સીયલ ક્લોઝર પૂર્ણ થયે કામ ૩૦ માસમાં પૂર્ણ કરવાનું આયોજન છે.<br>આ કામ પેટે ટોલ લેવાનું શરૂ કર્યા બાદ પ્રથમ વર્ષેથી ટોલની આવકના ૧૦.૨૧ ટકાથી શરૂ કરીને દર વર્ષે ૧ ટકાના વધારા સાથેની રકમ ૨૦ વર્ષ સુધી દર વર્ષે કન્સેસનર સરકારશ્રીમાં જમા કરાવશે. |
| (૪) આ રોડની સાથે સર્વિસ રોડની વ્યવસ્થા છે કે કેમ ? | (૪) ટીંટોઈ ગામ પાસે આર.ઓ.બી.ની બંને બાજુ સ્લીપ રોડ તથા ટ્રક-લે બાયનું આયોજન છે. |

**આણંદ જિલ્લા અને શહેરમાં એન્જીનીયરીંગ કોલેજોમાં ખાલી જ્ગ્યાઓ**

૨૧૨૧૫ **: શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર (ભાદરણ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૨૦૧૧ ની સ્થિતિએ આણંદ શહેર અને જિલ્લામાં સરકારી એન્જીનીયરીંગ કોલેજો કઇ કઇ છે, | (૧) આણંદ જિલ્લા અને શહેરમાં હાલ કોઈ સરકારી ઈજનેરી કોલેજ કાર્યરત નથી. |
| (૨) તે અન્વયે કોલેજોમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે, | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) કેટલી જ્ગ્યાઓ તે અન્વયે કેટલા સમયથી ખાલી છે, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) આવી ખાલી જ્ગ્યાઓ સત્વરે નહીં ભરવાના કારણો શા છે અને કેટલા સમયમાં આવી જ્ગ્યાઓ ભરવામાં આવશે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**કચ્છ જિલ્લામાં પાક વીમા યોજના**

૨૧૭૯૮ **: શ્રી રમેશભાઈ વ.મહેશ્વરી (મુંદ્રા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|

(૧) કચ્છ જિલ્લામાં તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ ક્યા ક્યા તાલુકાઓમાં ક્યા ક્યા પાક માટે પાક વીમા યોજના હેઠળ આવરી લેવામાં આવેલ છે,

(૧) કચ્છ જિલ્લામાં તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ પાક વીમા યોજના હેઠળ નીચે મુજબ તાલુકાવાર પાક આવરી લીધેલ છે.

| તાલુકો | પાક |
|---|---|
| અબડાસા | ખરીફ બાજરી, તલ, ખરીફ મગફળી, મગ, દિવેલા, કપાસ, ઘઉં પિયત |
| અંજાર | ખરીફ બાજરી, તલ, ખરીફ મગફળી, મગ, દિવેલા, કપાસ. |
| ભચાઉ | ખરીફ બાજરી, તલ, ખરીફ મગફળી, મગ, મઠ, દિવેલા, કપાસ, જીરૂ, ઇસબગુલ. |
| ભૂજ | ખરીફ બાજરી, તલ, ખરીફ મગફળી, મગ, દિવેલા, કપાસ, ઘઉં પિયત, રાઈ, ઉનાળુ મગફળી. |
| લખપત | ખરીફ બાજરી, ખરીફ મગફળી, મગ, દિવેલા. |
| માંડવી | ખરીફ બાજરી, તલ, ખરીફ મગફળી, મગ, દિવેલા, કપાસ, ઘઉં પિયત, ઉનાળુ મગફળી. |
| મુન્દ્રા | ખરીફ બાજરી, તલ, ખરીફ મગફળી, મગ, દિવેલા, કપાસ. |
| રાપર | ખરીફ બાજરી, તલ, મગ, મઠ, દિવેલા, કપાસ, ઘઉં પિયત, રાઈ, જીરૂ. |
| નખત્રાણા | તલ, ખરીફ મગફળી, મગ, કપાસ, ઘઉં પિયત, ઉનાળુ મગફળી. |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ક્યા ક્યા પાક વીમા ક્લેઇમની રકમ ચૂકવવામાં આવી,

(૨)

| વર્ષ | ચૂકવેલ વીમા ક્લેઈમના પાક |
|---|---|
| ૨૦૦૭-૦૮ | નીલ |
| ૨૦૦૮-૦૯ | બાજરી, મગ, તલ |
| ૨૦૦૯-૧૦ | કપાસ, ઘઉં પિયત |
| ૨૦૧૦-૧૧ | બાકી |

(૩) ક્યા ક્યા તાલુકાઓમાં વર્ષવાર રકમ ચૂકવવામાં આવી,

(૩) કચ્છ જિલ્લામાં પાક વીમાની ચૂકવેલ વીમાની રકમ

| વર્ષ | તાલુકો | ચૂકવેલ પાક વીમાની રકમ |
|---|---|---|
| ૨૦૦૭-૦૮ | - | નીલ |
| | રાપર | રૂા. ૩.૯૩ લાખ |
| ૨૦૦૮-૦૯નું જિલ્લાનું કુલ | | રૂા. ૧૭.૦૩ લાખ |
| ૨૦૦૯-૧૦ | રાપર | રૂા. ૦.૧૧ લાખ |
| ૨૦૦૯-૧૦નું જિલ્લાનું કુલ | | રૂા. ૦.૧૧ લાખ |
| ૨૦૧૦-૧૧ | | બાકી |

(૪) ક્યા ક્યા તાલુકાઓમાં રકમ ચૂકવવાની બાકી છે, અને

(૪) કોઈ તાલુકાઓમાં રકમ ચૂકવવાની બાકી નથી.

(૫) આ રકમ ક્યારે ચૂકવવામાં આવશે ?

(૫) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

## અમદાવાદ જિલ્લામાં જમીનની એન્ટ્રીઓ

૨૨૦૬૩ : **શ્રી રણછોડભાઈ ક.મેર (ધંધૂકા)** : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડૂતોએ ખરીદેલ જમીનની એન્ટ્રીઓ પાડવાની કેટલી અરજીઓ આવેલ છે,

(૧)

| તાલુકાનું નામ | આવેલ અરજીઓ |
|---|---|
| સીટી | ૭૮૫૧ |
| દસક્રોઈ | ૬૮૮૭ |
| બાવળા | ૭૧૮૫ |
| સાણંદ | ૨૯૧૭૩ |
| ધોળકા | ૩૧૮૭ |
| ધંધુકા | ૬૧૯૩ |
| બરવાળા | ૪૬૩ |
| રાણપુર | ૫૯૦ |
| વિરમગામ | ૩૧૮૪ |

| | |
|---|---|
| માંડલ | ૬૩૪ |
| દેત્રોજ | ૨૨૭૧ |
| **કુલ** | **૬૭૬૧૮** |

(૨) તે પૈકી કેટલી એન્ટ્રીઓની નોંધ લેવામાં આવી, અને

(૨)

| તાલુકાનું નામ | એન્ટ્રીઓ |
|---|---|
| સીટી | ૭૮૫૧ |
| દસક્રોઈ | ૬૫૯૪ |
| બાવળા | ૭૧૮૫ |
| સાણંદ | ૨૯૧૭૩ |
| ધોળકા | ૩૧૮૭ |
| ધંધુકા | ૬૧૯૩ |
| બરવાળા | ૪૬૩ |
| રાણપુર | ૫૯૦ |
| વિરમગામ | ૩૧૮૪ |
| માંડલ | ૬૦૭ |
| દેત્રોજ | ૨૨૧૩ |
| **કુલ** | **૬૭૨૪૦** |

(૩) બાકી રહેતી એન્ટ્રીઓ કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે?

(૩) સત્વરે.

--------

## સિધ્ધપુર કાકોસી રસ્તો પહોળો કરવા અંગે

૨૧૭૬૨ **: શ્રી રજનીકાન્ત સો.પટેલ (ચાણસ્મા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) પાટણ જિલ્લાના સિધ્ધપુર તાલુકાના સિધ્ધપુર કાકોસી રસ્તાને પહોળો કરવાનું કામ તા.૩૧-૧-૨૦૧૧ ની સ્થિતિએ ક્યા તબક્કે છે, | (૧) તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ સિધ્ધપુર કાકોસી રસ્તાને પહોળો કરવાની કામગીરી ૧૧.૭૦ કિ.મી. પૈકી ૭.૭૫ કિ.મી. લંબાઈમાં નાળાકામ સહિત પૂર્ણ થયેલ છે. |
| (૨) આ કામ ક્યારે પૂર્ણ કરવામાં આવનાર છે, અને | (૨) તા. ૩૦-૪-૧૧ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |
| (૩) આ કામ માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે? | (૩) રૂ. ૪૨૦ લાખ મંજૂર કરવામાં આવેલ છે. |

--------

## વિજાપુર-લાડોલ-રણસીપુર-વલાસણા રસ્તાને પહોળા કરવાનો ખર્ચ

૨૨૫૬૯ **: શ્રી કાંતિલાલ રા.પટેલ (વિજાપુર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકાના વિજાપુર-લાડોલ-રણસીપુર-વલાસણા રસ્તાને પહોળો કરવાનું કામ તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ ક્યા તબક્કે છે, | (૧) હાલ કામ પ્રગતિમાં છે. |
| (૨) આ કામ ક્યારે પૂર્ણ કરવામાં આવશે, અને | (૨) કરારનામા મુજબ તા. ૧૫-૪-૧૨ની સમય મર્યાદા પહેલા પૂર્ણ કરવાનું આયોજન કરેલ છે. |
| (૩) આ કામ માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે? | (૩) રૂા. ૨૪૦૦.૦ લાખ. |

--------

## પડધરી ખાતે સિવિલ કોર્ટની સ્થાપના

૨૨૪૫૩ **: શ્રી ગોવિંદભાઈ ઉ.પટેલ (રાજકોટ-૧) : માનનીય કાયદો અને ન્યાયતંત્ર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લાના પડધરી તાલુકા મથકે સિવિલ કોર્ટની સ્થાપના કરવામાં આવનાર છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ | (૨) સરકારશ્રીએ આ કોર્ટ શરૂ કરવા માટે |

આ કોર્ટ શરૂ કરવા સરકારે શાં પગલાં લીધા છે? — ન્યાયાધીશ સહિત સહાયક મહેકમની કુલ ૨૧ જગ્યાઓ મંજૂર કરેલ છે. આ કોર્ટ તા. ૩૧-૩-૨૦૧૦ના રોજથી કાર્યરત થયેલ છે.

**પાટણ જિલ્લામાં પશુ આરોગ્ય મેળા**

૨૧૭૮૨ **: શ્રી શંકરભાઈ લ. ચૌધરી (રાધનપુર) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ જિલ્લામાં કેટલા પશુ આરોગ્ય મેળાઓનું આયોજન કરવામાં આવ્યું, | (૧) ૨૧૩. |
| (૨) આ મેળામાં કેટલા પશુઓને ક્યા રોગો માટે સારવાર આપવામાં આવી, અને | (૨) આ મેળાઓમાં કુલ ૫૯,૭૧૩ પશુઓને મુખ્યત્વે ઝાડા, આફરો, અપચો જેવા પાચનતંત્રના રોગો, ન્યુમોનીયા, ચકરી, તાવ, ચામડીના રોગો, કૃમિજન્ય રોગો, સુવા રોગ, વલો, મોઢામાં ચાંદા, આચળના રોગો, વંધ્યત્વ-ગર્ભાશયના રોગો, તણછ, કરમોડી, ગાંઠ વગેરે રોગો માટે સારવાર આપવામાં આવી. |
| (૩) કેટલા પશુઓનું રસીકરણ કરવામાં આવ્યું? | (૩) ૪૧૮૫. |

--------

**રાજ્યમાં સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત મંજૂર થયેલ રકમ**

૨૧૮૪૮ **: શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી (અબડાસા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** — **જવાબ**

(૧) રાજ્યમાં ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત કુલ કેટલી રકમ કેન્દ્ર સરકારમાંથી મંજૂર થયેલ છે, અને

(૧)

| વર્ષ | મંજૂર રકમ (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૦૯-૧૦ | ૩૩૨૯૭.૬૨ |
| ૨૦૧૦-૧૧ | ૬૧૩૨૬.૭૭ |

(૨) તે પૈકી કચ્છ જિલ્લામાં કેટલી રકમ ફાળવી?

(૨)

| વર્ષ | ફાળવેલ રકમ (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૦૯-૧૦ | ૧૮૨૨.૯૦ |
| ૨૦૧૦-૧૧ (તા. ૩૧-૧-૧૧ ની સ્થિતિએ) | ૪૦૩૯.૮૭ |

**જામનગર જિલ્લામાં ખેડૂતોને જીપ્સમ સહાય**

૨૧૭૯૩ **: શ્રી મુળુભાઈ હ. બેરા (ભાણવડ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ જામનગર જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં કેટલા ખેડૂતોની જીપ્સમ સહાય મેળવવા માટે કેટલી અરજીઓ આવી, | (૧) ૫૬૫૩ ખેડૂતોની ૫૬૫૩ અરજીઓ આવી. |
| (૨) કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી અને કેટલી અરજીઓ પડતર છે, અને | (૨) ૫૬૫૩ અરજીઓ મંજૂર કરવામાં આવી. |
| (૩) પડતર અરજીઓનો નિકાલ ક્યારે કરવામાં આવશે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**કોડીનાર તાલુકાના નગડલા, હરમડીયા અને પીછવી ગામની જમીનના ગીર અભ્યારણ્યની બોર્ડરના સર્વે નંબરો**

૨૦૯૬૦ **: શ્રી ધીરસિંહ બારડ (કોડીનાર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જૂનાગઢ જિલ્લાના કોડીનાર તાલુકાના નગડલા, ખરીઠીયા, દરમડિયા અને પીછવી ગામોની જમીનો ગીર અભ્યારણ્ય વિસ્તારની બોર્ડરને અડીને આવેલ છે તે હકીકત સાચી છે, | (૧) અમુક અંશે સાચી છે, જૂનાગઢ જિલ્લાના કોડીનાર તાલુકાના હરમડીયા તથા પીછવી ગામોની જમીન ગીર અભ્યારણ્યની બોર્ડરને અડીને આવેલ છે. જ્યારે નગડલા, ખરીઠીયા ગામોની જમીનો ગીર અભ્યારણ્યની બોર્ડરને અડીને આવેલ નથી. |
| (૨) જો હા, તો નગડલા, અરીઠીવા હરમડીયા અને | (૨) હરમડીયા ગામના સ.નં. ૨૮૦ તથા પીછવી ગામના |

પીછવી ગામોના ક્યા ક્યા સર્વે નંબરો ગીર અભ્યારણ્ય વિસ્તારની હદને અડીને આવેલ છે,

સ.નં. ૩૪,૧૪૧ અને ૧૪૨ ગીર અભ્યારણ્ય વિસ્તારની હદને અડીને આવેલ છે.

(૩) ગીર અભ્યારણ્ય હદને અડીને આવેલ સર્વે નંબરો સરકારી છે કે ખાનગી માલિકીના, અને

(૩) ગીર અભ્યારણ્યની હદને અડીને આવેલ હરમડીયા ગામના સ.નં. ૨૮૦ તથા પીછવી ગામના સ.નં. ૧૪૧ સરકારી છે. જ્યારે પીછવી ગામના સ.નં. ૩૪ અને ૧૪૨ ખાનગી માલીકીના છે.

(૪) તેની વિગતો શી છે?

(૪) હરમડીયા ગામના સ.નં. ૨૮૦ નું ક્ષેત્રફળ હે. ૧૧-૬૦-૬૨ આરે.ચો.મી. છે જે પડતર જંગલ તરીકે આવેલ છે. પીછવી ગામના સ.નં. ૩૪, ૧૪૧, ૧૪૨ની વિગત નીચે મુજબ છે.

(૧) સ.નં. ૩૪ હે.૩-૬૭-૪૫ આરે.ચોમી રાણા દુદા મકવાણા
(૨) સ.નં. ૧૪૧ હે.૨૪૦-૪૬-૦૧ આરે.ચોમી.રીઝર્વ જંગલ
(૩) સ.નં. ૧૪૨/પી-૧ હે.૧-૪૬-૨૬ આરે.ચોમી કેશુ પુના
(૪) સ.નં. ૧૪૨/પી-૨ હે.૧-૪૬-૨૬ આરે.ચોમી બાલુ પુના
(૫) સ.નં. ૧૪૨/પી-૩ હે.૧-૪૬-૨૬ આરે.ચોમી ગોવિંદ પુના
(૬) સ.નં. ૧૪૨/પી-૪ હે.૧-૪૬-૨૬ આરે.ચોમી કાના પુના
(૭) સ.નં. ૧૪૨/પી-૬ હે.૧-૭૬-૦૨ આરે.ચોમી બાબુ પુના

--------

## જૂનાગઢ જિલ્લામાં ખેડૂત અકસ્માત વિમા યોજના

૨૧૭૯૧ **: શ્રી કાળુભાઈ ચ.રાઠોડ (ઉના) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લાના તાલુકાઓમાં ખેડૂત અકસ્માત વીમા યોજનામાં તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા લાભાર્થીઓની અરજીઓ મળી,

**જવાબ**

(૧) જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર નીચે મુજબ કુલ-૨૯૦ અરજીઓ મળી.

| અ.નં. | તાલુકાનું નામ | તા. ૧-૨-૦૯ થી ૩૧-૧-૧૦ | તા. ૧-૨-૧૦ થી ૩૧-૧-૧૧ |
|---|---|---|---|
| ૧ | જુનાગઢ | ૧૦ | ૬ |
| ૨ | વંથલી | ૧૨ | ૮ |
| ૩ | માણાવદર | ૪ | ૭ |
| ૪ | કેશોદ | ૮ | ૧૩ |
| ૫ | માંગરોળ | ૯ | ૯ |
| ૬ | માળીયા | ૪ | ૧૩ |
| ૭ | વેરાવળ | ૧૨ | ૧૯ |
| ૮ | તલાળા | ૩ | ૯ |
| ૯ | સુત્રાપાડા | ૧૮ | ૧૧ |
| ૧૦ | કોડીનાર | ૨૧ | ૮ |
| ૧૧ | ઉના | ૨૪ | ૨૧ |
| ૧૨ | મેંદરડા | ૮ | ૭ |
| ૧૩ | વિસાવદર | ૬ | ૫ |
| ૧૪ | ભેંસાણ | ૭ | ૮ |
| | કુલ.... | ૧૪૬ | ૧૪૪ |

(૨) આ અરજીઓ અન્વયે કેટલી અરજી મંજૂર કરવામાં આવી, અને

(૨) ૮૫.

(૩) બાકી રહેતી અરજીઓ ઉપર ક્યારે નિર્ણય લેવામાં આવશે?

(૩) બાકી ૧૩૭ અરજીઓ અંગે ટુંક સમયમાં નિર્ણય લેવાનો રહે છે.

--------

## ચોટીલા-સાયલામાં કોલેજો શરૂ કરવા માગણી

૨૧૪૯૪ **: શ્રી ભરતભાઈ વ. ખોરાણી (ચોટીલા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ચોટીલા સાયલામાં ઉચ્ચ શિક્ષણ તેમજ સરકારી કોલેજ ચાલુ કરવા કેટલી માંગણી રાજ્ય સરકારને મળી, અને

**જવાબ**

(૧) ૨ (બે).

(૨) મળેલ માંગણી અંગે સરકારે શી કાર્યવાહી હાથ ધરી?

(૨) કોલેજ શરૂ કરવા અંગે શક્યતા અહેવાલ મેળવવાની કાર્યવાહી ચાલુ છે.

## સુરેન્દ્રનગર જિલ્લામાં સરકારી કોલેજો શરૂ કરવા અંગે

૨૧૭૫૨ **: શ્રી શંભુપ્રસાદ બ.ટુંડિયા (દસાડા)** : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ૨૦૧૦-૧૧ના વર્ષમાં તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં કેટલી સરકારી કોલેજો શરૂ કરવામાં આવી, અને | (૧) એક પણ નહીં. |
| (૨) આ કોલેજો શરૂ કરવા પાછળ સરકારે કેટલો ખર્ચ કર્યો? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

--------

**વડોદરા જિલ્લામાં લાર્સન અને ટુબ્રો કંપનીને ફાળવેલ જમીન**

૨૧૨૧૯ **: શ્રી મોહનસિંહ છો.રાઠવા (પાવી-જેતપુર)** : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ લાર્સન એન્ડ ટુબ્રો કંપનીને કેટલા ચોરસ મીટર સરકારી પડતર જમીન ક્યારે ફાળવવામાં આવી, અને | (૧) હે. ૩-૬૨-૦૮ ચો.મી.<br>તા. ૨-૯-૦૬ અને તા.૨૦-૧-૦૭ થી |
| (૨) તે પૈકી આ ઉદ્યોગગૃહોને અપાયેલી જમીનની શરતોનો કોઈપણ પ્રકારનો ભંગ થયેલ છે કે કેમ? | (૨) ના, જી. |

--------

**બનાસકાંઠા જિલ્લામાં પાક વીમા યોજના**

૨૧૮૦૦ **: શ્રી અનિલકુમાર માળી (દિયોદર)** : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ ક્યા ક્યા તાલુકાઓ ક્યા ક્યા પાક માટે વીમા યોજના હેઠળ આવરી લેવામાં આવેલ છે,

**જવાબ**

(૧) બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ રાષ્ટ્રિય કૃષિ વીમા યોજના હેઠળ નીચે મુજબ તાલુકાવાર પાકો આવરી લીધેલ છે.

| તાલુકાઓ | પાક |
|---|---|
| દાંતા | અળદ, મકાઈ, તુવેર, દિવેલા, ઘઉં (પિયત), રાઈ |
| અમીરગઢ | ખરીફ બાજરી, મકાઈ, દિવેલા, ઘઉં (પિયત), રાઈ |
| ભાંભર | ખરીફ બાજરી, તલ, મગ, મઠ, દિવેલા, ઘઉં (પિયત), રાઈ, ઉનાળુ બાજરી, જીરૂ, ઈસબગુલ |
| દાંતીવાડા | ખરીફ બાજરી, દિવેલા, ઘઉં (પિયત), રાઈ, ઉનાળુ બાજરી |
| ડીસા | ખરીફ બાજરી, તલ મગ, દિવેલા, ઘઉં (પિયત) રાઈ, ઉનાળુ બાજરી, બટાટા |
| તાલુકાઓ | પાક |
| દીયોદર | ખરીફ બાજરી, તલ મગ, દિવેલા, કપાસ, ઘઉં (પિયત) રાઈ, ઉનાળુ બાજરી, જીરૂ |
| ધાનેરા | ખરીફ બાજરી, તલ દિવેલા, ઘઉં (પિયત) રાઈ, ઉનાળુ બાજરી, જીરૂ |
| કાંકરેજ | ખરીફ બાજરી, તલ મગ, દિવેલા, કપાસ, ઘઉં (પિયત) રાઈ, ઉનાળુ બાજરી, જીરૂ |
| પાલનપુર | ખરીફ બાજરી, મગ, દિવેલા, ઘઉં (પિયત) રાઈ, ઉનાળુ બાજરી |
| થરાદ | ખરીફ બાજરી, તલ મગ, મઠ, દિવેલા, ઘઉં (પિયત) રાઈ, ઉનાળુ બાજરી, જીરૂ, ઈસબગુલ |
| વડગામ | ખરીફ બાજરી, તલ મગ, દિવેલા, ઘઉં (પિયત) રાઈ, ઉનાળુ બાજરી |
| વાવ | ખરીફ બાજરી, તલ મગ, દિવેલા, મઠ, રાઈ, જીરૂ |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ક્યા ક્યા પાક વીમા ક્લેઈમની રકમ ચૂકવવામાં આવી,

(૨)

| વર્ષ | વર્ષવાર ચૂકવાયેલ પાક વીમા ક્લેઈમ |
|---|---|
| ૨૦૦૭-૦૮ | નીલ |
| ૨૦૦૮-૦૯ | બાજરી, રાઈ, જીરૂ, ઘઉં પિયત |

| | |
|---|---|
| ૨૦૦૯-૧૦ | બાજરી |
| ૨૦૧૦-૧૧ | બાકી |

(૩) ક્યા ક્યા તાલુકાઓમાં વર્ષવાર રકમ ચૂકવવામાં આવી,

(૩) વર્ષવાર પાક વીમાની ચૂકવાયેલ તાલુકાની વિગત

| વર્ષ | તાલુકો | ચૂકવેલ પાક વીમાની રકમ |
|---|---|---|
| ૨૦૦૭-૦૮ | -- | નીલ |
| ૨૦૦૮-૦૯ | વાવ | રૂ.૨૮૬૬.૫૯ લાખ |
| | થરાદ | રૂ. ૨૧૧૨.૩૨ લાખ |
| | પાલનપુર | રૂ. ૧૦.૪૧ લાખ |
| | કાંક્રેજ | રૂ. ૬.૧૭ લાખ |
| | વડગામ | રૂ. ૪.૪૦ લાખ |
| | ડીસા | રૂ. ૦.૨૬ લાખ |
| | દાંતા | રૂ. ૦.૨૩ લાખ |
| | દીયોદર | રૂ. ૦.૨૨ લાખ |
| | ભાંભર | રૂ. ૦.૦૬ લાખ |
| **જિલ્લાનું કુલ** | | રૂ. ૫૦૦૦.૬૬ લાખ |
| ૨૦૦૯-૧૦ | ભાંભર | રૂ. ૩૬૪.૪૪ લાખ |
| | દાંતીવાડા | રૂ. ૦.૧૧ લાખ |
| | પાલનપુર | રૂ. ૮૪.૯૨ લાખ |
| | વાવ | રૂ. ૨૬૪૭.૫૬ લાખ |
| **જિલ્લાનું કુલ** | | રૂ. ૩૦૯૭.૦૩ લાખ |
| ૨૦૧૦-૧૧ | | બાકી |

(૪) ક્યા ક્યા તાલુકાઓની રકમ ચૂકવવાની બાકી છે, અને

(૪) કોઈ તાલુકાઓમાં રકમ ચૂકવવાની બાકી નથી.

(૫) આ રકમ ક્યારે ચૂકવવામાં આવશે?

(૫) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**રાજકોટ અને સુરેન્દ્રનગર, જિલ્લામાં બિનખેતીના હુકમો**

૨૨૦૨૭ **: શ્રી દેવજીભાઈ ગો.ફતેપરા (હળવદ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** — **જવાબ**

(૧) રાજકોટ અને સુરેન્દ્રનગર જિલ્લામાં તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા બીનખેતીના હુકમો થયા,

(૧) રાજકોટ જિલ્લામાં - ૧૫૬૧
સુરેન્દ્રનગર જિલ્લામાં - ૦૫૩૯
૨૧૦૦

(૨) તે પૈકી કેટલા હુકમોની નોંધ ઈ-ધરામાં હુકમના આધારે પાડવામાં આવી અને કેટલી અરજદારની અરજીના આધારે પાડવામાં આવી,

(૨) ઈ-ધરામાં હુકમના આધારે - ૭૨૪
અરજદારની અરજીના આધારે - ૦૫૪
૭૭૮

(૩) હુકમની નોંધ કેટલા કિસ્સામાં પાડવામાં આવી નથી, અને

(૩) કુલ-૧૩૨૨ કિસ્સામાં.

(૪) હુકમી નોંધ ન પાડવાના કારણો શાં છે અને હુકમી નોંધ ન પાડવા અંગે શાં પગલાં લીધા?

(૪) (૧) કોર્ટમેટર, તાલુકા ઈ-ધારા કેન્દ્રોને હુકમો નહીં મળવાના કારણે.
(૨) બાકી એંટ્રીઓ માટે નિયમાનુસારની કામગીરી સત્વરે હાથ ધરવા સૂચના આપવામાં આવેલી છે.

--------

**અમદાવાદ ઈમારત અકસ્માતથી મૃત્યુ પામનારના પરિવારજનોને રાજ્ય સરકારની સહાય**

૨૨૬૨૩ **: શ્રી સાબીરભાઈ અ. ખેડાવાલા (જમાલપુર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તાજેતરમાં અમદાવાદ ખાતે આવેલ કાલુપુર સોદાગરની પોળમાં નવી બનાવેલ ઈમારતમાં કેટલા લોકોનાં મૃત્યુ થયેલ છે. અને કેટલા લોકો અકસ્માતથી ઈજા પામેલ છે, | (૧) ૦૫ વ્યક્તિઓના મૃત્યુ થયેલ છે, અને ૧૯ વ્યક્તિઓ ઇજા પામેલ છે. |
| (૨) મૃત્યુ પામનારનાં પરિવારજનોને રાજ્ય સરકાર તરફથી કોઈ સહાય ચૂકવવામાં આવી છે કે કેમ, અને | (૨) ના, જી. |
| (૩) ઈજાગ્રસ્તોને કોઈ સહાય ચૂકવાઈ છે કે કેમ ? | (૩) ના, જી. |

--------

**કાલોલ તાલુકાના રસ્તાને રીસરફેસ કરવા બાબત**

૨૧૭૬૬ **: શ્રી અરવિંદસિંહ રાઠોડ (કાલોલ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકાના કાનોડ-મોકળ-સણસોલી રોડને તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ રીસરફેસ કરવાની કાર્યવાહી કરવા કોઈ વિચારણા થઈ છે કે કેમ,<br>(૨) જો હા, તો આ કામ ક્યારે શરૂ કરવામાં આવનાર છે, અને<br>(૩) તેની પાછળ અંદાજિત કેટલો ખર્ચ થશે? | (૧) થી (૩)<br>હા, જી.<br>રૂા. ૧૨૦.૦૦ લાખની અંદાજી કિંમતનું આ કામ મંજુરીની પ્રક્રિયા હેઠળ છે જે પૂર્ણ થયેથી એજન્સી નક્કી થયે જેમ બને તેમ ઝડપથી. |

--------

**વડોદરા તાલુકાના રસ્તાને પહોળો કરવા અંગે**

૨૧૭૬૫ **: શ્રી મધુભાઈ બા. શ્રીવાસ્તવ (વાઘોડિયા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લાના વડોદરા તાલુકાના તરસાલી-ધનીયાળ-કાયાવરોહણ રસ્તાને પહોળો કરવાનું કામ તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ ક્યા તબક્કે છે, | (૧) વડોદરા જિલ્લાના વડોદરા તાલુકાના તરસાલી-ધનીયાવી-કાયાવરોહણ રસ્તાને પહોળો કરવાના કામમાં તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ કિ.મી. ૭-૦ થી ૧૦-૦ માં વાઈડનીંગની મેટલીંગની કામગીરી પ્રગતિમાં છે. |
| (૨) આ કામ ક્યારે પૂર્ણ કરવામાં આવનાર છે, અને | (૨) તા. ૩૦-૯-૧૧ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |
| (૩) આ કામ માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે? | (૩) આ કામ માટે રૂ. ૧૨૮૪ લાખની રકમ મંજૂર કરવામાં આવેલ છે. |

-------

**ગાંધીનગર ખાતે નવી જેલ બનાવવાનું આયોજન**

૨૧૧૮૬ **: શ્રી માનસિંહ ચૌહાણ (બાલાસિનોર) : માનનીય જેલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સને ૨૦૦૯-૧૦ અને ૨૦૧૦-૧૧ના વર્ષમાં તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ ગાંધીનગર ખાતે નવી જેલ બનાવવા માટે કેટલી રકમ બજેટમાં ફાળવવામાં આવી હતી, | (૧) વર્ષ ૨૦૦૯-૧૦ના બજેટમાં ગાંધીનગર ખાતે જેલ બનાવવા કોઈ રકમ ફાળવવામાં આવેલ નથી. પરંતુ વર્ષ ૨૦૧૦-૧૧ના બજેટમાં રૂ. ૨,૦૦,૦૦,૦૦૦/- ની જોગવાઈ કરવામાં આવેલ છે. |
| (૨) આ જેલ ક્યા સ્થળે બનાવવાનું આયોજન હતું, અને<br>(૩) આ જેલનું બાંધકામ ઉક્ત સ્થિતિએ ક્યા તબક્કે છે? | (૨) અને (૩) કલેકટરશ્રી, ગાંધીનગર તરફથી જમીન સંપાદિત થયા બાદ અમદાવાદ-ગાંધીનગર નજીકમાં આ જેલનું બાંધકામ ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ દ્વારા કરાવવાનું આયોજન છે. |

--------

**ભાવનગર જિલ્લાના રસ્તાઓને મંજૂરી**

૨૧૭૫૬ **: શ્રીમતી ભાવનાબેન મકવાણા (તળાજા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભાવનગર જિલ્લામાં એસ.આર. યોજના હેઠળ કેટલા રસ્તાઓ મંજૂર કરવામાં આવ્યા, અને | (૧) ૩૭ રસ્તાઓ. |
| (૨) આ રસ્તાના કામો માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવી? | (૨) રૂા. ૨૨૮૪.૫૦ લાખ. |

--------

**ભરૂચ મજુર અદાલતના મકાનની મરામત**

૨૧૭૩૯ **: શ્રી દુષ્યંતભાઈ ર.પટેલ (ભરૂચ) : માનનીય કાયદા અને ન્યાયતંત્ર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભરૂચ સ્થિત મજૂર અદાલતના મકાનના રીપેરીંગ કામ માટે તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ મંજૂરી આપવામાં આવી છે તે હકીક્ત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તે માટે કેટલી રકમની ફાળવણી કરવામાં આવી છે અને આ કામ ઉક્ત સ્થિતિએ ક્યા તબક્કે છે? | (૨) કાયદા વિભાગ દ્વારા મજૂર અદાલતના બિલ્ડીંગના મરામત માટેના નક્શા અને અંદાજો માટે રૂપિયા ૧૯,૧૧,૫૦૦/- (રૂપિયા ઓગણીસ લાખ અગિયાર હજાર પાંચસો પૂરા) ની વહીવટી મંજૂરી આપવામાં આવી છે. આ કામ પૂર્ણ થયેલ છે. |

--------

**નવસારી જિલ્લામાં પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનાના રસ્તાઓ મંજૂર કરવા બાબત**

૨૧૪૮૫ **: શ્રી આર.સી. પટેલ (જલાલપોર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૧૨/૨૦૧૦ની સ્થિતિએ નવસારી જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ કેટલા રસ્તાઓ મંજૂર કરવામાં આવેલ છે, અને | (૧) તા. ૩૧/૧૨/૨૦૧૦ની સ્થિતિએ નવસારી જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ ૩૦ રસ્તાઓ મંજૂર કરવામાં આવેલ છે. |
| (૨) બાકી રસ્તાઓનો ક્યારે સમાવેશ કરવામાં આવનાર છે? | (૨) પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનાની માર્ગદર્શિકા મુજબ હાલમાં નવસારી જિલ્લામાં કોઈ રસ્તાઓનો સમાવેશ કરવાનો બાકી રહેતો નથી. |

--------

**ખેડા જિલ્લામાં સોઈલ હેલ્થ કાર્ડ**

૨૧૭૭૬ **: શ્રી કનુભાઈ ડાભી (કઠલાલ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૧૨/૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ખેડા જિલ્લામાં કેટલા સોઈલ હેલ્થ કાર્ડ આપવામાં આવ્યા છે, | (૧) ૪૭,૬૮૫ સોઈલ હેલ્થ કાર્ડ આપવામાં આવ્યા છે. |
| (૨) સોઈલ હેલ્થ કાર્ડથી ખેડૂતોને શા લાભ આપવામાં આવ્યા, અને | (૨)<br>- જમીનમાં મુખ્ય પોષક તત્વોનું પ્રમાણ જાણી શક્યા છે.<br>- તેના આધારે આપવાના થતા ખાતરની ગણતરી કરી શક્યા છે.<br>- ખાતરના સમતોલ ઉપયોગ દ્વારા જમીનની તંદુરસ્તી જાળવી ઓછા ખર્ચે વધુ પાક ઉત્પાદન મેળવી શક્યા છે.<br>- જમીન સુધારણા માટે જરૂરી પગલાં લઈ શક્યા છે.<br>- જમીનના સ્વાસ્થ્યની જાળવણી કરી શક્યા |

છે.

(૩) બાકીના ખેડૂતોને કેટલા સમયમાં હેલ્થ કાર્ડ આપવામાં આવશે?

(૩) કુલ ૨,૦૫,૯૨૬ ખેડૂતોના જમીનના નમૂના એકત્રીકરણ અને પૃથ્થકરણ પૂર્ણ થયેલ છે. ૧,૧૪,૪૯૮ ખેડૂતોને કાર્ડ આપવામાં આવેલ છે. બાકી રહેલ ખેડૂતોને કાર્ડ આપવાની કામગીરી ચાલુ છે.

**પંચમહાલ જિલ્લામાં અપાયેલ સોઈલ હેલ્થ કાર્ડ**

૨૧૭૭૭ **: શ્રી ફતેસિંહ ચૌહાણ (રાજગઢ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૧૨/૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પંચમહાલ જિલ્લામાં કેટલા ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ આપવામાં આવ્યા છે,

(૨) સોઈલ હેલ્થ કાર્ડથી ખેડૂતોને શા લાભ આપવામાં આવ્યા છે, અને

(૩) બાકીના ખેડૂતોને કેટલા સમયમાં હેલ્થ કાર્ડ આપવામાં આવશે?

**જવાબ**

(૧) ૫૯,૪૬૫ સોઈલ હેલ્થ કાર્ડ આપવામાં આવ્યા છે.

(૨)
- જમીનમાં મુખ્ય પોષક તત્વોનું પ્રમાણ જાણી શક્યા છે.
- તેના આધારે આપવાના થતા ખાતરની ગણતરી કરી શક્યા છે.
- ખાતરના સમતોલ ઉપયોગ દ્વારા જમીનની તંદુરસ્તી જાળવી ઓછા ખર્ચે વધુ પાક ઉત્પાદન મેળવી શક્યા છે.
- જમીન સુધારણા માટે જરૂરી પગલાં લઈ શક્યા છે.
- જમીનના સ્વાસ્થ્યની જાળવણી કરી શક્યા છે.

(૩) કુલ ૧,૭૧,૭૯૩ ખેડૂતોને તબક્કાવાર સોઈલ હેલ્થ કાર્ડ આપવામાં આવેલ છે. એગ્રી સેન્સસ-૨૦૦૧ મુજબ પંચમહાલ જિલ્લામાં કોઈ ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ આપવાના બાકી રહેતા નથી.

**વર્ષામેડી-ગાંધીધામ એરોડ્રોમ રસ્તાને પહોળો કરવા અંગે**

૨૧૭૬૪ **: ડૉ. નીમાબેન આચાર્ય (અંજાર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં અંજાર અને ગાંધીધામ તાલુકાના વર્ષામેડી ગાંધીધામ એરોડ્રામ રસ્તાને પહોળો કરવાનું કામ તા. ૩૧/૧/૧૧ની સ્થિતિએ ક્યા તબક્કે છે,

(૨) આ કામ ક્યારે પૂર્ણ કરવામાં આવનાર છે, અને

(૩) આ કામ માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે?

**જવાબ**

(૧) કામનો વર્ક-ઓર્ડર તા.૧૭-૧-૨૦૧૧ના રોજ આપેલ છે.

(૨) કામની સમય મર્યાદા ૧૧ માસની છે.

(૩) રૂા. ૪૦૦ લાખ

**વલસાડ જિલ્લા અને શહેરમાં એન્જીનીયરીંગ કોલેજોમાં ખાલી જગ્યાઓ**

૨૧૨૦૯ **: શ્રી છનાભાઈ ચૌધરી (ધરમપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૧/૧૧ની સ્થિતિએ વલસાડ શહેર અને જિલ્લામાં સરકારી એન્જીનીયરીંગ કોલેજો કઈ કઈ છે,

(૨) તે અન્વયે કોલેજોમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

**જવાબ**

(૧) સરકારી ઈજનેરી કોલેજ, વલસાડ

(૨)

| સંવર્ગ | મંજૂર થયેલ મહેકમ |
|---|---|
| વર્ગ-૧ | ૨૬ |
| વર્ગ-૨ | ૪૩ |
| વર્ગ-૩ | ૨૩ |
| વર્ગ-૪ | ૦૪ |

(૩) કેટલી જગ્યાઓ તે અન્વયે કેટલા સમયથી ખાલી છે, અને

(૩) ખાલી જગ્યાઓની પરિસ્થિતિ સંવર્ગવાર નીચે મુજબ છે.

| ક્રમ | ૧ વર્ષ સુધીની | ૧ થી ૨ વર્ષ સુધીની | ૨ થી ૩ વર્ષ સુધીની | ૩ વર્ષથી વધુ | કુલ |
|---|---|---|---|---|---|
| વર્ગ-૧ | ૧૦ | ૧૦ | ૦૨ | ૦૨ | ૨૪ |
| વર્ગ-૨ | ૦૭ | ૦૭ | ૦૪ | ૦૧ | ૧૯ |
| વર્ગ-૩ | ૦૦ | ૦૧ | ૦૩ | ૧૩ | ૧૭ |
| વર્ગ-૪ | ૦૦ | ૦૦ | ૦૪ | ૦૦ | ૦૪ |
| **કુલ :** | **૧૭** | **૧૮** | **૧૩** | **૧૬** | **૬૪** |

(૪) આવી ખાલી જગ્યાઓ સત્વરે નહીં ભરવાના કારણો શા છે અને કેટલા સમયમાં આવી જગ્યાઓ ભરવામાં આવશે?

(૪) વર્ગ-૧ની જગ્યાઓ એ.આઈ.સી.ટી.ઈ. ના નવા સુધારેલ નિયમો મુજબ આચાર્ય અને પ્રાધ્યાપકની જગ્યાઓના ભરતી નિયમો આખરી થયેથી જગ્યાઓ ભરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

વર્ગ-૨ના વ્યાખ્યાતાઓની જગ્યાઓ ભરવાની કાર્યવાહી ગુજરાત જાહેર સેવા આયોગના પરામર્શ માં ચાલુ છે. વર્ગ-૩ની કુલ-૨૫૬ જગ્યાઓ ભરવા માટેના માંગણીપત્રકો ગુજરાત ગોણ સેવા પસંદગી મંડળને તા. ૧-૨-૨૦૧૦ રોજ મોકલવામાં આવેલ છે.

વર્ગ-૪ ની જગ્યાઓ આવશ્યક્તા અનુસાર આઉટ સોર્સીંગ એજન્સી મારફત ભરવાની કાર્યવાહી વિચારણા હેઠળ છે.

--------

**અમદાવાદ જિલ્લામાં મહેસૂલ પોલીટેક્નીક્માં પડતર કેસો**

૨૧૦૩૮ **: શ્રી ભરતસિંહજી શં.ડાભી (ખેરાલુ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા. ૩૧/૧/૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં મહેસૂલ વિભાગના મહેસૂલ સચિવશ્રી (વિવાદ) પોલીટેક્નીક અમદાવાદે તા. ૩૧/૧/૦૮ સુધી આખરી સુનાવણી ફક્ત અમદાવાદ જિલ્લો અને અમદાવાદ શહેરના કેસોમાં પૂર્ણ કરેલ હોય તેમ છંતા લેખિત હુકમ તા. ૩૧/૧/૧૧ સુધી ન કરેલ હોય તેવા કેટલા કેસ પડતર છે,

(૧) શૂન્ય.

(૨) લેખિત હુક્મ ન કરવાના કારણો શાં છે,

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) હુકમો ક્યારે કરવા માંગો છો, અને

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) સદર કારણો વસાત જવાબદારો સામે સરકાર શાં પગલાં લેવા માંગે છે?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**વિક્ટોરીયાપાર્ક, બોટ તળાવની મિલક્તની સોંપણી**

૨૧૧૭૭ **: શ્રી જવાહરભાઈ પે.ચાવડા (માણાવદર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા. ૩૧/૧/૧૧ની સ્થિતિએ રાજ્ય સરકાર હસ્તકના વિક્ટોરીયાપાર્ક, સુંદરાવાસ બંગલો અને બોટ તળાવની જમીનો રાજ્ય સરકાર પાલીતાણા સુગર મિલને સોંપતી નથી તે બાબતની નામ, સુપ્રિમ કોર્ટમાં ક્ન્ટેમ્પ્ટ પીટીશન કરવામાં આવી હતી જે રાજ્ય સરકારની તરફેણમાં ડીસમીસ થયેલ છે તે હકીક્ત ખરી છે, અને

(૧) ના, જી.

(૨) જો હા, તો સરકારની માલિકીની આ મિલક્ત

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

પ્રજાના હિતમાં સરકાર હસ્તક રહે તે માટે સરકાર દ્વારા શું આયોજન કરવામા આવેલું છે?

**અમદાવાદ જિલ્લા અને શહેરમાં એન્જીનીયરીંગ કોલેજોમાં ખાલી જગ્યાઓ**

૨૧૨૦૩ **: શ્રી મોહંમદફારુક હુ. શેખ (કાલુપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૧/૧૧ની સ્થિતિએ અમદાવાદ શહેર અને જિલ્લામાં સરકારી એન્જીનીયરીંગ કોલેજો કઈ કઈ છે,

(૨) તે અન્વયે કોલેજોમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

(૩) કેટલી જગ્યાઓ તે અન્વયે કેટલા સમયથી ખાલી છે, અને

(૪) આવી ખાલી જગ્યાઓ સત્વરે નહીં ભરવાના કારણો શા છે અને કેટલા સમયમાં આવી જગ્યાઓ ભરવામાં આવશે?

**જવાબ**

(૧) ૧. એલ.ડી.ઈજનેરી કોલેજ, અમદાવાદ.

(૨)

| સંવર્ગ | મંજૂર થયેલ મહેકમ |
|---|---|
| વર્ગ-૧ | ૧૬૦ |
| વર્ગ-૨ | ૧૭૬ |
| વર્ગ-૩ | ૧૨૭ |
| વર્ગ-૪ | ૦૯૬ |

(૩) ખાલી જગ્યાઓની પરિસ્થિતિ સંવર્ગવાર નીચે મુજબ છે.

| ક્રમ | ૧ વર્ષ સુધીની | ૧ થી ૨ વર્ષ સુધીની | ૨ થી ૩ વર્ષ સુધીની | ૩ વર્ષથી વધુ | કુલ |
|---|---|---|---|---|---|
| વર્ગ-૧ | ૦૬ | ૫૭ | ૧૦ | ૨૫ | ૯૮ |
| વર્ગ-૨ | ૪૦ | ૨૮ | ૦૧ | ૦૪ | ૭૩ |
| વર્ગ-૩ | ૧૩ | ૦૫ | ૦૫ | ૪૨ | ૬૫ |
| વર્ગ-૪ | ૦૩ | ૦૨ | ૦૫ | ૩૦ | ૪૦ |
| કુલ | ૬૨ | ૯૨ | ૨૧ | ૧૦૧ | ૨૭૬ |

(૪) વર્ગ-૧ની જગ્યાઓ એ.આઈ.સી.ટી.ઈ.ના નવા સુધારેલ નિયમો મુજબ આચાર્ય અને પ્રાધ્યાપકની જગ્યાઓના ભરતી નિયમો આખરી થયેથી જગ્યાઓ ભરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

વર્ગ-૨ના વ્યાખ્યાતાઓની જગ્યાઓ ભરવાની કાર્યવાહી ગુજરાત જાહેર સેવા આયોગના પરામર્શમાં ચાલુ છે.

વર્ગ-૩ની કુલ-૨૫૬ જગ્યાઓ ભરવા માટેના માંગણીપત્રકો ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળને તા. ૧-૨-૧૦ના રોજ મોકલવામાં આવેલ છે.

વર્ગ-૪ની જગ્યાઓ આવશ્યક્તા અનુસાર આઉટ સોર્સીંગ એજન્સી મારફત ભરવાની કાર્યવાહી વિચારણા હેઠળ છે.

**આદિવાસી વિસ્તારની શાળાઓમાં બાયોમેટ્રીક હાજરી પધ્ધતિ**

૨૨૪૯૯ **: ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નાણાકીય વર્ષ ૨૦૧૦-૧૧માં આદિવાસી વિસ્તારની શાળાઓ માટે બાયોમેટ્રીક હાજરી પધ્ધતિ શરૂ કરવા કેટલા રૂપિયાની જોગવાઈ કરવામાં આવી હતી,

(૨) તા. ૩૧/૧/૧૧ની સ્થિતિએ આદિવાસી વિસ્તારની કેટલી શાળાઓમાં બાયોમેટ્રીક હાજરી પધ્ધતિ દાખલ કરવામાં આવી, અને

**જવાબ**

(૧) નાણાંકીય વર્ષ ૨૦૧૦-૧૧માં આદિવાસી વિસ્તારની શાળાઓ માટે બાયોમેટ્રીક હાજરી પધ્ધતિ શરૂ કરવા માટે રૂા. ૩૨,૦૦,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા બત્રીસ કરોડ પૂરા)ની જોગવાઈ કરવામાં આવી હતી.

(૨) તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ આદિવાસી વિસ્તારની ભરૂચ જિલ્લા ખાતે ૧૫૩ અને સાબરકાંઠા જિલ્લા ખાતે ૧૫૧ આમ કુલ ૩૦૪ શાળાઓમાં હાલ પ્રાયોગિક ધોરણે બાયોમેટ્રીક હાજરી પધ્ધતિ દાખલ કરવામાં આવી.

(૩) તા. ૩૧/૧/૧૧ની સ્થિતિએ એની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

(૩) તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ આ યોજના હેઠળ કોઈ ખર્ચ થયેલ નથી.

--------

**જુનાગઢ જિલ્લામાં સ્મશાનની સુવિધા આપવા માંગણી**

૨૧૨૨૩ **: શ્રી ભગવાનભાઈ ધા.બારડ (તાલાલા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૧/૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જૂનાગઢ જિલ્લાના તાલાળા તાલુકાના બામણાસા ગીર ગામને સ્મશાનની સુવિધા આપવા માટે કોના કોના તરફથી કેટલી માગણીઓ સરકારને મળી, અને

(૨) મળેલ માગણી અન્વયે માનવતાના ક્રમે માંગેલ જમીન સરકાર કેટલા સમયમાં ફાળવવા માંગે છે?

**જવાબ**

(૧) શ્રી જીકુભાઈ એમ. સુવાગીયા અધ્યક્ષશ્રી કારોબારી સમિતિ જિલ્લા પંચાયત જૂનાગઢની તા. ૨૭-૦૧-૧૧ના રોજ કરેલ અરજી મળેલ છે.

(૨) અરજી વિચારણા હેઠળ છે.

--------

**રાજ્યની યુનિવર્સીટીઓમાં ચોઈસ બેઝ ક્રેડિટ સિસ્ટમ**

૨૧૭૩૯ **: ડૉ. માયાબેન સુ. કોડનાની (નરોડા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં શિક્ષણ વિભાગ દ્વારા ચોઈસ બેઝ ક્રેડિટ સિસ્ટમ ક્યારથી દાખલ કરવામાં આવી,

(૨) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કઈ કઈ યુનિવર્સીટીઓમાં કાર્યરત છે, અને

(૩) બાકીની યુનિવર્સીટીઓમાં ક્યારથી તેનો અમલ કરવામાં આવનાર છે?

**જવાબ**

(૧) ગુજરાતની યુનિવર્સીટીઓએ સ્વેચ્છાએ જુન ૨૦૧૦ થી આ પધ્ધતિ અપનાવવા નિર્ણય કરેલ છે.

(૨) તમામ.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**અમદાવાદ જિલ્લામાં વ્યાખ્યાતાઓની ખાલી જગ્યા**

૨૧૭૪૬ **: શ્રી કાંતિલાલ રા. લકુમ (બાવળા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૩-૨૦૧૦ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં સરકારી અને અનુદાનીત કોલેજોમાં વ્યાખ્યાતાઓની કુલ કેટલી જગ્યાઓ ખાલી હતી, અને

(૨) તે પૈકી તા.૧-૪-૨૦૧૦ થી તા. ૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં કેટલી જગ્યાઓ ભરવામાં આવી ?

**જવાબ**

(૧) સરકારી કોલેજો - ૪૯
અનુદાનીત કોલેજો - ૬૧

(૨) સરકારી કોલેજો - ૩૯
અનુદાનીત કોલેજો - ૦૩

--------

**ભરૂચ જિલ્લા અને શહેરમાં એન્જીનીયરીંગ કોલેજોમાં ખાલી જગ્યાઓ**

૨૧૧૯૯ **: શ્રી અમરસિંહ વસાવા (દેડીયાપાડા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ ભરૂચ શહેર અને જિલ્લામાં સરકારી એન્જીનીયરીંગ કોલેજો કઈ કઈ છે,

(૨) તે અન્વયે આ કોલેજોમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

(૩) કેટલી જગ્યાઓ તે અન્વયે કેટલા સમયથી ખાલી છે, અને

**જવાબ**

(૧) સરકારી ઈજનેરી કોલેજ, ભરૂચ

(૨)

| સંવર્ગ | મંજૂર થયેલ મહેકમ |
|---|---|
| વર્ગ-૧ | ૩૭ |
| વર્ગ-૨ | ૬૨ |
| વર્ગ-૩ | ૨૭ |
| વર્ગ-૪ | ૦૪ |

(૩) ખાલી જગ્યાઓની પરિસ્થિતિ સંવર્ગવાર નીચે મુજબ છે.

| ક્રમ | ૧ વર્ષ સુધીની | ૧ થી ૨ વર્ષ સુધીની | ૨ થી વર્ષ ૩ સુધીની | ૩ વર્ષથી વધુ | કુલ |
|---|---|---|---|---|---|

| | | | | | |
|---|---|---|---|---|---|
| વર્ગ-૧ | ૦૨ | ૧૭ | ૦૬ | ૦૩ | ૨૮ |
| વર્ગ-૨ | ૦૩ | ૧૬ | ૦૫ | ૦૧ | ૨૫ |
| વર્ગ-૩ | ૦૦ | ૦૦ | ૦૫ | ૧૬ | ૨૧ |
| વર્ગ-૪ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૨ |
| કુલ | ૦૬ | ૩૪ | ૧૬ | ૨૦ | ૭૬ |

(૪) આવી ખાલી જ્યાઓ સત્વરે નહીં ભરવાના કારણો શા છે અને કેટલા સમયમાં આવી જ્યાઓ ભરવામાં આવશે?

(૪) વર્ગ-૧ ની જ્યાઓ એ.આઈ.સી.ટી.ઈ. ના નવા સુધારેલ નિયમો મુજબ આચાર્ય અને પ્રાધ્યાપકની જ્યાઓના ભરતી નિયમો આખરી થયેથી જ્યાઓ ભરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.
વર્ગ-૨ના વ્યાખ્યાતાઓની જ્યાઓ ભરવાની કાર્યવાહી ગુજરાત જાહેર સેવા આયોગના પરામર્શમાં ચાલુ છે.
વર્ગ-૩ની કુલ-૨૫૬ જ્યાઓ ભરવા માટેના માંગણીપત્રકો ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળને તા. ૧-૨-૧૦ના રોજ મોકલવામાં આવેલ છે.
વર્ગ-૪ની જ્યાઓ આવશ્યકતા અનુસાર આઉટ સોર્સીંગ એજન્સી મારફત ભરવાની કાર્યવાહી વિચારણા હેઠળ છે.

--------

**તાપી જિલ્લામાં કલેકટર ક્ચેરીમાં મંજૂર થયેલ મહેકમ**

૨૧૧૮૪ **: શ્રી પુનાભાઈ ઘે. ગામીત (વ્યારા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૦૧-૨૦૧૧ની સ્થિતિએ નવરચીત તાપી જિલ્લામાં કલેક્ટર ક્ચેરી અને તેના હસ્તકની જુદી જુદી ક્ચેરીઓમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ સામે કેટલી જ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૨) આવી ખાલી જ્યાઓ સત્વરે નહીં ભરવાના કારણો શાં છે, કેટલા સમયમાં આવી ખાલી જ્યાઓ ભરવામાં આવશે?

**જવાબ**

(૧) સામેલ * પત્રક મુજબ.

(૨) વર્ગ-૧, ૨ અને ૩ ના સંવર્ગોની જ્યાઓ ભરવા માટેની કાર્યવાહી ચાલુ હોવાથી, ડ્રાઈવરની અને વર્ગ-૪ની જ્યાઓ આઉટ સોર્સિંગથી ભરવાની થતી હોવાથી, સબંધિત ભરતી એજન્સીઓ પાસેથી ઉમેદવારોની ફાળવણી થયેથી

(* પત્રક સચિવશ્રીની ક્ચેરીમાં રાખવામાં આવેલ છે.)

**ગણદેવી તાલુકાના રસ્તાને રીસરફેસ કરવા બાબત**

૨૧૭૬૮ **: શ્રી લક્ષ્મણભાઈ પટેલ (ગણદેવી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નવસારી જિલ્લાના ગણદેવી તાલુકાના પારડી કંબાડા મહુડી પુણી રોડને તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ રીસરફેસ કરવાની કોઈ વિચારણા થઈ છે કે કેમ,

(૨) જો હા, તો આ કામ ક્યારે શરૂ કરવામાં આવનાર છે, અને

(૩) આ કામ પાછળ કેટલો ખર્ચ થનાર છે?

**જવાબ**

(૧), (૨) અને (૩) : હા, જી. રૂ. ૧૪૦ લાખની અંદાજી કિંમતનું નવસારી તાલુકાનું આ કામ મંજૂરીની પ્રક્રિયા હેઠળ છે. એજન્સી નક્કી થયે જેમ બને તેમ ઝડપથી કામ શરૂ કરવાનું આયોજન છે.

**ઉચ્છલ કોર્ટના નવા મકાન અંગે**

૨૧૭૩૫ **: શ્રી નાનુભાઈ ભ.વાનાણી (સુરત શહેર (ઉત્તર) : માનનીય કાયદો અને ન્યાયતંત્ર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લાની ઉચ્છલ કોર્ટના બીલ્ડીંગને નવું બનાવવા માટે તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ મંજૂરી

**જવાબ**

(૧) હા, જી.

આપવામાં આવી છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તેના માટે કેટલી રકમની ફાળવણી કરવામાં આવી છે, અને આ કામ ઉક્ત સ્થિતિએ ક્યા તબક્કે છે ?

(૨) કાયદા વિભાગ ધ્વારા કોર્ટના નવા બાંધકામના નકશા અને અંદાજો માટે રૂપિયા ૧,૬૭,૯૯,૪૦૦/- (રૂપિયા એક કરોડ સડસઠ લાખ નવાણું હજાર ચારસો પુરા) ની વહીવટી મંજૂરી આપેલ છે. ઉચ્છલ કોર્ટ બિલ્ડીંગ બનાવવા પુનઃ જમીન મેળવવાની કાર્યવાહી કરવામાં આવી રહી છે.

## આણંદ જિલ્લામાં લેબર કોર્ટમાં પડતર કેસો

૨૦૯૪૭ **: શ્રી અમીતભાઈ ચાવડા (બોરસદ) : માનનીય કાયદો અને ન્યાયતંત્ર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ આણંદ જિલ્લામાં લેબર કોર્ટમાં કેસ પડતર છે,

(૨) તે પૈકી પાંચ વર્ષથી સમયથી પડતર હોય તેવા કેસો કેટલા છે,

(૩) સદર કેસોના ઝડપી નિકાલ સારૂ સરકાર લોક અદાલતનો અભિગમ અપનાવવા માંગે છે કે કેમ, અને

(૪) જો હા, તો તેના માટે શું આયોજન છે ?

**જવાબ**

(૧) ૧૮૯૭.

(૨) ૧૦૧૩.

(૩) અને (૪)

કેસોના ઝડપી નિકાલ માટે વડી અદાલત ચાંપતી નજર રાખે છે અને જુના કેસોના નિકાલ માટે સૂચનાઓ આપે છે અને કેસોનો ઝડપી નિકાલ થાય તે માટે તાબાની કોર્ટોને લોક અદાલતો યોજવા વડી અદાલત નિર્દેશ આપે છે.

--------

## કચ્છ જિલ્લામાં સદભાવના એજ્યુકેશન ટ્રસ્ટની જમીનના ભાવ

૨૨૪૪૨ **: શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં ભચાઉ સીમમાં માલિકીની માપણી વધારાની સદભાવ એજ્યુકેશન ટ્રસ્ટની જમીન ૫૨ જંત્રી અનુસાર એકરે ૮૦ લાખ પ્રતિ મીટરે ૨૦૦૦નાં ભાવે આકારણી કરી પ્રીમીયમ લેવાના આદેશ સામે કચ્છ જિલ્લાના અબડાસામાં A B G સિમેન્ટ કંપની તથા વેલસ્પન ગ્રુપને અંજારમાં વરસામેડીગામ નજીક સરકારી ખરાબા કે પડતર જમીન ઓદ્યોગિક હેતુ કે કોમર્શીયલ ઉપયોગ માટેનાં જંત્રીના દરો કરતાં ઓછા ભાવે અપાઇ છે, તે હકીક્ત સાચી છે,

(૨) અબડાસાના અકરી મોટી, ઘુમડી, નાનીબેર અને અંજારનાં વરસામેડીનાં હાલ જંત્રીના ક્યા ક્યા પ્રકારનાં દરો પ્રવર્તમાન છે, અને

(૩) તા.૧-૪-૨૦૦૮ પછી અબડાસામાં A B G સિમેન્ટ અને વરસામેડીમાં વેલસ્પન ગ્રુપને કેટ કેટલી જમીન ક્યા ક્યા ભાવે કઇ તારીખથી આપવાના હુકમ કોણે કર્યા ?

**જવાબ**

(૧) એ.બી.જી. સિમેન્ટ લી. ને બે કેસમાં જમીન ફાળવી છે જેમાં એક કેસમાં વેર્લપનગૃપને અંજારમાં વરસામેડીના કેસમાં જંત્રીથી ઓછી કિંમત નક્કી થઈ છે.

(૨) નીચે મુજબ છે.

| | ગામતળ | રહેણાંક | વાણિજ્ય | ઓદ્યોગિક | ખેતી |
|---|---|---|---|---|---|
| અકરીમોટી | ૩૫ | ૫૦ | ૭૫ | ૬૫ | ૭ |
| થુમડી | ૩૫ | ૫૦ | ૭૫ | ૬૫ | ૭ |
| નાનીબેર | ૩૫ | ૫૦ | ૭૫ | ૬૫ | ૭ |
| વરસામેડી | ૩૧૫ | ૪૫૦ | ૬૦૫ | ૫૮૫ | ૪૫ |

(૩) સાથે સામેલ પત્રક્ના કોલમ-૨માં કંપનીનું નામ કેટલી જમીન ફાળવી તે કોલમ-૪ મુજબ, ભાવની વિગત કોલમ-૫ મુજબ તારીખ કોલમ-૬ મુજબ ૭ હુકમ કલેકટરશ્રીએ કરેલ છે.

**પત્રક**

**કેટલી જમીન ક્યા ક્યા ભાવે કઈ તારીખ આપવામાં હુકમ કોણે કર્યા ?**

| ક્રમ | અરજદારનું નામ/ સરનામું | ગામ/તાલુકો | ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. | સરકારે નક્કી કરેલ ભાવ પ્રતિ ચો.મી.ની કિંમત | હુકમની તારીખ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | વેલસ્પન ઈન્ડીયા લી. | વરસામેડી, તા. અંજાર | ૧૨-૩૭-૩૨ | રૂા. ૧૪૯/- | ૭-૧-૨૦૦૯ |
| ૨ | વેલસ્પન ગુજરાત સ્ટાહલ રોહરન લી. | વરસામેડી, તા. અંજાર | ૨૫-૦૨-૭૩ | રૂા. ૧૪૯/- | ૨૨-૧-૨૦૦૯ |
| ૩ | વેલસ્પન પાવર એન્ડ સ્ટીલ પ્રા. લી. | વરસામેડી, તા. અંજાર | ૧૫-૯૭-૯૩ | રૂા. ૧૪૯/- | ૧-૨-૨૦૦૯ |
| ૪ | એ.બી.જી. સિમેન્ટ | અક્રી મોટી, થુમડી તથા નાનીબેર તા. અબડાસા | ૨૯૭-૫૮-૩૨ | રૂા. ૧૧/- | ૮-૪-૨૦૦૮ |
| ૫ | એ.બી.જી. સિમેન્ટ | થુમડી તા. અબડાસા | ૬-૮૦-૬૩ | રૂા. ૭૫/- | ૪-૨-૨૦૧૦ |

--------

**મહેસાણા જિલ્લામાં ખેડૂત અકસ્માત વિમા યોજના**

૨૧૭૯૦ **: શ્રી નારાયણભાઈ લ. પટેલ (ઉંઝા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) મહેસાણા જિલ્લામાં તાલુકાવાર ખેડૂત અકસ્માત વિમા યોજનામાં તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા લાભાર્થીઓની અરજીઓ મળી,

(૨) આ અરજીઓ અન્વયે કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૩) બાકી રહેતી અરજીઓ ઉપર ક્યારે નિર્ણય લેવામાં આવશે ?

**જવાબ**

(૧) પાટણ તાલુકાના સંડેર સંખારી પાટણ રસ્તાને પહોળો કરવાનું કામ તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ ક્યા તબક્કે છે,

(૨) આ કામ ક્યારે પૂર્ણ કરવાનું આયોજન છે, અને

(૩) આ કામ માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) પાટણ તાલુકાના લણવા સંડેર સંખારી પાટણ રસ્તાને પહોળો કરવાની કામગીરી તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ ૨૭.૨૫૦ કી.મી. પેકી ૯.૦ કી.મી. લંબાઈમાં પૂર્ણ કરવામાં આવેલ છે.

(૨) તા.૩૦-૬-૧૧ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

(૩) રૂ.૧૦૫૦ લાખ મંજૂર કરવામાં આવેલ છે.

--------

## પાટણ જિલ્લામાં વિધવા બહેનોને સહાય

૨૧૮૬૩ : **શ્રી શંકરભાઈ લ. ચૌધરી (રાધનપુર) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પાટણ જિલ્લામાં કેટલી નિરાધાર વિધવાઓને વિધવા સહાય યોજના હેઠળ તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તાલીમ આપવામાં આવી, અને

(૨) તે માટે રાજ્ય સરકારે કેટલો ખર્ચ કર્યો ?

**જવાબ**

(૧) ૧૫૦ વિધવા બહેનો.

(૨) રૂ.૫,૯૨,૫૦૦/-.

--------

## કચ્છ જિલ્લામાં રસ્તાની સુધારણા

૨૧૮૪૭ : **શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી (અબડાસા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં તાલુકાવાર તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા ડામર સપાટીવાળા માર્ગની સુધારણા કરવામાં આવી,

**જવાબ**

(૧) અને (૨)

તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ ૨૪૨ ડામર સપાટીવાળા માર્ગોની સુધારણા મંજૂર

(૨) કુલ કેટલો ખર્ચ તાલુકાવાર કરવામાં આવ્યો, અને

કરવામાં આવ્યા. તાલુકાવાર ડામર સપાટીવાળા માર્ગોની નીચે મુજબ સુધારણા કરવામાં આવી.

| તાલુકો | સુધારણા કરેલ માર્ગોની સંખ્યા | કરેલ ખર્ચ રૂ. લાખમાં |
|---|---|---|
| અબડાસા | ૧૪ | ૭૪૩.૫૩ |
| અંજાર | ૧૮ | ૧૨૦૯.૩૩ |
| ભચાઉ | ૧૦ | ૫૯૯.૬૫ |
| ભુજ | ૩૨ | ૩૭૫૨.૪૩ |
| ગાંધીધામ | ૫ | ૨૦૪.૨૧ |
| નખત્રાણા | ૬ | ૬૭૧.૨૪ |
| લખપત | ૬ | ૧૪૨.૨૨ |
| માંડવી | ૨૧ | ૨૨૯૬.૬૮ |
| મુંદ્રા | ૧૯ | ૨૭૫૪.૮૦ |
| રાપર | ૧૫ | ૨૬૦૪.૦૪ |
| **કુલ :** | **૧૪૬** | **૧૬૨૭૩.૯૭** |

(૩) ક્યા માર્ગની સુધારણા બાકી છે?

(૩) મંજૂર થયેલ કામો પેકી **પરિશિષ્ટ-૧** મુજબ માર્ગોની સુધારણા પ્રગતિ હેઠળ છે/હવે પછી શરૂ થનાર છે.

## પરિશિષ્ટ-૧

| અ. નં. | તાલુકાનું નામ | રસ્તાનું નામ |
|---|---|---|
| ૧ | અબડાસા | નલીયા આશાપર ગુડથર રોડ |
| ૨ | અબડાસા | ઈમ્પ્રુ. એ રોડ જોઈ સુથરી બળવંત સ્મારક રોડ |
| ૩ | અંજાર | ઈમ્પ્રુ. માથક સંગડ જોગણીનાર રોડ |
| ૪ | અંજાર | કીડાણા ભારાપર તુણા રોડ |
| ૫ | અંજાર | ભીમાસર પડાણા રોડ |
| ૬ | અંજાર | વરસામેડી ગાંધીધામ એરોડ્રામ રોડ |
| ૭ | ભચાઉ | નાની ચીરઈ સોલ્ટ વર્કસ |
| ૮ | ભચાઉ | લાકડીયા કટારીયા રોડ |
| ૯ | ભચાઉ | ચોબારી ક્ણખોઈ ભરુડીયા રોડ ૧૨/૦ થી ૧૭/૦ |
| ૧૦ | ભુજ | ભુજ કોડકી રોડ |
| ૧૧ | લખપત | ઉસ્તીયા ભારાપર રોડ |
| ૧૨ | લખપત | મેઘપર અણીયા ખુટીયા લાખાપર રોડ |
| ૧૩ | મુન્દ્રા | રતાડીયા વીરાણીયા રોડ |
| ૧૪ | મુન્દ્રા | ટપ્પર વડઝર રોડ |
| ૧૫ | મુન્દ્રા | વાંકી એ રોડ |
| ૧૬ | માંડવી | બાયઠ રતાડીયા શેરડી આસંબિયા સે. વાંઢ કોજાચોરા રોડ |
| ૧૭ | માંડવી | લુડવા દરશડી વાંઢ રોડ |
| ૧૮ | રાપર | પ્રાગપર ઉમૈયા સેલારી રોડ |
| ૧૯ | અબડાસા | ખીરસરા (કોઠારા) એ રોડ |
| ૨૦ | અબડાસા | દદામાપર એ રોડ |
| ૨૧ | અબડાસા | રામપર અબડાદાદા રોડ |
| ૨૨ | અબડાસા | વમોટી દબાણ રોડ |
| ૨૩ | અબડાસા | ઉકીર એ રોડ |
| ૨૪ | અબડાસા | ધુફી ભારાપર પાટ રોડ |
| ૨૫ | અબડાસા | ઉસ્તીયા એ રોડ |
| ૨૬ | અબડાસા | નારણપર એ રોડ |
| ૨૭ | અબડાસા | છસરા કેરવાંઢ કોશા રોડ |
| ૨૮ | અબડાસા | કંઢેરાઈ વમોટી નાની મોટી રોડ |
| ૨૯ | અંજાર | ઈમ્પ્રુ ઓફ રોડ રાઉન્ડ અબાઉટ સીટી |
| ૩૦ | અંજાર | કુંભારીયા બીટા વલાડીયા રોડ |

| અ. નં. | તાલુકાનું નામ | રસ્તાનું નામ |
|---|---|---|
| ૩૧ | અંજાર | રતનાલ ગંઢેર ચંદીયા ભલોટ રોડ |
| ૩૨ | અંજાર | તુણા માથક રોડ |
| ૩૩ | અંજાર | ટપ્પર ભીમાસર રોડ |
| ૩૪ | અંજાર | રતનાલ ચંદિયા રોડ જોઈ ચુબડક એ રોડ |
| ૩૫ | ભચાઉ | દેવપર મનફરા ચોબારી ખેંગારપર ભરૂડીયા રોડ સે.ક્ણખોઈ ભરૂડીયા |
| ૩૬ | ભચાઉ | ખારોઈ મનફરા ચોબારી ક્ણખોઈ ભરૂડીયા રોડ ૭/૦ થી ૧૨/૦ |
| ૩૭ | ભચાઉ | લુણવા એ રોડ |
| ૩૮ | ભચાઉ | લુણવા આમરડી રોડ ૪/૨૦૦ થી ૭/૦૦ |
| ૩૯ | ભચાઉ | આધોઈ ગમડાઉ નરા રોડ |
| ૪૦ | ભુજ | નાગીયારી એ રોડ |
| ૪૧ | ભુજ | જવાહરનગર ધરમપર ખેંગારપર લોડાઈ સે. ધરમપર ખેંગારપર રોડ |
| ૪૨ | લખપત | દયાપર એ રોડ |
| ૪૩ | લખપત | વાલ્કાનાના મોટા રોડ |
| ૪૪ | લખપત | કોટડા સાંભરાઈ જુણાગીયા રોડ |
| ૪૫ | માંડવી | બાયઠ રતાડીયા શેરડી આસંબિયા સે. રતાડીયા શેરડી રોડ |
| ૪૬ | માંડવી | વડવા ભોપા રોડ |
| ૪૭ | માંડવી | શેરડી એ રોડ |
| ૪૮ | માંડવી | માંડવી મસ્કા બાગ પીપરી તલવાણા રોડ |
| ૪૯ | માંડવી | કેરા માનકુવા વાટાછડ ઓરીયા નીરોણા રોડ |
| ૫૦ | મુન્દ્રા | મુન્દ્રા જી.ઈ.બી. અગાખાન સ્કુલ રોડ |
| ૫૧ | નખત્રાણા | માધાપર મંજલ રોડ |
| ૫૨ | નખત્રાણા | દેવપર યક્ષ ગંગાજી રોડ |
| ૫૩ | નખત્રાણા | ભડલી નથ્થર કુઈ રોડ |
| ૫૪ | નખત્રાણા | અંગીયા દેવીસર રોડ |
| ૫૫ | રાપર | બેલા વૃજવાણી આણંદપર રોડ |
| ૫૬ | રાપર | રામવાવ વણોઈવાંઢ રોડ |
| ૫૭ | રાપર | દેશલપર એ રોડ |
| ૫૮ | રાપર | મેવાસા એ. રોડ |
| ૫૯ | રાપર | છાડવારા નવાગામ રોડ |
| ૬૦ | રાપર | માનગઢ એ રોડ |
| **રાજ્ય વિભાગ** | | |
| ૧ | રાપર | ફતેહગઢ શીવગઢ મોવાણા રોડ કિ.મી. ૦/૦ થી ૧૪/૭૦ |
| ૨ | રાપર | ચિત્રોડ રાપર લાદ્રાણી ગઢડા ધોળાવીરા રોડ કિ.મી. ૦/૦ થી ૧૦૯/૦૦ |
| ૩ | રાપર | રાપર ધોળાવીરા રોડ |
| ૪ | રાપર | ફતેહગઢ શીવગઢ મોવાણા રોડ કિ.મી. ૯/૦ થી ૧૪/૭૦ |
| ૫ | રાપર | ફતેહગઢ મોવાણા રોડ કિ.મી. ૦/૦ થી ૧૪/૦૦ |
| ૬ | ભચાઉ | લાકડીયા ગામને જોડતો એપ્રોચ રોડ |
| ૭ | અંજાર | અંજાર આદિપુર રોડ કિ.મી. ૦/૦ થી ૪/૩૦ |
| ૮ | અંજાર | આદિપુર અંજાર રોડ કિ.મી. ૦/૦ થી ૪/૦૦ |
| ૯ | મુંદ્રા | માંડવી ગુંદીયાળી ઝરપરા મુન્દ્રા રસ્તાના ભાગ શીરાચાથી મુન્દ્રા કિ.મી. ૧૯/૫ થી ૩૭/૫ |
| ૧૦ | મુંદ્રા | મુંદ્રા લુણી વડાલા રોડ |
| ૧૧ | મુંદ્રા | લુણી ગુંદાલા ટપ્પર બાબીયા તુંબડી રોડ કિ.મી. ૦/૦ થી ૩૫/૦ |
| ૧૨ | મુંદ્રા | મુંદ્રા મુંદ્રા પોર્ટ રોડ કિ.મી. ૧/૭૦ થી ૮/૫૦ |
| ૧૩ | મુંદ્રા | મોખા વડાલા રોડ |
| ૧૪ | મુંદ્રા | ભુજ મુંદ્રા રોડ કિ.મી. ૫૧/૬૫ થી ૫૩/૫૦ |

| અ. નં. | તાલુકાનું નામ | રસ્તાનું નામ |
|---|---|---|
| ૧૫ | મુંદ્રા | આદિપુર ભદ્રેશ્વર રોડ કિ.મી. ૫૧/૨૦ થી ૫૨/૪૦ |
| ૧૬ | મુંદ્રા | મુંદ્રા મુંદ્રા પોર્ટ રોડ કિ.મી. ૦/૦ થી ૧/૭૦ |
| ૧૭ | માંડવી | કેરા દહીસરા ગઢશીશા નરેડી મોથારા રોડ કિ.મી. ૦/૦ થી ૫૩/૦ |
| ૧૮ | ભુજ | ભુજ ખાવડા કુંવરબેટ રોડ કિ.મી. ૦/૦ થી ૮૭/૦ |
| ૧૯ | ભુજ | ભુજ ખાવડા કુંવરબેટ રોડ કિ.મી. ૦/૦ થી ૮૭/૦ |
| ૨૦ | ભુજ | ભુજ નાગોર લોડાઈ સુમરાસર રોડ કિ.મી. ૦/૦ થી ૫૪/૦ |
| ૨૧ | ભુજ | સુમરાસર ઢોરી રોડ કિ.મી. ૦/૦ થી ૪/૦ |
| ૨૨ | ભુજ | ખાવડા કુનરીયા રોડ કિ.મી. ૦/૦ થી ૨૨/૦ |
| ૨૩ | ભુજ | ભુજ મુંદ્રા રોડ કિ.મી. ૦/૦ થી ૫૩/૦ |
| ૨૪ | ભુજ | ભુજ ખાવડા કુંવરબેટ રોડ કિ.મી. ૦/૦ થી ૮૭/૦ |
| ૨૫ | ભુજ | ખાવડા લુડીયા અંધે રેલડી રોડ |
| ૨૬ | અબડાસા | દેશલર નલીયા રોડ કિ.મી. ૨૫/૪ થી ૯૦/૨૦ |
| ૨૭ | અબડાસા | નલીયા જખો જખો પોર્ટ રોડ કિ.મી. ૯૨/૦ થી ૧૦૬/૦ |
| ૨૮ | અબડાસા | નલીયા જખો જખો પોર્ટ રોડ કિ.મી. ૧૦૬/૦ થી ૧૧૮/૩૪ |
| ૨૯ | અબડાસા | માંડવી કોઠારા જખો રોડ કિ.મી. ૬૪/૩૦ થી ૮૩/૩૦ |
| ૩૦ | અબડાસા | દેશલપર નલીયા રોડ કિ.મી. ૯૨/૦ થી ૯૩/૦ |
| ૩૧ | અબડાસા | માંડવી કોઠારા જખો રોડ કિ.મી. ૫૭/૦ થી ૮૩/૦ |
| ૩૨ | લખપત | ભજ લખપત રોડ કિ.મી. ૦/૦ થી ૧૩૪/૦ |
| ૩૩ | લખપત | ઘડુલી ના. સરોવર રોડ કિ.મી. ૧૪/૦ થી ૩૦/૦ |
| ૩૪ | લખપત | ભુજ લખપત રોડ કિ.મી. ૧૦૭/૦ થી ૧૦૮/૩૦ |
| ૩૫ | નખત્રાણા | કોટડા બીટ્ટા રોડ કિ.મી. ૦/૦ થી ૧૨/૦ |
| ૩૬ | નખત્રાણા | ભુજ લખપત રોડ કિ.મી. ૫૦/૦ થી ૫૨/૦ |

## જામનગર જિલ્લામાં પશુધનનુ રસીકરણ

૨૧૭૯૬ **: શ્રી મુળુભાઈ હ. બેરા (ભાણવડ) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર જિલ્લામાં પશુધનને રોગ સામે રક્ષણ માટે કેટલું રસીકરણ કરવામાં આવ્યું, અને

(૨) તેના કારણે પશુઓના મરણદરમાં કેટલો ઘટાડો થયો?

**જવાબ**

(૧) ૮,૯૯,૫૪૫.

(૨) મૃત્યુ નોંધવાની પ્રથા નથી. તેથી મરણ દર ઉપલબ્ધ નથી.

## કોડીનાર તાલુકામાં સીડી ડ્રેઈન બનાવવાની કામગીરી

૨૧૧૯૨ **: શ્રી ધીરસિંહ બારડ (કોડીનાર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લાના કોડીનાર તાલુકાના ઈંચવડ, અરણેજ અને સરખડી ગામના રસ્તાઓમાં આવતાં વોકળાઓમાં ચોમાસા દરમ્યાન આવતાં પાણીના કારણે લાંબા સમય સુધી વાહન વ્યવહાર બંધ થઈ જાય છે તે માટે સદર રસ્તામાં કન્સ્ટ્ર. ઓફ સીડી ડ્રેઈને એટ બનાવવા માટે તા.૨૬-૧૧-૨૦૦૯ના રોજ ના.કા.ઈ., પંચાયત, કોડીનારે દરખાસ્ત તૈયાર કરી કા.ઈ. પંચાયત અને મા.અને મ. જૂનાગઢને મોકલેલ છે તે હકીકત સાચી છે,

**જવાબ**

(૧) (૨) અને (૩)

હા, જી.

દરખાસ્તના ચાર નાળા પૈકી

(૧) કામપૂર્ણ તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ ૧ કામ મંજુરી હેઠળ હતુ જે હાલ મંજૂર થયેલ છે. જ્યારે ૨ કામનું હાલ આયોજન નથી.

(૨) જો હા, તો તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ આ કામે કાર્યવાહી કરવામાં આવેલ છે, અને

(૩) ઉક્ત ત્રણે ગામોના રસ્તામાં ક્ન્સ્ટ્ર.ઓફ સીડી ડ્રેઈને બનાવવાની કામગીરી કેટલાં સમયમાં પૂરી કરવામાં આવશે?

--------

**ઉના ખાતે વધારાની જિલ્લા ન્યાયાધીશની અદાલતની સ્થાપના**

૨૨૪૪૫ **: શ્રી કાળુભાઈ ચ.રાઠોડ (ઉના) : માનનીય કાયદો અને ન્યાયતંત્ર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લામાં ઉના ખાતે વધારાના જિલ્લા ન્યાયાધીશની અદાલત સ્થાપના કરવા સરકાર ધ્વારા કોઈ પગલાં લેવામાં આવ્યા છે, કે કેમ, અને

(૨) જો હા, તો આ કોર્ટ શરૂ કરવા તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ સરકારે શાં પગલાં લીધા છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) સને ૨૦૧૧-૧૨ અંદાજપત્રમાં નવી સેવા તરીકે નાણાકીય જોગવાઈ કરેલ છે.

--------

**ચોટીલા તાલુકાના રસ્તાને રીસરફેસ કરવા બાબત**

૨૧૭૬૧ **: શ્રી ભરતભાઈ વ. ખોરાણી (ચોટીલા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા તાલુકાના લાખણકા સુરઈ મોટા હરણીયા રોડને તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ રીસરફેસ કરવા કોઈ વિચારણા થઈ છે કે કેમ,

(૨) જો હા, તો આ કામ ક્યારે શરૂ કરવામાં આવશે, અને

(૩) તેની પાછળ કેટલો ખર્ચ થનાર છે?

**જવાબ**

(૧) (૨) અને (૩)

હા, જી.

રૂા. ૧૨૦ લાખની અંદાજી કિંમતનું આ કામ મંજુરીની પ્રક્રિયા હેઠળ છે. એજન્સી નક્કી થયે જેમ બને તેમ ઝડપથી.

**વડોદરા જિલ્લામાં મે.રાહેજા કોર્પોરેશન લિ. ને ફાળવેલ જમીન**

૨૧૨૨૦ **: શ્રી મોહનસિંહ છો.રાઠવા (પાવી-જેતપુર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લામાં તા.૩૧/૧/૨૦૧૧ની સ્થિતિએ મે. રાહેજા કોર્પોરેશન લી. ને કેટલા ચોરસ મીટર સરકારી પડતર જમીન ક્યારે ફાળવવામાં આવી, અને

(૨) તે પૈકી આ ઉદ્યોગગૃહોને અપાયેલી જમીનની શરતોનો કોઈપણ પ્રકારનો ભંગ થયેલ છે કે કેમ?

**જવાબ**

(૧) હે.૧૩-૭૩-૯૨ ચો.મી. જમીન તા. ૨૨-૮-૨૦૦૭ના હુકમથી ફાળવવામાં આવી.

(૨) ના, જી.

**સુરેન્દ્રનગર અને રાજકોટ જિલ્લામાં બોર, કૂવા અને ધોરીયા માટે જમીન**

૨૨૩૮૫ **: શ્રી દેવજીભાઈ ગો.ફતેપરા (હળવદ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જાન્યુઆરી, ૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન સુરેન્દ્રનગર અને રાજકોટ જિલ્લામાં બોર, કૂવા અને ધોરીયા માટે એ-૦-૦૨ ગુંઠા જમીન મેળવવા કેટલી અરજી તાલુકાવાર આવી,

**જવાબ**

(૧)

| સુરેન્દ્રનગર જિલ્લો | | રાજકોટ જિલ્લો | |
|---|---|---|---|
| તાલુકાનું નામ | મળેલ અરજી | તાલુકાનું નામ | મળેલ અરજી |
| વઢવાણ | ૩૧ | રાજકોટ શહેર | ૦ |
| ધ્રાંગધ્રા | ૧૨ | રાજકોટ તાલુકા | ૪૯ |
| હળવદ | ૧૭ | જસદણ | ૧૦૫ |

| તાલુકાનું નામ | મળેલ અરજી | તાલુકાનું નામ | મળેલ અરજી |
|---|---|---|---|
| દસાડા | ૩ | લોધીકા | ૪૭ |
| લખતર | ૦ | કોટડા સાંગાણી | ૧૪૭ |
| લીંબડી | ૧૮ | મોરબી | ૧૫ |
| સાયલા | ૮૯ | માળીયા મીયાણા | ૦ |
| ચોટીલા | ૬૧ | ટંકારા | ૧૪૦ |
| મુળી | ૬૨ | વાંકાનેર | ૪૮ |
| ચુડા | ૮૬ | પડધરી | ૫૮ |
| | | ગોંડલ | ૯૧ |
| | | જેતપુર | ૧૩૬ |
| | | ધોરાજી | ૨૦ |
| | | ઉપલેટા | ૫૫ |
| | | જામકંડોરણા | ૨૦૧ |
| **કુલ :-** | **૩૭૯** | **કુલ :-** | **૧૧૧૨** |

(૨) તે પૈકી કેટલી અરજી મંજૂર કરી અને કેટલી ના મંજૂર કરી, અને

(૨)

| સુરેન્દ્રનગર જિલ્લો | | રાજકોટ જિલ્લો | |
|---|---|---|---|
| **મંજૂર** | **નામંજૂર** | **મંજૂર** | **નામંજૂર** |
| ૧૪૮ | ૧૮૯ | ૪૯૯ | ૪૨૯ |

(૩) કેટલી પડતર છે નામંજૂર કરવાના કારણો શું?

(૩)

| સુરેન્દ્રનગર જિલ્લો | રાજકોટ જિલ્લો |
|---|---|
| ૪૨ પડતર | ૧૮૪ પડતર |

સરકારશ્રીની નીતિ સાથે સુસંગત ન હોવાના કારણે નામંજૂર કરવામાં આવેલ છે.

## ગાંધીનગર ખાતે સ્વૈચ્છિક સંસ્થાઓને જમીન

૨૨૩૨૨ **શ્રી સાબીરભાઈ અ. ખેડાવાલા (જમાલપુર) : માનનીય પાટનગર યોજના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગાંધીનગર શહેર ખાતે તા.૩૧/૧/૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કઈ કઈ સામાજિક સંસ્થાઓએ રાહત દરે જમીન મેળવવા માટે માંગણી કરેલ છે,

(૨) આ માંગણીઓ ઉક્ત સ્થિતિએ ક્યા તબક્કે છે, અને

(૩) આ માંગણીઓ અંગે સરકાર કેટલા સમયમાં જમીન ફાળવવા માંગે છે?

**જવાબ**

(૧) સામેલ પત્રક મુજબ

(૨) અને (૩) માંગણીનો અસ્વીકાર કરવામાં આવેલ છે.

**(* પત્રક સચિવશ્રીની કચેરીમાં મૂકવામાં આવેલ છે.)**

## વાઘોડિયા તાલુકા મથકે સિવિલ કોર્ટની સ્થાપના કરવા બાબત

૨૨૪૪૬ **: શ્રી મધુભાઈ બા. શ્રીવાસ્તવ (વાઘોડિયા) : માનનીય કાયદો અને ન્યાયતંત્ર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૧૨/૨૦૧૦ની સ્થિતિએ વડોદરા જિલ્લાના વાઘોડિયા તાલુકા મથકે સરકાર સિવિલ કોર્ટની સ્થાપના કરવા માંગે છે કે કેમ, અને

(૨) જો હા, તો આ કોર્ટ શરૂ કરવા સરકારે શાં પગલાં લીધા છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) સરકારશ્રીએ આ કોર્ટ શરૂ કરવા માટે ન્યાયાધીશ સહિત સહાયક મહેકમની કુલ ૨૧ જગ્યાઓ મંજુર કરેલ છે. આ કોર્ટ તા. ૧૫-૫-૨૦૧૦ ના રોજથી

કાર્યરત થયેલ છે.

--------

**ખેડા જિલ્લામાં એન્જીનીયરીંગ કોલેજોમાં ખાલી જગ્યાઓ**

૨૧૨૧૨ **: શ્રી માનસિંહ ચૌહાણ (બાલાસિનોર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૧/૧૧ની સ્થિતિએ ખેડા જિલ્લામાં સરકારી એન્જીનીયરીંગ કોલેજો કઈ કઈ છે, | (૧) ખેડા જિલ્લામાં હાલ કોઈ સરકારી ઈજનેરી કોલેજ કાર્યરત નથી. |
| (૨) તે અન્વયે કોલેજોમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે, | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) કેટલી જગ્યાઓ તે અન્વયે કેટલા સમયથી ખાલી છે, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) આવી ખાલી જગ્યાઓ સત્વરે નહીં ભરવાના કારણો શા છે અને કેટલા સમયમાં આવી જગ્યાઓ ભરવામાં આવશે? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**મહુવા તાલુકાના જેસર-બગદાણા રસ્તાને પહોળો કરવાનું આયોજન**

૨૨૫૫૭ **: શ્રીમતી ભાવનાબેન મકવાણા (તળાજા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાના જેસર-બગદાણા રસ્તાને પહોળો કરવાનું કામ તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ ક્યા તબક્કે છે, | (૧) પ્રગતિમાં. |
| (૨) આ કામ ક્યારે પૂર્ણ કરવામાં આવશે, અને | (૨) નિયત સમય મર્યાદામાં. |
| (૩) આ કામ માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે? | (૩) રૂ. ૧૨ કરોડ. |

--------

**ભરૂચ જિલ્લાના રસ્તાઓને મંજૂરી**

૨૧૭૫૮ **: શ્રી દુષ્યંતભાઈ ર.પટેલ (ભરૂચ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧/૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભરૂચ જિલ્લામાં એસ.આર.હેઠળ કેટલા રસ્તાઓ મંજૂર કરવામાં આવ્યા, અને | (૧) કુલ ૨૬ કામો |
| (૨) આ રસ્તાના કામો માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવી? | (૨) રૂ. ૨૫૯૯.૦૦ લાખ |

--------

**ખેડા જિલ્લામાં પશુ આરોગ્ય મેળા**

૨૧૭૮૫ **: શ્રી કનુભાઈ ડાભી (કઠલાલ) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં કેટલા પશુ આરોગ્ય મેળાઓનું આયોજન કરવામાં આવ્યું, | (૧) ૩૩૦ |
| (૨) આ મેળામાં કેટલા પશુઓને ક્યા રોગો માટે સારવાર આપવામાં આવી, અને | (૨) કુલ ૮૯,૮૦૮ પશુઓને મુખ્યત્વે ઝાડા, આફરો, અપચો, ન્યુમોનીયા, ચકરી, તાવ, ચામડીના રોગો, કૃમિજન્ય રોગો, સુવા રોગ, વલો, મોઢામાં ચાંદા, આચળના રોગો, વંધ્યત્વ-ગર્ભાશયના રોગો, તણછ, કરમોડી, ગાંઠ વગેરે રોગો માટે સારવાર આપવામાં આવી. |
| (૩) કેટલા પશુઓનું રસીકરણ કરવામાં આવ્યુ? | (૩) ૫૫,૫૮૪ |

--------

**જાંબુઘોડા, મોરવા(હડફ) અને ઘોઘંબા તાલુકામાં સિવિલ કોર્ટની સ્થાપના**

૨૨૪૫૧ : **શ્રી ફતેસિંહ ચૌહાણ (રાજગઢ) :માનનીય કાયદો અને ન્યાયતંત્ર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૧૦ની સ્થિતિએ પંચમહાલ જિલ્લાના જાંબુઘોડા, મોરવા (હડફ) અને ઘોઘંબા તાલુકા મથકે સિવિલ કોર્ટની સ્થાપના કરવાનું સરકારે આયોજન કરેલ છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ કોર્ટ શરૂ કરવા સરકારે શાં પગલાં લીધા છે? | (૨) સરકારશ્રીએ પંચમહાલ જિલ્લાના જાંબુઘોડા, મોરવા (હડફ) અને ઘોઘંબા તાલુકા મથકે સિવિલ કોર્ટોની સ્થાપના કરવા માટે ન્યાયધીશો સહિત સહાયક મહેકમની કુલ ૬૩ જગ્યાઓ મંજૂર કરેલ છે. આ ત્રણે કોર્ટો અનુક્રમે તા. ૧૪-૪-૨૦૧૦, તા. ૧-૩-૨૦૦૯ અને તા. ૧૮-૧૦-૨૦૦૮ના રોજ કાર્યરત થયેલ છે. |

--------

**નવસારી જિલ્લામાં મધ્યાહન ભોજન માટે બીન સરકારી સંસ્થાની કામગીરી**

૨૧૯૪૨ : **શ્રી છનાભાઈ ચૌધરી (ધરમપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧/૨૦૧૧ની સ્થિતિએ નવસારી જિલ્લામાં તાલુકાવાર મધ્યાહન ભોજન યોજના અંતર્ગત કઈ કઈ બીન સરકારી સંસ્થાને કામગીરી સોંપવામાં આવી છે, અને | (૧) નવસારી જિલ્લામાં તા.૩૧/૧/૨૦૧૧ની સ્થિતિએ કલેકટર કચેરી દ્વારા તાલુકાવાર મધ્યાહન ભોજન યોજનાનું સંચાલન કરવામાં આવે છે. |
| (૨) બીન સરકારી સંસ્થાને આ કામગીરી સોંપાયેલ છે તે પરત લઈ મધ્યાહન ભોજન યોજનાના કર્મચારીઓ દ્વારા ચાલુ કરવા અંગેની કેટલી માંગણીઓ સરકારને છેલ્લા બે વર્ષમાં તા.૩૧/૧/૨૦૧૧ની સ્થિતિએ મળી છે? | (૨) તા.૩૧/૧/૨૦૧૧ની સ્થિતિએ પાંચ માંગણીઓ મળી છે |

**મહેસાણા જિલ્લામાં પશુ આરોગ્ય મેળા**

૨૧૭૮૬ : **શ્રી ભરતસિંહજી શં.ડાભી (ખેરાલુ) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લામાં કેટલા પશુ આરોગ્ય મેળાઓનું આયોજન કરવામાં આવ્યું છે, | (૧) ૪૦૮. |
| (૨) આ મેળાઓમાં કેટલા પશુઓને ક્યા રોગો માટે સારવાર આપવામાં આવી, અને | (૨) આ મેળાઓમાં કુલ ૯૬,૨૧૯ પશુઓને મુખ્યત્વે ઝાડા, આફરો, અપચો, ન્યુમોનીયા, ચકરી, તાવ, ચામડીના રોગો, કૃમિજન્ય રોગો, સુવા રોગ, વલો, મોઢામાં ચાંદા, આચળના રોગો, વંધ્યત્વ-ગર્ભાશયના રોગો, તણછ, કરમોડી, ગાંઠ વગેરે રોગો માટે સારવાર આપવામાં આવી. |
| (૩) કેટલા પશુઓનું રસીકરણ કરવામાં આવ્યું? | (૩) ૧૪,૦૯૬. |

--------

**ગાંધીનગરમાં સ્વૈચ્છિક સંસ્થાઓને જમીન**

૨૨૩૨૦ **: ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા)** : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧/૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાહત દરે ગાંધીનગરમાં સામાજિક, ધાર્મિક અને શૈક્ષણિક હેતુ માટે જમીન મેળવવા કેટલી અરજીઓ મળી, | (૧) ૯૫ સંસ્થા/અરજદારની અરજી મળેલ છે. |
| (૨) મળેલ અરજીઓ પૈકી કોને કોને કેટલી જમીન ફાળવવામાં આવી, અને | (૨) કોઈને જમીન ફાળવેલ નથી. |
| (૩) જો જમીન ફાળવણી ન થઈ હોય તો તેના કારણો શાં છે અને કેટલા સમયમાં આ જમીનો ફાળવવામાં આવશે? | (૩) આ અંગેની નવી નીતિ નકકી કરવાનું વિચારણા હેઠળ હોઈ, આ માંગણીની અરજીઓનો અસ્વીકાર કરેલ હોઈ કેટલાં સમયમાં જમીન ફાળવવી તેનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

--------

## માછીમારોને અપાતી ડીઝલ પરની સબસીડી

૨૧૨૨૪ **: શ્રી ભગવાનભાઈ ધા.બારડ (તાલાલા)** : **માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧/૨૦૧૧ની સ્થિતિએ રાજ્ય સરકારે માછીમારોને ડીઝલ ઉપર અપાતી સબસીડી છેલ્લા ત્રણ વર્ષથી બંધ કરી છે તે હકીકત સાચી છે, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો તેના કારણો શા છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) જો ના, તો છેલ્લા બે વર્ષમાં દર વરસે કેટ કેટલી સબસીડી ડીઝલ ઉપર માછીમારોને આપવામાં આવે છે? | (૩) (૧) ફેબ્રુ. ૦૯ થી જાન્યુ. ૧૦ -રૂા. ૧૭,૮૩,૬૨,૮૩૪<br>(૨) ફેબ્રુ. ૧૦ થી જાન્યુ. ૧૧ |

--------

## રાજ્યમાં જેલોનું આધુનિકરણ

૨૨૧૯૮ **: શ્રી કાંતિલાલ રા. લકુમ (બાવળા)** : **માનનીય જેલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૦ની સ્થિતિએ રાજ્યમાં જેલોનું આધુનિકરણ કરવા માટે સરકારે કોઈ પગલાં લીધા છે કે કેમ, અને | (૧) હા. |
| (૨) જો હા, તો છેલ્લા બે વર્ષમાં કેટલી જેલોનું નવીનીકરણ/આધુનિકરણ કરવામાં આવ્યું છે? | (૨) છેલ્લા બે વર્ષમાં જેલોના આધુનિકરણની વિગતો નીચે મુજબ છે.<br>૧. પાલારા (ભૂજ) ખાસ જેલ, અમદાવાદ મધ્યસ્થ જેલ વિભાગ-૨, મહેસાણા જિલ્લા જેલ તરીકે તથા અમરેલી સબ જેલ કાર્યાન્વિત કરવામાં આવેલ છે. લાજપોર (સુરત) ખાતે અદ્યતન મધ્યસ્થ જેલ, તેમજ ગલપાદર, પાટણ અને દાહોદ ખાતે સબ જેલના બાંધકામની કાર્યવાહી ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ લી. દ્વારા કરવામાં આવી રહેલ છે.<br>૨. છેલ્લા બે વર્ષ દરમિયાન અલગ અલગ જેલો ઉપર કુલ ૬૧ સ્ટાફ ક્વાટર્સનું બાંધકામ પૂર્ણ થયેલ છે. અને બીજા ૪૦૦ ક્વાટર્સ અલગ અલગ જેલો ઉપર બાંધવાની કાર્યવાહી તબક્કાવાર થઈ રહેલ છે.<br>૩. રાજ્યની સોથી મોટી જેલ અમદાવાદ મધ્યસ્થ જેલમાં કેદીઓને જેલની બહાર મોકલ્યા વગર તજજ્ઞ ડોકટર દ્વારા સારવાર મળી રહે તે હેતુથી અપોલો હોસ્પીટલને જોડતી ટેલીમેડીશીન સીસ્ટમ ઈસરોના સહયોગથી કાર્યરત કરવામાં આવેલ છે. દેશમાં પ્રથમવાર આ સીસ્ટમ |

અમદાવાદ મધ્યસ્થ જેલ ખાતે સ્થાપિત કરવામાં આવેલ છે.
૪. અમદાવાદ મધ્યસ્થ જેલ ખાતે સોલર સ્ટીમ જનરેટીંગ સીસ્ટમ સ્થાપિત કરવામાં આવેલ છે. તેમજ ડોરફ્રેમ મેટલ ડીટેકટર, નોરકોટીક્સ એક્સપ્લોઝીવ ડીટેકટર, મોબાઈલ ફોન ડીટેકટરની ખરીદી કરવામાં આવી રહેલ છે.
૫. પાલારા (ભૂજ) ખાસ જેલ ખાતે હેવી ડ્યૂટી જનરેટર સેટ વસાવવામાં આવેલ છે. આ જેલની હોસ્પિટલ માટે એક્ષરે મશીન, સોનોગ્રાફી મશીન તથા હોસ્પિટલના સાધનોની ખરીદી કરવામાં આવી રહેલ છે.
૬. વર્ષ ૨૦૧૦-૧૧માં અમદાવાદ અને વડોદરા મધ્યસ્થ જેલના ઉદ્યોગોના આધુનિકીરણ માટે અદ્યતન યંત્રોની ખરીદી કરવામાં આવી રહેલ છે.
૭. વર્ષ ૨૦૧૦-૧૧માં જૂનાગઢ, ભાવનગર, પોરબંદર જેલ માટે વિડિયો સર્વેલન્સ સિસ્ટમ સ્થાપિત કરવા માટે જરૂરી ખરીદી કરવામાં આવી રહેલ છે.
૮. વડોદરા મધ્યસ્થ જેલ, સુરત, રાજકોટ, નડિયાદ, પાલનપુર, પોરબંદર, સુરેન્દ્રનગર, ગોધરા, નવસારી જેલો માટે એમ્બ્યુલન્સ વાન ખરીદવામાં આવેલ છે.
૯. વર્ષ ૨૦૧૦-૧૧માં અમદાવાદ, સુરત, જૂનાગઢ, ભાવનગર જેલ માટે એક્ષરે સ્કેનીંગ મશીનની ખરીદી કરવામાં આવી રહેલ છે.
૧૦. વર્ષ ૨૦૧૦-૧૧માં વડોદરા, રાજકોટ, જામનગર, જૂનાગઢ, ભાવનગર, નડિયાદ, મહેસાણા, પાલનપુર, સુરત અને પાલારા (ભૂજ) જેલ માટે મોબાઈલ ફોન ડીટેકટરની ખરીદી કરવામાં આવી રહેલ છે.

--------

## સરકારી એન્જીનીયરીંગ કોલેજોમાં પ્રિન્સીપાલની ખાલી જ્યાઓ

૨૨૦૫૫ **: શ્રી અમરસિંહ વસાવા (દેડીયાપાડા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૧/૨૦૧૧ની સ્થિતિએ રાજ્યમાં આવેલ એન્જીનીયરીંગ કોલેજોમાં કોલેજ દીઠ પ્રિન્સીપાલની કેટલી જ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને
(૨) આવી ખાલી જ્યાઓ સત્વરે નહીં ભરવાના કારણો શા છે?

**જવાબ**

(૧) રાજ્યમાં કુલ-૧૬ સરકારી ઈજનેરી કોલેજો પેકી ૧૨ કોલેજોમાં આચાર્યની જ્યાઓ ખાલી છે તે પેકી ૦૨ જ્યાઓ એક વર્ષથી, ૦૧ જ્યા બે વર્ષથી અને ૦૯ જ્યાઓ ૩ થી વધુ વર્ષથી ખાલી છે.
(૨) સરકારી ઈજનેરી કોલેજોના આચાર્યની જ્યાના ભરતી નિયમો એ.આઈ.સી.ટી.ઈ.ના નવા સુધારેલ નિયમો મુજબ આખરી થયેથી જ્યાઓ ભરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.
ખાતાકીય રાહે ૦૨ (બે) પ્રાધ્યાપકોને આચાર્ય તરીકે બઢતી આપવાની કાર્યવાહી વિચારણા હેઠળ છે.

## કલેકટર કચેરીના પોતાના મકાનો

૨૧૧૮૫ **: શ્રી પુનાભાઈ ધે. ગામીત (વ્યારા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ કલેકટર તાપી હેઠળની જુદી જુદી કચેરીઓના પોતાના મકાનો કેટલા છે,
(૨) ભાડાના મકાનોમાં કે અન્યત્ર બેસી કામગીરી કરે છે તેવી કેટલી કચેરીઓ છે, અને

**જવાબ**

| | | | |
|---|---|---|---|
| (૧) | મામલતદાર કચેરી | - | ૫ |
| | આપત્તિ વ્યવસ્થાપન કેન્દ્ર | - | ૧ |
| | **કુલ** | - | ૬ |

(૨) ૪ (ચાર)

(૩) તાપી જિલ્લાની રચના પછી પોતાની કચેરીઓમાં કામગીરી થાય તે માટે સરકારે ક્યા ક્યા પ્રકારનું આયોજન કરેલ છે?

(૩) સરકારે નવરચિત જિલ્લામાં વ્યારા ખાતે મધ્યસ્થ કચેરી સંકુલ (ગ્રીન બિલ્ડીંગ) બનાવવા માટેનું આયોજન કરેલ છે. ઉપરાંત જ્યાં જરૂરી છે ત્યાં પ્રાંત કચેરી, સબ-રજિસ્ટ્રાર કચેરી તેમજ સીટી સર્વે કચેરી સાથેની મામલતદાર કચેરીના નવા મકાનો બનાવવાનું પણ આયોજન છે.

--------

## આણંદ અને ખેડા જિલ્લામાં જમીનના દબાણ દૂર કરવા બાબત

૨૨૫૦૩ : **શ્રી અમીતભાઈ ચાવડા (બોરસદ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ આણંદ અને ખેડા જિલ્લામાં તાલુકાવાર સરકારી જમીનના દબાણના કેટલા કિસ્સા ધ્યાને આવ્યા,

(૨) તે પૈકી એક વર્ષ બે વર્ષ કે ત્રણ વર્ષથી વધારે સમયમાં દબાણો કેટલા છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ ત્રણ વર્ષમાં તાલુકાવાર કેટલા દબાણો દૂર કરવામાં આવ્યા, અને જવાબદારો સામે શાં પગલાં લીધા ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ આણંદ જિલ્લામાં કુલ ૧૭ અને ખેડા જિલ્લામાં ૯૫૫ દબાણના કિસ્સા ધ્યાને આવેલ છે.

(૨) અને (૩) : સામેલ પત્રક-અ અને પત્રક-બ મુજબ

### પત્રક-અ
### આણંદ જિલ્લાની વિગતો

| ક્રમ | તાલુકો | ધ્યાને આવેલ દબાણના કિસ્સા | દબાણનો સમયગાળો | | | દુર કરવામાં આવેલ દબાણો | લેવામાં આવેલ પગલાં |
|---|---|---|---|---|---|---|---|
| | | | એક વર્ષના | બે વર્ષના | ત્રણ વર્ષથી વધારે | | |
| ૧ | આણંદ (શહેર) | ૪ | ૪ | ૦ | ૦ | ૦ | તમામ દબાણદારોને કલમ-૬૧ મુજબની નોટીસ આપી છે. |
| ૨ | આણંદ (ગ્રામ્ય) | ૪ | ૪ | ૦ | ૦ | ૦ | દબાણ દૂર કરવાની કાર્યવાહી ચાલુ છે. |
| ૩ | ઉમરેઠ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| ૪ | પેટલાદ | ૪ | ૧ | ૧ | ૨ | ૧ | બાકીના ત્રણ કેસમાં દબાણ દુર કરવા નોટીસ આપવામાં આવેલ છે. |
| ૫ | સોજીત્રા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| ૬ | બોરસદ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| ૭ | આંકલાવ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| ૮ | ખંભાત | ૫ | ૨ | ૦ | ૩ | ૩ | બાકીના બે કેસમાં દબાણ દુર કરવાની કાર્યવાહી ચાલુ છે. |
| ૯ | તારાપુર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| | જિલ્લાના કુલ :- | ૧૭ | ૧૧ | ૧ | ૫ | ૪ | |

### પત્રક-બ
### ખેડા જિલ્લાની વિગતો

| ક્રમ | તાલુકો | ધ્યાને આવેલ દબાણના કિસ્સા | દબાણનો સમયગાળો | | | દુર કરવામાં આવેલ દબાણો | લેવામાં આવેલ પગલાં |
|---|---|---|---|---|---|---|---|
| | | | એક વર્ષના | બે વર્ષના | ત્રણ વર્ષથી વધારે | | |
| ૧ | નડીયાદ | ૨૭૦ | ૧૪ | ૧ | ૨૫૫ | ૧ | કલમ-૬૧ તથા કલમ-૨૦૨ની નોટીસો આપેલ છે. |
| ૨ | માતર | ૩ | ૩ | ૦ | ૦ | ૦ | દબાણ દૂર કરવાની કાર્યવાહી પ્રગતિમાં છે. |
| ૩ | ખેડા | ૪૮૩ | ૦ | ૦ | ૪૮૩ | ૪ | કાર્યવાહી પ્રગતિમાં છે. |
| ૪ | મહેમદાવાદ | ૫ | ૪ | ૦ | ૧ | ૪ | દબાણ દુર કરવા-૨૦૨ મુજબ નોટીસ આપવામાં આવેલ છે. |
| ૫ | મહુધા | ૧૦ | ૧૦ | ૦ | ૦ | ૧૦ | કાર્યવાહી પ્રગતિમાં છે. |
| ૬ | કઠલાલ | ૧૮ | ૦ | ૦ | ૧૮ | ૧૭ | ૧ ધાર્મિક દબાણ હોઈ સમિતી સમક્ષ ચર્ચામાં |
| ૭ | કપડવંજ | ૬૬ | ૧૪ | ૦ | ૫૨ | ૦ | નોટીસો પાઠવેલ છે. |
| ૮ | ઠાસરા | ૫૬ | ૫૬ | ૦ | ૦ | ૫૬ | કબજો સરકાર હસ્તક લઈ દબાણ ખુલ્લા કરવામાં આવેલ છે. |
| ૯ | બાલાસિનોર | ૪ | ૪ | ૦ | ૦ | ૧૨ | ૧ કિસ્સામાં ક.૬૧ની નોટીસ પાઠવી દબાણ દૂર કરવાનું પ્રગતિમાં છે. |
| ૧૦ | વિરપુર | ૪૦ | ૪૦ | ૦ | ૦ | ૪૦ | ૬૦-દબાણ દૂર,૪૦ ઈસમો સામે ક.૬૧ હેઠળ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | કાર્યવાહી પ્રગતિમાં છે. |
| | જિલ્લાના કુલ :- | ૯૫૫ | ૧૪૫ | ૧ | ૮૦૯ | ૧૬૪ | |

--------

## કચ્છ જિલ્લામાં મીઠું પકવવા આપેલ જમીનના હેતુ ફેર અંગે

૨૨૪૪૩ : **શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં ગાંધીધામ-અંજાર મુંદ્રા ભચાઉ તાલુકામાં દરિયા કિનારે મીઠાનાં અગરો માટેની લીઝપર અપાયેલ જમીનોનાં હેતુફેર ઉપયોગ અન્વયે પ્રીમીયમની રકમ જમા થઇ છે તે હકિકત સાચી છે, | (૧) ના, જી. |
| (૨) મીઠાનાં અગરોની લીઝપર અપાયેલ રાજ્ય સરકારની જમીનોનાં ભાવની હેતુફેર વખતે આકારણી કરતી વખતે બાજુની ત્રીજ્યામાં ખાનગી અને કેન્દ્ર સરકારની જમીન વેંચાણના ઉતારા/વિગત લેવાનાં ધોરણો અપનાવાયા નથી તે સરકારનાં ધ્યાને લઇ ફેર તપાસ કે મુલવણી કરવાનું સરકારે કોઇ વિચારણા કરી છે કે કેમ, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ હેતુફેર અંગે કોના કોના તરફથી કેટલી જમીન સામે કેટલી રકમ જમા આવી ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

## મહેસાણા જિલ્લામાં પશુધનનું રસીકરણ

૨૧૭૯૭ : **શ્રી નારાયણભાઈ લ. પટેલ (ઉંઝા) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લામાં પશુધનને રોગ સામે રક્ષણ માટે કેટલું રસીકરણ કરવામાં આવ્યુ, અને | (૧) ૩૦,૫૨,૫૨૮. |
| (૨) તેના કારણે પશુઓના મરણદરમાં કેટલો દ ઘટાડો થયો ? | (૨) મરણ નોંધવાની પ્રથા નથી તેથી મરણ દર ઉપલબ્ધ નથી. |

## બનાસકાંઠા જિલ્લામાં સીટીસર્વે લાગુ કરવા આયોજન

૨૨૦૪૮ : **શ્રી મફતલાલ મો.પુરોહિત (ધાનેરા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) બનાસકાંઠા જિલ્લાના ક્યા ક્યા તાલુકાઓના પાંચ હજારની વસ્તી ધરાવતા ક્યા ગામોમાં સીટીસર્વે લાગુ પડે છે,

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | ગામોનાં નામ |
|---|---|---|
| (૧) | વાવ | વાવ |
| (૨) | પાલનપુર | ક્ણોદર |
| (૩) | વડગામ | મજાદર |
| (૪) | દાંતા | દાંતા |
| (૫) | દિયોદર | દિયોદર |

(૨) ક્યા ક્યા તાલુકામાં પાંચ હજારની વસ્તી ધરાવતા ક્યા ક્યા ગામોમાં સીટીસર્વે લાગુ નથી, અને

(૨)

| ક્રમ | તાલુકાનું | ગામોનાં નામ |
|---|---|---|
| (૧) | વાવ | સુઈ ગામ |
| (૨) | પાલનપુર | ચંડીસર, માલણ, સામઢી (મોટાવાસ), કુંભાસણ, |
| (૩) | વડગામ | વડગામ, બેસુ, મેતા, મેમતપુર, છાપી. |
| (૪) | દાંતા | - |
| (૫) | દિયોદર | - |
| (૬) | ધાનેરા | ધખા, ખીમ્મત |
| (૭) | દાંતીવાડા | પાંથાવાડા |

| | | |
|---|---|---|
| (૭) | દાંતીવાડા | પાંથાવાડા |
| (૮) | અમીરગઢ | અમીરગઢ, ઈકબાલગઢ, |
| (૯) | ડીસા | ભડથ, લાખાણી, માલગઢ, જુનાડીસા, ઢુવા, આસેડા, ભીલડી, મુડેઠા |
| (૧૦) | ભાભર | ભાભર નવા, ભાભર જુના |
| (૧૧) | કાંકરેજ | ખીમાણા, ચેખલા, રાનેર, ઉમરી, તેરવાડા, શિહોરી, કંબોઈ, થરા, વડા. |

(૩) જે ગામો બાકી છે તેમા સીટીસર્વે લાગુ કરવા માટે સરકારનું શું આયોજન છે ?

(૩) ઉક્ત ૩૮ ગામોમાં હક્કચોક્સીની કામગીરી બાકીમાં છે. જે પૂર્ણ થયેથી સીટીસર્વે લાગુ કરવાનું આયોજન છે.

--------

**અમરેલી-કુંકાવાવ રસ્તાની સુધારણા પાછળ ખર્ચ**

૨૨૫૬૬ **: શ્રી કાળુભાઇ વી. વીરાણી (કુંડલા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમરેલી જિલ્લાના અમરેલી કુંકાવાવ રસ્તાની અંદાજ ૧૫ કિ.મી. લંબાઇમાં સુધારણા કરવા સરકાર માંગે છે કે કેમ,

(૨) જો હા, તો આ કામ ક્યારે મંજૂર કરવામાં આવ્યું,

(૩) આ કામ ક્યારે શરૂ કરવામાં આવશે, અને

(૪) આ કામ પાછળ અંદાજીત કેટલો ખર્ચ થશે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ૧૧ કિ.મી. ની કામગીરી તા. ૫-૩-૨૦૧૧ના મંજુર કરવામાં આવી.

(૩) બનતી ત્વરાથી.

(૪) અંદાજે રૂ. ૪૯૫.૦૦ લાખ.

--------

**દાહોદ જિલ્લામાં આંગણવાડી કાર્યકર અને તેડાગરની જ્ગ્યાઓ**

૨૧૧૮૨ **: શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા (લીમખેડા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં તાલુકાવાર મંજૂર થયેલ આંગણવાડી કાર્યકર અને તેડાગર બહેનોની જ્ગ્યાઓ કેટલી છે,

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ દાહોદ જિલ્લામા તાલુકાવાર મંજૂર થયેલ આંગણવાડી કાર્યકર અને તેડાગર બહેનોની વિગત નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકાનું નામ | મંજૂર થયેલ આંગણવાડી કાર્યકરની જ્ગ્યા | મંજૂર થયેલ આંગણવાડી તેડાગરની જ્ગ્યા |
|---|---|---|---|
| ૧ | દાહોદ | ૫૪૭ | ૫૩૭ |
| ૨ | ગરબાડા | ૨૭૪ | ૨૬૦ |
| ૩ | ઝાલોદ | ૬૨૧ | ૫૫૯ |
| ૪ | લીમખેડા | ૪૯૫ | ૪૫૯ |
| ૫ | દેવગઢ બારીયા | ૩૭૬ | ૩૬૨ |
| ૬ | ધાનપુર | ૨૪૧ | ૨૪૧ |
| ૭ | ફતેપુરા | ૨૮૧ | ૨૬૬ |
| | **કુલ..** | **૨૮૩૫** | **૨૬૮૪** |

(૨) તે પૈકીની કેટલી જ્ગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૨)

| અ.નં. | તાલુકાનું | આંગણવાડી | કેટલા | આંગણવાડી | કેટલા |
|---|---|---|---|---|---|
| ૧ | દાહોદ | ૩૮ | ૧૨ માસ | ૪૬ | ૬ માસ |
| ૨ | ગરબાડા | ૨૬ | ૯ માસ | ૨૦ | ૫ માસ |
| ૩ | ઝાલોદ | ૧૦૫ | ૯ માસ | ૭૧ | ૫ માસ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૩ | ઝાલોદ | ૧૦૫ | ૯ માસ | ૭૧ | ૫ માસ |
| ૪ | લીમખેડા | ૫૩ | ૧૦ માસ | ૧૪ | ૬ માસ |
| ૫ | દેવગઢ બારીયા | ૨૭ | ૯ માસ | ૧૭ | ૫ માસ |
| ૬ | ધાનપુર | ૧૫ | ૧૦ માસ | ૧૯ | ૭ માસ |
| ૭ | ફતેપુરા | ૩૫ | ૧૦ માસ | ૧૪ | ૭ માસ |
| | કુલ... | ૨૯૯ | | ૨૦૧ | |

(૩) આ ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ?

(૩) ટૂંક સમયમાં જગ્યાઓ ભરવામાં આવશે.

--------

## અમરેલી જિલ્લામાં વ્યાખ્યાતાઓની ખાલી જગ્યા

૨૧૭૪૭ **: શ્રી મનસુખભાઈ પાં.ભુવા (ધારી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૩-૨૦૧૦ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં સરકારી અને અનુદાનિત કોલેજોમાં વ્યાખ્યાતા અંગેની કુલ કેટલી જગ્યાઓ ખાલી હતી, અને

(૨) તે પૈકી તા.૧-૪-૨૦૧૦ થી તા. ૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં કેટલી જગ્યાઓ ભરવામાં આવી?

**જવાબ**

(૧) સરકારી કોલેજ-શૂન્ય
અનુદાનિત કોલેજ-૦૩.

(૨) એક પણ નહિ.

--------

## વડોદરા જિલ્લામાં પાક વીમા યોજના

૨૧૭૯૯ **: શ્રી અભેસિંહ મો. તડવી (સંખેડા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લામાં તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ ક્યા ક્યા તાલુકાઓ ક્યા ક્યા પાક્ને પાક વીમા યોજના હેઠળ આવરી લેવામાં આવેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ક્યા ક્યા પાક વીમા ક્લેઇમની રકમ ચૂકવવામાં આવી,

(૩) ક્યા ક્યા તાલુકાઓમાં વર્ષવાર રકમ ચૂકવવામાં આવી,

**જવાબ**

(૧) વડોદરા જિલ્લામાં તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ રાષ્ટ્રિય કૃષિ વીમા યોજના હેઠળ નીચે જણાવ્યા મુજબ તાલુકાવાર પાકો આવરી લીધેલ છે.

| તાલુકો | પાક |
|---|---|
| છોટાઉદેપુર | ડાંગર, અળદ, મકાઈ, તુવેર, કપાસ, ઉનાળુ મગફળી |
| ડભોઈ | ડાંગર, તુવેર, દિવેલા, કપાસ, ઘઉં (પિયત) |
| જબુગામ | ડાંગર, અળદ, મકાઈ, તુવેર, કપાસ, ઉનાળુ મગફળી |
| ક્વાંટ | ડાંગર, અળદ, મકાઈ, તુવેર, કપાસ, પિયત ઘઉ, ઉનાળુ બાજરી |
| પાદરા | ડાંગર, બાજરી, તુવેર, દિવેલા, કપાસ |
| સંખેડા | ડાંગર, મકાઈ, તુવેર, દિવેલા, કપાસ, કેળ |
| સાવલી | ડાંગર, ખરીફ બાજરી, મકાઈ, તુવેર, દિવેલા, કપાસ, દ ઉં પિયત, ઉનાળુ બાજરી |
| વડોદરા | ડાંગર, બાજરી, તુવેર, દિવેલા, કપાસ, પિયત ઘઉં |
| વાઘોડિયા | ડાંગર, મકાઈ, તુવેર, કપાસ |
| કરજણ | તુવેર, કપાસ, પિયત ઘઉં |
| શિનોર | તુવેર, દિવેલા, કપાસ |

(૨)

| વર્ષ | વર્ષવાર ચુકવાયેલ પાક વીમા ક્લેઈમ |
|---|---|
| ૨૦૦૭-૦૮ | નીલ |
| ૨૦૦૮-૦૯ | તુવેર, ઘઉં પિયત |
| ૨૦૦૯-૧૦ | મકાઈ, ડાંગર |
| ૨૦૧૦-૧૧ | બાકી |

(૩) વર્ષવાર ચુકવાયેલ પાકવીમાની રકમની તાલુકાવાર વિગત

| વર્ષ | તાલુકો | ચુકવેલ પાક વીમાની રકમ |
|---|---|---|
| ૨૦૦૭-૦૮ | -- | નીલ |
| ૨૦૦૮-૦૯ | સાવલી | રૂ. ૦.૪૩ લાખ |
| | વડોદરા | રૂ. ૦.૦૧ લાખ |
| જિલ્લાનું કુલ | | રૂ. ૦.૪૪ લાખ |
| | વાઘોડિયા | રૂ. ૪૩.૧૨ લાખ |
| | નસવાડી | રૂ. ૧.૭૧ લાખ |

| | | |
|---|---|---|
| | નસવાડી | રૂ. ૧.૭૧ લાખ |
| જિલ્લાનું કુલ | | રૂ. ૪૪.૮૩ લાખ |
| ૨૦૧૦-૧૧ | | બાકી |

(૪) ક્યા ક્યા તાલુકાઓની રકમ ચૂકવવાની બાકી છે, અને

(૪) કોઈ તાલુકાઓમાં રકમ ચુકવવાની બાકી નથી.

(૫) આ રકમ ક્યારે ચૂકવવામાં આવશે ?

(૫) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**આપત્તિ વ્યવસ્થાપન મંડળ દ્વારા સ્થપાયેલ ઇમરજન્સી રિસ્પોન્સ સેન્ટરો**

૨૨૫૬૩ **: શ્રીમતી વિભાવરીબેન વિ.દવે (ભાવનગર શહેર (ઉત્તર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગુજરાત આપત્તિ વ્યવસ્થાપન સત્તા મંડળ દ્વારા કેટલા ઇમરજન્સી રીસ્પોન્સ સેન્ટરો સ્થાપવામાં આવેલ છે, અને

(૨) આ ઇમરજન્સી રીસ્પોન્સ સેન્ટરો ક્યા ક્યા સ્થળોએ સ્થાપવામાં આવ્યા ?

**જવાબ**

(૧) પાંચ.

(૨) રાજકોટ, સુરત, વડોદરા, ગાંધીનગર, ગાંધીધામ.

--------

**સાબરકાંઠામાં સિનિયર સીવીલ કોર્ટની સ્થાપના**

૨૨૪૫૫ **: શ્રી દિલિપસિંહજી પરમાર (મોડાસા) : માનનીય કાયદો અને ન્યાયતંત્ર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લામાં સિનિયર સિવિલ જજની કોર્ટની સ્થાપના કરવા કોઈ પગલાં લેવામાં આવ્યા છે કે કેમ, અને

(૨) જો હા, તો તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ આ કોર્ટ શરૂ કરવા સરકારે શાં પગલાં લીધા છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) સરકારશ્રીએ સાબરકાંઠા જિલ્લામાં મોડાસા ખાતે સિનિયર સીવીલ જજ અને જે.એમ.એફ.સી.ની સ્વતંત્ર કોર્ટ શરૂ કરવા માટે ન્યાયાધીશ સહિત સહાયક મહેકમની કુલ ૧૨ જગ્યાઓ મંજૂર કરેલ છે. આ કોર્ટ તા.૩૧-૩-૨૦૧૦ ના રોજ કાર્યરત થયેલ છે.

--------

**વાપી, ધરમપુર રાજ્ય ધોરી માર્ગ ચાર માર્ગીય બનાવવા અંગે**

૨૨૩૩૯ **: શ્રી જીતુભાઈ ચૌધરી (મોટા પોંઢા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ વાપી-ધરમપુર રાજ્ય ધોરી માર્ગ ફોરલેન બનાવવાની કાર્યવાહી ક્યા તબક્કે છે, અને

(૨) વાહનવ્યવહારની ગીચતાને ધ્યાને લઈ આ રસ્તાનું કામ સત્વરે પૂર્ણ કરવા શી કાર્યવાહી થઈ?

**જવાબ**

(૧) અને (૨)

ટ્રાફીક ભારણ તથા IRC ના ગાઈડ લાઈન જોતાં હાલ આયોજન નથી.

--------

**પંચમહાલ જિલ્લામાં વિધવા સહાય**

૨૧૯૦૮ **: શ્રી જેઠાભાઈ ભરવાડ (શહેરા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પંચમહાલ જિલ્લામાં તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વિધવા સહાય મેળવતી

**જવાબ**

(૧) પંચમહાલ જિલ્લામાં તા.૩૧-૧૨-૧૦ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વિધવા સહાય મેળવતી

મહિલાઓની સંખ્યા કેટલી છે,

મહિલાઓની સંખ્યા વર્ષવાર નીચે મુજબ છે.

| અ.નં. | વર્ષ | વિધવા સહાય મેળવતી મહિલાઓની સંખ્યા |
|---|---|---|
| (૧) | (૨) | (૩) |
| ૧ | ૨૦૦૮ | ૬,૫૮૨ |
| ૨ | ૨૦૦૯ | ૬,૮૨૪ |
| ૩ | ૨૦૧૦ | ૬,૯૪૮ |

(૨) તે પૈકી મહિલાઓના બચત ખાતા પોષ્ટમાં ચાલતા હોવાથી સહાય પૂરતી રકમ મેળવી શક્તી નથી તેવી ફરિયાદ સરકારને મળેલ છે, અને

(૨) ના, જી.

(૩) જો હા, તો આવી વિધવા મહિલાઓના બચત ખાતા રાષ્ટ્રીયકૃત બેંકો મારફતે ખોલાવી સહાય ચૂકવવા માગો છો કે કેમ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**આપત્તિ વ્યવસ્થાપન મંડળ દ્વારા સંસ્થાઓને વાહનો ફાળવવા અંગે**

૨૨૫૬૫ **: શ્રી ઉપેન્દ્રસિંહ પ્ર.ગોહિલ (વડોદરા (ગ્રામ્ય) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગુજરાત આપત્તિ વ્યવસ્થાપન સત્તા મંડળ ધ્વારા આગ, અકસ્માત કે બીજી કોઈ કુદરતી આપત્તિમાં પ્રતિકાર માટે કેટલા અને ક્યા ક્યા પ્રકારના માટે કેટલા અને ક્યા ક્યા પ્રકારના સાધનો અને વાહનો ઉપલબ્ધ કરવામાં આવેલ છે, અને

(૧) પત્રક મુજબ.

**પત્રક**

**ઉપલબ્ધ કરવામાં આવેલ સાધનો અને વાહનોની વિગત**

| ક્રમ | સાધનો/વાહનો | સંખ્યા |
|---|---|---|
| ૧. | વૉટર બાઉઝર | ૧૨૭ |
| ૨. | મીની ફાયર ટેન્ડર | ૧૨૦ |
| ૩. | શાળાઓમાં ફાળવેલ ફાયર એક્સ્ટીગ્યુસર્સ | ૩૧૭૪૬ |
| ૪. | ૫ કેવીએ યુપીએસ બેકઅપ વીથ ૨૪૦ મીનીટ | ૨૪ |
| ૫. | ૫ કેવીએ યુપીએસ બેકઅપ વીથ ૧૨૦ મીનીટ | ૫ |
| ૬. | ૩૦ કેવીએ યુપીએસ બેકઅપ વીથ ૨૪૦ મીનીટ | ૨ |
| ૭. | હિતાચી સીપીએક્ષ પ્રોજેક્ટર (એચસીએલ) | ૨૬ |
| ૮. | કોમ્પ્યુટર (લેનોવા) | ૨૪ |
| ૯. | પ્રિન્ટર (એચપી લેસર જેટ પ્રિન્ટર પી૧૦૦૭) | ૨૪ |
| ૧૦. | સ્કેનર (એચપી સ્કેન જેટ જી૨૪૧૦) | ૨૪ |
| ૧૧. | ટાટ સુમો વિક્ટા | ૧૪ |
| ૧૨. | પીએસ લોગીંગ યુનીટ | ૧ |
| ૧૩. | ટોટલ સ્ટેશન | ૧ |
| ૧૪. | લેન નેટવર્કીંગ | ૧ |
| ૧૫. | ઈન્ફ્લેટેબલ બોટ | ૧૦ |
| ૧૬. | પોર્ટેબલ ઈન્ફ્લેટેબલ ઈમરજન્સી લાઈટીંગ સીસ્ટમ | ૩૫ |
| ૧૭. | મલ્ટી ફંક્શનલ રેસ્ક્યુ વ્હીકલ | ૭ |
| ૧૮. | યુએસએઆર કન્ટેનર | ૮ |
| ૧૯. | વૉટર ટેન્કર | ૧૬ |
| ૨૦. | ફ્રેમ નર્સર | ૮ |
| ૨૧. | ઈમરજન્સી રેસ્ક્યુ વ્હીકલ | ૧૩ |
| ૨૨. | બ્રીથીંગ એપેરેટસ | ૨૪ |
| ૨૩. | સ્પેર સીલીન્ડર્સ | ૪ |
| ૨૪. | એરલાઈન ઈક્વીપમેન્ટ | ૪ |
| ૨૫. | પોઝીટીવ પ્રેશર વેન્ટીલેટર | ૪ |
| ૨૬. | ઈન્ફ્લેટેબલ ડીકન્ટેઈન્ટ સીસ્ટમ | ૪ |
| ૨૭. | લીક સીલીંગ ઈક્વીપમેન્ટ | ૧૦ |
| ૨૮. | નોન સ્પાર્કીંગ ટુલ્સ | ૫ |
| ૨૯. | મલ્ટી ગેસ કટર | ૭ |
| ૩૦. | વૉટર ટ્રાન્સપોર્ટ યુનિટ | ૨ |
| ૩૧. | પીક-અપ ટ્રક | ૭ |
| | **કુલ** | **૩૨૩૦૭** |

(૨) આ સાધનો અને વાહનો કઈ સંસ્થાઓને ફાળવવામાં આવેલ છે?

(૨) આ સાધનો અને વાહનો કલેકટર કચેરીઓ, મહાનગરપાલિકાઓ, નગરપાલિકાઓ, ઈમરજન્સી રીસ્પોન્સ સેન્ટરો, સરકારી શાળાઓ અને ઈન્સ્ટીટ્યૂટ ઓફ સિસ્મોલોજીકલ રીસર્ચને ફાળવવામાં આવેલ છે.

--------

**ખેડા જિલ્લામાં એન્જીનીયરીંગ કોલેજોમાં ખાલી જગ્યાઓ**

૨૧૨૧૧ **: શ્રી રામસિંહ પરમાર (ઠાસરા)** : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧/૧/૧૧ની સ્થિતિએ ખેડા જિલ્લામાં સરકારી એન્જીનીયરીંગ કોલેજો કઈ કઈ છે, | (૧) ખેડા જીલ્લામાં હાલ કોઈ સરકારી ઈજનેરી કોલેજ કાર્યરત નથી. |
| (૨) તે અન્વયે કોલેજામાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે, | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) કેટલી જગ્યાઓ તે અન્વયે કેટલા સમયથી ખાલી છે, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) આવી ખાલી જગ્યાઓ સત્વરે નહીં ભરવાના કારણો શા છે અને કેટલા સમયમાં આવી જગ્યાઓ ભરવામાં આવશે? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

--------

**આપત્તિ સમયે બચાવ કામગીરી માટે તાલીમ કાર્યક્રમ**

૨૨૫૬૧ **: શ્રી રાકેશ શાહ (એલીસબ્રીજ)** : **માનનીય આપત્તિ વ્યવસ્થાપન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગુજરાત આપત્તિ વ્યવસ્થાપન સત્તા મંડળ દ્વારા પૂર આપત્તિના સમયે અસરકારક બચાવ કામગીરી માટે સ્ટાફને ફ્લડ રીસ્ક્યુ તાલીમ માટે કેટલા તાલીમ કાર્યક્રમો યોજવામાં આવ્યા, | (૧) ૯. |
| (૨) તેમાં કેટલાને તાલીમ આપવામાં આવી, અને | (૨) ૨૭૫. |
| (૩) તે પાછળ કેટલો ખર્ચ થયો ? | (૩) રૂ.૧૭,૮૨,૦૦૦/- |

--------

**સુરત જિલ્લાના રાજ્યધોરી માર્ગને પહોળો કરવા આયોજન**

૨૧૯૩૧**: શ્રી પ્રભુભાઈ વસાવા (સોનગઢ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ સુરત જિલ્લામાંથી માલધાર-ખાંડ-ઉમરપાડા-સાગબારા રાજ્યધોરી માર્ગ કેટલા મીટર પહોળો છે, અને | (૧) ૩.૬૬ મીટર. |
| (૨) આ માર્ગને ૭ મીટર પહોળો કરવા સરકારનું ક્યા પ્રકારનું આયોજન છે ? | (૨) હાલ આયોજન નથી. |

--------

**મહુધા તાલુકામાં સિવિલ કોર્ટની સ્થાપના**

૨૨૪૫૨ **: શ્રી દેવુસિંહ જે.ચૌહાણ (માતર)** : **માનનીય કાયદો અને ન્યાયતંત્ર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ ખેડા જિલ્લાના મહુધા તાલુકા મથકે સિવિલ કોર્ટની સ્થાપના કરવાનું સરકારે આયોજન કરેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |

અને

(૨) જો હા, તો આ કોર્ટ શરૂ કરવા સરકારે શાં પગલાં લીધા છે ?

(૨) સરકારશ્રીએ આ કોર્ટ શરૂ કરવા માટે ન્યાયાધીશ સહિત સહાયક મહેકમની કુલ ૨૧ જગ્યાઓ મંજુર કરેલ છે. આ કોર્ટ તા.૩૧-૩-૨૦૧૦ ના રોજથી કાર્યરત થયેલ છે.

--------

**ભરૂચ અને ભાવનગર જિલ્લાને જોડતા પુલ**

૨૧૬૩૭ **: શ્રી કિરણકુમાર લ.મકવાણા (જંબુસર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાંથી ભાવનગર જિલ્લાને જોડતા દરિયાઇ પુલની સર્વે કામગીરી ક્યારથી શરૂ કરવામાં આવી, | (૧) તા.૭-૨-૯૧ થી સૈધાતિક મંજુરી આપવામાં આવેલ. |
| (૨) આ સર્વે કામગીરી પાછળ તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ કેટલો ખર્ચ થયો, અને | (૨) રૂા.૨,૭૮,૨૨,૦૮૯.૦૦ |
| (૩) પુલની કામગીરી ક્યારથી શરૂ કરવામાં આવશે ? | (૩) પુલનું કામ કલ્પસર યોજના સાથે સંકડાયેલ હોય કલ્પસર યોજનાનો શક્યતાદર્શી અહેવાલ થયા બાદ કેન્દ્ર સરકાર સ્તરેથી વિવિધ મંજુરી મલ્યા બાદ શરૂ કરવાનું આયોજન છે. |

--------

**રાજકોટ જિલ્લા અને શહેરમાં અન્જીનીયરીંગ કોલેજોમાં ખાલી જગ્યાઓ**

૨૧૨૦૬ **: શ્રી જયેશભાઈ વી. રાદડિયા (ધોરાજી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ રાજકોટ શહેર અને જિલ્લામાં સરકારી એન્જીનીયરીંગ કોલેજો કઇ કઇ છે,

(૧)
(૧) સરકારી ઇજનેરી કોલેજ, રાજકોટ.
(૨) એલ.ઇ.કોલેજ, મોરબી.

(૨) તે અન્યવે કોલેજોમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

(૨)

| સંવર્ગ | મંજુર થયેલ મહેકમની સંખ્યા | | |
|---|---|---|---|
| | રાજકોટ | મોરબી | કુલ |
| વર્ગ-૧ | ૩૬ | ૭૩ | ૧૦૯ |
| વર્ગ-૨ | ૫૯ | ૧૦૧ | ૧૬૦ |
| વર્ગ-૩ | ૨૪ | ૧૧૨ | ૧૩૬ |
| વર્ગ-૪ | ૦૪ | ૯૩ | ૯૭ |

(૩) કેટલી જગ્યાઓ તે અન્વયે કેટલા સમયથી ખાલી છે, અને

(૩) ખાલી જગ્યાઓની પરિસ્થિતિ સંવર્ગવાર નીચે મુજબ

છે. **સરકારી ઇજનેરી કોલેજ, રાજકોટ**

| ક્રમ | ૧ વર્ષ સુધીની | ૧ થી ૨ વર્ષ સુધીની | ૨ થી ૩ વર્ષ સુધીની | ૩ વર્ષથી વધુ | કુલ |
|---|---|---|---|---|---|
| વર્ગ-૧ | ૦૧ | ૨૧ | ૦૬ | ૦૨ | ૩૦ |
| વર્ગ-૨ | ૧૦ | ૦૨ | ૦૧ | ૦૦ | ૧૩ |
| વર્ગ-૩ | ૦૩ | ૦૪ | ૦૨ | ૧૦ | ૧૯ |
| વર્ગ-૪ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૨ |
| **કુલ** | **૧૪** | **૨૮** | **૦૯** | **૧૩** | **૬૪** |

**એલ.ઇ.કોલેજ, મોરબી**

| ક્રમ | ૧ વર્ષ સુધીની | ૧ થી ૨ વર્ષ સુધીની | ૨ થી ૩ વર્ષ સુધીની | ૩ વર્ષથી વધુ | કુલ |
|---|---|---|---|---|---|
| વર્ગ-૧ | ૨૧ | ૧૨ | ૦૫ | ૧૬ | ૫૪ |
| વર્ગ-૨ | ૨૩ | ૦૬ | ૦૪ | ૦૩ | ૩૬ |
| વર્ગ-૩ | ૧૪ | ૧૧ | ૦૨ | ૩૩ | ૬૦ |
| વર્ગ-૪ | ૦૨ | ૦૨ | ૧૧ | ૨૧ | ૨૬ |
| કુલ | ૬૦ | ૩૧ | ૧૨ | ૭૩ | ૧૭૬ |

(૪) આવી ખાલી જ્યાઓ સત્વરે નહીં ભરવાના કારણો શા છે અને કેટલા સમયમાં આવી જ્યાઓ ભરવામાં આવશે ?

(૪) વર્ગ-૧ ની જ્યાઓ એ.આઇ.સી.ટી.ઇ. ના નવા સુધારેલ નિયમો મુજબ આચાર્ય અને પ્રાધ્યાપકની જ્યાઓના ભરતી નિયમો આખરી થયેથી જ્યાઓ ભરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.
વર્ગ-૨ના વ્યાખ્યાતાઓની જ્યાઓ ભરવાની કાર્યવાહી ચાલુ છે.
વર્ગ-૩ની કુલ-૨૫૬ જ્યાઓ ભરવા માટેના માંગણીપત્રકો ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળને તા.૧-૨-૧૦ના રોજ મોકલવામાં આવેલ છે.
વર્ગ-૪ની જ્યાઓ આવશ્યક્તા અનુસાર આઉટસોર્સીંગ એજન્સી મારફ્ત ભરવાની કાર્યવાહી વિચારણા હેઠળ છે.

--------

## રાજ્યમાં નવી જેલો

૨૧૮૪૦ **: શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર (મહુધા) : માનનીય જેલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ રાજ્યમાં આવેલી જુદી જુદી જેલોમાં કેદીઓની સંખ્યા વધતાં નવી જેલો બનાવવા અથવા જેલોમાં વિસ્તૃતીકરણ કરવા છેલ્લા બે વર્ષમાં સરકારે ક્યા ક્યા પ્રકારની કાર્યવાહી કરી, અને

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ રાજ્યમાં નીચે જણાવેલ જેલો બનાવવા તથા તેના વિસ્તૃતીકરણ અંગેની કાર્યવાહી કરવામાં આવેલ છે.

૧. ગોંડલ સબ જેલ તા. ૨-૧૦-૨૦૦૮થી નવી સબ જેલ તરીકે કાર્યરત થયેલ છે.

૨. પાલારા(ભુજ) ખાસ જેલ તા. ૨૧-૪-૦૯થી કાર્યાન્વિત કરવામાં આવેલ છે.

૩. મહેસાણા સબ જેલને જિલ્લા જેલમાં રૂપાંતરિત કરી તા. ૨૫-૫-૦૯થી કાર્યરત કરવામાં આવેલ છે.

૪. અમદાવાદ મધ્યસ્થ જેલ ખાતે કાચા કામના આરોપીઓ માટે નવી બંધાયેલ અમદાવાદ મધ્યસ્થ જેલ વિભાગ-૨ તા. ૧૪-૪-૧૦થી કાર્યાન્વિત કરવામાં આવેલ છે.

૫. રાજકોટ જિલ્લા જેલ ખાતે કાચા કામના આરોપીઓ માટે નવી બંધાયેલ રાજકોટ અન્ડરટ્રાયલ જેલનું બાંધકામ

પૂર્ણ થયેલ છે. જે કાર્યાન્વિત કરવાની કાર્યવાહી ચાલી રહેલ છે.

૬. અમરેલી ઓપન જેલ ખાતે બંધાયેલ નવી સબ જેલ તા. ૨૨-૧-૧૧ના રોજ કાર્યરત કરવામાં આવેલ છે.

૭. રાજ્યની જુદી જુદી જેલો પૈકી અમદાવાદ/વડોદરા મધ્યસ્થ જેલ, અમદાવાદ મધ્યસ્થ જેલ વિભાગ-૨, રાજકોટ, જામનગર, મહેસાણા, પાલનપુર જિલ્લા જેલ, અમરેલી ઓપન જેલ તથા હિંમતનગર/નવસારી ભરૂચ/ગોધરા/મોરબી/રાજપીપળા સબ જેલ મળી કુલ ૧૪ જેલોમાં વિસ્તૃતીકરણના ભાગ રૂપે કુલ ૬૯ નવી બેરેક્સ બનાવવામાં આવેલ છે.

(૨) નવી જેલો ક્યા ક્યા સ્થળે બનાવવામાં આવશે ?

(૨) રાજ્યની જેલોમાં ઓવરક્રાઉડીંગની સમસ્યા હલ કરવા માટે સરકારશ્રી દ્વારા નીચે જણાવેલ વિગતે આયોજન કરવામાં આવેલ છે.
(અ) પાટણ, ગલપાદર અને દાહોદ ખાતે દરેકમાં ૨૦૦ કેદીઓની ક્ષમતાવાળી નવી સબ જેલ બનાવવા માટે ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ લી. દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી રહેલ છે.
(બ) લાજપોર (સુરત) ખાતે ૨૫૦૦ કેદીઓની ક્ષમતાવાળી નવી અદ્યતન મધ્યસ્થ જેલ શરૂ કરવાની કાર્યવાહી અંતિમ તબક્કામાં છે.

(ક) વડોદરા મધ્યસ્થ જેલમાં કેદીઓની સમાવેશ સંખ્યા વધારીને ૨૫૦૦ કરવા માટેની કાર્યવાહી ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ લી. દ્વારા હાથ ધરાયેલ છે. જેમાં ૨૦૦ સ્ત્રી કેદીઓની સમાવેશ ક્ષમતાવાળી બેરેક્સનો પણ સમાવેશ કરવામાં આવેલ છે.

(ડ) અમદાવાદ મધ્યસ્થ જેલ ખાતે ૪૦૦ સેલ બનાવવાનું આયોજન છે. જે પૈકી પ્રથમ તબક્કામાં ૨૦૦ સેલનું બાંધકામ ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ લી. દ્વારા શરૂ કરવામાં આવેલ છે.

## લાર્સન એન્ડ ટુબ્રો લી. ને ફાળવેલ જમીન

૨૧૧૭૪ **: શ્રી ઈશ્વરભાઈ ન.વહીઆ (મહુવા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ લાર્સન એન્ડ ટુબ્રો લિ. ને હજીરા જિ. સુરતમાં કુલ કેટલી જમીન ફાળવવામાં આવી છે, અને | (૧) હે. ૨૪૯-૦૬-૯૧ ચો.મી. |
| (૨) આ ફાળવાયેલ જમીનની શરતોનું ઉદ્યોગગૃહ ધ્વારા ઉલ્લંઘન થયેલ છે કે કેમ ? | (૨) હા, જી. |

## જામનગર જિલ્લામાં વાડીનાર એપ્રોચ રોડ

૨૧૭૭૩ **: શ્રી મેઘજીભાઈ કણઝારીયા (ખંભાળીયા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ પોર્ટ ક્નેક્ટિવીટી યોજના હેઠળ જામનગર જિલ્લાના વાડીનાર એપ્રોચ રોડના કામને મંજૂરી આપવામાં આવેલ છે તે હકિક્ત સાચી છે, અને | (૧) હા, જી. |

(૨) જો હા, તો આ કામ ક્યારે પૂર્ણ થનાર છે ?

(૨) જુલાઈ ૨૦૧૧માં કામગીરી પુર્ણ કરવાનું આયોજન છે.

**આપત્તિ વ્યવસ્થાપન મંડળ દ્વારા સ્થપાયેલ ઈમરજન્સી રીસ્પોન્સ સેન્ટરો**

૨૨૫૬૨ **: શ્રી અનિલભાઈ પટેલ (મહેસાણા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગુજરાત આપત્તિ વ્યવસ્થાપન સત્તા મંડળ દ્વારા કેટલા ઈમરજન્સી રીસ્પોન્સ સેન્ટરો સ્થાપવામાં આવેલ છે, અને

(૨) આ ઈમરજન્સી રીસ્પોન્સ સેન્ટરો ક્યા ક્યા સ્થળોએ સ્થાપવામાં આવ્યાં છે ?

**જવાબ**

(૧) પાંચ.

(૨) રાજકોટ, સુરત, વડોદરા, ગાંધીનગર, ગાંધીધામ

--------

**આપત્તિ વ્યવસ્થાપન મંડળ દ્વારા સંસ્થાઓને વાહનો ફાળવવા અંગે**

૨૨૫૬૪ **: શ્રી ભરત બારોટ (દરિયાપુર-કાઝીપુર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગુજરાત આપત્તિ વ્યવસ્થાપન સત્તા મંડળ દ્વારા આગ, અકસ્માત કે બીજી કોઈ કુદરતી આપત્તિના પ્રતિકાર માટે કેટલા અને ક્યા ક્યા પ્રકારના સાધનો અને વાહનો ઉપલબ્ધ કરવામાં આવેલ છે, અને

(૨) આ સાધનો અને વાહનો કઈ સંસ્થાઓને ફાળવવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) પત્રક મુજબ

**ઉપલબ્ધ કરવામાં આવેલ સાધનો અને વાહનોની વિગત**

| ક્રમ | સાધનો/વાહનો | સંખ્યા |
|---|---|---|
| ૧. | વૉટર બાઉઝર | ૧૨૭ |
| ૨. | મીની ફાયર ટેન્ડર | ૧૨૦ |
| ૩. | શાળાઓમાં ફાળવેલ ફાયર એક્સ્ટીંગ્યુસર્સ | ૩૧૭૪૬ |
| ૪. | ૫ કેવીએ યુપીએસ બેકઅપ વીથ ૨૪૦ મીનીટ | ૨૪ |
| ૫. | ૫ કેવીએ યુપીએસ બેકઅપ વીથ ૧૨૦ મીનીટ | ૫ |
| ૬. | ૩૦ કેવીએ યુપીએસ બેકઅપ વીથ ૨૪૦ મીનીટ | ૨ |
| ૭. | હિતાચી સીપીએક્ષ પ્રોજેક્ટર (એચસીએલ) | ૨૬ |
| ૮. | કોમ્પ્યુટર (લેનોવો) | ૨૪ |
| ૯. | પ્રિન્ટર (એચપી લેસર જેટ પ્રિન્ટર પી ૧૦૦૭) | ૨૪ |
| ૧૦. | સ્કેનર (એચપી સ્કેન જેટ જીર૪૧૦) | ૨૪ |
| ૧૧. | ટાટ સુમો વિક્ટા | ૧૪ |
| ૧૨. | પીએસ લોગીંગ યુનીટ | ૧ |
| ૧૩. | ટોટલ સ્ટેશન | ૧ |
| ૧૪. | લેન નેટવર્કીંગ | ૧ |
| ૧૫. | ઈન્ફ્લેટેબલ બોટ | ૧૦ |
| ૧૬. | પોર્ટેબલ ઈન્ફ્લેટેબલ ઈમરજન્સી લાઈટીંગ સીસ્ટમ | ૩૫ |
| ૧૭. | મલ્ટી ફંક્શનલ રેસ્ક્યુ વ્હીકલ | ૭ |
| ૧૮. | યુએસએઆર કન્ટેનર | ૮ |
| ૧૯. | વૉટર ટેન્કર | ૧૬ |
| ૨૦. | ફોમ નર્સર | ૮ |
| ૨૧. | ઈમરજન્સી રેસ્ક્યુ વ્હીકલ | ૧૩ |
| ૨૨. | બ્રીથીંગ એપેરેટસ | ૨૪ |
| ૨૩. | સ્પેર સીલીન્ડર્સ | ૪ |
| ૨૪. | એરલાઈન ઈક્વીપમેન્ટ | ૪ |
| ૨૫. | પોઝીટીવ પ્રેશર વેન્ટીલેટર | ૪ |
| ૨૬. | ઈન્ફ્લેટેબલ ડીકન્ટેઈન્ટ સીસ્ટમ | ૪ |
| ૨૭. | લીક સીલીંગ ઈક્વીપમેન્ટ | ૧૦ |
| ૨૮. | નોન સ્પાર્કીંગ ટુલ્સ | ૫ |
| ૨૯. | મલ્ટી ગેસ કટર | ૭ |
| ૩૦. | વૉટર ટ્રાન્સપોર્ટ યુનીટ | ૨ |
| ૩૧. | પીકઅપ ટ્રક | ૭ |
| | **કુલ** | **૩૨૩૦૭** |

(૨) આ સાધનો અને વાહનો કલેક્ટર કચેરીઓ, મહાનગરપાલિકાઓ, નગરપાલિકાઓ, ઈમરજન્સી રીસ્પોન્સ સેન્ટરો, સરકારી શાળાઓ અને ઈન્સ્ટીટ્યુટ ઓફ સિસ્મોલોજીકલ રીસર્ચને ફાળવવામાં આવેલ છે.

--------

## રાજ્યમાં સી.બી.આઈ.કોર્ટો

૨૨૨૨૦ **: શ્રી ચંદુભાઈ મો.ડાભી (કરજણ) : માનનીય કાયદો અને ન્યાયતંત્ર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ રાજ્યમાં કેટલી સી.બી.આઈ. કોર્ટો કાર્યરત છે, અને

(૨) તે અન્વયે મંજૂર થયેલ મહેકમ અન્વયે સંવર્ગવાર કેટ કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે?

**જવાબ**

(૧) તા.૩૧-૧-૨૦૧૧ ની સ્થિતિએ અમદાવાદ (ગ્રામ્ય)માં ૨ સ્પેશીયલ સેસન્સ કોર્ટ અને ૨ સ્પેશીયલ મેજીસ્ટ્રેટ કોર્ટ કાર્યરત છે.

(૨) પત્રક અ અને બ મુજબ

પત્રક અ મુજબ ૧૪ અને પત્રક બ મુજબ ૦૭ જગ્યાઓ, કોર્ટો કાર્યરત થઈ ત્યારથી.

**પત્રક : અ**

**(બે)સી.બી.આઈ કોર્ટ(એપેલેટ)**

| ક્રમ નં. | જગ્યાનું નામ | મંજૂર થયેલ જગ્યા | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|---|---|
| ૧. | ન્યાયાધિશ | ૪ | ૨ | ૨ |
| ૨. | પી.એ..વર્ગ-૨,અંગ્રેજી સ્ટેનો ગ્રેડ-૨ | ૪ | ૨ | ૨ |
| ૩. | ગુજરાતી સ્ટેનો ગ્રેડ-૧ | ૨ | ૨ | - |
| ૪. | સુપ્રિન્ટેન્ડન્ટ | ૨ | ૨ | - |
| ૫. | સિનિયર ક્લાર્ક | ૨ | - | ૨ |
| ૬. | આસીસ્ટન્ટ | ૮ | ૬ | ૨ |
| ૭. | ટાઈપીસ્ટ-કમ-ક્લાર્ક | ૨ | ૨ | - |
| ૮. | બેલીફ | ૨ | - | ૨ |
| ૯. | હવાલદાર | ૨ | ૨ | - |
| ૧૦. | પટાવાળા | ૬ | ૨ | ૪ |
| ૧૧. | ડ્રાઈવર (વર્ગ-૩) | ૧ | ૧ | - |
| | **કુલ....** | **૩૫** | **૨૧** | **૧૪** |

**પત્રક : બ**

**(બે)સી.બી.આઈ કોર્ટ (ટ્રાયલ)**

| ક્રમ નં. | જગ્યાનું નામ | મંજૂર થયેલ જગ્યા | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|---|---|
| ૧. | ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ | ૨ | ૨ | - |
| ૨. | અંગ્રેજી સ્ટેનો ગ્રેડ-૨ | ૨ | ૧ | ૧ |
| ૩. | ગુજરાતી સ્ટેનો ગ્રેડ-૨ | ૨ | ૨ | - |
| ૪. | હેડ ક્લાર્ક | ૨ | ૨ | - |
| ૫. | સિનિયર ક્લાર્ક | ૪ | ૪ | - |
| ૬. | જુનીયર ક્લાર્ક | ૬ | ૩ | ૩ |
| ૭. | નાયક | ૨ | ૨ | - |
| ૮. | પટાવાળા | ૪ | ૩ | ૧ |
| ૯. | વોટર સર્વર (પાર્ટ ટાઈમ) | ૧ | - | ૧ |
| ૧૦. | સ્વીપર (પાર્ટ ટાઈમ) | ૧ | - | ૧ |
| | **કુલ....** | **૨૬** | **૧૯** | **૦૭** |

--------

## થીઓલીયા વિન્પાવર પ્રા.લિ. ને ફાળવેલ જમીન

૨૧૧૯૦ **: શ્રી મહંમદ જાવેદ પીરઝાદા (વાંકાનેર ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમરેલી જિલ્લામાં તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ થીઓલીયા વિન્પાવર પ્રા.લિ.ને કેટલા ચોરસ મીટર સરકારી પડતર જમીન ક્યારે ફાળવવામાં આવી, અને

(૨) તે પૈકી આ ઉદ્યોગગૃહોને અપાયેલી જમીનની શરતોનો કોઈપણ પ્રકારનો ભંગ થયેલ છે કે કેમ?

**જવાબ**

(૧) હે.૭-૦૦-૦૦ ચો.મી. જમીન તા.૬-૨-૦૮ થી ફાળવવામાં આવી.

(૨) ના, જી.

--------

**અમદાવાદ જિલ્લામાં રાષ્ટ્રીય ધોરીમાર્ગો પર ટોલ બુથો બાબતે**

૨૨૫૮૯ **: શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ જિલ્લામાં રાજ્ય સરકારના વહીવટ હેઠળના ક્યા રાષ્ટ્રીય ધોરી માર્ગો પર તા.૩૧ જાન્યુઆરી-૨૦૧૧ ની સ્થિતિએ કેટલા ટોલ બુથો કાર્યરત છે,

(૨) ઉક્ત સ્થિતિએ ટોલબુથ વાર કેટલી રકમ ટોલટેક્ષ તરીકે વસૂલવી બાકી છે,

(૩) ક્યા ક્યા ટોલબુથ પર ટોલટેક્ષ પૂર્ણ વસૂલ થયેલ હોવા છતાં ટોલબુથ ચાલુ રાખવામાં આવેલ છે, અને

(૪) આવા ગેરકાનૂની ટોલબુથ બંધ કરવા તથા જવાબદારોને શિક્ષા કરવા શી કાર્યવાહી કરવામાં આવેલ છે?

**જવાબ**

(૧) રાષ્ટ્રીય ધોરીમાર્ગ ૮-એ ઉપર બે ટોલ પ્લાઝા કાર્યરત છે.

(૨), (૩) અને (૪) :

ભારત સરકારની Tolling in perpetuity ની નીતી અનુસાર ટોલ સતત અને અવિરત ઉઘરાવવાનો રહે છે, તેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**ગાંધીનગર પંચામૃત ભુવન બનાવવા પાછળ ખર્ચ**

૨૨૦૨૫ **: શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા (પોરબંદર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગાંધીનગર ખાતે પંચામૃત ભુવન ઉભું કરવા રાજ્ય સરકારે ૨૦૧૦ના વર્ષમાં જાહેરાત કરી હતી તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ આ કાર્યવાહી ક્યા તબક્કે છે, અને

(૩) તેની પાછળ કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) અને (૩) :

ક્ન્સેપ્ટ સ્ટેજે છે, તેથી ખર્ચ થયેલ નથી.

--------

**સાબરકાંઠા જિલ્લામાં કિસાન પથ યોજના હેઠળ થયેલ કામો**

૨૨૫૭૫ **: શ્રી અશ્વિન કોટવાલ (ખેડબ્રહ્મા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં કિસાન પથ યોજના હેઠળ રસ્તાના કેટલા કામો મંજૂર કરવામાં આવ્યા,

(૨) આ કામો ઉક્ત સ્થિતિએ ક્યા તબક્કે છે, અને

(૩) તે ક્યારે પૂર્ણ થશે?

**જવાબ**

(૧) તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં કિસાનપથ યોજના હેઠળ રસ્તાના ૩૧ કામો મંજૂર કરવામાં આવ્યા.

(૨) ઉક્ત સ્થિતિએ ૨૮ કામો પૂર્ણ અને ૩ કામો પ્રગતિ હેઠળ છે.

(૩) નિયત સમય મર્યાદામાં પૂર્ણ કરવાનુ આયોજન છે.

**ડાંગ જિલ્લામાં પ્રાથમિક શાળાઓનું વીજળીકરણ**

૨૧૭૭૪ **: શ્રી વિજયભાઈ ૨.પટેલ (ડાંગ-વાંસદા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ડાંગ જિલ્લાની કેટલી પ્રાથમિક શાળાઓમાં વીજળીકરણ કરવામાં આવેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ કેટલી શાળાઓમાં બાકી છે, અને

(૩) બાકી શાળાઓમાં ક્યારે વીજળીકરણ કરવામાં આવશે?

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પ્રાથમિક શાળાઓમાં વીજળીકરણ કરવામાં આવેલ નથી.

(૨) એક પણ નહીં.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## અમદાવાદ શહેરમાં મધ્યાહન ભોજન યોજના હેઠળ ખર્ચ

૨૧૧૯૭ : **શ્રી શૈલેષભાઈ મ.પરમાર (શહેર કોટડા)** : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૧/૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર મધ્યાહન ભોજન યોજના અંતર્ગત અમદાવાદ શહેરમાં કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો,

(૨) વિદ્યાર્થીને કેટલા પ્રમાણમાં કેટલો ખોરાક આપવામાં આવે છે, અને

(૩) વિદ્યાર્થીદીઠ આ કામે કેટલો ખર્ચ કરવામાં આવે છે?

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર નીચે મુજબ કુલ ખર્ચ કરવામાં આવેલ છે.

| વર્ષ | ખર્ચ |
|---|---|
| ૨૦૦૯-૧૦ | ૫,૧૨,૬૬,૨૫૧-૦૦ |
| ૨૦૧૦-૧૧ | ૬,૫૫,૬૮,૫૬૬-૦૦ |
| **કુલ ખર્ચ :** | **૧૧,૬૮,૩૪,૮૧૭-૦૦** |

(૨)

| અ.નં. | ખાદ્ય પદાર્થ | જથ્થો (ગ્રામ/દિવસ/વિદ્યાર્થી) ધો. ૧ થી ૫ | ધો. ૬ થી ૭ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | અનાજ (ઘઉં/ચોખા) | ૧૦૦ | ૧૫૦ |
| ૨ | કઠોળ | ૨૦ | ૩૦ |
| ૩ | શાકભાજી | ૫૦ | ૭૫ |
| | (મરીમસાલા) | જરૂરીયાત પ્રમાણે | |
| ૪ | તેલ | ૧૦ | ૧૦ |
| | **કુલ :** | **૧૮૦** | **૧૮૦** |

(૩) આ કામે વિદ્યાર્થીદીઠ નીચે મુજબ ખર્ચ કરવામાં આવે છે.

| ધો. ૧ થી ૫ | ધો. ૬ થી ૮ |
|---|---|
| રૂ. ૩.૬૫ | રૂ. ૪.૩૧ |

## ૧૭૭/page> ધંધુકા, બરવાળા અને રાણપુર તાલુકામાં બાલિકા સમૃધ્ધિ યોજના હેઠળ આપેલ લાભ

૨૨૦૮૭ : **શ્રી રણછોડભાઈ ક.મેર (ધંધૂકા)** : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં બાલિકા સમૃધ્ધિ યોજના હેઠળ ધંધુકા, બરવાળા અને રાણપુર તાલુકામાં કેટલી બાલિકાઓને લાભ આપવામાં આવ્યો,

(૨) કેટલી બાલિકાઓ આ લાભથી વંચીત છે, અને

(૩) વંચીત રહી ગયેલ બલિકાઓને ક્યારે આ યોજના હેઠળ આવરી લેવાશે?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં બાલિકા સમૃદ્ધિ યોજના હેઠળ ધંધુકા, બરવાળા અને રાણપુર તાલુકામાં નીચે મુજબની બાલિકાઓને લાભ આપવામાં આવેલ છે.

| ક્રમ | ઘટકનું નામ | લાભ આપેલ બાલિકાની સંખ્યા |
|---|---|---|
| ૧ | ધંધુકા | ૧૩૯૭ |
| ૨ | બરવાળા | ૧૨૫ |
| ૩ | રાણપુર | ૬૧૨ |
| | કુલ : | ૨૧૩૪ |

(૨) લાભથી વંચિત બાલિકાઓની સંખ્યા ઘટકવાર નીચે મુજબ છે.

| ક્રમ | ઘટકનું નામ | લાભથી વંચિત બાલિકાની સંખ્યા |
|---|---|---|
| ૧ | ધંધુકા | ૨૪૨ |
| ૨ | બરવાળા | ૧૦૫ |
| ૩ | રાણપુર | ૧૦૭ |
| | કુલ : | ૪૫૪ |

(૩) ટૂંક સમયમાં આવરી લેવામાં આવશે.

## કચ્છ જિલ્લાના બે ગામોને જોડતા રસ્તા

૨૧૮૪૬ **: શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી (અબડાસા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષ દરમિયાન એક ગામથી બીજા ગામને જોડતા ક્યા ક્યા રસ્તા પાકા બનાવવાની કેટલી અરજીઓ આવી,

(૨) આવેલ અરજી અન્વયે ક્યા ક્યા કાચા રસ્તાઓ પાકા બનાવવાનું સરકાર ધ્વારા મંજૂર કરવામાં આવ્યુ અને પૂર્ણ કરવામાં આવ્યું, અને

(૩) બાકી કામો ક્યાં સુધીમાં હાથ ધરાશે?

**જવાબ**

(૧) તાલુકાવાર ***પરિશિષ્ટ-૧** માં દર્શાવેલ કાચા રસ્તાઓને પાકા બનાવવા માટે આવેલ અરજીઓની સંખ્યા નીચે મુજબ છે.

| તાલુકો | અરજીની સંખ્યા | રસ્તાની સંખ્યા |
|---|---|---|
| અબડાસા | ૪૧ | ૪૮ |
| અંજાર | ૨૪ | ૨૪ |
| ભચાઉ | ૨૪ | ૨૪ |
| ભુજ | ૪૨ | ૪૩ |
| ગાંધીધામ | ૫ | ૬ |
| લખપત | ૨૫ | ૩૩ |
| માંડવી | ૧૫ | ૨૦ |
| મુંદ્રા | ૯ | ૯ |
| નખત્રાણા | ૪૧ | ૫૨ |
| રાપર | ૩૫ | ૪૮ |
| કુલ : | ૨૬૧ | ૩૦૭ |

(૨) ***પરિશિષ્ટ-૨** માં દર્શાવેલ તાલુકાવાર રસ્તાઓના મંજુર કરવામાં આવ્યા અને પૂર્ણ કરવામાં આવ્યા.

| તાલુકો | મંજૂર કરેલ રસ્તાની સંખ્યા | પૂર્ણ કરેલ રસ્તાની સંખ્યા |
|---|---|---|
| અબડાસા | ૩૦ | ૨૯ |
| અંજાર | ૧૭ | ૧૭ |
| ભચાઉ | ૧૬ | ૧૩ |
| ભુજ | ૨૯ | ૨૯ |
| તાલુકો | મંજૂર કરેલ રસ્તાની સંખ્યા | પૂર્ણ કરેલ રસ્તાની સંખ્યા |
| ગાંધીધામ | ૦ | ૦ |
| લખપત | ૧૨ | ૧૦ |
| માંડવી | ૧૩ | ૧૩ |
| મુંદ્રા | ૭ | ૫ |
| નખત્રાણા | ૧૮ | ૧૮ |
| રાપર | ૧૮ | ૧૬ |
| કુલ : | ૧૬૦ | ૧૫૦ |

(૩) હાલ આયોજન નથી.

(***પરિશિષ્ટો** સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

## કોડીનાર તાલુકાના હરમડીયા ગામે ટોચ મર્યાદા ધારામાં મળેલ જમીન

૨૧૧૯૩ **: શ્રી ધીરસિંહ બારડ (કોડીનાર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લાના કોડીનાર તાલુકાના હરમડીયા ગામે પંચ મર્યાદા ધારામાં મળેલ જમીનની ૭/૧૨ અને ૮/અ ની નકલો તા.૩૧/૧/૨૦૧૧ની સ્થિતિએ મળેલ નથી તે હકિકત સાચી છે,

(૨) જો હા, તો તા. ૨૧-૧૧-૨૦૦૯ની જિલ્લા ફરીયાદ સમિતિની બેઠકમાં મામલતદાર કોડીનારની સાથે ચર્ચા કરતાં તેઓશ્રી તરફથી ૩ માસમાં કાર્યવાહી પૂર્ણ કરવામાં આવશે તેવું જણાવતાં આ પ્રશ્ન અંતિત કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે, અને

(૩) જો હા, તો ટોચ મર્યાદા ધારામાં મળેલ જમીનના ૭/૧૨ અને ૮/અ ની નકલો ક્યારે આપવામાં આવશે?

**જવાબ**

(૧) જમીનના સાંથણીદારોના નામે ૭/૧૨ અને ૮/અ ની નકલો તા.૩૧-૧-૨૦૧૧ ની સ્થિતિએ મળેલ નથી જે હકિકત સાચી છે.

(૨) હા જી.

(૩) નામદાર ગુજરાત મહેસૂલ પંચના તા.૨૪-૧૨-૯૨ના હુકમ અનુસાર નાયબ કલેક્ટરશ્રી, વેરાવળની કોર્ટમાં ખેત જમીન ટોચ મર્યાદા ધારા હેઠળ કેસનો ચુકાદો આવ્યેથી, તે ચુકાદા અનુસાર આગળની કાર્યવાહી હાથ ધરી શકાશે.

### મધ્યાહન ભોજન યોજના અંતર્ગત ફાળવેલ ગ્રાન્ટ

૨૧૬૫૭ : **શ્રી મોહનસિંહ છો.રાઠવા (પાવી-જેતપુર)** : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મધ્યાહન ભોજન યોજના હેઠળ કેન્દ્ર સરકારે કેટલી ગ્રાન્ટ આપી, | (૧) રૂ. ૪૬૬૫૫.૩૩ લાખ |
| (૨) તે પેકી વડોદરા જિલ્લામાં કેટલી ગ્રાન્ટ ફાળવાઈ, | (૨) રૂ.૨૦૩૮.૬૯ લાખ |
| (૩) કેટલી ગ્રાન્ટ પડતર છે, | (૩) રૂ. ૪૩૮.૧૬ લાખ |
| (૪) કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને | (૪) રૂ. ૧૬૪૧.૩૬ લાખ |
| (૫) આ કામગીરી કોની પાસે કરાવવામાં આવી? | (૫) વડોદરા જિલ્લામાં કુલ ૧૩ તાલુકાઓ પેકી વડોદરા શહેર (તાલુકા) અને વડોદરા ગ્રામ્ય તાલુકાનું સંચાલન ૨૦૧૦-૧૧ ના શૈક્ષણિક વર્ષથી અક્ષયપાત્ર સંસ્થા કરે છે. જ્યારે પાદરા તાલુકાનું સંચાલન તા.૬-૧૨-૧૦ થી અક્ષયપાત્ર સંસ્થાને સોંપવામાં આવેલ છે. બાકીના ૧૦ તાલુકાઓનું સંચાલન મધ્યાહન ભોજન યોજના સંચાલકો મારફતે કરવામાં આવે છે. |

--------

### રાજ્યમાં લેન્ડ રેકર્ડસ ખાતામાં વર્ગ-૧ અને વર્ગ-૨ની ખાલી જગ્યા

**૧૭૯/page>** ૨૨૩૮૬ : **શ્રી દેવજીભાઈ ગો.ફતેપરા (હળવદ)** : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં લેન્ડ રેકર્ડઝ ખાતામાં સને ૨૦૧૧ના જાન્યુ. અંત સુધીમાં વર્ગ-૧ અને વર્ગ-૨ની કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે, | (૧) વર્ગ-૧ .... ૨૯<br>વર્ગ-૨ .... ૧૪૨ |
| (૨) આ જગ્યાઓ પેકી કેટલી જગ્યા ભરેલી છે અને કેટલી ખાલી છે, અને | (૨) |
| (૩) ખાલી જગ્યા ક્યારે અને કેટલા સમયમાં ભરવામાં આવશે? | (૩) બનતી ત્વરાએ. |

| | ભરેલ જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|
| વર્ગ-૧ | ૧૭ | ૧૨ |
| વર્ગ-૨ | ૪૬ | ૯૬ |

--------

### ખેડા જિલ્લાના દેવથી આગારવાડા વીલાણીયા રસ્તાનું દુરસ્તીકામ

૨૧૬૬૯ : **શ્રી માનસિંહ ચૌહાણ (બાલાસિનોર)** : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ ખેડા જિલ્લાના બાલાસિનોર તાલુકાના દેવથી આગારવાડા વીલણીયા રસ્તો જે બે જિલ્લાઓને જોડતો ધોરીમાર્ગ બિલકુલ બિસ્માર હાલતમાં છે, તેની સરકારને જાણ છે ખરી, અને | (૧) વાહન વ્યવહાર યોગ્ય છે. |
| (૨) જો હા, તો આ રસ્તાની દુરસ્તીનું કામ સરકાર ક્યારે હાથ ધરવા માંગે છે? | (૨) રૂ. ૧૮૦ લાખની મંજુરી તાજેતરમાં આપવામાં આવેલ છે. શક્ય એટલું વહેલું હાથધરી પુર્ણ કરવામાં આવશે. |

--------

## ખેડા જિલ્લામાં ટ્રેક્ટર સહાય માટે અરજીઓ

૨૧૮૦૨ **: શ્રી કનુભાઈ ડાભી (કઠલાલ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ ખેડા જિલ્લામાં ત્રણ વર્ષમાં ખેડૂતોની ટ્રેક્ટર સહાય મેળવવા માટે કેટલી અરજીઓ આવી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી,

(૩) કેટલી અરજીઓ પડતર છે, અને

(૪) પડતર અરજીઓનો નિકાલ ક્યારે કરવામાં આવશે?

**જવાબ**

(૧) ૬૨૨.

(૨) ૧૪૫.

(૩) ૪૭૭.

(૪) વર્ષવાર મળતા લક્ષ્યાંક્ની મર્યાદામાં નિકાલ કરવામાં આવેલ છે.

## નવસારી અને વલસાડ જિલ્લામાં તુમારોનો ભરાવો

૨૧૯૪૩ **: શ્રી છનાભાઈ ચૌધરી (ધરમપુર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ ક્લેક્ટર ક્ચેરી નવસારી અને વલસાડ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તુમારોનો કેટલો ભરાવો થયેલ છે,

(૨) તે અન્વયે વર્ષવાર ધારાસભ્યો/સંસદસભ્યો અને આમ જનતાના તુમારોનો કેટ કેટલો નિકાલ થયો, અને

(૩) તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ કેટલા તુમારો બાકી છે?

**જવાબ**

(૧) તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવસારી કલેકટર ક્ચેરીમાં છેલ્લા કુલ-૫૨૭ તુમારો તથા વલસાડ જિલ્લામાં કુલ-૬૩૭૭ તુમારો છે.

(૨)

| | તા.૧-૨-૦૯ થી તા.૩૧-૧-૧૦ સુધીના તુમારોના નિકાલની સંખ્યા | | | તા.૧-૨-૧૦ થી તા.૩૧-૧-૧૧ સુધીના તુમારોના નિકાલની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|
| | ધારા સભ્યશ્રી | સંસદ સભ્યશ્રી | આમ જનતા | ધારા સભ્યશ્રી | સંસદ સભ્યશ્રી | આમ જનતા |
| નવસારી | ૦ | ૦ | ૧૪૭ | ૦ | ૦ | ૧૧૯ |
| વલસાડ | ૦ | ૦ | ૧૬૮૪ | ૦ | ૦ | ૨૮૬૭ |

(૩) તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ નવસારી કલેકટર ક્ચેરી ખાતે કુલ-૨૬૧ તથા વલસાડ જિલ્લામાં કુલ ૧૮૨૬ તુમારો બાકી છે.

## સતલાસણા તાલુકા મથકે સિવિલ કોર્ટની સ્થાપના

૨૨૪૪૭ **: શ્રી ભરતસિંહજી શં.ડાભી (ખેરાલુ) : માનનીય કાયદો અને ન્યાયતંત્ર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ મહેસાણા જિલ્લાના સતલાસણા તાલુકા મથકે સરકાર સિવિલ કોર્ટની સ્થાપના કરવાનું સરકારે આયોજન કરેલ છે તે વાત સાચી છે, અને

(૨) જો હા, તો આ કોર્ટ શરૂ કરવા સરકારે શાં પગલાં લીધા છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) સરકારશ્રીએ આ કોર્ટ શરૂ કરવા માટે ન્યાયાધીશ સહિત સહાયક મહેકમની કુલ ૨૧ જ્ગ્યાઓ મંજુર કરેલ છે. આ કોર્ટ તા.૩૧-૩-૨૦૧૦ ના રોજ કાર્યરત થયેલ છે.

--------

## આદિવાસી વિસ્તારની સરકારી માધ્યમિક શાળાઓને સહાયક અનુદાન શાળામાં ફેરવવા અંગે

૨૨૫૦૦ **: ડૉ. અનિલ જોષીયારા. (ભીલોડા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નાણાકીય વર્ષ ૨૦૧૦-૧૧માં આદિવાસી વિસ્તારની કેટલી બિન સરકારી માધ્યમિક શાળાઓને સહાય અનુદાન લેતી શાળાઓમાં ફેરવવાનું આયોજન હતું, | (૧) ૫૦(પચાસ). |
| (૨) એના માટે બજેટમાં શું જોગવાઇ હતી, | (૨) રૂ.૪૪.૨૦ લાખ. |
| (૩) ઉક્ત નાણાકીય વર્ષમાં તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ કઇ કઇ બિન-સરકારી માધ્યમિક શાળાઓને સહાયક અનુદાન લેતી શાળાઓમાં ફેરવવામાં આવી, અને | (૩) એકપણ નહીં. |
| (૪) બાકીની શાળાઓને ક્યાં સુધી આનો લાભ મળશે ? | (૪) સરકારશ્રીની નીતિવિષયક બાબત છે. |

--------

## રાજ્યમાં વાયબ્રન્ટ સમિટમાં ઉદ્યોગકારો દ્વારા જમીનની માંગણી

૨૧૨૨૬ **: શ્રી ભગવાનભાઈ ધા.બારડ (તાલાલા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સને ૨૦૦૩ અને ૨૦૦૫ના વર્ષમાં રાજ્યમાં યોજાયેલ વાયબ્રન્ટ સમિટમાં ક્યા ક્યા ઉદ્યોગકારોએ તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ ઉદ્યોગો માટે કેટલી જમીનની માંગણી કરી, અને | (૧) સાથે સામેલ પત્રક્ના કોલમ-૩માં ઉદ્યોગકારનું નામ, માંગણી કરેલ જમીનની વિગત કોલમ-૪ મુજબ. |
| (૨) તે અન્વયે ક્યા ક્યા ઉદ્યોગોને કેટલી જમીન શા ભાવે આપવામાં આવી છે? | (૨) ફાળવેલ જમીનની વિગત સાથે સામેલ પત્રક્ના કોલમ-૫ માં, ભાવની વિગત કોલમ-૬ મુજબ. |

**પત્રક**

| ક્રમ | જિલ્લાનું નામ | એકમ તરફથી મળેલ અરજી/એકમનું નામ | ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. | મંજુરીની વિગત | |
|---|---|---|---|---|---|
| | | | | ફાળવેલ જમીન હે.આરે.ચો.મી. | જમીનના ભાવ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | નવસારી | ૧ : મેક્ષો ઈન્ડીયા ફાર્મા કેમ.પ્રા.લી. | ૪-૧૭-૭૩ | ૦ | ૦ |
| | | ૨ : એન.જી.ફાઉન્ડેશન | ૫૭૩-૦૦-૦૦ | ૦ | ૦ |
| | | ૩ : દત્ત એકવાકલ્ચર ફાર્મસ પ્રા.લી. | ૧૦૦-૦૦-૦૦ | ૧૦૦-હેકટર | ભાડે હેકટરના વાર્ષિક રૂા.૧૦૦૦/- |
| ૨ | સુરત | ૧ : જૈન મેડીકલ એન્ડ રીસર્ચ ઈન્સ્ટીટ્યુટ | ૪-૨૪-૦૦ | - | - |
| | | ૨ : ગુજરાત હીરા બુર્શ, | ૧૨-૪૮-૩૪ | ૮-૮૦-૧૭ | ૨૯૦/- |
| | | ૩ : ધી સર્ધન ગુજરાત ચેમ્બર ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ ડેવ. સેન્ટર | ૧૩-૦૦-૦૦ | ૧૨-૯૪-૪૮ | ૧૫૦/- |
| | | ૪ : છત્રાલા ઈન્ડીયા હોટલ્સ ગૃપ | ૧૦-૦૦-૦૦ | | |
| | | ૫ : હોટલ રવિ ઈન્ટરનેશનલ પ્રા.લી. | ૧૭-૮૭-૦૦ | | |
| | | ૬ : નો એક્ઝીટ આઈલેન્ડ એન્ડ રીસોર્ટ, | ૩૧૬-૦૧-૦૭ | | |
| | | ૭ : વસુંધરા ખાદી ગ્રામ ઉદ્યોગ, | ૧૧૦-૮૮-૪૫ | | |
| | | ૮ : એસ્સાર પાવર લી. | ૧૨૦-૦૦-૦૦ | | |
| | | ૯ : એસ્સાર સ્ટીલ લી. | ૨-૮૯-૩૪ | | |
| ૩ | ખેડા | માર્ક બાયોસાયન્સ લિ. | | ૪૬૮૭ | ૩૦૦/- |
| ૪ | અમદાવાદ | ૧ : ભારત હોટલ્સ પ્રા.લી. | ૨-૧૩-૦૦ | ૨-૧૩-૦૦ | ૩૪૭૦/- |
| | | | ૦-૪૪-૨૪ | ૦-૪૪-૨૪ | ૬૮૦૦/- |
| | | ૨ : શિવશિવા એગ્રો બીઝનેશ સર્વીસ | - | - | - |
| | | ૩ : ધ્રુવ માખન ઈન્ડીયા લી. | - | - | - |
| ૫ | ગાંધીનગર | ૧ : અરવિંદ મીલ્સ લિ. | ૦-૨૧-૪૦ | ૦-૨૧-૪૦ | ૯૦૦/- |
| | | ૨ : કલ્પતરૂ પાવર ટ્રાન્સમીશન. | - | - | - |
| | | ૩ : દિપકિરણ ફૂડસ પ્રા.લી. | - | - | - |
| | | ૪ : અરવિંદ મીલ્સ લિ. | | - | - |
| ૬ | સાબરકાંઠા | ૦ | | ૦ | ૦ |
| ૭ | મહેસાણા | ૧. તિરૂપતિ નેચરલ પાર્ક, | ૬-૦૦-૦૦ | - | - |
| | | ૨. તિરૂપતિ નેચરલ પાર્ક, | ૧૯-૬૦-૯૩ | - | - |
| | | ૩. નોબલ ઈન્ડ., | ૧૭-૩૭-૩૬ | - | - |
| | | ૪. તિરૂપતિ સર્જન લી. | - | - | - |
| ૮ | ક્ચ્છ | ૧ : આર્ચિયન કેમીક્લ્સ | ૪૦૦૨૧-૦૦-૦૦ | ૨૪૦૦૦-૦૦-૦ | હેક્ટર દિઠ વાર્ષિક રૂા.૧૫૦/ભાડું |
| | | | | | ૯૦/- |
| | | ૨ : ક્ચ્છ સ્ટીલ પ્રા.લી. | ૩-૯૨-૫૪ | ૩-૯૨-૫૪ | ૬૫/- |
| | | ૩ : સાલ સ્ટીલ લી. | ૧૩-૬૭-૮૫ | ૧૩-૬૭-૮૫ | |
| ૯ | પોરબંદર | સુઝલોન એનર્જી લી. | ૧૨૬-૨૩-૦૦ | ૧૨૬-૨૩-૦૦ | ભાડે હેક્ટરના વાર્ષિક રૂા.૧૦,૦૦૦/- |
| ૧૦ | જુનાગઢ | અંબુજા સિમેન્ટ કંપ. | ૧-૩૭-૩૧ | ૧-૩૭-૩૧ | ૬૯/- |
| | | | ૨-૨૦-૭૮ | ૨-૨૦-૭૮ | ૬૦/- |

| ક્રમ | જિલ્લાનું નામ | એકમ તરફથી મળેલ અરજી/એકમનું નામ | ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. | મંજુરીની વિગત | |
|---|---|---|---|---|---|
| | | | | ફાળવેલ જમીન હે.આરે.ચો.મી. | જમીનના ભાવ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| | | | ૨-૨૭-૩૨ | ૨-૨૭-૩૨ | ૬૦/- |
| | | | ૫-૪૬-૩૪ | ૫-૪૬-૩૪ | ૬૫/- |
| | | | ૦-૩૩-૭૯ | ૦-૩૩-૭૯ | ૬૦/- |
| | | | ૭-૫૩-૫૭ | ૭-૫૩-૫૭ | ૫૫/- |
| | | | ૨૮-૭૬-૫૨ | ૨૮-૭૬-૫૨ | ૬૦/- |
| | | | ૨-૯૦-૫૫ | ૨-૯૦-૫૫ | ૬૫/- |
| | | | ૦-૮૦-૯૪ | ૦-૮૦-૯૪ | ૮૭/- |
| ૧૧ | રાજકોટ | જેતપુર ઈન્ટીગ્રેટેડ ટેક્ષટાઈલ્સ પાર્ક | ૮૭-૦૦-૦૦ | ૮૭-૦૦-૦૦ | ૫૩/- |
| ૧૨ | ભાવનગર | નિરમા લી. | ૨૮૦-૮૯-૪૨ | ૨૬૮-૮૬-૫૨ | ૬૧.૩૫ |
| | | જી.પી.સી.એલ. | ૬૭-૯૮-૦૬ | ૬૭-૯૮-૦૬ | ૪૬/- |

---------

## ધોળકા ખાતે તાલુકા સેવા સદનની કામગીરી

૨૨૫૬૮ **: શ્રી કાંતિલાલ ૨ા. લકુમ (બાવળા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ જિલ્લામાં ધોળકા ખાતે તાલુકા સેવા સદનની કામગીરી તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને

(૨) આ કામગીરી ક્યારે પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) આર.સી.સી. કામ તથા ચણતર કામ પૂર્ણ. પ્લાસ્ટર, ફ્લોરીંગ, બારી બારણા તથા પાણી પુરવઠા જેવી ફીનીશીંગ કામગીરી પ્રગતિમાં છે.

(૨) નવેમ્બર-૨૦૧૧માં પૂર્ણ કરવાનું આયોજન છે.

--------

## આંગણવાડી કાર્યકર અને તેડાગર બહેનોને માસિક વેતન

૨૨૦૫૬ **: શ્રી અમરસિંહ વસાવા (દેડીયાપાડા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ રાજ્યમાં આંગણવાડી કાર્યકર બહેનો અને તેડાગર બહેનોને માસીક વેતન કેટલું ચૂકવવામાં આવે છે,

(૨) છેલ્લે આ વેતનમાં ક્યારે વધારો કરવામાં આવેલ, અને

(૩) તે અન્વયે આંગણવાડી બહેનો અને તેડાગર બહેનોના વેતન અન્વયે કેન્દ્ર સરકાર કેટલી રકમ ફાળવે છે અને રાજ્ય સરકાર કેટલી રકમ ફાળવે છે?

**જવાબ**

(૧) તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ રાજ્યમાં આંગણવાડી કાર્યકર બહેનો અને તેડાગર બહેનોને માસીક નીચે મુજબનું વેતન ચૂકવવામાં આવે છે.

| અ. નં. | વેતનની વિગત | ભારત સરકારના ફંડમાંથી | ગુજરાત સરકારના ફંડમાંથી | કુલ રકમ |
|---|---|---|---|---|
| આંગણવાડી કાર્યકર | | | | |
| ૧ | નોન મેટ્રીક | રૂ.૧૪૩૮ | રૂ.૧૦૦૦ | રૂ.૨૪૩૮ |
| ૨ | નોન મેટ્રીક (૫ વર્ષનો અનુભવ) | રૂ.૧૪૬૯ | રૂ.૧૦૦૦ | રૂ.૨૪૬૯ |
| ૩ | નોન મેટ્રીક (૧૦ વર્ષનો અનુભવ) | રૂ.૧૫૦૦ | રૂ.૧૦૦૦ | રૂ.૨૫૦૦ |
| ૪ | મેટ્રીક | રૂ.૧૫૦૦ | રૂ.૧૦૦૦ | રૂ.૨૫૦૦ |
| ૫ | મેટ્રીક (૫ વર્ષનો અનુભવ) | રૂ.૧૫૩૧ | રૂ.૧૦૦૦ | રૂ.૨૫૩૧ |
| ૬ | મેટ્રીક (૧૦ વર્ષનો અનુભવ) | રૂ.૧૫૬૩ | રૂ.૧૦૦૦ | રૂ.૨૫૬૩ |
| મીની આંગણવાડી કાર્યકર | | રૂ.૭૫૦ | રૂ.૨૫૦ | રૂ.૧૦૦૦ |
| આંગણવાડી તેડાગર | | રૂ.૭૫૦ | રૂ.૫૦૦ | રૂ.૧૨૫૦ |

(૨) તા.૨૯-૪-૨૦૧૦ના ઠરાવથી તા.૧-૫-૨૦૧૦ ની અસરથી નીચે મુજબ વધારો કરવામાં આવેલ છે.

(૧) આંગણવાડી કાર્યકર -રૂ.૫૦૦

(૨) આંગણવાડી તેડાગરને -રૂ.૨૫૦

(૩) મીની.આંગણવાડી કાર્યકરને -રૂ.૨૫૦

(૩) તે અન્વયે આંગણવાડી કાર્યકર બહેનો અને તેડાગર બહેનોના વેતન અન્વયે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર નીચે મુજબની રકમ ફાળવે છે.

| અ. નં. | વેતનની વિગત | ભારત સરકારના ફંડમાંથી | ગુજરાત સરકારના ફંડમાંથી | કુલ રકમ |
|---|---|---|---|---|
| આંગણવાડી કાર્યકર | | | | |
| ૧ | નોન મેટ્રીક | રૂ.૧૪૩૮ | રૂ.૧૦૦૦ | રૂ.૨૪૩૮ |
| ૨ | નોન મેટ્રીક (૫ વર્ષનો અનુભવ) | રૂ.૧૪૬૯ | રૂ.૧૦૦૦ | રૂ.૨૪૬૯ |

| | | | | |
|---|---|---|---|---|
| ૨ | નોન મેટ્રીક (૫ વર્ષનો અનુભવ) | રૂ.૧૪૬૯ | રૂ.૧૦૦૦ | રૂ.૨૪૬૯ |
| ૩ | નોન મેટ્રીક (૧૦ વર્ષનો અનુભવ) | રૂ.૧૫૦૦ | રૂ.૧૦૦૦ | રૂ.૨૫૦૦ |
| ૪ | મેટ્રીક | રૂ.૧૫૦૦ | રૂ.૧૦૦૦ | રૂ.૨૫૦૦ |
| ૫ | મેટ્રીક (૫ વર્ષનો અનુભવ) | રૂ.૧૫૩૧ | રૂ.૧૦૦૦ | રૂ.૨૫૩૧ |
| ૬ | મેટ્રીક (૧૦ વર્ષનો અનુભવ) | રૂ.૧૫૬૩ | રૂ.૧૦૦૦ | રૂ.૨૫૬૩ |
| મીની આંગણવાડી કાર્યકર | | રૂ.૭૫૦ | રૂ.૨૫૦ | રૂ.૧૦૦૦ |
| આંગણવાડી તેડાગર | | રૂ.૭૫૦ | રૂ.૫૦૦ | રૂ.૧૨૫૦ |

--------

## સુરત જિલ્લા અને શહેરમાં એન્જીનીયરીંગ કોલેજોમાં ખાલી જ્ગ્યાઓ

૨૧૨૧૭ **: શ્રી પુનાભાઈ ધે. ગામીત (વ્યારા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૧/૧૧ની સ્થિતિએ સુરત શહેર અને જિલ્લામાં સરકારી એન્જીનીયરીંગ કોલેજો કઈ કઈ છે,

(૨) તે અન્વયે કોલેજોમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

(૩) કેટલી જ્ગ્યાઓ તે અન્વયે કેટલા સમયથી ખાલી છે, અને

(૪) આવી ખાલી જ્ગ્યાઓ સત્વરે નહીં ભરવાના કારણો શા છે અને કેટલા સમયમાં આવી જ્ગ્યાઓ ભરવામાં આવશે?

**જવાબ**

(૧) સરકારી ઈજનેરી કોલેજ, સુરત

(૨)

| સંવર્ગ | મંજૂર થયેલ મહેકમ |
|---|---|
| વર્ગ-૧ | ૪૬ |
| વર્ગ-૨ | ૬૬ |
| વર્ગ-૩ | ૨૪ |
| વર્ગ-૪ | ૦૦ |

(૩) ખાલી જ્ગ્યાઓની પરિસ્થિતિ સંવર્ગવાર નીચે મુજબ છે.

| **ક્રમ** | **૧ વર્ષ સુધીની** | **૧ થી ૨ વર્ષ સુધીની** | **૨ થી ૩ વર્ષ સુધીની** | **૩ વર્ષથી વધુ** | **કુલ** |
|---|---|---|---|---|---|
| વર્ગ-૧ | ૦૮ | ૨૧ | ૦૬ | ૦૨ | ૩૭ |
| વર્ગ-૨ | ૧૦ | ૧૨ | ૦૪ | ૦૩ | ૨૯ |
| વર્ગ-૩ | ૦૨ | ૦૪ | ૦૨ | ૧૧ | ૧૯ |
| વર્ગ-૪ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| **કુલ :** | **૨૦** | **૩૭** | **૧૨** | **૧૬** | **૮૫** |

(૪) વર્ગ-૧ ની જ્ગ્યાઓ એ.આઈ.સી.ટી.ઈ.ના નવા સુધારેલ નિયમો મુજબ આચાર્ય અને પ્રાધ્યાપકની જ્ગ્યાઓના ભરતી નિયમો આખરી થયેથી જ્ગ્યાઓ ભરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.
વર્ગ-૨ના વ્યાખ્યાતાઓની જ્ગ્યાઓ ભરવાની કાર્યવાહી ગુજરાત જાહેર સેવા આયોગના પરામર્શમાં ચાલુ છે.
વર્ગ-૩ની કુલ-૨૫૬ જ્ગ્યાઓ ભરવા માટેના માંગણીપત્રકો ગુજરાત ગોણ સેવા પસંદગી મંડળને તા.૧-૨-૧૦ના રોજ મોકલવામાં આવેલ છે.
વર્ગ-૪ની જ્ગ્યાઓ આવશ્યકતા અનુસાર આઉટ સોર્સીંગ એજન્સી મારફત ભરવાની કાર્યવાહી વિચારણા હેઠળ છે.

## રાજ્યમાં રાઈટ ટુ એજ્યુકેસન એક્ટનો અમલ

૨૨૫૦૫ **: શ્રી અમીતભાઈ ચાવડા (બોરસદ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૧/૧૧ની સ્થિતિએ રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ રાજ્યમાં ક્યારથી અમલમાં છે,

(૨) આ એક્ટમાં ખાનગી શાળાઓમાં ગરીબ

**જવાબ**

(૧) ભારત સરકારના બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ-૨૦૦૯ નો તા.૧-૪-૨૦૧૦ થી અમલમાં છે.

(૨) હા, જી.

| | |
|---|---|
| બાળકો માટે અનામત સીટોની જોગવાઈ છે કે કેમ, અને | |
| (૩) જો હા, તો તેનો અમલ કરાવવા શાં પગલાં લેવામાં આવેલ છે? | (૩) નિયમો બનાવવાની કામગીરી ચાલુમાં છે. |

**તટરક્ષક દળને જમીન આપવા બાબત**

૨૦૬૮૨ **: શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યના દરિયા કિનારે સુરક્ષા મજબુત બનાવવા કેન્દ્ર સરકારનાં તટરક્ષક દળનું વડુ મથક ગુજરાતમાં અપાયું છે તે હકીક્ત સાચી છે, | (૧) હા જી. |
| (૨) તટરક્ષક દળ યુનીટની માગણી અનુસારની જમીન તા.૩૧/૧૨/૧૦ની સ્થિતિએ આપી શકાઈ નથી તે હકીક્ત સાચી છે, અને | (૨) હા જી. |
| (૩) જો હા, તો સરહદી સુરક્ષાને ધ્યાનમાં રાખી તટરક્ષક દળની જમીનની માગણીને અગ્રતા આપવામાં આવશે કે કેમ? | (૩) હા જી. |

**વડગામ અને ધાનેરા તાલુકામાં સિવિલ કોર્ટની સ્થાપના**

૨૨૪૫૦ **: શ્રી મફતલાલ મો.પુરોહિત (ધાનેરા) : માનનીય કાયદો અને ન્યાયતંત્ર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૧૦ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના વડગામ અને ધાનેરા તાલુકા મથકે સરકાર સિવિલ કોર્ટની સ્થાપના કરવા માંગે છે કે કેમ, અને | (૧) હા જી. |
| (૨) જો હા, તો આ કોર્ટ શરૂ કરવા સરકારે શાં પગલાં લીધા છે? | (૨) સરકારશ્રીએ બનાસકાંઠા જિલ્લાના વડગામ અને ધાનેરા તાલુકા મથકે સિવિલ કોર્ટોની સ્થાપના કરવા માટે ન્યાયાધીશો સહિત સહાયક મહેકમની કુલ ૨૯ જગ્યાઓ મંજુર કરેલ છે. આ બન્ને કોર્ટો અનુક્રમે તા.૧૪-૮-૨૦૧૦ અને તા.૨૦-૩-૨૦૧૦ના રોજ કાર્યરત થયેલ છે. |

--------

**દાહોદ જિલ્લામાં કૃષિ મેળાઓ**

૨૧૧૮૩ **: શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા (લીમખેડા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં ક્યા ક્યા સ્થળે કૃષિ મેળા યોજવામાં આવ્યા, | (૧) ખેડૂત તાલીમ કેન્દ્ર દાહોદ. |
| (૨) આ મેળા પાછળ કુલ કેટલો ખર્ચ થયો, અને | (૨) રૂ. ૫૧,૪૨૬/-. |
| (૩) આ કૃષિ મેળા દ્વારા ખેડૂતોને ક્યા ક્યા પ્રકારના લાભો આપવામાં આવ્યા? | (૩) કૃષિ લક્ષી માર્ગદર્શન તેમજ ક્વીઝના વિજેતા ખેડૂતોને વાસણ અને ખેતીલક્ષી પુસ્તીકા. |

--------

**ધારી-વિસાવદર રસ્તાના સુધારણા પાછળ ખર્ચ**

૨૨૫૫૯ **: શ્રી મનસુખભાઈ પાં.ભુવા (ધારી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) જૂનાગઢ જિલ્લાના ધારી-વિસાવદર રસ્તાને સુધારણાનું કામ તા.૨૪-૨-૧૧ની સ્થિતિએ ચાલુ છે તે ક્યારે પૂર્ણ થનાર છે, | (૧) તા.૨૫-૧૦-૧૧ના પૂર્ણ કરવાનું આયોજન છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ આ કામ પાછળ કેટલો ખર્ચ થયેલ છે, અને | (૨) રૂ.૧૩૦.૬૭ લાખ. |

| | |
|---|---|
| (૩) આ કામગીરીનો અંદાજીત ખર્ચ કેટલો થશે? | (૩) રૂ.૧૨૦૦.૦૦ લાખ. |

--------

**ઉમરગામ તાલુકામાં આંગણવાડીના મકાનો**

૨૨૩૪૦ **: શ્રી જીતુભાઈ ચૌધરી (મોટા પોંઢા) : માનનીય મહિલા અને બાળકલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ ઉમરગામ તાલુકામાં કેટલી આંગણવાડીઓને પોતાના મકાનો નથી, | (૧) ૧૨૮. |
| (૨) કેટલી આંગણવાડીઓ ભાડાના મકાનમાં કાર્યરત છે, અને | (૨) કોઈ આંગણવાડી ભાડાના મકાનમાં કાર્યરત નથી. |
| (૩) જે આંગણવાડીઓને પોતાના મકાન નથી તેમને મકાન આપવા સરકારે શી કાર્યવાહી કરી ? | (૩) રાજ્ય સરકારની વિવિધ યોજના હેઠળ ૧૯ આંગણવાડી કેન્દ્રોનું કામ પ્રગતિમાં છે, ૬૪ કેન્દ્રોના બાંધકામનું આયોજન કરવામાં આવેલ છે. જ્યારે ૪૫ કેન્દ્રો માટે જમીન ઉપલબ્ધ થયેથી તબક્કાવાર આયોજન કરવામાં આવશે. |

**શહેરા-વાઘજીપુરા રસ્તાની સુધારણા**

૨૨૫૬૭ **: શ્રી જેઠાભાઈ ભરવાડ (શહેરા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સરકાર પંચમહાલ જિલ્લામાં શહેરા-વાઘજીપુરા રોડની સુધારણા કરવા કોઈ વિચારણા થઈ છે કે કેમ, | (૧) અને (૨) : હા, જી, મંજૂરી માટે વિચારણા હેઠળ છે. |
| (૨) જો હા, તો આ કામ ક્યારે મંજૂર કરવામાં આવ્યુ, | |
| (૩) આ કામ ક્યારે શરૂ કરવામાં આવશે, અને | (૩) વહીવટી પ્રક્રિયા પૂર્ણ કરી શક્ય એટલું વહેલું. |
| (૪) આ કામ પાછળ અંદાજિત કેટલો ખર્ચ થશે? | (૪) રૂ.૫૦૦.૦૦ લાખ. |

**રાજ્યમાં ખેડૂતોને અપાતા બી.ટી. કોટનના બિયારણ**

૨૨૨૧૯ **: શ્રી રામસિંહ પરમાર (ઠાસરા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ રાજ્યમાં ખેડૂતોને અપાતા બી.ટી.કોટનના બિયારણ બી.ટી.બોલગાર્ડ અને બોલગાર્ડ-૨ના ભાવો છેલ્લે ક્યારે અને કેટલા નક્કી કરેલા છે, | (૧) સરકારશ્રીના તા.૧૧-૬-૨૦૦૮ ના નોટીફીકેશનથી બોલગાર્ડ-૧ ના રૂ.૬૫૦/- અને બોલગાર્ડ-૨ ના રૂ.૭૫૦/- પ્રતિ પેકેટ (૪૫૦ ગ્રામ). |
| (૨) આ બિયારણ કઈ કંપની તરફથી ખેડૂતોને શા ભાવે આપવામાં આવે છે, અને સરકાર આ કંપનીને કોઈ સબસીડી ચૂકવે છે કે કેમ, અને | (૨) બિયારણ ઉત્પાદક કંપનીઓ ધ્વારા આ બિયારણો બોલગાર્ડ-૧ ના રૂ.૬૫૦/- અને બોલગાર્ડ-૨ ના રૂ.૭૫૦/- પ્રતિ પેકેટ (૪૫૦ ગ્રામ) ના ભાવે ખેડૂતોને આપવામાં આવે છે અને સરકારશ્રી આ બાબતે કોઈ સબસીડી ચૂકવતી નથી. |
| (૩) આ કંપનીને ભાવ વધારો કરવા સરકારમાં છેલ્લા એક વર્ષમાં દરખાસ્તો કરી છે કે કેમ? | (૩) હા. |

**સુરત-તાપી જિલ્લાના માંડવી-શેરુલા રસ્તાને પહોળો કરવા બાબત**

૨૧૯૩૨ **: શ્રી પ્રભુભાઈ વસાવા (સોનગઢ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ સુરત-તાપી જિલ્લામાંથી પસાર થતો માંડવી-શેરુલા રાજ્યધોરી માર્ગ તે ૭ મીટર પહોળો કરવાની કાર્યવાહી ક્યા તબક્કે છે, અને | (૧) આ રસ્તાને ૭ મી.પહોળો કરવાનું મંજૂર થયેલ નથી. |
| (૨) તે અન્વયે નાણાકીય જોગવાઈ કેટલી કરવામાં | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

આવી?

**સુરતમાં લાર્સન ટુબ્રોને આપેલ જમીન**

૨૧૧૭૯ **: શ્રી ઈશ્વરભાઈ ન.વહીઆ (મહુવા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ લાર્સન એન્ડ ટુબ્રો લિ. ને હજીરા જિ. સુરતને કલેક્ટર સુરત ધ્વારા ૮૫ હેક્ટર ઉપરાંતની જમીન ફાળવવામાં આવી હતી તે જમીનની બજાર કિંમત શી આકારવામાં આવી હતી, અને

(૨) આ જમીન ત્યારબાદ ક્યા ભાવથી આ ઉદ્યોગગૃહને આપવામાં આવી છે?

**જવાબ**

(૧) નીચે મુજબ બજાર કિંમત આકારવામાં આવી છે.

| ક્રમ | ફાળવેલ જમીન હે.આરે.ચો.મી. | આકારવામાં આવેલ બજાર કિંમત |
|---|---|---|
| ૧ | ૨૫-૭૮-૬૭ | રૂ.૯૨૫/- |
| ૨ | ૨૬-૫૦-૨૧<br>૦૦-૭૬-૮૧<br>૨૫-૬૮-૭૫<br>૫-૦૦-૦૦ | રૂ.૨૫૦૦/-<br>રૂ.૨૪૦૦/-<br>રૂ. ૨૮૦૦/-<br>રૂ.૨૮૦૦/- |
| ૩ | ૮૦-૦૦-૦૦ | રૂ.૧/- |

(૨) ૮૦ હેક્ટર જમીન રૂ.૧/- ના ભાવે અને બાકીની જમીન રૂ.૭૦૦/- ના ભાવે.

--------

**જામનગર-ધ્વારકા હાઈવે**

૨૧૪૯૩ **: શ્રી મેઘજીભાઈ કણઝારીયા (ખંભાળીયા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ જામનગર-ધ્વારકા હાઈવેના નિર્માણ માટે કેટલી રકમ મંજૂર થયેલ છે, અને

(૨) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ આ રસ્તાનું કામ ક્યા તબક્કે છે?

**જવાબ**

(૧) અને (૨) : આ રસ્તાના કી.મી. ૧૩૧/૦ થી ૧૪૮/૦ તથા કી.મી. ૧૮૭/૦ થી ૨૦૨/૦ બે અનુભાગો માટે રૂ.૧૦૩૫ લાખ મંજૂર થયેલ હતા. તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ આ કામ ટેન્ડર તબક્કે હતું.

રાજકોટ જામનગર વાડીનાર રસ્તો બીઓટી ધોરણે મંજૂર થયેલ છે જેનો સવાલવાળા પ્રશ્ન હેઠળનો અનુભાગ તા.૩૧-૧૨-૨૦૧૦ ના પ્રગતિમાં હતો.

--------

# પોઈન્ટ ઓફ ઓર્ડર

**અસંસદીય શબ્દનો શબ્દપ્રયોગ અંગે**

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા(રાજયકક્ષાના સંસદીય બાબતોના મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઈન્ટ ઓફ ઓર્ડર છે કે આજે પ્રશ્નોત્તરી દરમ્યાન માનનીય ધારાસભ્યશ્રી અમીતભાઈ ચાવડાએ પોતાના પ્રવચનમાં (xxxxx) શબ્દનો ઉલ્લેખ કર્યો છે. અસંસદીય શબ્દોની યાદી ૧૯૬૦ થી ૨૦૦૮ ની પુસ્તિકાના પાના નંબર ૪૪ ઉપર આ શબ્દ અસંસદીય ઠરાવેલ હોવાથી આ શબ્દનો ઉલ્લેખ કરી શકાય નહીં અને તેમણે કદાચ આવો ઉલ્લેખ કરવો હોય તો અત્યારે આ દેશની તિજોરી ઉપર કોમન વેલ્થના નામે, આર્દશના નામે, ૩-જીના નામે જે (xxxxx) પડી રહી છે એનો ઉલ્લેખ કરાય. (અંતરાય) આજે ગુજરાતની પ્રમાણિકતાની મુખ્યમંત્રીશ્રીની દેશ અને વિદેશમાં ચર્ચા થાય છે.આ સભાગૃહમાં ૧૧ જેટલા અનુસૂચિત જાતિના ધારાસભ્યો આ પક્ષના છે અને બે જેટલા છે. એટલે આવા શબ્દનો ઉલ્લેખ તેમણે ના કરવો જોઈએ. (અંતરાય)

અધ્યક્ષશ્રી: પ્રશ્નોત્તરી દરમ્યાન જ જયારે ચર્ચા ચાલુ હતી ત્યારે જ એ શબ્દ મેં રેકર્ડ ઉપરથી દૂર કર્યો જ હતો. એટલે આપણે ચર્ચા કરવાની જરૂર નથી.

# વિધાનસભાની સમિતિઓના અહેવાલની રજૂઆત

**કામકાજ સલાહકાર સમિતિના પંદરમા અહેવાલની રજૂઆત**

અધ્યક્ષશ્રી: ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૯૨ અન્વયે મળેલ સત્તાની રૂએ, હું કામકાજ સલાહકાર સમિતિનો પંદરમો અહેવાલ રજૂ કરું છું.

સમિતિની બેઠક બુધવાર, તા. ૨૩ મી માર્ચ,૨૦૧૧ ના રોજ સભાગૃહની બેઠકના વિરામ સમયમાં મળી હતી. સમિતિએ નીચે મુજબની ભલામણો કરી છેઃ-

૧: સોમવાર, તા. ૨૮ મી માર્ચ, ૨૦૧૧ ના રોજ નીચે દર્શાવ્યા મુજબના સરકારી વિધેયકો ક્રમાનુસાર હથ ધરવાં અને તેની વિચારણ પૂરી કરવી.

(૧) સન ૨૦૧૧ નું વિધેયક ક્રમાંક-૯-સન ૨૦૧૧ નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયક

(૨) સન ૨૦૧૧ નું વિધેયક ક્રમાંક-૨૫-સન ૨૦૦૧૧ નું ગુજરાત સાર્વજનિક ટ્રસ્ટ વિધેયક

(૩) સન ૨૦૧૧ નું વિધેયક ક્રમાંક-૨૭-સન ૨૦૧૧ નું ગુજરાત અનધિકૃત વિકાસને નિયમિત કરવા બાબત વિધેયક

(૪) સન ૨૦૧૧ નું વિધેયક ક્રમાંક-૨૧-સન ૨૦૧૧ નું ગુજરાત નાણાંની ધીરધાર કરનારા બાબત વિધેયક

(૫) સન ૨૦૧૧ નું વિધેયક ક્રમાંક-૧૪-સન ૨૦૧૧ નું સ્વર્ણીમ ગુજરાત રમતગમત યુનિવર્સિટી વિધેયક

(૬) સન ૨૦૧૧ નું વિધેયક ક્રમાંક-૧૫-સન ૨૦૧૧ નું ગુજરાત શરીર રચના વિધેયક

(૭) સન ૨૦૧૧ નું વિધેયક ક્રમાંક-૧૬-સન ૨૦૧૧ નું ગુજરાત ટૂંકી સંજ્ઞા (સુધારા)વિધેયક

૨. મંગળવાર, તા. ૨૯ મી માર્ચ, ૨૦૧૧ ના રોજ નીચે દર્શાવ્યા પ્રમાણે ક્રમાંક ૮ થી ૧૪ પર દર્શાવેલ સરકારી વિધેયકો વિચારણા માટે હાથ ધરવાં અને ક્રમાંક-૮ થી ૧૩ પર દર્શાવેલ વિધેયકોની વિચારણા પૂરી કરવી. જયારે ક્રમાંક ૧૪ સામે દર્શાવેલ વિધેયકની સમય ઉપલબ્ધ હોય તો વિચારણા પૂરી કરવી.

(૮) સન ૨૦૧૧ નું વિધેયક ક્રમાંક-૩૨-સન ૨૦૧૧ નું ગુજરાત વિનિયોગ વિધેયક

(૯) સન ૨૦૧૧ નું વિધેયક ક્રમાંક-૧૭-સન ૨૦૧૧ નું ગુજરાત વિનિયોગ (વધારાના ખર્ચ) વિધેયક

(૧૦) સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક-૧૮-સન ૨૦૧૧નું ગુજરાત વિનિયોગ (વધારાના ખર્ચ) (વ્દિતીય) વિધેયક.

(૧૧) સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક-૧૯-સન ૨૦૧૧નું ગુજરાત વિનિયોગ (વધારાના ખર્ચ) (તૃતીય) વિધેયક.

(૧૨) સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક-૨૦-સન ૨૦૧૧નું ગુજરાત ગ્રીન સેસ વિધેયક.

(૧૩) સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક-૨૬-સન ૨૦૧૧નું ગુજરાત મૂલ્યવર્ધિત વેરા (સુધારા)વિધેયક.

(૧૪) સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક-૨૪-સન ૨૦૧૧નું ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા)વિધેયક.

૩ બુધવાર, તા. ૩૦મી માર્ચ, ૨૦૧૧ના રોજ ક્રમાંક-૧૪ પર દર્શાવેલ વિધેયકની વિચારણા બાકી હોય તો તે પૂરી કર્યા બાદ નીચે દર્શાવ્યા મુજબના સરકારી વિધેયકો ક્રમાનુસાર હાથ ધરવા અને તેની વિચારણા પૂરી કરવી.

(૧૫) સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક-૧૨-સન ૨૦૧૧નુંગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન કાયદા (સુધારા) વિધેયક.

(૧૬) સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક-૨૨-સન ૨૦૧૧નું મુંબઇ જમીન મહેસૂલ (ગુજરાત સુધારા) વિધેયક.

(૧૭) સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક-૩૦-સન ૨૦૧૧નું ગુજરાત રાજય ફિઝિયોથેરાપી કાઉન્સિલ વિધેયક.

(૧૮) સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક-૨૮-સન ૨૦૧૧નું ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ (સુધારા) વિધેયક.

(૧૯) સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક-૨૩-સન ૨૦૧૧નું ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન કાયદા (વ્દિતીય) સુધારા) વિધેયક.

(૨૦) સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક-૨૯-સન ૨૦૧૧નું ગુજરાત લોકાયુકત (સુધારા) વિધેયક.

(૨૧) સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક-૩૧-સન ૨૦૧૧નું ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી (સુધારા) વિધેયક.

૪ વિધેયકોની વિચારણા પૂરી થયા બાદ માનવ અંગોના પ્રત્યારોપણ અધિનિયમ, ૧૯૯૪માં સુધારા કરવાની સંસદને સત્તા આપતો નિયમ-૧૦૦ અન્વયેનો વૈદ્યાનિક પ્રસ્તાવ વિચારણા માટે હાથ ધરવો અને તેની ચર્ચા માટે ૩૦ મિનિટનો સમય ફાળવવો.

**શ્રી દિલીપ સંઘાણી ( વૈધાનિક અને સંસદીય બાબતોમંત્રીશ્રી)** : હું પ્રસ્તાવ રજૂ કરું છું કે આ સભાગૃહ કામકાજ સલાહકાર સમિતિના પંદરમાં અહેવાલ સાથે સંમત થાય.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

### સભાગૃહનો સમય લંબાવવા અંગે

સભાગૃહનો સમય એક કલાક લંબાવવા અંગે

**શ્રી પંકજ દેસાઈ (મુખ્યદંડકશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માગણીઓ માટેની સંમતિ યાદી સાથે સંમત થતી વખતે નક્કી થયા મુજબ આજનો દિવસ ગુરુવાર હોવાથી માગણીઓ માટેની ચર્ચા માટે સમય એક કલાક વધારવો અને બંને પક્ષને અડધો અડધો કલાક ફાળવવો તેમજ માગણીઓ પરનું મતદાન પૂરું થાય ત્યારપછી બિનસરકારી સંકલ્પો હાથ ઉપર લેવા હું દરખાસ્ત કરુ છું.

**શ્રી ઇકબાલ પટેલ (કોંગ્રેસપક્ષના દંડકશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આમાં અમારો પક્ષ સંમત છે.

**અધ્યક્ષશ્રી** : સૌ સંમત છે? (થોડીવાર બાદ) માગણીઓ માટે એક કલાકનો સમય વધારવામાં આવે છે.

# માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ)

**વન અને પર્યાવરણ વિભાગ**

**માગણી ક્રમાંક-૨૬**

**શ્રી મંગુભાઈ છ. પટેલ (વન અને પર્યાવરણમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું વન સેવાને લગતી વન અને પર્યાવરણ વિભાગની મહેસૂલી ખાર્ચ માટેની રૂા.૨,૫૮,૫૫,૯૬,૦૦૦ અને મૂડી ખર્ચ માટેની રૂા. ૨,૨૪,૩૨,૫૪,૦૦૦ની માગણી ક્રમાંક-૨૬ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક-૨૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી બાવકુભાઈ ના. ઉંધાડ :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી માનસિંહ કો. ચૌહાણ :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી પરેશભાઈ ગો. વસાવા :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી જવાહરભાઈ પે. ચાવડા :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી બાબુભાઈ મે. શાહ :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી નિરંજન પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી રાઘવજીભાઈ હં. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી ધીરસિંહ કરશનભાઈ બારડ :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી અમિતકુમાર અ. ચાવડા :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૯ રજૂ કરવામાં આવી.**

**શ્રી ભગવાનભાઈ ધા. બારડ :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૧૦ રજૂ કરવામાં આવી.**

**માગણી ક્રમાંક-૨૭**

**શ્રી મંગુભાઈ છ. પટેલ (વન અને પર્યાવરણમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું પર્યાવરણ સેવાને લગતી વન અને પર્યાવરણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂા. ૧૦,૦૦,૦૦,૦૦૦ની માગણી ક્રમાંક-૨૭ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક-૨૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૧૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી શૈલેષ મ. પરમાર :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૧૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી મણીભાઈ દે. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૧૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી ચંદુભાઈ ડાભી :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૧૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી હરીલાલ મો. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૧૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી ગ્યાસુદીન હ. શેખ :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૧૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી ઈકબાલ પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૧૮ રજૂ કરવામાં આવી.**

**આદિજાતિ વિકાસ વિભાગ**

**માગણી ક્રમાંક-૯૩**

**શ્રી મંગુભાઈ છ. પટેલ (આદિજાતિ કલ્યાણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું અનુસૂચિત આદિજાતિઓના કલ્યાણને લગતી આદિજાતિ વિકાસ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂા. ૧,૫૭,૨૬,૪૫,૦૦૦ની અને મૂડી ખર્ચ માટેની રૂા. ૯,૨૬,૧૪,૦૦૦ની માગણી ક્રમાંક-૯૩ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક-૯૩ રજૂ કરવામાં આવી.**

**ડૉ. અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૧૯ રજૂ કરવામાં આવી.**

**શ્રી દીતાભાઈ ભી. મછાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૨૦ રજૂ કરવામાં આવી.**

**શ્રી ધીરૂભાઈ ચુ. ભીલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૨૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી મોહનસિંહ છો. રાઠવા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૨૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી પુનાભાઈ ઢે. ગામીત** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૨૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી બચુભાઈ ના. કિશોરી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૨૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી અમરસિંહ રા. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૨૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી ઈશ્વરભાઈ ન. વહીઆ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૨૬ રજૂ કરવામાં આવી.**

**શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૨૭ રજૂ કરવામાં આવી.**

**માગણી ક્રમાંક-૯૬**

**શ્રી મંગુભાઈ છ. પટેલ (આદિજાતિ કલ્યાણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું આદિજાતિ વિસ્તાર પેટા યોજનાને લગતી આદિજાતિ વિકાસ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂા. ૨૮,૭૫,૨૦,૯૮,૦૦૦ની અને મૂડી ખર્ચ માટેની રૂા. ૨૦,૭૨,૮૪,૩૦,૦૦૦ની માગણી ક્રમાંક-૯૬ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક-૯૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી છનાભાઈ કા. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૨૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી સી.કે. રાઉલજી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૩૦ રજૂ કરવામાં આવી.**

**શ્રી વજેસિંગભાઈ પા. પણદા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૩૧ રજૂ કરવામાં આવી.**

**સન ૨૦૧૧-૨૦૧૨ના વર્ષના અનુદાનો માટેની માગણીઓમાંની ગુરૂવાર, તા ૨૪-૩-૨૦૧૧ (અગિયારમો દિવસ)ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી.**

| અ.નં. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂા. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | **વન અને પર્યાવરણ વિભાગ**<br>**માગણી નં.૨૬** | | | |
| ૧. | ૨૪૦૬-વનનિર્માણ.....જીવન<br>૦૧-વન નિર્માણ<br>૦૦૧-નિદેશ અને વહીવટ<br>રૂા.૧,૭૨,૪૭,૭૫,૦૦૦<br>અં.પ્ર.નં.૮ પા.નં.૧૪-૧૫ | ૧૦૦ | જંગલોમાં વસવાટ કરતા માલધારીઓને પૂરતી સુવિધાઓ આપવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બાવકુભાઈ ઉંધાડ |

| | | | | |
|---|---|---|---|---|
| ૨. | ૨૪૦૬-<br>વનનિર્માણ....જીવન<br>૦૧-વન નિર્માણ<br>૧૦૧-વન.....પુન:નિર્માણ<br>રૂા.૨,૪૨,૩૦,૦૦૦<br>અં.પ્ર.નં.૮ પા.નં.૨૦ થી ૨૨ | ૧૦૦ | વન સંરક્ષણ અને તેના વિકાસના કામો સત્વરે કરાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી માનસિંહ ચૌહાણ |
| ૩. | -- " -- | ૧૦૦ | જંગલોના લાકડાની ચોરી અને ગેરકાનૂની વૃક્ષછેદનની પ્રવૃદ્ધિ અટકાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી પરેશભાઈ વસાવા |
| ૪. | ૨૪૦૬-<br>વનનિર્માણ....જીવન<br>૦૧-વન નિર્માણ<br>૧૦૫-વન પેદાશ<br>રૂા.૪,૦૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૮ પા.નં.૨૩ | ૧૦૦ | વન પેદાશોની થતી ચોરી નિવારવા અને તેના યોગ્ય ભાવો નકકી કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી જવાહરભાઈ ચાવડા |
| ૫. | -- " -- | ૧૦૦ | ગૌણ વન પેદાશો પ્રજાને સરળતાથી મળી રહે તેવું આયોજન ગોઠવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી બાબુભાઈ શાહ |
| ૬. | ૨૪૦૬-<br>વનનિર્માણ....જીવન<br>૦૨-<br>પર્યાવરણલક્ષી...પ્રાણીજીવન<br>૧૧૦-વન્ય....સંરક્ષણ<br>રૂા. ૫૪,૦૦,૮૫,૦૦૦<br>અં.પ્ર.નં.૮ પા.નં.૨૮ થી ૩૨ | ૧૦૦ | રાજયમાં દુર્લભ પક્ષીઓને નામશેષ થતા અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી નિરંજનભાઈ પટેલ |
| ૭. | -- " -- | ૧૦૦ | પૂરતા સ્ટાફના અભાવે વન્ય પ્રાણીઓની થતી હત્યાઓ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રાઘવજીભાઈ પટેલ |
| ૮. | -- " -- | ૧૦૦ | ઉનાળામાં વન્ય પ્રાણીઓને પીવાના પાણીની પડતી હાલાકીઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ધીરસિંહભાઈ બારડ |
| ૯. | ૨૪૦૬-<br>વનનિર્માણ....જીવન<br>૦૨-<br>પર્યાવરણલક્ષી...પ્રાણીજીવન<br>૧૧૦-વન્ય....સંરક્ષણ<br>રૂા. ૫૪,૦૦,૮૫,૦૦૦<br>અં.પ્ર.નં.૮ પા.નં.૨૮ થી ૩૨ | ૧૦૦ | જંગલોમાં લાગતી આગ બુઝાવવા પૂરતી વ્યવસ્થા ગોઠવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અમિતકુમાર ચાવડા |
| ૧૦. | -- " -- | ૧૦૦ | વન્ય પ્રાણીઓ દવારા વન નજીકના ગામોમાં માનવી / પશુઓ ઉપર થતી હિંસક હુમલાની ઘટનાઓ | શ્રી ભગવાનભાઈ બારડ |

| | | | | |
|---|---|---|---|---|
| | | | નિવારવામાં તંત્રની નિષ્ફળતા | |
| | | **માગણી નં.૨૭** | | |
| ૧૧. | ૨૨૧૫-પાણી....... સ્વચ્છતા ૦૨-ગટર......સ્વચ્છતા ૧૦૬-વાયુ........નિવારણ રૂા. ૭,૮૫,૦૦,૦૦૦ અં.પ્ર.નં.૮ પા.નં. ૯-૧૦ | ૧૦૦ | ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડનો વહીવટ સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રાજેન્દ્રસિંહ પરમાર |
| ૧૨. | --"-- | ૧૦૦ | પર્યાવરણમાં વધતુ જતું પ્રદૂષિત વાયુનું પ્રમાણ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી શૈલેષ પરમાર |
| ૧૩. | --"-- | ૧૦૦ | રાજયમાં પ્રદૂષણ નિયંત્રણના નિયમોનો ભંગ કરતાં એકમો સામે અસરકારક પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મણીભાઈ પટેલ |
| ૧૪. | --"-- | ૧૦૦ | ઔદ્યોગિક એકમો દવારા પ્રદૂષિત કચરાનો દરિયામાં નિકાલ કરવાથી દરિયાઈ જીવ અને માનવીઓ પર પડતી ગંભીર અસરો નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ચંદુભાઈ ડાભી |
| ૧૫. | --"-- | ૧૦૦ | અંકલેશ્વર પાસે જી.પી.સી.બી.ના ધોરણો વિરૂધ્ધ ફાઈનલ એફ્લ્યુઅન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ દવારા ઝેરી કચરાનો નિકાલ કરતી પાઈપ લાઈનનું જવાબદાર મંત્રી દવારા ઉદઘાટન કરાતાં અન્ય એકમોની દુભાયેલ લાગણી ધ્યાને લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી હરીલાલ પટેલ |
| ૧૬. | --"-- | ૧૦૦ | ઔદ્યોગિક વિકાસની સાથે ઉભા થતા પ્રદૂષણના ગંભીર ખતરા સામે આયોજનબધ્ધ પગલાં ભરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ગ્યાસુદ્દીન શેખ |
| ૧૭.* | -- " -- | ૧૦૦ | ઔદ્યોગિક એકમો દવારા છોડાતાં વાયુની નિયમિત ચકાસણી કરી પ્રજાના સ્વાસ્થ્ય પર થતી વિપરીત | |

| | | | | |
|---|---|---|---|---|
| | | | અસરો નિવારવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૧૮. | -- " -- | ૧૦૦ | નદીઓને ગટરના પાણી દવારા પ્રદુષિત થતી અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ઈકબાલ પટેલ |
| **આદિજાતિ વિકાસ વિભાગ**<br>**માગણી નં. ૯૩** | | | | |
| ૧૯. | ૨૨૧૫-પાણી....સ્વચ્છતા<br>૦૧-પાણી પુરવઠો<br>૮૦૦- અન્ય ખર્ચ<br>રૂા. ૨,૦૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૪ પા.નં. ૧૨ (ભાગ-૩) | ૧૦૦ | આદિવાસી વિસ્તારમાં પીવાનું પૂરતું પાણી આપવામાં તંત્રની નિષ્ફળતા | ડૉ. અનીલભાઈ જોષીયારા |
| ૨૦. | ૨૨૨૫-અનુસૂચિત...... કલ્યાણ<br>૦૨ -અનુસૂચિત..... કલ્યાણ<br>૦૦૧- નિદેશ અને વહીવટ<br>રૂા. ૧,૧૩,૩૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૪ પા.નં. ૧૫-૧૬(ભાગ-૩) | ૧૦૦ | વહીવટી તંત્રને સંગીન બનાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી દિતાભાઈ મછાર |
| ૨૧. | -- " -- | ૧૦૦ | આદિજાતિઓના હકકોનું રક્ષણ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ધીરૂભાઈ ભીલ |
| ૨૨. | -- " -- | ૧૦૦ | આદિવાસીઓને જંગલની જમીનોના હકકો આપવામાં થતો વિલંબ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મોહનસિંહ રાઠવા |
| ૨૩. | -- " -- | ૧૦૦ | આદિવાસીઓના લાબાંગાળાના પડતર પ્રશ્નોનું નિરાકરણ લાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પુનાભાઈ ગામીત |
| ૨૪. | -- " -- | ૧૦૦ | આદિજાતિઓ માટેના કલ્યાણ અર્થે કેન્દ્ર અને રાજયના બજેટમાંથી ફાળવવામાં આવતી રકમ આદિજાતિઓના કલ્યાણ માટે જ ખર્ચવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બચુભાઈ કિશોરી |
| ૨૫. | -- " -- | ૧૦૦ | આદિજાતિના વિદ્યાર્થીઓએ ભરેલ કોલેજ ફી સમયસર પરત ચૂકવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અમરસિંહ વસાવા |
| ૨૬ | -- " -- | ૧૦૦ | આદિવાસી વિસ્તારોમાં પ્રાથમિક અને માધ્યમિક | શ્રી ઈશ્વરભાઈ વહીઆ |

| | | | | |
|---|---|---|---|---|
| | | | શાળાઓમાં સ્ટાફની ઘટ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૨૭. | -- " -- | ૧૦૦ | આદિજાતિ વિસ્તારોમાં ખાણ અને ખનીજની લીઝ આદિજાતિની વ્યકિતઓને ફાળવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રીમતી ચન્દ્રિકાબેન બારીયા |
| **માગણી નં. ૯૬** | | | | |
| ૨૮. | ૨૨૦૨ - સામાન્ય શિક્ષણ<br>૦૧- પ્રાથમિક શિક્ષણ<br>૭૯૬- આદિજાતિ<br>......યોજના<br>૦૧-ઈડીએન-૧ વધારાના<br>.....<br>શિક્ષકો<br>રૂા. ૬,૩૪,૨૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૪<br>પા.નં. ૨૨(ભાગ-૪) | ૧૦૦ | આદિજાતિ વિસ્તારોમાં આવેલી પ્રાથમિક શાળાઓમાં વધારાના વિદ્યાર્થીઓની નોંધણી સામે શિક્ષકોની ઘટ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી છનાભાઈ ચૌધરી |
| ૨૯.* | -- " -- | ૧૦૦ | અંતરીયાળ આદિજાતિ વિસ્તારોમાં વિદ્યાર્થીઓના પ્રમાણમાં શિક્ષકોની ફાળવણી કરવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૩૦. | ૨૨૦૨ - સામાન્ય શિક્ષણ<br>૦૩- યુનિવર્સિટી......<br>શિક્ષણ<br>૭૯૬ આદિજાતિ .....<br>યોજના<br>૦૪ -ઈએનડી-૨૮<br>સરકારી......વિકાસ<br>રૂા. ૯,૧૧,૧૪,૦૦૦<br>અં.પ્ર.નં.૨૪<br>પા.નં. ૩૪ - ૩૫ (ભાગ-૪) | ૧૦૦ | આદિજાતિ વિસ્તારોમાં પૂરતા પ્રમાણમાં સરકારી કોલેજો શરૂ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી સી.કે.રાઉલજી |
| ૩૧. | ૨૨૦૩- તકનીકી શિક્ષણ<br>૭૯૬- આદિજાતિ<br>.....યોજના<br>૦૧- તકનિકી હાઈસ્કુલો<br>રૂા. ૯૬,૭૪,૦૦૦<br>અં.પ્ર.નં.૨૪<br>પા.નં. ૪૦ - ૪૧ (ભાગ-૪) | ૧૦૦ | આદિજાતિ વિસ્તારોમાં ટેકનીકલ હાઈસ્કૂલોનો વ્યાપ વધે તેવું આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી વજેસિંગભાઈ પણદા |

*** આ કાપદરખાસ્તો સભાગૃહમાં રજૂ થઈ શકી નહીં.**

**અધ્યક્ષશ્રી:** હવે માગણીઓ અને તેની ઉપર રજૂ થયેલી કાપ દરખાસ્ત પર ભેગી ચર્ચા કરવામાં આવશે.

**શ્રી મોહનસિંહ છો. રાઠવા (જેતપુર-પાવી) :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી વન અને પર્યાવરણ વિભાગની માગણી-૨૬ અને ૨૭ અને આદિજાતિ વિકાસ વિભાગની માગણી-૯૩ અને ૯૬ લઈને આવ્યા છે તેના ઉપર મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી આદિવાસી, આદિજાતિ અને પછાત વર્ગોના કલ્યાણ માટે જુદી જુદી પ્રવૃત્તિઓ નક્કી કરવા માટેની માગણી લઈને આવ્યા છે.એમાં મારે એટલું જ કહેવું છે કે, આટલા વર્ષોથી હું પણ ધારાસભ્ય છું. છેલ્લા ત્રણ વર્ષમાં પહેલી વખત આદિજાતિ વિભાગના સચિવશ્રીને મળવા ગયેલો. અમે સાત ધારાસભ્યો સાથે હતા. બધા આદિવાસી ધારાસભ્યો હતા. એમની ચેમ્બરમાં બધાજ એન.જી.ઓ. બેઠા હતા. અમે અંદર જઈ પણ ન શક્યા. તો આટલા સિનિયર ધારાસભ્યને, જાહેર હિસાબ સમિતિના ચેરમેનને અંદર જવા ન દે, અંદર બેસવા માટે પણ સમય ન મળે અને આદિવાસી કમિશ્નર કોઈને ન મળે. શ્રી પુનાભાઈ ગામીત વ્યારાના ધારાસભ્યનુ એક કામ હતું. એ આદિવાસી કચેરીમાં જાય તો એમને ટાઇમ ન મળે, આદિવાસીઓને જવા ન દે. મને એ બાબતનું જબરજસ્ત દુ:ખ છે. શ્રી ઘનશ્યામભાઈ ઓઝા મુખ્યમંત્રી હતા ત્યારથી હું ગુજરાત વિધાનસભાનો સભ્ય છું. મેં કોઈ વખત આવું સચિવશ્રીનું વર્તન જોયું નથી. એવો મતલબ ન કરીએ. બધા જ એન.જી.ઓ. ૨૪ કલાક એ ઑફિસમાં બેસી રહે. એનું મને દુ:ખ છે. ગુજરાત રાજયમાં ૫,૦૬,૭૧,૦૦૦ની વસ્તી છે. એની સામે લગભગ ૭૪,૮૧,૦૦૦ જેટલા આદિવાસીઓ છે. પૂર્વ પટ્ટી અંબાજીથી ઉમરગામ સુધીમાં આદિવાસીઓની વસ્તી ૧૪ જિલ્લા અને ૪૩ તાલુકામાં ૫૮૮૪ જેટલા ગામોમાં વિકાસના કામો થયા છે. એ વિકાસના કામો કરવા માટે આદિજાતિ વિકાસ વિભાગને જબરજસ્ત મોટું બજૅટ ફાળવવામાં આવે છે. આ વખતના બજૅટમાં રૂ.૪૮૪૮/- કરોડનું મંજૂર થયું છે. મારે એટલું જ કહેવું છે કે, ૨૦૦૮-૦૯માં રૂ.૨૪૭/- કરોડ, ૨૦૦૯-૧૦માં રૂ.૨૫૦/- કરોડ, ૨૦૧૦-૧૧માં રૂ.૨૦૦/- કરોડ એમ કુલ રૂ.૬૯૭/- કરોડ આદિજાતિ વિકાસ વિભાગના નર્મદા નિગમને ફાળવી દીધા છે. નર્મદા નિગમને જે પૈસા ફાળવ્યા છે. એમાં મારી એટલી જ વિનંતી છે કે, જે આદિવાસીઓએ પોતાની જમીન ગુજરાતના, રાષ્ટ્રના હિત માટે આપી છે. એવા લોકોને સમગ્ર ગુજરાતમાં, સમગ્ર ગુજરાતની પ્રજાને, સમગ્ર ઉદ્યોગોને પીવાનું પાણી મળવાનું છે. પરંતુ આ આદિવાસીઓને પીવા માટે પાણી, રસ્તાની સુવિધા, વીજળીની સુવિધા આ બધું કરવા માટે એ જો સામૂહિક કૂવાઓ માગે તો કૂવાની મંજૂરી ન મળે અને બોર કરવાની માગણી કરે તો બોરની મંજૂરી ન મળે. એ દુ:ખદ બીના છે. તા.૨૧-૧-૨૦૧૧ની સ્થિતિએ ૨૦૦૯-૧૦ અને ૨૦૧૦-૧૧ની કુલ રૂ.૩,૬૬,૯૯,૬૭,૦૦૦/-ની રકમ કેન્દ્ર સરકારની મળી હતી અને કેન્દ્ર સરકારની આ રકમ મળ્યા પછી અત્યારે વડોદરા, દાહોદ આવા જે વિસ્તારો છે એ વિસ્તારની અંદર જે આદિવાસીઓને ખરેખર પીવાના પાણીની સુવિધા કરવી જોઈએ એ સુવિધા આદિવાસી વિસ્તારમાં થતી નથી. આજે બને છે એવું કે, મુખ્યમંત્રીના દસ મુદ્દાના આદિવાસીઓના કાર્યક્રમમાં ડી-સેગ નામની સંસ્થાનું બૉમ્બે સોસાયટીઝ એકટ હેઠળ રજીસ્ટ્રેશન કરવામાં આવેલ છે. આ ડી-સેગની અંદર ૨૭ જેટલું મહેકમ છે. હવે એમને કરોડો રૂપિયા ફાળવાય છે. ગુજરાત પૅટર્ન અંગેના નાણાં, કેન્દ્રિય સહાયના નાણાં,બંધારણની કલમ ૨૭૫(૧) હેઠળના નાણા એ બધા નાણાનો ઉપયોગ ડીસેગમાં જે અમે માહિતીઓ માગીએ છીએ, સચિવશ્રીને લખીને અમે મોકલ્યું કે આટલી આટલી માહિતીઓ તમે આપો. પણ ૧૯ જેટલી વિવિધ સંસ્થાઓના નામે એમ.ઓ.યુ. થઈ ગયા. લગભગ ૬૯૫.૨૯ લાખ લાઈવલી હૂડ, સનસેડ પ્રોજેક્ટ, વોકેશનલ ટ્રેનીંગ, ડેરી વિકાસ, હવે ડેરી વિકાસમાં ભરૂચ જિલ્લાના ૧૫૦ જેટલા કેન્દ્રો માટે ૯ કરોડ રૂપિયા ફાળવ્યા છે. હવે એ ૯ કરોડનું શું થયું, કેટલા લોકોને લાભ મળ્યો એની વિગતો માગી પણ એ મળતી નથી. આદિવાસી કોમ્યુનિટી સેન્ટર, ચેકડેમો બાંધવા, ગુણાત્મક શિક્ષણ સુધારણા પ્રોજેક્ટ. આવો એક પ્રોજેક્ટ શરૂ કરેલો અને લગભગ ૫ કરોડ રૂપિયા એમાં ખર્ચાયા. એ પ્રોજેક્ટ ખાલી પાંચ-છ મહિના ચાલ્યો પછી પાંચ કરોડ રૂપિયા લઈ લીધા. એની પણ વિગતો મેં માગી છે પણ આજ સુધી તેની વિગતો અમને મળી નથી. ટેકનોલોજી પ્રોજેક્ટ, મશરૂમની ખેતી આ બધા પ્રોજેક્ટો આદિવાસી વિસ્તારમાં લગભગ ૬૯૫ કરોડના શરૂ થયા. આ પ્રોજેક્ટોમાંથી કેટલા શરૂ થયા, કેટલા લોકોને દરેક તાલુકાદીઠ લાભ મળ્યો, દરેક પ્રોજેક્ટ દીઠ ખર્ચ કેટલો થયો એની માહિતી માગીએ છીએ તો પણ અમોને મળતી નથી એનું મને દુ:ખ છે.

માનનીય અધ્યક્ષશ્રી, એવી જ રીતે નિયમોનો ભંગ કરીને બારોબાર ટેન્ડર કાઢ્યા વગર લોકોને એ મળી જાય છે અને તેમાં કોઈ તપાસ થતી નથી. આ ડીસેગનું ઓડિટ થતું નથી એટલા માટે ડીસેગની રચના કરવામાં આવી છે. પહેલા તો સમગ્ર ગુજરાતના આદિવાસી વિકાસનું બજેટ જે તે ખાતા પાસે જ રહેતું હતું. પરંતુ હવે વિવિધ ખાતાઓને આ રકમ ફાળવી આપીને આદિવાસીઓને જે પૈસા મળવા જોઈએ એ મળતા નથી. મારી વિનંતી છે કે ગુજરાત આદિવાસી વિકાસ નિગમ, બીરશા મુંડા ભવન દ્વારા નવી રચાયેલ યુનિવર્સિટી તથા કેલોરેક્સ યુનિવર્સિટી અમદાવાદ સાથે એમ.ઓ.યુ. થયેલ. એમાં ૪૦-૪૦ વિદ્યાર્થીઓને ૮૦-૮૦ હજાર રૂપિયા આપવા માટેના એમ.ઓ.યુ. થયા તો ગુજરાત યુનિવર્સિટી, એમ.એસ. યુનિવર્સિટી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, ભાવનગર, કચ્છ, ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાત, સરદાર પટેલ આ બધી યુનિવર્સિટીઓમાં બી.એડ, બી.એસ.સી. બી.એડ, અંગ્રેજી માધ્યમમાં આર.જે. શાહ કમિટી દ્વારા ૩૦ હજાર રૂપિયામાં આ વિદ્યાર્થીઓને મળે છે. આ એમ.ઓ.યુ. ૮૦ હજાર રૂપિયાના થયા એટલે ૫૦ હજાર રૂપિયાનો વધારો કર્યો એટલે કરોડો રૂપિયા થાય. બીજું કે આ કોઈ પ્રતિષ્ઠિત યુનિવર્સિટી છે? વડોદરા અને અમદાવાદની યુનિવર્સિટીની જેમ ખ્યાતનામ હોય તો મને વાંધો નથી. પરંતુ જે

યુનિવર્સિટીઓમાં અત્યારે આર.જે.શાહ કમિટી ૩૦ હજાર રૂપિયા આપે છે એના બદલે ૮૦ હજાર રૂપિયા આપવાનું કામ થાય છે અને તેનો પણ મારો જબરદસ્ત વિરોધ છે. વડોદરા, દાહોદ, ભરૂચ એવા જિલ્લાઓમાં આદિવાસી વિસ્તારમાં મોન્સાન્ટો કંપનીનું બિયારણ મકાઈનો ડબલ પાક પાકે એમ કરીને આપવામાં આવે છે. પણ આપણા ગુજરાત રાજ્યમાં જે મકાઈ અંગેના સંશોધન કેન્દ્રો ચાલે છે એના વૈજ્ઞાનિકો લાંબા સમયથી કરોડો રૂપિયાના ખર્ચે કામ કરી રહ્યા છે અને એના માટે ઊંઝાના ધારાસભ્યશ્રી માનનીય નારાયણભાઈએ અનેક પત્રો માનનીય મુખ્યમંત્રીશ્રીને લખ્યા છે. તો આ હાઈ-બ્રીડ બિયારણ આ યુનિવર્સિટી દ્વારા જે સંશોધન થાય છે એને ૩૫૦૦ રૂપિયા સબસિડી આપવાનું જે કામ ચાલી રહ્યું છે તેનો પણ મારો જબરદસ્ત વિરોધ છે. માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લે મારે એટલું જ કહેવું છે કે જંગલ વિસ્તારની અંદર જે અરજીઓ સમગ્ર ગુજરાત રાજ્યના લોકોએ આપી છે તે લગભગ ૧૯૨૦૪૫ જેટલી અરજીઓ આવી છે. તે પૈકી ૨૫૭૭૧ને જ વિતરણ કરવામાં આવ્યું છે એમાં ૧૩.૪૧% ત્રિપુરાનો પહેલો નંબર, ઓરિસ્સા, આંધ્રપ્રદેશ, રાજસ્થાન, છત્રીસગઢ, કેરાલા, મહારાષ્ટ્ર, આસામ, મધ્યપ્રદેશ, ઝારખંડ, પશ્ચિમ બંગાળ તો ગુજરાતનો નંબર ૧૪મો છે. મારી એટલી જ વિનંતી છે કે ગ્રામસભાઓ ઠરાવ કરીને ગામના ૬૦-૭૦ વર્ષની ઉંમરના થઈ ગયેલા વયોવૃદ્ધ લોકો ભલામણ કરીને મોકલે તો એ તમામ લોકોને પણ જમીન મળવી જોઈએ તેવી પણ મારી લાગણી છે. જંગલ ખાતામાં ૧૬૫ જેટલા RFO ભર્યા અને ૧૦૦ જેટલા RFO ભરવાના બાકી છે. મારી વિનંતી એટલી છે કે જંગલની અંદર ચોરેલું લાકડું પકડવા માટે રેન્જર કે ફોરેસ્ટર મદદ કરે તો રેન્જરોને આજ સુધી કોઈ વાહન આપવામાં આવેલું નથી તો મારી માનનીય મંત્રીશ્રીને એટલી વિનંતી છે કે જંગલ ખાતાના RFO છે એમને એક વાહન મળી જાય તેવું કરવા માટે અને બીજી સાહેબ, એક લાગણી છે કે ૩૪૪૪૧ ખેડૂતોને ૨૧૦૩૫ હેકટર જમીન ૧૯૦૦ થી ૧૯૭૨ સુધી ખેડનારાને જે સમિતિ અમે બનાવી હતી સનત મહેતાના અધ્યક્ષ સ્થાને તો આટલી જમીન મળી છે ૧૯૬૭ થી ૧૯૭૨ સુધી અમે ૧૧૧૧૬ ખેડૂતોને ૧૦૯૦૦ હેકટર જમીન ખેડાણ કરવા માટે આપી છે. આજે માગણી લઈને આવ્યા છે તેને હું સ્વીકારતો નથી.

**શ્રી ફતેસિંહ વ. ચૌહાણ(રાજગઢ)** : માનનીય અધ્યક્ષશ્રી, વને પર્યાવરણ મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે એમાં મારા વિચારો અને સમર્થન આપવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનવ જીવનમાં જેને અગત્યનું પાસું કહેવામાં આવે છે વનક્ષેત્ર. આ વન સૃષ્ઠિ ધરતી માતાનું જેને વસ્ત્ર કહેવામાં આવે છે. એમાં અમારી રાજ્ય સરકારે છેલ્લા વર્ષોમાં કરેલી પ્રગતિના થોડા વિચારો રજૂ કરું છું. જંગલો ઘટી ગયા, લોકશાહી તંત્રમાંથી જંગલોનો નાશ કરવામાં આવ્યો. આ ધરતી એવી હતી, આ ભારતીય સંસ્કૃતિ જેને કહેવાય કે જડીબુટ્ટીનો ખજાનો હતો એ ખજાનાને નેસ્ત નાબૂદ કરનાર લોકો આજે પ્રશ્ન પૂછે કે વન વિભાગની કામગીરીમાં આ ક્ષતિ છે, પેલી ક્ષતિ છે. મારે માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી કહેવું છે કે આ રાજ્ય સરકારના વન વિભાગે જંગલોને બચાવવા માટે, જંગલોની રક્ષા કરવા માટે જે કામગીરી કરી છે એ ખરેખર પ્રશંસા કરવા જેવી છે. આ રાજ્ય સરકારે ઉપયોગી વૃક્ષોની ખેતીની પહેલ કરી. મારા મતવિસ્તારનો દાખલો આપું કે કાલોલ તાલુકાનું મલાવ ગામ છે, જે સમૃદ્ધ અને મોટા ખેડૂતો હતા એ અસહ્ય મોંઘવારીથી કંટાળીને આ મહામોંઘવારીના ભરડામાંથી બચવા માટે ઘઉં, મકાઈ, મગફળીની ખેતીને તિલાંજલિ આપીને વન વિભાગની ખેતી અપનાવી છે. ત્યાં ડાંગ જિલ્લામાં જેમ જંગલો લહેરાતા એવા ખેતરોમાં નિલગિરિના જંગલો આજે ઊભા છે. આ રાજ્ય સરકારના મુખ્યમંત્રીની નેમ છે કે પુનઃ સમગ્ર જંગલ ફરી પુનઃજીવિત કેવી રીતે થાય? તો આ સરકારે અને આ વિભાગના અધિકારીઓએ ખેડૂતો સુધી પહોંચી એ ખેડૂતોને કમાઉ વૃક્ષોની ખેતી કરવા માટે પ્રેરીત કર્યા. દાહોદ જિલ્લાના ૩૬૪૬.૩૬ ચોરસ કિલોમિટર વિસ્તાર હતો એમાંથી ૮૮૨.૩૮ ચોરસ કિલોમિટર જંગલ બચ્યું છે. પંચમહાલ જિલ્લાની કુલ જમીનના ક્ષેત્રફળમાંથી ૧૧૦૫.૯૧ ચોરસ કિલોમિટર અત્યારે જંગલો બચ્યા છે.અત્યારે જંગલો બચ્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતાં ગર્વ થાય છે કે, અમારા પંચમહાલ અને દાહોદનું જંગલ એ ડાંગ, વલસાડના જંગલને પણ ભુલાવી દે તેવું જંગલ હતું. પણ આ જંગલોનો સત્યાનાશ વાળ્યો અને આ જંગલોને (અંતરાય) મોહનસિંહભાઈ રાઠવા સાહેબને પૂછો કે કેટલી વાર મંત્રી બન્યા ? (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, મને રોકવામાં આવે છે એટલે હું જવાબ આપું છું. માનનીય અધ્યક્ષશ્રી, મારા બે પ્રશ્નો છે. હું પહેલાં એ રજૂ કરું કદાચ રહી જાય સમય ઓછો છે. એક તો મારા વિસ્તારમાં ઘોઘંબા તાલુકાનું રામેશ્વરા-આકલવા ગામ છે, એ જન્મજાત ત્યાં વસ્યા છે પણ ખેડૂતોને પૂરતા પ્રમાણમાં જમીન મળી નથી, એમાં કંઈ આ સરકારનો વાંક નથી. એ ભૂતકાળમાં જે લોકોએ જમીન બે-બે એકર આપી એના સિવાય આખા ગામના ખાતેદારોને કોઈ ખેડૂતને અડધું વિઘું કે દસ ગુંઠા જમીન મળી છે અને એ બાકીની જમીન એમણે રોકેલી તો એનો એ તુમાર રાજ્યકક્ષાએ પડ્યો છે. મંત્રીશ્રીને વિનંતી કરું કે, બંને ગામોના પ્રશ્નો છે એ હલ કરે. બીજો મારો પ્રશ્ન એ છે કે, અમારા સાબરકાંઠા જિલ્લો, દાહોદ જિલ્લો, પંચમહાલ અને છોટા ઉદેપુરના જેટલા સ્ટેટોના જાગીરદારોના જે પ્રશ્નો હતા. એ ભૂતકાળમાં જ્ઞાતિવાદના ધોરણે અમુક લોકોને વળતર આપ્યું ઝાડો અને જમીનોનું પણ અમારા સમાજના ક્ષત્રિય સમાજના જેટલા રજવાડા હતા, સંતરામપુર હોય, લીંબડી હોય, જાંબુઘોડા હોય, છોટાઉદેપુર હોય કે કદવાલ સ્ટેટ હોય આ બધા સ્ટેટોને બારિયા સ્ટેટ આ બધા સ્ટેટોના જાગીરદારોને એ વખતે આઝાદી મળી, સ્ટેટો મર્જર થયા અને અમારા સમાજે ગૌરવભેર આ લોકશાહીને વધાવી અને સરકારને જંગલો આપી દીધા અને જંગલો આપ્યા

પછી બાર વર્ષ પછી ફૉરેસ્ટ એકટ અમલમાં આવ્યો ત્યાં એ વચલા ગાળા સમય દરમિયાન જંગલો ભેળાઈ ગયા. જાગીરદારોના હાથમાંથી જંગલો ગયા. સરકારના હાથમાં આવ્યા પછી એ કેવી સરકારો આવી ?

**અધ્યક્ષશ્રી** : આપની પાસે બે મિનિટનો સમય છે.

**શ્રી ફતેસિંહ વ. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, મારો અગત્યનો પ્રશ્ન છે. અને એ સરકારો વતી જંગલોના ભેલાણ કરવામાં આવ્યા પછી જાગીરદારોને બોલાવીને પછી સરકારમાં બેઠક કરી. જાગીદારોએ એવું કહ્યું કે, અમે તમને જેટલા જંગલો આપેલા એવા પ્રકારના જંગલોનું અમને વળતર આપો. આ એક સામાન્ય મુદ્દાને કારણે આજ સુધી આ પ્રશ્નનો નિકાલ, કોંગ્રેસના રાજમાં કોઈએ ધ્યાન ઉપર ન લીધા. મારી આ માનનીય મંત્રીશ્રીને દર્દભરી વિનંતી છેકે, સ્વર્ણિમ ગુજરાતની ઉજવણી કરતા હોઈએ ત્યારે, મારી આપ સૌને વિનંતી છે સનમાનીય ગૃહને કે, અમારો સમાજ સરકાની રાહ જોઈને બેઠો છે કે આ વિભાગ અમને ક્યારે વળતર આપે ? માનનીય અધ્યક્ષશ્રી, બોડેલી ઠાકોર સાહેબને ૮૮ હજાર એકરનું વળતર આપ્યું અને માત્ર કેટલા પૈસા આપ્યા ? માત્ર બે રૂપિયા. અને બીજા જાગીરદારો કોર્ટમાં ગયા, કોર્ટમાં ગયા એ જાગીરદારો પણ આજે સરકાર જો કોઈ સહકારની પ્રવૃત્તિ ધરાવે તો એ પણ કોર્ટમાંથી પાછા સરકારશ્રી કહે એમ કરવા તૈયાર છે પણ મારી વિનંતી છે, રાજય સરકારને કે આ જેટલા જાગીરદારોનુે વળતર નથી આપ્યું એમાં કોઈ મોટું કારણ નથી. માત્ર એક જે સમયેથી નક્કી થયું વળતર એ સમયથી માત્ર આ સમાજને તિરસ્કાર કરવા માટે જ આને વળતર આપ્યું નથી એટલા માટે મારી વિનંતી છે કે, આ વન વિભાગના અધિકારીઓને મારી વિનંતી છે. અને મહેસૂલ વિભાગના જે પ્રશ્નો આવે એ વિભાગને પણ મારી વિનંતી છે કે, આ ચર્ચા મંત્રીશ્રી સાથે બેઠક કરી, જાગીરદારો સાથે બેઠક કરી અને આ પ્રશ્નનો અંત લાવે. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્ય મંત્રીશ્રીના શાસન પછી જંગલો સુકાવવા લાગ્યા, જંગલોમાં દવ બળે, જંગલોમાં પ્રાણી પાણી વગર મરી જાય, આવા અનેક પ્રશ્નોના અંત લાવવા માટે અમારા વન વિભાગના કર્મચારી બંધુઓએ આ સરકારમાં વન તલાવડીઓ, ચેક ડૅમો આવા અનેકવિધ કાર્યક્રમો કરી ફરી જંગલ પ્રસ્થાપિત કરવા બદલ હું ધન્યવાદ આપું છું.

**અધ્યક્ષશ્રી** : ફતેસિંહભાઈ આપનો સમય પૂરો થાય છે. શ્રી ઈશ્વરભાઈ

**શ્રી ઈશ્વરભાઈ ન. વહીઆ(મહુવા)** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહની અંદર આદિજાતિ અને વન અને પર્યાવરણ વિભાગના મંત્રીશ્રી મંગુભાઈ એમની દરખાસ્ત લઈને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, વખતો વખત અમને દુ:ખ લાગે એવા પ્રશ્નો વિધાનસભામાં ઊભા થાય છે અને બહાર પણ ઊભા થાય છે. સાહેબ અમારી ઓળખ કાયમ માટે તાજી કરવાની ? અમે આદિવાસી છીએ. ગૃહની અંદર સિનિયર મંત્રી વનબંધુથી સંબોધે છે.વનબંધુ તમારી યોજના છે અમને કયાં વાંધો છે? એ યોજનાના તમારે જયાં પાટીયા મારવા હોય ત્યાં મારો પણ અમારી જાતિને મહેરબાની કરીને વનબંધુ શબ્દથી સંબોધો નહીં. જબરજસ્ત અમને એ આઘાત છે સાહેબ. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : ફતેસિંહભાઈ, આપ બેસી જાવ પ્લીઝ. એનું રુલીંગ પણ અગાઉ બાકી જ રાખ્યું છે આપ બેસી જાવ પ્લીઝ.

**શ્રી ઈશ્વરભાઈ ન. વહીઆ** : માનનીય અધ્યક્ષશ્રી, વનબંધુ એ તમારી યોજના છે. એ યોજના સાથે અમને કોઈ વાંધો નથી. (અંતરાય) કોઈ મને મહેરબાની કરીને ડિસ્ટર્બ ન કરો. વનબંધુ તમારી યોજના છે યોજનાનો ભાગ છે અમને કંઈ વાંધો છે? કશો વાંધો નથી પણ આદિવાસી જે અમારા પૂર્વજો હતા એ આદિવાસીઓ જેમને કુદરતે પહેલો જન્મ આપ્યો. આદિકાળથી અને એમનું નામ છે આદિવાસી અને એમને તમે વનબંધુનું નામ આપીને સંબોધો છો? (અંતરાય) હું સમજાવું સાહેબ.

**અધ્યક્ષશ્રી** : ઈશ્વરભાઈ, આપ પણ એનો ઉલ્લેખ ન કરો પ્લીઝ. આપનું પ્રવચન કરો. પ્લીઝ. બંને પક્ષે એની કોઈ ચર્ચા આપણે ન કરીએ.

**શ્રી ઈશ્વરભાઈ ન. વહીઆ** : માનનીય અધ્યક્ષશ્રી, એ આદિવાસીનું અમને ગૌરવ એટલા માટે છે કે એ આદિવાસી (અંતરાય) સાહેબ, મને વધારાનો સમય આપજો સાહેબ.

**અધ્યક્ષશ્રી** :ઓર્ડર ...ઓર્ડર... માનનીય મંત્રીશ્રી, આપ એની ચર્ચા ન કરો. પ્લીઝ. આપને વિનંતી કરું છું.

**શ્રી ઈશ્વરભાઈ ન. વહીઆ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી મને ડિસ્ટર્બ કરે છે. એમણે ઓછું નથી કર્યું સાહેબ, એટલાથી પુરતા નથી થયા, અમારો આક્રોશ એટલા માટે છે સાહેબ. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ, ફકીરભાઈ એની ચર્ચા ન કરો.

**શ્રી ઈશ્વરભાઈ ન. વહીઆ** : માનનીય અધ્યક્ષશ્રી, બંધારણની અંદર બહુ સ્પષ્ટ જોગવાઈ છે. બંધારણની અંદર ૨૪૪ અનુસૂચિ (૫) અને (૬) એ અમારા હકક માટેનું જબરજસ્ત બંધારણ છે અને એ બંધારણની અંદર બહુ સ્પષ્ટ એના રેવન્યુ કોડ અને સામાજિક કોડમાં એની અંદર સામાન્ય જે નિયમો છે એ લાગુ પડતા નથી. આપણે શું કર્યું? આઠ મીટરનો કાયદો પણ કયાંથી કાઢીને આપ્યો? આપે શું કર્યું સોનાની લગડી જેવી જમીન લેવા માટે? ત્યાં ૭૩-ડબલ એ જમીન પડેલી છે એની ઉપર આપની નજર પડી. ૭૩-ડબલ ક (અંતરાય) અરે સાહેબ, મારી વાત તો સાંભળવા દો. ૭૩-ડબલ-ક આદિવાસીની જમીન આદિવાસીને જ વેચી શકાતી હતી એમણે શું કર્યું? આદિવાસીની જમીન પણ વેચી શકાશે. બંધારણનો કાયદો અમને રક્ષણ કરે છે એ વિસ્તારની જમીન જયારે લેવી

હોય તો પેસા કાયદાની અંદર જોગવાઈ છે. (અંતરાય) સાહેબ, અગત્યની વાત કહું છું. પેસા કાયદાની અંદર બહુ સ્પષ્ટ જોગવાઈ છે. ગ્રામસભા એ સર્વોપરી છે. આજે તમે તાલુકાની વાત કરો છો. ગ્રામસભા સર્વોપરી છે. તેના દાખલા છે. સુપ્રીમ કોર્ટે પણ જજમેન્ટ આપ્યું છે કે ગ્રામસભા સર્વોપરી છે. આપે શું કર્યું? ગ્રામ પંચાયતથી જિલ્લા પંચાયતમાં લઈ ગયા એમાં પણ નહીં. ખાણ ખનીજની અંદર અને ગૌણ પેદાશની અંદર સેન્ટ્રલાઈઝ કરી દીધું. એનો હકક તો ગ્રામ સભાને છે. શું બદલીને કર્યું? અમારા હકક ઉપર શા માટે તરાપ તમે મારો છો? એટલું જ નહીં જે તમારું બજેટ છે એ બજેટ ઉપર નજર નાખો. બજેટ અમારા નામે ફાળવાય છે. ૧૬કરોડ શહેરના નવપલ્લવીત માટે છે. બજેટ અમારા નામનું અને શહેરના વિસ્તારને રોનકવાળો બનાવવો છે. આરોગ્યનું બજેટ અમારા નામ ઉપર કુલ બજેટ ૧૮૫કરોડ ફાળવ્યું છે. કેટલું બજેટ શહેરમાં ગયું? ૯૫કરોડ શહેરમાં મુકયા અને જયાં વસ્તી આદિવાસીની છે એમાં ૪૯કરોડએમાં ૪૯ કરોડ શું કરો છો આપ? કેન્દ્ર સરકારે કેટલા પૈસા આપ્યા? છાતી કાઢીને વાત કરો છો? કેન્દ્ર અમને આપતી નથી. તમારી દરખાસ્ત શું છે? કેન્દ્રે કેટલા પૈસા આપ્યા? ૧૧,૬૯૨ કરોડ ૬૩ લાખ ૪૯ હજાર. અરે, તમારી વહીવટી દરખાસ્ત જ જુદી છે. એક વર્ષની વાત કરું છું. વહીવટી દરખાસ્ત પહેલા કોની કરો છો? આદિવાસી વિસ્તારની નહિ, શહેરના વિસ્તારની. જ્યાં એમના પૂલો બનવાના હોય ત્યાં, મોટી મોટી એસેટ બનવાની હોય ત્યાં દરખાસ્ત કરો છો. ત્યાંની રકમ છે એ રકમ ફળવાઈ જાય પછી અમારી પાસે કહે કેન્દ્ર સરકાર પૈસા અમને આપતી નથી. શું કરો છો આપ? આદિવાસીના નામ ઉપર જે રીતે છેહ દેવામાં આવે છે એ આઘાતજનક છે. અમારા નામની કોર્ટ બને છે.

**અધ્યક્ષશ્રી** : આપની પાસે બે મિનિટનો સમય છે.

**શ્રી ઈશ્વરભાઈ ન. વહીઆ** :અમારા નામના પોલીસમાં થાણા બને છે. લાકડીઓ કોની ઉપર વીંઝાય છે? આદિવાસી ઉપર તમને અનેક દાખલા બતાવું, પણ સમયની મર્યાદા છે. એટલા બધા દાખલા બતાવું. અત્યારનો દાખલો બતાવું કે એક આદિવાસી અરવિંદભાઈ ચૌધરી, પારડી ગામનો અમારા બારડોલી તાલુકામાં એની ૨૯ લાખ રૂપિયાની જમીન પડાવવા માટે જે રીતે સહી કરાવી અને પોલીસ ખાતાનો સહારો લઈને બળજબરીપૂર્વક પોલીસ ખાતામાં ખેંચી ગયા. એ પોલીસ ખાતા માટે રહેણાંકના મકાન અમારે બાંધવાના? મર્યાદા રાખો. અમારા પૈસા એસેટમાં જાય છે. અમારા મંગુભાઈ ગરીબ કલ્યાણ યોજનાની અંદર એમને એસેટો આપવામાં આવ્યા. સાહેબ, ૧૦૮ ની શણગારેલી એસેટ અમારે ત્યાં મૂકી ગયા. નવી નવી એસેટ અમારી સામે મૂકી ગયા. એક મહિના પછી રાત્રે એસેટ જ બદલાઈ ગઈ. જૂના ધક્કાવાળી ગાડી તે મૂકી ગયા. નવી લઈ ગયા. સાહેબ એવું તમે આ બજેટમાં ૨૫ થી ૩૦ નવી એસેટ નવી માગી છે. આવું જ કરવાના છો? અમારા નામની ગાડીઓ આવશે. એ ગાડીઓ કયાં જશે. ખોટું હોય તો તમારા બજેટમાંથી બોલું છું. સમયની મર્યાદા છે.

**અધ્યક્ષશ્રી** : એનો જવાબ મંત્રીશ્રી આપશે.

**શ્રી ઈશ્વરભાઈ ન. વહીઆ** : મારી પાસે બજેટનાં પાનાં સાથે વાત કરવા માગું છું. એટલું જ નહિ કેન્દ્રનાં જેટલાં પણ નાણાં આવે છે એ સીધા આદિવાસી કુટુંબોને સ્પર્શે તેવા નાણાં છે, જ્યારે આપણાં નાણાં છે..

**અધ્યક્ષશ્રી** : માનનીય રમણભાઈ.

**શ્રી રમણલાલ ના. પાટકર(ઉમરગામ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી આજના એજન્ડાના કામકાજમાં માગણી નં. ૨૬, ૨૭, ૯૩ અને ૯૬ લઈને આ સન્માનનીય ગૃહમાં લઈને આવ્યા છે, તેમાં મારા વિચારો રજૂ કરવા માટે ઊભો થયો છું.

( આ તબક્કે પ્રેક્ષક ગેલેરીમાંથી સૂત્રોચ્ચાર સાથે પત્રિકા ફેંકવામાં આવી )

**અધ્યક્ષશ્રી** : સાર્જન્ટ એમને બહાર લઈ જાઓ.

**શ્રી રમણલાલ ના. પાટકર** : સમગ્ર ભારતની અંદર ૮ ટકા આદિવાસીની વસ્તી છે એમાં ગુજરાતની અંદર અમારી આદિવાસીની વસ્તીનું પ્રમાણ ૫ કરોડ ૬ લાખની સામે ૭૪ લાખ જે વસ્તીની અંદર ૧૫ ટકા જેટલી વસ્તી થવા જાય છે. આ વસ્તીને સમતોલ વિકાસ થાય એવું આજના અમારા ભારતીય જનતા પાર્ટીની સરકારની અંદર આનું આયોજન કરવામાં આવ્યું છે. ખાસ કરીને સભ્યશ્રી ઈશ્વરભાઈએ કહ્યું કે અત્યારે ગામસભા એ સર્વોપરી છે. હું ચોક્કસ કહું છું કે આઝાદી પૂર્વે પણ આદિવાસીઓ હતા અને આજે પણ આ આદિવાસીઓ છે. આદિવાસી શબ્દનો અર્થ થાય છે કે વર્ષોથી વસેલા એ આદિવાસી. આદિવાસી કયાં વસે છે એ પણ સૌને ખબર છે. પૂર્વ અને દક્ષિણ વિસ્તાર જે અંબાજીથી ઉંમરગામ સુધી જે પટ્ટો આવ્યો છે જે અન્ય રાજય સાથે છેવાડાનો વિસ્તાર છે. રાજસ્થાનનો વિસ્તાર છે, મધ્યપ્રદેશનો વિસ્તાર છે, મહારાષ્ટ્રનો વિસ્તાર છે, દમણ અને સેલ્વાસનો વિસ્તાર છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ વિસ્તારની જે બૉર્ડર પટ્ટી આવેલ છે તેમાં અમારા આદિવાસીઓ વસે છે. આદિવાસીઓને સ્વાભાવિક રીતે તેઓ ડુંગરાળ અને પહાડી વિસ્તારમાં હોવાને કારણે ભૂતકાળની અંદર ત્યાં પાણીની સમસ્યા હતી, રસ્તાની સમસ્યા હતી, રોજી માટેની સમસ્યા હતી. આ સમસ્યાઓનો નિવેડો જોતજોતામાં કઈ રીતે આવ્યો છે તેનું વર્ણન કરવા માગુ છું. આ બજૅટ ઉપર જ્યારે નજર કરી ત્યારે તે બજૅટની અંદર સ્વાભાવિક રીતે આખા ગુજરાતનું જે બજૅટ છે તે બજૅટની અંદર માનનીય નાણામંત્રીશ્રીએ ૨૫ તારીખે જ્યારે બજૅટ પેશ કર્યુ ત્યારે ૪૮૪૮ કરોડ રૂપિયાનું બજૅટ આદિવાસી ક્ષેત્ર માટે મૂકયું છે તે ખૂબ સારી વાત છે. તેને હું આવકારું છુ. માનનીય અધ્યક્ષશ્રી, આજે હું ચોક્કસ કહીશ અને ઈશ્વરભાઈએ જે વાત ગ્રામસભાની કરી તેમાં હું

ચોક્કસ કહીશ કે ગ્રામસભાને સંપૂર્ણ સ્વતંત્રતા જો કોઈએ આપી હોય તો તે ભારતીય જનતા પાર્ટીએ આપી છે. આજે ભારતીય જનતા પાર્ટીએ ગ્રામસભામાં કયા કયા એજન્ડાની ચર્ચા કરવામાં આવશે તેમાં ગામના શિક્ષકો, આગેવાનો, ગામના ચૂંટાયેલા પદાધિકારીઓને દસ દિવસ પહેલાં એજન્ડા મળી જાય છે અને તેના ઉપર ચર્ચા કરવામાં આવે છે. તેના અમલીકરણ અધિકારી જિલ્લામાંથી અને તાલુકામાંથી આવે છે. તેના ઉપર ચર્ચા કરીને કયા કામો લેવા તે નક્કી કરી વિવિધ યોજનાઓમાં તેનો સમાવેશ થાય છે તેના કારણે કામની અંદર વિશાળ કામો થતા જોયા છે. ભૂતકાળ એક એવો હતો કે અમારા જંગલ વિસ્તારની અંદર રહેતા આદિવાસીઓને આવવા જવા માટે કોઈ રસ્તાની સુવિધા ન હતી. પરંતુ આજે મને કહેતાં ગર્વ થાય છે કે ગયે વખતે આ યોજના તળે (સમયસૂચક ઘ ંટડી) અમારા આદિવાસી ક્ષેત્રની અંદર જે બૉર્ડર લવિંગ છે, બૉર્ડર લવિંગ એટલે બીજા રાજયો સાથે જોડતી હદ. આ હદની આજુબાજુના ગામો ગુજરાત સરકારે તાળવી કાઢયા અને આ ૪૦૧ ગામોની અંદર છ જેટલી પાયાની સુવિધા તેમાં પીવાના પાણીની વ્યવસ્થા, ઘર ઘર વીજળીકરણ, આરોગ્યની સુવિધા અને રોજીરોટીની સુવિધા અને આના કારણે મને આજે કહેતાં ગર્વ થાય છે કે ગઈ વખતે ખૂબ મોટો ખર્ચ આ હેડની અંદર કરવામાં આવ્યો છે. અમે ચોક્કસપણે કહીએ છીએ અને હું એક આદિવાસી ક્ષેત્રમાંથી આવું છું. ઉમરગામ તાલુકાની અંદર બે વર્ષની અંદર અમે ૩૦૭ કરોડ રૂપિયાના કામો કરતા જોયા છે. આજે કહેતાં ગર્વ થાય છે આ ગૃહમાં કે વર્ષોથી અમે કહેતા હતા કે આ એક રસ્તો બનાવો. અમારો કોસ્ટલ ઝોનનો રસ્તો જે આદિવાસી ક્ષેત્રમાંથી જાય છે. છતાં પણ કોઈ વખત બજૅટની અંદર તેની જોગવાઈ થતી ન હતી. માનનીય આનંદીબેન પટેલ અમારા વિસ્તારમાં આવ્યા અને ૩૫ કરોડ રૂપિયાનો રસ્તો અમારા દમણથી મહારાષ્ટ્રને જોડતો કોસ્ટલ હાઈવે અને બ્રીજ બનાવ્યો છે. આદિવાસીનું કામ છે. આજે આદિવાસીઓને જમીન કોણે આપી? જમીન જે ખેડતા હતા તેના ઉપર પહેલી દૃષ્ટિ કોઈએ કરી હોય તો ભારતીય જનતા પાર્ટીએ કરી છે. ૪૫ હજાર હેકટર જમીન ભારતીય જનતા પાર્ટીએ આપી છે. ત્યારપછી જ્યારે ફોરેસ્ટ એકટ આવ્યા ત્યારે તેમાં પણ ૨૭ હજાર હેકટર જમીન આદિવાસીઓને આપી છે. આ બજૅટને હું અનુમોદન આપું છુ.

**પ્રેક્ષક ગેલેરીમાંથી પત્રિકાઓ ફેંકવા બાબત**

**શ્રી પંકજકુમાર વી. દેસાઈ (મુખ્યદંડકશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આજે જે વ્યકિતએ આ સભાગૃહની નજર સમક્ષ સૂત્રોચ્ચાર કરીને પત્રિકાઓ ફેંકી ગૃહની કાર્યવાહીને ખલેલ પહોંચાડી છે તે વ્યકિતએ ગૃહનું અવમાન કર્યુ છે. તેથી આ વ્યકિતને આજે સભાગૃહની બેઠક પૂરી થાય ત્યાં સુધી અટકાયતની સજા કરવામાં આવે.

**અધ્યક્ષશ્રી** : પ્રસ્તાવ એ છે કે ગૃહની ગેલેરીમાં જે વ્યકિતએ સૂત્રોચ્ચાર કરીને પત્રિકાઓ ફેકીને ગૃહની કાર્યવાહીને ખલેલ પહોંચાડી છે તે વ્યકિતને આજે ગૃહની બેઠક પૂરી થાય ત્યાં સુધી અટકાયતની સજા કરવામાં આવે.

**શ્રી ઈકબાલ પટેલ (કોંગ્રેસ પક્ષના દંડકશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, અમે સંમત છીએ.

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી : હું સાર્જન્ટને આદેશ આપું છું કે આ વ્યકિતને અટકાયતમાં લેવામાં આવે.**

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ) (ક્રમશ:)

**શ્રી પરંજયાદિત્યસિંહજી કૃ. પરમાર(સંતરામપુર) : માનનીય** અધ્યક્ષશ્રી, પંચમહાલ જિલ્લાના બે તાલુકા જે ડેઝીગ્નેટેડ ટ્રાયબલ તાલુકાઓ છે. તે કડાણા અને સંતરામપુર છે. ૨૦૦૧ની જે વસ્તી ગણતરી થઈ તેમાં કડાણા તાલુકાની વસ્તી ૧,૧૦,૩૭૯ ટોટલ હતી અને તેમાં ટ્રાયબલ વસ્તી ૮૦૮૧૦. કમનસીબી આ છે કે લોકો ટ્રાયબલના દાખલા કડાણા તાલુકામાં લેવા જાય છે તો ૨૦૦૮માં કડાણા તાલુકામાં ફકત ૪ જાતિના દાખલાના પ્રમાણપત્ર ઈસ્યુ થયા છે. ૨૦૦૯માં ફક્ત એક, અને ૨૦૧૦માં જાતિનો એકે દાખલો ઇસ્યુ નથી થયો, અગર રાજય સરકારે એમને ટ્રાયબલ તાલુકાનો દરજ્જો આપેલો છે અને અમને ટીએસપીની ગ્રાન્ટો મળે છે, શિષ્યવૃત્તિ મળે છે, જેટલા પણ ટ્રાયબલના અધિકારો છે એ મળે છે અમારા સરપંચ હોય તો એ બધી સીટો રિઝર્વ આવે છે, તાલુકા પંચાયતની સીટો રિઝર્વ આવે છે, જિલ્લા પંચાયતની સીટો રિઝર્વ આવે છે અને હવે આગામી ૨૦૧૨માં વિધાનસભાની સીટ પણ રિઝર્વ આવશે. અગર આ રિઝર્વ આવે છે તો આપના હિસાબથી, સરકારના હિસાબથી આ બધા ટ્રાયબલ છે કે નથી ? અગર ટ્રાયબલ છે તો એમને દાખલા કેમ નથી મળતા? અને અગર નથી ટ્રાયબલ અને આપ બધા કહેવા માગો છો તો જેટલા પણ ઇલૅક્શન થાય છે એ બધા બોગસ દાખલા ઉપર ઇલૅક્શન થઈ રહ્યા છે એ જ આપ કહેવા માગો છો? જેના વાલીઓ હોય એમની પાસે ટ્રાયબલનો દાખલો હોય પણ છોકરો બિચારો ટ્રાયબલનો દાખલો લેવા જાય તો એને નથી મળતો, તો સાચો કોણ છે, વાલીનો દાખલો કે જે ટ્રાયબલનો ઈસ્યુ નથી કરતા એ દાખલો? આ બજેટમાં એલોકેશન કરો છો ટ્રાયબલ માટે, ટીએસપીની ગ્રાન્ટ મળે છે, શિષ્યવૃત્તિ મળે છે. તો એ કયા આધારથી કરો છો? What are we suppose to do? Are the people of Kadana Taluka tribal or not tribal? If they are tribal, than why are you not issuing them caste certificates? and if they are not tribal as the government claims and if you are not

issuing caste certificates, than why you are giving grant for tribal? બંને, ટ્રાન્સલેશન મળી જશે આપને, (અંતરાય) એટલે આ જે વ્યથા છે, (અંતરાય) અને અત્યારે પરિસ્થિતિ એ છે કે, વાલિઓ પાસે ટ્રાયબલના દાખલા છે તો છોકરા અગર બક્ષીના દાખલા લેવા જાય તો એ પણ નથી મળતા, તો જે ગરીબ બિચારા આદિવાસી લોકો છે એમનું શું? આનો નિકાલ કરીને આપો, એ માટેની બહુ આશા રાખીએ છીએ.

**શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા(ઉપલેટા)** : માનનીય અધ્યક્ષશ્રી, આજે વન અને પર્યાવરણ મંત્રીશ્રી વન વિભાગની માગણીઓ ક્રમ નંબર ૨૬, ૨૭ ૯૩ અને ૯૬ લઈને સભાગૃહ સમક્ષ આવ્યા છે એને સમર્થન આપવા અને મારા વિચારો વ્યક્ત કરવા માટે હું ઉભો થયો છું. માનનીય અધ્યક્ષશ્રી, હમણાં સામેના પક્ષ તરફથી વનબંધુ નામ ઉપર પોતાના..

**અધ્યક્ષશ્રી** : આપ એનો ઉલ્લેખ ના કરો, અહીંથી મેં સૂચના આપી છે, આપ સર્વે સભ્યશ્રીઓને વિનંતી કરીશ કે, બંને પક્ષના, એના ઉલ્લેખ ના કરે.

**શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા** : માનનીય અધ્યક્ષશ્રી, રામાયણની અંદર, મને રામાયણના જે પ્રસંગો યાદ આવે છે એ યાદ કરીને આ મારી વાત કરું છું.

**અધ્યક્ષશ્રી** : ગૃહનો સમય બગડે છે. પ્લીઝ.

**શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા** : માનનીય અધ્યક્ષશ્રી, રામાયણમાં ભગવાન રામચંદ્રજી જ્યારે વનમાં ગયા હતા, અને વનના રાજા ગુરુને, એને ગળે લગાડી વનવાસીઓને વનબંધુ તરીકે સ્વીકારી અને એના (અંતરાય) રામાયણની વાત કરવામાં એમને વાંધો શું છે ? અમે અમારી રીતે કહીએ છીએ,

**અધ્યક્ષશ્રી** : આપ માગણી ઉપર ચર્ચા કરો. પ્લીઝ.

**શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા** :માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય) હું માગણી ઉપર કહું છું. આજે મારે માગણીઓ ઉપર મને બોલવાનો અધિકાર નથી? મને બોલવા ન દે? રામાયણની અંદર વનવાસીઓને વનબંધુ તરીકે કહેવામાં આવ્યા છે સાહેબ, વનબંધુ તરીકે એમને સ્વીકારવા નથી?

**અધ્યક્ષશ્રી** :ઑર્ડર, ઑર્ડર, અમરસિંહભાઈ આપ બેસો, ફતેસિંહભાઈ આપ બેસો. પ્લીઝ.

**શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા** : માનનીય અધ્યક્ષશ્રી, રામાયણની અંદરમાં ભગવાન રામચંદ્રજી જે કામ કરે છે એણે વનવાસીઓને ગળે લગાડ્યા, એમાં એમને વાંધો આવે છે? એ કહેવાનો અમને અધિકાર નથી ?

**અધ્યક્ષશ્રી** : માનનીય અમરસિંહભાઈ આપ બેસો, પ્લીઝ, માનનીય પ્રવિણભાઈ આપને વિનંતી કરું છું કે આપ મુળ માગણી ઉપર આવી જાઓ. આપની પાસે સમય નથી, બે મિનિટ તો પૂરી થઈ ગઈ છે.

**શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા** : માનનીય અધ્યક્ષશ્રી, ભગવાન રામચંદ્રજીએ ચૌદ વર્ષ સુધી વનવાસ કર્યો, અને જ્યારે વનની અંદર વનવાસમાં રહ્યા, જે સમાજ સાથે રહ્યા છે, એમના ઉત્કર્ષ માટે ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ બાર હજાર કરોડ રૂપિયાની યોજના લઈ આવે, અને એના સર્વાંગી વિકાસ માટે થઈને આવી બાર હજાર કરોડ રૂપિયાની યોજના લઈ આવ્યા છે, અને એ આજે વિરોધપક્ષને જરાય ગમતું નથી.

**અધ્યક્ષશ્રી** :યોજના વિશે વાત કરી શકો છો, અન્ય વાતમાં આપ ન પડો, પ્લીઝ.

**શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા** : માનનીય અધ્યક્ષશ્રી, પંદર હજાર કરોડ, હા, બાર હજાર કરોડ નહીં પણ પંદર હજાર કરોડ રૂપિયાની ભૂતકાળની કોઈ સરકારો લઈને આવી છે? અરે, હિન્દુસ્તાનમાં કેટલીય જગ્યાએ જંગલો છે અને બધે વનવાસીઓ વસે છે એના મુખ્યમંત્રીએ ક્યાંય એક કાણી કોડી ફાળવી છે એની પાછળ? આજે ગુજરાતના મુખ્યમંત્રીશ્રી આવા ૧૫૦૦૦ કરોડ રૂપિયાની યોજના લઈ આવ્યા છે ત્યારે આજે ગુજરાતની અંદર વનમહોત્સવ ઉજવવામાં આવે છે એમાં ૨૦૧૦ અને સુવર્ણ જયંતિ નિમિતે ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રીએ જે ગુજરાતની અંદર વનના વિકાસ માટે થઈને અલગ અલગ પ્રકારના અભિયાનો ચલાવ્યા છે એમાં ગાંધીનગરની અંદર જે પુનિત વન બનાવવામાં આવ્યું છે એ માટે માનનીય સામેની પાટલીના મિત્રોને કહું છું કે પુનિત વનની મુલાકાત લો, ચોટિલાની અંદર પણ જે વન બનાવ્યું છે એની મુલાકાત લો. આવા દરેક વર્ષે અલગ અલગ જિલ્લામાં મહોત્સવ કરી અને એનો વિકાસ કરવામાં આવી રહ્યો છે. ગયે વર્ષે સુરેન્દ્રનગર અને પાલિતાણામાં વનમહોત્સવ ઉજવવામાં આવ્યો અને વનમહોત્સવ ઉજવવા પાછળ આપણે પોતે વૃક્ષોનું પુજન કરીએ છીએ. અરે, પુજ્ય પાંડુરંગ દાદા એ પણ કહ્યું છે કે, 'છોડમાં રણછોડ છે' અને છોડમાં રણછોડ છે તો આપણે દરેક છોડની અંદર ભગવાનના દર્શન કરીએ છીએ અને ભારતીય સંસ્કૃત્તિમાં પૌરાણિક ગ્રંથો જેવા કે વેદો અને પુરાણો-ઉપનિષદો વગેરેમાં માનવ સમાજ અને વૃક્ષોને જોડવામાં આવ્યા છે, એના સંબંધોનો નિર્દેશ કરવામાં આવ્યા છે. વૃક્ષો એ માનવ સમાજ પર સીધી અસર કરે છે એનો ઉલ્લેખ પ્રાચિન ગ્રંથોમાં છે અને ખાસ કરીને ચિકિત્સા શાસ્ત્રમાં આપણે વૃક્ષોની સાથે આયુર્વેદને પણ જોડવામાં આવ્યું છે અને આયુર્વેદને જોડીને જે વન વિકાસ વિભાગ દ્વારા જે વન વિકાસ નિગમ ચલાવવામાં આવે છે એમાં આયુર્વેદની દ્દષ્ટિએ આંબળા અને બીજા પ્રકારના વૃક્ષો અને છોડવાઓ જેને ઓસડિયાઓ તરીકે ઉપયોગ થાય છે એનું આજે આપણા ગુજરાતમાં એટલું બધું ઉત્પાદન થયું છે કે, ગુજરાતની અંદર વન વિકાસ નિગમ દ્વારા સારામાં સારું ઉત્પાદન થયું છે અને લોકોને એ વિપુલ પ્રમાણમાં મળતા થયા છે. આમ માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે એમાં હું મારુ સમર્થન આપુ છું.

**ડૉ. અનિલ જોષીયારા(ભીલોડા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી વન અને પર્યાવરણ અને આદિજાતિ વિભાગની જે માગણીઓ લઈને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરવા ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આદિજાતિ વિભાગ એક એવો વિભાગ કે જે આદિવાસીઓનો સર્વાંગી વિકાસ કરનારો વિભાગ અને જેની પાસે બજેટ ન હોય એવો વિભાગ છે. નોર્મલી દરેક વિભાગ પોતાના બજેટ પ્રમાણે આયોજન કરે છે અને એનું અમલીકરણ કરતી હોય છે. પણ આ એક એવો વિભાગ છે કે એની પાસે બજેટ નથી એટલે જુદા જુદા વિભાગોને ૧૫ ટકા અમલીકરણ કરવા માટેનો આગ્રહ રાખવામાં આવે છે, એનાથી પરિસ્થિતિ એ થાય છે કે જે આદિવાસી વિસ્તારની જરૂરિયાત છે એ જરૂરિયાત પ્રમાણેની યોજનાઓ બનતી નથી અને મોટા ભાગનું જે બજેટ છે એ બજેટ ડાઈવર્ટ થતું હોય છે. આદિવાસીઓના વિસ્તાર માટે અને એના વિકાસ માટે એની નીતિઓ ઘડવા માટે આદિવાસી સલાહકાર પરિષદ છે. ઘણાં સમયથી આમ તો નિયમ એવો છે કે, દર ત્રણ મહિને મળવી જોઈએ પણ આ સરકારમાં નીતિઓ ઘડે તો પછી એનો અમલ કરવો પડે એટલે આ દુર્લક્ષ સેવી રહી છે અને એના અધ્યક્ષ મુખ્યમંત્રીશ્રી છે છતાં પણ આ સરકાર આની મિટિંગો બોલાવતી નથી. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રીએ ચાર વર્ષ પહેલા એવી જાહેરાત કરી હતી, જે ૧૧મી પંચવર્ષીય યોજના છે એનું જે કદ છે એ આદિવાસીઓ માટે સ્પેશિયલ પેકેજની વાત કરી છે ૧૫૦૦૦ કરોડની પણ વાસ્તવમાં એ કોઈ સ્પેશિયલ પેકેજ ન હતું અમારું બજેટ જ હતું. આ તો મુખ્યમંત્રીશ્રીને યાદ ન આવ્યુ નહીં તો એમ કહેત કે 'હું આ ગુજરાતની પ્રજા માટે ૧૧મી પંચવર્ષીય યોજનામાં ૧,૧૧,૧૧૧ કરોડનું પેકેજ લઈને આવ્યું છું. એમ કહેત. પણ આ તો કોણ જાણે કેમ એમને યાદ નહીં આવ્યું હોય. માનનીય અધ્યક્ષશ્રી, વિભાગ હસ્તક બજેટ ન હોવાના કારણે પરિસ્થિતિ એ થઈ કે ૧૫ ટકા પ્રમાણે ખર્ચો થઈ ગયો છેલ્લા ચાર વર્ષમાં પણ જે મુખ્યમંત્રીએ યોજનાઓ જાહેર કરી હતી અને ૧૦ મુદ્દાઓ જાહેર કર્યા હતા એનું શું થયું? દરેક જણને શુદ્ધ જળનું પાણી પહોંચાડવાની જાહેરાત કરી હતી પણ એની પાછળ અત્યાર સુધી છેલ્લા ચાર વર્ષમાં ખર્ચો થયો રૂા.૧૦૨૬.૪૧,૧૭૦૦૦ આજે પણ ગામડામાં એ કોઈ યોજના બની નથી આજે પણ હેન્ડપંપો ઉપર આધાર રાખવો પડે છે. મારા વિસ્તારની વાત કરું તો આજે નળ માટેની યોજનાઓ કાગળ ઉપર જ રહી ગઈ છે અને કોઈ જ યોજના બની છે. મારી એચ.કે. ફોર વન અને ટુ યોજના આજની તરીખે કાગળીઆ પર છે. સિંચાઈ માટેની વાત કરું તો આદિવાસી વિસ્તારમાં સિંચાઈની સૌથી વધુ રકમ ફાળવી છે. કેટલી? રૂા. ૨૩૬૯ કરોડ આટલી મોટી રકમ પણ આદિવાસી વિસ્તારને એનો લાભ ન મળ્યો કારણ કે બજેટ બીજા પાસે હતું અને જે મોટા ભાગનું બજેટ હતું એ નર્મદા નિગમને શેર મૂડી ભંડોળ માટે ગયું અને એ છેલ્લા ત્રણ વર્ષમાં રૂા. ૮૪૪૮.૩૩ કરોડ એના શેર મુડી ભંડોળમાં ખોયા જેનો આદિવાસીઓને કોઈ લાભ ન મળ્યો. બીજી જે યોજના બની એ પાનમ હાઈ લેવલ કેનાલ, જે ડુંગરોમાં ટનલ બનાવી ત્રણ કિલોમીટરની, જે યોજનાઓ બનાવી એ મોટાભાગની યોજનાઓમાંથી આદિવાસી વિસ્તારમાં એનો કોઈ લાભ ના મળ્યો.

આરોગ્યની વાત કરું તો ૭૫૬ કરોડ રૂપિયાનો ખર્ચો થઈ ગયો, આજે માણસ બિમાર પડે છે એને બી.પી.એલ. કાર્ડ શોધવું પડે છે, કાં તો એને ટી.ડી.ઓ. કે મામલતદાર પાસે આવકના દાખલા માટે જવું પડે છે, એ હોસ્પિટલમાં નથી જતો, આજે તો સરકારી હોસ્પિટલોમાં પ્રાઈવેટ હોસ્પિટલ હોય એ રીતે દર્દીઓ પાસેથી યુઝર્સ ચાર્જ ના નામે ફી લેવામાં આવે છે. એ પરિસ્થિતિ આજે ડેવલપ થઈ છે. મારે તો અગત્યની બાબત એ કહેવી છે કે, શિક્ષણમાં જે સેલ્ફ ફાઈનાન્સ સ્કૂલો ચાલુ કરી, એમાં જે ફીનું ધોરણ છે, એ ફી કેન્દ્ર સરકાર આપે છે જે તારીખ ૪-૩-૨૦૦૮નો પરિપત્ર થયો, આપણી સરકાર દોઢ વર્ષ કે એના કરતાં પણ વધારે સમય પછી જાગી, જે પરિપત્ર કર્યો ત્યારે એવું નક્કી કર્યુ કે એનો અમલ તારીખ ૧-૮-૨૦૦૯થી કરવો. દુ:ખની વાત એ છે કે ફરી પાછો પરિપત્ર કરવામાં આવ્યો કે ૧-૮-૨૦૦૯ નહિ, એ પાછલી તારીખમાં પરિપત્ર કર્યો અને એવો પરિપત્ર કર્યો કે એનો અમલ ૨૦૦૯-૧૦થી કરવાનો. આ સરકાર જૂઓ આદિવાસીઓના શિક્ષણ માટે કેટલી ગંભીર છે? આ સરકારે નવો અભિગમ બતાવ્યો કે શહેરનો વિકાસ જોઈને આદિવાસીઓનો વિકાસ થાય, શહેરનું ઝુંપડું જોઈને આદિવાસીઓના બંગલા થઈ જાય. આ બાબત જોવા જેવી છે. આ આદિવાસી વિસ્તારના પૈસા ૨૯૫.૯૪ કરોડ રૂપિયા છેલ્લાં ત્રણ વર્ષમાં આ શહેરોના વિકાસ માટે વાપર્યા છે. એમને વાપરવા હોય તો ભલે વાપરે પણ અમારે ત્યાં શું કામ એનો ખર્ચો પાડવામાં આવે છે. એ તમે ખર્ચો અલગથી શહેરી વિકાસ વિભાગમાં પાડોને. એમાં ૯૫ કરોડ રૂપિયા ક્રિએશન ઓફ એસેટ્સ ટુ લોકલ બોડી, નગરોના વિકાસ માટે ૧૬ કરોડ રૂપિયા, આ રીતે ૧૫૫ કરોડ રૂપિયા શહેરી વિકાસ માટે આદિવાસીના પૈસા વાપરવામાં આવે છે, ખરેખર જે જરૂરિયાત છે ભૂમિ અને જળ સંરક્ષણ આદિવાસી વિસ્તારમાં જરૂર છે એ નથી કરી શકતા. આદિવાસી વિસ્તાર માટે ભવનની જરૂરિયાત છે આ ગુજરાતમાં મોટા ઉપાડે વાત કરી હતી આદિવાસી ભવન હોવું જોઈએ. મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે આ આદિવાસી ભવન તાત્કાલિક બનાવવામાં આવે અને માટે જે માગણીઓ લઈને મંત્રીશ્રી આવ્યા છે તેને હું સ્વીકારી શકતો નથી અને એટલું કહીને મારી વાત પૂરી કરું છું.

**શ્રી દિલીપસિંહ વ.પરમાર(મોડાસા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી જે એમની માગણીઓ લઈને આ સભાગૃહ સમક્ષ આવ્યા છે તે માગણીઓને મારું સમર્થન આપવા અને મારા વિચારો વ્યક્ત કરવા માટે ઉપસ્થિત થયો છું.

વન વિભાગ જે સુંદર કામગીરી કરી રહ્યું છે અને આ કામગીરી કરવા માટે માનનીય મંત્રીશ્રી મંગુભાઈ પટેલ અને માનનીય રાજ્ય કક્ષાના મંત્રીશ્રી કિરીટસિંહ રાણાએ આ વન વિભાગના સર્વે અધિકારી, કર્મચારીઓને આ સુંદર  કામ કરવા માટે જે પ્રેરણા આપી છે તે બદલ આ સર્વને હું મારા હૃદયપૂર્વકના અભિનંદન આપું છું. અગાઉના સમયમાં પણ આ જ કર્મચારીઓ હતા, આ જ અધિકારીઓ હતા, પરંતુ તેઓને માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ સરકારી કર્મચારીઓ એટલે પગાર લેતા કર્મચારીઓ નહિ સરકારી નોકર નહિ પરંતુ તેમને કર્મયોગી ગણ્યા છે. તેઓને આ કર્મયોગીની જે તાલીમ આપી તેના આધારે આપણે આ સુંદર કામગીરી જોઈ શક્યા છીએ. આ કર્મયોગીની જે તાલીમ એમને મળી, કર્મયોગીઓએ જે કામ કર્યું એ કામનું ઉત્તમ ઉદાહરણ આપણને સાબરકાંઠા જિલ્લાના મોડાસા તાલુકાના મેઢાસણ ગામે આપણે જોઈ શકીએ છીએ. સામાજિક વનીકરણ વિભાગ હેઠળ મેઢાસણ ગ્રામ પંચાયત વિસ્તારની અંદર જે ગૌચરની જમીન કે જે જમીનની અંદર જંગલી બાવળો ઉગેલા હતા એ કાઢીને તેની જગ્યાએ જે ફળાઉ ઝાડનું જે વાવેતર કરેલું છે તેનું ઉત્તમ ઉદાહરણ આપણને જોવા મળે છે. આપણા રાજયની અંદર જે ગ્રામ પંચાયતો હોય એમણે પોતાના ગામમાં વિકાસના કામો કરવા માટે સામાજિક વનીકરણ વિભાગની સહાય લઈને અને કેવી રીતે કામ કરી શકાય એ આપણે મેઢાસણ ગામે જોઈ શકીએ છીએ. આ ગામમાં ગૌચરની ૧૬ હેક્ટર જમીનમાં વાવેતર કરેલ છે. એમાં જે ફળાઉ રોપા રોપ્યા છે તે લાલ જામફળ, સફેદ જામફળ, બિલી, સીતાફળ, આમળા, જાંબુ, સરગવા, હરડે વિગેરે રોપાઓ રોપ્યા છે અને આ જે સુંદર કામગીરી કરી છે એ કામગીરી જોવા માટે સમગ્ર રાજ્યમાંથી જુદા જુદા અધિકારીઓ, કર્મચારીઓ અને જુદા જુદા પદાધિકારીઓ આવે છે. આ સિવાય આ ગામે જે નર્સરી બનાવવામાં આવી છે એ પણ જોવા જેવી છે કારણકે આ નર્સરીની વિશેષતા એ છે કે, આ નર્સરીમાં ૫,૧૧,૦૦૦ છોડ ઉછેર્યા છે અને એમાં સોએ સો ટકા સફળતા મળી છે, દરેક પ્રકારના છોડ છે અને આ છોડ પુરેપુરા જીવંત છે અને તે જોવા માટે ગુજરાતમાંથી વિવિધ ક્ષેત્રના લોકો આવે છે. થોડાં સમય પહેલાં રાજસ્થાનમાંથી જયપુર, ઉદેપુર અને ડુંગરપુરમાંથી પણ ત્યાંના વન અધિકારીઓ આવી અને જોઈ ગયા છે. અને પોતાના રાજયમાં પણ વન વિસ્તારનો વિકાસ કરવા માટે આગ્રહી છે.

**અધ્યક્ષશ્રી** : આપની પાસે બે મિનિટનો સમય છે.

**શ્રી દિલીપસિંહ વ.પરમાર** : જે ડી મોડેલ જેવા વનીકરણમાં વન વિભાગે રક્ષણ મજૂર ત્રણ વર્ષ માટે રાખે છે તે ગ્રામ વનમાં ત્રણ વર્ષના બદલે સાત વર્ષ રાખવાં જોઈએ તેવી મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ જે મેટાસણ ગામમાં જે ગૌચરની જમીનમાં વિકાસ કર્યો તે વિકાસ વધારે સારી રીતે થઈ શકે તે માટે બોર મંજૂર કરવા માટે મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણાં રાજયમાં જે નીલ ગાય ખેડૂતોને બહુ હેરાન કરી રહી છે અને તેના કારણે આપણે ખેતીનું કામ પણ સારી રીતે કરી શકતાં નથી. અને નીલ ગાય તે જંગલનું એટલે કે વન વિસ્તારનું પ્રાણી છે એટલે તે નીલ ગાય જંગલ વિસ્તારમાંથી બહાર ના નીકળે તે માટે તારની વાડ જંગલ વિસ્તારની બહાર કરવી જોઈએ. જેથી હાલ ખેડૂતોને તારની વાડ કરવા માટે જે ૫૦ ટકા રકમ આપવામાં આવે છે તે રકમ પૂરતી નથી પરંતુ વન વિભાગ જ જો આ તારની વાડ કરે તો એ વિસ્તારમાંથી નીલ ગાય છે તે બહાર ના નીકળી શકે અને આ નીલગાયનો પ્રશ્ન હલ કરવા માટે તેમને વાઈલ્ડ લાઈફના શિડયુલ માંથી દૂર કરવાનું અથવા તેમને અનુસૂચીમાંથી દૂર કરવાની હું માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું. આ રાજય સરકારના પર્યુયમાં ના આવતું હોય તો કેન્દ્ર સરકારને ભલામણ કરવા વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનીય ગૃહના અનેક ધારાસભ્યો અને મેં પોતે પણ અવાર-નવાર વન વિભાગમાં રજૂઆત કરી હતી કે વન પાલ અને વન વિસ્તરણ મદદનીશની કેડર એક કરવી જોઈએ. તો આ સર્વેની માગણી મંજૂર રાખી અને વન વિસ્તારે જે આ કેડર એક કરી છે તે માટે હું માનનીય મંત્રીશ્રીનો હ્દયપૂર્વકનો આભાર માનું છું અને માનનીય મંત્રીશ્રી આ જે માગણી લઈને આવ્યાં છે તેને મારું સમર્થન આપું છું.

**શ્રી અમરસિંહ રા. વસાવા(દેડીયાપાડા)** : માનનીય અધ્યક્ષશ્રી, મારે આ સભાગૃહમાં માનનીય મંત્રીશ્રીઓ વન અને પર્યાવરણ ૨૬,૨૭ આદિજાતિ વિકાસ વિભાગ ૯૩ અને ૯૬ માગણી લઈને આવ્યાં છે તેમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજની જે માગણીઓ છે તે મૂળ ભારતના બંધારણથી આ અનુસૂચી ૫ પ્રમાણે કલમ-૨૪૪ હેઠળની ખાસ જોગવાઈની માગણીઓ આદિજાતિ માટેની છે. પણ જ્યારથી આ ગુજરાતમાં આ સરકાર આવી છે ત્યારે અમારા માટે તો એક જાતનો અંધારપટ છવાઈ ગયો છે. અમને તો જોવામાં જ નથી આવતાં. ભારતના બંધારણનો આ સરકાર છડેચોક ભંગ કરે છે અને કાયદાનો પણ ભંગ કરે છે. મારે એક ઉદાહરણ આપી વાત કરવી છે ભારતના અનુસૂચી-૫ બંધારણ પ્રમાણે કલમ-૨૪૪ હેઠળ આદિજાતિ કાઉન્સિલની રચના કરવામાં આવી છે. તેમાં ચૂંટાયેલા ધારાસભ્યો છે અને રાજ્યપાલની નિયુક્તિના બે સભ્યો છે. નિયમાનુસાર આ મીટિંગ દર ત્રણ મહિને એક વખત મળવી જોઈએ. મારે દુ:ખ સાથે કહેવું પડે છે મંત્રીશ્રીને કે આ મીટિંગ ચાર વર્ષ પૂરાં થયા અને ૪૮ વખત મળવી જોઈએ તેની જગ્યાએ ફક્ત ત્રણ જ વખત આ મીટિંગ મળી છે તો અમારે અમારા પ્રશ્નોની કઈ જગ્યાએ રજૂઆત કરવી ? માનનીય સભ્યશ્રી ઈશ્વરભાઈએ વાત કરી, મારે મંગુભાઈને, કિરીટસિંહભાઈને અને આ સભાગૃહને જાણ કરવી છે કે આદિવાસીઓના નામે તો દુનિયામાંથી પૈસા મળે છે. કેન્દ્ર સરકાર પણ આપે છે,

વિશ્વ બેન્ક પણ આપે છે તમે આદિવાસીઓનું નામ લો અને આંખ બંધ કરી દો તેમ છતાં પણ તમને પૈસા મળે પણ તે પૈસાનો છડેચોક ભંગ થઈ રહેલો છે. અમને ન્યાય નથી મળતો. અમારે સિંચાઈની વાત કરવી હોય તો માનનીય મુખ્યમંત્રીશ્રીને કાગળ લખ્યો હતો કે અમારો એરિયો સૂકો છે અને તેના માટે થઈને કંઈક વિચારો. અમે તમારું સન્માન કરીએ. પણ તેઓ અમારી વાત સાંભળે નહીં અને તેમની સાથે એવા લોકો આવે અને તેમની સાથે એટલા બધા એસ.પી.ગ્રૂપના માણસો હોય કે ધારાસભ્ય પણ મળી શકતો નથી. ગુજરાતના મુખ્યમંત્રીને પણ ધારાસભ્ય મળી શકતો નથી આવી પરિસ્થિતિ થાય છે. ગુજરાતના મુખ્યમંત્રીને, આવી પોઝિશન થાય, કોઈ ધારાસભ્ય ફરિયાદ આપે..(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : આપની પાસે બે મિનિટનો સમય છે.

**શ્રી અમરસિંહ રા. વસાવા** : મારે વાત પૂરી કરવી છે. મારે બીજી એક વાત એ કરવી છે કે આદિવાસીઓ માટે ૨૦૦૭માં કેન્દ્રમાં કાયદો બન્યો છે. ઈન્દિરા ગાંધી નેશનલ ટ્રાયબલ યુનિવર્સિટીની જે જાહેરાત થઈ છે, કાયદો બન્યો છે, આ ભારતીય જનતા પાર્ટીની સરકાર એનો અમલ કરવા માગે છે કે નહીં અને ગુજરાતમાં આ યુનિવર્સિટી લાવવા માગે છે કે નહીં?

માનનીય અધ્યક્ષશ્રી, બીજી મારે એ વાત કરવી છે કે આખા દેશમાં સબરવાલ કેસનું જજમેન્ટ આવ્યું છે. અને આ ગુજરાત રાજય જ એનું અમલીકરણ કરે છે. તો આ સબરવાલા કેસનું જે જજમેન્ટ આ ગુજરાત રાજયમાં એનું અમલીકરણ થઈ રહ્યું છે એને રદ કરવા માગો છો કે નહીં માનનીય મંગુભાઈ? એ મારે કહેવાનું છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી મારે એ પણ વાત કરવી છે કે ડી-સેગની વ્યવસ્થા આ સરકારે કરી છે. એ કાઉન્સિલમાં લાવ્યા પણ નથી. કોઈપણ યોજના લાવતા નથી અને ભારોભાર નિયમોનું ઉલ્લંઘન કરીને આ બધા ડી-સેગની વ્યવસ્થા કરવામાં આવી છે એ રદ કરવા માગો છો કે નહીં? માનનીય અધ્યક્ષશ્રી, ડી-સેગમાં કેવા લોકો આવે છે કે *(xxxxx) (xxxxx) (xxxxx) (xxxxx) આ સંસ્થાને બ્લેક લિસ્ટમાં મૂકી છે, તેમ છતાં પણ આદિવાસીઓના કરોડો રૂપિયા આપે છે, આની કોપી છે એમને જોઈતી હોય તો આપું.

**અધ્યક્ષશ્રી** : પ્રદર્શન ન કરો, પ્લીઝ.

**શ્રી અમરસિંહ રા. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, મારે એમને વાત કરવી છે કે જયારે જયારે અમારી યોજનાઓની જે જોગવાઈ લાવ્યા છે, તેની સાથે હું સંમત થઈ શકતો નથી.

**અધ્યક્ષશ્રી** : માનનીય અમરસિંહભાઈ, આપનો સમય પૂરો થાય છે. માનનીય નરેશભાઈ. (અંતરાય) ઓર્ડર, ઓર્ડર. આપ બેસી જાઓ, પ્લીઝ.

**શ્રી નરેશભાઈ મ. પટેલ(ચીખલી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી આદિજાતિ વિકાસ વિભાગની માગણી ક્રમાંક ૯૩ અને ૯૬ જે લઈને આવ્યા છે એના સમર્થનમાં હું મારા વિચારો રજૂ કરું છું. (અંતરાય)

માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના મારફત આ ગૃહના ધ્યાન પર મૂકવું છે કે માનનીય મુખ્યમંત્રીશ્રી આદરણીય નરેન્દ્રભાઈ મોદીએ જયારથી સત્તાના સૂત્રો સંભાળ્યા છે ત્યારથી સતત આદિવાસી વિસ્તારોની એમણે ચિંતા કરી છે. એમણે સત્તાના સૂત્રો સંભાળ્યા પછી કોંગ્રેસના ભૂતકાળના શાસનમાં એમણે જેટલા વર્ષ શાસન કર્યુ હશે, એનો સરવાળો એ પોતે કરી લે, પરંતુ એ સાડા છ હજાર કરોડ રૂપિયાનું બજેટ વપરાયુ છે, આ ગયા ૫ વર્ષમાં ૬ હજાર કરોડ રૂપિયાનું પેકેજ વાપર્યુ છે. મારે ગૌરવ સાથે કહેવું પડે કે આંતરિયાળ વિસ્તારોમાં રહેતા અમારા આદિવાસી ભાઈઓની એમણે ચિંતા કરી છે. એમને પાયાની સુવિધા મળે, એમને વાસ્તવિક અહેસાસ થાય એની ચિંતા કરીને નિયમોના નિયમ ૪૪ હેઠળ જે ૧૫ હજાર કરોડનું પેકેજ જાહેર કર્યુ છે, ત્યારપછી અમે આદિવાસી વિસ્તારમાંથી આવીએ છીએ. આજે અમે સારી રીતે વિકાસ જોઈ રહ્યાં છીએ. ૧૮ ટકા ભૌગોલિક વિસ્તાર અને ૩૮ ટકા જે અનુસૂચિત જનજાતિ, જે ગરીબ વિસ્તાર છે, એ અમારા આદિવાસી વિસ્તારમાંથી આવે છે. જયારે આવા આદિવાસીઓની ચિંતા એટલા માટે કરવી જોઈએ અને આ સરકારે કરી છે. હ્યુમન ડેવલપમેન્ટ ઈન્ડેકસ જે દૃષ્ટિકોણની દૃષ્ટિએ જોઈએ તો ધારો કે આ સરકાર કદાચ અમારા આદિવાસીઓ પ્રત્યે સંવેદનશીલ ન હોત તો આ સરકારે સૌથી પહેલી પ્રાયોરિટી શિક્ષણને આપી છે એ ન આપી હોત. આ શિક્ષણને પ્રાયોરિટી આપવી પડે. ગરીબી નિવારવા મુખ્ય આધાર શિક્ષણ ઉપર છે. અને આ શિક્ષણ ઉપર મુખ્ય આધાર હોય ત્યારે મારે આ ગૃહના તમામ સભ્યોને એ ધ્યાન ઉપર લાવવું છે કે આ વનબંધુનો ૧૦ મુદ્દાના કાર્યક્રમમાં આજે અમારા અનેક તાલુકામાં ઉચ્ચતર માધ્યમિક સાયન્સ શાળા પણ શરુ થઈ છે. શ્રી નરેશભાઈ પટેલ (ક્રમશ:): માનનીય અધ્યક્ષશ્રી, મારે એનાથી પણ આગળ વધીને કહેવું છે કે ૮ આઈ.ટી.આઈ. નવી શરૂ કરી છે અને એની સાથે કુલ ૯૮ જેટલી આઈ.ટી.આઈ. સંસ્થાઓ ચાલે છે એના કારણે ગરીબ આદિવાસી વિદ્યાર્થીઓને આજે ટેકનીકલ શિક્ષણ મળી શકે છે.એટલે અનેક રીતે એમના શિક્ષણની ચિંતા થઈ છે. જયાં સુધી આ આદિવાસી સમાજનું શિક્ષણનું સ્તર ઉંચું નહીં આવે ત્યાંસુધી આ ગરીબ આદિવાસી આગળ આવી શકશે નહીં. તમે વર્ષો સુધી સત્તા ઉપર રહ્યા પરંતુ તમે એમના શિક્ષણની ચિંતા કરી નથી જે આજે અમે તમારા કરતાં વધારે કરી છે. અમારા ઈશ્વરભાઈ મારા સાથી મિત્ર કહેતા હતા શિડયુલ ૫ અને ૬, ખાલી એ કાયદા માટે મારે કહેવું છે કે આદિવાસીઓને પ્રોટેકશન આપવું હતું તો તમારી

* (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

સરકાર વખતે શામાટે નહોતું આપ્યું? તમારે આપવું જોઈતું હતું. પૈસાની અમલવારી આજે સારી રીતે થાય અને એના કારણે પરિણામ પણ મળે છે. એટલે ખોટી વાતો કરીને ગૃહને ગેરમાર્ગે દોરવાની કોશિશ ના કરવી જોઈએ. આ સરકાર ગરીબ આદિવાસીઓની ચિંતા કરે છે. ઉદ્‌વહન સિંચાઈ યોજનાઓ દ્વારા, જીવીકા પ્રોજેકટ દ્વારા એમની ચિંતા કરી છે અને નાનામાં નાનો આદિવાસી ખેડૂત પણ સારી રીતે ખેતી કરી શકે, પોતાની આવક ઉભી કરી શકે. આજે મારે ગર્વ સાથે કહેવું છે કે કપરાળાનો ખેડૂત કદાચ કારેલાં અને દૂધી એ દેશ અને વિદેશમાં સપ્લાય કરે છે. તો આ આદિવાસી વિસ્તારના ભાઈઓની સિધ્ધિ છે અને તેમછતાં તમે એ વાતને સ્વીકારો નહીં, કયાંસુધી નકારાત્મક વાતો કરશો? આ રિઝલ્ટ જોયા પછી પણ શામાટે નકારાત્મક વાતો કરો છો? શામાટે એ સ્વીકારવાથી પાછા પડો છો? આજે અમે સ્વીકારીએ છીએ કે કદાચ કોઈક જગ્યાએ વિકાસ બાકી છે, ભૌગોલિક પરિસ્થિતિ એવી છે કે છૂટાંછવાયાં ઘરો હોય, કદાચ આદિવાસી વિસ્તારમાં કયાંક પાણીની સમસ્યા હશે, કોઈક જગ્યાએ આંતરિક રસ્તાની સમસ્યા હશે, પરંતુ આ સરકાર એની ચિંતા કરે છે. માર્ગ અને મકાન વિભાગ પણ એની ચિંતા કરે છે, આરોગ્ય વિભાગ પણ એની ચિંતા કરે છે આ રીતે બધા જ વિભાગો આ આદિવાસીઓની ચિંતા કરે છે. (અંતરાય) આ આદિવાસી ભાઈઓને આર્થિક સ્તરે ઉપર લાવવા માટે દરેક વિભાગ ચિંતા કરે છે અને જયારે આ આદિવાસી ભાઈઓની ચિંતા માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી ખૂબ સારી રીતે કરે છે અને મારે આ જે આ ગૃહમાં આદરણીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી, અમારા આદિજાતિ વિભાગના કેબીનેટ મંત્રીશ્રી મંગુભાઈ પટેલ અને રાજયકક્ષાના મંત્રીશ્રી જસવંતસિંહ ભાંભોરને મારે લાખ લાખ અભિનંદન આપયાં છે. આજે વર્ષો પછી આ આદિવાસીઓની ચિંતા થઈ છે અને એ વાતને આજે અમે સ્વીકારીએ છીએ, તમે સ્વીકારો કે ના સ્વીકારો, પરંતુ અમે સ્વીકારીએ છીએ અને  આ આદિવાસી પટ્ટાની તમામ જનતા આ સરકારની ચિંતા કરે છે અને એનું પરિણામ આપી દીધું છે. આજે આઝાદીનાં ૬૪ વષ થયાં છે અને હજુપણ આ ૃહમાં એમના માટે ચર્ચા ચાલી રહી છે. તમારી પાસે વર્ષો સુધી સત્તા રહી હતી, મે વર્ષો સુધી સત્તા ભોગવી છે અને ત્યારે તમે આ આદિવાસી સમાજના પ્રશ્નો હલ કર્યા હોત તો આ ભારતીય જનતા પાર્ટીની એ જવાબદારી ના બનત. આ તમે નથી કર્યુ એ અમારે કરવું પડે છે, આજે ભારતીય જનતા પાર્ટીની સરકારે એ કરવું પડે છે. મારે એ કહવું છે કે નકારાત્મક વાતો કરવાથી પ્રસિ્ધ્ધિ થાય છે, સિધ્ધિ હોસલ કરી શકાતી નથી. આ વાતને તમારે લોકોએ સ્વીકારવી જોઈએ અને આ ટ્રાયબલ બજેટ છે અને આદરણીય નરેન્દ્રભાઈએ હંમેશાં આ આદિવાસીઓની ચિંતા કરી છે, અદિવાસીઓના કોઈ હકક હજુપણ છીનવાયા નથી, છીનવાવાના નથી અને ભવિષ્યમાં પણ છિનવાવાના નથી. તમે એની ચિંતા ના કરો, અમે એની ચિંતા કરીએ છીએ. આ આદિવાસી સમાજનું સ્તર કેવી રીતે ઉંચું આવે અને એ અન્ય સમાજની હરોળમાં કેવી રીતે ઉભો રહી શકે  એની અમે ચિંતા કરીએ છીએ.  એક સમય  એવો હતો કે  ગામડું છોડીને ગમે ત્યાં સ્થળાંતર કરીને મજૂરી માટે આ સમાજ જતો હતો, પરંતુ આજે હું યર્વ સાથે કહી શકું છું કે આ ડેરી પ્રોજેકટ દ્વારા નાનામાં નાનો ખેડૂત પણ પશુધન વસાવીને સારી રીતે દૂધાળાં પશુઓ દ્વારા આવક રળી શકે છે અને એના કારણે જે સ્થળાંતર થતી પ્રજા હતી, આદિમ જૂથની પ્રજા હતી એનું જીવન ધોરણ આજે ઉંચું આવ્યું છે અને એમાં બદલાવ આવી રહ્યો છે. એના પરિવારે ભૂતકાળમાં શાળા જોઈ નહોતી અને આજે ગૌરવ સાથે કહી શકું છું કે આ આદિમ જૂથનાં પરિવાર પણ આજે શિક્ષણ લઈ રહ્યાં છે. શ્રી નરેશભાઈ પટેલ)ટ્રાયબલ બજેટ અને એ બજેટમાં વધારો થવાને લીધે આદિવાસી વિસ્તારમાં જે રીતે એના ફળો જોવા મળ્યા છે એ ફળો ચોક્કસ અમે જોઈ રહ્યા છીએ.  અમારા આદરણીય મંત્રીશ્રી  આદિજાતિ વિકાસ વિભાગની માગણીઓ લઈને આવ્યા છે ત્યારે ચોક્કસ હું એને આવકારુ છું અને ફરીથી સમર્થન આપીને મારી વાત પૂરુ કરુ છું.

**શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા(લીમખેડા)** : માનનીય અધ્યક્ષશ્રી,  માનનીય મંત્રીશ્રી આદિજાતિ વિકાસ વિભાગની માગણી નંબર-૯૩ અને ૯૬ લઈને આવ્યા છે તેના ઉપર મારા વિચારો વ્યકત કરવા ઉભી થઈ છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના આર્થિક વિકાસમાં આદિવાસીઓએ પોતાનું લોહી રેડયું છે. આજે આપણે જે ગુજરાતના રસ્તાઓની વાત કરીએ છીએ,  જે મોટા ડેમો દ્વારા ખેતી માટે સિંચાઈની વાત કરીએ છીએ અને પાટનગરની રચના, મોટા શહેરોની ઈમારતો, ખેત પેદાશોના ઉત્પાદન આ તમામ ક્ષેત્રોમાં આ ગુજરાતના દાંતા-અંબાજીથી માંડીને ઉંમરગામ સુધીના પટ્ટાના આદિવાસીભાઈઓ અને બહેનોએ પોતાની જાત ઘસી નાખી છે અને બીજાઓના સુખ ખાતર રસ્તાઓ, ખેતરો ઉપર પોતાના નાના બાળકો સાથે ટાઢ, તડકો અને વરસાદ વેઠીને કામ કર્યુ છે તેનું આ આજનું ગુજરાત છે.

ગુજરાતમાં આદિજાતિ કુટુંબોની સ્થિતિ ભારતના અન્ય વિસ્તારોના આદિજાતિ કુટુંબોની સ્થિતિ કરતાં સારી નથી. આના કારણે શિક્ષણનું સ્તર નીચું, અપૂરતું  પોષણ અને પાયાની સુવિધાઓનો અભાવ જોવા મળે છે. ગુજરાતના કુલ ભૌગોલિક વિસ્તારના ૧૮ ટકા વિસ્તારને આવરી લે છે અને ગુજરાતના ૩૮ ટકા ગરીબો અનુસૂચિત જનજાતિમાંથી આવે છે.

અન્ય જાતિઓ કરતાં અનુસૂચિત જનજાતિમાં શિક્ષણનો દર ખૂબ ઓછો જોવા મળે છે. રાજયમાં કુલ સાક્ષરતા દર સામે અનુસૂચિત જનજાતિના સાક્ષરતાના દરમાં લગભગ ૨૧ ટકા જેટલો તફાવત જોવા મળે છે.

કેન્દ્રીય પ્લાનિંગ કમિશનની માર્ગદર્શિકા મુજબ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના વિકાસ માટે તેમની વસતિના પ્રમાણની ટકાવારી મુજબ રાજયના કુલ આયોજન બજેટમાંથી તેમના વિકાસ માટે જોગવાઈ થવી જોઈએ. આયોજન બજેટ જોગવાઈ આદિજાતિ માટે રાજયના આયોજન બજેટ જોગવાઈના ૧૩.૦૫ ટકા થઈ છે.

આદિજાતિ વિસ્તારમાં સૌથી વધારે ગરીબો અને વિસ્તારનું પછાતપણું જોવા મળે છે. આ વિસ્તારમાં સૌથી વધારે લોકો સ્થળાંતર કરીને રોજી-રોટી માટે શહેરોમાં આવે છે. શિક્ષણનું સ્તર ઘણું જ નીચુ છે. વિકાસ માટે માળખાકીય સુવિધાઓનો અભાવ જોવા મળે છે.

આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને હું એ કહેવા માગું છું કે આપની સરકારમાં ભગવાન રામ વસેલા હોય અને આપના હૃદયમાં આદિજાતિ લોકો માટે કરુણા હોય તો આદિજાતિ લોકોને (સમય સૂચક ઘંટડી) આટલા વરસો પછી તેમની ગરીબી અવસ્થામાંથી બહાર લાવવા માટે શિક્ષણની સારી સુવિધાઓ ઉપલબ્ધ કરાવો. સ્વાસ્થ્ય માટે સારી સુવિધાઓ આપો. સ્થાનિક સ્તરે રોજગારી મળે તે માટે કેન્દ્રની નરેગા યોજનાનો દિલથી અમલ કરાવો. વિકાસ માટે તમામ માળખાકીય સુવિધાઓ જેવી કે, રોડ, પાણી, વીજળી, વાહન વ્યવહાર ઉપલબ્ધ કરાવો માત્ર નેનો માટે જ નહિ. જંગલની પેદાશોમાં પૂરેપૂરી ભાગીદારી અને ગેરરીતિઓ બંધ કરાવો. જંગલની જમીનના અધિકારો, અસ્પૃશ્યતા અને કેન્દ્રના ૨૦૦૫ના કાયદાનો અસરકારક રીતે અમલ કરાવો. પંચાયત કાયદાના અમલીકરણ માળખાને સક્ષમ બનાવો. અને છેલ્લે માનનીય અધ્યક્ષશ્રી, આદિવાસીઓની ઓળખ જે છે તેજ રહેવા દો, વનબંધુની નવી ઓળખ આપી સમાજથી તેમને અલગ તારવવાનું બંધ કરો.

જો સમયસર સરકાર આદિવાસીઓના હિતોનું રક્ષણ કરવામાં નિષ્ફળ જશે અને બીજા સમાજોના વિકાસની સમકક્ષ મૂકવામાં પણ નિષ્ફળ જશે તો નવા ભીલીસ્તાનની માગણી પ્રબળ બનશે. અમારા આદિવાસી ધારાસભ્યો છે અમારા ચેરમેન સિનિયર ધારાસભ્ય હોય અને એ સચિવશ્રીને મળવા જતાં હોય અને અમારા આદિવાસી માટે ટાઈમ ન કાઢતા હોય તો અમારા આદિવાસીનું કરશો શું? અમે આદિવાસી છીએ, આદિવાસી રહેવાના છીએ, આદિવાસી એવા માણસ છે કે જયાં લડવાનું હોય ત્યાં લડવું પડે, માથું આપવાનું હોય ત્યાં માથુ આપી દે. અમે ઓરીજનલ આદિવાસી છીએ, વનબંધુની યોજના માટે અને...

**અધ્યક્ષશ્રી** : માનનીય અભેસિંહભાઈ.,આપની પાસે સમય ઓછો છે. પાંચ મિનિટ છે.

**શ્રી અભેસિંહ મો. તડવી (સંખેડા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી માગણી નં.૨૬, ૨૭, ૯૩ અને ૯૬ લઈને આવ્યા છે તેના સમર્થનમાં મારા વિચારો રજૂ કરવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયમાં ૧૨ જિલ્લામાં ૪૩ તાલુકા, ૫૫,૮૭૨ ગામડાં તેમાં આદિવાસીઓની ૭૪ લાખની વસતિ આવેલી છે. ગુજરાતમાં નરેન્દ્રભાઈ મોદી સાહેબની સરકાર આવી. ૩૫ વર્ષ સુધીનું બજૅટ ૬ હજાર કરોડ રૂપિયા કોંગ્રેસની સરકારમાં વપરાયું હતું અને એમના આવ્યા પછી બીજા પાંચ વર્ષમાં સાડા છ હજાર કરોડનું બજૅટ વપરાયું. અમારા ગુજરાત સરકારના મંત્રી માનનીય શ્રી મંગુભાઈ પટેલ સાહેબ, એ પણ આદિવાસી સમાજમાંથી આવે છે અને વર્ષોથી એમણે આ પાર્ટીમાં કામ કર્યું છે. જશવંતસિંહ ભાભોરે પણ કામ કર્યું છે. વર્ષોથી એમણે જે આદિવાસી સમાજની ચિંતા કરી છે. એને લઈને ગુજરાતના મુખ્યમંત્રીશ્રીએ નિયમ-૪૪ની કલમ હેઠળ ૧૫ હજાર કરોડનું પૅકેજ આપ્યું. એટલા માટે કે વર્ષો સુધી આદિવાસીને શિક્ષણ નહોતું મળતું. નાના અમથા બે-ચાર દાખલા આપું છું. પહેલાં છાત્રાલયોમાં જમવાનું ન મળે. ભંગાર જેવી છાત્રાલયો હોય, એકલવ્ય શાળા હોય, આશ્રમશાળા હોય તેમાં આદિવાસી લોકો ભણી શકતા નહોતા. એમાં એ પણ જાણે છે. એ લોકોને પણ ખબર છે કે આદિવાસીઓની જો સેવા કરવી હોય તો એમના વખતમાં જો શિક્ષણ મળ્યું હોત તો અમારા આદિવાસીઓ આજે કલેક્ટર હોત, મામલતદાર હોત. પણ માનનીય મુખ્યમંત્રીએ અમારી ભાજપની સરકાર આવ્યા પછી તમે હાઈસ્કૂલોના આંકડા જૂઓ, રમણભાઈની આગેવાની હેઠળ. ધોરણ-૧૨ હોય, માનનીય ફકીરભાઈ વાઘેલા સાહેબની આગેવાની હેઠળ એમણે પણ આદિવાસી સંસ્થાઓને ખૂબ જ ગ્રાન્ટો આપી છે અને એને લઈને આજે આદિવાસી સમાજ ફૉરેનમાં ભણે છે. નરેન્દ્રભાઈ મોદી સાહેબના કારણે. ઈશ્વરભાઈ બોલતા હતા, અમરસિંહભાઈ બોલ્યા કે આદિવાસીઓને લૂંટી લીધા, *(xxxxx) (xxxxx) આપણે નથી કર્યું, સત્ય પુરાવા છે, સત્ય ઘટના છે. ગામડાંમાં તમે જૂઓ, આજે પરિસ્થિતિ શું છે? જ્યાં પાણી નથી ત્યાં ચેકડેમ બનાવ્યા અને સામુહિક યોજના બનાવી. આદિવાસી વિભાગે આટલી યોજના બનાવી અને લોકોને જીવતા કર્યા છે. આનંદીબેનનો પણ આભાર માનીએ એટલો ઓછો છે. ગામડાંમાં જે ડુંગર વિસ્તારમાં રસ્તા નહોતા. સાચું બોલો, સાચું બોલતા શીખો તમે આજે. આજે કોના લીધે રસ્તા થયા છે? ગામડાંના રસ્તા જો થયા હોય તો આ સરકારમાં થયા છે અને તે બેનના કારણે. આજે એક ગામડાંમાં હું ગયો હતો અને તેમણે વાત કરી કે સાહેબ, અમારા ગામમાં રસ્તો નથી. ત્યારે એ બહેને એવું કહ્યું કે પેલા આનંદીબેન છે ને, બહુ બોલે છે ને બહેનો માટે, એમને કહો આ રસ્તો એ આપશે. મારા તાલુકાનું અમરપુરા ગામ છે. ૮૦ લાખ રૂપિયા મંજૂર કર્યા અને ૨૫૦ની વસતિ છે. એ ગામમાં હું ગયો હતો. એમણે એવું કહ્યું કે નરેન્દ્ર મોદીની સરકાર આદિવાસીઓને મકાનો આપે છે. લોકોને જીવાડે છે અને જીવાડવાનું કામ કરે છે. ત્યારે મારે તમને કહેવું છે કે આદિવાસીઓની જો ચિંતા કરવી હોય તો જ્યાં યોજના નથી ત્યાં યોજના સરકારે

* (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

આપી છે. તમારે સ્વીકાર કરો પડે, વડોદરાની પ્રીતિ વસાવા નામની એક છોકરી અમૅરિકા ભણવા ગઈ છે. એને ૧૫ લાખ રૂપિયા આ સરકારે આપ્યા છે. તમારામાં એકાદ દાખલો હોય તો મને આપો.

માનનીય અધ્યક્ષશ્રી, પાણી માટે લગભગ ૩૬ હજાર ગામોની યોજના બનાવી. ગામોની અંદર પાણી અપાયું છે ગામડે ગામડે રસ્તો, પાણી આ બધું આ સરકારે આપ્યું છે. આ સરકારે ખૂબ કામ કર્યું છે. અમરસિંહભાઈ ૨૦૧૨ આવવા દો..

**અધ્યક્ષશ્રી** : વિરામનો સમય થાય છે. આપનું પ્રવચન પૂરું થાય છે.

**વિરામ ૨-૩૦ થી ૩-૧૫**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

**શ્રી કુંવરજીભાઈ ન. હળપતિ(બારડોલી)** : માનનીય અધ્યક્ષશ્રી, આદિવાસી મંત્રીશ્રી મંગુભાઈ પટેલ જે માગણીઓ લઈને આવ્યા છે એમાં હું મારા મંતવ્યો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ખાસકરીને પ્રાયોજના વહીવટદાર કચેરીમાંથી જે ગુજરાત પેટર્ન હેઠળ મળતી ગ્રાન્ટ છે એ એન.જી.ઓ.ને કામગીરી માટે સીધી જ સોંપી દેવામાં આવે છે અને તેના કારણે એમાં ભ્રષ્ટાચાર થાય છે. કેમ કે એ કામગીરી ઉપર કોઈપણ પ્રકારનું મોનીટરીંગ કરવામાં આવતું નથી અને આખા ગુજરાતમાં ટ્રાયબલની ૨૦ ટકા જેટલી રકમ સીધી જ ગુજરાત સરકાર મારફત ડી-સેગને આપી દેવામાં આવે છે અને તેમાં પણ મોટા પાયે ભ્રષ્ટાચાર થાય છે. આ ડી-સેગ કંપની છે એમાં કોઈ કર્મચારીઓની નિમણૂક કરવી હોય તો એમાં આદિવાસીઓને લેવામાં આવતા નથી અને ઉચ્ચ કક્ષાના અધિકારી બેઠેલા હોય એના દીકરા કે દીકરીઓને એમાં નિમણૂક આપવામાં આવે છે. એટલે આ આદિવાસીઓનું ભારોભાર અપમાન છે. આદિવાસીઓના નાણાં છે એટલે એમાં આદિવાસીઓને નિમણૂક આપવી જોઈએ. એમાં જેમને નિમણૂક આપવામાં આવે છે એમને એક દિવસની તાલીમ આપવામાં આવે છે. એક દિવસમાં એ નિપૂણ બની જતો નથી. એટલે ખરેખર તાલીમ લીધેલા હોય એવા લોકોની એમાં નિમણૂક કરવી જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રાયોજના વહીવટદાર અધિકારીની કચેરીની અંદર આપણે જે અધિકારીઓની નિમણૂંક કરીએ છીએ તે અધિકારીઓ ખરેખર ટ્રાયબલ કક્ષાના હોવા જોઈએ. એના બદલે અન્ય જાતિના અધિકારીઓની નિમણૂંક કરવામાં આવે છે. જેથી એ અધિકારીઓ આદિવાસીઓની પરિસ્થિતિ સમજી શકતા નથી અને એટલા માટે જ આદિવાસી મંત્રી તરીકે આપણે આદિવાસીની જ નિમણૂંક કરતા હોઈએ છીએ. એટલે આદિવાસીઓની કચેરીમાં આદિવાસીઓની જ નિમણૂક થવી જોઈએ. આમ ન થવાથી જે પ્રાયોજના વહીવટદારની કચેરી છે એમાં મોટા પાયા ઉપર ભ્રષ્ટાચાર થાય છે. માંડવીમાં બેઠેલો અધિકારી હોય અને દરેક તાલુકામાં તાડપત્રી આપવી હોય તો એ ગ્રામ સેવક મારફત નામો મંગાવે છે અને ગ્રામ સેવક એની યાદી બનાવે છે અને એમને તાડપત્રી આપી દેવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, આદિજાતિ વિભાગ મારફતે ચાલતી આશ્રમશાળાઓ છે એ આશ્રમશાળાઓમાં બાળકોને સારું શિક્ષણ આપી શકતા નથી. કારણ કે, એના કર્મચારીઓને આપણે છઠ્ઠું પગારપંચ આપી શક્યા નથી. દરેક કર્મચારી આ સરકારથી નારાજ છે. એટલે વહેલામાં વહેલી તકે એમને આ પગારપંચ મળે એવું આયોજન કરવું જોઈએ. બીજી વાત મારે એ કરવી છે કે, બારડોલી તાલુકામાં સરભણ ગામ છે એમાં બારડોલી નગરપાલીકા વિસ્તારમાં અમારા હળપતી સમાજના ખેત મજૂરોની સ્મશાન ભૂમિ છે એ વેચાણ દસ્તાવેજ કરીને રાખવામાં આવેલ છે. એ જમીનની અંદર ભારતીય જનતા પાર્ટીની નગરપાલિકાએ અત્યારે કબજો કરી લીધો છે. ૭/૧૨, ૮-અની એન્ટ્રીઓ છે. ભારતીય જનતા પાર્ટીની નગરપાલિકાએ આ જગ્યા લઈ લીધી છે એ વહેલામાં વહેલી તકે તપાસ કરીને અમારા હળપતિ સમાજને આપી દેવી જોઈએ. સરભણમાં એક ઉજળીયાત વ્યકિતએ સ્મશાનની ભૂમી હળપતિ સમાજની છે એના ઉપર કબજો કરીને એને ખેડીને શેરડીની રોપણી કરી દેવામાં આવી છે. એ અમારા હળપતિ સમાજનું અપમાન છે. હું બીજું કહેવા જઈશ કે ગુજરાતની અંદર માત્ર સુરત જિલ્લામાં ૫-૫ વ્યકિતઓને દીપડાએ ફાડી ખાધા.માનનીય મંગુભાઈએ એ વિસ્તારની મુલાકાત લેવી જોઈતી હતી. વન મંત્રી તરીકે માત્ર એક ગામની મુલાકાત લીધી અને એ આદિવાસીઓને આપણે આશ્વાસન પણ આપી શક્યા નથી. (સમયસૂચક ઘંટડી)

**અધ્યક્ષશ્રી** : કુંવરજીભાઈ, આપનો સમય પૂરો થાય છે.

**શ્રી ગુલસીંગભાઈ રં. રાઠવા(છોટાઉદેપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી આ સન્માનનીય ગૃહ સમક્ષ આદિજાતિ વિકાસ વિભાગને લગતી માગણી ક્રમાંક: ૯૩ અને ૯૬ લઈને આવ્યા છે તેના સમર્થનમાં હું મારા વિચારો વ્યક્ત કરવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું રાજ્યના આદિજાતિ વિસ્તારમાં ચાલતા સંકલિત ડેરી પ્રોજૅક્ટ વિશે વાત કરીશ. રાજ્યના આદિજાતિ વિકાસ વિભાગે આદિવાસી ભાઈઓની આવક વધારવા માટે ઈન્ટીગ્રેટેડ ડેરી ડેવલપમેન્ટ પ્રોજૅક્ટ તૈયાર કરેલ છે અને આ પ્રોજૅક્ટનો ખર્ચ રૂપિયા ૬૫૦ કરોડ જેટલો થયેલ છે. જેમાં આશરે ૭૮ હજાર જેટલા આદિવાસી કુટુંબોને આવરી લેવાનું આયોજન છે. આ પ્રોજૅક્ટ વર્ષ ૨૦૦૭-૦૮માં શરૂ કરવામાં આવેલ છે. આ પ્રોજૅક્ટ મારફત લાભાર્થીઓને દૂધ રાખવાના સ્ટીલના વાસણો, કેટલ ફીડ, કેટલ શેડ, દાક્તરી સેવાઓ અને પશુને વીમાનું રક્ષણ વગેરે પ્રકારની સહાય પૂરી પાડવામાં આવે છે. આ પ્રોજૅક્ટ હેઠળ ગામમાં દૂધ એકત્ર કરતી

મંડળીને દૂધ સંગ્રહવા સ્ટીલના વાસણો, દૂધ ચીલીંગ સેન્ટર, કલેક્શન સેન્ટર, શીત કેન્દ્ર વગેરે માટે સહાય આપવામાં આવે છે. આ પ્રોજૅકટ હેઠળ લાભાર્થી દીઠ આજે રૂપિયા ૮૦ હજાર જેટલું રોકાણ થતું હોય છે. આ પ્રોજૅકટ ગુજરાતના ભરૂચ જિલ્લા સિવાય તમામ આદિવાસી વસતિ ધરાવતા જિલ્લાઓમાં અમલમાં છે અને છેલ્લા ત્રણ વર્ષમાં આ પ્રોજૅકટ મારફત આશરે રૂપિયા ૧૦૭ કરોડના ખર્ચે ૪૦ હજાર જેટલા દુધાળા પશુઓનું વિતરણ કરવામાં આવેલ છે. મંડળીમાં એકત્રિત થયેલ દૂધ જિલ્લા મંડળી સુધી પહોંચાડાય અને જે તાલુકામાં વધુ દૂધ એકત્રિત થતું હોય તેવા તાલુકાનું દૂધ જિલ્લા સુધી પહોંચાડવા માટે વાહનોની પણ સગવડ આપવામાં આવી છે. આવું વાહન અમારા વડોદરા જિલ્લાના કવાંટ તાલુકાને મળેલ છે. આદિવાસી ખેડૂતોને દુધાળા પશુ ખરીદવા માટે રૂપિયા ૧૦ હજારની સબસિડી આપવામાં આવે છે. આજે એક પશુની કિંમત જે ૨૩ હજાર નક્કી કરી હતી તેમાં વધારો કરી ૨૬ હજાર નક્કી કરી હતી અને હાલમાં તેમાં વધારો કરી ૩૨ હજાર નક્કી કરવામાં આવેલ છે. રાજ્યના આદિવાસી ભાઈ-બહેનોમાં એક પૂરક વ્યવસાય તરીકે આ બાબત ખૂબ લોકપ્રિય બનેલ છે અને આના કારણે દરેક લાભાર્થીને દર માસે ૩૫૦૦ થી ૪૦૦૦ હજાર જેટલી વધારાની કમાણી થતી હોય છે. આ યોજનામાં ખાસ કરીને આદિવાસી બહેનોને વધુ લાભ થતો હોય છે. ખેતી તથા અન્ય આવક ઉપરાંત વર્ષે ૩૦ થી ૪૦ હજાર જેટલી વધારે આવક એ મેળવી શકે છે. આ પ્રોજૅકટના કારણે આદિવાસી ભાઈ-બહેનોનું જીવન ધોરણ ઊંચું આવેલ છે અને આદિજાતિ વિકાસ વિભાગના આ પ્રયાસો આદિજાતિના લોકોને ખૂબ લાભકર નીવડ્યા છે. આવા સારા પ્રોજૅકટના સુકાની તરીકે માનનીય મુખ્યમંત્રીશ્રી અને આદિજાતિ વિકાસ વિભાગના માનનીય મંત્રીશ્રી મંગુભાઈ પટેલ અને માનનીય રાજ્ય કક્ષાના મંત્રીશ્રી જસવંતસિંહ ભાભોરનો હું ખૂબ ખૂબ આભાર માનું છું અને અભિનંદન પાઠવું છું. રાજ્યના આદિજાતિ વિસ્તાર ધરાવતા ચાર જિલ્લામાં કોલ્ડ સ્ટોરેજનું બાંધકામ હાથ ધરવામાં આવેલ છે. આનાથી ખેડૂતોની પેદાશો તથા નાશવંત ચીજવસ્તુઓ જેવી કે શાકભાજી અને ફળો લાંબા સમય સુધી સાચવી શકાય અને ખેડૂતોને સારો બજાર ભાવ મળી રહે તેમ છે. આ ચાર કોલ્ડ સ્ટોરેજ બારતાડ, વાંસદા, નાનાપોંઢા, વલસાડ, છજડિયા, ભરૂચ અને પાવી-જેતપુરનો સમાવેશ થાય છે. આ પ્રોજૅકટથી ખેડૂતોને બમણો લાભ થાય છે અને ખેડૂતોએ કરેલ ઉત્પાદિત ચીજવસ્તુઓનો નાશ અટકાવીને સારો બજાર ભાવ મેળવી શકાય તેમ છે. આ પ્રોજૅકટ આદિજાતિ વિસ્તારમાં કૃષિ ક્ષેત્રે નવી પહેલના સંદર્ભમાં સીમાચિન્હરૂપ ગણાશે. માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે એને હું મારું સમર્થન આપી મારી વાત પૂરી કરું છું.

**શ્રી પ્રભુભાઈ ના. વસાવા(સોનગઢ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે એના ઉપર હું મારા મંતવ્યો રજૂ કરવા ઊભો થયો છું. ભારત સરકારની ગાઈડ લાઈન મુજબ જે પ્લાનીંગ કરવામાં આવે છે,એમાં દરેક ખાતામાં ૧૭.૫૭% ફાળવણી કરવાની સૂચના છે પણ આ સરકારમાં કે આદિજાતિ વિભાગમાં આ સૂચનાનું પાલન કરવામાં આવતું નથી. સને ૨૦૧૧-૧૨ માં બજૅટમાં સીએચસી સદરે જે ખુદ આદિજાતિ ખાતા માટે ૫ કરોડ ૪૦ લાખની જોગવાઈ કરી છે. જ્યારે વન સદરે ૩૭ કરોડ અને સહકાર સદરે ૧૦ કરોડ ૭૨ લાખની મામૂલી રકમની જોગવાઈ મહેસૂલી સદરે કરવામાં આવી છે. આ બધી યોજનાઓ જોઈએ તો અહીંયા જે આંકડો આપવામાં આવ્યો છે ૨૮૭૫ કરોડ ૨૦ લાખ ૯૮ હજાર. પરંતુ મહેસૂલી સદરમાં આમ જોવા જઈએ તો ટ્રાયબલ વિસ્તારમાં જેટલી પણ કચેરીઓ આવી છે એ કચેરીઓના કર્મચારીઓને પગાર-ભથ્થાના એમાં ખર્ચા પાડવામાં આવે છે અને યોજનાકીય જોઈએ તો એમાં માત્ર અને માત્ર ૨૦% ખર્ચ કરવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, અહીં ઘણી વન બંધુ કલ્યાણ યોજનાની વાતો થાય છે પણ હું એટલું કહીશ કે વન બંધુ કલ્યાણ યોજના આજે NGOબંધુ યોજના તરીકે ઓળખાઈ રહી છે. આજે તાલુકા અને જિલ્લા ક્ક્ષાએ આ આદિજાતિ વિભાગની તમામ ખાતાની કચેરીઓ આવેલ છે ત્યારે આ ખાતાની યોજનાનું અમલીકરણ આ વિભાગની કચેરીઓ મારફત થાય તો ચોક્કસ આમાં જે કામમાં ગુણવત્તા જળવાતી નથી એ ચોક્કસ જળવાય એમ મારે કહેવું છે. જંગલ સહકારી મંડળીઓ જે કોપ-કટીંગની કામગીરી કરે છે એની ૮૦% રકમ સરકારશ્રીમાં જમા થાય છે અને આ જમા થયેલી રકમમાંથી સરકારશ્રીના જી.આર. મુજબ એમાં ૨૦% રકમ જંગલ વિસ્તારના ગામડાના વિકાસ માટે કરવાની થાય છે તે પણ આ બજૅટમાં કયાંય જોગવાઈ જણાતી નથી. એ જ રીતે જંગલ વિસ્તારમાં વાંસનું કટીંગ કરીને મીલોમાં મોકલવામાં આવે છે એમાંથી પણ ૧૯૯૨ના આ સરકારના જી.આર. મુજબ ૫૦% રકમ વન સમિતિને અને એ વિસ્તારના ગામડાના વિકાસ માટે આપવાની થાય છે એ પણ લાખો રૂપિયા આજ દિન સુધી આપવામાં આવી નથી અને જોગવાઈ પણ કરવામાં આવી નથી. આ રીતે અમારા આદિવાસીઓને હથેળીમાં ચાંદ બતાવવા જેવી બાબત આ સરકારમાં થાય છે. બીજું કહેવા માગીશ કે આદિજાતિ વિભાગ હેઠળ શિક્ષિત સંસ્થાઓ દ્વારા આશ્રમશાળાઓ ચલાવવામાં આવે છે આજે આ વિદ્યાર્થીઓને ભોજન માટે માત્ર અને માત્ર માસિક ૬૦૦ રૂપિયા આપવામાં આવે છે તો ૬૦૦ રૂપિયા એટલે એક દિવસના ૨૦ રૂપિયા થાય અને એક ટાઈમના ૧૦ રૂપિયા તો ૧૦ રૂપિયામાં દાળ-ભાત, શાક-રોટલી અમારા આદિવાસી વિદ્યાર્થીઓને કઈ રીતે ખવડાવી શકાય? આજે ૧૦ રૂપિયામાં સારી ચા પણ મેળવી શકતા નથી. આ રીતે અમને અન્યાય થાય છે પણ એ જ રીતે આ વિભાગ દ્વારા, આ સરકાર દ્વારા સીધા છાત્રાલયો ચાલે છે એમાં પર હેડ લગભગ, અને એકલવ્ય રેસિડેશ્યલ સ્કૂલ છે એમાં પર હેડ ૨૦૦૦ રૂપિયા આપવામાં આવે છે ત્યારે એકને ગોળ અને એકને ખોળની નીતિ બંધ થવી જોઈએ એટલું મારે ચોક્કસ કહેવું છે અને અમારી આશ્રમશાળામાં જે વિદ્યાર્થીઓ ભણે છે એમાં પહેલા, બીજા, ત્રીજા

ધોરણમાં એડમિશન આપવામાં આવે છે અને ખઈ કરીને તૈયાર કરીએ ત્યારે એકલવ્ય રેસિડેશ્યલ સ્કૂલ જે મોટી મોટી NGO મારફત ચલાવવામાં આવે છે. જ્યારે આ શાળાની ભરતી માટે વિદ્યાર્થીઓ અને વાલીઓને એમના ખર્ચે અને જોખમે ફરજિયાત ઈન્ટરવ્યૂમાં બોલાવવામાં આવે છે અને આશ્રમશાળામાં તૈયાર થયેલા છોકરાઓને ત્યાં એડમિશન માટે અધવચ્ચેથી ઉઠાવી લેવામાં આવે છે ત્યારે હું એટલું જ કહીશ કે આ મોટી મોટી NGO ચલાવે છે એમને તમે પણ પહેલા, બીજા, ત્રીજા ધોરણમાં એડમિશન આપો અને તમે પણ આ વિદ્યાર્થીઓને શિક્ષણ ક્ષેત્રે આગવું સ્થાન અપાવો જેથી કરીને બીજેથી તમારે વિદ્યાર્થીઓ શોધવા નહિ પડે. આ માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે એમને હું સમર્થન આપી શકતો નથી. જય આદિવાસી.

**શ્રી વિજયભાઈ ર. પટેલ(ડાંગ-વાંસદા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી, વન અને પર્યાવરણ વિભાગની માગણીઓ લઈને આવ્યા છે એના સમર્થન માટે ઊભો થયો છું અને મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ વિકસિત ગુજરાતના ઉચ્ચ સ્તરે આજે આદિવાસી સમાજના આગવાનો બિરાજે છે ત્યારે હું પણ આદિવાસી સમાજમાંથી આવેલો એક આદિવાસી સભ્ય છું. આદિવાસી છું એનું મને ગૌરવ છે. આદિવાસી સમાજ પુરાણકાળથી પ્રકૃતિ સાથે સહવાસ ધરાવે છે. અગ્નિ, પર્વત, પહાડ, નદી, વૃક્ષની પૂજા કરનારો આ પ્રકૃતિ પૂજક એ અમારો આદિવાસી સમાજ છે. માનનીય અધ્યક્ષશ્રી, ત્યારે આ આદિવાસી સમાજના ઉત્થાન માટે, આદિવાસી સમાજના સર્વાંગી વિકાસ માટે આ ગુજરાત રાજયના માનનીય મુખ્ય મંત્રીશ્રીએ જે ૧૫,૦૦૦/- કરોડનું વન બંધુ પૅકેજ લાવ્યા છે. આ રાજયના મુખ્ય મંત્રીશ્રી અને આ રાજયના આદિજાતિ મંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, વનોમાં રહેનારો, વનો સાથે પ્રકૃતિની પૂજા કરનાર આ મારા વન બંધુઓ માટે આટલું મોટું પૅકેજ લાવનાર આ ગુજરાતના મુખ્ય મંત્રીશ્રી છે. વન બંધુ એતો તમામ સમાજની સાથે બંધુતાનો ભાવ પ્રગટ કરે છે અને આ ભાવ પ્રગટ કરવા માટેની આ ભાવના સહ આ રાજયના મુખ્ય મંત્રીશ્રીએ આ વન બંધુ પૅકેજ લાવ્યા છે. આ વન બંધુ કલ્યાણ યોજનાઓ અંતર્ગત આજે સમગ્ર આદિવાસી વિસ્તારોમાં જે ૧૩ જિલ્લાઓ આવેલા છે, ૪૩ તાલુકાઓ છે અને ૭૫ લાખ જેટલી વસ્તી, આ વસ્તી ધરાવતા આ જિલ્લાઓમાં સર્વાંગી વિકાસ કરવા માટે રસ્તાની સુવિધા, પાણીની સુવિધા, વીજળીની સુવિધા, શિક્ષણની સુવિધા, ઇજનેરી કૉલેજો તથા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો આપવાની જો કોઈએ શરૂઆત કરી હોય તો આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કરી છે. આજે મારા ડાંગ જિલ્લાની અંદર પણ જે રસ્તાઓનું નિર્માણ થયું છે ત્યારે આ પ્રસંગે મારે માર્ગ અને મકાન મંત્રીશ્રીને પણ અભિનંદન આપવાના છે કે, મારા ડાંગના રસ્તાઓમાં ફરીએ તો એવું લાગે છે કે, ગાંધીનગરમાં ફરતા હોઈએ એવું લાગે છે. હમણાં જ મારા સાથી સભ્ય કહેતા હતા કે, આજે તો હથેળીમાં ચાંદ બતાવવા જેવું શાસન છે. માનનીય સભ્યશ્રી, હથેળીમાં ચાંદ તો તમે ૩૫-૪૦ વર્ષોમાં અમને બતાવ્યા છે. આદિવાસી સમાજને બતાવ્યા છે. આજે તો આદિવાસી સમાજના ખૂણે ખૂણે સુધી, છેવાડાના માનવી સુધી સરકારની યોજનાઓ છેવાડાના માનવી સુધી પહોંચે છે અને એટલા માટે ગરીબ કલ્યાણ યોજનાઓ કરવામાં આવે છે આ ગરીબ કલ્યાણ યોજનાઓ થકી મારા છેવાડાના વન બંધુ ભાઈઓ સુધી જે કલ્યાણકારી યોજનાઓના લાભો પહોંચ્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, આ સનમાનીય ગૃહમાં વારંવાર મારા ઘણા બધા સભ્યો કહે છે કે, જંગલોની જમીન આપવામાં આવતી નથી. આ સનમાનીય ગૃહમાં હું જણાવવા માગુ છું કે, આ ગુજરાતની અંદર ૧,૯૮૦ પહેલા જે લોકો જંગલની જમીન ખેડતા હતા એ જંગલોની જમીન ખેડૂતોને આપી ૪૫,૩૫૨ આદિવાસીઓને ૩૧,૮૪૦.૨૦ હેકટર જમીન આપવાનું જો કોઈએ કામ કર્યુ હોય તો આ ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યુ છે. આ ગુજરાતનો વન અધિકાર આ કાયદો તો ૨૦૦૬માં અમલમાં આવ્યો છે. ૨૦૦૬માં આ કાયદો ઘડવામાં આવ્યો છે અને ૨૦૦૮માં આ કાયદાનું અમલીકરણ આ ગુજરાતમાં થયું છે. પણ આ ભારત સરકારના કેન્દ્રીય મંત્રી વન અને પર્યાવરણ મંત્રીશ્રી જયરામ રમેશજીએ પણ લોકસભામાં ૭મી માર્ચના રોજ લેખિતમાં જાહેર કર્યુ છે કે, સમગ્ર દેશમાં જંગલોની જમીન ખેડતા આદિવાસીઓને જમીનના માલિકી હક્ક આપવાની જો ઉત્તમ કોઈએ કામગીરી કરી હોય તો એ ભારતીય શાસિત ગુજરાત અને છત્તીસગઢ રાજયે કરી છે. આ જે કાયદો અમલમાં આવ્યો ત્યાર પછી આ ગુજરાતમાં પણ ઘ ણા બધા મારા આદિવાસી ભાઈ-બહેનોને જંગલની જમીનોના હકકપત્રકો આપવામાં આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે સમગ્ર રાજયની અંદર આદિવાસી સમાજ બીજા સમાજોની હરોળમાં આવે એના માટે આ રાજય સરકાર ખૂબ જ ચિંતા કરી રહી છે. આજે આ આદિવાસી વિસ્તારોની અંદર એક સમયે ટૅન્કર રાજ ચાલતું હતું, ટૅન્કર રાજ ચાલતું હતું પણ આજે મારો વન બંધુ ભાઈ ઘરે ઘરે ચકલીએથી પાણી પીવે છે. કુંવરજીભાઈ સાંભળો, આજે મારા આદિવાસી વિસ્તારમાં આવો, મારા ડાંગમાં આવો હું તમને આમંત્રિત કરું છું. મારા ડાંગમાં આવીને તમે જુઓ આજે રસ્તા, પાણી, વીજળી, અને મારા ડાંગના આદિવાસીઓ આ ગુજરાત પેર્ટન થકી આજે કેટલા આગળ આવ્યા છે. આજે ફૉર વ્હીકલોમાં ફરતા મારા ડાંગના આદિવાસીઓ થયા છે. આ ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકારના પ્રતાપે થયા છે. માનનીય અધ્યક્ષશ્રી, આ મારા ડાંગના આદિવાસીઓ આજે ભીંડાની ખેતી કરતા થયા છે, સ્ટ્રોબરીની ખેતી કરતા થયા છે, કાજુની ખેતી કરતા થયા છે, આંબાઓની વાડીઓ કરે છે. આજે મારા ડાંગના ખેડૂતો જે ભીંડા પકવે છે એ કુંવરજીભાઈ તમારા સુરતના એ.પી.એમ.સી. માર્કેટમાં દરરોજ ટેમ્પા ભરાઈ ભરાઈને આવે છે એટલા માટે આજે મારા વન બંધુ ભાઈ , આજે

મારો પ્રભુભાઈ, આજે મારો વન બંધુ ભાઈ ખૂબ જ આગળ આવી રહ્યો છે અને આનું જો કોઈ કારણ હોય તો એ આ ગુજરાતના માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી અને આ રાજયના આદિજાતિ મંત્રીશ્રી મંગુભાઈ અને મંત્રીશ્રી જસવંતસિંહ ભાભોરના ભાગે જાય છે.

**શ્રી છનાભાઈ કા. ચૌધરી(ધરમપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, આદિજાતિ મંત્રી માનનીય મંગુભાઈ પટેલ સાહેબ એમનું બજેટ લઈને આવ્યા છે ત્યારે એના ઉપર મારા વિચારો રજૂ કરું છું. ખાસ કરીને જે આદિજાતિ વિકાસના બજેટમાં સામાજિક સેવા, શૈક્ષણિક સેવા, આરોગ્ય સેવા અને પાણી પુરવઠા વિભાગની જે સેવાઓ અહીં જે રજૂ કરી છે એમાં મારે ખાસ કરીને જે શિક્ષણની સેવાઓ છે એ શિક્ષણની સેવાઓમાં મારા મિત્ર પહેલા બોલી ગયા છે આશ્રમશાળાઓની જે આજે પરિસ્થિતિ છે એમાં આશ્રમશાળાઓને જે ગ્રાન્ટો આપવામાં આવે છે એ ખૂબ ઓછી આપવામાં આવે છે. એની સાથે છાત્રાલયની જે ગ્રાન્ટો છે એ ૬૦૦ રૂપિયા જેટલી સહાયક ગ્રાન્ટો આપવામાં આવે છે. અને એની સાથે જે આદર્શ નિવાસી શાળા છે, કેન્દ્રીય વિદ્યાલયો છે એમાં બે બે હજાર જેટલી ગ્રાન્ટો આપવામાં આવે છે તો આશ્રમશાળાની ગ્રાન્ટો એની સાથે કરવી જોઈએ. આપણે ખૂબ વાત કરીએ છીએ ટ્રાયબલ સબ પ્લાનની અને ગરીબ મેળાઓની. ગરીબ મેળાઓ આપણે ઓગષ્ટમાં કર્યા હતા ૨૦૧૦માં અને એમાં માનનીય મંત્રીશ્રીઓ કહેતા હતા કે મારા ઝોલાવાળાને મારે મિટાવી દેવા છે. ઝોલાવાળા તો નથી મીટયા પણ નવા ઉભા થયા છે. મારી પાસે એક મુદ્દો છે કે જે આદિજાતિ વિભાગ છે એમાં જે કુલચા, ઝોળાવાળા આદિમજુથના જે જુથો છે એને જે કીટસ આપવામાં આવે છે હળદર કીટસ. એ હળદર કીટસની કેટલી કિંમત છે? ૧૨૫૮૭ રૂપિયા અને એમાં સહાય એને આપી છે ૧૧૫૮૭ રૂપિયા તો અહીં જે ખેડૂતો બેઠા છે એને ખ્યાલ છે કે હળદરની કિંમત કેટલી? બસો રૂપિયા, ત્રણસો રૂપિયા કે પાંચસો રૂપિયા એમાં એમાં બે મણ કે અઢી મણ હળદર એક એક ગુણ ખાતર આપ્યું છે એ સાથે એક કિલો દવા આપી છે અને એનું બાર હજાર તો બાકીના પૈસા ગયા કયાં? તો મિત્રો, એ જાણો કે આદિવાસીને કેવા કીટસ અપાય છે? ઓગષ્ટ મહિનામાં મેળા થયા છે અમુકને હજુ પણ કીટસ આપ્યા જ નથી. એની સાથે ગુલાબની જે યોજના છે સત્તર, સત્તર હજાર રૂપિયાના જે કીટસ છે ધારોકે એને સો કલમ આપે, બસ્સો કલમ આપે તો કેટલા રૂપિયા કિંમત થાય, એને ખાતર આપે તો કેટલી કિંમત થાય? સત્તરહજાર રૂપિયા થાય? મેં જયારે એમની પાસેથી માહિતી માગી તો માહિતી પણ હજુ સુધી એમણે મને આપી નથી. એ જ રીતે જે વન અને પર્યાવરણ વિભાગ છે મારા ઘણા મિત્રો તો એમ કહે છે કે આદિવાસીઓને જમીન અમે આપી છે. મિત્રો, આદિવાસીઓને જમીનનો કાયદો ૨૦૦૬માં બન્યો છે એમાં જે કુલ માગણીદારો છે એ ૧૯૨૦૪૫ જેટલા માગણીદારો છે અને એમાં આપણે ૨૫૭૭૧ને જમીન આપી શકયા છીએ. એ જમીન પણ માલિકી ધોરણે નહીં ફકત એ હકક આપણે આપ્યો છે. એ કામગીરીમાં આપણું ગુજરાત કયાં? આપણે એ બધા રાજયોમાં ચૌદમા નંબરે અને ૧૩.૪૧ટકા કામગીરી થઈ છે. ચૌદમા નંબરે આપણું રાજય છે. માનનીય મંત્રીશ્રીને મેં તો ઘણીવાર વિનંતી કરી છે કે તમે જે સેટેલાઈટ ઈમેજ દાખલ કરવા માગો છો એ બંધ કરો. કારણકે કાયદામાં ચોખ્ખી જોગવાઈ છે કે તમે બે પુરાવા રજૂ કરો એટલે એને જમીન આપવાની જ છે. ગ્રામસભા નકકી કરે કે આને જમીન આપવાની છે તો એને જમીન આપવાની જ છે તો બીજું શા માટે એમાં દાખલ કરો છો? એ આદિવાસી આજે કેટલા વર્ષોથી એ જમીન પર જમીન ખેડે છે. ખેતી કરે છે અને પોતાનું ગુજરાત ચલાવે છે ત્યારે બીજા આપણે એના પુરાવા શું માગી શકીએ? ત્યારે માનનીય મંત્રીશ્રીને હું આપના મારફત કહેવા માગું છું કે જલદી આદિવાસીઓને જમીન મળે અને દિપડાઓની વાત થઈ. ઘણીવાર ચર્ચા થાય છે કે દિપડાઓ કેમ ગામમાં આવે છે? જંગલ હોય તો જંગલમાં રહેને? જંગલ જ નથી. જંગલ પુરા થઈ ગયા છે. જંગલચોરી એટલી બધી થાય છે આજે તમે આવો મારા ધરમપુર તાલુકામાં ત્યાં આંતરરાષ્ટ્રીય ચોરી થાય છે. હું માનનીય મંત્રીશ્રી, આમાં સંમત થતો નથી.

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી મંગુભાઈ,(અંતરાય)

**શ્રી મંગુભાઈ છ. પટેલ ( વન અને પર્યાવરણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, મારી વન અને પર્યાવરણ (અંતરાય)

**શ્રી અમરસિંહ ર઼ા. વસાવા** : મંત્રીશ્રી ડીસેગ યુનિટ બંધ કરવા માગે છે કે કેમ? (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : મંત્રીશ્રીનો જવાબ પૂરો થાય પછી આપને પ્રશ્ન પૂછવાની તક આપવામાં આવશે. પ્લીઝ. અમરસિંહભાઈ, (અંતરાય) વિધાનસભાની ઉચ્ચ પ્રણાલિકાઓ છે એ આપણે જાળવી રાખવાની છે એ આપણી ફરજમાં આવે છે પ્લીઝ. એમનો જવાબ પૂરો થવા દો પછી આપના બે સભ્યોને આપણે (અંતરાય) માનનીય શકિતસિંહભાઈ, મંત્રીશ્રીના જવાબ પછી બે સભ્યોને આપણે પ્રશ્નો પૂછવાની તક આપીએ છીએ.(અંતરાય) મંત્રીશ્રીનો જવાબ શરૂ નથી થયો હજુ.

**શ્રી અમરસિંહ ર઼ા. વસાવા** : ડીસેગ બંધ કરવા માગે છે કે કેમ? (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : શ્રી શક્તિસિંહભાઈ આપ તો અનુભવી છો. એમનો જવાબ પૂરો થાય પછી બે સભ્યશ્રીએ પ્રશ્ન પૂછવો હોય તે પૂછી શકાશે. ત્યારે એમને તક આપવામાં આવશે. આપના સભ્યોને બેસવાનું કહો.(અંતરાય) શક્તિસિંહભાઈ પ્લીઝ આપ એમને કહો. ગૃહ આપણે લાગણીથી નથી ચલાવી શકતા. માનનીય શક્તિસિંહભાઈ (અંતરાય)(સતત સૂત્રોચ્ચાર ચાલુ) શક્તિસિંહભાઈ આપને નમ્ર વિનંતી છે કે આપના સભ્યોને બેસાડો.

**શ્રી વજુભાઈ વાળા** : મંત્રીશ્રી બોલે છે. કોઈ પ્રશ્ન નથી ઊભો થયો અને ઊભા થયા છે.(અંતરાય) અત્યાર સુધી વિધાનસભામાં કોઈ એવી પદ્ધતિ નથી કે મંત્રી બોલવા ઊભા થાય તેની પહેલા તમને કોઈ ખાતરી આપે. એમને બોલી લેવા દો. પછી પ્રશ્ન પૂછો.(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય અમરસિંહભાઈ પ્લીઝ. આપણી પ્રણાલિકાઓ રહી છે કે માનનીય મંત્રીશ્રીનો જવાબ પૂરો થાય પછી કોઈપણ બે સભ્યને પ્રશ્ન પૂછવાનો આપણે અધિકાર આપીએ છીએ. આવી કોઈ પ્રણાલિકા નથી કે મંત્રીશ્રીનો જવાબ પૂરો થાય તે પહેલા પ્રશ્ન પૂછી શકીએ. હજુ એમણે જવાબ આપવાની શરૂઆત જ નથી કરી. (અંતરાય) પ્લીઝ આપ બેસો. આપને નમ્ર વિનંતી છે. શક્તિસિંહભાઈ આપ વિનંતી કરો. (સૂત્રોચ્ચાર સતત ચાલુ)

( આ તબક્કે સભાગૃહમાં ઉપસ્થિત રહેલા વિરોધપક્ષના સૌ સભ્યોઅ સતત સૂત્રોચ્ચાર કરતા કરતા સભાત્યાગ કરી ગયા) (અંતરાય)

# પૉઈન્ટ ઑફ ઑર્ડર

### સભાત્યાગ અંગે

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે આદિવાસી સમાજનો પ્રશ્ન હોય, ગરીબ સમાજનો પ્રશ્ન હોય અને આવી રીતે જ્યારે માનનીય ફકીરભાઈના બજેટ ઉપરના પ્રવચનનો જવાબ હતો, દલિત સમાજની, વાત હતી, પછાત સમાજની વાત હતી, એમાં પણ કોંગ્રેસે વોક આઉટ કર્યો. એમની ગરીબ વિરોધી નીતિ સ્પષ્ટ દેખાઈ આવે છે. મને તો એમ પણ વહેમ છે કે એમને ગરીબનો, આદિવાસીના પ્રશ્ન કરતા બહાર મેચ જોવા જવામાં વધુ રસ છે, એટલે આ બહાનું કાઢી આ ગરીબ આદિવાસીઓના બજેટમાં રસ ન દાખવતા એમના કામોમાં રસ ન દાખવતા ખોટું રીતનું નિમિત્ત બનાવી, જે પ્રણાલિ નથી, મંત્રીશ્રીના બજેટ પ્રવચનના પ્રસ્તાવ પછી પ્રશ્ન પૂછી શકે. એમને છૂટ છે આપે પણ કહ્યું તે પહેલા ખોટી પ્રણાલિ ઊભી કરવા આ બંને રીતે નીકળી ગયા છે. માનનીય અધ્યક્ષશ્રી એ લોકોને સખ્ત ઠપકો આપવો જોઈએ.

**અધ્યક્ષશ્રી** : માનનીય નીતિનભાઈએ જે પૉઈન્ટ ઑફ ઑર્ડર ઊભો કર્યો છે. માનનીય વિપક્ષના સભ્યશ્રીઓએ માનનીય મંત્રીશ્રીનો જવાબ સાંભળ્યા પહેલા આ ગૃહ છોડીને જતા રહ્યા છે એ બાબતનું રૂલિંગ હું પછી આપીશ. માનનીય મંત્રીશ્રી આપનો જવાબ આપો.

# માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ)(ક્રમશ:)

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારી આદિજાતિ કલ્યાણ અને વન પર્યાવરણ વિભાગની માગણી પર લગભગ ૧૭ જેટલા લોકોએ પોત પોતાના મંતવ્યો રજૂ કર્યા છે. જવાબ સાંભળવાની તૈયારી ન હતી એટલે કોંગ્રેસના મિત્રો ગૃહ છોડીને જતા રહ્યા છે. આ રીતે આપણે જોતા આવ્યા છીએ કે જયારે જે કંઈ પોતાની વાત કરવાની હોય ત્યારે કરી દેવી, પત્થર ફેકીને પછી જતું રહેવું. આ પદ્ધતિ બરાબર નથી. આદિવાસીઓની ખૂબ ચિંતા એમને છે. આજે *(xxxxx). એમ કહેવાય છે કે "જબ ચીડિયાં ચૂભ ગઈ ખેત અબ પછતાયે કયા.હોગા' વર્ષો સુધી એમની પાસે શાસન હતું તે દિવસે કશું કરી નથી શક્યા અને હવે બધું જ્ઞાન પ્રાપ્ત થઈ ગયું અને હવે બધી લાગણી આવી ગઈ. હાથમાં કંઈ નથી એટલે હવે ભાજપને ગાળો દો. તેના સિવાય કશું છે નહીં.

માનનીય અધ્યક્ષશ્રી, બજૅટની મારે વાત કરવી છે. હું ૧૯૬૧થી જ્યારથી ગુજરાત બન્યું છે ત્યારના બજૅટની વાત કરું તો આદિજાતિ કલ્યાણનું પહેલું બજૅટ તે ૫૮ કરોડ રૂપિયાનું હતું. ફક્ત ૫૮ કરોડ રૂપિયા. માનનીય મુખ્યમંત્રીશ્રી ચીમનભાઈ પટેલ હતા ત્યારે આદિજાતિ કલ્યાણનું બજૅટ ૪૫૦ કરોડ રૂપિયા હતું. માનનીય મુખ્યમંત્રીશ્રી કેશુભાઈ આવ્યા ત્યારે પહેલું બજૅટ આદિજાતિ કલ્યાણ માટે ૬૬૬ કરોડ રૂપિયા ફળવાયું. તે દિવસે અમે ભાષણ કરતા કે જુઓ ભારતીય જનતા પાર્ટીનું રાજ આવ્યું પછી ૧૫૦ કરોડ રૂપિયાનો વધારો થયો છે. બજૅટ વધતાં વધતાં તે વાત આવી કે ચાલીસ વર્ષનું બજૅટ કેટલું તો ૬૫૦૦ કરોડ રૂપિયા. માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી આવ્યા પછી પાંચ વર્ષમાં ૬૦૦૦ કરોડ રૂપિયા. એકબાજુ ૪૦ વર્ષનું બજૅટ ૬૫૦૦ કરોડ રૂપિયા અને બીજી બાજુ ૫ વર્ષનું બજૅટ ૬૦૦૦ કરોડ ટોટલ કરો તો ૧૨૫૦૦ કરોડ રૂપિયા થયા. માનનીય મુખ્યમંત્રીશ્રીએ ૨૦૦૭માં નિયમ.૪૪ હેઠળ વનબંધુ કલ્યાણ યોજના આદિવાસીઓના સર્વાંગી વિકાસ અને તેમાં દસ મુદ્દા નક્કી કરીને ૧૫૦૦૦ કરોડ રૂપિયાનું બજૅટ પાંચ વર્ષમાં વાપરવાનું નક્કી કર્યુ. ત્યારે આ બધા કોંગ્રેસના લોકો કહેતા કે આ પૈસા કયાંથી લાવવાના? આટલી જાહેરાત કરી છે. પણ આજે ચાર વર્ષ પૂરા થયા છે અને લગભગ ૧૩ હજાર કરોડ રૂપિયા વપરાયા છે. આ વખતનું બજૅટ હતું ૪૧૦૪ કરોડ રૂપિયા. માનનીય વજુભાઈએ નવું બજૅટ ફાળવ્યું તેમાં આદિજાતિ કલ્યાણને કેટલું ફાળવ્યું. ૪૮૪૮ કરોડ રૂપિયા. એક જ વર્ષે ૭૪૪ કરોડનો વધારો કર્યો છે. તે યોજના હેઠળ આજે મુખ્ય જો વાત કરીએ તો વનબંધુ કલ્યાણ યોજના ૧૫૦૦૦ કરોડની ખાતરીની સામે ૧૭૭૫૬ કરોડ રૂપિયા થાય છે. જે ૧૫૦૦૦ કરોડ હતા તેના કરતાં પણ અઢી હજાર કરોડ રૂપિયા વધારે ફાળવ્યા છે. હાલ આદિજાતિ વિકાસની પ્રક્રિયા ખૂબ જ ગતિમાં છે. તેના પરિણામે ગામડાઓ સુધી નક્કર વિકાસ

---

* (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

યોજના, સાથોસાથ મને ચિંતા એ પણ છે કે આદિજાતિ વિકાસની પ્રક્રિયા ગતિમાન થયા પછી સરકારની કામગીરીને બિરદાવવાને બદલે તેના પર ચોક્કસ વિચાર કરવો જોઈએ. સમાજ કલ્યાણના વિભાગો એવા છે કે નાના માણસોને કેવી રીતે આપણે મદદ કરી શકીએ. તેવી સલાહ સૂચન આપવી જોઈએ અને નાના માણસોના વધારે કામ કરવા જોઈએ. એવી ભાવના એક ચૂંટાયેલા પ્રતિનિધિને હોવી જોઈએ *(xxxxx) (xxxxx) અહીં જે ફલોર પર વાત કરે છે તે સત્યથી વેગળી છે. અહીં સિંચાઈની વાત થઈ કે આદિવાસીઓ માટે સિંચાઈની યોજનાઓ બનતી નથી. હાલની સરકારે આ મુદ્દાને ગંભીરતાથી પકડી ઉકાઈ પૂર્ણા હાઈ લેવલ કેનાલથી ૧૧૬૦૦ હેકટર આદિવાસી વિસ્તારને સિંચાઈનો લાભ આપવા માટે આયોજન કરેલ છે. એવી જ રીતે પાનમ હાઈ લેવલ કેનાલમાંથી ૧૮૦૦૦ હેકટર વિસ્તારને અને કડાણા હાઈ લેવલ કેનાલમાંથી ૫૦૦૦ હેકટર વિસ્તારને લાભ આપવાનો વિચાર કર્યો છે. ઉદ્‌વહન સિંચાઈ યોજનાની ૧૦૫૦ હેકટર, કેલિયા બંધની ઉંચાઈ વધારવાથી ૨૦૦૦ હેકટર અને સંતરોડ ગીયર આશરે ૨૦૦૦ હેકટર વિસ્તારને સિંચાઈનો લાભ મળવાનો છે.

માનનીય અધ્યક્ષશ્રી, વનબંધુ કલ્યાણની યોજનાના ચાર વર્ષની વાત કરીએ તો વિકાસના ફળ છેવાડાના માનવી સુધી પહોંચાડવા માટે અંતરિયાળ લગભગ ૪૦૧ ગામો છે તેની ખાસ યોજના બનાવી છે. આદિમજૂથ જેને કહીએ છીએ તે અતિપછાતમાં ગણાય છે, એ અતિપછાતનો ખાસ વિચાર કરીને ૧૭૦૦૦ કુટુંબને નવા મકાનો આપવામાં આવ્યાં છે, ૧૬૩૦૦ કુટુંબોને ઘર સુધી પીવાના પાણી માટે પાઈપલાઈન નાખી છે, ૧૫૨૦૦ મકાનોના વીજળીકરણ માટેની વ્યવસ્થા કરી છે. ૧૮૦૦૦ વ્યકિતઓને જીવીકા યોજનામાં આવરી લેવામાં આવ્યા છે. એ જ રીતે હળપતિ સમાજ પણ અતિપછાત જેવો છે એના માટે પણ આ તમામ યોજના ચાલુ થવાની છે.

માનનીય અધ્યક્ષશ્રી, મહિલાઓની હાડમારી રોકવા માટે ૪ લાખ ૨૯ હજાર જેટલા કુટુંબો માટે પાણીની જે વાત થતી હતી, ૪ લાખ ૨૯ હજાર કુટુંબોને પીવાના પાણી માટે લાઈન નાખવામાં આવી છે. ૪ લાખ ૭૮ હજાર કુટુંબોના ઘરોને વીજળીકરણ કરી આપવામાં આવ્યું છે. અતિપછાતની વાત કરીએ તેના કરતાં આ આદિવાસી સમાજના વધારાના લોકો છે. ૧૫ હજાર કરોડ રૂપિયાની મહત્વાકાંક્ષી યોજના નીચે નોંધપાત્ર કામગીરી કરવામાં આવી છે. ૪ લાખ ૭૦ હજાર વિદ્યાર્થીઓને ચાલુ વર્ષે પોસ્ટ મૅટ્રિક શિષ્યવૃત્તિ આપવામાં આવી છે. ૨૦૦ જેટલી નવી માધ્યમિક શાળાઓ શરૂ કરવામાં આવી છે. ૩૫ જેટલી નવી તાંત્રિક સંસ્થાઓ દા. ત. ઇજનેરી કૉલેજ, પૉલિટૅક્નિક, નર્સિંગ કૉલેજ, નર્સિંગ સ્કૂલ, વોકેશનલ ટ્રેનિંગ સૅન્ટર વગેરે શરૂ કરવામાં આવેલ છે. હાલ ચાલતી ૯૭ શાળાઓને અપગ્રેડ કરવામાં આવી છે અને ૩૭ હાલ ચાલતી તાંત્રિક સંસ્થાઓને પણ અપગ્રેડ કરવામાં આવી છે. છેલ્લા ચાર વર્ષમાં આદિજાતિ વિસ્તારમાં ૮૬૨ જેટલી નવી બસો ફાળવવામાં આવી છે, હાલ ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમ ૫ લાખ ૬૨ હજાર કિલોમીટરની દૈનિક ટ્રીપ ધરાવે છે. આ ઉપરાંત ૧ લાખ ૭૫ હજાર જેટલા આદિવાસી બાળકોને પાસ આપવામાં આવ્યા છે. ચિંરજીવી યોજનાની વાત કરીએ તો, આદિવાસી મહિલાને જ્યારે પ્રસૂતિનો સમય આવે તે વખતે પોતાના ઘરે ડિલિવરી થતી અને એમાં કેટલાય નવજાત શિશુના મરણ પામતાં હતાં અને બહેનોના પણ મૃત્યુ થતાં હતાં, એના માટે માનનીય મુખ્યમંત્રીશ્રીએ ચિરંજીવી યોજના દાખલ કરી છે. અને તમામ જે ખર્ચ છે એ ખર્ચ આજે સરકાર ભોગવે છે મારી આદિજાતિની બહેનો ૨ લાખ ૭૫ હજાર જેટલી માતાઓએ હોસ્પિટલમાં ડિલિવરી કરાવી છે અને એનો તમામ ખર્ચ સરકારે ભોગવ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, ૧ લાખ ૭૫ હજાર ગરીબ કુટુંબો માટે નવા મકાનો બનાવવામાં આવ્યાં છે, નવા માર્ગો તૈયાર કરવા, અપગ્રેડ કરવા માટે છેલ્લા ચાર વર્ષમાં ૧૫૦૦ કરોડ કરતાં વધારે રકમ વાપરીને ૯૮.૫ ટકા જેટલા મહેસૂલી ગામોને રસ્તાનું કનૅક્શન મળ્યું છે. બિનઆદિવાસી વિસ્તારોની વાત કરીએ તો પ્રતિલાખ વસતિ પ્રમાણે ૨૮૮ કિલોમીટરના માર્ગ આજે ઉપલબ્ધ છે બિન આદિવાસી વિસ્તારો કરતાં એ અધિક ગણાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, આવતા વર્ષની વિભાગની, શૈક્ષણિક યોજનામાં હાલની જે આવક મર્યાદા છે એ આવક મર્યાદા ગ્રામ્ય વિસ્તાર માટે ૨૦ હજારની અને શહેરી વિસ્તાર માટે ૨૫ હજારની કરવામાં આવેલ છે. શિષ્યવૃત્તિના દરમાં દરેક સ્તરે વધારો કરવામાં આવ્યો છે. જેથી આદિજાતિ વિદ્યાર્થી માટે આવતા વર્ષે વિભાગને એકંદરે ૧૨૫ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે. ૧૧૩૭૫૦૦ આદિજાતિ વિદ્યાર્થીઓને બે જોડ ગણવેશ આપવા માટે ૨૨ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. ૨૨ કરોડની જોગવાઈ કરવાં આવેલી છે. કેન્દ્રીય પુરસ્કૃત શિષ્યવૃત્તિ યોજનાની કમિટેડ લાયાબીલીટી તરીકે રાજય સરકારને તબદિલ કરવામાં આવેલ છે તેમાં પણ ૨૮ કરોડ જેટલું આયોજન કરવામાં આવેલું છે. હળપતિઓના સર્વાંગી વિકાસ માટે તેઓના જીવન-ધોરણની ગુણવત્તા સુધારવાના હેતુથી પાયાની ૬ સુવિધાઓ પહોંચાડવા ૧૨ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. ૧૩માં નાણાંપંચની ભલામણ અન્વયે ૨૦૧૧-૧૨ માટે ૫૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. એજ રીતે આદિજાતિ વિસ્તારમાં શિક્ષણ, કૃષિ તેમજ પશુ-પાલન સેકટરના કામો પણ હાથ ધરવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, એજ રીતે સામેના મિત્રોએ બે ત્રણ આક્ષેપો જે કર્યા છે તેનો મારે જવાબ પણ આપવો છે. મારે ડી-સેગની લાંબી વાત નથી કરવી પણ ડી-સેગ અંગે માનનીય મુખ્યમંત્રીશ્રીએ નિયમ ૪૪નું નિવેદન કર્યું તે દિવસથી આ ડી-સેગની રચના પણ જેમ પાણી પુરવઠામાં વાસ્મોની રચના કરી છે એ રીતે ડી-સેગની પણ રચના

* (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

કરવામાં આવી છે. મારે ડી-સેગની વાત કરવી છે. એમાં માનનીય મોહનસિંહભાઈએ કહ્યું કે, ડી-સેગમાં કોઈ ઓડિટ કરવામાં આવતું નથી. ૨૦૦૯-૨૦૧૦ સુધીનું ઓડિટ થયેલું છે અને એમાં કોઈ પણ ગરબડ હોય તો એ ઓડિટમાં બહાર આવેને? એવું આજ સુધી જે કાંઈ ઓડિટ થયું છે એમાં કોઈ એવા કારણો બતાવવામાં આવ્યા નથી.

માનનીય અધ્યક્ષશ્રી, એક બીજી વાત એમણે યુનિવર્સિટીની કરી. મારે એ વિશે પણ વાત કરવી છે. કોલોરેક્સ ફ્યુચર યુનિવર્સિટી, અમદાવાદ તથા નવરચના યુનિવર્સિટ, વડોદરા અંગે ગુજરાત વિધાનસભા દ્વારા પાસ કરવામાં આવેલ ગુજરાત પ્રાઈવેટ યુનિવર્સિટી એક્ટ ૨૦૦૯ દ્વારા રજિસ્ટર થયેલ છે. માનનીય અધ્યક્ષશ્રી, આમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનો અભ્યાસ છે એ વિશિષ્ટ પ્રકારનો અભ્યાસક્રમ છે એટલે એ પ્રમાણે એમને ૮૦ હજાર રૂપિયા ખર્ચ થતો હોય પરંતુ ગુજરાત સરકાર જે કાંઈ એને સ્કોલરશીપ આપે છે એ ભારત સરકારના જે નિયમો છે એ રીતે આદિજાતિ કલ્યાણ વિભાગે ફાળવવાના છે તે રીતે એને એ પ્રકારે આપવામાં આવે છે અને એમણે નિગમ સાથે કોઈ કરાર પણ નથી કર્યા કે આ રીતે એમને વધારાના પૈસા આપવા. અને એમની ખાસ કરીને જે વાત હતી કે, ઓડિટ નથી થતું પણ ઓડિટ ખરેખર થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ઈશ્વરભાઈ વહીઆજી એ જે વાત કરી કે કેન્દ્રમાંથી ૧૧૦૦૦ કરોડ રૂપિયા આવ્યા છે એ વાત ભગવાન જાણે કયાંથી લાવ્યા. માનનીય અધ્યક્ષશ્રી, મારે છેલ્લા ત્રણ વર્ષના દાખલા આપવા છે. કેન્દ્ર સરકારમાંથી જે ગ્રાન્ટ મળે છે ૨૦૦૮-૦૯માં ૯૮.૭૬ કરોડ એટલે લગભગ ૯૯ કરોડ રૂપિયા જેટલી ત્યાંથી આપણને ગ્રાન્ટ મળી છે એની સામે TSP એ કેટલું આયોજન કર્યુ? ૨૯૩૩ કરોડ. ૨૦૦૯-૧૦માં ૧૪૩ કરોડ કેન્દ્ર સરકારે આપ્યા છે એની સામે ગુજરાત સરકારે ૩૫૬૬ કરોડનું આયોજન કરેલ હતું. ગયા વર્ષની વાત કરીએ ૨૨૪ કરોડ કેન્દ્રએ આપ્યા છે અને એની સામે ગુજરાત સરકારે ૪૧૦૩ કરોડ રૂપિયા વાપર્યા છે. આજે સામે એ મિત્રો બેઠેલા હોત તો મારે કહેવું હતું કે, તમે જે બધી વાત કરો છો કે કેન્દ્ર સરકારે આટલું આપ્યું, તેટલું આપ્યું. પણ છેલ્લા બે વર્ષથી ઈનોવેટિવ દરખાસ્ત કેન્દ્રમાં પડેલી છે હજુ સુધી એને મંજૂરી આપી નથી. ૧૪ નવી કન્યાશાળાને મંજૂરી આપી નથી, ૧૨ જેટલી નવી કન્યા છાત્રાલયને મંજૂરી આપી નથી, પાંચ સ્કૂલની બાંધકામની કોઈ ગ્રાન્ટ આપી નથી. આમ જોઈએ તો લગભગ ૬૮ કરોડ રૂપિયાની ગ્રાન્ટ આજે પણ આપણને મળતી નથી. એમની જો વગ ચાલતી હોય તો ઝડપથી એ પૈસા ગુજરાત સરકારના આદિવાસીઓની ચિંતા કરે છે અને આદિવાસીઓના બાળકોની સુવિધા માટેના અપાવે.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા જંગલની જમીનની વાત થઈ, મોહનસિંહભાઈએ વાત કરી બરાબર મને ખ્યાલ છે ત્યાં સુધી ભારતીય જનતા પાર્ટીની સરકારમાં માનનીય કેશુભાઈ પટેલ મુખ્યમંત્રીશ્રી હતા ત્યારે ૧૯૬૭ અને ૧૯૮૦ની જમીનની સનદ આપવામાં આવેલી. કેટલી આપી? ૪૫,૩૫૨ જેટલા ઈસમોને ૩૧,૦૦૦ હેકટર જેટલી જમીનની સનદો તે વખતે આપવામાં આવેલી. મને બરાબર ખ્યાલ છે એ વખતે એન.ડી.એ.ની સરકાર હતી ત્યારે બાજપેયજીની છેલ્લી જે કેબિનેટ મળી ત્યારે ૧૯૯૨ સુધી જંગલની જમીન આપવી જોઈએ એવી એક ચર્ચા થઈ હતી.
પણ ત્યારપછી યુ.પી.એ. સરકાર આવી, ૨૦૦૬માં કાયદો બનાવ્યો, ટ્રાયેબલ એક્ટ, એના નિયમો ક્યારે બનાવ્યા તો ૨૦૦૮માં અને જે પ્રમાણે નિયમો બનાવ્યા એનું સ્વાભાવિક રીતે ગુજરાત સરકારે જે કંઈ રીતે અમલીકરણ કરવું પડે તે અમલીકરણ શરૂ કર્યુ. જે જાહેરાત આપી એના સંદર્ભમાં જે શરૂઆતમાં અરજી આવી એ ૬૨૦૦૦ જેટલી અરજીઓ આવી, કેટલાક લોકોની રજૂઆત હતી કે સમય ઓછો છે, એટલે તમે સમય વધારો, એટલે અમારા અધિકારી મિત્રોએ છ મહિના જેટલો સમય વધાર્યો, ઉદાર હાથે ફોર્મ આપ્યા, ફોર્મ ૬ લાખ જેટલા છપાવેલા. પછીથી ૧ લાખ બાવીસ હજાર જેટલી અરજીઓ આવી. પહેલાં ૬૨ હજાર આવી અને પછીથી ૧ લાખ બાવીસ હજાર અરજીઓ આવી. સ્વાભાવિક રીતે એનાથી સમજી શકાય કે કેવી રીતે આ અરજીઓ આવી હશે. પરંતુ ભારત સરકારે સૂચવેલ છે તે પ્રમાણે ગામના વડીલોનો અભિપ્રાય તો લેવો પડે. પણ જિલ્લાની જે કમિટી છે એ એની ફાઈનલ ઓથોરિટિ છે મંજૂર કરવી કે નહિ. પુરા પુરાવા ન હોય તો મંજૂર ન થાય. એ પ્રમાણે જોઈએ તો લગભગ ૨૯ હજાર કરતાં વધારે લોકોને આ બે પુરાવા જેની પાસે હોય એને આ જમીન આપવામાં આવી છે. લગભગ ૮૨,૦૦૦ જેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી છે. આમ જોવા જઈએ તો લગભગ ૧ લાખ ૩ હજાર જેટલી અરજીઓનો નિકાલ થયેલો છે. અમે કેન્દ્ર સરકારના આદિજાતિના મંત્રીશ્રીને જઈને કહી આવ્યા કે કેટલીક અરજી જે નામંજૂર થઈ છે એને અપીલ કરવાનો મોકો મળવો જોઈએ. એ પ્રમાણે એમણે વાત સ્વીકારી અને હવે જો કોઈ અરજી નામંજૂર થયેલી હશે તો પ્રાંત અધિકારીને એ અરજી કરી શકે છે અને જિલ્લાના લોકો ફરીથી એને સાંભળીને જે કંઈ એની પાસે યોગ્ય પુરાવા હશે તો એને આપી શકાશે પણ આ લોકોનું એકજ કહેવું છે કે વડીલોનો અભિપ્રાય આવી જાય એટલે તમારે આપી દેવી જોઈએ. પરંતુ એ માટે કેન્દ્ર સરકારે જ ના પાડી છે પછી આપણે કેવી રીતે આપી શકીએ? કેન્દ્ર સરકારે બનાવેલા નિયમો છે તેને તો પાળવા પડે. પણ એટલી વસ્તુ સાચી છે કે આ ભારતીય જનતા પાર્ટીની સરકાર અને આદિજાતિ વિભાગ, જે કોઈ સાચો આદિવાસી હશે, જમીન

ખેડતો હશે એને ચોક્કસ જમીન આપવાના છીએ આપવાના છીએ અને આપવાના જ છીએ. પરંતુ *(xxxxx) (xxxxx) (xxxxx) એની પાસે બે પુરાવા નહિ હોય તો ગમે તેવો ચમરબંધી હશે એને જમીન આ વિભાગ નથી આપવાનો એ વાત પણ સમજી લેવી પડશે. આદિજાતિની તો ઘણી બધી વાતો કરી પણ હવે મારે વન અને પર્યાવરણ વિભાગની કેટલીક વાત કરીને મારી વાત હું પુરી કરીશ.

માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૧-૧૨ના વર્ષમાં વનીકરણ માટે ૪૦૨ કરોડ રૂપિયા ફાળવેલા હતા આ વર્ષે ૪૯૮ કરોડ રૂપિયા જેટલી રકમ ફાળવેલ છે, એ રીતે એમાં લગભગ ૨૪ ટકા જેટલો વધારો કરવામાં આવ્યો છે. આપણે ત્યાં કચ્છમાં જે બન્નીનો વિસ્તાર છે. એ એશિયામાં મોટામાં મોટો ઘાસિયો વિસ્તાર છે એ જમીનમાં ઘાસ ઉગાડવા માટે આ સરકારે નક્કી કરેલ છે અને લગભગ ૮૦૦ હેકટર જમીનમાં આ ઘાસ ઉગાડવામાં આવશે. આ વર્ષે લગભગ ૫૦૦ હેકટર જમીનમાં સારી જાતનું ઘાસ ઉગાડવા માટે આયોજન થયું છે. કેન્દ્રના વન, પર્યાવરણ વિભાગના મંત્રીશ્રી જયરામ રમેશજીએ પણ આ ઘાસિયા વિસ્તારમાં ચિત્તાને વસાવવાની વાત કરી છે અને એ તરફ પણ ગુજરાતનો વન વિભાગ પ્રયત્ન કરી રહ્યો છે. વન વિભાગ દ્વારા ૨૦૧૧-૧૨માં ૯૧,૪૭૬ હેકટર જમીનના વિસ્તારમાં વાવેતર કરવામાં આવેલ છે અને ૯.૭૯ કરોડ રોપાઓનું લોકોને વિતરણ કરવામાં આવેલ છે. મને ગૃહમાં જણાવતાં આનંદ થાય છે કે નિરંતર વિકાસના પગલે ચાલતા આપણા વિકાસશીલ રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રી જેટલી ચિંતા ઔદ્યોગિક વિકાસની કરે છે,તેનાથી વધારે ચિંતા પર્યાવરણ સંતુલનની અને પરિસર સુરક્ષાની કરે છે. તેવા સદંતર રાજયના વનો અને વન્ય પ્રાણીની સુરક્ષાના, વિકાસના અને આયોજનના સતત નવા આયામ સર કરવાની દિશામાં અગ્રેસર છે. જે આપ સૌને માનનીય મુખ્યમંત્રીશ્રીના લેખિત પુસ્તક Conveniet Action દ્વારા આપણને માહિતી મળેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ વર્ષે આખી વનીકરણની જે યોજના અમે બનાવી છે અને થોડાં સમય પહેલાંની આપણને માહિતી પણ છે કે ૩૧-૭-૨૦૧૦ના દિવસે એક જ દિવસમાં અમદાવાદ શહેરે એકી સાથે ૮,૫૫,૦૦૦ જેટલાં રોપા રોપીને વિશ્વ વિક્રમ સ્થાપિત કર્યો છે. આ સિદ્ધિ ફક્ત એક જ દિવસ માટેની નથી. આ અમદાવાદ પૂરતો સીમિત પણ નથી રહ્યો. સુરતમાં ૨,૭૨,૦૦૦, વડોદરામાં ૨ કરોડ ૨૨ હજાર, બનાસકાંઠા જિલ્લામાં ૧૫ લાખ જેટલાં રોપાઓ, જસદણ તાલુકામાં વિરનગરમાં ૯-૮-૧૦ના દિવસે એક લાખ રોપાઓ, ઈડર ખાતે મારા સાથી મંત્રીશ્રી રમણલાલ વોરાના વિસ્તારમાં દોઢ લાખ રોપાઓ રોપાયેલ છે અને આમ કરીને રાજય વ્યાપી વાવેતર થયેલું છે. રાજયમાં વાવવામાં આવતાં વૃક્ષોની વૃદ્ધિનો મહત્તમ દર પ્રાપ્ત કરવા માટે હાઈટેક નર્સરી મોટા પાયે ગ્લોનર રોપાઓનો ઉછેર કરવામાં આવે છે. જેમાં ચાલુ વર્ષે છ જેટલી હાઈટેક નર્સરી, એક કરોડ જેટલાં ઉત્તમ જીન્સના ગુણવત્તાવાળા રોપાઓનો ઉછેર કરવામાં આવશે. આ ઉચ્ચ ગુણવત્તાવાળા રોપાના ઉપયોગથી રાજયના ખેડૂત ભાઈઓની આવકમાં વધારો થશે. જેનાથી વનીકરણને વેગ અને ગ્લોબલ વોર્મીંગ અને કલાયમેટ ચેન્જની પ્રક્રિયા ધીમી પાડવામાં મદદરૂપ થશે. આપણો ૧૬૦૦ કિલોમીટરનો ગુજરાતનો દરિયા છે. તે દરિયામાં પણ ચેરનું વાવેતર તે ખાસ કરીને જ્યારે સુનામી જેવા તોફાન આવે છે ત્યારે તે ખૂબ ઉપયોગી નીવડે છે. ચેરના વૃક્ષોમાંથી લાકડાં આપણને મળે છે, ત્યાંના રહીશોને ઘાસચારો મળે છે, જે માછીમાર ભાઈઓ છે તેને તેમાંથી સારી જાતની માછલી મળે છે. સર્વે ઓફ ઈન્ડિયાએ છેલ્લે ૨૦૦૯માં જે અહેવાલ આપ્યો તેમાં ગુજરાતના ચેરોમાં વધારો થયો છે. કેન્દ્રના મંત્રી જે જયરામ રમેશજી છે તેમણે બીજા રાજયોને પણ સલાહ આપી છે કે ચેરનું વાવેતર ગુજરાત જેટલું સારું કરે છે તેટલું બાકીના લોકોએ પણ કરવું જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, અમે તેની જાગૃતિ માટે ૩૦ જેટલી યાત્રા પણ કાઢી છે. ૫૮,૭૯૦ હેકટર વિસ્તારમાં ચેરનું વાવેતર પણ કરવામાં આવેલ છે.

**અધ્યક્ષશ્રી** : આપ બે-ત્રણ મિનિટમાં પૂરું કરો. ૪-૧૫ વાગ્યે મતદાન લેવાનું છે.

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : આ રીતે મારા વન વિભાગમાં વાઈલ્ડ લાઈફ છે પણ તેમાં પણ જુઓ તો દિવસે દિવસે સિંહોના રક્ષણથી સિંહોની સંખ્યામાં પણ વધારો થયો છે. ગીધનું પણ સંરક્ષણ અમારો વિભાગ બરાબર કરે છે. અને અનેક જે યોજનાઓ છે તે યોજનાઓ દ્વારા વનની તમે આજે જુઓ તો સર્વે ઓફ ઈન્ડિયાની પણ મેં વાત કરી છે અને વાવેતર શહેરના વિસ્તારોમાં પણ જે સાંસ્કૃતિક વનની માનનીય મુખ્યમંત્રીશ્રીની એક નવી દિશા અમને મળી છે એ રીતે આજે સાંસ્કૃતિક વનો પછી તે ગાંધીનગર હોય તો પુનિત વન, તારંગા હીલ પર ત્રિ શંકર વન, સોમનાથમાં ભકિતવન, ચોટીલામાં હરિહર વન, શામળાજીમાં શ્યામલ વન. ગયા વખતે પાલીતાણામાં પાવક વન બન્યું. આ વખતે પણ અમે એ રીતે પંચમહાલમાં પાવાગઢમાં પણ વન મહોત્સવ કરીને ત્યાં પણ સાંસ્કૃતિક મનાવવાના છે અને એમ કરીને ગુજરાતમાં દિવસે અને દિવસે વન વિસ્તાર વધતો જાય તે રીતનો પ્રયત્ન અમારો રહેવાનો છે. પર્યાવરણમાં આ વખતે ૨૧૦ લાખની જોગવાઈ કરવામાં આવી છે. બોર્ડ દ્વારા જુદા જુદા વિસ્તારો માટે પર્યાવરણ જાગૃતિ માટે હવા પ્રદૂષિત શહેરોમાં પ્રદૂષણ નિયંત્રણ માટેની યોજના પેટે રાજયમાં આવેલી ૨૫ જેટલી ઔદ્યોગિક વસાહતોમાં દહન અને કૅમીકલ પ્રોસેસના અંતે હવામાં ઉત્પન્ન થતાં પ્રદૂષણ પૃથ્થકરણ અને

* (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

નિયંત્રણ યોજના માટે મોટા શહેરો અને ઔદ્યોગિક વિસ્તાર માટે મોટા શહેરો અને ઔદ્યોગિક વિસ્તારો માટે પાણીની ગુણવત્તા જાળવવા માટે અને નવા જ કોસ્ટલ મોનેટરીંગ યોજના માટે આખું આયોજન કર્યુ છે. ગુજરાતના દરિયા કિનારા ઉપર ૪૦ થી વધારે મેજર અને માઈનોર બંદરો આવેલા છે. આ દરિયા કિનારા ઉપર દેશનું ૬૦ ટકા જેટલું ક્રુડ ઓઈ ઈમ્પોર્ટ થાય છે. તથા દરિયા કિનારા ઉપર મોટા ઔદ્યોગિક એકમો સીમેન્ટ, સોડાએશ, પેટ્રોલિયમ રીફાઈનરી, શીપ બ્રેકીંગ યાર્ડ, થર્મલ પાવર સ્ટેશન, ખાતરના કારખાના, ફીશ પ્રોસેસિંગ એકમો એકમો આવેલા છે. તદ્દુપરાંત છેલ્લા ૧૦થી ૧૫ વર્ષમાં આ દરિયા કાંઠાના જિલ્લા અને તાલુકામાં શહેરીકરણનો પણ વિકાસ થયેલો છે. ઉપરોકત પરિબળને ધ્યાનમાં રાખીને દરિયા કાંઠાના જળની ગુણવત્તાની મોજણી કરવાની આવશ્યકતા જણાય છે. એના માટે પણ એક ચોકકસ પ્રોજેકટ બનાવવામાં આવ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, બોર્ડની કેટલીક નોંધનીય વાતો છે તે કહી હું બે મિનિટમાં મારું વકતવ્ય પૂરું કરીશ. ઔદ્યોગિક વિસ્તારના ગંદા પાણીનો નિકાલ કરવા માટે સમગ્ર દેશમાં પ્રથમ એવી ૧૨૫ કરોડના ખર્ચે ૫૪ કિલોમીટરની લાંબી મેગા પાઈપલાઈન અંકલેશ્વરથી પાનોલી, ઝઘડીયા ખાતેના ઔદ્યોગિક વિસ્તારમાં નાંખવામાં આવેલ છે. સમગ્ર એશિયામાં આ પ્રોજેકટ મોટો છે. રાજયના ૧૭૩૭ જેટલા ઉદ્યોગો અને ૨.૭૫ લાખ જેટલા વાહનો દ્વારા સ્વચ્છ બળતણ તરીકે નેચરલ ગેસનો ઉપયોગ કર્યો છે. જોખમી કચરાના નિકાલ માટે ૮ સામૂહિક અને ૧૪ વ્યકિતગત વ્યવસ્થા વિકસાવવામાં આવેલ છે. જે સમગ્ર ભારતમાં સૌથી વધારે ગુજરાત રાજયમાં છે. જૈવિક તબીબી કચરાના નિકાલ માટે ૧૩ જગ્યા ઉપર લોક ભાગીદારીથી આ સુવિધા વિકસાવવામાં આવેલ છે. નામદાર સુપ્રીમ કોર્ટ દ્વારા ઘન કચરા બાબતની રીટ પીટીશન દ્વારા વચગાળાના હુકમમાં બોર્ડે વ્યવસ્થા ગોઠવેલ છે. કોમ્પ્યુટર સોસાયટી ઓફ ઈન્ડિયા દ્વારા ઈ-ગવર્નન્સ માટેનો વર્ષ ૨૦૧૦નો બોર્ડને એવોર્ડ મળેલો છે. બોર્ડના પર્યાવરણ જાળવણીને લગતા કાયદાઓના પાલન અંગે આવતી પ્રવૃત્તિમાં આઈ.એસ.ઓ પણ કરેલ છે અને એનો પણ એવોર્ડ મળેલો છે. મારી છેલ્લે એટલી જ વિનંતી છે કે માનનીય રામસિંહભાઈ આવ્યા છે. આ માગણીઓને સર્વાનુમતે મંજૂર કરવામાં આવે એવી મારી વિનંતી છે.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૧થી ૧૬, ૧૮થી ૨૮, ૩૦ અને ૩૧ મત પર મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.**

**માગણી ક્રમાંક ૨૬, ૨૭, ૯૩ અને ૯૬ મત પર મૂકવામાં આવી અને વિના વિરોધે મંજૂર કરવામાં આવી.**

# દાખલ કરવાના બિન સરકારી વિધેયકો

## સન ૨૦૧૧નું ઘરેલુ કામદારો (રોજગાર નિયમન અને કલ્યાણ) વિધેયક

**શ્રીમતી વર્ષાબેન ન. દોશી(વઢવાણ)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૧ના ગુજરાત ઘરેલુ કામદારો (રોજગાર નિયમન અને કલ્યાણ) વિધેયક દાખલ કરવાની સભાગૃહ મને અનુમતિ આપે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

**અધ્યક્ષશ્રી** : સભ્યશ્રીને વિધેયક દાખલ કરવાની સભાગૃહની અનુમતિ મળે છે.

**શ્રીમતી વર્ષાબેન ન. દોશી** : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૧૧ના ગુજરાત ઘરેલુ કામદારો (રોજગાર નિયમન અને કલ્યાણ) વિધેયક દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી** : વિધેયક દાખલ કરવામાં આવે છે.

## સન ૨૦૦૧૧ નું જાહેર સંસ્થાઓએ ગુજરાતી જોડણીનો સાચો ઉપયોગ કરવા બાબત વિધેયક

**શ્રી મફતલાલ મો. પુરોહિત(ધાનેરા)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૧ નું જાહેર સંસ્થાઓએ ગુજરાતી જોડણીનો સાચો ઉપયોગ કરવા બાબત વિધેયક દાખલ કરવાની સભાગૃહ મને અનુમતિ આપે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી:** સભ્યશ્રીને વિધેયક દાખલ કરવાની સભાગૃહની અનુમતિ મળે છે.

**શ્રી મફતલાલ મો. પુરોહિત** : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૧૧ નું જાહેર સંસ્થાઓએ ગુજરાતી જોડણીનો સાચો ઉપયોગ કરવા બાબત વિધેયક દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી**: વિધેયક દાખલ કરવામાં આવે છે.

## સન ૨૦૧૧ નું ગુજરાત રોઝડા સંરક્ષણ અને વસતિ નિયંતત્રણ વિધેયક

**શ્રી કમાભાઈ ગ. રાઠોડ(વિરમગામ)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૧ નું ગુજરાત રોઝડા સંરક્ષણ અનેવસતિ નિયંત્રણ વિધેયક દાખલ કરવાની સભાગૃહ મને અનુમતિ આપે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી**: સભ્યશ્રીને વિધેયક દાખલ કરવાની સભાગૃહની અનુમતિ મળે છે.

**શ્રી કમાભાઈ ગ. રાઠોડ** : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૧૧ નું ગુજરાત રોઝડા સંરક્ષણ અને વસતિ નિયંત્રણ વિધેયક દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી**: વિધેયક દાખલ કરવામાં આવે છે.

**સન ૨૦૧૧ નું ગુજરાત જાહેર સ્થળો (વિરૂપીકરણ અટકાવવા બાબત) વિધેયક**

**શ્રી રાકેશ શાહ(એલીસબ્રીજ)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૧ નું ગુજરાત જાહેર સ્થળો (વિરૂપીકરણ અટકાવવા બાબત)વિધેયક દાખલ કરવાની સભાગૃહ મને અનુમતિ આપે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી:** સભ્યશ્રીને વિધેયક દાખલ કરવાની સભાગૃહની અનુમતિ મળે છે.

**શ્રી રાકેશ શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૧૧ નું ગુજરાત જાહેર સ્થળો (વિરૂપીકરણ અટકાવવા બાબત)વિધેયકદ દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી**: વિધેયક દાખલ કરવામાં આવે છે.

**સન ૨૦૧૧ નું ગુજરાત અવાજ પ્રદૂષણ (અટકાવવા) બાબત વિધેયક**

**શ્રી કિશોર વાંકાવાલા(સુરત શહેર (પશ્ચિમ)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૧ નું ગુજરાત અવાજ પ્રદૂષણ (અટકાવવા) બાબત વિધેયક દાખલ કરવાની સભાગૃહ મને અનુમતિ આપે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી:** સભ્યશ્રીને વિધેયક દાખલ કરવાની સભાગૃહની અનુમતિ મળે છે.

**શ્રી કિશોર વાંકાવાલા** : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૧૧ નું ગુજરાત અવાજ પ્રદૂષણ (અટકાવવા) બાબત વિધેયક દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી**: વિધેયક દાખલ કરવામાં આવે છે.

**સન ૨૦૧૧ નું ગુજરાત અમૂક જાહેર સ્થળોમાં ધુમ્રપાન કરવા પર પ્રતિબંધ મૂકવા બાબત વિધેયક**

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી(રાધનપુર)** : માનનીય અધ્યક્ષશ્રી , હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૧ નું ગુજરાત અમૂક જાહેર સ્થળોમાં ધુમ્રપાન કરવા પર પ્રતિબંધ મૂકવા બાબત વિધેયક દાખલ કરવાની સભાગૃહ મને અનુમતિ આપે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી**: સભ્યશ્રીને વિધેયક દાખલ કરવાની સભાગૃહની અનુમતિ મળે છે.

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૧૧ નું ગુજરાત અમૂક જાહેર સ્થળોમાં ધુમ્રપાન કરવા પર પ્રતિબંધ મૂકવા બાબત વિધેયક દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી:** વિધેયક દાખલ કરવામાં આવે છે.

# બિન સરકારી સંકલ્પો

## કેન્દ્ર અને રાજયો વચ્ચે સંવાદિતાનું વાતાવરણ ઊભું કરવા અંગે

**શ્રી આર.સી. પટેલ(જલાલપોર)** : માનનીય અધ્યક્ષશ્રી, હું સંકલ્પ રજૂ કરુ છું કે ભારતની લોકશાહી શાસન વ્યવસ્થાનો આધારસ્તંભ સહકારીતાની ભાવના સાથે સમવાય તંત્ર (ફેડરલ સ્ટેટસ)નો રહ્યો છે. આપણા દેશની વિશાળ સાંસ્કૃતિક અને સામાજિક વિવિધતાને આવરી લઈને બંધારણનું સમવાયી માળખું એકાંગી નહિ પરંતુ સર્વાંગી ધોરણે દેશના તમામ પ્રદેશોની પ્રગતિની અગ્રિમતા સાકાર કરવાની શકિત પૂરી પાડે છે.

કમનસીબે તાજેતરના કેટલાક વરસોમાં સુશાસનની સંસ્થાઓને નબળી પાડવાના અને તેને કુંઠિત કરવાના પ્રયાસો થતા રહ્યા છે. રાજયોના અધિકારો અને નાણાકીય સંશાધનો પર બિનજરૂરી અંકુશ લાદીને સત્તાનું વધુને વધુ કેન્દ્રીકરણ કરવાના પ્રયાસો થઈ રહ્યા છે. આ સંજોગોમાં આપણા બંધારણની રક્ષા અને વિશ્વની સૌથી મહાન લોકશાહીની ગરિમા જાળવવાનો સમય પાકી ગયો છે. આ દિશામાં દેશના તમામ રાજયોના અધિકારો સુરક્ષિત રાખીશું તો જ રાજયોના વિવિધ પ્રદેશોનો સ્થાનિક વિકાસ અને જનતાની આશા અને આકાંક્ષાઓની પૂર્તિ કરી શકાશે. આ સંદર્ભમાં નીચે જણાવેલ બાબતો દેશના સમવાય તંત્રને નબળું પાડવાની માનસિકતાની પરિપૂર્તિ કરે છે.

* કેન્દ્ર-રાજયો વચ્ચેના સંબંધોની સમીક્ષા કરવા રચાયેલ સરકારીયા કમિશનની ભલામણોને આધારે સન ૧૯૯૦માં ઈન્ટર સ્ટેટ કાઉન્સિલની રચના થઈ છે જે ભારતના સમવાય તંત્રમાં અપેક્ષિત શાસન સંબંધો સુદૃઢ બનાવવામાં ફળદાયી બની શકી નથી.
* રાજયોના આયોજન ભંડોળના નાણાં વાપરવાના અધિકારો પર બિન જરૂરી નિયંત્રણો મૂકવામાં આવ્યા છે. જેમાં મહદઅંશે કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓના નામે રાજયોની મોટા ભાગની યોજનાઓ ઉપર કેન્દ્રનું નિયંત્રણ આવી ગયું છે. કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓએ રાજયોના વિકાસના લગભગ બધા ક્ષેત્રોને બાજુએ રાખી દીધાં છે, જ્યારે રાજયોની નાણાકીય સત્તા, સ્વાયત્તતા અને ખર્ચના આયોજન સબંધે મળેલ બંધારણીય અધિકારો પર નિયંત્રણો લાદીને રાજયોને વિકાસ માટેના નાણાકીય સંશાધનો ઊભા કરવા કે તેને સુદૃઢ કરવાથી વંચિત રાખવામાં આવે છે. રાજયોની પરંપરાગત યોજનાઓ માટે મળતા કેન્દ્રિય ભંડોળમાં કાપ મૂકવામાં આવ્યો છે, જેને પરિણામે રાજયોને તેની વર્તમાન યોજનાઓના અમલીકરણમાં વધારાનો નાણાકીય બોજો સહન કરવાનો વારો આવ્યો છે.
* બંધારણે કેન્દ્ર અને રાજયો વચ્ચે વૈદ્યાનિક કાર્યો અને સત્તાની સુઆયોજીત વહેંચણી કરી છે, પરંતુ રાજયની વિધાનસભાએ પસાર કરેલા કાયદાને સમયસર મંજૂરી મળતી નથી, જેને પરિણામે રાજયોના વૈદ્યાનિક અધિકારોની ઉપેક્ષા થઈ રહી છે.
* રાષ્ટ્રીય હિતો, રાષ્ટ્રીય સુરક્ષા અને રાષ્ટ્રીય એકતા સામેના પડકારોની અવગણના કરીને રાજય સરકારોને અસ્થિર કરવાના પ્રયત્નો કરવામાં આવી રહ્યાં છે.
* આંતરિક સુરક્ષાના ગંભીર સંકટ સામે લડવા રાજકીય ઇચ્છા શકિત અને તે સામે સખ્તાઈભર્યા પગલાં લેવાને બદલે આતંકવાદ સામેની લડાઈના રાજયના નૈતિક મનોબળને તોડવાના પ્રયાસો થઈ રહ્યાં છે.

આ હકીકતો સ્વયંસ્પષ્ટ દર્શાવે છે કે પ્રગતિશીલ રાજય સરકારોને અસ્થિર કરવા માટેના સુવ્યવસ્થિત આયોજનની માનસિકતા ઊભી થઈ છે અને તેમાં સમવાયતંત્ર વિરોધી માનસ પ્રતિબિંબિત થાય છે. આ સંજોગોમાં દેશની બધી જ રાજય સરકારો સાથે પરામર્શ કરીને સમવાયતંત્ર વિરોધી માનસિકતાથી ઊભા થતા નવા સંકટો દૂર કરી કેન્દ્ર-રાજયો વચ્ચે સંવાદિતાનું વાતાવરણ ઊભું કરવા આ સભાગૃહ કેન્દ્ર સરકારને અનુરોધ કરે છે.

**સંકલ્પ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ (વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી જે સંકલ્પ લઈને આવ્યા છે, સંકલ્પનો હાર્દ જો જોઈએ તો આપણું બંધારણ એ ફેડરલ સ્ટ્રકચરવાળું બંધારણ છે. દુનિયામાં કદાચ ઉત્તમ લેખિત બંધારણ કોઈનું હોય તો એ હિંદુસ્તાનનું બંધારણ છે. બાબા સાહેબ આંબેડકરે આપેલું બંધારણ છે. તેનું ગૌરવ લઈ શકીએ એમ છીએ. બાબા સાહેબ આંબેડકરે આપેલા બંધારણમાં રાજય અને કેન્દ્રના સંબંધોની એટલી સરસ ચિંતા સેવવામાં આવી છે કે કયાંય ડીસ્પ્યુટ ઉભો ન થાય. હા, આપણાં રાજકીય સમીકરણો માટે, આપણી વોટબેંક માટે, આપણાં પોલીટીકલ મોટીવ માટે આપણે કંઈક રાજય અને કેન્દ્ર વચ્ચે વિખવાદ ઉભો કરીએ તો તેના જવાબદાર આપણે છીએ બાબા સાહેબ આંબેડકરનું બંધારણ નથી અને એ પ્રયત્ન થાય છે ત્યારે હું તો આપના મારફત માનનીય સભ્યશ્રીને પણ વિનંતી કરીશ કે હાર્દ આપના સંકલ્પનો એને હું જરૂર સમર્થન આપું કે રાજય અને કેન્દ્રના સંબંધો છે એ રાષ્ટ્રની એકતા અને અખંડિતતા બનાવે એ માટે મજબૂત હોવા જોઈએ. તેમાં રાજનીતિ ન હોઈ શકે. તેના માટે સંકલ્પના જે ડ્રાફટીંગના શબ્દો છે, વાસ્તવિકતામાં અસ્થાને છે કારણ કે રાજય અને રાષ્ટ્રના સંબંધમાં કયાંય કોઈ તરાપ જે અધિકૃત થયેલી બાબત છે તેમાં ન આવી શકે. આ વાત આપણે સૌએ સમજવા જેવી છે. નાણા પંચ નક્કી કરે છે. સ્વતંત્ર નાણા પંચ છે અને નાણા પંચ પાસે રજૂઆત કરવા જવાની હોય છે ત્યારે ગુજરાતના હિતમાં અમે પણ કોંગ્રેસ-ભાજપ નથી જોતાં, સાથે મળીને ગુજરાતના એક પણ નાણાં, એક પણ રુપિયો વધારે કેમ મળે તેની ચિંતા કરવા સાથે જઈએ છીએ. નાણા મંત્રીશ્રી પાસેથી નોંધ મગાવીએ છીએ. મુખ્યમંત્રીશ્રી પાસેથી નોંધ મગાવીએ છીએ કે સાહેબ, ભાજપ સરકારમાં છે. તમે નાણા પંચને શું કહેવાના છો? અમે પણ એ લાઈન ઉપર નાણા પંચને કહીએ કે નાણા પંચ ગુજરાતને વધારે નાણા આપે એની મહેનત કરીએ. એ તટસ્થ નાણા પંચ છે. પરંતુ આપણે કેન્દ્ર અન્યાય, કેન્દ્ર અન્યાય કરીને જો આપણે રાજકીય ખીચડી પકવવાનો પ્રયત્ન કરી અને રાજયમાં એક જુદી માનસિકતા ઉભી કરીએ તો આખરે કોને નુકસાન થવાનું? આ રાષ્ટ્રની એકતા અને અખંડિતતાને નુકસાન થવાનું છે. એક તરફ આપણે વિરોધ કરતા હોઈએ કે રાજયના કોઈ પણ છેડે કોઈ પ્રવૃત્તિ ચાલતી હોય એ જો રાષ્ટ્રને તોડનારી હોય તો તેની સામે અમારો વિરોધ છે અને બીજી તરફ આપણે જ જો બીજી ભાષા બોલીને રાષ્ટ્રને કયાંય નબળું તો નથી પાડતા ને? એની ચિંતા કોણે કરવી પડે?

માનનીય અધ્યક્ષશ્રી, અહીં કહેવામાં આવ્યું છે. બંધારણે કેન્દ્ર ને રાજય વચ્ચે વૈધાનિક કાર્યો અને સત્તાની સુઆયોજીત વહેંચણી કરી છે. રાજયની વિધાનસભાએ પસાર કરેલા કાયદાને સમયસર મંજૂરી મળતી નથી. મને તો નવાઈ લાગે. છે. આ વિધાનસભા ગૃહમાં ભાવનગરની જનતાના આશીર્વાદના કારણે વર્ષો સુધી પ્રતિનિધિત્વ કર્યું છે. આ પ્રકારના સંકલ્પ લઈને આવનારા અન્ય કોઈ મેં કયારેય જોયા નથી કે જે એમ કહે, કારણ કે વિધેયક વિધાનસભા પસાર કરે છે પરંતુ બંધારણમાં તેને અનુમતિ આપવાનું કામ બે ઓથોરિટી કરે છે જે કૉન્સ્ટીટ્યુશનલ હેડ છે. આ રાજયના રાજયપાલશ્રી અને રાષ્ટ્રપતિશ્રી. શું આપણે આ સંકલ્પ દ્વારા એમના પર પણ પ્રહારો કરવાની

ચેષ્ટા કરવાનો પ્રયત્ન કરીએ છીએ અને એ કયારેય લોકશાહી વ્યવસ્થામાં સાંખી ન લેવાય એવી બાબત છે. આપણે આપણી આત્મખોજ કરવી પડશે. આપણે દૃષ્ટિ આપણી અંદર રાખવી પડશે કે આ વિધાનસભામાં જે બિલો પસાર કરવાની આપણે ચેષ્ટા કરીએ. આપણને રાજયપાલશ્રીને ત્યાંથી સંદેશો આવે કે સાહેબ, મહિલાને ૫૦ ટકા અનામત મળે એમ હું મહિલા ગવર્નર તરીકે ઇચ્છું છું. આ બિલમાં ફરજીયાત મતદાન સાથે ન રાખો અને અલગ પાડો જેથી આ રાજયની મહિલાઓને ૫૦ ટકા અનામત મળી જાય. આ કરીને મોકલો. ફરજીયાત મતદાન શેના માટે નથી શકય, એનું લૉજિક આપવામાં આવે. આપણો અહમ્ કેવો છે. માનનીય રાજયપાલશ્રીએ શું સલાહ આપી? એને અવગણવાની. રાજયપાલશ્રીની સલાહ ઉપરવટ જઈને *(xxxxx) ફરી એનું એ જ બિલ પસાર કરીએ તો કયાંથી મંજૂરી મળે આપણને? અને પછી એના માટે કોઈક બીજા ઉપર દોષારોપણ કરવાનું? આપણે એનો અપયશ એ શું બીજે ઢોળવાનો પ્રયત્ન કરવાનો? માનનીય અધ્યક્ષશ્રી, આતંકવાદ એ આ રાષ્ટ્રનો દુશ્મન છે. આતંકવાદનો કોઈ કલર ન હોઈ શકે. આતંકવાદ કરનારો ગમે તે કપડામાં હોય, એને છાવરવાના પ્રયત્નો ન કરાય. આતંકવાદીને એક થઈને તોડી પાડવો જોઈએ. પરંતુ આપણે શું કર્યું છે? આતંકવાદીઓના નામે પણ રાજકારણ કર્યું. શું કાયદાથી આતંકવાદને રોકી શકાય? મારો સવાલ છે. અરે, આપણા દિલમાં નિષ્ઠા હોય તો આતંકવાદને રોકી શકાય. કાયદા તો પર્યાપ્ત છે. આ દેશ પાસે અમર્યાદિત કાયદાની તાકાત છે. ફાંસીના માંચડે ચડાવવા માટે ઇન્ડિયન પીનલ કોડ આપણી પાસે મોજૂદ છે. અરે, તમારી પાસે મજબૂત કાયદાઓ હતા, મજબૂત કાયદાઓ કહો છો એવા કાયદાઓ હતા. આપની પાસે પોટા હતો અને શું થયું? દિલ્હીમાં આપની સરકાર હતી, અહીંયાં પણ આપની સરકાર હતી અને આતંકવાદીઓએ પાર્લામેન્ટ ઉપર હુમલો કર્યો, લાલ કિલ્લા ઉપર હુમલો કર્યો, રઘુનાથ મંદિર ઉપર હુમલો કર્યો, અક્ષરધામ ઉપર હુમલો કર્યો. પોટાનો કાયદો હતો. આ રાષ્ટ્રમાં આતંકવાદી હુમલા થયા. મજબૂત કાયદાઓ હતા, ગુજકોક કરતાં અનેક ઘણા પાવર ફૂલ કાયદાઓ હતા. આપ રોકી શક્યા નહીં. એટલું જ નહીં આપણી જેલમાં આતંકવાદીઓ કેદ હતા એને કંદહાર છોડવાનું પાપ એ વખતે કરવામાં આવ્યું અને પછી એમ કહીએ છીએ કે અમને આતંકવાદીઓ સામે લડવા કાયદાની જરૂર છે. ગુજકોકના કાયદાના નામે રાજનીતિ થાય છે ત્યારે મારે કહેવું છે કે, તા.૧૬-૧૨-૨૦૦૧ના રોજ ગુજકોકનું બિલ ડ્રાફટ બનાવીને ભારત સરકારને મોકલ્યું. આ સરકારે મોકલ્યું એ વખતે કેન્દ્રમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર હતી. થોડા સમય માટે નહીં, એ કેન્દ્રમાં બેઠેલી ભાજપની સરકારે ૨૦૦૧થી ૨૦૦૩ સુધી એ બિલ ઉપર નિર્ણય ન કર્યો અને તા.૨૬-૩-૨૦૦૩ના રોજ આટલા સુધારા કરો. એમ કહીને બિલ પાછું મોકલ્યું. એ વખતે કોંગ્રેસની સરકાર નહોતી. કેન્દ્રની ટીકા કરવા માગતો નથી. હું તો અભિનંદન આપીશ. એ વખતે એન.ડી.એ.ની સરકાર હતી એને પણ લાગ્યું હતું કે, આ બિલ એના અધિકાર ક્ષેત્ર બહારનું બિલ લાવી છે એટલે ભલે ગાંધીનગરમાંથી શ્રી અડવાણી ચૂંટાઈને જતા હોય, કેન્દ્રમાં ગૃહ પ્રધાન હોય, નાયબ વડાપ્રધાન હોય. છતાં એમણે આપનું બિલ પાછું મોકલી આપ્યું હતું. બે વર્ષ રાહ જોયા પછી. એ પછી શું થયું? આ વિધાનસભાગૃહે એ બિલ પસાર કર્યું, એ બિલ પસાર કર્યા પછી તા.૮-૩-૨૦૦૪ના રોજ પરિસ્થિતિ શું થાય? વિધાનસભાગૃહ બિલ પસાર કરે એટલે માનનીય રાજયપાલશ્રી પાસે જાય, રાજયપાલશ્રી પાસે બે વિકલ્પ હોય. આપના કાર્યક્ષેત્ર મુજબનું બિલ હોય તો એ સહી કરે એટલે એ કાયદો બની જાય. પણ જ્યારે રાજયપાલશ્રીને એમ લાગે કે આપનું બિલ છે એ આપના અધિકાર ક્ષેત્ર બહારનું છે. તો એમની પાસે બે વિકલ્પ આવે. એક તો એને પુન:વિચારણા માટે પાછું મોકલાવે અથવા તો એ માનનીય રાષ્ટ્રપતિને મોકલે . એમાં મંજૂરી આપવા જેવું એસેન્ટ લાગતું નથી. એટલે આપ નિર્ણય લો. આવો નિર્ણય એ વખતે આપના રાજયપાલશ્રી હતા અને એ રાજયપાલશ્રી બન્યા એ પહેલાં આપની વિચારધારાને વરેલા એવા રાજયપાલશ્રી બેઠા હતા, આર.એસ.એસ.ના વ્યકિત હતા. એમને પણ શું લાગ્યું? કે, ના ગુજકોકના બિલને મારે રાષ્ટ્રપતિવતી મંજૂરી નથી આપવી. એમણે સહી કરી દીધી હોત તો. એમણે સહી કરી દીધી હોત તો એ વખતે જ ગુજકોકનો કાયદો અમલમાં આવી ગયો હોત. પણ એમણે સહી કરી નથી. એ પછી અતિ વિચારણાને અંતે માત્ર ગુજકોકના બિલમાં બે નાના સુધારાઓ સૂચવ્યા. ગુજકોકના બિલમાં આ બે વસ્તુઓ સેન્ટ્રલના કાયદાથી કન્ફલીકટ થાય છે. આ બે સુધારાઓ કરીને ગુજકોકને પસાર કરો. તો ગુજકોકના આ બિલને કેન્દ્ર સરકાર તરફથી મંજૂરી આપી શકાય. રાષ્ટ્રના કાયદા સામે રાજયનો કાયદો કન્ફલીકટ ન થવો જોઈએ. કન્ફલીકટ થાય તો નવા બનતા કાયદામાં સુધારો કરવો જોઈએ. એમ કહેવામાં આવે છે કે, મકોકાને કેમ મંજૂરી આપી? કયારેય એનો અભ્યાસ કર્યો છે ખરો? જ્યારે જે સમયે કાયદાની મંજૂરી આપીએ તે વખતે રાષ્ટ્રમાં કાયદાઓ કયા હતા? એમાં શું સરખામણી ન કરી શકાય એવી પરિસ્થિતિ હતી અને એટલા માટે અહીં આપની જીદના કારણે બે નાના સુધારા કરીને ગુજકોકને મંજૂરી મળતી હોય તો મંજૂરી નથી લેવી. પછી પાછું રાજકારણ વોટ બેંકનું કેમ કરીશું જો ગુજકોક આવી જશે તો? એટલે ગુજકોક મંજૂર કરવા દેવો નથી, એવો ઘોંચમાં રાખવો કે કાયદો પસાર ન થાય અને કહ્યા કરવાનું કે હું આતંકવાદને નાથવા માગું છું અને આ દિલ્હીની સરકાર કરવા દેતી નથી. આ વોટ બેંકની રાજનીતિ આતંકવાદની સામે ન ચાલવી જોઈએ. હું કહું છું આવો, એક બનીએ, ખભેખભા મિલાવી આતંકવાદ સામે લડીએ, રાજ્ય અને રાષ્ટ્રમાં એવી એક ભૂમિકા ઊભી કરીએ કે છેવાડાનો ઝૂંપડામાં રહેતા ગરીબ ભાઈને આતંકવાદની તકલીફ ન પડે એવું વાતાવરણ ઊભું કરીએ.

* (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

મારી આજુબાજુ લોખંડી કિલ્લો, હું સલામત, ગુજરાતનું થાય તે થાય એ પરિસ્થિતિ નહીં ચાલી શકે એ મારે કહેવું છે. કેટલીક નાણાની વાતો થઈ. મેં પહેલાં જ કહ્યું કે એ નાણાપંચ છે. જે પરિસ્થિતિમાં દેશમાંથી નાણા ગુજરાતને મળે છે એના એક-બે આંકડાઓ બોલીને હું મારી વાત પૂરી કરીશ. સૌથી મોટું કૌભાંડ જે થયું એ માધુપુરા સહકારી બેંકનું કૌભાંડ થયું. ૧૪,૯૧,૫૨૩ જેટલા થાપણદારો છે. આવી ૬૯ સહકારી બેંકો બંધ થઈ એની એ વખતે કેન્દ્ર સરકારે ચિંતા ન કરી. કેન્દ્રમાં યુ.પી.એ.ની સરકાર આવી વર્ષ ૨૦૦૫ થી ૨૦૦૯ સુધીમાં જે રકમ મળી એ રકમ ૪૫.૫૪ કરોડ હતી અને જ્યારે ત્યાં આપની સરકાર હતી ત્યારે માત્ર ૧૧૮૫ લાખ. જવાહરલાલ નહેરુ નેશનલ રીન્યુઅલ મિશનમાં આ પૈસા આપણા હિસ્સા વાળા નથી. ઘણી વખત કહેવાય છે કે ભીખમાં નથી આપતા, અમારો અધિકાર છે અને આપે છે. હું પણ કહીશ કે ગુજરાતી તરીકે મને ગૌરવ છે કે ગુજરાતમાં વધુને વધુ નાણા આવવા જોઈએ. ગુજરાત યશસ્વી બનવું જોઈએ. યશ કોને મળે છે એની અમે ક્યારેય ચિંતા નથી કરતા. એ હિસ્સાના નાણા ઉપરાંત શહેરોના વિકાસ માટે ૫ હજાર કરોડના પ્રોજેક્ટો કેન્દ્રે મંજૂર કર્યા. આ આંકડાઓ આર.ટી.આઈ.માં મેળવીને માનનીય અર્જુનભાઈએ "ટ્રુથ" નામની ચોપડી બહાર પાડી છે. એના પાના જરા ફેરવજો તો ખબર પડશે કે આર.ટી.આઈ.માં સરકારી દસ્તાવેજોનો સીધે સીધો ઉતારો મૂકવામાં આવ્યો છે. કોઈ મનઘડત વાતો નથી. સાણંદ સિટીને સેટેલાઈટનો દરજ્જો આ સરકારે આપ્યો, અમદાવાદ સિવિલ હોસ્પિટલને નેશનલ ઇન્સ્ટિટ્યૂટના દરજ્જા સાથે ૧૦૦ કરોડની ગ્રાન્ટ એ સરકારે આપી છે. ૨૦૦૪ સુધી ગાંધીનગરમાં નવું રેલવે સ્ટેશન ન હતું અહીંથી ચૂંટાયેલા પ્રતિનિધિ મોટી સત્તા પર હોવા છતાં. અહીં ગાંધીનગરમાં નવું રેલવે સ્ટેશન અપાયું. એન.આઈ.ડી.નું નવું કેમ્પસ આપ્યું, આઈ.આઈ.ટી. આવી, સેન્ટ્રલ યુનિવર્સિટી આવી. ૧૧માં અને ૧૨માં નાણાપંચના આંકડાઓ જોજો અને આ પરિસ્થિતિ જોજો એ જ શબ્દો સાથે હું આ સંકલ્પમાં મારી વાત પૂરી કરું છું.

**શ્રી આત્મારામ મ. પરમાર(ગઢડા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી આર.સી.પટેલ જે બીન સરકારી સંકલ્પ લઈને આવ્યા છે એને સમર્થન આપીને મારા વિચારો વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજે કયા પ્રકારની પરિસ્થિતિમાં દેશ પસાર થઈ રહ્યો છે? આવી નબળી સરકાર ક્યારેય કેન્દ્રમાં આવી નથી. *(xxxxx) (xxxxx) (xxxxx) એટલા માટે સમવાય તંત્રમાં, ફેડરલ સિસ્ટમમાં જેને વિશ્વાસ છે એમના માટે ખૂબ મોટી ચિંતાનો વિષય આવ્યો છે. મારે એટલા માટે વાત કહેવી છે કે જ્યારે ફેડરલ સિસ્ટમની વાત આવે છે ત્યારે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર વચ્ચેના સંબંધો, રાજ્ય સરકાર અને બીજી રાજ્ય સરકાર વચ્ચેના સંબંધો, આ સંબંધો એવા હોવા જોઈએ કે જેનાથી બન્નેને એકબીજા ઉપર વિશ્વાસ હોય. આજે કયા પ્રકારની પરિસ્થિતિ છે? લોકશાહીમાં લોકોના ટેકાથી અને લોકોની જંગી બહુમતીથી ચૂંટાયેલ સરકારને અસ્થિર કરવાના પ્રયત્નો થઈ રહ્યા છે અને એટલા માટે સમવાય તંત્રમાં જો વિશ્વાસ રાખવો હોય, સમવાય તંત્રને મજબૂત રાખવું હોય તો આ સંકલ્પની જરૂર છે. આ સંકલ્પની એટલા માટે જરૂર છે કે ગુજરાતની અને બીજી બધી જે સરકારો છે. તમારી સાથે આઈડોલોજીમાં, અને તમારી વિચારધારા સાથે સંમત નહિ હોય તો લોકશાહીથી ચૂંટાયેલી સરકાર છે, બહુમતિથી ચૂંટાયેલી સરકાર છે એને અસ્થિર કરવાના પ્રયત્નો, એ સરકારને તોડવાના પ્રયત્નો, (xxxxx) (xxxxx) જે પ્રયત્નો થઈ રહ્યાં છે ત્યારે અમે કહીએ છીએ કે સમવાયતંત્ર ખતરામાં છે અને આ સમવાયતંત્રની જો સિસ્ટમ જાળવવામાં ના આવે તો પરિસ્થિતિ આપણી સામે ભૂતકાળનો દાખલો મોજુદ છે. યુનાઈટેડ સ્ટેટ ઓફ સોવિયેટ રિપબ્લિકનો દાખલો આપણી સામે છે. આખી સિસ્ટમ હતી અને આજે પરિસ્થિતિ શું થઈ છે? રશિયાના ટુકડે ટુકડાઓ થઈ ગયા છે. સમવાયતંત્રને સાચવવાના પ્રયત્નો ના થયા અને ભારતમાં તો સૌથી મોટો લોકશાહી દેશ, અમને ચિંતા એટલા માટે છે કે આ લોકશાહીને ભારતની જનતાએ પચાવી છે. અનેક દેશો આઝાદ થયા હતા લોકશાહી હતી, પ્રમુખશાહી હતી, ચૂંટણીની પધ્ધતિ હતી પણ આજે હિન્દુસ્તાનમાં નહિ પણ દુનિયામાં એવા કેટલાય દેશો છે જે લોકશાહી પચાવી શક્યા નથી. ત્યાં સરમુખત્યારશાહી આવી છે, ત્યાં પ્રમુખશાહી આવી છે અને અમને ચિંતા એટલા માટે છે કે ૬૦ વર્ષ થયા પછી પણ દેશની સૌથી મોટી લોકશાહીને અમે ટકાવી રાખી છે અને એટલા માટે આ લોકશાહીનો બેઈઝ છે એને કહી શકાય કે કેન્દ્ર અને રાજ્ય વચ્ચેના સંબંધોની ચિંતા અમને વધારે છે. એટલા માટે વધારે છે અમારા દેશની લોકશાહીને મજબુત રાખવી છે. લોકોથી ચૂંટાયેલી સરકારને અમારે ચાલવા દેવી છે. લોકોથી ચૂંટાયેલી સરકાર છે, મતદાનથી ચૂંટાયેલી સરકાર છે અમારે એને અસ્થિર નથી કરવી અને એટલા માટે કહીએ છીએ કે કયારેય નહોતી જરૂર પડી અને એટલા માટે આજે જરૂર પડી છે કે સમવાયતંત્રમાં જે અધિકારો છે રાજ્યના એને સાચવવાની જરૂર છે અને એટલા માટે આ પ્રસ્તાવ લઈને આર.સી.પટેલ જ્યારે આવ્યા છે ત્યારે બિનજરૂરી અંકુશો લાદવામાં આવી રહ્યાં છે. માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર સરકારની અને ખાસ કરીને મારે જ્યારે વાત કરવી છે કે કેન્દ્ર સરકાર પર જે પ્રકારની પરિસ્થિતિ છે. લોકશાહીમાં દરેક જગ્યાએ રેખા દોરવામાં આવી છે અને અત્યારે પરિસ્થિતિ એ થઈ રહી છે કે લોકશાહીથી ચૂંટાયેલી સરકારોને અસ્થિર કરવાના પ્રયત્નો થઈ રહ્યાં છે અને લક્ષ્મણ રેખા પાર કરવાના પ્રયત્નો થઈ રહ્યાં છે એ કયાંક ને કયાંક ફરીથી લક્ષ્મણ રેખા મજબુત કરવાના પ્રયત્નો આ સમવાયતંત્રના સંબંધોને તમે મજબુત કરશો તો જ એ શક્ય છે

* (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

અને મારે આપ સૌને એટલા માટે કહેવું છે કે આયોજન ભંડોળ. આયોજનમાં પણ ભંડોળના નાણા વાપરવા પર નિયંત્રણ આવ્યું છે. અમે કહીએ છીએ કે કેન્દ્ર સરકાર જે યોજનાઓ મોકલે છે જવાહરલાલ નહેરુ અર્બન નીચે આખી યોજના છે એ એકલી ગુજરાતના માટે એકલી નથી ભાઈ. આખા દેશમાં આપો છો તમે. ગુજરાત પર ઉપકાર નથી કરતા, તમારે આપવું પડે છે, આખા દેશમાં આપો છો. અને એટલા માટે અમે કહીએ છીએ કે જે હક્કના નાણા છે ગુજરાતના, જે અધિકારના નાણા છે ગુજરાતના એ વાપરવાનો ગુજરાતને અધિકાર છે. તમારી દયા-દાન અને મહેરબાની પર આ કોઈ રકમ આવતી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, મારે બીજી વાત એ કરવી છે કે અત્યારે શું થઈ રહ્યું છે? અત્યારે *(xxxxx) (xxxxx)

**સભાપતિશ્રી** : માનનીય આત્મારામભાઈ, પ્લીઝ.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : મારો પોઈન્ટ ઓફ ઓર્ડર છે કે એ શબ્દો વાપરી ના શકાય. શબ્દો પાછા ખેંચે.

**સભાપતિશ્રી** : શબ્દો પાછા ખેંચો છો?

**શ્રી આત્મારામ મ. પરમાર** : સાહેબ, આમાં કોઈ બિનસંસદીય શબ્દ નથી. મારે તો જે આ દેશની પરિસ્થિતિ છે.

**સભાપતિશ્રી** :રેકર્ડ ઉપરથી દૂર કરું છું.

**શ્રી આત્મારામ મ. પરમાર** : સાહેબ, હું પાછા ખેંચી લઉં છું પણ દેશમાં પરિસ્થિતિ પેદા કરી રહી છે સાહેબ. (xxxxx) (xxxxx) (xxxxx) (અંતરાય) સાહેબ, મેં કયાંય કોઈ ટીકા કરી નથી. (અંતરાય)

# પોઈન્ટ ઓફ ઓર્ડર

## કેન્દ્ર સરકારની ટીકા કરવા અંગે

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : મારો પોઈન્ટ ઓફ ઓર્ડર છે. માનનીય અધ્યક્ષશ્રી, એક કરતા અનેક નિર્ણયો છે. (xxxxx) (xxxxx) આપે કહ્યા પછી પણ એ એજન્સીના નામ લઈને વાત કરે છે. કેન્દ્રની ટીકા નથી થઈ શકતી. એમના એમ.પી. છે, કેન્દ્ર સરકારમાં ભા.જ.પ.ના એમ.પી. બેઠા છે એ ટીકા કરે વાંધો નથી. એમને પ્લેફફોર્મ પણ ત્યાં છે આપણા ગૃહની પ્રણાલિકા મુજબ બીજા રાજ્ય કે કેન્દ્ર સરકારની ટીકા અહીંયા નથી થઈ શકતી. અનેક નિર્ણયો છે.

**શ્રી આત્મારામ મ. પરમાર** : સાહેબ પૉઈન્ટ ઑફ ઑર્ડરનો જવાબ મારે આપવો છે. (અંતરાય)

**સભાપતિશ્રી** : હું કહું છું અને આપ કેન્દ્ર સરકારની ટીકાથી દૂર રહો. (અંતરાય) આપ આપનું પ્રવચન આપો પણ કેન્દ્ર સરકારની ટીકા કરવાથી દૂર રહો.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : આપ એમના શબ્દો વાંચી લેજો, એમના શબ્દોમાં, સાહેબ આપ એમના શબ્દો જોઈ લો.(અંતરાય)

**શ્રી દિલીપ સંઘાણી** : હું મારું કાંઈ નહીં બોલું. (અંતરાય) મને સાંભળ્યા પહેલાં? માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૪, પાના નં.૧૩ સંસદના (અથવા કોઈ રાજય વિધાન મંડળના) સંચાલન કે કાર્યવાહી સંબંધમાં અપમાનજનક શબ્દો વાપરવા નહીં, સંસદ કે સંસદના કે રાજયસભાના વિધાનસભા (અંતરાય) ગવર્નમૅન્ટ એન્ડ પાર્લામેન્ટ ઈઝ અ ડિફરન્ટસ્ (અંતરાય) હું નિયમ વાંચું છું મારું કશું જ નથી કહેતો. નિયમ-૪માં હું નિયમ વાંચું છું, આ નિયમની જોગવાઈ છે આમાં કેન્દ્ર સરકાર શબ્દ આ નિયમમાં નથી. મારા વિદ્ધવાન મિત્ર છે, એ હાઈ કોર્ટના વકીલ છે. મેં જે નિયમ બતાવ્યો છે એની સામે કોઈ નિયમ હોય, બતાવશે હું સ્વીકારું.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : આ જજમેન્ટો, હું એક નહીં આપને અનેક બતાવી શકીશ. માનનીય અધ્યક્ષશ્રી, પાના નંબર. ૩૩૭ કોઈ પણ રાજય કે કેન્દ્રની સરકાર નથી ટીકા થઈ શકતી. એક નહીં અનેક જજમેન્ટ (અંતરાય) અરે સાહેબ નથી અસર આ ટીકા છે સીધી દુરુપયોગ કરો છે એજન્સીઓનો (અંતરાય)

**સભાપતિશ્રી** : પ્લીઝ (અંતરાય) રૂલીંગ આપું છું (અંતરાય) પ્લીઝ.

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, વિધાનસભાના નિયમોના નિયમમાં યોગ્ય રીતે જે કોઈ ઉપર વિધિવત રીતે વિધાનસભામાં કોઈ ખાસ કેસ માટે પ્રસ્તાવ લાવવામાં આવ્યો હોય ત્યારે યોગ્ય રીતે એની ટીકા થઈ શકે છે આપણી જોગવાઈ છે.

**સભાપતિશ્રી** : માનનીય વિપક્ષના નેતાશ્રીએ જે મુદ્દો ઉપસ્થિત કર્યો છે. સામાન્ય રીતે આપણા ગૃહની પ્રણાલિકા રહી છે કે, કેન્દ્ર સરકારની અને અન્ય રાજયોની સરકારોની પણ ટીકા થઈ શકતી નથી. સામાન્ય સંજોગોમાં માનનીય સભ્યશ્રી જે પ્રવચન આપતા હોય છે એ આવી ટીકાઓથી દૂર રહેવું જોઈએ એવું હું માનું છું

* (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

અને આ બાબતમાં આપને સૂચના આપું છું અને આ બાબતે આપ ધ્યાન રાખશો એવી હું વિનંતી કરું છું. હવે આપનું પ્રવચન પૂરું કરો.

**શ્રી આત્મારામ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, પણ એટલું ખ્યાલ રાખે કે, ગુજરાતના જે ઉદ્યોગપતિઓનું જે રોકાણ થઈ રહ્યું છે, એના ઉદ્યોગપતિઓને ધમકીઓ ચાલશે નહીં. ગુજરાત રોકાશે નહીં, ગુજરાત અટકશે નહીં, ગુજરાત થોભશે નહીં. ગુજરાત ફૂલશે, ફાલશે વિકસશે, વિસ્તારશે. ગુજરાત કોઈને ઝૂકશે નહીં, નમશે પણ નહીં.

**સભાપતિશ્રી** : નીમાબેન આચાર્ય.

**ડૉ. નીમાબેન બી. આચાર્ય(અંજાર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શ્રી આર.સી.ભાઈ જે સંકલ્પ લઈને આવ્યા છે તેને હું મારું અનુમોદન આપું છું. માનનીય અધ્યક્ષશ્રી, હમણાં મારા સાથી સભ્યશ્રીએ ઘણી બધી એના વિશે વાતો કરી શ્રી આત્મારામભાઈએ. મારે જે કેન્દ્ર સરકાર દ્વારા બજેટની ફાળવણી કરવામાં આવે છે, જે યોજનાઓ બનાવવામાં આવે છે. આ યોજનાઓની અંદર કેન્દ્ર સરકારના જે કંઈ નક્કી કરવામાં આવે છે એ પ્રમાણે તમામ રાજયોની અંદર ફંડની જોગવાઈ કરવામાં આવતી હોય છે, આયોજનો કરવામાં આવતા હોય છે પરંતુ ગુજરાત પ્રત્યે હંમેશા ઓરમાયું વર્તન રહ્યું છે. અનેક વખત એની ચર્ચાઓ પણ અહીંયા થાય છે. માનનીય અધ્યક્ષશ્રી, મારે કહેવું છે કે, તેરમા નાણા પંચની અંદર જ રાજય સરકારોને મળતા કેન્દ્રીય કરવેરાનો હિસ્સો એ બારમા નાણા પંચની સરખામણીમાં ઘટાડવામાં આવેલ છે. માનનીય અધ્યક્ષશ્રી, આ આયોજન પંચ દ્વારા આયોજન હેઠળની યોજનાઓના ભાગરૂપે ભંડોળ આપવામાં આવે છે.સામાન્ય રીતે કેન્દ્રીય પુરસ્કૃત યોજનાઓમાં કેન્દ્ર સરકાર અને રાજય સરકારનો હિસ્સો હોય છે. રાજય સરકારના હિસ્સામાં વધારો થવાને લીધે રાજય સરકાર ઉપર નાણાકીય બોજ વધતો હોય છે. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રી સામેથી કોમેન્ટ કરે છે એ હું સાંભળું છું પરંતુ મારે વિવાદમાં પડવું નથી કારણકે સમય ઓછો છે. આપણે જે કેન્દ્ર સરકારના હિસ્સામાં ઉત્તરોત્તર ઘટાડો થવાને લીધે હું દાખલો આપીશ કે સર્વ શિક્ષા અભિયાનમાં નવમી પંચવર્ષીય યોજના દરમિયાન કેન્દ્ર સરકારનો હિસ્સો ૮૫ટકા હતો. એને ઘટાડીને ૨૦૧૦-૧૧માં એ ૬૫ટકા થઈ ગયો એટલે વધારાની જે નાણાકીય જોગવાઈ કરવાની હોય એનો આખો બોજો રાજય સરકાર ઉપર આવતો હોય છે. બીજો દાખલો મારે આપવો છે. સી.એસ.ટી.ની અંદર ચાર ટકા ઘટાડીને ૨૦૦૯ સુધી એને શૂન્ય કરવામાં આવ્યો. કેન્દ્ર સરકારની અંદરથી જે સી.અસ.ટી.ને નાણા આપવામાં આવે છે એ રાજય સરકારના સી.એસ.ટી.ની આવકમાંથી ઘટાડો થયો. રાજય સરકારે એનો વિરોધ કર્યો ત્યારે એમ કહેવામાં આવ્યું કે તમને નુકસાનનું વળતર ચૂકવી દઈશું ત્યારે એ નુકસાનનું જે વળતર છે એ સમયસર આપવામાં આવતું નથી અને હાલમાં ૨૦૨૩.૩૯કરોડ રૂપિયા કેન્દ્ર સરકારે આપણને ચૂકવવાના બાકી છે. એ ઉપરાંત ક્રુડ રોયલ્ટીની પણ ચર્ચા થતી હોય છે. ક્રુડ રોયલ્ટીમાં પણ કેન્દ્ર સરકાર સંચાલીત ઓ.એન.જી.સી. દ્વારા ડિસ્કાઉન્ટેડ પ્રાઈઝ ઉપર ઓઈલ કંપનીઓને ક્રુડના વેચાણથી રાજય સરકારને ક્રુડ રોયલ્ટીમાં ખૂબ મોટું નુકસાન થાય છે. જેમાં ૨૮કરોડ જેવી માતબર રકમનું નુકસાન થયું છે. તે ઉપરાંત આપણે જે કેન્દ્ર સરકારની અંદરથી બધી સ્કીમો આવેલી છે. ન.રે.ગા. છે, એન.આર.એફ.એમ. છે એની અંદર પણ રાજયની બજેટની બારોબાર નિયત સોસાયટીઓને અમલવારી માટે આ ફાળવણી કરવામાં આવી. જેથી રાજય સરકારનું અંદાજપત્ર ઉપર નિયંત્રણ રહેતું નથી અને જે તે અમલીકરણ સંસ્થાઓ, એ સોસાયટીઓ કેન્દ્ર સરકારના નિયંત્રણ હેઠળ આવી જાય છે. ખરેખર આ તમામ રકમ રાજયના એકત્રિત ભંડોળ મારફત જ ફાળવવી જોઈએ. આવા લગભગ હું એમ કહી શકું કે ૧૧૦ થી વધારે એવા પ્રશ્નો છે કે જેની અંદર કેન્દ્ર સરકારે આ બધા

**અધ્યક્ષશ્રી, અધ્યક્ષસ્થાને**

જ પ્રશ્નો પેન્ડીંગ રાખ્યા છે અને એક યા બીજી રીતે ગુજરાતના વિકાસમાં અવરોધરૂપ થઈ અને ગુજરાતને અન્યાય કરવામાં આવે છે પરંતુ જેમ હમણાં આત્મારામભાઈએ કહયું તેમ કે ગમે તેટલો અન્યાય થાય તો પણ આ ગુજરાતનો જે વિકાસ છે એ અવિરત ચાલુ છે અને રાજયના મુખ્યમંત્રીશ્રીએ વિકાસ પુરુષનું બિરુદ પ્રાપ્ત કર્યું છે ત્યારે કોઈપણ જાતનો વિકાસ કે રાજયની પ્રગતિ કોઈ અટકાવી શકે તેમ નથી. હું આપને એક દાખલો આપું કે જે રીતે *(xxxxx) (xxxxx) (xxxxx) વર્લ્ડબેંકની અંદર આજથી ત્રણ વર્ષ પહેલા દસ સીટી માટે પ્રોજેકટ મુકવામાં આવ્યો હતો. વર્લ્ડ બેંક આવી ગઈ, મંજૂર કરી ગઈ પણ એ ફાઈલને તમામ પ્રક્રિયા પૂરી કરી અને જયારે વર્લ્ડ બેંકમાં મુકવામાં આવી ત્યારે કેન્દ્ર સરકારે આ ફાઈલ અભરાઈએ ચડાવી દીધી અને આજે ચાર વર્ષથી દસ સીટી જે મોડલ સીટી બનાવવાના છે એ આ વર્લ્ડબેંકની સહાયની રાહ જોઈ રહયા છે અને એમાં માત્ર ને માત્ર કોઈ અવરોધરૂપ બન્યું હોય તો તે કેન્દ્ર સરકાર અવરોધરૂપ બની છે કે જે કાર્યવાહી પૂરી કરવાની છે એ કાર્યવાહી કેન્દ્ર સરકાર કરતી નથી. મારે એટલું જ કહેવું છે કે કેન્દ્ર સરકાર દ્વારા જે રીતે આ બધા જ આયોજનોની અંદર ગુજરાતને નિગલેકટ કરવામાં આવે છે. ખાસ મારે આપણું જે એ.આઈ.બી.પી. છે એની વાત મારે કરવી છે. એ.આઈ.બી.પી.ની અંદર રાજય સરકાર સરદાર સરોવર ડેમ અને કમાન્ડ વિસ્તારોના વિકાસની કામગીરી હાથમાં લેતી હોય છે. આ વિસ્તારના વિકાસને કચ્છ, સૌરાષ્ટ્ર, બનાસકાંઠા.

---

* (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય ઈકબાલભાઈ...

**શ્રી ઈકબાલ પટેલ(વાગરા)** : માનનીય અધ્યક્ષશ્રી, આર.સી. પટેલના સંકલ્પ ઉપર ગુજરાતને અન્યાય સમવાય તંત્રમાં દેશ અને રાજ્ય છે એ રાજ્યમાં માત્ર ગુજરાતના અન્યાયની વાત કરી અને (xxxxx) (xxxxx) (xxxxx) જો સાચી વાત પ્રજા સુધી પહોંચાડવામાં આવે તો ૧૯૬૦ માં ગુજરાતનું જે શાસન બન્યું, તેમાં ૫૦ વર્ષની અંદર ૧૬ વર્ષથી ભારતીય જનતા પાર્ટીનું શાસન છે.

## પૉઈન્ટ ઑફ ઑર્ડર

### અસંસદીય શબ્દ અંગે

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પૉઈન્ટ ઑફ ઑર્ડર છે. ઈકબાલભાઈ એવું બોલ્યા કે (xxxxx) આ પ્રસ્તાવ લાવ્યા છે. માનનીય અધ્યક્ષશ્રી આપની પરવાનગીથી જે પ્રસ્તાવ દાખલ થયો હોય એની ટીકા ન થઈ શકે.

**:અધ્યક્ષશ્રી:** રેકર્ડમાંથી દૂર કરું છું.

**શ્રી ઈકબાલ પટેલ** એમાં એવું છે કે ૧૬ વર્ષથી ભારતીય જનતા પાર્ટીની સરકાર છે. આંબાનું ઝાડ વાવેલું હોય અને કેરી લાગે ત્યારપછી દાદાએ વાવેલું હોય અને પૌત્ર એમ કહે કે આ કેરીનું ઝાડ મારું છે તેવી સ્થિતિ આ ભારતીય જનતા પાર્ટીની છે. (અંતરાય) અંબાલાલભાઈ, તમે જ્યારે ભણતા હતા ત્યારે જે અખંડ રાષ્ટ્રની વાત કરેલી તે અખંડ રાષ્ટ્રમાં વિશ્વની તાકાતવાર લોકશાહી જેને કહેવાય તે લોકશાહી ભારતે ટકાવી રાખેલી છે. ભારતની આઝાદીની સાથે અનેક લોકો વેરવિખેર થઈ ગયા. આજે ભારતનું મજબૂત કેન્દ્ર ઊભેલું છે. તે કેન્દ્રની તાકાતના કારણે આપણે સૌ રાજ્યો મજબૂત છીએ. જ્યાં સુધી રાજયના અન્યાયનો સવાલ છે. રાજ્યને સૌથી વધારે ન્યાય કોંગ્રેસે આપેલ છે અને રાજ્યના જો કોઈ વિકાસમાં ભાગીદાર હોય તો આંકડા મારા સાથી સભ્યોએ આપેલા છે. નીતિનભાઈ ગાડી લઈને મુંબઈ અને સુરતના રસ્તા ઉપર નીકળે છે. અઢી હજાર કરોડના રસ્તાઓ આપેલા છે અને ૧૨૦ ની સ્પીડે ભરૂચ તરફ આવે છે, જે કોંગ્રેસને આભારી છે. રેલ્વે ઉપર જબરજસ્ત ૨૧૦૦૦ કરોડ રૂપિયાનો પ્રોજેકટ મંજૂર કરેલ છે. ડી.એલ.એફ. ના ૧૪૭૦ કિ.મી.નો પ્રોજેકટ મંજૂર કરેલ છે. ૩૮ ટકા ગુજરાતમાંથી પસાર થાય છે. મુંબઈથી દિલ્હી ૫૭૦ કિ.મી. કોરીડોર છે તે ૬,૦૦૦ કરોડ ગુજરાતમાં વપરાવવાના છે. ૨૨૦૦૦ કરોડના પ્રોજેકટ અને ગુજરાતના બજેટ જેટલું તો માત્ર રેલ્વેનું બજેટ આપેલ છે.(અંતરાય) અટલજી સારા હતા કયાં ના પાડીએ છીએ. મનમોહનસિંહે ચાલુ રાખેલા પ્રોજેકટ છે.(અંતરાય) આ માત્ર *(xxxxx) છે.

**અધ્યક્ષશ્રી** : શ્રી પ્રાગજીભાઈ.

**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ(માંડલ)** : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના માનનીય સભ્યશ્રી આર.સી. પટેલ જે તેમનો સંકલ્પ લઈને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરી તેમને સમર્થન આપું છું.

ભારતના બંધારણની અંદર બે પ્રકારની પરિકલ્પનાઓ કરેલી છે: એક કલ્પના સંઘીય પ્રકારની અને બીજી રાજ્ય સ્તરની કલ્પના. બંધારણની અંદર આવી પ્રણાલિકા હોવા છતા તેનું નિયંત્રણ અને સમતોલ જાળવવા બાબત હોવા છતા આજે રાજ્ય અને કેન્દ્ર વચ્ચે અનેક પ્રકારના મતભેદોની સમસ્યા ઊભી છે. આ માટે કેન્દ્ર સરકારે સર્વોચ્ચ અદાલતના ન્યાયમૂર્તિ આર.એસ.સરકારિયા અધ્યક્ષપણા હેઠળ જે પંચની રચના કરેલી અને ૨૪ માર્ચ ૧૯૮૩ માં સંસદમાં પાર્લામેન્ટમાં આ પંચની રચના વખતે ઘોષણા પણ કરેલી. કે રાજ્ય અને કેન્દ્ર વચ્ચે જે સામાજિક અને આર્થિક બાબતમાં સંબંધોની સમીક્ષા કરવાની બાબત અને બંને તરફે કેન્દ્ર અને રાજય માટે આ પંચોની નિયુક્તિ કરી અને બંનેના સંબંધોની સમીક્ષા કરશે તેવું ૨૪ માર્ચ ૧૯૮૩ માં સંસદમાં ઘોષણા કરેલી. તેમ છતા પણ આ સરકારિયા પંચ બનાવેલ, છતા પણ આજસુધીમાં કેન્દ્ર અને રાજ્યના સંબંધોની જરા પણ ચિંતા કેન્દ્રએ કરેલ નથી અને આ પ્રકારની સમસ્યા ઊભી થઈ છે. માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય સંજોગોમાં જોઈએ તો ઘર ચલાવવું હોય તો સાસુ અને વહુએ સંવાદિતા કરવી જ પડે. આ તો સરકારો ચલાવવાની છે. તેની અંદર કેન્દ્ર સરકાર આજે આવી રીતે મતભેદો ઉભા કરતી હોય ત્યારે મારે કહેવું છે કે, નાણાંની ફાળવણીની બાબત હોય, રાજયના ઉદ્યોગોના વિકાસની બાબત હોય, રાજયમાં જરૂરી કાયદાઓને મંજૂરી આપવાની બાબત હોય, રાજયની અંદર ચૂંટાયેલી સરકારને ડીસ્ટર્બ કરવાની બાબત હોય, રાજયની સરકારે બનાવેલા કાયદાને મંજૂરી નહીં આપવાની બાબત હોય આવી અનેક બાબતોમાં જયારે સંવાદિતાની જરૂર પડી છે ત્યારે મારે માનવું છે કે રાજય માટે કેન્દ્રની કેવા પ્રકારની માનસિકતા છે કે ચાલુ સાલે ગુજરાતની અંદર વાઈબ્રન્ટ સમિટ ૨૦૧૧ની અંદર ૨૦.૮૧ લાખ કરોડના એમ.ઓ.યુ. થયા અને ગુજરાતની અંદર આના થકી ૫૨ લાખ લોકોને રોજગારી મળવાની હોય ત્યારે મારે કહેવું છે કે કેન્દ્રએ તેની અંદર પણ હસ્તક્ષેપ કર્યો. રાજયના મુખ્યમંત્રી એમ કહે છે કે મારે ગુજરાતને સિંગાપુર બનાવવું છે ત્યારે કેન્દ્રની સરકાર એમ કહે છે કે ગુજરાતની અંદર જે ઉદ્યોગો આવશે તેની તપાસ થશે. તેના આવક વેરાની તપાસ થશે. તેને નોટીસો અપાઈ છે. આજે આ જ પ્રકારની માનસિકતા હોય તો ગુજરાતનો વિકાસ, રાજયનો વિકાસ કેવી રીતે થશે? આ જ પ્રમાણે જયારે ગુજરાતની અંદર સેઝ, સર, આવી રહયા છે, ઉદ્યોગો આવી

* (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

રહયા છે ત્યારે કેન્દ્ર સરકારે ૧૮.૫ ટકા મેટ નાંખવાની વાત કરી. ૧૮.૫ મેટ નાંખે તો ઓટોમેટીક ૫ ટકા સરચાર્જ લાગે. કેવી રીતે ઉદ્યોગો ગુજરાતની અંદર વિકાસ પામશે? આ રીતે કેન્દ્રની નીતિ ખરેખર રાજયને ખૂબ જ હાનિકારક અને વિકાસમાં પાછળ પાડનારી નીતિ છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજકોકની વાત કરું તો પોટાની ગેરહાજરીમાં આ કાયદાની ખૂબ જ જરૂરિયાત હતી. ગુજરાત પાકિસ્તાન સાથે જોડાયેલ સરહદી રાજય છે. દરિયાઈ સરહદ ઉપર દાણચોરી, નશીલા પદાર્થો, હેરાફેરી, ગેરકાયદેસર હથિયારોની પ્રવૃત્તિઓ અટકાવવી ખૂબ જ જરૂરી હતી તેના માટે પોટાના કાયદાની વાત કરી અને જયારે આવા ગુનેગારો માટે જે કાયદાના મુખ્ય સુધારા હતા તે તરફ મારે આ સભાગૃહનું ધ્યાન દોરવું છે. ખૂન થયું હોય તો તેને ફાંસીની સજા અને દસ લાખથી ઓછો દંડ નહીં તેવી આજીવન કેદની જોગવાઈ હતી. સ્પેશ્યલ કોર્ટ બનાવવાની સત્તા આપી હતી. વિશેષ સુધારો એ હતો કે સંદેશા વ્યવહાર, મૌખિક સંદેશા વ્યવહાર આંતરી આ પુરાવાને ગ્રાહય કરવાની આની અંદર કલમની બાબત હતી. સાક્ષીને પણ રક્ષણ આપવાની બાબત હતી. આ કાયદાની બાબતમાં વિરોધપક્ષના નેતાએ ચર્ચા કરી ત્યારે આ બાબતમાં થોડીક ઉંડાણથી વાત કરવી છે. ૬-૧-૦૧ના રોજ ભારત સરકારે મહારાષ્ટ્રના મકોકા જેવું બીલ રજૂ કરવા માટે ગુજરાત સરકારને જણાવ્યું હતું. ૨૬-૧૨-૦૧ના રોજ આ કાયદા નીચેનો મુસદ્દો મંત્રી મંડળની બેઠકમાં રજૂ થયો. ૧૯-૩-૨૦૦૨ના રોજ સદરહુ વટહુકમનો મુસદ્દો ભારત સરકારને મોકલી આપ્યો. ૨૩-૭-૨૦૦૨ના રોજ ભારત સરકારે સદરહુ બીલ બાબતે ગુજરાત સરકારના રિમાર્કસ મંગાવ્યા હતા અને ૧૨.૧૧.૨૦૦૨ના રોજ ગુજરાત સરકારે સદરહુ બીલ અંગેના પોતાના મંતવ્યો રજૂ કર્યા હતા. ૧૭-૨-૦૩ના રોજ ભારત સરકારે સદરહુ બીલનો મુસદ્દો રજૂ કરીને તે લાગુ કરવા ગુજરાત સરકારને જણાવ્યું હતું. ૧૭-૩-૨૦૦૩ના રોજ ગુજરાત વિધાનસભાએ આ બીલ પસાર કર્યા પછી તેને ગેઝેટની પ્રસિધ્ધિ કરવા.. જે સંકલ્પ લઈને આવ્યા છે તેને મારું અનુમોદન આપું છું.

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી દિલીપભાઈ. આપની પાસે સાત મિનિટનો સમય છે. સાત મિનિટમાં પૂરું કરવું પડશે.

**શ્રી દિલીપ સંઘાણી ( વૈધાનિક અને સંસદીય બાબતોમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, સાત મિનિટમાં તો કેટલું કહીશ. માનનીય વિપક્ષના નેતાશ્રી શકિતસિંહજી કે ઈકબાલભાઈની જે ભાવનાઓ હતી તેના પ્રત્યુતરથી શરૂ કરું તે પહેલાં આર.સી. પટેલ જે ભાવના સાથે અને હાર્દ સાથે અહીંયાં પોતાનો સંકલ્પ લઈને આવ્યા છે તેમાં તેના સિધ્ધાંત સાથે હું સહમત થતાં મારા મંતવ્યો વ્યકત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ઈકબાલભાઈથી શરૂ કરું કે આ રાજય વડવાઓએ આંબો વાવ્યો હતો તેના ફળ આજે ચાખી રહયું છે. ચોકકસ વડવાઓનો આંબો અને ફળ આ બંને વચ્ચેનો જે મોટો ગાળો વહી ગયો તે તરફ ધ્યાન દોરવા માગું છું. જે આંબો વાવ્યો હતો દેશી, અડબાઉ, ખાટો થડવાળો આંબો હતો તેને ગુજરાતની જનતાએ મૂળભૂતથી કાપીને તેના ઉપર કેસર આંબાના રોપણ કર્યા એટલે આજે આ મીઠા ફળ ગુજરાતની જનતા ખાઈ રહી છે. કેસરના ફળ વાવ્યા તેના કારણે આજે આ પરિસ્થિતિ છે. મિત્રો, આંબેડકરજીએ બંધારણની રચના કરી અને એને સમર્થનથી માનનીય વિપક્ષના નેતાશ્રીએ અને મારા મિત્રોએ શરૂઆત કરી. મિત્રએ એ શરૂઆત કરી કે આંબેડકરે બંધારણ, માનનીય અધ્યક્ષશ્રી, મારે આ સભાગૃહનું ધ્યાન દોરવું છે કે, અહીંયાં દાખલ થઈએ એટલે બંને બાજુ ભારતનું સંવિધાન એ હેડલાઈન ઉપર જે નાનું બોર્ડ છે. સંવિધાન ભલે લખ્યું, એ સંવિધાન નથી પ્રિએમ્બલ છે અને પ્રિએમ્બલ એ સંવિધાનનો ભાગ નથી અને સામાન્ય રીતે બંધારણ સુધારવું હોય તો બે તૃતિયાંશથી સુધારાય, પણ આ સંવિધાનમાં બિનસાંપ્રદાયિકતા શબ્દ આજે આપણે વાંચી રહ્યા છીએ. મૂળભૂત આંબેડકરજીએ જ્યારે આ બંધારણમાં આ સંવિધાનના આમુખમાં જેનો ઉલ્લેખ કર્યો એ બિનસાંપ્રદાયિકતા નહતો, સર્વ ધર્મ સંભાવના હતી, *(xxxxx) (xxxxx) (xxxxx) (xxxxx) અહીયાં કહેવામાં આવ્યું કે શું કાયદો ન હતો કે પાર્લામેન્ટ ઉપર હુમલો ન થયો? શું કાયદો ન હતો કે અહીયા ગાંધીનગરમાં સ્વામીનારાયણ ધર્મ મંદિર ઉપર હુમલો થયો? માનનીય અધ્યક્ષશ્રી, કાયદો હતો એટલા માટે ફાંસીને માંચડે ચડાવાની સજા થઈ, આ કાયદો ના હોત તો ફાંસીના માંચડે ચડાવવાની સજા ન થઈ હોત, જે પોટા નીકળી ગયો એના કારણે આતંકવાદીઓને, જેમ આપણે બગીચામાં ફરવા જતા હોઈએ એવી રીતે ખુલ્લી છૂટ આપી હોય એ સ્થિતિનું નિર્માણ કરનાર કોણ છે? આ પોટા કોને માટે હતો? પોટા કોઈ દાનવીરો માટે ન હતો, પણ આ દેશના સીમાડાઓની પાર જે અતિ આધુનિક સાધનો સાથે તાલીમ લઈને આ દેશના નિર્દોષ નાગરિકોને રહેંસી નાખવાની વૃત્તિથી, માનસિકતાથી, વિદેશીઓના ઈશારે જે આતંકવાદીઓ પ્રવેશ કરે એને ફાંસીને માંચડે ચડાવવા માટેનો કાયદો હતો. એ રદ કરવા માટેના કારણો શું? ફૅડરલ રાજયની મહત્ત્વની વાતનો જે સ્થિતિએ અહીયાં ઉલ્લેખ કરવામાં આવ્યો કે વિદેશમાં આતંકવાદીને છોડવામાં આવ્યા અને આતંકવાદીઓને વિદેશ છોડવામાં આવ્યા એ મારા કોઈ પ્રધાનના દીકરા કે દીકરીને બાનમાં રાખ્યા એટલા માટે નહીં પણ આ દેશના પાંચસો કરતાં વધારે નાગરિકોને બાનમાં રાખ્યા હતા, પણ માનનીય અધ્યક્ષશ્રી, કાશ્મીરના એક પ્રધાનમાંથી એક જણની દીકરીને, રૂબિયાને એમને ધરપકડ કે બાનમાં કે આયોજન હતું એ હજુ સુધી બહાર આવ્યું નથી પણ એની ગોઠવણના ભાગરૂપે જે આતંકવાદીઓને છોડવામાં આવ્યા એ કઈ માનસિકતા

* (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

હતી? આ દેશની પરંપરાઓ રહી છે કે પોતાની દીકરી કે દીકરાને માટે આતંકવાદીઓને માટે ન છોડે આ દેશના સંરક્ષણને અને જનતા માટે જે કરવું હોય એ કરવા માટે આ રાજય સરકાર છે. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, જે સ્થિતિનું નિર્માણ અહીયાં કહેવામાં આવ્યું કે, અહીયાં કેન્દ્ર સરકાર સમવાયતંત્રમાં જે કાયદાઓ કરે, એની જે જોગવાઈઓ છે, સામાન્ય રીતે કેન્દ્રની યાદીઓમાં ૯૭ વિષયો, રાજયની યાદીઓમાં ૬૬ વિષયો, અને ૪૭ વિષય એ સમવર્તીયાદીમાં છે. સમવર્તીયાદીમાંથી જ્યારે કોઈ કાયદો બનાવવામાં આવે તો એ જો કેન્દ્ર સરકાર એ કાયદો બનાવે તો એ કાયદાના આધારે રાજયો ઉપર જે આર્થિક બોજ આવે એ બોજ કેન્દ્ર સરકારે ભોગવવો જોઈએ, અને એના માટે બહુ સ્પષ્ટપણે જોગવાઈઓ કરવામાં આવી છે અને એટલા માટે હું એ ધ્યાન તરફ મૂકું છું કે, બંધારણના આવા વિવાદમાં જ્યારે કોઈ પરિસ્થિતિ ઉભી થાય ત્યારે સુપ્રિમકોર્ટ આવા બંધારણનું અર્થઘટન કરે છે. ૧૯૭૩માં કેશવાનંદ ભારતીના ઈતિહાસનો ચુકાદો હું યાદ અપાવું છું. આ સંસદે ઘડેલા કાયદાઓમાં, બંધારણમાં ફેરફાર કરે તો બંધારણની ભાવનાને ડિસ્ટર્બ, તોડફોડ, ડેમેજ, નુકસાન કે અલ્ટર, બદલે એવો ન હોવો જોઈએ એવો સ્પષ્ટપણે ચૂકાદો ભૂતકાળમાં સુપ્રિમ કોર્ટે આપ્યો છે. આ સ્થિતિમાં હમણા જ તાજેતરમાં રાઈટ ટુ એજ્યુકેશન. માનનીય અધ્યક્ષશ્રી, આ એક કાયદો પસાર કેન્દ્ર સરકારે કર્યો આ રાજયને કેટલો આર્થિક બોજો આવ્યો ખબર છે? દેશના અન્ય રાજયોને કેટલો આર્થિક બોજો આવ્યો ખબર છે? જયારે સમવર્તી કાયદામાં સ્પષ્ટ જોગવાઈઓ છે કે, એ કાયદો જો કેન્દ્ર સરકાર મંજૂર કરે તો એના ખર્ચનો જોગવાઈ પણ બંધારણીય રીતે કેન્દ્ર સરકારે કરવી જોઈએ. અહીંયા એમ કહેવામાં આવ્યું કે બંધારણમાં એવી કઈ સ્થિતિનું નિર્માણ છે જેની ચર્ચા પહેલી વખત અહીંયા ન હોય? માનનીય અધ્યક્ષશ્રી, સાકરિયા પંચની નિમણૂકની જરૂરિયાત શા માટે ઉભી થઈ? આ સાકરિયા પંચ આર.સી. પટેલે નથી નીમ્યું. બંધારણમાં તોડમોડ કરીને ઉપયોગ રાજય સરકારના અધિકારો ઉપરની તરાપ જ્યારે શરૂ થઈ અને દેશભરમાંથી એની સામે અવાજ ઉઠ્યો કે (xxxxx) (xxxxx)` અને એટલા માટે સાકરિયા પંચની રચના કરવામાં આવી. સાકરિયા પંચની રચનાના આધારે (અંતરાય)

# પોઈન્ટ ઓફ ઓર્ડર

## અસંસદીય શબ્દો અંગે

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, કોઈ પંચની રચના કેન્દ્ર સરકારે કરી હોય એ *(xxxxx) (xxxxx) આ શબ્દો રેકર્ડમાં કોઈ સંજોગોમાં ટકી શકે નહી.

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, એવું નથી કહ્યું.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપ રેકર્ડ મંગાવીને જોઈ લેજો.

**અધ્યક્ષશ્રી** : અત્યારે આ બાબતમાં વિવાદ ન કરીએ હું રેકર્ડ મંગાવીને જોઈ લઈશ. આપનું પ્રવચન ચાલુ રાખો.

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, એવું નથી કહ્યું મેં. મેં એવું કહ્યું સાકરિયા પંચની રચના એટલા માટે કરવામાં આવી કે જે દેશના રાજયોમાંથી વિવિધ સ્તરેથી એ અવાજ ઉઠ્યો કે (xxxxx) (xxxxx) (xxxxx) તો આવી સ્થિતિમાં શું કરવું જોઈએ? એ સાકરિયા સાકરિયા પંચની રચના કરવામાં આવી એણે જે ભલામણો કરી છે એ ભલામણો રાજય વિધાનસભા કોઈ પસાર કરે તો બંધારણમાં રાજયપાલ વિધાનસભા કે સરકારને કોઈ આદેશ આપે એવી જોગવાઈઓ નથી. બંધારણમાં એવી સ્પષ્ટ જોગવાઈઓ છે કે રાજય સરકારની કેબિનેટ કોઈ નિર્ણય કરીને, વિધાનસભા કોઈ નિર્ણય કરીને રાજયપાલને મોકલે તો એનું અમલીકરણ કરવાની જવાબદારી રાજયપાલની છે. નહીં કે રાજયપાલ કોઈ નિર્ણય કરીને કરે એ રાજય સરકાર કે વિધાનસભા એ નક્કી કરે. આ ઉલટી ગંગા વહેવડાવવાની માનસીકતા જ્યાં સુધી, પ્રિયેમ્બલમાં ફેરફાર કરનાર જેમના વડવાઓ રાજકીય રીતે છે એ નિર્મૂળથી જેમ આંબાના મૂળ, દેશી આંબાના મૂળ રાજયમાં સાફ કર્યા એમ સમગ્ર દેશમાં જો આ માનસીકતા રહી અને આ રીતે બંધારણનો દુરુપયોગ થતો રહેશે તો આવતી કાલે સમગ્ર દેશમાં આ દેશને મજબૂત કરવા માટેના આપણે પ્રયત્ન કરીએ છીએ ત્યારે મજબૂર થાય એવું નેતૃત્વ આ દેશમાં નહીં ચાલે. આ દેશની ઈચ્છા છે આ દેશનું નેતૃત્વ મજબૂત હોવું જોઈએ, મજબૂર નહીં. અને એટલા માટે હું માનનીય સભ્યશ્રી આર.સી.પટેલને વિનંતી કરું છું કે એમણે જે સંકલ્પ રજૂ કર્યો છે એના હાર્દ સાથે હું સંમત છું ત્યારે એમનો સંકલ્પ તેઓ પાછો ખેંચી લે એવી વિનંતી કરુ છું.

**શ્રી આર.સી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારા બિન-સરકારી સંકલ્પ ઉપર માનનીય સભ્યશ્રીઓ આત્મારામભાઈ, વિરોધ પક્ષના નેતાશ્રી શકિતસિંહજી, બેન નિમાબેન, ઈકબાલભાઈ, પ્રાગજીભાઈ તથા માનનીય મંત્રીશ્રીએ જે સાનુકૂળ પ્રતિભાવ આપ્યો છે અને મારા સંકલ્પના હાર્દ સાથે તેઓ સંમત થયા હોય તેમની વિનંતીથી હું મારો સંકલ્પ પાછો ખેંચી લેવાની સભાગૃહની પરવાનગી માગુ છું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો**

* (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

**અધ્યક્ષશ્રી** : સભ્યશ્રીને સંકલ્પ પાછો ખેંચી લેવાની અનુમતી મળે છે.

**શ્રી આર.સી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સંકલ્પ પાછો ખેંચી લઉં છું.

**અધ્યક્ષશ્રી** : સંકલ્પ પાછો ખેંચી લેવામાં આવે છે.

**ડાર્ક ઝોનમાં ખેતી માટે ખેડૂતોને વીજ કનેકશન આપવા અંગે**

**શ્રી અમિતકુમાર અ. ચાવડા(બોરસદ) :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારો નીચે પ્રમાણે સંકલ્પ રજૂ કરુ છું કે, માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં ડાર્ક ઝોનમાં આવતા ૫૭ તાલુકાના ખેડૂતો પૂરતા વીજ જોડાણના અભાવે સિંચાઈ માટે અનેક મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે. બીજી તરફ આવા ડાર્ક ઝોનમાં આવતા ઉદ્યોગોને પાણી ખેંચવા માટે જરૂરી વીજ જોડાણો આપવામાં આવે છે. આવી નીતિના કારણે ખેડૂત વર્ગમાં ભારે નારાજગી વ્યાપેલી છે. તેથી આવા ડાર્ક ઝોનમાં ખેતી માટે સિંચાઈના પાણી મળે તે માટે ખેડૂતોને તાકીદે વીજ કનેક્શન આપવા ખાસ યોજનાઓ બનાવવા આ સભાગૃહ રાજ્ય સરકારને અનુરોધ કરે છે.

માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર ગુજરાતમાં જે રીતે દિવસે દિવસે ભૂગર્ભ જળની સપાટી નીચી ઉતરતી જાય છે અને ખાસ કરીને ભૂગર્ભ જળની ક્વોલિટિ જે રીતે બગડતી જાય છે, એ આપણા સૌના માટે એક ચિંતાનો વિષય છે. ગુજરાત રાજ્યમાં જળસંપત્તિ મંત્રાલયના હસ્તકના જી.ડબલ્યુ.આર.ડી.સી. અલગ અલગ વિસ્તારોમાં ભૂગર્ભ જળ અંગે સરવે કરી અને અલગ અલગ કેટેગરીમાં વિભાજીત કર્યા છે. જી.ડબલ્યુ.આર.ડી.સી. દ્વારા પાણીનું વધુ શોષણ કરતો વિસ્તાર એટલે કે ઓવર એક્સપ્લોઈટેડ ઝોન તરીકે એક કેટેગરી નક્કી કરી છે. પાણીનું શોષણ કરતો વિસ્તાર એને 'ડાર્ક ઝોન' તરીકે પ્રસ્થાપિત કર્યો છે. ખારાશયુક્ત વિસ્તાર હોય એને 'સેલાઈન ઝોન', ભવિષ્યમાં ધ્યાન રાખવા જેવો વિસ્તાર હોય એને 'ગ્રે ઝોન' અને સારો વિસ્તાર હોય એને 'વ્હાઈટ ઝોન' તરીકે સરવે દ્વારા અલગ અલગ રીતે એને આઈન્ડેન્ટીફાય કરેલા છે. જે રીતે ગુજરાતમાં ડાર્ક ઝોનમાં ૫૭ તાલુકાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે અને એને જાહેર કરવામાં આવેલ છે, એમાં એકમાત્ર ગાંધીનગર તાલુકાને કેન્દ્ર સરકારની ગાઈડલાઈન મુજબ ડાર્ક ઝોનમાં સમાવેશ કરવામાં આવેલ છે, બાકીના ૫૬ તાલુકાઓને રાજ્ય સરકાર દ્વારા ડાર્ક ઝોનનો દરજ્જો આપીને અને એના ખેડૂતોને વીજ જોડાણ નહિ આપવા માટેના પરિપત્રો થયેલા છે. મારે આ ગૃહનું ધ્યાન દોરવું છે કે, ૧૯૯૭ના પરિપત્રથી ગુજરાત વિદ્યુત બોર્ડને ગુજરાતમાં કોઈપણ તાલુકો હોય ત્યાં જળસંપત્તિ વિકાસ નિગમનું નાવાંધા પ્રમાણપત્ર વગર નવા કુવા, પાતાળકુવા ઉપર વીજ જોડાણ આપવાનું નક્કી કરવામાં આવેલ છે. પણ મારે કમનસીબી સાથે કહેવું પડે કે આ રાજ્ય સરકાર, ભારતીય જનતા પાર્ટીની સરકાર જ્યારથી ગુજરાતમાં આવી એમની ખેડૂતવિરોધી માનસિકતાના કારણે એમણે આ ૫૭ તાલુકાઓમાં આ પરિપત્રનો અમલ નહિ કરવા માટેની એક સૂચના બહાર પાડી અને એના કારણે આ તાલુકાઓમાં ખેડૂતોને વીજ જોડાણ આપવામાં આવતા નથી. નીતિ તો દરેક માટે સરખી હોવી જોઈએ. આ ૫૭ તાલુકાઓમાં જો આપણે ખેડૂતોને વીજ જોડાણ નહિ આપવાની નીતિ અપનાવી હોય તો આ જ તાલુકાઓમાં જે બીજા ઉદ્યોગો સાથે સંકળાયેલા લોકો છે, બિલ્ડર લોકો છે, વેપારીઓ છે એવા લોકોને પણ જમીનમાંથી પાણી ખેંચવાની મંજૂરી આપવી ના જોઈએ. પણ મારે દુઃખ સાથે કહેવું પડે છે કે, એકબાજુ ઉદ્યોગપતિઓને જમીનમાંથી ગમે તેટલું પાણી ખેંચવું હોય તો એને માટેની મંજૂરી આપવામાં આવે છે અને બીજી તરફ જે આપણી 'ધરતીનો તાત' કહેવાય, જેના માટે આપણે ખૂબ મોટી વાત કરીએ છીએ, જે ખેડૂતોના અમે 'હામી' છીએ એવા ખેડૂતો માટે વીજ જોડાણ નહિ આપવાના નિયમો બનાવવામાં આવ્યાં છે અને એના કારણે સમગ્ર આ ડાર્ક ઝોન વિસ્તારના ખેડૂતોમાં ખૂબજ મોટો અસંતોષ છે અને એમની વારંવારની રજૂઆતો આ વિધાનસભા ગૃહમાં પણ ધારાસભ્યશ્રીઓ મારફતે કરવામાં આવી છે જાહેર જનઆંદોલન દ્વારા પણ ખેડૂતોએ પોતાની વાત સરકારના કાને લાવવાનો પ્રયત્ન કર્યો છે, તેમ છતાં આટલા બધા એટલે કે ૧૦ વર્ષ ઉપરાંતના સમયથી રાજય સરકાર દ્વારા આ બાબતે કોઈપણ વિચારણા કે પોઝીટીવ પગલાં લેવામાં આવતા નથી.

માનનીય અધ્યક્ષશ્રી, એક તરફ એમ કહેવામાં આવે છે કે અમે આ વિસ્તારમાં અને સમગ્ર ગુજરાતમાં અનેક ચેક ડેમો બનાવ્યાં. લાખોની સંખ્યામાં ખેત તલાવડીઓ બનાવી અનેક તળાવો ઊંડા કર્યા પણ મારે દુઃખ સાથે કહેવું પડે છે કે, છેલ્લાં કેટલાય વર્ષોથી જે સર્વે કરવામાં આવ્યો છે લગભગ ૨૦૦૮માં આ વિસ્તારના જે ડાર્કઝોનના તાલુકા છે તેમાં પાણીના વોટર લેવલ બાબતનો સર્વે કરવામાં આવ્યો હતો પણ આજ દિવસ સુધી તેનો રિપોર્ટ જાહેર એટલા માટે કરવામાં નથી આવતો કે રિપોર્ટ જાહેર કરે તો આપણે ખેડૂતોને જવાબ આપવો પડે. પણ મારે દુઃખ સાથે કહેવું પડે છે કે એક તરફ ચેક ડેમ કે ખેત તલાવડી કે તળાવો ઊંડા કરવાની વાત કરવામાં આવે પણ મને તો લાગે છે સાહેબ આનાથી પાણીના તળ ઊંચા ના આવ્યાં હોય પણ કોઈકના ખિસ્સાના તળ ચોક્કસ ઊંચા આવ્યાં હોય એવું મને લાગે છે. આ ગૃહના તમામ લોકોની લાગણી રહેલી છે અને ગુજરાતના પણ આખા ખેડૂત જગતની લાગણી રહેલી છે કે આ ડાર્કઝોનમાં તાલુકાઓમાં તાત્કાલિક રીતે વીજ જોડાણ આપવાની નીતિ રાજય સરકાર દ્વારા કરવામાં આવે.

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી(રાધનપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહના માનનીય સભ્યશ્રી અમીતભાઈ ચાવડા જે સંકલ્પ લઈને આવ્યાં છે તેની અંદર હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અમીતભાઈનો એ વિષય ખેતી અને ખેતી અંગેની ચિંતા કરવાનો વિષય છે. એ બાબતમાં સૌ કોઈ સહમત થાય. એટલા માટે કે એગ્રીકલ્ચર ગ્રોથ ઈઝ રીયલ ગ્રોથ એટલે કોઈ પણ રાજય

હોય, કોઈ પણ દેશ હોય તો ખેતીનો જે વિકાસ છે તે તેના આધાર ઉપર જ તેનું વિકાસનું માપદંડ રહેતું હોય છે આ સ્વભાવિક છે. અને જેના કારણે જ અત્યારે ગુજરાત આખા દેશની અંદર સૌથી એગ્રીકલ્ચરની અંદર સૌથી ડ્રાય એરિયા હોવા છતાં પણ એક હરિયાળી ક્રાંતિ સર્જવાની દિશામાં આગળ વધી રહ્યું છે. મૂળ સમસ્યા ખેડૂતને અત્યારે હાલ ત્યાં આ સંકલ્પની સાથે જે રહેલી છે તે વીજળીના કનેકશનની વાત છે. તો હું એક ખેડૂતના દીકરા તરીકે મારે ત્યાં પણ અત્યારે ૭૦૦-૮૦૦ અને ૧૦૦૦-૧૦૦૦ ફૂટ સુધીના ઊંડા ટ્યુબવેલ છે. અને કોલમ નાંખવી પડે તો પણ સાડા ચારસો, પાંચસો ફૂટની કોલમો અમે ત્યાં નાંખીએ ત્યારે તે પાણી ત્યાંથી ખેંચીને લાવી શકાય. એટલે ખેડૂતની સમસ્યા તે વીજળી નથી, ખેડૂતની સમસ્યા તે પાણી છે. પરિણામ શેના કારણે આવે ? તો પહેલાં એ જ ધરતીની અંદર અમે કોષથી પાણી કાઢીને લાવતા હતા. અને સિંચાઈ કરવા માટે બળદથી કોષ ચાલે અને તો પણ સિંચાઈ થતી હતી. તે પછી ઓઈલ એન્જીન લાવ્યાં તેનાથી ૨૦-૨૫ ફૂટ ઊંડા પાણી હતા તે પણ ખેંચી લીધાં. અને તે પછી સો ફૂટ, બસ્સો ફૂટ, ચારસો ફૂટ, પાંચસો ફૂટ સુધી પાણી ખેંચ ખેંચ કર્યુ હવે પાણીના જે લેવલ છે તે જો આમને આમ ખેંચી લઈએ તો હજાર, બારસો, પંદર ફૂટ પછી પાણી નથી. એટલે પીવા માટે કે ખેતી માટે તે પછી કોઈ રસ્તો રહે જ નહીં. એટલે ડાર્ક ઝોન માટેની જે વિશેષ સમસ્યા છે તેની સાથે તેના હાર્દમાં તો જવા જેવું તો છે. ૪૦-૫૦ વર્ષથી એક જ દિશા ચાલી. પ્રકૃતિનું ધોવન કરીએ ત્યાં સુધી બરાબર છે આમ તો તેને કંઈક આપવું જોઈએ અને આપીને લઈએ તો બરાબર હતું. પાણી જેટલું ખેંચીએ એટલું વરસાદી પાણી અંતર ઉતારવાની વ્યવસ્થા જો ચાલીસ પચાસ વર્ષથી આપણે કરી હોત તો હું માનું છું કે એના એ કોષના લેવલ હતા તે ૧૫-૨૦ ફૂટ સુધીના પાણી આપણે ત્યાં પડ્યા રહેત. પરંતુ એ ના કર્યુ એટલે એક તરફી ખેંચ્યુ ખેંચ્યુ અને આજે સ્થિતિ એવી આવી કે કોઈ માનું દૂધ કોઈ દીકરો ધાવે તો ત્યાં સુધી બરાબર છે પણ લોહી ચૂસવા માંડે તો એ ના ચાલે. તો એવી બાબતમાં પાણી આપણે એટલા મોટા પ્રમાણમાં ખેંચી લીધું.

**અધ્યક્ષશ્રી** : આપની પાસે બે મિનિટનો સમય છે.

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી** : ત્યારે હવે આ રાજય સરકારે મોટા પ્રમાણની અંદર તળાવો ઊંડા કરીને, ચેક ડેમો બનાવીને સુજલામ સુફલામ યોજનાના માધ્યમથી હોય કે અલગ અલગ સૂકી ભાટ નદીઓને વધારાનું ચોમાસાનું ફલડનું પાણી નાંખી અને જમીનની અંદર પાણી ઉતારવાની યોજનાઓ જ્યારે મૂકી છે ત્યારે વરસાદી પાણીનો વધુમાં વધુ ઉપયોગ સિંચાઈ માટે થાય અને જે ધરતી પાસેથી આપણે પાણી લઈ લીધું છે તે પાણી ફરી પરત આપવા માટેની રાજયના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગાયકવાડી સ્ટેટ પછી આ ગુજરાતની અંદર આટલા મોટા પ્રમાણની અંદર શરૂઆત કરી છે. ધરતી પાસેથી લીધું છે, ફરી ધરતીને આપો. જેના કારણે નજીકના ભવિષ્યની અંદર આપણે ખૂબ સારા પરિણામો મેળવી શકીશું. અને એ જ સ્ટેબલ ઉપર આવે તો આ પ્રમાણે કરી શકાય. ઉંડા કનેકશનની જગ્યાએ નાના અને નદીના કિનારે હોય અથવા તો નર્મદાની કેનાલ આધારિત જયાં સિંચાઈ કરવાની હોય અને ત્યાં લીફટીંગ કરીને જયાં પાણી આપવું હોય એના માટે તો સરકારની નીતિ ઓપન છે જ. એટલે હું એ વાત ચોકકસ કહીશ કે આ સભાગૃહના સભ્ય તરીકે પણ આપણે સૌ એક જન આંદોલન તરીકે વરસાદી પાણીને રોકીને ઉપર રાખી શકાય તો એ, નહીંતર ધરતીની અંદર ઉતારવા માટેનું આપણે એક મોટું અભિયાન કરીએ તો અમિતભાઈની જે ચિંતા છે, એમાં પણ આપણે સૂર પૂરાવી શકીશું. અને સાચા અર્થમાં એક પ્રકૃતિનું શોષણ છે એને અટકાવીને એને આપણે પોષણની દિશાની અંદર આગળ વધી શકીશું. આટલી જ વાત કરીને હું મારા વિચારો પૂર્ણ કરું છું.

**શ્રી રામસિંહ પ્ર. પરમાર(ઠાસરા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી અમિતભાઈ જે સંકલ્પ લઈને આવ્યા છે એના ઉપર મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની અંદર ભાઈ શ્રી અમિતભાઈએ કહ્યું તે પ્રમાણે ૫૮ તાલુકાની અંદર ડાર્ક ઝોન તરીકે જાહેર કરેલા છે. હું માનું છું ત્યાં સુધી ડાર્ક ઝોન એ ખેડૂતોનું ડાર્કઝોન નહીં પણ મોત ઝોન તરીકે ઓળખાય છે. ડાર્કઝોન તરીકે સરકારની જવાબદારી છે, સરવે કરેલો છે. સરવે કર્યા પછી એનો રીપોર્ટ પણ અત્યાર સુધી જાહેર કરવામાં આવ્યો નથી. હું સરકારને પણ વિનંતી કરું છું કે એ સરવે કરેલાનો જે રીપોર્ટ છે તે જાહેર કરે. અગાઉના વર્ષોની અંદર માનનીય શંકરસિંહ વાઘેલાની સરકાર હતી ત્યારે ડાર્ક ઝોન બંધ કરી દીધેલો, રદ કરી નાંખેલો. ફરીવાર આ સરકારે જી.આર. નંબર ૨૦૦૩ની ૧૪/૪/૦૧થી વીજ જોડાણ નહીં આપવા માટે ઠરાવ કરીને વિદ્યુત બોર્ડને આપ્યા એને કારણે વીજ જોડાણ ખેડૂતોને મળતા નથી.

માનનીય અધ્યક્ષશ્રી, કોઈ ઉદ્યોગપતિ આવે તો રાતોરાત ડી.પી. નંખાઈ જાય, રાતોરાત એને કનેકશન મળી જાય, એને ગમે તેટલું પાણી ખેંચવું હોય તો એને પાણી ખેંચવાની છૂટ, પણ ખેડૂત, એ બિચારો ખેડૂત તરીકે વર્ષોથી રાહ જોઈને બેઠેલો છે. ઉપર આકાશ, નીચે ધરતી. એના બાળકોની ચિંતા કરતો હોય છે. પણ વીજ જોડાણ આપવા માટે આ સરકારને સહેજ પણ પડી નથી. જડ વલણ લઈને બેઠેલી છે આ સરકાર. કે ખેડૂતોને વીજ જોડાણ નહીં આપવું. સરકારની જવાબદારી છે કે ચોમાસામાં જે પાણી પડે એ જમીનની અંદર નીચે ઉતારવા માટે એમણે પ્રયત્ન કરવા જોઈએ. ચેકડેમ બનાવવા જોઈએ. તળાવ બનાવવા જોઈએ. એને કારણે જમીનની અંદર પાણી જો ઉતરે તો એને લીધે પાણી ઉપર આવે અને વીજ જોડાણ મળે. એ પ્રયત્ન કરતા નથી. પણ એક વખત પ્રયત્ન કરીને એમણે નકકી કર્યુ એ પ્રમાણે વીજ જોડાણ નહીં આપવા જી.ઈ.બી. ને જણાવી દીધું. નર્મદા કેનાલને કારણે આ ડાર્ક ઝોનમાં

મારા જિલ્લામાં ૩ તાલુકા આવે. કઠલાલ, કપડવંજ અને મહેમદાવાદ. એ ત્રણ આવે છે. કઠલાલ અને કપડવંજમાં કેનાલો છે. એ કેનાલોને લીધે અમુક ભાગમાં ૧૦૦ ફૂટે પાણી મળે છે. હવે જો ૧૦૦ ફૂટે પાણી મળતું હોય તો ત્યાં ડાર્ક ઝોનની કયાં મુશ્કેલી પડે છે? ત્યાં તો વીજ જોડાણ આપવું જોઈએ. હમણા જ શંકરભાઈએ કીધું કે અમારા મહેસાણાની અંદર ૧૦૦૦ ફૂટથી નીચે અમે પાણી લાવીએ છીએ. મહેસાણામાં ૧૦૦૦ ફૂટથી નીચે પાણી લાવે અને એને વીજજોડાણ મળે અને કઠલાલ અને કપડવંજમાં અમને ૧૦૦ ફૂટે વીજ જોડાણ ન મળે? શંકરસિંહ વાઘેલાએ ડાર્કઝોન ઉઠાવી લીધેલો અને આ સરકાર આવી એટલે ડાર્ક ઝોન પાછો બંધ કરી દીધો. પાણી પાછા તમારા વખતે નીચે જતા રહ્યાં. ખેડૂતોના ખરેખર હિત માટે હું તો કહીશ કે ખેડૂતોના દીકરા તમે હોય, જો તમારી સરકાર ખેડૂતોની હોય તો તમે વીજ જોડાણ વહેલામાં વહેલા આપો. વર્ષોથી બિચારા ખેડૂતો રાહ જોઈને બેઠેલા છે. જમીન ગમે તેટલી હોય પણ પાણી વગર ખેતી થઈ શકતી નથી. જે વિસ્તારની અંદર કેનાલો નથી, તળાવ નથી, એ ખેડૂતો બિચારા રાહ જોઈને બેઠેલા છે કે આપણને વીજ જોડાણ મળે, આપણી ખેતી સારી થાય, આપણા બાળકોનું ભવિષ્ય સારું થાય એના માટે વર્ષોથી રાહ જોઈને બેઠેલા છે.

અમારા જિલ્લાની અંદર મંત્રીશ્રી છે સુંદરસિંહ. મહેમદાવાદના છે. એમનો તાલુકો છે, પણ એની અંદર આવેલા છે. અને અમારા સુંદરસિંહને ખબર હોય કે ના હોય, દરેક જગ્યાએ ભાષણ કરે છે કે આ ડાર્ક ઝોન ઉઠાવવાની જવાબદારી કેન્દ્રની છે. માનનીય અધ્યક્ષશ્રી, આટલા વખતથી મંત્રી રહ્યાં છે. ગુજરાત સરકાર સરવે કરાવે છે. સરવે કરાવ્યા પછીથી એનો રીપોર્ટ જી.ઈ.બી.ને આપે છે. જી.ઈ.બી. એ વીજ જોડાણ નહીં આપવા માટેનો ઠરાવ કરે છે. છતાં અમારા સુંદરસિંહ આવું બોલે તો અમને દુ:ખ થાય. મારી નમ્ર વિનંતી છે કે ડાર્ક ઝોન તરીકે આપણે ખેડૂતોની વાત કરતા હોઈએ. ગઈકાલે જ કૃષિ વિભાગની માગણીઓની અંદર ખેડૂતોની ખૂબ ચિંતા બધાએ કરી છે. રાજયની અંદર ૫૭, ૫૮ તાલુકાની અંદર લોકો રાહ જોઈને બેઠેલા છે, એમને વીજ જોડાણ આપવા માટે જયારે આ સંકલ્પ લઈને આવ્યા છે ત્યારે સામેની સરકારને માની નમ્ર વિનંતી છે કે શ્રી રામસિંહ પરમાર (ક્રમશ:): કે જે અમૂક વિસ્તારોમાં કેનાલો છે એ કેનાલવાળા વિસ્તારમાં પાણીની કોઈ જ મુશ્કેલી નથી. મેં કહયું તેમ મહેમદાવાદ અને કઠલાલ વિસ્તારમાં અત્યારે પણ કેનાલો છે અને ત્યાં આગળ હેન્ડ પંપ કરીએ તો ૧૦૦ ફૂટે પાણી મળે છે છતાં પણ આ ડાર્ક ઝોન જાહેર કરીને ખેડૂતોને અન્યાય કરી રહ્યા છે ત્યારે મારે કહેવું છે કે તમારા હૈયે ખેડૂતોનું હિત નથી, ખેડૂતો માટે તમને લાગણી નથી. તમે પણ ખેડૂતના દીકરા છો અને હું પણ ખેડૂતનો દીકરો છું અને ખેડૂતોના હિતની વાત છે ત્યારે આ સંકલ્પ કોણ લાવ્યું છે એનો વિચાર કર્યા વિના આ સંકલ્પને મંજૂર કરે એવું હું તમને સૂચન કરું છું.

**શ્રીમતી જસુબેન સ. કોરાટ(જેતપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી અમીતભાઈ ચાવડા જે સંકલ્પ લઈને આવ્યા છે તેમાં હું મારા વિચારો રજૂ કરવા માટે ઉભી થઈ છું.

માનનીય અધ્યક્ષશ્રી, ભાઈ શ્રી રામસિંહભાઈ બોલતા હતા ત્યારે હું સાંભળતી હતી. મારે એમને યાદ અપાવું છે કે ૧૯૯૫ પહેલાં કોની સરકાર હતી ? ત્યારે વરસાદ પડતો હતો અને એ વરસાદનું પાણી રોકવા માટે તમારી સરકારે કયારેય પણ પ્રયત્ન કર્યો હતો ખરો? ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી પછી જ આ વરસાદનું જે પાણી છે એ પાણી રોકવા માટેના પ્રયત્નો કર્યા છે. ગામડાંમાં ચેકડેમ બનાવવા, તળાવો ઉંડાં કરવાં, બોરીબંધ બનાવવા, નવાં તળાવો બનાવવાં એ બધું કર્યુ છે અને આ વરસાદનું પાણી જે દરિયામાં વહી જતું હતું એને રોકવા માટેના પ્રયત્નો જો કોઈએ કર્યા હોય તો એ આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, અગાઉની સરકારે કયારેય પણ ખેડૂતોની ચિંતા કરી નહોતી. આ જે ખેડૂત અને ગામડું છે એ ફકત પાણી પર આધારિત છે. તો જો કદાચ તમે પાણી રોકયું હોત તો આ ગુજરાતનો ખેડૂત સમૃધ્ધ બન્યો હોત અને ખેતી સમૃધ્ધ બની હોત. આજે ભૂગર્ભ જળ છે એ આપણે ખેંચી રહ્યા છીએ અને એ ભૂગર્ભ જળ એટલાં બધાં નીચે ગયાં છે કે એના કારણે આ બધી તકલીફો ઉભી થઈ છે, પરંતુ જેટલું આપણે લઈએ અટલું પાછું આપવું જોઈએ અને આજે આ સરકાર જેટલું પાણી ભૂગર્ભ જળમાંથી ખેંચે છે એટલું વરસાદનું પાણી રોકીને આજે ભૂગર્ભમાં ઉતારે છે. આજે મારે આનંદ સાથે કહેવું પડે છે કે ગ્રામ્ય વિસ્તારમાં પણ લોકોને સમજશકિત અને ખ્યાલ આવે છે કે પીવાનું પાણી આજે ચોખ્ખું મળે એના માટે ભૂગર્ભમાં વરસાદનું પાણી રોકવા માટે ભૂગર્ભ ટાંકા બનાવીને આખું વર્ષ પીવાનું પાણી મળી રહે એટલો સંગ્રહ આજે ગામડાંના લોકો કરી રહ્યા છે. એવી જ રીતે સરકારી ઈમારતો બનતી હોય તો ત્યાં પણ આજે વરસાદનું પાણી ભૂગર્ભમાં ઉતારવા માટેનું આયોજન રાજય સરકારે કર્યુ છે, પરંતુ આજે મારે દુ:ખ સાથે કહેવું પડે છે કે અગાઉની સરકારે જો આ બધું કામ કર્યુ હોત તો અમારે આ ચિંતા ના કરવી પડત. તો આ ડાર્ક ઝોન પણ તમે કહો છો એ ૫૭ તાલુકાઓમાં લાગુ કરવો પડયો ના હોત.

માનનીય અધ્યક્ષશ્રી, આજે આ રાજયના ભૂગર્ભ જળમાં વધારે પ્રમાણમાં ગુણવત્તાની દ્રષ્ટિએ કોઈ બગાડ ના થાય એનું વૈજ્ઞાનિક નિયમન અને વ્યવસ્થાપન થાય એ હેતુ માટે રાજય સરકાર દ્વારા અને સર્વોચ્ચ અદાલતના આદેશ અન્વયે આ નિયંત્રણ દાખલ કરવામાં આવ્યું છે ત્યારે અમીતભાઈ જે સંકલ્પ લઈને આવ્યા છે એની સાથે હું સંમત થઈ શકતી નથી.

**શ્રી જવાહરભાઈ પે. ચાવડા(માણાવદર)** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના ૨૨૫ તાલુકામાંથી ૫૭ તાલુકાની વાત છે, ગુજરાતના સો ટકા વિસ્તારમાંથી ૨૮ ટકા વિસ્તારની વાત છે, ગુજરાતની ૫.૫ કરોડની પ્રજામાંથી ૧.૨૫ કરોડ પ્રજાની વાત છે. મારા મિત્ર જે સંકલ્પ લઈને આવ્યા છે એને મારો ટેકો અને સૂર પુરાવા ઊભો થયો છું.

ડાર્કઝોન એ ધરતી પુત્રો ઉપર મોટું ડરામણું એક ભૂત છે. ડાર્ક ઝોન શબ્દ સાંભળીને મારી દીકરીએ મને પૂછ્યું હતું કે પપ્પા આ કોઈ નવી હોરર ફિલ્મનું નામ છે? મેં કહ્યું બેટા હોરર ફિલ્મ હોય તોય બીતા બીતા પણ કોઈ માણસ ત્રણ કલાકમાં પૂરી કરી નાખે, પરંતુ આ ગુજરાત સરકાર દ્વારા ચાલતી ટી.વી. સિરિયલ છે. જે સાસ ભી કભી બહુ થી કરતાં પણ બહુ લાંબી છેલ્લા ૧૩ વર્ષથી ચાલે છે અને ગુજરાતના ધરતી પુત્રોને ડરાવે છે.

ડાર્ક ઝોન સમસ્યા છે એ એક ભૌગોલિક સમસ્યા છે. ભૌગોલિક એટલા માટે કહું છે કે જમીનમાં રહેલા પાણીના તળની આપણે વાત કરતા હોય તો સમસ્યા ભૌગોલિક કહેવાય છે. આપણા તાલુકા અને જિલ્લાની રચના થયેલી છે. એ જૂના રાજકીય સત્તાના આધારે થયેલી છે. હું મારા વિસ્તારની વાત કરુ તો મારા વિસ્તારના ત્રણ ગામો ચીખોદરા, વેકરી અને વાણાસરા રાજકીય રીતે માણાવદર તાલુકામાં જોડાયેલા છે. પરંતુ ભૌગોલિક ર્દષ્ટએ એની હદ કુતિયાણા તાલુકામાં આવે છે આ ત્રણ ગામોને વીજ કનૅક્શન મળતા નથી. કારણ કે એ રાજકીય રીતે માણાવદરમાં આવે છે એમ કુતિયાણાના બે ગામ કોટરણ અને કટવાણા એની હદ માણાવદરમાં આવે છે એને વીજ કનૅક્શન મળી જાય છે. કારણ કે તેની રાજકીય હદ તેમાં આવે છે, એના કારણે ઘણો અન્યાય ખેડૂતોને થાય છે. આ જે પ્રશ્ન છે એ ભૌગોલિક છે. આ વાત સમજાતી નથી એના કારણે આ આખી અવ્યવસ્થા છે. આ કાળા કાયદાને કારણે ઘણા ધરતીપુત્રોને પોતાની જમીન વેચવી પડે છે. હવે આ જમીન બીજા કોઈને વેચે તેમાં કોઈ વેપારી જમીન લે, કોઈ બિલ્ડર આ જમીન લે, કે કોઈ ઉદ્યોગપતિ જમીન લે તો એને જમીનમાંથી પાણી કાઢવાની છૂટ, એ ખેડૂતે પોતાની જમીન વેચી હતી તેણે મને એક શેર કીધો હતો.

" ખેતો સે બીછડનેકી સજા મેં પાતા હું,
આજકલ રાશનકી કતાર મેં નજર આતા હું."

એક દિવસ એવો હતો કે જે વસ્તુ હું ઉગાડતો હતો અને વેચતો હતો એ આજે લેવા માટે દુકાનમાં ઊભો રહેવા મંડ્યો છું.

ગુજરાત સરકારનું એક કોરપોરેશન જી.ડબલ્યુ.આર.ડી.સી. ગુજરાત વોટર રીસોર્સીસ ડેવલપમેન્ટ કોરપોરેશન. આ કોરપોરેશનની કામગીરી છે કે તમામ જગ્યાએ વોટર ડેવલપમેન્ટનું કામ કરવાનું, રીસોર્સીસ ડેવલપમેન્ટનું કામ કરવાનું પરંતુ આ કોરપોરેશને કદી આ કામગીરી કરેલી નથી. તો આ કામગીરી કરે છે શું? આની કામગીરી અત્યારે જે છે એ ફક્ત જમીનમાં રહેલું પાણી માપવાની કામગીરી કરે છે. એની કવોલિટી ચેક કરે છે, અને અલગ અલગ પાંચ ઝોનમાં એ તમામ તાલુકાને મૂકે છે. જેમાં ત્રણ ઝોન જે કહેવાય છે, ઓવર એકસપ્લોઈટેડ, ડાર્ક અને સલાઈન, જેને સરકાર એકજ લાકડીએ હાંકે છે આ જમીનમાં રહેલું પાણી જે નીચે ઊતરી ગયું હોય અથવા બગડી ગયું હોય એ જગ્યાએ સરકાર પોતે કંઈ કરતી નથી. પાણીના તળ નીચે ઊતરી ગયા છે તેના માટે કંઈ કરતી નથી. આ જમીનમાંથી પાણી ન કાઢવું તેના માટે તમામ નિયમો બનાવ્યા છે. પાણીનું તળ જેના કારણે નીચે ગયું છે (અંતરાય) એને બધી છૂટ છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય કાળુભાઈ...

**શ્રી કાળુભાઈ વીરાણી (કુંડલા)** : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય ગૃહમાં ધારાસભ્યશ્રી અમિતભાઈ બિન સરકારી સંકલ્પ લઈને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયમાં ખાસ કરીને ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છ અને મધ્ય ગુજરાતમાં ભૂગર્ભ જળ મહત્ત્વના સિંચાઈ સ્ત્રોત છે. આ વિસ્તારોમાં સિંચાઈની સુવિધાઓ મર્યાદિત હોવાના કારણે તેમજ ત્યાં થતી પાણીની ઉણપના કારણે, વરસાદ અનિયમિત હોવાના કારણે તે વિસ્તારના ખેડૂતોને સિંચાઈ માટે ભૂગર્ભ જળ ઉપર વધારે આધાર રાખવો પડે છે. ગુજરાત સરકારે છેલ્લા વર્ષો દરમ્યાન ભૂગર્ભ જળ રીચાર્જને મહત્તમ પ્રાધાન્ય આપ્યું છે. ભૂગર્ભ જળ રીચાર્જ માટે સરકાર દ્વારા ઘણા બધા કામો જેવા કે નવા ચેકડેમો બનાવવા, બોરીબંધો બનાવવા, ખેત તલાવડીઓ બનાવવી, તળાવો ઉંડા કરવા જેવા કામોને સરકાર દ્વારા મહત્તમ પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. તેને વધારે અગ્રિમતા આપવામાં આવેલ છે. આ કામોનો હેતુ વધારે જળસંગ્રહ શકિત ઉભી થાય, ભૂગર્ભ જળના રીચાર્જમાં વધારો થાય, તેના તળ ઉંચા લાવવા અને જળની ગુણવત્તામાં સુધારો કરવો. આ જળની સુધારણા અને તેનો રીચાર્જ વધારવા માટે રાજય સરકાર દ્વારા સપ્ટેમ્બર-૨૦૧૦ સુધીમાં જળ સંપત્તિ વિભાગ દ્વારા જળ સંગ્રહના ખૂબ જ કામો કરવામાં આવ્યા છે. રાજય સરકાર દ્વારા ૭૫,૨૪૩ ચેકડેમો બનાવવામાં આવ્યા છે. ગ્રામ વિકાસ વિભાગ દ્વારા ૩૫,૧૩૫ ચેકડેમો બનાવ્યા અને ૧,૨૧,૬૦૦થી વધારે બોરીબંધો બાંધવામાં આવ્યા. ૧,૯૩,૦૦૦થી વધારે ખેત તલાવડી બાંધવામાં આવી છે. સરકાર જ્યારે આવું સરસ કામ કરી રહી છે ત્યારે તેથી વિશેષ મારે કહેવું છે કે આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા ૪,૮૪૦ ચેકડેમો બાંધ્યા, વન અને પર્યાવરણ વિભાગ દ્વારા ૫,૮૦૦ ચેકડેમો બાંધ્યા. કૃષિ વિભાગ દ્વારા પણ ૧૮,૦૦૦થી વધારે ચેકડેમો બાંધવામાં આવ્યા છે.

કૃષિ વિભાગ દ્વારા ખેત તલાવડી અને સીમ તલાવડી જી.આર.ડી.સી. દ્વારા ૫૬,૦૦૦થી વધારે બાંધવામાં આવેલ છે. પાણી પુરવઠા વિભાગ દ્વારા બનાવવામાં આવેલ ૧,૫૦૦ ચેકડેમો આમ રાજ્ય સરકાર દ્વારા ભગીરથ પ્રયત્ન હાથ ધરીને ભૂગર્ભ જળ રીચાર્જ માટે સમગ્ર ગુજરાતમાં ૧,૪૦,૮૯૯ ચેકડેમો બાંધ્યા છે. તેવી જ રીતે ૧,૨૨,૦૩૫ બોરીબંધો બાંધ્યા. ૨,૪૯,૫૦૦થી વધારે ખેત તલાવડી બાંધવામાં આવી. આજે ગૌરવ સાથે કહી શકાય કે ૫,૧૨,૦૦૦થી વધારે જળ સંગ્રાહકો બનાવવામાં આવ્યા છે. રાજ્ય સરકાર દ્વારા ભૂગર્ભ જળ સુધારાને આપવામાં આવેલ અગ્રિમતા દર્શાવે છે. રાજ્ય સરકારના અથાગ પ્રયત્નોના કારણે રાજ્યમાં ઉંડા જતા ભૂગર્ભ જળ પ્રક્રિયાને અટકાવી શક્યા છીએ. તેમજ તેમાં નોંધપાત્ર સુધારો જોવા મળે છે. મને કહેતા ગૌરવ થાય છે કે નામદાર સર્વોચ્ચ અદાલતના આદેશ તેમજ ભારત સરકારની માર્ગદર્શક સૂચના અન્વયે અને રાજ્યના ભૂગર્ભ જળની પરિસ્થિતિને અનુલક્ષીને રાજ્યમાં ડાર્ક ઝોન અમલી કરવામાં આવ્યો છે તેમ છતાં સિંચાઈ માટે ખેડૂતોને માટે વૈકલ્પિક વ્યવસ્થા થાય..

**અધ્યક્ષશ્રી** : કાળુભાઈ, આપનો સમય પૂરો થાય છે. માનનીય અનિલભાઈ.

**શ્રી અનિલકુમાર ત્રિ. પટેલ (મહેસાણા)** : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય સભાગૃહના યુવાન સભ્ય ભાઈશ્રી અમિતભાઈ જે સંકલ્પ લઈને આવ્યા છે એ સંકલ્પના હાર્દને હું સમજી શકું છું. તેમની ચિંતા દરેક ખેતરને પાણી મળે તેના માટેની છે એવું તેમાંથી જોઈ શકાય છે. પણ તેમણે જે ઉપાય સૂચવ્યો છે વીજ જોડાણનો, તેના માટે હું મારા કેટલાક વિચારો રજૂ કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, જે ભૂગર્ભનું પાણી છે એ હજારો વર્ષથી એકઠું થયેલું છે. આ પાણીનો આપણે છેલ્લા ૩૦-૪૦ વર્ષની અંદર અવિવેકપૂર્ણ ઉપયોગ કરીને એટલી હદે એકસપ્લોઈટ કર્યું છે તે વધારે એકસપ્લોઈટ કરવું એ ભાવી પેઢી માટે બિલકુલ ઈચ્છનીય નથી. એટલા માટે વીજ જોડાણ એ એક માત્ર એનો ઉપાય હોય એવું હું માનતો નથી. એવી ટીકા પણ થઈ. આ તાલુકાઓ ડાર્ક ઝોનમાં આવતા હોવા છતાં ત્યાં ઉદ્યોગકારોને એમાં પાણી માટેના જોડાણો આપવામાં આવે છે. ઉદ્યોગ વિભાગ પણ એ વાતની કાળજી લે છે કે જ્યાં ડાર્ક ઝોન છે વોટર પ્રોસેસીંગની જરૂર પડે, પાણીના પ્રોસેસીંગની જરૂર પડે એવા ઉદ્યોગોને એ વિસ્તારમાં પોલ્યૂશન કંટ્રોલ બોર્ડ દ્વારા પણ મંજૂરી આપવામાં આવતી નથી. જે કોઈ પાણીની મંજૂરી આપવામાં આવે છે એ માત્ર પીવાના પાણીની જ મંજૂરી આપવામાં આવતી હોય છે. એટલે એની સરખામણી યોગ્ય નથી. જે વાત થઈ કે, પાણીનો પાછો જથ્થો આપવા માટે જે સિંચાઇ વિભાગ દ્વારા સુધારા કામગીરી માટે રૂ.૨૫/- લાખ સુધીના તળાવો, એક એક કે બે કરોડના ચેકડેમની જે કામગીરી થઈ છે એ રિચાર્જની દૃષ્ટિએ બહુ મહત્ત્વનું છે. એથી આગળ વધીને કહેવું છે. આ વિસ્તાર ડાર્ક ઝોનમાં આવે છે. એના માટે રાજ્ય સરકારે માઈક્રો ઈરીગેશનની સ્કીમ કરી છે. ટપક સિંચાઇની યોજના કરી છે. આ ૫૭ તાલુકામાં વધારે સઘન રીતે થઈ શકે એ માટે આ ૫૭ તાલુકાઓ માટે વિશિષ્ટ યોજના લાવવામાં આવે તો વધારે કામગીરી સારી રીતે કરી શકીએ. એટલે એક બાજુ રિચાર્જ કરવા માટેના વૈજ્ઞાનિક ઉપાયો કરવા જોઈએ. જ્યારે નર્મદા યોજના આધારિત આપણું પાણી છે એ હાઈડ્રો પાવરના કારણે કેનાલોમાં પાણી વહે છે એને અન્ડર ગ્રાઉન્ડ સુધી પહોંચાડવાની વ્યવસ્થા કરવી પડે અને આપણી ગ્રીડ સિસ્ટમ દ્વારા ડ્રીપ ઈરીગેશન કરવામાં આવે છે એમાં આવા જોડાણો કન્સીડર કરવામાં આવે અને એવા પાણીનો સમુચિત ઉપયોગના કારણે આ સરફેસ પાણીથી ટપક સિંચાઇ પદ્ધતિ, રિચાર્જ મારફત સરફેસ વોટરનો મહત્તમ ઉપયોગ કરીને સરપ્લસ વોટરનો મહત્તમ ઉપયોગ થાય અને વીજળીની જરૂર પડે તો એના માટે રાજ્ય સરકાર વિચારી શકે. ભૂગર્ભના પાણી ખેંચવા ૫૦થી ૧૦૦ હોર્સ પાવરની મોટર પર રિસ્ટ્રીકશન છે એ ભાવી પેઢીને માટે પાણીની જરૂર છે. એને લક્ષમાં લઈએ તો એ વિવેકપૂર્ણ છે. એટલા માટે ટપક સિંચાઇ પદ્ધતિ, માઈક્રો ઈરીગેશનને વધારે પોપ્યુલર કરવા માટે આ ડાર્ક ઝોન માટેની સ્પેશિયલ યોજના રાજ્ય સરકાર લાવે તો હું માનું છું કે, એ વિસ્તારને સિંચાઇ વધુ મળશે અને ઓછા પાણીથી વધારે કામ થઈ શકે. એવા પ્રકારની મારી માગણી સાથે શ્રી અમિતભાઈના સંકલ્પનું હાર્દ છે એના વિશેની મારી સમજ સભાગૃહ સમક્ષ રજૂ કરી.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ ( પાણી પુરવઠામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આજે ખૂબ અગત્યનો અને અત્યારની પેઢીને અને આવનારી પેઢીને અસર કરનાર એવા ગંભીર વિષય ઉપર આપણે સૌ અહીંયાં ચર્ચા કરીએ છીએ. એમાં માનનીય સભ્યશ્રીઓએ જે સૂચનો કર્યા, જે ટીકાઓ કરી એને આપણે ગંભીરતાથી સાંભળી છે. પાણી, હવા એ કુદરતી સ્ત્રોત છે કે જેનું આપણે ઉત્પાદન કરી શકતા નથી. અત્યારે દરિયામાં પુરાણ કરીને જમીન વધારી શકીએ છીએ.પણ પાણી અને હવા છે કે જેના વિના મનુષ્યનું જીવન એક ક્ષણ પણ ચાલી ન શકે. એના ઉપર આપણો આધાર છે અને એ વિષયના ભાગરૂપે પાણી ઉપર આજે આપણે સૌએ ચર્ચા કરી છે. સ્વભાવિક રીતે દરેકને પોતાની આવક વધારવાનો, વ્યવસાયને વધુ મજબૂત બનાવવાનો અને પોતાના પરિવારને સમૃદ્ધ કરવાનો આપણા દેશમાં લોકશાહીમાં મળતો અધિકાર છે. ખેડૂતોને પોતાની રીતે ખેતી વધારવા માટે જરૂરી વ્યવસ્થાઓ કરવાનો અધિકાર છે. વેપારી હોય, ઉદ્યોગપતિ હોય, નોકરિયાત હોય, કામદાર હોય, કોઈપણ વર્ગ હોય વ્યવસાયિક રીતે એને પોતાની આવક વધારવાનો અધિકાર છે અને એના ભાગરૂપે એને ઉપયોગી કુદરતી સંસાધનો, માનવ રચિત સાધનોનો એને ઉપયોગ કરવાનો પણ અધિકાર છે. અધિકારની સામે આપણી જે ફરજો છે એ પણ આપણે વિચારવી જોઈએ. અહીંયા જે રીતની વાતો કેટલાક માનનીય સભ્યશ્રીઓએ કરી કે પાણી આપણે ખેંચીએ છીએ. અહીંયા માનનીય શંકરભાઈએ ખૂબ સાચું કહ્યું કે આપણે શોષણ અને દોહન બહુ કર્યું છે પણ એને પુરવાનું

કામ, એમાં પૂરતી કરવાનું કામ, ભૂગર્ભ જળ વધારવાનું કામ ન કર્યું અને ખેંચ્યે રાખ્યું. જ્યારથી ઈલેક્ટ્રિસિટીની શોધ થઈ, ડિઝલ અને ઑઈલ એન્જિનો આવ્યા, ભૂતકાળમાં આપણા બાપ-દાદા કૂવા અને કોશથી પાણી ચલાવતા હતા. એ વખતે ભૂગર્ભમાં જતા ન હતા. એ વખતે ક્ષમતાઓ મર્યાદિત હતી. પરંતુ સમજણ, ટેકનોલોજી, યંત્રીકરણ આગળ વધતા ગયા, વીજળી મળતી ગઈ એમ આપણે મોટા પ્રમાણમાં પાણી ભૂગર્ભમાંથી ખેંચવા માંડ્યું. રાજ્ય અને દેશની વસતિ વધતી ગઈ. બે-ત્રણ કરોડની વસતિવાળા ગુજરાતની વસતિ આજે સાડા પાંચ કરોડ છે અને ભવિષ્યમાં ૬ કરોડ એમ વધતી જવાની છે. પીવાના પાણીની નાગરિકોની જરૂરિયાત વધતી જાય છે. ઘરગથ્થું પાણીનો વપરાશ પણ દરેકના ઘરમાં વધતો જાય છે. આપણે બધા સાક્ષી છીએ કે આપણે જ્યારે નાના હતા ત્યારે આપણા માતા, બહેનો, ભાભી કૂવા ઉપરથી ચાર-પાંચ બેડા પાણી ભરી લાવે અને આપણે બધા એમાંથી આખો દિવસ એ પાણીનો ઉપયોગ કરતા હતા. ન્હાવા-ધોવાનું એમાં આવી જતું હતું અથવા તળાવે જતા હતા એ આપણે જોયેલું છે, અનુભવ કરેલો છે. જે રીતે આધુનિક રીતે પાણીનો વપરાશ ઘરોમાં થઈ રહ્યો છે, અત્યારે જાજરૂ, સંડાસ, બાથરૂમમાં વપરાશ વધી ગયો છે. ભૂતકાળમાં ૨૫ વર્ષ પહેલા આપણા બાપ-દાદા ઘરગથ્થું જેટલું પાણી વાપરતા હતા એના કરતાં વધારે જવાહરભાઈ જેવા લોકો બાથરૂમમાં શાવર નીચે વાપરી નાખતા હોય છે. (અંતરાય) યુવાન છે એટલે વધારે વાપરે છે એમ મારું કહેવું છે. એ આપણે વિચારવું જોઈએ. જેમ જેમ પાણીની જરૂરિયાત વધતી ગઈ, પહેલા બે-ત્રણ કરોડ લોકોને પીવાનું પાણી, રસોઈ અને રસોડાનું પાણી, ન્હાવા-ધોવાનું પાણી જોઈતું હતું. આજે કરોડો લોકોને પાણી જોઈએ છે. પાણીનો વપરાશ વધતો ગયો છે. પહેલા ઉદ્યોગો ન હતા. ઉદ્યોગોને પાણીની જરૂરિયાત વધતી ગઈ, ઔદ્યોગિક ઉત્પાદન માટે તેમજ ઔદ્યોગિક કામદારોની વસાહતો થઈ એની પાણીની જરૂરિયાત વધતી ગઈ. આ બધું જોઈએ તો પાણીની જરૂરિયાત વધી છે. કુદરત કે ભગવાન જેટલો વરસાદ આપે છે એ મર્યાદામાં આપે છે. કંઈ વસતિ વધે એટલે ભગવાન વાલ ખોલીને નથી બેઠક કે વસતિ વધી એટલે વધુ વરસાદ આપું. સ્વભાવિક રીતે આપણે અત્યારે માણી રહ્યા છીએ, આપણા બાપ-દાદાઓએ પાણી બચાવ્યું છે, શુદ્ધ પર્યાવરણ જાળવ્યું છે એના લીધે છે. આપણે પણ આવનારી પેઢી માટે જાળવવું એ આપણી નૈતિક ફરજ છે. રાજકીય જે લોકો સત્તામાં હોય, વહીવટમાં હોય એમની કાયદાકીય અને બંધારણીય નૈતિક ફરજ એને વધારવાની, એને જાળવવાની છે. અત્યારે કહીએ કે પાણી ખેંચી નાખીએ એ અત્યારે રાજકીય રીતે સારું લાગે, સહેલું લાગે, લોકપ્રિય લાગે પણ આવનારા દાયકાની રીતે જોઈએ તો આવનારી પેઢી માટે ખારું અને ફ્લોરાઈડવાળું પાણી વાપરવું પડે એવી પરિસ્થિતિ પેદા થાય. માનનીય સભ્યશ્રી અમિતભાઈએ શરૂઆતમાં પ્રવચનની શરૂઆત કરી ત્યારે એ બે વાક્યો બોલ્યા એ મેં નોંધ્યા છે. ખૂબ સારી રીતે આ વિષયને એમણે મૂક્યો છે. એમણે કહ્યું એ શબ્દે શબ્દ કહું તો ગુજરાતમાં ભૂગર્ભ જળની સપાટી નીચે જઈ રહી છે અને પાણીની ગુણવત્તા બગડતી જાય છે તે ચિંતાજનક છે.

ભૂગર્ભ જળની સપાટી નીચે જઈ રહી છે અને આપણીની ગુણવતા બગડતી જાય છે એ ચિંતાજનક છે. અમિતભાઈના શબ્દો તદ્દન સાચા છે, હું એમને આવકારું છું કે સાચી વાત એમણે સ્વીકારી છે. આપણે બધાજ જો કબૂલ કરતા હોઈએ, આ સંકલ્પ લાવનાર માનનીય સભ્યશ્રી પણ એ દીર્ઘદૃષ્ટિથી વિચારતા હોય કે પાણી ખારું થતું જાય, ફ્લોરાઈડવાળું થતું જાય, પીવાલાયક ગુણવત્તાવાળું ના રહે, ભૂગર્ભજળ નીચા જતા જાય. પહેલા ૫, ૧૦ હોર્સ પાવરની મોટર, અત્યારે તો ૭૫, ૮૦ હોર્સ પાવરની મોટરથી ૧૦૦૦, ૧૨૦૦ ફૂટ ઊંડા ટ્યુબવેલથી માંડી, હજારો કૂવાથી માંડી આપણે પાણી ખેંચીએ છીએ ત્યારે આપણે એને હું કહું બધું આવશે. અહીંયા મારે માનનીય સભ્યશ્રીઓને ધ્યાન મૂકવું છે. રામસિંહભાઈ જેવા સિનિયર સભ્ય એમ બોલ્યા કે, પાણી બચાવવાનું, પાણી રિચાર્જ કરવાનું કામ આ સરકાર કરતી નથી. માનનીય અધ્યક્ષશ્રી, મારે તમારી વાત ઉપર, રામસિંહભાઈની વાત ઉપર મને દયા આવી. કોઈ જવાહરભાઈ જેવા બોલ્યાં હોત તો હું સમજી શકત, નટવરસિંહ જેવા બોલ્યાં હોત તો હું સમજી શકત, પણ મંત્રી રહી ચૂકેલા માણસ, અમૂલ ડેરીના ચેરમેન આણંદ જિલ્લા દૂધ ઉત્પાદક સંઘના એ એમ કહે છે કે અમારું દૂધ વધતું જાય છે, કૃષિનું ઉત્પાદન વધતું જાય છે તો શું વગર પાણીએ આ બધું વધે છે? પાણી અનેકગણું સરકારે આપ્યું છે માટે આ ઉત્પાદન વધે છે.

માનનીય અધ્યક્ષશ્રી, એમણે એમ કહ્યું કે, પાણીની વ્યવસ્થા કરતા નથી, રિચાર્જની વ્યવસ્થા કરતા નથી. માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનીય ગૃહને હું આંકડાકીય માહિતી આપીને કહેવા માગુ છું કે ૧૯૬૦માં ગુજરાત રાજ્ય અલગ બન્યું. ૧૯૯૫માં પહેલીવાર ગુજરાતમાં ભા.જ.પ.ની સરકાર આવી. ૧૯૯૮માં બીજીવાર ફરી ભા.જ.પ.ની સરકાર આવી. અમુક લોકોના બળવા બાદ. ફરીથી એમને પ્રજાએ જાકારો આપ્યો. ૧૯૬૦થી માંડીને ૧૯૯૮ સુધી કોંગ્રેસે જે સળંગ રાજ્ય કર્યું. લગભગ થોડા વર્ષને બાદ કરતા, આખા રાજ્યની અંદર કેટલા ચેકડેમ બાંધ્યા હતા? ૩૦૦૦ ચેકડેમ બાંધ્યા હતા. ભારતીય જનતા પક્ષની સરકાર આવી ૬૦:૪૦ની યોજના, ૮૦:૨૦ની યોજના કરી, આદિવાસી વિસ્તારોમાં વ્યવસ્થા કરી એના કારણે સવા લાખ કરતા વધુ ચેકડેમ આ રાજ્ય સરકારે બનાવ્યાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, મને તો એમ થાય છે કે જેને કરવાનું હતું એણે ના કર્યું. જે લોકો વ્યવસ્થામાં હતા, વહીવટમાં હતા, સત્તામાં હતા એમની ટૂંકી દૃષ્ટિના કારણે આજે આ ડાર્કઝોન આવ્યો છે. તમે જો ચેકડેમો બનાવ્યા હોત, તળાવ ઊંડા કર્યા હોત, રિચાર્જ કર્યુ હોત તો ડાર્કઝોન ના મૂકવો પડત. તમારા દીર્ઘદૃષ્ટિના અભાવના કારણે

આ કામ અત્યારે આવનાર પેઢીને આ ભોગવવું પડે છે. માનનીય અધ્યક્ષશ્રી, એ કહું ઈકબાલભાઈ, એમ કહેવામાં આવે છે કે ભા.જ.પ.ની સરકાર આવી ત્યારે મૂકયો. મારી પાસે રેકર્ડ છે. જેમને જોઈએ એને હું આપીશ. ૧૯૮૪માં ગુજરાતમાં કઈ સરકાર હતી? ક્યા મુખ્યમંત્રી હતા નક્કી કરી લેજો? તમારાં જ હતા. પહેલીવાર એક કમિટી બનાવવામાં આવી અને એ કમિટીને કામ સોંપ્યું કે પાણીના તળ નીચા જતા જાય છે એની તમે તપાસણી કરો. માનનીય અધ્યક્ષશ્રી, સાંભળો, ભાઈ, પહેલા જન્મનું આવે પછી બીજું આવે. તમારે સીધું બીજું લેવું છે. માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૮૪માં પહેલીવાર આપણા રાજ્યની કમિટી બનાવી કે પાણીના તળ નીચા જતા જાય એની ટ્રેટીજી કહું એ વખતે ૫ તાલુકા ઓવર એક્ષપ્લોઈટેડ અને એક તાલુકો ડાર્કઝોન, બે તાલુકા ખારાશયુકત. આ ૧૯૮૪ માં એ બીજ રોપાયું. ૧૯૮૪માં એ લોકોએ, એ વખતની સરકારોએ જે અત્યારે સામે બેઠા છે એ લોકોના પક્ષે વિચાર્યુ હોત કે આ પાણી નીચે જતું રહ્યું છે. અમે જેમ ૧૯૯૮થી જાગ્યા છીએ તેમ, તમે ૧૯૮૪થી જાગ્યા હોત તો કદાચ ૫૭ તાલુકા નહિ ઘણાં ઓછા તાલુકા ડાર્કઝોનમાં હોત. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકાર ઉપર નાંખે છે. ભારત સરકાર વારંવાર (અંતરાય) સાંભળોને શકિતભાઈ. ૧૯૮૪ની વાત કરોને, ૧૯૯૫ની વાત શું કરવાને કરો છો? ૧૯૮૪ને તમે કેમ ઉડાડી દો છો? ૧૯૮૪ને યાદ કરો. ભારત સરકાર પણ આ બાબતમાં જાગૃત છે. નામદાર સુપ્રીમ કોર્ટમાં એક જાહેર હિતની અરજી થઈ અને નામદાર સુપ્રીમ કોર્ટે ભારત સરકારને, બધા રાજ્યોને સૂચના આપી કે દેશની અંદર પાણીના તળ જે વિવિધ રાજ્યોમાં ઊંડા જાય છે, પાણીની કવોલીટી બગડતી જાય છે. પાણીની કવોલીટી બગડતી જાય છે અટકાવવા માટે તમે પ્રતિબંધાત્મક પગલા લો અને પગલા લેવાના ભાગરૂપે નામદાર સુપ્રીમ કોર્ટનું માર્ગદર્શન અને ભારત સરકારની ગાઈડ લાઈન પ્રમાણે આ પ્રમાણે આ કામ ચાલું થયું. આતો આ ગુજરાત સરકાર સારી છે નહીંતર ભારત સરકારનું તો આના માટે એટલું બધું દબાણ છે કે, કોઈ પણ રીતે તમે આ કામ આગળ વધારો, કાયદો લાવો અને ખેડૂતો કે જે બીજા લોકો પાણી લે છે એમને અટકાવો . માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય) સાંભળો રામસિંહભાઈ સાંભળો, તમારા *(xxxxx) તમને નડે છે, તમારા કરતૂત નડે છે ગુજરાતની પ્રજાને,

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી આપ (xxxxx) શબ્દ પાછા ખેંચી લો.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : પાછા ખેંચું છું. માનનીય અધ્યક્ષશ્રી, વીજળીના કનૅક્શનની વાત કરે છે. મારે આંકડા આપવા છે મે હમણાં માહિતી મેળવી આ હમણાં વીજળીના કનૅક્શન, વીજળીના કનૅક્શન કરે છે તો અમે કયાં છીએ એ જોઈએ. માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૯૪-૯૫નો મે બેઈઝ લીધો એ વખતે કોંગ્રેસની સરકાર હતી. માનનીય વિરોધપક્ષના આપણા નેતા શ્રી શકિતસિંહભાઈ એ મંત્રી મંડળમાં હતા, મોહનસિંહભાઈ મંત્રી મંડળમાં હતા, રામસિંહભાઈ મંત્રી મંડળમાં હતા એ બધાને જ હું પૂછવા માગુ છું અને નવી માહિતી આપવા માગુ છું. ૧૯૯૪-૯૫માં જી.ઈ.બી.ના ખેતીવાડીના કનૅક્શનની સંખ્યા રાજયમાં ૪ લાખ, ૮૮ હજાર હતી, સાંભળી લેજો, વીજળીનો વપરાશ વર્ષે ૮૪૬ કરોડ યુનિટ હતો, સબસિડી કેટલી આપતા હતા તમે ? ૭૦૨ કરોડ રૂપિયા ખેડૂતોને હવે માનનીય અધ્યક્ષશ્રી, નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વવાળી ખેડૂતોની આ સરકાર શું ખેડૂતોને આપે છે સાંભળો, માનનીય અધ્યક્ષશ્રી, એમના (અંતરાય) સાહેબ મારો સમય વધારી આપવો પડશે. સાહેબ ,૪,૮૮,,૦૦૦ કનૅક્શનની સામે અત્યારે ગુજરાતમાં ૮,૪૦,૨૮૦ ડબલ વીજળીના કનૅક્શન આ ગુજરાતની સરકારે ખેડૂતોને આપ્યા છે. એમના વખતમાં વીજળીનો વપરાશ ૮૪૬ કરોડ યુનિટ ખેતીવાડીમાં થતો હતો. આજે જે વપરાશ થાય છે ૯૦૪ કરોડ યુનિટ આમાં વપરાશ થાય છે એ પણ ડબલ કરતાં વધારે થયો અને ખેડૂતો માટેની સબસિડીની વાત કરું, ખેડૂતો માટેની સબસિડીની વાત કરું ૭૦૨/- કરોડ રૂપિયા તમે સબસિડી આપતા હતા, નરેન્દ્રભાઈ મોદીની આ ભા.જ.પ.ની સરકાર ૨,૬૦૦/- કરોડ રૂપિયાની માતબર રકમની આપી રહી છે સબસિડી ખેડૂતોને. માનનીય અધ્યક્ષશ્રી, આપણે ત્યાં નિર્ણય કરવાનો છે. આપણે પ્રજા તરીકે અત્યારે જ કુદરતનું દોહન કરી લેવું છે કે આવનારી પેઢી માટે બાકી રાખવું છે ? શકિતભાઈ નિર્ણય કરા તમે કોંગ્રેસવાળા તમે કહો ? તમે ડાંક ઝોન, અમારા સભ્યશ્રી કાળુભાઈએ અને બધાએ કહયું છે કે, કેટલા ચેક ડૅમો બનાવ્યા, કેટલા બોરી બંધો બનાવ્યા, કેટલા તળાવો ઊંડા કર્યા, કેટલી નદીઓને રિચાર્જ ? અમે રિચાર્જ કરીએ છીએ, અમારી પણ ઇચ્છા છે કે, ખેડૂતોને વધારે આપી આપીએ. નર્મદા યોજના, સુજલામ સુફલામ યોજના જે રાજયમાં લાખો ચેક ડૅમો આ બધી વ્યવસ્થાઓ આપી ખેડૂતોને વધુ ને વધુ અમે સિંચાઈ આપવા માગીએ છીએ. અમારી સરકાર આવી ડ્રીપ ઈરીગેશનમાં પચાસ ટકા સબસિડીની યોજના મૂકી. તમે કોઈએ એક રૂપિયો પણ સબસિડી ખેડૂતોને ડ્રીપ ઈરીગેશનમાં એક રૂપીયો આપી હોય તો કહો તમારા વખતમાં ? કોઈને ખબર પણ નહતી સાહેબ કે, ડ્રીપ ઈરીગેશન શું કહેવાય. આજે હજારો, કરોડ રૂપિયાની સબસિડી અમે ખેડૂતોને આપી. પાણી બચાવી ઓછા પાણીએ વધારે પાક લેવા જ્યારે કરી રહ્યા છીએ ત્યારે આવનારા સમયમાં પાણી વધુ ઊંચું આવે એ અંગે યોગ્ય વિચારણા રાજય સરકાર કરશે.

**અધ્યક્ષશ્રી** : શ્રી અમિતભાઈ.

**શ્રી અમિત ચાવડાઃ** માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર ગુજરાતના ખેડૂતોની જે લાગણી છે અને એમાં પણ ખાસ કરીને ૫૭ તાલુકાના જે ખેડૂતો અને પ્રજાની લાગણી છે એને આ ગૃહમાં લાવવાનો પ્રયત્ન કર્યો હતો મેં.

* (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

નિતિનભાઈ પોતાને પણ ખેડૂતના દીકરા કહે છે અને મેં જે ૫૭ તાલુકાની યાદી જોઈ એમાં માનનીય નિતિનભાઈનો પણ તાલુકો છે એટલે મને એમ હતું કે કદાચ હું આ સંકલ્પ લાવીશ તો નિતિનભાઈ આનો પૉઝિટીવ જવાબ આપશે, કોઈ રાજકીય રીતે એને નહીં લે અને ખેડૂતોની ચિંતા કરીને ખેડૂતોને કઈ રીતે મદદરૂપ થઈ શકાય એવો કંઈક સારો પૉઝિટીવ જવાબ આપશે. માનનીય અનિલભાઈએ ખૂબ સારી વાત કરી કે આપણા વિસ્તારના આ ૫૭ તાલુકાના ખેડૂતોને કદાચ મદદ કરવા માગતા હોઈએ તો વીજળી કનેકશન તો આપીએ પણ કદાચ એના વિકલ્પરૂપે કોઈ પેકેજ આપીએ, કોઈ એવી યોજના લાવીએ કે આ ખેડૂતોને જે આર્થિક નુકસાન થઈ રહયું છે એમાં આપણે કઈ રીતે મદદરૂપ થઈ શકાય? મને ખરેખર દુ:ખ થયું કે નિતિનભાઈ, અનિલભાઈની વાતને પણ પૉઝિટીવ લેવાને બદલે ફકત રાજકીય અવલોકનો કરી અને પહેલા તમે આમ કર્યું હતું અને અમે આમ કર્યું એવી બાબતોનો ઉલ્લેખ કર્યો. અહીંયા ખૂબ મેં પહેલા પણ કહ્યું કે છેલ્લા સાત આઠ વર્ષથી જયારથી હું આ ગૃહમાં આવું છું ત્યારથી ખેતતલાવડીઓ, ચેકડેમો, તળાવો ઉંડા કર્યા, જળસંચય કર્યું, એવી બધી અનેક વાતો થાય છે પણ એમછતાં ૫૭ તાલુકામાંથી એક પણ તાલુકો ઓછો નથી થતો. મારી માનનીય મંત્રીશ્રીને ફરી વિનંતી છે કે જો આપણે ખરેખર ખેડૂતોના હિતની વાત કરતા હોઈએ અને આ તો પેલું " પાડાના વાંકે પખાલીને ડામ" જેવી વાત થાય છે કે આપણે ખેડૂતોને જ અન્યાય કરવાનો? ઉદ્યોગપતિઓ માટે કોઈ રીસ્ટીકશન નહીં. ફકત ને ફકત જળસંચય કરવા માટેની જવાબદારી ખેડૂતોની જ જવાબદારી છે. તમે કીધું એની સાથે હું પણ સંમત છું કે આપણા સહુની સહિયારી જવાબદારી છે પણ જે આ ૫૭ તાલુકાના ખેડૂતોને છેલ્લા દસ વર્ષથી અન્યાય થઈ રહ્યો છે એમાં આપણે કઈ રીતે મદદરૂપ થઈ શકીએ, એને આપણે કઈ રીતે પ્રોત્સાહિત કરી શકીએ એ માટેની કોઈક ચિંતા આપણે સૌ સાથે મળીને કરીએ અને સરકાર મારા સંકલ્પ સાથે સંમત થાય એવી હું આજના તબકકે ગૃહના તમામ સભ્યશ્રીઓને વિનંતી કરું છું અને માનનીય મંત્રીશ્રીને આપના દ્વારા પણ સરકારને વિનંતી કરું છે આ ૫૭ તાલુકાના ખેડૂતોની જે લાગણી છે એની સાથે આપણે સૌ સંમત થઈએ અને એમને વીજ જોડાણ આપવા માટેની ચોકકસ કોઈ યોજના અહીંયા જાહેર કરવામાં આવે એવી મારી વિનંતી છે.

**સંકલ્પ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.**

**સભાગૃહનું કામકાજ સાંજના ૬-૦૮ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર શુક્રવાર, તા.૨૫મી માર્ચ, ૨૦૧૧ ના રોજ સવારના ૮-૩૦ વાગે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**શુક્રવાર, તા:૨૫મી માર્ચ, ૨૦૧૧**
**ચૈત્ર ૪, ૧૯૩૩ શાકે**
**સભાગૃહ સવારના ૮-૩૦ વાગ્યે મળ્યું.**
**અધ્યક્ષશ્રી, ગણપતભાઈ વસાવા અધ્યક્ષસ્થાને**

**અધ્યક્ષશ્રી** : ગઈ કાલે ભારત ઓસ્ટ્રેલીયા વચ્ચેની કવાર્ટર ફાઈનલ મેચમાં ભારતીય ટીમે ઓસ્ટ્રેલીયાને હરાવીને ભવ્ય વિજય મેળવી સેમી ફાઈનલમાં પ્રવેશ કર્યો છે તે બદલ ગૃહના સભ્યો વતી ભારતીય ટીમને અભિનંદન પાઠવું છું અને આપણે સૌ ભારત વિશ્વકપ જીતે તેવી શુભ કામનાઓ પાઠવીએ.

# તારાંકિત પ્રશ્નો

**સાબરકાંઠા જિલ્લામાં ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાના લાભાર્થી**

***૨૧૩૮૭ શ્રી ઉદેસિંહ પું. ઝાલા (બાયડ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

તા:૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાનો કેટલા લાભાર્થીએ લાભ લીધો?

**આરોગ્ય મંત્રીશ્રી :**

તા :૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાનો કુલ ૨૨,૯૦૩ લોકોએ લાભ લીધો.

**શ્રી ઉદેસિંહ પું. ઝાલા** : માનનીય મહોદયશ્રી, હું માનનીય મંત્રી મહોદયશ્રી પાસેથી જાણવા માગુ છું કે તા:૩૧-૧-૨૦૧૧ દરમિયાન સાબરકાંઠા જિલ્લામાં કેટલી ૧૦૮ એમ્બયુલન્સ સેવા કાર્યરત છે અને તેમાંથી કઈ કઈ સેવાઓ આપવામાં આવી? મારો બીજો પ્શ્ન એ છે કે સાબરકાંઠા જિલ્લામાં ૨૦૦૯માં ફાટી નીકળેલ હીપેટાઈટીઝ-બી રોગચાળા દરમિયાન કેટલી ૧૦૮ એમ્બ્યુલન્સ કામે લગાડવામાં આવી? અને એ એમ્બ્યુલન્સનો કઈ કઈ રીતે ઉપયોગ કરવામાં આવે છે?

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, સાબરકાંઠા જિલ્લામાં ઓગણીસ ૧૦૮ સેવાઓ ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ કાર્યરત છે. અને આ એમ્બ્યુલન્સ સેવાઓમાંથી છેલ્લા બે વર્ષમાં ખેરોજ અને સાઠંબા એમ બે સેવાઓ ઉમેરવામાં આવી છે. માનનીય સભ્યશ્રી ઉદેસિંહજીએ આ સેવાઓ દ્વારા કઈ કઈ વિવિધ સેવાઓ આપવામાં આવી હતી તે અંગેની માહિતી માગી છે. છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં ૧૦૮ સેવાઓ દ્વારા કુલ ૬૫,૯૨૫ જેટલા કિસ્સાઓમાં સહાય કરવામાં આવી. એ કિસ્સાઓમાં ૮,૭૮૪ કિસ્સા વાહન અકસ્માત એટલે વેહીકયુલર રીલેટેડ ટ્રોમાના હતા. ૨૭,૨૯૨ કિસ્સા પ્રસુતિ રીલેટેડ ઈમરજન્સીના હતા અને અન્ય ૨૯,૮૪૯ કિસ્સાઓ એમ મળીને કુલ ૬૫,૯૨૫ કિસ્સાઓ આ સેવા દ્વારા સહાય કરવામાં આવી છે. માનનીય સભ્યશ્રીએ ત્રીજો પ્રશ્ન પૂછયો સાબરકાંઠામાં ૨૦-૨-૨૦૦૯થી ૨૪-૨-૨૦૦૯ના સમયગાળા દરમિયાન હીપેટાઈટીઝ-બીનો રોગચાળો ખાસ કરીને મોડાસા-મેધરજમાં વિશેષતઃ ફાટી નીકળ્યો ત્યારે બીજી વધારાની ચાર ટેમ્પરરી ધોરણે ૧૦૮ સેવાઓ મોડાસા ખાતે મૂકવામાં આવી હતી અને આ સેવાઓ સાર્વજનિક હૉસ્પિટલ મોડાસા ખાતે આ સાત એમ્બ્યુલન્સ રાખવામાં આવી હતી. અને એમાં મોડાસામાંથી હીપેટાઈટીસ-બીના ૨, માલપુરમાંથી ૬, મેધરજમાંથી-૨, ધનસુરામાંથી ૪, શામળાજીમાંથી-૨, રણાસણમાંથી-૧ અને ગાંભોઈમાંથી ૧ એમ મળીને ૧૮ કેસ સાર્વજનિક હોસ્પિટલ મોડાસા, સ્મિત હોસ્પિટલ હિંમતનગર, સાર્વજનિક હૉસ્પિટલ રણાસણ અને સામૂહિક આરોગ્ય કેન્દ્ર મેધરજ ખાતે ટ્રાન્સફર કર્યા હતા. આ જે સેવાઓ હતી એની ખરેખર અસર તો આ ચાર ટેમ્પરરી અને ત્રણ રેગ્યુલર મળીને એમ કુલ સાત ૧૦૮ સેવાઓએ જે કામ કર્યુ એના કારણે અતિગંભીર જેને કહેવાય તેવા નવ દર્દીઓને મોડાસાથી એક, અમદાવાદ-ચાર અને મહોસાણા -ચાર એમ કરીને નવ દર્દીઓને સિવિલ હોસ્પિટલ અમદાવાદ ખાતે વિશેષ સારવાર માટે આપણે ખસેડી શકયા અને મહદ્અંશે એમની જીંદગી બચાવવામાં આ સેવાઓ નિમિત્ત રૂપ બની એમ કહી શકાય.

**બનાસકાંઠા જિલ્લામાં ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાના લાભાર્થી**

*** ૨૧૩૩૪ શ્રી બાબુભાઈ જે. દેસાઈ (કાંકરેજ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

બનાસકાંઠા જિલ્લામાં તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ૧૦૮ એમ્બ્યુલન્સ સેવા મારફતે કેટલા લોકોએ લાભ લીધો?

**આરોગ્ય મંત્રીશ્રી :**

બનાસકાંઠા જિલ્લામાં તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાનો કુલ ૨૨,૯૦૩ લોકોએ લાભ લીધો.

**શ્રી બાબુભાઈ જે. દેસાઈ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી આપના માધ્યમથી જાણવા માગું છું કે બનાસકાંઠા જિલ્લામાં કેટલી એમબ્યુલન્સો કાર્યરત છે? તે પૈકી એડવાન્સ લાઈફ સેવિંગ સિસ્ટમવાળી કેટલી છે અને બેઝિક લાઈફ સિસ્ટમવાળી કેટલી છે અને આ દ્વારા કેટલા લાભાર્થીઓને લાભ મળ્યો છે?

**શ્રી જયનારાયણ વ્યાસ** : બનાસકાંઠામાં કુલ ૧૮ એમ્બ્યુલન્સ સેવાઓ કાર્યરત છે. એમાંથી એડવાન્સ લાઈફ સેવિંગ સિસ્ટમવાળી ૪ અને બેઝિક લાઈફ સિસ્ટમવાળી ૧૪ એમ્બ્યુલન્સ કાર્યરત છે. આ સેવાઓ દ્વારા કુલ છેલ્લા એક વર્ષમાં તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ કુલ ૨૨,૯૦૩ કિસ્સાઓમાં મદદ કરવામાં આવી હતી એમાંથી વ્હીક્યુલર ટ્રોમાના કિસ્સામાં ૨૭૯૮, પ્રસૂતિ રીલેટેડ ૧૦૫૪૧ અને અન્ય ૯૫૬૪ એમ મળીને કુલ ૨૨,૯૦૩ કિસ્સાઓમાં મદદ કરવામાં આવી હતી.

**શ્રી મફતલાલ મો. પુરોહિત** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે મેડિકલ, આગ અને પોલીસ ફરિયાદના કેટલા ઈમરજન્સી કોલ મળ્યા અને પોલીસના કેસની અંદર શું કાર્યવાહી કરવામાં આવે છે?

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય સભ્યશ્રીએ પૂછેલ પ્રશ્ન અગત્યનો એટલા માટે છે કે ૧૦૮ સેવાને હજુ પણ મહદ્અંશે આપણે એમ્બ્યુલન્સ સેવા તરીકે ઓળખીએ છીએ. જ્યારે વાસ્તવમાં આ ૧૦૮ સેવામાં ત્રણ પ્રકારની સેવાઓ આપવામાં આવે છે. મેડિકલ, પોલીસ અને આગ અને આ જે કિસ્સાઓ છેલ્લા એક વર્ષમાં બન્યા એમાં ૨૨,૯૦૩ મેડિકલના, ૩૦૦ કિસ્સા પોલીસના અને ૪૬ કિસ્સા આગના હતા. આ ૧૦૮ સેવાઓ દ્વારા એને સેવા આપવામાં આવી હતી. આગનો કિસ્સો હોય તો તેમાં જે તે ફાયર બ્રિગેડ સ્ટેશનને જાણ કરવામાં આવે છે અને ત્યાર પછી આગળની કાર્યવાહી જે તે નગરપાલિકા અથવા તો મ્યુનિસિપલ કોરપોરેશન અથવા જે તે ફાયર સ્ટેશનને સત્તા હોય તેના હાથમાં આગળની કાર્યવાહી કરવાનું હોય છે. પોલીસ ફરિયાદના કિસ્સામાં એ જ ડેસ્ક, હું માનનીય સભ્યશ્રીઓને વિનંતી કરીશ કે જો આપે અનુકૂળતા કરી જોયું ન હોય તો મારી વિનંતી છે કે આપ બધા ભેગા થઈને કઠવાડા એક દિવસ ખાસ આપને હું લઈ જવા માગું છું. એક જ કોલ પોલીસના ટેબલ પર ટ્રાન્સફર થાય છે એટલે અલગથી પોલીસ ફરિયાદ નોંધાવવાની રહેતી નથી અને જે પોલીસ ફરિયાદ હોય તે પોલીસ ફરિયાદ સંબંધી કિસ્સામાં પોલીસ સ્ટેશનને જાણ કરવામાં આવે છે અને પોલીસના સંબંધિત સક્ષમ અધિકારી પણ ૧૦૮ની જે સેન્ટ્રલ મોનિટરીંગ સ્ટેશન છે કઠવાડા ખાતે હાજર રહે છે એટલે આ ફરિયાદ આપોઆપ નોંધાવવા માટે ટ્રાન્સફર કરવામાં આવે છે.

**શ્રી અનિલકુમાર અ. માળી** : આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે છેલ્લા બે વર્ષમાં ૧૦૮ સેવાના સંચાલન પાછળ મૂડી ખર્ચ અને મહેકમ ખર્ચ તેમજ અન્ય ખર્ચ પેટે કેટલા વપરાયા અને તે રકમમાં રાજ્ય સરકારનો શું ફાળો છે અને કેન્દ્ર સરકારનો શું ફાળો છે?

**શ્રી જયનારાયણ વ્યાસ** : પ્રશ્ન છેલ્લા એક વર્ષ પૂરતો મર્યાદિત છે એટલે મારી પાસે છેલ્લા એક વર્ષની માહિતની ઉપલબ્ધ છે. છેલ્લા એક વર્ષમાં ૧૦૮ સેવાના સંચાલન પાછળ મૂડી ખર્ચ અને મહેકમ ખર્ચ તેમજ અન્ય ખર્ચ પેટે નીચે મુજબનો ખર્ચ કરવામાં આવ્યો છે. બળતણ પેટે ૧૦.૫૨ લાખ, પગાર-ભથ્થા પેટે ૨૪.૮૨ લાખ, દવા પેટે ૨.૯૯ લાખ અને અન્ય ખર્ચ ૧૬.૨૭ લાખ એમ મળી કુલ ૫૪.૬૦ લાખ અને કેપીટલ કોસ્ટ તા. ૩૦-૪-૨૦૧૦ના રોજ એક ૧૦૮ સેવા ઉમેરાઈ એ મળીને આશરે ૧૫ લાખ. છેલ્લા એક વર્ષમાં જે રકમ ખર્ચાઈ એ ૧૦૦ ટકા રકમ રાજ્ય સરકારના નાણામાંથી ખર્ચવામાં આવી છે.

## રાજકોટ જિલ્લામાં હીમોફીલીયાના દર્દીઓ માટે આરોગ્ય સેવાઓ

***૨૧૩૯૫ શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા (ઉપલેટા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

(૧) હીમોફીલીયાના દર્દીઓ માટે સરકાર કઈ કઈ આરોગ્ય સેવાઓ પૂરી પાડે છે, એ

(૨) રાજકોટ જિલ્લામાં તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આ રોગગ્રસ્ત કેટલા દર્દીઓને સારવાર આપવામાં આવી?

**આરોગ્ય મંત્રીશ્રી :**

(૧) હીમોફીલીયાના દર્દીની સારવારમાં સામાન્ય રીતે સારવાર માટે તાજું લોહી તથા લોહીના ઘટકો આપવાની જરૂરિયાત હોય છે, જે સરકારી હૉસ્પિટલો દ્વારા આપવામાં આવે છે.

(૨) રાજકોટ જિલ્લામાં તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આ રોગના કુલ-૫ દર્દીઓને સારવાર આપવામાં આવેલ છે.

**શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસે એ જાણવા માગુ છું કે હીમોફીલીયાના દર્દી માટે સરકાર કઈ કઈ આરોગ્ય સેવાઓ પૂરી પાડે છે તેમજ રાજકોટ જિલ્લામાં તા.૩૧-૧-૧૧ ની સ્થિતિએ એક વર્ષમાં કેટલા રોગગ્રસ્ત દર્દીને સારવાર આપવામાં આવી છે?

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, આપની પરવાનગીથી હીમોફીલીયા બાબતમાં એક નાની બાબત મારે સન્માનનીય સભાગૃહના અને સભ્યશ્રીઓના ધ્યાને મૂકવી છે. કારણ કે રાજય સરકારે એ દિશામાં ચાલુ વર્ષે એક ખૂબ મહત્ત્વનું પગલું લીધું છે. માનનીય અધ્યક્ષશ્રી, લોહીમાં લોહી ગંઠાવાની જે પ્રક્રિયા છે એ પ્રોટીન ક્રોમોઝમના કારણે થતી હોય છે અને એ પ્રોટીનમાંથી કોઈ એક ક્રોમોઝમ જ્યારે ગેરહાજર હોય ત્યારે જલદી

ગંઠાઈ જતું નથી. કાપે તો લોહી નીકળે તો એટલું જ પણ એ લોહી બંધ થવું જોઈએ એ થતું નથી પણ એ લોહી બંધ થવું જોઈએ એ થતું નથી. બે પ્રકારના હીમોફીલીયા થાય છે. સામાન્ય હીમોફીલીયા તરીકે આપણે ઓળખીએ છીએ ફેકટર ૮ ડેફીસન્સી. ૮ નંબરના ફેકટરની ઊણપ હોય, એ ઊણપમાં ૫ થી ૫૦% નોર્મલ પ્રોટીન ફેકટર હોય ત્યાં સુધી એને માઈલ્ડ હીમોફીલીયા કહેવાય છે. ૧ થી ૫% સુધી મિડિયમ હીમોફીલીયા કહેવાય છે અને ૧% થી ઓછો પ્રોટીન ફેકટર હોય ત્યારે એને સિવિયર હીમોફીલીયા કહેવાય છે. આ રોગનું મૂળ કારણ આ ફેકટર એબસન્ટ અથવા ફેકટરની ગેરહાજરી છે અને ઈતિહાસ જે લોકો ભણ્યા છે, ઈતિહાસ વિષે જેમને રસ છે તો ક્વીન વિકટોરીયા રશિયાના ઝાર નીકોલસને પરણી હતી. એમાં રાસ્પુતીન નામનો એક પાદરી હતો. એ આ રોગની દવા જાણતો હતો. વિકટોરીયાના કારણે આ રોગ ના થાય તેના માટે રાસ્પુતીનનું પ્રભુત્વ ઝાર ઉપર એટલું હતું કે આજે પણ કોઈ માણસ રાજનીતિ પર વધારે પડતો કાબૂ ધરાવતો હોય અથવા તો કોઈપણ જગ્યાએ મુખ્ય માણસ હોય એના ઉપર કાબૂ ધરાવતો હોય તો એને રાસ્પુતીન કહેવામાં આવે છે એ હીમોફીલીયાનો, મહત્ત્વની વાત મારે એ કરવાની છે કે અત્યાર સુધી હીમોફીલીયાની ટ્રીટમેન્ટ શું આપવી? અથવા શું આપી શકાય? માનનીય સદસ્યશ્રીએ પૂછયું છે. એની બે રીતે ટ્રીટમેન્ટ અપાય છે. એક તો માનવ રક્તને ફેકટર સેપરેશન કરી અને ક્રાયોજનિક કુલિંગ કરીને એમાંથી આના માટેની દવા પેદા કરવામાં આવે છે. બીજું, આ જે ફેકટર ૮ના ઈન્જેકશન છે એ ઈન્જેકશન બહારથી લાવીને આપવા પડે છે, ખૂબ મોંઘા હોય છે ત્યારે ગુજરાતને લાગે વળગે છે ત્યાં સુધી દર એક લાખે એક પેશન્ટ હીમોફીલીયાનો હોય છે અને દર દસ લાખે હીમોફીલીયા-બી.નો એક પેશન્ટ હોય છે. કુલ અંદાજે લગભગ સાડાપાંચ હજાર દર્દીઓ રાજ્યમાં હશે પણ એક હજાર જેટલા દર્દીઓની અત્યાર સુધી માહિતી બહાર આવી શકી છે. કારણ કે, આવો કોઈ બનાવ બને અથવા તો હીમોફીલીયા સિવિયર હોય તો જ માહિતી બહાર આવતી હોય છે ત્યારે રાજ્ય સરકાર અત્યાર સુધી શાળા આરોગ્ય ચકાસણી કરીને જો આ રોગ પકડાય તો એના જે ફેકટર ૮ ડેફીસન્સીના ઈન્જેકશન છે તે Injection Recombinant, ઈન્જેકશન બજારમાંથી ખરીદવા પડે છે. ખૂબ મોંઘા આવે છે. મારે આ સન્માનનીય ગૃહને કહેવું છે કે આજથી ચાર મહિના પહેલા scalp pallet એટલે કે ફાટેલ તાળવાની પ્લાસ્ટિક સર્જરીમાં બાળકને બ્લીડીંગ ના થાય. તે માટે Recombanant ફેકટર ૮ ની સારવાર સિવિલ હોસ્પિટલ અમદાવાદ ખાતે તદ્દન મફત આપવામાં આવતી હતી પણ મહત્ત્વની વાત મારે હવે કરવી છે અને સન્માનનીય ગૃહના સભ્યશ્રીઓની પણ ઘણી બધી રજૂઆત આવે છે એટલે એમની એ રજૂઆતને ધ્યાને લઈને અને જે હીમોફીલીયા સોસાઈટી દ્વારા અમને રજૂઆત આવી હતી એને ધ્યાને લઈને જુલાઈ ૨૦૧૦ માં શાળા આરોગ્ય ચકાસણીની રાજ્ય કક્ષાએ જે સ્ટીયરીંગ કમિટી છે એની મિટિંગમાં ફેકટર ૮ ની સારવાર Recombanant ઈન્જેકશનની સારવાર બજારમાંથી ઈન્જેકશન ખરીદીને બાળકને મફત આપવાનું નક્કી કરવામાં આવ્યું છે. અને એ માટે ગૃહના સૌ સભ્યશ્રીઓનો હું આભારી છું.કારણ કે, મને ઘણા બધા સૂચનો આ બાબતમાં મળ્યા હતા અને આ બાબતમાં રાજય સરકારે આ ઉદાર વલણ રાખીને આ સારવાર આપવાનું નક્કી કર્યુ છે. એટલું જ નહીં પણ માનનીય મુખ્ય મંત્રીશ્રી સાથે પણ આ બાબતમાં વિગતવાર ચર્ચા થઈ હતી અને માનનીય મુખ્ય મંત્રીશ્રીએ અત્યંત સંવેદનશીલતા દાખવીને રાજયની હૉસ્પિટલોમાં આ રોગની સારવારને લગતા સાધનો ખરીદવા વર્ષ ૨૦૧૧-૧૨માં રૂપિયા બે કરોડની જોગવાઈ પ્રથમવાર બજૅટમાં કરવામાં આવી છે. એટલે હિમોફિલિયા એક અભિશાપ છે અને એ અભિશાપને આ રાજયની સંવેદનશીલ સરકાર સ્વીકારે છે અને હવે કોઈને પણ આ પ્રકારની રિકોમ્બોનેન્ટ ઇન્જૅકશન ફેકટર-૮ માટેના જોઈતા હોય તો શાળા આરોગ્ય ચકાસણી કાર્યક્રમ હેઠળ આપણે મફત આપી શકીશું.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, આ જે હિમોફિલિયાની જે સારવાર છે એમાં એની પ્રાથમિક જરૂરિયાત છે એ તાજુ લોહી અને લોહીના ઘટકો આપવાની છે, દવા તો છે જ પણ સૌથી વધારે જરૂરિયાત એના માટેની આ હોય છે. એમાં જે અત્યારે લોહીને બદલે, લોહીના ઘટકો જે જરૂરિયાત મુજબના આપવાની એક આધુનિક સારવારનો એક ટ્રેન્ડ ઊભો થયો છે અને એનાથી લોહીના ઘટકોનો પણ ઉપયોગ બરાબર રીતે થઈ શકે અને બિનજરૂરી જે ઘટકો આપવા પડે છે એ પણ ના આપવા પડે એ પણ બીજાના ઉપયોગમાં લઈ શકાય અને એના માટે જે લૅબૉરૅટરીઓ છે આપણી જે બ્લડ બૅન્ક લૅબૉરૅટરીઓ અથવા બ્લડ બૅન્ક છે જે એનું આધુનિકરણ કરવું ખૂબ જરૂરી છે અને અત્યારે જે આપણે ત્યાં બ્લડ બૅન્કો ઉપલબ્ધ છે એમાં ઘણા બધા જિલ્લાઓમાં આ જે ફેકટર્સ સેપરેશનની જે સગવડતાઓ છે એ ત્યાં છે નહીં એને કારણે લોહીના ઘટકોનો બિનજરૂરી વ્યય થાય છે અને જે જરૂરી ઘટકો છે એ મળતા નથી. તો જે જગ્યાઓએ આ પ્રકારની ફેકટર સેપરેશન કરવાની જોગવાઈ જે જિલ્લાકક્ષાની હૉસ્પિટલોમાં નથી તો સરકાર કરવા માગે છે કે કેમ એ માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગુ છું ?

**શ્રી જયનારાયણ વ્યાસ** : સાહેબ, માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન ઉપસ્થિત કર્યો એ ખૂબ જ અગત્યનો છે અને મારે એમને ગૌરવ સાથે કહેવું છે કે, આપણી સિવિલ હૉસ્પિટલ અમદાવાદની જે બ્લડ બૅન્ક છે એ સાહેબ એઈમ્સની બ્લડ બૅન્ક છે તેના કરતાં પણ સારી બ્લડ બૅન્ક છે અને આપણે ત્યાં ફેકટર સેપરેશનની સવલત ઊભી કરી શક્યા છીએ. હાલ પૂરતા છ મૅડિકલ કૉલેજો, અમદાવાદ, વડોદરા, ભાવનગર, રાજકોટ, સુરત અને જામનગર ખાતે આ સવલતો ઊભી કરવાનું આપણે ક્રમશઃ નક્કી કર્યુ છે અને જિલ્લા સુધી વિસ્તારવાની વાત વિચારણામાં

ચોક્કસ લેવામાં આવશે. કારણ કે, હવે હૉલ બ્લડ યુઝ એ એના બદલે ફેકટર બ્લડ યુઝ એના બ્લડ કોમ્પોનન્ટસ જુદા કરીને જરૂરી હોય તે પ્રકારનું બ્લડ જ વાપરવું તે જરૂરી બન્યું છે અને એ વપરાશમાં ધીરે ધીરે આ ચલણ વધતું જાય છે પણ સાથે સાથે મારે માનનીય સભ્યશ્રીએ કહેવું છે કે, એ જે બ્લડમાંથી ફેકટર સેપરેશન કરીને ક્રાયોજનીક ફ્રિઝીંગ પછી માયનસ ફૉર ડિગ્રીએ એને ઠંડુ કર્યા બાદ જે ફેકટર સેપરેશન કરવામાં આવે છે એમાંથી જે ઉપલબ્ધ બને છે તે ફેકટરને રિકોમ્બોનન્ટ ઇન્જૅકશનમાં નિષ્ણાંતો આજે પણ રિકોમ્બોનન્ટ ઇન્જૅકશન, ફેકટર-૧માં ડૅફિશિયન્સી માટે આપવાનું એટલા માટે કહે છે કે, હજુ આજની તારીખમાં પણ જો વિન્ડો પિરિયડમાં કોઈ વાયરસ ઇન્ફૅક્શન હોય તો આજની તારીખમાં પણ પકડી શકાતું નથી. If there is virus infection in the window period, you have to go for, what is called as special test, અને એના કારણે આ રિકોમ્બોનન્ટ ઇન્જૅકશન અત્યારે વધારે વપરાય છે. એટલે રાજય સરકારે બે કરોડ જે માતબર જોગવાઈ કરી છે, એક હજાર જેટલા જ આ સિવિયર રોગના પેશન્ટ છે અને લગભગ ૭ થી ૮ કરોડનો ખર્ચો આના માટે અંદાજીત છે ત્યારે રાજય સરકાર આ દિશામાં પહેલીવાર સંવેદનશીલતાથી આગળ વધવા માગે છે અને માનનીય સભ્યશ્રીએ જે સૂચન કર્યુ છે એને ચોક્કસ ધ્યાનમાં લઈશું.

**શ્રીમતી જસુબેન સ. કોરાટ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, હિમોફિલિયા નામનો જે રોગ છે એમના લક્ષણો શું છે ? અને આ રોગ માટેની સારવાર કરવા માટે કોઈ સંસ્થા આમાં આગળ આવે છે કે નહીં ?

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, હિમોફિલિયાનું મુખ્ય પ્રશ્ન જે પ્રશ્ન છે એ તો લોહીનું ઝડપથી નહીં ગંઠાવવું તે છે પણ હિમોફિલિયાના રોગના બીજા લક્ષણો ગણીએ તો૯ની આપમેળે દર્દીના શરીરમાંથી કોઈપણ જગ્યાએથી લોહી નીકળવું ઈન્ટરનલ હેમરેજ થઈ જાય ખાસ કરીને જોઈન્ટસ કે એ જગ્યાએ દર્દીને ઈજા થયા બાદ લોહી નીકળવાનું બંધ ન થવું, ચામડીની નીચે થયેલા ચકામામાં રુઝ ન આવવી, વ્યકિતના સાંધાઓમાં લોહીનું સતત વહન થતાં સમય જતાં સંધીવા રોગ થાય અને હિમોફીલીયાના દર્દીને મગજમાં લોહીનું સતત વહન થાય તો બચવાની, ઈન્ટરનલ બ્રેઈન હેમરેજના કારણે શકયતા ઓછી રહે આ એના લક્ષણો છે. સારવારમાં હું અગાઉ કહી ગયો તેમ એફ.એફ.પી. ફ્રેશ ફ્રોઝન પ્લાઝમા માનનીય અર્જુનભાઈએ જેની વાત કરી ફ્રેશ ફ્રોઝન પ્લાઝમા એ એના દુઃખાવા માટેની દવા તરીકે વપરાય છે. ફેકટર-૮ anti-combanant injection વપરાય છે. ફેકટર-૯ એની મેં વાત નથી કરી પણ હિમોફીલીયા-બી એટલે ફેકટર-૯ની ડેફીશીયન્સી હોય ત્યારે હિમોફીલીયા બી થાય છે. પ્રમાણમાં દસ લાખે એક દર્દીને થતું હોય છે એટલે એની મેં વાત નથી કરી. પણ હીમોફીલીયાના દર્દીને bleeding .થતું હોય ત્યારે તેને લોહી પૂરું પાડવાની અને ઈન્જેકશન આપવાની સારવાર આપવામાં આવે છે.

## કપરાડા તાલુકામાં ૮૦:૨૦ યોજના અંતર્ગત બનેલ ચેકડેમો

**શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટાપોંઢા)** : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લામાં કપરાડા તાલુકામાં ૮૦:૨૦ યોજના અંતર્ગત કેટલા ચેકડેમો બનાવ્યા, અને

(૨) તે અન્વયે સરકારે કેટલી રકમ ચૂકવવાની થાય છે અને આ રકમ સરકાર કયારે ચૂકવવા માગે છે?

**જળસંપત્તિ મંત્રીશ્રી :**

(૧)

| વર્ષ | ચેકડેમોની સંખ્યા |
|---|---|
| ૨૦૦૯-૧૦ | ૪૯ |
| ૨૦૧૦-૧૧ | ૦૬ |

(૨) રૂ.૩૨૨.૮૧લાખ ચૂકવવાના થાય છે તેની સામે રૂ.૨૮૬.૩૮ લાખનું ચુકવણું થઈ ગયેલ છે. બાકી રૂ.૩૬.૪૩લાખનું ચુકવણું ત્રુટીઓની પૂર્તતા માટે રાખવામાં આવેલ છે.

**શ્રી જીતુભાઈ હ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે કપરાડા તાલુકામાં બહારની એન.જી.ઓ. ૮૦:૨૦ના ચેકડેમો બનાવી જાય છે. બનાવી ગયા પછી તુટી પણ ગયા છે પરંતુ કપરાડા તાલુકાના સ્થાનિક આદિવાસીઓએ મંડળ બનાવીને જે ચેકડેમો બનાવેલા છે અને તે પણ ખાસ કરીને તે વિસ્તારના ડી.એસ.ઓ.એ લાઈન આપી, લાઈન આપ્યા બાદ તેમણે કામ શરૂ કર્યું અને ચેકડેમો બનાવી દીધા અને ચેકડેમો બનાવ્યા પછી પૈસા હજુ સુધી મળ્યા નથી એટલે માનનીય મંત્રીશ્રી પાસેથી એટલી અપેક્ષા રાખું છું કે કોઈક સૈદ્ધાંતિક નિર્ણય લઈને આ ૬૯ જેટલા ચેકડેમો છે એના પૈસા મળે એવી અપેક્ષા રાખું છું. હું માનનીય મંત્રીશ્રીને એક બે વાર મળેલો પણ છું એટલે માનનીય મંત્રીશ્રી ખાતરી આપે અને અપેક્ષા રાખું છું કે પૈસા મળે.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે વર્ણવ્યો એ એક ટિપિકલ પ્રકારનો કિસ્સો છે આમ તો કપરાડા તાલુકો એટલે રાજયમાં સૌથી વધુ વરસાદ પડતા જે તાલુકાઓ છે તે પૈકીનો એક તાલુકો છે. આ તાલુકામાં આદિવાસી વિસ્તારના જળસંચયના રીચાર્જના કામો થાય, આદિવાસીભાઈઓને ખેતરમાં, ગામમાં, કુવામાં પાણી મળી રહે રીચાર્જ થયેલું એટલા માટે ખુબ વરસાદ ધરાવતો તાલુકો છે છતાંપણ આપણે ત્યાં ચેકડેમો મંજૂર કરીએ છીએ. આ કિસ્સામાં એવું બન્યું છે માનનીય સભ્યશ્રીએ કહયું તે પ્રમાણે કે રાજય સરકારની સિંચાઈ વિભાગની સ્થાનિક અધિકારીઓની પરવાનગી વિના, કોઈ સંમતિ વિના સ્થાનિક કહેવાતા સ્થાનિક લોકોએ ૬૯ ચેકડેમ બનાવી દીધા છે એનું કોઈ એલાઈમેન્ટ સરકારે આપ્યું નથી આમ તો પદ્ધતિ એવી છે કે ચેકડેમ બનાવે તો જે જગ્યાએ માગણી કરે તો જે જગ્યાએ ચેકડેમ બનાવી શકાય એવું સ્થળ પસંદ કરવાનું, એનું એલાઈમેન્ટ આપવાનું, એની ડિઝાઈન નકકી કરવાનું આ બધું કામ સરકાર મંજૂર કરે. સરકાર એટલે સ્થાનિક એન્જીનીયરો ત્યાંના પછી એને પરવાનગી આપે કે આ ચેકડેમનું કામ મંજૂર કરવામાં આવે છે. એ પછી ત્યાં કામ ચાલુ થાય અને ત્રણ ચાર તબકકા ચેકડેમની પ્રગતિના કામ શરૂ હોય ત્યારે જુદા જુદા તબકકે એન્જીનીયરો એની વિઝિટ કરતા હોય છે. પાયો ખોદવાના કામની વિઝિટ કરે છે કે આટલો પાયો ખોદાયો છે કે કેમ, કોંક્રીટ વખતે મુલાકાત લે, બાકીના કામ વખતે મુલાકાત લે, કામ પતી ગયા પછી મુલાકાત લે પછી એનું ફાઈનલ બીલ બને અને ફાઈનલ બીલ બન્યા પછી જો પહેલુ ચોમાસુ પૂર્ણ ન થયું હોય ચેકડેમને તો અમુક રકમ આપણે ચુકવતા હોઈએ છીએ. આ કિસ્સામાં માનનીય સભ્યશ્રીએ વાત કરી એ પ્રમાણે ૬૯ ચેકડેમ અગાઉ કહી એ પ્રમાણેની કોઈપણ જાતની કાર્યવાહી કર્યા સિવાય પોતપોતાની રીતે પોતાને યોગ્ય લાગે એવી રીતે આ લોકોએ ચેકડેમ બનાવી દીધા. બનાવ્યા પછી અરજી કરી કે અમારા ચેકડેમ બની ગયા છે એનું માપ સાઈઝ તમે જોઈ લો. જે તદ્દન ગેરકાયદેસર, બિનઅધિકૃત બાંધકામ ગણાય એવા પ્રકારના ચેકડેમ અને એમણે જે રાજય સરકારને રજૂઆત કરી છે અને પત્ર આપ્યો છે. માનનીય સભ્યશ્રીએ પણ રજૂઆત કરી છે ત્યાંના સ્થાનિક કાર્યકરોએ પણ રજૂઆત કરી છે અને લગભગ એમણે જે કિંમત ગણી છે આની ૧૯૪લાખ રૂપિયા એટલે લગભગ બે કરોડ રૂપિયા.ર કરોડ રૂપિયાનાં કામો વગર પરવાનગીએ કરી દીધા છે. હવે એવી માગણી કરે છે કે આના પેમેન્ટ તમે ચૂકવી આપો, એટલે આ અલગ રીતનો પ્રશ્ન છે માટે અમે હજુ કોઈ પેમેન્ટ ચુકવ્યું નથી.

**શ્રી રમણલાલ ના. પાટકર** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે વલસાડ જિલ્લાની અંદર તા. ૩૧-૧-૧૧ ની સ્થિતિએ કેટલા ચેકડેમ ૮૦:૨૦ ની યોજનામાં બનાવવામાં આવ્યા? તે માટે કેટલો ખર્ચ થયો છે?

**અધ્યક્ષશ્રી** : કપરાડા તાલુકા પૂરતો પ્રશ્ન છે.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય સભ્યશ્રી રમણભાઈએ પ્રશ્ન પૂછ્યો એ પ્રમાણે આપને ફરી કહું છું કે વલસાડ જિલ્લો એ સારામાં સારો વરસાદ ધરાવતો જિલ્લો છે. છતા ૮૦:૨૦ ની યોજના પ્રમાણે ચેકડેમ કરીએ છીએ અને આમાં વલસાડ જિલ્લામાં ૨૩૮ ચેકડેમ ગયા વર્ષે બનાવ્યા છે. કપરાડા તાલુકામાં પણ અત્યાર સુધીમાં આપણે કુલ ૫૦૭ ચેકડેમ બનાવ્યા છે, એટલે આ કામ કરીએ જઈએ છીએ. નિયમ પ્રમાણે જે લોકો આની મંજૂરી લે અને બાંધકામ કરે, એને પેમેન્ટ આપીએ છીએ. દર વર્ષે સમગ્ર રાજ્યમાં કપરાડાથી માંડી કચ્છ સુધી કરોડો રૂપિયાના ચેકડેમ બનાવી ભૂગર્ભ જળ રિચાર્જ કરવાના, ખેતી માટે પાણી વધારવાના, ગામના કૂવા, હેન્ડપંપના પાણી રિચાર્જ થાય તે માટે સઘનમાં સઘન પ્રયત્ન આખા રાજ્યમાં કરીએ છીએ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : આ કપરાડા તાલુકાનો પ્રશ્ન છે.માનનીય સભ્યશ્રીએ પ્રશ્ન બહુ સ્પષ્ટ પૂછ્યો છે જે ચેકડેમ સ્થાનિક લોકોએ બનાવ્યા અને અમુક બહારની સંસ્થાઓએ બનાવ્યા, તેમાં બધાની મોડસ ઓપરન્ડી એક જ સરખી જ હતી કે પરવાનગી લીધી નહિ. ચેકડેમ બનાવ્યા, કામ થયેલ છે, પરંતુ જે સ્થાનિક લોકોએ બનાવ્યા એ ચેકડેમની આજે જે સ્થિતિ છે તેમાં આજે ઉભેલા છે, જ્યારે બહારની સંસ્થા એવી છે કે ભાવનગરની સંસ્થા છે ત્યાં કપરાડામાં ચેકડેમ બનાવવા ગઈ. એણે ચેકડેમ બનાવ્યા આજ રીતે કોઈ પરવાનગી લીધી નહિ, એના પછી આ સંસ્થાના ચેકડેમ બની ગયા પછી એના પેમેન્ટ થઈ ગયા અને ચેકડેમ ધોવાઈ ગયા, છતા એને પેમેન્ટ આપી દીધું. જ્યારે સ્થાનિક લોકો બાંધેલા છે અને ચેકડેમ ઊભા છે. પેમેન્ટ થયું છે તેની તપાસ કરવા માગો છો કે કેમ? ખરા અર્થમાં આ ચેકડેમ આજે પણ ઊભા હોય ત્યાં પાણી રોકાતું હોય તો જેટલું કામ થયેલ છે, એટલું પેમેન્ટ સરકાર કરવા માગે છે કે કેમ?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, સ્વાભાવિક રીતે નાગરિકો પ્રત્યે કોઈને લાગણી હોય. અર્જુનભાઈ પક્ષના નેતા બન્યા એટલે એમણે લાગણી બતાવી, પણ લાગણી બતાવવાનો અતિરેક એટલો બધો કરી નાખેલ છે કે એમણે કહ્યું કે ભાવનગરના બહારના લોકો આવીને બનાવી ગયા. આપણો નિયમ એવો છે કે પ્રાયોજક દ્વારા અરજી આવે એને મંજૂરી આપવામાં આવે છે. મારે અર્જુનભાઈનું કહેવું છે કે તમે આક્ષેપ કરો છો. બહારના લોકો આવી ગયા, વગર મંજૂરીએ બનાવી ગયા અને ચેકડેમ ધોવાઈ ગયા અને એનું પેમેન્ટ આપી દીધું. ગૃહમાં ચેલેન્જ છે કે આવા ચેકડેમનાં નામ આપે, જે ચેકડેમ ધોવાઈ ગયા એના નામ આપે એનું પેમેન્ટ વગર પરવાનગીએ(અંતરાય) સાંભળો હું એક કલાકની ચર્ચા કરવા તૈયાર છું. આ વિષય ઉપર. ૫ મિનિટ નહિ, એક કલાક. હું રાજ્યના હિતમાં જીતુભાઈ સાંભળો. પછી તમને પણ સાંભળીશ. માનનીય અધ્યક્ષશ્રી ટાઈમ આપશે તો તમને પણ સાંભળીશ. અર્જુનભાઈએ એમ કહ્યું કે બહારના લોકો બીનકાયદેસર ચેકડેમ બનાવી ગયા અને પેમેન્ટ અપાઈ ગયું. મારી હજુ પણ એમને ચેલેન્જ છે જે રીતે આ ૬૯ ના કામ અટકાવ્યા છે, પેમેન્ટ અટકાવ્યા છે એ પ્રમાણે વગર પરવાનગીએ કોઈપણ વ્યકિતએ બનાવ્યા હોય અને એનું પેમન્ટ ચુકવ્યું હોય, તો એનું અર્જુનભાઈ લિસ્ટ આપે. હું એના ઉપર કડકમાં કડક કાર્યવાહી કરવા તૈયાર છું. આમ જે રીતે એલફેલ આક્ષેપ કરે છે તે રાજ્યના હિતમાં નથી. અમને પણ આવડે છે. ભારતીય જનતા પક્ષના લોકોએ પણ રજૂઆત કરી છે. માજી ધારાસભ્યશ્રીએ પણ પેમેન્ટ ચુકવવા માટે રજૂઆત કરી છે. જો સરકારે પ્રજાનું હિત ન જોયું હોત તો અમે ૨ કરોડ ચૂકવી દીધા હોત. અમે સરકારમાં બેઠા છીએ. પ્રજાના પ્રતિનિધિ છીએ. પ્રજાના પૈસા વાપરીએ છીએ. આપણી ફરજ છે કે અમારા કામના ફરજના ભાગરૂપે યોગ્ય ચકાસણી કરવી જોઈએ તે અમે કરી છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય જીતુભાઈ આપ તમામ માહિતી માટે માનનીય મંત્રીશ્રીને મળી લેજો, જ્યારે એમણે.. તેમાં મંત્રીશ્રી ના નથી પાડતા, મંત્રીશ્રીએ હા પાડી છે. જીતુભાઈને બોલવા દો. આપ બેસો પ્લીઝ. જીતુભાઈ આપ કહો. આપ ટૂંકમાં શું જાણવા માગો છો તે આપ કહો.

**શ્રી જીતુભાઈ હ. ચૌધરી :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એટલું જ જાણવા માગું છું અને માનનીય મંત્રીશ્રી એમ કહેતા હતા કે કોઈ અધિકારીને ખબર નથી અને આ રીતે બનાવી દેવામાં આવેલ છે. મારા તાલુકાની વાત છે અને વાસ્તવિક એ છે કે જે તે અધિકારીએ ડી.ઈ અને એસ.ઓ. એ તેની લાઈન આપી અને તેના ૮૦:૨૦ના મંડળોના રજીસ્ટરની ફાઈલ આપી અને તેણે લાઈન આપી . એસ.ઓ અને ડી.ઈ.એ ટકાવારી પણ લઈ લીધી અને પછી બનાવવામાં આવેલ છે.

**અધ્યક્ષશ્રી** : જીતુભાઈ આપ ટૂંકમાં પ્રશ્ન પૂછો.

**શ્રી જીતુભાઈ હ. ચૌધરી** : માનનીય મંત્રીશ્રી કપરાડાની મુલાકાત લે તેમને ચેલેન્જ કરવા માગુ છું. માનનીય અધ્યક્ષશ્રી, મંત્રી સાહેબને વાત કહેવા માગુ છું કે મારા પોતાના ગામમાં પરિશ્રમ રૂરલ ડૅવલપમેન્ટ નામની એક સંસ્થા ચેકડેમ બનાવી ગઈ, ભાવનગરની ચેકડેમ બનાવી ગઈ અને તે બનાવી ગઈ એટલે પાર્લામેન્ટનું ઈલેકશન હતું એટલે ખબર ના પડી. જૂન મહિનામાં જ્યારે વરસાદ પડયો ત્યારે તે ચેકડેમ ધોવાઈ ગયો અને મારા ગામના લોકો કહેવા માટે આવ્યા અને જોવા માટે ગયો તો ચેકડેમ ઉપર અને પાણી નીચેથી નીકળી ગયું હતું.

**અધ્યક્ષશ્રી** : આપ જે. પૂછવા માગો છો તેની વાત કરો.

**શ્રી જીતુભાઈ હ. ચૌધરી :** માનનીય અધ્યક્ષશ્રી, મારી વાસ્તવિકતા એટલી છે કે જે ૬૯ ચેકડેમ છે તેમને પૈસા મળવા જોઈએ. મારી વિનંતી છે. કોઈ આક્ષેપ કરવા પણ નથી માગતો.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય સભ્યશ્રીની લાગણી જોડે હું વ્યવહારિક રીતે, માનવતાની રીતે સંમત છું. જે ચેકડેમ અર્જુનભાઈએ વાત કરી કે બહારના લોકો બિનપરવાનગી બનાવી ગયા, મારી વાત સાંભળો. તે નથી કહેતા હજું. માનનીય સભ્યશ્રી નથી કહેતા. માનનીય સભ્યશ્રી ૬૯ ચેકડેમની વાત કરે છે. તેના પેમેન્ટ આપવાની વાત કરે છે. પરિશ્રમની જે વાત કરી તેમાં હજું કહું છું તે વગર પરવાનગીએ બન્યો હોય અને તેનું ફાઈનલ બીલ ચૂકવ્યું હોય તો તેના ઉપર કડકમાં કડક કાર્યવાહી કરવા તૈયાર છીએ. તમે બોલાવો છો. જીતુભાઈ એવું નથી બોલતા અર્જુનભાઈ. એ એમ કહે છે કે આ તૂટી ગયા. તો એ મંજૂરી વાળા છે કે વગર મંજૂરીવાળો તે વિષય અલગ છે. અરે, તમારા ગામનો હોય તો પણ તૂટી જાય, વધારે વરસાદ આવે તો તૂટી પણ જાય. સાહેબ ૧૦૦ ઈંચ વરસાદ ધરાવતો તાલુકો છે. તેમાં ના તૂટે એવું નથી કહેતો. આ પ્રશ્ન વગર મંજૂરીવાળાનો છે. તેમણે જે વાત કરી છે તે ૬૯ ચેકડેમ વગર પરવાનગીએ બન્યા છે તેમાં માનવતાની રીતે પૈસા ચુકવી આપો એટલી એમની વાત છે. તમારી વાત રાજકીય છે. તેમની વાત સ્થાનિક માનવતાની વાત છે.

**ગાંધીનગર ખાતે મોડેલ આયુર્વેદિક કૉલેજની સ્થાપના**

*** ૨૧૩૭૪ શ્રી શંભુજી ઠાકોર (ગાંધીનગર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ સરકાર ગાંધીનગર ખાતે મોડેલ આયુર્વેદિક કૉલેજ સ્થાપવા માગે છે કે કેમ,

(૨) જો, હા તો આ યોજના પાછળ અંદાજિત કેટલો ખર્ચ થશે, અને

(૩) આ કામ કયાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

**આરોગ્ય મંત્રીશ્રી :**

(૧) હા,જી

(૨) આ યોજના માટે રૂા.૧૦૦.૦૦ કરોડ જેટલો અંદાજિત ખર્ચ થવા સંભવ છે.

(૩) આ યોજના અંદાજે બે વર્ષમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

**શ્રી શંભુજી ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, ગાંધીનગર જિલ્લામાં મોડેલ આયુર્વેદિક કૉલેજ સ્થાપવા માટેનો નિર્ણય ક્યારે લેવાયો, આ કૉલેજ કયાં સ્થપાનાર છે, મારો બીજો પ્રશ્ન આયુર્વેદિક કૉલેજ અને હોસ્પિટલના બાંધકામ માટે અત્યાર સુધીમાં શું શું કામગીરી કરી અને તેમજ આ કામગીરી હાલ કયા તબક્કે છે, આ કૉલેજ માટે કયાં કેટલી જમીન સંપાદન કરવામાં આવી અને મારો ત્રીજો પ્રશ્ન કે આ કૉલેજ સાથે બંધાનાર હૉસ્પિટલની ક્ષમતા કેટલી અને તેમાં કયા વિભાગો હશે?

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, ગાંધીનગર જિલ્લામાં રાજયની સારામાં સારી મોડેલ આયુર્વેદિક કૉલેજ સ્થાપવાનો નિર્ણય ૪ જુન ૨૦૧૦ના રોજ લેવાયા અનુસાર કોલવડા, તા.ગાંધીનગર ખાતે સર્વે નં.૨૨૬૬/૧માં આ કૉલેજ સ્થપાવાની છે. માનનીય સભ્યશ્રીએ જે બીજો પ્રશ્ન પૂછયો તેના જવાબમાં મારે કહેવાનું આ મોડેલ આયુર્વેદિક કૉલેજ અને હૉસ્પિટલના બાંધકામ માટે શું પ્રગતિ થઈ છે? તોતો કોલવડા તાલુકા અને ગાંધીનગર જિલ્લા ખાતે પંદર એકર જમીન સરવે નંબર ૨૨૬૬/૧ સંપાદન કરવામાં આવી છે.અમારા આરોગ્ય વિભાગનું પ્રોજૅકટ ઈમ્પલીમેન્ટેશન યુનિટ, ગાંધીનગર દ્વારા કન્સ્લન્ટન્ટ નિયત કરી પ્લાન એસ્ટીમેટ તૈયાર કરી ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ કરી દેવામાં આવી છે, હું માનનીય સભ્યશ્રી જ્યારે આ વિસ્તારનું પ્રતિનિધિત્વ કરે છે કે ત્યારે હું એમને કહેવા માગું છું કે અત્યંત ટૂંકાગાળામાં આ કૉલેજ અને હૉસ્પિટલનું બાંધકામ પણ શરૂ કરવા તરફ અમે આગળ જઈ રહ્યા છીએ. કારણ કે ટેન્ડર પ્રક્રિયા પૂરી કરવામાં આવી છે અને સો કરોડ રૂપિયાનો અંદાજિત ખર્ચ થશે. જે પૈકી ૩૨.૫૦ કરોડ રૂપિયા રાજય સરકારે મંજૂર કર્યા છે અને આગળ જેમ જરૂર પડશે તેમ નાણાકીય વ્યવસ્થા પણ કરવામાં આવશે. માનનીય સભ્યશ્રીએ આ આયુર્વેદિક કૉલેજ ખાતેની કઈ કઈ ક્ષમતાઓ હશે તે અંગેનો પ્રશ્ન પૂછ્યો છે તો આ હૉસ્પિટલની સાથે સ્નાતક કક્ષાની સો વિદ્યાર્થીઓની પ્રવેશ ક્ષમતાવાળી આયુર્વેદિક કૉલેજ અને પ્રથમ તબક્કે પાંચ વિભાગોમાં ૩૧ બેઠકો ધરાવતી અનુસ્નાતક કક્ષાની બેઠકો ભરવાનું આયોજન છે ત્યાર બાદ ભવિષ્યમાં ૧૪ વિભાગોમાં ૭૦ બેઠકો અનુસ્નાતક કક્ષાની ઉભી કરવામાં આવનાર છે એટલે રાજયમાં આયુર્વેદની અનુસ્નાતક કક્ષાએ જો સૌથી વધારેમાં વધારે સવલતો ઉભી થનાર હોય તો પણ તે આગામી સમયમાં ગાંધીનગરના કોલવડા ખાતે ઉભી થનાર છે. માનનીય અધ્યક્ષશ્રી, કયા વિભાગો એમાં રહેશે એ અંગે માનનીય સભ્યશ્રીએ રજૂઆત કરી તો સેન્ટ્રલ કાઉન્સિલ ઑફ ઈન્ડિયન મૅડિસિનની જોગવાઈ મુજબ ૧૪ શૈક્ષણિક વિભાગો આમાં રહેશે. જેમાં, મૌલિક સિધ્ધાંત, શારીરિક રચના, શારીરિક ક્રિયા, દ્રવ્ય ગુણ, રસશાસ્ત્ર અને ભૈષજય કલ્પના, રોગવિજ્ઞાન વિકૃતિ વિજ્ઞાન, સ્વસ્થવૃત્ત યોગ, અગદતંત્ર વ્યવહાર આયુર્વેદ, સ્ત્રીરોગ પ્રસુતિતંત્ર, કૌમારભૃત્ય, કાયચિકિત્સા, શલ્યતંત્ર, શાલાકયતંત્ર અને પંચકર્મ આમ આ ૧૪ વિભાગો રહેશે.

**શ્રી કલ્યાણસિંહ દે. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, આ આયુર્વેદિક કોલેજમાં અનુસ્નાતક કક્ષાની કેટલી બેઠકો હશે, કઈ કઈ સુવિધાઓ હશે અને કોલેજમાં કોઈ સંશોધન પ્રવૃત્તિ હાથ ધરવામાં આવશે કે કેમ?

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, ૭૦ બેઠકો રહેશે, મેં જવાબ અગાઉ આપી દીધો.

**શ્રી સિધ્ધાર્થ ચી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે, કોલવડામાં મોડેલ આયુર્વેદિક કૉલેજ બનાવવાની વાત આપણે કરી છે, આયુર્વેદિક કૉલેજોની સ્થાપના માટેની કોઈ કેન્દ્ર સરકારની યોજના છે કે કેમ, અને આ મોડેલ કૉલેજનો સમાવેશ એમાં થાય છે કે કેમ?

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર સરકારની અનેક યોજનાઓ છે, અને ફરી એકવાર કહીશ કે આ માટેનાં નાણાં રાજય સરકારે પોતાના બજેટમાં જોગવાઈ કરી છે અને એમાંથી ખર્ચાવાના છે.

### ખેડા જિલ્લાના સેવાલીયા ગામે વોટર વર્કસને મંજૂર

*** ૨૧૫૯૦ શ્રી રામસિંહ પ્ર. પરમાર (ઠાસરા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ ખેડા જિલ્લાના ઠાસરા તાલુકાના સેવાલીયા ગામે પીવાના પાણી માટે વોટર વર્કસનું કામ ક્યારે મંજૂર કરવામાં આવ્યું,

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ આ કાર્યવાહી કયા તબક્કે છે, અને

(૩) હજ સુધી જો કોઈ જ કાર્યવાહી ન થઈ હોય તો તેના કારણો શું છે?

**પાણી પુરવઠા મંત્રીશ્રી :**

(૧) મૂળ યોજનાના સોર્સ સફળ ન થતાં વધારાના સોર્સ તથા આનુસાંગિક કામો તા.૨૬-૨-૨૦૧૦થી મંજૂર કરવામાં આવ્યા.

(૨) યોજનાની ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી રામસિંહ પ્ર. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, મારો બહુ પ્રશ્ન બહુ સ્પષ્ટ હતો કે સેવાલિયા ગામે પીવાના પાણી માટે વોટર વર્કસની મંજૂરી ક્યારે આપવામાં આવી, પણ મને એ તારીખ ના મળી, પણ એમ

કહે છે કે, એ યોજના સફળ ન થઈ, એને કારણે આનુસાંગિક કામો તા. ૨૬-૨-૧૦થી મંજૂર કરવામાં આવ્યાં, માનનીય અધ્યક્ષશ્રી, આ જે નવી યોજના બનાવી, એને પણ એક વર્ષ થયું, જવા જઈએ કે જાગ્યા ત્યારથી સવાર, એમાં હું બહું પડવા માગતો નથી, પણ જ્યારે નવી યોજના બનાવી છે, અને એના ટેન્ડરની પ્રક્રિયા ચાલુ છે ત્યારે એ ટેન્ડરની કુલ રકમ કેટલી હશે અને આ કામ કેટલા સમયમાં પૂરું કરવામાં આવશે?

**શ્રી પરબતભાઈ સ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે આ નવી યોજના જે મંજૂર કરવામાં આવેલ છે, અને એ ટેન્ડરની રકમ ૮૦ લાખ રૂપિયા છે જેનું ટેન્ડર તા. ૨૧-૩-૧૧ના રોજ અપલોડ પણ થઈ ગયું છે, અને આ કામ તા. ૩૧-૩-૧૨ સુધીમાં પૂરું કરવાનું આયોજન છે.

**શ્રી શંકરભાઈ દે. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, સેવાલીયા ગામ એ બાલાશિનોર નજીક આવેલું છે, બાલાશિનોરમાં પાણીના સોર્સ ઘણા ઓછા હોય છે, ત્યારે આ યોજના જ્યારે હાથમાં લીધી ત્યારે ભૂસ્તર ભૂગર્ભ વિભાગનો સંશોધન વિભાગનો આપણે અભિપ્રાય મેળવ્યો હતો કે કેમ? કારણ કે પાણી પુરવઠા બોર્ડ પોતે પણ જાણે છે કે અહીંયા પાણીના સોર્સ મળતા નથી. તો ભૂસ્તર-ભૂગર્ભ વિભાગનો આપણે અભિપ્રાય મેળવ્યો હતો કે કેમ?

**શ્રી પરબતભાઈ સ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, જે તે વખતે પણ ભૂસ્તર જળશાસ્ત્રીનો અભિપ્રાય મેળવેલ હતો. માત્ર ઈનફલીટેશન વેલ કરીને કે પાણી માટે ફિલ્ટર પ્લાન ન બનાવવો પડે અને શુધ્ધ પાણી મળે એ માટેનું આ આયોજન હતું. અત્યાર સુધી જે પાણી આપવામાં આવે છે એ પણ પાતાળ કૂવાના માધ્યમથી આપવામાં આવે છે પણ સરફેસ વોટર જે છે એના મારફત અત્યારે મહી નદીમાંથી પાણી આપવા માટે નવો ફિલ્ટર પ્લાન બનાવીને આ પાણી આપવામાં આવે છે.

**શ્રી દેવુસિંહ જે. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, મને મારા પ્રશ્નનો જવાબ મળી ગયો છે.

**શ્રી માનસિંહ કો. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી દ્વારા જાણવા માગુ છું કે, સેવાલિયા ગામની વસતિ આશરે ૧૮ હજાર ઉપર છે. તો હાલ પીવાના પાણીની શું વ્યવસ્થા છે, અને આ યોજના થવાથી સેવાલિયા ગામના કેટલા પેટા પરાને પીવાનું પાણી મળશે?

**શ્રી પરબતભાઈ સ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે સેવાલિયા ગામને જે પાણી આપવામાં આવે છે તેમાં મૂળ યોજનાની પાઈપ-લાઈન સાથે જોડાણ કરીને મહી નદીમાંથી પંપીગ કરીને સાથે સાથે પાતાળ કૂવા આધારિત સ્વતંત્ર યોજના તથા એક હેન્ડપંપ દ્વારા, આ યોજનાના માધ્યમથી પાલી મૂળ ગામ તથા સેવાલિયા બજાર વિસ્તાર, રાજપુરા પાલી, સેવાલિયા ગામ અને રાજપુરા લાલાની મૂવાળી પાલીને આટલા પરાઓને આ લાભ આપવાનો છે.

**ખેડા જિલ્લામાં ફીલોફીલીયાના દર્દીઓને સારવાર**

**૨૩૮/page>શ્રી ૨૧૩૯૩ દેવુસિંહ જે. ચૌહાણ (માતર)** : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,

(૧) હીમોફીલીયાના દર્દીઓ માટે સરકાર કઈ કઈ આરોગ્ય સેવાઓ પૂરી પાડે છે, અને

(૨) ખેડા જિલ્લામાં તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આ રોગના કેટલા દર્દીઓને સારવાર આપવામાં આવી?

**આરોગ્ય મંત્રીશ્રી :-**

(૧) હીમોફીલીયાના દર્દીની સારવારમાં સામાન્ય રીતે સારવાર માટે તાજું લોહી તથા લોહીના ઘટકો આપવાની જરૂરિયાત હોય છે, જે સરકારી હોસ્પિટલો દ્વારા આપવામાં આવે છે.

(૨) ખેડા જિલ્લામાં તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં એક દર્દીને સારવાર આપવામાં આવેલ છે.

**શ્રી દેવુસિંહ જે. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે હીમોફીલીયાના આ રોગની સારવારમાં સ્વૈચ્છિક સંસ્થાઓ મદદરૂપ થાય છે. તો રાજય કક્ષાએ અને ખાસ કરીને ખેડા જિલ્લામાં જો આવી સંસ્થાઓ હોય તો એ શું કામ કરે છે? અને સરકાર દ્વારા આવી સંસ્થાઓને કોઈ સહાય આપવામાં આવે છે કે કેમ? અને જો આપવામાં આવતી હોય તો એ કઈ કઈ સહાયો આપવામાં આવે છે?

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, રાજય કક્ષાએ નીચે મુજબની સ્વૈચ્છિક સંસ્થાઓ કાર્યરત છે.

(૧) હીમોફીલીયા સોસાયટી વડોદરા ચેપ્ટર, વડોદરા

(૨) અમદાવાદ ચેપ્ટર ગુજરાત હીમોફીલીયા સોસાયટી, અમદાવાદ

(૩) રાજકોટ ચેપ્ટર હીમોફીલીયા સોસાયટી અશોક ગોંધિયા મેમોરિયલ ટ્રસ્ટ, રાજકોટ

(૪) સુરત ચેપ્ટર હીમોફીલીયા સોસાયટી, સુરત.

હાલમાં માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકાર દ્વારા આ અંગે કોઈ સહાય આપવામાં આવતી નથી. પણ મેં અગાઉ જણાવ્યું આવા જ પ્રકારના પ્રશ્નના જવાબમાં એમાં પહેલી વખત રાજય સરકારે આ વખતે બજેટમાં જોગવાઈ કરી અને ફેકટર ૮ ના ડેફિશિયન્સીના ઈન્જેકશન છે તે ઈન્જેકશન આપવા માટેની વ્યવસ્થા શાળા આરોગ્ય ચકાસણી કાર્યક્રમ હેઠળ મફતમાં થાય તે માટેની વ્યવસ્થા કરી છે.

**રાજકોટ અને કચ્છ જિલ્લામાં નવા પી.એચ.સી. અને સી.એચ.સી. શરૂ કરવા બાબત**

**શ્રી ૨૨૬૪૬ મહંમદજાવીદ અ. પીરઝાદા (વાંકાનેર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,

(૧) રાજકોટ અને કચ્છ જિલ્લામાં વસતિના પ્રમાણમાં સી.એચ.સી. અને પી.એચ.સી. તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ ઓછા છે તે હકીકત સાચી છે,

(૨) ૨૦૧૧-૨૦૧૨ના વર્ષમાં કયા કયા તાલુકામાં પી.એચ.સી. અને સી.એચ.સી. શરૂ કરવાનં આયોજન છે, અને

(૩) વસતિના પ્રમાણમાં્ ક્યા સુધીમાં આરોગ્ય કેન્દ્રો ખોલવામાં આવશે?

**આરોગ્ય મંત્રીશ્રી :-**

(૧) તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ રાજકોટ અને કચ્છ જિલ્લામાં આરોગ્યની પર્યાપ્ત સેવાઓ ઉપલબ્ધ છે.

(૨) અને (૩) :

આગામી વર્ષોમાં રાજયમાં નવા આરોગ્ય કેન્દ્રો સ્થાપવાની સર્વગ્રાહી વિચારણા સમયે વસતિના ધોરણને લક્ષમાં લઈ, નવા આરોગ્ય કેન્દ્રો સ્થાપવા વિચારણા કરાશે.

**શ્રી મહંમદજાવીદ અ. પીરઝાદા :** માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, રાજકોટ અને કચ્છ જિલ્લામાં આરોગ્યની પર્યાપ્ત સેવાઓ ઉપલબ્ધ છે. તેમ જણાવ્યું છે એમના જવાબમાં તો વસતિના પ્રમાણમાં આ સેવાઓ છે એ પૂરતી છે? અને દરેક CHC અને PHC વિસ્તારમાં કેટલી વસતિ છે? અને આ CHC અને PHC કેટલી વસતિના ધોરણને ધ્યાનમાં રાખીને શરૂ કરવામાં આવે છે? અને આ બજેટમાં જે નવા CHC અને PHC મંજૂર કરવામાં આવેલ છે તેમાં આ બંને જિલ્લામાં કેટલા CHC અને PHC મંજૂર કરવામાં આવેલ છે?

**શ્રી જયનારાયણ વ્યાસ :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે ધારા-ધોરણો પૂછયા એના જવાબમાં કહેવાનું કે, સામૂહિક આરોગ્ય કેન્દ્ર દર એક લાખની ગ્રામ્ય વસતિ દીઠ એક સામૂહિક આરોગ્ય કેન્દ્ર મંજૂર કરવાનું ધોરણ છે. આ ધારા-ધોરણો ૧૯૮૧માં નક્કી થયેલા છે એટલે એ વસતિ ૧૯૮૧ના ધારા-ધોરણો પ્રમાણે લઈએ છીએ. જે ચાર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો માટેના રેફરલ યુનિટ તરીકે કામ કરે છે. એટલે ચાર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો હોય તો એક સામૂહિક આરોગ્ય કેન્દ્ર રેફરલ કેન્દ્ર તરીકે કામ કરે છે.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રને લાગે-વળગે છે ત્યાં સુધી સામાન્ય વિસ્તારમાં દર ૩૦ હજારની વસતિ દીઠ અને આદિજાતિ તથા પર્વતીય વિસ્તારમાં દર ૨૦ હજારની ગ્રામ્ય વસતિએ એક પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મંજૂર કરવાનું ધોરણ છે. પેટા કેન્દ્રને લાગે-વળગે છે ત્યાં સુધી પેટા કેન્દ્રને લાગેવળગે છે ત્યાંસુધી સામાન્ય વિસ્તારમાં દર પાંચ હજારની વસતિએ અને આદિજાતિ અને પર્વતીય વિસ્તારમાં દર ત્રણ હજારની ગ્રામ વસતિએ એક પેટા કેન્દ્ર મંજૂર કરવામાં આવે છે. આમાં જિલ્લાની વસતિના ધોરણ પ્રમાણેનું સરેરાશ લેવામાં આવે છે એટલે કોઈ જગ્યાએ થોડી વસતિ વધારે હોય કોઈ જગ્યાએ થોડી ઓછી વસતિ હોય એવું બનવાનો સંભવ છે. અમે પર્યાપ્ત સેવાઓ છે એવું કહ્યું છે એનું કારણ એ છે કે રાજકોટ જિલ્લાનો દાખલો લઈએ તો રાજકોટ જિલ્લામાં મંજૂર કરવાપાત્ર સામૂહિક આરોગ્ય કેન્દ્રો કુલ ૧૫,૪૪૦૧૯ની વસતિના ધોરણે લઈએ તો ૧૫ થાય અને મંજૂર કર્યા છે ૧૯, એટલે ૪ની વધ છે અને ૧૯ એ ૧૯ કાર્યાન્વિત છે, કચ્છ જિલ્લામાં મંજૂર કરવાપાત્ર સામૂહિક આરોગ્ય કેન્દ્ર ૧૧, મંજૂર કર્યા છે ૧૪ એટલે ૩ સામૂહિક આરોગ્ય કેન્દ્રની વધ છે, રાપર તાલુકાનું સામૂહિક આરોગ્ય કેન્દ્ર પલાસવા ૨૦૧૦-૧૧માં મંજૂર થયેલ છે, મકાન સુવિધા ઉપલબ્ધ કરાવી કાર્યાન્વિત કરવાની કાર્યવાહી પ્રગતિમાં છે, માનનીય સભ્યશ્રી આપે પૂછ્યું કે નવું જે મંજૂર થયેલ છે તેની પ્રગતિ કેટલી છે? તો રાપર તાલુકાનું સામૂહિક આરોગ્ય કેન્દ્ર પલાસવા ૨૦૧૦-૧૧માં મંજૂર થયું છે અને મકાન સુવિધા ઉપલબ્ધ કરાવી કાર્યાન્વિત કરવાની કાર્યવાહી હાલમાં ચાલુ છે કારણકે મંજૂર થયાંને હજી ૬ મહિનાથી પણ ઓછો સમય થયો છે તો એને બને તેટલું જલ્દી કાર્યાન્વિત કરીશું. પ્રાથમિક આરોગ્ય કેન્દ્રને લાગેવળગે છે ત્યાંસુધી મારે એ કહેવું જોઈએ કે રાજકોટ જિલ્લામાં સામૂહિક આરોગ્ય કેન્દ્રની વધ છે, પરંતુ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મંજૂર થવા પાત્ર છે ૫૧ અને મંજૂર થયાં છે ૪૬ એટલે પાંચની ઘટ છે, ગોંડલ તાલુકામાં એક પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મોટાદળવા ખાતે ૨૦૧૦-૧૧માં મંજૂર કરેલ છે, માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછ્યો છે એના જવાબમાં કહુ છું એટલે ૪ની ઘટ આ મંજૂર કર્યા પછી પણ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં રહેશે. કચ્છમાં પણ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં મંજૂર કરવાપાત્ર થાય છે ૩૭ અને મંજૂર કર્યા છે ૪૨, એટલે કચ્છમાં પાંચની વધ છે, એટલે એક રાજકોટ જિલ્લાને બાદ કરીએ તો પ્રાથમિક આરોગ્ય કેન્દમાં પણ સામૂહિક આરોગ્ય કેન્દ્રની માફક કચ્છ અને રાજકોટ જિલ્લામાં જે સરેરાશ મંજૂર કરવાપાત્ર થાય છે તેમાં વધ છે, ઘટ નથી.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : અમારી જે મુશ્કેલી થાય છે એ અહીંયા થાય છે, આપ પ્રશ્ન જોશો તો રાજકોટ અને કચ્છ જિલ્લામાં સી.એચ.સી. અને પી.એચ.સી. નો પ્રશ્ન છે, ઓછાં છે તે હકીકત સાચી છે, રિપ્લાય શેલ બી યસ, અહીંયા જવાબ શું આપ્યો કે રાજકોટ અને કચ્છ જિલ્લામાં આરોગ્યની પર્યાપ્ત સેવાઓ ઉપલબ્ધ છે,

સ્પેસિફિક ક્વેશ્ચન, સ્પેસિફિક રિપ્લાય, મારા સભ્ય અભ્યાસુ છે એમણે મારી સાથે આવીને ઘણી ચર્ચા કરી, હું માનવા તૈયાર નહોતો કે આવો જવાબ હોઈ શકે, પરંતુ અત્યારે માનનીય મંત્રીશ્રીના જવાબમાંથી ફલિત થયું કે રાજકોટ જિલ્લામાં પાંચ પી.એચ.સી. ઓછાં છે, તો આપણને સ્વીકારવામાં શું વાંધો હોઈ શકે કે પાંચ પી.એચ.સી. રાજકોટમાં ઓછાં છે, બીજે વધારે છે સી.એચ.સી. વી એપ્રિશિએટ પણ રાજકોટ જિલ્લામાં પાંચ ઓછાં છે એ આપણે ક્યારે અને કેવી રીતે પૂરા કરવા માગીએ છીએ?

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, પહેલી વાત તો એ છે કે માનનીય વિપક્ષના નેતાશ્રીએ જ્યાં ઓછાં છે તે મુદ્દો ઉપસ્થિત કર્યો છે તે સાચો છે, આઈ એકસેપ્ટ ઈટ. આઈ એકસેપ્ટ ઈટ. (અંતરાય) અર્જુનભાઈ આપ જ્યાં જ્યાં માથું મારો છો ત્યાં કોમ્પ્લીકેશન થાય છે, પ્લીઝ ડોન્ટ ડુ ધેટ. (અંતરાય) એવું નથી બાપુ આપને ખ્યાલ નથી, હવે પાર્ટી હાથમાં આવી છે જૂઓ પાર્ટીમાં પણ શું થાય છે ગરબડો બધી. (અંતરાય) સંકલન તો એવું છે કે અર્જુનભાઈ વિપક્ષના નેતા હતા ત્યારે પત્રકારોને જમવા બોલાવવા માટે વાહનની સવલત આપતા હતા, માનનીય વિપક્ષના નેતાજીએ બંધ કરી દીધી છે, આવું બે જણા વચ્ચેનું સંકલન છે. (અંતરાય) આપણે એની વાત નથી કરતાં.

**અધ્યક્ષશ્રી** : હવે આપણે ચર્ચા ટૂંકાવો, શક્તિસિંહભાઈ પ્લીઝ, આપ જવાબ ઉપર આવી જાઓ પ્લીઝ,

**શ્રી જયનારાયણ વ્યાસ** :એટલે બન્ને જણા વચ્ચે સંકલન રાખો તો સારું અમારે ત્યાં તો પાકું સંકલન છે આપ ચિંતા ના કરો, અર્જુનભાઈ એ સંકલન તો પાકુ છે એટલે.. અરે ભાઈ. આપ

**અધ્યક્ષશ્રી** : શક્તિસિંહભાઈ પ્લીઝ, અર્જુનભાઈ પ્લીઝ. જવાબ આપવા દો.

**શ્રી જયનારાયણ વ્યાસ** : સર, સંકલનનો મુદ્દો ઉપસ્થિત થયો એટલા માટે કહેવું પડે છે કે, સંકલન જો પાકુ ના હોત તો જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને બધે નગરપાલિકામાં ધોલાઈ થઈ ગઈ હોત. સંકલન એકદમ પાકુ છે અને પાકુ રહેવાનું છે તેની આપ ચિંતા ના કરશો. પણ તેમણે પર્યાપ્ત છે એટલા માટે કહ્યું કે ચારમાંથી ત્રણ કિસ્સાઓમાં વધ છે. સામૂહિક આરોગ્ય કેન્દ્રની બન્ને જિલ્લામાં વધ છે. પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની રાજકોટ જિલ્લામાં ચારની ઘટ રહે છે અને મારે માનનીય વિપક્ષના નેતાશ્રીને કહેવું છે કે બને તેટલી વહેલી ત્વરાએ આ ઘ ટ પૂરાય તે માટેના અમે પ્રયત્ન કરીશું.

**શ્રી કાળુભાઈ વીરાણી** : માનનીય અધ્યક્ષશ્રી, તેમણે કહ્યું કે આ બહુ જૂના ધારા-ધોરણ છે ૧૯૮૧ મુજબ જેને કારણે સીએચસી અને પીએચસીની સંખ્યા ખૂબ ઓછી રહે છે તો આ ૩૦ વર્ષ જૂના ધારા-ધોરણ છે તેને લેઈટેસ્ટ બનાવવા માગે છે કે કેમ ?

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, આ ધારા-ધોરણ કેન્દ્ર સરકાર દ્વારા નિર્ધારીત કરવામાં આવ્યાં છે એટલે જ્યારે બદલાશે ત્યારે આપણે ચોક્કસ બદલીશું.

**બનાસકાંઠા જિલ્લામાં ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાના લાભાર્થી**

*** ૨૧૩૮૮ શ્રી ગોવિંદભાઈ મા. પ્રજાપતિ (પાલનપુર)** : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાનો કેટલા લાભાર્થીઓએ લાભ લીધો, અને

(૨) આ પૈકી કેટલાની જિંદગી બચાવવામાં આવી ?

**આરોગ્ય મંત્રીશ્રી**

(૧) ૫૦,૮૫૮

(૨) આ પૈકી હૃદય રોગ, રોડ અકસ્માત, સર્પ દંશ, આત્મહત્યા, જટિલ પ્રસૂતિ વગેરે કેસોમાં તાત્કાલિક સારવાર મળવાથી કુલ ૨૦૩૯ જિંદગી બચાવવામાં આવી.

**શ્રી ગોવિંદભાઈ મા. પ્રજાપતિ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માંગુ છું કે, તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ ૧૦૮ સેવાઓ દ્વારા કઈ કઈ વિવિધ સેવાઓ આપવામાં આવી ? પ્રશ્ન બે બનાસકાંઠા જિલ્લામાં તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ કેટલી ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાઓ કાર્યરત છે ? અને છેલ્લાં બે વર્ષમાં તેના દ્વારા આપવામાં આવેલ વિવિધ સેવાઓ શું છે ?

**શ્રી જયનારાયણ વ્યાસ**: માનનીય અધ્યક્ષશ્રી, ૧૮, ૧૦૮ સેવાઓ બનાસકાંઠા જિલ્લામાં કાર્યરત છે અને તેના દ્વારા ટ્રોમા રિલેટેડ, પ્રસૂતિ રિલેટેડ અને અન્ય સેવાઓ આપવામાં આવી છે. તેના થકી છેલ્લાં બે વર્ષમાં કુલ ૫૦૮૫૮ લાભાર્થીઓને જે સેવા આપવામાં આવી તેમાં માનનીય સભ્યશ્રીને હું કહેવા માંગુ છું કે, ૨૦૮૫૧ પુરુષો એટલે ૪૧ ટકા પુરુષો, ૨૮૪૮૦ સ્ત્રીઓ એટલે ૫૬ ટકા બહેનો અને ૧૫૨૭ બાળકો એટલે ત્રણ ટકા બાળકોને સેવા આપવામાં આવી છે. તેમાં ટ્રોમાની ૫૬૫૨,પ્રસૂતિ સંલગ્ન ૨૩૪૭૯ અને અન્ય ૨૧૨૧૮, સર્પ દંશ ૫૦૯ તેમ કરીને ૫૦૮૫૮ પ્રકારની સેવાઓ આપવામાં આવી છે.

## જામનગર જિલ્લામાં પૂર્ણ કરેલ ચેકડેમો

*** ૨૧૩૭૧ શ્રી લાલજીભાઈ પ્રે. સોલંકી (જામનગર (ગ્રામ્ય) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) જામનગર જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં કેટલાં ચેકડેમો પૂર્ણ કરવામાં આવ્યાં,

(૨) આ ચેકડેમો પાછળ કુલ કેટલો ખર્ચ થયો, અને

(૩) આ ચેકડેમો થકી કેટલા વિસ્તારને સિંચાઈનો લાભ મળશે ?

**જળસંપત્તિ મંત્રીશ્રી**

(૧) ૨૩૦ ચેકડેમો.

(૨) રૂપિયા ૧૧.૮૬ કરોડ

(૩) ૩૬૮૯ હેકટર વિસ્તારને આડકતરો સિંચાઈનો લાભ મળશે.

**શ્રી લાલજીભાઈ પ્રે. સોલંકી** : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નના જવાબમાં મારા જામનગર જિલ્લામાં ૨૩૦ ચેકડેમો બનાવવામાં આવ્યાં છે. જેમાં ૧૧.૮૬ કરોડનો ખર્ચ થયો છે. એટલે કૃષિ ઋષિ તરફ જઈ રહ્યો છે એવો પ્રયાસ જિલ્લામાં થયો છે એટલે હું હર્ષની લાગણી વ્યક્ત કર્યા વગર રહેતો નથી. મારો પ્રશ્ન એ છે કે, જામનગર જિલ્લાના છેલ્લાં એક વર્ષમાં તાલુકા વાર કેટલા ચેકડેમો બાંધવામાં આવેલ છે ? તેમની પાછળ કુલ કેટલો ખર્ચ થયેલો છે ? બીજો પ્રશ્ન મારો એ છે કે, જામનગર જિલ્લામાં કઈ કઈ મોટી નદીઓ ઉપર કુલ કેટલા ચેકડેમો બાંધવામાં આવ્યાં ?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ:** માનનીય અધ્યક્ષશ્રી, જામનગર જિલ્લામાં છેલ્લાં એક વર્ષમાં ૧૧.૮૬ કરોડના ખર્ચે એટલે લગભગ ૧૨ કરોડ રૂપિયાના ખર્ચે ૨૩૦ ચેક ડેમ બનાવવામાં આવ્યાં છે ? માનનીય લાલજીભાઈએ પ્રશ્ન કર્યો કે કયા તાલુકામાં કેટલાં છે ? તો આ ૨૩૦ તે જુદા જુદા તાલુકામાં જે છે તે પ્રમાણે..કાલાવડ તાલુકામાં ૧૧૫ છે. જામનગર તાલુકામાં ૧૦, ધ્રોળમાં ૨૯, જોડીયામાં ૧૬, લાલપુરમાં ૬, ભાણવડમાં ૬, જામજોધપુરમાં ૨૭, જામકલ્યાણપુરમાં ૩, જામખંભાળીયામાં ૮ છે. આ રીતે કુલ ૯ તાલુકામાં ૧૨ કરોડના ખર્ચે ૨૩૦ ચેકડેમો બનાવવામાં આવ્યા છે. બીજો પ્રશ્ન એમણે કર્યો કે આમાં મોટી નદીઓ ઉપર કેટલા ચેકડેમ બનાવવામાં આવ્યા. હું અગાઉ પણ આ હાઉસમાં કહી ચૂકયો છું કે નાના વોકળાં કે નાની નદીઓ ઉપર આપણે નાના ચેકડેમ બનાવીએ છીએ. એ ૮૦-૨૦ની યોજનામાં અને મોટી નદી ઉપર પણ ચેકડેમ બનાવીએ છીએ. એમાં ૬૭ ચેકડેમ બનાવવામાં આવ્યા છે. એમાં ઉંડ નદી ઉપર ૧૬, સરસોઈ નદી ઉપર ૩, ડેમી નદી ઉપર ૪, આજી ઉપર ૪, મેસર ઉપર ૩, ફુલઝર ઉપર ૧, વરતુ ઉપર ૩, રૂપારેલ ઉપર ૨, રંગમતી ઉપર ૩ અને અન્ય જગ્યાએ ૨૮ એમ ૬૭ મોટી નદીઓ ઉપર ચેકડેમ બનાવવામાં આવ્યા છે.

**શ્રી બ્રિજરાજસિંહ હે. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી એ જાણવા માગું છું કે ૨૦૧૧માં જામજોધપુર અને લાલપુર વિસ્તારમાં જયારે નર્મદાનો લાભ નથી મળતો ત્યારે કેટલા ચેકડેમો કરવા માગે છે? અને એ માટે આ વખતે બજેટમાં આયોજન કર્યુ છે કે કેમ?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ:** આમ તો આપણી આ સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના એ કોઈ સીલીંગવાળી કે મર્યાદિત કામો મંજૂર કરવાવાળી યોજના નથી. જયાં જયાં પાણી રોકી શકાય, સારી સાઈટ હોય, વાજબી ખર્ચે તાંત્રિક રીતે શકય હોય એવી તમામ જગ્યાએ આપણે ચેકડેમ બનાવીએ છીએ. અને જયાં જયાં માગણી આવે ત્યાં પણ આપણે બનાવીએ છીએ. એટલે માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન કર્યો એ જામજોધપુરમાં આપણે કુલ જે મંજૂર કર્યા છે એ ૪૭ કર્યા છે. બીજો લાલપુર તાલુકો છે, એ લાલપુરમાં ૬ ચેકડેમ મંજૂર કર્યા છે. એટલે ૪૭ ને ૬ એમ કુલ ૫૩ મંજૂર કર્યા છે.

**શ્રી રાઘવજીભાઈ હં. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી મારે જાણવું છે કે નબળા બાંધકામો અંગેની ઘણી બધી ફરિયાદો મળે છે, ત્યારે આ ચેકડેમોના નબળા બાંધકામ અંગેની કોઈ ફરિયાદ સરકારને મળી છે કે કેમ? જો હા, તો આ અંગે સરકારે શું પગલાં લીધાં?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ ( જળસંપતિમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, બે ત્રણ રીતે આપણે આની ચકાસણી કરીએ છીએ. એક તો સિંચાઈ વિભાગના કવોલિટી કંટ્રોલના અધિકારીઓ એ કામ ઉપર દેખરેખ રાખે છે. પ્રજાકીય કોઈ ફરિયાદ આવે તો પણ આપણે ચકાસણી કરાવીએ છીએ. માનનીય ધારાસભ્યશ્રી દ્વારા કોઈ રજૂઆત આવે તો પણ આપણે ચકાસણી કરાવીએ છીએ. આખા રાજયમાં આ સતત ચાલતી પ્રક્રિયા છે અને કોઈપણ જગ્યાએ નાનામાં નાના માણસનું પોસ્ટકાર્ડ આવે, નનામુ પોસ્ટકાર્ડ આવે તો પણ મારી કક્ષાએ જો આ વાત આવે તો આપણે એની કડકાઈથી ચકાસણી કરાવીએ છીએ અને એમાં ઘણા કામોમાં પેમેન્ટ ચૂકવ્યા નથી. અને હમણા જે પાંચમાં નંબરનો પ્રશ્ન હતો એ પણ આ રીતનો જ પ્રશ્ન હતો. એટલા માટે અમે કડકાઈથી આમાં કામ કરીએ છીએ.

**ગાંધીનગરને જે.એન.યુ.આર.એમ.માં સાંકળવા દરખાસ્ત**

***૨૧૩૫૪ શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ (માંડલ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજયના ગાંધીનગરને જવાહરલાલ નહેરૂ નેશનલ અર્બન મિશન યોજના હેઠળ સાંકળી લેવા તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેન્દ્ર સરકાર સમક્ષ રાજય સરકાર દ્વારા કોઈ દરખાસ્ત કરવામાં આવી છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તે અન્વયે કેન્દ્ર સરકાર તરફથી શો પ્રતિભાવ મળ્યો?

**શહેરી વિકાસ મંત્રી:**

(૧) હા, જી. રાજયના ગાંધીનગરને જવાહરલાલ નહેરૂ નેશનલ અર્બન મિશન યોજના હેઠળ સાંકળી લેવા તા. ૩૧-૦૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેન્દ્ર સરકાર સમક્ષ રાજય સરકાર દ્વારા કુલ ૪ વખત દરખાસ્ત કરવામાં આવેલ છે.

(૨) તે અન્વયે કેન્દ્ર સરકાર તરફથી કોઈ જ પ્રતિભાવ મળેલ નથી.

**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ગાંધીનગરને જે.એન.યુ.આર.એમ. યોજના હેઠળ સાંકળી લેવા માટે રાજય સરકારે છેલ્લા ૩ વર્ષમાં ૪ વખત કેન્દ્ર સરકારને દરખાસ્ત મોકલી છે. દુ:ખની બાબત એ છે કે કેન્દ્ર સરકારે આજદિન સુધીમાં એકપણ પ્રતિભાવ આપ્યો નથી. ત્યારે મારે મંત્રીશ્રી પાસે એ જાણવું છે કે આ ગાંધીનગરને જવાહરલાલ નહેરુ નેશનલ અર્બન મિશનમાં સાંકળી લેવા માટે કેટલા વર્ષનો સમયગાળો છે? અને આવા શહેરોને સમાવવા માટે કઈ યોગ્યતા નકકી કરવામાં આવે છે?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ**: માનનીય અધ્યક્ષશ્રી, આમ તો ભારત સરકારે જયારે યોજના મંજૂર કરી, ત્યારે આનો ૭ વર્ષનો સમયગાળો નિશ્ચિત કર્યો છે. થોડા દિવસ પહેલા જ આ સભાગૃહમાં ખૂબ વિગતવાર આ પ્રશ્ન ચર્ચાયો છે. પણ, માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન કર્યો અને અગાઉ પણ જયારે ચર્ચા થઈ ત્યારે માનનીય વિપક્ષના નેતાએ એમ કહેલું કે પોરબંદરને ફકત મહાત્મા ગાંધીજીના જન્મસ્થળ તરીકે આખા દેશમાં એકમાત્ર મંજૂરી આપવામાં આવી છે. માનનીય અધ્યક્ષશ્રી, લેટેસ્ટ માહિતી જે મેં મેળવી છે, એ પ્રમાણે (અંતરાય) પ્રશ્નનો જ જવાબ છે. પ્રશ્નનો જવાબ છે. ગાંધીનગરમાં જ આવે. માનનીય અધ્યક્ષશ્રી, ગાંધીનગરનું તમે મંજૂર નથી કર્યુ એટલે તો આ પ્રશ્ન ઉપસ્થિત થયો.

**અધ્યક્ષશ્રી** : માનનીય નીતિનભાઈ, આપ જવાબ આપો.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : તમે મંજૂર ન કર્યુ. તમે કરમસદનું અને ગાંધીનગરનું મંજૂર કર્યુ હોત તો આ પ્રશ્ન ન આવત. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિપક્ષના નેતાએ કહ્યું હતું કે એ પ્રમાણે એનાથી વિપરીત વાત જે છે....

**અધ્યક્ષશ્રી** : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે. નેકસ્ટ.

# અતારાંકિત પ્રશ્નો
# (તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

**રાજ્યમાં હોમિયોપેથિક અને આયુર્વેદિક ડૉક્ટરોની સીધી ભરતીથી ભરવાપાત્ર જ્ગ્યાઓ**

૨૨૬૯૯ **: શ્રી વજેસિંગભાઈ પણદા (દાહોદ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં હોમિયોપેથિક ડૉક્ટર (વર્ગ-૩) અને આયુર્વેદિક ડૉક્ટર (વર્ગ-૨) ની તા.૩૧-૧-૨૦૧૧ ની સ્થિતિએ કેટલી જ્ગ્યાઓ સીધી ભરતીથી ભરવાપાત્ર છે,

**જવાબ**

(૧)

| સંવર્ગ | સીધી ભરતીથી ભરવા પાત્ર જ્ગ્યા |
|---|---|
| હોમિયોપેથિક મેડીકલ ઓફીસર વર્ગ-૩ | ૭૨ |
| મેડીકલ ઓફીસર (આયુર્વેદ) વર્ગ-૨ | ૧૬૭ |

(૨) આ બંને સંવર્ગોની જ્ગ્યાઓ નહીં ભરવાના કારણો શા છે, અને

(૨) અને (૩) : આ સંવર્ગના ભરતી નિયમો આખરી થયા બાદ સક્ષમ કક્ષાએથી મંજૂરી

(૩) આ બંને સંવર્ગની જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવાનું સરકારનું આયોજન છે ?

મળ્યેથી જગ્યા ભરવાનું આયોજન છે.

## કચ્છ જિલ્લામાં મોટા ચેકડેમો

૨૧૩૪૯ **: શ્રી રમેશભાઈ વ.મહેશ્વરી (મુંદ્રા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ વર્ષ ૨૦૦૯ અને ૨૦૧૦ દરમ્યાન કેટલા મોટા ચેકડેમ બનાવવામાં આવ્યા, અને

(૨) તેના થકી કેટલા વિસ્તારને સિંચાઈનો લાભ મળનાર છે ?

**જવાબ**

(૧) કચ્છ જિલ્લામાં તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ વર્ષ ૨૦૦૯માં ૧૧૬ અને ૨૦૧૦માં ૧૫ મળી કુલ ૧૩૧ મોટા ચેકડેમ બનાવવામાં આવ્યા છે.

(૨) કચ્છ જિલ્લામાં તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ વર્ષ ૨૦૦૯-૧૦માં કુલ ૧૩૧ મોટા ચેકડેમો થકી ૮૯૯૮ હેક્ટર જમીનને સિંચાઇનો લાભ મળનાર છે.

--------

## જામનગર જિલ્લામાં રોગી કલ્યાણ સમિતિઓ દ્વારા યુઝર્સ ચાર્જની વસૂલાત

૨૧૮૧૨ **: શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લાની ગુરૂ ગોવિંદસિંહ હોસ્પીટલ તથા અન્ય જનરલ હોસ્પિટલોમાં રચાયેલ રોગી કલ્યાણ સમિતિ દર્દીઓ પાસેથી જુદી જુદી તબીબી સેવાઓમાં દર્દીઓને ન પોસાય તેવી રકમના યુઝર્સ ચાર્જ વસુલ કરી રહી છે તે ફરિયાદથી સરકાર વાકેફ છે કે કેમ,

(૨) રોગી કલ્યાણ સમિતિ દ્વારા લેવામાં આવતા યુઝર્સ ચાર્જ પર સરકારનો કોઈ અંકુશ ન હોવાના શાં કારણો છે, અને

(૩) આ ફરીયાદના ઉકેલ માટે સરકારે ઉચ્ચકક્ષાએ શી વ્યવસ્થા કરી છે ?

**જવાબ**

(૧) જામનગર જિલ્લાની ગુરુ ગોવિંદસિંહ હોસ્પિટલ તથા અન્ય જનરલ હોસ્પિટલોમાં રચાયેલ રોગી કલ્યાણ સમિતિઓ દર્દીઓને ના પોસાય તેવા યુઝર્સ ચાર્જ વસુલ કરતી નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ સાબરકાંઠા જિલ્લામાં ફાળવેલ ગ્રાન્ટ

૨૧૩૪૮ **: શ્રી દિલિપસિંહજી પરમાર (મોડાસા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૦૯-૧૦ અને ૨૦૧૦-૧૧ માં તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લાની નગરપાલિકાઓને સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ મોડેલ નગરપાલિકા ઘટક કાર્યક્રમ હેઠળ વિકાસના કામો માટે કેટલી ગ્રાન્ટ ચૂકવવામાં આવી, અને

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અન્વયે ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ દ્વારા સાબરકાંઠા જિલ્લાની નગરપાલિકાઓના વિકાસના કામો માટે વર્ષ ૨૦૦૯-૧૦ માં રૂા. ૯.૧૨ કરોડની ગ્રાન્ટ જિલ્લા શહેરી વિકાસ એજન્સી (ડુડા) સાબરકાંઠાને હસ્તક મુકવામાં આવેલ છે.

**(₹ કરોડમાં)**

| ક્રમ | નગરપાલિકા | વર્ષ | વર્ષ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | હિંમતનગર | ૨.૩૭ | - | ૨.૩૭ |
| ૨ | મોડાસા | ૧.૭૫ | - | ૧.૭૫ |
| ૩ | ઇડર | ૧.૦૦ | - | ૧.૦૦ |
| ૪ | ખેડબ્રહ્મા | ૧.૦૦ | - | ૧.૦૦ |
| ૫ | પ્રાંતિજ | ૦.૭૫ | - | ૦.૭૫ |
| ૬ | વડાલી | ૦.૭૫ | - | ૦.૭૫ |
| ૭ | તલોદ | ૦.૭૫ | - | ૦.૭૫ |

| | | | | |
|---|---|---|---|---|
| ૭ | તલોદ | ૦.૭૫ | - | ૦.૭૫ |
| ૮ | બાયડ | ૦.૭૫ | - | ૦.૭૫ |
| | કુલ | ૯.૧૨ | -* | ૯.૧૨ |

* વર્ષ ૨૦૧૦-૧૧માં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કોઇ ગ્રાન્ટ ચુકવવામાં આવી નથી. પરંતુ તા. ૨૦-૧-૨૦૧૧ ના રોજ રૂા. ૯.૧૨ કરોડની ગ્રાન્ટ જિલ્લા શહેરી વિકાસ એજન્સી (ડુડા) સાબરકાંઠા ને હસ્તક મુકવામાં આવેલ છે.

(૨) તે અન્વયે તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ ક્યા ક્યા કામો પૂર્ણ કરવામાં આવેલ છે ?

(૨) તે અન્વયે તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ સ્લમ વિસ્તારના ૩૩ કામો તથા ગરીબ સમૃદ્ધિ યોજનાના ૩ કામો પૂર્ણ કરવામાં આવેલ છે.

### આણંદ જિલ્લાની નગરપાલિકાઓમાં મંજૂર ભૂગર્ભગટર યોજના

૨૧૩૨૬ **: શ્રીમતી જ્યોત્સનાબેન પટેલ (આણંદ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં આણંદ જિલ્લામાં કઈ કઈ નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર યોજના મંજૂર કરવામાં આવેલ છે,

(૨) મંજૂર થયેલ ભૂગર્ભ ગટર યોજનાની કામગીરી તા.૩૧-૧-૨૦૧૧ ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને

(૩) નગરપાલિકા દીઠ કેટલો ખર્ચ મંજૂર થયેલ છે?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં આણંદ જિલ્લાની કરમસદ, સોજીત્રા અને વલ્લભવિદ્યાનગર નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર યોજના મંજૂર કરવામાં આવેલ છે.

(૨) મંજૂર થયેલ ભૂગર્ભ ગટર યોજનાની કામગીરી તા.૩૧-૧-૨૦૧૧ ની સ્થિતિએ નીચે મુજબ છે.

| ક્રમ | નગરપાલિકાનું નામ | સ્થિતિ |
|---|---|---|
| ૧ | કરમસદ | ટેન્ડર મંજૂરી હેઠળ છે. |
| ૨ | સોજીત્રા | ડીટીપી પૂર્તતા હેઠળ છે. |
| ૩ | વલ્લભવિદ્યાનગર | ટેન્ડરો બહાર પાડવાના છે. |

(૩) નગરપાલિકા દીઠ નીચે મુજબ અંદાજિત ખર્ચ મંજૂર કરવામાં આવેલ છે.

| ક્રમ | નગરપાલિકાનું નામ | રકમ |
|---|---|---|
| ૧ | કરમસદ | ૩૫૬.૫૪ |
| ૨ | સોજીત્રા | ૬૩૮.૩૦ |
| ૩ | વલ્લભવિદ્યાનગર | ૪૧૦.૪૮ |

### પિયજ - ધરોઈ પાઈપ લાઈનથી જોડવામાં આવેલ તળાવો

૨૧૩૪૭ **: શ્રી કલ્યાણસિંહ ચૌહાણ (દહેગામ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ પિયજ ધરોઈ પાઈપ લાઈનથી કુલ કેટલા તળાવો જોડવામાં આવેલ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ તેમાંથી વર્ષ ૨૦૧૦-૧૧ માં કેટલા તળાવો ભરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) પિયજ-ધરોઇ પાઇપ લાઇનથી કુલ ૨૯ તળાવોને જોડવામાં આવેલ છે.

(૨) ૨૭ તળાવોને આ પાઇપ લાઇનના પાણીથી ભરવામાં આવેલ છે.

## અમદાવાદ શહેરની વધતી જતી વાહન વ્યવહારની સમસ્યા માટે મંજૂર પ્રોજેક્ટ

૨૧૩૫૮ **: શ્રી રાકેશ શાહ (એલીસબ્રીજ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ અમદાવાદ શહેરની વધતી જતી વાહન વ્યવહારની સમસ્યાને પહોંચી વળવા માટે બી.આર.ટી.એસ. યોજના અન્વયે કેટલા કિ.મી.નો પ્રોજેક્ટ મંજૂર થયેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેટલી કી.મી. ની કામગીરી હાથ ધરાયેલ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ તે પાછળ કેટલો ખર્ચ થયેલ છે?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ અમદાવાદ શહેરમાં બી.આર.ટી.એસ. બનાવવાની યોજના હેઠળ ૮૮ કિ.મી.ના પ્રોજેક્ટો મંજૂર થયેલ છે.

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે ૮૮ કિ.મી.ની કામગીરી હાથ ધરાયેલ છે.

(૩) ઉક્ત સ્થિતિએ તે પાછળ કુલ ₹ ૫૩૬.૦૩ કરોડનો ખર્ચ થયેલ છે.

--------

## આણંદ જિલ્લા પંચાયતના આરોગ્ય વિભાગ હસ્તકની કચેરીઓનું મહેકમ

૨૨૬૪૨ **: શ્રી અમીતભાઈ ચાવડા (બોરસદ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ આણંદ જિલ્લા પંચાયતના આરોગ્ય વિભાગ હસ્તકની કચેરીઓનું સંવર્ગવાર મંજૂર મહેકમ કેટલું છે,

(૨) તે પૈકી કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે,

(૩) ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવાનું આયોજન છે, અને

(૪) વર્ગ-૧ અને વર્ગ-૨ ની જગ્યાઓ લાંબા સમય સુધી ન ભરવાના કારણો શાં છે ?

**જવાબ**

(૧) આણંદ જિલ્લા પંચાયત ખાતેની આરોગ્ય વિભાગ હસ્તકની જગ્યાઓનું મંજૂર મહેકમની વિગત દર્શાવતું પત્રક નીચે મુજબ છે.

| ક્રમ | સંવર્ગનું નામ | મંજૂર | ભરેલી | ખાલી |
|---|---|---|---|---|
| ૧ | વર્ગ-૧ | ૩ | ૨ | ૧ |
| ૨ | વર્ગ-૨ | ૬૫ | ૫૮ | ૭ |
| ૩ | વર્ગ-૩ | ૭૮૨ | ૬૦૯ | ૧૭૩ |
| ૪ | વર્ગ-૪ | ૧૯૦ | ૧૦૬ | ૮૪ |
| | **કુલઃ** | **૧૦૪૦** | **૭૭૫** | **૨૬૫** |

સંવર્ગવાર મંજૂર મહેકમનું **પત્રક-અ*** સામેલ છે.

(૨) આણંદ જિલ્લા પંચાયત હસ્તકની આરોગ્ય સેવા હેઠળની સંવર્ગવાર ખાલી જગ્યાઓના **પત્રક*** ૧, ૨, ૩ અને ૪ સામેલ છે.

(૩) જરૂરી લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી.

(૪) વર્ગ-૧ અને વર્ગ-૨ ની ખાલી જગ્યાઓ માટે જરૂરી લાયકાત ધરાવતા તબીબો પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ નહિ થવાના કારણે.

**(* પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)**

--------

## જામનગર જિલ્લામાં ઈ-મમતા કાર્યક્રમ

૨૧૩૯૯ **: શ્રી મેઘજીભાઈ કણઝારીયા (ખંભાળીયા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સગર્ભા માતાઓની નોંધણી માટે સરકારે ઈ-મમતા કાર્યક્રમ શરૂ કરેલ છે, તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો જામનગર જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી સગર્ભા માતાઓની નોંધણી કરવામાં આવી ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ઇ-મમતા કાર્યક્રમ એપ્રિલ-૨૦૧૦ થી શરૂ થયેલ હોય તા.૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ જામનગર જિલ્લામાં ૩૦,૬૬૬ સગર્ભા માતાઓની નોંધણી કરવામાં આવી છે.

--------

## ગાંધીનગરને જે.એન.યુ.આર.એમ. માં સમાવવા અંગે

૨૧૩૭૯ **: શ્રી ઉપેન્દ્રસિંહ પ્ર.ગોહિલ (વડોદરા (ગ્રામ્ય) :** **માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગાંધીનગરને જવાહરલાલ નહેરૂ નેશનલ અર્બન મીશન હેઠળ સાંકળી લેવા તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેન્દ્ર સરકાર સમક્ષ રાજ્ય સરકાર દ્વારા કોઈ દરખાસ્ત કરવામાં આવી છે તે હકીક્ત સાચી છે, અને

(૨) જો હા, તો તે અન્વયે કેન્દ્ર સરકાર તરફથી શો પ્રતિભાવ મળ્યો ?

**જવાબ**

(૧) હા જી, ગાંધીનગરને જવાહરલાલ નહેરૂ નેશનલ અર્બન મીશન હેઠળ સાંકળી લેવા તા.૩૧-૧-૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેન્દ્ર સરકાર સમક્ષ રાજ્ય સરકાર દ્વારા કુલ ૪ વખત દરખાસ્ત કરવામાં આવેલ છે.

(૨) તે અન્વયે કેન્દ્ર સરકાર તરફથી કોઈ જ પ્રતિભાવ મળેલ નથી.

--------

## અબડાસા તાલુકામાં સુજલામ-સુફલામ યોજના હેઠળ બંધારા

૨૧૪૨૮ **: શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી (અબડાસા) :** **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં અબડાસા તાલુકામાં સુજલામ-સુફલામ યોજના હેઠળ વર્ષ ૨૦૦૯-૧૦ અને ૨૦૧૦-૧૧ માં તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ કેટલા બંધારા બનાવવામાં આવ્યા, અને

(૨) આ કામો પાછળ ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) કચ્છ જિલ્લામાં અબડાસા તાલુકામાં સુજલામ-સુફલામ યોજના હેઠળ વર્ષ ૨૦૦૯-૧૦ માં ૧ બંધારા અને ૨૦૧૦-૧૧ માં તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ ૨ બંધારા બનાવવામાં આવ્યા.

(૨) આ કામો પાછળ વર્ષ ૨૦૦૯-૧૦ માં રૂ.૧૩.૧૩ કરોડ અને ૨૦૧૦-૧૧ માં તા.૩૧-૧૨-૨૦૧૦ અંતિત રૂ. ૪.૩૧ કરોડનો ખર્ચ થયેલ છે.

--------

## ધોળકા તાલુકામાં સ્વજલધારા કાર્યક્રમ અન્વયે મંજૂર કામો

૨૧૫૮૪ **: શ્રી કાનજીભાઈ તળપદા (ધોળકા) :** **માનનીય પાણી પૂરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ધોળકા તાલુકામાં સ્વજલધારા કાર્યક્મ નીચે ક્યા ક્યા કામો માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવી,

(૨) તે અન્વયે ક્યા ક્યા કામો વર્ષવાર પૂર્ણ થયા,

(૩) કેટલા કામો હજુ બાકી છે, અને

(૪) આ કામો પાછળ કેટ કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) ૩૭ યોજનાઓના કામો માટે રૂા. ૩૭૪.૯૯ લાખ.

(૨) ૨૦૦૯માં ૧ યોજનાના કામો પૂર્ણ
૨૦૧૦માં ૫ યોજનાના કામો પૂર્ણ.

(૩) ૨૬ યોજનાના કામો પ્રગતિ હેઠળ છે.
૫ યોજનાના કામો લોકફાળો બાકી હોવાથી શરૂ થયેલ નથી.

(૪) રૂા. ૧૧૫.૮૭ લાખ.

--------

## કચ્છ જિલ્લામાં સી.એચ.સી.ના મકાનો બાંધવા મંજૂર રકમ

૨૧૪૦૬ **: ડૉ. નીમાબેન આચાર્ય (અંજાર) :** **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં સામૂહિક આરોગ્ય કેન્દ્રોના મકાનો બાંધવા માટે તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી રકમ મંજૂર કરવામાં આવી છે,

(૨) આ કામગીરી ક્યાં સુધીમાં શરૂ થશે, અને

**જવાબ**

(૧)

| સા.આ.કેન્દ્રનું નામ | મંજૂર રકમ |
|---|---|
| સામૂહિક આરોગ્ય કેન્દ્ર, દયાપર | રૂ. ૧,૫૦,૦૦,૦૦૦ |

(૨) ટેન્ડર મંગાવેલ છે જેની મંજૂરી અંગેની પ્રક્રિયા

(૩) કેટલા સમયમાં પૂર્ણ કરવાનું આયોજન છે ?

પૂરી થયેથી કરાર અંગેની અન્ય વિધીઓ પૂરી થયા બાદ.
(૩) ટેન્ડરમાં નિયત થયેલ શરત અનુસાર સમયમર્યાદા મુજબ પૂર્ણ કરવાનું આયોજન છે.

**કચ્છ જિલ્લામાં ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ દ્વારા ગ્રામીણ વિસ્તારને પેય જલ પહોંચાડવા ખાનગી કંપનીઓને કોન્ટ્રાકટ**

૨૨૬૩૯ **: શ્રી બાબુભાઈ મે. શાહ (૨૫૫૨) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

કચ્છ જિલ્લામાં ડીસે-૨૦૧૦ની સ્થિતિએ ૨ વર્ષમાં ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ દ્વારા ગ્રામીણ વિસ્તારને પેય જલ પહોંચાડવા અને યોજનાની કાળજી લેવા ખાનગી કંપની કે સંસ્થાઓને કે વ્યક્તિઓને કોન્ટ્રેક્ટ આપવામાં આવે છે તે હકિક્ત સાચી છે ?

**જવાબ**

ગ્રામીણ વિસ્તારને પેયજલ પહોંચાડવા જૂથ યોજનાની મરામત અને નિભાવણી ખાનગી કંપની કે વ્યક્તિઓને જાહેર નિવિદાથી ભાવો આમંત્રીત કરીને તથા ગ્રામ પંચાયત જેવી સ્થાનીક સંસ્થાઓને નિયમાનુસાર કામગીરી સોંપવામાં આવે છે.

**ધંધુકા, બરવાળા અને રાણપુર તાલુકાના ગામોમાં નવી પાઈપલાઈનો નાખવા માટે મંજૂરી**

૨૨૦૭૯ **: શ્રી રણછોડભાઈ ક.મેર (ધંધૂકા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ જિલ્લાના ધંધુકા, બરવાળા અને રાણપુર તાલુકાના ગામોમાં તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલી નવી પાઈપલાઈનો નાંખવા માટે મંજૂરી આપવામાં આવી,

(૨) મંજૂર થયેલ પૈકી કેટલા ગામોમાં પાઈપલાઈનો નાખવાનું કામ પૂર્ણ કરવામાં આવ્યું, અને

(૩) બાકી રહેલ પાઈપલાઈનનું કામ કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે?

**જવાબ**

(૧) ૧૧૪ ગામોમાં ૨,૮૯,૬૨૫ મીટર નવી પાઈપલાઈનો નાખવા માટે મંજૂરી આપવામાં આવી.

(૨) ૮૦ ગામોમાં કુલ ૨,૧૨,૭૯૭ મીટર પાઈપલાઈનો નાખવાનું કામ પૂર્ણ કરવામાં આવ્યું.

(૩) બાકીના કામ પ્રગતિ હેઠળ હોઈ વહેલી તકે પૂર્ણ કરવામાં આવશે.

--------

**પંચમહાલ જિલ્લામાં મંજૂર મોટા ચેકડેમો**

૨૧૩૬૭ **: શ્રી જેઠાભાઈ ભરવાડ (શહેરા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પંચમહાલ જિલ્લામાં વર્ષ ૨૦૦૯-૨૦૧૦માં કેટલા મોટા ચેકડેમ મંજૂર થયા, અને

(૨) તેની પાછળ કેટલી રકમનો ખર્ચ થયો?

**જવાબ**

(૧) ૫૭.

(૨) રૂ. ૯૦૮.૧૫ લાખ.

--------

**અમરેલી જિલ્લામાં સી.એચ.સીના મકાનો બાંધવા મંજૂર રકમ**

૨૧૪૦૯ **: શ્રી કાળુભાઇ વી. વીરાણી (કુંડલા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમરેલી જિલ્લામાં સામૂહિક આરોગ્ય કેન્દ્રોના મકાનો બાંધવા માટે તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી રકમ મંજૂર કરવામાં આવી છે,

(૨) આ કામગીરી ક્યાં સુધીમાં શરૂ થશે, અને

(૩) કેટલા સમયમાં પૂર્ણ કરવાનું આયોજન છે?

**જવાબ**

(૧) અમરેલી જિલ્લામાં સામૂહિક આરોગ્ય કેન્દ્રોના મકાનો બાંધવા માટે તા. ૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રૂ.૧૪૦,૦૦,૦૦૦/- (એક કરોડ ચાલીસ લાખ)ની રકમ નીચે પ્રમાણે મંજૂર થયેલ છે.

| | મંજૂર થયેલ રકમ |
|---|---|
| સામૂહિક આરોગ્ય કેન્દ્ર, વંડા | ૧૪૦,૦૦,૦૦૦/- |

(૨) સામૂહિક આરોગ્ય કેન્દ્રનું નવું મકાન બાંધવા માટે જમીન અપૂરતી છે જેથી જુના મકાનો તોડી નવા અંદાજો બન્યા પછી વહીવટી મંજૂરી અને તાંત્રિક મંજૂરી બાદ આ કામ શરૂ થશે.

(૩) ટેન્ડર મંજૂર થયેથી બાર માસમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

--------

### સુરેન્દ્રનગર જિલ્લામાં પૂર્ણ કરેલ ચેકડેમો

૨૧૩૬૮ **: શ્રીમતી વર્ષાબેન ન.દોશી (વઢવાણ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા ચેકડેમો પૂર્ણ કરવામાં આવ્યા,

(૨) આ ચેકડેમો પાછળ ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયો, અને

(૩) આ ચેકડેમો થકી કેટલા વિસ્તારને સિંચાઈનો લાભ મળશે?

**જવાબ**

(૧) ૧૫૦ ચેકડેમો.

(૨) રૂા. ૬૩૨.૦૦ લાખ.

(૩) ૩૩૭૦ હેક્ટર વિસ્તારને આડક્તરો સિંચાઈનો લાભ મળશે.

--------

### ભાવનગર જિલ્લાની નગરપાલિકાઓને સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત ગ્રાન્ટ

૨૧૩૪૦ **: શ્રી આત્મારામભાઈ પરમાર (ગઢડા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૦૯ અને ૨૦૧૦માં તા.૩૧-૧૨-૧૦ ની સ્થિતિએ ભાવનગર જિલ્લાની નગરપાલિકાઓને સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ મોડેલ નગરપાલિકા ઘટક કાર્યક્રમ હેઠળ વિકાસના કામો માટે કેટલી ગ્રાન્ટ ચૂકવવામાં આવી, અને

(૨) તે અન્વયે તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ ક્યા ક્યા કામો પૂર્ણ કરવામાં આવેલ છે?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ ભાવનગર જિલ્લાની નગરપાલિકાઓને સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના મોડલ નગરપાલિકા ઘટક કાર્યક્રમ હેઠળ વિકાસના કામો માટે ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ દ્વારા કૂલ ૧૦.૭૫ કરોડની ગ્રાન્ટની ફાળવણી કરી ભાવનગર જિલ્લા શહેરી વિકાસ એજન્સી (ડુડા)ને ચૂકવવામાં આવેલ છે.

| | નગરપાલિકાનું નામ | ફાળવેલ રકમ ₹ | | કુલ ચુકલવેલ રકમ ₹ કરોડમાં |
|---|---|---|---|---|
| | | ૧/૧/૦૯ થી ૩૧/૧૨/૦૯ | ૧/૧/૧૦ થી ૩૧/૧૨/૧૦ | |
| ૧ | બોટાદ | - | ૨.૫૦ | ૨.૫૦ |
| ૨ | પાલીતાણા | - | ૧.૭૫ | ૧.૭૫ |
| ૩ | મહુવા | - | ૧.૭૫ | ૧.૭૫ |
| ૪ | શિહોર | - | ૧.૦૦ | ૧.૦૦ |
| ૫ | ગઢડા | - | ૧.૦૦ | ૧.૦૦ |
| ૬ | ગારીયાધાર | - | ૧.૦૦ | ૧.૦૦ |
| ૭ | તળાજા | - | ૧.૦૦ | ૧.૦૦ |
| ૮ | વલભિપુર | - | ૦.૭૫ | ૦.૭૫ |
| | **કુલ ₹** | - | **૧૦.૭૫** | **૧૦.૭૫** |

(૨) તે અન્વયે તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ નીચે જણાવેલ કામો પૂર્ણ કરવામાં આવેલ છે.

૧. મુખ્ય રસ્તા (૩૯)/સી.સી. રોડ(૪)

૨. સ્લમ વિસ્તારના વિકાસ (૧ કામ)

--------

### હાથમતી અને ઈન્દ્રાસી નદી કિનારાના ગામોને પૂરથી બચાવવા પ્રોટેક્શન દિવાલો બનાવવા માંગણીઓ

૨૨૬૪૧ **: ડૉ. અનિલ જોષીયારા (ભીલોડ : શ્રી છનાભાઈ ચૌધરી (ધરમપુર) :**
ા) **: માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકામાં હાથમતી અને ઈન્દ્રાસી નદી પર આવતા અનુસૂચિત જનજાતિ વસ્તીવાળા ગામો માટે પૂર દ્વારા થતા નુક્સાનને અટકાવવા કેટલી ફ્લડ પ્રોટેક્શન દિવાલો બનાવવા માંગણીઓ મળી,

(૨) ઉક્ત સ્થિતિએ એમાંથી કેટલી ફ્લડ પ્રોટેક્શન

**જવાબ**

(૧) નીચે મુજબની માંગણીઓ મળી.
(૧) જોડ-ખાપરેટા (૨) પાટીયાકુવા (૩) આંબાબાર (૪) કિશનગઢ (૫) ઉબસલ-પાદરા (૬) કમઠાડીયા (૭) ભીલોડા

(૨) (૧) પાટીયાકુવા ફ્લડ પ્રોટેક્શન દિવાલ પૂર્ણ

દિવાલો મંજૂર કરી કામ પૂર્ણ કરવામાં આવ્યું,

(૩) કઈ કઈ જગ્યાઓની ફલડ પ્રોટેક્શન દિવાલ બનાવવાની બાકી છે, અને

(૪) તે ક્યાં સુધીમાં મંજૂર કરી પૂર્ણ કરવામાં આવશે?

કરેલ છે.

(૨) જોડ-ખાપરેટા (૨) ઉબસલ-પાદરા અને (૩) ભીલોડા ફલડ પ્રોટેક્શન દિવાલ મંજૂર કરેલ છે.

(૩) અને (૪) (૧) આંબાબાર, (૨) કિશનગઢ અને (૩) કમઠાડીયા ગામે તાંત્રિક તેમજ આર્થિક રીતે શક્ય જણાયેથી અને બજેટની જોગવાઇને ધ્યાને લઇને આગળની કાર્યવાહી કરવામાં આવશે.

--------

## રાજ્યમાં ક્રેમીયન કોંગો તાવની અટકાયત બાબત

૨૧૩૩૫ **: શ્રી ભરત બારોટ (દરિયાપુર-કાઝીપુર ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં ક્રેમીયન કોંગો હેમરેજીક તાવની અટકાયત માટે સરકાર ધ્વારા આપત્તિ વ્યવસ્થાપન પ્લાન અમલમાં મૂકેલ છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો આ અંગે સરકાર ધ્વારા તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ શાં પગલાં લેવામાં આવ્યા?

**જવાબ**

(૧) હા, રાજ્યમાં ક્રિમીયન કોન્ગો હેમરેજીક તાવની અટકાયત માટે સરકાર દ્વારા આપત્તિ વ્યસ્થાપન પ્લાન અમલમાં મૂકેલ છે તે હકીકત સાચી છે.

(૨) મંત્રીશ્રી (આરોગ્ય) એ રોગની ગંભીરતાને ધ્યાને લઇ તેમના અધ્યક્ષ સ્થાને તા. ૧૮-૧-૧૧નાં રોજ આરોગ્ય વિભાગ, પશુપાલન વિભાગ, ખાનગી તબીબો અને નેશનલ ઇન્સ્ટીટયુટ ઓફ વાયરોલોજી, પુનાનાં ઉચ્ચ અધિકારીઓ સાથે એક તાકીદની બેઠક બોલાવી, રોગની સારવાર અને અટકાયત માટેની કામગીરીના આયોજન માટે વિગતે ચર્ચા કરેલ.

- આ રોગથી અસરગ્રસ્ત થયેલ કોલટ(અમદાવાદ), અમદાવાદ શહેર, કેસીંપા(મહેસાણા) અને અડાસર (ખેડા)ગામો તથા આ ગામોની ૫ કિલોમીટરની ત્રિજ્યામાં આવેલ ગામોમાં આ રોગના શંકાસ્પદ દર્દીઓની શોધ માટે ૩૩ ટીમો દ્વારા સર્વેલન્સની કામગીરી હાથ ધરવામાં આવેલ. કુલ-૩૭૫૮૯ વ્યક્તિઓનો સર્વે હાથ ધરવામાં આવેલ, ૩૦૦ લોહીના નમૂના પરીક્ષણ અર્થે લેવામાં આવેલ.

- સર્વેલન્સ દરમ્યાન મળેલ શંકાસ્પદ દર્દીઓના લોહીના નમૂના તપાસ અર્થે લઇ નેશનલ ઇન્સ્ટીટયુટ ઓફ વાયરોલોજી, પુના ખાતે મોકલવામાં આવતા અને આવા દર્દીઓને સીવીલ હોસ્પિટલમાં ઊભા કરવામાં આવેલ અલાયદા આઇસોલેશન વોર્ડમાં રાખી સારવાર આપવામાં આવેલ.

- શંકાસ્પદ દર્દીઓના સંપર્કમાં આવેલ નજીકના સંબંધિઓ તથા સારવાર કરનાર હોસ્પિટલ સ્ટાફની દિવસમાં બે વાર શારિરીક તપાસ કરવામાં આવતી જેથી કરીને આ રોગના ચિ□ો માલુમ પડે તાત્કાલિક સારવાર ચાલુ કરી શકાય. અત્યાર સુધીમાં ૨૮૭ વ્યક્તિઓની આવી તપાસ કરવામાં આવેલ છે તથા જનસમુદાયમાં આ રોગ બાબતે ભય ન ફેલાય અને સાચી માહિતી મળે તે અંગે પ્રચાર પ્રસાર કરવામાં આવેલ છે.

- આ રોગના ફેલાવા માટે ઇતરડી જવાબદાર હોઇ તેના નિયંત્રણ માટે અસરગ્રસ્ત વિસ્તારમાં પશુપાલન વિભાગના સંકલનમાં રહી ૧૩૫૫૭ પ્રાણીઓ ઉપર જંતુનાશક દવાનો, છંટકાવ કરવામાં આવેલ છે.

- નેશનલ ઇન્સ્ટીટ્યુટ ઓફ વાયરોલોજી, પુના અને નેશનલ ઇન્સ્ટીટ્યુટ ઓફ કોમ્યુનીકેબલ ડીસીઝ સેન્ટર,

દિલ્હીના તજજ્ઞોને અસરગ્રસ્ત વિસ્તારની મુલાકાત કરાવીને જરૂરી માર્ગદર્શન મેળવવામાં આવેલ છે.

**પાનમ યોજનામાં સહભાગી સિંચાઈ વ્યવસ્થાપન હેઠળ આવરી લીધેલ વિસ્તાર**

૨૧૪૭૫ **: શ્રી ફતેસિંહ ચૌહાણ (રાજગઢ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| પંચમહાલ જિલ્લામાં તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ પાનમ યોજનામાં સહભાગી સિંચાઈ વ્યવસ્થાપન હેઠળ કેટલા હેકટર વિસ્તાર આવરી લીધેલ છે? | ૧૧૮૩૩ હેકટર વિસ્તાર. |

**પરિચર્યા સહાયકોને કાયમી નિમણૂકના ઓર્ડરો અંગે**

૨૧૫૮૯ **: શ્રી પુનાભાઈ ઘે. ગામીત (વ્યારા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ પરિચર્યા સહાયકો જેઓને ફીક્સ પગારથી નિમણૂકો આપેલ છે તેઓને તા.૩૧-૧-૧૦ના રોજ પાંચ વર્ષ પૂરા થવા છતાં કાયમી નિમણૂકોના ઓર્ડરો આપવામાં આવ્યા નથી તે હકીકત સાચી છે, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો કાયમી નિમણૂકો આપવામાં વિલંબ થવાના કારણો શાં છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) કેટલા સમયમાં તેઓને કાયમી નિમણૂકના ઓર્ડર આપવામાં આવશે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

--------

**સુરત જિલ્લાના પલસાણા તાલુકામાં સ્વજલધારા કાર્યક્રમ હેઠળ મંજૂર કામો**

૨૧૪૨૩ **: શ્રી કિરીટભાઈ ગં.પટેલ (ઓલપાડ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સુરત જિલ્લાના પલસાણા તાલુકામાં સ્વજલ ધારા કાર્યક્રમ હેઠળ તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલાં કામો મંજૂર કરવામાં આવ્યાં, અને | (૧) ૧૦ યોજનાઓ મંજૂર કરવામાં આવી. |
| (૨) આ કામો અન્વયે પાણી સમિતિઓને ઉક્ત સમયગાળા દરમિયાન કુલ કેટલું ફંડ ફાળવવામાં આવેલ છે? | (૨) રૂા. ૬૧.૫૧ લાખ. |

--------

**સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા, સાયલા, મૂળી અને વઢવાણ તાલુકાને નર્મદા કેનાલનું પાણી પૂરું પાડતી યોજનાના કામો**

૨૧૪૭૮ **: શ્રી ભરતભાઈ વ. ખોરાણી (ચોટીલા ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા, સાયલા, મૂળી અને વઢવાણ તાલુકાઓના ગામો તથા શહેરોને નર્મદા કેનાલનું પાણી પૂરું પાડવા માટેની યોજનાના કામો તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ ક્યા તબક્કે છે, | (૧) સુરેન્દ્રનગર જિલ્લાની ચોટીલા, સાયલા, મૂળી અને વઢવાણ તાલુકાઓને આવરી લેતી યોજનાઓની સ્થિતિ નીચે મુજબ છે.<br>(૧) સુરેન્દ્રનગર-૧ (ઈસનપુર ઓફટેક આધારિત) યોજનાના કામો પૂર્ણ થયેલ છે.<br>(૨) સુરેન્દ્રનગર-૨ અને ૩ (લક્ષ્મીસર અને દરેડ ઓફટેક આધારિત) યોજનાના કામો પૂર્ણ થયેલ છે.<br>(૩) સુરેન્દ્રનગર સંકલિત ભાગ-૨ (ધોળીધજા ડેમ આધારિત) યોજનાના ૭૦ ટકા કામો પૂર્ણ થયેલ છે. |

(૨) તેમાં ક્યા તાલુકાના કેટલા ગામો/શહેરોને આવરી લેવામાં આવનાર છે, અને

(૨) નીચેની વિગતે

| તાલુકો | યોજનાનું નામ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | સુરેન્દ્રનગર-૧ યોજના | | સુરેન્દ્રનગર-૨ સુરેન્દ્રનગર-૩ યોજના | | સુરેન્દ્રનગર સંકલિત પાણી પુરવઠા યોજના (ભાગ-૨) | | કુલ | |
| | ગામ | શહેર | ગામ | શહેર | ગામ | શહેર | ગામ | શહેર |
| ચોટીલા | ૦ | ૦ | ૦ | ૦ | ૧૧૨ | ૧ | ૧૧૨ | ૧ |
| સાયલા | ૦ | ૦ | ૧૪ | ૦ | ૬૨ | ૦ | ૭૬ | ૦ |
| મુળી | ૧૪ | ૦ | ૧ | ૦ | ૪૩ | ૦ | ૫૮ | ૦ |
| વઢવાણ | ૦ | ૦ | ૩૮ | ૦ | ૭ | ૦ | ૪૫ | ૦ |
| કુલ : | ૧૪ | ૦ | ૫૩ | ૦ | ૨૨૪ | ૧ | ૨૯૧ | ૧ |

(૩) કેટલા લાખ લીટર પાણી ગામો/શહેરોને આપવામાં આવશે?

(૩) ગ્રામ્ય વિસ્તાર-૪૨૯.૯૩ લાખ લીટર/પ્રતિ દિવસ શહેરી વિસ્તાર-૬૦.૪૧ લાખ લીટર/પ્રતિ દિવસ.

--------

## સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર બનાવેલ જૂથ પાણી પુરવઠા યોજના

૨૨૬૫૯ **: શ્રી અશ્વિન કોટવાલ (ખેડબ્રહ્મા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લામાં તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કુલ કેટલી જૂથ પાણી પુરવઠા યોજના તાલુકાવાર બનાવવામાં આવી,

**જવાબ**

(૧) નીચેની વિગતે ૬ જુથ યોજનાઓ

| તાલુકો | યોજનાનું નામ |
|---|---|
| વિજયનગર | વણજ જૂથ પુરવઠા યોજના |
| | સાબરકાંઠા-૪ |
| ખેડબ્રહ્મા | ભરમીયા-સેબલીયા જૂથ પાણી પુરવઠા યોજના |
| | ગુણભાખરી જૂથ પાણી પુરવઠા યોજના |
| બાયડ | સાબરકાંઠા-૨ |
| ધનસુરા | સાબરકાંઠા-૨ |
| માલપુર | સાબરકાંઠા-૨ |
| | સાબરકાંઠા-૩ |
| મોડાસા | સાબરકાંઠા-૨ |
| મેઘરજ | સાબરકાંઠા-૩ |
| | સાબરકાંઠા-૪ |

(૨) તેમાં કુલ કેટલા ગામોનો સમાવેશ કરવામાં આવેલ,

(૨) ૭૦૫ ગામ અને ૩ શહેર

(૩) તે પૈકી કેટલા ગામોને ઉક્ત સ્થિતિએ પાણી પુરૂં પાડવામાં આવે છે, અને

(૩) (ત્રણ) યોજના ટેન્ડરના તબક્કે અને ૩ (ત્રણ) યોજના મંજૂરીના તબક્કે છે.

(૪) વર્ષવાર કેટલો ખર્ચ થયેલ છે?

(૪) યોજના કામો શરૂ થયેલ ન હોઈ ખર્ચ થયેલ નથી.

--------

## પાટનગર ગાંધીનગરને જે.એન.યુ.આર.એમ.માં સાંકળવા માટે દરખાસ્ત

૨૧૩૫૩ **: શ્રી ઋષિકેશ ગ.પટેલ (વિસનગર) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા ગાંધીનગરને જવાહરલાલ નહેરૂ અર્બન મિશન યોજના હેઠળ સાંકળી લેવા કેન્દ્ર સરકાર સમક્ષ કેટલીવાર દરખાસ્ત કરવામાં આવી, અને

(૨) તે અન્વયે કેન્દ્ર સરકાર તરફથી શો પ્રતિભાવ મળ્યો ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા ગાંધીનગરને જવાહરલાલ નહેરૂ નેશનલ અર્બન મિશન યોજના હેઠળ સાંકળી લેવા કેન્દ્ર સરકાર સમક્ષ કુલ ૩ વખત દરખાસ્ત કરવામાં આવેલ છે.

(૨) તે અન્વયે કેન્દ્ર સરકાર તરફથી કોઈ જ પ્રતિભાવ મળેલ નથી.

--------

**પાટનગર ગાંધીનગરને જે.એન.યુ.આર.એમ. હેઠળ સાંકળી લેવા અંગે**

૨૧૩૮૧ **: શ્રી લક્ષ્મણભાઈ પટેલ (ગણદેવી) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા ગાંધીનગરને જવાહરલાલ નહેરૂ નેશનલ અર્બન રિન્યુઅલ મિશન (યોજના) હેઠળ સાંકળી લેવા કેન્દ્ર સરકાર સમક્ષ કેટલીવાર દરખાસ્ત કરવામાં આવી, અને

(૨) તે અન્વયે શો પ્રતિભાવ મળ્યો?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા ગાંધીનગરને જવાહરલાલ નહેરૂ નેશનલ અર્બન રિન્યુઅલ મિશન (યોજના) હેઠળ સાંકળી લેવા કેન્દ્ર સરકાર સમક્ષ કુલ ૩ વખત દરખાસ્ત કરવામાં આવેલ છે.

(૨) તે અન્વયે કેન્દ્ર સરકાર તરફથી કોઈ જ પ્રતિભાવ મળેલ નથી.

**ગાંધીનગરને જે.એન.યુ.આર.એમ. હેઠળ સાંકળી લેવા અંગે**

૨૧૩૮૦ **: શ્રી કમાભાઈ ગ.રાઠોડ (વિરમગામ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગાંધીનગરને જવાહરલાલ નહેરૂ અર્બન મિશન યોજના હેઠળ સાંકળી લેવા તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેન્દ્ર સરકાર સમક્ષ રાજ્ય સરકાર દ્વારા કોઈ દરખાસ્ત કરવામાં આવી છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તે અન્વયે કેન્દ્ર સરકાર તરફથી શો પ્રતિભાવ મળ્યો ?

**જવાબ**

(૧) હા, જી. ગાંધીનગરને જવાહરલાલ નહેરૂ નેશનલ અર્બન રીન્યુઅલ મિશન (યોજના) હેઠળ સાંકળી લેવા તા. ૩૧-૦૧-૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેન્દ્ર સરકાર સમક્ષ રાજ્ય સરકાર દ્વારા કુલ ૪ વખત દરખાસ્ત કરવામાં આવેલ છે.

(૨) તે અન્વયે કેન્દ્ર સરકાર તરફથી કોઈ જ પ્રતિભાવ મળેલ નથી.

**આણંદ જિલ્લામાં સ્વજલધારા કાર્યક્રમ અન્વયે મંજૂર કામો**

૨૧૯૭૫ **: શ્રી લાલસિંહ વડોદિયા (ઉમરેઠ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આણંદ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર તથા વર્ષવાર સ્વજલધારા કાર્યક્રમ અન્વયે કેટલી અરજીઓ આવી,

(૨) આવેલ અરજીઓ પેકી તાલુકાવાર અને વર્ષવાર તે અન્વયે કેટલા કામો પૂર્ણ થયા અને કેટલા પ્રગતિ હેઠળ છે, અને

**જવાબ**

(૧), (૨) અને (૩) : આણંદ જિલ્લામાં ૮ તાલુકામાં આવેલ ૧૧૦ અરજીની વર્ષવાર અને તાલુકાવાર વિગતો નીચે મુજબ છે.

વર્ષ ૨૦૦૯

| તાલુકો | આવેલ | પૂર્ણ | પ્રગતિ | થયેલ ખર્ચ |
|---|---|---|---|---|

(૩) તાલુકાવાર અને વર્ષવાર કુલ કેટલા રૂપિયાનો ઉક્ત કામો પાછળ ખર્ચ કરવામાં આવ્યો?

| | અરજી | કામો | હેઠળના કામો | રૂા. લાખમાં |
|---|---|---|---|---|
| આણંદ | ૭ | ૩ | ૨ | ૧૦.૨૭ |
| આંકલાવ | ૩ | ૧ | ૨ | ૭.૧૮ |
| ઉમરેઠ | - | - | - | - |
| ખંભાત | ૨૧ | ૯ | ૮ | ૭.૦૦ |
| તારાપુર | ૫ | ૧ | ૧ | ૪.૭૧ |
| પેટલાદ | ૧૦ | ૨ | ૬ | ૫.૬૦ |
| બોરસદ | ૬ | ૨ | ૪ | ૨૦.૯૮ |
| સોજીત્રા | ૧ | - | ૧ | - |
| કુલ | ૫૩ | ૧૮ | ૨૪ | ૫૫.૭૪ |

વર્ષ ૨૦૧૦

| તાલુકો | આવેલ અરજી | પૂર્ણ કામો | પ્રગતિ હેઠળના કામો | થયેલ ખર્ચ રૂા. લાખમાં |
|---|---|---|---|---|
| આણંદ | ૭ | - | ૩ | ૩૩.૮૦ |
| આંકલાવ | ૪ | - | ૩ | ૩૬.૩૫ |
| ઉમરેઠ | ૯ | ૨ | ૧ | ૫.૫૦ |
| ખંભાત | ૧૪ | - | ૮ | ૧૩૮.૦૫ |
| તારાપુર | ૩ | ૧ | ૧ | ૪૪.૩૬ |
| પેટલાદ | ૭ | - | ૫ | ૭૮.૭૫ |
| બોરસદ | ૧૧ | ૨ | ૨ | ૪૮.૫૦ |
| સોજીત્રા | ૨ | - | ૨ | ૨૧.૮૫ |
| કુલ | ૫૭ | ૫ | ૨૫ | ૪૦૭.૧૬ |

૧૧૦ અરજી પેકી બાકી રહેલી ૩૮ અરજીઓ માટે લોકફાળો ભરેલ ન હોઈ કામગીરી શરૂ થયેલ નથી.

--------

**પંચમહાલ જિલ્લામાં હીમોફીલીયાના દર્દીઓને આરોગ્ય સેવાઓ**

૨૧૩૯૪ **: શ્રી અરવિંદસિંહ રાઠોડ (કાલોલા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સરકાર હીમોફીલીયાના દર્દીઓ માટે કઈ કઈ આરોગ્ય સેવાઓ પૂરી પાડે છે, અને

(૨) પંચમહાલ જિલ્લામાં તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આ રોગના કેટલા દર્દીઓને સારવાર આપવામાં આવી?

**જવાબ**

(૧) હીમોફીલીયાના દર્દીની સારવારમાં સામાન્ય રીતે સારવાર માટે તાજુ લોહી તથા લોહીના ઘટકો આપવાની જરૂરીયાત હોય છે, જે સરકારી હોસ્પિટલો દ્વારા આપવામાં આવે છે.

(૨) પંચમહાલ જિલ્લામાં તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આ રોગના એક દર્દીને સારવાર આપવામાં આવેલ છે.

--------

**સુરત અને તાપી જિલ્લામાં વનબંધુ કલ્યાણ યોજના નીચે પીવાના પાણી માટેની યોજનાઓ**

૨૧૦૩૦ **: શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ (બારડોલી) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત અને તાપી જિલ્લાના તાલુકાઓમાં તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વનબંધુ કલ્યાણ અંતર્ગત પીવાના પાણી માટે કઈ કઈ યોજનાઓ બનાવવામાં આવી,

(૨) આ યોજનાનો લાભ ક્યા ક્યા આદિવાસી ગામોને મળ્યો, અને

**જવાબ**

(૧) જૂથ પાણી પુરવઠા યોજના, સ્વતંત્ર પાણી પુરવઠા યોજના મીની પાઈપ યોજના, હેન્ડપંપ યોજના, પાણી સમિતિઓ દ્વારા આંતરિક વિતરણ વ્યવસ્થા અને ઘર ક્નેકશનની યોજના અને વરસાદી પાણીના સંગ્રહ કરતા ટાંકાની યોજના, આર.ઓ. પ્લાન્ટની યોજના

(૨) જી. સુરત : ૪૩૧ આદિવાસી ગામો **(પત્રક*-૧** મુજબ).

જી. તાપી : ૪૩૫ આદિવાસી ગામો **(પત્રક*-૨** મુજબ)

કુલ : ૮૬૬ આદિવાસી ગામો

(૩) ઉક્ત સ્થિતિએ આ યોજના પાછળ કુલ કેટલો ખર્ચ થયો?

(૩) જી. સુરત : રૂા. ૪૦૧૨.૦૩ લાખ
જી. તાપી : રૂા. ૨૯૮૩.૫૭ લાખ
કુલ રૂા. ૬૯૯૫.૬૦ લાખ

**(પત્રક * સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)**

--------

**કેન્સર એન્ડ રિસર્ચ ઈન્સ્ટીટ્યૂટ અમદાવાદ ખાતે ઉપલબ્ધ સેવાઓ**

૨૨૪૧૨ **: શ્રી ભૂષણભાઈ ભટ (ખાડીયા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) કેન્સર એન્ડ રિસર્ચ ઈન્સ્ટીટયુટ અમદાવાદમાં ક્યા ક્યા પ્રકારની આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ છે,

(૧) કેન્સર એન્ડ રીસર્ચ ઈન્સ્ટીટ્યુટ, અમદાવાદ ખાતે કેન્સરને લગતી તમામ પ્રકારની આરોગ્ય સેવાઓ અને સારવાર ઉપલબ્ધ કરાવવામાં આવે છે. જેમાં સર્જરી, કેમોથેરાપી, રેડિયોથેરાપીથી કેન્સરના રોગોની સારવાર આપવામાં આવે છે. વિશ્વસ્તરની આધુનીક ટેક્નોલોજી અને અદ્યતન યંત્રસામગ્રી જેવી કે એમ.આર.આઈ., સી.ટી. સ્કેન, લિનીયર એક્સીલરેટર, કોબાલ્ટ યુનીટ, મેમોગ્રાફી, ફાઈબરઓપ્ટિક, જી.આઈ. એન્ડોસ્કોપ, પેટ સ્કેન, એમ. ફીશ, આર. ટી. પી. સી. આર. ક્લોસાયટો મીટર વગેરે સાધનોથી કેન્સરને લગતા રોગોની તમામ સારવાર આપવામાં આવે છે.

(૨) આ ઈન્સ્ટીટયુટને વર્ષ ૨૦૦૮-૦૯, ૨૦૦૯-૧૦ અને ૨૦૧૦-૧૧ અંતર્ગત તા. ૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં વર્ષવાર રાજ્ય સરકારે કેટલી ગ્રાન્ટ આપી, અને

(૨) કેન્સર એન્ડ રીસર્ચ ઈન્સ્ટીટ્યુટ, અમદાવાદને સને, ૨૦૦૮-૦૯, ૨૦૦૯-૧૦ અને ૨૦૧૦-૨૦૧૧ માં તા. ૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં સરકારે ફાળવેલ ગ્રાન્ટ નીચે મુજબ છે.

| **વર્ષ** | **કુલ રૂા. (કરોડમાં)** |
|---|---|
| ૨૦૦૮-૦૯ | રૂા. ૩૬.૭૦ |
| ૨૦૦૯-૧૦ | રૂા. ૩૯.૮૯ |
| ૨૦૧૦-૧૧ તા. ૩૧-૧૨-૧૦ સુધી) | રૂા. ૨૩.૬૫ |
| કુલ : | રૂા. ૧૦૦.૨૪ |

(૩) આ ઈન્સ્ટીટયુટ ધ્વારા કેટલા આઉટડોર અને ઈનડોર પેશન્ટોને ઉક્ત સમય ગાળા દરમ્યાન સારવાર આપવામાં આવી?

(૩) વર્ષવાર નીચે મુજબ સારવાર આપવામાં આવી.

| **વર્ષ** | **આઉટડોર** | **ઈનડોર** |
|---|---|---|
| ૨૦૦૮-૦૯ | ૨૨૨૮૯૯ | ૨૦૭૯૪ |
| ૨૦૦૯-૧૦ | ૨૩૨૬૩૪ | ૨૧૦૨૬ |
| ૨૦૧૦-૧૧ (તા. ૩૧-૧૨-૧૦ સુધી) | ૨૪૯૬૫૦ | ૨૧૭૮૧ |

--------

**આગામી ઉનાળામાં દાહોદ જિલ્લામાં પીવાના પાણીની સમસ્યા**

૨૧૫૭૩ **: શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા (લીમખેડા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) આગામી ઉનાળામાં દાહોદ જિલ્લામાં પીવાના પાણીની ગંભીર સમસ્યા ઉભી થવાની શક્યતા હોઈ સરકારે આ સમસ્યા નિવારવા તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ કેટલી વખત સમીક્ષા હાથ ધરી, અને

(૧) છ વખત સમીક્ષા હાથ ધરવામાં આવી.

(૨) આ અન્વયે કોઈ માસ્ટર પ્લાન બનાવેલ હોય તો તેની વિગતો શી છે?

(૨) દાહોદ જિલ્લામાં ગત વર્ષે ૫૭૮ મી.મી. વરસાદ થયેલ હોઈ, અછત માસ્ટર પ્લાન બનાવવાની

જરૂરિયાત ઊભી થયેલ નથી.

**પાટણ જિલ્લાની નગરપાલિકાઓમાં મંજૂર ભૂગર્ભ ગટર યોજના**

૨૧૩૨૩ : **શ્રી ભાવસિંહભાઈ રાઠોડ (સમી) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પાટણ જિલ્લામાં કઈ કઈ નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર યોજના મંજૂર કરવામાં આવેલ છે, | (૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ પાટણ નગરપાલિકામાં ભૂગર્ભ ગટર યોજના મંજૂર કરવામાં આવેલ છે. |
| (૨) મંજૂર થયેલ ભૂગર્ભ ગટર યોજનાની કામગીરી તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને | (૨) મંજૂર થયેલ ભૂગર્ભ ગટર યોજનાની કામગીરી તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ પાટણ નગરપાલિકાની ભૂગર્ભ ગટર યોજનાના ડ્રાફ્ટ ટેન્ડર પેપર તૈયાર કરવામાં આવી રહેલ છે. |
| (૩) નગરપાલિકા દીઠ કેટલો ખર્ચ મંજૂર થયેલ છે? | (૩) પાટણ નગરપાલિકાની ભૂગર્ભ ગટર યોજના માટે અંદાજીત ખર્ચ રૂ. ૫૦૬૧.૫૪ લાખ મંજૂર કરવામાં આવેલ છે. |

**ડાર્કઝોનવાળા તાલુકાઓમાં ખેડૂતોને વિજ જોડાણો આપવા બાબત**

૨૦૬૭૭ : **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર (મહુધા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| રાજ્યમાં જે જે તાલુકાઓ ડાર્કઝોનમાં આવેલ છે ત્યાંના ખેડૂતોને વિજ જોડાણ મળી શકે તે માટે ડાર્કઝોનમાંથી આવા તાલુકાઓને દૂર કરવા અને વિજ જોડાણો મળી રહે તે માટે રાજ્ય સરકારે તા.૩૧-૧-૧૧ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શાં પગલાંઓ લીધા? | નામદાર સર્વોચ્ચ અદાલતના આદેશ તેમજ ભારત સરકારની માર્ગદર્શક સૂચનાઓ અન્વયે તા. ૧૬-૧૨-૦૩ ના ઠરાવ અન્વયે ડાર્કઝોન હેઠળ આવરી લેવામાં આવેલા તાલુકાઓમાં ભૂગર્ભ જળ રીચાર્જ માટે ચેકડેમ, તળાવો ઊંડા કરી વરસાદી પાણીનો સંચય કરવો, ચેકડેમ ઊંડા કરવા જેવા જળસંચયના કામોને પ્રાધાન્યતા આપી કામગીરી કરવામાં આવે છે. |

**અમદાવાદ જિલ્લામાં સીકલસેલ એનીમીયાના દર્દીઓને સારવાર**

૨૧૩૧૩ : **શ્રી કાંતિલાલ રા. લકુમ (બાવળા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સરકાર સીક્લસેલ એનીમીયાના દર્દીઓ માટે કઈ કઈ સેવાઓ પૂરી પાડે છે, અને | (૧) સીક્લસેલ એનીમીયાના દર્દીઓ માટે રાજ્ય સરકાર દ્વારા નીચે મુજબની આરોગ્ય સેવાઓ પુરી પાડવામાં આવે છે.<br>સીક્લસેલ એનીમીયાના દર્દીઓનું અને સાથે સાથે તેમના પરિવારનું પણ નિયમિત કાઉન્સેલીંગ કરવામાં આવે છે અને આ વિષેની પુરતી સમજ આપવામાં આવે છે.<br>સીક્લસેલ એનીમીયાના દર્દીઓને આરોગ્ય કર્મચારી દ્વારા નિયમિત મુલાકાત લઈ દરરોજ ફોલીક એસીડની ગોળી ગળાવવામાં આવે છે.<br>સીક્લસેલના દર્દીને જો ક્રાઈસીસ ઉભી થાય તો તેને નજીકના સરકારી દવાખાને જરૂરી સારવાર આપવામાં આવે છે આ દીર્દઓને જરૂરીયાત મુજબ દર્દશામક, એન્ટી બાયોટીક, એન્ટી મેલેરીયા દવા આપવામાં આવે છે.<br>તા. ૩૧-૧૨-૧૦ સુધીમાં સીક્લસેલ એનીમીયાના ૧૩૨૫ દર્દીઓને વિનામૂલ્યે બ્લડ પૂરૂ પાડવામાં આવેલ છે. |
| (૨) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ જિલ્લામાં આ રોગગ્રસ્ત કેટલા દર્દીઓને સારવાર આપવામાં આવી? | (૨) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ જિલ્લામાં કુલ-૩૩ સીસક્લસેલ એનીમીયાના દર્દીઓને સારવાર આપવામાં આવી. |

--------

**વાજપાઈ નગર વિકાસ યોજના અંતર્ગત વડોદરા જિલ્લાની નગરપાલિકાઓને ચૂકવેલ રકમ**

૨૧૩૮૪ **: શ્રી મધુભાઈ બા. શ્રીવાસ્તવ (વાઘોડિયા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વાજપાઈ નગર વિકાસ યોજનાના બીજા તબક્કા અંતર્ગત વડોદરા જિલ્લાની નગરપાલિકાઓને કેટલી રકમ ચૂકવેલ છે, અને | (૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વાજપાઈ નગર વિકાસ યોજનાના બીજા તબક્કા અંતર્ગત વડોદરા જિલ્લાની નગરપાલિકાઓને કોઈ રકમ ચૂકવેલ નથી. |
| (૨) તે પરત્વે ક્યા ક્યા કામો મંજૂર કરવામાં આવેલ છે? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

--------

**રાજ્યમાં ટેલીમેડીસીન કાર્યક્રમ**

૨૧૪૦૧ **: શ્રીમતી ગીતાબેન યો. પટેલ (સાબરમતી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સરકારે ટેલીમેડીસીન કાર્યક્રમ અમલમાં મૂકેલ છે તે હકીકત સાચી છે, | (૧) રાજ્યમાં ટેલીમેડીસીન કાર્યક્રમના અમલ માટે સૈધ્ધાંતિક સંમતિ આપવામાં આવેલ છે. |
| (૨) જો હા, તો આ કાર્યક્રમ અંતર્ગત તા. ૩૧-૧-૧૧ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં શી કામગીરી કરવામાં આવી, અને<br>(૩) ઉક્ત સ્થિતિએ ટેલીમેડીસીન કાર્યક્રમ ક્યા તબક્કે છે? | (૨) અને (૩) : આ કાર્યક્રમના અમલીકરણ માટે આ પ્રકારની તાંત્રિક સેવાઓ આપતી સંસ્થાઓ પાસેથી જરૂરી વિગતો મેળવી પ્રોજેક્ટ રીપોર્ટ તેયાર કરવામાં આવેલ છે. જેને આધારે આ પ્રોજેક્ટના અમલીકરણને આખરી રૂપ આપવા ટેન્ડર મંગાવવામાં આવેલ છે. જે આખરી થયા બાદ આ કાર્યક્રમને અમલમાં મૂકી શકાશે. |

--------

**ટાકોદી ખાતે પુષ્પાવતી નદી પર તૂટી ગયેલ ચેકડેમ**

૨૨૩૪૩ **: શ્રી સાબીરભાઈ અ. ખેડાવાલા (જમાલપુર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ મોજે ટાકોદી, તા.ચાણસ્મા જિલ્લા, પાટણ ખાતે પુષ્પાવતી નદી પર બાંધેલ ચેકડેમ તૂટી ગયેલ છે, તે હકિક્ત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત ચેકડેમ ક્યારે બાંધવામાં આવ્યો હતો અને ક્યારે તૂટી ગયો, અને | (૨) તા. ૧૦-૪-૨૦૦૬ના રોજ ચેકડેમનું બાંધકામ પૂર્ણ થયેલ. વર્ષ ૨૦૦૬ના ચોમાસામાં આવેલ અતિભારે વરસાદના પુરના કારણે બોડીવોલ, કી-વોલ તથા સાઈડવોલ અને એપ્રોનને નુક્સાન થયેલ તથા બન્ને સાઈટે આઉટ ફ્લેન્કીંગ થયેલ. |
| (૩) ઉક્ત ચેકડેમ રીપેર/નવેસરથી બનાવવા સરકારનું શું આયોજન છે ? | (૩) તાંત્રિક અને આર્થિક બાબતો ધ્યાને લઈ વિચારણા કરવામાં આવશે. |

--------

**આણંદ જિલ્લામાં ભેળસેળ કરતા વેપારીઓ વિરુધ્ધ થયેલ કેસ**

૨૦૫૭૭ **: શ્રી જયંતભાઈ પટેલ (સારસા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ આણંદ જિલ્લામાં ખાદ્ય પદાર્થોમાં ભેળસેળ કરતા કેટલા વેપારી | (૧) એક. |

વિરુધ્ધ કેસ દાખલ કરવામાં આવેલ છે,

(૨) તે પૈકી કેટલાની વિરુધ્ધ ચાર્જશીટ દાખલ કરેલ છે, અને

(૩) ખાદ્ય પદાર્થમાં ભેળસેળથી લોકોના આરોગ્ય તથા જીવ સાથે ચેડાં કરનાર વિરુધ્ધ સરકારે શાં પગલાં ભરેલ છે ?

(૨) અને (૩) નામદાર કોર્ટમાં ખોરાક ભેળસેળ પ્રતિબંધક ધારો-૧૯૫૪ કાયદાની કલમ-૭ હેઠળ ફોજદારી કેસ દાખલ કરેલ છે.

--------

## સાબરકાંઠા જિલ્લામાં સિંચાઇના પાણીની અછત

૨૨૬૩૫ **: શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા (મેઘરજ)** : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં કેટલા અને ક્યા ક્યા તાલુકાઓમાં સિંચાઇના પાણીની અછત છે,

(૨) જો હા, તો આ તાલુકાઓમાં સિંચાઇનું પાણી પૂરૂં પાડવા માટે સરકારે શું આયોજન કરેલ છે,

(૩) ભવિષ્યમાં આ તાલુકાઓમાં સિંચાઇના પાણીની તક્લીફનું કાયમી નિવારણ થાય તે અંગે શી કાર્યવાહી અને આગોતરૂ આયોજન કરેલ છે, અને

(૪) સાબરકાંઠા જિલ્લામાં સોથી વધુ સિંચાઇનાં પાણીની તક્લીફ મેઘરજ તાલુકામાં છે શું આ હકીક્ત સાચી છે કે કેમ અને જો હા, તો આ મુશ્કેલી દૂર કરવા શું આયોજન કરેલ છે ?

**જવાબ**

(૧) અને (૨) તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લાના દરેક તાલુકામાં સિંચાઇના પાણીની અંશતઃ અછત છે, પરંતુ પાણીના ઉપલબ્ધ જથ્થાને લક્ષમાં લઈ કરક્સર યુક્ત વપરાશ દ્વારા શક્ય તેટલા વધુ વિસ્તારને પાણી આપવાનું આયોજન કરેલ છે.

(૩) સરદાર પેટલ સહભાગી જળસંચય યોજના અંતગર્ત નાના ચેકડેમ, રીપેર રીનોવેશન અને રીસ્ટોરેશન યોજના હેઠળ નાની સિંચાઈ યોજનાઓની સુધારણાની કામગીરી તથા તળાવો ઉંડા કરવાનું, બૃહદ ચેકડેમ બાંધવાનું તથા મોટા તળાવો ઊંડા કરવાનું ઉપરાંત વાત્રક, માઝમ અને મેશ્વો જળાશયોમાં નર્મદા આધારીત પાઈપલાઈનના કામોનું આયોજન કરેલ છે.

(૪) અંશતઃ સાચી છે.

સરદાર પેટલ સહભાગી જળસંચય યોજના અંતગર્ત નાના ચેકડેમ, રીપેર રીનોવેશન અને રીસ્ટોરેશન યોજના હેઠળ નાની સિંચાઈ યોજનાઓની સુધારણાની કામગીરી તથા તળાવો ઉંડા કરવાનું, બૃહદ ચેકડેમ બાંધવાનું તથા મોટા તળાવો ઊંડા કરવાનું ઉપરાંત રોલા નાની સિંચાઈ યોજના બનાવવાનું આયોજન કરેલ છે.

--------

## ડાંગ અને વલસાડ જિલ્લામાં સીકલ સેલ રોગના દર્દીઓને સારવાર

૨૧૩૬૨ **: શ્રી વિજયભાઈ ૨.પટેલ (ડાંગ-વાંસદા)** : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સરકાર સીકલસેલ એનીમીયાના દર્દીઓ માટે કઇ કઇ આરોગ્ય સેવાઓ પૂરી પાડે છે, અને

**જવાબ**

(૧) સીકલસેલ એનીમીયાના દર્દીઓ માટે રાજ્ય સરકાર દ્વારા નીચે મુજબની આરોગ્ય સેવાઓ પુરી પાડવામાં આવે છે.

- સીકલસેલ એનીમીયાના દર્દીઓનું અને સાથે સાથે તેમના પરિવારનું પણ નિયમિત કાઉન્સેલીંગ કરવામાં આવે છે અને સીકલસેલ રોગ વિશેની પુરતી સમજ આપવામાં આવે છે.
- સીકલસેલ એનીમીયાના દર્દીઓને આરોગ્ય કર્મચારી દ્વારા નિયમિત મુલાકાત લઈ દરરોજ ફોલીક એસીડની ગોળી ગળાવવામાં આવે છે.
- સીકલસેલ દર્દીને જો ક્રાઈસીસ ઉભી થાય તો તેને નજીક્ના સરકારી દવાખાને જરૂરી સારવાર આપવામાં આવેલ છે. આ દર્દીઓને જરૂરીયાત મુજબ દર્દશામક, એન્ટી બાયોટીક, એન્ટી મેલેરીયા દવા આપવામાં આવે છે.

સીકલસેલ એનીમાયાના ૧૩૨૫ દર્દીઓને વિના

(૨) ડાંગ અને વલસાડ જિલ્લામાં તા.૩૧-૧૨-૧૦ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આ રોગગ્રસ્ત કેટલા દર્દીઓને સારવાર આપવામાં આવી ?

મૂલ્યે બ્લડ પુરૂ પાડવામાં આવેલ છે.

(૨)

- વલસાડ જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં સીકલસેલ ડીસીઝના ૧૬૧ દર્દીઓ અને ડાંગ જીલ્લામાં સીકલસેલ ડીસીઝના ૭૭ દર્દીઓને નિયમિત રીતે દરરોજ ફોલીક એસીડની સારવાર આપવામાં આવે છે.
- કાઉન્સેલર્સ દ્વારા સીક્લ ડીસીઝ દર્દીઓની નિયમિત મુલાકાત લેવામાં છે તેમજ ક્રાઈસીસમાં ન જાય તેની સલાહ અને જરૂરી માર્ગદર્શન આપવામાં આવે છે.
- વલસાડ જીલ્લામાં વર્ષ ૨૦૧૦-૧૧માં સીકલસેલ ડીસીઝના કુલ-૬૨ દર્દીઓને સીક્લસેલ એનીમીયાની સારવાર માટે દાખલ કરવામાં આવ્યા. અને તે પૈકી ૧૯ દર્દીઓને બ્લડ ટ્રાન્સફ્યુઝન આપવામાં આવેલ છે.
- ડાંગ જીલ્લામાં વર્ષ ૨૦૧૦-૧૧માં સીકલસેલ ડીસીઝના ૬ દર્દીઓને બ્લડટ્રાન્સફ્યુઝનની સારવાર આપવામાં આવી.

--------

**વડોદરા જિલ્લામાં સી.એચ.સી.ના મકાનો બાંધવા મંજૂર રકમ**

૨૧૪૦૭ **: શ્રી અભેસિંહ મો. તડવી (સંખેડા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લામાં સામુહિક આરોગ્ય કેન્દ્રોના મકાનો બાંધવા માટે તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી રકમ મંજૂર કરવામાં આવી છે,

(૨) આ કામગીરી ક્યાં સુધીમાં શરૂ થશે, અને

(૩) કેટલા સમયમાં પૂર્ણ કરવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) વડોદરા જિલ્લામાં સામુહિક આરોગ્ય કેન્દ્રોના મકાનો બાંધવા માટે તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કોઈ રકમ મંજૂર કરવામાં આવી નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**સુરેન્દ્રનગર જિલ્લામાં શાળા આરોગ્ય કાર્યક્રમ હેઠળ બાળકોની સારવાર**

૨૧૩૧૬ **: શ્રી શંભુપ્રસાદ બ.ટુંડિયા (દસાડા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) શાળા આરોગ્ય કાર્યક્રમ હેઠળ સુરેન્દ્રનગર જિલ્લામાં તાલુકાવાર તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા બાળકોને ક્યા ક્યા રોગો માટે સારવાર આપવામાં આવી છે, અને

(૨) તે પૈકી કેટલા બાળકોને રેફરલ સારવાર અને તજજ્ઞ સારવાર આપવામાં આવી ?

**જવાબ**

(૧) શાળા આરોગ્ય કાર્યક્રમ હેઠળ સુરેન્દ્રનગર જિલ્લામાં તાલુકાવાર તા. ૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વિવિધ રોગો માટે બાળકોને સારવાર આપવામાં આવી છે. તે વિગત દર્શાવતું **પત્રક-અ** સામેલ છે.

(૨) તે પૈકી **પત્રક-બ** માં દર્શાવ્યા મુજબ સંદર્ભ સેવાપાત્ર મળી આવેલ બાળકોને તજજ્ઞ દ્વારા સારવાર આપવામાં આવેલ છે.

**પત્રક-અ**

| રોગનું નામ | વઢવાણ | લખતર | લીંબડી | ચુડા | ચોટીલા | સાયલા | મુળી | ધ્રાંગધ્રા | પાટડી | હળવદ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| પાંડુ રોગ | ૪૫૮૦ | ૯૫૬ | ૧૧૮૨ | ૧૫૦૨ | ૧૦૦૩ | ૧૩૮૧ | ૧૧૭૭ | ૧૫૨૧ | ૧૦૫૨ | ૪૭૪ | ૧૪૮૨૮ |
| આંત્રકૃમિ | ૪૬૫૮ | ૭૮૯ | ૧૬૬૭ | ૧૩૨૫ | ૧૩૫૫ | ૧૧૫૭ | ૧૩૨૯ | ૨૦૩૯ | ૨૦૭૩ | ૮૩૧ | ૧૭૨૨૩ |
| દાંતની તકલીફ | ૨૨૯૨ | ૧૦૮ | ૭૭૯ | ૧૪૫ | ૨૯૪ | ૫૯૯ | ૩૮૨ | ૪૦૪ | ૩૯૩ | ૨૭૩ | ૫૬૬૯ |
| આંખની તકલીફ | ૧૪૯૮ | ૧૭૮ | ૫૫૭ | ૨૮૮ | ૨૩૪ | ૧૨૧ | ૩૨૦ | ૫૨૨ | ૭૩૭ | ૧૨૧૫ | ૫૬૭૦ |
| કાન, નાક, ગળાની તકલીફ | ૯૫૭ | ૧૯૧ | ૩૬૧ | ૪૪૭ | ૨૮૩ | ૩૭૯ | ૩૯૪ | ૨૫૦ | ૪૯૭ | ૩૨૦ | ૪૦૭૯ |

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| પેટની તકલીફ | ૧૨૦૦ | ૨૧૪ | ૩૭૭ | ૩૦૮ | ૩૫૫ | ૪૫૭ | ૪૫૯ | ૫૦૦ | ૨૮૩ | ૧૬૮ | ૪૩૨૧ |
| ચામડીના રોગ | ૧૦૨૯ | ૧૭૫ | ૪૧૦ | ૩૬૩ | ૨૯૭ | ૪૧૪ | ૬૫૦ | ૨૭૦ | ૨૬૪ | ૪૦૨ | ૪૨૭૪ |
| શરીરની સ્થૂળતા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| તમાકુનું સેવન | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| માનસીક તણાવ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૭ | ૨ | ૧ | ૧૦ |
| જાતીયરોગો | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| શ્વસનતંત્રના રોગ | ૨૪૨૬ | ૮૩ | ૬૫ | ૨૮ | ૧૫ | ૩૩ | ૬૯૫ | ૨૧ | ૩૬ | ૧૦૪ | ૩૫૦૬ |
| ચેતાતંત્રાના રોગ | ૬ | ૦ | ૦ | ૫ | ૧ | ૦ | ૧૦૪ | ૯ | ૨ | ૨ | ૧૨૯ |
| અસ્થિતંત્રના રોગ | ૨૫ | ૦ | ૨ | ૩ | ૧ | ૦ | ૩ | ૫ | ૧૬ | ૧ | ૫૬ |
| વિક્લાંગતા | ૫ | ૧૫ | ૨૯ | ૩ | ૧ | ૬ | ૬ | ૨૮ | ૫ | ૦ | ૯૮ |
| અન્ય રોગ | ૭૦૫ | ૫૦૩ | ૫૪૮ | ૨૯૧ | ૬૦ | ૨૭૯ | ૨૦૮ | ૯ | ૯૦૬ | ૧૨૫૯ | ૪૭૬૮ |
| હ્દય | ૭૦ | ૧૪ | ૭ | ૨ | ૩૦ | ૨૪ | ૯ | ૬૩ | ૩૬ | ૧૦ | ૨૬૫ |
| કિડની | ૭ | ૦ | ૩ | ૦ | ૨ | ૦ | ૧ | ૨૨ | ૪ | ૨ | ૪૧ |
| કેન્સર | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૧૫ | ૦ | ૧ | ૧૮ |
| **કુલ** | **૧૯૪૫૯** | **૩૨૨૬** | **૫૯૮૭** | **૪૭૧૦** | **૩૯૩૧** | **૪૮૫૧** | **૫૭૩૭** | **૫૬૮૫** | **૬૩૦૬** | **૫૦૬૩** | **૬૪૯૫૫** |

**પત્રક-બ**

| તાલુકાનું નામ | બાળરોગ નિષ્ણાત | આંખરોગ નિષ્ણાત | દાંત રોગ નિષ્ણાત | ચામડીના નિષ્ણાત | કાન, નાક, ગાળાના નિષ્ણાત | અન્ય રોગ | સંદર્ભસેવા આપેલ બાળકોની સંખ્યા |
|---|---|---|---|---|---|---|---|
| વઢવાણ | ૨૦૭ | ૧૧૩૨ | ૧૧૫ | ૮૩ | ૮૭ | ૬૬ | ૧૬૯૦ |
| લખતર | ૪૫ | ૯૯ | ૧૨ | ૨૨ | ૩૭ | ૧૩ | ૨૨૮ |
| લીંમડી | ૭૭ | ૫૧૧ | ૯૨ | ૧૩ | ૧૨ | ૩૧ | ૭૩૬ |
| ચુડા | ૩૨ | ૨૯૬ | ૧૯ | ૭ | ૫ | ૨ | ૩૬૧ |
| ચોટીલા | ૮૯ | ૩૩૩ | ૯૦ | ૩૦ | ૧૭૫ | ૨ | ૭૧૯ |
| સાયલા | ૨૦ | ૧૧ | ૨૦ | ૨ | ૦ | ૩ | ૫૬ |
| મુળી | ૮ | ૨૯૪ | ૧૦ | ૧ | ૫ | ૦ | ૩૧૮ |
| ધ્રાંગધ્રા | ૧૮૫ | ૭૬૮ | ૪૬૧ | ૧૫૫ | ૨૧૨ | ૩ | ૧૭૮૪ |
| પાટડી | ૪૭ | ૪૩૬ | ૬૬ | ૫૫ | ૪૨ | ૦ | ૬૪૬ |
| હળવદ | ૫૦ | ૧૦૨૨ | ૬૭ | ૩૨ | ૨૬ | ૨ | ૧૧૯૯ |
| **કુલ..** | **૭૬૦** | **૪૯૦૨** | **૯૫૨** | **૪૦૦** | **૬૦૧** | **૧૨૨** | **૭૭૩૭** |

## ગાંધીનગર જીલ્લાના ડાર્કઝોન તાલુકામાં ભૂગર્ભ જળ સ્તરની સમીક્ષા

૨૧૯૯૯ **: શ્રી સુરેશકુમાર ચ. પટેલ (કલોલ માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગાંધીનગર જિલ્લાના ડાર્કઝોનમાં મૂકાયેલ તાલુકાઓમાં ભૂગર્ભ જળસ્તરની ક્યા તાલુકામાં ક્યારે સમીક્ષા કરવામાં આવી, અને

(૨) થયેલ સમીક્ષામાં ભૂગર્ભજળની સ્થિતિમાં શું ફેરફાર જણાયો ?

**જવાબ**

(૧) ભૂગર્ભ જળના મોનીટરીંગના ભાગરૂપે, ગાંધીનગર જિલ્લાના ડાર્કઝોનમાં આવતાં, તાલુકાઓમાં ભૂગર્ભ જળસ્તરની માપણી, વર્ષમાં બે વાર (ચોમાસા પહેલા એના ચોમાસા પછી) કરવામાં આવેલ છે.

(૨) ગાંધીનગર જિલ્લાના કલોલ, માણસા, દહેગામ અને ગાંધીનગર તાલુકાઓમાં માહે મે-૨૦૦૯ થી મે-૨૦૧૦ના એક વર્ષના સમયગાળામાં ભૂગર્ભ જળના સ્તર સરેરાશ અનુક્રમે ૪.૨૪ મી., ૨.૭૨ મી., ૨.૯૫ મી. અને ૩.૧૬ મી. ઊંડા ગયેલા જણાયેલ છે.

--------

## અમદાવાદ શહેરમાં કમળાના રોગચાળા અંગે

૨૨૨૦૫ **: શ્રી શૈલેષભાઈ મ.પરમાર (શહેર કોટડા)** : કોટડા) **: માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

**જવાબ**

(૧) તા.૧૫-૨-૧૧ની સ્થિતિએ છેલ્લા આઠ માસમાં અમદાવાદ શહેરમાં કમળાના કેટલા કેસો ક્યા ક્યા વિસ્તારમાં નોંધાયેલ છે, અને

(૧) તા.૧૫-૨-૧૧ સુધીના ૮ માસના ગાળામાં અમદાવાદ શહેરમાં વિવિધ વિસ્તારોમાં નોંધાયેલ કમળાના કેસોની માહિતી નીચે મુજબ છે.

| ક્રમ | ઝોન | ઈન્ડોર | ઓપી.ડી | સર્વે દરમ્યાન નોંધાયેલ દર્દી | કુલ |
|---|---|---|---|---|---|
| ૧ | સેન્ટ્રલ ઝોન | ૨૬૭ | ૫૮૧ | ૧૧૫ | ૯૬૩ |
| ૨ | વેસ્ટ ઝોન | ૫૧ | ૩૧ | ૧૭૮ | ૨૬૦ |
| ૩ | ન્યુ વેસ્ટ ઝોન | ૭૦ | ૧૧૫ | ૬૪ | ૨૪૯ |
| ૪ | નોર્થ ઝોન | ૧૬૫ | ૧૬ | ૪૧૪ | ૫૯૫ |
| ૫ | ઈસ્ટ ઝોન | ૨૨૭ | ૯૨ | ૫૦ | ૩૬૯ |
| ૬ | સાઉથ ઝોન | ૨૨૯ | ૬૦૫ | ૦ | ૮૩૪ |
| | **કુલ** | **૧૦૦૯** | **૧૪૪૦** | **૮૨૧** | **૩૨૭૦** |

(૨) આ કમળાના રોગને નાથવા રાજ્ય સરકારે ક્યા ક્યા પ્રકારના પગલાંઓ લીધા ?

(૨)

- મહાનગર પાલિકાના આરોગ્ય ટીમ દ્વારા અસરગ્રસ્ત વિસ્તારોમાં સર્વે કરી મોબાઈલ મેડીકલ વાન દ્વારા સ્થળ ઉપર સારવાર આપવાની વ્યવસ્થા આપવામાં આવેલ.
- પાણીની પાઈપલાઈનના લીકેજીસ શોધી તેની મરામત કરવામાં આવેલ. તેમજ ઉભરાતી ગટરો સાફ કરાવેલ તથા ખરાબ અને સડી ગયેલ પાણીની પાઈપ લાઈનો બદલવામાં આવેલ.
- હેલ્થ વિભાગ દ્વારા ૧૫૦૫૦ તથા સેન્ટ્રલ લેબોરેટરી દ્વારા ૧૮૨૨૦ પાણીના નમૂના તપાસ અર્થે લેવામાં આવેલ.
- અસરગ્રસ્ત વિસ્તારમાં ઘેર ઘેર ફરીને કુલ-૫૨,૮૫,૪૦૫ ક્લોરીન ગોળીઓનું વિતરણ કરવામાં આવેલ.
- ખાણી પાણીના બજારનું ઘનિષ્ટ ચેકીંગ કરવામાં આવેલ તથા બીન આરોગ્યપ્રદ ખાદ્યપદાર્થનો કુલ-૧,૫૯,૧૧૫ કિ.ગ્રા.નો નાશ કરવામાં આવેલ.
- અસરગ્રસ્ત વિસ્તારમાં ૨૪૧૬૨૪૩ કિ.ગ્રા. જંતુનાશક દવાઓનો છંટકાવ કરવામાં આવેલ.
- બી.પી.એમ.સી.એક્ટ હેઠળ ગંદકી અંગેની કોર્ટમાં કુલ-૧૪૬૯૮ ફરીયાદ કરવામાં આવેલ.
- જનજાગૃતિ માટે વર્તમાન પત્રોમાં જાહેર ખબર આપવામાં આવેલ. તેમજ કુલ-૪૫૮૬૯૩ આરોગ્ય પત્રિકાની વહેંચણી કરવામાં આવેલ હતી.
- રાજ્ય કક્ષાની ટીમ દ્વારા અસરગ્રસ્ત વિસ્તારની મુલાકત લઈ જરૂરી સૂચના આપવામાં આવેલ.

--------

**બનાસકાંઠા જિલ્લામાં શાળા આરોગ્ય કાર્યક્રમ હેઠળ બાળકોને સારવાર**

૨૧૪૧૭ **: શ્રી વસંતભાઈ ભટોળ (દાંતા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) શાળા આરોગ્ય કાર્યક્રમ હેઠળ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા

(૧) શાળા આરોગ્ય કાર્યક્રમ હેઠળ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા

બે વર્ષમાં કેટલા બાળકોને ક્યા ક્યા રોગો માટે સારવાર આપવામાં આવી છે, અને

(૨) તે પેકી કેટલા બાળકોને રેફરલ સારવાર અને તજજ્ઞ સારવાર આપવામાં આવી ?

બે વર્ષમાં **પત્રક-અ** માં દર્શાવ્યા મુજબના રોગો માટે બાળકોને સારવાર આપવામાં આવી છે.

(૨) તે પેકી તાલુકાવાર **પત્રક-બ** માં દર્શાવ્યા મુજબના સંદર્ભ સેવાપાત્ર મળી આવેલ બાળકોને તજજ્ઞ દ્વારા સારવાર આપવામાં આવી છે.

**પત્રક-અ**

| રોગનું નામ | પાલનપુર | અમીરગઢ | વડગામ | દાંતા | ડીસા | કાંક્રેજ | ધાનેરા | દિયોદર | થરાદ | વાવ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| પાંડુ રોગ | ૧૬૦૧ | ૨૩૨૫ | ૬૭૦૪ | ૫૦૯૩ | ૭૬૪૩ | ૨૯૯૩ | ૬૦૪૦ | ૪૬૯૩ | ૩૭૭૨ | ૨૬૭૮ | ૫૮૫૪૨ |
| આંત્રકૃમિ | ૧૫૨૯૨ | ૨૨૨૩ | ૬૦૮૯ | ૪૬૬૬ | ૭૩૪૩ | ૩૨૪૩ | ૫૪૬૩ | ૪૧૦૬ | ૫૦૧૫ | ૨૫૪૪ | ૫૫૯૮૪ |
| દાંતની ખામી | ૧૪૮૩ | ૩૮૯ | ૬૪૧ | ૧૦૯૦ | ૧૫૮૫ | ૧૦૫૬ | ૬૬૩ | ૫૪૩ | ૧૩૨૧ | ૩૯૮ | ૯૧૬૯ |
| આંખની ખામી | ૫૦૭૨ | ૨૨૪ | ૨૦૨૨ | ૬૬૦ | ૨૨૮૬ | ૯૧૩ | ૧૪૨૬ | ૩૬૩ | ૨૦૮૫ | ૧૦૭૨ | ૧૬૧૨૩ |
| કાન, નાક, ગળાની ખામી | ૧૩૭૭ | ૪૪૬ | ૧૦૭૧ | ૭૦૧ | ૨૪૨૮ | ૧૪૦૩ | ૧૧૧૫ | ૭૨૬ | ૧૮૯૩ | ૭૭૧ | ૧૧૯૩૧ |
| પેટની તક્લીફ | ૭૦૯ | ૮૫૩ | ૯૯૩ | ૫૫૨ | ૧૩૧૩ | ૮૪૫ | ૭૯૫ | ૫૨૬ | ૧૩૦૦ | ૬૪૭ | ૮૫૩૩ |
| ચામડીના રોગ | ૧૧૨૦ | ૧૨૨૦ | ૭૩૪ | ૧૪૮૫ | ૨૩૪૯ | ૨૧૮૯ | ૨૩૧૩ | ૮૬૦ | ૩૭૧૮ | ૨૧૭૦ | ૧૮૧૫૫ |
| શરીની સ્થૂળતા | ૦ | ૦ | ૫ | ૧૯ | ૧૬૬ | ૧૬ | ૨૪ | ૧૧૫ | ૧૮ | ૨૮ | ૩૯૧ |
| તમાકુનું સેવન | ૦ | ૦ | ૦ | ૦ | ૪૮ | ૬ | ૨ | ૪૫ | ૦ | ૨ | ૧૦૩ |
| માનસીક તણાવ | ૦ | ૦ | ૧ | ૦ | ૯ | ૨ | ૩ | ૬ | ૧ | ૨ | ૨૪ |
| જાતીયરોગો | ૦ | ૦ | ૦ | ૨ | ૨૭ | ૦ | ૦ | ૫ | ૦ | ૦ | ૩૪ |
| શ્વસનતંત્રની ખામી | ૫૮૬ | ૧૩૨૮ | ૬૧૦ | ૩૦૯ | ૪૬૪ | ૪૧૩ | ૫૨૧ | ૧૩ | ૭૬૧ | ૫૧૨ | ૫૫૧૭ |
| ચેતાતંત્રના રોગ | ૪૪ | ૯ | ૧૬ | ૧૫ | ૧૮ | ૩ | ૫ | ૭ | ૧૦ | ૧૩ | ૧૪૦ |
| અસ્થિતંત્રના રોગ | ૬૮ | ૧ | ૩૩ | ૫ | ૩૩ | ૧૬ | ૨ | ૧૦ | ૫૮ | ૧૩ | ૨૩૯ |
| વિક્લાંગતા | ૧૨૨ | ૫ | ૧૩૪ | ૧૦૫ | ૧૧૨ | ૫૩ | ૧૪૫ | ૧૭ | ૨૬૮ | ૩૭ | ૯૯૮ |
| અન્ય રોગ | ૩૪૯૫ | ૨૧૫૯ | ૫૮૦૩ | ૩૬૨૮ | ૬૭૮૬ | ૩૭૦૦ | ૩૯૭૪ | ૧૦૬૬ | ૪૪૬૨ | ૨૭૯૫ | ૩૭૮૬૮ |
| હ્રદય રોગ | ૨૯૪ | ૫ | ૭૧ | ૩૨ | ૯૨ | ૪૨ | ૫૬ | ૫૦ | ૭૩ | ૨૩ | ૭૩૮ |
| કિડની રોગ | ૬૪ | ૧ | ૧૪ | ૧૨ | ૨૨ | ૧૧ | ૧૧ | ૧૧ | ૨૧ | ૬ | ૧૭૩ |
| કેન્સર | ૬ | ૦ | ૨ | ૦ | ૨ | ૦ | ૪ | ૦ | ૪ | ૦ | ૧૮ |
| **કુલ** | **૪૬૩૩૩** | **૧૧૧૮૮** | **૨૪૯૪૩** | **૧૮૩૭૪** | **૩૨૭૨૬** | **૧૬૯૦૧** | **૨૨૫૬૨** | **૧૩૧૬૨** | **૨૪૭૮૦** | **૧૩૭૧૧** | **૨૨૪૬૮૦** |

**પત્રક-બ**

| તાલુકાનું નામ | બાળરોગ નિષ્ણાત | આંખરોગ નિષ્ણાત | દાંત રોગ નિષ્ણાત | ચામડીના નિષ્ણાત | કાન, નાક, ગળાના નિષ્ણાત | અન્ય રોગ | સંદર્ભસેવા આપેલ બાળોકોની સંખ્યા |
|---|---|---|---|---|---|---|---|
| પાલનપુર | ૧૮૯ | ૨૪૪૮ | ૩૯ | ૯૩ | ૧૩૨ | ૬૫૬ | ૩૫૫૭ |
| અમીરગઢ | ૧૧ | ૧૩૪ | ૦ | ૦ | ૪ | ૧૦ | ૧૫૯ |
| વડગામ | ૧૪૫ | ૬૦૩ | ૬ | ૩૦ | ૬૭ | ૧૧૦ | ૯૬૧ |
| દાંતા | ૫૦ | ૧૫૯ | ૧૩ | ૭ | ૧૫ | ૧૬ | ૨૬૦ |
| ડીસા | ૨૬૯ | ૭૭૪ | ૧૪૨ | ૧૭૯ | ૨૦૯ | ૧૭૭ | ૧૭૫૦ |
| કાંક્રેજ | ૬૦ | ૧૧૭ | ૦ | ૨ | ૧૧ | ૧ | ૧૯૧ |
| ધાનેરા | ૯૯ | ૩૨૬ | ૩ | ૩ | ૧૫ | ૫૩ | ૪૯૯ |
| દિયોદર | ૨૨ | ૨૩૩ | ૦ | ૨ | ૯ | ૧૪ | ૨૮૦ |
| થરાદ | ૧૨૧ | ૩૮૫ | ૧ | ૨૦ | ૪૮ | ૮૭ | ૬૬૨ |
| વાવ | ૩૫ | ૨૫૬ | ૧ | ૧૧ | ૧૮ | ૩૩ | ૩૫૪ |
| **કુલ..** | **૧૦૦૧** | **૫૪૩૫** | **૨૦૫** | **૩૪૭** | **૫૨૮** | **૧૧૫૭** | **૮૬૭૩** |

## ધરોઇ જમણાકાંઠા મુખ્ય નહેરની વિતરણ નહેરોની પુનરોધ્ધારની કામગીરી

૨૧૩૬૩: **શ્રી ભરતસિંહજી શં.ડાભી (ખેરાલુ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) મહેસાણા જિલ્લાની ધરોઇ જમણાકાંઠા મુખ્ય નહેરની વિતરણ નહેરોમાં વર્ષ ૨૦૦૯ અને ૨૦૧૦ માં તા.૩૧-૧૨-૧૦ ની સ્થિતિએ કેટલી ખેડૂતોની મંડળીઓ દ્વારા નહેરોની સુધારણાની કામગીરી કરવામાં આવી છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ તેની પાછળ કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) અને (૨)

વર્ષ ૨૦૦૯ અને ૨૦૧૦માં તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ નીચે મુજબ ખેડૂતોની મંડળીઓ દ્વારા નહેરોની સુધારણા ની કામગીરી વર્ષવાર કરવામાં આવી છે.

| **વર્ષ** | **ખેડૂત મંડળીઓની સંખ્યા** | **ખર્ચ (રૂ.લાખમાં)** |
|---|---|---|
| ૨૦૦૯ | ૧૧ | ૧૮.૫૮ |
| ૨૦૧૦ | ૨૩ | ૫૭.૬૮ |

--------

**જુનાગઢ જિલ્લામાં ખાધચીજોમાં ભેળસેળ અટકાવવા લીધેલ ચીજોના નમૂના**

૨૧૫૮૯ **: શ્રી ધીરસિંહ બારડ (કોડીનાર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લામાં તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં તાલુકાવાર ખાધ પદાર્થોમાં થતી ભેળસેળ અટકાવવા કઈ કઈ ચીજોના ભેળસેળ અંગેના કેટલા નમૂના લીધા, અને

(૨) ઉક્ત સ્થિતિએ લીધેલ નમૂનાની ચકાસણી દરમ્યાન તાલુકાવાર કેટલા નમૂના નાપાસ થયા અને કેટલા નમૂના પાસ થયા?

**જવાબ**

(૧) અને (૨) : જૂનાગઢ જિલ્લામાં તા.૩૧-૧-૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં તાલુકાવાર ઠંડા પીણા, મીનરલ વોટર, પેકેજ્ડ ડ્રીંકીંગ વોટર, મરીમસાલા, સ્વીટીંગ એજન્ટસ, મીઠાઈ અને કન્ફેશનરી, નમકીન, બેકરી પ્રોડકટસ, ચા, કોફી, કોકો, ચીકોરી, દૂધ, બટર, ઘ ી, આઈસ્ક્રીમ અને દુધની બનાવટો, ખાદ્યતેલો વનસ્પતિ, અનાજ, કઠોળ, ફ્રુટ અને વેજીટેબલ પ્રોડકટસ, ઈન્ફન્ટસ મીલ્ક સબસ્ટીટ્યુટ, ઈન્ફન્ટ વેવીંગ ફુટ, આયોડાઈઝડ સોલ્ટ તેમજ અન્ય ખાદ્ય પદાર્થોના નીચે મુજબ કુલ-૯૪૭ નમૂના લેવામાં આવેલ છે. આ માહિતીમાં પોરબંદર જિલ્લાના પોરબંદર, કુતિયાણા અને રાણાવાવ એમ ત્રણ તાલુકા જૂનાગઢ જિલ્લામાં હતા ત્યાં સુધીની (તા.૩૧-૩-૨૦૧૦) છે.

| અ.નં. | તાલુકાનું નામ | લીધેલ નમૂનાની સંખ્યા | પાસ નમૂનાની સંખ્યા | નાપાસ નમૂનાની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧. | જૂનાગઢ | ૨૮૭ | ૨૭૮ | ૯ |
| ૨. | વિસાવદર | ૨૧ | ૨૧ | - |
| ૩. | કેશોદ | ૧૯૬ | ૧૮૩ | ૩ |
| ૪. | વંથલી | ૧૩ | ૧૨ | ૧ |
| ૫. | મેંદરડા | ૧૭ | ૧૭ | - |
| ૬. | વેરાવળ | ૪૭ | ૪૦ | ૭ |
| ૭. | માંગરોળ | ૨૭ | ૨૫ | ૨ |
| ૮. | માળીયાહાટીના | ૧૨ | ૧૨ | - |
| ૯. | ઉના | ૧૨ | ૧૧ | ૧ |
| ૧૦. | કોડીનાર | ૧૦ | ૧૦ | - |
| ૧૧. | ભેંસાણ | ૫ | ૫ | - |
| ૧૨. | તાલાલા | ૧૦ | ૦ | ૧ |
| ૧૩. | માણાવદર | ૫૩ | ૫૧ | ૨ |
| ૧૪. | સુત્રાપાડા | ૭ | ૭ | - |
| ૧૫. | પોરબંદર | ૨૦૧ | ૧૯૫ | ૬ |
| ૧૬. | કુતિયાણા | ૨૦ | ૧૮ | ૨ |
| ૧૭. | રાણાવાવ | ૧૯ | ૧૬ | ૩ |
| | **કુલ :** | ૯૪૭ | ૯૧૦ | ૩૭ |

**રાજ્યમાં મેડિકલ અને પેરા મેડીકલ અભ્યાસક્રમો ચલાવતી સરકારી સંસ્થાઓનું સંચાલન કરવા સોસાયટીની રચના**

૨૨૩૪૫ **: શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા (પોરબંદર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૧૧ની સ્થિતિએ રાજ્યમાં મેડીકલ અને પેરા મેડીકલ અભ્યાસક્રમો ચલાવતી સરકારી સંસ્થાઓનું સંચાલન કરવા કોઈ સોસાયટી રજીસ્ટર્ડ કરવામાં આવી છે, જો હા તો આ સોસાયટીનું નામ શું છે,

(૨) કઈ કોલેજો આ સોસાયટીના કાર્યક્ષેત્રમાં રાખવામાં આવી છે, અને ભવિષ્યમાં કઈ કઈ કોલેજો સમાવવાની યોજના છે, અને

**જવાબ**

(૧) રાજ્યમાં મેડીકલ અભ્યાસક્રમના સંચાલન માટે ગુજરાત મેડીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ સોસાયટીની સોસાયટી રજિસ્ટ્રેશન એકટ-૧૮૬૦ હેઠળ નોંધણી કરવામાં આવેલ છે. જ્યારે પેરા મેડીકલ અભ્યાસક્રમોના સંચાલન માટે કોઈ અલગ સોસાયટીની રચના કરવામાં આવેલ નથી.

(૨) આ સોસાયટી હેઠળ મેડીકલ કોલેજ સોલા, પાટણ, વલસાડ, ગોત્રી તેમજ ગાંધીનગરનો સમાવેશ કરવામાં આવેલ છે. જ્યારે ભવિષ્યમાં વડનગર, જૂનાગઢ ખાતે મેડીકલ કોલેજ શરૂ કરવાનું આયોજન છે.

(૩) આ કોલેજોની ફીનું ધોરણ શું રાખવામાં આવ્યું છે અને આ કોલેજો સેલ્ફ ફાયનાન્સના ધોરણે શરૂ કરવામાં આવેલ છે કે કેમ?

(૩) ગુજરાત પ્રોફેશનલ મેડીકલ એજ્યુકેશન કોલેજીસ ઓફ ઈન્સ્ટીટ્યુશન્સ (રેગ્યુલેશન ઓફ એડમીશન એન્ડ ફિક્સેશન ઓફ ફી) એક્ટ-૨૦૦૭ હેઠળ ફી રેગ્યુલેટરી કમિટીની રચના કરવામાં આવેલ છે. જે વખતો વખત ફી નક્કી કરી આપે છે. આ કોલેજોને સ્વનિર્ભર કોલેજો તરીકે એસેન્સિયાલીટી સર્ટિફિકેટ આપવામાં આવેલ છે.

--------

**હિન્દોલીયા જૂથ પાણી પુરવઠા યોજનામાં સમાવિષ્ટ ગામો**

૨૧૬૮૮ **: શ્રી હીરાભાઈ હ.પટેલ (લુણાવાડા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ પંચમહાલ જિલ્લાના લુણાવાડા તાલુકામાં હિન્દોલીયા જૂથ પાણી પુરવઠા યોજના હેઠળ કેટલા ગામોને પીવાનું પાણી આપવાનું આયોજન હતુ,

**મહેસાણા જિલ્લાની નગરપાલિકાઓમાં મંજૂર ભૂગર્ભ ગટર યોજના**

૨૧૩૨૪ **: શ્રીમતી જશોદાબેન પરમાર (જોટાણા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં મહેસાણા જિલ્લામાં કઇ કઇ નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર યોજના મંજૂર કરવામાં આવેલ છે,

(૨) મંજૂર થયેલ ભૂગર્ભ ગટર યોજનાની કામગીરી તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને

(૩) નગરપાલિકા દીઠ કેટલો ખર્ચ મંજૂર થયેલ છે?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં મહેસાણા જિલ્લાની કડી, ઉંઝા, સિધ્ધપુર, મહેસાણા, વિસનગર, વિજાપુરમાં ભૂગર્ભ ગટર યોજના મંજૂર કરવામાં આવેલ છે.

(૨) મંજૂર થયેલ ભૂગર્ભ ગટર યોજનાની કામગીરી તા. ૩૧-૧-૨૦૧૧ ની સ્થિતિએ નીચે મુજબ છે.

| ક્રમ | નગરપાલિકાનું નામ | સ્થિતિ |
|---|---|---|
| ૧ | કડી | ટેન્ડર મંજૂરી હેઠળ છે. |
| ૨ | ઉંઝા | ટેન્ડર મંજૂરી હેઠળ છે. |
| ૩ | મહેસાણા | ડીટીપી તૈયાર કરવામાં આવી રહેલ છે. |
| ૪ | વિસનગર | ટેન્ડર બહાર પાડેલ છે. |
| ૫ | વિજાપુર | ડીટીપી તૈયાર કરવામાં આવી રહેલ છે. |

(૩) નગરપાલિકા દીઠ નીચે મુજબ અંદાજીત ખર્ચ મંજૂર કરવામાં આવેલ છે.

₹ લાખમાં

| ક્રમ | નગરપાલિકાનું નામ | રકમ |
|---|---|---|
| ૧ | કડી | ૧૪૩૦.૯૮ |
| ૨ | ઉંઝા | ૩૨૧૬.૪૧ |
| ૩ | મહેસાણા | ૬૪૫૫.૭૪ |
| ૪ | વિસનગર | ૨૩૩૫.૯૭ |
| ૫ | વિજાપુર | ૧૨૨૭.૦૬ |

--------

## સુવર્ણ જ્યંતિ શહેરી રોજગાર યોજના હેઠળ ભાવનગર જિલ્લામાં અરજીઓ

૨૧૯૫૦ **: શ્રી ડૉ. કનુભાઈ કલસરીયા (મહુવા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુવર્ણ જ્યંતિ શહેરી રોજગાર યોજના હેઠળ ભાવનગર જિલ્લામાં તાલુકાવાર વર્ષ ૨૦૧૦ માં કેટલા લાભાર્થીઓની અરજીઓ મળી,

**જવાબ**

(૧) સુવર્ણ જ્યંતિ શહેરી રોજગાર યોજના અંતર્ગત ભાવનગર જિલ્લાની નગરપાલિકાઓમાં નગરપાલિકાવાર વર્ષ ૨૦૧૦માં મળેલ લાભાર્થીઓની અરજીઓની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | નગરપાલિકા | વર્ષ ૨૦૧૦માં મળેલ લાભાર્થીઓની અરજીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | બોટાદ | ૨૧૮ |
| ૨ | પાલીતાણા | ૩૮ |
| ૩ | મહુવા | ૨૮૫ |
| ૪ | શિહોર | ૨૩૦ |
| ૫ | ગઢડા | ૯૬ |
| ૬ | ગારીયાધાર | ૯ |
| ૭ | તળાજા | ૨૯ |
| ૮ | વલ્લભીપુર | ૭૫ |
| | કુલ | ૯૮૦ |

(૨) તે પૈકી તા. ૩૧-૧૨-૧૦ ની સ્થિતિએ કેટલી અરજીઓ મંજૂર અને કેટલી નામંજૂર કરવામાં આવી, અને

(૨) તે પૈકી તા. ૩૧-૧૨-૧૦ ની સ્થિતિએ બેંક દ્વારા કરવામાં આવેલ મંજૂર અને નામંજૂર અરજીઓ અરજીઓની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | નગરપાલિકા | મંજૂર | નામંજૂર | બેંકમાં પડતર |
|---|---|---|---|---|
| ૧ | બોટાદ | ૯૬ | ૬૧ | ૫૮ |
| ૨ | પાલીતાણા | ૩ | ૭ | ૨૮ |
| ૩ | મહુવા | ૧૩૬ | ૧૦૭ | ૪૨ |
| ૪ | શિહોર | ૫૫ | ૧૬૯ | ૬ |
| ૫ | ગઢડા | ૨૮ | ૫૪ | ૧૪ |
| ૬ | ગારીયાધાર | ૯ | ૦ | ૦ |
| ૭ | તળાજા | ૧૦ | ૬ | ૧૩ |
| ૮ | વલ્લભીપુર | ૨૫ | ૩૨ | ૧૮ |
| | **કુલ** | **૩૬૫** | **૪૩૬** | **૧૭૯** |

(૩) ઉક્ત સ્થિતિએ સન ૨૦૧૦ના વર્ષમાં તાલુકાદીઠ કેટ કેટલી સહાય ચૂકવવામાં આવી ?

(૩) ઉક્ત સ્થિતિએ ભાવનગર જિલ્લાની નગરપાલિકાઓમાં નગરપાલિકાવાર લાભાર્થીઓને ચૂકવવામાં આવેલ સહાય ની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | નગરપાલિકા | ચૂકવેલ સહાય (સબસીડી ₹ લાખમાં) |
|---|---|---|
| ૧ | બોટાદ | ૧.૪૯ |
| ૨ | પાલીતાણા | ૨.૦૦ |
| ૩ | મહુવા | ૩.૯૮ |
| **ક્રમ** | **નગરપાલિકા** | **ચૂકવેલ સહાય (સબસીડી ₹ લાખમાં)** |
| ૪ | શિહોર | ૧.૦૬ |
| ૫ | ગઢડા | ૨.૧૨ |

| | | |
|---|---|---|
| ૬ | ગારીયાધાર | ૫.૧૦ |
| ૭ | તળાજા | ૧.૨૮ |
| ૮ | વલ્લભીપુર | ૨.૮૭ |
| | **કુલ** | **૧૯.૯૦** |

--------

**પાટણ અને બનાસકાંઠા જિલ્લામાં મોટા તળાવો ઊંડા કરવા અંગે**

૨૧૩૬૪ **: શ્રી રજનીકાન્ત સો.પટેલ (ચાણસ્મા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પાટણ અને બનાસકાંઠા જિલ્લામાં વર્ષ ૨૦૦૯ અને ૨૦૧૦માં તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ કેટલા મોટા તળાવો ઊંડા કરવામાં આવેલ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે માટે કેટલી રકમનો ખર્ચ થયેલ છે ?

**જવાબ**

(૧) અને (૨)

પાટણ અને બનાસકાંઠા જિલ્લામાં વર્ષ ૨૦૦૯ અને ૨૦૧૦ માં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ નીચે મુજબના તળાવો ઊંડા ઉતારવાની કામગીરી કરવામાં આવી છે.

| જિલ્લો | વર્ષ ૨૦૦૯ | વર્ષ ૨૦૧૦ | કુલ |
|---|---|---|---|
| પાટણ | ૧૦ | ૧૭ | ૨૭ |
| બનાસકાંઠા | ૦૪ | ૨૦ | ૨૪ |

| જિલ્લો | થયેલ ખર્ચ (રૂા. લાખમાં) | | કુલ (લાખમાં) |
|---|---|---|---|
| | વર્ષ ૨૦૦૯ | વર્ષ ૨૦૧૦ | |
| પાટણ | ૧૫૭.૩૩ | ૯૧.૧૧ | ૨૪૮.૪૪ |
| બનાસકાંઠા | ૫૪.૦૫ | ૯૭.૩૩ | ૧૫૧.૩૮ |

**સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના અન્વયે બનાસકાંઠા જિલ્લામાં બનેલ ચેકડેમો**

૨૧૩૬૫ **: શ્રી બાબુભાઈ દેસાઈ (કાંકરેજ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના અન્વયે વર્ષ ૨૦૦૯ અને ૨૦૧૦ માં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કેટલા ચેકડેમ બાંધવામાં આવેલ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે અંગે કેટલી રકમનો ખર્ચ થયેલ છે ?

**જવાબ**

(૧) અને (૨)

બનાસકાંઠા જિલ્લામાં સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના હેઠળ તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ નીચે મુજબ વર્ષવાર ચેકડેમ બાંધવામાં આવેલ છે,

| વર્ષ | ચેકડેમની સંખ્યા | ખર્ચ(રૂા. લાખમાં) |
|---|---|---|
| ૨૦૦૯ | ૬૩૯ | ૨૬૯૮.૫૬ |
| ૨૦૧૦ | ૨૨૧ | ૧૨૨૮.૩૨ |

--------

**રાજ્યમાં ગ્રાન્ટેડ મેડિકલ કોલેજો**

૨૨૬૫૩ **: શ્રી જીતુભાઈ ચૌધરી (મોટા પોંઢા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ ગ્રાન્ટેડ મેડીકલ કોલેજો કેટલી છે અને તેમાં કુલ સીટો કેટલી છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી સીટો ભરાયેલ છે ?

**જવાબ**

(૧) શૂન્ય.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**મધ્યસ્થ ઓષધ ભંડાર તંત્ર દ્વારા ડ્રગ લોજીસ્ટીક ઈન્ફોર્મેશન મેનેજમેન્ટ સીસ્ટમનો અમલ**

૨૧૪૦૪ **: શ્રી શંભુજી ઠાકોર (ગાંધીનગર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગાંધીનગરમાં આવેલ મધ્યસ્થ ઓષધ ભંડાર તંત્ર દ્વારા ડ્રગ લોજીસ્ટીક ઈન્ફોર્મેશન મેનેજમેન્ટ સીસ્ટમ અમલમાં મૂક્વામાં આવી છે તે હકીક્ત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ૧ વર્ષમાં આ સીસ્ટમ મારફ્તે શી કામગીરી ક્રવામાં આવે છે ? | (૨)<br>૧. રાજ્યની સરકારી હોસ્પિટલો અને દવાખાનાઓના કુલ ૪૫૭૩ તથા કમિશ્નરશ્રીની ક્ચેરી દ્વારા વિવિધ પ્રોગ્રામ અંગેના રૂા. ૧૦૦૦ લાખની રક્મના માંગણીપત્રકો રજૂ થયેલ છે.<br>૨. કુલ-૪૦૭ આઈટમ માટે ૮૧૩ ભાવક્રાર અપલોડ ક્રેલ છે.<br>૩. દવા ખરીદીના રૂા. ૪૮૫૭.૬૭ લાખના ૨૪૪૮ ખરીદ ઓર્ડર આપવામાં આવેલ છે.<br>૪. ૩૧૭ પ્રકારની રૂા. ૪૫૨૬ લાખની દવાઓ સ્વીકારેલ છે.<br>૫. રૂા. ૫૪૮૯ લાખની દવાઓ/ સાધનોનું વિતરણ ક્રવામાં આવેલ છે.<br>૬. પેઢીઓને ચુક્વણા માટેના બીલો બનાવવાની કામગીરી ક્રવામાં આવે છે. |

--------

## ખેડા જિલ્લામાં બોરીબંધો

૨૧૫૯૧ **: શ્રી રામસિંહ પરમાર (ઠાસરા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં કુલ કેટલા બોરીબંધો બનાવવામાં આવ્યા હતા, અને | (૧) ૧૬૧. |
| (૨) તે પેકી કેટલા બોરીબંધો તા.૩૧-૧-૧૧ ની સ્થિતિએ હયાત છે અને કેટલા સંપૂર્ણપણે નકામાં થયેલ છે ? | (૨) બોરીબંધએ લાંબા સમયગાળાની વ્યવસ્થા નથી પરંતુ તેની હયાતી જે તે ચોમાસા દરમ્યાન વરસાદી પાણીનો મહત્તમ ઉપયોગ કરી જળ સંચય માટે જ હોય છે. |

## અમદાવાદ અને બનાસકાંઠા જિલ્લામાં સંસ્થાઓને માન્યતા આપવાની પડતર દરખાસ્તો

૨૨૬૪૮ **: શ્રી મહંમદ જાવેદ પીરઝાદા (વાંકાનેર ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના હેઠળ ચેકડેમો બનાવવા માટે સંસ્થાઓને માન્યતાઓ આપવામાં આવતી નથી તે હકીક્ત સાચી છે, | (૧) ના, જી. |
| (૨) જો ના, તો અમદાવાદ અને બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ કેટલી અને કઈ કઈ સ્વૈચ્છિક સંસ્થાઓની દરખાસ્તો ક્યારથી પડતર છે, | (૨) તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ કુલ-૭ સ્વૈચ્છિક સંસ્થાઓની દરખાસ્તો પડતર હેઠળ છે. જેની યાદી *પત્રક-૧ મુજબ છે. |
| (૩) કઈ કઈ સંસ્થાઓને માન્યતા આપવામાં આવી, અને | (૩) કુલ-૧૭૦ સંસ્થાઓને માન્યતા આપવામાં આવી (*પત્રક-૨) જ્યારે *પત્રક-૧ (બ) માં સૂચિત ક્રેલ યાદી મુજબની ૩ સંસ્થાઓની દરખાસ્તો વહીવટી અને તાંત્રિક રીતે ચકાસણી કરીને અને નિયમોને આધિન હશે તે મંજૂર ક્રવામાં આવશે. |

(૪) માન્યતા ન આપવાનાં કારણો શા છે અને કેટલા સમયમાં માન્યતા આપવામાં આવશે ?

(૪) *પત્રક-૧(અ) માં સૂચિત કરેલ યાદી મુજબની ૪ સંસ્થાઓની દરખાસ્તોમાં ટ્સ્ટ્રીઓની નામાવલી અન્ય મંજૂર કરેલ દરખાસ્તમાં સમાવેશ હોય તેથી અમાન્ય કરેલ છે, તેથી હાલના તબક્કે માન્યતા આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)**

## અમદાવાદ જિલ્લામાં શાળા આરોગ્ય કાર્યક્રમ હેઠળ બાળકોને સારવાર

૨૧૪૧૮ **: શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ (માંડલ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ જિલ્લામાં શાળા આરોગ્ય કાર્યક્રમ હેઠળ તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલા બાળકોને ક્યા ક્યા રોગો માટે સારવાર આપવામાં આવી, અને

(૨) તે પૈકી કેટલા બાળકોને રેફરલ સારવાર અને તજજ્ઞ સારવાર આપવામાં આવી ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર ***પત્રક-અ** માં દર્શાવ્યા મુજબના રોગો માટે બાળકોને સારવાર આપવામાં આવી છે.

(૨) તે પૈકી તાલુકાવાર ***પત્રક-બ** માં દર્શાવ્યા મુજબના સંદર્ભ સેવાપાત્ર મળી આવેલ બાળકોને તજજ્ઞ દ્વારા સારવાર આપવામાં આવી છે.

**પ ત્ર ક - અ**

| રોગનું નામ | દસક્રોઈ | સાણંદ | વિરમગામ | માંડલ | દેત્રોજ | બાવળા | ધોળકા | ધંધુકા | બરવાળા | રાણપુર | અમદાવાદ કોર્પોરેશન | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| પાંડુરોગ | ૧૩૩૯૨ | ૯૬૯૧ | ૨૬૨૨ | ૯૬૩ | ૧૫૦૦ | ૮૦૨ | ૬૯૮૭ | ૩૫૨૬ | ૪૭૦ | ૫૯૮ | ૧૦૫૧૫૪ | ૧૪૭૭૦૪ |
| આંત્રકૃમિ | ૮૭૨૪ | ૬૦૩૫ | ૧૭૬૨ | ૭૩૭ | ૬૬૫ | ૨૧૪૮ | ૭૬૩૯ | ૩૯૬૫ | ૬૪૫ | ૭૪૫ | ૧૦૨૧૧૧ | ૧૩૫૧૭૬ |
| દાંતની ખામી | ૧૬૯૯ | ૫૮૫ | ૯૫૯ | ૩૩૫ | ૪૫૨ | ૮૨૫ | ૭૪૩ | ૪૩૦ | ૧૪૬ | ૬૨ | ૧૬૯૪૦ | ૨૩૧૭૬ |
| આંખની ખામી | ૨૪૦૧ | ૧૩૪૧ | ૮૦૪ | ૨૭૬ | ૪૩૩ | ૩૯૨ | ૩૧૪૩ | ૨૨૫ | ૨૩૧ | ૩૩૯ | ૨૪૦૨૯ | ૩૩૬૧૪ |
| કાન, નાક, ગળાની ખામી | ૧૯૩૩ | ૭૧૮ | ૭૭૧ | ૨૫૫ | ૨૯૪ | ૨૧૯ | ૧૩૨૭ | ૩૮૮ | ૧૭૯ | ૨૫૪ | ૭૯૦૪ | ૧૪૨૪૨ |
| પેટની તકલીફ | ૧૦૫૩ | ૮૫૯ | ૬૧૧ | ૨૨૨ | ૩૧૩ | ૫૦૫ | ૧૩૩૭ | ૬૦૬ | ૭૬ | ૨૩૫ | ૨૮૦૯ | ૮૬૨૬ |
| ચામડીના રોગ | ૧૩૦૧ | ૧૯૮૦ | ૭૯૩ | ૩૩૩ | ૪૮૪ | ૬૫૭ | ૯૮૧ | ૫૪૦ | ૧૭૭ | ૧૯૪ | ૦ | ૭૪૪૦ |
| શરીરની સ્થૂળતા | ૨૭ | ૫ | ૪ | ૧ | ૨ | ૦ | ૦ | ૦ | ૨ | ૪ | ૧૪ | ૫૯ |
| તમાકુનું સેવન | ૨૧ | ૩૬ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૪ | ૬૧ |
| માનસિક તણાવ | ૧ | ૩ | ૨ | ૨ | ૨ | ૨ | ૦ | ૪ | ૧ | ૦ | ૦ | ૧૭ |
| જાતીય રોગો | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૨ |
| શ્વસનતંત્રના રોગો | ૪૨૬ | ૧૯૨ | ૪૨ | ૧૪૧ | ૪૮ | ૨૫ | ૨૯૪ | ૮૦૪ | ૧ | ૨૪૬ | ૩૮૫૭ | ૬૦૭૬ |
| ચેતાતંત્રના રોગો | ૨૦ | ૧૭ | ૨૦ | ૪૧ | ૩ | ૬ | ૧ | ૨૭ | ૧ | ૨૪ | ૧૪ | ૧૭૪ |
| અસ્થિતંત્રના રોગો | ૩૧ | ૨૩ | ૩૦ | ૪૦ | ૦ | ૧૧ | ૫ | ૬ | ૩ | ૧૦ | ૧૦ | ૧૬૯ |
| વિકલાંગતા | ૧૫૩ | ૧૦૨ | ૪૮ | ૪૪ | ૨૯ | ૧૬ | ૧૨૨ | ૧ | ૪૩ | ૧૦ | ૦ | ૫૬૮ |
| અન્ય રોગો | ૦ | ૨૩૨ | ૦ | ૦ | ૦ | ૧૧ | ૨૮ | ૪૦૨ | ૬ | ૯૮ | ૦ | ૭૭૭ |
| હૃદય | ૬૦ | ૨૯ | ૨૦ | ૪ | ૧૭ | ૧૩ | ૪૦ | ૨૦ | ૧૩ | ૮ | ૪૯૭ | ૭૨૧ |
| કીડની | ૨૬ | ૧૨ | ૧૨ | ૧ | ૪ | ૧૦ | ૧૯ | ૬ | ૩ | ૫ | ૧૫૧ | ૨૪૯ |
| કેન્સર | ૩૨ | ૧૫ | ૩ | ૨ | ૧ | ૪ | ૧૧ | ૧ | ૧ | ૫ | ૬૦ | ૧૩૫ |
| **કુલ :** | **૩૧૩૦૦** | **૨૧૮૭૫** | **૮૫૦૩** | **૩૩૯૬** | **૪૨૪૭** | **૫૬૪૮** | **૨૨૬૭૭** | **૧૦૯૫૧** | **૧૯૯૮** | **૨૮૩૭** | **૨૬૩૫૫૪** | **૩૭૮૯૮૬** |

**પ ત્ર ક - બ**

| તાલુકાનું નામ | બાળ રોગ નિષ્ણાત | આંખ રોગ નિષ્ણાત | દાંત રોગ નિષ્ણાત | ચામડીના નિષ્ણાત | કાન, નાક, ગળાના નિષ્ણાત | અન્ય રોગ | સંદર્ભ સેવા આપેલ બાળકોની કુલ સંખ્યા |
|---|---|---|---|---|---|---|---|
| દસક્રોઈ | ૨૪૦ | ૯૨૩ | ૬૩ | ૪૪ | ૧૯૧ | ૨૨ | ૧૪૮૩ |
| સાણંદ | ૨૩૩ | ૫૫૬ | ૩૨ | ૫૧ | ૬૫ | ૦ | ૯૩૭ |
| વિરમગામ | ૧૧૭ | ૨૩૧ | ૯ | ૧૬ | ૫૫ | ૦ | ૪૨૮ |
| માંડલ | ૮૩ | ૨૮૧ | ૩૯ | ૧૮ | ૧૦ | ૦ | ૪૩૧ |
| દેત્રોજ | ૪૮ | ૩૮૫ | ૧ | ૪ | ૮૪ | ૦ | ૫૨૨ |
| બાવળા | ૧૪૪ | ૨૬૯ | ૩૪ | ૩૬ | ૪૦ | ૦ | ૫૨૩ |
| ધોળકા | ૨૮૧ | ૧૮૨૬ | ૮૧ | ૮૭ | ૧૭૪ | ૦ | ૨૪૪૯ |
| ધંધુકા | ૮૬ | ૨૦૩ | ૪૨ | ૨૬ | ૪૮ | ૦ | ૪૦૫ |
| બરવાળા | ૨૨ | ૧૫ | ૭ | ૬ | ૪ | ૦ | ૫૪ |
| રાણપુર | ૧૪૭ | ૧૦૨ | ૧૮ | ૨૨ | ૨૫ | ૦ | ૩૧૪ |

| તાલુકાનું નામ | બાળ રોગ નિષ્ણાત | આંખ રોગ નિષ્ણાત | દાંત રોગ નિષ્ણાત | ચામડીના નિષ્ણાત | કાન, નાક, ગળાના નિષ્ણાત | અન્ય રોગ | સંદર્ભ સેવા આપેલ બાળકોની કુલ સંખ્યા |
|---|---|---|---|---|---|---|---|
| અમદાવાદ કોર્પોરેશન | ૮૮૪૭ | ૩૨૦૩ | ૩૩૭૭ | ૧૩૨૦ | ૫૮૬૨ | ૦ | ૨૨૬૦૯ |
| **કુલ :** | **૧૦૨૪૮** | **૭૯૯૪** | **૩૭૦૩** | **૧૬૩૦** | **૬૫૫૮** | **૨૨** | **૩૦૧૫૫** |

--------

## પ્રવાસનના બ્રાન્ડ એમ્બેસેડર

૨૧૮૧૩ **: શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સન ૨૦૧૦માં ગુજરાત રાજ્યના પ્રવાસનના બ્રાન્ડ એમ્બેસેડર કોને બનાવવામાં આવ્યા હતાં, | (૧) શ્રી અમિતાભ બચ્ચન. |
| (૨) બ્રાન્ડ એમ્બેસેડર તરીકેની કઈ કઈ કામગીરી તેણે કરાર મુજબ કરવાની રહે છે, અને | (૨) બ્રાન્ડ એમ્બેસેડર તરીકે પ્રવાસનના પ્રચાર માટેની જાહેરાતના શૂટીંગ અને ફોટોગ્રાફી માટે કામગીરી કરવાની રહે છે. |
| (૩) બ્રાન્ડ એમ્બેસેડરને પેમેન્ટ માટેની શરતો શી છે અને તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ બ્રાન્ડ એમ્બેસેડરને છેલ્લા એક વર્ષમાં કેટલું પેમેન્ટ કરવામાં આવ્યું છે અને કેટલું ચૂકવવાનું બાકી છે ? | (૩) બ્રાન્ડ એમ્બેસેડર તરીકે કોઈપણ પ્રકારની ફી ચૂકવવાની રહેતી નથી. |

--------

## સાબરકાંઠા જિલ્લામાં પી.એચ.સી. ના મકાનો બાંધવા મંજૂર રકમ

૨૧૪૧૦ **: શ્રી દિલિપસિંહજી પરમાર (મોડાસા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના મકાનો બાંધવા માટે તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી રકમ મંજૂર કરવામાં આવી છે,

**જવાબ**

(૧) સાબરકાંઠા જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના મકાનો બાંધવા માટે તા.૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નીચે મુજબ રકમ મંજૂર કરવામાં આવી છે.

| | |
|---|---|
| પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, મોયદ | રૂ.૨૬,૦૬,૦૦૦/- |
| પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, થેરાસણા | રૂ.૨૬,૦૬,૦૦૦/- |
| પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, શીકા | રૂ.૨૬,૦૬,૦૦૦/- |
| પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, મટોડા | રૂ.૪૨,૨૦,૦૦૦ |

**પ્રશ્ન** (૨) આ કામગીરી ક્યાં સુધીમાં શરૂ થશે, અને

**જવાબ** (૨) ટેન્ડર મંજૂર થયેથી કામગીરી શરૂ કરવાનું રહે છે.

**પ્રશ્ન** (૩) કેટલા સમયમાં પૂર્ણ કરવાનું આયોજન છે ?

**જવાબ** (૩) આ કામગીરી ટેન્ડર મંજૂર થયેથી ૧૨ માસ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

--------

## આણંદ જિલ્લાની નગરપાલિકાઓનો તળાવ બ્યુટિફિકેશનમાં સમાવેશ

૨૧૩૪૫ **: શ્રીમતી જ્યોત્સનાબેન પટેલ (આણંદ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૦-૧૧ માં તા.૩૧-૧૨-૧૦ ની સ્થિતિએ આણંદ જિલ્લાની કુલ કેટલી નગરપાલિકાનો તળાવ બ્યુટિફિકેશન માટે સમાવેશ કરવામાં આવ્યો, | (૧) વર્ષ ૨૦૧૦-૧૧માં તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ આણંદ જિલ્લાની કોઇ પણ નગરપાલિકાનો તળાવ બ્યુટિફિકેશનમાં સમાવેશ કરવામાં આવેલ નથી. પરંતુ વર્ષ : ૨૦૦૭-૦૮ માં પેટલાદ અને વર્ષ : ૨૦૦૮-૦૯ માં કરમસદ, ખંભાત અને સોજીત્રા નગરપાલિકાનો તળાવ બ્યુટિફિકેશનમાં સમાવેશ કરવામાં આવેલ હતો. |
| (૨) આણંદ અને બોરીયાવી નગરપાલિકામાં કુલ કેટલા તળાવો છે, અને | (૨) આણંદમાં કુલ-૭ તળાવો આવેલ છે જે નીચે મુજબ છે.<br>૧. લોટેશ્વર તળાવ |

૨. ગોયા તળાવ નાનું તથા મોટું
૩. શિખોડ તળાવ
૪. મહુડી તળાવ
૫. કંકાવટી તળાવ (બાકરોલ)
૬. ગોયા તળાવ (બાકરોલ)
૭. મોટું તળાવ (બાકરોલ)
બોરીઆવી નગરપાલિકામાં એક તળાવ આવેલ છે.

(૩) તે પેકી તે બંને નગરપાલિકાનાં કેટલા તળાવોનો બ્યુટિફિકેશનમાં સમાવેશ કરવામાં આવ્યો ?

(૩) તે પેકી બંન્ને નગરપાલિકાના તળાવોનો બ્યુટિફિકેશનમાં સમાવેશ કરવામાં આવેલ નથી. પરંતુ આણંદ નગરપાલિકામાં સમાવિષ્ટ તળાવો પેકી ગોયા તળાવ તથા મોટું તળાવ (બાકરોલ)નો મુખ્યમંત્રીશ્રી સ્વર્ણિમ જયંતિની ગ્રાન્ટમાંથી વિકાસ કરી તેના બ્યુટિફિકેશન માટે આણંદ નગરપાલિકાના જનરલ બોર્ડની મંજૂરી મળેલ છે. જે અન્વયે હાલમાં તાંત્રીક મંજૂરી, નકશા વિગેરે બાકીમાં છે.

--------

## મધ્યસ્થ ઓષધ ભંડાર તંત્ર ધ્વારા ઇ-ટેન્ડરીંગ પધ્ધતિનો અમલ

૨૧૪૦૩ **: શ્રી કલ્યાણસિંહ ચૌહાણ (દહેગામ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) ગાંધીનગરમાં આવેલ મધ્યસ્થ ઓષધ ભંડાર તંત્ર ધ્વારા ઇ-ટેન્ડરીંગની પધ્ધતિ ક્યારથી શરુ થયેલ છે, અને

(૧) તા.૬-૨-૨૦૦૬ થી.

(૨) તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ તેના ધ્વારા કેવા પરિણામો મળેલ છે ?

(૨) ઇ-ટેન્ડરીંગ પધ્ધતિથી ખરીદીની પ્રક્રિયામાં ઝડપ અને પારદર્શીતા આવેલ છે.

--------

## આણંદ જિલ્લામાં રાષ્ટ્રીય સ્વાસ્થ વીમા યોજના અંતર્ગત ઇસ્યુ કરેલ કાર્ડ

૨૨૬૪૩ **: શ્રી અમીતભાઈ ચાવડા (બોરસદ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતીએ છેલ્લા એક વર્ષમાં આણંદ જિલ્લામાં તાલુકાવાર રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજના અંતર્ગત કેટલા કાર્ડ ઈસ્યુ કરવામાં આવેલ છે,

(૧) તા.૩૧-૧-૨૦૧૦ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આણંદ જિલ્લામાં તાલુકાવાર રાષ્ટ્રીય સ્વાસ્થ વીમા યોજના અંતર્ગત ઇસ્યુ કેરલ કાર્ડની વિગત નીચે મુજબ છે.

| તાલુકો | ઈસ્યુ કરેલ કાર્ડની સંખ્યા |
|---|---|
| તારાપુર | ૫૯૦૫ |
| સોજીત્રા | ૬૦૯૯ |
| ઉમરેઠ | ૧૦૧૨૩ |
| આણંદ | ૧૬૭૨૫ |
| ખંભાત | ૧૧૨૯૨ |
| બોરસદ | ૨૨૨૬૭ |
| પેટલાદ | ૧૪૭૮૨ |
| આંકલાવ | ૧૧૬૨૦ |
| કુલ | ૯૮૮૧૩ |

(૨) સદર યોજનામાં લાભાર્થીને શાં લાભ મળે છે,

(૨) સદર યોજનામાં

- કુટુંબના ૫ સભ્યો (પતિ, પત્ની અને ૩ બાળકો) ને રૂ.૩૦,૦૦૦/- સુધીની સારવાર નેટવર્ક હોસ્પિટલમાં મફ્ત મળે છે.
- યોજના અંતર્ગત કુલ : ૭૨૭ થી વધુ સર્જરી તેમજ ૨૦ ડે-કેર સર્જરી નો લાભ મળે છે.
- વધુમાં સારવારના ખર્ચમાં ડીલીવરી, દુર્ઘટના તથા હોસ્પિટલ આવવા જવાનો ખર્ચ આપવામાં

(૩) સદર યોજના અંતર્ગત આણંદ જિલ્લામાં કઈ કઈ હોસ્પિટલને માન્યતા આપવામાં આવેલ છે, અને

આવે છે.

(૩) સદર યોજના અંતર્ગત આણંદ જિલ્લામાં ૪૮ દવાખાનાઓને માન્યતા આપવામાં આવેલ છે જે નીચે મુજબ છે.

| તાલુકો | હોસ્પિટલ |
|---|---|
| પેટલાદ | સર સયાજીરાવ જનરલ હોસ્પિટલ. |
| | નવજીવન હોસ્પિટલ |
| | આરુષી ઇ.એન.ટી. સર્જીકલ હોસ્પિટલ |
| | ગગન હોસ્પિટલ |
| | તપન હોસ્પિટલ |
| | આર્યુષ ઇ.એન.ટી. સર્જીકલ હોસ્પિટલ |
| | ઇશિતા હોસ્પિટલ |
| | સામુહિક આરોગ્ય કેન્દ્ર ધર્મજ |
| **તાલુકો** | **હોસ્પિટલ** |
| | સામુહિક આરોગ્ય કેન્દ્ર મહેલાવ |
| | આશિષ સર્જીકલ હોસ્પિટલ |
| બોરસદ | શીશુ મંગલ હોસ્પિટલ |
| | શાશ્વત ચિલ્ડ્રન હોસ્પિટલ |
| | નુતન જનરલ હોસ્પિટલ |
| | સંજીવની હોસ્પિટલ |
| | શ્રીદત જનરલ હોસ્પિટલ |
| | વ્યોમ ઇ.એન.ટી. હોસ્પિટલ |
| | જયદીપ હોસ્પિટલ |
| | દીપ આઇ હોસ્પિટલ |
| | આર્શિવાદ હોસ્પિટલ |
| | હિરલ હોસ્પિટલ |
| | મેડીકેર હોસ્પિટલ |
| | પ્રિયા હોસ્પિટલ |
| | યુનિટી હોસ્પિટલ |
| | સામુહિક આરોગ્ય કેન્દ્ર રાસ |
| આણંદ | ઉષા નર્સિંગ હોમ |
| | રાજ નર્સિંગ હોમ |
| | ગોકુલ ચિલ્ડ્રન હોસ્પિટલ |
| | નિશાંત આઇ હોસ્પિટલ |
| | ઓમ હોસ્પિટલ |
| | રુતુ જનરલ હોસ્પિટલ |
| | રાજલ સર્જીકલ હોસ્પિટલ |
| | શ્રીકિષ્ના મેડીકલ હોસ્પિટલ |
| | પારુલ હોસ્પિટલ |
| | અમર મેટરનીટી હોમ |
| | શંકરા આઇ હોસ્પિટલ |
| | શ્રીજી મેટરનીટી એન્ડ નર્સિંગ હોમ |
| | પોસ્ટ પાર્ટમ યુનીટ. આણંદ |
| | સામુહિક આરોગ્ય કેન્દ્ર ઓડ |
| | સામુહિક આરોગ્ય કેન્દ્ર સારસા |
| આંકલાવ | નવજીવન હોસ્પિટલ |
| | સામુહિક આરોગ્ય કેન્દ્ર આંકલાવ |
| તારાપુર | જમના હોસ્પિટલ |
| | શાહદત્ત હોસ્પિટલ |
| | સામુહિક આરોગ્ય કેન્દ્ર તારાપુર |
| સોજીત્રા | સામુહિક આરોગ્ય કેન્દ્ર સોજીત્રા |
| ઉમરેઠ | સામુહિક આરોગ્ય કેન્દ્ર ઉમરેઠ |
| | વાત્સ્યલ્ય ચિલ્ડ્રન હોસ્પિટલ |
| ખંભાત | સામુહિક આરોગ્ય કેન્દ્ર. ખંભાત |

(૪) છેલ્લા બે વર્ષમાં કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે.

(૪) ચાલુ વર્ષ ૧ એપ્રિલ ૨૦૧૦ થી આણંદ જીલ્લાનો આર.એસ.બી.વાય. યોજના અંતર્ગત સમાવેશ કરવામાં આવેલ છે. જે અંતર્ગત આણંદ જીલ્લામાં કુલ રૂ.૫.૯ કરોડ પ્રિમિયમ પેટે ફાળવવામાં આવેલ છે.

## શાની સિંચાઇ યોજનાના ડેમના નવા દરવાજા બનાવવા અંગે

૨૧૪૮૩ **: શ્રી મેઘજીભાઈ કણઝારીયા (ખંભાળીયા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લાની શાની સિંચાઇ યોજનાના ડેમના દરવાજાને નુક્સાન થતાં વર્ષ-૨૦૧૦ માં પાણી નીકળી ગયેલ હતું તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો નવો દરવાજો બનાવવા સરકારે તા.૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ શાં પગલાં લીધા ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) નવો દરવાજો તુરત જ ફીટ કરવામાં આવેલ અને ડેમમાં પાણી ભરવામાં આવેલ.

--------

## કચ્છ જિલ્લાના ગામોનો જૂથ પાણી પુરવઠા યોજનામાં સમાવેશ

૨૨૪૮૦ **: શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી (અબડાસા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા ૨ વર્ષમાં કચ્છ જિલ્લાના કેટલા ગામોને કઇ જૂથ પાણી પુરવઠા યોજના હેઠળ આવરી લેવાયાં છે, અને

(૨) બાકી રહેતા ગામોને ક્યાં સુધીમાં આવરી લેવામાં આવશે ?

**જવાબ**

(૧) કુલ ૩૭૫ ગામોને ૪ જૂથ પાણી પુરવઠા યોજનાઓમાં

| | |
|---|---|
| ૬૮ ગામ | ભુજ ગ્રામ્ય પાણી પુરવઠા યોજના ભાગ-૨ (સુજલામ-સુફલામ કે૨/૧) |
| ૩૦ ગામ | માંડવી ગ્રામ્ય પાણી પુરવઠા યોજના ભાગ-૩ (ગઢશીશા કોમ્પ્લેક્ષ) |
| ૫૮ ગામ | નખત્રાણા-અબડાશા-લખપત જૂથ પાણી પુરવઠા યોજનાના વડવા ગ્રુપ (સુજલામ-સુફલામ કે-૨/૨) |
| ૨૧૯ ગામ | નખત્રાણા-અબડાશા-લખપત જૂથ પાણી પુરવઠા યોજનાના ખીરસરા ગ્રુપ (સુજલામ-સુફલામ કે-૨/૨) |
| **કુલ ૩૭૫ ગામ** | |

(૨) બાકી રહેતા ૪૪ ગામોને ક્રમશ : આવરી લેવામાં આવશે.

--------

## ધોળકા નગરપાલિકાને પીવાના પાણીની પાઈપો ખરીદવા રાજ્ય સરકારે ફાળવેલ રકમ

૨૧૫૮૫ **: શ્રી કાનજીભાઈ તળપદા (ધોળકા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ધોળકા નગરપાલિકાને પીવાના પાણીની પાઈપો ખરીદવા રાજ્ય સરકારે કેટલી રકમ ફાળવી, અને

(૨) ફાળવેલી રકમમાંથી કેટલી પાઈપોની ખરીદી કેટલા ખર્ચે કરવામાં આવી ?

**જવાબ**

(૧) તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ધોળકા નગરપાલિકાને પીવાના પાણીની યોજના માટે ₹૨૪૪.૨૧ લાખ ફાળવવામાં આવેલ છે જેમાં પાઈપોનો સમાવેશ થયેલ છે.

(૨) ફાળવેલ રકમમાંથી ₹૧૯૦.૪૩ લાખના ખર્ચે નીચે મુજબની પાઈપો ખરીદેલ છે.
૧. ડી.આઈ.પાઈપો - ૯૦૮૭ મીટર
૨. એચ.ડી.પી.ઈ. પાઈપો - ૬૩૬૬૬ મીટર

--------

## રાજ્યમાંથી વિદેશમાં ગયેલ સરકારી ડૉક્ટરો અંગે

૨૨૬૩૭ **: શ્રી બાબુભાઈ મે. શાહ (૨૫૨) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં દર વર્ષે સરકારી બોન્ડમાંથી મુક્તિ મેળવી કે રજા (NOC) મેળવી વિદેશ જનાર ડૉક્ટરોની સંખ્યા વધતી જાય છે તે હકીક્ત સાચી છે કે કેમ, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર નિયમનો લાભ લઈ વિદેશ જનાર ડૉક્ટરોની સંખ્યા અને તેમની તાલીમ અર્થે થયેલ ખર્ચ સામે પ્રત્યેક ડીગ્રી ધારી ડૉક્ટર પાસેથી કેટલી રક્મ વસૂલ કરવામાં આવી ?

**જવાબ**

(૧) ના, જી. તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં દર વર્ષે સરકારી બોન્ડમાંથી મુક્તિ મેળવનાર ડૉક્ટરોની સંખ્યામાં નોંધપાત્ર વધારો નોંધાયેલ નથી.

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર નિયમનો લાભ લઈ બોન્ડમાંથી મુક્તિ મેળવનાર ડૉક્ટરોની સંખ્યા અને થયેલ વસૂલાતની વિગતો નીચે મુજબ છે.

| વર્ષ | ડૉક્ટરોની સંખ્યા | બોન્ડ વસૂલાતની રકમ ₹ લાખમાં |
|---|---|---|
| ૨૦૦૮ | ૫૪૪ | ૩૭૩.૮૦ |
| ૨૦૦૯ | ૫૬૦ | ૩૯૧.૨૫ |
| ૨૦૧૦ | ૬૦૩ | ૩૮૪.૮૫ |

--------

## ધંધુકા, બરવાળા અને રાણપુર તાલુકામાં મંજૂર મીની પાણી પુરવઠા યોજનાઓ

૨૨૦૭૦ **: શ્રી રણછોડભાઈ ક.મેર (ધંધૂકા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ જિલ્લાના ધંધુકા, બરવાળા અને રાણપુર તાલુકામાં તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલી મીની પાણી પુરવઠા યોજનાઓ મંજૂર કરવામાં આવી,

(૨) આ પૈકી કેટલી યોજનાઓ પૂર્ણ કરવામાં આવી, અને

(૩)આ કામગીરી પેટે કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

**જવાબ**

(૧) સ્થાનિક પરિસ્થિતિ મુજબ જરૂરિયાત ન હોવાથી મંજૂર કરેલ નથી.

(૨) અને (૩) : પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

## પંચમહાલ જિલ્લામાં સીક્લસેલ એનીમીયાના દર્દીઓ

૨૧૩૯૯ **: શ્રી જેઠાભાઈ ભરવાડ (શહેરા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સરકાર સીક્લસેલ એનીમીયાના દર્દીઓ માટે કઈ કઈ આરોગ્ય સેવાઓ પૂરી પાડે છે, અને

(૨) પંચમહાલ જિલ્લામાં તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સીક્લસેલ એનીમીયાથી

**જવાબ**

(૧) સીક્લસેલ એનીમીયાના દર્દીઓ માટે રાજ્ય સરકાર દ્વારા નીચે મુજબની આરોગ્ય સેવાઓ પૂરી પાડવામાં આવે છે.

- સીક્લસેલ એનીમીયાના દર્દીઓને અને સાથે સાથે તેમના પરિવારનું પણ નિયમિત કાઉન્સેલીંગ કરવામાં આવે છે અને સીક્લસેલ રોગ વિશેની પુરતી સમજ આપવામાં આવે છે.
- સીક્લસેલ એનીમીયાના દર્દીઓને આરોગ્ય કર્મચારી દ્વારા નિયમિત મુલાકાત લઈ દરરોજ ફોલીક એસીડની ગોળી ગળાવવામાં આવે છે.
- સીક્લસેલના દર્દીને જો ક્રાઈસીસ ઉભી થાય તો તેને નજીક્ના સરકારી દવાખાને જરૂરી સારવાર આપવામાં આવે છે. આ દર્દીઓને જરૂરીયાત મુજબ દર્દશામક, એન્ટી બાયોટીક, એન્ટી મેલેરીયા દવા આપવામાં આવે છે.
- તા.૩૧-૧૨-૧૦ સુધીમાં સીક્લસેલ એનીમીયાના દર્દીઓને વિનામૂલ્યે બ્લડ પુરૂ પાડવામાં આવેલ છે.

(૨) પંચમહાલ જિલ્લામાં તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સીક્લસેલ એનીમીયાથી

| | |
|---|---|
| રોગગ્રસ્ત કેટલા દર્દીઓને સારવાર આપવામાં આવી ? | રોગગ્રસ્ત દર્દીઓને નીચે મુજબની સારવાર આપવામાં આવેલ છે.<br>• પંચમહાલ જિલ્લામાં જુદા જુદા વિસ્તારના કુલ ૪૫૦ દર્દીઓને નિયમિત દરરોજ ફોલીક એસીડની સારવાર આપવામાં આવે છે.<br>• કાઉન્સેલર્સ દ્વારા ડીસીઝ દર્દીઓની નિયમિત મુલાકાત કરવામાં આવે છે તેમજ ક્રાઈસીસમાં ન જાય તેના માટે સલાહ અને જરૂરી માર્ગદર્શન આપવામાં આવે છે.<br>• સીક્લસેલના ૫ દર્દીઓની ક્રાઈસીસમાં આવતા જરૂરીયાત મુજબ નજીકના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર તથા જિલ્લાકક્ષાએ સીવીલ હોસ્પિટલમાં ક્રાઈસીસ દરમ્યાન જરૂરી સારવાર વિનામૂલ્યે પુરી પાડવામાં આવેલ છે. અને દર્દીને સીક્લસેલ રોગ અંતર્ગત બ્લડ ચડાવવાની જરૂરીયાત હોઈ તેને વિનામૂલ્યે રક્મ પણ પૂરૂં પાડવામાં આવેલ છે. |

--------

**સુરેન્દ્રનગર જિલ્લામાં નર્મદા આધારિત પીવાના પાણીની યોજનામાં આવરી લીધલ ગામો અને શહેરો**

૨૧૩૯૦ **: શ્રીમતી વર્ષાબેન ન.દોશી (વઢવાણ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લાના કેટલા ગામો અને શહેરોનો નર્મદા કેનાલ આધારિત પીવાના પાણીની યોજના દ્વારા આવરી લેવાયેલ છે, | (૧) ૬૪૮ ગામો અને ૭ શહેરો. |
| (૨) કેટલા ગામો અને શહેરોને ઉક્ત સ્થિતિએ પાણી પૂરું પાડવામાં આવે છે, અને | (૨) ૪૨૪ ગામ અને ૬ શહેરના કામો પૂર્ણ કરવામાં આવેલ છે. જે પૈકી ૩૨૦ ગામો અને ૪ શહેરોને પાણી આપવામાં આવે છે. ૧૦૪ ગામો અને ૨ શહેરો સ્વેચ્છાએ સ્થાનિક સોર્સમાંથી પાણી મેળવે છે. |
| (૩) બાકી રહેતા ગામો અને શહેરોને નર્મદા કેનાલનું પાણી પુરૂં પાડવા માટે કોઈ આયોજન કરવામાં આવેલ છે કે કેમ ? | (૩) હા, જી. ૨૨૪ ગામ અને ૧ શહેરને આવરી લેતી સુરેન્દ્રનગર સંકલિત જૂથ પાણી પુરવઠા યોજનાના કામો પ્રગતિમાં છે. |

--------

**ભાવનગર જિલ્લામાં પૂર્ણ કરેલ ચેકડેમો**

૨૧૩૭૨ **: શ્રી આત્મારામભાઈ પરમાર (ગઢડા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા ચેકડેમ પૂર્ણ કરવામાં આવ્યા, | (૧) ૫૧૧ ચેકડેમો. |
| (૨) આ ચેકડેમ પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને | (૨) રૂા. ૨૦.૮૧ કરોડ. |
| (૩) આ ચેકડેમો થકી કેટલા વિસ્તારને સિંચાઈનો લાભ મળશે ? | (૩) ૫૦૫૫ હેકટર વિસ્તારને આડકતરો લાભ મળશે. |

--------

## ભિલોડા તાલુકામાં તળાવો ઊંડા કરવાનું કામ

૨૨૬૪૦ **: ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા)** : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકાનો આદિવાસી વિસ્તાર પથ્થરવાળો હોવાથી તળાવો ઉંડા કરવાનું કામ નહિવત થાય છે, તે સરકારના ધ્યાન પર છે, | (૧) કુલ : ૭૯ તળાવો ઊંડા કરેલ છે. જેથી કામ નહિવત થાય છે તે બાબત સત્ય નથી. |
| (૨) પાણી સંગ્રહના આવા પથ્થરવાળા વિસ્તારના તળાવો અને માટીવાળા તળાવો ઊંડા કરવા માટેનો જે સમાન ખોદકામનો રેટ છે, તે સરકાર સુધારવા માગે છે, | (૨) પથ્થરના ખોદાણનો રેટ અને માટીના ખોદાણનો રેટ સમાન નથી. તેથી સુધારણાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) સરકારે પાણી સંગ્રહવા પથ્થરવાળા વિસ્તારના તળાવો ઊંડા કરવા અન્ય કોઈ યોજના બનાવી છે ? | (૩) ન્યુ ગુજરાત પેટર્ન યોજના તથા એન.આર.ઈ.જી. યોજના હેઠળ તળાવો ઊંડા કરવામાં આવે છે. |

--------

## રાજ્યમાં શિશુ મૃત્યુદર

૨૧૩૫૨ **: શ્રી ભરત બારોટ (દરિયાપુર-કાઝીપુર )** : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યનો સન ૨૦૦૯ના વર્ષનો શિશુ મૃત્યુદર કેટલો હતો, અને | (૧) સેમ્પલ રજીસ્ટ્રેશન સિસ્ટમ-૨૦૦૯ મુજબ રાજ્યમાં શિશુ મૃત્યુદર પ્રતિ એક હજાર જીવીત જન્મે ૪૮ હતો. |
| (૨) તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શિશુ મૃત્યુદર ઘટાડવા માટે સરકાર દ્વારા શાં પગલાં લેવામાં આવ્યા ? | (૨) રાજ્યમાં શિશુ મૃત્યુદર ઘટાડવા માટે નીચે મુજબના પગલાં લેવામાં આવેલ છે.<br>➢ અનુ. પ્રસુતિ સેવાઓ, પૂર્વ પ્રસૂતિ સેવાઓ, રસીકરણ સેવાઓનો વ્યાપ વધારવા માટે દર ૧૦૦૦ ની વસતીએ દર માસે ૧ દિવસ મમતા દિવસ તરીકે યોજવામાં આવે છે.<br>➢ સલામત પ્રસુતિ દ્વારા નવજાત શિશુ મૃત્યુદર ઘ ટાડવા ચિરંજીવી યોજના તથા સંસ્થાકીય પ્રસુતિ સુધારવા ઈમરજન્સી એમ્બ્યુલન્સ સેવા ૧૦૮ ને આવરી લઈ માળખાગત સુવિધા સુધારવામાં આવી.<br>➢ નવજાત શિશુ અને બાળકોની સર્વાંગી સારવાર કાર્યક્રમ (IMNCI) અંતર્ગત આરોગ્ય અને આઈ.સી.ડી.સી. એસ. વિભાગના સંયુક્ત ઉપક્રમે સમગ્ર રાજ્યમાં નવજાતશિશુઓની ગૃહ મુલાકાત અને સારવાર આપવાની વ્યવસ્થા કરવામાં આવી.<br>➢ નવજાત શિશુ સુરક્ષા કાર્યક્રમ અંતર્ગત તાલીમ પામેલ તબીબી અધિકારીશ્રીઓ, સ્ટાફ નર્સ, સ્ત્રી આરોગ્ય કાર્યકર, પ્રસુતિ સમયે હાજર રહે તેવી વ્યવસ્થા કરવામાં આવી.<br>➢ ૦ થી ૧ માસના બી.પી.એલ. કુટુંબના લાભાર્થી અને આદિવાસી વિસ્તારના બાળકો માટે બાળસખા યોજના હેઠળ નિઃશુલ્ક સારવારનો લાભ મળે છે.<br>➢ એક્સટેન્ડેડ બાળસખા યોજના અંતર્ગત આદિવાસી વસ્તી ધરાવતા ૧૨ જિલ્લાના ૪૩ તાલુકામાં બી.પી.એલ. લાભાર્થી કુટુંબો અને આદિવાસી |

કુટુંબના ૧ થી ૧૨ માસ સુધીના વયના બાળકોને આ યોજના હેઠળ નિઃશુલ્ક સારવારનો લાભ મળે છે.

- ફેસીલીટી બેઈઝડ ન્યુ બોર્ન કેર કાર્યક્રમ અંતર્ગત જિલ્લા કક્ષાની તેમજ અન્ય હોસ્પિટલો ખાતે ૪૧ સીક ન્યુ બોર્ન કેર યુનિટ, સામુહિક આરોગ્ય કેન્દ્ર (એફ.આર.યુ.) ખાતે ૧૪૦ ન્યુ બોર્ન સ્ટેબીલાઈઝેશન યુનિટ પ્રસ્થાપિત કરવામાં આવેલ છે. જ્યાં નવજાત શિશુની સઘન સારવાર થઈ શકે છે.
- પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ખાતે ૨૩ ન્યુ બોર્ન કેર કોર્નર પ્રસ્થાપિત કરવામાં આવેલ છે.
- રાજ્યમાં તમામ માતા અને બાળકોને આરોગ્યલક્ષી સેવાઓ મળી રહે તે માટે ખાસ ઈ-મમતા, મધર એન્ડ ચાઈલ્ડ ટ્રેકીંગ એપ્લીકેશન કાર્યક્રમ શરૂ કરવામાં આવેલ છે. આપવામાં આવેલ સેવાના તમામ લાભાર્થીઓની નોંધ કોમ્પ્યુટરાઈઝડ કરવામાં આવેલ છે.
- બાળ રસીકરણ ધ્વારા ૧ વર્ષ સુધીના તમામ બાળકોને રસી કરણ થી અટકાવી શકાય તેવા છ દ ાતક રોગો સામે રસી કરણ ઝુંબેશ હાથ ધરવામાં આવે છે.
- બે બાળકો વચ્ચેના જન્મનો સમયગાળો વધે તો બાળ મૃત્યુદર ઘટે એ માટે કુટુંબ કલ્યાણના અસરકારક પગલાં હાથ ધરવામાં આવેલ છે.

--------

**સાબરકાંઠા જિલ્લામાં ઊંડા કરેલ તળાવો**

૨૨૬૫૫ **: શ્રી અશ્વિન કોટવાલ (ખેડબ્રહ્મા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલા તળાવો ઊંડા કરવામાં આવ્યા, અને આ માટે કેટલો ખર્ચ થયો, અને

(૨) કેટલા તળાવો ઉંડા કરવાના બાકી છે. અને આ પેકી બાકી રહેલાં તળાવોને ક્યાં સુધીમાં ઉંડા કરવામાં આવશે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર ઊંડા કરેલ તળાવો અને ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| તાલુકો | ઊંડા કરેલ તળાવો | થયેલ ખર્ચ રૂા. લાખમાં |
|---|---|---|
| હિંમતનગર | ૨૯ | ૧૨૪.૧૪ |
| ઈડર | ૦૯ | ૫૪.૬૧ |
| વડાલી | ૧૫ | ૬૮.૦૫ |
| પ્રાંતિજ | ૧૨ | ૨૩.૭૫ |
| ભિલોડા | ૧૫ | ૫૩.૩૯ |
| વિજયનગર | ૦૮ | ૨૫.૭૪ |
| ખેડબ્રહ્મા | ૦૧ | ૪.૫૩ |
| તલોદ | ૧૨ | ૩૫.૭૨ |
| બાયડ | ૦૬ | ૨૦.૯૦ |
| માલપુર | ૦૮ | ૨૩.૦૮ |
| મેઘરજ | ૨૧ | ૭૧.૦૦ |
| ધનસુરા | ૧૧ | ૪૩.૯૬ |
| મોડાસા | ૧૦ | ૩૯.૯૫ |
| કુલ : | ૧૫૭ | ૫૮૮.૮૨ |

(૨) બાકી રહેલ ૬ તળાવો ચોમાસા ૨૦૧૧ પહેલાં ઊંડા કરવામાં આવશે.

--------

**મહેસાણા જિલ્લામાં સી.એચ.સી. ના મકાનો બાંધવા મંજૂર રકમ**

૨૧૪૦૮ **: શ્રી ઋષિકેશ ગ.પટેલ (વિસનગર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) મહેસાણા જિલ્લામાં સામૂહિક આરોગ્ય કેન્દ્રોના મકાનો બાંધવા માટે તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી રકમ મંજૂર કરવામાં આવી છે,

(૨) આ કામગીરી ક્યાં સુધીમાં શરૂ થશે, અને

(૩) કેટલા સમયમાં પૂર્ણ કરવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) મહેસાણા જિલ્લામાં સામૂહિક આરોગ્ય કેન્દ્રોના મકાનો બાંધવા માટે તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ એક વર્ષમાં રૂા. ૧૫૦.૦૦ લાખની રકમ નીચે પ્રમાણે મંજૂર કરેલ છે.

| | મંજૂર થયેલ રકમ |
|---|---|
| સામુહિક આરોગ્ય કેન્દ્ર, કડી | રૂા. ૧૫૦,૦૦,૦૦૦/- |

(૨) નવું સામૂહિક આરોગ્ય કેન્દ્રનું મકાન બાંધવા માટેનું કામ ડી.ટી.પી. લેવલે છે.

(૩) ટેન્ડર આમંત્રિત કરી ટેન્ડર મંજૂરી મળ્યા બાદ બાર માસમાં કામ પૂર્ણ કરવાનું આયોજન છે.

--------

**અમદાવાદ જિલ્લામાં કાંસોની સફાઈ**

૨૧૩૬૯ **: શ્રી કમાભાઈ ગ.રાઠોડ (વિરમગામ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૦૯-૧૦ અને ૨૦૧૦-૧૧માં તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં આવેલ કાંસની સફાઈ માટે શી કાર્યવાહી કરવામાં આવી, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે માટે કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) અને (૨) : અમદાવાદ જિલ્લામાં આવેલ કાંસોમાં નીચે મુજબની લંબાઈમાં સફાઈની કામગીરી કરવામાં આવેલ છે.

| વર્ષ | લંબાઈ | ખર્ચ (રૂા. લાખમાં) |
|---|---|---|
| ૨૦૦૯-૧૦ | ૩૩.૭૭ | ૨૨.૪૭ |
| ૨૦૧૦-૧૧ | ૧૪.૨૫ | ૦૯.૧૭ |

--------

**આણંદ જિલ્લામાં આયુર્વેદિક દવાખાના**

૨૧૯૭૪ **: શ્રી લાલસિંહ વડોદિયા (ઉમરેઠ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર કેટલા, ક્યા ક્યા સ્થળે આયુર્વેદિક દવાખાના આવેલ છે, અને

(૨) તે પૈકી ક્યા દવાખાનામાં આયુર્વેદિક ડૉક્ટરની

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર નીચે જણાવેલ પત્રક મુજબ કુલ-૧૮ આયુર્વેદિક દવાખાના આવેલ છે.

| ક્રમ | તાલુકો | ક્રમ | દવાખાનાનું સ્થળ |
|---|---|---|---|
| ૧ | ઉમરેઠ | ૧ | ખાનકુવા |
| | | ૨ | અહિમા |
| ૨ | આણંદ | ૩ | નાપાડ (તળપદ) |
| | | ૪ | મોગરી |
| ૩ | બોરસદ | ૫ | કઠોલ |
| | | ૬ | વાસણા |
| | | ૭ | કંકાપુરા |
| ૪ | પેટલાદ | ૮ | પંડોળી |
| | | ૯ | અરડી |
| | | ૧૦ | રામોલ |
| ૫ | ખંભાત | ૧૧ | નગરા |
| | | ૧૨ | કાણીસા |
| ૬ | સોજીત્રા | ૧૩ | કાસોર |
| | | ૧૪ | પલોલ |
| ૭ | આંકલાવ | ૧૫ | આસોદર |
| ક્રમ | તાલુકો | ક્રમ | દવાખાનાનું સ્થળ |
| | | ૧૬ | ગંભીરા |
| | | ૧૭ | ઉમેટા |
| | | ૧૮ | ફરતું દવાખાનું |

(૨) તે પૈકી નીચે મુજબના દવાખાનાઓમાં

જગ્યા કેટલા સમયથી ખાલી છે ?

આયુર્વેદિક ડૉક્ટરની જગ્યા ખાલી છે.

| ક્રમ | તાલુકો | દવાખાનાનું સ્થળ | કેટલા સમયથી ખાલી છે. |
|---|---|---|---|
| ૧ | ઉમરેઠ | અહિમા | તા. ૨૧-૧૨-૨૦૧૦થી |
| ૨ | ખંભાત | કાણીસા | તા. ૨૩-૬-૨૦૧૦થી |
| ૩ | આંકલાવ | ગંભીરા | તા. ૩૦-૭-૨૦૧૦થી |

--------

**ઈન્સ્ટીટ્યુટ ઓફ કિડની ડીસીઝ, અમદાવાદ ખાતે ઉપલબ્ધ સેવાઓ**

૨૨૪૧૩ **: શ્રી ભૂષણભાઈ ભટ (ખાડીયા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ઈન્સ્ટીટ્યુટ ઓફ કિડની ડીસીઝ અમદાવાદમાં ક્યા ક્યા પ્રકારની સેવાઓ ઉપલબ્ધ છે,

(૨) આ ઈન્સ્ટીટ્યુટને વર્ષ ૨૦૦૮-૨૦૦૯, ૨૦૦૯-૨૦૧૦ અને ૨૦૧૦-૨૦૧૧ અંતર્ગત તા. ૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં વર્ષવાર રાજ્ય સરકારે કેટલી ગ્રાન્ટ આપી, અને

(૩) આ ઈન્સ્ટીટ્યુટ ધ્વારા ઉક્ત સમયગાળામાં કિડની ટ્રાન્સપ્લાન્ટનાં વર્ષવાર કેટલા ઓપરેશનો આપવામાં આવ્યા ?

**જવાબ**

(૧) ઈન્સ્ટીટ્યુટ ઓફ કિડની ડીસીઝ, અમદાવાદ ખાતે નીચે મુજબની સારવાર ઉપલબ્ધ છે.

કિડનીને લગતા બધા રોગોની સારવાર ઉપલબ્ધ છે.
કિડની ટ્રાન્સપ્લાન્ટન (લાઈવ અને કેડેવર)ની સેવા,
કેડેવર લીવર ટ્રાન્સપ્લાન્ટની સેવા,
સ્ટેમસેલ ટ્રાન્સપ્લાન્ટની થેરાપીની સેવા,

(૨) કિડની ઈન્સ્ટીટ્યુટ, અમદાવાદને સન ૨૦૦૮-૨૦૦૯, ૨૦૦૯-૨૦૧૦ અને ૨૦૧૦-૨૦૧૧માં તા. ૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં રાજ્ય સરકારે ફાળવેલ ગ્રાન્ટ નીચે મુજબ છે.

| વર્ષ | આપેલ ગ્રાન્ટ (રૂા. હજારમાં) |
|---|---|
| ૨૦૦૮-૦૯ | ૧,૯૭,૮૨૬ |
| ૨૦૦૯-૧૦ | ૧,૪૭,૭૨૪ |
| ૨૦૧૦-૧૧ | ૧,૧૭,૭૬૧ |
| કુલ : | ૪,૬૩,૩૧૧ |

(૩) ઉક્ત સમયગાળામાં કિડની ટ્રાન્સપ્લાન્ટનાં વર્ષવાર ઓપરેશનોની માહિતી નીચે મુજબ છે.

| વર્ષ | કિડની ટ્રાન્સપ્લાન્ટનાં ઓપરેશનોની સંખ્યા |
|---|---|
| ૨૦૦૮-૦૯ | ૩૧૫ |
| ૨૦૦૯-૧૦ | ૩૦૩ |
| ૨૦૧૦-૧૧ (તા. ૩૧-૧૨-૧૦ સુધી) | ૨૧૭ |
| કુલ : | ૮૩૫ |

--------

**અમદાવાદ, વડોદરા, ભાવનગર અને જૂનાગઢની સરકારી આયુર્વેદિક કોલેજના સ્ટાફના પગાર અંગે**

૨૧૫૯૪ **: શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર (મહુધા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ અમદાવાદ, વડોદરા, ભાવનગર અને જૂનાગઢની સરકારી આયુર્વેદ કોલેજના કર્મચારીઓનો પગાર નિયમિત ચૂકવવામાં આવતો નથી તે હકીકત સાચી છે,

(૨) આ કોલેજોના એડહોક અને કાયમી કર્મચારીઓનો એપ્રીલ-૧૦ થી જાન્યુ-૧૧ સુધીનો જે તે મહીનાનો પગાર ક્યારે ચૂકવવામાં આવ્યો, અને

**જવાબ**

(૧) અંશતઃ સાચી છે.

(૨) આ કોલેજોના એડહોક અને કાયમી કર્મચારીઓનો એપ્રીલ-૧૦થી જાન્યુ-૧૧ સુધીનો જે મહીનાનો પગાર નીચેની વિગતે ચૂકવવામાં આવ્યો છે.

| ક્રમ | સંસ્થાનું | સમય (માસ) | કર્મચારીઓની | ચૂકવાયેલ પગારની |
|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ | એપ્રિલ-૨૦૧૦ | કાયમી | ૫-૫-૨૦૧૦ |
| | | "" | એડહોક | ૧૨-૫-૨૦૧૦ |
| | | મે-૧૦ | કાયમી | ૯-૬-૨૦૧૦ |
| | | "" | એડહોક | ૩-૬-૨૦૧૦ |
| | | જુન-૧૦ | કાયમી | ૨-૭-૨૦૧૦ |
| | | "" | એડહોક | ૧૬-૭-૨૦૧૦ |

| | | | | |
|---|---|---|---|---|
| | | "" | એડહોક | ૧૬-૭-૨૦૧૦ |
| | | જુલાઈ-૧૦ | કાયમી | ૧૨-૮-૨૦૧૦ |
| | | "" | એડહોક | ૯-૮-૨૦૧૦ |
| | | ઓગષ્ટ-૧૦ | કાયમી | ૮-૧૦-૨૦૧૦ |
| | | "" | એડહોક | ૧૫-૧૦-૨૦૧૦ |
| | | સપ્ટેમ્બર-૧૦ | કાયમી | ૧૨-૧૦-૨૦૧૦ |
| | | "" | એડહોક | ચૂકવવાનો બાકી છે. |
| | | ઓક્ટોબર-૧૦ | કાયમી | ૨-૧૧-૨૦૧૦ |
| | | ઓક્ટોબર-૧૦ | એડહોક | ચૂકવવાનો બાકી છે. |
| | | નવેમ્બર-૧૦ | કાયમી | ૨-૧૨-૨૦૧૦ |
| | | "" | એડહોક | ચૂકવવાનો બાકી છે. |
| | | ડીસેમ્બર-૧૦ | કાયમી | ૧૪-૩-૨૦૧૧ |
| | | "" | એડહોક | ચૂકવવાનો બાકી છે. |
| | | જાન્યુઆરી-૧૧ | કાયમી | ૧૪-૩-૨૦૧૧ |
| | | "" | એડહોક | ચૂકવવાનો બાકી છે. |
| ૨ | વડોદરા | એપ્રિલ-૨૦૧૦ | કાયમી | ૧૦-૬-૨૦૧૦ |
| | | "" | એડહોક | ૧૦-૬-૨૦૧૦ |
| | | મે-૧૦ | કાયમી | ૨૦-૧૦-૨૦૧૦ |
| | | "" | એડહોક | ૨-૧૦-૨૦૧૦ |
| | | જુન-૧૦ | કાયમી | ૨૦-૧૦-૨૦૧૦ |
| | | "" | એડહોક | ૨૦-૧૦-૨૦૧૦ |
| | | જુલાઈ-૧૦ | કાયમી | ૨૦-૧૦-૨૦૧૦ |
| | | "" | એડહોક | ૨-૧૧-૨૦૧૦ |
| | | ઓગષ્ટ-૧૦ | કાયમી | ૨-૧૧-૨૦૧૦ |
| | | "" | એડહોક | ૨-૧૧-૨૦૧૦ |
| | | સપ્ટેમ્બર-૧૦ | કાયમી | ૨-૧૧-૨૦૧૦ |
| | | "" | એડહોક | ચૂકવવાનો બાકી છે. |
| ક્રમ | સંસ્થાનું નામ | સમય (માસ) | કર્મચારીઓની વિગત | ચૂકવાયેલ પગારની તારીખ |
| | | ઓક્ટોબર-૧૦ | કાયમી | ૨-૧૧-૨૦૧૦ |
| | | "" | એડહોક | ચૂકવવાનો બાકી છે. |
| | | નવેમ્બર-૧૦ | કાયમી | ૨-૧૨-૨૦૧૦ |
| | | "" | એડહોક | ચૂકવવાનો બાકી છે. |
| | | ડીસેમ્બર-૧૦ | કાયમી | ૧૪-૩-૨૦૧૧ |
| | | ડીસેમ્બર-૧૦ | એડહોક | ચૂકવવાનો બાકી છે. |
| | | જાન્યુઆરી-૧૧ | કાયમી | ૧૪-૩-૨૦૧૧ |
| | | "" | એડહોક | ચૂકવવાનો બાકી છે. |
| ૩ | ભાવનગર | એપ્રિલ-૨૦૧૦ | કાયમી | ૧૨-૫-૨૦૧૦ |
| | | "" | એડહોક | ૭-૫-૨૦૧૦ |
| | | મે-૧૦ | કાયમી | ૯-૬-૨૦૧૦ |
| | | "" | એડહોક | ૧૭-૬-૨૦૧૦ |
| | | જુન-૧૦ | કાયમી | ૨-૭-૨૦૧૦ |
| | | "" | એડહોક | ૭-૭-૨૦૧૦ |
| | | જુલાઈ-૧૦ | કાયમી | ૪-૮-૨૦૧૦ |
| | | "" | એડહોક | ૨૭-૮-૨૦૧૦ |
| | | ઓગષ્ટ-૧૦ | કાયમી | ૪-૯-૨૦૧૦ |
| | | "" | એડહોક | ૧૪-૧૦-૨૦૧૦ |
| | | સપ્ટેમ્બર-૧૦ | કાયમી | ૧૪-૧૦-૨૦૧૦ |
| | | "" | એડહોક | ચૂકવવાનો બાકી છે. |
| | | ઓક્ટોબર-૧૦ | કાયમી | ૨-૧૧-૨૦૧૦ |
| | | "" | એડહોક | ચૂકવવાનો બાકી છે. |
| | | નવેમ્બર-૧૦ | કાયમી | ૨-૧૨-૨૦૧૦ |

| | | | | |
|---|---|---|---|---|
| | | "" | એડહોક | ચૂકવવાનો બાકી છે. |
| | | ડીસેમ્બર-૧૦ | કાયમી | ૩-૧-૨૦૧૧ |
| | | "" | એડહોક | ચૂકવવાનો બાકી છે. |
| | | જાન્યુઆરી-૧૧ | કાયમી | ૨-૨-૨૦૧૧ |
| | | "" | એડહોક | ચૂકવવાનો બાકી છે. |
| ૪ | જુનાગઢ | એપ્રિલ-૨૦૧૦ | કાયમી | ૩-૫-૨૦૧૦ |
| | | "" | એડહોક | ૩-૫-૨૦૧૦ |
| | | મે-૧૦ | કાયમી | ૨-૬-૨૦૧૦ |
| | | "" | એડહોક | ૧૪-૬-૨૦૧૦ |
| | | જુન-૧૦ | કાયમી | ૨-૭-૨૦૧૦ |
| | | "" | એડહોક | ૭-૭-૨૦૧૦ |
| | | જુલાઈ-૧૦ | કાયમી | ૯-૮-૨૦૧૦ |
| | | "" | એડહોક | ૨-૮-૨૦૧૦ |
| | | ઓગષ્ટ-૧૦ | કાયમી | ૧૧-૧૦-૨૦૧૦ |
| | | "" | એડહોક | ૧૮-૧૦-૨૦૧૦ |
| | | સપ્ટેમ્બર-૧૦ | કાયમી | ૧૮-૧૦-૨૦૧૦ |
| | | "" | એડહોક | ચૂકવવાનો બાકી છે. |
| | | ઓક્ટોબર-૧૦ | કાયમી | ૪-૧૧-૨૦૧૦ |
| | | ઓક્ટોબર-૧૦ | એડહોક | ચૂકવવાનો બાકી છે. |
| | | નવેમ્બર-૧૦ | કાયમી | ૨-૧૨-૨૦૧૦ |
| | | "" | એડહોક | ચૂકવવાનો બાકી છે. |
| | | ડીસેમ્બર-૧૦ | કાયમી | ૩-૧-૨૦૧૧ |
| | | "" | એડહોક | ચૂકવવાનો બાકી છે. |
| | | જાન્યુઆરી-૧૧ | કાયમી | ૨-૨-૨૦૧૧ |
| | | "" | એડહોક | ચૂકવવાનો બાકી છે. |

(૩) આ પગાર નિયમિત ચુકવાય તે માટે સરકારે શી કાર્યવાહી કરી ?

(૩) સક્ષમ કક્ષાએથી મંજૂરી મેળવાયેલ હોઈ બને તેટલી ઝડપે પગારો ચુકવવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

**ધોળકા અને ધંધુકા તાલુકામાં સ્વજલધારા કાર્યક્રમ હેઠળ મંજૂર કામો**

૨૧૪૨૨ **: શ્રી કાંતિલાલ રા. લકુમ (બાવળા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ જિલ્લાના ધોળકા અને ધંધુકા તાલુકામાં સ્વજલ ધારા કાર્યક્રમ હેઠળ તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલાં કામો મંજૂર કરવામાં આવ્યાં, અને

(૨) આ કામો અન્વયે પાણી સમિતિઓને ઉક્ત સમયગાળા દરમિયાન કુલ કેટલું ફંડ ફાળવવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) ધોળકા તાલુકાની ૩૧ યોજનાઓનાં કામો અને ધંધુકા તાલુકાની ૪૩ યોજનાઓના કામો મળી કુલ ૭૪ યોજનાઓનાં કામો મંજૂર કરવામાં આવ્યા છે.

(૨) કુલ રૂા. ૨૬૧.૬૩ લાખ.

**મેઘરજ-માલપુર-ધનસુરા-બાયડ તાલુકાઓમાં મોટા અને નાના ચેકડેમો**

૨૨૬૩૪ **: શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા (મેઘરજ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં મેઘરજ-માલપુર-ધનસુરા અને બાયડ તાલુકાઓમાં કુલ કેટલા અને ક્યા ક્યા મોટા અને નાના ચેકડેમો બનાવવામાં આવ્યા,

**જવાબ**

(૧)

| તાલુકાનું નામ | મોટા ચેકડેમની સંખ્યા | નાના ચેકડેમની સંખ્યા |
|---|---|---|
| મેઘરજ | કુલ : ૫<br>(૧) ગેડ | કુલ : ૧૨૭<br>(*પત્રક-૧ મુજબ) |
| ધનસુરા | કુલ : ૧<br>(૧) રમોસ | કુલ : ૩૪<br>(*પત્રક-૨ મુજબ) |
| માલપુર | -- | કુલ : ૬૨<br>(*પત્રક-૩ મુજબ) |
| બાયડ | કુલ : ૨ | કુલ : ૨૪૯ |

| | | |
|---|---|---|
| | (૧) વાત્રક<br>(૨) આંબલીયારા | (*પત્રક-૪ મુજબ) |

(૨) આ પેકી કેટલા ચેકડેમોમાં ગુણવત્તા અંગેની ફરીયાદો આવેલ છે, અને

(૨) એક ચેકડેમ.

(૩) બનેલ તમામ ચેકડેમોની ગુણવત્તા સંતોષકારક છે કે કેમ ?

(૩) હા, ઉપરોક્ત એક સિવાય.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)

--------

**સુરેન્દ્રનગર જિલ્લાની નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર યોજના**

૨૧૩૮૫ **: શ્રી શંભુપ્રસાદ બ.ટુંડિયા (દસાડા)** : **માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં કઈ કઈ નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર યોજના મંજૂર કરવામાં આવેલ છે કે કેમ,

(૨) જો હા, તો મંજૂર થયેલ ભૂગર્ભ ગટર યોજનાની કામગીરી તા.૨૯-૧-૧૧ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને

(૩) આ માટે કેટલો ખર્ચ મંજૂર થયેલ છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લાની લીંબડી નગરપાલિકામાં ભૂગર્ભ ગટર યોજના મંજૂર કરવામાં આવેલ છે.

(૨) તા.૨૯-૧-૨૦૧૧ની સ્થિતિએ લીંબડી ભૂગર્ભ ગટર યોજનાની કામગીરી હાલ ચાલુ છે.

(૩) લીંબડી નગરપાલિકાની ભૂગર્ભ ગટર યોજના માટે અંદાજીત ખર્ચ રૂ.૨૩૬૯.૨૫ લાખ મંજૂર કરવામાં આવેલ છે.

**કલોલ તાલુકાના ગામોમાં તળાવોમાં નર્મદાનું પાણી**

૨૨૦૧૨ **: શ્રી સુરેશકુમાર ચ. પટેલ (કલોલ)** : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકામાં કેટલા ગામે તળાવોમાં નર્મદાનું પાણી આપવામાં આવે છે ?

**જવાબ**

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના ૭ ગામના ૧૨ તળાવોમાં નર્મદાનું પાણી આપવામાં આવ્યું.

--------

**મુક્તેશ્વર અને ધરોઈ ડેમમાંથી બ્રાન્ચ કેનાલ બનાવી પાણી નદીઓમાં નાખવા બાબત**

૨૧૪૭૪ **: શ્રી વસંતભાઈ ભટોળ (દાંતા)** : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લાના મુક્તેશ્વર અને ધરોઈ ડેમમાં બ્રાન્ચ કેનાલ બનાવી અમીરગઢ અને પાલનપુર તાલુકાની ઉમરદશી, બાલારામ અને બાજોડીયા જેવી નદીઓ તેમજ વડગામ તાલુકાના કર્માવદ તળાવને પાણીથી ભરવામાં આવનાર છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ આ કામગીરી ક્યા તબક્કે છે ?

**જવાબ**

(૧) અને (૨) : ના, જી. પરંતુ મુક્તેશ્વર ડેમ વિસ્તારમાં પાણી નાખવાના એક વિકલ્પરૂપે પ્રાથમિક કક્ષાએ સર્વેક્ષણની કામગીરી શરુ કરવામાં આવેલ છે.

--------

**પિયજ-ધરોઈ પાઈપ લાઈનથી જોડવામાં આવેલ તળાવો**

૨૧૪૭૬ **: શ્રી ભરતસિંહજી શં.ડાભી (ખેરાલુ)** : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં પિયજ-ધરોઈ પાઈપ લાઈનથી કુલ કેટલા તળાવો જોડવામાં આવેલ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે પેકી વર્ષ ૨૦૧૦-૧૧ માં કેટલા તળાવો ભરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) પિયજ-ધરોઈ પાઈપ લાઈનથી મહેસાણા જિલ્લામાં કુલ ૧૧ તળાવોને જોડવામાં આવેલ છે.

(૨) ૧૦ તળાવોને આ પાઈપ લાઈનના પાણીથી ભરવામાં આવેલ છે.

--------

## લુણાવાડા, ખાનપુર અને કડાણા તાલુકામાં આગામી ઉનાળા માટે પીવાના પાણી માટે માસ્ટર પ્લાન

૨૧૬૮૯ **: શ્રી હીરાભાઈ હ.પટેલ (લુણાવાડા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ પંચમહાલ જિલ્લાના લુણાવાડા, ખાનપુર અને કડાણા તાલુકાઓમાં વરસાદ ઓછો પડવાને કારણે આગામી ઉનાળામાં પીવાના પાણીની તકલીફ નીવારવા રાજ્ય સરકારે કોઈ માસ્ટર પ્લાન તૈયાર કરેલ છે કે કેમ,

(૨) જો હા, તો તેની શી વિગતો છે, અને

(૩) આ તાલુકાઓમાં પીવાના પાણીની સમસ્યા હલ કરવા સરકારનું શું આયોજન છે?

**જવાબ**

(૧) ગત ચોમાસામાં લુણાવાડા, ખાનપુર અને કડાણા તાલુકાઓમાં અનુક્રમે ૫૮૬ મી.મી., ૪૩૫ મી.મી. અને ૫૦૦ મી.મી. વરસાદ પડેલ હોય આગામી ઉનાળામાં પાણીની સમસ્યા નિવારવા માસ્ટર પ્લાન તૈયાર કરવાની જરૂરિયાત ઉભી થયેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) છતાં જરૂરિયાત મુજબ ત્વરીત કામગીરી કરી પીવાના પાણીની સમસ્યા હલ કરવામાં આવશે.

--------

## વાજપાઈ નગરવિકાસ યોજના અંતર્ગત કચ્છ જિલ્લાની નગરપાલિકાઓને ચૂકવેલ રકમ

૨૧૩૪૪ **: શ્રી ધનજીભાઈ ગો.સેંધાણી (માંડવી) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૧૦-૧૧ દરમિયાન તા. ૩૧-૧૨-૧૦ ની સ્થિતિએ વાજપાઈ નગર વિકાસ યોજના અન્વયે બીજા તબક્કા અંતર્ગત કચ્છ જિલ્લાની નગરપાલિકાઓને કેટલી રકમ ચૂકવેલ છે, અને

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયો?

**જવાબ**

(૧) વર્ષ ૨૦૧૦-૧૧ દરમિયાન તા. ૩૧-૧૨-૧૦ ની સ્થિતિએ વાજપાઈ નગર વિકાસ યોજના અન્વયે બીજા તબક્કા અંતર્ગત કચ્છ જિલ્લાની નગરપાલિકાઓને કોઈ રકમ ચૂકવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

## રાજુલા સી.એચ.સી.નું વર્ગવાર મંજૂર મહેકમ

૨૨૮૪૯ **: શ્રી હીરાભાઈ સોલંકી (રાજુલા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૧૦ ની સ્થિતિએ સામુહિક આરોગ્ય કેન્દ્ર, રાજુલામાં વર્ગવાર અને સંવર્ગવાર કેટલું મહેકમ મંજૂર થયેલ છે, તે પૈકી કેટલી જગ્યા ભરેલ છે અને કેટલી જગ્યા ક્યારથી ખાલી છે,

(૨) ખાલી જગ્યા ભરવા માટે કે વૈકલ્પીક વ્યવસ્થા કરવા માટે સરકારનું શું આયોજન છે, અને

(૩) સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં જરૂરી તમામ સુવિધા ઉપલબ્ધ છે કે કેમ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૧૦ ની સ્થિતિએ સામુહિક આરોગ્ય કેન્દ્ર, રાજુલામાં વર્ગવાર અને સંવર્ગવાર મંજૂર મહેકમ તે પૈકી ભરેલ જગ્યા અને ક્યારથી ખાલી તે વિગતો દર્શાવતું પત્રક-અ સામેલ છે.

(૨) ખાલી જગ્યાઓ ભરવા માટે તેમજ વૈકલ્પીક વ્યવસ્થા માટે નીચે મુજબનું આયોજન કરવામાં આવે છે.

વર્ગ-૧ તથા વર્ગ-૨ ની ખાલી જગ્યાઓ ગુજરાત જાહેર સેવા આયોગ તેમજ બોન્ડેડ ઉમેદવારોની ફાળવણી થયેથી ભરવામાં આવે છે. તેમજ દર મંગળવારે વોક-ઈન-ઈન્ટરવ્યુ દ્વારા નિમણૂક આપવાનું આયોજન કાયમી ધોરણે કરેલ છે. આમ જેમ જેમ લાયક ઉમેદવારો ઉપલબ્ધ થાય છે તેમ તેમ જગ્યાઓ ભરવાના આદેશો કરવામાં આવે છે.

વર્ગ-૩ની ખાલી જગ્યાઓ ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર દ્વારા ભરવામાં આવે છે.

વર્ગ-૪- ખાલી જગ્યાઓ આઉટ સોર્સીંગથી ભરવાની મંજૂરી આપેલ છે.

(૩) હા, જી.

**પત્રક--અ**

| ક્રમ | સંવર્ગનું નામ | મંજૂર | ભરેલી | ખાલી | ખાલીની તારીખ |
|---|---|---|---|---|---|
| ૧ | અધિક્ષક વર્ગ-૧ | ૧ | ૧ | ૦ | |
| ૨ | નેત્રસર્જન વર્ગ-૧ | ૧ | ૧ | ૦ | |
| ૩ | આર.એમ.ઓ. વર્ગ-૧ | ૧ | ૧ | ૦ | |
| ૪ | દંત સર્જન વર્ગ-૨ | ૧ | ૧ | ૦ | |

| ક્રમ | સંવર્ગનું નામ | મંજુર | ભરેલી | ખાલી | ખાલીની તારીખ |
|---|---|---|---|---|---|
| ૫ | તા. અધિ. વર્ગ-૨ | ૩ | ૨ | ૧ | ૨૬-૧૨-૨૦૦૮ |
| ૬ | વહીવટી અધિકારી વર્ગ-૨ | ૧ | ૦ | ૧ | ૨૮-૨-૨૦૧૦ |
| ૭ | સીની. આસી. | ૨ | ૨ | ૦ | |
| ૮ | સી. ક્લાર્ક | ૧ | ૧ | ૦ | |
| ૯ | જુની. ક્લાર્ક | ૧ | ૦ | ૧ | ૧-૧૦-૨૦૦૯ |
| ૧૦ | જુ. ફાર્મા | ૩ | ૨ | ૧ | ૩૦-૬-૨૦૦૯ |
| ૧૧ | લેબ.ટેક | ૧ | ૧ | ૦ | |
| ૧૨ | એક્ષરે. ટેક. | ૧ | ૦ | ૧ | ૧-૧૧-૨૦૦૭ |
| ૧૩ | ઓપ્થ. આસી. | ૧ | ૦ | ૧ | ૭-૯-૨૦૦૯ |
| ૧૪ | હેડનર્સ | ૨ | ૦ | ૨ | ૧૪-૫-૨૦૧૦ |
| ૧૫ | સ્ટાફનર્સ | ૧૩ | ૧૩ | ૦ | |
| ૧૬ | ડ્રાઈવર | ૧ | ૧ | ૦ | |
| ૧૮ | વોર્ડબોય | ૧૪ | ૩<br>૩ (આઉટ સોર્સ) | ૮ | ૧-૪-૧૯૯૩<br>૪-૮-૧૯૯૬<br>૧૪-૬-૨૦૦૦<br>૩૧-૩-૨૦૦૧<br>૧૫-૪-૨૦૦૧<br>૮-૩-૨૦૦૨<br>૩૧-૩-૨૦૦૬ |
| ૧૯ | આયા | ૪ | ૩<br>૧ (આઉટ સોર્સ) | ૦ | |
| ૨૦ | ડ્રેસર | ૧ | ૧ | ૦ | |
| ૨૧ | સ્વીપર | ૯ | ૩<br>૨ (આઉટ સોર્સ) | ૪ | ૪-૬-૧૯૯૪<br>૪-૯-૧૯૯૭<br>૩૧-૩-૨૦૦૧<br>૫-૪-૨૦૦૧ |
| ૨૨ | રસોયા વર્ગ-૪ | ૧ | ૦ | ૧ | ૪-૬-૧૯૯૬ |
| | **કુલ** | ૬૩ | ૪૨ | ૨૧ | |

--------

## ખેડા જિલ્લાની નગરપાલિકાઓમાં મંજૂર ભૂગર્ભ ગટર યોજના

૨૧૩૨૦ **: શ્રી કનુભાઈ ડાભી (કઠલાલ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ખેડા જિલ્લામાં કઇ કઇ નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર યોજના મંજૂર કરવામાં આવેલ છે,

(૨) મંજૂર થયેલ ભૂગર્ભ ગટર યોજનાની કામગીરી તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને

(૩) નગરપાલિકા દીઠ કેટલો ખર્ચ મંજૂર થયેલ છે?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ખેડા જિલ્લામાં ડાકોર અને નડીયાદ નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર યોજના મંજૂર કરવામાં આવેલ છે.

(૨) મંજૂર થયેલ ભૂગર્ભ ગટર યોજનાની કામગીરી તા. ૩૧-૧-૨૦૧૧ ની સ્થિતિએ નીચે મુજબ છે.

| ક્રમ | નગરપાલિકાનું નામ | સ્થિતિ |
|---|---|---|
| ૧ | ડાકોર | ડીટીપી મંજૂરી હેઠળ છે. |
| ૨ | નડીયાદ | ડીટીપી તૈયાર કરવામાં આવી રહેલ છે. |

(૩) નગરપાલિકા દીઠ નીચે મુજબ અંદાજિત ખર્ચ મંજૂર કરવામાં આવેલ છે.

| ક્રમ | નગરપાલિકાનું નામ | રકમ |
|---|---|---|
| ૧ | ડાકોર | ૧૪.૫૦ કરોડ |
| ૨ | નડીયાદ | ૧૧૧.૨૦ કરોડ |

--------

## વડોદરા જિલ્લામાં નર્મદા આધારિત પાણી પુરવઠા યોજના

૨૧૬૫૩ : **શ્રી મોહનસિંહ છો.રાઠવા (પાવી-જેતપુર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં નર્મદા આધારીત પાણી પુરવઠા યોજના સરકારે બનાવી છે કે કેમ,

(૨) જો હા, તો જિલ્લાના ક્યા ક્યા તાલુકાના કેટલા ગામોને તેનો લાભ મળશે,

(૩) તેમાં કેટલી નર્મદા વિસ્થાપિતોની વસાહતોને તેનો લાભ મળશે,

(૪) કેટલા વસાહતોને લાભ મળવાનો બાકી રહેશે, અને

(૫) બાકી વસાહતોને ક્યારે લાભ મળશે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) નીચે મુજબના તાલુકાના ગામોને લાભ મળશે.

| તાલુકો | ગામની સંખ્યા |
|---|---|
| કવાંટ | ૯૬ |
| પાવી જેતુપર | ૪૨ |
| નસવાડી | ૧૧૬ |
| ડભોઈ | ૧૯ |

(૩) ૧૬ વસાહતો

(૪) ૭૦ વસાહતો

(૫) નર્મદાના પાણીનો લાભ આપવાની યોજના સર્વેક્ષણના તબક્કે છે. તેમાં શક્યતા જણાય તો બનતી ત્વરાએ કાર્યવાહી કરવામાં આવશે.

--------

## આણંદ જિલ્લામાં નગરપાલિકાઓને જુદી જુદી યોજના હેઠળ સહાય

૨૧૬૦૩ : **શ્રી નિરંજનભાઈ પટેલ (પેટલાદ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

આણંદ જિલ્લામાં તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નગરપાલિકાઓને વિવિધ યોજનાઓ હેઠળ રાજ્ય સરકાર તરફથી કેટલું અનુદાન અને ક્યા પ્રકારના કેટલા સાધનો ફાળવવામાં આવેલ છે ?

**જવાબ**

**અ - અનુદાન ફાળવણી**

આણંદ જિલ્લામાં તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નગરપાલિકાઓને વિવિધ યોજનાઓ હેઠળ રાજ્ય સરકાર તરફથી નીચે મુજબની રકમનું અનુદાન આપવામાં આવેલ છે.

(₹. લાખમાં)

| નગરપાલિકા | તા.૧-૨-૦૯ થી તા.૩૧-૧-૧૦ | તા.૧-૨-૧૦ થી તા.૩૧-૧-૧૧ |
|---|---|---|
| આણંદ | ૪૬.૫૯ | ૪૦૦.૬૯ |
| ખંભાત | ૩૨.૬૪ | ૨૪૯.૨૭ |
| બોરસદ | ૨૨.૭૨ | ૨૨૩.૨૯ |
| પેટલાદ | ૧૫.૩૯ | ૧૬૯.૪૮ |
| **નગરપાલિકા** | **તા.૧-૨-૦૯ થી તા.૩૧-૧-૧૦** | **તા.૧-૨-૧૦ થી તા.૩૧-૧-૧૧** |
| ઉમરેઠ | ૧૫.૮૭ | ૧૪૨.૩૪ |
| વલ્લભવિદ્યાનગર | ૧૮.૩૨ | ૧૪૪.૨૪ |
| કરમસદ | ૧૪.૫૧ | ૧૩૭.૮૮ |
| આંક્લાવ | ૯.૯૩ | ૧૦૬.૪૨ |
| ઓડ | ૯.૫૮ | ૧૦૪.૫૨ |
| બોરીઆવી | ૭.૦૪ | ૧૦૫.૧૯ |
| સોજીત્રા | ૫.૨૫ | ૧૦૦.૫૬ |
| **કુલ :** | **૧૯૭.૮૪** | **૧૮૮૩.૮૮** |

**બ-સાધનોની ફાળવણી**

આણંદ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નગરપાલિકાઓને રાજ્ય સરકાર તરફથી નીચે મુજબ સાધનોની ફાળવણી કરવામાં આવેલ છે.

| નગર-પાલિકા | કન્ટેઈનર | કન્ટેઈનર લીફ્ટર | લોડર | ટ્રેક્ટર ૩૫ હો.પા. | વોટર ટેન્કર | ટ્રોલી |
|---|---|---|---|---|---|---|
| આણંદ | ૭૪ | ૭ | ૧ | ૪ | ૧ | ૨ |
| ખંભાત | ૦ | ૬ | ૧ | ૫ | ૦ | ૨ |
| બોરસદ | ૦ | ૨ | ૧ | ૨ | ૧ | ૨ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| પેટલાદ | ૦ | ૦ | ૧ | ૨ | ૧ | ૨ |
| ઉમરેઠ | ૩૯ | ૨ | ૧ | ૩ | ૦ | ૨ |
| વલ્લભ-વિદ્યાનગર | ૦ | ૦ | ૧ | ૨ | ૦ | ૨ |
| કરમસદ | ૦ | ૧ | ૧ | ૧ | ૧ | ૨ |
| આંકલાવ | ૦ | ૦ | ૧ | ૧ | ૧ | ૨ |
| ઓડ | ૧૬ | ૧ | ૧ | ૦ | ૨ | ૨ |
| બોરીઆવી | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૨ |
| સોજીત્રા | ૦ | ૨ | ૧ | ૨ | ૦ | ૨ |
| **કુલ :** | **૧૨૯** | **૨૨** | **૧૧** | **૨૨** | **૮** | **૨૨** |

--------

## કુબેરભંડારી અને ચાંદોદને પ્રવાસન ધામ તરીકે વિકસાવવા અંગે

૨૨૫૦૮ **: શ્રી ધીરુભાઈ ભીલ (નસવાડી) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ નર્મદા કિનારે આવેલ કુબેરભંડારી અને ચાંદોદને દેવસ્થાન તરીકે અતિ પ્રાચીન મહત્વ ધરાવતા આ સ્થળોને પ્રવાસનધામ તરીકે વિકસાવવા સરકારે કોઈ આયોજન કરેલ છે કે કેમ ?

**જવાબ**

તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ નર્મદા કિનારે આવેલ ચાંદોદ ખાતે યાત્રીઓ માટે આંતરમાળખાકીય અને અન્ય સુવિધાઓ માટે નીચે મુજબની કામગીરી હાથ ધરેલ છે.

૧. ચાણોદ તા.ડભોઈ ખાતે પાંચ સીટેડ ટોયલેટ બ્લોક અને બાથ સીસ્ટમ તથા ડ્રેસીંગરૂમનું બાંધકામ કરવામાં આવેલ છે.
૨. ચાંણોદ તા.ડભોઈ ખાતે નર્મદા નદીના ઘાટ સુધી આર.સી.સી. ટ્રીમીક્સ રોડ બનાવવામાં આવેલ છે.
૩. આ ઉપરાંત ચાંણોદ તા.ડભોઈ ખાતે યાત્રાળુઓ માટે ટુરીસ્ટએકોમોડેશન, પાર્કીંગની સગવડ, સુલભ કેન્ટીન, કાફેટેરીયા તથા રસ્તો પહોળો કરવાનું આયોજન કરવામાં આવેલ છે.
૪. વળી કુબેરભંડારી અને ચાંદોદના વિકાસ માટે સ્કૂલ ઓફ આર્કીટેક્ટ સુરત દ્વારા પ્રોજેક્ટ તૈયાર કરવામાં આવેલ છે.

## ભાવનગર જિલ્લામાં હીમોફીલીયાના દર્દીઓને સારવાર

૨૧૩૭૮ **: શ્રી મહેન્દ્રસિંહ સરવૈયા (પાલીતાણા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સરકાર હીમોફીલીયાના દર્દીઓ માટે કઈ કઈ આરોગ્ય સેવાઓ પૂરી પાડે છે, અને

(૨) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભાવનગર જિલ્લામાં આ રોગગ્રસ્ત કેટલા દર્દીઓને સારવાર આપવામાં આવી ?

**જવાબ**

(૧) હીમોફીલીયાના દર્દીની સારવારમાં સામાન્ય રીતે સારવાર માટે તાજું લોહી તથા લોહીના ઘટકો આપવાની જરૂરીયાત હોય છે, જે સરકારી હોસ્પીટલો દ્વારા આપવામાં આવે છે.

(૨) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કુલ-૫ આ રોગના દર્દીઓને સારવાર આપવામાં આવેલ છે.

--------

## જામનગર જિલ્લામાં પી.એચ.સી. ના મકાનો બાંધવા મંજૂર રકમ

૨૧૩૭૫ **: શ્રી મુળુભાઈ હ. બેરા (ભાણવડ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જામનગર જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના મકાનો બાંધવા માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવી,

(૨) આ કામગીરી ક્યાં સુધીમાં શરૂ કરવામાં

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જામનગર જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના મકાનોના બાંધકામ માટે કોઈ રકમ મંજૂર કરવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

આવશે, અને

(૩) કેટલા સમયમાં પૂર્ણ કરવાનું આયોજન છે ? — (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

## રાજકોટ જિલ્લામાં પી.એચ.સી. ના મકાનો બાંધવા મંજૂર રકમ

૨૧૪૧૨ **: શ્રી કાંતિભાઈ અમૃતિયા (મોરબી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના મકાનો બાંધવા માટે તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી રકમ મંજૂર કરવામાં આવી છે,

**જવાબ**

(૧) રાજકોટ જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના બાંધકામ માટે તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નીચે મુજબ રકમ મંજૂર કરવામાં આવી છે.

| | મંજૂર કરેલ રકમ |
|---|---|
| પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, સાણથલી | રૂ.૨૬.૦૬ લાખ. |

(૨) આ કામગીરી ક્યાં સુધીમાં શરૂ થશે, અને

(૨) ટેન્ડર મંજૂર થયેથી કામગીરી શરૂ કરવાનું રહે છે.

(૩) કેટલા સમયમાં પૂર્ણ કરવાનું આયોજન છે ?

(૩) આ કામગીરી ટેન્ડર મંજૂર થયેથી ૧૨ માસ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

--------

## અમદાવાદ જિલ્લામાં ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાના લાભાર્થી

૨૧૩૩૩ **: શ્રી બાબુભાઈ પટેલ (દસકોઈ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

અમદાવાદ જિલ્લામાં તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ૧૦૮ એમ્બ્યુલન્સ સેવા મારફતે કેટલા લોકોએ લાભ લીધો ?

**જવાબ**

અમદાવાદ જિલ્લામાં તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ૧૦૮ એમ્બ્યુલન્સ સેવા ધ્વારા કુલ ૯૬,૫૫૨ લોકોએ લાભ લીધો છે.

--------

## બનાસકાંઠા જિલ્લાની નગરપાલિકાઓમાં વ્યવસાય વેરાની આવક

૨૨૦૫૦ **: શ્રી મફતલાલ મો.પુરોહિત (ધાનેરા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં બનાસકાંઠા જિલ્લાની કઇ કઇ નગરપાલિકાની વ્યવસાય વેરાની કેટલી આવક થયેલ,

**જવાબ**

(૧) બનાસકાંઠા જિલ્લાની નગરપાલિકાઓની વ્યવસાયવેરાની આવકની તા.૩૧-૧૨-૧૦ ની સ્થિતિએ વર્ષ વાઇઝ વિગતો નીચે મુજબ છે. (રૂા. લાખમાં)

| ન.પા.નું નામ | ૨૦૦૮-૦૯ | ૨૦૦૯-૧૦ | ૨૦૧૦-૧૧ | કુલ |
|---|---|---|---|---|
| ધાનેરા | ૧.૪૨ | ૧૧.૫૦ | ૧૧.૪૬ | ૨૪.૩૮ |
| પાલનપુર | ૩૬.૧૨ | ૪૯.૩૭ | ૩૭.૬૭ | ૧૨૩.૧૬ |
| ડીસા | ૨૭.૭૮ | ૪૦.૧૫ | ૩૬.૩૯ | ૧૦૪.૩૨ |
| થરા | ૫.૧૩ | ૪.૭૬ | ૩.૭૨ | ૧૩.૬૧ |
| થરાદ | ૨.૫૧ | ૬.૫૮ | ૨.૧૫ | ૧૧.૨૪ |
| ભાભર | ૫.૬૨ | ૫.૭૭ | ૫.૭૯ | ૧૭.૧૮ |

(૨) વ્યવસાય વેરો ભરવાપાત્ર કેટલા નવીન ગ્રાહકો છેલ્લા ત્રણ વર્ષમાં નોંધાયેલ, અને

(૨) છેલ્લા ત્રણ વર્ષમાં વ્યવસાયવેરા ભરવાપાત્ર નવીન કરદાતાઓની વિગત નીચે મુજબ છે.

| ન.પા.નું નામ | ૨૦૦૮-૦૯ | ૨૦૦૯-૧૦ | ૨૦૧૦-૧૧ | કુલ |
|---|---|---|---|---|
| ધાનેરા | ૮૯ | ૪૪ | ૫૮ | ૧૯૧ |
| પાલનપુર | ૫૧૬ | ૭૩૮ | ૩૭૩ | ૧૬૨૭ |
| ડીસા | ૩૨૩ | ૨૧૯ | ૧૮૫ | ૭૨૭ |
| થરા | ૦ | ૨ | ૨૦ | ૨૨ |
| થરાદ | ૨૧ | ૫ | ૨ | ૨૮ |
| ભાભર | ૨૪ | ૩૧ | ૧૪ | ૬૯ |

(૩) વ્યવસાયવેરાની વસુલાત સામે સરકારશ્રી ધ્વારા કઇ કઇ નગરપાલિકાઓને કેટલી ગ્રાન્ટ આપવામાં આવેલ ?

(૩) વ્યવસાયવેરાની વસુલાત સામે સરકારશ્રી ધ્વારા બનાસકાંઠા જિલ્લાની નગરપાલિકાઓને વર્ષવાર કુલ રૂા.૨,૧૦,૬૧,૦૮૧/- ગ્રાન્ટ નીચે મુજબ આપવામાં આવેલ છે.

| ક્રમ | નગરપાલિકા | તા.૧-૧-૦૮ થી ૩૧-૧૨-૦૮ | તા.૧-૧-૦૯ થી ૩૧-૧૨-૦૯ | તા.૧-૧-૧૦ થી ૩૧-૧૨-૧૦ |
|---|---|---|---|---|
| ૧ | પાલનપુર | ૪૯૯૫૩૪૪ | ૧૧૬૪૧૭૯ | ૬૧૨૧૮૮૫ |
| ૨ | ડીસા | ૨૪૪૮૪૯૪ | ૧૦૨૬૬૪૫ | ૧૬૦૩૧૭૯ |
| ૩ | ધાનેરા | ૫૭૬૦૬૫ | ૫૫૮૩૭ | ૩૭૩૫૨૨ |
| ૪ | થરાદ | ૬૯૪૦૯૧ | ૨૭૨૦૩ | ૧૧૭૮૮૦ |
| ૫ | ભાભર | ૬૧૬૬૬૩ | ૧૦૮૬૭૩ | ૧૨૦૦૩૭ |
| ૬ | થરા | ૬૨૨૪૯૯ | ૨૫૫૮૭૪ | ૧૩૩૦૧૧ |
| | કુલ.... | ૯૯૫૩૧૫૬ | ૨૬૩૮૪૧૧ | ૮૪૬૯૫૧૪ |

--------

## વડોદરા જિલ્લામાં પી.એચ.સી.ના મકાનો બાંધવા મંજૂર રકમ

૨૧૪૧૧ : **શ્રી ગુલસીંગભાઈ રં.રાઠવા (છોટાઉદેપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા જીલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના મકાનો બાંધવા માટે તા.૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી રકમ મંજૂર કરવામાં આવી છે,

**જવાબ**

(૧) વડોદરા જીલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના મકાનોના બાંધકામ માટે છેલ્લા એક વર્ષમાં નીચે મુજબ રકમ મંજૂર કરવામાં આવેલ છે.

| પ્રા. આ. કેન્દ્ર | મંજૂર કરેલ રકમ |
|---|---|
| થુવાવી | રૂ.૫૦,૦૦,૦૦૦ |
| વડુ | રૂ.૨૬,૦૬,૦૦૦ |
| વેલણ | રૂ.૨૬,૦૬,૦૦૦ |
| મેથી | રૂ.૨૬,૦૬,૦૦૦ |

પ્રાયોજના અધિકારીશ્રી છોટાઉદેપુર તરફથી તેમજ જિલ્લા આયોજન અધિકારીશ્રી તરફથી કુલ રૂ.૧,૩૩,૦૦,૮૨૧/- ની રકમ મંજૂર થયેલ છે તેની વિગત દર્શાવતું પત્રક-અ સામેલ છે.

**પત્રક-અ**

| અ.નં. | પી.એચ.સી.નું નામ | તાલુકો | મંજુર થયેલ વર્ષ | ક્યા પોગ્રામ હેઠળ | મંજુર થયેલ રકમ (રૂપિયા લાખમાં) | રિમાર્કસ |
|---|---|---|---|---|---|---|
| ૧ | નવાલજા | ક્વાંટ | ૨૦૧૦-૨૦૧૧ | ટી.એસ.પી. | ૨૦,૦૦,૦૦૦ | પ્રાયોજના અધિકારીશ્રી તરફથી સેડીવાસણને બદલે સ્થળ ફેરનો હુકમ થયેલ છે. |
| ૨ | નવાલજા | ક્વાંટ | ૨૦૧૦-૨૦૧૧ | ટી.એસ.પી. | ૧૬,૬૦,૦૦૦ | |
| ૩ | નવાલજા | ક્વાંટ | ૨૦૧૦-૨૦૧૧ | ટી.એસ.પી. | ૨,૬૫,૮૨૧ | |
| ૪ | સેડીવાસણ | ક્વાંટ | ૨૦૧૦-૨૦૧૧ | ટી.એસ.પી. | ૪૬,૪૫,૦૦૦ | જિલ્લા આયોજન અધિકારીશ્રી તરફથી રકમ તબદિલ થયેલ છે. |
| ૫ | બાર | જેતપુરપાવી | ૨૦૧૦-૨૦૧૧ | ટી.એસ.પી. | ૪૭,૩૦,૦૦૦ | પ્રાયોજના અધિકારીશ્રી છોટાઉદેપુર તરફથી મંજુર થયેલ છે. |
| | | કુલ | | | ૧,૩૩,૦૦,૮૨૧ | |

(૨) આ કામગીરી ક્યાં સુધીમાં શરૂ થશે, અને

(૨) ટેન્ડર મંજુર થયેથી કામગીરી શરૂ કરવાનું રહે છે.

(૩) કેટલા સમયમાં પૂર્ણ કરવાનું આયોજન છે ?

(૩) આ કામગીરી ટેન્ડર મંજૂર થયેથી ૧૨ માસ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

--------

## સી.એચ.સી. માંડલ અને સોનગઢનું મંજૂર મહેકમ

૨૧૯૩૪ : **શ્રી પ્રભુભાઈ વસાવા (સોનગઢ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ સામૂહિક આરોગ્ય કેન્દ્રો માંડલ, જિ.સુરત અને સોનગઢ જિ,તાપીમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે.

**જવાબ**

(૧) તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ (સામુહિક આરોગ્ય કેન્દ્ર,માંડલ, જી. સુરત મંજૂર થયેલ નથી, પરંતુ સામુહિક આરોગ્ય કેન્દ્ર માંડવી, જી. સુરત મંજૂર થયેલ છે) સામુહિક આરોગ્ય કેન્દ્ર, માંડવી ખાતે સંવર્ગવાર મંજુર મહેકમનું પત્રક-અ (૧)

સામેલ છે. સામુહિક આરોગ્ય કેન્દ્ર, સોનગઢ, જી.તાપી ખાતે સંવર્ગવાર મંજૂર મહેકમનું પત્રક-અ (૨) સામેલ છે.

(૨) તેની સામે કેટલી જ્ગ્યા કેટલા સમયથી ખાલી છે, અને આવી ખાલી જ્ગ્યાઓ સત્વરે નહીં ભરવાના કારણો શાં છે, અને

(૨) આ મંજુર થયેલ જ્ગ્યાઓ સામે ખાલી જ્ગ્યાની વિગત દર્શાવતું પત્રક-બ(૧) તેમજ પત્રક-બ(૨) સામેલ છે. વર્ગ-૧ તથા વર્ગ-૨ ની ખાલી જ્ગ્યાઓ માટે જરૂરી લાયકાત ધરાવતા તબીબો પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ થતા નથી.

વર્ગ-૩ ના સંવર્ગની ખાલી જ્ગ્યાઓ બઢતીથી તેમજ ગૌણ સેવા પસંદગી મંડળ ગાંધીનગર ધ્વારા સીધી ભરતીથી ભરવામાં આવે છે. જે ગૌણ સેવા પસંદગી મંડળ ધ્વારા ફાળવણી થાય ત્યારે ખાલી જ્ગ્યાઓ ભરી શકાય છે.

વર્ગ-૪ ની ખાલી જ્ગ્યાઓ આઉટ સોર્સીંગથી જરૂરીયાત મુજબ ભરવામાં આવે છે.

**પત્રક-અ (૧)**

**સામુહિક આરોગ્ય કેન્દ્ર-માંડવી જિ. સુરતની જ્ગ્યા દર્શાવતું પત્રક (તા.૩૧-૧-૨૦૧૧)**

| ક્રમ | જ્ગ્યાનું નામ | મંજુર | ભરેલી | ખાલી |
|---|---|---|---|---|
| ૧ | અધિક્ષક વર્ગ-૧ | ૧ | ૦ | ૧ |
| ૨ | તબીબી અધિકારી વર્ગ-૨ | ૩ | ૩ | ૦ |
| ૪ | વહીવટી અધિકારી વર્ગ-૨ | ૧ | ૧ | ૦ |
| ૫ | પાર્ટટાઈમ ડેન્ટલ | ૧ | ૧ | ૦ |
| ૬ | સીનીયર આસીસ્ટન્ટ વર્ગ-૩ | ૨ | ૨ | ૦ |
| ૭ | સીનીયર ક્લાર્ક વર્ગ-૩ | ૨ | ૦ | ૨ |
| ૮ | એક્સ રે ટેક્નીશીયન વર્ગ-૩ | ૧ | ૦ | ૧ |
| ૯ | લેબ.ટેક.વર્ગ-૩ | ૧ | ૧ | ૦ |
| ૧૦ | જુ.ફાર્મા વર્ગ-૩ | ૨ | ૨ | ૦ |
| ૧૧ | હેડ નર્સ | ૧ | ૧ | ૦ |
| ૧૨ | સ્ટાફનર્સ વર્ગ-૩ | ૧૦ | ૯ | ૧ |
| ૧૩ | ઓપ્થલમીક આસીસ્ટન્ટ વર્ગ-૩ | ૧ | ૧ | ૦ |
| ૧૪ | ડ્રાયવર | ૧ | ૧ | ૦ |
| ૧૫ | વર્ગ-૪ | ૧૨ | ૧૨ | ૦ |
| ૧૬ | સ્વીપર વર્ગ-૪ | ૬ | ૫ | ૧ |
| ૧૭ | ડ્રેસર વર્ગ-૪ | ૧ | ૦ | ૧ |
| ૧૮ | કુક | ૧ | ૧ | ૦ |
| | પી.પી.યુનિટ મહેકમ | | | |
| ૧૯ | ગાયનેક વર્ગ-૧ | ૧ | ૦ | ૧ |
| ૨૦ | પેડીયાટ્રીશીયન વર્ગ-૧ | ૧ | ૦ | ૧ |
| ૨૧ | સીની.કાલર્ક વર્ગ-૩ | ૧ | ૦ | ૧ |
| ૨૨ | લેબ.ટેક વર્ગ-૩ | ૧ | ૦ | ૧ |
| ૨૩ | ઓ.ટી.સ્ટાફનર્સ વર્ગ-૩ | ૧ | ૦ | ૧ |
| ૨૪ | ફીમેલ હેલ્થ સુપરવાઈઝર | ૧ | ૧ | ૦ |
| ૨૫ | ફીમેલ હેલ્થ વર્કર | ૧ | ૦ | ૧ |
| ~~૨૬~~ | ~~એ.એન.એમ.~~ | ~~૧~~ | ~~૧~~ | ~~૦~~ |
| ૨૭ | ડ્રાયવર | ૧ | ૦ | ૧ |
| ૨૮ | ઓ.ટી.એટેન્ડન્ટ | ૧ | ૦ | ૧ |
| | ~~કુલ~~ | ~~૫૭~~ | ~~૪૨~~ | ~~૧૫~~ |

**પત્રક-બ (૨)**

**સામૂહિક આરોગ્ય કેન્દ્ર- સોનગઢ જિ. તાપી ની જ્ગ્યા દર્શાવતું પત્રક (તા.૩૧-૧-૨૦૧૧)**

| ૪ | સીનીયર આસીસ્ટન્ટ વર્ગ-૩ | ૧ | ૦ | ૧ |
|---|---|---|---|---|
| **ક્રમ** | **જ્ગ્યાનું નામ** | **મંજુર** | **ભરેલી** | **ખાલી** |
| ૫ | સીનીયર ક્લાર્ક વર્ગ-૩ | ૧ | ૦ | ૧ |
| ૬ | એક્સ રે ટેક્નીશીયન વર્ગ-૩ | ૧ | ૧ | ૦ |
| ૭ | લેબોરેટરી ટેક્નીશીયન વર્ગ-૩ | ૧ | ૧ | ૦ |
| ૮ | જુનીયર ફાર્માસીસ્ટ વર્ગ-૩ | ૨ | ૧ | ૧ |
| ૯ | હેડ નર્સ | ૧ | ૦ | ૧ |
| ૧૦ | સ્ટાફ નર્સ વર્ગ-૩ | ૭<br>૩ | ૭<br>૦ | ૦<br>૩ |
| ૧૧ | જુનીયર કારકુન | ૧ | ૦ | ૧ |
| ૧૨ | ઓપ્થલમીક આસીસ્ટન્ટ વર્ગ-૩ | ૧ | ૧ | ૦ |
| ૧૩ | ડ્રાયવર | ૧ | ૧ | ૦ |
| ૧૪ | પટાવાળા | ૧ | ૧ | ૦ |
| ૧૫ | વોર્ડબોય | ૨ | ૨ | ૦ |
| ૧૬ | આયા | ૧ | ૧ | ૦ |
| ૧૭ | વર્ગ-૪ | ૫ | ૦ | ૫ |
| ૧૮ | સ્વીપર વર્ગ-૪ | ૧ | ૧ | ૦ |
| ૧૯ | ડ્રેસર વર્ગ-૪ | ૧ | ૦ | ૧ |
| ૨૦ | પાર્ટ ટાઈમ સ્વીપર | ૨ | ૦ | ૨ |
| ૨૧ | પાર્ટ ટાઈમ ચોકીદાર | ૨ | ૦ | ૨ |
| | | ૪૦ | ૨૨ | ૧૮ |

## પત્રક-બ (૧)

## સા.આ.કેન્દ્ર-માંડવી જિ. સુરત ની ખાલી જ્ગ્યા માહિતી દર્શાવતું પત્રક (તા.૩૧-૧-૨૦૧૧)

| **અ.નં.** | **જ્ગ્યાનું નામ** | **મંજુર** | **ભરેલી** | **ખાલી** | **ખાલી જ્ગ્યાની તારીખ** | **ખાલી જ્ગ્યાનું કારણ** |
|---|---|---|---|---|---|---|
| ૧ | અધિક્ષક વર્ગ-૧ | ૧ | ૦ | ૧ | તા.૧-૬-૨૦૦૫ | રાજીનામું આપતા |
| ૨ | સીની.ક્લાર્ક વર્ગ-૩ | ૨ | ૦ | ૨ | તા.૩૧-૭-૨૦૦૬ અને તા.૨૬-૨-૨૦૦૮ | બઢતી મળતા અને બદલી થતા |
| ૩ | એક્સ રે ટેક્નીશીયન વર્ગ-૩ | ૧ | ૦ | ૧ | તા.૧-૭-૨૦૦૭ | સેવા સમાપ્ત |
| ૪ | સ્ટાફનર્સ વર્ગ-૩ | ૧૦ | ૯ | ૧ | તા.૧૪-૫-૨૦૧૦ | બદલી થતા |
| ૫ | સ્વીપર વર્ગ-૪ | ૬ | ૫ | ૧ | તા.૪-૧૦-૧૯૯૭ | બદલી થતા |
| ૬ | ડ્રેસર વર્ગ-૪ | ૧ | ૦ | ૧ | તા.૭-૧૧-૧૯૮૬ | મંજુર થઈ ત્યારથી |
| | | | પી.પી.યુનિટ મહેક્મ | | | |
| ૭ | ગાયનેક વર્ગ-૧ | ૧ | ૦ | ૧ | તા.૧૩-૧-૦૩ | રાજીનામું આપતા |
| ૮ | પેડીયાટ્રીશીયન વર્ગ-૧ | ૧ | ૦ | ૧ | તા.૯-૧૨-૧૦ | અન્ય જ્ગ્યાએ પુનઃ સ્થાપિત કરતા |
| ૯ | સીની.ક્લાર્ક વર્ગ-૩ | ૧ | ૦ | ૧ | તા.૨૮-૧૦-૨૦૦૮ | બઢતી મળતા |
| ૧૦ | લેબ.ટેક વર્ગ-૩ | ૧ | ૦ | ૧ | તા.૩૧-૮-૨૦૦૦ | બદલી થતા |
| ૧૧ | ઓ.ટી.સ્ટાફનર્સ વર્ગ-૩ | ૧ | ૦ | ૧ | તા.૧૧-૨-૨૦૦૦ | બદલી થતા |
| ૧૨ | ફીમેલ હેલ્થ વર્કર | ૧ | ૦ | ૧ | તા.૯-૭-૨૦૦૯ | બઢતી મળતા |
| ૧૩ | ડ્રાયવર | ૧ | ૦ | ૧ | તા.૩૦-૯-૨૦૦૯ | બદલી થતા |
| ૧૪ | ઓ.ટી.એટેન્ડન્ટ | ૧ | ૦ | ૧ | તા.૭-૧૧-૧૯૮૬ | મંજુર થઈ ત્યારથી |
| | કુલ | | | ૧૫ | | |

## પત્રક-બ (૨)

## સા.આ.કેન્દ્ર-સોનગઢ જિ. તાપીની જ્ગ્યા દર્શાવતું પત્રક :- (તા.૩૧-૧-૨૦૧૧)

| **અ.નં.** | **જ્ગ્યાનું નામ** | **મંજુર** | **ભરેલી** | **ખાલી** | **ખાલી જ્ગ્યાની તારીખ** | **ખાલી જ્ગ્યાનું કારણ** |
|---|---|---|---|---|---|---|
| ૪ | સીની.આસી.વર્ગ-૩ | ૧ | ૦ | ૧ | તા.૩૦-૧૨-૨૦૧૦ | બઢતી મળતા |
| ૫ | સીની.ક્લાર્ક વર્ગ-૩ | ૧ | ૦ | ૧ | તા.૨૦-૬-૨૦૦૨ | બદલી થતા |
| ૮ | જુ.ફાર્મા વર્ગ-૩ | ૨ | ૧ | ૧ | તા.૧-૫-૨૦૧૦ | ૫૦ પથારીનું મહેક્મ મંજુર થતા નવી જ્ગ્યા આવેલ છે. |
| ૯ | હેડ નર્સ | ૧ | ૦ | ૧ | તા.૧-૫-૨૦૧૦ | ૫૦ પથારીનું મહેક્મ મંજુર થતા નવી જ્ગ્યા આવેલ છે. |
| ૧૦ | સ્ટાફનર્સ વર્ગ-૩ | ૭<br>૩ | ૭ | ૩ | તા.૧-૫-૨૦૧૦ | ૫૦ પથારીનું મહેક્મ મંજુર થતા નવી જ્ગ્યા આવેલ છે. |
| ૧૧ | જુ.ક્રા. | ૧ | ૦ | ૧ | તા.૧-૫-૨૦૧૦ | ૫૦ પથારીનું મહેક્મ મંજુર થતા નવી જ્ગ્યા આવેલ છે. |
| ૧૭ | વર્ગ-૪ | ૫ | ૦ | ૫ | તા.૧-૫-૨૦૧૦ | ૫૦ પથારીનું મહેક્મ મંજુર થતા નવી જ્ગ્યા આવેલ છે. |
| ૧૯ | ડ્રેસર વર્ગ-૪ | ૧ | ૦ | ૧ | તા.૧-૩-૧૯૮૮ | મંજુર થઈ ત્યારથી |
| ૨૦ | પાર્ટ ટાઈમ સ્વીપર | ૨ | ૦ | ૨ | તા.૧૫-૬-૧૯૯૬ | મંજુર થઈ ત્યારથી |
| ૨૧ | પાર્ટ ટાઈમ ચોકીદાર | ૨ | ૦ | ૨ | તા.૪-૨-૧૯૯૭ | મંજુર થઈ ત્યારથી |

(૩) કેટલા સમયમાં આ જ્ગ્યાઓ ભરાશે ?

(૩) જરૂરી લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી ખાલી જ્ગ્યાઓ ભરવામાં આવશે.

--------

## ભાવનગર જિલ્લામાં હીમોફીલીયાના દર્દીઓને સારવાર

૨૧૩૯૨ **: શ્રીમતી ભાવનાબેન મકવાણા (તળાજા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) હીમોફીલીયાના દર્દીઓ માટે સરકાર કઇ કઇ આરોગ્ય સેવાઓ પૂરી પાડે છે, અને | (૧) હીમોફીલીયાના દર્દીની સારવારમાં સામાન્ય રીતે સારવાર માટે તાજું લોહી તથા લોહીના ઘટકો આપવાની જરૂરીયાત હોય છે, જે સરકારી હોસ્પિટલો દ્વારા આપવામાં આવે છે. |
| (૨) ભાવનગર જિલ્લામાં તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આ રોગના કેટલા દર્દીઓને સારવાર આપવામાં આવી ? | (૨) તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કુલ-૫ આ રોગના દર્દીઓને સારવાર આપવામાં આવેલ છે. |

--------

## ઈન્ટીગ્રેટેડ ડીસીઝ સર્વેલન્સ પ્રોજેક્ટ

૨૧૩૫૧ **: ડૉ. માયાબેન સુ. કોડનાની (નરોડા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં વિવિધ સંક્રમક રોગોની નિયમિત માહિતી એકત્રિત કરવા માટે ઈન્ટીગ્રેટેડ ડીસીઝ સર્વેલન્સ પ્રોજેક્ટ શરૂ કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ પ્રોજેક્ટ અંતર્ગત તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં શી કામગીરી કરવામાં આવી ? | (૨) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ઈન્ટીગ્રેટેડ ડીસીઝ સર્વેલન્સ પ્રોજેક્ટ હેઠળ કરેલ કામગીરી નીચે મુજબ છે.<br><br>(૧) ૧૦૬૮૦ રીપોર્ટીંગ યુનિટ તરફથી મળેલ ડેટાની એન્ટ્રી જિલ્લા કક્ષાએથી ડેટા મેનેજર અને ડેટા એન્ટ્રી ઓપરેટર (આઈ.ડી.એસ.પી.) દ્વારા કરી અને જિલ્લા અને રાજ્યકક્ષાએથી ડેટા સંકલન અને એનાલીસીસની કામગીરી કરીને સંબંધિત રીપોર્ટીંગ યુનિટો તેમજ નિર્ણય કરનાર અધિકારીશ્રીઓને વીકલી એલર્ટ (જિલ્લા અને રાજ્યકક્ષાએથી) દ્વારા દર અઠવાડિયે સોમવારના રોજ ઈ-મેલ દ્વારા અને જરૂરી લાગેથી લેખિતમાં પણ આપવામાં આવે છે.<br><br>(૨) સંક્રામક રોગોની વર્ષ ૨૦૦૯ની એનાલીસીસ અને માહિતી આધારિત એન્યુઅલ રીપોર્ટ રાજ્યકક્ષાએથી અને જિલ્લાકક્ષાએથી તેયાર કરવામાં આવેલ છે.<br><br>(૩) ઈન્ટીગ્રેટેડ ડીસીઝ સર્વેલન્સ પ્રોજેક્ટ અંતર્ગત રોગોના એનાલીસીસથી પાણીજન્ય રોગો, રસીકરણથી અટકાવી શકાય તેવા રોગો અને વાહકજન્ય રોગોની ઉપર ચાંપતી નજર રાખી શકાય તે માટે તેના વધ-ઘટની માહિતી વીકલી એલર્ટમાં પ્રસિધ્ધ કરવામાં આવે છે.<br><br>(૪) રોગચાળાને કંટ્રોલ કરવા માટે રાજ્યના ૨૬ જિલ્લાઓ અને રાજ્યકક્ષાએ રેપીડ રીસ્પોન્સ ટીમની રચના કરી તાલીમ આપવામાં આવેલ છે. જુદી જુદી રેપીડ રીસ્પોન્સ, ટીમ દ્વારા ૨૦૧૦માં ૧૪૫ વખત મુલાકાત લઈ રોગચાળાને નિયંત્રણમાં લેવાની કામગીરી કરવામાં આવેલ છે. |

(૫) ઈન્ટીગ્રેટેડ ડીસીઝ સર્વેલન્સ પ્રોજેક્ટ અંતર્ગત રોગચાળા અટકાયત અને નિયંત્રણની કામગીરી ઝડપી બને તે માટે મેડીકલ કોલેજોના ડોકટર્સ, સામુહિક આરોગ્ય કેન્દ્ર/જનરલ હોસ્પિટલના ડોકટર્સ અને તેમના પેરામેડીકલ સ્ટાફની તાલીમનું આયોજન તમામ જિલ્લાઓમાં કરવામાં આવેલ છે.
(૬) જનસમુદાય પાસેથી માહિતી મેળવી અને સર્વેલન્સની કામગીરી સબ સેન્ટર લેવલથી રોગોનું સર્વેક્ષણ અને રોગચાળાને ઓળખવા અંગેનો એક પ્રોજેક્ટ તાપી જિલ્લાના નિઝર બ્લોકમાં શરૂ કરવામાં આવેલ છે.

--------

**વલસાડ જિલ્લામાં આદિજાતિ વિસ્તારમાં મીની પાણી પુરવઠા યોજના**

૨૧૪૭૭ : **શ્રી રમણલાલ ના.પાટકર (ઉમરગામ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૦-૧૧માં તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં આદિજાતિ વિસ્તારમાં કેટલી મીની પાણી પુરવઠા યોજના મંજૂર કરવામાં આવી, | (૧) ૨૫૦ મીની પાણી પુરવઠા યોજના. |
| (૨) આ પૈકી કેટલી મીની પાણી પુરવઠા યોજના પૂર્ણ કરવામાં આવી, અને | (૨) ૧૫૦ મીની પાણી પુરવઠા યોજના. |
| (૩) તે પાછળ કેટલો ખર્ચ થયો ? | (૩) રૂા. ૪૯૨.૮૬ લાખ. |

--------

**કપડવંજ તાલુકાના પૂર્વ વિસ્તારમાં નવી સિંચાઈ યોજના બનાવવાનું આયોજન**

૨૨૬૫૦ : **શ્રી મણીભાઈ દે.પટેલ (કપડવંજ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ખેડા જિલ્લાના પાણીની તીવ્ર અછતવાળા કપડવંજ તાલુકાના પૂર્વ વિસ્તારમાં નવી સિંચાઈ યોજના બનાવવાનું આયોજન છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા. ૩૧-૦૧-૨૦૧૧ ની સ્થિતિએ યોજનાની કામગીરી ક્યા તતબક્કે છે ? | (૨) મહાદેવપુરા યોજના : યોજનાકીય અહેવાલ તબક્કે<br>મોહર યોજના : શક્યતા અહેવાલ તબક્કે |

--------

**નવસારી જિલ્લાના ટ્રાયબલ એરીયામાં મંજૂર હેન્ડપંપો**

૨૧૪૨૭ : **શ્રી નરેશભાઈ મ. પટેલ (ચીખલી) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૦-૧૧ માં તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ નવસારી જિલ્લામાં ટ્રાયબલ એરીયામાં કેટલા હેન્ડપંપ મંજૂર કરવામાં આવ્યા, | (૧) ૬૫૦. |
| (૨) આ પૈકી કેટલા બોર શારવામાં આવ્યા, અને | (૨) ૬૫૦. |
| (૩) બાકી રહેતા કામો ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી |

--------

**ભરૂચ જિલ્લામાં હીમોફીલીયાના દર્દીઓને સારવાર**

૨૧૩૯૧ : **શ્રી દુષ્યંતભાઈ ર.પટેલ (ભરૂચ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સરકાર હીમોફીલીયાના દર્દીઓ માટે કઈ કઈ આરોગ્ય સેવાઓ પૂરી પાડે છે, અને | (૧) હીમોફીલીયાના દર્દીની સારવારમાં સામાન્ય રીતે સારવાર માટે તાજું લોહી તથા લોહીના ઘટકો |

આપવાની જરૂરીયાત હોય છે, જે સરકારી હોસ્પિટલો દ્વારા આપવામાં આવે છે.

(૨) ભરૂચ જિલ્લામાં તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આ રોગના કેટલા દર્દીઓને સારવાર આપવામાં આવી ?

(૨) ભરૂચ જિલ્લામાં તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આ રોગના એક પણ દર્દીને સારવાર આપવામાં આવેલ નથી.

--------

**વાગરા રેફરલ હોસ્પિટલ અને સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં સંવર્ગવાર મંજૂર મહેકમ**

૨૧૬૦૦ **: શ્રી ઈકબાલ પટેલ (વાગરા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ ભરૂચ જિલ્લાની વાગરા રેફરલ હોસ્પિટલ અને સામૂહિક આરોગ્ય કેન્દ્ર વાગરામાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

(૨) તે અન્વયે કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે,

(૩) આવી ખાલી જગ્યાઓ સત્વરે ન ભરવાના કારણો શાં છે, અને

(૪) કેટલા સમયમાં આ જગ્યાઓ ભરવામાં આવશે ?

**જવાબ**

(૧) વાગરા રેફરલ હોસ્પિટલ અને સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ કુલ-૨૭ જગ્યાઓનું મહેકમ મંજૂર થયેલ છે. તેનું પત્રક-અ સામેલ છે.

(૨) ખાલી જગ્યાનું વિગત દર્શાવતું પત્રક-બ સામેલ છે.

(૩) વર્ગ-૧ અને વર્ગ-૨ની ખાલી જગ્યાઓ માટે જરૂરી લાયકાત ધરાવતા તબીબો ઉપલબ્ધ થતા નથી.
**વર્ગ-૩** માટે સીધી ભરતીથી પસંદગી મંડળ દ્વારા ફાળવણી થાય ત્યારે જગ્યા ભરી શકાય છે.
**વર્ગ-૪**ની ખાલી જગ્યાઓ આઉટ સોર્સીંગથી જરૂરીયાત મુજબ ભરવામાં આવે છે.

(૪) જરૂરી લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી.

**પત્રક-અ**

| અ.નં. | સંવર્ગનું નામ | મંજૂર | ભરેલી | ખાલી | રીમાર્કસ |
|---|---|---|---|---|---|
| ૧ | અધિક્ષક વર્ગ-૧ | ૧ | ૦ | ૧ | |
| ૨ | તબીબી અધિ. | ૩ | ૩ | ૦ | |
| ૩ | સીની. આસી. | ૦ | ૦ | ૦ | એક જગ્યા સી.એચ.સી. જંબૂસર ખાતે તબદીલ થયેલ છે. |
| ૪ | સી. ક્લાર્ક | ૧ | ૦ | ૧ | |
| ૫ | જુ. ફાર્મા | ૧ | ૧ | ૦ | |
| ૬ | લેબ. ટેક. | ૧ | ૧ | ૦ | |
| ૭ | એક્ષરે ટેક. | ૧ | ૦ | ૧ | |
| ૮ | ડ્રાઈવર | ૧ | ૧ | ૦ | |
| ૯ | આપ્થલ્મીક આસી. | ૧ | ૦ | ૧ | |
| ૧૦ | સ્ટાફનર્સ | ૭ | ૭ | ૦ | |
| ૧૧ | ડ્રેસર | ૧ | ૧ | ૦ | |
| ૧૨ | પટાવાળા | ૧ | ૧ | ૦ | |
| ૧૩ | આયા | ૧ | ૧ | ૦ | |
| ૧૪ | વોર્ડ સરવન્ટ | ૨ | ૨ | ૦ | |
| ૧૫ | સ્વીપર | ૧ | ૧ | ૦ | |
| ૧૬ | પાર્ટ વોચમેન | ૨ | ૦ | ૨ | |
| ૧૭ | પાર્ટ. સ્વીપર | ૨ | ૦ | ૨ | |
| | **કુલ** | **૨૭** | **૧૯** | **૮** | |

**પત્રક-બ**

| અ.નં. | સંવર્ગનું નામ | મંજૂર | ભરેલી | ખાલી | ખાલી જગ્યાની તારીખ |
|---|---|---|---|---|---|
| ૧ | અધિક્ષક વર્ગ-૧ | ૧ | ૦ | ૧ | ૧-૧૧-૨૦૧૦ |
| ૨ | સી. ક્લાર્ક | ૧ | ૦ | ૧ | ૧૩-૯-૨૦૦૮ |
| ૩ | એક્ષરે. ટેક | ૧ | ૦ | ૧ | ૨૪-૧-૧૯૯૧ |
| ૪ | આપ્થલ્મીક આસી. | ૧ | ૦ | ૧ | ૭-૧-૨૦૧૦ |
| ૫ | પાર્ટ વોચમેન | ૨ | ૦ | ૨ | ૨૫-૧-૧૯૯૧<br>૧૨-૩-૨૦૦૯ |
| ૬ | પાર્ટ. સ્વીપર | ૨ | ૦ | ૨ | ૨૫-૧-૧૯૯૧ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | | | ૧૨-૩-૨૦૦૯ |
| | કુલ | ૮ | ૦ | ૮ | |

--------

## ગુજરાત ઈન્સ્ટીટ્યુટ ઓફ મેન્ટલ હેલ્થ સાયન્સીઝની સ્થાપના

૨૧૪૦૨ **: શ્રી અનિલભાઈ પટેલ (મહેસાણા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સરકાર ગુજરાત ઈન્સ્ટીટ્યુટ ઓફ મેન્ટલ હેલ્થ સાયન્સીઝની સ્થાપના કરવા માંગે છે તે હકીક્ત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેની વિગતો શી છે, અને | (૨) આ ઈન્સ્ટીટયુટમાં માનસિક અને ન્યુરોલોજીક્લ બિમારીની સઘન તપાસ, સારવાર, માર્ગદર્શન અને સંશોધનની કામગીરી અત્યાધુનિક મેડીક્લ સાધનો અને માનવ સંશાધનોથી થઈ શક્શે. |
| (૩) આ ઈન્સ્ટીટ્યુટમાં કઈ કઈ સેવાઓ ઉપલબ્ધ થશે, અને | (૩) આ ઈન્સ્ટીટ્યુટમાં માનસિક આરોગ્ય, ન્યુરોલોજીક્લ, ન્યુરો સર્જરી તેમજ તેના સંલગ્ન પેરામેડીક્લની સેવાઓ અને અભ્યાસ ઉપલબ્ધ થશે. |
| (૪) આ ઈન્સ્ટીટ્યુટમાં કેવા પ્રકારના અભ્યાસક્રમ શરૂ કરવામાં આવનાર છે ? | (૪) આ ઈન્સ્ટીટ્યુટમાં એમ.ડી. સાયક્યાટ્રી, ડી.એમ. (ન્યુરોલોજી) એમસીએચ (ન્યુરો સર્જરી) પી.એચ.ડી./એમ.ફિલ. ક્લીનીક્લ સાયકોલોજી, સાયક્યાટ્રી સોશ્યલ વર્કર, એમએસી સાયક્યાટ્રી નર્સીંગ, પેશન્ટ કેર એટેન્ડેન્ટ, ઈઈજી ટેક્નીશ્યન, વિગેરે કોર્ષ ઉપલબ્ધ થનાર છે. |

--------

## રાજકોટ જિલ્લાની નગરપાલિકાઓમાં તળાવ બ્યુટીફિકેશન

૨૧૩૪૬ **: ડૉ. ભરતભાઈ બોઘરા (જસદણ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ-૨૦૧૦-૧૧માં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ રાજકોટ જિલ્લાની કેટલી નગરપાલિકાનો તળાવ બ્યુટીફિકેશન માટે સમાવેશ કરવામાં આવ્યો, | (૧) વર્ષ-૨૦૧૦-૧૧માં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ રાજકોટ જિલ્લાની કોઈપણ નગરપાલિકાનો તળાવ બ્યુટીફિકેશન માટે સમાવેશ કરવામાં આવેલ નથી. પરંતુ વર્ષ : ૨૦૦૭-૦૮ માં ગોંડલ અને વર્ષ : ૨૦૦૮-૨૦૦૯માં મોરબી નગરપાલિકાનો તળાવ બ્યુટીફિકેશનમાં સમાવેશ કરવામાં આવેલ હતો. |
| (૨) તે પેકી જસદણ, જેતપુર અને નવાગઢ નગરપાલિકાને તે હેતુ માટે કેટલી ગ્રાન્ટ આપવામાં આવી, અને | (૨) જસદણ અને જેતપુર-નવાગઢ નગરપાલિકાઓનો તળાવ બ્યુટીફિકેશનમાં સમાવેશ થયેલ ન હોઈ, કોઈ ગ્રાન્ટ આપવામાં આવેલ નથી. |
| (૩) તે પાછળ કેટલો ખર્ચ થયેલ છે ? | (૩) કોઈ ખર્ચ થયેલ નથી. |

--------

## સુરત જલ્લામાં ઈ-મમતા કાર્યક્રમ

૨૧૪૦૦ **: શ્રીમતી ભારતીબેન રાઠોડ (કામરેજ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સગર્ભા માતાઓની નોંધણી માટે સરકારે ઈ-મમતા કાર્યક્રમ શરૂ કરેલ છે, તે હકીક્ત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો સુરત જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી સગર્ભા માતાઓની નોંધણી કરવામાં આવી ? | (૨) ઈ-મમતા કાર્યક્રમ એપ્રિલ-૨૦૧૦ થી શરૂ થયેલ હોય તા. ૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ સુરત જિલ્લામાં ૩૭,૨૯૬ સગર્ભામાતાઓની નોંધણી કરવામાં આવી છે. |

--------

**અમરેલી જિલ્લામાં ઈ-મમતા કાર્યક્રમ**

૨૧૩૯૮ **: શ્રી મનસુખભાઈ પાં.ભુવા (ધારી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સગર્ભા માતાઓની નોંધણી માટે સરકારે ઈ-મમતા કાર્યક્રમ શરૂ કરેલ છે, તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો અમરેલી જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી સગર્ભા માતાઓની નોંધણી કરવામાં આવી ? | (૨) ઈ-મમતા કાર્યક્રમ એપ્રિલ-૨૦૧૦ થી શરૂ થયેલ હોય તા. ૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં ૩૦,૪૩૨ સગર્ભામાતાઓની નોંધણી કરવામાં આવી છે. |

--------

**જૂનાગઢ જિલ્લામાં શાળા આરોગ્ય કાર્યક્રમ હેઠળ બાળકોને સારવાર**

૨૧૪૨૦ **: શ્રી ભગવાનભાઈ લા.કરગટીયા (માંગરોળ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જૂનાગઢ જિલ્લામાં શાળા આરોગ્ય કાર્યક્રમ હેઠળ તાલુકાવાર કેટલા બાળકોને, ક્યા ક્યા રોગો માટે સારવાર આપવામાં આવી, અને | (૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જૂનાગઢ જિલ્લામાં શાળા આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત તાલુકાવાર પત્રક-અ માં દર્શાવ્યા મુજબના બાળકોને રોગો માટે સારવાર આપવામાં આવી |
| (૨) તે પેકી કેટલા બાળકોને રેફરલ સારવાર અને તજજ્ઞ સારવાર આપવામાં આવી? | (૨) તે પેકી પત્રક-બ માં દર્શાવ્યા મુજબના સંદર્ભ સેવાપાત્ર મળી આવેલ બાળકોને તજજ્ઞ દ્વારા સારવાર આપવામાં આવેલ છે. |

**પત્રક-અ**

| તાલુકાનું નામ | પાંડુરોગ | આંત્રકૃમિ | દાંતની તકલીફ | આંખની તકલીફ | કાન-નાક-ગળાની તકલીફ | પેટની તકલીફ | ચામડીના રોગ | શરીરની સ્થૂળતા | તમાકુનું સેવન | માનસીક તણાવ | જાતીય રોગો | શ્વસન તંત્રના રોગો | ચેતા તંત્રના રોગો | અસ્થિ તંત્રના રોગો | વિકલાંગતા | અન્ય રોગો | હૃદય રોગો | કીડની રોગો | કેન્સર | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| જુનાગઢ | ૫૬૬૮ | ૧૭૫૭૮ | ૭૩૩ | ૨૫૧૫ | ૪૮૬ | ૭૬૮ | ૪૬૫ | ૨ | ૦ | ૦ | ૦ | ૧૨૭ | ૨૪ | ૨૫ | ૧૧૦ | ૨૬૬૨ | ૧૦૫ | ૨૨ | ૧૩ | ૩૧૩૦૩ |
| માણાવદર | ૧૭૦૧ | ૨૬૦૯ | ૪૬૨ | ૭૯૮ | ૧૨૭ | ૧૮૫ | ૧૭૪ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૮ | ૫ | ૨ | ૨૮ | ૧૮૯૮ | ૪૭ | ૯ | ૧ | ૮૦૬૪ |
| વંથલી | ૧૧૩૩ | ૨૨૬૨ | ૬૧૬ | ૧૧૨૭ | ૨૧૪ | ૨૪૮ | ૧૫૪ | ૦ | ૦ | ૦ | ૦ | ૪ | ૩ | ૨ | ૧૩ | ૨૦૮૨ | ૨૦ | ૫ | ૪ | ૭૮૮૭ |
| કેશોદ | ૫૦૪૫ | ૫૪૨૨ | ૮૭૬ | ૧૦૮૬ | ૫૭૫ | ૪૫૯ | ૪૭૯ | ૦ | ૦ | ૦ | ૦ | ૬૩ | ૩ | ૬ | ૫૨ | ૩૪૬ | ૪૨ | ૨૫ | ૬ | ૧૪૪૮૫ |
| મેંદરડા | ૫૨૯ | ૧૨૦૫ | ૧૫૩ | ૬૫૬ | ૪૯ | ૧૧૪ | ૧૨૮ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૫ | ૪ | ૧૩ | ૬ | ૬૪૪ | ૨૦ | ૧ | ૨ | ૩૫૩૯ |
| માળીયા | ૫૨૩ | ૮૬૩ | ૯૦ | ૨૯૧ | ૧૦૦ | ૭૬ | ૧૨૪ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૪ | ૫ | ૩ | ૫ | ૧૨૮ | ૧૨ | ૨ | ૧ | ૨૨૩૭ |
| માંગરોળ | ૧૧૦૧ | ૧૨૦૯ | ૧૦૯ | ૨૫૮ | ૭૮ | ૪૩ | ૭૬ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૨૪ | ૨૨૫ | ૩૯ | ૬ | ૦ | ૩૧૬૯ |
| વેરાવળ | ૩૯૪૭ | ૪૯૭૫ | ૯૦૦ | ૭૧૮ | ૬૪૩ | ૬૫૪ | ૭૪૮ | ૦ | ૦ | ૦ | ૦ | ૭૫ | ૯ | ૨ | ૩૭ | ૪૨૮૨ | ૫૩ | ૧૫ | ૧૧ | ૧૭૦૬૯ |
| સુત્રાપાડા | ૧૨૩૧ | ૧૪૧૯ | ૨૫૩ | ૪૨૭ | ૨૦૯ | ૨૬૭ | ૧૩૭ | ૦ | ૦ | ૦ | ૦ | ૩૦ | ૦ | ૩ | ૧૩ | ૧૩૩૫ | ૩ | ૨ | ૫ | ૫૩૩૪ |
| કોડીનાર | ૭૬૫ | ૧૨૯૯ | ૩૩૭ | ૨૦૦ | ૧૩૮ | ૨૦૯ | ૨૫૪ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૪૬૮ | ૦ | ૦ | ૦ | ૪૬૭૦ |
| ઉના | ૪૪ | ૨૭૭ | ૪૮ | ૫૮ | ૪૨ | ૩૪ | ૨૯ | ૦ | ૦ | ૦ | ૦ | ૫ | ૧ | ૦ | ૦ | ૪૨ | ૩ | ૮ | ૪ | ૫૯૫ |
| તાલાળા | ૨૦૪૦ | ૨૯૯૫ | ૬૩૮ | ૬૮૫ | ૩૮૯ | ૫૧૦ | ૪૨૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૩૫ | ૧ | ૩ | ૧૩ | ૨૮૪૫ | ૬ | ૧૦ | ૯ | ૧૦૫૯૯ |
| વિસાવદર | ૧૪૮૫ | ૪૯૧૫ | ૭૩૦ | ૧૯૩૮ | ૯૦૦ | ૪૯૭ | ૪૪૬ | ૦ | ૦ | ૦ | ૦ | ૭૦૪ | ૨ | ૧૦ | ૩૫ | ૧૯૮ | ૭ | ૪ | ૪ | ૧૧૮૭૫ |
| ભેંસાણ | ૨૦૩૭ | ૪૭૨૦ | ૭૯૮ | ૧૬૭૨ | ૭૬૩ | ૩૬૯ | ૭૩૩ | ૦ | ૦ | ૦ | ૦ | ૬૫૧ | ૬૦ | ૧ | ૯૧ | ૩૭૮ | ૩૭ | ૫ | ૧ | ૧૨૩૧૬ |
| જુનાગઢ કોર્પોરેશન | ૧૫૬૧ | ૧૩૨૬ | ૪૧૫ | ૧૦૫૬ | ૮૯૨ | ૪૯૧ | ૩૦૭ | ૭ | ૩ | ૭ | ૨ | ૧૯૦ | ૮૦ | ૨૭ | ૨૯ | ૧૫૮૬ | ૭ | ૩ | ૦ | ૭૯૮૯ |
| કુલ : | **૨૮૮૧૦** | **૫૩૦૭૪** | **૭૧૫૮** | **૧૩૪૮૫** | **૫૬૦૫** | **૪૯૨૪** | **૪૬૭૪** | **૯** | **૩** | **૭** | **૨** | **૧૯૩૨** | **૧૯૭** | **૯૭** | **૪૫૬** | **૨૦૧૧૯** | **૪૦૧** | **૧૧૭** | **૬૧** | **૧૪૧૧૩૧** |

**પત્રક-બ**

| તાલુકાનું નામ | બાળરોગ નિષ્ણાત | આંખરોગ નિષ્ણાત | દાંતરોગ નિષ્ણાત | ચામડીના રોગના નિષ્ણાત | કાન,નાક,ગળા ના નિષ્ણાત | અન્ય રોગ | સંદર્ભસેવા આપેલ કુલ બાળકો |
|---|---|---|---|---|---|---|---|
| જુનાગઢ | ૧૯૯ | ૭૮૧ | ૧૬ | ૪૮ | ૩૯ | ૩૦ | ૧૧૧૩ |
| માણાવદર | ૧૦૪ | ૪૫૧ | ૧ | ૧૦ | ૧૩ | ૧૦ | ૫૮૯ |
| વંથલી | ૬૪ | ૫૩૯ | ૧૧ | ૨૨ | ૨૨ | ૧૨ | ૬૭૦ |
| કેશોદ | ૧૨૮ | ૩૪૩ | ૦ | ૧૬ | ૨૦ | ૫ | ૫૧૨ |
| મેંદરડા | ૧૯૯ | ૯૯ | ૧૧ | ૪૦ | ૩૨ | ૧૮ | ૩૯૯ |
| માળીયા | ૧૦૧ | ૧૮૧ | ૭ | ૧૦ | ૧૨ | ૯ | ૩૨૦ |
| માંગરોળ | ૧૬૪ | ૧૨૮ | ૩૨ | ૩૩ | ૩૮ | ૮ | ૪૦૩ |
| વેરાવળ | ૮૪ | ૧૨ | ૭ | ૧૯ | ૨૩ | ૧૧ | ૧૫૬ |

| તાલુકાનું નામ | બાળરોગ નિષ્ણાત | આંખરોગ નિષ્ણાત | દાંતરોગ નિષ્ણાત | ચામડીના રોગના નિષ્ણાત | કાન,નાક,ગળા ના નિષ્ણાત | અન્ય રોગ | સંદર્ભસેવા આપેલ કુલ બાળકો |
|---|---|---|---|---|---|---|---|
| સુત્રાપાડા | ૭૨ | ૧૪૬ | ૯ | ૮ | ૨૪ | ૫ | ૨૬૪ |
| કોડીનાર | ૧૯૩ | ૭૫૧ | ૨૦ | ૨૪ | ૪૨ | ૧૯ | ૧૦૪૯ |
| ઉના | ૨૯૩ | ૧૦૫૬ | ૭૯ | ૯૪ | ૯૪ | ૪૩ | ૧૬૫૨ |
| તાલાળા | ૬૧ | ૬ | ૦ | ૧૭ | ૧૨ | ૮ | ૧૦૪ |
| વિસાવદર | ૧૭૮ | ૩૩૩ | ૪ | ૧૭ | ૩૦ | ૨૧ | ૫૮૩ |
| ભેંસાણ | ૧૭ | ૩૬ | ૩ | ૨ | ૪ | ૨ | ૬૪ |
| જુનાગઢ કોર્પોરેશન | ૯૧ | ૧૦૪ | ૪૪ | ૩૭ | ૩૧ | ૦ | ૩૦૭ |
| **કુલ :** | **૧૯૪૮** | **૪૯૬૬** | **૨૪૪** | **૩૯૭** | **૪૩૬** | **૨૦૧** | **૮૧૮૫** |

------------

## દાહોદ તથા ઝાલોદ તાલુકામાં નાની સિંચાઈ માટે ફાળવેલ ગ્રાન્ટ

૨૨૬૧૧ **: શ્રી બચુભાઈ કિશોરી (લીમડી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૩-૧૦ની સ્થિતિએ દાહોદ તથા ઝાલોદ તાલુકામાં નાની સિંચાઈ ખાતાને છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી, આ ગ્રાન્ટ પેકી કેટલી ગ્રાન્ટનો ક્યા કામો માટે કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૨) ઉપરોક્ત સ્થિતિએ કેટલી ગ્રાન્ટ વણવપરાયેલી રહી છે?

**જવાબ**

(૧) અને (૨) : રાજ્ય સરકાર દ્વારા સિંચાઈ વિભાગ મારફતે કામની જરૂરીયાત અનુસાર અને બજેટની મર્યાદામાં જિલ્લાવાર નાણાંકીય અનુદાન ફાળવવામાં આવે છે. તેમાં તાલુકાવાર કોઈ ફાળવણી કરવામાં આવતી નથી. દાહોદ જિલ્લાના દાહોદ અને ઝાલોદ તાલુકામાં તા.૩૧-૩-૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કુલ રૂ.૧૫૦.૪૬ લાખનો ખર્ચ થયેલ છે અને કામવાર ખર્ચની વિગતો સામેલ પત્રક-૧ મુજબ છે.

**પત્રક-૧**

| અ.નં. | તાલુકો | કામનું નામ | ખર્ચ રૂ.લાખમાં | કામની સ્થિતિ |
|---|---|---|---|---|
| સ્પે.રીપેર્સ | | | | |
| ૧ | દાહોદ | સ્પે.રીપેર્સ ટુ ભાટીવાડા સિંચાઈ તળાવ | ૫.૧૩ | પૂર્ણ |
| ૨ | દાહોદ | સ્પે.રીપેર્સ ટુ કતવારા સિંચાઈ તળાવ | ૩.૪૨ | પૂર્ણ |
| ૩ | દાહોદ | સ્પે.રીપેર્સ ટુ ગડોઈ સિંચાઈ તળાવ | ૩.૮૩ | પૂર્ણ |
| સેફ સ્ટેજ | | | | |
| ૪ | દાહોદ | સેફ સ્ટેજ વર્કસ ટુ વાંકીયા નિશાળ ફળીયા વિલેજ ટેન્ક | ૯.૦૮ | ભોતિક પૂર્ણ |
| ૫ | દાહોદ | સેફ સ્ટેજ વર્કસ ટુ ખરોડા કાકરી ડુંગરી વિલેજ ટેન્ક | ૩.૫૭ | પૂર્ણ |
| ૬ | દાહોદ | સેફ સ્ટેજ વર્કસ ટુ કઠલા પરમાર વિલેજ ટેન્ક | ૧.૬૯ | પૂર્ણ |
| એફ ડી આર ટુ ચેકડેમ | | | | |
| ૭ | દાહોદ | એફ.ડી.આર.ટુ આગાવાડા ચેકડેમ | ૦.૪૬ | પૂર્ણ |
| ૮ | દાહોદ | એફ.ડી.આર.ટુ વિજાગઢ ચેકડેમ | ૦.૬૪ | પૂર્ણ |
| ૯ | દાહોદ | એફ.ડી.આર.ટુ લીલર ચેકડેમ | ૦.૮૧ | પૂર્ણ |
| ૧૦ | દાહોદ | એફ.ડી.આર.ટુ કઠલા (ડામરા) ચેકડેમ | ૨.૧૫ | પૂર્ણ |
| ૧૧ | દાહોદ | એફ.ડી.આર.ટુ ચોસાલા ચેકડેમ નં. ૧ | ૩.૮૩ | ભોતિક પૂર્ણ |
| ૧૨ | દાહોદ | એફ.ડી.આર.ટુ ચોસાલા ચેકડેમ નં. ૨ | | ભોતિક પૂર્ણ |
| ૧૩ | દાહોદ | એફ.ડી.આર.ટુ રળીયાતી ચેકડેમ | ૧.૬૯ | ભોતિક પૂર્ણ |
| ૧૪ | દાહોદ | એફ.ડી.આર.ટુ બાવકા ચેકડેમ | ૩.૦૭ | ભોતિક પૂર્ણ |
| ૧૫ | દાહોદ | એફ.ડી.આર.ટુ મુવાલીયા ચેકડેમ | ૬.૦૪ | ભોતિક પૂર્ણ |
| ૧૬ | દાહોદ | એફ.ડી.આર.ટુ કતવારા ચેકડેમ | ૦.૮૬ | ભોતિક પૂર્ણ |
| ૧૭ | દાહોદ | એફ.ડી.આર.ટુ કોટડાખુર્દ ચેકડેમ | ૧.૪૭ | ભોતિક પૂર્ણ |
| એસી-ટીસી સુધારણા | | | | |
| ૧૮ | દાહોદ | ઈમ્પ્રુવમેન્ટ ટુ એ.સી./ટી.સી. ચોસાલા એમ.આઈ.ટેન્ક | ૪.૫૦ | પૂર્ણ |
| ઈ.આર.એમ. | | | | |
| ૧૯ | દાહોદ | એક્સટેન્સન, રીનોવેશન એન્ડ મોડર્નાઈઝેશન ટુ ગડોઈ એમ.આઈ.ટેન્ક | ૫.૯૯ | ભોતિક પૂર્ણ |
| | | **દાહોદ તાલુકાનું કુલ :** | **૫૮.૨૩** | |
| સ્પે. રીપેર્સ | | | | |
| ૧ | ઝાલોદ | ફ્લડ ડેમેજ રીપેર્સ ટુ થાળા એમ.આઈ.ટેન્ક | ૧૭.૫૮ | ભોતિક પૂર્ણ |
| ૨ | ઝાલોદ | ફ્લડ ડેમેજ રીપેર્સ ટુ સુથારવાસા એમ.આઈ.ટેન્ક | ૫.૦૫ | પ્રગતિમાં |
| ૩ | ઝાલોદ | સ્પે.રીપેર્સ ટુ કાળીયાહિલ સિંચાઈ તળાવ | ૭.૯૩ | પૂર્ણ |
| ૪ | ઝાલોદ | સ્પે.રીપેર્સ ટુ દેવજીની સરસવાણી સિંચાઈ તળાવ | ૪.૯૧ | પૂર્ણ |
| ૫ | ઝાલોદ | સ્પે.રીપેર્સ ટુ કારઠ વાંગીવડ સિંચાઈ તળાવ | ૬.૧૩ | ભોતિક પૂર્ણ |
| સેફ સ્ટેજ | | | | |
| ૬ | ઝાલોદ | સેફ સ્ટેજ વર્કસ ટુ રુપાખેડા ક્રિષ્ણા વિલેજ ટેન્ક | ૫.૨૧ | ભોતિક પૂર્ણ |
| નવીન ચેકવોલ | | | | |
| ૭ | ઝાલોદ | હિરોલા (રંગલી ઘાટી) ગામે નવીન ચેકવોલ નં. ૯ બનાવવાનું કામ | ૨.૨૫ | ભોતિક પૂર્ણ |
| ૮ | ઝાલોદ | હિરોલા ગામે નવીન ચેકવોલ નં. ૧૦ બનાવવાનું કામ | | ભોતિક પૂર્ણ |
| ૯ | ઝાલોદ | હિરોલા ગામે નવીન ચેકવોલ નં. ૧૧ બનાવવાનું કામ | | ભોતિક પૂર્ણ |
| ૧૦ | ઝાલોદ | હિરોલા તાલુકા ચેકવોલ પેકેજ ૨૦૦૯-૧૦ | ૦.૩૭ | ભોતિક પૂર્ણ |

| અ.નં. | તાલુકો | કામનું નામ | ખર્ચ રૂ.લાખમાં | કામની સ્થિતિ |
|---|---|---|---|---|
| એસી-ટીસી સુધારણા | | | | |
| ૧૧ | ઝાલોદ | ઈમ્પ્રુવમેન્ટ ટુ એ.સી./ટી.સી. ટુ સારમારીયા એમ.આઈ.ટેન્ક | ૭.૪૦ | પૂર્ણ |
| એફ ડી આર ટુ ચેકડેમ | | | | |
| ૧૨ | ઝાલોદ | એફ.ડી.આર.ટુ વરોડ જટાવા ફળીયા ચેકડેમ | ૧.૩૫ | પૂર્ણ |
| ૧૩ | ઝાલોદ | એફ.ડી.આર.ટુ ડુંગરી ગાંગી ચેકડેમ | ૦.૬૦ | પૂર્ણ |
| ૧૪ | ઝાલોદ | એફ.ડી.આર.ટુ સુથારવાસા ચેકડેમ | ૧.૪૨ | પૂર્ણ |
| ૧૫ | ઝાલોદ | એફ.ડી.આર.ટુ પીપલીયા ચેકડેમ | ૦.૬૮ | પૂર્ણ |
| ૧૬ | ઝાલોદ | એફ.ડી.આર.ટુ આંબા ચેકડેમ | ૧.૬૪ | પૂર્ણ |
| ૧૭ | ઝાલોદ | એફ.ડી.આર.ટુ લીમડી ખૂટનખેડા ચેકડેમ | ૬.૦૫ | પૂર્ણ |
| ૧૮ | ઝાલોદ | એફ.ડી.આર.ટુ નાની હાંડી ચેકડેમ | ૧.૩૦ | પૂર્ણ |
| ૧૯ | ઝાલોદ | એફ.ડી.આર.ટુ કારઠ ચેકડેમ નં. ૧ | ૨.૮૪ | પૂર્ણ |
| ૨૦ | ઝાલોદ | એફ.ડી.આર.ટુ રળીયાતીભુરા ચેકડેમ | ૨.૧૪ | પૂર્ણ |
| ૨૧ | ઝાલોદ | એફ.ડી.આર.ટુ કારઠ ચેકડેમ નં. ૨ | ૪.૬૫ | ભોતિક પૂર્ણ |
| ૨૨ | ઝાલોદ | એફ.ડી.આર.ટુ કારઠ ચેકડેમ નં. ૩ | ૩.૬૬ | ભોતિક પૂર્ણ |
| ૨૩ | ઝાલોદ | એફ.ડી.આર.ટુ કાલીગામ ચેકડેમ | ૫.૨૬ | પૂર્ણ |
| ૨૪ | ઝાલોદ | એફ.ડી.આર.ટુ કાલીગામ ચેકડેમ | ૧.૦૨ | પૂર્ણ |
| ૨૫ | ઝાલોદ | એફ.ડી.આર.ટુ ખુટનખેડા ચેકડેમ | ૦.૧૮ | પૂર્ણ |
| ઈ.આર.એમ. | | | | |
| ૨૬ | ઝાલોદ | એક્સટેન્સન, રીનોવેશન એન્ડ મોડર્નાઈઝેશન ટુ મલવાસી એમ.આઈ.ટેન્ક | ૨.૬૧ | ભોતિક પૂર્ણ |
| | | **ઝાલોદ તાલુકાનું કુલ :** | **૯૨.૨૩** | |
| | | **દાહોદ, ઝાલોદ તાલુકાનું કુલ :** | **૧૫૦.૪૬** | |

--------

## કડી તાલુકાના ગામોને નર્મદાનું પીવાનું પાણી આપવા યોજના

૨૧૪૨૪ **: શ્રીમતી જ્યોત્સનાબેન પટેલ (આણંદ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કડી તાલુકાના કેટલા ગામોને પીવા માટે નર્મદાનું પાણી પૂરૂં પાડતી યોજનામાં આવરી લેવાયા છે, અને

(૨) આ પેકી કેટલા ગામોને પીવા માટે નર્મદાનું પાણી પૂરૂં પાડવામાં આવે છે?

**જવાબ**

(૧) તમામ ૧૧૯ ગામોને.

(૨) ૧૧૯ ગામો પેકી ૬૪ ગામો નર્મદાનું પાણી મેળવે છે. ૫૫ ગામો હાલમાં સ્વતંત્ર બોર આધારિત યોજનામાંથી પાણી મેળવતા હોઈ સ્વેચ્છિક રીતે નર્મદાનું પાણી લેતા નથી.

## ભાવનગર જિલ્લાના સરકારી દવાખાનાઓમાં વર્ગ-૧ અને વર્ગ-૨ના ડોકટરોનું મંજૂર મહેકમ

૨૧૯૪૮ **: શ્રી ડૉ. કનુભાઈ કલસરીયા (મહુવા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ ભાવનગર જિલ્લાના સરકારી દવાખાનાઓમાં વર્ગ-૧ અને વર્ગ-૨ ના કેટલા ડોકટરોની જ્ગ્યાઓ તાલુકાવાર મંજૂર થયેલ છે,

(૨) તે પેકી ઉક્ત સ્થિતિએ કેટલી જ્ગ્યાઓ તાલુકાવાર ભરાયેલી છે, અને કેટલી જ્ગ્યાઓ ખાલી છે, અને

**જવાબ**

(૧) ભાવનગર જિલ્લામાં સામૂહિક આરોગ્ય કેન્દ્રો/ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ખાતે ડોકટર વર્ગ-૧ની કુલ -૨૫ જ્ગ્યાઓ તથા વર્ગ-૨ની કુલ-૯૮ જ્ગ્યાઓનું મહેકમ મંજૂર થયેલ છે. સામૂહિક આરોગ્ય કેન્દ્રોની મહેકમની માહિતી પત્રક-અ તથા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની માહિતી પત્રક-બ માં સામેલ છે.

(૨) સામૂહિક આરોગ્ય કેન્દ્રો ખાતે વર્ગ-૧ અને વર્ગ-૨ની ભરાયેલ અને ખાલી જ્ગ્યાનું પત્રક-ક અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ખાતે વર્ગ-૨ની ભરાયેલ અને ખાલી જ્ગ્યાનું પત્રક-ડ સામેલ છે.

(૩) આ ખાલી જ્ગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

(૩) જરૂરી લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)

--------

**પાટણ તાલુકાના ગામોને નર્મદાનું પીવાનું પાણી પૂરૂ પાડવા યોજના**

૨૧૪૨૫ **: શ્રી રજનીકાન્ત સો.પટેલ (ચાણસ્મા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પાટણ તાલુકાના ગામોને પીવા માટે નર્મદાનું પાણી પૂરૂં પાડવા અંગે કોઈ યોજના તેયાર કરવામાં આવી છે કે કેમ,

(૨) જો હા, તો તે યોજનામાં કેટલા ગામોનો સમાવેશ થયેલો છે, અને

(૩) તે પેકી કેટલા ગામોને પાણી પૂરૂં પાડવામાં આવે છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ૬૩ ગામો.

(૩) ૫૦ ગામોને જૂથ પાણી પુરવઠા યોજનામાંથી પાણી આપવામાં આવે છે અને ૧૩ ગામોએ સ્વતંત્ર બોર આધારિત યોજના ચાલુ હોવાથી સ્વેચ્છિક રીતે પાણી લેતા નથી.

--------

**કાકડકોપર ગામે મંજૂર લીફ્ટ ઇરીગેશન યોજના ભાગ-૧ અને ૩ની કામગીરી**

૨૨૬૫૪ **: શ્રી જીતુભાઈ ચૌધરી (મોટા પોંઢા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ વલસાડ જિલ્લાના કપરાડા તાલુકાની કાકડકોપર ગામે મંજૂર કરેલ લીફ્ટ ઈરીગેશન યોજના ભાગ-૧ અને ભાગ-૩ની કાયવાહી ક્યા તબક્કે છે,

(૨) કેટલા સમયમાં શરૂ કરવામાં આવશે, અને

(૩) તે અન્વયે અંદાજિત ખર્ચ કેટલો થશે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ વલસાડ જિલ્લાના કપરાડા તાલુકાની કાકડકોપર ગામની લીફ્ટ ઈરીગેશન યોજના ભાગ-૧ અને ભાગ-૩ને વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. હાલમાં યોજનાના પિયત વિસ્તારનું વિગતવાર સર્વેક્ષણ હાથ પર લેવામાં આવેલ છે.

(૨) યોજનાનું વિગરવાર સર્વેક્ષણ અને આલેખન પુરૂ થયા બાદ, અનુદાનની ઉપલબ્ધિ અનુસાર કામ હાથ ઉપર લેવામાં આવશે.

(૩) યોજના ભાગ-૧ માટે પ્રાથમિક રીતે રૂા.૨.૬૩ કરોડ લાખ અને યોજના ભાગ-૩ માટે પ્રાથમિક રીતે રૂા.૩.૦૭ કરોડનો અંદાજિત ખર્ચ થવાની શક્યતા છે.

--------

**ખેડા જિલ્લામાં સબ કેનાલોના રીપેરીંગ અંગે**

૨૧૫૯૩ **: શ્રી રામસિંહ પરમાર (ઠાસરા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ ખેડા જિલ્લામાં સિંચાઈ માટે સબ કેનાલો કરેલ છે તે કેનાલો રીપેરીંગ ન થવાને કારણે સિંચાઈ થઈ શકતી નથી તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો આ કેનાલો સમયસર રીપેર નહીં કરવાના કારણો શાં છે ,અને

(૩) કેટલા સમયમાં તે કેનાલો રીપેર કરવામાં આવશે ?

**જવાબ**

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

## કચ્છ જિલ્લામાં ડાર્કઝોન તાલુકા

૨૨૪૮૧ **: શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી (અબડાસા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં ક્યા ક્યા તાલુકાઓમાં ડાર્કઝોન અમલમાં છે,

(૨) આ ડાર્કઝોન ઉઠાવી શકાય તે માટે સરકારે કોઈ આયોજન કર્યુ છે, અને

(૩) જો હા, તો ક્યા પ્રકારનું આયોજન કર્યું છે ?

**જવાબ**

(૧), (૨) અને (૩) નામદાર સુપ્રિમ કોર્ટ અને કેન્દ્ર સરકારની સૂચના અન્વયે નર્મદા, જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગના ઠરાવ ક્રમાંક જીડબ્યુઆર-૨૦૦૩-૧૪-જ-૧, તા.૧૬-૧૨-૨૦૦૩ અન્વયે કચ્છ જિલ્લાના (અંજાર, (૨) માંડવી, (૩) ભચાઉ અને (૪) રાપર તાલુકા ડાર્કઝોનમાં છે.

જે વિસ્તારમાં ભૂગર્ભ જળ રિચાર્જના પ્રમાણમાં ખેંચાણ વધારે હોય અને ડાર્કઝોન અમલી બનતો હોય ત્યાં ભૂગર્ભ જળ રીચાર્જ માટે ચેકડેમ, તળાવો ઊંડા કરી વરસાદી પાણીનો સંચય કરવો, ચેકડેમ ઊંડા કરવા જેવા જળસંચયના કામોને પ્રાધાન્યતા આપી કામગીરી કરવામાં આવે છે.

આવા વિસ્તારોમાં જ્યારે સાતત્યપૂર્ણ રીતે ભૂગર્ભ જળના સ્તરમાં સારા પ્રમાણમાં સુધારો નોંધાય ત્યારે ભારત સરકારે આપેલ માર્ગદર્શક સૂચનાઓ અનુસાર વર્ગીકરણની કાર્યવાહી કરવામાં આવે છે.

--------

## ધોળાવીરા ખાતે પ્રવાસીઓની સુવિધા માટે ખર્ચ

૨૨૬૩૮ **: શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કચ્છ જિલ્લામાં ભચાઉ તાલુકામાં ધોળાવીરામાં હડપ્પા સંસ્કૃત્તિના સ્થાપત્ય જોવા આવનાર પ્રવાસીઓની સગવડ માટે રાજ્ય સરકાર દ્વારા કઈ કઈ સુવિધા માટે કેટલું ખર્ચ કરવામાં આવ્યું, અને

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કચ્છ જિલ્લામાં ભચાઉ તાલુકામાં ધોળાવીરામાં હડપ્પા સંસ્કૃત્તિના સ્થાપત્ય જોવા આવનાર પ્રવાસીઓની સગવડ માટે રાજ્ય સરકાર દ્વારા નીચે મુજબની સુવિધાઓ અને ખર્ચ કરવામાં આવેલ છે.

(અ) **વર્ષ ૨૦૦૭-૦૮ :** પ્રવાસન ગ્રાન્ટમાંથી

૧ ફોસીલ્સ પાર્કને ફરતે કાંટાળી વાડ માટે રૂપિયા ૨.૦૦ લાખનો ખર્ચ થયેલ છે.

૨ ઈન્ટરપ્રીટેશન સેન્ટર માટે રૂપિયા ૩.૫૦ લાખનો ખર્ચ થયેલ છે.

૩ ઈન્ટરપ્રીટેશન સેન્ટર ખાતે ટોયલેટ બ્લોકની વ્યવસ્થા માટે રૂપિયા ૨.૦૦ લાખનો ખર્ચ થયેલ છે.

૪ ઈન્ટરપ્રીટેશન સેન્ટર ખાતે લાઈટીંગનું કામ માટે રૂપિયા ૦.૪૮ લાખનો ખર્ચ થયેલ છે.

૫ ઈન્ટરપ્રીટેશન સેન્ટર ખાતે બગીચો બનાવવાના કામ માટે રૂપિયા ૦.૫૦ લાખનો ખર્ચ થયેલ છે.

૬ ઈન્ટરપ્રીટેશન સેન્ટર ખાતેના બગીચાની વાયર ફેન્સીંગના કામ માટે રૂપિયા ૧.૫૦ લાખનો ખર્ચ થયેલ છે.

(બ) **વર્ષ ૨૦૦૮-૦૯ :** સરહદી વિસ્તાર વિકાસ કાર્યક્રમ હેઠળ

૧ ઓપનએર થીયેટરની કામગીરી

૨ ધોળાવીરા ગામે બસસ્ટેન્ડ માટે રૂપિયા ૧.૫૧ લાખનો ખર્ચ થયેલ છે.

૩ ધોળાવીરા ખાતે સોલર લાઈટના કામ માટે રૂપિયા

૬.૭૧ લાખનો ખર્ચ થયેલ છે.

(ક) **વર્ષ ૨૦૧૦-૧૧** સરહદી વિસ્તાર વિકાસ કાર્યક્રમ હેઠળ અને જિલ્લા કલેકટરશ્રીની ગ્રાન્ટમાંથી

૧ ધોળાવીરા ખાતે ડાઈનીંગ હોલ અને રીક્ષીએશન રૂમ, સોલારલાઇટ, વૃક્ષારોપણ તથા ગાર્ડનીંગ અને લેન્ડસ્કેપીંગ અને કાચા ભુંગાનું કામ માટે રૂપિયા ૧૨-૦૦ લાખનો ખર્ચ થયેલ છે.

૨ વાઈડીંગ ટુ લેનફોર ધોળાવીરા રોડ ટુ કોટડા ટીમ્બા રોડ (સ્થાપત્ય સાઈટ) માટે રૂપિયા ૧૫.૭૩ લાખનો ખર્ચ થયેલ છે. આમ કુલ રૂપિયા ૪૫.૯૩ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

(૨) રાજ્ય સરકાર પાસેથી મળેલ અનુદાનની રકમ આ વર્ષોમાં ખર્ચ કરવાના આયોજન અનુસાર ઉક્ત સ્થિતિએ વર્ષવાર કેટલું ખર્ચ કરવામાં આવ્યું ?

(૨) ઉપરોક્ત વિગતે વર્ષવાર નીચે મુજબ ખર્ચ કરવામાં આવેલ છે.

(અ) વર્ષ ૨૦૦૭-૦૮ રૂપિયા ૯.૯૮ લાખ

(બ) વર્ષ ૨૦૦૮-૦૯ રૂપિયા ૮.૨૨ લાખ

(ક) વર્ષ ૨૦૧૦-૧૧ રૂપિયા ૨૭.૭૩ લાખ.

## બાજપાઈ નગર વિકાસ યોજના હેઠળ ધંધુકા અને બરવાળા નગરપાલિકાને ગ્રાન્ટ

૨૨૦૮૮ **: શ્રી રણછોડભાઈ ક.મેર (ધંધૂકા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બાજપાઈ નગર વિકાસ યોજના હેઠળ ધંધુકા તથા બરવાળા નગરપાલિકાને કેટલી રકમ ફાળવી, ક્યા-ક્યા કામો હાથ ધરવામાં આવ્યા અને કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બાજપાઈ નગર વિકાસ યોજના હેઠળ ધંધુકા તથા બરવાળા નગરપાલિકાઓને ફાળવવામાં આવેલ ગ્રાન્ટ, હાથ ધરવામાં આવેલ કામો અને ખર્ચની વિગત નીચે મુજબ છે.

| નગરપાલિકાનું નામ | તા.૧-૧-૦૯ થી ૩૧-૧૨-૧૦ દરમ્યાન | | |
|---|---|---|---|
| | ફાળવેલ ગ્રાન્ટ ₹ લાખમાં | કામની વિગત | ખર્ચ |
| ૧ | ૨ | ૩ | ૩ |
| ધંધુકા | ૧૨.૭૫ | રસ્તાના ૨ કામ, નાળાનું ૧ કામ, ગટરનું કામ, પાણીની પાઈપલાઈનનું કામ | ખર્ચ થયેલ નથી. |
| બરવાળા | ૫૬.૫૬ | રસ્તાના ૧૬ કામો | પૂરેપૂરો ખર્ચ થયેલ છે. |

## સાબરકાંઠા જિલ્લામાં બનાવેલ જૂથ પાણી પુરવઠા યોજના

૨૨૬૯૭ **: શ્રી અશ્વિન કોટવાલ (ખેડબ્રહ્મા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લામાં તા.૩૧-૧૨-૧૦ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કુલ કેટલી જૂથ પાણી પુરવઠા યોજના બનાવવામાં આવી,

(૨) તેમાં કુલ કેટલા ગામોનો સમાવેશ કરવામાં આવેલ, અને

(૩) તે પૈકી કેટલા ગામોને ઉક્ત સ્થિતિએ પાણી પુરૂં પાડવામાં આવે છે ?

**જવાબ**

(૧) ૬ (છ) જૂથ પાણી પુરવઠા યોજના બનાવવામાં આવી.

(૨) ૭૦૫ ગામ અને ૩ શહેર.

(૩) ૩ (ત્રણ) યોજના ટેન્ડરના તબક્કે અને ૩ (ત્રણ) યોજના મંજૂરીના તબક્કે છે.

--------

## ઉમરેઠ અને ઓડ સી.એચ.સી. ને ગ્રાન્ટ

૨૧૯૭૬ **: શ્રી લાલસિંહ વડોદિયા (ઉમરેઠ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આણંદ જિલ્લાના ઉમરેઠ અને ઓડ ગામે આવેલ સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં કેટલા દર્દીઓએ સારવાર લીધી અને તેમાં બહારના કેટલા દર્દીઓ અને અંદરના કેટલા દર્દીઓ હતા, અને

(૨) ઉક્ત બંને સામૂહિક આરોગ્ય કેન્દ્ર માટે અનુક્રમે કેટલી ગ્રાન્ટ દવાઓ માટે આપવામાં આવી અને તે પૈકી કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આણંદ જિલ્લામાં ઉમરેઠ અને ઓડ ગામે આવેલ સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં નીચે જણાવ્યા મુજબ દર્દીઓએ સારવાર લીધેલ છે.

| ક્રમ | સા.આ. કેન્દ્ર | બહારના દર્દીઓ | અંદરના દર્દીઓ | કુલ દર્દીઓ |
|---|---|---|---|---|
| ૧ | ઉમરેઠ | ૩૪૪૩૨ | ૫૫૩૫ | ૩૯૯૬૭ |
| ૨ | ઓડ | ૩૩૭૪૩ | ૭૦૭૨ | ૪૦૮૧૫ |

(૨) આ બંને સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં દવાઓની ગ્રાન્ટ તેમજ તેની સામે થયેલ ખર્ચની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | સા.આ. કેન્દ્ર | કુલ ફાળવેલ ગ્રાન્ટ | તેની સામે થયેલ ખર્ચ |
|---|---|---|---|
| ૧ | ઉમરેઠ | રૂ.૨,૨૫,૦૦૦ | રૂ.૨,૦૯,૬૩૦ |
| ૨ | ઓડ | રૂ.૨,૨૫,૦૦૦ | રૂ.૧,૮૪,૮૧૯ |

--------

## યુ.એન.મહેતા ઈન્સ્ટીટયુટ ઓફ કાર્ડીયોલોજીમાં ઉપલબ્ધ સેવાઓ

૨૨૪૧૪ **: શ્રી ભૂષણભાઈ ભટ (ખાડીયા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) યુ.એન.મહેતા ઈન્સ્ટીટયુટ ઓફ કાર્ડીયોલોજી અમદાવાદમાં ક્યા ક્યા પ્રકારની સેવાઓ ઉપલબ્ધ છે,

(૨) આ ઈન્સ્ટીટયુટને વર્ષ ૨૦૦૮-૦૯, ૨૦૦૯-૨૦૧૦, ૨૦૧૦-૨૦૧૧માં તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ રાજ્ય સરકારે વર્ષવાર કેટલી ગ્રાન્ટ આપી, અને

(૩) આ ઈન્સ્ટીટયુટમાં ઉક્ત સમયગાળા દરમ્યાન કેટલા આઉટડોર અને ઈન્ડોર પેશન્ટને સારવાર આપવામાં આવી ?

**જવાબ**

(૧) યુ.એન.મહેતા ઈન્સ્ટીટયુટ ઓફ કાર્ડીયોલોજી, અમદાવાદ ખાતે હ્રદયરોગના દર્દીઓ માટે તમામ પ્રકારની કાર્ડીયાક સેવાઓ.

- ઈ.સી.જી., ઈકો, પેથોલોજી, ટીએમટીની સેવા.
- એન્જીયોગ્રાફી, એન્જીયોપ્લાસ્ટી વીથ સ્ટેન્ટ, પેસમેકર, બલૂન વાલ્વ રીપ્લેસમેન્ટ તથા બાયપાસ સર્જરી.
- બાળકો માટે હ્રદયરોગના ઓપરેશન એએસડી, વીએસડી, એમસીઆર, એવીઆર સેવાઓ.
- હાર્ટએટેક્ના દર્દીની ચોવીસ કલાક સુધી કોઈપણ પ્રકારનું ચૂક્વણું લીધા સિવાયની સઘન સારવાર.
- આઈસીસીયુ અને એમઆઈસીયુની સુવિધા તેમજ.
- ચોવીસ કલાક ઉપલબ્ધ આઈસીસીયુ મોબાઈલવાન સેવાઓ ઉપલબ્ધ છે.

(૨) આ ઈન્સ્ટીટયુટને વર્ષ ૨૦૦૮-૦૯, ૨૦૦૯-૨૦૧૦, ૨૦૧૦-૨૦૧૧ માં તા.૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ રાજ્ય સરકારે વર્ષવાર ફાળવેલ ગ્રાન્ટ નીચે મુજબ છે.

| વર્ષ | કુલ ગ્રાન્ટ (રૂપિયા કરોડમાં) |
|---|---|
| ૨૦૦૮-૨૦૦૯ | ૩૩.૩૬ |
| ૨૦૦૯-૨૦૧૦ | ૫૫.૫૮ |
| ૨૦૧૦-૨૦૧૧ (તા.૩૧-૧૨-૨૦૧૦ સુધી) | ૪૮.૪૬ |
| **કુલ :** | **૧૩૭.૪૦** |

(૩)

| વર્ષ | ઈન્ડોર પેશન્ટ | આઉટડોર પેશન્ટ |
|---|---|---|
| ૨૦૦૮-૨૦૦૯ | ૧૦૮૪૯ | ૬૧૬૬૪ |
| ૨૦૦૯-૨૦૧૦ | ૧૧૯૦૫ | ૭૦૩૧૧ |

| | | |
|---|---|---|
| ૨૦૧૦-૨૦૧૧ (ડીસેમ્બર-૧૦ સુધી) | ૮૭૬૭ | ૪૯૯૯૧ |
| **કુલ :** | **૩૧,૫૨૧** | **૧,૮૧,૯૬૬** |

--------

**અમદાવાદ, વડોદરા, ભાવનગર અને જૂનાગઢની સરકારી આયુર્વેદિક કોલેજમાં મહેકમ**

૨૧૫૯૫ **: શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર (મહુધા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ અમદાવાદ, વડોદરા, ભાવનગર અને જૂનાગઢની સરકારી આયુર્વેદ કોલેજોમાં શૈક્ષણિક કર્મચારીઓની સીધી ભરતીથી તથા બઢતીથી ભરવાની થતી કઈ કઈ જગ્યાઓ મંજૂર થયેલી છે,

(૨) તે અન્વયે કઈ કઈ જગ્યાઓ ભરાયેલી છે, અને

(૩) ખાલી રહેલ જગ્યાઓ સરકાર કેટલા સમયમાં ભરવા માંગે છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ અમદાવાદ, વડોદરા, ભાવનગર અને જૂનાગઢની સરકારી આયુર્વેદ કોલેજોમાં શૈક્ષણિક કર્મચારીઓની સીધી ભરતીથી તથા બઢતીથી ભરવાની થતી મંજૂર થયેલ જગ્યાઓ -

૧. આચાર્ય વર્ગ-૧.
૨. લેક્ચરર સીલેક્શન સ્કેલ (પ્રોફેસર) વર્ગ-૧.
૩. લેક્ચરર સીનીયર સ્કેલ (રીડર) (આયુ.) વર્ગ-૧.
૪. લેક્ચરર સીનીયર સ્કેલ (રીડર) (સંસ્કૃત) વર્ગ-૧.
જ્યારે માત્ર સીધી ભરતીથી જ ભરવાની થતી જગ્યા.
૫. લેક્ચરર વર્ગ-૨.

(૨) તે અન્વયે આચાર્ય વર્ગ-૧, લેક્ચરર સીલેક્શન સ્કેલ (પ્રોફેસર) વર્ગ-૧, લેક્ચરર સીનીયર સ્કેલ (રીડર) (આયુ.) વર્ગ-૧ તેમજ લેક્ચરર વર્ગ-૨ ની જગ્યાઓ ભરાયેલી છે.

(૩) આ જગ્યાઓ ભરવા અંગેની નિયત પ્રક્રિયા પૂર્ણ કરી, યોગ્ય ઉમેદવારો ઉપલબ્ધ થયેથી.

--------

**મેઘરજ, માલપુર, ધનસુરા અને બાયડ તાલુકામાં પી.એચ.સી. અને સી.એચ.સી.**

૨૨૬૩૩ **: શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા (મેઘરજ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં આવેલ મેઘરજ, માલપુર, ધનસુરા અને બાયડ તાલુકાઓમાં કુલ કેટલા પી.એચ.સી. અને સી.એચ.સી. આવેલ છે,

(૨) માલપુર તાલુકામાં પ્રા.આ. કેન્દ્ર તેમજ સા.આ. કેન્દ્રોની સંખ્યા વસ્તીના પ્રમાણમાં સપ્રમાણ છે કે નહી,

(૩) જો ના, તો આ ઘટનું કારણ શું છે,

(૪) માલપુર તાલુકામાં ઉક્ત સ્થિતિએ પ્રા.આ. કેન્દ્ર કે સા.આ. કેન્દ્રની કોઈપણ દરખાસ્ત પડતર છે કે કેમ, અને

(૫) સરકાર દ્વારા આ ઘટપૂર્ણ કરવા શું આયોજન થયું છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં આવેલ મેઘરજ, માલપુર, ધનસુરા અને બાયડ તાલુકાઓમાં નીચે મુજબ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને સામૂહિક આરોગ્ય કેન્દ્ર છે.

| ક્રમ | તાલુકાનું નામ | પી.એચ.સી. | સી.એચ.સી. |
|---|---|---|---|
| ૧ | મેઘરજ | ૦૬ | ૦૧ |
| ૨ | માલપુર | ૦૨ | ૦૧ |
| ૩ | ધનસુરા | ૦૩ | ૦૧ |
| ૪ | બાયડ | ૦૫ | ૦૩ |

(૨) માલપુર તાલુકામાં વસ્તીના પ્રમાણમાં એક પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની ઘટ છે અને સા.આ. કેન્દ્રો સપ્રમાણ છે.

(૩) રાજ્યમાં આરોગ્ય કેન્દ્રોની ઘટ પૂર્ણ કરવા તબક્કાવાર આયોજન કરવામાં આવે છે.

(૪) માલપુર તાલુકામાં ઉભરાણ ખાતે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર સ્થાપવાની રજૂઆત મળેલ છે.

(૫) આગામી સમયમાં નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો સ્થાપવાની સર્વગ્રાહી વિચારણા સમયે ઘટ પૂર્ણ કરવા વિચારણા કરવામાં આવશે.

--------

**ગાંધીનગર જિલ્લાની નગરપાલિકાને વિકાસના કામો માટે કેન્દ્ર તરફથી ગ્રાન્ટ**

૨૨૦૧૩ **: શ્રી સુરેશકુમાર ચ. પટેલ (કલોલ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેન્દ્ર સરકાર તરફથી વિકાસના કામો માટે ગાંધીનગર જિલ્લાની નગરપાલિકાઓને નગરપાલિકાવાર કેટલી અને ક્યા ક્યા કામો માટે ગ્રાન્ટ ફાળવવામાં આવી ?

**જવાબ**

તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કેન્દ્ર સરકાર તરફથી છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષ-૨૦૧૦-૧૧માં ગાંધીનગર જિલ્લાની પેથાપુર નગરપાલિકાને પાણી પુરવઠા યોજના માટે યુ.આઈ.ડી.એસ.એમ.ટી. યોજના હેઠળ ₹ ૯૬ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે. અન્ય વર્ષમાં અને અન્ય નગરપાલિકાઓને કેન્દ્ર સરકારે કોઇ ગ્રાન્ટ ફાળવેલ નથી.

--------

**શહેરી વિસ્તારમાં વસતા બી.પી.એલ. કુટુંબોને ઘરથાળના પ્લોટ અને આવાસ આપવાની યોજના**

૨૧૬૯૦ **: શ્રી હીરાભાઈ હ.પટેલ (લુણાવાડા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) શહેરી વિસ્તારમાં વસતા બી.પી.એલ. કુટુંબોને ઘરથાળ પ્લોટ અને આવાસ આપવાની યોજના અમલમાં છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત યોજના હેઠળ પંચમહાલ જિલ્લાની નગરપાલિકાઓ દીઠ કેટલા પ્લોટ અને આવાસ તા.૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમિયાન મંજૂર કરવામાં આવ્યા ?

**જવાબ**

(૧) શહેરી વિસ્તારમાં વસતા બી.પી.એલ. કુટુંબોને આવાસ આપવાની (આઇ.એચ.એસ.ડી.પી.) યોજના અમલમાં છે.

(૨) તા.૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચમહાલ જિલ્લામાં કાલોલ નગરપાલિકા માટે ૪૦૦ આવાસો મંજૂર કરવામાં આવેલ છે.

--------

**ભૂજ તાલુકાના ગામોને જૂથ પાણી પુરવઠા યોજના દ્વારા પીવા માટે પાણી**

૨૧૩૫૦ **: શ્રી ધનજીભાઈ ગો.સેંધાણી (માંડવી) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લાના ભુજ તાલુકાના કેટલા ગામોને તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ જૂથ પાણી પુરવઠા યોજના દ્વારા પીવા માટે પાણી આપવામાં આવે છે, અને

(૨) ઉક્ત યોજનામાં સમાવિષ્ટ ન હોય તેવા ગામોને પીવા માટે પાણી પૂરું પાડવા સરકારે શી વ્યવસ્થા કરેલ છે ?

**જવાબ**

(૧) - ૧૧૧ ગામોને જૂથ પાણી પુરવઠા યોજના દ્વારા પાણી આપવામાં આવે છે.
- ૩૧ ગામોમાં સ્થાનિક સોર્સમાં પુરતું પાણી હોઇ જૂથ યોજનામાંથી સ્વેચ્છાએ પાણી લેતા નથી.

(૨) તમામ ૧૪૨ ગામોનો જૂથ યોજનામાં સમાવેશ કરેલ હોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**વિકાસના કામો માટે રાજુલા નગરપાલિકાને ગ્રાન્ટ**

૨૨૮૫૧ **: શ્રી હીરાભાઈ સોલંકી (રાજુલા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૧૦ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન સરકાર તરફથી વિકાસનાં કામો માટે રાજુલા નગરપાલિકાને કેટલી અને ક્યા - ક્યા કામો માટે ગ્રાન્ટ ફાળવવામાં આવી, અને

(૨) તે અન્વયે કેટલા કામો પૂર્ણ થયા અને કેટલા પ્રગતિમાં છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૧૦ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન રાજુલા નગરપાલિકાને સરકાર તરફથી પાણીની પાઈપલાઈન, સી.સી. રોડ-૩, ગોરવપથ, ગટર જેવા વિકાસના કામો માટે નીચે મુજબ ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે. (₹ લાખમાં)

| **તા.૧-૧-૦૮ થી ૩૧-૧૨-૦૮** | **તા.૧-૧-૦૯ થી ૩૧-૧૨-૦૯** | **તા.૧-૧-૧૦ થી ૩૧-૧૨-૧૦** | **કુલ** |
|---|---|---|---|
| ૬૫.૭૩ | ૭૨.૭૭ | ૧૨૩.૨૬ | ૨૬૧.૭૬ |

(૨) પાણીની પાઈપલાઈન, સી.સી.રોડ તથા ગટરના કામો પૂર્ણ થયેલ છે તથા ગોરવપથનું કામ પ્રગતિ હેઠળ છે.

--------

**વડોદરા અને નર્મદા જિલ્લામાં નર્મદાના પાણી આધારિત જૂથ પાણી પુરવઠા યોજનાઓ**

૨૨૬૬૪ **: શ્રી ધીરુભાઈ ભીલ (નસવાડી) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ વડોદરા અને નર્મદા જિલ્લામાં નર્મદાના પાણી આધારિત કેટલી પાણી પૂરવઠા યોજનાઓ છેલ્લા એક વર્ષમાં મંજૂર કરવામાં આવી? | તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મંજૂર કરવામાં આવેલ નથી પરંતુ તે પહેલા અને પછી ૩ યોજના મંજૂર કરવામાં આવી. |

--------

**ભાવનગર જિલ્લાના સરકારી દવાખાનાઓમાં વર્ગ-૧ અને વર્ગ-૨ના ડોક્ટરોની મંજૂર જ્ગ્યાઓ**

૨૧૫૦૦ **: શ્રી મહેન્દ્રસિંહ સરવૈયા (પાલીતાણા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં તાલુકાવાર સરકારી દવાખાનાઓમાં વર્ગ-૧ અને વર્ગ-૨ના કેટલા ડોક્ટરોની જ્ગ્યાઓ મંજૂર થયેલ છે, અને | (૧) ભાવનગર જિલ્લામાં સામૂહિક આરોગ્ય કેન્દ્રો/ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ખાતે ડોકટર વર્ગ-૧ ની કુલ-૨૩ જ્ગ્યાઓ તથા વર્ગ-૨ ની કુલ-૯૨ જ્ગ્યાઓનું મહેકમ મંજૂર થયેલ છે. સામૂહિક આરોગ્ય કેન્દ્રોની માહિતી *પત્રક-અ તથા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની માહિતી *પત્રક-બ માં સામેલ છે. |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જ્ગ્યાઓ તાલુકાવાર ભરાયેલ છે અને કેટલી જ્ગ્યાઓ ખાલી છે? | (૨) સામૂહિક આરોગ્ય કેન્દ્રો ખાતે વર્ગ-૧ અને વર્ગ-૨ ની ભરાયેલ અને ખાલી જ્ગ્યાઓનું *પત્રક-ક અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ખાતે વર્ગ-૨ ની ભરાયેલ અને ખાલી જ્ગ્યાઓનું *પત્રક-ડ સામેલ છે. |

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)

**આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ ૨૦૧૧ અંગે**

૧૯૦૫૫ **: શ્રી મફતલાલ મો.પુરોહિત (ધાનેરા) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ ૨૦૧૧ માં દેશ વિદેશના કેટલા પતંગબાજોએ ભાગ લીધો, અને | (૧) આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ ૨૦૧૧ માં દેશના ૧૦૫ પતંગબાજો અને વિદેશના ૮૮ પતંગબાજોએ ભાગ લીધો હતો. |
| (૨) આ ઉત્સવ પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૨) આ ઉત્સવ પાછળ રૂપિયા ૪,૦૪,૮૦,૨૩૭/- નો ખર્ચ થયેલ છે. |

**કપડવંજ શહેરમાં સરકારી દવાખાનું**

૨૨૬૫૧ **: શ્રી મણીભાઈ દે.પટેલ (કપડવંજ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ખેડા જિલ્લાના કપડવંજ શહેરમાં સરકારી દવાખાનું ન હોવાની હકીકત સાચી છે, અને | (૧) નગરપાલિકા સંચાલિત હોસ્પિટલ કાર્યરત છે. |
| (૨) જો હા, તો સરકારી દવાખાનું શરૂ કરવા માટે શું આયોજન છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**કરજણ ડેમમાં પાણીની સંગ્રહ ક્ષમતા**

૨૧૬૦૧ **: શ્રી ઈકબાલ પટેલ (વાગરા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કરજણ ડેમની પાણીની સંગ્રહક્ષમતા કેટલી છે, અને | (૧) જીવંત જથ્થો ૪૬૪.૨૮ મીલીયન ઘન મીટર ઉપલબ્ધ હતો. |
| (૨) તે અન્વયે તેના કાર્ય વિસ્તારની (કમાન્ડ એરીયા) પાણીની જરૂરીયાત કરતા વધુ સંગ્રહક્ષમતા હોવા છતાં મોટા ભાગના વિસ્તારોમાં તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ સિંચાઈનું પાણી અપૂરતું આપવાના કારણો શાં છે? | (૨) ખેડૂતોની માંગણી મુજબ જથ્થો વહેવડાવવામાં આવેલ હતો તેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

--------

**દાહોદ-ઝાલોદ તાલુકામાં હયાત ઉદવહન સિંચાઈ યોજનાઓ**

૨૨૬૧૨ **: શ્રી બચુભાઈ કિશોરી (લીમડી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ દાહોદ અને ઝાલોદ તાલુકામાં કુલ કેટલી ઉદવહન સિંચાઈ યોજનાઓ હયાત છે,

(૨) આ યોજનાઓ પૈકી કેટલી ઉદવહન યોજનાઓ ચાલુ છે, અને

(૩) ઝાલોદ તાલુકાની ગરાડીયા યોજના બંધ હોવાના કારણો શા છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ દાહોદ અને ઝાલોદ તાલુકામાં નીચે મુજબ કુલ ૨૪ ઉદવહન સિંચાઈ યોજનાઓ હયાત છે.

| તાલુકાનું નામ | હયાત ઉદવહન સિંચાઈ યોજનાઓની સંખ્યા |
|---|---|
| દાહોદ | ૬ |
| ઝાલોદ | ૧૮ |
| કુલ : | ૨૪ |

(૨) આ યોજનાઓ પૈકી નીચે મુજબ ૧૧ ઉદવહન સિંચાઈ યોજનાઓ ચાલુ છે.

| તાલુકાનું નામ | ચાલુ સિંચાઈ યોજનાની સંખ્યા |
|---|---|
| દાહોદ | ૪ |
| ઝાલોદ | ૭ |
| કુલ : | ૧૧ |

(૩) ઝાલોદ તાલુકાની ગરાડીયા યોજના તા.૧૦-૧૨-૨૦૦૯ થી સિંચાઈ હેઠળ ચાલુ કરી લાભિત સિંચાઈકારોની મંડળીને સોંપવામાં આવેલ છે. મંડળીના પ્રમુખશ્રીના જણાવ્યા અનુસાર તા.૩૦-૧૧-૨૦૧૦ ના રોજ કેબલ વાયરના જોઈન્ટમાં ખામી ઉભી થતાં મોટર પંપ બહાર કાઢવામાં આવેલ જેથી યોજના હાલમાં ચાલુ નથી. મોટર પંપ તેમજ અન્ય મરામતને જાળવણી જે તે સંબંધિત મંડળી દ્વારા કરવાની રહેતી હોઈ તથા મંડળી દ્વારા સમયસર કરેલ ન હોઈ યોજના હાલમાં બંધ છે.

--------

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : તમે કયા સંદર્ભમાં વાત કરો છો? તમારો સંદર્ભ ખોટો છે એમને એ સંદર્ભમાં વાત નથી કરી..

**અધ્યક્ષશ્રી** : માનનીય શકિતસિંહભાઈ, પ્લીઝ આપ બેસી જાવ.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય સભ્યશ્રી માફી માગે.

**અધ્યક્ષશ્રી** : માનનીય જવાહરભાઈ, આપ બેસી જાવ. માનનીય શકિતસિંહભાઈ, આપ બેસી જાવ. આ ૧૧૬ની નોટિસ છે, જ્યારે ગંભીર પ્રશ્ન ચાલતો હોય ત્યારે આવી બાબતની તુલના ન કરીએ તો સારુ. આ વિવાદને આપણે આગળ નથી લઈ જવો.

# સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

## સન ૨૦૦૮-૦૯નો ગુજરાત શ્રમયોગી કલ્યાણ બોર્ડનો વાર્ષિક અહેવાલ

**શ્રી વજુભાઈ વાળા ( શ્રમ અને રોજગારમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત શ્રમયોગી કલ્યાણ બોર્ડનો સન ૨૦૦૮-૦૯નો વાર્ષિક અહેવાલ તથા અહેવાલને....

# પૉઈન્ટ ઑફ ઑર્ડર

## ઑડિટ રિપૉર્ટ સમયસર સભાગૃહમાં રજૂ કરવા અંગે

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પૉઈન્ટ ઑફ ઑર્ડર છે. મારે અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયો સન ૧૯૬૦થી ૧૯૮૪ પાના નંબર-૨૯. આજે માનનીય નાણામંત્રીશ્રીએ ઑડિટ અહેવાલની ટિપ્પણી એક નહિ અનેક અહેવાલો આજે રજૂ થાય છે. નિર્ણય ક્રમાંક-૩૨, પાના નંબર ૨૯, સભાગૃહમાં બજેટ રજૂ થયા પછીના અઠવાડિયામાં ઑડિટ રિપૉર્ટ રજૂ કરવાનો રિવાજ રાખવો જોઈએ. ૧૭મી માર્ચ, ૧૯૭૦ના રોજ નાણામંત્રીશ્રી જશવંતરાય મહેતાએ આઈ સ્કીપ ધેટ હું માત્ર જજમૅન્ટ વાંચુ છું, જેથી હાઉસનો સમય બચે. એટલુ

સૂચન કરી શકાય કે જ્યારે બજૅટ રજૂ થાય ત્યારપછીના અઠવાડિયામાં આ રિપૉર્ટ આ સભાગૃહમાં રજૂ કરે તે જાતનો રિવાજ એમણે રાખવો જોઈએ. બજૅટ રજૂ થયાના એક અઠવાડિયામાં આ માનનીય અધ્યક્ષશ્રીનો નિર્ણય છે. આની પાછળનું બહું વાજબી કારણ છે. અમે માગણીઓ પરની ચર્ચામાં ભાગ લેતા હોઈએ છીએ વિભાગની ટીકા ટિપ્પણ કરવા માટેનો અમારુ માટે ઓથેન્ટીક ડોકયુમેન્ટ આ આ ઑડિટ અહેવાલ છે. આજે માગણીઓ પરની ચર્ચા પૂરી થઈ ગઈ છે, નાણા વિભાગની છેલ્લી માગણીઓ તથા ગિલોટીન આવી રહ્યું છે ત્યારે એક નથી કદાચ એક હોત તો હું પૉઈન્ટ ઑફ ઑર્ડર ન ઉઠાવત. પરંતુ આ તો સિરીઝ, એનો અર્થ એ કે ભૂતકાળમાં આપેલ માનનીય અધ્યક્ષશ્રીના નિર્ણયથી વિપરીત આ સરકાર વર્તીને અમારો જે રાઈટ છે, અમારો જે અધિકાર છે, આ ગૃહમાં તંદુરસ્ત ચર્ચા કરવાનો એના ઉપરની આ તરાપ છે એટલા માટે આપના યોગ્ય નિર્ણયની અપેક્ષા રાખું છું

**શ્રી દિલીપ સંઘાણી** : ૧૯૭૦ માં કયા સંજોગોમાં એક આદર્શ બતાવવામાં આવ્યો છે, કોઈ નિયમો બતાવવામાં નથી આવ્યા, ત્યારે જે સંજોગોમાં જે સમયે આ રાજયની શરૂઆત હશે ત્યારે એના સંજોગોમાં સંપૂર્ણપણે જોવામાં આવે સંપૂર્ણ બજૅટ રજૂ કરવામાં આવે છે. થોડો અભ્યાસ મારા મિત્રશ્રીએ કર્યો હોત તો એમાં ટીકા ટિપ્પણ કરી શકાત. અને કરાય પણ છે એટલે સંજોગોને ધ્યાનમાં લઈને આ કરી શકાય. આમાં નિયમ નથી બતાવવામાં આવ્યો, આદર્શ બતાવવામાં આવ્યો છે.

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિપક્ષના નેતાશ્રી તો એક અત્યંત કાબેલ ધારાશાસ્ત્રી છે, હું એમને જયુરીસ પ્રુડન્સનો બૈઝિક સિદ્ધાંત યાદ દેવડાવવા માગું છું. માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે કોઈ પણ કાયદાનો અથવા કોઈ પણ નિર્ણયનો હેતુ જોવો હોય ત્યારે You have to lift the rail and look beyond it. માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૭૦માં જ્યારે આ નિર્ણય અપાયો હશે તે સમયની પરિસ્થિતિ અને આજની પરિસ્થિતિ, તે સમયના નિગમો અને આજના નિગમો, તે સમયના નિગમોની સંખ્યા અને આજના નિગમોની સંખ્યામાં અનેકગણો વધારો થયો છે. તેવે સમયે એવો આગ્રહ રાખવો કે ૧૯૭૦માં જે પરિસ્થિતિ હતી, જે નિર્ણય લેવાયો એ નિર્ણય રિવાજ કહ્યો છે. the word used is 'convention' રિવાજ રાખવો જોઈએ એવી વાત છે. ફરજીયાત એ રજૂ કરવો જ જોઈએ એ પ્રકારનું મેન્ડેટરી કંઈ તેમાંથી ઈમ્પ્લાય થતું નથી. તેવા સંજોગોમાં considering the fact that the number of boards and the number of corporations under the control of the Government માનનીય અધ્યક્ષશ્રી, આ જે અધ્યક્ષશ્રીનો નિર્ણય છે તેને અક્ષરશઃ વળગી રહેવાનું કોઈ કારણ જણાતું નથી.

ત્યાર પછીનો બીજો મુદ્દો એ છે કે આ નિગમો અંગેની ચર્ચા કરવા માટેનો મોકો આ સન્માનનીય સભાગૃહના સભ્યશ્રીઓને મળે છે કે નહીં. એ ચર્ચા કરવાનો મોકો જાહેર સાહસોની સમિતિથી માંડીને પબ્લિક એકાઉન્ટ કમિટી સુધી અનેક જગ્યાએ મળે છે. જ્યારે આ મોકો બજૅટમાં ગૃહના ફ્લોર ઉપર જ લઈ શકાશે એવી પરિસ્થિતિ નથી. તે સંજોગોમાં આ નિયમથી આપ પણ થોડી એની વ્યવહારિકતા સ્વીકારીને આ નિર્ણયને અક્ષરશઃ લાગુ પડતો નથી. એવું અમારું નમ્ર મંતવ્ય છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, અહીં અધ્યક્ષશ્રીની ટિપ્પણી અને અધ્યક્ષશ્રીનો નિર્ણય છે એ બહુ સ્પષ્ટ છે કે સભાગૃહનું બજૅટ રજૂ થયા પછીના અઠવાડિયામાં ઑડિટ રિપૉર્ટ રજૂ કરવાનો રિવાજ રાખવો જોઈએ. તેના બદલે તેનાથી ઉલટો રિવાજ થઈ ગયો છે કે જ્યારે બજૅટ ઉપરની ચર્ચા પૂર્ણ થાય, રાજ્યપાલના આભાર પ્રસ્તાવ ઉપરની ચર્ચા પૂર્ણ થાય અને માગણીઓ ઉપરનું ગિલોટીન પૂર્ણ થાય તે પછી આ અહેવાલ સભ્યશ્રીઓના હાથમાં આવે છે એટલે જે નાણાકીય અંકુશની બંધારણમાં જોગવાઈ છે કે ધારાગૃહોએ જે એક્ઝિક્યુટિવ ઉપર નાણાકીય અંકુશ રાખવો જોઈએ અને એ અંકુશ આ ઑડિટ અહેવાલ તેના માટે ઓથેન્ટીક દસ્તાવેજ છે અને એ સભ્યશ્રીના હાથમાં એક અઠવાડિયામાં આવવો જોઈએ અને હું માનું છું કે આપ ફરીથી આ પ્રકારની સૂચના આપો અને માનનીય નાણા મંત્રીશ્રી પણ એ બાબતનો સ્વીકાર કરે.

**અધ્યક્ષશ્રી** : માનનીય શકિતસિંહભાઈએ જે પૉઈન્ટ ઑફ ઑર્ડર ઉભો કર્યો છે તેમાં બન્ને પક્ષના સભ્યશ્રી, મંત્રીશ્રીઓને મેં સાંભળ્યા. માનનીય શકિતસિંહભાઈએ જે પૂર્વ અધ્યક્ષનો સંદર્ભ ટાંક્યો છે એ સી.એ.જી.ના ઑડિટ અહેવાલના સંબંધે નિર્ણય હતો. જ્યારે આજે રજૂ થતાં અહેવાલો બોર્ડ કોરપોરેશનના અહેવાલો છે. જે પ્રથા પ્રમાણે દર શુક્રવારે મેજ ઉપર મૂકવા કામકાજ દર્શાવીએ છીએ. જેથી આપનો પૉઈન્ટ ઑફ ઑર્ડર હું નામંજૂર કરું છું. નેકસ્ટ.

## સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

### ગુજરાત શ્રમયોગી કલ્યાણ બોર્ડનો સન ૨૦૦૮-૦૯નો વાર્ષિક અહેવાલ

**શ્રી વજુભાઈ વાળા (શ્રમ અને રોજગારમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત શ્રમયોગી બોર્ડનો સન ૨૦૦૮-૦૯નો વાર્ષિક અહેવાલ તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**ગુજરાત રાજય ગ્રામ વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૯-૧૦નો વાર્ષિક અહેવાલ**

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ (પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજય ગ્રામ વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૯-૨૦૧૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઑડિટ અહેવાલ, ભારતના કૉમ્પ્ટ્રોલર અને ઑડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો તથા સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૭-૨૦૦૮નો વાર્ષિક અહેવાલ**

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ (મહિલા અને બાળ વિકાસમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૭-૨૦૦૮નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઑડિટ અહેવાલ, ભારતના કૉમ્પ્ટ્રોલર અને ઑડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**સન ૨૦૦૯-૨૦૧૦નો ગુજરાત વોટર ઈફ્રાસ્ટ્રકચર લિમિટેડનો વાર્ષિક અહેવાલ**

**શ્રી નીતિનભાઈ ૨. પટેલ ( પાણી પુરવઠામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રકચર લિમિટેડનો સન ૨૦૦૯-૨૦૧૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઑડિટ અહેવાલ, ભારતના કૉમ્પ્ટ્રોલર અને ઑડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ તથા ઑડિટ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**સન ૨૦૦૯-૨૦૧૦નો ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડના વાર્ષિક હિસાબો અને ઑડિટ અહેવાલ**

**શ્રી નીતિનભાઈ ૨. પટેલ ( પાણી પુરવઠામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડના સન ૨૦૦૯-૨૦૧૦ના વાર્ષિક હિસાબો અને ઑડિટ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**સન ૨૦૦૯-૨૦૧૦નો ગુજરાત રાજય બીજ નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ**

**શ્રી કનુભાઈ મે. ભાલાળા (રાજય કક્ષાના કૃષિમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજય બીજ નિગમ લિમિટેડનો સન ૨૦૦૯-૨૦૧૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઑડિટ અહેવાલ, ભારતના કૉમ્પ્ટ્રોલર અને ઑડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ તથા સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**સન ૨૦૦૮-૨૦૦૯નો સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીનો વાર્ષિક ઑડિટ અહેવાલ**

**શ્રી કનુભાઈ મે. ભાલાળા (રાજય કક્ષાના કૃષિમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીનો સન ૨૦૦૮-૨૦૦૯નો વાર્ષિક ઑડિટ અહેવાલ, તેના ઉપર લેવાયેલ પગલાનાં નિવેદનો, વાર્ષિક હિસાબો તેમજ આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**સન ૨૦૦૯-૨૦૧૦નો ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમનો વાર્ષિક અહેવાલ**

**શ્રી ફકીરભાઈ ૨. વાઘેલા ( સામાજિક ન્યાય અને અધિકારીતામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમનો સન ૨૦૦૯-૨૦૧૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઑડિટ અહેવાલ ભારતના કૉમ્પ્ટ્રોલર અને ઑડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ તથા સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**સન ૨૦૦૯-૨૦૧૦નો ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમનો વાર્ષિક અહેવાલ**

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા ( સામાજિક ન્યાય અને અધિકારીતામંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમનો સન ૨૦૦૯-૨૦૧૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઑડિટ અહેવાલ, ભારતના કૉમ્પ્ટ્રોલર અને ઑડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ તથા સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**સન ૨૦૦૯-૨૦૧૦નો વિકલાંગ વ્યકિતઓ માટેના કમિશ્નરશ્રીનો વાર્ષિક વહિવટી અહેવાલ**

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા ( સામાજિક ન્યાય અને અધિકારીતામંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું વિકલાંગ વ્યકિતઓ માટેના કમિશ્નરશ્રીનો સન ૨૦૦૯-૨૦૧૦નો વાર્ષિક વહિવટી અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.**

**સન ૨૦૦૯-૨૦૧૦નો ઇન્ડિયન ઑઈલ કૉર્પોરેશન લિમિટેડનો વાર્ષિક અહેવાલ**

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઊર્જા અને પેટ્રોકેમિકલ્સમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ઇન્ડિયન ઑઈલ કૉર્પોરેશન લિમિટેડનો સન ૨૦૦૯-૨૦૧૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઑડિટ અહેવાલ ભારતના કૉમ્પ્ટ્રોલર અને ઑડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ તથા સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**સન ૨૦૦૯-૨૦૧૦નો ગુજરાત રાજય પૅટ્રોલિયમ કૉર્પોરેશન લિમિટેડનો વાર્ષિક અહેવાલ**

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઊર્જા અને પેટ્રોકેમિકલ્સમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજય પૅટ્રોલિયમ કૉર્પોરેશન લિમિટેડનો સન ૨૦૦૯-૨૦૧૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઑડિટ અહેવાલ, ભારતના કૉમ્પ્ટ્રોલર અને ઑડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ તથા સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૯-૨૦૧૦નો વાર્ષિક અહેવાલ**

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઊર્જા મંત્રીશ્રી)_ :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૯-૨૦૧૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઑડિટ અહેવાલ ભારતના કૉમ્પ્ટ્રોલર અને ઑડિટર જનરલની ટિપ્પણ તથા નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ તથા સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**આલ્કોક એકડાઉન (ગુજરાત ) લિમિટેડનો સન ૨૦૦૯-૨૦૧૦નો વાર્ષિક અહેવાલ**

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઉદ્યોગ અને ખાણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું આલ્કોક એશડાઉન (ગુજરાત) લિમિટેડનો સન ૨૦૦૯-૨૦૧૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉ છું.

**હિસાબો અહેવાલ, ઓડિટ અહેવાલ તેમજ સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**ગુજરાત રાજય નાણાકીય નિગમનો સન ૨૦૦૯-૨૦૧૦નો વાર્ષિક અહેવાલ**

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઉદ્યોગ અને ખાણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજય નાણાકીય નિગમના સન ૨૦૦૯-૨૦૧૦નો વાર્ષિક અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉ છું.

**અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.**

**ગુજરાત રાજય ઔદ્યોગિક વિકાસ નિગમના સન ૨૦૧૦-૨૦૧૧ના સુધારેલ અંદાજો**

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઉદ્યોગ અને ખાણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજય ઔદ્યોગિક વિકાસ નિગમના સન ૨૦૧૦-૨૦૧૧ના સુધારેલ અંદાજો અને સન ૨૦૧૧-૨૦૧૨નું અંદાજપત્ર સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉ છું.

**સુધારેલ અંદાજો અને અંદાજપત્ર સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગનો સન ૨૦૦૯-૨૦૧૦નો વાર્ષિક અહેવાલ**

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હુ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગનો સન ૨૦૦૯-૨૦૧૦નો વાર્ષિક અહેવાલ અને વાર્ષિક હિસાબો સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉ છું.

**અહેવાલ અને હિસાબો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**ગુજરાત રુરલ ઈન્ડસ્ટ્રીઝ માર્કેટીંગ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૦૮-૦૯નો વાર્ષિક અહેવાલ**

**શ્રી રણજીતભાઈ મં. ગિલીટવાલા (કુટિર ઉદ્યોગ, મીઠા ઉદ્યોગ, છાપકામ અને લેખન સામગ્રી )** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રૂરલ ઈન્ડસ્ટ્રીઝ માર્કેટીંગ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૦૮-૨૦૦૯નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉ છું.

**હિસાબો અહેવાલ, ઓડિટ અહેવાલ ,સમીક્ષા અને કારણો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**ગુજરાત રાજય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડનો સન ૨૦૦૯-૨૦૧૦નો વાર્ષિક અહેવાલ**

**શ્રી રણજીતભાઈ મં. ગિલીટવાલા (કુટિર ઉદ્યોગ, મીઠા ઉદ્યોગ, છાપકામ અને લેખન સામગ્રી )** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડનો સન ૨૦૦૯-૨૦૧૦નો વાર્ષિક વહીવટી અહેવાલ અને હિસાબો સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉ છું.

**અહેવાલ તથા હિસાબો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**શ્રમ અને રોજગાર વિભાગની સન ૧૯૪૮ ના મુંબઈ દુકાનો અને સંસ્થા અધિનિયમ અન્વયેનીની અધિસૂચનાઓ**

**શ્રી વજુભાઈ વાળા ( નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું શ્રમ અને રોજગાર વિભાગની સન ૧૯૪૮ના મુંબઈ દુકાનો અને સંસ્થા અધિનિયમ અન્વયેની

(૧) તા.૬-૨-૨૦૧૦ની અધિસૂચના ક્રમાંક-જીએચઆર-૨૦૧૦-૧૬- બીએસઈ-૧૯-૨૦૧૦-૧૭૧૧૩-એમ(૩)

(૨) તા.૨૦-૫-૨૦૧૦ની અધિસૂચના ક્રમાંક-જીએચઆર-૨૦૧૦-૪૬- બીએસઈ-૧૯-૨૦૦૯-૫૯૨૫૦૬-એમ(૩)

(૩) તા.૪-૬-૨૦૧૦ની અધિસૂચના ક્રમાંક-જીએચઆર-૨૦૧૦-૫૩- બીએસઈ-૧૯-૨૦૦૯-૭૧૯૪૪૧-એમ(૩)

(૪) તા.૪-૬-૨૦૧૦ની અધિસૂચના ક્રમાંક-જીએચઆર-૨૦૧૦-૫૪-બીએસઈ-૧૯-૨૦૦૮-૫૦૨૦૯૪-એમ(૩)

(૫) તા.૨૩-૮-૨૦૧૦ની અધિસૂચના ક્રમાંક-જીએચઆર-૨૦૧૦-૮૦-બીએસઈ-૧૯-૨૦૧૦-૭૧૯૪૪૧-એમ(૩)

(૬) તા.૨૩-૮-૨૦૧૦ની અધિસૂચના ક્રમાંક-જીએચઆર-૨૦૧૦-૮૧-બીએસઈ-૧૯-૨૦૧૦-૩૬૭૫૦૧-એમ(૩)

(૭) તા.૧૪-૧૦-૨૦૧૦ની અધિસૂચના ક્રમાંક-જીએચઆર-૨૦૧૦-૮૮- બીએસઈ-૧૯-૨૦૧૦-૧૯૮૭૨૩-એમ(૩)

(૮) તા.૨-૧૧-૨૦૧૦ની અધિસૂચના ક્રમાંક-જીએચઆર-૨૦૧૦-૯૪-બીએસઈ-૧૯-૨૦૧૦-૧૯૮૬૯૮-એમ(૩)

**(૯)** તા.૧૧-૧-૨૦૧૧ની અધિસૂચના ક્રમાંક-જીએચઆર-૨૦૧૧-૦૯- બીએસઈ-૧૯-૨૦૧૦-૮૯૬૮૦૦-એમ(૩)

**(૧૦)** તા.૨૨-૪-૨૦૧૦ની અધિસૂચના ક્રમાંક-જીએચઆર-૨૦૧૦-૩૬-બીએસઈ-૧૯-૨૦૦૯-૨૦૫૧૦-એમ(૩) સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉ છું.

**અધિસૂચનાઓ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

**નાણા વિભાગની સન ૨૦૦૩ના ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમની અધિસૂચના**

**શ્રી વજુભાઈ વાળા ( નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું નાણા વિભાગની સન ૨૦૦૩ના ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા અધિનિયમ અન્વયેની

(૧) તા.૨૪-૯-૨૦૧૦ની અધિસૂચના ક્રમાંક-(જીએચએન-૩૯)વીએઆર -૨૦૧૦-(૨૮)-ઠ.

**(૨)** તા.૨૭-૧૨-૨૦૧૦ની અધિસૂચના ક્રમાંક-(જીએચએન-૪૬)વીએઆર -૨૦૧૦-(૨૯)-ઠ.

(૩) તા.૨૯-૧૨-૨૦૧૦નીઅધિસૂચના ક્રમાંક-(જીએચએન-૪૭)વીએઆર-૨૦૧૦-(૩૦)-ઠ.

અધિસૂચનાઓ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉ છું.

**અધિસૂચના સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

**પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામવિકાસ વિભાગની અધિસૂચના**

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ ( પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની સન ૧૯૯૩ના ગુજરાત પંચાયત અધિનિયમ અન્વયેની

(૧) તા.૧૦-૫-૨૦૧૦ની અધિસૂચના ક્રમાંક-કેપી-૨૦૧૦નો ૬-ઈ એલસી -૧૦૨૦૦૮-૪૭૫૬-ગ.

**(૨)** તા.૧૦-૫-૨૦૧૦ની અધિસૂચના ક્રમાંક-કેપી-૨૦૧૦નો ૭-ઈએલસી -૧૦૨૦૧૦-૮૦૪-ગ.

**(૩)** તા.૨૬-૮-૨૦૧૦ની અધિસૂચના ક્રમાંક-કેપી-૨૦૧૦નો ૧૬- ઈએલસી -૧૦૨૦૦૯-૩૫૭-ગ.

**(૪)** તા.૨૧-૧૨-૨૦૧૦ની અધિસૂચના ક્રમાંક-કેપી-૨૦૧૦નો૨૨-ઈએલસી -૧૦૨૦૧૦-૯૮૪-ગ.

સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉ છું.

**અધિસૂચના સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

**ઉદ્યોગ અને ખાણ વિભાગની સન ૧૯૫૭ની અધિસૂચના**

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઉદ્યોગ અને ખાણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ઉદ્યોગ અને ખાણ વિભાગની સન ૧૯૫૭ના ખાણ અને ખનિજ (વિકાસ અને નિયમન) અધિનિયમ અન્વયેની

(૧) તા.૩-૩-૨૦૧૦ની અધિસૂચના ક્રમાંક-જીયુ-૨૦૧૦-૧૧-એમસીઆર -૧૦૨૦૧૦-૧૬૩-છ

**(૨)** તા.૨૬-૮-૨૦૧૦ની અધિસૂચના ક્રમાંક-જીયુ-૨૦૧૦(૩૭)એમસીઆર -૧૦૯૭-એમએમ-૧૫-છ

(૩) તા.૨૯-૧૦-૨૦૧૦ની અધિસૂચના ક્રમાંક-જીએ-જીયુજે-૨૦૧૦(૪૬)-જીએમઆર-૧૦૨૦૧૦-૧૪૨૫-છ

અધિસૂચના સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉ છું.

**અધિસૂચના સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

**ઉદ્યોગ અને ખાણ વિભાગની સન ૧૯૬૨ના ગુજરાત ઔદ્યોગિક વિકાસ અધિનિયમ**

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઉદ્યોગ અને ખાણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ઉદ્યોગ અને ખાણ વિભાગની સન ૧૯૬૨ના ગુજરાત ઔદ્યોગિક વિકાસ અધિનિયમ અન્વયેની તા.૧૪-૫-૨૦૧૦ની અધિસૂચના ક્રમાંક-જીએચયુ- ૨૦૧૦(૨૬)- જીઆઈડી-૨૦૦૯-૨૧૨૮-જી સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉ છું.

**અધિસૂચના સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

**ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનું સન ૨૦૦૩ના વીજળી અધિનિયમ અન્વેનું**
**તા:૫-૩-૨૦૧૦નું જાહેરનામુ**

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઉદ્યોગ અને ખાણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનું સન ૨૦૦૩ના વીજળી અધિનિયમ અન્વયેનું તા.૫-૩-૨૦૧૦નું જાહેરનામું ક્રમાંક-૧/૨૦૧૦ અને ૨/૨૦૧૦ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉ છું.

**જાહેરનામું સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવે છે.**

# માગણીઓ પર ચર્ચા અને મતદાન(બારમો અને છેલ્લો દિવસ)

**નાણા વિભાગ**

**માગણી ક્રમાંક-૧૫**

**શ્રી વજુભાઈ વાળા ( નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું નાણા સેવાને લગતી નાણા વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રુ. ૧૬,૦૭,૦૦,૦૦૦/-ની માગણી ક્રમાંક: ૧૫ રજૂ કરુ છું.

**માગણી ક્રમાંક: ૧૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી કિરણકુમાર એલ. મકવાણા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી પરેશભાઈ ગો. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી હીરાભાઈ હ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી અમિતકુમાર અ. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી માનસિંહ કો. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી બાવકુભાઈ ના. ઉંધાડ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી અશ્વિન કોટવાલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૯ રજૂ કરવામાં આવી.**

**શ્રી રાઘવજીભાઈ હં. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૦ રજૂ કરવામાં આવી.**

**શ્રી નિરંજન પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૧ રજૂ કરવામાં આવી.**

**માગણી ક્રમાંક: ૧૬**

**શ્રી વજુભાઈ વાળા (નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું કર વસુલાત ખર્ચ નાણા વિભાગની સેવાને લગતી નાણા વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂા. ૧,૭૩,૯૧,૯૯,૦૦૦/-ની માગણી ક્રમાંક: ૧૬ રજૂ કરુ છું.

**માગણી ક્રમાંક: ૧૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી જીતુભાઈ હ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી લાલસિંહ ઉ. વડોદીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી બચુભાઈ ના. કિશોરી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી પુનાભાઈ ઢે. ગામીત** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૫ રજૂ કરવામાં આવી.**

**માગણી ક્રમાંક: ૧૭**

**શ્રી વજુભાઈ વાળા ( નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું તિજોરી અને હિસાબ વહીવટ સેવાને લગતી નાણા વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂા. ૧,૦૮,૩૧,૦૪,૦૦૦/-ની માગણી ક્રમાંક: ૧૭ રજૂ કરુ છું.

**માગણી ક્રમાંક: ૧૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી ધીરસિંહ કરશનભાઈ બારડ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી દીતાભાઈ ભી. મછાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી ચંદુભાઈ ડાભી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૮ રજૂ કરવામાં આવી.**

**માગણી ક્રમાંક: ૧૮**

**શ્રી વજુભાઈ વાળા ( નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પેન્શન અને અન્ય નિવૃત્તિ લાભ સેવાને લગતી નાણા વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂા. ૪૧,૭૬,૧૬,૯૦,૦૦૦/-ની માગણી ક્રમાંક: ૧૮ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક: ૧૮ રજૂ કરવામાં આવી.**

**ડૉ. અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૯ રજૂ કરવામાં આવી.**

**સન ૨૦૧૧-૨૦૧૨ના વર્ષના અનુદાનો માટેની માગણીઓમાંની શુક્રવાર, તા ૨૫-૩-૨૦૧૧ (બારમા અને છેલ્લો દિવસ) ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી.**

| અ.નં. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રા. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | **નાણા વિભાગ<br>માગણી નં.૧૫** | | |
| ૧. | ૨૦૫૨-સચિવાલય.....સેવાઓ<br>૦૯૦-સચિવાલય<br>રૂા.૧૬,૦૭,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૬,<br>પા.નં.૬૫ - ૬૬ | ૧૦૦ | રાજય સરકાર હસ્તકના આર્થિક રીતે સધ્ધર બોર્ડ / નિગમોને પાછલી અસરથી છઠ્ઠા પગાર પંચનો લાભ આપવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ઈકબાલ પટેલ |
| ૨. | --"-- | ૧૦૦ | બંદરો ઉપર ફરજ બજાવતા કાયમી વર્કચાર્જ કર્મચારીઓને છઠ્ઠા પગારનો લાભ આપવાની દરખાસ્ત મંજૂર કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પરેશભાઈ વસાવા |
| ૩. | --"-- | ૧૦૦ | અંદાજપત્રના અંદાજો અને વાસ્તવિક ખર્ચ વચ્ચે રહેતો મોટો તફાવત નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બાબુભાઈ શાહ |
| ૪.* | --"-- | ૧૦૦ | વાર્ષિક બજેટમાં વિભાગોને ફાળવવામાં આવતી રકમોનો તેમજ કેન્દ્ર સરકારના હિસ્સાની રકમનો પૂરતો ઉપયોગ થાય તે માટે જરૂરી નિયંત્રણ રાખવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૫. | --"-- | ૧૦૦ | ઉદ્યોગોને વેરાઓમાં લાભો આપવાને કારણે મધ્યમ વર્ગ ઉપર વધતું કરભારણ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી હીરાભાઈ પટેલ |
| ૬. | --"-- | ૧૦૦ | રાજયનું દેવું અને તેના ઉપર | શ્રી અમિતકુમાર |

| | | | | |
|---|---|---|---|---|
| | | | સતત વધતું જતું વ્યાજનું ભારણ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | ચાવડા |
| ૭. | --"-- | ૧૦૦ | વિભાગ દવારા બહાર પડાતા નાણાકીય લાભો અંગેના પરિપત્રોમાં પૂરતી સ્પષ્ટતાઓ ન હોવાને કારણે ચૂકવણીમાં પડતી હાડમારી નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી માનસિંહ ચૌહાણ |
| ૮. | ૨૦૫૨-સચિવાલય.....સેવાઓ<br>૦૯૦-સચિવાલય<br>રૂા.૧૬,૦૭,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૬, પા.નં.૬૫ - ૬૬ | ૧૦૦ | નાણા વિભાગની પૂર્વ મંજૂરી વિના થતા વધારાના ખર્ચ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બાવકુભાઈ ઉધાડ |
| ૯. | --"-- | ૧૦૦ | ઉત્સવો અને મહોત્સવો પાછળ કરવેરાના નાણાં ન ખર્ચાય અને કરકસર થાય તેવું આયોજન ગોઠવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અશ્વિન કોટવાલ |
| ૧૦. | --"-- | ૧૦૦ | ધારાસભ્યો દવારા લખાયેલ પત્રોમાં રજૂ કરેલ ફરિયાદોનો સત્વરે ઉકેલ લાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રાધવજીભાઈ પટેલ |
| ૧૧. | --"-- | ૧૦૦ | અન્યવિભાગોનીફાઈલો/ દરખાસ્તોનો સત્વરે નિકાલ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી નિરંજનભાઈ પટેલ |
| | | **માગણી નં.૧૬** | | |
| ૧૨. | ૨૦૪૦-વેચાણ.....કરવેરા<br>૦૦૧-નિદેશ અને વહીવટ<br>રૂા.૧૪,૫૫,૪૦,૦૦૦<br>અં.પ્ર.નં.૬ પા.નં. ૯ થી ૧૧ | ૧૦૦ | વેરાઓ ભરવામાં વેપારી વર્ગને પડતી હાડમારી નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી જીતુભાઈ ચૌધરી |
| ૧૩. | ૨૦૪૦-વેચાણ.....કરવેરા<br>૧૦૧- વસૂલાત ખર્ચ<br>રૂા.૧,૫૯,૩૬,૫૯,૦૦૦<br>અં.પ્ર.નં.૬ પા.નં. ૧૨ અને ૧૩ | ૧૦૦ | વેપારધંધા / રોજગાર પરના કરની વસૂલાત માટે થતા ખર્ચનો વધારો રોકવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી લાલસિંહ વડોદિયા |
| ૧૪. | --"-- | ૧૦૦ | મોટા ઔદ્યોગિક એકમોના લાંબા | શ્રી બચુભાઈ |

| | | | | |
|---|---|---|---|---|
| | | | સમયથી કરોડો રૂપિયાના બાકી વેરાઓ વસૂલવામાં તંત્રની નિષ્ફળતા | કિશોરી |
| ૧૫. | --"-- | ૧૦૦ | કરવેરાના દર ઘટાડવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી પુનાભાઈ ગામીત |
| **માગણી નં. ૧૭** | | | | |
| ૧૬. | ૨૦૫૪-<br>તિજોરી.....વહીવટ<br>૦૯૫-હિસાબ.....કચેરી<br>રૂા.૮,૭૭,૨૧,૦૦૦<br>અં.પ્ર.નં.૬<br>પા.નં. ૬૯ થી ૭૧ | ૧૦૦ | તાલુકા કક્ષાની હિસાબી તિજોરી કચેરીઓનો વહીવટ સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ધીરસિંહ બારડ |
| ૧૭. | ૨૦૫૪-<br>તિજોરી.....વહીવટ<br>૦૯૫-હિસાબ.....કચેરી<br>રૂા.૮,૭૭,૨૧,૦૦૦<br>અં.પ્ર.નં.૬<br>પા.નં. ૬૯ થી ૭૧ | ૧૦૦ | જિલ્લા / તાલુકાની હિસાબી તિજોરી કચેરીઓમાં કર્મચારીઓની ઘટ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી દિતાભાઈ મછાર |
| ૧૮. | --"-- | ૧૦૦ | પેન્શન કેસોનો ઝડપી નિકાલ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ચંદુભાઈ ડાભી |
| **માગણી નં. ૧૮** | | | | |
| ૧૯. | ૨૦૭૧-<br>પેન્શન.......લાભ<br>૦૧-મુલકી<br>૧૦૧-<br>વયનિવૃ્ઢિ......ભથ્થ<br>ાં<br>રૂા.૨૮,૨૫,૦૦,૦૦,<br>૦૦૦અં.પ્ર.નં.૬પા.નં<br>. ૮૨ | ૧૦૦ | પેન્શનરોના વધતા મોંઘવારી ભથ્થાની રકમ સમયસર ચૂકવવામાં તંત્રની ઉદાસીનતા | ડૉ. અનિલ જોષીયારા |

*** આ કાપ દરખાસ્તો સભાગૃમાં રજૂ થઈ શકી નહી.**

**અધ્યક્ષશ્રી** : અનુદાનો માટેની ચર્ચા અને મતદાન માટે આજે છેલ્લો દિવસ છે. સભાગૃહની આજની આ બેઠકનો સમય સવારના ૮-૩૦ થી ૧-૦૦ વાગ્યા સુધીનો ઠરાવવામાં આવેલ છે. વિધાનસભાના નિયમોના નિયમ ૨૨૮(૨) મુજબ સભાગૃહની બેઠક મુલતવી રાખવા ઠરાવેલ સમયના એક કલાક પહેલા અનુદાનો માટેની માગણીઓ પરની સઘળી ચર્ચા પૂર્ણ કરવાની થાય છે. આ જોગવાઈ અનુસાર આજે બપોરે ૧૨-૦૦ વાગ્યે અનુદાનો માટેની માગણી માટેની સઘળી ચર્ચાઓનો અંત આવશે અને જે માગણી પર ચર્ચા ચાલતી હશે તે અને તે સિવાયની બાકી રહેલી બીજી તમામ માગણીઓ એકી સાથે સભાગૃહના મત માટે રજૂ કરવામાં આવશે. હવે માગણીઓ અને તેના ઉપર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા કરવામાં આવશે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ (ભાવનગર શહેર (દક્ષિણ)** : માનનીય અધ્યક્ષશ્રી, આ બજેટમાં ૫૨૪ કરોડ રૂપિયાનો નાણામંત્રીશ્રી બોજો લઈને આવ્યા, ફૂટી કોડીની પણ રાહત નહીં. મોટા માલેતૂજાઓ માટેની વ્યવસ્થાઓ આપણે લાવ્યા. ગુજરાતનો જે આમ આદમી છે એની શું ચિંતા? આમ આદમી બોલે છે. મુશ્કુરાહટ લબો સે જુદા હો ગઈ,

ઈસ કદર હો ખફા કયા ખતા હો ગઈ
આમઆદમી હૈ આસું ઓર અંધેરોમેં

અરે ઓ સરકાર તેરે તો બજેટસે રોશનીહી જુદા હો ગઈ.

માનીનય અધ્યક્ષશ્રી, કોઈ માતેલો સાંઢ હોયને એને નાથવા માટે એના નાકમાં નથ પહેરાવવામાં આવે છે જેથી એને કંટ્રોલ કરાય. એમ સરકારના વહીવટને કોઈએ નાથવાનું કામ કોઈએ કરવાનું હોય તો એ નાણા વિભાગે કરવાનું છે. કંટ્રોલમાં રાખવાનું કામ નાણા વિભાગનું છે. પણ શું થયું? અહીં તો નાણા વિભાગ છેને એ તો પેલા * (xxxxx) (xxxxx) (xxxxx) આ પ્રકારની પ્રક્રિયા(અંતરાય)

## પૉઈન્ટ ઑફ ઑર્ડર

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : મારો પૉઈન્ટ ઑફ ઑર્ડર છે. એમણે (xxxxx) બાબતમાં વાત કરી એ બિનસંસદીય શબ્દો છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : ભૂતકાળમાં અનેક વખત થઈ છે. (અંતરાય)

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય સભ્યશ્રી એ શબ્દો પાછા ખેંચી લે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : એ શબ્દો હું પાછા ખેંચી લઉં છું ચાલો.

**અધ્યક્ષશ્રી** : શબ્દો પાછા ખેંચાય છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, વ્યર્થ ખર્ચના કારણે જે લઈ લેવાની વૃત્તિ છેને બે-ચાર નહિ, દસ-બાર ઉઠાવી લેવાની વૃત્તિ છેને આ સરકારની એ ખરાબ લાગે એનું કારણ છે. જ્યારે કોઈ પથ્થર ફેંકો, પણ જેની દુઃખતી રગ હોયને એના ઉપર જ આવીને પડતો હોય છે. દેશના કોઈ પણ રાજ્ય કરતા અને હું આપને આંકડાઓ આપું, ટેકસનું ભારણ દેશની અંદર સૌથી વધારે કોઈ રાજ્યમાં હોય આમઆદમી ઉપર તો એ ગુજરાતની જનતા છે. હું કેન્દ્રના આંકડાઓ પણ આપીને કહીશ, કોઈ પરિસ્થિતિ એવી નિર્માણ કરવી જોઈએ કે કોઈ મોટા માલેતુજાર પાસેથી પૈસા લે નાણા વિભાગ અને ગરીબના ઝૂંપડામાં એ નાણાની રાહત પહોંચાડે એ વ્યવસ્થા હોવી જોઈએ. અહીંયા તો ઉંધું થાય છે. માલેતુજારને માલામાલ કરવા માટે ગુજરાતના આમઆદમી ઉપર ટેકસનો કોરડો નાખવાનું કામ નાણા વિભાગ કરે છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું ગઈકાલે રાત્રે જોતો હતો RBI ની સ્ટડી ઑફ બજેટ ૨૦૦૯-૨૦૧૦. મને બહુ નવાઈ લાગી. આખા દેશમાં ટોટલ કરવેરાના પ્રમાણમાં વીજડ્યૂટી જો કયાંય વધારે હોયને તો એ ગુજરાતમાં એનો હિસ્સો આવે છે. ટોટલ ટેકસના ૨૦૦૯-૨૦૧૦માં વીજડ્યૂટીની આવક છેને આખા દેશમાં એ રાજ્યોની ટકાવારીની કુલ આવકના પ્રમાણમાં ગુજરાતમાં ૯.૧૦% વીજડ્યૂટી છે ટોટલ ઈનકમમાં પણ. ઓલ ઈન્ડિયાની ટકાવારી ૩.૭%. આંધ્રપ્રદેશ ૦.૬૫%, હરિયાણા ૦.૯૭%, કેરાલા ૦.૩૧%, કર્ણાટક ૧.૪૨ અને એમ.પી., મધ્યપ્રદેશ અને રાજસ્થાન જુઓ તો ૪.૮૩ થી લઈને ૭%. વીજડયુટી આપણે ત્યાં એડવેલોરમ પર લેવાય છે અને એડવેલોરમ પર વીજડયુટી લેવાય છે ત્યારે જેવા ફ્યુઅલમાં પૈસા વધે એ પ્રમાણે આપણે ત્યાં ડ્યૂટી વધી જાય છે. દેશના અન્ય રાજ્યોમાં રાજ્ય કક્ષાના ઊર્જામંત્રીશ્રી છેને એકાદી નાની બારી પકડીને ખૂબ જોરજોરથી કહેતા હોય છે આમ, આમ. માનનીય અધ્યક્ષશ્રી મારે કહેવું છે આમ રહેવાસી માટે રહેણાંક પર જે વીજડ્યૂટીનો બોજ છેને એ ગુજરાતમાં ૨૦% જેટલો છે અને બીજા રાજ્યોમાં રહેણાંકની વીજળી વપરાયને એનો ટેકસ ૪ થી ૧૫ પૈસા છે. આપણે લઘુઉદ્યોગો પાસે જે વીજડ્યૂટી છે એ ૧૦% છે હમણાંજ પ્રશ્નમાં આવ્યું હતું. કેટલાય લઘુઉદ્યોગો બંધ થતા જાય છે. એ વીજડ્યૂટી ૧૦%થી ઘટાડીને ૭.૫% કરવી જોઈએ એવી મારી માગણી છે. માનનીય અધ્યક્ષશ્રી, વ્યવસાય વર્ષો પહેલાં આપે નક્કી કર્યો છે. ૩,૦૦૦/- રૂપિયા ઉપર વ્યવસાય વેરો લેવાય છે. ઈન્કમ ટેક્સની મર્યાદા કેન્દ્રમાં વધારતા ગયા, ૧.૬ હતી એમાં પણ વધારી ૧લાખ,૬૦ હજાર સુધી કે એના ઉપર કોઈ જાતનો ઈન્કમ ટેક્સ નહીં લેવાય. શું આપણી ફરજ નથી કે, વ્યવસાય વેરો ૩,૦૦૦/- રૂપિયા એટલે ? સામાન્ય માણસ કામ કરતો હોયને એ પણ ૩,૦૦૦ રૂપિયામાં આવી જાય. જે રીતે કેન્દ્રમાં ઈન્કમ ટેક્સ માટે મુકિત મર્યાદા ઈન્કમ ટેક્સની વેવ કરી છે એજ પ્રમાણે વ્યવસાય વેરામાંથી પણ મુકિત આપવી જોઈએ એવી મારી માગણી છે.

માનનીય અધ્યક્ષશ્રી, વેટના કાયદાની કલમ ૧૧(૬)માં જાહેરનામું બહાર પાડવામાં આવ્યું ૨૯-૬-૨૦૧૦ના રોજ. ઈનપુટ ટેક્સ ક્રેડિટમાં બે ટકા ઘટાડાની જોગવાઈ કરાઈ અને કહેવાયું એવું કે, કેન્દ્રએ કેન્દ્રિય વેચાણ વેરાના અધિનિયમના દરમાં ફેરફાર કર્યો છે એટલે એને સરભર કરવા હું આવક લઉં છું અને કેન્દ્ર આપશે તો હું આ બંધ કરી દઈશ. આ અસર માત્ર આપણને નહીં આખા દેશના તમામ રાજયોની હતી, દેશના કોઈ પણ રાજયે ઈનપુટ ટેક્સ ક્રેડિટ બે ટકા ઘટાડો કરવાનો કયાંય નિર્ણય કર્યો નથી, માત્ર આપે નિર્ણય કર્યો. અને હવે કેન્દ્ર સરકારે સકારાત્મક આપની નુકસાન સરભર કરવાની વાત પણ કરી છે. આપે કેટલાક આંકડાઓ પણ આપ્યા છે ત્યારે મારી માગણી છે કે, ઈનપુટ ટેક્સ ક્રેડિટમાંથી આ બે ટકા ઘટાડો કર્યો છે એ તાત્કાલિક દૂર નહીં કરીએ તો રાજયના ઉદ્યોગોને એનું બહું જ મોટું નુકસાન થાય છે સ્પર્ધામાં આપણા રાજયનો ઉદ્યોગકાર ટકી ન શકે એવી પરિસ્થિતિ થઈ છે. ( આ તકે સભ્યશ્રી કાન્તિભાઈ લકુમ બેઠા બેઠા આઈ.ટી.ના દરોડા અંગે કોમેન્ટ કરતા ) આપણે

* (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

કાળા નાણાંના તો દરોડા પાડવા જ પડે ભાઈ અને એટલે જ હું આજે કાળુંય પહેરીને આવ્યો છું કે, અહીં કાળા નાણાની બ્રિફ લઈને ચાલનારા લોકો છે. કાળા નાણાવાળા વાયબ્રન્ટ (અંતરાય) અને એ આંતકવાદીનું પણ કાળુ નાણું હોઈ શકે અને એ કાળા નાણા સામે દેશમાં લડવાની વાત કરો છો અને અહીંયા એની વકીલાત કરવા નીકળો છો કે ઈન્કમ ટેક્સવાળો ના આવવો જોઈએ. ઈન્કમ ટેક્સવાળો ધોળા નાણાવાળાને ત્યાં નથી જતો, કાળા નાણાવાળાને પકડે છે અને એમાં તમારું પેટનું પાણી શા માટે હલે છે ? સામેથી બોલાવો અને કહો કે આ કાળા નાણાનો ચોર છે. ઈન્કમ ટેક્સનો પૈસો દેશની કે રાજયની તિજોરીમાં ટકાવારીથી આવશે અને એનો ફાયદો રાજય કે દેશની જનતાને થશે. કાળાબજારિયા, કાળા નાણાવાળા એની બ્રિફ લઈને નીકળતા શરમ આવવી જોઈએ આપણને અહીંયા પકડો છો. (અંતરાય)

માનનીય અધ્યક્ષશ્રી, એ વેટની વાત કરી હતી. અરે હોય એ* (xxxxx) કોઈ પણ એને પકડવા જોઈએ કાળું નાણું હોય તેમ હું કહું છું. હું એ વાત કરતો હતો કે, ગુજરાતની અંદર વેટ જ્યારે અમલમાં આવ્યો ત્યારે એ વાત કરવામાં આવી હતી કે, વેટ એ સરલીકરણનો કાયદો છે. વેટના અંદર એકદમ સરળ લાવીશું કોઈ મુશ્કેલી નહીં રહે. પરિસ્થિતિ શું થઈ છે ? સરલીકરણ તો રહ્યું નથી, જે પરિસ્થિતિ છે એમાં માનનીય અધ્યક્ષશ્રી, અનેક આંટીઘૂંટીઓ છે. આપે ઑન લાઈન ભરવાની વાતો કરી, બૅન્કો પર્યાપ્ત નથી. વેટના અમલમાં જે મુશ્કેલીઓ પડે છે એના સાથે આપણે વાત કરવી પડશે. મારે એ પણ વાત કરવી છે વેટના અમલનો અભ્યાસ કરો. આપે આજુબાજુના રાજયોમાં જોયું કે મોબાઈલ પર ક્યાંક થોડોક વધારે છે, ગુજરાતમાં કેમ મોબાઈલ પર ન ઠોકું ? દો, એટલો જ ટેક્સ નાખો. પછી આપણે એ અભ્યાસ નહીં કરવાનો કે બીજા રાજયોમાં જે ઓછું છે એ ઓછું કરવા માટેની પાછી આપણે નહીં વિચારણા કરવાની કે ત્યાં ઓછું છે તો અહીંયા ઓછું કરું? પશ્ચિમ્ બંગાળમાં ટિમ્બર ઉપર, મોટર વ્હીકલ પાર્ટ્સ ઉપર ૧૨.૫ ટકા વેરો હતો એ ઘટાડીને ૪ ટકા ૨૦૦૭માં કરી દીધો. હાર્ડ વેર, ટાયર ટ્યૂબ, સૂંઠ, ઘાણા વગેરેમાં વેરાના દર ગુજરાતમાં વધારે છે, ઘટાડવાની આપણે તૈયારી ખરી છે ? આપની હું તો કહું છું કે, એ પણ જવાબદારી છે કે ટેક્સની વોર ના ચાલે એટલા માટે વેટનો અમલ આવ્યો છે. ઈન્ટર સ્ટેટ વોર ના ચાલે. આપને એમ લાગતું હોય કે કોઈ રાજય નિયમો કરતા વધારે ટેક્સ ઓછો લઈ લે છે અને આપના રાજયના વેપારીને નુકસાન થાય છે તો આપણો કેસ મજબૂત રીતે ઊભો કરીને કહેવું જોઈએ કે સાહેબ એ રાજયને કહો કે, આપ મોટર વેરાના પાર્ટસ ઉપર કે ટીમ્બર ઉપર ચારટકા ટેકસ ન કરી શકો. ૧૨.૫ જ રાખો. શા માટે આપણે એ ચિંતા નથી કરતા શું આપણી એ ફરજ નથી. વેટની પરિસ્થિતિ શું છે? મોંઘવારીના નામે આપણે બહુ વાતો કરી કે મોંઘવારી ઉભી થઈ ગઈ, મોંઘવારી ઉભી થઈ ગઈ. આપણી પરિસ્થિતિ શું છે? આપણી જે આઈટમ-એ છે કે જેની અંદર ૨૭૦ આઈટમો આવે એની અંદર આપણો ટેકસ શું છે? મેં તમામ રાજયોના સ્ટડી કર્યા. આપનો ટેકસ એ પાંચ ટકા ટેકસ થાય છે અને સંખ્યાબંધ રાજયો આસામ જેવાથી માંડીને કેટલાય જોઈ શકાય કે જેની અંદર માત્ર ચાર ટકા ટેકસ છે. આપનો સરચાર્જ દુર કરીને શું કામ લઈ આવતા નથી એની સાથે ટેકસ? આઈટમ -એમાં ન પડતી હોય એવી આ ૨૭૦ સિવાયની આઈટમો એમાં મારા પાસે આંકડાઓ છે આખા દેશમાં ગુજરાત એક જ એવું રાજય છે કે જેનો ટેકસ ૧૫ટકા છે. બાકી દેશના કોઈપણ રાજયમાં વેટ સરચાર્જ સાથે પંદર ટકા નથી થતો. ૧૨.૫ટકા, તેર ટકા, ૧૩.૫ટકા, ચૌદ, સાડા ચૌદ આખા રાજયનો કોઠો છે મારી પાસે અને એ પ્રમાણે કયાંય આ ટેકસ નથી. આપણા રાજયમાં સિમેન્ટ, રાંધેલો ખોરાક, કોસ્મેટીકસ, ડોમેસ્ટીક ઈલેકટ્રોનિક એપ્લાયન્સીસ, ગ્લાસીસ, ફર્નીચર, હાર્ડવેર, લુબ્રીકેટીંગ ઓઈલ આ બધી જ આઈટમો જે છે ટી.વી.,ફ્રીજ, ટાયર, ફુટવેર આ બધામાં આપણે શું ટેકસ લઈએ છીએ? આપણે ટેકસ લઈએ છીએ ૧૫ ટકા અને હું આપને દાખલો આપીશ મહારાષ્ટ્ર અને રાજસ્થાન આ તમામ આઈટમોમાં માત્ર સાડાબાર ટકા ટેકસ છે. શુંઆપણને એમ ન થાય કે એની સાથે આપણે ટેકસ ઘટાડીએ? આપણને પેલો મોબાઈલ દેખાઈ ગયો એકમાં આપણા ઓછા હતા તો વધારી દો. પી.ડી.એસ.સિવાયનું કેરોસીન, પી.ડી.એસ.ને બાદ કર્યા સિવાયનું કેરોસીન. કેરોસીન વાપરનારો કયો વર્ગ છે? આમ આદમી ગુજરાતનો કેરોસીન વાપરે છે. આપનો ટેકસ ગુજરાતમાં છે ૨૫ટકા અને મહારાષ્ટ્રમાં છે સાડા બાર ટકા, લિગ્નાઈટમાં આપનો ટેકસ છે ૨૦ટકા મહારાષ્ટ્રમાં છે પાંચ ટકા, રોઝ સલ્ફેટ હેવી સ્ટ્રોક એલ.એસ.એચ.એસ. આપનો ટેકસ છે પંદર ટકા મહારાષ્ટ્રમાં છે ખાલી સાડા બાર ટકા. નેપ્થા આપનો છે ૧૬ટકા મહારાષ્ટ્રમાં છે સાડા બાર ટકા. હાઈસ્પીડ ડિઝલ આપનો ટેકસ છે ૨૪ટકા અને મહારાષ્ટ્રમાં છે ૨૦ટકા. એક રૂપિયો અને સિત્તેર પૈસા લિટરે ડિઝલમાં ફરક પડે છે. આવતો ટ્રકવાળો રાહ જુએ કે ગુજરાતની બોર્ડરમાં દાખલ થાઉં એ પહેલા ડિઝલ પુરાવી લઉં તો મને ફાયદો થશે. આના કારણે નુકસાન ગુજરાતને છે, ગુજરાતના પંપના માલિકોને છે. ટેકસ ઓછો રાખો અને આવક વધે એ નીતિ હોવી જોઈએ. ટેકસ મોટો રાખીને આવક ઘટે, રાજયને નુકસાન થાય એવું નહીં હોવું જોઈએ. કર્મચારીઓના પગાર નિયમિત કેમ ન થાય? નાણા વિભાગે એ નહીં જોવાનું? કે કામ કરનારો આપણો માણસ છે કે રજા પગાર હોય કે એનો રેગ્યુલર પગાર હોય તારીખ આવે એનો પગાર મળી જવો જોઈએ. મેડિકલ કોલેજોમાં આપણે એમ.સી.આઈ.ને દુહાઈ દઈએ પરંતુ મેડિકલનો ટીચીંગ સ્ટાફ છે એ ટીચીંગ સ્ટાફ એને નથી આપણે યુ.જી.સી.નો સ્કેલ આપ્યો, નથી એને ટીકુ કમિશનનો લાભ આપ્યો. પરિણામે મેડિકલ કોલેજોમાં

* (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

ટીચીંગ સ્ટાફ આપણને મળતો નથી. મેરી ટાઈમ બોર્ડ,પાણી પુરવઠા બોર્ડ આવા અનેક બોર્ડ છે જેના કર્મચારીઓને છઠ્ઠા પગારપંચનો લાભ આપણે નથી આપ્યો એ તાત્કાલીક આપવો જોઈએ. ૧૦૪ વ્યક્તિઓ તો આ રાજયમાં એવી છે કે જેની ઉપર એક કરોડથી વધારે સેલ ટેક્સ બાકી છે અને બધા સ્ટેવાળા નથી. એસ્સારની કરોડો રૂપિયાની આવક તમે પાછી લો એમ તમારા સેલટેક્સ કમિશ્નર કાગળ લખીને મોકલે છે કે આના પાસેથી લો. સુપ્રીમ કોર્ટે સ્ટે નથી આપ્યો એમછતાં આપણે એની આવક લેતા નથી તિજોરીમાં અને ગરીબ પાનવાળો બે દિવસ મોડું થાય તો એના ઉપર ચડી બેસવાનું કામ એ સેલટેક્સ વિભાગ કરતો હોય. વેટની ઉઘરાણીનું ગરીબ માણસ માટે કયાં ચાલશે? સોનાના ટુકડા જેવી આ રાજયની જમીનો. હમણા એક દિવસ અભિનંદન આપીશ એ જર્નાલિસ્ટ મિત્રોને એક દિવસની પ્રશ્નોત્તરીમાં જ્યારે સરવાળો કરીએ તો ૭૫ કરોડ સ્કવેર મીટર જમીન અપાઈ તો એક દિવસમાં. માનનીય મહેસૂલ મંત્રીશ્રી ઘણી વખત ઊભા થઈ જાય છે. કે કોંગ્રેસે પણ જમીન આપતી હતી. આંકડા આપી દઉં. મારી ખુલ્લી ચેલેન્જ છે કે શ્વેત પત્ર બહાર પાડો. કે મોટાં શહેરોની આજુબાજુમાં કેટલા લોકોને કોંગ્રેસે જમીન આપી હતી, શું ભાવથી આપી હતી? અને અમદાવાદ અને ગાંધીનગરની પેરીફરીમાં કયા તમે ભાવથી તમે શું જમીન આપી છે. માત્ર એક દાખલો આપું અને કોંગ્રેસનો તમે એક આવો દાખલો બતાવજો. લાર્સન અને ટોબ્રોને બજાર કિંમતે એ જ જમીન આકારવામાં આવી. ૨૮૦૦ રૂપિયા, ૨૫૦૦ રૂપિયા. ૨૪૦૦ રૂપિયા અને એ જ વિસ્તારમાં ૨૧૧૭૯ નંબરના પ્રશ્નના જવાબમાં આપે આપ્યું છે. એ જમીન શું ભાવમાં હતી. ૭૦૦ માં નહિ, મંત્રીશ્રી, એક રૂપિયાના ભાવમાં આપી. ૮૦ એકર જમીન એક રૂપિયાના ભાવથી આપી. આપની પ્રશ્નોત્તરીના જવાબમાં પ્રશ્ન ક્રમાંક ૨૧૧૭૯ માં આપે સ્વીકાર્યુ. આશાપુરા માઈન્સ કેમ નામની મીનરલ માટેની કઈક કઈક કરીને આપી દીધું આપે કે જેમણે એક્ષપોર્ટ કરશે આ કામ કરશે. નવો ઉદ્યોગ આવશે અને અને મારી માહિતી મુજબ તે પ્રમાણે રૉયલ્ટીની ડિમાન્ડ આપની એક જ કિસ્સામાં જે આપની પેનલ્ટિ થાય છે ને તે કદાચ ૫૦ કરોડ રૂપિયા થાય છે. કરોડો રૂપિયા.(અંતરાય) નાણા વિભાગે આ પૈસા લેવા પડે. નાણા વિભાગની જવાબદારી છે.(અંતરાય)

**શ્રી વજુભાઈ વાળા** : એમાં આટલું બધું ગરમ થવાની શી જરૂર છે. મારા વિભાગને લગતી આ કોઈ વાત નથી. મારા વિભાગની નથી.

**અધ્યક્ષશ્રી** : વજુભાઈની રિકવેસ્ટ છે કે આપ જોરથી ના બોલો.

**શ્રી વજુભાઈ વાળા** : પોતે પોતાની જાતને બહુ જાણકાર કહે છે?

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : હા, હું જાણકાર છું એટલા માટે કહું છું.

**શ્રી વજુભાઈ વાળા** : હું પણ એટલા માટે કહું છું કે આ જમીન કોઈને શું ભાવે આપી એ આવે નહિ (અંતરાય) કેટલી રૉયલ્ટી લો છો.(અંતરાય)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : આપે બોલી લીધું હોય તો બેસો હું કહું છું.

**અધ્યક્ષશ્રી** : મહેસૂલ વિભાગની વાત ન આવે.પ્લીઝ.

**શ્રી વજુભાઈ વાળા** : માગણીઓ વાંચી જોવોને. મેં માગણી શેના માટે મૂકી છે?

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : આપ બેસો એટલે હું કહું.

**અધ્યક્ષશ્રી** : આપ મહેસૂલ વિભાગની માગણીની વાત ન કરો. પ્લીઝ.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, નાણા વિભાગ દરેક વિભાગમાં એક એક ફાઈનાન્શિયલ એડવાઈઝર રાખે છે. અને F.A. who is called Financial Advisor, નાણા વિભાગનો હું મંત્રી રહ્યો છું. મને ખબર છે. ફાઈનાન્શિયલ એડવાઈઝરનું કામ શું છે. દરેક વિભાગમાંથી એક પણ રૂપિયો જો પ્રજાની નાણાની તિજોરીમાં આવતો અટકતા હોય તો ફાઈનાન્શિયલ એડવાઈઝરની જવાબદારી છે, એને એ રોકવા જોઈએ.

**શ્રી વજુભાઈ વાળા** : આ વિષયની માગણીઓ ઓલરેડી થઈ ગઈ છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : I am on this demand only.

**અધ્યક્ષશ્રી** : શ્રી શક્તિસિંહ મૂળ વિષય ઉપર આવી જાવ. પ્લીઝ.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : I am running against time, I know what is difficulty of the Government and why they are disturbing me.

**અધ્યક્ષશ્રી** : આપણી પાસે સમય ઓછો છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : હું મારી વાત એક વાત કરીને પૂરી કરવા માગું છું કે ગુજરાતમાં જે પરિસ્થિતિનું નિર્માણ થયું છે. આપે ગુજરાત સ્ટેટ ફાઈનાન્શિયલ સર્વિસીસ કરી. જે કઈ નિગમો નફો કરતા હતા એના બિફોર ટેક્સ ૩૦ ટકા લઈ લેવાના અને ગુજરાત સ્ટેટના આપે ઊભા કરેલા એક વિભાગમાં જેને નામ આપ્યું આપે ગુજરાત સોશિયો ઈકોનૉમિક ડૅવલપમૅન્ટ સોસાયટી. ૧૦૦ કરોડ રૂપિયા આપે ઊભા કર્યા. એના કારણે નુકસાન શું થયું? આપના બીજા નિગમોમાં જે શેર હોલ્ડરના પૈસા પડ્યા હતા તે ફટાક કરતા ૨૦૦૮ માં એ શેર ડાઉન થઈ ગયા. કરોડો રૂપિયાનું નુકસાન થયું. રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાની ગાઈડલાઈન મુજબ આ શક્ય નહોતું અને આપે ૧૦૦ કરોડ ઊભા કરેલ હતા, તે ગુજરાત સોશિયો ઈકોનૉમિક ડૅવલપમૅન્ટ સોસાયટીના ત્યાંને ત્યાં

પડ્યા છે. તે પાછા આપી દેવા જોઈએ. ગુજરાત સ્ટેટ ફાઈનાન્શિયલ સર્વિસીસ ઊભું કર્યુ. જી.એસ.એફ.એસ. જે નીતિ અને નિયમો છે. આર.બી.આઈ. એકટની કલમ-૪૫ એનો સદંતર ભંગ આમાં કરવામાં આવ્યો છે. કંપની ધારાની કલમ ૬૧૭ આપે જોઈ હોતને કલમ-૩૭૨ પણ જોઈ હોત ને તો આ પરિસ્થિતિ ન નિર્માણ થઈ હોત.

માનનીય અધ્યક્ષશ્રી, આપે પૈસા નાંખ્યા તેના કારણે આ ઉભું કરનાર નાણાં વિભાગ હતો. આપ એમ નહીં કહી શકો કે બીજો વિભાગ હતો. આપનો વિભાગ હતો અને આના માટેની દાનતના કારણે જે નુકસાન થયું છે તે ગુજરાત રાજયની જનતાને થયું છે. હું હજી પણ માનનીય નાણામંત્રીને વિનંતી કરું છું કે આ બધી પરિસ્થિતિ છે ત્યારે મોબાઈલમાં પણ આપને મોબાઈલ નજરે ચડતા હોય તો પાંચ હજાર સુધીનાને તો કમસેકમ ઓછામાં રાખો. પાંચ હજારનો મોબાઈલ લેનારો માણસ તે સામાન્ય માણસ છે. બીજા ટેક્સીસ મેં ગણાવ્યા છે તે રાજયની સાથે લઈ આવે અને છેલ્લી વાત કરીશ કે આયોજન નાણાં વિભાગનું કરો છો ત્યારે સંસદસભ્યોને બે કરોડમાંથી પાંચ કરોડ કરવામાં આવ્યા હોય, ધારાસભ્ય, એમ.એલ.એ. ઈઝ ધી બેસ્ટ જજ કે કયાં પૈસા વાપરવા છે અને તે પ્રજાનો ચૂંટાયેલો પ્રતિનિધિ છે તેના ૫૦ લાખમાંથી કમસેકમ ૨ કરોડ રૂપિયા એમ.એલ.એ.ગ્રાન્ટ કરો. જેથી કમસેકમ તે પ્રજાહિતમાં તે પૈસા વાપરી શકે એ શબ્દો સાથે મારી વાત પૂરી કરું છું.

**શ્રી અનિલકુમાર ત્રિ. પટેલ (મહેસાણા)** : માનનીય અધ્યક્ષશ્રી, સન્માનનીય નાણામંત્રીશ્રી એમના વિભાગની માગણી નં.૧૫, ૧૬, ૧૭ અને ૧૮ લઈને આ સભાગૃહ સમક્ષ આવ્યા છે ત્યારે તેમની માગણીઓના કોમર્શિયલ ટેક્સ અને પેન્શનને લગતી બાબતો અંગે હું મારા વિચારો રજૂ કરીશ.

માનીય અધ્યક્ષશ્રી, સમગ્ર દેશની જનતા અને ખાસ કરીને ગુજરાતની જનતા તે આદરણીય મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીને એક વિઝનરી નેતા તરીકે જ્યારે ગણે છે ત્યારે મને એક પુસ્તકમાંથી વાંચવા મળ્યું કે વિઝનરી કોને કહેવાય? જે એક બીજની અંદર વૃક્ષને નિહાળી શકે તેને વિઝનરી કહેવાય. ગુજરાતના આદરણીય મુખ્યમંત્રીએ સ્વર્ણિમ ગુજરાતનું પોટેન્શ્યલ નિહાળીને ગુજરાતના વિકાસ માટેની જે યાત્રા આરંભી છે તે યાત્રામાં નાણા વિભાગનું જે મહત્ત્વ છે તેમાં રાજયની આવક અને ખર્ચનું સુચારું સંચાલન તે નાણા વિભાગની મહત્ત્વની કામગીરી છે. ઇન ડાયરૅક્ટ ટેક્સીસ તરીકે રાજય સરકાર જ્યારે સેલ્સ ટેક્સના બદલે વેલ્યુ એડેડ ટેક્સ એટલે કે વેટના સંદર્ભમાં કોમર્શિયલ ટેક્સ વિભાગ દ્વારા છેલ્લા પાંચ વર્ષમાં જે કામગીરી કરવામાં આવી છે ૨૦૦૬ થી તે ઘ ણી બધી રીતે પ્રશંસનીય કામગીરી થઈ છે. જે વેરાની આવક છે તે આવકના ૫૬ ટકા જેટલી આવક એટલે લગભગ ૨૬ હજાર કરોડ રૂપિયાની આવક તે વેલ્યુ એડેડ ટેક્સમાંથી રાજય સરકારને થાય છે અને આ આવકમાં દરવર્ષે ૨૦૦૬માં જે ટેક્સ દાખલ કર્યો તે વર્ષે ૨૧ ટકા, પછી ૧૭ ટકા અને છેલ્લે ૨૦૧૦-૧૧માં ૩૫ ટકા જેટલો આવકમાં વધારો કરીને નાણા વિભાગે પોતાની સક્ષમતાનો આવકના અને રાજયની જે પ્રજાની સમૃદ્ધિમાં જે વધારો થયો છે તેમાંથી તેના વિકાસલક્ષી  નાણાં મેળવવા માટે આ વેરામાંથી રાજય સરકાર પોતે આવક મેળવી રહી છે. માનનીય વિપક્ષના નેતા કેટલાક નિરીક્ષણ કરતા હતા તેમાં તેમણે વીજ ડયૂટી ઉપર એક નિરીક્ષણ કર્યુ. પર કેપીટા કન્ઝમ્શન જે છે વીજનું દેશમાં તે સૌથી વધારે ગુજરાતમાં છે એટલે સ્વાભાવિક રીતે વીજ વેરાની આવક વધારે હોઈ શકે. વ્યવસાય વેરાને લગતી ટિપ્પણી કરી. વ્યવસાય વેરો તે હવે નાણાં વિભાગ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓને ગ્રામ પંચાયત, નગરપાલિકાઓ, મહાનગરપાલિકાઓને આના અધિકાર આપેલા છે. એટલે સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ નાણાંનો ઉપયોગ કરી શકે તે પ્રકારની જોગવાઈ કરીને આ સરકારે લોકલ બોડીઝના હાથમાં સત્તાઓ આપી છે. જે કામગીરી કોમર્શિયલ ટેક્સ દ્વારા થઈ રહી છે તેમાં રિફંડની રકમમાં પણ જે વેપારીઓને કોઈપણ પ્રકારની મુશ્કેલીઓ ન પડે ત્યારે ૨૦૦૬-૦૭માં ૬૩૦ કરોડ રૂપિયાનું રિફંડ હતું તે લગભગ ૨૦૧૦-૧૧માં લગભગ ૧૮૭૯ કરોડ રૂપિયાની રકમ આપીને તેમાં વધારો કર્યો છે. (અંતરાય ) આ સામે  વાણિજિયક વેરા જે કોમર્શિયલ ટેક્સ ડિપાર્ટમૅન્ટ છે એનું જે ખર્ચ છે એ કુલ વેરાની આવકના માત્ર પૉઈન્ટ ૬૫ ટકાથી લઈને આજે આ વર્ષે પૉઈન્ટ ૬૧ ટકા એટલે કે અર્ધા ટકા ખર્ચમાં એ કામગીરી એ નાણા વિભાગ આજે કરી રહ્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, સીએસટીના કોમ્પેન્સેશન માટે જ્યારે ચાર ટકાનો બે ટકા વેરો કરવામાં આવ્યો કેન્દ્ર સરકાર દ્વારા આંતરરાજય વેચાણ વેરો ત્યારે એમાં રાજય સરકારે કેન્દ્ર સરકારના વચન પ્રમાણે જે આપવાપાત્ર ૨૩૦૧ કરોડ રૂપિયાની રકમ આજે કેન્દ્ર સરકાર રાજયને નહીં આપી અને રાજયના વિકાસની આડે અંતરાય ઉભું કરી રહ્યું હોય એ રીતે રાજયને જે મળવાપાત્ર રિફંડ છે એ આપવામાં આવી રહ્યું નથી. ઈ -ગવર્નન્સના ક્ષેત્રે કોમર્શિયલ ટેક્સ ડિપાર્ટમૅન્ટે જે સરાહનીય કામગીરી કરી છે એ આજે ૩૯૭૦૦૦ એટલે કે લગભગ ચાર લાખ જેટલા વેપારીઓ જે વેટ ભરે છે એમાંથી ૨,૩૩,૦૦૦ વેપારીઓ ઈ-રિટર્ન ભરીને આ કામગીરી કરે છે, રિફંડ માટે પણ ઓનલાઈન અરજીની સગવડ છે, ઈ- રિટર્ન તથા ઈ-પેમેન્ટનો સમાવેશ ગોલ્ડન ગોલમાં કરવામાં આવ્યો છે જે મુજબ કુલ વેપારીઓ ૨૫ ટકા ઈ-પેમેન્ટના કુલ ૫૦ ટકાનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો છે. સાત બેંકો મારફતે વેરા માટે ઈ-પેમેન્ટની પણ સગવડ કરવામાં આવી છે, માનનીય અધ્યક્ષશ્રી, આ સાથે મારે એ પણ કહેવું છે કે નાણા વિભાગ દ્વારા રાજયના કર્મચારીઓ માટે જે પેન્શન માટેની જે જોગવાઈ છે, ( સમયસૂચક ઘંટડી ) એમાં ત્રણ લાખ આડત્રીસ હજાર પેન્શનરોને..

**શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવેલા છે એના ઉપર હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી હંમેશાં જ્યારે મને જવાબ આપતા હોય છે ત્યારે મને •(xxxx) બહાર નીકળવાની સલાહ આપે છે. (xxxx) કોણ છે એની સ્પષ્ટતા કરવા માગતો નથી કારણ કે શબ્દ આપે પાછો ખેંચી લીધો છે. ગયા વખતે માનનીય સૌરભભાઈએ મારી રજૂઆતમાં એમ કહ્યું કે, વીટ્રીફાઈડ ટાઈલ્સ છેને એ માત્ર શ્રીમંતો વાપરે છે એટલે આના ઉપર ટેક્સ ઓછો કરવાની જરૂર નથી, ગઈ કાલે આ સન્માનનીય સભાગૃહના શાસક પક્ષના એક ધારાસભ્યશ્રીને પૂછ્યું કે ભાઈ, વીટ્રીફાઈડ ટાઈલ્સ તમારા વિસ્તારમાં બને છે અને આ રાજય બહાર જાય છે ત્યારે એ મને કહે કે અમારા ત્યાં દેવીપૂજકોના ઝૂપડાંઓમાં પણ વીટ્રીફાઈડ ટાઈલ્સ લાગે છે, તો માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયમાં આ ટાઈલ્સનો ઉપયોગ થતો હોય તો અને અહીંનું ઉત્પાદન બીજા રાજયોમાં નેવું ટકા જતું હોય અને દશ ટકા જ અહીં રહેતું હોય, તો એમાં કોઈ દિવસ કુતૂહલથી જોયું ખરું કે, આ શાના કારણે છે? રાજયમાં પંદર ટકા ટેક્સ હોય અને બહારના રાજયમાં આંતરરાજ્ય વેચાણ કરે એટલે બે ટકામાં જાય, તો આપણને જો આ તેર ટકાનું નુકસાન જતું હોય તો આપે આ બીજા રાજયોમાં જાય છે કે નહીં એની કોઈ દિવસ કરી ખરી? અને જ્યારે ચિંતા કરી વેટ ડિપાર્ટમૅન્ટે ત્યારે અનેક બોગસ સી ફોર્મ છે એના વ્યવહારો જાણવા મળ્યા, અને અમે જ્યારે રજૂઆત કરીએ છીએ કે વીટ્રીફાઈડ ટાઈલ્સ એના ઉપરનો જે ટેક્સ છે એ ચાર ટકા શા માટે નથી કરતા? જેથી કરીને અહીંનો જે વાપરનાર છે એ સહેલાઈથી મેળવી શકે એને જો બીજા રાજયોમાંથી લાવવું હોય અને એને અહીંથી માલ દિલ્હી જાય, મહારાષ્ટ્રમાં જાય, રાજસ્થાનમાં જાય, અને આપણો નેવું ટકા માલ બીજે જતો હોય કોઈપણ પ્રોડકટ છે એની વપરાશ વપરાતી ન હોય તો આપણે સમજી શકીએ.

માનનીય અધ્યક્ષશ્રી, એ જ રીતે મેં તપાસ કરી કે પૅટ્રોલિયમ પ્રોડકટનો વપરાશ દર વર્ષે અમારા જિલ્લામાં ત્રીસ પાંત્રીસ ટકા વધતો હતો, છેલ્લા બે વર્ષથી વધ્યો છે એનું કારણ શું? તો મને જવાબ આપ્યો કે, રાજયમાં ટેક્સનું ભારણ વધુ છે એના કારણે બીજા રાજયોમાંથી ટ્રકઓનર્સ ત્યાં ભરીને આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, આ વાત માન્યામાં ન આવે, માનનીય અધ્યક્ષશ્રી, પછી મેં એની અંદર કુતૂહલથી જોયું તો ગાંધીવૈદ્યનું સહિયારું હોયને એ રીતે આપણી ખાનગી રિફાઈનરી છે, (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, તેનું વેચાણ હિમાલયની તળેટીમાં બરફ વેચવા જેવું લાગ્યું.

**અધ્યક્ષશ્રી** : વિરામનો સમય થયો છે, સભાગૃહ વિરામ બાદ ફરી ૧૧-૦૦ વાગે મળશે, આપની ત્રણ મિનિટ બાકી છે આપનું પ્રવચન ચાલુ રહેશે.

વિરામ- સવારના ૧૦-૩૦ થી ૧૧-૦૦ કલાક

**અધ્યક્ષશ્રી અધ્યક્ષ સ્થાને**

**શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર)** : માનનીય અધ્યક્ષશ્રી, પેટ્રોલિયમ પ્રોડક્ટ ઉપર જે વેટની આવકો છે રાજયની અંદર ઉંચા દરો છે એને કારણે આપણી આવકો ખૂબ સારી છે, બીજા રાજયોમાં ઓછા દરો છે અને ઓછા કરવાની આપણે વાત કરીએ છીએ પણ એ થતા નથી. ઉપભોગતાને એ શું ભાવે મળે છે એની વાતો થઈ એટલે હું દોહરાવીશ નહીં. પણ કચ્છની અંદર પેટ્રોલિયમ પેદાશનો વપરાશનો છેલ્લા બે વર્ષથી કોઈ વધારો નહીં થતા મને કુતૂહલ થયું એટલે મેં પૂછ્યું તો જવાબમાં એના ઉપરથી વધુ કુતૂહલ થતા મેં તપાસ કરી તો ગુજરાતના ખાનગી રિફાઈનરીઓમાંથી પરદેશ જતો જે ડિઝલનો જથ્થો છે અને હાઈસ્પીડ ડિઝલ વગેરે છે એ છેક બ્રાઝિલ સુધી જાય ક્રુડ અને પેટ્રોલીયમ પેદાશના મુલકો દોહા કે યુએઅમાં જાય. એ ત્યાં જાય છે કે કેમ? અને એ પાછું કંડલા બંદરે કે મુંદ્રા બંદરે આવી જતું હોય આ હાઈસ્પીડ ડિઝલ છે એ મધદરિયે વેચાણ થતું હાઈસ્પીડ ડિઝલના વેચાણ મારફતે આ માલ જો અહીંયા આવતો હોય તો એ રાજયમાં વેચાય છે કે રાજયની બહાર જાય છે એની તો આપણે કાળજી રખીએ.

માનનીય અધ્યક્ષશ્રી, દર વર્ષે ૭૦ થી ૮૦ કરોડ રૂપિયાનો પેટ્રોલિયમ પ્રોડક્ટ ઉપરનો વધારો ટેક્સનો રાજયને મળતો હતો છેલ્લા બે વર્ષથી એ બંધ થઈ ગયો. અમારા સૂચનો રાજયની આવકો વધારવા માટેના હોય છે અને રાજયનો ટેક્સ વિભાગ એને માટે સક્ષમ છે. કચ્છની અંદર કેમિકલના સ્ટોરેજના જે ટેન્કર છે એની સંખ્યાની અંદર ૧ કરોડ ૩૦ લાખ ટનની ક્ષમતા હોય એમાં ભરાતું કેમિકલ્સ જે છે એ કેમિકલ બંદરો ઉપરથી અહીંયા ઉતરે પછી રાજય બહાર જાય છે કે રાજયમાં વેચાય છે એના ઉપર આપણા ટેકસની આવકોની ગણતરી થાય છે. બીજા રાજયોનો માલ હોય અને બીજા રાજયોમાં જાય તો બરાબર છે. પરંતુ એ ખાનગી વપરાશકારો ઉપરાંત ભાડેથી આપનારા જે ટેન્કરોના જે એના ટેન્કર ટર્મિનસ છે એની અંદર કોઈ દિવસે જઈને તપાસ કરી ખરી કે તમારે ત્યાં જે માલ આવે છે એ માલ કોનો માલ છે, કયાં જાય છે? એની કુતૂહલથી તપાસ તો કરવી જોઈએને. એને કારણે એક કરોડ ટન કેમિકલ્સનો સ્ટોરેજ થતો હોય એ સામાન્ય રીતે ૫૦ હજાર કરોડ રૂપિયાનો જ્યાં વેપાર થતો હોય એના ૧૦ ટકા પણ જો ટેકસ આવેને આપણને તો રાજયમાંા અધધધધ જેટલી આવકો વધે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયની અંદર જે ભારણ નાંખી રહ્યા છે ખાસ કરીને અમે રજૂઆત કરીએ છીએ કે પાણી, પીવાનું પાણી જે છે એમાં સસ્થાઓ અને હોસ્પિટલોને, ધર્મશાળાઓને એ બધાના દરમાં ઘટાડો કરવો જોઈએ એની કોઈ દરખાસ્ત નાણાં ખાતા પાસે ગઈ હોય તો એની અંદર ઘટાડો કરી આપોને. ગામડાને પાણીનો

• આ શબ્દ માનનીય સભ્યશ્રીએ પાછો ખેંચી લીધો.

દર છે એ ધાર્મિક સંસ્થાઓને, હોસ્પિટલો અને ખાસ કરીને ધર્મશાળાઓને તો કરી આપો એવી મારી લાગણી અને માગણી છે.

**શ્રીભુપેન્દ્રભાઈ ગ. લાખાવાલા (વડોદરા શહેર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી તેમના નાણા વિભાગની માગણીઓ ૧૫,૧૬,૧૭,૧૮ લઈને આવ્યા છે તેને અનુમોદન આપવા હું ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, જાહેર નાણાંનો સક્ષમ વહીવટ કરવાની જવાબદારી માનનીય નાણામંત્રીશ્રીની છે. માનનીય અધ્યક્ષશ્રી પ્રજા પાસેથી જે કરવેરા મળે છે. જે કરવેરાનો સદુપયોગ અને સાથે સાથે ભારત સરકાર તરફથી જે નાણાં મળે છે એનું સુદ્રઢ વ્યવસ્થાપન કરવા માટે માનનીય નાણામંત્રીશ્રી આપણા રાજયમાં સક્રિય રીતે કામ કરી રહ્યા છે. માનનીય મુખ્યમંત્રીશ્રીની દીર્ઘદૃષ્ટિ અને સુશાસનને લીધે ગુજરાત રાજય તેની ૧૧મી પંચવર્ષિય યોજનામાં ૧,૧૧,૧૧૧ કરોડનું લક્ષ્યાંક રાખવામાં આવ્યું હતું પણ મને કહેતા આનંદ થાય છે કે રાજય સરકારે આ લક્ષ્યાંક વટાવી અને ૧,૨૭,૬૫૩ કરોડની સિદ્ધિ હાંસલ કરશે એવું અનુમાન છે. બહુલક્ષી આયોજનને કારણે રાજયના ઘરગથ્થું ઉત્પાદનમાં વધારો થયો છે. જો આ સરકારના સબળ નેતૃત્વ અને નાણાકીય વ્યવસ્થાપનના કારણે આ શક્ય બન્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, રાજયની વેરાની આવક ખાસ કરીને વધુ વેરા નાંખ્યા વગર આવકમાં ઉત્તરોત્તર વધારો થતો રહ્યો છે. ૨૦૦૯-૧૦માં ૨૬૭૪૦ કરોડ રૂપિયાની આવક હતી, જે ચાલુ વર્ષના અંતમાં ૩૬૬૬૮ કરોડ રૂપિયાની થશે એવો અંદાજ મૂકવામાં આવ્યો છે અને આવતા વર્ષોમાં ૩૯૦૪૫ કરોડ રૂપિયાની આવક થશે એવો અંદાજ છે. જેમાં પણ મુખ્યત્વે જે વેરાની આવક છે એમાં વેટનો હિસ્સો મહત્વનો રહેશે. વેટમાં ગત વર્ષમાં ૧૮૨૦૦ કરોડ રૂપિયાની આવક થઈ છે જે ચાલુ વર્ષના અંત સુધીમાં લગભગ ૨૪૦૦૦ કરોડ રૂપિયા થશે અને આગામી વર્ષમાં અંદાજે ૨૬૦૦૦ કરોડ રૂપિયાની આવક થશે એવો અંદાજ છે એનું કારણ એ છે કે વેરા વધારવાના બદલે વેરાની આવકમાં નિયમીત વધારો થાય, વેરાની ચોરી ન થાય એ પ્રમાણેનું રાજય સરકારે સરળીકરણ કર્યુ છે, એના કારણે વેપાર ઉદ્યોગમાં વેપારી મિત્રો પણ સરળતાથી પોતાનો વેરો રાજય સરકારને આપી રહયા છે. રાજયના સર્વાંગી વિકાસમાં, ખાસ કરીને જ્યારે રાજ્યનો વિકાસ થતો હોય તો એમાં લોન લેવામાં આવે છે, કેન્દ્ર સરકારનો પણ એમાં હિસ્સો હોય છે, કેન્દ્ર સરકારની પણ લોન હોય છે, રાજય સરકારે એક પણ હપ્તો ચૂકયા વગર નિયમીત રીતે વ્યાજ સાથેના હપ્તાની ચૂકવણી કરી છે. એમાં પણ રાજય સરકાર એક પણ વખત ડિફોલ્ટર નથી થઈ. વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટમેન્ટ સમિટમાં જે ઈન્વેસ્ટમેન્ટ આવ્યું એને કારણે વેરામાં ઉત્તરોત્તર વધારો થયો. રાજ્યના ઉદ્યોગોમાં વધું રોકાણ થવા માંડ્યું અને આના કારણે રાજયને ઓવરડ્રાફટ નથી લેવો પડ્યો આ રાજ્યનો એક ઈતિહાસ છે. ખાસ કરીને દુરંદેશીભર્યુ રાજવિત્તિય વ્યવસ્થાપનને કારણે આગામી વર્ષમાં ૪૪૩ કરોડ રૂપિયાની મહેસૂલી પુરાંત રહેશે, રાજવિત્તિય ખાદ્ય પણ ઘટીને ૧૪૨૭૯ કરોડ રૂપિયાની થશે. માનનીય નાણામંત્રીશ્રીએ રજૂ કરેલ વર્ષ ૨૦૧૧-૧૨નું અંદાજપત્ર પ્રથમ વખત જ મહેસૂલી પુરાંત, મૂડી પુરાંત તથા ચોખ્ખી લેવડદેવડ પછી પણ પુરાંત દર્શાવે છે જેને માટે તેઓશ્રી અભિનંદનને પાત્ર છે, ખાસ તો સંકલિત નાણાંકિય પદ્ધતિ, આઈ.એફ.એમ.એસ. અંતર્ગત રાજ્યના તમામ પ્રકારના કરવેરાઓની ઓનલાઈન ચૂકવણી કરી શકાય તે માટે સાયબર ટ્રેઝરી મોડ્યુલ કાર્યાન્વિત કરવાનું આયોજન કરેલ છે, રાજ્યની તમામ કચેરીના હિસાબો એકાઉન્ટન્ટ જનરલ પાસે પહોંચે એ માટે ઓનલાઈનની વ્યવસ્થા કરવામાં આવી છે અને જેને કારણે એકજ જગ્યાએ તમામ કચેરીઓના હિસાબો સમયસર પહોંચી શકે છે. ખાસ કરીને પેન્શન વિભાગમાં જે પેન્શનરોને માસિક પેન્શન ૩૫૦૦ રૂપિયા મળે છે એ પેન્શનરોના પોતાના એકાઉન્ટમાં સમયસર પેન્શન જમા થાય એ પ્રમાણેનું પેન્શન વિભાગ કામ કરી રહ્યું છે. જે લોકો નવા પેન્શનર છે તેમને પણ આ પદ્ધતિમાં સરળતા મળે તે પ્રકારનું આયોજન કરેલ છે અને તે રીતે માનનીય નાણામંત્રીશ્રી જે પોતાના વિભાગની માગણીઓ લઈને આવ્યા છે એને હું સમર્થન આપું છું.

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે પોતાના વિભાગની માગણીઓ લઈને આવ્યા છે એને અનુમોદન આપવા માટે હું ઉભો થયો છું. બજેટ વખતે ઘણી બધી ચર્ચાઓ આ વિભાગ માટે થઈ છે. જે એક વિષય ખાસ હતો જેના પર ચર્ચા થઈ નથી અને આવતા દિવસોમાં ગુજરાતની પ્રજાનું ભવિષ્ય છે.અને આવતા દિવસોમાં વિધાનસભાની સુસત્તા હશે તે જે નવો ટેકસ નાંખવા હમણાં જ કેબિનેટમાં પસાર કર્યો અને પાર્લામેન્ટમાં જે બિલ રજૂ કર્યુ છે ખાસ કરીને ગુડસ એન્ડ સર્વિસ ટેકસ તે વિશે હું આ સભાગૃહને થોડીક માહિતી આપવા માંગુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજની તારીખમાં બંધારણમાં કેન્દ્ર સરકાર અને રાજય સરકારને કયા ટેકસ ઉઘ રાવવા તે સ્પષ્ટ છે અને તે પ્રમાણેની સત્તા આપેલી છે. કેન્દ્ર સરકારને ડાયરેકટ ટેકસમાં કોર્પોરેટ ટેકસ, ઈન્કમ ટેકસ એવી રીતે ઈન ડાયરેકટ ટેકસમાં કસ્ટમ ડયુટી, એકસાઈઝ ડયુટી, સર્વિસ ટેકસ અને રાજયોની મેઈન આવક જે છે તે વેટ છે, ઈલેકટ્રિસીટી ડયુટી છે, લકઝરી ટેકસ છે, સ્ટેમ્પ ડયુટી છે આવા અનેક ટેકસીઝની સત્તા આપવામાં આવેલી છે. અને આ રાજયની સૌથી વધારે આવક હોય આજની તારીખમાં બધાજ સોર્સીઝ ઉભાં કરેલા જાણીને આપણે કરીએ તો વેટમાં સૌથી વધારે આવક છે. નાણામંત્રીશ્રી ચિદમ્બરમ જયારે હતા ત્યારે ૨૦૦૭ની અંદર તેમણે ગુડસ એન્ડ સર્વિસ ટેકસની વાત કરી અને કહ્યું કે રિફોર્મ્સ માટે દેશની પ્રગતિ માટે ગુડસ એન્ડ સર્વિસ ટેકસ લાવવું જોઈએ. અને Empowered Committee ને સત્તા આપી કે તમે આગળ વધો. અને દેશના હિત માટે બધાજ રાજયો સંમત થયા. અને બધાજ રાજયોએ છેલ્લાં ત્રણ વર્ષમાં ૨૫ બેઠકો દિલ્હીમાં અને બીજી

જુદી જુદી જગ્યાએ બોલાવી અને ગુડસ એન્ડ સર્વિસ ટેકસ માટે ખૂબ મોટો અભ્યાસ કર્યો અને પહેલું Discussion Paper કાઢયું અને કેન્દ્ર સરકારને આપ્યું.

માનનીય અધ્યક્ષશ્રી, બધું જ પોઝીટીવ ચાલતું હતું. પરંતુ જયારે Constitution ના Amendment જયારે આપવામાં આવ્યાં ત્યારે રાજય સરકારની આંખ ખુલી રાજયોની કે ભઈ આપણી સંપૂર્ણપણે સત્તા કેન્દ્ર સરકાર લઈ લેવા માંગે છે. મારે આપ સૌને કહેવું છે કે આજે જે GST બહાર લાવ્યાં છીએ Constitutional Amendment લાવ્યાં છીએ તેમાં વેટ આજની તારીખમાં સ્ટેટ સબજેકટ છે. આવતા દિવસોની અંદર વેટની જગ્યાએ જયારે ગુડસ એન્ડ સર્વિસ ટેકસ આવે ત્યારે એ સ્ટેટ સબજેકટ નહીં રહે. એટલે આનો અર્થ શું થયો ? આનો અર્થ એ થયો કે આજે વિરોધપક્ષના નેતાશ્રીથી માંડીને બધાજ સભ્યશ્રીઓએ જે વેટના દરની અહીંયા ચર્ચા કરી હતી. શું વેટના દર આવવા જોઈએ તે ચર્ચા કરી હતી ? આ સત્તા સંપૂર્ણપણે આ વિધાનસભામાંથી લઈ લેવામાં આવી છે. એટલે આપણો ટેકસ, આપણો વેટ તે સત્તા કોને આપવામાં આવે છે ? તે સત્તા પાર્લામેન્ટને આપવામાં આવે છે. અને પાર્લામેન્ટ નકકી કરશે કે ગુડસ એન્ડ સર્વિસ ટેકસ કેટલો લેવામાં આવશે, ગુજરાતની પ્રજા ઉપર કેટલું ભારણ આવશે આ સંપૂર્ણપણે પાર્લામેન્ટ નકકી કરે. અને આપ પણ જાણો છો, સૌ જાણે છે કે પાર્લામેન્ટમાં જે સત્તામાં બહુમતિ હોય તે પ્રમાણે કાયદા અને ટેકસ સ્ટ્રકચર થતું હોય છે. એટલે સૌથી પહેલું અમે ચાર વિષય ઉપર ખાસ કરીને કેન્દ્ર સરકારને પૂછયું કે ભઈ તમે આ ગુડસ એન્ડ સર્વિસ ટેકસ લાવવા માંગો છો તે કોના માટે લાવવા માંગો છો ? રાજયોની આવક વધારવા માટે છે ? તો કહે રાજયોની આવક વધવાની છે. ગરીબોના ભાવો સસ્તા થવાના છે ? તો કહે હા, essential commodities ના ભાવો સસ્તા થવાના છે તો અમે સંમત છીએ. તમે કોના ફાયદા માટે લાવો છો ? માનનીય અધ્યક્ષશ્રી, એકેય વિષય ઉપર આજની તારીખમાં અમને સ્પષ્ટ જવાબ નથી મળ્યો અને હું આજે હાઉસમાં કહેવા માંગુ છું કે, આ કાયદા લાવવાથી કેટલો ફરક, કેટલું નુકસાન ગુજરાતની પ્રજાને આવતાં દિવસોમાં પડવાનું છે. પહેલી જ વસ્તુ રાજય સરકારની સંપૂર્ણપણે ઓટોનોમી જતી રહી છે. આજની તારીખમાં આ વિધાનસભાએ આ જે exempted goods કર્યા છે ડાયમંડ ઉપર આખા દેશમાં એક ટકો ટેકસ છે. આપણે ડાયમંડને exemption એટલા માટે કર્યા છે કે આજની તારીખમાં ગામડાંઓમાં ૫ લાખ લોકોને રોજગારી મળે છે. શું આપણાં વેટના અધિકારીઓ અને જી.એસ.ટી. ના અધિકારીઓ કાલે રજિસ્ટ્રેશન નંબર લેવા ગામડાંઓમાં જાય તો એ ધંધો ચાલવાનો છે ? આ એકઝામ્સન કોને કોને આપવાં તે સંપૂર્ણપણે સત્તા આવતાં દિવસોમાં આ જી.એસ.ટી.ના કાયદા પ્રમાણે કેન્દ્ર સરકાર લઈ લેવા માંગે છે. બીજું, ટેકસ સ્ટ્રકચર નકકી કરવાનું આપણાં હાથમાં નથી રહેવાનું. આજે આપ વાત કરો છો કે આની માફી આપો. સંપૂર્ણપણે સ્ટ્રકચર કેન્દ્ર સરકાર લઈ લેવા માંગે છે. કોને negative list માં લાવવું, કોના ઉપર.. અંતરાય..

મારે તમારી મદદ જોઈએ છીએ એટલે બોલું છું. આ સંપૂર્ણપણે ઓટોનોમીની સત્તા આજની તારીખમાં આ કાયદાની જોગવાઈ લઈ લે છે. બીજું કે ટેકસ કેટલો લાગશે? આજની તારીખમાં ઘણી વસ્તુઓ ઉપર આપણે ત્યાં ૪ ટકા છે. ૫ ટકા છે. માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્રના આધાર ઉપર જે નીચેનો દર છે, એ ૬ ટકા રહેશે. એટલે ૬નું મિનિમમ. આપણે જયારે કેન્દ્રનો ટેકસ ગણીએ અને ગુજરાત સરકારનો જી.એસ.ટી. અને સેન્ટ્રલ જી.એસ.ટી. તો ઓછામાં ઓછા ૧૨ ટકા આવે. એટલે અસર શું પડે? કે સંપૂર્ણપણે ગરીબ માણસની આઈટમો જે આપણે માફીમાં છે અને જેના ઉપર આપણે ૫ ટકા કે ૪ ટકા રેઈટ લઈએ છીએ એ સંપૂર્ણપણે ૧૨ ટકા થશે. એટલે ગરીબોની વપરાશની વસ્તુ વીટ, ફલાવર, રવા, સુજી, મમરા, પૌઆ, ફરસાણ. આપણે ફરસાણમાં માફી આપી છે. હેન્ડીક્રાફટ, જરી, એલ.પી.જી. ફોર ડોમેસ્ટીક યુઝ. માનનીય અધ્યક્ષશ્રી, આ સંપૂર્ણપણે જી.એસ.ટી. આવવાથી બધી જ વસ્તુઓ આજની તારીખમાં મોંઘી થશે. અને બીજું દવાઓ, દવાઓ આજની તારીખમાં ૪ ટકામાં છે, એ પણ ૧૨ ટકા થશે. એડીબલ ઓઈલ, સ્ટેશનરી, રેડીમેડ ગાર્મેન્ટ, કોટન, જીરા, વરીયાળી. બધું જ અનાજ ટૂંકમાં ૪ ટકાની આઈટમ જેટલી વેટમાં છે, એ બધી જ ૧૨ ટકા થાય તો ૪ ટકાની આઈટમ કઈ છે વેટમાં? ગરીબોની વસ્તુ એ વેટમાં છે. આજે ફર્ટિલાઈઝર ૪ ટકા છે એના ૧૨ ટકા જવાના. ટ્રેકટરો, એના ૧૨ ટકા થવાના. બિયારણના પણ ૧૨ ટકા થવાના. તો આના માટે શું સંમતિ છે? આ આમઆદમીની વિરોધ પક્ષના નેતા વાત કરતા હતા. મારે પૂછવું છે કે આટલો મોટો નિર્ણય કેન્દ્ર સરકાર લે છે ત્યારે આમ આદમી યાદ નથી આવતો? અરે ભાઈ, સાહેબ, એકે એક રાજયોએ અનેકવાર કીધું કે આવી રીતે જી.એસ.ટી. ન લવાય. રીફોર્મ્સ, રીફોર્મ્સ, રીફોર્મ્સ. અરે રીફોર્મ્સના નામે? દરેક જરૂરિયાતની વસ્તુ આ જી.એસ.ટી.ના આવવાના કારણે સંપૂર્ણ મોંઘી થશે. અને આના કારણે ગુજરાત સરકારે કીધું છે કે હાલના પ્રમાણમાં જો જી.એસ.ટી. હશે તો એ અમે સ્વીકારવાના નથી. સુધારા લાવવા જ પડશે. રાજય સરકારની આવકની વાત કરું, રાજય સરકારની આવક કાઢી. (અંતરાય) શકિતસિંહ, સાહેબજી, સાહેબ, હું ધીમેથી બોલું છું, એટલે શાંતિથી સંભળાય. નેશનલ ઈન્સ્ટિટયૂટ ઓફ પબ્લિક ફાયનાન્સ એન્ડ પોલિસી. (અંતરાય) આ તમે સાંભળો. રાજયના હિતની વાત છે. નેશનલ ઈન્સ્ટિટયૂટ ઓફ પબ્લિક ફાયનાન્સ એન્ડ પોલિસી. આ કેન્દ્ર સરકારનું છે. એણે ૧૦મી ડિસેમ્બર, ૨૦૧૦. આનો અહેવાલ મોકલ્યો છે. આના અહેવાલમાં શું લખ્યું છે? કે ૨૦૦૯-૧૦ના પ્રમાણમાં આજની તારીખમાં જે પ્રમાણે જી.એસ.ટી.નું અમલીકરણ થાય તો ગુજરાત સરકારને ૩૧૨૦ કરોડનું નુકસાન થાય. ૩૧૨૦ કરોડનું. અને આખા દેશમાં ૩૧૦૦૦ કરોડનું નુકસાન રાજયોને થાય. અને આ તો ૯-૧૦ના આંકડા બોલું છું. ૧૦-૧૧ના આંકડા અમે તૈયાર કર્યા અને અમે નાણામંત્રીશ્રીને પત્ર લખ્યો. મેં

નાણામંત્રીશ્રીને પત્ર લખીને પૂછયું કે અમારા પ્રમાણે ૧૦-૧૧ના અહેવાલ પ્રમાણે ઓછામાં ઓછા ૫ હજાર કરોડનું નુકસાન થાય છે. આપનું શું કહેવું છે? આપ આંકડાની ડિબેટ કરો, ચર્ચા કરો. કઈ રીતે રેવન્યુ ઉભી કરવા માગો છો? જવાબ શું આવ્યો ખબર છે? સમ સ્ટેટસ વીન એન્ડ સમ સ્ટેટસ લૂઝ. મારે એ જાણવું છે કે કયા રાજયોને લાભ થવાનો છે? આજની તારીખમાં જે પ્રમાણે પબ્લિક ફાયનાન્સ કમિશનનો જે અહેવાલ છે એ પ્રમાણે બધા જ મોટા રાજયોને નુકસાન થવાનું છે. તો જી.એસ.ટી. કોના માટે લાવીએ છીએ? જો રાજય સરકારની આવક નથી વધવાની. ગરીબોને મોંઘવારી વધવાની છે. સ્ટેટના સંપૂર્ણપણે સત્તા જતી રહેવાની છે. મેં વધારે અભ્યાસ કર્યો તો મને ખ્યાલ આવશે કે કોના માટે છે. માત્ર ને માત્ર મોટા ઉદ્યોગોને લાભ થાય. એ માટે આ જી.એસ.ટી.નું અમલીકરણ થઈ રહ્યુ ં છે. એનું કારણ છે કે મોટા ઉદ્યોગોને ૧૫ ટકા. ૧૫ ટકા. તામીલનાડુ, આ બધા રાજયો તમે જૂઓ, ગરીબો આમ આદમીની વપરાશ છે.આમ આદમીની વપરાશમાં ગુજરાત લેતું નથી. તમારે મોબાઈલ હોય એની ચિંતા કરવાને બદલે આની ચિંતા કરવી જોઈએને?

હમણાં ખેડૂતોની ચિંતા કરવામાં આવી અને ઘણી વખત હાઉસમાં કહેવામાં આવે છે કે ગુજરાત સરકાર ફર્ટિલાઈઝર ઉપર ચાર ટકા લે છે. મારે કહેવું છે. (અંતરાય) તમારો પાંચ ટકાનો ઇસ્યુ આજે પૂરો કરી નાખુ છું. પછી ચાર ટકા અને પાંચ ટકાની વાત કરુ. મારી પાસે એક મિનિટસ છે. Record of discussion held on૧૯-૧૦-૨૦૦૯ between Union Finance Minister and Chairman, Empowered Committee of States Finance બધા રાજયો અને કેન્દ્ર સરકારની એક જોઈન્ટ મીટિંગ થઈ હતી એમાં સ્પષ્ટ નક્કી થયું હતું increase VAT rate to four to five percent કેન્દ્ર સરકાર અને બધી રાજય સરકારોએ નક્કી કર્યુ કે ૪ અને ૫ ટકા ૨૦૦૮-૦૯થી કરવા અને બીજું considering State's VAT rate further પાંચના છ ટકા, ૯ થી ૧૦ કરવું, આ બધા રાજયો અને કેન્દ્ર સરકારે નિર્ણય કર્યો. મારે આજે કહેવું છે કે બધા રાજયો, માનનીય શકિતસિંહ ગુજરાતમાં વેટનો દર ચાર ટકા છે, બાકીનો ૨૦ ટકા કે ૨૫ ટકા સરચાર્જ છે. બધા રાજયોએ આજની તારીખમાં મારા ખ્યાલ પ્રમાણે કોઈ હાર્ડલી એક બે રાજયો બાકી હશે, બધા રાજયોએ ચાર થી પાંચ ટકા વેટનો દર કર્યો છે. અને એક વસ્તુ આગળ જઉં કે ગુજરાત નહિ કેન્દ્ર સરકારે ડિકલેર્ડ ગુડસ ઉપર આ વરસે ચાર નો પાંચ ટકા કર્યો છે. ડિકલેર્ડ ગુડસ એટલે essential commodities આ કેમ કર્યુ? આ કરવાનું મુખ્ય કારણ એ છે કે આ બધાએ ભેગા થઈને નક્કી કર્યુ એટલે ગુજરાત સરકારે કર્યુ છે. મારે વિરોધપક્ષના નેતાશ્રીને કહેવું છે કે એક કાગળ નહિ અરે તમે પૂછી જૂઓ આટલા કાગળ લખો છો એક ભેગો વધારે કે આની હકીકત શું છે, આની મિનિટસની નકલ પણ તમને મોકલી આપીશ.

બીજું ફર્ટિલાઈઝર અંગે ઘણી બધી વાતો થઈ. ફર્ટિલાઈઝર ઉપર ગુજરાત સરકાર લે છે. આખા દેશમાં ફર્ટિલાઈઝરમાં માફી છે એમ કહેવામાં આવે છે. આંધ્ર પ્રદેશ ચાર ટકા, અરુણાચલ પ્રદેશ ચાર ટકા, આસામ પાંચ ટકા, બિહાર ચાર ટકા, છત્તીસગઢ પાંચ ટકા, દાદરા નગર હવેલી ચાર ટકા, ગોવા પાંચ ટકા, જમ્મુ એન્ડ કાશ્મીર પાંચ ટકા, ઝારખંડ ચાર ટકા, કર્ણાટક ચાર ટકા, મધ્યપ્રદેશ પાંચ ટકા, મહારાષ્ટ્ર પાંચ ટકા, મણિપુર ચાર ટકા, મેઘાલય ચાર ટકા, હજી તો હું અડધા રાજયોના જ બોલ્યો છું. રાજસ્થાન પાંચ ટકા, એટલે એવું નથી કે ફર્ટિલાઈઝરના રેઈટ ઉપર ગુજરાત એકલું લે છે બધા લે છે. ઘણી બધી આઇટમો એવી છે કે આપણા ત્યાં અને બીજા રાજયોમાં પણ ફરક છે. આપણે ચાર પાંચ ટકા લઈએ છીએ ત્યાં બીજા ૧૨, ૧૨.૫ ટકા લે છે. ગુજરાત આમ આદમીની ચિંતા કરે છે. ગુજરાતમાં ફરસાણથી માંડીને બધા લે છે દિલ્હીમાં દેશી સ્વીટમાં ૧૨.૫ ટકા છે. તમાકુમાં આપણે પાંચ ટકા વધાર્યા રાજસ્થાન ૪૦ ટકા લે છે. unprocessed raw tobacco આપણા ૨૦૦૬ થી tax free છે. દિલ્હીમાં રો ટોબેકો, beedi tobacco, raw tobacco ૧૨.૫ ટકા છે એટલે આજની તારીખમાં આપણે ત્યાં એવું નથી, આપણે ત્યાં ગરીબો માટેની વસ્તુઓના સાડા ચાર પાંચ ટકા છે અને જે મોંઘી વસ્તુઓ છે એમાં વધારે છે. આ સોફ્ટ ડ્રીંકની વાત કરો, નાનામાં નાનો છોકરો સોફ્ટ ડ્રીંક પીતો હોય છે. મહારાષ્ટ્રમાં ૨૦ ટકા કર્યા છે એ કોના માટે, આમ આદમી માટે?

આ વખતે એવો નિર્ણય લેવામાં આવ્યો છે કે જે નાના ઉદ્યોગોને કાયમ માટે ખલાસ કરી નાખશે. ગુડસ એન્ડ સર્વિસ ટેક્સના નામે સંપૂર્ણપણે આપણે કેન્દ્ર સરકાર એકસાઈઝની માફી આપતી હતી. પહેલી વખત નાના ઉદ્યોગોને ખલાસ કરવા માટે જે એક ટકો ૧૩૦ આઇટમ ઉપર એકસાઈઝ નાખી છે. આના ઉપર કેમ એક ટકો નાખીને પાંચ ટકા નથી નાખી, એક ટકો એટલે નાખી કે એક ટકાના નામે લોકો નેટમાં આવી જાય અને પછી એના ઉપર પાંચ ટકા કરાય અને દસ ટકા કરાય.આને એક ટકો એટલે નાખી કે એક ટકાના નામે લોકો અંદર નેટમાં આવી જાય અને પછી એના પર પાંચ ટકા કરે અને દસ ટકા કરે. આ નાની નાની આઈટમો સ્મોલ સ્કેલ, કોટેજ ઈન્ડસ્ટ્રીઝની આઈટમો આ બધી આઈટમોને excise taxation netમાં નાખવાનું કારણ શું? આ બધી આમ આદમીની આઈટમો છે. આ આમ આદમી માટે વપરાતી નાના માણસોની આઈટમો છે અને આનો વિરોધ કર્યો, અમદાવાદમાં ગાર્મેન્ટમાં ટેક્સ નાખ્યો. આ કોને નુકસાન જવાનું છે? હજારો માણસોની રોજગારીને જવાનું છે. આનું કારણ શું? કે જી.એસ.ટી.., આ મોંઘવારી થશે આના કારણે અને (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય બાબુભાઈ, આપ બેસી જાવ. પ્લીઝ. જવાબ સાંભળો, આપને સારી રીતે સાંભળ્યા છે.

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ બે-ત્રણ વિષયની વાત કરી, હું મારી વાત પૂરી કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, Gujarat Socio-economic Developmentની વાત કરી. મુખ્યમંત્રીશ્રીએ શું કહ્યું? કે જે માણસો, મોટા ઉદ્યોગ કમાય તેણે ફરજીયાત ટેક્સનો ભાગ ગરીબો માટે આપવાનો અને નફાનો ભાગ એ પ્રમાણે આપવાનો અને એ પ્રમાણે ચાલુ કરવા માટે રાજય સરકારની કોરપોરેશનને કીધું કે તમે તમારો કમાયેલો હિસ્સો તમે આ સોશિયલ ઈકોનોમીમાં આપો. માનનીય અધ્યક્ષશ્રી, આ Gujarat Nutrition Mission - ટ્રાઈબલ એરિયામાં કામ કરવા માટે જે ૧૦૦ કરોડની વાત કરી તેની વાત કરું છું. એ કમાનારો પૈસો આપણે આ ઈકોનૉમિક ફંડમાં આપ્યો અને કેન્દ્ર સરકાર પાસે મંજૂરી માગી, બે વાર મંજૂરી માગી કે તમે આને માફી આપો. તમે આ મંજૂરી આપો. અમારે ટ્રાઈબલમાં આદિવાસીના ન્યુટ્રીશન માટે વાપરવું છે પરંતુ કમનસીબી એ છે કે વન બંધુ અથવા જુદી જુદી યોજનાઓ હોય અને ટ્રાઈબલને લાભ મળે એવી યોજનાઓ હોય એમાં પણ કેન્દ્ર સરકારે ના પાડી.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ એસ્સારની વાત કરી. એસ્સારનો હાઈકોર્ટનો સ્ટે છે. (અંતરાય) અરે ભાઈ, મારી વાત તો સાંભળો. શકિતસિંહભાઈ.

**અધ્યક્ષશ્રી** : શકિતસિંહભાઈ, આપને સારી રીતે સાંભળ્યા છે. એમનો જવાબ એમને રજૂ કરવા દો. પ્લીઝ. પછી આપને પ્રશ્ન પૂછવાની તક મળે છે. નીતિનભાઈ, પ્લીઝ. મંત્રીશ્રીને સમય ઓછો છે. સૌરભભાઈ, આપ મારા તરફ ધ્યાન આપીને વાત કરો.

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, એસ્સારનો સ્ટે આવ્યા પછી રાજય સરકારે કહ્યું કે આના પર ટેક્સ લેવાનો છે. એસ્સાર હાઈકોર્ટમાં ગયું. હાઈકોર્ટે સ્ટે આપ્યો. અમે સુપ્રીમ કોર્ટમાં ગયા છીએ અને સુપ્રીમ કોર્ટે અત્યારે વેબસાઈટ ખોલીને જૂઓ, આપને ખબર પડશે કે વેબસાઈટ ઉપર લખેલું છે કે આનું હીયરીંગ ૧૨-૭-૨૦૧૧નું લીસ્ટીંગ છે. ૧૨ વાર બોર્ડ ઉપર આવ્યું. ચર્ચામાં નથી આવ્યું અને આપને એ પણ કહું, સુપ્રીમ કોર્ટે જે ઓબ્ઝર્વેશન કર્યું છે, "No coercive steps to be taken by either side pending hearing and final disposal of the SLP." માનનીય અધ્યક્ષશ્રી, આપ જાણો છો કે વિરોધપક્ષના નેતાશ્રી તો વકીલ છે. અંગ્રેજીની બે સિમ્પલ લાઈન તો તેમને તરત જ સમજણ પડશે. એટલે મારી વિનંતી કે આપ જરા જોઈ લો. ઑર્ડરની સ્પષ્ટતા થઈ જશે. દૂધનું દૂધ અને પાણીનું પાણી થઈ જશે.

માનનીય અધ્યક્ષશ્રી, અમે નાણા વિભાગમાં જે પ્રમાણે આગળ વધી રહ્યા છીએ અને ટૅક્નૉલૉજીનો ઉપયોગ કર્યો છે તેની સભ્યશ્રીઓને જાણ કરવી છે. માનનીય અમે લોકોએ Integrated Financial Management System કરી છે. આ સિસ્ટમના કારણે આવતા દિવસમાં જે કંઈ રૂપિયા ઉઘરાવીએ છીએ એ એફીશીયન્ટલી વાપરી શકીશું, એ કયાં વપરાય છે, કેવી રીતે વપરાય છે એનું મોનીટરીંગ કરી શકીશું અને જે સમયે ઑન ધ સ્પૉટ માહિતી મળે તે પ્રમાણેની આખી વ્યવસ્થા કરી છે. ૭૦-૮૦ ટકા કામ પૂર્ણ થયેલું છે. આવતા દિવસોમાં મને સંપૂર્ણપણે વિશ્વાસ છે કે આ જે સિસ્ટમ બનાવી છે એ રોલ મૉડલ તરીકે આખા દેશમાં વપરાશે. આખું બજૅટ ઑન લાઈન જાય છે. માનનીય બાબુભાઈ નાણામંત્રીશ્રી રહી ચૂક્યા છે એમને ખબર હશે, કેટલી અઘ ‌ારી વસ્તુ છે. On-line Budget of Grant, On-line collection of Taxes, On-line submission of Basic કામગીરી ચાલી રહી છે. Computerization of treasury function પતી ગયું છે. computerization of provident fund, pension પતી ગયું છે. Interfacing with A.G. ચાલી રહ્યું છે. Interfacing with Banks પતી ગયું છે. Interfacing with RBI ચાલી રહ્યું છે. આ સંપૂર્ણપણે જ્યારે ઑન લાઈન આવે ત્યારે આપણે બેઠાં બેઠાં અહીંયાથી જાણી શકીએ કે કઈ સ્કીમનો રૂપિયો કયાં જાય છે, કઈ સ્કીમના કેટલા રૂપિયા કયાં જાય છે, કયાં વપરાય છે? આટલી ટ્રાન્સપરન્સી ગુજરાત સરકારમાં છે અને એના કારણે..

**અધ્યક્ષશ્રી** : આપની પાસે ૫ મિનિટ છે.

**શ્રી સૌરભ પટેલ** : આજે આપ જોશો કે, મારે વિરોધપક્ષના નેતાશ્રીને એટલું જ કહેવાનું છે કે, અમને ઈલૅક્ટ્રીસીટી ડ્યૂટીની વાત કરતાં પહેલાં હાઉસમાં કહી દીધું છે કે, કોંગ્રેસ પાર્ટીને ઈલૅક્ટ્રીસીટી ડ્યૂટી માટે વાત કરવાનો અધિકાર નથી. તમે ૫૦ વર્ષ રાજય કર્યું એક વાર પણ તમે ઈલૅક્ટ્રીસીટી ડ્યૂટી ઘટાડી નથી. ભારતીય જનતા પાર્ટી આવી ત્યારથી ઈલૅક્ટ્રીસીટી ડ્યૂટી ઘટાડતી ગઈ છે અને હાઉસમાં ચર્ચા થઈ ગઈ છે એટલે એ બાબતે હાઉસમાં બોલવું નથી. હું સભ્યશ્રીઓને વિનંતી કરું છું કે, તેમણે જીએસટીની વાત કરી છે. એનો સંપૂર્ણપણે અભ્યાસ કરે, આવતી પેઢી માફ નહીં કરે. એવો નિર્ણય આપણે નહીં લેવો જોઈએ અને રાજય સરકાર રીફોર્મ્સમાં સંમત છે. પરંતુ ગુજરાતની પ્રજાનું હિત, ગુજરાતની તિજોરીનું હિત, ગુજરાતના ગરીબ માણસોનું હિત, ગુજરાતની ઓટોનોમી સંપૂર્ણપણે રહેશે તો આપણે જીએસટીને સંપૂર્ણપણે ટેકો આપીશું અને ગુજરાતની પ્રજાનું હિત જીએસટીમાં ન થાય અને વિરુદ્ધ આવતું હોય તો આવતા દિવસોમાં વિરોધ ચોક્કસપણે કરીશું. એટલું કહી મારી વાત પૂરી કરું છું.

**શ્રી વજુભાઈ વાળા ( નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, નાણા વિભાગની માગણીઓ ઉપર જે સભ્યશ્રીઓએ પોતાના મંતવ્યો રજૂ કર્યા છે એમાં માનનીય સભ્યશ્રી બાબુભાઈ શાહે શરૂઆતમાં વાત કરી કે લાકડું છે એના ઉપર, ટીમ્બર ઉપર જે ૧૫ ટકા ટેક્સ લેવાય છે અને એમાંથી ૯૦ ટકા લાકડું, ટીમ્બર (અંતરાય)

વિટ્રીફાઈડ ટાઈલ્સ, એ જે કાંઈ કહ્યું એ રાજય બહાર જાય છે. મારે એટલું જ કહેવું છે કે, રાજય બહાર જે માલ જતો હોય અને એના ઉપર ટેક્સ ૪ ટકા, ૧૪ ટકા કે ૪૦ ટકા હોય. પણ બીજા રાજયમાં જાય તો એના ઉપર ૨ ટકા લાગે છે. જે માલ અહીં રહે એના ઉપર આ ટેક્સ છે અને ટેક્સની વાત કરીએ ત્યારે એમાં મેં આના માટે થઈને જ્યારે વેટનો કાયદો બનાવ્યો અથવા તો વેટના કાયદામાં સુધારા કર્યા ૧૨.૫ ટકાના ૧૫ ટકા અથવા તો ૧૨.૫ ટકા રાખ્યા. આ ૧૨.૫ ટકા મેં રાખ્યા છે એ મેં નથી કર્યું. ઑલ ઓવર ઇન્ડિયાની હાઈ પાવર કમિટીએ કાયદો કર્યો છે. એમાં કેન્દ્ર સરકારે કહ્યું હતું એ પ્રમાણે ૧૨.૫ ટકા રાખ્યા છે. બીજા રાજયો ૧૨.૫ ટકાના ૫ ટકા કરે છે એ કાયદાનો ભંગ કરે છે અને એમને પણ કેન્દ્ર સરકારે એમ કહ્યું છે કે, તમે નક્કી થયેલા નિયમનો ભંગ કર્યો છે એટલે આપ પ્રસ્થાપિત કરો. રાજય સરકારે ભંગ નથી કર્યો. હાઈ પાવર કમિટીએ જે કહ્યું છે એ પ્રમાણે કેન્દ્ર સરકારે જે મંજૂરી આપી છે એ પ્રમાણેનો ટેક્સ લઈએ છીએ અને આને તો બેથી ત્રણ વર્ષ થઈ ગયા છે. અને એમ જો આ ટેક્સ ઓછો કરવા માગતા હોય તો ગુજરાત રાજયની અંદર કયો વેપારી એમ કહે છે કે, આ ટેક્સ તમે ઓછો કરો, અમને ઓછો કરી દો. એમ કોઈ ન કહી શકે અને બીજું આ ટેક્સ માટે થઈને વેપારીઓ શા માટે કહે. આ ટેક્સ છે એ એના માલ માથે ચડીને કિંમતમાં ઉમેરો કરીને જાય છે. વાંધો હોય તો પબ્લિકને હોય, વેપારીને શું વાંધો હોય. રજૂઆત કરવા વેપારીઓ આવે અને વેપારીઓ માટેની રજૂઆત છે એ અહીંયાં કરો એના બદલે ખરેખર તો પબ્લિકમાંથી અવાજ આવતો હોય તો અને તમે કહેતા હોવ તો વાત જુદી છે. બાકી વેપારીઓને કાખમાં બેસાડવાની કોઈ જરૂર નથી.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી જે વાત કરી, ડિઝલની વાત કરી. ડિઝલ માટેની વાત છે એમાં પણ એ કેન્દ્ર સરકારની હાઈ પાવર કમિટીએ નક્કી કર્યું છે કે, આ ૨૦ ટકાથી ઉપર તમારે જેટલો ટેક્સ લેવો હોય એ એનાથી ઉપર લઈ શકો છો. (અંતરાય) એની છૂટ આપી છે અને આ ટેક્સ આ વખતે નાખ્યો નથી.આ ટેક્સ તો બે વર્ષથી ચાલ્યો આવ્યો છે. જે દિવસે ટેક્સ નાખ્યો તે દિવસે પણ ચર્ચા થઈ, ગયા વર્ષે પણ ચર્ચા થઈ, આ વર્ષે પણ ચર્ચા થઈ. તો આની ચર્ચાઓ કંઈ "યા વત ચંદ્ર દિવાકરૌ" ન ચાલે અને બીજી રીતે કહું માનનીય શકિતસિંહભાઈ, આમાં વાત એ થાય છે કે પબ્લિકના લોકો આવીને એમ કહેતા હોય કે અમને આ મોંઘું પડે છે તો આ રજૂઆત કરનાર વેપારી વર્ગના લોકો છે. એક નથી આવ્યો પબ્લિકનો પ્રતિનિધિ કોઈ દિવસ, બધા ધારાસભ્યો આવે છે ભેગા લઈને આવે છે ને એ વેપારીને લઈને મારી પાસે આવે છે. આ પબ્લિકનો સામાન્ય માણસ અને પબ્લિકના સામાન્ય માણસની પણ હું વાત કરું છું. બાકી આપે જે કહ્યું કે કચ્છની અંદર મોટી મોટી પેટ્રોલ અને ડિઝલની ટાંકીઓ છે એ જે માલ આયાત થાય છે એના ઉપર નિયમિત રીતે અમે, અમારું વેટ ડિપાર્ટમૅન્ટ એ કસ્ટમવાળા પાસેથી જઈને કહે છે કે કેટલો કેટલો માલ તમારે આવ્યો, કેટલી કસ્ટમ ડ્યૂટી લીધી. કસ્ટમ ડ્યૂટી જેની પાસેથી લીધી હોય ઈ જ્યારે સ્થાનિક વેચાણ કરે એ સ્થાનિક વેચાણ ઉપરથી એના ઉપર પણ ટેક્સ લઈએ છીએ એના માટે થઈને કાળજીપૂર્વક અમે ટેક્સ લઈએ છીએ પરંતુ બીજા રાજયની અંદર જે ટ્રાન્સફર થતો હોય એ તો નિયમ મુજબ જ થાય છે. આપે જે પાણીના દરમાં ઘટાડો કરવાની વાત કરી એ મારા વિભાગમાં આવતું નથી એટલે જે કાંઈ રજૂઆત કરવાની હોય એ આપ કરી શકો છો. માનનીય વિપક્ષના નેતાશ્રી શકિતસિંહભાઈએ વાત કરી કે દેશની અંદર મોટા મોટા માલેતુજાર પાસેથી ટેક્સ લઈને ગરીબને આપવાને બદલે ગરીબ ઉપર ટેક્સ નાખવામાં આવે છે. મારે એ કહેવાનું છે કે મેં મારા બજેટમાં કયા ગરીબ ઉપર ટેક્સ નાખ્યો? (અંતરાય) એક મિનિટ, હું તમાકુ ઉપર ટેક્સ નાખું એટલે એ કોઈ ગરીબ છે? જે રીતે મોબાઈલ ઉપરનો ટેક્સ લઈને આવ્યો એ કોઈ ગરીબ ઉપરનો ટેક્સ છે? હવે જે માણસો રહે છે અમે બરાબર ચકાસણી કરી છે ગરીબ વર્ગના લોકો પણ જે લે એ તો જૂના ટેલિફોન હોય એ બીજા પાસેથી લે છે અને બીજું, અત્યારે નવા નવા કંપનીના જે ટેલિફોન ૩,૦૦૦, ૪,૦૦૦ અને ૫,૦૦૦ના મોબાઈલ ફોન મળે છે એ એક કે બે કંપની સિવાય બાકીના બધા છે. એના માટે જે રીતે ટેક્સ નાખ્યો છે એ કોઈ સવાલ નથી. આપે જે કહ્યું કે ગરીબ વર્ગના લોકો ઉપર જે ટેક્સ નાખવાની વાત કરી છે, તો મારે એટલું જ કહેવાનું કે કેન્દ્ર સરકારે પણ આ વખતે જેના ઉપર ચાર ટકા ટેક્સ હતો એ ડીકલેર ગુડ્ઝ ઉપર પાંચ ટકા ટેક્સ કર્યો છે અને પાંચ ટકા ટેક્સ એટલે એ કેવી આઈટમ છે એ જોજો. અનાજ જેવા કે ઘઉં, બાજરી, જુવાર, મકાઈ અને ચોખા એના ઉપર કેટલો ટેક્સ કર્યો, પાંચ ટકા. સુતરાઉ કાપડ ઉપર કોણે કર્યો? કેન્દ્ર સરકારે પાંચ ટકા ટેક્સ કર્યો. ગૃહ વપરાશ માટેના એલ.પી.જી. એના માટે કોણે પાંચ ટકા કર્યો? કેન્દ્ર સરકારે. માનવસર્જિત કાપડ. હેન્ડલૂમ અને એ જે આપણે બનાવીએ છીએ એના માટે થઈને ચારના પાંચ ટકા કર્યો. ઉની કાપડ, ઉનનું કાપડ એના માટે થઈને પાંચ ટકા કર્યો. જ્યારે રાહતો..(અંતરાય) એને કેટલી રાહત આપી છે એમાં કયાં વાત કરો છો? આજે મારો કહેવાનો મતલબ એ છે કે જેના ઉપર આ જીવન જરૂરિયાતની વસ્તુઓ છે. ગરીબ વર્ગના લોકો જે વાપરે છે એ વસ્તુઓ છે. કેન્દ્ર સરકાર એના માથે પાંચ ટકા ટેક્સ નાખવાની વાત કરે છે અને રાજય સરકારે આ બધી આઈટમ ઉપર સંપૂર્ણ માફી આપી દીધી છે. આજે અનાજ ઉપર હું કહું કે બીજા રાજયોની ટીકા કરવાની વાત નથી કરતા, પણ આપના ભાઈઓને કહો કે દિલ્હીમાં અને પંજાબમાં અનાજ ઉપર આજે ચાર ટકા ટેક્સ લેવામાં આવે છે. ગુજરાત રાજયની અંદર અનાજ અને કઠોળમાં માફી આપવામાં આવે છે. સુતરાઉ કાપડમાં માફી વસ્તુ છે. ઘર વપરાશની ચીજો માટે થઈને માફી. આ કોઈ માલેતુજારને માલેતુજાર બનાવવા માટેની વાત નથી. બાકી જે બીજી એમણે વાત કરી છે. જે વીજ ડ્યૂટી ગુજરાતમાં વધારે છે તે રીતે.

માનનીય અધ્યક્ષશ્રી, વીજ ડ્યૂટીની તો વાત થઈ ગઈ છે. પરંતુ મારે એટલું જ કહેવાનું કે વીજ ડ્યૂટી ઉપર ટેક્સ નાખ્યો એ જોવા કરતાં એનું પ્રજાને વળતર આપીએ છીએ. આજે હિન્દુસ્તાનમાં કોઈ એવું રાજ્ય શોધી આપો કે જેની અંદર ગામડામાં ૨૪ કલાક વીજળી મળતી હોય. આ ગુજરાત જ એક એવું રાજ્ય છે. જેને તમે કાંઈ આપો નહીં, આ તો એવી વાત છે કે એક બેન ખાંડ લેવા દુકાને ગયા અને ભાવ પૂછયો. વેપારીએ એક કિલોના ૩૫ રૂપિયા કહ્યા તો બહેને કહ્યું કે બાજુની દુકાને ૩૦ રૂપિયે ખાંડ મળે છે. તો વેપારી કહે તો એને ત્યાંથી લઈ લો. એની પાસે ખલાસ છે. આ રીતે જેની પાસે વીજળી જ ન હોય એ વીજ ડ્યૂટી ન લે, હોય એ વીજ ડ્યૂટી લે. જેની પાસે ખલાસ હોય એ શું લે? વીજળી જ આપવી નથી. બધા રાજ્યોમાં જોઈ આવો. (અંતરાય) જુઓ નટવરસિંહ ઊભા થયા. આવા સમજુ માણસને નાણા ખાતા ઉપર બોલવું જોઈએ. એને ન બોલવા દે અને બાકીના બોલે છે. વીજ ડ્યૂટી ઉપરનો કોઈ સવાલ નથી.

માનનીય અધ્યક્ષશ્રી, એ જ પ્રમાણે એમણે વાત કરી કે ઈમ્પોર્ટ ટેક્સ છે. વેપારીઓને ગયા વર્ષે પણ એમ કહ્યું હતું કે કેન્દ્ર સરકાર જે ૪ ટકા સેન્ટ્રલ સેલ્સ ટેક્સ હતો એના પહેલા ૩ ટકા કર્યા અને પછી ૨ ટકા કર્યા. ૨ ટકા કર્યા ત્યારે ૨ ટકાનું વળતર કેન્દ્ર આપતું હતું. ૩ ટકા કર્યા ત્યારે ૧ ટકાનું વળતર કેન્દ્ર આપતું હતું. પણ કેન્દ્ર સરકારે ગયા વર્ષે ૨૦૧૦-૧૧માં કોઈ નીતિ જ નક્કી કરી નહીં. નીતિ નક્કી ન કરી એટલા માટે અમે કર્યું. જો કેન્દ્ર સરકાર આજે નીતિ નક્કી કરશે તો અમે ૨ ટકા ઈન્પુટ ક્રેડિટ આપીએ છીએ એના માટે વિચાર કરીશું. કેન્દ્ર સરકાર આપતી હોય તો અમે વેપારી પાસેથી એક પૈસો લેવા માગતા નથી. પણ વર્ષ ૨૦૧૦-૧૧માં આ વર્ષ પૂરું થવા આવ્યું છતાં પણ કેન્દ્ર સરકારે કોઈ નીતિ નક્કી કરી નથી અને આ પેટે એક રૂપિયો પણ કેન્દ્ર સરકારે આપ્યો નથી. એટલું જ નહીં, એણે પ્રોમિસ આપેલું હતું એની અંદર તા. ૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં જે રાજ્ય સરકારના પૈસા લેવાના બાકી હતા ત્યારે એમણે એમ કહ્યું કે તમારા હિસાબો એકાઉન્ટન્ટ જનરલ પાસે તપાસ કરાવી દો. ગુજરાત સરકારે એકાઉન્ટન્ટ જનરલ પાસેથી હિસાબો ઓડિટ કરાવ્યા અને ઓડિટ કરાવેલા હિસાબો પ્રમાણે આજે કેન્દ્ર સરકાર પાસે પણ ૨૩૦૦ કરોડ રૂપિયા ગુજરાત રાજ્યના બાકી નીકળે છે. આ વચન આપ્યા પછી પણ આવી પરિસ્થિતિ છે. બીજી એમણે વાત કરી કે એસ્સાર પાસેથી પૈસા નથી લેતા, વસુલાત નથી કરતા. મારે એટલું જ કહેવાનું કે એસ્સાર કંપનીને જે રાહતો આપી હતી એ રાહતોમાં નક્કી થયું હતું કે સમયમર્યાદામાં એનું પ્રોડક્શન ચાલું કરવું. એણે સમયમર્યાદામાં પ્રોડક્શન ચાલું ન કર્યું એટલે આપણે કહ્યું કે તમારી પાસેથી પૂરેપૂરા પૈસા વસૂલ કરવામાં આવશે. એસ્સાર હાઈકોર્ટમાં ગયું અને હાઈકોર્ટે એની તરફેણમાં ચુકાદો આપ્યો કે તમારે આને રાહતો આપવી જોઈએ. પરંતુ ગુજરાત સરકારે ના પાડી અને ગુજરાત સરકાર એસ્સારની સામે સુપ્રીમમાં ગઈ છે અને સુપ્રીમમાં ગઈ એની અંદર તા. ૧૧-૮-૦૮ના રોજ એની સ્પેશિયલ લીવ પિટીશનમાં એણે કહ્યું કે નિકાલ ન થાય ત્યાં સુધી આકરા પગલાં લેવા નહીં. તમે વસુલાત કરો એટલે આકરા પગલા ગણાય, મિલકત જપ્ત કરવી પડે, કારખાનું બંધ કરાવવું પડે. એટલા માટે વિપક્ષના નેતાએ એમ કહ્યું કે મોટા મોટા માલેતુજારો પાસેથી તમે પૈસા લેતા નથી પણ મારે એમાં કહેવાનું કે આ માલેતુજારો છે એને જે કાંઈ લાભ અપાવ્યો છે એ ભા.જ.પ.ની સરકારે નથી અપાવ્યો. ભા.જ.પ.ની સરકારે તો ઈન્સેન્ટિવ પોલિસી હતી એના કારણે હરિફાઈ ઉદ્યોગોમાં થતી હતી જેથી ઉદ્યોગ મરી જતો હતો અને નવો ઉદ્યોગ જૂના ઉદ્યોગને મારવા તૈયાર હતો. આ એસ્સારવાળા અને મોટી મોટી કંપનીઓને મોટી રાહતો આપી, ૧૦ હજાર કરોડ, ૧૫ હજાર કરોડ રૂપિયાની રાહતો આપનાર કોંગ્રેસની સરકાર હતી. ભા.જ.પ. તો વસૂલ કરે છે. આ તમારું કરેલું કૃત્ય છે. મેં ભૂતકાળમાં પણ કહ્યું છે તેમ તમારા છાણ અને એ છાણમાં નાખેલા તમારા પગલાં અમારા લૂગડાં ઉપર શા માટે લૂછવા આવો છો? આ રાહતો તમે આપો. વસુલાત કરીએ તો અમને એમ કહે કે આ માલેતુજાર પાસેથી તમે કાંઈ કરતા નથી. આ માલેતુજાર છે એને પ્રોત્સાહન આપનાર હતા કોણ? હતી એ કોંગ્રેસ જ હતી. અમે નથી આપ્યું એને અને અમે તો વસૂલ કરીએ છીએ. અમે તો એની પાસેથી વસૂલ કરવા માટે સુપ્રીમ કોર્ટમાં ગયા છીએ. અમે પ્રજાના પ્રતિનિધિ છીએ કે એણે નિયમબદ્ધ કામ નથી કર્યુ, એણે પૈસા ભરવા જોઈએ અને એ પ્રમાણે ૨૦૦૬-૦૭ અને ૨૦૦૭-૦૮ના પૈસા અમે વસૂલ પણ કર્યા છે. ૨૦૦૮માં ગયા (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : સમય ઓછો છે. આપ મહત્ત્વની બાબતો ધ્યાને મૂકી દો.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, બાકીનો જે મારો વિભાગ છે પેન્શન અને તિજોરી એની અંદર કોઈ બોલ્યું નથી અને એ પ્રમાણિકતા અને નિષ્ઠાથી ચાલે છે. અમારો સેલ્સ ટેક્સ વિભાગ છે એની અંદર પણ ચાલેલ છે. બાકીના પ્રશ્નો મારા વિભાગને લગતા નથી એના વિષે હું કાંઈ કહેતો નથી. હું વિપક્ષના બધા સભ્યોને વિનંતી કરું છું કે આ જે કાપદખાસ્તો છે એ પાછી ખેંચી લ્યે અને માગણીઓ મંજૂર કરે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી મારે બે બાબત જાણવી છે. એસ્સારરની સામે સુપ્રીમ કોર્ટે લેવાની ના પાડી છે. મારે એટલું જ જાણવું છે કે શું એ વાત ખરી છે કે આપના કમિશનરે સરકારને પત્ર લખ્યો છે કે એસ્સારરની સામે કોઈ સ્ટે નથી અને માટે મોટી રકમ વસૂલ કરવાની થાય છે એ રકમ વસૂલ કરવી જોઈએ એવો પત્ર આવ્યો છે કે કેમ? એક. અને બીજું આપે કહ્યું કોંગ્રેસે કરેલા ભૂતકાળના

આ લાભો, મારે માત્ર એટલું જાણવું છે કે કોંગ્રેસના સમયમાં પૉલિસી એવી હતી કે ઉદ્યોગ આવે એ શહેરની આજુબાજુ નહિ અવિકસિત વિસ્તારમાં એની સ્કીમ હતી. એસ્સારર અને રિલાયન્સ રાઈવલ ગૃપ હોય તો બંનેએ ઓપન પૉલિસીનો લાભ લીધો. આપે ટાટ મોટર્સ માટે જે પૉલિસી બનાવી છે. બીજો કોઈ ઉદ્યોગ ગૃહ આવીને એજ રીતે માગશે તો આપશો ખરા?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, જો પૉલિસી માટેનો કોઈ સવાલ નથી. જ્યારે જે ઉદ્યોગ આવશે અને એને જેટલી રાહત જોઈતી હોયને ઉદ્યોગકારોને (અંતરાય) આજની તારીખે કોઈ પૉલિસી નથી. આ એસ્સારર અને રિલાયન્સને લાભ આપ્યા છે ને પૉલિસી એ કોંગ્રેસે આપ્યા છે. અમારા વખતમાં નથી  અને એ ગ્રામ્ય વિસ્તારમાં ઓલરેડી ચાલુ હતા અને એ તો જ્યારે જે કોઈ ઈન્ડસ્ટ્રીઝ આવે અને જે પરિસ્થિતિ પ્રમાણે આપવાની હોય એ થઈ શકે. જો પૉલિસી નક્કી હોય તો પૉલિસીની બહાર ના અપાય. નવો ઉદ્યોગ આવે તો નવી વાત થઈ શકે. એસ્સાર માટે થઈને તો સુપ્રીમ કોર્ટે એને આપ્યું છે. એમણે એમ કહ્યું છે કે નામદાર સુપ્રીમ કોર્ટ (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : એમનો જવાબ સાંભળી લો.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : આપના સેલ્સ ટેક્સ કમિશનરે પત્ર લખીને એમણે અર્થઘટન કર્યુ છે કે સાહેબ આ સ્ટે નથી અને નાણા વસૂલ કરવા જોઈએ. આવો આર.ટી.આઈ.નો મળેલો પત્ર છે. (અંતરાય) હા કે. ના?

**શ્રી વજુભાઈ વાળા** : સ્ટે નથી પણ એના શબ્દો એ છે કે, નામદાર સુપ્રીમ કોર્ટ દ્વારા તા.૧૧/૮/૨૦૦૮ ના રોજ ચુકાદો આપી એસ.એલ.પી.ના નિકાલ સુધી આકરા પગલા લેવા નહિ. આકરા પગલા લેવા, ના લેવા એનો અર્થ એવો કે વસૂલ. વસૂલ જ ના થાય, એ એક જાતનો સ્ટે જ થાયને? આપણે કોઈકને કહીએ કે આના લગ્ન કરવા છે. એલો કહે કે મારે ના પાડવી છે. આ બેય એકજ થયુંને? આમાં શું ફેર પડે?

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંશ્રી આ છાણની બાબતમાંથી બહાર નથી આવતા. ગયા વખતે પણ એનો ઉલ્લેખ્ કરેલો. હમણાંજ એમણે કહ્યું કે, મમરા ઉપર અને એ બધા ઉપર રાજ્ય સરકાર ટેક્સ નથી લેતી. આ ટેક્સ ક્યારે લેવાતો હતો? ૧૯૯૭માં ટેક્સ લેવાતો હતો કે કેમ એટલી સ્પષ્ટતા કરે. ૧૯૯૭ પહેલા આ રાજ્યમાં કયારેય પણ મમરા ઉપર ટેક્સ નહોતો લેવાતો. એમણે ટેક્સ નથી કાઢી નાંખ્યો એટલી સ્પષ્ટતા કરે.

**અધ્યક્ષશ્રી** : જવાબ સાંભળો બાબુભાઈ.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, જૂના ટેક્સ ક્યારે લેવાતા હતા., ૧૯૯૭ની વાત નથી. આ વેલ્યુએડેડ ટેક્સ આવ્યા પછી વેલ્યુએડેડ ટેક્સની ચર્ચા હાઉસમાં થઈ ગઈ છે અને વેટના ટેક્સ કોની ઉપર કેટલા લેવા?  ત્યાર પછી સેલ્સ ટેક્સનું બધું ચેપ્ટર બંધ થઈ ગયું છે. આ વેલ્યુએડેડ ટેક્સ લીધો છે એ હાઉસે જ નક્કી કરેલું છે એટલે ભૂતકાળનો સવાલ નથી.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૧ થી ૩ અને ૫ થી ૧૯ મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.**

**માગણી ક્રમાંક : ૧૫, ૧૬, ૧૭, ૧૮ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**ગિલોટીન થયેલી માગણીઓ**

**શ્રી વજુભાઈ વાળા ( નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું માગણી ક્રમાંક ૧, ૭, ૧૦, ૧૧, ૧૪, ૧૯, ૨૧, ૨૪, ૨૫, ૨૮, ૩૦, ૩૨, ૩૩, ૩૪, ૪૧, ૪૨, ૪૫, ૪૭, ૪૮, ૫૨, ૫૩, ૫૫, ૫૮, ૫૯, ૬૧, ૬૨,

૬૩, ૬૪, ૬૮, ૭૦, ૭૨, ૭૩, ૭૭, ૮૦, ૮૧, ૮૨, ૮૩, ૮૪, ૮૮, ૯૦, ૯૧, ૯૪, ૯૭, ૯૯, ૧૦૧, ૧૦૨, ૧૦૩, ૧૦૪, ૧૦૬ અને ૧૦૮ રજૂ કરું છું.

માગણી ક્રમાંક ૧, ૭, ૧૦, ૧૧, ૧૪, ૧૯, ૨૧, ૨૪, ૨૫, ૨૮, ૩૦, ૩૨, ૩૩, ૩૪, ૪૧, ૪૨, ૪૫, ૪૭, ૪૮, ૫૨, ૫૩, ૫૫, ૫૮, ૫૯, ૬૧, ૬૨, ૬૩, ૬૪, ૬૮, ૭૦, ૭૨, ૭૩, ૭૭, ૮૦, ૮૧, ૮૨, ૮૩, ૮૪, ૮૮, ૯૦, ૯૧, ૯૪, ૯૭, ૯૯, ૧૦૧, ૧૦૨, ૧૦૩, ૧૦૪, ૧૦૬ અને ૧૦૮ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.

અધ્યક્ષશ્રી : **હું રાજય વિધાન મંડળને લગણી માગણી ક્રમાંક ૩૬ અને ૩૭ રજૂ કરું છું.**

રાજય વિધાન મંડળને લગણી માગણી ક્રમાંક ૩૬ અને ૩૭ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.

**સભાગૃહનું કામકાજ બપોરના ૧૧-૫૮ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સોમવાર તા. ૨૮મી માર્ચ, ૨૦૧૧ના રોજ બપોરના ૧૨-૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહયું.**

**ગુજરાત વિધાનસભા**
**સોમવાર, તા.૨૮મી માર્ચ, ૨૦૧૧**
**ચૈત્ર ૭, ૧૯૩૩ શાકે**
**સભાગૃહ બપોરના ૧૨-વાગ્યે મળ્યું**
**અધ્યક્ષશ્રી ગણપતભાઈ વસાવા અધ્યક્ષસ્થાને**

# તારાંકિત પ્રશ્નો

## ખાનગી ક્ષેત્રે નવા બંદરો વિકસાવવા

***૨૨૭૨૧ શ્રી આર.સી. પટેલ (જલાલપોર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે,-

(૧) રાજ્યમાં તા.૩૧-૧૨-૧૦ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન ખાનગી ક્ષેત્રે કેટલાં નવા બંદરો વિકસાવવામાં આવ્યા, અને

(૨) તા.૩૧-૧૨-૧૦ સુધીમાં આ માટે કટલું મૂડીરોકાણ થયું?

**મુખ્યમંત્રીશ્રી** (બંદરો) :

(૧) છેલલા બે વર્ષ દરમ્યાન ખાનગી ક્ષેત્રે બે નવા ટર્મીનલો, ત્રણ કેપ્ટીવ જેટીઓ અને એક ખાનગી જેટી વિકસાવવામાં આવ્યા છે.

(૨) આશરે રૂા.૩૬૯૦ કરોડનું મૂડીરોકાણ થયેલ છે.

**શ્રી આર.સી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે બંદરની નીતિના કારણે રાજ્યમાં કેટલા બંદરોનો વિકાસ થયો? બીજું રાજ્યમાં બંદરના વિકાસના કારણે ટ્રાફિકમાં કેટલો વધારો થયો? છેલ્લે, ક્રૂડ-ઓઈલની હેરફેર બાબતમાં નેધરલેન્ડના નોટોસ્ટમ બંદરની સરખામણીમાં રાજ્યના બંદરો ઉપર શું વ્યવસ્થા છે?

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકારે જે પ્રગતિશીલ બંદર નીતિ અપનાવી છે એના કારણે રાજ્ય સરકાર દ્વારા જે ડિસેમ્બર ૧૯૯૫માં બંદર નીતિ જાહેર થઈ તેના કારણે સુઆયોજીત બંદર નીતિ આયોજક પીપાવાવ, મુંદ્રા, દહેજ અને હજીરા જેવા બંદરોનો વિકાસ થવા પામ્યો છે. પીપાવાવ એ મેસર્સ ગુજરાત પીપાવાવ પોર્ટ લિમિટેડ GPPL દ્વારા સપ્ટેમ્બર-૧૯૯૮માં ૬૯૭ કરોડના ખર્ચે વિકસાવવાનું હાથ પર લેવામાં આવ્યું હતું. ત્યારબાદ કંપની દ્વારા હયાત navigation ટનલની પહોળાઈ ઉંડાઈ વધારવા કેપીટલ ડ્રેજિંગ, કંન્ટેનર ટ્રાફિકની ફેરફેર કરવા વધુ ૧૨૦૦ કરોડનું મૂડીરોકણ થયું છે. મુંદ્રાએ મને લાગે છે કે ગુજરાતના બંદરીય વિકાસના ઈતિહાસમાં એક ગૌરવવંત પ્રકરણ છે. મુંદ્રા બંદરનો વિકાસ સંયુકત સાહસની ગુજરાત અદાણી પોર્ટ લિમિટેડ દ્વારા હાથ ધરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો ત્યારે અત્યાર સુધીમાં ૪૯૦૦ કરોડનું મૂડીરોકાણ થયેલ છે અને તાજેતરમાં એક સાથે ચાર જહાજ લાંગરી શકાય તે પ્રકારની ૮૧૫ મીટર લંબાઈની જેટી તથા કંન્ટેનર ટર્મિનલ ૬૩૨ મિટરની લંબાઈના વિકસાવવામાં આવેલ છે. વધુમાં ક્રૂડની આયાત માટે એક SBM વિકસાવવામાં આવેલ છે. આ ઉપરાંત ૪૫૦ મીટર લંબાઈનો મલ્ટિપરપઝ બર્થ તેમજ વધારાના કંન્ટેનર બર્થ ૭૬૧ મીટર લંબાવવામાં આવેલ છે. દહેજ બંદરમાં મેસર્સ પેટ્રોનેટ LNG દ્વારા LNG આયાત કરવા માટેનો ૨૮ કરોડના ખર્ચે ટર્મિનલ વિકસાવવામાં આવ્યું. ત્યારબાદ બીજો સોલીડ કાર્ગો ટર્મિનલનું કામકાજ સંયુકત ક્ષેત્રીય કંપની મેસર્સ પેટ્રોનેટ LNG અને દાણી ગૃપ સાથે મળીને કરવામાં આવ્યું છે. કેમિકલ પોર્ટ ટર્મિનલ GCPT એ દહેજ ખાતે વિકસાવવામાં આવ્યું છે અને દહેજ બંદર પરથી વર્ષ ૨૦૦૯-૧૦માં ૯.૮૯ મીલયન ટન ટ્રાફિક હેરફેર થયેલ છે. હજીરા ખાતે Shell Gas નેધરલેન્ડ કંપની દ્વારા હજીરા પોર્ટ પર LNG ટર્મિનલની બંદરીય સુવિધા વિકસાવવી હતી જે એપ્રિલ ૨૦૦૫માં ત્યારબાદ ગુજરાત મેરી ટાઈમ બોર્ડ અને રાજય સરકાર સાથે નવેમ્બર-૨૦૧૦માં બલ્ક જનરલ કારગો ટર્મિનલ વિકસાવવા માટેનું એગ્રીમેન્ટ થયું છે અને આ યોજના અંતર્ગત જુદા જુદા પ્રકારનો માલ સામાન નિકાસ કરવામાં આવનાર છે. ૨૦૦૯-૧૦માં માનનીય સભ્યશ્રીએ જે કાર્ગોના ગુજરાતના અને દેશના આંકડા પૂછયાં તો ૨૦૦૯-૧૦માં દેશનું કુલ ૮૧૬ મીલીયન ટન કાર્ગોના પરિવહનની સામે ગુજરાતના નાના બંદરો પર કુલ ૨૦૬ મીલીયન ટન કાર્ગોનું પરિવહન થયેલ. જે દેશના સમગ્ર બંદરો પર થતાં કાર્ગોના કુલ ૨૫% ક્ષમતા જેટલું છે. દેશના તમામ નાના અને મધ્યમ કક્ષાના બંદરો દ્વારા હેરફેર થયેલ ૨૫૮ મીલીયન ટન ટ્રાફિકની સાપેક્ષમાં ગુજરાતના બંદરોનો નાના બંદરોનો ટ્રાફિક મૂવમેન્ટ એ લગભગ ૮૦ % જેટલો છે. માનનીય અધ્યક્ષશ્રી, ક્રૂડ-ઓઈલની બાબતમાં માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછયો તે બાબતમાં અત્યાર સુધી નોટોસ્ટમ (અંતરાય) માનનીય નેતાશ્રી એમણે પ્રશ્ન પૂછયો એના જવાબ આપું છું. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : થોડો ટૂંકમાં આપો પ્લીઝ. (અંતરાય)

**શ્રી જયનારાયણ વ્યાસ** : હા,જી. સાહેબ, નોટોસ્ટમ અત્યાર સુધીમાં ક્રૂડ-ઓઈલનું મહત્વનું કેન્દ્ર હતું તેના બદલે હવે જે સવલતો વિકસી રહી છે. તે રાજ્યમાં ક્રૂડ ઓઈલની હેરફેર માટે ૭૫ મીલીયન ટન ક્ષમતાની બંદરીય સુવિધા ઉપલબ્ધ છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત પાસે આખા ભારતમાં સૌથી લાંબો દરિયા કિનારો છે અને એ બંદરો બાંધવા માટેનો વોટર ફ્રન્ટ પણ કદાચ આખા દેશમાં સૌથી વધારે આપણી પાસે અવાઈલેબલ છે ત્યારે આ વોટર ફ્રન્ટ છે એનો ઉપયોગ રાજય સરકારે વાણિજીયક હેતુ માટે કરવો જોઈએ એમાં કોઈ વિવાદ ન હોઈ શકે પરંતુ આ વોટર ફ્રન્ટ જે અગત્યનો છે એ ખાનગી સાહસિકોને બીડ મંગાવીને આપવાના બદલે એની સાથે ખાનગીમાં એમ.ઓ.યુ. કરવામાં આવે છે એને બદલે આ વોટર ફ્રન્ટ છે એના બીડ મંગાવી અને તેને વિકસાવવા માગે છે કે કેમ અને જે લોકોએ એમ.ઓ.યુ. કર્યા છે એ એમ.ઓ.યુ. એની સ્પેશિફિક ટાઇમ લિમિટમાં કોઈએ બંદરોના કામ શરૂ કર્યા નથી તો એ કરવા માગો છો કે કેમ અને મારો ત્રીજો જે મહત્ત્વનો પ્રશ્ન એ છે કે, આપણા જે exisiting બંદરો છે મધ્યમ કક્ષાના એને રાજય સરકાર વિકસાવવાના બદલે એ બંદરો તૂટી જાય અને ખાનગી સાહસિકો કમાય એવી નીતિ છે અત્યારની એ બદલીને અત્યારના જે આપણી પાસેના જી.એમ.બી. પાસેના જે બંદરો છે એનો રાજય સરકાર પોતે જે મધ્યમ કક્ષાના છે એને મોટી કક્ષાના બંદરો બનાવી વિકાસ કરવા માગે છે કે કેમ ?

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, દરેક મધ્યમ કક્ષાના બંદરો મોટી કક્ષાના બંદરો બને એવી અમારી શુભેચ્છાઓ હંમેશા અમારી રહી છે એટલે જ્યાં જ્યાં મધ્યમ કક્ષાના બંદરો છે, અર્જુનભાઈ જયાં જ્યાં મધ્યમ કક્ષાના બંદરો છે સામા પક્ષ સમેત એ બંદરો એ મોટી કક્ષાના થાય એ માટે અર્જુનભાઈ અમારો હંમેશા પ્રયત્ન છે પણ અમારી લાગણી હંમેશા નાના બંદરો મધ્યમ કક્ષાના અને મધ્યમ કક્ષાના બંદરો મોટી કક્ષાના થાય એ તરફ છે પણ માનનીય સભ્યશ્રીની જે ધારણા છે એ ધારણાને હકીકતોનું સમર્થન મળતું નથી. કારણ કે, માનનીય સભ્યશ્રીએ કહ્યું કે, બંદરોના એમ.ઓ.યુ. કરવામાં આવે છે અને એની અમલવારી થતી નથી, તો અત્યાર સુધીમાં જે એમ.ઓ.યુ. કરવામાં આવ્યા છે એમાંથી ૨૩ એમ.ઓ.યુ. ૨૦,૨૦૫/- કરોડના રોકાણ સાથે કમિશન થયા છે, ૩૧ એમ.ઓ.યુ. ૩૭,૨૫૭/- કરોડની ક્ષમતા સાથે એ અત્યારે અમલવારી હેઠળ છે અને ૨૬ એમ.ઓ.યુ. ૪૩,૬૨૫/- કરોડની ક્ષમતા સાથે preliminary stage of implementation છે અને મારે સભ્યશ્રીએ કહેવું છે કે, દોઢ વર્ષ કરતાં વધારે સમય પર્યાવરણની મંજૂરી મેળવવામાં લાગે છે એટલે આ એમ.ઓ.યુ. થયા પછી તાત્કાલિક અમલવારી કરવાનું શકય નથી. દરેક બંદર ઝડપથી વિકસે એ બાબતની આપણે અપેક્ષા રાખીએ તો પણ ગુજરાતનો રૅકૉર્ડ અને I stand on the fact, sir, કે ગુજરાતનું સાહેબ જે અત્યાર સુધીના એમ.ઓ.યુ.ના અમલીકરણનો બંદર વિભાગનો જે રૅકૉર્ડ છે એ રૅકૉર્ડ એવો છે કે, સાહેબ અત્યાર સુધીમાં માત્ર ૧૦૯ માંથી ૩૦ જ એમ.ઓ.યુ. drop કરવામાં આવ્યા છે, ૭૨ ટકા કરતાં વધારે અમલીકરણનો આ રૅકૉર્ડ આ એમ.ઓ.યુ.નો બંદરીય વિભાગમાં છે.

**શ્રી લક્ષ્મણભાઈ પ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના માધ્યમ દ્વારા મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે, આ કૅપ્ટિવ જેટીની મંજૂરી કોણ આપે છે અને એમાં કેટલો સમય લાગે છે? મારે મંત્રીશ્રી પાસેથી એ પણ જાણવું છે કે, રાજયમાં ખાનગી બંદરો, ટર્મિનલ, કૅપ્ટિવ જેટીઓ અને ખાનગી જેટી ઉપર થતી હેરફેર ઉપર જે વાર ફેજ લેવામાં આવે છે એમાં કોઈ રાહત આપવામાં આવે છે કે કેમ?

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં બીજા પ્રશ્નનો જવાબ પહેલાં આપું છું. અત્યાર સુધી સેટ ઑફ આપવાની નીતિ હતી. હવે રાજય સરકારે એ નીતિ બંધ કરી છે અને પૂરેપૂરો વાર ફેજ લેવામાં આવે છે. કૅપ્ટિવ જેટીની મંજૂરી આપવાનો જયાં સુધી સવાલ છે ત્યાં સુધી એની સૈદ્ધાંતિક મંજૂરી જી.એમ.બી. આપે છે અને ત્યારબાદ જરૂરી પ્રક્રિયાઓ, પર્યાવરણની મંજૂરી વગેરે મેળવવાની, વન વિભાગની મંજૂરી વન અને પર્યાવરણ વિભાગ દ્વારા ભારત સરકારના અપાય, સી.આર.ઝેડ.ની મંજૂરી મેળવાય ત્યાર પછી એ અંગેનો વિગતવાર અહેવાલ તૈયાર થાય અને એનું અમલીકરણ કરવામાં આવે છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધયક્ષશ્રી, આપના મારફતે બંદર મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે પહેલી બાબત કે જે આપણા પાસે ઉપલબ્ધ ગુજરાત પાસેના જે બંદરો છે એને ડેવલપ કરવા માટે કોમ્પીજેટીવ બીડ મંગાવીને ઈન્ટરેસ્ટેડ પાર્ટીઓને આપવાની નીતિ કરવા સરકાર માગે છે કે કેમ? આજે થાય છે શું કે એમ.ઓ.યુ. કરીને માણસ રહે છે અને વિકાસ થતો નથી. મહુવાના બંદરનો એમ.ઓ.યુ. ઘણા સમય પહેલા થઈ ગયો પણ એ બંદરના વિકાસ માટે એમ.ઓ.યુ. કરનાર માણસ આગળ વધતા નથી તો એ નીતિમાં કોઈ ફેરફાર કરવા માગે છે કે કેમ, અને બીજું, માનનીય અર્જુનભાઈએ સવાલ પૂછયો હતો એ અતિ મહત્વનો છે કે પ્રાઈવેટાઈઝેશનના નામે પ્રાઈવેટ બંદરોનો વિકાસ થાય છે પણ આપણું મેરી ટાઈમ બોર્ડ હસ્તક જે બંદરો છે. ભાવનગરનું પોર્ટ છે તો આપણા પી.એસ.યુ. હસ્તક જે પોર્ટ છે એના ડેવલપમેન્ટ માટે કોઈ સ્પેશ્યલ પેકેજ કરીને કારણકે પેલા પ્રાઈવેટાઈઝેશન આપણા પી.એસ.યુ.ના જે બંદરો છે એને ખાઈ ન જાય એના માટેની કોઈ વ્યવસ્થા કરવા માગો છો કે કેમ?

**શ્રી જયનારાયણ વ્યાસ** : સાહેબ, મહદ અંશે જયાં જયાં વિકાસ થયો છે ત્યાં એક યા બીજી રીતે જાહેર ક્ષેત્રીય સાહસોનો કયાંકને કયાંક હિસ્સો છે પછી એનર્જી પેટ્રો ટર્મીનલ હોય, શેલનો ટર્મીનલ હોય કે અન્ય ટર્મીનલ હોય એટલે સંપૂર્ણપણે ખાનગી હાથોમાં બંદરોનું હિત સોંપી દેવાની જે વાત છે એ વાત તર્કસંગત નથી. મહુવા અંગેની માનનીય વિપક્ષના નેતાએ વાત કહી એ અંગે ચકાસી લઈશું. એમનું સુચન છે પણ અત્યાર સુધીમાં જે બંદરીય નીતિ ચાલી લેટ મી ટેલ યુ ધેટ જયારથી ગુજરાત અલગ થયું, ગુજરાતની એક અપેક્ષા હતી કે મુંબઈ ગુજરાતમાં મળશે. ન મળ્યું. આપણી એક નિરાશા બની. કંડલા પોર્ટ એક જ એવું પોર્ટ હતું જેનો વિકાસ માનનીય કસ્તુરભાઈ લાલભાઈના અધ્યક્ષપણા નીચે રહેલી સમિતિએ એનું આખું આયોજન કર્યું ત્યારપછી છેક ચાલીસ, ચાલીસ વર્ષના વહાણા વાયા. ગુજરાતના નાયબ બંદરીય વિકાસ મંત્રી કેન્દ્ર સરકારમાં બન્યા. કેન્દ્ર સરકારને એક દિવસ ગુજરાતમાં જહાજ વાડો બાંધવાનું કે બંદરો બાંધવાનું ન સુઝયું અને ગુજરાત જયારે એની પ્રગતિશીલ બંદરીય નીતિથી બંદરોનો વિકાસ કરે છે એના પરિણામો દેખાય છે ત્યારે આપણે એમ કહીએ છીએ કે ખાનગીક્ષેત્રે બંદરોનો વિકાસ થાય છે તો આખી દુનિયામાં અત્યારે એકવીઝેશન અને મર્જરનો જમાનો ચાલે છે. We are in the year of globalisation and whatever is the world trend, we have to follow, we cannot go away from it. છેલ્લી વાત ગુજરાત મેરી ટાઈમ બોર્ડના વિકાસની વાત કરવામાં આવી. ખાનગી બંદરોએથી ગુજરાતમાં જે માલ સામાનની હેરફેર થાય છે એવું કહેવામાં આવ્યું કે ખાનગી બંદરોનો વિકાસ થવા દેતા નથી. દેશમાં ખાનગી બંદરોએથી જે હેરફેર થાય છે માલસામાનની એનો ૮૦ટકા હિસ્સો ગુજરાતનો છે. બીજા ભાગનો દરિયાકાંઠો અને ૮૦ટકા હિસ્સો ગુજરાતનો છે.

**ખેડૂતોને વીજ બીલમાં રાહત**

*** ૨૨૩૨૯ શ્રી આત્મારામ મ. પરમાર (ગઢડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉર્જા)** જણાવવા કૃપા કરશે કે :-

(૧) ખેડુતોને વીજબીલમાં રાહત અપાય છે, તે હકીકત સાચી છે અને

(૨) જો હા, તો કેટલી રમની રાહત ખેડૂતોને અપાય છે?

**મુખ્યમંત્રીશ્રી(ઉર્જા) :**

(૧) નામ, વીજ નિયમન આયોગે નકકી કરેલા કૃષિ વિષયક વીજદરનો સંપૂર્ણ બોજો ખેડૂતો પર નાખવામાં આવતો નથી પરંતુ નામ, આયોગે નકકી કરેલા દરોમાં સરકાર દ્વારા રાહત આપી ઘણા ઓછા દરે, ખેડૂતોને વીજળી આપવામાં અવો છે અને આ બે દરો વચ્ચેના તફાવતના વીજ કંપનીઓને થતા આર્થિક નુકસાનનો બોજો સરકાર દ્વારા સબસીડીરૂપે વહન કરવામાં આવે છે.

તદઉપરાંત, વીજ ઉત્પાદન માટે વપરાશમાં લેવાતા કોલસો, ગેસ, ઓઈલ, નેપ્થા જેવા વીજ બળતણમાં કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવતા ભાવ વધારાને કારણે, વખતોવખત ફયુઅલ સરચાર્જના દરમાં ફેરફાર થાય છે, જેના કારણે વીજ કંપનીઓને થતા ખર્ચને પહોંચી વળવા માટે ફયુઅલ સરચાર્જની વસુલાત તમામ વીજ ગ્રાહકો પાસેથી કરવાની થાય છે. તેમછતા, ખેડૂતોના હિતમાં કૃષિ વિષયક વીજ ગ્રાહકોના કિસ્સામાં રાહત આપીને આ ફયુઅલ સરચાર્જનો સંપૂર્ણ બોજો સરકાર દ્વારા સબસીડીરૂપે વહન કરવામાં આવે છે.

(૨) તદઅનુસાર, વર્ષ ૨૦૧૦-૧૧ દરમિયાન કૃષિ વિષયક વીજ ગ્રાહકોને કુલ રૂ.૨૫૫૨.૨૦કરોડની અપાયેલ રાહતની વિગતો નીચે મુજબ છે.

| અ.નં. | વિગત | વીજ કંપનીનું નામ | વર્ષ ૨૦૧૦-૧૧ની સબસીડી (રૂ.કરોડમાં) |
|---|---|---|---|
| ૧ | એચ.પી.બેઈઝડ સબસીડી | જીયુવીએનએલ<br>ટોરેન્ટ પાવર લી. | ૧૧૦૦.૦૦<br>૨.૨૦ |
| ૨ | જીઈઆરસીટેરીફ વળતર સબસીડી | જીયુવીએનએલ | ૫૩૦.૦૦ |
| ૩ | એફ.પી.પી.પી.એ. સબસીડી | જીયુવીએનએલ | ૯૨૦.૦૦ |
| | કુલ | | ૨૫૫૨.૨૦ |

**શ્રી આત્મારામ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન ખેડૂતોને વીજ બીલમાં આપવામાં આવતી રાહત અંગેનો છે. મારે આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે હાલમાં ખેડુતો માટે ગુજરાત વીજ નિયમન પંચે જે વીજ દર જાહેર કર્યો છે એ કેટલો છે? અને ખેડૂતો પાસેથી કયા દરે વીજ દર વસુલ કરવામાં

આવે છે? એક હોર્સ પાવર દીઠ કેટલી સબસીડી સરકાર ચુકવે છે? (અંતરાય) માનનીય શકિતસિંહજી, આ ભાવનગર જિલ્લાના ત્રણ પ્રશ્નો છે ત્રણ, ચાર અને પાંચ. મને ડીસ્ટર્બન્સ થાય છે. આપના જવાબમાં ફ્યુઅલ ચાર્જની જે વાત છે એ અંગે મારે જાણવું છે એ ફ્યુઅલ કોસ્ટ એડજસ્ટમેન્ટ ચાર્જીસ શા કારણે વસુલ કરવામાં આવે છે અને તેમાં વધારો શા કારણે થાય છે? મારે એ પણ જાણવું છે કે છેલ્લા ત્રણ વર્ષમાં કોલસા, ગેસ અને રેલ્વેના નુર ભાડામાં જે વધારો થયો છે સેન્ટ્રલ ગવર્મેન્ટની મહેરબાનીથી એને કારણે ઉત્પાદન ખર્ચમાં કેટલા રૂપિયાનો વધારો થયેલ છે?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ સરકાર ખેડૂતોની ચિંતા કરે છે અને વધતા જતા ભાવને સરકાર સબસીડીરૂપે પોતે ચૂકવે છે. માનનીય સભ્યશ્રીએ પૂછયું ત્રણ જાતની.ત્રણ જાતની આજની તારીખમાં સરકાર દ્વારા ખેડૂતોને સબસિડી ચૂકવવામાં આવે છે. પહેલી હોર્સ પાવર ટૅરિફમાં વર્ષે ૧૧૦૦ કરોડ રૂપિયા ચૂકવવામાં આવે છે. બીજું જે ટૅરિફનો ડિફરન્સ હોય આજની તારીખમાં તા. ૧-૪-૨૦૧૦ એ રેગ્યુલેટરી પંચે ૭.૫ હોર્સ પાવર સુધીમાં ૧૯૨૦ રૂપિયા નક્કી કરેલ છે, એની જગ્યાએ ૬૬૫ રૂપિયા રાજ્ય સરકાર લે છે. ૧૨૫૫ રૂપિયા હોર્સ પાવરની સબસિડી આપવામાં આવે છે. એવી જ રીતે ૭.૫ હોર્સ પાવરમાં ૧૯૨૦ રૂપિયા નક્કી કર્યા છે. તેની સામે ૮૦૭.૫૦ રૂપિયા લેવામાં આવે છે. ૧૧૧૨ રૂપિયાની સબસિડી આપવામાં આવે છે. આનો કુલ સબસિડીનો આંકડો વાર્ષિક ૫૩૦ કરોડ રૂપિયા સબસિડીનો આંકડો છે. આ ઉપરાંત છેલ્લા ત્રણ-ચાર વર્ષની અંદર કેન્દ્ર સરકારની નીતિના કારણે ભાવો વધતા જાય છે. ૨૦૦૬-૦૭ માં બેઈઝ પ્રાઈસ કોલનો હતો તે રેગ્યુલેટરી પંચે લીધો છે, એમાં ૧૦૧૮ ના ૨૦૧૦-૧૧ માં ૧૬૦૦ રૂપિયા મેટ્રિકટન થયેલ છે. એટલે ૫૭ ટકાનો કોલસામાં વધારો થયેલ છે. કોલસાના નૂર ભાડામાં બેઈઝ ૧૧૨૬ હતો તે ૧૫૬૪ થયો, એટલે ૩૭ ટકાનો વધારો કરવામાં આવેલ છે. આ ઉપરાંત ગેસમાં બેઈઝ પ્રાઈસ ૧.૯ ડોલર એમ.એમ.બી.ટી.યુ. હતો. અત્યારે ૪.૨ ડોલર એમ.એમ.બી.ટી.યુ. થયો છે, એટલે ૬૬ ટકાનો વધારો કરવામાં આવેલ છે. આના કારણે વધારો થયેલ છે. એના કારણે કોલસો, ગેસ આ બધાનો આજની તારીખ ઉપર ફ્યુઅલ સરચાર્જ ૬૩ પૈ. વધે છે. આ ૬૩ પૈ.નો વધારો આપણે ખેડૂતો પાસેથી લેતા નથી, એના કારણે ૯૨૦ કરોડ રૂપિયાની સબસિડી આપીએ છીએ. આમ જોવા જઈએ તો વાર્ષિક ૨૫૫૨ કરોડની સબસિડી આપીએ છીએ. છેલ્લાં ૩ વર્ષમાં ધારાસભ્યશ્રીએ પૂછયું તો આશરે ૭૫૫૨ કરોડ રૂપિયાની સબસિડી છેલ્લાં ૩ વર્ષમાં ખેડૂતોને આપવામાં આવી છે.

**શ્રી મહેન્દ્રસિંહ પ. સરવૈયા** : માનનીય અધ્યક્ષશ્રી મારે મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે ખેડૂતોને વીજળી બિલમાં રાહત મળે તે માટે રાજય સરકારે ઈલેકિટ્રસિટી ડ્યૂટીમાં કોઈ રાહત આપી છે કે કેમ?

**શ્રી સૌરભ પટેલ** : વર્ષોથી ઈલેક્ટ્રિસિટી ડ્યૂટીમાં ૫ ટકા લેવાતા હતા. ભારતીય જનતા પાર્ટીની સરકારે ખેડૂતો માટે માફી કરી છે અને આ માફીના કારણે ૫ ટકા સંપૂર્ણપણે રાહત આપી છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : ખેડૂતોને મીટર નહિ, પરંતુ હોર્સ પાવર દીઠ આપવાની નીતિ એ ભૂતકાળની સરકારોએ કર્યુ ત્યારથી આવતી તમામ સરકારોએ સબસિડી આપતી આવી છે. ઉપરના કોલસા ગમે તેના ભાવ વધે કે ઘટે ખેડૂતો માટેની સબસિડી ભૂતકાળથી આપતી આવતી સરકારોએ ચાલુ રાખી છે. પ્રશ્ન એ છે કે ભૂતકાળમાં ખેડૂતોને વીજ કનૅક્શન એમના કૂવા સુધી સંપૂર્ણપણે સરકારી ખર્ચે આપવામાં આવતું હતું. હવે આજે કનૅક્શન માગે છે, ત્યારે ખેડૂતોને સબસ્ટેશનથી માંડીને થાંભલાથી માંડીને, વાયરથી માંડીને જે એસ્ટીમેટ આપવામાં આવે છે. ૪ એકરના ખેડૂતોને ૧.૫ લાખ, ૨.૫ લાખ રૂપિયાનું એક એસ્ટીમેટ આપવામાં આવે છે. (અંતરાય) મંત્રીશ્રી પ્રશ્ન પૂરો થવા દો. એ સંજોગોમાં હું જાણવા માગું છું કે ખેડૂતોને આ જે રીતે ઉદ્યોગોને આપે, ટાટાને ફ્રી આપ્યું. જે કર્યુ તે. ખેડૂતોના સંજોગોમાં હું જાણવા માગું છું કે આપ એનો બેકલોગ ૧૯૯૪ થી પડ્યો છે. તત્કાલમાં પૈસા વધારે લેવાના નક્કી કર્યા છે, એના બદલે આ એસ્ટીમેટો બંધ કરીને ભૂતકાળની સરકારોની જેમ ખેડૂતોને બોર, કૂવા સુધી વગર એસ્ટીમેટે સરકારી ખર્ચે જોડાણ આપવા માગો છે કે કેમ?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી પહેલાં તો મારે વિરોધપક્ષના નેતાશ્રીનું ધ્યાન દોરવું છે કે આ વીજ બીલની સબસીડીનો પ્રશ્ન છે નંબર વન એટલે આપે જ્યારે કવેશ્ચન બરાબર વાંચ્યો હોત તો ચોક્કસપણે મારું માનવું છે કે આવો સવાલ મને પૂછયો ન હોત. પરંતુ હવે જ્યારે સવાલ પૂછયો છે ત્યારે તેમને જવાબ પણ આપું કે આપે જે માહિતી આપી ખેડૂતોના સબ સ્ટેશન માટેની આ સંપૂર્ણપણે ખોટી છે. આજની તારીખમાં વિરોધપક્ષના નેતાશ્રી..

**અધ્યક્ષશ્રી** : શકિતસિંહભાઈ પ્લીઝ, એમનો જવાબ પૂરો થવા દો, એમનો જવાબ પૂરો થવા દો. આપ બેસો. પ્લીઝ અર્જુનભાઈ આપ બેસો. એમનો જવાબ પૂરો થવા દો.

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી , ઉભા થઈ જવાથી મારા જવાબમાં કોઈ ફરક પડવાનો નથી.

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી આપ સીધા જવાબ ઉપર આવી જાઓ. પ્લીઝ આપ બેસો. આપ સીધા જવાબ ઉપર આવી જાઓ મંત્રીશ્રી. આપ સીધા જવાબ ઉપર આવી જાઓ. ઈકબાલભાઈ આપ બેસી જાઓ. સિદ્ધાર્થભાઈ આપ બેસી જાઓ. એમનો જવાબ પૂરો થવા દો. એમનો જવાબ સાંભળો પ્લીઝ, એમનો જવાબ સાંભળો. આપનો જવાબ પૂરો થયો કે આપવાનો છે?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હજું ચાલુ જ નથી કર્યો. માનનીય અધ્યક્ષશ્રી, વિરોધપક્ષના નેતાશ્રીએ કહ્યું આજની તારીખમાં નૉર્મલ સ્કીમની અંદર ખેડૂતોને કનૅક્શન આપવા માટે જે પ્રમાણે લંબાઈ હોય છે તે લંબાઈ માટે ખેડૂતોને ૭૫ હજારથી દોઢ લાખ રૂપિયાનો આ સરકાર ખર્ચ કરે છે. એક કનૅક્શન આપવા માટે. આની અંદર કોઈ ફેરફાર કરવામાં નથી આવ્યો. બીજું મારે કહેવું છે કે, જેટલી અરજીઓ ભારતીય જનતા પાર્ટીની સરકારે ખેડૂતોને આપી છે, ખેડૂતોના કૉંગ્રેસના ૧૯૬૦ થી ૨૦૦૦ સુધીમાં વર્ષ વાઈઝ હું ચેલેન્જ આપું છું. દરેક વર્ષમાં એક વર્ષ કાઢો, સારામાં સારું વર્ષ કાઢો અને અમારા છેલ્લા ત્રણ વર્ષ કાઢો. અમે તમારાથી વધારે અરજીઓ આપી છે, ખેડૂતોને વધારે કનૅક્શન આપ્યા છે અને અમારા જમાનામાં ખેડૂતો વધારે સુખી છે.

**અધ્યક્ષશ્રી** : નેક્સ્ટ પ્રશ્ન ક્રમાંક:૪, માનનીય ભાવનાબેન.

**ભાવનગર જિલ્લામાં કૃષિ વિષયક વીજ જોડાણ ધરાવતાં ખેડૂતોને વીજ બીલમાં રાહત**

***૨૨૭૧૬ શ્રીમતી ભાવનાબેન ૨ા. મકવાણા (તળાજા)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉર્જા)** જણાવવા કૃપા કરશે કે,

(૧) રાજય સરકાર દ્વારા કૃષિ વિષયક વીજ જોડાણ ધરાવતા ખેડૂતોને વીજ બીલમાં કોઈ રાહત આપવામાં આવે છે કે કેમ, અને

(૨) જો હા તો ભાવનગર જિલ્લામાં ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલી સબસીડી આપવામાં આવી.

**મુખ્ય મંત્રીશ્રી (ઉર્જા)**

**(૧)** વીજ ઉત્પાદન માટે વપરાશમાં લેવાતા કોલસો, ગેસ, ઓઈલ, નેપ્થા જેવા વીજ બળતણમાં કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવતા ભાવ વધારાને કારણે વખતો વખત ફયુઅલ સરચાર્જના દરમાં ફેરફાર થાય છે, જેના કારણે વીજ કંપનીઓને થતાં ખર્ચને પહોંચી વળવા માટે ફયુઅલ સરચાર્જની વસુલાત તમામ વીજ ગ્રાહકો પાસેથી કરવાની થાય છે. તેમ છતાં, ખેડૂતોના હિતમાં કૃષિ વિષયક વીજ ગ્રાહકોના કિસ્સામાં રાહત આપીને આ ફયુઅલ સરચાર્જનો સંપૂર્ણ બોજો સરકાર દ્વારા સબસીડીરૂપે વહન કરવામાં આવે છે.

તદઉપરાંત,નામદાર વીજ નિયમન આયોગ દ્વારા મંજૂર થયેલ કૃષિ વિષયક વીજદરનો પણ સંપૂર્ણ બોજો ખેડૂતો પર નાંખવામાં નથી આવતો પરંતુ નામદાર આયોગે નકકી કરેલા દરો કરતાં ઘણા ઓછા દરે, ખેડૂતોને વીજળી આપવામાં આવે છે અને આ બે દરો વચ્ચેના તફાવત સરકાર દ્વારા સબસીડીરૂપે વહન કરવામાં આવે છે.

(૨) તદ્દનુસાર, રાજયના માત્ર ભાવનગર જિલ્લામાં જ છેલ્લા ત્રણ વર્ષમાં રૂા.૨૫૨.૬૩ કરોડ જેટલી માતબર રકમનો બોજ ખેડૂતો પર ન નાખતાં સરકારે સબસીડીરૂપે વહન કરેલ છે.

**શ્રીમતી ભાવનાબેન ૨ા. મકવાણા** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે છેલ્લા ત્રણ વર્ષમાં ભાવનગર જિલ્લામાં ખેડૂતોને વર્ષવાર કુલ કેટલી રાહતો આપવામાં આવી. બીજો પ્રશ્ન છે કે ભાવનગર જિલ્લામાં ખેતીવાડીના કુલ કેટલા ગ્રાહકો છે અને તેમનો વીજ વપરાશ કેટલો છે, ત્રીજો પ્રશ્ન એ છે કે ખેડૂતોને વીજ બીલ સિવાય ઈલેકટ્રીસીટી ડયૂટીમાં કોઈ રાહત આપવામાં આવી છે, આપવામાં આવી છે તો કેટલી અને ક્યારે આપવામાં આવી છે?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે સભ્યશ્રીઓને કહેવું છે કે, માત્ર ભાવનગર જિલ્લાની અંદર ૨૫૮ કરોડ રૂપિયાની સબસીડી આપવામાં આવી છે. આપ જોશો તો એચ.પી.બેઝ ટૅરિફ, મીટર ટૅરિફ અને ફયુઅલ ટૅરિફ આ દરેક વર્ષે આજની તારીખમાં વધતા જતા ભાવના કારણે ખેડૂતોને આ પ્રમાણે સબસીડી આપતા રહીએ છીએ. મારે આપનું ધ્યાન દોરવું છે કે, આજની તારીખમાં ૫૨ યુનિટ ૫૨ ખેડૂત સબસીડી જોઈએ તો ૨.૧૧ પૈસા સબસીડી આપીએ છીએ. તેમાં ૭૬ પૈસા કેન્દ્ર સરકારના કોલસા અને ગેસના કારણે છે. અહીં વિધાનસભામાં ૨ પૈસાના સેસની ચિંતા કરતા હતા આ ૭૬ પૈસાનું શું? ૭૬ પૈસા એના છે, કેન્દ્ર સરકારના લીધે છે. તે પ્રમાણે ભાવનગર જિલ્લાની અંદર ૬૭૮૬૫ ગ્રાહકો છે અને વપરાશ ગઈ સાલ ૪૬૦ મિલીયન યુનિટ હતું.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન એટલો જ છે કે જે ખેડૂતોને વીજ બીલમાં, વીજ કનૅક્શનમાં માનનીય મંત્રીશ્રીએ રાહત આપવાની વાત કરી છે તો હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે ઉદ્યોગ ગૃહોને ૨૨૦ કે.વી.ના સબસ્ટેશન તેના દરવાજા સુધી અપાઈ ગયા છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : કે ઉદ્યોગગૃહોને ૨૨૦ કેવીના સબસ્ટેશન એના દરવાજા સુધી અપાયા છે.

**અધ્યક્ષશ્રી** : આ ખેડૂતોનો પ્રશ્ન છે, પ્લીઝ.એના સ્કોપ બહાર ન જશો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : તો ખેડૂતોને આવા જે નવા કનેકશનો આપે છે એમાં ટ્રાન્સફોરમર સહિતનું કનૅક્શન અપાય છે (અંતરાય) સાહેબ, એમને ઉદ્યોગ ગૃહોનાં નામ દઈએ છીએ એટલે એમને કેમ તકલીફ પડે છે?

**અધ્યક્ષશ્રી** : માનનીય અર્જુનભાઈ, આપ સ્કોપ બહાર ન જાઓ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : અધ્યક્ષશ્રી, એમને ઉદ્યોગગૃહોની બહું ચિંતા થાય છે? સાણંદના ઉદ્યોગપતિની બહુ ચિંતા કરો છો, અને ખેડૂતોની વાત તો સાંભળવી પડે.

**અધ્યક્ષશ્રી** : માનનીય અર્જુનભાઈ, આ ભાવનગર જિલ્લા પૂરતો પ્રશ્ન છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન એટલો જ છે કે, (અંતરાય)..

**અધ્યક્ષશ્રી** : ઑર્ડર, ઑર્ડર, માનનીય ભરતભાઈ, પ્લીઝ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, આ જે ખેડૂતોને કનૅક્શન અપાય છે એમાં કનૅક્શનની સાથે ટ્રાન્સફોરમર, ( અંતરાય)ખર્ચ ખેડૂત પાસેથી લેવામાં આવે છે, એમાં એને મીટર પણ આપવામાં આવે છે, તો માનનીય મંત્રીશ્રીને મારો પ્રશ્ન એ છે કે, અગાઉ જે રીતે અપાતું હતું એ રીતે ટ્રાન્સફોરમર માટેનો ખર્ચ નહીં, પરંતુ અત્યારે છે, દોઢ, બે લાખ, અઢી લાખ, ત્રણ લાખ સુધીના કોટેશન અપાયા છે એ રદ કરી અને માનનીય મંત્રીશ્રી એમાંથી ટ્રાન્સફોરમર - મીટરોની બાદબાકી કરી અને વગર મીટરનું જોડાણ આપવા માગે છે કે કેમ અને આ કોટેશનમાં સુધારો કરવા માગે છે કે કેમ અને મારો બીજો પ્રશ્ન એ છે કે, માત્ર સૌરાષ્ટ્રમાં પોણા ત્રણ લાખ અને એટલા જ કનૅક્શન અહીયાં ઉત્તર ગુજરાતમાં, છ લાખ કનેકશનોનું આજે વેઇટીંગ લિસ્ટ પડેલું છે, તો એ આ વર્ષમાં પૂરું કરવા માગે છે કે કેમ?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીને જાણકારી માટે તેઓ સૌરાષ્ટ્રના છે એટલે ખાસ મારે કહેવું છે કે, ગઈ સાલે ૧૪૦ સબસ્ટેશનોનું ખેડૂતો માટેનું પ્લાનિંગ કર્યુ હતું, આ સાલ પણ ૧૪૦ સબસ્ટેશનોનું પ્લાનિંગ કર્યુ હતું, અરે, ભાઈ મારો જવાબ તો સાંભળો, કોંગ્રેસના શાસનમાં ૫૦ વર્ષમાં જેટલા ખેડૂતો માટેના સબસ્ટેશન નથી કર્યા, એ આ સરકારે છેલ્લા પાંચ વર્ષમાં કર્યા છે, અને બીજા વિષયની વાત કરું તો, મારે સભ્યશ્રીને ખાલી ધ્યાન આપવું છે કે, ગામડાઓમાં જાય એમને ખબર પડશે કે આજની તારીખમાં કૃષિ યોજના દ્વારા ખેડૂતોને ત્યાં (અંતરાય) કૃષિ યોજના દ્વારા ટ્રાન્સફોરમર આપીએ છીએ.

**અધ્યક્ષશ્રી** :એમનો પ્રશ્ન ફકત વીજકનેકશન બાબતનો છે એનો જવાબ હોય તો આપો. માનનીય અર્જુનભાઈ, માનનીય શકિતસિંહજીભાઈ, આપ બેસો. પ્લીઝ.

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, કોંગ્રેસના જમાનામાં ૬૩ હોર્સપાવરનું અને ૧૦૦ હોર્સપાવરના ટ્રાન્ફફોરમર કરતા હતા. એની અંદર પંદર પંદર લોકોને કનેકશન અપાતા હતા, પણ આ ભારતીય જનતા પાર્ટીએ દશ હોર્સ પાવરનું ટ્રાન્સફોરમર, ૧૬ હોર્સ પાવરનું ટ્રાન્સફોરમર એના ખેતરમાં આપ્યું. અને એકેય રૂપિયા લીધા વગર આપ્યું, એટલે હું કહું છું કે, કૃષિ યોજનાની ગામડાઓની અંદરની જો માહિતી હોત તો ચોક્કસપણે એમ કહી શકત કે ટ્રાન્સફોરમર માટે એકેય રૂપિયા લેવાતો નથી, ટ્રાન્સફોરમરની અંદર અમે દશ હોર્સ પાવરનું સોળ હોર્સપાવરનું એના ઘરે આપીએ છીએ અને બધા જ નવા કનેકશનો આજની તારીખમાં આ યોજના દ્વારા અપાય છે.

**ભાવનગર જિલ્લામાં ગુણવત્તા યુકત વીજ પુરવઠો મળે તે માટે ફીડરોનું વિભાજન**

***૨૨૭૧૦ મહેન્દ્રસિંહ પ. સરવૈયા (પાલીતાણા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી ( ઉર્જા )** જણાવવા કૃપા કરશે કે-

(૧) ભાવનગર જિલ્લામાં જુદી જુદી કક્ષાના ગ્રાહકોને ગુણવત્તાયુકત વીજ પુરવઠો મળે તે માટે વર્ષ ૨૦૦૯-૧૦ દરમિયાન કેટલા ફીડરોનું વિભાજન કરવામાં આવ્યું, અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયો ?

**મુખ્ય મંત્રીશ્રી ( ઉર્જા)**

(૧) અને (૨) : જુદી જુદી કક્ષાના વીજ ગ્રાહકોને ગુણવત્તાયુકત વીજ પુરવઠો મળે તે માટે ભાવનગર જિલ્લામાં વર્ષ ૨૦૦૯-૧૦ દરમિયાન રૂપિયા ૨૮૭.૯૫ લાખના ખર્ચે ૪૬ ફીડરોનું વિભાજન કરવામાં આવ્યું.

**શ્રી મહેન્દ્રસિંહ પ. સરવૈયા** : માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં એક જમાનો હતો, કે તાલુકામાં એક ફીડરની ૩૦ કિલોમીટર લાંબી લાઈન જતી અને ત્યારે મારા મિત્રો વહીવટ સંભાળતા હતા. એક ફીડરની આખો તાલુકો ચાલતો હતો. આજે આ રાજય સરકાર દ્વારા માગણી મુજબનાં ફીડરો એક એક તાલુકામાં પાંચ પાંચ દશ દશ આપવાથી ખેડૂતોને ખૂબ મોટી રાહત થઈ છે ત્યારે મારો પ્રશ્ન એ છે કે, ફીડરનું વિભાજન કેમ કરવામાં આવે છે બીજો પ્રશ્ન મારો એ છે કે ભાવનગર જિલ્લામાં વર્ષ ૨૦૦૯-૧૦માં તાલુકાવાર કેટલા ફીડરોનું વિભાજન કરવામાં આવ્યું અને તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, પુરા વૉલ્ટેજની વીજળી ખેડૂતોને મળે એની આ સરકાર ચિંતા કરે છે, અને એના કારણે વર્ષોથી જે લાંબા ફીડરો હતા એ ફીડરોનું વિભાજન કરવામાં આવ્યું છે, જ્યારે ફીડર ઉપર એમપીઆર લોડનું પ્રમાણ વધતું હોય છે એના કારણે, ગરમી પકડાવાના કારણે કન્ડક્ટર તૂટી જતા હોય છે. માનનીય અધ્યક્ષશ્રી, આના કારણે ઘણી વખત લાઈન ટ્રીપ થતી હોય છે આના કારણે ફિડરનું વિભાજન કરવામાં આવે છે. આના લાભ એ છે કે અનઈન્ટરેપ્ટડ પાવર મળે, પૂરા વોલ્ટેજવાળી વીજળી મળે, મેન્ટેનન્સ ઓછું કરવું પડે એટલે ખર્ચ પણ ઓછો લાગે છે અને સરસ પ્રમાણેની વીજળી મળે એના માટે બાઈફર્ગેશન કરવામાં આવે છે. સંપૂર્ણપણે ફિડર બાઈફર્ગેશનનો ખર્ચો સરકાર ભોગવે છે અને ભાવનગર જિલ્લાની અંદર જે ૨૦૦૯-૨૦૧૦ની અંદર ૪૬ ફિડરોનું બાઈફર્ગેશન કરવામાં આવ્યું, ૨.૮૭ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો અને આના કારણે આજની તારીખમાં સારી રીતે વીજળી મળે છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જે જવાબ આપ્યો છે એમાં એમની બે વાત ફલિત થાય છે એના ઉપરથી મારો પ્રશ્ન છે. એક એમણે કહ્યું કે, ખેડૂતોને વીજળી માટે અમે ફિડરો-ટ્રાન્સફોર્મરોને વ્યવસ્થા કરીએ છીએ. ભૂતકાળમાં પણ આ પૈસા ખેડૂતો પાસેથી નહોતા લેવાતા, તો સવાલ માત્ર એટલો જ છે કે, આપ આ ફિડરો-ટ્રાન્સફોર્મરો કરીને માનનીય સરવૈયાએ કહ્યું તેમ બહું સુવિધા આપો છો તો આપના પાસે સરપ્લસ વીજળી છે અને બહારના રાજ્યોને વેચો છો તો ખેડૂતને ૨૪ કલાક વીજળી આપવા માગો છો કે કેમ? બીજો મારો પ્રશ્ન છે કે, કોંગ્રેસના શાસનમાં બે વર્ષનો જ માત્ર બેકલોગ હતો અત્યારનો આપનો બેકલોગ ૧૭ વર્ષનો છે અને ૧૯૯૪થી બાકી છે તો ૧૭ વર્ષથી રાહ જોઈને બેઠેલા ખેડૂતને વીજ જોડાણ કેટલા સમયમાં આપવા માગો છો?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે સભ્યશ્રીને એટલું જ કહેવું છે કે ફિડર બાઈફર્ગેશનનો પ્રશ્ન છે. ફિડર બાઈફર્ગેશનમાં ગુણવત્તાવાળી વીજળી આપવા માટે ટ્રાન્સફોર્મરથી માંડી સંપૂર્ણપણે રાજય સરકાર ખર્ચ કરે છે અને બીજો એમણે જે સવાલ પૂછયો છે એના માટે નવી નોટિસ આપે એવી મારી વિનંતી છે.

**શ્રી આત્મારામ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી મારે એ જાણવું છે કે, ૪૬ ફિડરોના વિભાજન થયા છે એ હકીકત સાચી છે પરંતુ આ ફિડરોમાં કઈ કઈ કેટેગરીના ફિડરોનું વિભાગજ થયેલ છે? અને જો શક્ય હોય તો તાલુકાવાર માહિતો હોય તો આપે અને બીજી મારે એક વાત કહેવી છે કે, મહારાષ્ટ્રમાં એવી જાહેરાત કરેલી કે અમે મફત વીજળી આપીશું અને પછી શોધવા નીકળ્યા હતા ખેડૂતો ત્યારે કોઈ મળતા નહોતા કોંગ્રેસવાળા.

**અધ્યક્ષશ્રી** : આત્મારામભાઈ, પ્લીઝ. આપ ભાવનગર જિલ્લા પૂરતા જ પ્રશ્નની વાત કરો.

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ સરકાર ખેડૂતોની ચિંતા કરે છે અને ગામડાઓના લોકોની ચિંતા કરે છે. ભાવનગર જિલ્લામાં ૪૬ ફિડરોના બાઈફર્ગેશન કર્યા એમાંથી ૨૬ એગ્રિકલ્ચર ફિડર કર્યા છે, ૧૩ જયોતિગ્રામ કર્યા છે, ગામડાઓ માટેના કાર્યા છે અને ૭ અર્બન સેન્ટર માટેના કર્યા છે. આમ કરીને ૪૬ કર્યા છે. આમાંથી ભાવનગર તાલુકામાં ૫, શિહોરમાં ૪, પાલિતાણામાં ૫, તળાજામાં ૧૧, મહુવામાં ૫, વલ્લભીપુરમાં ૨, ગઢડામાં ૧૧, ઉમરાળામાં ૩ આમ ૪૬ ફિડર બાઈફર્ગેશનનું ભાવનગર જિલ્લામાં કામ થયું છે.

**ગુજરાતી ચલચિત્રોને કરમુકિત**

***૨૨૭૫૫ શ્રી નરેશભાઈ મ. પટેલ (ચીખલી) : માનનીય મુખ્યમંત્રીશ્રી, (માહિતી અને પ્રસારણ)** જણાવવા કૃપા કરશે કે,

(૧) રાજય સરકાર દ્વારા સન ૨૦૦૯ અને ૨૦૧૦માં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કેટલા ગુજરાતી ચલચિત્રોને કરમુકિત આપી, અને

(૨) ઉક્ત સ્થિતિએ બે વર્ષ દરમ્યાન કેટલાં ગુજરાતી ચલચિત્રોને કેટલી રકમની સબસીડી ચૂકવવામાં આવી?

**મુખ્યમંત્રીશ્રી (માહિતી અને પ્રસારણ)** :

| (૧) વર્ષ | કરમુકિત આપેલ ગુજરાતી ચલચિત્રોની સંખ્યા |
|---|---|
| ૨૦૦૯ | ૫૮ |
| ૨૦૧૦ | ૫૯ |

(૩૧-૧૨-૧૦ની સ્થિતિએ)

| (૨) વર્ષ | ચલચિત્રોની સંખ્યા | કુલ ચૂકવેલ સબસીડીની રકમ (ચલચિત્ર દીઠ રૂા.૫ લાખ) |
|---|---|---|
| ૨૦૦૯ | ૨૧ | રૂા. ૧૦૫ લાખ |
| ૨૦૧૦ | ૮૯ | રૂા. ૪૪૫ લાખ |

**શ્રી નરેશભાઈ મ. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી મારે એ જાણવું છે કે, ૨૦૧૦માં કેટલા ગુજરાતી રંગીન ચલચિત્રના નિર્માતાઓએ કરમુકિતનો લાભ લીધેલ છે, અને તે પૈકી કેટલા નિર્માતાઓએ આર્થિક સહાય મેળવવા માટે અરજી કરેલ નથી?

**શ્રી જયનારાયણ વ્યાસ :** માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૧૦માં જે લોકોએ આર્થિક સહાય લીધેલ છે પણ રંગીન ચલચિત્રના નિર્માતાઓએ આર્થિક સહાય મેળવવા અરજી કરેલ નથી તેવા ત્રણ ચલચિત્રો છે. એક તો 'કાજલ કાળી રાત', 'વેરણ થયો રે મારો વાયદો' અને શાહબુદીન રાઠોડનો હાસ્ય વરઘોડો'.

**શ્રી લક્ષ્મણભાઈ પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, ગુજરાતી રંગીન ચલચિત્રોને કરમુકિત આપવાની નીતિ અંગેના ઠરાવમાં શું ધોરણો છે, અને ગુજરાતી રંગીન ચલચિત્રોના નિર્માતાઓને આર્થિક સહાય આપવાની આપણી જે નીતિ છે એના ઠરાવમાં પણ શું જોગવાઈ છે?

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, કરમુકિત આપવા માટેના જે ધારા-ધોરણો છે તેના ઠરાવમાંની મુખ્ય જોગવાઈઓ મુજબ ૧-૪-૯૭ પછીથી તૈયાર થઈ, બહાર પડેલ તમામ ગુજરાતી રંગીન ચલચિત્રોને મનોરંજન કરમાંથી સંપૂર્ણ કરમુકિત આપવામાં આવે છે. ગુજરાતી રંગીન ચલચિત્રોના નિર્માતાઓએ મનોરંજન કરમાંથી મુકિત મેળવવા માટે ૯૦ દિવસમાં અરજી કરવાની રહે છે. પાંચ હજારનો ડિમાન્ડ ડ્રાફટ તેની સાથે જોડવો જોઈએ. ૩૫ એમ.એમ.ની ફિલ્મ હોવી જોઈએ, ૩૬૫૮ મીટરની લંબાઈ હોવી જોઈએ અને તેનું ૫૦ ટકા શુટીંગ ગુજરાતમાં થયેલું હોવું જોઈએ આ મુખ્ય શરતો છે.

**શ્રી દેવજીભાઈ ગો. ફતેપરા** : માનનીય અધ્યક્ષશ્રી, મેં ગુજરાતી પીકચર નર્મદાના કાંઠે બનાવ્યું છે. હું તેનો પ્રોડયુસર છું તો મંત્રીશ્રી તેને એવોર્ડ આપવા માંગે છે કે નહીં ?

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો સામાન્ય રીતે ડબ્બામાં પડેલી ફિલ્મો માટેના કોઈ નીતિ-નિયમો હોતાં નથી છતાં પણ જો લાયકાત હશે અને નિર્ધારીત સમય-મર્યાદામાં અરજી કરવામાં આવશે તો સરકાર ચોક્કસ વિચારણા કરશે.

**સાબરકાંઠા જિલ્લાના આદિવાસી તાલુકાઓના ખેડૂતોને નર્મદાનું પાણી આપવાની યોજના**

***૨૨૮૩૨ ડો. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (નર્મદા)** જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લાના આદિવાસી વસતિ ધરાવતા તાલુકાઓના ખેડૂતોને નર્મદાનું સિંચાઈનું પાણી આપવાની કોઈ યોજના છે કે કેમ,

(૨) કયાં સુધીમાં આપવામાં આવનાર છે, અને

(૩) એની પાછળ કુલ કેટલો ખર્ચ થનાર છે ?

**મુખ્યમંત્રીશ્રી(નર્મદા):**

(૧) (૧), (૨) અને (૩) :

નર્મદા જળ વિવાદ પંચના ચુકાદાને ધ્યાનમાં રાખીને રાજય સરકાર દ્વારા જાન્યુઆરી-૧૯૮૦માં નર્મદા કમાન્ડ વિસ્તાર નક્કી કરેલ છે. જેમાં સાબરકાંઠા જિલ્લાનો સમાવેશ થતો નથી.

**ડૉ. અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જણાવ્યું છે કે જળ વિવાદ પંચના ચુકાદા પ્રમાણે આ સાબરકાંઠા જિલ્લો કમાન્ડ વિસ્તારમાં નથી આવતો. બહું સારી વાત સાહેબ. પરંતુ મારે મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે, આદિવાસી વિભાગના છેલ્લાં ત્રણ વર્ષના ૪૪૮ કરોડ ૩૩ લાખ રૂપિયા સિંચાઈના પૈસા તે નર્મદા નિગમને શેર મૂડી ભંડોળ પેટે વાપરી નાંખ્યા અને આ વખતે પણ લગભગ પોણા ત્રણસો કરોડ રૂપિયા શેર મૂડી ભંડોળ માટે જાય છે ત્યારે આ વિસ્તારને તમે નહીં આપ્યાં હોત તો અમારા વિસ્તારને કોઈ કિંમત ના બની હોત અને સિંચાઇનું પાણી મળી શક્યું હોત. પણ તમે નર્મદા નિગમને જ્યારે પૈસા આપ્યાં છે ત્યારે નર્મદામાંથી પાણી લિફ્ટ કરીને અથવા કોઈ યોજના બનાવીને તળાવો ભરવાનું કે ગમે તે સ્કીમ બનાવીને અમારા વિસ્તારને પાણી આપવાની યોજના બનાવવા માગો છો કે કેમ ?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય જોષીયારાજી તો બહુ સિનિયર ધારાસભ્ય છે. મંત્રીશ્રી પણ રહી ચૂક્યા છે. અત્યારે વિપક્ષમાં પહેલી પાટલી ઉપર બેસે છે. . અંતરાય. .. માનનીય અધ્યક્ષશ્રી, જવાબ જ આપું છું શકિતસિંહજી, તેમનું મેં સન્માન કર્યુ છે તેને મેં સિનિયર કહ્યાં છે. આ શકિતસિંહજીને શું વાંધો પડ્યો સિનિયર કહ્યાં તેમાં ? તમારાં કરતાં સિનિયર જ છે. મારે એટલા માટે કહેવું છે .. અંતરાય.. મારે એટલા માટે કહેવું પડ્યું એમણે જે રીતનો પ્રશ્ન અહીંયા પૂછ્યો એમનો પ્રશ્ન શું છે ? સાબરકાંઠા જિલ્લાના વિસ્તારમાં નર્મદાનું પાણી આપવામાં આવે છે કે કેમ ? અગાઉ પણ આ ગૃહમાં મેં વારંવાર કહ્યું છે આજે ફરી કહું કે જ્યારે ૧૯૭૮માં નર્મદાનો ટ્રિબ્યુનલનો ચુકાદો આવ્યો ૧૯૭૯માં ભારત સરકારે તેનું નોટિફિકેશન બહાર પાડ્યું અને નર્મદાનું ૧૮ લાખ હેકટરમાં જે ગુજરાતને સિંચાઈ મળવાની છે તેનો વિસ્તાર ગુજરાતમાં તે વખતે નક્કી થઈ ગયો. તે વખતે કોંગ્રેસની સરકારો હતી. કોંગ્રેસનો જમાનો હતો. કેન્દ્રમાં અને ગુજરાતમાં બન્ને જગ્યાએ, એટલે જ્યારે વહેંચણી થઈ ૧૯૭૯માં ત્યારે સાબરકાંઠા જિલ્લાને ભૂતકાળની સરકારોએ કેમ બાકાત રાખ્યો તે મને ખબર નથી. એકલું સાબરકાંઠા નહીં પણ ઉત્તર ગુજરાત પણ બાકાત છે પણ ભૂતકાળની સરકારોનો અન્યાય જે છે તે તમને આજે નડી રહ્યો છે એટલે તમારી વ્યથાનો આ પ્રશ્ન હું સમજી શકું છું. બીજો માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછ્યો કે આદિજાતિ વિસ્તારની ગ્રાન્ટ આમ તો મેં એટલા માટે કહ્યું કે આ પ્રશ્ન આમાંથી સીધો ઉપસ્થિત થતો નથી તમે અલગ પ્રશ્ન તેના માટે પૂછી શક્યા હોત. છતાં પૂછ્યો છે તો હું આપને કહું કે આ ગ્રાન્ટ જે વપરાય છે નર્મદાના કમાન્ડ વિસ્તારમાં આદિવાસી તાલુકાઓ આવે છે, આદિવાસીઓની મોટા પ્રમાણમાં જમીન આવે છે અને એમને સગવડ આપવા માટે રાજયના સર્વાંગી વિકાસમાં ખેડૂતોને આદિવાસીઓને સહભાગી બનાવવા માટે એ ગ્રાન્ટ વાપરવામાં આવે છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી બે બાબત જાણવા માગું છું. ટ્રિબ્યુનલના ચુકાદા પ્રમાણે કમાન્ડ એરિયા નકકી થયેલ છે. આપણી પાસે જે મળવાપાત્ર પાણી ઉપરાંત ૫ ઉપરના ડેમ ઓમકારેશ્વર, ઈન્દિરા સાગર, તવાબ, બાગડી અને મહેશ્વરી, એની અંદર વીજળી પેદા કરે છે. એટલે પાણી આપણને મળવા ઉપરાંત આ ૫ ડેમ મધ્યપ્રદેશના છે. એના કારણે વધારાનું પાણી આવે છે જે ઓવરફલો થઈને

દરિયામા જતુ હોય, એ પાણી ડેમથી નીચેથી ઓવરફ્લો થઈને ઓવરફ્લો થાય છે એ પાણી લઈ શકવાને આપણે અધિકૃત છીએ. એમાં ટ્રિબ્યુનલનો ચુકાદો આડો આવતો નથી. મારો પ્રશ્ન એ છે કે આ જે વિસ્તારો છે, માનનીય સભ્યશ્રીએ બહુ જ સમજણપૂર્વક પ્રશ્ન કર્યો હતો કે આ જે આદિવાસી વિસ્તારો છે, એમાં આ વધારાનું પાણી જે દરિયામાં જઈ રહ્યું છે, એને લેવામાં કોઈ ટ્રિબ્યુનલ ના પાડતી નથી. એને આપવાનું કોઈ આયોજન કરીએ છીએ કે કેમ? આ એક. અને બીજુ કે ટ્રિબ્યુનલના ચુકાદા પ્રમાણે ઉદ્યોગગૃહોને નર્મદાનું પાણી મળી જ ન શકે. આપણે ઉદ્યોગગૃહો સુધી કરવાનો પ્રયત્ન કરતા હોઈએ ત્યારે આદિવાસીઓને ઉદ્યોગગૃહો કરતા પ્રાયોરિટી આપીને આ આદિવાસી વિસ્તારોમાં જે પાણી આપણે મેળવી શકીએ છીએ, એ કરીને, ભૂતકાળની સરકારોએ એ પણ કર્યુ હતુ કે જે નર્મદાના કમાન્ડ એરિયામાં આવતા નથી, એના માટે સ્પેશ્યલ સિંચાઈ યોજનાઓ કરીને એક બેલેન્સડ ડેવલપમેન્ટ માટેનો પ્લાન કર્યો હતો, એ પ્લાનનું ઈમ્પ્લીમેન્ટેશન સરકાર કરવા માગે છે કે કેમ? જે એક એકર મિલિયન ફીટ પાણી પણ વધારાનું છે એનું.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ**: માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શકિતસિંહજીએ ઉદ્યોગ ગૃહોની વાત કરી. માનનીય અધ્યક્ષશ્રી, અત્યાર સુધી હું માનનીય વિપક્ષના નેતાને ખૂબ અભ્યાસુ માનતો હતો. (અંતરાય) હજુ આજે નથી માનતો. એટલા માટે હું રેકર્ડ ઉપર કહેવા માગું છું કે તેઓશ્રીએ, માનનીય શકિતસિંહજીએ એમ કહ્યું કે નર્મદાનું પાણી ચુકાદા પ્રમાણે ઉદ્યોગોને અપાતુ નથી. હું આજે જ આ હાઉસ પતે એટલે ટ્રિબ્યુનલનો ચુકાદો આખો પ્રીન્ટેડ, ૧૯૭૯માં જે આપવામાં આવ્યો છે (અંતરાય) સાંભળો શકિતસિંહ, સાંભળો. તમે ભૂલ સ્વીકારો પણ. સાહેબ, હું ટ્રિબ્યુનલનો ચુકાદો મોકલું. ટ્રિબ્યુનલે ખેતીવાડી માટે, પીવાના પાણી માટે, ઘરગથ્થું ઉપયોગ માટે અને ઉદ્યોગો માટેનું પાણી ઓફિસિયલ ફાળવી આપ્યું છે. અને એ ફાળવેલા પાણી પૈકી, એ પણ હું આજે સ્પષ્ટતા કરી દઉં કે જે પીવાનું પાણી ફાળવ્યું છે, એમાંથી આપણે હજુ પૂરતા પ્રમાણમાં પીવા માટે પણ ઉપયોગ કરી શકતા નથી. ઉદ્યોગો માટે પણ નર્મદા ટ્રિબ્યુનલે જે પાણી ફાળવ્યુ છે એના ૩૦, ૪૦ ટકા પણ હજુ આપણે ઉપયોગ કરી શકતા નથી. એટલે માનનીય શકિતસિંહ, આપ જોઈ લેજો. ટ્રિબ્યુનલે ઉદ્યોગો.. (અંતરાય) પ્લીઝ, મારી વાત સાંભળો. આપે કહ્યું છે. આપે એમ જ કહ્યું છે કે ઉદ્યોગ ગૃહોને પાણી આપવાની ના પાડી છે. (અંતરાય) હવે તમે બદલો એ અલગ વિષય છે. માનનીય અધ્યક્ષશ્રી, ઉદ્યોગો માટેનું પાણી, પીવાનું પાણી અને ખેતીવાડીને આપવાનું પાણી એ ત્રણેય સેકટર માટે ટ્રિબ્યુનલે ચુકાદામાં પાણી ફાળવી આપ્યું છે. એ પૈકીનું પાણી જેમ જેમ જરૂરિયાત ઉભી થાય અને જેમ જેમ વિકાસ થતો જાય, નેટવર્ક ઉભું થતું જાય એ પ્રમાણે આપણે ફાળવીએ છીએ. બીજુ માનનીય શકિતસિંહજીએ જે વાત કરી કે નર્મદાનું પાણી દરિયામાં જતુ રહે છે, તો એ રોકીને કેમ ન અપાય? તેઓ વિદ્વાન છે. મારા મિત્ર છે. એમનું માન રાખું છું, પણ એમના ધ્યાન ઉપર એ વાત પણ હું મૂકવા માગું છું કે રાઈપેરીયન રાઈટ તરીકે ટ્રિબ્યુનલના ચુકાદા પ્રમાણે જ નર્મદા નદી સૂકાઈ ન જાય, ભરૂચ જિલ્લો આખો, આ ઈકબાલભાઈને પૂછો. માનનીય અધ્યક્ષશ્રી, એમની વારંવારભરૂચ જિલ્લાની માગણી આવે છે. રાઈપેરીયન રાઈટ તરીકે નર્મદા ડેમનું પાણી નર્મદા નદીમાં ઓવરફ્લો તરીકે સતત ચલાવવું પડે. બધા જ આ જાણે છે અને નિયમો પ્રમાણે અમે પાણી છોડીએ છીએ. બીજુ એમણે જે એક મિલિયન એકર ફીટ પાણીની વાત કરી. મને જણાવતા આનંદ થાય છે કે ભારતીય જનતા પાર્ટીની ગુજરાતની માનનીય નરેન્દ્રભાઈની સરકારે એક મિલિયન એકર ફીટ પાણી સૌરાષ્ટ્રને, એક મિલિયન એકર ફીટ પાણી ઉત્તર ગુજરાતને અને એક મિલિયન એકર ફીટ પાણી કચ્છને ફાળવ્યુ છે. અને એ પાણીમાંથી (અંતરાય) અર્જુનભાઈ, સાંભળો. અર્જુનભાઈ, સાંભળો. હજુ જવાબ બાકી છે મારો. સાહેબ, એ પાણીમાંથી સુજલામ્ સુફલામ્ યોજનાની પાઈપલાઈનો નાંખીને આપણે પાણી ડેમમાં સાબરકાંઠાના વાત્રક ફૂવાઈમાં પણ આપવાનું આયોજન કર્યુ છે. મહેસાણા જિલ્લાના ધરોઈમાં જાય છે અને દાંતીવાડા સીપુમાં પણ એ પાણી આપણે કર્યુ છે. અને સૌરાષ્ટ્રમાં આ પાણી કેવી રીતે વાપરી શકાય એ માટે કન્સલ્ટન્ટની નિમણૂક કરી છે અને એનો અહેવાલ આવે એટલે કામો શરૂ કરીશું. એટલે આ બધું જ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યુ છે. એટલે કોંગ્રેસના નેતાશ્રીને આ બધી જ વિગતોનો અભ્યાસ કરી લેવા મારી વિનંતી છે.

**અધ્યક્ષશ્રી**: પ્રશ્ન ક્રમાંક: ૮.. માનનીય અભેસિંહભાઈ,

**શ્રી અભેસિંહભાઈ તડવી:** માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન ક્રમાંક..૮

**ડૉ. અનિલ જોષીયારા**: માનનીય અધ્યક્ષશ્રી, મને હજુ મારા પ્રશ્નનો જવાબ મળ્યો નથી. (અંતરાય)

**અધ્યક્ષશ્રી,** માનનીય અનીલભાઈ, પ્લીઝ, બેસો. (અંતરાય)

**શ્રી અશ્વિનભાઈ કોટવાળ:** માનનીય અધ્યક્ષશ્રી, આપ આ બાજુ નજર કરતા નથી, મારે પ્રશ્ન પૂછવો છે. આ આદિવાસી વિસ્તારનો અગત્યનો પ્રશ્ન છે.

**અધ્યક્ષશ્રી:** માનનીય અશ્વિનભાઈ, હવે પ્રશ્ન ક્રમાંક: ૮ કોલ આઉટ થયો છે. (અંતરાય) પ્લીઝ, આપ બેસી જાઓ.

**શ્રી અશ્વિનભાઈ કોટવાળ:** આપ આ બાજુ નજર કરતા નથી, આદિવાસી વિસ્તારનો ખૂબ અગત્યનો પ્રશ્ન છે (અંતરાય)

**અધ્યક્ષશ્રી:** માનનીય વિરોધપક્ષના નેતાશ્રી, આપ આપના સભ્યશ્રીને કહો. અગાઉ પણ તેમના પ્રશન બાબતે ખૂબ ચર્ચા થઈ ગઈ છે. (અંતરાય) પ્રશ્ન ક્રમાંક.. ૮, માનનીય અભેસિંહભાઈ..

## વડોદરા જિલ્લામા પોલીસ ખાતાના રહેણાંકનાં કામો

*૨૨૭૪૨ **શ્રી અભેસિંહ મો. તડવી (સંખેડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (પોલીસ આવાસો)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) વડોદરા જિલ્લામાં તા. ૩૧-૧-૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કુલ કેટલી રકમના પોલીસ ખાતાના રહેણાંકનાં કામો હાથ પર લેવામાં આવ્યા, અને

(૨) આ કામો માટે કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે?

**મુખ્યમંત્રીશ્રી (પોલીસ આવાસો):**

(૧) અને (૨): છેલ્લા ત્રણ વર્ષમાં હાથ પર લેવામાં આવેલ રહેણાંકનાં મકાનોના કામો અને તે માટે થયેલ ખર્ચની વિગતો નીચે મુજબ છે:-

| નાણાકીય વર્ષ | રહેણાંકનાં મકાનો | થયેલ ખર્ચ (રૂા. લાખમાં) |
|---|---|---|
| ૨૦૦૮-૦૯ | ૨૬ | ૧૫૬.૭૬ |
| ૨૦૦૯-૧૦ | ૦૯ | ૬૬.૯૧ |
| ૨૦૧૦-૧૧ | ૫૦ | ૨૬૯.૭૪ |
| કુલ: | ૮૫ | ૪૯૩.૪૧ |

**શ્રી અભેસિંહ મો. તડવી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જણાવ્યું છે કે ૮૫ મકાનોનાં કામો હાથ ઉપર લીધેલ છે. તો તે પૈકી કેટલાં પૂર્ણ થયાં અને બાકી રહેલાં કામો કયારે પૂર્ણ થશે અને તે માટેનો અંદાજીત ખર્ચ કેટલો છે? મારો બીજો પ્રશ્ન એ છે કે વડોદરા જિલ્લામાં ૧૯૮૮ થી ૨૦૦૧ સુધીમાં કુલ કેટલાં મકાનો બનાવવામાં આવ્યાં અને તેને માટે કેટલી રકમનો ખર્ચ કુલ થયો હતો અને વર્ષ ૨૦૦૧ થી ફેબ્રુઆરી ૨૦૧૧ સુધી કુલ કેટલાં મકાનો બનાવવામાં આવ્યાં અને તે માટે કુલ કેટલી રકમનો ખર્ચ થયો?

**શ્રી પ્રફુલભાઈ ખો. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ પૂછયું છે કે જે ૮૫ મકાનો હાથ ઉપર લીધં છે એ પૈકી કેટલાં મકાનો પૂર્ણ થયાં છે અને બાકી રહેલાં મકાનો કયારે પૂર્ણ થશે? તો વડોદરા જિલ્લામાં ૨૦૦૮-૦૯ તથા ૨૦૦૯-૧૦ માં હાથ પર લીધેલ કામો ૩૫ છે અને ૨૨૩.૬૭ લાખ રૂપિયાનો ખર્ચ થયો છે અને બાકી રહેલાં ૫૦ મકાનો છે એ જૂન ૨૦૧૧ સુધીમાં પૂર્ણ થવાનાં છે અને એ માટે અંદાજીત ૨૭૯.૭૪ લાખનો ખર્ચ થનાર છે, માનનીય સભ્યશ્રીએ બીજો પ્રશ્ન કર્યો કે ૧૯૮૮ થી ૨૦૦૧ અને ૨૦૦૧ થી ૨૦૧૧ સુધીમાં કુલ કેટલાં મકાનો બનાવવામાં આવ્યાં છે? તો વર્ષ ૧૯૮૮ તી ૨૦૦૧ સુધીમાં ૯૦ મકાનો બનાવવામાં આવ્યાં હતાં અને જેની પાછળ ૧૪૬.૩૬ લાખ રૂપિયાનો ખર્ચ થયો હતો અને એની તાલુકાવાર વિગતો આપું તો ૧૯૯૩-૯૪ ના વર્ષમાં બોડેલી ખાતે ૫૮.૯૬ લાખના ખર્ચે ૫૦ મકાનો, કવાંટ ખાતે ૧૨.૨૫ લાખના ખર્ચે ૧૨ મકાનો અને ૧૯૯૭-૯૮ ના વર્ષમાં ૨૩.૮૫ લાખના ખર્ચે ૧૨ મકાનો જયારે ૧૯૯૮-૯૯ ના વર્ષમાં વડોદરા તાલુકામાં ૫૧.૩૦ લાખના ખર્ચે ૧૬ મકાનો બનાવવામાં આવ્યાં હતાં.આમ કુલ ૧૪૬.૩૬ લાખના ખર્ચે ૯૦ મકાનો બનાવવામાં આવ્યાં હતાં જયારે વર્ષ ૨૦૦૧ થી ૨૦૧૧ ના વર્ષ સુધીમાં આ ૧૦ વર્ષના ટૂંકા ગાળામાં ૨૪૨ જેટલાં મકાનો બનાવવામાં આવ્યાં હતાં અને એની પાછળ ૯૦૭.૬૭ લાખ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો હતો. તાલુકાવાઈઝ વિગતો આપું તો ૨૦૦૨-૦૩ માં વડોદરા તાલુકામાં ૪૮.૬૫ લાખના ખર્ચે ૧૬ મકાનો બનાવવામાં આવ્યાં હતાં, ૨૦૦૪-૦૫ માં વાઘોડીયા તાલુકામાં ૫૨.૪૯ લાખ રૂપિયાના ખર્ચે ૧૬ મકાનો બનાવવામાં આવ્યાં હતાં, ૨૦૦૫-૦૬ માં ડભોઈ તાલુકામાં ૧૦૬.૧૫ લાખ રૂપિયાના ખર્ચે ૩૬ મકાનો અને ૨૦૦૬-૦૭ ના વર્ષમાં પાવી જેતપુર તાલુકામાં ૩૬.૫૮ લાખ રૂપિયાના ખર્ચે ૧૨ મકાનો જયારે છોટા ઉદેપુર તાલુકામાં ૧૧.૭૯ લાખ રૂપિયાના ખર્ચે ૩ મકાનો બનાવવામાં આવ્યાં હતા. આ જ પ્રમાણે ૨૦૦૭-૦૮ ના વર્ષમાં ૧૨૪.૫૬ લાખ રૂપિયાના ખર્ચે ૩૨ મકાનો બનાવવામાં આવ્યાં હતાં. માનનીય અધ્યક્ષશ્રી, આ જ પ્રકારે સીનોરમાં ૧૬૧.૪૧ લાખના ખર્ચે ૪૯ મકાનો બનાવવામાં આવ્યા છે, વર્ષ ૨૦૦૮-૦૯ દરમિયાન ૧૮૪.૫૫ લાખના ખર્ચે ૪૯ મકાનો હાથ ધરી અને પૂર્ણ કરવામાં આવેલ છે. વર્ષ ૨૦૦૯-૧૦માં કરજણ તાલુકામાં ૧૫૬.૭૬ લાખના ખર્ચે ૨૬ મકાનો હાથ ધરવામાં આવેલ છે. જયારે ડભોઈ તાલુકામાં રૂપિયા ૨૪.૭૬ લાખના ખર્ચે ૩ મકાનો હાથ ધરવામાં આવેલ છે. આમ કુલ ૨૦૦૧ થી ૨૦૧૧ સુધીમાં ૯૦૭-૬૭ લાખ રૂપિયાના ખર્ચે ૨૪૨ મકાનો હાથ ધરવામાં આવેલ છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું બે બાબતો જાણવા માગું છું. એક તો એમ.ઓ. એફ. યોજના નીચે જે સેન્ટ્રલ ગવર્નમેન્ટે નાણા આપેલ હતા તે નાણામાંથી હાઉસિંગના કામો કરવાના હતા એ આપણે પુરતા કરી ન શકયા અને કેન્દ્ર સરકારને એ રકમ પરત થઈ, તો આ ત્રણ વર્ષના જે આંકડા આપ્યા છે તે ત્રણ વર્ષ દરમિયાન આવી વણ વપરાયેલી કેન્દ્રમાં પરત ગઈ હોય તેવી રકમ કેટલી હતી? અને તેની ટીકા કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલે પણ કરી છે કે. આ જે પૈસા આવેલા તે નથી વાપરી શકાયા, તો એવી રકમનો આંકડો કેટલો છે?

**શ્રી પ્રફુલભાઈ ખો. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, બજેટની માગણીઓ ઉપરની ચર્ચા દરમિયાન આ વિષય ઉપર ચર્ચા થઈ હતી અને માનનીય શકિતસિંહભાઈએ એ વખતે પૂછયું હતું કે ૩૭ કરોડ કરતા વધારે રકમ એમ.ઓ.એફ. માં આવેલ હતી. પણ મારે જણાવવું છે કે આવી હાઉસિંગ માટે કે આના માટે કોઈ સ્પેસિફિક ગ્રાન્ટ મંજૂર થઈને કેન્દ્ર સરકારમાંથી આવી નથી. પોલીસ આવાસોના મકાન બનાવવા માટે આવી કોઈ ગ્રાન્ટ આવેલ નથી.

**વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર્સ સમિટ-૨૦૧૧માં બંદરોના વિકાસ માટે થયેલા એમ.ઓ.યુ.**

***૨૧૮૧૦ શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (બંદરો)** જણાવવા કૃપા કરશે કે-
જાન્યુઆરી-૨૦૧૧માં ગાંધીનગર ખાતે યોજાયેલ વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર્સ સમિટમાં કયા કયા ઉદ્યોગપતિઓએ કેટલી રકમના કયા કયા બંદરોના વિકાસ માટેના એમ.ઓ.યુ. કર્યા છે?

**મુખ્ય મંત્રીશ્રી (બંદરો) :**

બંદર ક્ષેત્રે કુલ રૂા. ૧,૦૨,૮૮૯ કરોડના કુલ ૯૭ એમ.ઓ.યુ. કર્યા છે. જેનું *પત્રક-અ સામેલ છે. **(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)**

**શ્રી રાઘવજીભાઈ હં. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન પ્રછવાનો હેતુ એ હતો કે ૨૦૦૧માં ગુજરાત વાયબ્રન્ટ સમિટમાં બંદરના વિકાસ માટે થયેલ એમ.ઓ.યુ. સંબંધે મારે કંપનીના નામ અને રકમ જાણવાનો હેતુ હતો. મારો પ્રશ્ન પૂછવાનો મુખ્ય હેતુ એ હતો કે અમારા જોડીયા બંદરના વિકાસ માટે કોઈ કંપનીએ એમ.ઓ.યુ. કર્યા છે કે કેમ, મેં જવાબમાં જોયું કે એક પણ કંપનીએ જોડીયા બંદરના વિકાસ માટે એમ.ઓ.યુ. કરેલ નથી. તો હવે મારે એ જાણવું છે કે ખાનગી ઉદ્યોગકારો તો પોતાને નફો થતો હોય તેવી જગ્યાએ જ એમ.ઓ.યુ. કરે તે સમજી શકાય એવી વાત છે. પણ રાજયનો સમતોલ વિકાસ કરવો હોય તો જોડીયા જેવા પછાત વિસ્તારના બંદરો જે બંધ પડેલા છે તેવા બંદરનો વિકાસ કરવા માટે રાજય સરકાર પોતાની મૂડીમાંથી અથવા કોઈ ખાનગી કંપની મારફત જોડીયા બંદરનો વિકાસ કરવા માગે છે કે કેમ? કારણ કે અહીં નાના વહાણો બાંધવાનો ધંધો ચાલે છે. માછીમારીનો ધંધો સારો વિકસી શકે એમ છે જો આ બંદરનો વિકાસ થાય તો, એટલે માનનીય મંત્રીશ્રી આ બાબતમાં સરકારશ્રીની યોજના વિષે જાણકારી આપે.

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, જે એમ.ઓ.યુ. કરવામાં આવે છે તે સામાન્ય રીતે ઉદ્યોગકારો પોતાનો અભ્યાસ પ્રમાણે કઈ જગ્યાએ પોતે કોઈ બંદરનો વિકાસ કરી અને શીપ બિલ્ડીંગ માટે અથવા અન્ય સવલતો ઉભી કરવા માટે એમના મત પ્રમાણે કયાં જવા ધારે છે ત્યાં કરતા હોય છે, અથવા કેટલાક એમ.ઓ.યુ. એવા છે કે જયાં ગુજરાતના દરિયા કાંઠે, એવું લખેલ છે. તેનો અર્થ એવો થાય છે કે હજુ એમણે વિગતવાર સ્થળનો અભ્યાસ કરી અને નિર્ણય કરવાનો બાકી છે. એટલે એવા સમયે માનનીય સભ્યશ્રીની ચિંતા સકારણ છે અને હું તેને આવકારું છું. જામનગર જિલ્લાના પ્રભારી મંત્રી તરીકે મને પણ આનંદ થાય કે આ પ્રકારના કોઈ પણ વિકાસના કામો જોડીયા બંદર માટે હાથ ધરવામાં આવે તો એમાંથી અથવા તો અન્ય રીતે આ પ્રકારની વ્યવસ્થા ઉભી કરી શકાતી હોય અને જોડીયા બંદરનાં વિકાસ માટેની કામગીરી આગળ વધારી શકાતી હોય તો તેના માટે એમનું જે સૂચન છે તેને હકારાત્મક રીતે અભ્યાસ કરી જઈશું.

**શ્રી રમેશ વ. મહેશ્વરી** : હું બંદરીય વિસ્તારમાંથી આવુ છું. છેલ્લા દસ વર્ષથી અમારા મુંદ્રા બંદરનો વિકાસ થયો છે એ બદલ આ રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રીને ખૂબ ખૂબ ધન્યવાદ આપું છું. સન ૨૦૧૧માં બંદરોના જે એમ.ઓ.યુ. થયા છે એનો અમલ થવાથી આગામી દસ વર્ષમાં દેશના જે મોટા બંદરોની અપેક્ષાએ ગુજરાતના બંદરોની ક્ષમતામાં કેટલો અંદાજ રહેશે? બીજો પ્રશ્ન એ છે કે વાયબ્રન્ટ ગુજરાતમાં થયેલા એમ.ઓ.યુ.ની સાથે સાથે બીજા કયા કયા સૅક્ટરોનો વિકાસ થશે એ માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું?

**શ્રી જયનારાયણ વ્યાસ** : બંદરોનો વિકાસ થાય એટલે એની સાથે સંલગ્ન અનેક સેવાઓનો વિકાસ થતો હોય છે, એટલે કાર્ગો સ્ટોરેજ, હેન્ડલીંગથી માંડીને કોલ ચેઈન્જ સુધીની સુવિધા, ટ્રાન્સપૉર્ટથી માંડીને રેસ્ટોરેન્ટથી હોટૅલ સુધીના અનેક ઉદ્યોગો અને વ્યાપારી આયામો એના કારણે વિકસતા હોય છે. એટલે આ જે વાયબ્રન્ટ ગુજરાત દરમિયાન કુલ ૧,૨૦૮૮૯ કરોડના ૯૭ એમ.ઓ.યુ. થયા છે. એમાં જો માનનીય સભ્યશ્રીને વિગતવાર થોડીક વિગતો આપું તો ખાનગી બંદરોના વિસ્તૃતિકરણ માટે આઠ એમ.ઓ.યુ. ૨૯૧૦૦ કરોડ રૂપિયાના થયા છે. ૨૦ એમ.ઓ.યુ. ૨૪૬૯૫ કરોડના નવી બંદરીય સુવિધાના વિકાસ માટે. પાંચ એમ.ઓ.યુ. ૮૫૫૮ કરોડના કૅપ્ટિવ જેટીઓના વિસ્તૃતિકરણની યોજના માટે, ચાર એમ.ઓ.યુ. ૬૮૫ કરોડની રકમના ખાનગી જેટીઓની યોજના માટે. ૩૨ એમ.ઓ.યુ. શીપયાર્ડના વિકાસ માટે. જે માનનીય સભ્યશ્રીએ કહ્યું એ શીપયાર્ડ ગુજરાતમાં અત્યારે શીપ બિલ્ડીંગ ક્ષમતા આખા દેશની શીપ બિલ્ડીંગ ક્ષમતામાં સૌથી આગળ ૬૦ ટકા જેટલી શીપ બિલ્ડીંગ ક્ષમતા ગુજરાત ધરાવે છે. અને શીપયાર્ડના વિકાસ માટે ૩૨ એમ.ઓ.યુ. ૨૮૫૯૫ કરોડના ખર્ચે, કોસ્ટલ શીપીંગ મેં અગાઉ પણ મારા વિભાગની માગણીઓના જવાબમાં જણાવેલ કે હોવર ક્રાફટ, રોરો સર્વિસ અને કોસ્ટલ કાર્ગો શીપીંગની યોજનાઓ વિકસે એ માટેની આ સરકારની યોજનાઓ છે. તો એ કોસ્ટલ શીપીંગ અને બંદરોને રેલવેથી જોડવાની યોજના એનું ઈન્ફ્રાસ્ટ્રકચર ઊભું કરવા માટે ૧૪૯૧ કરોડના બે એમ.ઓ.યુ. થયા છે. મરીન સાલ્વેજની સુવિધા માટે ૩ એમ.ઓ.યુ. ૬૪૦ કરોડના થયા છે. અને અન્ય યોજનાઓ માટે ૨૩ એમ.ઓ.યુ. ૯૧૨૫ કરોડના

થયા છે. ઉપરોક્ત યોજનાઓથી ૬૬૦ મિલિયન ટનની ક્ષમતા થશે. આપણી કાર્ગો વહન ક્ષમતા માનનીય સભ્યશ્રીને કહેવાનું કે અત્યારે ૨૦૦ મિલિયન ટનથી થોડી ઓછી છે એટલે આ બધાનો અમલ થતાં ૬૬૦ મિલિયન કાર્ગો પરિવહનની ક્ષમતા વધવા તથા આશરે ૬૪૧૫૪ રોજગારીની તકો આના કારણે ઊભી થવાની છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય મંત્રીશ્રી પાસે એ જાણવા માગું છું કે આ જે બંદરો છે એ બંદરોના એમ.ઓ.યુ. થયા છે એ ટ્રાફિકની હેરફેર માટેના થયા છે. પણ બીજું મહત્ત્વનું કામ છે બંદરોનું એ નાના બંદરોનું કામ માછીમારો માટે કૅચ આવે એના હેરફેર માટે અને નાની હોડીઓ લાંગરવા માટેનું પણ છે એટલે છેલ્લા ઘણા વર્ષની અંદર આ કામગીરી થઈ નથી. તો માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આની અંદર વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર સમિટ ૨૦૧૧માં માછીમાર બંદરો માટેના કોઈ એમ.ઓ.યુ. થયો છે કે કેમ, અને જો ન થયો હોય તો માનનીય સભ્યશ્રીએ વાત કરી એ પ્રમાણે જોડિયા બંદર સહિતના વિસ્તારમાં નવા માછીમાર બંદરો સરકાર બાંધવા માગે છે કે કેમ?

**શ્રી જયનારાયણ વ્યાસ** : મૂળભૂત રીતે જેટીની વ્યવસ્થા ઊભી કરવી પડે, જેથી કૅચ આવે અને (અંતરાય) એની વિગત મારી પાસે છે. માનનીય અર્જુનભાઈ, મેં વિગત આપી અને ફરી કહું કે નવી બંદરીય સુવિધાના વિકાસ માટે ૨૦ એમ.ઓ.યુ. ૨૪૬૯૫ કરોડના થયા છે અને કૅપ્ટિવ જેટી માટે.. (અંતરાય) આપ સાંભળો તો ખરા. માનનીય બાબુભાઈ, માછીમારીમાં આપ રસ લો? બીજા બધા લે એ તો બરાબર છે, એ કેટલા અંશે યોગ્ય છે. હું કહું છું. કૅપ્ટિવ જેટીઓના વિકાસ માટે ૮૫૫૮ કરોડ, ફિશીંગ માટેનું કોઈ સ્પેશ્યલાઈઝ બંદર આખા દેશમાં નથી. (અંતરાય) It is not exclusively for that. You could have......

**અધ્યક્ષશ્રી** : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

# અતારાંકિત પ્રશ્નો
# (તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

### બનાસકાંઠા જિલ્લામાં દારૂની પરમીટ

૨૨૭૫૮ : **શ્રી મફતલાલ મો.પુરોહિત (ધાનેરા)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નશાબંધી) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલા લોકો દારૂની પરમીટ ધરાવે છે,

(૨) તે પેકી કેટલા લોકોના પરમીટ રીન્યુ કરવાના બાકી છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ કેટલી માંગણીઓ તાલુકાવાર નવિન પરમીટની પડતર છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર ૨૭૨ લોકો નીચેની વિગતે દારૂની પરમીટ ધરાવે છે.

| અ.નં. | તાલુકાનું નામ | પરમીટ ધારકોની સંખ્યા |
|---|---|---|
| ૧ | પાલનપુર | ૮૯ |
| ૨ | ડીસા | ૫૭ |
| ૩ | વડગામ | ૪૮ |
| ૪ | દાંતા | ૧૮ |
| ૫ | અમીરગઢ | ૦૫ |
| ૬ | દાંતીવાડા | ૦૪ |
| ૭ | ધાનેરા | ૦૩ |
| ૮ | થરાદ | ૦૭ |
| ૯ | વાવ | ૧૦ |
| ૧૦ | ભાભર | ૦૬ |
| ૧૧ | દિયોદર | ૧૭ |
| ૧૨ | કાંકરેજ | ૦૮ |
| | કુલ : | ૨૭૨ |

(૨) એક પણ નહીં.

(૩) એક પણ નહીં.

--------

### નર્મદા યોજના અંતર્ગત ગોરેયા શાખા નહેરના વિસ્તારને પિયત માટે આવરી લેવા બાબત

૨૨૭૪૦ : **શ્રી બાબુભાઈ દેસાઈ (કાંકરેજ)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નર્મદા યોજના અંતર્ગત ગોરેયા શાખા નહેરથી કેટલા વિસ્તારને પિયત માટે આવરી લેવામાં આવેલ છે, અને

(૨) આ શાખા નહેર અંતર્ગત તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ કેટલા કામો પ્રગતિમાં છે અને તે ક્યારે પૂરા

**જવાબ**

(૧) નર્મદા યોજના અંતર્ગત ગોરેયા શાખા નહેર હેઠળ કુલ ૧૦૨૫૨૭ એકર વિસ્તારને પિયત માટે આવરી લેવામાં આવેલ છે.

(૨) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ આ શાખા નહેર અંતર્ગત રૂ. ૫૨.૬૨ કરોડના ૭ કામો પ્રગતિમાં છે, જે

થશે ? વહેલી તકે પૂર્ણ કરવાનું આયોજન છે.

**જાન્યુઆરી-૨૦૧૧માં વાયબ્રન્ટ ગ્લોબલ ઇન્વેસ્ટર્સ સમિટમાં ઉદ્યોગ ગૃહો દ્વારા કરવામાં આવેલ એમ.ઓ.યુ.**

૨૨૮૩૧ **: શ્રી મહંમદ જાવેદ પીરઝાદા (વાંકાનેર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૨૫-૨-૨૦૧૧ની સ્થિતિએ જાન્યુ.-૨૦૧૧ માં યોજાયેલ વાયબ્રન્ટ ગ્લોબલ ગુજરાત ઇન્વેસ્ટર્સ સમિટમાં ઉદ્યોગ ગૃહો દ્વારા કરવામાં આવેલ એમ.ઓ.યુ. બાદ કેટલા ઉદ્યોગોએ રાજ્યમાં ઉદ્યોગ શરૂ કરવા નામરજી દર્શાવી, અને

(૨) નામરજી દર્શાવનાર ઉદ્યોગ ગૃહો રાજ્યમાં ઉદ્યોગો શરૂ કરે તે માટે શી કાર્યવાહી કરવામાં આવી ?

**જવાબ**

(૧) તા.૨૫-૨-૨૦૧૧ની સ્થિતિએ જાન્યુઆરી ૨૦૧૧માં યોજાયેલ વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઇન્વેસ્ટર્સ સમિટમાં ઉદ્યોગકારોએ એમ.ઓ.યુ. કર્યા બાદ કોઈ ઉદ્યોગકારે ઉદ્યોગ શરૂ કરવા નામરજી દર્શાવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**કોડીનાર તાલુકાના ગોહીલની ખાણ અને પેઢાવાડા ગામમાં ખનીજની ચોરી**

૨૧૯૯૩ **: શ્રી ધીરસિંહ બારડ (કોડીનાર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લાના કોડીનાર તાલુકાના ગોહીલની ખાણ અને પેઢાવાડા ગામોમાં અંબુજા સીમેન્ટ કંપનીએ કરેલ ખનીજ ચોરી અનુક્રમે રૂ.૫૨,૯૯,૧૪૦/- અને રૂ.૪૨,૩૩,૩૦૦/- નો દંડ કરેલ છે તે હકિક્ત સાચી છે,

(૨) જો હા, તો તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ ખનીજ ચોરી અંગે અંબુજા સીમેન્ટ કંપની સામે ફોજદારી ફરીયાદ દાખલ કરવામાં આવેલ છે કે કેમ,

(૩) જો હા, તો તેની વિગતો શી છે, અને

(૪) જો ના, તો તેના કારણો શાં છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ના, જી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) અંબુજા સીમેંટ કંપની દ્વારા ક્લેકટરશ્રી જુનાગઢની રૂબરૂ સુનાવણીમાં દંડ ભરપાઈ કરવા સોગંદનામાથી સંમતિ આપેલ છે. જેનો ક્લેકટરશ્રી એ સ્વીકાર કરેલ છે અને દંડ વસુલ કરેલ છે.

**ભરૂચ, ગાંધીનગર અને બનાસકાંઠા જિલ્લામાં ખેડૂતોને ખેત વીજ જોડાણો**

૨૨૮૧૦ **: શ્રી કિરણકુમાર લ.મકવાણા (જંબુસર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભરૂચ, ગાંધીનગર અને બનાસકાંઠા જિલ્લામાં જિલ્લાવાર તા.૩૧-૩-૨૦૧૦ની સ્થિતિએ વર્ષવાર છેલ્લા બે વર્ષમાં ખેડૂતોને કેટલાં ખેત વીજ ક્નેક્શનોને મંજૂરી આપવામાં આવી,

**જવાબ**

(૧) ભરૂચ, ગાંધીનગર અને બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧-૩-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર મંજુર કરવામાં આવેલ વીજ જોડાણોની વિગતો નીચે મુજબ છે.

| જિલ્લો | ૨૦૦૮-૦૯ | ૨૦૦૯-૧૦ |
|---|---|---|
| ભરૂચ | ૮૯૧ | ૫૯૬ |
| બનાસકાંઠા | ૧૭૯ | ૧૭૬ |
| ગાંધીનગર | ૦૦ | ૦૦ |

(૨) કેટલી ખેત વીજ ક્નેક્શનોની અરજીઓ પડતર છે, અને

(૨) ભરૂચ, ગાંધીનગર અને બનાસકાંઠા જિલ્લામાં તારીખ ૩૧-૩-૨૦૧૦ની સ્થિતિએ ૩૮૧૨ આપવા પાત્ર કૃષિ વિજ જોડાણોની અરજીઓ પડતર છે.

(૩) બાકી રહેલ અરજદારોને ક્યાં સુધીમાં વીજ ક્નેક્શનો આપવા માંગો છો ?

(૩) ખેતી હેતુ વીજ જોડાણ આપવાની કામગીરી એ સતત પ્રક્રિયા છે. રાજ્યના ખેડૂતોને સાતત્યપૂર્ણ અને

ગુણવત્તા સભર વીજ પૂરવઠો મળી રહે એ બાબત ધ્યાને લઈ ઉપલબ્ધ વીજ પૂરવઠો માળખાગત સુવિધા, વીજ તંત્ર પર પડનાર બોજો. નાણાંકીય ફાળવણી વગેરે પાસાઓને ધ્યાને લઈ અને ડાર્કઝોનની નીતિને અનુલક્ષીને પ્રતિ વર્ષ નક્કી કરેલ લક્ષ્યાંક મુજબ કૃષિ વીજ જોડાણો આપવામાં આવે છે.

--------

**દાહોદ જિલ્લામાં પોલીસ ખાતાના રહેણાંકના કામો**

૨૨૭૩૦ **: શ્રી ફતેસિંહ ચૌહાણ (રાજગઢ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દાહોદ જિલ્લામાં તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં કુલ કેટલી રકમના પોલીસ ખાતાના રહેણાંક્ના કામો હાથ પર લેવામાં આવ્યા, અને

(૨) આ કામો માટે કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે ?

**જવાબ**

(૧) અને (૨) છેલ્લા ત્રણ વર્ષમાં હાથ પર લેવામાં આવેલ રહેણાંકના મકાનોના કામો અને તે માટે થયેલ ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| નાણાકીય વર્ષ | રહેણાંક્ના મકાનો | થયેલ ખર્ચ (રૂા. લાખમાં) |
|---|---|---|
| ૨૦૦૭-૦૮ | - | - |
| ૨૦૦૮-૦૯ | - | - |
| ૨૦૦૯-૧૦ | ૩૩૧ | ૨૭૬૧.૫૦ |
| ૨૦૧૦-૧૧ | ૧૨ | ૭૮.૨૬ |
| કુલ | ૩૪૩ | ૨૮૩૯.૭૬ |

--------

**પંચમહાલ અને દાહોદ જિલ્લાને વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ હેઠળ ફાળવવામાં આવેલ રકમ**

૨૧૮૨૧ **: શ્રી સી. કે. રાઉલજી (ગોધરા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (આયોજન) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ હેઠળ રાજ્યના ૪૧ વિકાસશીલ તાલુકાની પસંદગી કરવામાં આવી છે તે હકિક્ત સાચી છે,

(૨) જો હા, તો તે અન્વયે પંચમહાલ અને દાહોદ જિલ્લાના ક્યા ક્યા તાલુકાઓની પસંદગી ક્યારે કરવામાં આવી, અને

(૩) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં, વર્ષવાર કેટલી રકમ ફાળવવામાં આવી ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) સા.વ.વિ.ના તા.૨૭-૦૭-૨૦૦૬ના ઠરાવથી પંચમહાલ જિલ્લાના ઘોઘંબા, મોરવા(હડફ), કડાણા, શહેરા, ખાનપુર અને સંતરામપુર અને દાહોદ જિલ્લાના ધાનપુર, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા અને દેવગઢબારીયાની પસંદગી કરવામાં આવી હતી તા. ૦૨-૦૩-૨૦૦૯ના ઠરાવથી પંચમહાલ જિલ્લાના જાંબુઘોડા તાલુકાની પસંદગી કરવામાં આવી.

(૩) વર્ષ ૨૦૦૯-૧૦ અને ૨૦૧૦-૧૧માં વર્ષવાર તાલુકા દીઠ રૂ.૨ (બે) કરોડની રકમ ફાળવવામાં આવી.

--------

**વડોદરા જિલ્લામાં પોલિસ સ્ટેશન તેમજ આઉટ પોલિસ સ્ટેશન**

૨૨૬૬૧ **: શ્રી મોહનસિંહ છો.રાઠવા (પાવી-જેતપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં પોલીસ સ્ટેશન તથા આઉટ પોલીસ સ્ટેશન તાલુકાવાર કેટલા છે,

**જવાબ**

(૧) તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં પોલીસ સ્ટેશન ચોકી તથા આઉટ પોસ્ટ તાલુકાવાર નીચે મુજબ છે

| અ.ન. | તાલુકાનું નામ | પોલીસ સ્ટેશનની | આઉટ પોસ્ટની |
|---|---|---|---|
| ૧ | પાદરા | ૧ | ૩ |
| ૨ | કરજણ | ૧ | ૨ |
| ૧ | ૨ | ૩ | ૪ |

| | | | |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૩ | વડોદરા | ૩ | ૧ |
| ૪ | શિનોર | ૧ | ૨ |
| ૫ | સાવલી | ૩ | ૫ |
| ૬ | ડભોઈ | ૧ | ૩ |
| ૭ | વાઘોડીયા | ૧ | ૩ |
| ૮ | સંખેડા | ૨ | ૩ |
| ૯ | નસવાડી | ૧ | ૪ |
| ૧૦ | છોટાઉદેપુર | ૨ | ૪ |
| ૧૧ | ક્વાંટ | ૧ | ૪ |
| ૧૨ | પાવી જેતપુર | ૩ | ૩ |
| કુલ | ૧૨ | ૨૦ | ૩૭ |

(૨) ૨૦૧૦ની વસ્તીના ધોરણે ક્યા ક્યા તાલુકામાં ક્યા સ્થળે પોલીસ સ્ટેશન તથા આઉટ પોલીસ સ્ટેશન બનાવવાનું સરકારનું આયોજન છે, અને

(૩) ક્યાં સુધીમાં નવા પોલીસ સ્ટેશન તથા આઉટ પોલીસ સ્ટેશન બનાવવામાં આવશે ?

(૨) અને (૩)
પોલીસ સ્ટેશન તથા આઉટ પોસ્ટ બનાવવાની બાબત જે તે વિસ્તારની વસ્તી ભોગોલિક પરિસ્થિતિ અને ગુનાના પ્રમાણને ધ્યાને રાખીને ઉપલબ્ધ મહેકમના સંદર્ભમાં જરૂરિયાત ઉપસ્થિત થયે આયોજન કરવામાં આવે છે. વર્ષ ૨૦૧૧-૧૨માં વડોદરા (ગ્રામ્ય) જિલ્લાના પાદરા પોલીસ સ્ટેશનનું વિભાજન કરી નવું વડુ પોલીસ સ્ટેશન શરૂ કરવાનું સરકારનું આયોજન છે.

--------

## સ્થાપિત વીજ ઉત્પાદનની ક્ષમતા

૨૨૭૦૩ : **શ્રી રાકેશ શાહ (એલીસબ્રીજ)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ રાજ્યની કુલ સ્થાપિત વીજ ઉત્પાદન ક્ષમતા કેટલી હતી,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન તેમાં કેટલો વધારો થયો છે, અને

(૩) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ આગામી બે વર્ષમાં તેમાં કેટલો વધારો કરવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ રાજ્યની કુલ સ્થાપિત વીજ ઉત્પાદન ક્ષમતા૧૩૨૫૮ મે.વો. હતી.

(૨) તા.૧-૧-૨૦૦૮ના રોજ ગુજરાત રાજ્યની સ્થાપિત વીજ ક્ષમતા ૯૪૯૨ મે.વો. હતી.

તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ૩૭૬૬ મે.વો. એટલે કે ૪૦% જેટલો વીજ સ્થાપિત ક્ષમતામાં વધારો થયેલ છે. પરિણામે ગુજરાત રાજ્યમાં હાલની વીજ સ્થાપિત ક્ષમતા ૧૩૨૫૮ મે.વો. થવા પામેલ છે.

(૩) આગામી બે વર્ષમાં સ્થાપિત વીજ ક્ષમતામાં ૬૧૮૧ મે.વો. જેટલો વધારો કરવાનું આયોજન છે આમ થતાં તા.૧-૧-૨૦૦૮ની રાજ્યની વીજ સ્થાપિત ક્ષમતા એટલે કે ૯૪૯૨ મે.વો.ની સરખામણીએ રાજ્યની સ્થાપિત વીજ ક્ષમતામાં ૧૦૫% નો વધારો થશે.

--------

## ભાવનગર જિલ્લામાં જમીનોમાં લાઇમસ્ટોન માટે માઇનીંગની લીઝો

૨૨૬૦૦ : **શ્રી ડૉ. કનુભાઈ કલસરીયા (મહુવા)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લામાં તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન ક્યા-ક્યા ગામોની જમીનોમાં લાઇમસ્ટોન માટે માઇનીંગની લીઝો આપવામાં આવેલ છે,

(૨) આવી લીઝો મેળવવા ઉક્ત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં કેટલી અરજીઓ આવી, અને

**જવાબ**

(૧) ભાવનગર જિલ્લામાં તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન ગામોની જમીનોમાં લાઈમસ્ટોન માટે માઈનીંગની લીઝો આપવામાં આવેલ નથી.

(૨) આવી લીઝો મેળવવા ઉક્ત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં ૭ અરજીઓ આવી છે.

(૩) તે પેકી કેટલી મંજૂર થઇ અને કેટલી નામંજૂર થઇ ?

(૩) તે અરજીઓ અંગે આખરી નિર્ણય થવાનો બાકી છે.

--------

**વડોદરા જિલ્લામાં ગુણવત્તા યુક્ત વીજ પુરવઠો મળે તે માટે ફિડરોનું વિભાજન**

૨૨૭૧૨ : **શ્રી ગુલસીંગભાઈ રં.રાઠવા (છોટાઉદેપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં જુદી જુદી ક્ક્ષાના ગ્રાહકોને ગુણવત્તાયુક્ત વીજ પુરવઠો મળે તે માટે વર્ષ ૨૦૧૦-૧૧ દરમિયાન કેટલા ફીડરોનું વિભાજન કરવામાં આવ્યું, અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) અને (૨)

જુદી જુદી ક્ક્ષાના વીજ ગ્રાહકોને ગુણવત્તાયુક્ત વીજ પુરવઠો મળે તે માટે વડોદરા જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૧૧ દરમિયાન તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ રૂપિયા ૧૧૧.૦૦ લાખના ખર્ચે ૭ ફીડરોનું વિભાજન કરવામાં આવ્યું.

--------

**ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી દ્વારા સહાયતા પુરી પાડવા બાબત**

૨૨૭૦૫ : **શ્રીમતી જસુબેન સ. કોરાટ (જેતપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી દ્વારા અન્ય સભ્યોને ફોરેન્સિક સહાયતા પૂરી પાડવામાં આવેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ક્યા ક્યા રાજ્યોને કેટલા કેસમાં ફોરેન્સિક સહાયતા પૂરી પાડવામાં આવી ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં દેશના જે રાજ્યોને/ક્ન્દ્ર સરકારની સંસ્થાઓને સહાયતા પૂરી પાડવામાં આવેલ છે. તે કેસોની સંખ્યા નીચે મુજબ છે.

**સને ૨૦૦૮-૦૯**

| ક્રમ | રાજ્યનું નામ | કેસો |
|---|---|---|
| ૧ | નવી દીલ્હી | ૪૧ |
| ૨ | જમ્મુ કાશ્મીર | ૦૧ |
| ૩ | મધ્યપ્રદેશ | ૦૭ |
| ૪ | ઉત્તરપ્રદેશ | ૦૭ |
| ૫ | રાજસ્થાન | ૧૯ |
| ૬ | ઝારખંડ | ૦૬ |
| ૭ | હિમાચલ પ્રદેશ | ૦૩ |
| ૮ | મહારાષ્ટ્ર | ૦૨ |
| ૯ | પંજાબ | ૦૬ |
| ૧૦ | હરીયાણા | ૦૨ |
| ૧૧ | આંધ્રપ્રદેશ | ૦૨ |
| ૧૨ | આસામ | ૦૨ |
| ૧૩ | બિહાર | ૦૨ |
| ૧૪ | છત્તીસગઢ | ૦૧ |
| ૧૫ | અરૂણાચલ પ્રદેશ | ૦૧ |
| | (૧) કુલઃ- | **૧૦૨** |

**સને ૨૦૦૯-૧૦**

| ક્રમ | રાજ્યનું નામ | કેસો |
|---|---|---|
| ૧ | નવી દીલ્હી | ૧૨૭ |
| ૨ | જમ્મુ કાશ્મીર | ૦૯ |
| ૩ | મધ્યપ્રદેશ | ૦૬ |
| ૪ | ઉત્તરપ્રદેશ | ૧૪ |
| ૫ | રાજસ્થાન | ૨૦ |
| ૬ | ઝારખંડ | ૦૪ |

| | | |
|---|---|---|
| ૭ | હિમાચલ પ્રદેશ | ૦૩ |
| ૮ | ગોવા | ૦૧ |
| ૯ | મહારાષ્ટ્ર | ૦૯ |
| ૧૦ | પંજાબ | ૦૯ |
| ૧૧ | હરીયાણા | ૦૯ |
| ૧૨ | કર્ણાટક | ૦૪ |
| ૧૩ | ઉત્તરાખંડ | ૦૪ |
| ૧૪ | આંધ્રપ્રદેશ | ૦૩ |
| ૧૫ | કેરાલા | ૦૯ |
| ૧૬ | બિહાર | ૦૨ |
| ૧૭ | છત્તીસગઢ | ૦૪ |
| ૧૮ | ઉત્તરાંચલ | ૦૧ |
| | (૧) કુલઃ- | ૨૩૮ |

**સને ૨૦૧૦-૧૧ (તા.૩૧-૧-૨૦૧૧ સુધીમાં)**

| ક્રમ | રાજ્યનું નામ | કેસો |
|---|---|---|
| ૧ | નવી દીલ્હી | ૧૫૬ |
| ૨ | જમ્મુ કાશ્મીર | ૧૫ |
| ૩ | મધ્યપ્રદેશ | ૦૭ |
| ૪ | ઉત્તરપ્રદેશ | ૦૪ |
| ૫ | રાજસ્થાન | ૧૬ |
| ૬ | ઝારખંડ | ૦૩ |
| ૭ | હિમાચલ પ્રદેશ | ૦૧ |
| ૮ | ગોવા | ૦૫ |
| ૯ | મહારાષ્ટ્ર | ૦૨ |
| ૧૦ | પંજાબ | ૦૪ |
| ૧૧ | હરીયાણા | ૦૭ |
| ૧૨ | તામીલનાડુ | ૦૧ |
| ૧૩ | કર્ણાટક | ૦૬ |
| ૧૪ | ઉત્તરાખંડ | ૦૧ |
| ૧૫ | આંધ્રપ્રદેશ | ૦૧ |
| ૧૬ | આસામ | ૦૧ |
| | (૧) કુલઃ- | ૨૩૦ |

--------

**વડોદરા જિલ્લામાં જી.આઇ.ડી.સી. કરવા અંગે**

૨૨૧૧૨ **: શ્રી સિધ્ધાર્થભાઈ પટેલ (ડભોઈ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧મી ડિસેમ્બર-૨૦૧૦ની સ્થિતિએ વડોદરા જિલ્લાનાં ક્યા ક્યા તાલુકામાં સરકાર જી.આઇ.ડી.સી. કરવા માંગે છે, અને

(૨) આ અંગે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારે શી કાર્યવાહી કરી ?

**જવાબ**

(૧) વડોદરા જિલ્લામાં હાલ કાર્યરત ૧૨ જીઆઇડીસી વસાહતો ઉપરાંત વડોદરા, છોટા ઉદેપુર, પાવી-જેતપુર, સાવલી, કરજણ અને ડભોઇ તાલુકામાં વસાહતોનું આયોજન છે.

(૨) આ હેતુ માટે જમીન મેળવવાની કાર્યવાહી હાથ ઉપર છે.

--------

**ભરૂચ અને નર્મદા જિલ્લામાં પત્થર કાઢવાની ખાણોને સીલ કરવા અંગે**

૨૧૮૨૬ **: શ્રી અમરસિંહ વસાવા (દેડીયાપાડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નર્મદા અને ભરૂચ જિલ્લામાં કેટલી પત્થર કાઢવાની ખાણોને સીલ કરવામાં આવી, અને

(૨) આવી સીલ થયેલ ખાણો સામે સરકારે શાં પગલાંઓ લીધા ?

**જવાબ**

(૧) નર્મદા જિલ્લામાં શૂન્ય અને ભરૂચ જિલ્લામાં ૧૫ પત્થર કાઢવાની ખાણોને સીલ કરવામાં આવી.

(૨) ચાર કેસો પ્રાથમિક ચકાસણી હેઠળ છે. જ્યારે બાકીના પટ્ટેદારશ્રીઓ સામે ગુજરાત ખનીજ (ગેરકાયદે ખાણકામ, હેરફેર અને સંગ્રહ નિવારણ) નિયમો-૨૦૦૫

અને એમ.એમ. (ડી એન્ડ આર) એક્ટ, ૧૯૫૭ ની ક્લમ ૨૧(૫) ની જોગવાઇઓ હેઠળની વસુલાતની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

**રાધનપુર તાલુકાના દેલાણા ગામના ખેડૂતોને નર્મદાની કેનાલોથી મોટુ નુક્સાન**

૨૧૮૨૫ **: શ્રી જોધાજી ઠાકોર (વાગડોદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ પાટણ જિલ્લાના રાધનપુર તાલુકાના દેલાણા ગામના ખેડૂતોને નર્મદાની કેનાલોથી મોટું નુક્સાન થાય છે તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો આ ખેડૂતોની આ કેનાલો ગામના સિમાડા બહાર ખસેડવા સરકારને ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી માંગણીઓ મળી, અને

(૩) મળેલ માંગણીઓ અન્વયે સરકારે ખેડૂતોને નુક્સાન ન થાય તે માટે શી કાર્યવાહી કરી ?

**જવાબ**

(૧) અને (૨) : ના જી.

પરંતુ દેલાણા ગામના ખેડૂતો દ્વારા સદર કેનાલો ગામના સીમાડા બહાર ખસેડવા સરકારને છેલ્લા ૧ વર્ષમાં ૩ માંગણીઓ મળેલ છે.

(૩) કેનાલો નિકળવાથી કોઇ નુક્સાન થતું નથી. ખેડૂતોની રજુઆત અન્વયે તાંત્રિક રીતે શક્ય હોય ત્યાં આંતરિક ફેરફાર કરવા સર્વે કરી યોગ્ય વિચારણા કરી શકાય.

--------

**કરાઇ ખાતે અદ્યતન પોલીસ તાલીમ**

૨૨૭૪૬ **: શ્રી કલ્યાણસિંહ ચૌહાણ (દહેગામ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગાંધીનગર જિલ્લાના કરાઇ ખાતે અદ્યતન પોલીસ તાલીમ સંસ્થા સ્થાપવામાં આવી છે તે હકીક્ત સાચી છે, અને

(૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ આ સંસ્થામાં કઇ કઇ કક્ષાના અધિકારીઓ/કર્મચારીઓને ક્યા ક્યા પ્રકારની તાલીમ આપવામાં આવે છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ પોલીસ અકાદમી કરાઇ ખાતે નીચે દર્શાવ્યા મુજબની કક્ષાના અધિકારીઓ/કર્મચારીઓને નીચે દર્શાવ્યા મુજબની તાલીમ આપવામાં આવે છે.

| ક્રમ | અધિકારી/કર્મચારીનો સંવર્ગ | તાલીમનો પ્રકાર |
|---|---|---|
| ૧ | પ્રોબેશનર આઇ.પી.એસ. અધિકારી | પૂર્વ સેવા તાલીમ |
| ૨ | બિન હથિયારી નાયબ પોલીસ અધિકારી | પાયાની (બેઝીક) તાલીમ |
| ૧ | ૨ | ૩ |
| ૩ | બિન હથિયારી પોલીસ સબ ઇન્સ્પેક્ટર | પાયાની (બેઝીક) તાલીમ |
| ૪ | હથિયારી પોલીસ સબ ઇન્સ્પેક્ટર | પાયાની (બેઝીક) તાલીમ |
| ૫ | હથિયારી/બિન હથિયારી પોલીસ [illegible] | ૧. "બેન્ડ"ની પાયાની (બેઝીક) તાલીમ તથા [illegible] |
| ૬ | પોલીસ સબ ઇન્સપેક્ટર | હેડકોન્સ્ટેબલ/એ.એસ.આઇ. માંથી [illegible] |

| | | |
|---|---|---|
| | | તાલીમ. |
| ૭ | પોલીસ સબ ઇન્સપેક્ટર | એ.એસ.આઇ. માંથી પોલીસ સબ ઇન્સપેક્ટર તરીકે બઢતીથી નિમાતા અધિકારીઓને પાયાની (બેઝીક) તાલીમ. |
| ૮ | પોલીસ કોન્સ્ટેબલ થી પોલીસ સબ ઇન્સપેક્ટર | બોમ્બ ડીટેકશન એન્ડ ડીસ્પોઝલ સ્કવોડના અધિકારીઓને પાયાની (બેઝીક) તાલીમ. |
| ૯ | તમામ પોલીસ અધિકારી/ કર્મચારી | ઉપરોક્ત તાલીમ સિવાય "જુવેનાઇલ જસ્ટીસ કેર એન્ડ પ્રોટેકશન", "યોગાસન", ""ડોમેસ્ટીક વાયોલંસ"" જેવા જુદા જુદા વિષયો પર સેમિનાર/ વર્કશોપનું પણ આયોજન કરવામાં આવે છે. |

--------

## અમદાવાદ શહેર અને જિલ્લાના પાસાના કાયદા હેઠળ થયેલા કેસો

૨૨૩૨૯ **: શ્રી સાબીરભાઈ અ. ખેડાવાલા (જમાલપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ શહેર અને જિલ્લામાં તા. ૩૧-૧-૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પાસાના કાયદા હેઠળ કેટલા લોકોની સામે કેસો કરવામાં આવ્યા છે,

(૨) કેટલા લોકોની અટકાયત કરવામાં આવી, અને

(૩) આ અટકાયતમાંથી પાસાના બોર્ડ તરફથી કેટલાની અટકાયતને માન્ય રાખવામાં આવેલ છે અને કેટલાને બોર્ડે મુક્ત કરવાની ભલામણ કરી છે ?

**જવાબ**

(૧)

| | પાસા હેઠળ કરેલ કેસો |
|---|---|
| શહેર | ૬૩૩ |
| જિલ્લો | ૦૨૫ |
| **કુલ** | **૬૫૮** |

(૨) તે પૈકી કરેલ અટકાયત

| | |
|---|---|
| શહેર | ૬૨૧ |
| જિલ્લો | ૦૨૨ |
| **કુલ** | **૬૪૩** |

(૩)

| પાસા સલાહકાર બોર્ડ | | | | |
|---|---|---|---|---|
| | કુલ અટકાયત | માન્ય રાખ્યા | મુક્ત કરવા ભલામણ કરી | બોર્ડની બેઠક થવાની બાકી |
| શહેર | ૬૨૧ | ૩૪૮ | ૨૬૩ | ૧૦ |
| જિલ્લો | ૦૨૨ | ૦૦૧ | ૦૧૮ | ૦૩ |
| **કુલ** | **૬૪૩** | **૩૪૯** | **૨૮૧** | **૧૩** |

--------

## ઓદ્યોગિક વિકાસ દર અંગે

૨૨૨૧૫ **: શ્રી શૈલેષભાઈ મ.પરમાર (શહેર કોટડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા ત્રણ વર્ષમાં, વર્ષવાર ઓદ્યોગિક વિકાસ દર કેટલો રહેલો છે?

**જવાબ**

છેલ્લા ત્રણ વર્ષના ગણતરી કરાયેલ GSDPના દ્વિતીય ક્ષેત્ર (સેકન્ડરી સેકટર) કે જેમાં ઉત્પાદકીય ક્ષેત્ર (મેન્યુફેક્ચર સેકટર) એટલે કે નોંધાયેલ-વણ નોંધાયેલ એકમો, વિજળી, ગેસ અને વોટર સપ્લાય, બાંધકામ જેવી બાબતોનો સમાવેશ થાય છે તથા ફક્ત ઉત્પાદકીય ક્ષેત્ર (મેન્યુફેક્ચર સેકટર) ના ચાલુ ભાવે ગણતરી કરાયેલ વિકાસ દર નીચે પ્રમાણે છે.

અગાઉના વર્ષની સાપેક્ષમાં ઉત્પાદકીય ક્ષેત્ર અને દ્વિતીય ક્ષેત્ર (સેકન્ડરી સેકટર)નો ચાલુ ભાવે તથા છેલ્લા ત્રણ વર્ષનો સરેરાશ વૃધ્ધિ દર

| વર્ષ | ઉત્પાદકીય ક્ષેત્ર | | દ્વિતીય ક્ષેત્ર | |
|---|---|---|---|---|
| | મુલ્ય રૂા. (ક્રોડ) | વૃધ્ધિ દર % | મુલ્ય રૂ (ક્રોડ) | વૃધ્ધિ દર % |
| ૦૭-૦૮(કા.) | ૯૦૪૯૮ | ૧૨.૧૧ | ૧૨૨૮૩૭ | ૧૬.૨૨ |
| ૦૮-૦૯(કા.) | ૧૦૧૪૦૭ | ૧૨.૦૫ | ૧૩૮૮૩૬ | ૧૩.૦૨ |
| ૦૯-૧૦(ઝ.) | ૧૧૩૩૨૯ | ૧૧.૭૬ | ૧૫૮૫૦૮ | ૧૪.૧૭ |
| સરેરાશ વૃધ્ધિ દર % | | ૧૧.૯૭ | | ૧૪.૪૭ |

કા-કામ ચલાઉ અંદાજ.
ઝ-ઝડપી અંદાજો.

--------

**નર્મદા યોજના પાછળ થયેલ ખર્ચ**

૨૧૮૪૪ **: શ્રી ગ્યાસુદીન શેખ (શાહપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧ ડીસે-૨૦૧૦ની સ્થિતિએ નર્મદા યોજના પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૨) આ યોજના ક્યારે પૂર્ણ કરવાનું આયોજન છે?

**જવાબ**

(૧) તા. ૩૧ ડીસે-૨૦૧૦ની સ્થિતિએ નર્મદા યોજના પાછળ કુલ રૂ. ૩૨૬૪૫.૪૯ ક્રોડનો ખર્ચ કરવામાં આવેલ છે.

(૨) આ યોજના વહેલી તકે પૂર્ણ કરવાનું આયોજન છે.

--------

**જૂનાગઢ જિલ્લામાં પોલીસ ખાતાના રહેણાંક્ના કામો**

૨૨૭૩૨ **: શ્રીમતી વંદનાબેન મ.મકવાણા (કેશોદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લામાં તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં કુલ કેટલી રકમના પોલીસ ખાતાના રહેણાંક્ના કામો હાથ પર લેવામાં આવ્યા, અને

(૨) આ કામો માટે કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે ?

**જવાબ**

(૧) અને (૨) છેલ્લા ત્રણ વર્ષમાં હાથ પર લેવામાં આવેલ રહેણાંક્ના મકાનોના કામો અને તે માટે થયેલ ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| નાણાકીય વર્ષ | રહેણાંક્ના મકાનો | થયેલ ખર્ચ (રૂા. લાખમાં) |
|---|---|---|
| ૨૦૦૮-૦૯ | ૧૯૭ | ૧૧૯૧.૭૦ |
| ૨૦૦૯-૧૦ | - | - |
| ૨૦૧૦-૧૧ | ૧૧૨ | ૭૧૮.૨૭ |
| **કુલ** | **૩૦૯** | **૧૯૦૯.૯૭** |

--------

**સરદાર સરોવર યોજનાથી ઉત્પન્ન થતી વીજળીને ભાગીદાર રાજ્યોને વહેંચવા બાબત**

૨૨૬૯૮ **: શ્રી શંકરભાઈ લ. ચૌધરી (રાધનપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સરદાર સરોવર યોજનાથી ઉત્પન્ન થતી વિજળીને ભાગીદાર રાજ્યોને પણ વહેંચવામાં આવે છે તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો ઉત્પન્ન થતી વીજળી ક્યા પ્રમાણમાં વહેંચવામાં આવે છે, અને

(૩) ગુજરાત રાજ્યના ભાગે તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલી વીજળી મળેલ છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) નર્મદા જળ વિવાદ પંચના આદેશ અનુસાર સરદાર સરોવર યોજના દ્વારા ઉત્પન્ન થતી વીજળીમાંથી મધ્ય પ્રદેશને ૫૭% મહારાષ્ટ્રને ૨૭% અને ગુજરાતને ૧૬% વહેંચવામાં આવે છે.

(૩) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં (૨૦૦૮, ૨૦૦૯ અને ૨૦૧૦)માં ગુજરાત

રાજ્યના ભાગે ઉત્પાદિત વીજળીના ૧૬% લેખે નીચે પ્રમાણે વીજળી મળેલ છે.

| **વર્ષ** | | **કરોડ એકમ** |
|---|---|---|
| ૨૦૦૮ | : | ૩૯.૭૬ |
| ૨૦૦૯ | : | ૩૩.૨૯ |
| ૨૦૧૦ | : | ૫૬.૩૪ |
| કુલ. | | ૧૨૯.૩૯ કરોડ યુનીટ |

--------

## ગેસ ક્રુડની રોયલ્ટીની રકમની ગણત્રીની પધ્ધતિ

૨૨૭૫૭ : **શ્રી વિજયભાઈ ર.પટેલ (ડાંગ-વાંસદા)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી (પેટ્રોકેમિકલ્સ)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ ગેસ/ક્રુડની રોયલ્ટીની રકમની ગણત્રી કરવાની પધ્ધતિમાં કેન્દ્ર સરકાર દ્વારા ફેરફાર કરવામાં આવ્યા છે, તે હકીક્ત સાચી છે, અને

(૨) જો હા, તો તા. ૩૦-૧૧-૨૦૦૭ પછી ઉક્ત સ્થિતિએ ક્રુડ અને ગેસ પર રાજ્યને કુલ કેટલી રોયલ્ટી મળેલ છે ?

**જવાબ**

(૧) અને (૨) હા, જી. હકીક્ત સાચી છે. અગાઉ એન.ડી.એ.ની સરકારમાં મોસ્કર કમીટીએ રજુ કરેલ ભલામણોના આધારે કેન્દ્ર સરકારે તા. ૧૭-૦૩-૨૦૦૩ ના ઠરાવથી ક્રુડ ઓઇલની રોયલ્ટીની ચૂક્વણી માર્કેટ આધારિત કિંમતે રાજ્યને ચૂક્વવાના આદેશો ક્યાં હતાં.

પરંતુ કેન્દ્ર સરકારે રાજ્ય સરકારનો પરામર્શ ક્યાં વગર એક પક્ષીય નિર્ણય લઇ તા. ૨૩-૫-૨૦૦૮ ના પત્રથી રોયલ્ટી માર્કેટ આધારિત કિંમતના બદલે વળતર બાદની કિંમતે ચુક્વવા ઓ.એન.જી.સી.ને સૂચના આપેલ છે. આમ થતા તા. ૧-૧૨-૨૦૦૭ થી તા. ૩૧-૧૨-૨૦૧૦ સુધીના સમયગાળામાં ક્રુડ અને નેચરલ ગેસ ઉપર રાજ્યને મળવાપાત્ર કુલ રૂા. ૭૦૭૫.૯૨ કરોડ સામે રૂ. ૪૨૬૮.૭૪ કરોડ રોયલ્ટી મળેલ છે. આમ રાજ્યને રૂ. ૨૮૦૭.૧૮ કરોડ જેટલી માતબર રકમનું નુકશાન થયેલ છે.

--------

## ગેસ ક્રુડની રોયલ્ટીની રકમ ગણત્રી કરવાની પધ્ધતિ

૨૨૭૫૯ : **શ્રી કાંતિલાલ રા. લકુમ (બાવળા)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ ગેસ/ક્રુડની રોયલ્ટીની રકમની ગણત્રી કરવાની પધ્ધતિમાં કેન્દ્ર સરકાર દ્વારા ફેરફાર કરવામાં આવ્યા છે, તે હકીક્ત સાચી છે, અને

(૨) જો હા, તો તા.૩૦-૧૧-૨૦૦૭ પછી ઉક્ત સ્થિતિએ ક્રુડ અને ગેસ પર રાજ્યને કુલ કેટલી રોયલ્ટી મળેલ છે ?

**જવાબ**

(૧) અને (૨) હા, જી. હકીક્ત સાચી છે અગાઉ એન.ડી.એ.ની સરકારમાં મોસ્કર કમીટીએ રજૂ કરેલ ભલામણોના આધારે કેન્દ્ર સરકારે તા.૧૭-૦૩-૨૦૦૩ ના ઠરાવથી ક્રુડ ઓઈલની રોયલ્ટીની ચૂક્વણી માર્કેટ આધારિત કિંમતે રાજ્યને ચૂક્વવાના આદેશો ક્યાં હતાં.
પરંતુ કેન્દ્ર સરકારે રાજ્ય સરકારનો પરામર્શ ક્યાં વગર એક પક્ષીય નિર્ણય લઈ તા.૨૩-૫-૨૦૦૮ના પત્રથી રોયલ્ટી માર્કેટ આધારિત કિંમતના બદલે વળતર બાદની કિંમતે ચૂક્વવા ઓ.એન.જી.સી.ને સુચના આપેલ છે, આમ થતા તા.૧-૧૨-૨૦૦૭ થી ૩૧-૧૨-૨૦૧૦ સુધીના સમયગાળામાં ક્રુડ અને નેચરલ ગેસ ઉપર રાજ્યને મળવાપાત્ર કૂલ રૂા.૭૦૭૫.૯૨ કરોડ સામે રૂા.૪૨૬૮.૭૪ કરોડ રોયલ્ટી મળેલ છે. આમ રાજ્યને રૂા.૨૮૦૭.૧૮ કરોડ જેટલી માતબર રકમનું નુકશાન થયેલ છે.

**અમદાવાદ જિલ્લાના ગામોને નર્મદા યોજના હેઠળ પિયતમાં સમાવવા બાબત**

૨૨૭૧૮ **: શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ (માંડલ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નર્મદા યોજના હેઠળ અમદાવાદ જિલ્લાના કેટલા વિસ્તારને પિયત હેઠળ સમાવેશ કરવામાં આવ્યો છે,

(૨) જે પૈકી ધોળકા તાલુકાના તા.૧-૧-૨૦૧૧ની સ્થિતિએ કેટલા પિયત વિસ્તારમાં નહેરોના કામો પૂર્ણ થયેલ છે ?

**જવાબ**

(૧) નર્મદા યોજના હેઠળ અમદાવાદ જિલ્લાના કુલ ૮,૦૨,૬૨૩ એકર વિસ્તારનો પિયત હેઠળ સમાવેશ કરવામાં આવ્યો છે.

(૨) જે પૈકી તા.૧-૧-૨૦૧૧ની સ્થિતિએ ધોળકા તાલુકાના ૧,૧૫,૨૩૦ એકર પિયત વિસ્તાર પૈકી વિશાખા નહેરોના ૫૫,૮૦૦ એકર, પ્રશાખા નહેરોના ૫૪,૧૫૯ એકર, અને પ્રપ્રશાખા નહેરોના ૪૫,૮૯૯ એકર વિસ્તારમાં કામો પૂર્ણ થયેલ છે.

--------

**ખેડા જિલ્લાની ઘોડાસર બ્રાન્ચ કેનાલનો કમાન્ડ એરીયા**

૨૧૪૮૨ **: શ્રી કનુભાઈ ડાભી (કઠલાલ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા)જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ ખેડા જિલ્લાના કઠલાલ અને મહેમદાવાદ સ્થિત ઘોડાસર બ્રાન્ચ કેનાલનો નેટવર્કનો કુલ કમાન્ડ એરીયા કેટલો છે,

(૨) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કમાન્ડ એરિયા પૈકીના કેટલા વિસ્તારને પાણી પુરું પાડવામાં આવે છે.

(૩) કેટલો વિસ્તાર પાણીથી વંચિત રહેલ છે, અને

(૪) ઉક્ત વિસ્તાર પાણીથી વંચિત રહેવાના કારણો શાં છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ ખેડા જિલ્લાની ઘોડાસર બ્રાન્ચ કેનાલનો નેટવર્કનો કુલ કમાન્ડ એરીયા ૩૨૦૮૮ એકર છે. જેમાંથી કઠલાલ અને મહેમદાવાદ તાલુકાનો ઘોડાસર બ્રાન્ચ કેનાલમાં ૧૭,૬૬૩ એકર કમાન્ડ વિસ્તારનો સમાવેશ થાય છે.

(૨) અને (૩) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કમાન્ડ વિસ્તાર પૈકીના ૧૮૬૬ એકર વિસ્તારમાં ખેડૂતોની માંગણી અનુસાર સિંચાઈનું પાણી પુરું પાડવામાં આવેલ છે, અને ૪૩૪૬ એકર વિસ્તાર પાણીથી વંચિત રહેલ છે.

(૪) ખેડૂતો દ્વારા જમીન સંપાદનની કાર્યવાહીમાં અવરોધ કરાતાં તથા વધારાના સ્ટ્રક્ચરોની માંગણીને કારણે કામો અંશતઃ પૂર્ણ કરી શકાયા હતા.

--------

**ઘર વપરાશ તેમજ ખેતી-વાડીના વીજ જોડાણના યુનિટ પર થયેલ વધારો**

૨૨૩૮૭ **: શ્રી દેવજીભાઈ ગો.ફતેપરા (હળવદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧મી જાન્યુઆરી, ૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન સરકારે ઘર વપરાશ તેમજ ખેતી-વાડી માટેના વીજ જોડાણ પર કેટલી વખત યુનિટ પર વીજ વધારો કરવામાં આવ્યો

**જવાબ**

(૧) ઈલેકટ્રીસીટી એકટ, ૨૦૦૩ની જોગવાઈ મુજબ રાજ્યના તમામ પ્રકારના ગ્રાહકો માટે વીજ દરો નક્કી કરવાની બાબત નામ. ગુજરાત વીજ નિયમન આયોગના ક્ષેત્રાધિકાર હેઠળ છે.

તદનુસાર, નામ. ગુજરાત વીજ નિયમન આયોગ દ્વારા છેલ્લા ૨ વર્ષમાં નીચે મુજબ વીજદરમાં વધારો કરવામાં આવ્યો.

| | | ૧૭-૧-૨૦૦૯ | ૩૧-૩-૨૦૧૦ |
|---|---|---|---|
| ઘર વપરાશ | જીયુવીએનએલ | ૨૦૦-૩૦૦ યુનિટ પ્રતિ માસની ક્ષામાં ૧૦ પૈસા પ્રતિ યુનિટ XX | બધી ક્ષામાં ૧૦ પૈસા પ્રતિ યુનિટ |
| | ટોરેન્ટ પાવર લી. | ૨૦૦ યુનિટથી વધુ માટે ૧૫ પૈસા પ્રતિ યુનિટ | બધી ક્ષામાં ૧૦ પૈસા પ્રતિ યુનિટ |
| ખેતી વિષયક | જીયુવીએનએલ | કોઈ વધારો નથી. | રૂા. ૨૦ પ્રતિ હો.પા./માસ |

XX ૨૦૦ યુનિટથી નીચે અને ૩૦૦ યુનિટથી વધુ યુનિટના વપરાશકારોને આ વધારાનો બોજ લાગુ પડતો નથી.

ઉપર દર્શાવ્યા મુજબ તા.૧૭-૧-૨૦૦૯ના હુકમમાં નાના વીજ વપરાશકારો ઉપર કોઈ વધારો થયેલ નથી. તા.૩૧-૩-૨૦૧૦ના હુકમમાં ખેતી વિષયક દરોમાં જે વધારો થયેલ છે, તેનું કોઈ ભારણ રાજ્યના ખેડૂતો પર ન આવે તે સારૂ રાજ્ય સરકાર વીજ કંપનીઓને વધારાની રકમ સબસીડી રૂપે ચૂકવી આપશે, પરિણામે ખેતી વિષયક વીજ ગ્રાહકોનાં કિસ્સામાં સરકારે નક્કી કરેલા વીજદરોમાં કોઈ ફેર પડશે નહી અને વધારાનો વાર્ષિક અંદાજે રૂ.૧૫૧.૨૯ કરોડની સબસીડીનો આર્થિક બોજો રાજ્ય સરકાર વહન કરશે.

તદઉપરાંત, ઉક્ત વધારો કરતાં નામદાર આયોગે સ્પષ્ટીકરણ કર્યુ હતું કે, આવનારા સમયમાં બળતણનાં ભાવમાં ઘટાડો થશે, જેનાં કારણે વીજ ગ્રાહકો પર આ ભાવ વધારાનું કોઇ વધારાનું આર્થિક ભારણ નહિ રહે.

તદ્દનુસાર જોતાં, વર્ષ-૨૦૦૯નાં જાન્યુઆરીથી માર્ચના ત્રિ-માસિક સમયગાળા દરમિયાન વીજ બળતણ અને તેના પરિવહનનાં થતાં ભાવ વધારાને સરભર કરવા માટે નામદાર આયોગ દ્વારા નક્કી કરેલ પધ્ધતિ મુજબ વસુલાત કરવામાં આવતો ફ્યુઅલ સરચાર્જ ૯૧ પેસા પ્રતિ યુનિટ હતો તે હાલમાં એટલે કે, જાન્યુઆરી થી માર્ચ-૨૦૧૧ના સમયગાળા માટે આ ફ્યુઅલ સરચાર્જ ૬૩ પેસા પ્રતિ યુનિટના દરથી વસુલવામાં આવે છે. આમ, છેલ્લાં બે વર્ષમાં ઘર વપરાશનાં વીજદરોમાં થયેલ સરેરાશ ૧૦ પેસા પ્રતિ યુનિટનાં ભાવ વધારા સાથે ફ્યુઅલ સરચાર્જમાં થયેલ ૨૮ પેસા પ્રતિ યુનિટના ભાવ ઘટાડાને ધ્યાને લેતાં, વાસ્તવમાં ૧૮ પેસા પ્રતિ યુનિટનો ભાવ ઘટાડો થયેલ છે.

(૨) આ વીજ દર વધારો કરવાનું કારણ શું છે, અને

(૨) ઉપર્યુક્ત વિગતે, ખેતીવાડી માટેનાં વીજ ગ્રાહકોના વીજદરોમાં કોઈ ભાવ વધારો થયેલ નથી. પરંતુ, નામ. આયોગ દ્વારા ઘરવપરાશ સહિતનાં અન્ય વીજ ગ્રાહકોનાં વીજદરમાં પ્રતિ યુનિટ ૧૦ પેસાનો વધારો થયેલ છે અને તે પણ ફ્યુઅલ સરચાર્જમાં થયેલ ૨૮ પેસા પ્રતિ યુનિટનાં ભાવ ઘટાડાને ધ્યાને લેતાં, ખરેખર ૧૮ પેસા પ્રતિ યુનિટનો ભાવમાં ઘટાડો થયેલ છે.

(૩) વીજ દરનો વધારો કરવાથી સરકારને વર્ષવાર કેટલી રેવન્યુ આવક થઈ?

(૩) વીજદરનો વધારો કરવાથી સરકારને કોઈ આવક મળતી નથી, પરંતુ તે કારણે વીજ શુલ્કમાં થયેલ વધારાથી સરકારને વર્ષવાર નીચે મુજબની વધુ રેવન્યુ (વીજશુલ્ક)ની આવક થયેલ છે.

(રૂ. કરોડમાં)

| વર્ષ | ઘર વપરાશ | ખેતીવાડી |
|---|---|---|
| ૨૦૦૮-૦૯ | ૦.૧૭ | શૂન્ય |
| ૨૦૦૯-૧૦ | ૧.૧૯ | શૂન્ય |
| ૨૦૧૦-૧૧ (માહે ૩૧-૧-૨૦૧૧ સુધી) | ૧૭.૬૭ | શૂન્ય |

## ખાનગી જે.ટી.ઓ. વિક્સાવવા બાબત

૨૨૭૨૨ **: શ્રીમતી વિભાવરીબેન વિ.દવે (ભાવનગર શહેર (ઉત્તર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (બંદરો)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન ખાનગી ક્ષેત્રે કેટલા નવા ટર્મીનલો કેપ્ટીવ/જે.ટી.ઓ. ખાનગી જે.ટી.ઓ. વિક્સાવવામાં આવી, અને

(૨) તા. ૩૧-૧૨-૧૦ સુધીમાં વર્ષવાર આ માટે કેટલું ખાનગી મૂડી રોકાણ થયું?

**જવાબ**

(૧) (અ) નવા ટર્મીનલો - ૨
(બ) કેપ્ટીવ જેટીઓ - ૩
(ક) ખાનગી જેટીઓ - ૧
કુલ-૬ વિક્સાવવામાં આવ્યા છે.

(૨) આશરે રૂ. ૩૬૯૦ કરોડનું ખાનગી મૂડીરોકાણ થયેલ છે.

--------

## ક્રુડ ઓઈલ અને ગેસ પરની રોયલ્ટી

૨૨૭૦૧ **: શ્રી કિશોરભાઈ વાંકાવાળા (સુરત શહેર પશ્ચિમ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સરકારને ક્રુડ ઓઈલ અને ગેસ પર કેટલી રોયલ્ટી મળી,

(૨) આ રોયલ્ટી ૨૦૦૯ વર્ષ કરતાં ઓછી મળેલ છે કે કેમ, અને

(૩) જો હા, તો રોયલ્ટી ઘટવાના કારણો શાં છે?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યને ક્રુડ ઓઈલ અને ગેસ પર નિયમાનુસાર મળવાપાત્ર રૂ. ૨૨૬૦.૩૯ કરોડ સામે રૂ. ૧૩૨૯.૭૮ કરોડ રોયલ્ટી મળેલ છે.

(૨) હા, જી.

(૩) ભારત સરકારના મિનિસ્ટ્રી ઓફ પેટ્રોલિયમ અને નેચરલ ગેસ દ્વારા તેઓના તા.૨૫-૦૩-૨૦૦૮ના પત્રથી એક પક્ષીય નિર્ણય કરી ભારત સરકારના અગાઉના તા.૧૭-૦૩-૨૦૦૩ ના ઠરાવની જોગવાઈઓથી વિપરીત કાર્યપધ્ધતિ અમલી બનાવેલ છે. તદ્નુસાર સદરહુ તા.૨૫-૦૩-૨૦૦૮ના પત્રથી અપનાવેલ કાર્યપધ્ધતિ મુજબ ક્રુડ ઓઈલની રોયલ્ટીની ગણતરી માટે એપ્રિલ-૨૦૦૮ થી આંતરાષ્ટ્રીય બજાર ભાવોને લક્ષમાં ન લેતા, સરકારની તેલ વિતરણ કંપનીઓને આપવામાં આવતા વળતર બાદની કિંમતનો આધાર લઈ રાજ્યને રોયલ્ટી ચૂકવવામાં આવે છે. તેના કારણે રોયલ્ટીમાં ઘટાડો થયેલ છે.

--------

## અમદાવાદ જિલ્લામાં માનવ કલ્યાણ યોજના હેઠળ મળેલ અરજીઓ

૨૨૦૭૪ **: શ્રી રણછોડભાઈ ક.મેર (ધંધૂકા) : માનનીય કુટીર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ જિલ્લામાં તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર માનવ કલ્યાણ યોજના હેઠળ કેટલી અરજીઓ આવી, અને

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર મળેલ અરજીઓ

| અ.નં. | તાલુકાનું નામ | તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મળેલ અરજીઓ |
|---|---|---|
| ૧ | દસ્ક્રોઈ | ૧૬૫૪ |
| ૨ | સાણંદ | ૯૦૩ |
| ૩ | વીરમગામ | ૮૫૭ |
| ૪ | માંડલ | ૭૯૩ |
| ૫ | ધોળકા | ૯૭૧ |
| ૬ | બાવળા | ૬૯૬ |
| ૭ | ધંધુકા | ૧૦૨૦ |
| ૮ | રાણપુર | ૫૧૭ |

| | | |
|---|---|---|
| ૯ | બરવાળા | ૪૮૧ |
| ૧૦ | દેત્રોજ | ૫૦૯ |
| ૧૧ | અમદાવાદ સીટી | ૧૪૫૧૭ |
| | કુલ : | ૨૨૯૧૮ |

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી અને કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી?

(૨) મળેલ અરજીઓ પૈકી મંજૂર થયેલ તથા નામંજૂર થયેલ અરજીઓ

| અ.નં. | તાલુકાનું નામ | મંજૂર | નામંજૂર |
|---|---|---|---|
| ૧ | દસ્ક્રોઈ | ૧૦૮૮ | ૫૫૧ |
| ૨ | સાણંદ | ૬૩૬ | ૧૪૯ |
| ૩ | વીરમગામ | ૬૯૩ | ૮૦ |
| ૪ | માંડલ | ૬૦૭ | ૧૮૬ |
| ૫ | ધોળકા | ૪૦૬ | ૪૩૦ |
| ૬ | બાવળા | ૪૦૭ | ૨૦૨ |
| ૭ | ધંધુકા | ૫૫૦ | ૪૧૫ |
| ૮ | રાણપુર | ૩૦૦ | ૨૧૭ |
| ૯ | બરવાળા | ૨૬૦ | ૧૨૨ |
| ૧૦ | દેત્રોજ | ૩૯૨ | ૧૧૭ |
| ૧૧ | અમદાવાદ સીટી | ૮૯૪૯ | ૫૪૬૯ |
| | કુલ : | ૧૪૨૮૮ | ૭૯૩૮ |

--------

## જામનગર જિલ્લામાં ગુણવત્તા યુક્ત વીજ પુરવઠો મળે તે માટે ફિડરોનું વિભાજન

૨૨૭૧૩ : **શ્રી મુળુભાઈ હ. બેરા (ભાણવડ)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ જામનગર જિલ્લામાં જુદી જુદી કક્ષાના ગ્રાહકોને ગુણવત્તાયુક્ત વીજ પુરવઠો મળે તે માટે વર્ષ ૨૦૧૦-૧૧ દરમિયાન કેટલા ફીડરોનું વિભાજન કરવામાં આવ્યું, અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયો?

**જવાબ**

(૧) અને (૨) : જુદી જુદી કક્ષાના વીજ ગ્રાહકોને ગુણવત્તાયુક્ત વીજ પુરવઠો મળે તે માટે જામનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૧૧ દરમિયાન તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ રૂપિયા ૨૧૯.૩૯ લાખના ખર્ચે ૨૧ ફીડરોનું વિભાજન કરવામાં આવ્યું.

--------

## બનાસકાંઠા જિલ્લામાં કૃષિ વિષયક વીજ જોડાણ ધરાવતાં ખેડૂતોને વીજ બીલમાં રાહત

૨૨૭૧૭ : **શ્રી વસંતભાઈ ભટોળ (દાંતા)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકાર દ્વારા કૃષિ વિષયક વીજ જોડાણ ધરાવતા ખેડૂતોને વીજબીલમાં કોઇ રાહત આપવામાં આવે છે કે કેમ, અને

**જવાબ**

(૧) વીજ ઉત્પાદન માટે વપરાશમાં લેવાતા કોલસો, ગેસ, ઓઈલ, નેપ્થા જેવા વીજ બળતણમાં કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવતા ભાવ વધારાને કારણે વખતો વખત ફયુઅલ સરચાર્જના દરમાં ફેરફાર થાય છે, જેના કારણે વીજ કંપનીઓને થતાં ખર્ચને પહોંચી વળવા માટે ફયુઅલ સરચાર્જની વસુલાત તમામ વીજ ગ્રાહકો પાસેથી કરવાની થાય છે. તેમ છતાં, ખેડૂતોના હિતમાં કૃષિ વિષયક વીજ ગ્રાહકોના કિસ્સામાં રાહત આપીને આ ફયુઅલ સરચાર્જનો સંપૂર્ણ બોજો સરકાર દ્વારા સબસીડીરૂપે વહન કરવામાં આવે છે.

તદ્ઉપરાંત, નામ. વીજ નિયમન આયોગ દ્વારા મંજૂર થયેલ કૃષિ વિષયક વીજદરનો પણ સંપૂર્ણ બોજો ખેડૂતો પર નાખવામાં નથી આવતો પરંતુ, નામ. આયોગે નક્કી કરેલ દરો કરતાં ઘણા ઓછા દરે ખેડૂતોને વીજળી આપવામાં આવે છે અને આ બે દરો વચ્ચેનો તફાવત સરકાર દ્વારા સબસીડીરૂપે વહન કરવામાં આવે છે.

(૨) જો હા, તો બનાસકાંઠા જિલ્લામાં તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલી સબસીડી આપવામાં આવી ?

(૨) તદ્નુસાર, રાજ્યના માત્ર બનાસકાંઠા જિલ્લામાં જ છેલ્લા ત્રણ વર્ષમાં રૂ. ૧૬૪૩.૧૮ કરોડ જેટલી માતબર રકમનો બોજ ખેડૂતો પર ન નાખતાં, સરકાર

દ્વારા સબસીડી આપવામાં આવેલ છે.

--------

**જામનગર જિલ્લામાં પોલીસ ખાતાના રહેણાંક્ના કામો**

૨૨૭૩૧ **: શ્રી લાલજીભાઈ પ્રે.સોલંકી (જામનગર (રુરલ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લામાં તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કુલ કેટલી રકમના પોલીસ ખાતાના રહેણાંક્ના કામો હાથ પર લેવામાં આવ્યા, અને

(૨) આ કામો માટે કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે?

**જવાબ**

(૧) અને (૨) : છેલ્લા ત્રણ વર્ષમાં હાથ પર લેવામાં આવેલ રહેણાંક્ના મકાનોના કામો અને તે માટે થયેલ ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| નાણાકીય વર્ષ | રહેણાંક્ના મકાનો | થયેલ ખર્ચ (રૂા. લાખમાં) |
|---|---|---|
| ૨૦૦૮-૦૯ | ૪૯ | ૩૦૩.૧૮ |
| ૨૦૦૯-૧૦ | ૧૯૬ | ૧૧૫૦.૫૯ |
| ૨૦૧૦-૧૧ | ૧૩૫ | ૮૦૧.૦૦ |
| કુલ : | ૩૮૦ | ૨૨૫૪.૭૭ |

**અમરેલી જિલ્લામાં પોલીસ ખાતાના રહેણાંક્ના કામો**

૨૨૭૨૯ **: શ્રી કાળુભાઇ વી. વીરાણી (કુંડલા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમરેલી જિલ્લામાં તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં કુલ કેટલી રકમના પોલીસ ખાતાના રહેણાંક્ના કામો હાથ પર લેવામાં આવ્યા, અને

(૨) આ કામો માટે કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે?

**જવાબ**

(૧) અને (૨) છેલ્લા ત્રણ વર્ષમાં હાથ પર લેવામાં આવેલ રહેણાંક્ના મકાનોના કામો અને તે માટે થયેલ ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| નાણાકીય વર્ષ | રહેણાંક્ના મકાનો | થયેલ ખર્ચ (રૂા. લાખમાં) |
|---|---|---|
| ૨૦૦૮-૦૯ | ૧૭૮ | ૧૧૦૨.૬૫ |
| ૨૦૦૯-૧૦ | ૦૩ | ૫૬.૦૦ |
| ૨૦૧૦-૧૧ | ૧૦૪ | ૭૩૫.૮૩ |
| **કુલ** | **૨૮૫** | **૧૮૯૪.૪૮** |

**આણંદ જિલ્લામાં જર્જરિત વીજ વાયરો બદલવા**

૨૨૭૧૪ **: શ્રીમતી જ્યોત્સનાબેન પટેલ (આણંદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વીજ પુરવઠામાં થતા વિક્ષેપ નિવારવા વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન આણંદ જિલ્લામાં કેટલો જર્જરિત વાયર બદલવામાં આવ્યો, અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયો?

**જવાબ**

(૧) અને (૨) વીજ પુરવઠામાં થતો વિક્ષેપ નિવારવા આણંદ જિલ્લામાં વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના હેઠળ રૂપિયા ૧૧૯.૨૬ લાખના ખર્ચે ૩૮૭.૨૨ કિ.મી. અને સીસ્ટમ ઈમ્પ્રુવમેન્ટ યોજના હેઠળ રૂા. ૧૦૪.૪૨ લાખના ખર્ચે ૨૧૨.૬૨ કિ.મી. વીજ વાયર આમ કુલ રૂપિયા ૨૨૩.૬૮ લાખના ખર્ચે ૫૯૯.૮૪ કી.મી. જર્જરિત વીજ વાયરો બદલવામાં આવેલ છે.

--------

## સુરેન્દ્રનગર જિલ્લામાં પોલીસ ખાતાના રહેણાંક્ના કામો

૨૨૭૩૪ **: શ્રી ભરતભાઈ વ. ખોરાણી (ચોટીલા ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં કુલ કેટલી રકમના પોલીસ ખાતાના રહેણાંક્ના કામો હાથ પર લેવામાં આવ્યા, અને

(૨) આ કામો માટે કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે?

**જવાબ**

(૧) અને (૨) છેલ્લા ત્રણ વર્ષમાં હાથ પર લેવામાં આવેલ રહેણાંક્ના મકાનોના કામો અને તે માટે થયેલ ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| નાણાકીય વર્ષ | રહેણાંક્ના મકાનો | થયેલ ખર્ચ (રૂા. લાખમાં) |
|---|---|---|
| ૨૦૦૭-૦૮ | - | - |
| ૨૦૦૮-૦૯ | ૧૯૫ | ૧૦૩૭.૪૨ |
| ૨૦૦૯-૧૦ | ૧૬૧ | ૬૩૨.૧૮ |
| ૨૦૧૦-૧૧ | ૭૨ | ૩૯૭.૮૯ |
| **કુલ** | **૪૨૮** | **૨૦૬૭.૪૯** |

## સુરત, નવસારી, તાપી અને વલસાડ જિલ્લામાં ખેડૂતોને ખેત વીજ કનેક્શનો

૨૨૮૦૫ **: શ્રી પ્રભુભાઈ વસાવા (સોનગઢ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત, નવસારી, તાપી અને વલસાડ જિલ્લામાં જિલ્લાવાર તા.૩૧-૦૩-૨૦૧૦ની સ્થિતિએ વર્ષવાર છેલ્લા બે વર્ષમાં ખેડૂતોને કેટલાં ખેત વીજ ક્નેક્શનોને મંજૂરી આપવામાં આવી,

(૨) કેટલી ખેત વીજ ક્નેક્શન અરજીઓ પડતર છે, અને

(૩) બાકી રહેલ અરજદારોને ક્યાં સુધીમાં વીજ ક્નેક્શનો આપવા માંગે છે?

**જવાબ**

(૧) તારીખ ૩૧-૩-૨૦૧૦ની સ્થિતિએ સુરત, નવસારી, તાપી અને વલસાડ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર મંજુર કરવામાં આવેલ ખેતી વિષયક વીજ જોડાણોની વિગતો નીચે મુજબ છે.

| જિલ્લો | ૨૦૦૮-૦૯ | ૨૦૦૯-૧૦ |
|---|---|---|
| સુરત | ૧૪૫૭ | ૧૨૭૧ |
| નવસારી | ૧૨૬૮ | ૯૮૦ |
| તાપી | ૨૧૪૦ | ૧૮૫૬ |
| વલસાડ | ૧૦૬૨ | ૫૪૪ |

(૨) સુરત, નવસારી, તાપી અને વલસાડ જિલ્લામાં કુલ ૧૮૯૯૦ અરજીઓ પડતર છે.

(૩) ખેતી હેતુ વીજ જોડાણ આપવાની કામગીરી એ સતત પ્રક્રિયા છે. રાજ્યના ખેડૂતોને સાતત્યપૂર્ણ અને ગુણવત્તા સભર વીજ પૂરવઠો મળી રહે એ બાબત ધ્યાને લઇ ઉપલબ્ધ વીજ પૂરવઠો, માળખાગત સુવિધા, વીજ તંત્ર પર પડનાર બોજો, નાણાંકીય ફાળવણી વગેરે પાસાઓને ધ્યાને લઈ અને ડાર્કઝોનની નીતિને અનુલક્ષીને પ્રતિ વર્ષ નક્કી કરેલ લક્ષ્યાંક મુજબ કૃષિ વીજ જોડાણો આપવામાં આવે છે.

## પોરબંદર જિલ્લામાં પોલીસ ખાતાના રહેણાંક્ના કામો

૨૨૭૩૬ **: શ્રી કરશનભાઈ ઓડેદરા (કુતિયાણા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પોરબંદર જિલ્લામાં તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં કુલ કેટલી રકમના પોલીસ ખાતાના રહેણાંક્ના કામો હાથ પર લેવામાં આવ્યા, અને

**જવાબ**

(૧) અને (૨) : છેલ્લા ત્રણ વર્ષમાં હાથ પર લેવામાં આવેલ રહેણાંક્ના મકાનોના કામો અને તે માટે થયેલ ખર્ચની વિગતો નીચે મુજબ છે.

(૨) આ કામો માટે કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે ?

| નાણાકીય વર્ષ | રહેણાંકના મકાનો | થયેલ ખર્ચ (રૂા. લાખમાં) |
|---|---|---|
| ૨૦૦૮-૦૯ | ૩૦ | ૧૮૨.૬૪ |
| ૨૦૦૯-૧૦ | ૩૯ | ૨૫૪.૬૭ |
| ૨૦૧૦-૧૧ | ૯૭ | ૬૦૦.૨૫ |
| **કુલ** | **૧૬૬** | **૧૦૩૭.૫૬** |

--------

**જૂનાગઢ જિલ્લામાં જર્જરિત વીજ વાયરો બદલવા**

૨૨૭૧૫ **: શ્રી કાળુભાઈ ચ.રાઠોડ (ઉના) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વીજ પુરવઠામાં થતા વિક્ષેપ નિવારવા વર્ષ ૨૦૦૯-૧૦ દરમિયાન જૂનાગઢ જિલ્લામાં કેટલો જર્જરિત વાયર બદલવામાં આવ્યો, અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયો?

**જવાબ**

(૧) અને (૨) વીજ પુરવઠામાં થતો વિક્ષેપ નિવારવા જૂનાગઢ જિલ્લામાં વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના હેઠળ રૂપિયા ૭૯૫.૮૨ લાખના ખર્ચે ૨૩૩૩.૦૮ કિ.મી. અને સીસ્ટમ ઈમ્પ્રુવમેન્ટ યોજના હેઠળ રૂ. ૩૮૪.૮૧ લાખના ખર્ચે ૧૫૩૨.૨૩ કિ.મી. વીજ વાયર આમ કુલ રૂપિયા ૧૧૮૦.૬૩ લાખના ખર્ચે ૩૮૬૫.૩૧ કી.મી. જર્જરિત વીજ વાયરો બદલવામાં આવેલ છે.

**ખેડા જિલ્લામાં કુટિર ઉદ્યોગ માટે મળેલ અરજીઓ**

૨૧૮૩૮ **: શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર (મહુધા) : માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં તાલુકાવાર કુટિર ઉદ્યોગ અન્વયે કેટલી અરજીઓ મળી, અને

(૨) તે અન્વયે વર્ષવાર કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી?

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જીલ્લામાં તાલુકાવાર કુટીર ઉદ્યોગ અન્વયે નીચે મુજબ અરજીઓ મળી

| ક્રમ | તાલુકાનું નામ | તા. ૧-૨-૦૯ થી તા. ૩૧-૧-૧૦ | તા. ૧-૨-૧૦ થી તા. ૩૧-૧-૧૧ |
|---|---|---|---|
| ૧ | નડીયાદ | ૧૬૮૪ | ૧૩૦૪ |
| ૨ | ખેડા | ૨૨૩ | ૨૧૦ |
| ૩ | મહેમદાવાદ | ૬૫૦ | ૫૮૫ |
| ૪ | ઠાસરા | ૬૫૧ | ૫૭૩ |
| ૫ | કપડવંજ | ૭૬૨ | ૫૯૬ |
| ૬ | બાલાસિનોર | ૩૯૨ | ૩૮૨ |
| ૭ | માતર | ૨૭૦ | ૩૮૭ |
| ૮ | મહુધા | ૨૩૬ | ૧૯૬ |
| ૯ | કઠલાલ | ૩૨૧ | ૨૪૭ |
| ૧૦ | વિરપુર | ૩૪૦ | ૩૩૧ |
| | **કુલ** | **૫૫૨૯** | **૪૮૧૧** |

(૨) તે અન્વયે નીચે મુજબની વિગતે વર્ષવાર અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે.

| ક્રમ | તાલુકાનું નામ | તા. ૧-૨-૦૯ થી તા. ૩૧-૧-૧૦ | તા. ૧-૨-૧૦ થી તા. ૩૧-૧-૧૧ |
|---|---|---|---|
| ૧ | નડીયાદ | ૮૭૬ | ૫૬૪ |
| ૨ | ખેડા | ૯૧ | ૯૭ |
| ૩ | મહેમદાવાદ | ૧૭૩ | ૨૪૧ |
| ૪ | ઠાસરા | ૨૦૩ | ૨૧૮ |
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૫ | કપડવંજ | ૨૭૧ | ૩૫૩ |
| ૬ | બાલાસિનોર | ૧૨૧ | ૨૩૫ |
| ૭ | માતર | ૧૦૬ | ૧૨૭ |
| ૮ | મહુધા | ૯૧ | ૩૮ |
| ૯ | કઠલાલ | ૮૪ | ૮૫ |
| ૧૦ | વિરપુર | ૧૫૬ | ૮૩ |
| | **કુલ** | **૨૧૭૨** | **૨૦૪૧** |

## નાના બંદરોની કાર્ગો પરિવહન કરવાની ક્ષમતા

૨૨૭૦૬ **: ડૉ. નીમાબેન આચાર્ય (અંજાર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ રાજ્યમાં નાના બંદરોની કાર્ગો પરિવહન કરવાની ક્ષમતા કેટલી છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ આગામી બે વર્ષમાં આ ક્ષમતા કેટલી થનાર છે?

**જવાબ**

(૧) ૨૭૩૦ લાખ મેટ્રિક ટન

(૨) વાર્ષિક ૩૬૬૦ લાખ મેટ્રિક ટન થવાની સંભાવના છે.

------

## નર્મદા યોજનાની મહેસાણા સ્થિત રાજપુરા શાખા નહેરના કામો

૨૨૭૩૯ **: શ્રીમતી જશોદાબેન પરમાર (જોટાણા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નર્મદા યોજનાની મહેસાણા સ્થિત રાજપુરા શાખા નહેરના કામો તા. ૩૧-૧૨-૧૦ સ્થિતિએ ક્યા તબક્કે છે,

(૨) આ કામો ક્યારે પૂર્ણ થશે, અને

(૩) કેટલા વિસ્તારને સિંચાઈનો લાભ મળશે?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૧૦ સ્થિતિએ નર્મદા યોજનાની મહેસાણા સ્થિત રાજપુરા શાખા નહેરની કુલ લંબાઈ ૪૨.૪૫ કી.મી.માં માટીકામ પૂર્ણ થયેલ છે અને ૪.૦૦ કી.મી. લંબાઈમાં અસ્તરકામ પૂર્ણ થયેલ છે. બાકી કામ પ્રગતિમાં છે.

(૨) આ કામો વહેલી તકે પૂર્ણ કરવાનું આયોજન છે.

(૩) ૧૦૯૨૪૨ એકર વિસ્તારને સિંચાઈનો લાભ આપવાનું આયોજન છે.

--------

## નર્મદા યોજનાની જુદી જુદી કેનાલના નેટવર્કના કામ

૨૨૮૧૩ **: શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા (પોરબંદર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ નર્મદા યોજનાની જુદી જુદી કેનાલ નેટવર્કનું કામ કેટલા કી.મી.નું કરવાનું બાકી છે.

(૨) તે અન્વયે કેટલી લંબાઈનું કામ પૂર્ણ થયેલ છે, અને

(૩) સમગ્ર કેનાલનું નેટવર્ક કામ કેટલા સમયમાં પૂર્ણ કરવાનું આયોજન છે?

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ નર્મદા યોજનાની જુદી જુદી કેનાલ નેટવર્કની વિગત નીચે મુજબ છે.

(૨)

| અ.નં. | નહેર | નહેરની કુલ અંદાજીત લંબાઈ (કી.મી.) | તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ પુર્ણ થયેલ નહેરની લંબાઈ (કી.મી.) | તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ બાકી રહેલ નહેરની કુલ લંબાઈ (કી.મી.) |
|---|---|---|---|---|
| ૧ | મુખ્ય નહેર | ૪૫૮ | ૪૫૮ | -- |
| ૨ | શાખા નહેર | ૨૫૮૫ | ૧૯૩૩.૧૪ | ૬૫૧.૮૬ |
| ૩ | વિશાખા નહેર | ૫૧૧૨ | ૧૬૪૯.૦૮ | ૩૪૬૨.૯૨ |
| ૪ | પ્રશાખા | ૧૮૪૧૩ | ૫૧૬૭.૬૯ | ૧૩૨૪૫.૩૧ |
| ૫ | પ્ર. પ્રશાખા | ૪૮૦૫૮ | ૧૦૧૪૭.૧૧ | ૩૭૯૧૦.૮૯ |

(૩) સમગ્ર કેનાલનું નેટવર્કનું કામ વહેલી તકે પૂર્ણ કરવાનું આયોજન છે.

## કચ્છ જિલ્લામાં નવા ગેસ આધારિત વીજ મથકો

૨૨૪૮૫ **: શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી (અબડાસા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં તા. ૩૧-૧૨-૧૦ ની સ્થિતિએ છેલ્લા ૩ વર્ષ દરમિયાન ૬૬ કે.વી. ના કેટલા નવા ગેસ આધારિત વીજ મથકોને મંજૂરી આપવામાં આવી,

**જવાબ**

(૧) ૬૬ કે.વી. ના ગેસ આધારિત વીજ મથકો હોતા નથી. પરંતુ સબસ્ટેશનો હોય છે. તદ્અનુસાર કચ્છ જિલ્લામાં તા. ૩૧-૧૨-૧૦ ની સ્થિતિએ છેલ્લા ૩ વર્ષ દરમિયાન ૬૬ કે.વી. ના નવા ૧૧ સબસ્ટેશનોને મંજૂરી આપવામાં આવી.

(૨) તે પેકી કેટલા મથકો શરૂ થયા અને કઇ કઇ જગ્યાએ શરૂ થયા,

(૩) વીજ મથક દીઠ કુલ કેટલો ખર્ચ થયો, અને

(૪) વીજ મથક દીઠ કેટલી વીજ ઉત્પન્ન થઈ ?

(૨) અને (૩)

તે પેકી ૯ સબસ્ટેશનનો શરૂ થયેલ છે, જેના સ્થળ અને ખર્ચની વિગતો ***પત્રક-૧** માં દર્શાવવામાં આવેલ છે. બાકીના ૨ સબસ્ટેશનોનું કામ પ્રગતિમાં છે.

(૪) વીજ સબસ્ટેશનમાં વીજળી ઉત્પન્ન થતી નથી, પરંતુ તેમાં વીજ પ્રવહનની કામગીરી થાય છે.

***પત્રક-૧**

| અ.નં. | સબસ્ટેશનનું નામ | તાલુકાનું નામ | કાર્યાન્વિત કર્યા તારીખ | થયેલ ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|---|---|---|
| ૧ | ખાંભરા | અંજાર | ૦૮-૦૩-૨૦૦૮ | ૩૪૨.૫૪ |
| ૨ | કનેયાબે | ભૂજ | ૨૭-૦૩-૨૦૦૮ | ૨૭૩.૨૫ |
| ૩ | કિડાણા | ગાંધીધામ | ૩૧-૦૩-૨૦૦૮ | ૨૮૦.૬૫ |
| ૪ | સુખપર | ભૂજ | ૧૨-૦૨-૨૦૦૯ | ૨૫૮.૩૧ |
| ૫ | સીરાયા | મુન્દ્રા | ૧૫-૦૨-૨૦૦૯ | ૩૧૯.૨૩ |
| ૬ | મોટીવરન્ડી (ડુમરા) | અબડાસા | ૨૮-૦૨-૨૦૦૯ | ૫૮૨.૦૦ |
| ૭ | નાની મઉ (દેવપુર ગઢ) | માંડવી | ૨૬-૦૨-૨૦૧૦ | ૩૦૮.૧૬ |
| ૮ | નિરોણા | નખત્રાણા | ૩૧-૦૧-૨૦૧૦ | ૪૪૮.૩૦ |
| ૯ | તલવાણા | માંડવી | ૩૦-૦૩-૨૦૧૦ | ૩૦૫.૨૬ |

## બનાસકાંઠા જિલ્લામાં નર્મદા યોજનાની મડકા શાખાનું કામ

૨૨૬૯૯ **: શ્રી અનિલકુમાર માળી (દિયોદર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (નર્મદા)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં નર્મદા યોજનાથી મડકા શાખાનું કામ તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને

(૨) આ કામગીરી ક્યારે પૂર્ણ કરવામાં આવનાર છે ?

**જવાબ**

(૧) મડકા શાખામાં તા. ૩૧-૧૨-૧૦ ની સ્થિતિએ માટીકામ મોટાભાગે પૂર્ણ થયેલ છે. નહેરનું અસ્તરકામ પ્રગતિમાં છે. રૂા. ૧૭.૪૪ કરોડ પેકી રૂા. ૧૦.૪૬ કરોડનું કામ પૂર્ણ થયેલ છે.

(૨) શક્ય તેટલી વહેલી તકે કામ પૂર્ણ કરવાનું આયોજન છે.

## નર્મદા યોજના અંતર્ગત મહેસાણા સ્થિત અમરાપુરા શાખા નહેરના કામો

૨૨૭૩૮ **: શ્રી કાંતિલાલ રા.પટેલ (વિજાપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નર્મદા યોજના અંતર્ગત મહેસાણા સ્થિત અમરાપુરા શાખા નહેરના કામો તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ ક્યા તબક્કામાં છે, અને

(૨) તા. ૩૧-૧૨-૧૦ સુધીમાં છેલ્લા એક વર્ષમાં આ કામો પાછળ કેટલો ખર્ચ થયેલ છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ નર્મદા યોજના અંતર્ગત મહેસાણા સ્થિત અમરાપુરા શાખા નહેરની કુલ લંબાઈ ૫૫૩૧ કી.મી. પેકી ૫૩.૫૦ કી.મી. લંબાઈમાં માટીકામ અને ૯.૮૨ કી.મી. લંબાઈમાં અસ્તરકામ પૂર્ણ થયેલ છે. બાકી કામો પ્રગતિમાં છે.

(૨) આ અન્વયે અત્યાર સુધીમાં રૂા. ૧૪.૧૦ કરોડનો ખર્ચ થયેલ છે. જે પેકી છેલ્લા એક વર્ષમાં રૂા. ૨૦ લાખનો ખર્ચ થયેલ છે.

## નર્મદા યોજના અંતર્ગત મહેસાણા સ્થિત બોલેરા શાખા નદીના વિસ્તારને સિંચાઈનો લાભ

૨૨૭૩૭ **: શ્રી ઋષિકેશ ગ.પટેલ (વિસનગર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (નર્મદા)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નર્મદા યોજના અંતર્ગત મહેસાણા સ્થિત બોલેરા શાખા નહેરથી કેટલા વિસ્તારને સિંચાઈનો લાભ મળશે,

(૨) આ નહેરનું કામ તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તે માટે કુલ

**જવાબ**

(૧) નર્મદા યોજના અંતર્ગત મહેસાણા સ્થિત બોલેરા શાખા નહેરથી ૯૪૨૩૦ એકર વિસ્તારને સિંચાઈનો લાભ આપવાનું આયોજન છે.

(૨) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ બોલેરા શાખા નહેરની કુલ લંબાઈ ૨૫.૩૯ કી.મી. પેકી ૨૦.૦૦ કી.મી. લંબાઈમાં માટીકામ અને ૧૪.૩૭ કી.મી. લંબાઈમાં અસ્તરકામ પૂર્ણ થયેલ છે. બાકી કામ પ્રગતિમાં છે.

(૩) તા. ૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ છેલ્લા એક

કેટલો ખર્ચ થયેલ છે ?

વર્ષમાં બોલેરા સાખા નહેર માટે કુલ રૂા. ૬૫.૪૨ લાખનો ખર્ચ થયેલ છે.

--------

**કચ્છ જિલ્લામાં નર્મદા બ્રાન્ચ કેનાલનું એલાઈનમેન્ટ બદલવા બાબત**

૨૨૮૨૬ **: શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (નર્મદા)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં નર્મદા બ્રાન્ચ કેનાલનું મૂળ એલાઈન્ટમેન્ટ બદલવાનાં કારણો શાં છે,

(૨) મૂળ એલાઈન્ટમેન્ટ પ્રમાણે રાપરનાં આડેસરથી પલાંસવા-ગાગોદર-કુંભારીયા-માણાબા થઈ ભચાઉનાં શીકારપુર-વાંઢીયા જંગી વોંધ થઇ ભચાઉ સુધીની કચ્છ બ્રાન્ચ કેનાલ ગણવાને બદલે આ એલાઈન્ટમેન્ટને પેટા કેનાલ કે અન્ય ગ્રેડમાં મૂકવામાં આવી છે તે હકિક્ત સાચી છે,

(૩) જો હા, તો રાપર તાલુકામાં મૂળ એલાઈનમેન્ટમાં કમાન્ડ એરીયાનાં માપ કરતાં નવા કમાન્ડ એરીયામાં કેટલા હેકટરની સિંચાઈ શક્તિ વધારવાનું આયોજન ક્યા ધોરણોએ ક્યારે નક્કી રાખવામાં આવ્યું, અને

(૪) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જિલ્લામાં નર્મદા કેનાલનાં ક્યા ક્યા કામોમાં ટેન્ડરો બહાર પાડવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) કચ્છ જિલ્લામાં મૂળ આયોજન પ્રમાણે ૪૨.૮૦૦ હેકટર પિયત વિસ્તારનો સમાવેશ કરવા એલાઈન્ટમેન્ટ સુચવવામાં આવેલી હતી. ત્યારબાદ કચ્છ જીલ્લાને વધારાનું પાણી ફાળવી પિયત વિસ્તાર ૧,૧૨,૭૦૦ હેકટર કરવા માટે મૂળ એલાઈન્ટમેન્ટ તાંત્રિક દ્રષ્ટિએ બદલવામાં આવેલ છે.

(૨) હા, જી.

કચ્છ જીલ્લાને વધારાનાં પાણીની ફાળવણીને અનુલક્ષીને કચ્છ શાખા નહેરને રાપર તાલુકામાં ગાગોધર અને વાંઢીયા પેટા શાખા નહેરમાં ફેરવી અને રાપર તાલુકાનાં હયાત પિયત વિસ્તારના આડેસર, પલાંસવા, ગાગોધર, કુંભારીયા, માણાબા, શીકારપુર, વાંઢીયા, જંગી, વોંધ અને ભચાઉ ગામો ઉપરાંત વધારાનાં પિયત વિસ્તારને સમાવી લેવામાં આવેલ છે.

(૩) રાપર તાલુકામાં મૂળ એલાઈનમેન્ટમાં સમાવેશ કરેલ ૧૭ ગામોના ૧૪,૪૨૫ હેકટર પિયત વિસ્તારને વધારીને મૂળ ગામો સહિત નવા કમાન્ડ એરીયામાં ૪૭ ગામોના ૩૮,૫૬૧ હેકટર પિયત વિસ્તારને કેનાલના લેવલ પ્રમાણે સિંચાઈ હેઠળ માર્ચ-૨૦૦૦ માં આવરી લેવાયેલ છે.

(૪) તા. ૩૧-૧૨-૧૦ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કચ્છ જિલ્લામાં નર્મદા કેનાલનાં નીચે મુજબના કામોનાં ટેન્ડરો બહાર પાડવામાં આવેલ છે.

| અ.નં. | શાખા નહેરની સાંકળ (કી.મી.) | કિંમત રૂપિયા કરોડમાં |
|---|---|---|
| ૧ | ૮૨ થી ૧૧૨ | ૪૦૨ |
| ૨ | ૧૨૨ થી ૧૩૩ | ૩૪ |
| ૩ | ૧૩૩ થી ૧૮૯ | ૩૪૫ |
| ૪ | ૧૮૯ થી ૨૭૩ | ૫૯૮ |
| ૫ | પમ્પીંગ સ્ટેશન-પી.એસ.૧, સાંકળ ૧૦૦.૯૭ કી.મી. | ૧૮૫ |
| ૬ | પમ્પીંગ સ્ટેશન-પી.એસ.૨, સાંકળ ૧૧૧.૭૫ કી.મી. | ૧૮૩ |
| ૭ | પમ્પીંગ સ્ટેશન-પી.એસ.૩, સાંકળ ૧૮૯.૯૭ કી.મી. | ૧૫૦ |

--------

**કચ્છ જિલ્લામાં પ્રજા અને પોલીસ વચ્ચે યોજવામાં આવેલ લોકદરબાર**

૨૨૧૫૧ **: શ્રી ધનજીભાઈ ગો.સેંધાણી (માંડવી) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પ્રજા અને પોલીસ વચ્ચે સહકાર અને વિશ્વાસ વધે તે માટે સમયાંતરે સ્થાનિક કક્ષાએ લોકદરબાર યોજવા માટે સરકારે સૂચનાઓ આપી હોવાની હકીક્ત સાચી છે, અને

**જવાબ**

(૧) હા, જી.

(૨) જો હા, તો વર્ષ ૨૦૧૦માં કચ્છ જિલ્લામાં કેટલા લોકદરબાર યોજવામાં આવ્યા અને તેની વિગતો શી છે ?

(૨) વર્ષ ૨૦૧૦માં કચ્છ જિલ્લામાં કુલ ૨૪૧ લોકદરબાર યોજવામાં આવ્યા.

લોકદરબારમાં કરવામાં આવતી રજૂઆતોની વિગતોમાં પોલીસ ખાતાને લગતી રજૂઆતોનો નિકાલ કરવામાં આવે છે, જ્યારે અન્ય વિભાગોને લગતી રજૂઆતો જે તે વિભાગને મોકલી આપવામાં આવે છે. ઉપરાંત, સંબંધિત વિભાગને લેખિત રજૂઆત કરવા અરજદારને સમજ પણ આપવામાં આવે છે.

## અમદાવાદ શહેરમાં પોલીસ ખાતાના રહેણાંકના કામો

૨૨૭૪૩ : **ડૉ. માયાબેન સુ. કોડનાની (નરોડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ શહેરમાં તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં કુલ કેટલી રકમના પોલીસ ખાતાના રહેણાંકના કામો હાથ પર લેવામાં આવ્યા, અને

(૨) આ કામો માટે કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે ?

**જવાબ**

(૧) અને (૨) : છેલ્લા ત્રણ વર્ષમાં હાથ પર લેવામાં આવેલ રહેણાંકના મકાનોના કામો અને તે માટે થયેલ ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| નાણાકીય વર્ષ | રહેણાંકના મકાનો | થયેલ ખર્ચ (રૂા. લાખમાં) |
|---|---|---|
| ૨૦૦૭-૨૦૦૮ | - | - |
| ૨૦૦૮-૨૦૦૯ | ૧૨૮ | ૭૭૪.૬૦ |
| ૨૦૦૯-૨૦૧૦ | ૧૨૦ | ૫૭૩.૨૨ |
| ૨૦૧૦-૨૦૧૧ | ૩૫૪ | ૧૯૦૫.૧૮ |
| **કુલ :** | **૬૦૨** | **૩૨૫૩.૦૦** |

## શાળાના બાળકોને ઉપયોગી સાયન્સ સીટીના કાર્યક્રમો

૨૨૭૨૪ : **શ્રી શિરીષકુમાર મ. શુકલ (ખંભાત) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાયન્સ સીટીના કાર્યક્રમો કેવી રીતે શાળાના બાળકોને ઉપયોગી છે તેમાં તા. ૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં છેલ્લા બે વર્ષમાં રાજ્યની કેટલી શાળાઓના કેટલા બાળકોએ ભાગ લીધેલ છે, અને

**જવાબ**

(૧) વિજ્ઞાન પ્રત્યે અભિરૂચી કેળવાય તે માટે અલગ અલગ વિષયોને અનુરૂપ પ્રવૃત્તિઓ મહત્વના વૈજ્ઞાનિક દિવસોની ઉજવણી વિવિધ વિષયો પર વ્યાખ્યાનો અને ચર્ચા વગેરેનું નિયમિતપણે આયોજન કરવામાં આવે છે. ગ્રામ્ય વિસ્તારના બાળકોના જ્ઞાનના વિકાસ માટે રેડિયો ઉપર દર મંગળવારે વિજ્ઞાનના વિષય પર જ્ઞાનવાણીનો જીવંત કાર્યક્રમ આપવામાં આવે છે. જેના દ્વારા વિદ્યાર્થીઓ રાજ્ય તેમજ રાષ્ટ્ર કક્ષાની વિવિધ શિષ્યવૃત્તિઓ તેમજ વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષા માટેની માહિતી મેળવી શકે છે. તેમજ તેઓ રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ભાગ લઈ પોતાની કારકિર્દી બનાવવા માટેની એક તક પૂરી પાડે છે.

તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યની ૪,૦૦૦ શાળાઓના ૩,૦૫,૮૯૯ બાળકોએ ભાગ લીધેલ છે.

(૨) શાળાના બાળકોને સાયન્સ સીટીમાં કોઈ કન્સેસન આપવામાં આવતું હોય તો તેની વિગતો શી છે ?

(૨) શાળાના બાળકોને સાયન્સ સીટી ખાતે નીચે મુજબ કન્સેસન આપવામાં આવે છે.

| ટીકીટનો ચાર્જ | સામાન્ય દર | | શાળા/ કોલેજના વિદ્યાર્થીઓના કન્સેશનલ દરો | |
|---|---|---|---|---|
| સુવિધા | સામાન્ય પુખ્ત | બાળકો | શાળા ગૃપ | કોલેજ ગૃપ |
| પ્રવેશ | ૧૦/- | ૫/- | ૧/- | ૫/- |
| આઈમેક્સ ફિલ્મ | | | | |
| વોકીંગ ઓન ધ મુન | ૧૨૫/- | ૧૦૦/- | ૯૦/- | ૧૦૦/- |
| અવતાર | ૨૦૦/- | ૧૫૦/- | ૧૫૦/- | ૧૫૦/- |

૩૦૦ થી વધુ વિદ્યાર્થીઓ હોય તો થ્રીડી ફિલ્મ વોકીંગ ઓન ધ મુન રૂા. ૫૦/- માં બતાવવામાં આવે છે. ઉપરાંત શાળાગૃપ માટે થ્રીલ રાઈડ કે જેનો સામાન્ય દર વ્યક્તિ દીઠ રૂા. ૨૫/- છે અને મીશન ટુ માર્સ રાઈડ કે જેનો સામાન્ય દર વ્યક્તિ દીઠ રૂા. ૩૦/- છે. તેમાં નીચે મુજબના ક્ન્સેસન આપવામાં આવે છે.
૨૫ થી વધારે વિદ્યાર્થીઓ હોય તો ૧૦%
૧૦૦ થી વધારે વિદ્યાર્થીઓ હોય તો ૧૫%
૨૦૦ થી વધારે વિદ્યાર્થીઓ હોય તો ૨૦%
૩૦૦ થી વધારે વિદ્યાર્થીઓ હોય તો ૨૫%

**અમદાવાદ, અમરેલી, આણંદ અને ખેડા જિલ્લામાં ખેડૂતોને ખેત વીજ ક્નેક્શનો**

૨૨૮૦૮ **: શ્રી નિરંજનભાઈ પટેલ (પેટલાદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ, અમરેલી, આણંદ અને ખેડા જિલ્લામાં જિલ્લાવાર તા. ૩૧-૦૩-૨૦૧૦ની સ્થિતિએ વર્ષવાર છેલ્લા બે વર્ષમાં ખેડૂતોને કેટલાં ખેત વીજ ક્નેક્શનોને મંજૂરી આપવામાં આવી,

(૨) કેટલી ખેત વીજ ક્નેક્શન અરજીઓ પડતર છે, અને

(૩) બાકી રહેલ અરજદારોને ક્યાં સુધીમાં વીજ ક્નેક્શનો આપવા માંગે છે ?

**જવાબ**

(૧) અમદાવાદ, અમરેલી, આણંદ અને ખેડા જિલ્લામાં તા. ૩૧-૦૩-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મંજૂર કરવામાં આવેલ વીજ જોડાણોની વિગતો નીચે મુજબ છે.

| જિલ્લો | ૨૦૦૮-૦૯ | ૨૦૦૯-૧૦ |
|---|---|---|
| અમદાવાદ | ૩૫૫ | ૩૯૭ |
| અમરેલી | ૩૯૮૦ | ૪૦૯૧ |
| આણંદ | ૨૨૧ | ૩૪૦ |
| ખેડા | ૨૮૯ | ૩૮૪ |

(૨) અમદાવાદ, અમરેલી, આણંદ અને ખેડા જિલ્લામાં આપવાપાત્ર કૃષિ વિજ જોડાણની કુલ ૫૦૮૭૩ અરજીઓ પડતર છે.

(૩) ખેતી હેતુ વીજ જોડાણ આપવાની કામગીરી એ સતત પ્રક્રિયા છે. રાજ્યના ખેડૂતોને સાતત્યપૂર્ણ અને ગુણવત્તા સભર વીજ પુરવઠો મળી રહે તે બાબત ધ્યાને લઈ ઉપલબ્ધ વિજ પુરવઠો, માળખાગત સુવિધા, વિજ તંત્ર પર પડનાર બોજો, નાણાકીય ફાળવણી વગેરે પાસાઓને ધ્યાને લઈ અને ડાર્કઝોનની નીતિને અનુલક્ષીને પ્રતિ વર્ષ નક્કી કરેલ લક્ષ્યાંક મુજબ કૃષિ વીજ જોડાણો આપવામાં આવતા હોય છે.

**રાજકોટ જિલ્લામાં ગુણવત્તાયુક્ત વીજ પુરવઠો મળે તે માટે ફીડરોનું વિભાજન**

૨૨૭૧૧ **: ડો. ભરતભાઈ બોઘરા (જસદણ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં જુદી જુદી ક્ષાના ગ્રાહકોને ગુણવત્તાયુક્ત વીજ પુરવઠો મળે તે માટે વર્ષ ૨૦૧૦-૧૧ દરમિયાન કેટલા ફીડરોનું વિભાજન કરવામાં આવ્યું, અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) અને (૨)

જુદી જુદી ક્ષાના વીજ ગ્રાહકોને ગુણવત્તાયુક્ત વીજ પુરવઠો મળે તે માટે રાજકોટ જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૧૧ દરમિયાન તા. ૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ રૂપિયા ૫૯૬.૩૬ લાખના ખર્ચે ૪૦ ફીડરોનું વિભાજન કરવામાં આવ્યું.

## નર્મદા બંધની ઉંચાઈ

૨૨૭૫૦ **: શ્રી દેવુસિંહ જે.ચૌહાણ (માતર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ નર્મદા બંધની ઉંચાઈ કેટલી છે,

(૨) આ ઉંચાઈએ કેટલું પાણી સંગ્રહી શકાય છે, અને

(૩) બંધની પૂર્ણ ઉંચાઈએ કેટલા પાણીનો સંગ્રહ કરી શકાશે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ નર્મદા બંધની ઉંચાઈ ૧૨૧.૯૨ મીટર છે.

(૨) આ ઉંચાઈએ ૫૨૮૦ મિલીયન ઘન મીટર પાણી સંગ્રહી શકાય છે.

(૩) બંધની પૂર્ણ ઉંચાઈની કામગીરી પૂરી થતાં ૯૬૫૫ મિલીયન ઘન મીટર પાણી સંગ્રહી શકાશે.

## માંડવી તાલુકાના કડોદ આઉટ પોલીસ સ્ટેશનનું મહેકમ

૨૨૬૨૦ **: શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ (બારડોલી) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ સુરત જિલ્લાના માંડવી તાલુકાના કડોદ આઉટ પોલીસ સ્ટેશનની હદમાં કેટલા ગામોનો સમાવેશ થાય છે,

(૨) આ આઉટ પોલીસ સ્ટેશનમાં કેટલા જમાદાર અને કેટલા કોન્સ્ટેબલ ફરજ બજાવે છે, અને

(૩) આ આઉટ પોલીસ સ્ટેશનની હદમાં ચાલીસથી પચાસ હજારની વસ્તી છે તો આઉટ પોલીસ સ્ટેશનમાં મહેકમ વધારવાનું સરકારનું શું આયોજન છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ સુરત જિલ્લાના માંડવી તાલુકાના કડોદ આઉટ પોલીસ સ્ટેશનની હદમાં ૧૭ ગામોનો સમાવેશ થાય છે.

(૨) આ આઉટ પોલીસ સ્ટેશનમાં ૧ જમાદાર અને ૩ કોન્સ્ટેબલ ફરજ બજાવે છે.

(૩) આઉટ પોલીસ સ્ટેશનમાં મહેકમ વધારવાની બાબત જે તે વિસ્તારની વસ્તી, વિસ્તાર અને ગુનાના પ્રમાણને ધ્યાને રાખીને ઉપલબ્ધ મહેકમના સંદર્ભમાં જરૂરિયાત ઉપસ્થિત થયે આયોજન કરવામાં આવે છે.

## પંડિત દીનદયાળ યુનિવર્સિટી રાષ્ટ્રીય કક્ષાની બનાવવા અંગે

૨૨૭૦૨ **: શ્રી દિલિપસિંહજી પરમાર (મોડાસા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પંડિત દીન દયાળ યુનિ.ને આંતરરાષ્ટ્રીય કક્ષાની યુનિ. બનાવવા, આંતરરાષ્ટ્રીય કક્ષાએ કોઈ કરારો કરવામાં આવ્યા હોવાની હકિકત સાચી છે, અને

(૨) તો આ અંગેની વિગતો શી છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) સામેલ પત્રક મુજબ.

### પત્રક
### આંતરરાષ્ટ્રીય યુનિવર્સિટી / યુનિવર્સિટી

| અ.નં. | યુનિવર્સિટીનું નામ | દેશ | કરારની વિગત |
|---|---|---|---|
| (૧) | યુનિવર્સિટી ઓફ ટલ્સા ઓક્લાહોમા સ્ટેટ. | યુનાઈટેડ સ્ટેટ ઓફ અમેરિકા | (૧) ઓઈલ અને ગેસ સંશોધન<br>(૨) સ્ટુડન્ટ એક્ષચેન્જ |
| (૨) | યુનિવર્સિટી ઓફ ઓક્લાહોમા સ્ટેટ. | યુનાઈટેડ સ્ટેટ ઓફ અમેરિકા | (૧) શેલ ગેસ સંશોધન<br>(૨) સ્ટુડન્ટ એક્ષચેન્જ |
| (૩) | જ્યોર્જીયા ટેક યુનિવર્સિટી એટલાન્ટા | યુનાઈટેડ સ્ટેટ ઓફ અમેરિકા | (૧) ટાઈટ ગેસ સંશોધન<br>(૨) સોર્ય ઉર્જા સંશોધન |
| (૪) | યુનિવર્સિટી ઓફ હ્યુસ્ટન ટેક્ષાસ | યુનાઈટેડ સ્ટેટ ઓફ અમેરિકા | (૧) ઓઈલ અને ગેસ સંશોધન<br>(૨) લીબરલ આર્ટ સંશોધન |
| (૫) | ટેક્સાસ એ એન્ડ એમ યુનિવર્સિટી, ટેક્ષસાસ | યુનાઈટેડ સ્ટેટ ઓફ અમેરિકા | (૧) ન્યુક્લિયર એનર્જી સંશોધન<br>(૨) સ્ટુડન્ટ એક્ષચેન્જ |
| (૬) | યુનિવર્સિટી ઓફ સસ્કાચવાન, સસ્કાચવાન | કેનેડા | એન્જીનિયરીંગ ફીલ્ડમાં સંયુક્ત સંશોધન માટે |
| (૭) | યુનિવર્સિટી ઓફ વેસ્ટર્ન ઓનટારીયો, ઓનટારીયો | કેનેડા | સોર્ય ઉર્જા સંશોધન ક્ષેત્રમાં |

### આંતરરાષ્ટ્રીય ઈન્ડસ્ટ્રીઝ/યુનિવર્સિટી

| | | |
|---|---|---|
| (૧) | શેલ હજીરા એલ.એન.જી. પ્રા. લી. (શેલ ગૃપ, નેધરલેન્ડ અને ટોટાલ ગૃપ, ફ્રાન્સનું સંયુક્ત સાહસ) | ચેર પ્રોફેસર ઈન ઓઈલ એન્ડ ગેસ-૧૦ વર્ષ માટે અંદાજીત ૧.૧ મીલીયન ડોલર સહાય સાથે. |
| (૨) | હજીરા પોર્ટ પ્રા. લી. - (શેલ ગૃપ, નેધરલેન્ડ અને ટોટાલ ગૃપ, ફ્રાન્સનું સંયુક્ત સાહસ) | (૧) ઓઈલ અને ગેસના અભ્યાસક્રમ તૈયાર કરવા બાબતે<br>(૨) ઈન્ટરનેશનલ એક્ષપર્ટ વિઝીટીંગ ફેકલ્ટી તરીકે પૂરા પાડવા બાબત. |
| (૩) | મીનીસ્ટ્રી ઓફ ઈન્ફ્રાસ્ટ્રક્ચર રીપબ્લીક ઓફ રવાન્ડા | સ્ટુડન્ટ એક્ષચેન્જ. |

--------

## સન ૨૦૦૫ અને ૨૦૦૭ના વાયબ્રન્ટ ગ્લોબલ ગુજરાત ઈન્વેસ્ટર્સ સમિટમાં સાબરકાંઠા જિલ્લામાં મુડી રોકાણના એમ.ઓ.યુ.

૨૨૮૧૬ **: શ્રી અશ્વિન કોટવાલ (ખેડબ્રહ્મા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સન ૨૦૦૫ અને ૨૦૦૭ વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટમાં સાબરકાંઠા જિલ્લામાં મૂડી રોકાણો માટેના કુલ કેટલી રકમના એમ.ઓ.યુ. થયા હતા,

(૨) તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ તે પૈકીનું વાસ્તવિક મૂડીરોકાણ ખરેખર આ જ જિલ્લામાં કેટલું થયું છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ કેટલા ઉદ્યોગો ઉત્પાદનમાં ગયા ?

**જવાબ**

(૧) સાબરકાંઠા જિલ્લામાં વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર સમીટ વર્ષ-૨૦૦૫માં કોઈ એમ.ઓ.યુ. થયા ન હતા. વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર સમીટ-૨૦૦૭માં કુલ ૧૨૦ કરોડના મૂડીરોકાણ માટેનો એક એમ.ઓ.યુ. થયેલ.

(૨) અને (૩) : તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં ૨૦૦૭ સમીટમાં એમ.ઓ.યુ. થયેલ એક પ્રોજેક્ટ પડતો મૂકાયેલ છે.

## કોલસા આધારિત વીજ ઉત્પાદન

૨૨૭૫૨ **: શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા (ઉપલેટા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યના કોલસા આધારિત વીજ મથકો માટે અન્ય રાજ્યોમાંથી કોલસો મેળવવામાં આવે છે, તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો રાજ્યના વીજ મથકો માટે તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ક્યા ક્યા રાજ્યોમાંથી કોલસાનો જથ્થો મેળવવામાં આવ્યો, અને

(૩) ઉક્ત સ્થિતિએ તેનો વર્ષવાર પડતર ખર્ચ કેટલો કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) અને (૩) : છેલ્લા ત્રણ વર્ષમાં છત્તીસગઢ અને મહારાષ્ટ્ર રાજ્યોમાંથી કોલસાનો જથ્થો મેળવવામાં આવ્યો. જેના જથ્થા અને પડતર ખર્ચની વર્ષવાર વિગતો નીચે મુજબ છે.

| વર્ષ | મહારાષ્ટ્રથી મેળવાયેલા કોલસા | | | છત્તીસગઢથી મેળવાયેલ કોલસા | | |
|---|---|---|---|---|---|---|
| | જથ્થો (લાખ ટનમાં) | પડતર ખર્ચ (રૂા. મે.ટન) | કુલ ખર્ચ (રૂા. કરોડ) | જથ્થો (લાખ ટનમાં) | પડતર ખર્ચ (રૂા. મે.ટન) | કુલ ખર્ચ (રૂા. કરોડ) |
| ૨૦૦૮ | ૮.૦૯ | ૧૯૬૯ | ૧૫૯.૨૯ | ૧૬૫.૩૩ | ૨૪૦૯ | ૩૯૮૨.૮૦ |
| ૨૦૦૯ | ૧૦.૬૧ | ૧૯૯૨ | ૨૧૧.૩૫ | ૧૬૨.૧૪ | ૨૬૫૫ | ૪૩૦૪.૮૨ |
| ૨૦૧૦ | ૧૨.૪૮ | ૨૧૪૪ | ૨૬૭.૫૭ | ૧૫૭.૦૭ | ૨૬૭૯ | ૪૨૦૭.૯૦ |

--------

## વડોદરા શહેરમાં પોલીસ ખાતાના રહેણાંકના કામો

૨૨૭૪૪ **: શ્રી ભૂપેન્દ્રભાઈ લાખાવાળા (વડોદરા શહેર ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા શહેરમાં તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં કુલ કેટલી રકમના પોલીસ ખાતાના રહેણાંકના કામો હાથ પર લેવામાં આવ્યા, અને

(૨) આ કામો માટે કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે?

**જવાબ**

(૧) અને (૨) : છેલ્લા ત્રણ વર્ષમાં હાથ પર લેવામાં આવેલ રહેણાંકના મકાનોના કામો અને તે માટે થયેલ ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| નાણાકીય વર્ષ | રહેણાંકના મકાનો | થયેલ ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|---|
| ૨૦૦૭-૦૮ | -- | -- |
| ૨૦૦૮-૦૯ | ૭૨ | ૩૫૮.૯૦ |
| ૨૦૦૯-૧૦ | ૭૫ | ૩૮૬.૦૫ |
| ૨૦૧૦-૧૧ | ૧૪૪ | ૭૯૫.૮૧ |
| **કુલ** | **૨૯૧** | **૧૫૪૦.૭૬** |

--------

## સાયન્સ સીટીના ઉપક્રમે વિજ્ઞાનને લગતા પ્રદર્શનો

૨૨૭૨૩ **: શ્રી ભૂષણભાઈ ભટ (ખાડીયા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાયન્સ સીટી ખાતે સરકારના વિભાગો અને સંસ્થાઓ દ્વારા વિજ્ઞાન લગતા પ્રદર્શનો યોજવામાં આવે છે તે હકીક્ત સાચી છે, અને

(૨) જો હા, તો તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા પ્રદર્શન યોજાયેલ છે, અને આ પ્રદર્શનોનો કેટલા વિદ્યાર્થીઓએ લાભ લીધેલ છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરકારના અન્ય વિભાગો/સંસ્થાઓ દ્વારા કુલ ૪ વિજ્ઞાન પ્રદર્શન યોજાયેલ છે. ઉપરોક્ત કાર્યક્રમમાં લાભ લેનાર વિદ્યાર્થીઓની માહિતી નીચે મુજબ છે.

| ૭ | વિગત | શાળાના બાળકો |
|---|---|---|
| ૧ | ૧૦ થી ૨૫ ડિસેમ્બર ૨૦૦૯ દરમ્યાન ડાર્વિન પ્રદર્શન | ૩૩,૮૨૬ |
| ૨ | ૨૭ થી ૩૧ ડિસેમ્બર ૨૦૦૯ દરમ્યાન નેશનલ ચિલ્ડ્રન સાયન્સ કોંગ્રેસ (પ્રદર્શન) | ૨૯,૦૮૦ |
| ૩ | ૨૨ થી ૨૫ નવેમ્બર ૨૦૧૦ દરમ્યાન ગણિત વિજ્ઞાન પ્રદર્શન | ૪૦,૦૦૦ |
| ૪ | ૨૯ ઓકટેબર ૨૦૧૦ દરમ્યાન સેટેલાઈટ મેટીટીરીયોલોજી ૫૦ વર્ષની સફળ યાત્રા પર પ્રદર્શન | ૬૨૨૭ |

## કપરાડા તાલુકામાં નવા ઉદ્યોગોની સ્થાપના

૨૨૮૦૨ **: શ્રી જીતુભાઈ ચૌધરી (મોટા પોંઢા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વલસાડ જિલ્લામાં કપરાડા તાલુકામાં તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલા નવા ઉદ્યોગો સ્થાપવામાં આવ્યા, અને

(૨) આવા નવા ઉદ્યોગો સ્થાપવાની બાબતે પછાત તાલુકાઓમાં બિન પ્રદુષિત પ્રકારના ઉદ્યોગો સ્થાપવા સરકારે શી કાર્યવાહી કરી?

**જવાબ**

(૧) વલસાડ જિલ્લામાં કપરાડા તાલુકામાં માઈક્રો, લઘુ, મધ્યમ અને મોટા ઉદ્યોગો મળી કુલ ૫૯ ઉદ્યોગો માટે એન્ટ્રપ્રિનિયોર મેમોરેન્ડમ પાર્ટ-૨ એક્નોલેજમેન્ટ આપવામાં આવેલ છે.

(૨) ઉપરનાં તમામ ઉદ્યોગો બિનપ્રદુષિત પ્રકારનાં છે. પ્રદુષિત પ્રકારનાં ઉદ્યોગોને નોંધણી આપતાં પહેલા ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બૉર્ડની મંજૂરી હોવી આવશ્યક છે.

## કચ્છ જિલ્લાની શારકામ યોજનાના નિયંત્રણ અધિકારી અને ભૂસ્તરશાસ્ત્રી સામે કરેલ ફરીયાદ

૨૨૮૩૭ **: શ્રી સુરેશકુમાર ચ. પટેલ (કલોલ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજકોટ ખનિજ સંશોધન વર્તુળ હેઠળના કચ્છ જિલ્લાની શારકામ યોજનાના નિયંત્રણ અધિકારી અને ભૂસ્તરશાસ્ત્રી વર્ગ-૧ની સામે કેટલા ધારાસભ્યશ્રીઓ, સંસદ સભ્યશ્રીઓ અને લીઝ હોલ્ડરોએ તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન કેટલી ફરિયાદો કરી છે, અને

(૨) આ ફરીયાદો અન્વયે સરકાર દ્વારા શાં પગલાં લેવામાં આવેલ છે?

**જવાબ**

(૧)

| અ.નં. | ફરીયાદ કરનાર | ૨૦૦૮ | ૨૦૦૯ | ૨૦૧૦-૧૧ (તા.૩૧-૧-૧૧ સુધી) |
|---|---|---|---|---|
| ૧ | માન. ધારાસભ્યશ્રી | -- | -- | ૦૨ |
| ૨ | માન સંસદસભ્યશ્રી | -- | -- | ૦૧ |
| ૩ | લીઝ હોલ્ડરો | ૦૨ | -- | ૦૯ |
| | કુલ | ૦૨ | -- | ૧૨ |

(૨) (૧) માન. ધારાસભ્યશ્રીઓ તરફથી બે ફરીયાદો મળેલ છે જેની તપાસ ચાલુ છે.

(૨) માન. સંસદસભ્યશ્રી તરફથી એક ફરીયાદ મળેલ છે જેની તપાસ ચાલુ છે.

(૩) લીઝ હોલ્ડરો તરફથી કુલ અગિયાર ફરીયાદો મળેલ છે જે પૈકી એક ફરીયાદ દફતરે થયેલ છે અન્ય

એક ફરીયાદ અંગે કમિશનરશ્રી, ભૂસ્તર વિજ્ઞાન અને ખનિજનો અહેવાલ માંગવામાં આવેલ છે અને નવ ફરીયાદોની તપાસ સોંપવામાં આવેલ છે.

## દરિયા કિનારે ક્રુડ ઓઈલ આયાત કરતા બંદરો

૨૨૭૦૯ **: શ્રી રમેશભાઈ વ.મહેશ્વરી (મુંદ્રા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ રાજ્યના દરિયા કિનારે ક્રુડ ઓઈલ આયાત કરવા માટે ક્યા ક્યા બંદરોએ બંદરીય સુવિધાઓ (S.B.M.) ઉપલબ્ધ છે, અને

(૨) જે બંદરો ઉપર ઉપરોક્ત સુવિધા ઉપલબ્ધ નથી તે બંદરોને સુવિધાસભર બનાવવા માટે કોઈ આયોજન કરવામાં આવનાર છે કે કેમ?

**જવાબ**

(૧) સિક્કા બંદર અને મુન્દ્રા બંદર.

(૨) ના, જી પરંતુ ક્રુડ ઓઈલની માંગની જરૂરીયાત અનુસાર જે તે બંદરોના શક્યતાદર્શી અહેવાલ (ફીઝીબીલીટી રીપોર્ટ) અનુસાર એસ.બી.એમ. ની સુવિધા વિક્સાવવાનું વિચારણામાં લઈ શકાય.

## સુરત જિલ્લામાં પોલીસ ખાતાના રહેણાંક્ના કામો

૨૨૭૨૮ **: શ્રી કિરીટભાઈ ગં.પટેલ (ઓલપાડ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લામાં તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં કુલ કેટલી રકમના પોલીસ ખાતાના અને રહેણાંક્ના કામો હાથ પર લેવામાં આવ્યા, અને

(૨) આ કામો માટે કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે?

**જવાબ**

(૧) અને (૨) છેલ્લાં ત્રણ વર્ષમાં હાથ પર લેવામાં આવેલ રહેણાંક્ના મકાનોના કામો અને તે માટે થયેલ ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| નાણાકીય વર્ષ | રહેણાંક્ના મકાનો | થયેલ ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|---|
| ૨૦૦૮-૦૯ | ૧૯ | ૧૫૫.૮૧ |
| ૨૦૦૯-૧૦ | -- | -- |
| ૨૦૧૦-૧૧ | ૧૫૯ | ૮૫૩.૧૬ |
| **કુલ** | **૧૭૮** | **૧૦૦૮.૯૭** |

--------

## કોલસા આધારિત વીજ ઉત્પાદન

૨૨૭૫૩ **: શ્રી કાંતિભાઈ અમૃતિયા (મોરબી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ રાજ્યમાં કોલસા આધારિત વીજ ઉત્પાદન કરતા વીજ મથકો ઈમ્પોર્ટેડ કોલ વાપરવામાં આવે છે તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો રાજ્યના વીજ મથકોમાં વર્ષ ૨૦૦૯-૧૦ અને વર્ષ ૨૦૧૦-૧૧ દરમ્યાન અને તા. ૩૧ ડીસેમ્બર, ૨૦૧૦ની સ્થિતિએ ઈમ્પોર્ટેડ કોલસાનો કેટલો વપરાશ થયો, અને

(૩) ઉક્ત સ્થિતિએ વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

**જવાબ**

(૧) હા, જી. કેન્દ્ર સરકારની વર્તમાન નીતિ મુજબ રાજ્ય સરકાર હેઠળના ગુજરાત સ્ટેટ ઈલેકટ્રીસીટી કોર્પોરેશન લી. ના કોલ આધારિત વીજ મથકોની વાર્ષિક કોલની ૧૯ મીલીયન મે. ટન પ્રતિ વર્ષની જરૂરિયાત સામે ૧.૪૮ મીલીયન મે ટન પ્રતિ વર્ષની સ્વદેશી કોલની લિન્કેજ ન મળવાને કારણે ફરજિયાત પણે આયાતી કોલનો વપરાશ કરવો પડે છે. પરિણામે રાજ્યને છેલ્લા બે નાણાંક્યિ વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ રૂ. ૫૧૭ કરોડનું વધારાનું ભારણ વહન કરવું પડેલ છે.

(૨) રાજ્યના વીજ મથકોમાં વર્ષ ૨૦૦૯-૧૦ માં ૧.૪૦ મીલીયન મે. ટન અને વર્ષ ૨૦૧૦-૧૧માં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ ૦.૯૨ મીલીયન મે. ટન. ઈમ્પોર્ટેડ કોલસાનો વપરાશ થયો.

(૩) ઈમ્પોર્ટેડ કોલસાના વપરાશ પાછળ વર્ષ ૨૦૦૯-૧૦માં રૂ. ૭૭૧.૩૨ કરોડ અને વર્ષ ૨૦૧૦-૧૧ માં તા. ૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ રૂ. ૬૨૮.૮૦ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે.

**દાહોદ જિલ્લામાં બનેલા માર્ગ અકસ્માતના બનાવો**

૨૨૬૦૭ **: શ્રી બચુભાઈ કિશોરી (લીમડી) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં કુલ કેટલા માર્ગ અકસ્માતના બનાવ બન્યા, અને

(૨) આ બનાવોમાં કેટલા લોકોના મૃત્યુ થયા?

**જવાબ**

(૧) ૧૦૬૬ અકસ્માત થયા.

(૨) ૩૭૭ મૃત્યુ થયા.

--------

**ભરૂચ દહેજ વિસ્તારમાં પેટ્રોકેમિકલ્સ ઈન્વેસ્ટમેન્ટની સુવિધા**

૨૨૪૩૭ **: શ્રી ઈકબાલ પટેલ (વાગરા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૦૧-૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ દહેજ વિસ્તારમાં પેટ્રોલીયમ કેમીકલ્સ અને પેટ્રો કેમીકલ્સ ઈન્વેસ્ટમેન્ટ રીજીયન અંતગર્ત કેટલી પર્યાવરણની સુરક્ષા માટેની જાહેર સુવિધાઓ, રહેણાંક વિસ્તાર સેવા ઝોન પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો,

(૨) આ રીજીયનને વિકસાવતી વખતે હયાત રહેણાંક (હેબીટેશન) ને નુકસાન ન થાય અને તે યથાવત રાખવા કેવા પ્રકારનું આયોજન કરવામાં આવ્યુ, અને

(૩) સુચીત માસ્ટર પ્લાન મુજબ પ્રોસેસીંગ ઝોન કેટલો રાખવામાં આવ્યો, કેટલા રહેણાંકના ગામો ફરતે આ પી.સી.પી.આઈ.આર.નો એરીયા વિસ્તાર છે?

**જવાબ**

(૧) તા. ૩૧-૦૧-૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ દહેજ વિસ્તારમાં પેટ્રોલીયમ કેમીકલ્સ અને પેટ્રો કેમીકલ્સ ઈન્વેસ્ટમેન્ટ રીજીયન અંતગર્ત ભૂગર્ભ ગટર યોજના તથા વૃક્ષારોપણ તેમજ રહેણાંક વિસ્તાર સેવા માટે ભૂગર્ભ ગટર યોજનાની સુવિધાઓ માટે ₹ ૩૨૯૬.૪૩/-લાખનો ખર્ચ થયેલ છે

(૨) હયાત રહેણાંક (હેબીટેશન) ને નુકશાન ન થાય તે માટે ગામતળમાં કોઈ ફેરફાર કરવામાં આવેલ નથી અને ગામતળના કુદરતી વિકાસ માટે ૬ (છ) ગામની ૧૬૩ હેકટર જમીનનું સંપાદન કરવામાં આવ્યું નથી. અને નવા જીડીસીઆર મુજબ રહેણાંકને લગતા ઓદ્યોગિક વિસ્તારમાં ૫૦ મી. પહોળા ગીન બફર ઝોનની જોગવાઈ કરવામાં આવી છે.

(૩) પ્રોસેસીંગ ઝોન ૫૪.૫૪ %
૪૪ ગામો.

--------

**નર્મદા યોજનાના બન્ને વીજ મથકમાંથી વીજ ઉત્પાદન**

૨૨૭૪૯ **: શ્રી ઉપેન્દ્રસિંહ પ્ર.ગોહિલ (વડોદરા (ગ્રામ્ય) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નર્મદા યોજનાના બન્ને વીજ મથકમાંથી તા. ૩૧-૧૨-૧૦ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલું વીજ ઉપાદન થયેલ છે, અને

(૨) તે પૈકી વર્ષ ૨૦૧૦ દરમ્યાન ઉત્પન્ન થયેલ વીજળીમાંથી સરકારને કેટલી આવક મળેલ છે?

**જવાબ**

(૧) ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં નર્મદા યોજનાના બંને વીજ મથકમાંથી નીચે મુજબ વીજ ઉત્પાદન થયેલ છે.

| વર્ષ | વીજ ઉત્પાદન કરોડ એકમ |
|---|---|
| ૨૦૦૮ | ૨૫૩.૬૬ |
| ૨૦૦૯ | ૨૧૨.૮૧ |
| ૨૦૧૦ | ૩૫૯.૫૬ |
| | ૮૨૬.૦૩ કરોડ |

(૨) વર્ષ ૨૦૧૦ દરમ્યાન ઉત્પન્ન થયેલ ૩૫૯.૫૬ કરોડ વીજ એકમની કિંમત હાલના બજાર ભાવ રૂ. ૪.૦૦ પ્રતિ એકમ ગણતા આશરે રૂ. ૧૪૪૦ કરોડનું વીજ ઉત્પાદન થયેલ છે.

**આણંદ જિલ્લામાં ઈંટો બનાવનારા પાસેથી વસૂલ કરેલ રોયલ્ટી**

૨૨૮૧૮ **: શ્રી અમીતભાઈ ચાવડા (બોરસદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં આણંદ જિલ્લામાં તાલુકાવાર કેટલા ઈંટો બનાવનારા પાસેથી કેટલી રોયલ્ટી વસૂલ કરવામાં આવેલ છે,

(૨) રોયલ્ટી ચોરીના કેટલા કિસ્સાઓ ધ્યાને આવેલ છે, અને

(૩) જવાબદારો સામે શાં પગલાં લેવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં આણંદ જિલ્લામાં તાલુકાવાર ઈંટો બનાવનારા પાસેથી રૂા. ૧,૧૬,૨૫,૬૨૦/- રોયલ્ટી વસૂલ કરેલ છે જેનું પત્રક સામેલ છે.

(૨) રોયલ્ટી ચોરીના ૧૩૨ કિસ્સાઓ ધ્યાને આવેલ છે.

(૩) જવાબદારો પાસે થી રૂા. ૨૩,૨૨,૧૮૦/- દંડકીય રકમ વસુલ કરવામાં આવેલ છે.

**પત્રક**

**જાન્યુઆરી-૦૮ થી ડીસે-૦૯ ના આણંદ જિલ્લાના તાલુકાવાર ઈંટભઠ્ઠાની રોયલ્ટીની આવક**

| અનુ. | તાલુકા | કુલ ઈંટભઠ્ઠા | કુલ રોયલ્ટીની આવક રૂા. |
|---|---|---|---|
| ૧ | આણંદ | ૧૩ | ૩,૦૦,૦૦૦ |
| ૨ | આંકલાવ | ૪૨ | ૧૦,૨૭,૫૦૦ |
| ૩ | બોરસદ | ૩૫ | ૯,૫૨,૫૦૦ |
| ૪ | પેટલાદ | ૨૩ | ૫,૫૫,૦૦૦ |
| ૫ | ખંભાત | ૧૪ | ૩,૧૫,૦૦૦ |
| ૬ | સોજીત્રા | ૦૬ | ૧,૩૫,૦૦૦ |
| ૭ | ઉમરેઠ | ૦૪ | ૯૭,૦૦૦ |
| ૮ | તારાપુર | નીલ | નીલ |
| | કુલ : | ૧૩૭ | ૩૩,૮૨,૦૦૦ |

**પત્રક**

**જાન્યુઆરી-૦૯ થી ડિસે. ૨૦૦૯ના આણંદ જિલ્લાના તાલુકાવાર ઈંટભઠ્ઠાની રોયલ્ટીની આવક**

| અનુ. | તાલુકા | કુલ ઈંટભઠ્ઠા | કુલ રોયલ્ટીની આવક રૂા. |
|---|---|---|---|
| ૧ | આણંદ | ૨૫ | ૭,૩૨,૫૦૦ |
| ૨ | આંકલાવ | ૪૩ | ૧૫,૫૨,૯૨૫ |
| ૩ | બોરસદ | ૩૭ | ૧૨,૪૩,૪૪૫ |
| ૪ | પેટલાદ | ૩૨ | ૭,૧૯,૧૫૦ |
| ૫ | ખંભાત | ૧૨ | ૨,૬૪,૨૦૦ |
| ૬ | સોજીત્રા | ૨૩ | ૨,૭૬,૧૫૦ |
| ૭ | ઉમરેઠ | ૦૨ | ૭૪,૮૫૦ |
| ૮ | તારાપુર | ૦૧ | ૭૨૦૦ |
| | કુલ : | ૧૭૫ | ૪૮૭૦૪૨૦ |

**પત્રક**

**જાન્યુઆરી-૧૦ થી ડિસે. તા. ૩૧-૧-૨૦૧૧ સુધીના આણંદ જિલ્લાના તાલુકાવાર ઈંટભઠ્ઠાની રોયલ્ટીની આવક**

| અનુ. | તાલુકા | કુલ ઈંટભઠ્ઠા | કુલ રોયલ્ટીની આવક રૂા. |
|---|---|---|---|
| ૧ | આણંદ | ૨૧ | ૬,૦૪,૮૦૦ |
| ૨ | આંકલાવ | ૨૩ | ૭,૪૧,૬૦૦ |
| ૩ | બોરસદ | ૪૧ | ૧૧,૬૬,૪૦૦ |
| ૪ | પેટલાદ | ૨૧ | ૪,૮૯,૬૦૦ |
| ૫ | ખંભાત | ૦૫ | ૯૩,૬૦૦ |
| ૬ | સોજીત્રા | ૩૧ | ૨,૩૦,૪૦૦ |
| ૭ | ઉમરેઠ | ૦૩ | ૪૬,૮૦૦ |
| ૮ | તારાપુર | નીલ | નીલ |
| | કુલ : | ૧૪૫ | ૩૩,૭૩,૨૦૦ |
| | | કુલ : | ૧,૧૬,૨૫,૬૨૦/- |

**રાજ્યના દરિયા કિનારે શિપ બિલ્ડીંગ પાર્ક વિકસાવવા અંગે**

૨૨૭૦૮ **: શ્રી રાજસીભાઈ જોટવા (સોમનાથ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં રાજ્યના દરિયા કિનારે શિપબિલ્ડીંગ પાર્ક વિકસાવવા કેટલી દરખાસ્તોને મંજૂરી આપવામાં આવેલ છે, અને

(૨) તેનાથી શિપબિલ્ડીંગની ક્ષમતામાં કેટલો વધારો થનાર છે ?

**જવાબ**

(૧) ૯ (નવ).

(૨) પ્રતિ વર્ષ ૯.૪ લાખ ડેડ વેઈટ ટનેજ.

**વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ-૨૦૦૭ અને ૨૦૦૯ માં સમિટ વાઈઝ રોજગારી**

૨૨૬૨૫ **: શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા (મેઘરજ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ ૨૦૦૭ અને ૨૦૦૯માં પ્રત્યેક સમિટ વાઈઝ કેટલી નવી રોજગારી નિર્માણ અપેક્ષિત હતી, અને

(૨) તે પૈકી તા. ૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ સમિટ વાઈઝ કેટલી રોજગારી નિર્માણ થઈ ?

**જવાબ**

(૧) વાઈબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર્સ સમિટ-૨૦૦૭ માં કુલ ૧૩૧૨૪૩૬ રોજગારી અને સમિટ ૨૦૦૯માં કુલ ૨૯૮૧૦૨૧ રોજગારીનું નિર્માણ અપેક્ષિત હતું.

(૨) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ સમિટ ૨૦૦૭માં થયેલ એમ.ઓ.યુ. હેઠળના પ્રોજેક્ટમાં કુલ ૭૫,૪૬૩ રોજગારીનું અને સમિટ ૨૦૦૯માં થયેલ એમ.ઓ.યુ. હેઠળના પ્રોજેક્ટમાં કુલ ૩,૮૪,૯૭૪ પ્રત્યક્ષ રોજગારીનું નિર્માણ થયેલ છે. વધુમાં સમિટ ૨૦૦૭માં ૧૫૩ પ્રોજેક્ટો અમલીકરણ હેઠળ અને ૩૯ પ્રોજેક્ટો પ્રાથમિક તબક્કા હેઠળ છે. સમિટ ૨૦૦૯માં ૮૭૫ પ્રોજેક્ટો અમલીકરણ હેઠળ અને ૬૫૨૮ પ્રોજેક્ટો પ્રાથમિક તબક્કા હેઠળ છે જેમાં ભવિષ્યમાં વધુ પ્રત્યક્ષ અને પરોક્ષ રોજગારીનું નિર્માણ થવાની સંભાવના છે.

-------

**ભરૂચ જિલ્લામાં પોલીસ ખાતાના રહેણાંક્ના કામો**

૨૨૭૨૭ **: શ્રી દુષ્યંતભાઈ ર.પટેલ (ભરૂચ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભરૂચ જિલ્લામાં તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કુલ કેટલી રકમના પોલીસ ખાતાના રહેણાંક્ના કામો હાથ પર લેવામાં આવ્યા, અને

(૨) આ કામો માટે કુલ કેટલી રકમનો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) અને (૨) : છેલ્લા ત્રણ વર્ષમાં હાથ પર લેવામાં આવેલ રહેણાંક્ના મકાનોના કામો અને તે માટે થયેલ ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| નાણાકીય વર્ષ | રહેણાંક્ના મકાનો | થયેલ ખર્ચ (રૂા. લાખમાં) |
|---|---|---|
| ૨૦૦૭-૨૦૦૮ | - | - |
| ૨૦૦૮-૨૦૦૯ | ૧૨ | ૭૪.૦૦ |
| ૨૦૦૯-૨૦૧૦ | ૧૧૮ | ૭૭૪.૨૩ |
| ૨૦૧૦-૨૦૧૧ | ૨૭૪ | ૧૭૨૦.૧૪ |
| કુલ : | ૪૦૪ | ૨૫૬૮.૩૭ |

**રાજકોટ જિલ્લામાં પોલીસ ખાતાના રહેણાંક્ના કામો**

૨૨૭૪૧ **: શ્રીમતી ભાનુબેન મ.બાબરીયા (રાજકોટ ગ્રામ્ય) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લામાં તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કુલ કેટલી રકમના પોલીસ ખાતાના રહેણાંક્ના કામો હાથ પર લેવામાં આવ્યા, અને

(૨) આ કામો માટે કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે ?

**જવાબ**

(૧) અને (૨) : છેલ્લા ત્રણ વર્ષમાં હાથ પર લેવામાં આવેલ રહેણાંક્ના મકાનોના કામો અને તે માટે થયેલ ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| નાણાકીય વર્ષ | રહેણાંક્ના મકાનો | થયેલ ખર્ચ (રૂા. લાખમાં) |
|---|---|---|
| ૨૦૦૭-૨૦૦૮ | - | - |
| ૨૦૦૮-૨૦૦૯ | ૯૬ | ૫૧૪.૧૦ |
| ૨૦૦૯-૨૦૧૦ | - | - |
| ૨૦૧૦-૨૦૧૧ | ૨૪૭ | ૧૪૩૯.૬૦ |
| કુલ : | ૩૪૩ | ૧૯૫૩.૭૦ |

## કચ્છ જિલ્લાની શારકામ યોજના નિયંત્રણ અધિકારી અને ભૂસ્તરશાસ્ત્રી સામે કરેલ ફરીયાદ

૨૨૮૪૦ **: શ્રી હરીલાલ પટેલ (ધ્રાંગધ્રા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ અને ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજકોટ ખનિજ સંશોધન વર્તુળ હેઠળના કચ્છ જિલ્લાના શારકામ યોજનાના નિયંત્રણ અધિકારી અને ભૂસ્તરશાસ્ત્રી વર્ગ-૧ની સામે કેટલા ધારાસભ્યશ્રીઓ, સંસદ સભ્યશ્રીઓ અને લીઝ હોલ્ડરોએ તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન ગેરશિસ્ત અને ભ્રષ્ટાચારની ફરીયાદો કરી છે,

(૨) આ ફરીયાદો અન્વયે સરકાર દ્વારા શું પગલાં લેવામાં આવેલ છે, અને

(૩) જો ના, તો સરકાર પગલાં લેવા માંગે છે કે કેમ ?

**જવાબ**

(૧)

| અનુ. ક્રમ | ફરીયાદ કરનાર | ૨૦૦૮ | ૨૦૦૯ | ૨૦૧૦-૧૧ (તા. ૩૧-૧-૧૧ સુધી) |
|---|---|---|---|---|
| ૧ | માન. ધારાસભ્યશ્રી | - | - | ૦૨ |
| ૨ | માન. સંસદ સભ્યશ્રી | - | - | ૦૧ |
| ૩ | લીઝ હોલ્ડરો | ૦૨ | - | ૦૯ |
| | **કુલ** | **૦૨** | - | **૧૨** |

(૨) (૧) માન. ધારાસભ્યશ્રીઓ તરફથી બે ફરીયાદો મળેલ છે જેની તપાસ ચાલુ છે.
(૨) માન. સંસદ સભ્યશ્રી તરફથી એક ફરીયાદ મળેલ છે જેની તપાસ ચાલુ છે.
(૩) લીઝ હોલ્ડરો તરફથી કુલ અગિયાર ફરીયાદો મળેલ છે જે પૈકી એક ફરીયાદ દફ્તરે થયેલ છે અન્ય એક ફરીયાદ અંગે કમિશનરશ્રી ભૂસ્તર વિજ્ઞાન અને ખનિજનો અહેવાલ માંગવામાં આવેલ છે અને નવ ફરીયાદોની તપાસ સોંપવામાં આવેલ છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## નર્મદા આધારિત કેનાલો દ્વારા રાજુલા તાલુકાના ધાતરવાડી-૧ ડેમમાં પાણી આપવા બાબત

૨૨૮૪૬ **: શ્રી હીરાભાઈ સોલંકી (રાજુલા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નર્મદા આધારિત કેનાલો દ્વારા રાજુલા તાલુકાના ધાતરવાડી-૧ ડેમમાં પાણી નાખવાનું સરકારનું આયોજન છે કે કેમ,

(૨) જો હા, તો આ કેનાલોના કામની શી પરિસ્થિતિ છે અને હાલમાં આ કામગીરી ક્યા લેવલે છે, અને

(૩) આ કેનાલોનું કામ કેટલા સમયમાં પૂર્ણ કરવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## વડોદરા અને નર્મદા જિલ્લામાં રાજીવ ગાંધી ગ્રામીણ વીજળીકરણ યોજના હેઠળના લાભાર્થી

૨૨૬૫૯ **: શ્રી ધીરુભાઈ ભીલ (નસવાડી) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વડોદરા અને નર્મદા જિલ્લામાં રાજીવ ગાંધી ગ્રામિણ વિજળીકરણ યોજના હેઠળ કેટલા ગામડાંઓને આ યોજનાનો લાભ આપવામાં આવ્યો અને તેમાં કેટલા લાભાર્થીઓ હતા,

(૨) આ યોજના પાછળ વડોદરા અને નર્મદા જિલ્લામાં તાલુકાવાર કેટ કેટલો ખર્ચ થયો, અને

(૩) આ યોજનાના બાકી રહેલા લાભાર્થીઓને કેટલા સમયમાં વિજળીકરણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) અને (૨) : તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ વડોદરા અને નર્મદા જિલ્લામાં રાજીવ ગાંધી ગ્રામિણ વિજળીકરણ યોજના અંતર્ગત છેલ્લા ત્રણ વર્ષમાં આવરી લેવામાં આવેલ ગામો, લાભાર્થીઓ અને કરવામાં આવેલ તાલુકાવાર ખર્ચની વિગતો આ સાથે સામેલ **પત્રક-(અ)** મુજબ છે.

(૩) કેન્દ્ર સરકારના ગ્રામ્ય વિજળીકરણ નિગમ (આર.ઈ.સી.) દ્વારા મંજુર થયેલ પ્રોજેક્ટ રીપોર્ટમાં

સમાવિષ્ટ તમામ લાભાર્થીઓને વિજ જોડાણથી આવરી લેવામાં આવેલ છે.

**પત્રક-અ**

| જિલ્લો | તાલુકો | વીજ જોડાણ આપવામાં આવેલ ગામોની સંખ્યા | લાભાર્થીઓની સંખ્યા | ખર્ચ (રૂા. લાખમાં) |
|---|---|---|---|---|
| વડોદરા | વડોદરા | ૫૧ | ૧૬૯૦ | ૩૭.૩૭ |
| | સાવલી | ૮૦ | ૪૭૩૫ | ૧૩૨.૬૫ |
| | વાઘોડિયા | ૭૪ | ૨૬૩૮ | ૫૮.૪૯ |
| | ડભોઈ | ૯૩ | ૨૩૧૭ | ૫૬.૩૧ |
| | પાદરા | ૪૨ | ૧૨૪૪ | ૨૭.૩૬ |
| | કરજણ | ૪૯ | ૯૫૬ | ૨૧.૦૩ |
| | શીનોર | ૩૦ | ૫૧૦ | ૧૩.૦૫ |
| | સંખેડા | ૯૨ | ૧૭૧૦ | ૪૮.૯૩ |
| | પાવી જેતપુર | ૧૧૮ | ૩૯૫૩ | ૧૨૦.૩૮ |
| | છોટા ઉદેપુર | ૫૭ | ૨૪૬૪ | ૨૧૭.૦૭ |
| | નસવાડી | ૮૫ | ૧૭૩૫ | ૩૩.૮૧ |
| | ક્વાંટ | ૮૯ | ૨૫૬૫ | ૧૨૨.૯૪ |
| નર્મદા | નાંદોદ | ૧૮૭ | ૧૧૭૩૭ | ૪૫૦.૬૮ |
| | તીલક્વાડા | ૯૭ | ૨૩૧૫ | ૪૪.૦૫ |
| | ડેડીયાપાડા | ૧૪૨ | ૧૨૩૯૦ | ૪૮૬.૧૦ |
| | સાગબારા | ૯૩ | ૧૦૫૭૨ | ૨૯૩.૧૬ |

**રાજ્યમાં ગેસ પાઈપ લાઈન દ્વારા ઘરવપરાશ માટે ગેસ આપવા અંગે**

૨૧૯૭૭ **: શ્રી લાલસિંહ વડોદિયા (ઉમરેઠ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ)) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ ગેસ ગ્રાહક ક્નેક્શન મેળવવા અને ગેસના વપરાશ ઉપર સરકાર ધ્વારા કોઈ સબસીડી આપવામાં આવે છે, અને

(૨) વર્ષ ૨૦૧૧-૧૨માં ક્યા ક્યા શહેરોને ઘરવપરાશનો ગેસ પાઈપલાઈન દ્વારા આપવાનું સરકારનું આયોજન છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ ગેસ ગ્રાહકોને ક્નેક્શન મેળવવા અને ગેસના વપરાશ ઉપર સરકાર ધ્વારા કોઈ સબસીડી આપવામાં આવતી નથી.

(૨) ટેક્નીકલ શક્યતાઓ અને પેટ્રોલીયમ અને નેચરલ ગેસ રેગ્યુલેટરી બોર્ડની મંજૂરીને આધીન આ સાથે સામેલ પત્રક મુજબના વિસ્તારોમાં વર્ષ ૨૦૧૧-૧૨ માં પાઈપલાઈન ધ્વારા ગૃહ વપરાશ હેતુ માટે ગેસ આપવાનું આયોજન છે.

**પત્રક**

| અ.નં. | જિલ્લો | તાલુકો | વિસ્તારનું નામ |
|---|---|---|---|
| ૧ | વલસાડ | ઉમરગામ | સંજાણ, નારગોલ, કારંજ, માંડા, ખતલવાડા, દહેરી, ફણસા, ગંગાદેવી, સરોન્ડા, આહુ, માણેકપુર, દહેલી, ફણસા મરોલી, તંભી, ગોવાડા, પાલગામ, તડગામ, કાલગામ |
| | | કિલ્લા પારડી | કિલ્લા પારડી, બલીઠા, વટાર, વડોલી, મોરાઈ, ઉદવાડ |
| | | વલસાડ | કોસંબા, ડુંગરી, ઓલગામ, પારનેરા પારડી, તીથલ, સેગવી, જુજવા, ચીચવાડા, ડુંગરવાડી, હનુમાનભાગડા, અટકપારડી, અતુલ, રોણવેલ, વાંક્લ, મગોદ, ભોમાપારડી, મેઘોદ, મેહ, સુરવાડા, ગાડરીયા, નંદવલા, ભગોદ, ગોરવાડા, ઘડોઈ, રોલા |
| | | ધરમપુર | ખારવેલ, આસુરા, બામટી, વાંક્લ, ઘેટકી |
| ૨ | નવસારી | ગણદેવી | ગણદેવી, તલોધ, કેસલી, અમલસાડ, સરીબુજરંગ, અંચેલી, અજરાઈ, ધમડાછા, વાસણ, પાથરી, રાહેજ, વલોટી, નાંદરખા, આંતલીયા, ધક્વાડા, કોલવા, ખખવાડા, માણેકપુર |
| | | ચીખલી | ચીખલી, ખુંધ, થાલા, સમરોલી |
| | | નવસારી | વીરાવલ, સીસોદરા, ચોવીસી, ધારાગીરી, વાડા |
| | | જલાલપોર | મરોલી, વેસ્મા, હાંસાપોર, આટગામ, મંદીર, ભૂતસળ, બોડલી, પેઠાણ, ક્લથાણ. |
| ૩ | આણંદ | ખંભાત | ધુવારણ, ખટનાલ, વટાદરા, કાળી તલાવડી, પોપટપુરા, વડોલા, અક્બરપુર, સાકરપુર, ક્નકપુરા, છાંતરડી, નેજા, ઝાલાપુર, પાટલાવાડી, જહાંગીરપુર. |
| | | સોજીત્રા | સોજીત્રા. |
| | | બોરસદ | ડાલી, બદલપુર, ખટાણા, બાણેજડા. |
| | | નડીયાદ | નરસંડા, જુના બીલોદરા, દવાપુરા, વિણા, પીપલાટા, ગુટલ, અખરોદ, નવાગામ, હાથજ, મીત્રાલ, રાજનગર |
| | | મહેમદાવાદ | શિહુજ, કેશરા, વથાવડી, અરેરી |
| ૪ | ખેડા | મહુધા | મહુધા, ભુમસ, બાગડુ, શીંગલી, મંગલપુરા, મોટી ખડોલ, નાની ખડોલ, રૂપપુરા, બલોલ. |
| | | માતર | માતર, રતનપુર, અંત્રોલી, વાંસર, સોખડા. |
| ૫ | રાજકોટ | રાજકોટ | વાવડી, સાપર, વેરાવળ, મોટા મવા. |
| | | લોધીકા | લોધીકા, પાલ ધોલેરા, મેટોડા, ખીરસરા. |
| | | પડધરી | પડધરી |
| | | માળીયા | માળીયા. |
| | | વાંકાનેર | વાંકાનેર |
| | | મોરબી | પીપળી, ભડીયાદ, મહેન્દ્રનગર, ઘુંટુ, ટીંબડી, લાલપર, બેલા લખધીરપુર |
| | | લીંબડી | લીંબડી, ભલગામડા,, ઉંટડી, બોરણા, ભોઈકા, લીયાદ, પંશીના |
| | | ચુડા | ચુડા, ભૃગુપુર, કારોલ, ગોખરવાડા, કરમદ, જોબલા, નગનેશ, સેજકપર, મોજીદાડ, અચરાડા, ખાંડીયા, વનાલા, રંગપુર, લાલીયાદ, |

| અ.નં. | જિલ્લો | તાલુકો | વિસ્તારનું નામ |
|---|---|---|---|
| | | | જેપુર. |
| ૬ | સુરેન્દ્રનગર | ચોટીલા | ચોટીલા |
| | | લખતર | લખતર |
| | | વઢવાણ | નાના કેરાલા, મેમકા, સાંકલી, વડાલા, મુલચંદ, ખેરાલી, કોખરીયા. |

--------

## બનાસકાંઠાના વિકાસશીલ તાલુકા

૨૨૭૫૯ : **શ્રી મફતલાલ મો.પુરોહિત (ધાનેરા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના ક્યા ક્યા તાલુકાઓનો વિકાસશીલ તાલુકાઓમાં સમાવેશ થયેલ છે,

(૨) તેમાં કેટલા તાલુકાઓ બાકી છે, અને

(૩) બાકી રહેતા તાલુકાઓને વિકાસશીલ તાલુકામાં સમાવેશ કરવાનું શું આયોજન છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના વાવ, થરાદ, અમીરગઢ, દાંતા, દીયોદર, ભાભર અને કાંકરેજ તાલુકાનો વિકાસશીલ તાલુકાઓમાં સમાવેશ થયેલ છે.

(૨) તેમાં ૫ (પાંચ) તાલુકાઓ બાકી છે.

(૩) બાકી રહેતા તાલુકાઓને વિકાસશીલ તાલુકામાં સમાવેશ કરવાનું હાલ કોઈ આયોજન નથી.

## ભાવનગર જિલ્લામાં પોલીસ ખાતાના રહેણાંકના કામો

૨૨૭૩૩ : **શ્રી આત્મારામભાઈ પરમાર (ગઢડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લામાં તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં કુલ કેટલી રકમના પોલીસ ખાતાના રહેણાંકના કામો હાથ પર લેવામાં આવ્યા, અને

(૨) આ કામો માટે કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે ?

**જવાબ**

(૧) અને (૨)

છેલ્લા ત્રણ વર્ષમાં હાથ પર લેવામાં આવેલ રહેણાંકના મકાનોના કામો અને તે માટે થયેલ ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| નાણાકીય વર્ષ | રહેણાંકના મકાનો | થયેલ ખર્ચ (રૂા. લાખમાં) |
|---|---|---|
| ૨૦૦૮-૦૯ | ૨૫૫ | ૧૪૪૦.૫૩ |
| ૨૦૦૯-૧૦ | ૨૫ | ૧૪૪.૩૮ |
| ૨૦૧૦-૧૧ | ૧૧૦ | ૬૬૬.૧૩ |
| **કુલ..** | **૩૯૦** | **૨૨૫૧.૦૪** |

## ડ્રીલરની ખાલી જગ્યાઓ ભરવા

૨૨૮૩૩ : **ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ખાણ અને ખનીજ વિભાગમાં ડ્રીલરની કેટલી જગ્યાઓ ભરવા શી કાર્યવાહી થઈ,

(૨) કેટલા ઉમેદવારોની ક્યારે પસંદગી કરવામાં આવી, અને

(૩) પસંદગી પામેલ ઉમેદવારોને ક્યારે નિમણૂંક આપવામાં આવી ?

**જવાબ**

(૧) ખનિજ સંશોધન અંગેની અધિકાંશ કામગીરી આઉટસોર્સિંગથી કરાવવામાં આવતી હોવાથી આ કામગીરી માટેની જગ્યાઓ ભરવાની આવશ્યક્તા ન હોઈ, પ્રશ્ન હેઠળની જગ્યાઓ ભરવામાં આવી નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## ગીરના રક્ષિત જંગલમાં ગેર કાયદેસર ખનીજ ખોદાણની ફરિયાદો

૨૧૮૨૪ : **શ્રી સી. કે. રાઉલજી (ગોધરા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ અને ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૧૧ સુધીમાં છેલ્લા એક વર્ષમાં તા. ૧૫-૨-૨૦૧૧ સુધીમાં ગીરનાં રક્ષિત જંગલમાં ગેર કાયદેસર ખનીજ ખોદાણ થાય છે તેવી કોઈ ફરિયાદ

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૧૧ સુધીમાં છેલ્લા એક વર્ષમાં તા. ૧૫-૨-૨૦૧૧ સુધીમાં ગીરનાં રક્ષિત જંગલમાં ગેર કાયદેસર ખનીજ ખોદાણ થાય છે તેવી કોઈ ફરિયાદ

સરકારને પ્રાપ્ત થયેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો આ બાબતમાં સરકારે લીધેલા કે લેવા ધારેલા પગલાંની વિગતો શી છે ?

સરકારને પ્રાપ્ત થયેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## વડોદરા જિલ્લામાં કાર્યરત વીજ સબ સ્ટેશન

૨૨૬૬૨ **: શ્રી મોહનસિંહ છો.રાઠવા (પાવી-જેતપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં આવેલ વીજ ડીવીઝન હેઠળ ક્યાં ક્યાં સબ ડીવીઝન કાર્યરત છે,

(૨) જેતપુર-પાવી તાલુકામાં આવેલ ૬૬ કે.વી. વીજ સ્ટેશનો પૈકી ક્યા સ્થળે સબ ડીવીઝન બનાવવાની દરખાસ્ત છેલ્લા બે વર્ષમાં સરકારને મળી છે, અને

(૩) હા, તો ક્યાં સુધી કાર્યરત થશે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં કુલ ૭ ડીવીઝનમાં ૩૯ સબ ડીવીઝન આવેલા છે. જેની વિગતો '**પત્રક-"અ**"માં સામેલ છે.

(૨) અને (૩)

જેતપુર-પાવી તાલુકામાં સબડીવીઝન બનાવવાની કોઈ દરખાસ્ત નથી.

**પત્રક-અ**

| વડોદરા જિલ્લો | | વડોદરા શહેર | |
|---|---|---|---|
| **ડીવીઝન** | **સબડીવીઝન** | **ડીવીઝન** | **સબડીવીઝન** |
| વડોદરા | છાણી | વિશ્વામિત્રી (પૂર્વ) | પાણીગેટ |
| | કોયલી | | માંડવી |
| | સાવલી | | ટાવર |
| | ડેસર | | દાંડીયા બજાર |
| | વાઘોડિયા | | ઈન્દ્રપુરી |
| જામ્બુવા | જામ્બુવા | | કારેલીબાગ |
| | કરજણ-૧ | વિશ્વામિત્રી (પમિ) | અકોટા |
| | કરજણ-૨ | | ગોત્રી |
| | પાદરા | | વાસણા |
| | મોભા | | ગોરવા |
| **ડીવીઝન** | **સબડીવીઝન** | **ડીવીઝન** | **સબડીવીઝન** |
| ડભોઈ | ડબોઈ | | અલકાપુરી |
| | ડભોઈ શહેર | | ફતેગંજ |
| | સંખેડા | | સમા |
| | ચાંદોદ | લાલબાગ | તરસાલી |
| | સિનોર | | જીઆઈડીસી |
| બોડેલી | બોડેલી | | લાલબાગ |
| | પાવી-જેતપુર | | બરાનપુરા |
| | છોટાઉદેપુર | | વાડી |
| | ક્વાંટ | | |
| | નસવાડી | | |
| | બોડેલી(આર.ઈ) | | |

## ભાવનગર જિલ્લામાં સામુહિક અને વ્યક્તિગત આત્મહત્યાના બનાવો

૨૨૫૯૯ **: શ્રી ડૉ. કનુભાઈ કલસરીયા (મહુવા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લામાં તાલુકા દીઠ કેટલી સામુહિક અને વ્યક્તિગત આત્મહત્યાઓ થઈ, અને

(૨) આ આત્મહત્યાઓ થવાનાં શા કારણો હતા ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લાના કોઈ તાલુકામાં સામુહિક આત્મહત્યાનો કોઈ બનાવ બનેલ નથી. જ્યારે વ્યક્તિગત આત્મહત્યાના તાલુકાવાર બનેલ બનાવોની વિગત નીચે મુજબ છે.

| **અ.નં.** | **તાલુકાનું નામ** | **વ્યક્તિગત આત્મહત્યાના બનેલ બનાવોની સંખ્યા** |
|---|---|---|
| ૧ | ભાવનગર | ૨૬૨ |
| ૨ | ઘોઘા | ૨૪ |
| ૩ | પાલીતાણા | ૪૫ |
| ૪ | શિહોર | ૪૧ |
| ૫ | ગારીયાધાર | ૨૪ |
| ૬ | બોટાદ | ૬૫ |
| ૭ | ગઢડા | ૪૨ |
| ૮ | ઉમરાળા | ૧૪ |
| ૯ | વલભીપુર | ૧૦ |
| ૧૦ | તળાજા | ૫૦ |
| ૧૧ | મહુવા | ૮૮ |
| | **કુલ..** | **૬૬૫** |

(૨) વ્યક્તિગત આત્મહત્યા થવાના મુખ્યો કારણો

નીચે મુજબ છે.
(૧) ગૃહક્લેશ
(૨) પ્રેમ સંબંધમાં નિષ્ફળતા
(૩) શારીરિક બીમારીથી કંટાળી જઈ
(૪) આર્થિક સંકડામણના કારણે
(૫) બેકારીથી કંટાળી જઈ
(૬) મગજની અસ્થિરતાના કારણે જીંદગીથી કંટાળી જવાને કારણે વગેરે.

**સરદાર સરોવર નર્મદાની જમણાં કાંઠાની હાઈ કેનાલ શરૂ કરવા બાબત**

૨૧૮૨૮ **: શ્રી અમરસિંહ વસાવા (દેડીયાપાડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ સરદાર સરોવર નર્મદાની જમણા કાંઠાની હાઈ કેનાલ શરૂ કરવા સરકારે શી જોગવાઈ કરેલ છે, અને | (૧) કોઈ જોગવાઈ કરેલ નથી. |
| (૨) ઉક્ત સ્થિતિએ આ કામગીરી ક્યા તબક્કે છે? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

--------

**ખેડા જિલ્લામાં પોલીસ ખાતાના રહેણાંકના કામો**

૨૨૭૩૫ **: શ્રી કનુભાઈ ડાભી (કઠલાલ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ખેડા જિલ્લામાં તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં કુલ કેટલી રકમના પોલીસ ખાતાના રહેણાંકના કામો હાથ પર લેવામાં આવ્યા, અને
(૨) આ કામો માટે કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે ?

**જવાબ**

(૧) અને (૨) : છેલ્લા ત્રણ વર્ષમાં હાથ પર લેવામાં આવેલ રહેણાંકના મકાનોના કામો અને તે માટે થયેલ ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| નાણાકીય વર્ષ | રહેણાંકના મકાનો | થયેલ ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|---|
| ૨૦૦૮-૦૯ | ૪૦ | ૨૨૭.૯૧ |
| ૨૦૦૯-૧૦ | ૭૨ | ૪૧૩.૪૫ |
| ૨૦૧૦-૧૧ | ૧૬૦ | ૯૦૬.૩૧ |
| **કુલ** | **૨૭૨** | **૧૫૪૭.૬૭** |

--------

**અમદાવાદ જિલ્લામાં ખુલ્લા વીજ વાયરોથી નાગરિકો અને પ્રાણીઓના મૃત્યુ**

૨૨૦૮૫ **: શ્રી રણછોડભાઈ ક.મેર (ધંધૂકા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર તા. ૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ખુલ્લા વીજ વાયરો તથા ઈલેકટ્રીકના સાધનોને લીધે તેમજ વીજ તંત્રની બેદરકારીને કારણે કેટલા નાગરિકો અને પ્રાણીઓ મૃત્યુ થયા,

**જવાબ**

(૧) વીજ પ્રવહન અને વીજ વિતરણ જાહેર જનતાને સ્પર્શતી એવી બાબત છે કે, વીજ તંત્રના કાબુ બહારના સંજોગોને કારણે વીજ અકસ્માતો થતા હોય છે. અત્રે એ ઉલ્લેખનીય છે કે, ખુલ્લા વીજ વાયરોના કારણે અકસ્માત થતા નથી. પરંતુ કુદરતી આફતો/આકસ્મિક સંજોગોના કારણે ખુલ્લા વીજ વાયરને થયેલ નુકશાનના પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સંપર્કમાં આવવાથી નાગરિકો અને પ્રાણીઓના મૃત્યુ થતા હોય છે. કેટલીકવાર વીજ ગ્રાહકોના આંતરિક વાયરો, ઈલેકટ્રીક ઉપકરણોના કારણે પણ અકસ્માતો થતા હોય છે. અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં થયેલ વીજ અકસ્માતો અંગેની વિગતો આ સાથેના સામેલ પત્રક-અ મુજબ છે.

(૨) આ બાબતે જવાબદારો સામે શી કાર્યવાહી કરવામાં આવી, અને

(૨) સામાન્ય રીતે અકસ્માતોના આવા કિસ્સાઓમાં પુરતી તપાસ કર્યા બાદ, જવાબદારો સામે શિસ્તભંગની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે. આ કિસ્સાઓમાં કાબુ બહારના આકસ્મિક સંજોગોમાં અકસ્માતો થયેલ હોઈ, શિક્ષા કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) અસરગ્રસ્તોને કેટલી રકમ ચૂકવવામાં આવી અને કેટલી રકમ ચૂકવવાની બાકી છે?

(૩) વળતર ચૂકવણી પાત્રતા ધરાવતા અસરગ્રસ્ત વ્યક્તિઓના અને પ્રાણીઓના કિસ્સાઓમાં મુખ્ય વિદ્યુત નિરીક્ષકશ્રીના અહેવાલ, બાઈનંદા કેસની માર્ગદર્શિકા વગેરે પાસાઓને ધ્યાનમાં રાખીને રકમ નક્કી થતી હોય છે. ગ્રાહકોના આંતરિક વાયરીંગ કે ઈલેક્ટ્રીક સાધનોના કારણે થતા અકસ્માતોમાં વીજ કંપનીની કોઈ જવાબદારી રહેતી ન હોઈ, વળતર આપવાનું રહેતુ નથી.

કુલ ૧ (એક) વ્યક્તિના વારસદારો અને ૨૪ (ચોવીસ) પ્રાણીઓના માલિકોને ચૂક્વેલ વળતરની વિગતો પત્રક-બ મુજબ છે.

**પત્રક--અ**

| તાલુકો | વર્ષ | કુદરતી આફતો/આકસ્મિક કારણોના કારણે ખુલ્લા વીજવાયરને થયેલ નુકસાનને લીધે થયેલ અકસ્માત | | ઈલેક્ટ્રીક સાધનોના લીધે થયેલ અકસ્માત | | વીજ તંત્રની બેદરકારીને લીધે થયેલ અકસ્માત | | કુલ અકસ્માતો | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | નાગરિકો | પ્રાણીઓ | નાગરિકો | પ્રાણીઓ | નાગરિકો | પ્રાણીઓ | નાગરિકો | પ્રાણીઓ |
| રાણપુર | ૨૦૦૮ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ |
| | ૨૦૦૯ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | ૨૦૧૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | **કુલ** | **૦** | **૦** | **૦** | **૧** | **૦** | **૦** | **૦** | **૧** |
| બરવાળા | ૨૦૦૮ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | ૨૦૦૯ | ૦ | ૧ | ૧ | ૧ | ૦ | ૦ | ૧ | ૨ |
| | ૨૦૧૦ | ૦ | ૩ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ | ૩ |
| | **કુલ** | **૦** | **૪** | **૨** | **૧** | **૦** | **૦** | **૨** | **૫** |
| ધંધુકા | ૨૦૦૮ | ૦ | ૧ | ૦ | ૨ | ૦ | ૦ | ૦ | ૩ |
| | ૨૦૦૯ | ૦ | ૧ | ૦ | ૩ | ૦ | ૦ | ૦ | ૪ |
| | ૨૦૧૦ | ૧ | ૨ | ૦ | ૨ | ૦ | ૦ | ૧ | ૪ |
| | **કુલ** | **૧** | **૪** | **૦** | **૭** | **૦** | **૦** | **૧** | **૧૧** |
| બાવળા | ૨૦૦૮ | ૧ | ૧ | ૦ | ૩ | ૦ | ૦ | ૧ | ૪ |
| | ૨૦૦૯ | ૧ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૨ | ૦ |
| | ૨૦૧૦ | ૦ | ૨ | ૦ | ૩ | ૦ | ૦ | ૦ | ૫ |
| | **કુલ** | **૨** | **૩** | **૧** | **૬** | **૦** | **૦** | **૩** | **૯** |
| સાણંદ | ૨૦૦૮ | ૧ | ૦ | ૦ | ૨ | ૦ | ૦ | ૧ | ૨ |
| | ૨૦૦૯ | ૧ | ૨ | ૦ | ૨ | ૦ | ૦ | ૧ | ૪ |
| | ૨૦૧૦ | ૦ | ૧ | ૦ | ૩ | ૦ | ૦ | ૦ | ૪ |
| | **કુલ** | **૨** | **૩** | **૦** | **૭** | **૦** | **૦** | **૨** | **૧૦** |
| દસક્રોઈ | ૨૦૦૮ | ૩ | ૧ | ૧ | ૧ | ૦ | ૦ | ૪ | ૨ |
| | ૨૦૦૯ | ૧ | ૨ | ૨ | ૨ | ૦ | ૦ | ૩ | ૪ |
| | ૨૦૧૦ | ૩ | ૨ | ૧ | ૪ | ૦ | ૦ | ૪ | ૬ |
| | **કુલ** | **૭** | **૫** | **૪** | **૭** | **૦** | **૦** | **૧૧** | **૧૨** |
| વિરમગામ | ૨૦૦૮ | ૦ | ૦ | ૦ | ૩ | ૦ | ૦ | ૦ | ૩ |
| | ૨૦૦૯ | ૦ | ૧ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૨ |
| | ૨૦૧૦ | ૨ | ૦ | ૦ | ૫ | ૦ | ૦ | ૨ | ૫ |
| | **કુલ** | **૨** | **૧** | **૦** | **૯** | **૦** | **૦** | **૨** | **૧૦** |
| માંડલ | ૨૦૦૮ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | ૨૦૦૯ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ |
| | ૨૦૧૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | **કુલ** | **૦** | **૧** | **૦** | **૦** | **૦** | **૦** | **૦** | **૧** |
| ધોળકા | ૨૦૦૮ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૧ | ૧ |
| | ૨૦૦૯ | ૧ | ૧ | ૧ | ૩ | ૦ | ૦ | ૨ | ૪ |
| | ૨૦૧૦ | ૦ | ૧ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૨ |
| | **કુલ** | **૧** | **૨** | **૨** | **૫** | **૦** | **૦** | **૩** | **૭** |
| દેત્રોજ | ૨૦૦૮ | ૦ | ૦ | ૦ | ૨ | ૦ | ૦ | ૦ | ૨ |
| | ૨૦૦૯ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ |
| | ૨૦૧૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ |
| | **કુલ** | **૦** | **૧** | **૦** | **૩** | **૦** | **૦** | **૦** | **૪** |
| **અમદાવાદ જિલ્લામાં કુલ** | | **૧૫** | **૨૪** | **૯** | **૪૬** | **૦** | **૦** | **૨૪** | **૭૦** |

**પત્રક--બ**

| તાલુકો | વર્ષ | વળતર ચૂકવવાપાત્ર અસરગ્રસ્તોની સંખ્યા | | વળતર પેટે થયેલ ચૂકવણી રકમ (રૂ. લાખમાં) | | વળતર ચૂકવવા માટે બાકી અસરગ્રસ્તોની સંખ્યા | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | નાગરિકો | પ્રાણીઓ | નાગરિકો | પ્રાણીઓ |
| | | | | | | | |

| | | વ્યક્તિ | પ્રાણી | સંખ્યા | રકમ | સંખ્યા | રકમ | કોર્ટ કેસ વાળા | બીન પાત્રતા વાળા (જરૂરી અરજી અને દસ્તાવેજી પૂરાવાઓના અભાવે) | બીન પાત્રતા વાળા (જરૂરી અરજી અને દસ્તાવેજી પૂરાવાઓના અભાવે) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| રાણપુર | ૨૦૦૮ | ૦ | ૦ | ૦ | ૦.૦૦૦ | ૦ | ૦.૦૦૦ | ૦ | ૦ | ૦ |
| | ૨૦૦૯ | ૦ | ૦ | ૦ | ૦.૦૦૦ | ૦ | ૦.૦૦૦ | ૦ | ૦ | ૦ |
| | ૨૦૧૦ | ૦ | ૦ | ૦ | ૦.૦૦૦ | ૦ | ૦.૦૦૦ | ૦ | ૦ | ૦ |
| | **કુલ** | **૦** | **૦** | **૦** | **૦.૦૦૦** | **૦** | **૦.૦૦૦** | **૦** | **૦** | **૦** |
| બરવાળા | ૨૦૦૮ | ૦ | ૦ | ૦ | ૦.૦૦૦ | ૦ | ૦.૦૦૦ | ૦ | ૦ | ૦ |
| | ૨૦૦૯ | ૦ | ૧ | ૦ | ૦.૦૦૦ | . | ૦.૦૦૦ | ૦ | ૦ | ૧ |
| | ૨૦૧૦ | ૦ | ૩ | ૦ | ૦.૦૦૦ | ૦ | ૦.૦૦૦ | ૦ | ૦ | ૩ |
| | **કુલ** | **૦** | **૪** | **૦** | **૦.૦૦૦** | **૦** | **૦.૦૦૦** | **૦** | **૦** | **૪** |
| ધંધુકા | ૨૦૦૮ | ૦ | ૩ | ૦ | ૦.૦૦૦ | ૧ | ૦.૦૭૦ | ૦ | ૦ | ૨ |
| | ૨૦૦૯ | ૦ | ૪ | ૦ | ૦.૦૦૦ | ૧ | ૦.૦૫૦ | ૦ | ૦ | ૩ |
| | ૨૦૧૦ | ૧ | ૪ | ૦ | ૦.૦૦૦ | ૦ | ૦.૦૦૦ | ૦ | ૧ | ૪ |
| | **કુલ** | **૧** | **૧૧** | **૦** | **૦.૦૦૦** | **૨** | **૦.૧૨૦** | **૦** | **૧** | **૯** |
| બાવળા | ૨૦૦૮ | ૦ | ૪ | ૦ | ૦.૦૦૦ | ૨ | ૦.૦૭૫ | ૦ | ૦ | ૨ |
| | ૨૦૦૯ | ૦ | ૦ | ૦ | ૦.૦૦૦ | ૦ | ૦.૦૦૦ | ૦ | ૦ | ૦ |
| | ૨૦૧૦ | ૦ | ૫ | ૦ | ૦.૦૦૦ | ૨ | ૦.૧૦૦ | ૦ | ૦ | ૩ |
| | **કુલ** | **૦** | **૯** | **૦** | **૦.૦૦૦** | **૪** | **૦.૧૭૫** | **૦** | **૦** | **૫** |
| સાણંદ | ૨૦૦૮ | ૦ | ૨ | ૦ | ૦.૦૦૦ | ૨ | ૦.૧૦૦ | ૦ | ૦ | ૦ |
| | ૨૦૦૯ | ૦ | ૪ | ૦ | ૦.૦૦૦ | ૦ | ૦.૦૦૦ | ૦ | ૦ | ૪ |
| | ૨૦૧૦ | ૦ | ૪ | ૦ | ૦.૦૦૦ | ૦ | ૦.૦૦૦ | ૦ | ૦ | ૪ |
| | **કુલ** | **૦** | **૧૦** | **૦** | **૦.૦૦૦** | **૨** | **૦.૧૦૦** | **૦** | **૦** | **૮** |
| દસક્રોઈ | ૨૦૦૮ | ૦ | ૨ | ૦ | ૦.૦૦૦ | ૨ | ૦.૧૨૦ | ૦ | ૦ | ૦ |
| | ૨૦૦૯ | ૦ | ૪ | ૦ | ૦.૦૦૦ | ૧ | ૦.૦૪૦ | ૦ | ૦ | ૩ |
| | ૨૦૧૦ | ૦ | ૬ | ૦ | ૦.૦૦૦ | ૩ | ૦.૧૫૦ | ૦ | ૦ | ૩ |
| | **કુલ** | **૦** | **૧૨** | **૦** | **૦.૦૦૦** | **૬** | **૦.૩૧૦** | **૦** | **૦** | **૬** |
| વિરમગામ | ૨૦૦૮ | ૦ | ૩ | ૦ | ૦.૦૦૦ | ૩ | ૦.૧૦૦ | ૦ | ૦ | ૦ |
| | ૨૦૦૯ | ૦ | ૨ | ૦ | ૦.૦૦૦ | ૧ | ૦.૦૫૦ | ૦ | ૦ | ૧ |
| | ૨૦૧૦ | ૦ | ૫ | ૦ | ૦.૦૦૦ | ૩ | ૦.૧૫૦ | ૦ | ૦ | ૨ |
| | **કુલ** | **૦** | **૧૦** | **૦** | **૦.૦૦૦** | **૭** | **૦.૩૦૦** | **૦** | **૦** | **૩** |
| માંડલ | ૨૦૦૮ | ૦ | ૦ | ૦ | ૦.૦૦૦ | ૦ | ૦.૦૦૦ | ૦ | ૦ | ૦ |
| | ૨૦૦૯ | ૦ | ૧ | ૦ | ૦.૦૦૦ | ૦ | ૦.૦૦૦ | ૦ | ૦ | ૧ |
| | ૨૦૧૦ | ૦ | ૦ | ૦ | ૦.૦૦૦ | ૦ | ૦.૦૦૦ | ૦ | ૦ | ૦ |
| | **કુલ** | **૦** | **૧** | **૦** | **૦.૦૦૦** | **૦** | **૦.૦૦૦** | **૦** | **૦** | **૧** |
| ધોળકા | ૨૦૦૮ | ૦ | ૧ | ૦ | ૦.૦૦૦ | ૦ | ૦.૦૦૦ | ૦ | ૦ | ૧ |
| | ૨૦૦૯ | ૧ | ૪ | ૦ | ૦.૦૦૦ | ૦ | ૦.૦૦૦ | ૧ | ૦ | ૪ |
| | ૨૦૧૦ | ૦ | ૨ | ૦ | ૦.૦૦૦ | ૦ | ૦.૦૦૦ | ૦ | ૦ | ૨ |
| | **કુલ** | **૧** | **૭** | **૦** | **૦.૦૦૦** | **૦** | **૦.૦૦૦** | **૧** | **૦** | **૭** |
| દેત્રોજ | ૨૦૦૮ | ૦ | ૨ | ૦ | ૦.૦૦૦ | ૨ | ૦.૦૪૦ | ૦ | ૦ | ૦ |
| | ૨૦૦૯ | ૦ | ૧ | ૦ | ૦.૦૦૦ | ૧ | ૦.૧૦૦ | ૦ | ૦ | ૦ |
| | ૨૦૧૦ | ૦ | ૧ | ૦ | ૦.૦૦૦ | ૦ | ૦.૦૦૦ | ૦ | ૦ | ૧ |
| | કુલ | ૦ | ૪ | ૦ | ૦.૦૦૦ | ૩ | ૦.૧૪૦ | ૦ | ૦ | ૧ |
| **અમદાવાદ જિલ્લામાં કુલ** | | ૨ | ૬૮ | **૦** | **૦.૦૦૦** | ૨૪ | **૧.૧૪૫** | ૧ | ૧ | ૪૪ |

--------

## વડોદરા, સુરેન્દ્રનગર, નર્મદા અને ગોધરા જિલ્લામાં ખેડૂતોને ખેત વીજ કનેક્શનો

૨૨૮૦૬ **: શ્રી પ્રભુભાઈ વસાવા (સોનગઢ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા, સુરેન્દ્રનગર, નર્મદા અને ગોધરા જિલ્લામાં જિલ્લાવાર તા. ૩૧-૩-૨૦૧૦ની સ્થિતિએ વર્ષવાર છેલ્લા બે વર્ષમાં ખેડૂતોને કેટલાં ખેત વીજ કનેક્શનોને મંજૂરી આપવામાં આવી,

(૨) કેટલી ખેત વીજ કનેક્શનો અરજીઓ પડતર છે, અને

(૩) બાકી રહેલ અરજદારોને ક્યાં સુધીમાં વીજ કનેક્શનો આપવા માંગે છે?

**જવાબ**

(૧) તારીખ ૩૧-૩-૨૦૧૦ની સ્થિતિએ વડોદરા, સુરેન્દ્રનગર, નર્મદા અને ગોધરા (પંચમહાલ) જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં મંજૂર કરવામાં આવેલ ખેતી વિષયક વીજ જોડાણોની વિગતો નીચે મુજબ છે.

| **જિલ્લો** | **૨૦૦૮-૦૯** | **૨૦૦૯-૧૦** |
|---|---|---|
| વડોદરા | ૮૨૭ | ૨૧૦૦ |
| સુરેન્દ્રનગર | ૨૦૭૨ | ૧૪૩૯ |
| નર્મદા | ૫૬૯ | ૨૦૬ |
| ગોધરા (પંચમહાલ) | ૧૮૫૨ | ૨૧૫૦ |

(૨) વડોદરા, સુરેન્દ્રનગર, નર્મદા અને ગોધરા (પંચમહાલ) જિલ્લામાં આપવાપાત્ર કૃષિ વિજ જોડાણની ૪૭૫૫૫ અરજીઓ પડતર છે.

(૩) ખેતી હેતુ વીજ જોડાણ આપવાની કામગીરી એ સતત પ્રક્રિયા છે. રાજ્યના ખેડૂતોને સાતત્યપૂર્ણ અને ગુણવત્તા સભર વીજ પુરવઠો મળી રહે એ બાબત ધ્યાને લઈ ઉપલબ્ધ વીજ પુરવઠો, માળખાગત સુવિધા, વીજ તંત્ર પર પડનાર બોજો, નાણાંકીય ફાળવણી વગેરે પાસાઓને ધ્યાને લઈ અને ડાર્કઝોનની નીતિને અનુલક્ષીને પ્રતિ વર્ષ નક્કી કરેલ લક્ષ્યાંક મુજબ કૃષિ વીજ જોડાણો આપવામાં આવતા હોય છે.

--------

### દાહોદ, ડાંગ અને ભાવનગર જિલ્લામાં ખેડૂતોને ખેત વીજ કનેક્શનો

૨૨૮૦૯ **: શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર (મહુધા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દાહોદ, ડાંગ અને ભાવનગર જિલ્લામાં જિલ્લાવાર તા. ૩૧-૩-૨૦૧૦ની સ્થિતિએ વર્ષવાર છેલ્લા બે વર્ષમાં ખેડૂતોને કેટલાં વીજ કનેક્શનોને મંજૂરી આપવામાં આવી,

(૨) કેટલી ખેત વીજ કનેક્શનો અરજી પડતર છે, અને

(૩) બાકી રહેલાં અરજદારોને ક્યાં સુધીમાં વીજ કનેક્શનો આપવા માંગે છે?

**જવાબ**

(૧) દાહોદ, ડાંગ અને ભાવનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં મંજૂર કરવામાં આવેલ વીજ જોડાણોની વિગતો નીચે મુજબ છે.

| જિલ્લો | ૨૦૦૮-૦૯ | ૨૦૦૯-૧૦ |
|---|---|---|
| દાહોદ | ૧૭૬૩ | ૧૯૩૩ |
| ડાંગ | ૪૨ | ૬૭ |
| ભાવનગર | ૪૦૫૬ | ૩૭૨૮ |

(૨) દાહોદ, ડાંગ અને ભાવનગર જિલ્લામાં કુલ ૫૪૧૨૩ અરજીઓ પડતર છે.

(૩) ખેતી હેતુ વીજ જોડાણ આપવાની ક્રામગીરી એ સતત પ્રક્રિયા છે. રાજ્યના ખેડૂતોને સાતત્યપૂર્ણ અને ગુણવત્તા સભર વીજ પુરવઠો મળી રહે એ બાબત ધ્યાને લઈ ઉપલબ્ધ વીજ પુરવઠો, માળખાગત સુવિધા, વીજ તંત્ર પર પડનાર બોજો, નાણાંકીય ફાળવણી વગેરે પાસાઓને ધ્યાને લઈ અને ડાર્કઝોનની નીતિને અનુલક્ષીને પ્રતિ વર્ષ નક્કી કરેલ લક્ષ્યાંક મુજબ કૃષિ વીજ જોડાણો આપવામાં આવતા હોય છે.

--------

### પોલીસ સબ ઈન્સ્પેક્ટર મોડ-૨ના ઉતીર્ણ ઉમેદવારોને નામદાર હાઈકોર્ટના હુકમ અન્વયે નિમણૂક આપવા બાબત

૨૨૮૧૪ **: શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા (પોરબંદર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પોલીસ સબ ઈન્સ્પેક્ટર મોડ-૨ ની જાહેરાત ક્રમાંક : ૧/૦૬ અન્વયે તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ નામ. હાઈકોર્ટના તા. ૧૫-૪-૨૦૦૯ હુકમ અન્વયે ઉત્તિર્ણ થયેલ ઉમેદવારો પૈકી કેટલાને નિમણૂક આપવામાં આવી,

(૨) કેટલા ઉમેદવારોને નિમણૂક આપવાની બાકી છે,

(૩) નિમણૂક આપવાના બાકી રહેવાના કારણો શાં છે, અને

(૪) બાકી ઉમેદવારોને કેટલા સમયમાં નિમણૂક આપવામાં આવશે ?

**જવાબ**

(૧) નામ. ગુજરાત હાઈકોર્ટના તા. ૧૫-૪-૨૦૦૯ ના હુકમ અન્વયે મોડ-૨માં કુલ ૭ ઉમેદવારો ઉત્તિર્ણ થયેલ તે પૈકી ૪ ઉમેદવારોને નિમણૂક આપવામાં આવેલ છે.

(૨) કુલ ૦૩ ઉમેદવારોને નિમણૂક આપવાની બાકી છે.

(૩) જાહેરાતની તારીખે નિયત થયેલ શૈક્ષણિક લાયકાત ધરાવતા ન હોઈ નિમણૂક આપવામાં આવેલ નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

### ખાનગી બંદરો માટે મૂડીરોકાણ

૨૨૮૨૮ **: શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં ખાનગી બંદર નીતિ અન્વયે તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ Bot.Boot,Bom. ની કન્સેલન્સ કરાર અન્વયે ક્યા ક્યા બંદરો માટે કેટલું રોકાણ કરવામાં આવ્યુ, અને

**જવાબ**

(૧)

| ખાનગી બંદર | | | રોકાણ (રૂા. કરોડમાં) |
|---|---|---|---|
| (અ) | દહેજ પેટ્રોનેટ એલએનજી | = | ૩૪૦૦.૧૨ |

| | | | |
|---|---|---|---|
| (બ) | દહેજ સોલીડ કાર્ગો ટર્મીનલ | = | ૫૮૩ |
| (ક) | મુન્દ્રા બંદર | = | ૫૧૧૦ |
| (ડ) | પીપાવાવ બંદર | = | ૧૬૯૫ |
| (ઈ) | હજીરા બંદર | = | ૨૯૦૭.૮૭ |
| (લ) | દહેજ કેમીકલ્સ પોર્ટ ટર્મીનલ | = | ૯૦૫.૭૫ |

(૨) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ ગત ત્રણ વર્ષમાં આ બંદરોના કેટલા રોકાણો સામે મેરીટાઈમ બોર્ડ કે રાજ્ય સરકારને વારેજ વોટર ફંડ રોયલ્ટી કે અન્ય રીતે વર્ષવાર કેટલી રકમ મળી, અને ખાનગી કંપનીઓનાં રોકાણો સામે કેટલું સેટ ઓફ અપાયું કે નક્કી કરાયું ?

(૨) ખાનગી બંદરોથી છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર વોટર ફ્રન્ટ રોયલ્ટી, પોર્ટ ચાર્જીસ અને સેટઓફની વિગત આ સાથેના પત્રક-અ મુજબ સામેલ છે.

**પત્રક-અ**

| પોર્ટ | ૨૦૦૮-૨૦૦૯ | ૨૦૦૯-૨૦૧૦ | ૨૦૧૦-૧૧ તા. ૩૧-૧૨-૨૦૧૦ સુધી | | | |
|---|---|---|---|---|---|---|
| | વોટરફ્રન્ટ રોયલ્ટી/પોર્ટ ચાર્જીસ | સેટઓફ | વોટરફ્રન્ટ રોયલ્ટી/પોર્ટ ચાર્જીસ | સેટઓફ | વોટરફ્રન્ટ રોયલ્ટી/પોર્ટ ચાર્જીસ | સેટઓફ |
| દહેજ પેટ્રોનેટ એલએનજી | ૫૭.૭૨ | - | ૭૦.૦૯ | - | ૬૫.૨૧ | - |
| દહેજ સોલીડ કાર્ગો ટર્મીનલ | - | - | - | - | ૦.૭૧ | - |
| મુન્દ્રા બંદર | ૩૦.૫૬ | ૧૧૦.૭૯ | ૩૩.૭૩ | ૧૨૦.૧૧ | ૩૩.૭૯ | ૧૨૩.૩૪ |
| પીપાવાવ બંદર | ૨.૪૦ | ૧૨.૦૨ | ૫.૮૯ | ૨૭.૦૬ | ૫.૭૦ | ૨૬.૭૯ |
| હજીરા બંદર | ૧૪.૦૯ | - | ૧૩.૬૭ | - | ૭.૯૭ | - |
| દહેજ કેમીકલ્સ પોર્ટ ટર્મીનલ | ૫.૮૮ | - | ૭.૨૧ | - | ૬.૮૨ | - |

--------

## કચ્છ જિલ્લામાં ગુણવત્તાયુક્ત વીજ પુરવઠો મળી રહે તે માટે ફીડરોનું વિભાજન

૨૨૭૨૫ **: શ્રી ધનજીભાઈ ગો.સેંધાણી (માંડવી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં જુદી જુદી કક્ષાના ગ્રાહકોને ગુણવત્તાયુક્ત વીજ પુરવઠો મળે તે માટે વર્ષ ૨૦૦૯-૧૦ દરમિયાન કેટલા ફિડરોનું વિભાજન કરવામાં આવ્યુ, અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) અને (૨) જુદી જુદી કક્ષાના વીજ ગ્રાહકોને ગુણવત્તાયુક્ત વીજ પુરવઠો મળે તે માટે વર્ષ ૨૦૦૯-૧૦ દરમિયાન તા. ૩૧-૩-૨૦૧૦ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં રૂપિયા ૪૦૩.૦૫ લાખના ખર્ચે કુલ ૨૫ ફિડરોનું વિભાજન કરવામાં આવ્યુ છે.

--------

## માંડવી તાલુકામાં ચાલતી ક્વોરીઓ

૨૨૬૨૨ **: શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ (બારડોલી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ સુરત જિલ્લાના માંડવી તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં કેટલી ક્વોરીઓ ચાલે છે,

(૨) તે પૈકી કેટલી ક્વોરીઓ કાયદેસર અને ગેરકાયદેસર ચાલે છે, અને

(૩) ગેરકાયદેસર ક્વોરીઓ સામે સરકારે શાં પગલાં લીધા ?

**જવાબ**

(૧) કુલ ૩૪ ક્વોરીઓ ચાલે છે.

(૨) તે પૈકીની તમામ ક્વોરીઓ કાયદેસર છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

## કપરાડા તાલુકામાં સી.એન.જી. ગેસ સ્ટેશનો

૨૨૮૦૪ **: શ્રી જીતુભાઈ ચૌધરી (મોટા પોંઢા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વલસાડ જિલ્લામાં કપરાડા તાલુકામાં તા. ૩૧-૧-૨૦૧૧ ની સ્થિતિએ નાનાપોંઢા ખાતે સી.એન.જી. ગેસ સ્ટેશન સ્થાપવા સરકારે ક્યા પ્રકારની કાર્યવાહી હાથ ધરી,

(૨) કેટલા સ્ટેશનો બનાવવાનું આયોજન છે, અને

(૩) કપરાડા તાલુકામાં ઉક્ત સ્થિતિએ સી.એન.જી. ગેસ સ્ટેશન કેટલા છે ?

**જવાબ**

(૧) (૨) અને (૩)

વલસાડ જિલ્લામાં કપરાડા તાલુકા સિવાયના અન્ય તાલુકાઓમાં ૧૪ સી.એન.જી. ગેસ સ્ટેશનો કાર્યરત છે. અને બીજા ૮ નવા સી.એન.જી. સ્ટેશનો સ્થાપવાનું આયોજન છે. કપરાડા તાલુકામાં સી.એન.જી. સ્ટેશન સ્થાપવાનું હાલના તબક્કે આયોજન નથી.

--------

## દાહોદ જિલ્લામાં તાલુકાવાર પોલીસ સ્ટેશનમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ

૨૨૬૦૮ **: શ્રી બચુભાઈ કિશોરી (લીમડી) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં તાલુકાવાર પાલીસ મહેકમ સંવર્ગવાર કેટલું મજૂર થયેલું છે અને સામે કેટલી જગ્યાઓ ભરાયેલ છે, અને કેટલી જગ્યાઓ ખાલી છે ?

**જવાબ**

આ સાથે સામેલ **પત્રક-અ** મુજબ છે.

**પત્રક-અ**

| તાલુકાનું નામ | પો.સ્ટે.નું નામ | મંજુર મહેકમ | | | | | હાજર મહેકમ | | | | | ખાલી મહેકમ | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | સંવર્ગ | | | | | સંવર્ગ | | | | | સંવર્ગ | | | | |
| | | પોઈ | પોસઈ | એએસ આઈ | હેકો | પોકો | પોઈ | પોસઈ | એએસ આઈ | હેકો | પોકો | પોઈ | પોસઈ | એએસ આઈ | હેકો | પોકો |
| દાહોદ | દાહોદ ટાઉન | ૧ | ૩ | ૧૪ | ૨૦ | ૯૨ | ૧ | ૩ | ૧૧ | ૧૧ | ૬૬ | ૦ | ૦ | ૩ | ૯ | ૨૬ |
| | દાહોદ રૂરલ | ૦ | ૨ | ૧૦ | ૮ | ૩૭ | ૦ | ૩ | ૫ | ૪ | ૩૦ | ૦ | -૧ | ૫ | ૪ | ૭ |
| | મહીલા પા.સ્ટે. | ૧ | ૨ | ૬ | ૧૦ | ૩૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૨ | ૬ | ૧૦ | ૩૧ |
| ગરબાડા | ગરબાડા | ૦ | ૧ | ૯ | ૫ | ૧૯ | ૦ | ૨ | ૬ | ૮ | ૧૪ | ૦ | -૧ | ૩ | -૩ | ૫ |
| ધાનપુર | ધાનપુર | ૦ | ૧ | ૯ | ૪ | ૧૯ | ૦ | ૧ | ૯ | ૪ | ૧૫ | ૦ | ૦ | ૦ | ૦ | ૪ |
| દેવ, બારીયા | દેવ. બારીયા | ૦ | ૨ | ૧૦ | ૧૧ | ૪૫ | ૦ | ૨ | ૬ | ૧૧ | ૩૨ | ૦ | ૦ | ૪ | ૦ | ૧૩ |
| લીમખેડા | લીમખેડા | ૦ | ૨ | ૧૦ | ૧૧ | ૩૬ | ૦ | ૨ | ૧૧ | ૮ | ૨૯ | ૦ | ૦ | -૧ | ૩ | ૭ |
| | રણધિક્પુર | ૦ | ૧ | ૦ | ૧૨ | ૨૭ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૧૨ | ૨૭ |
| ઝાલોદ | ઝાલોદ | ૦ | ૧ | ૧૦ | ૯ | ૩૮ | ૦ | ૧ | ૭ | ૫ | ૩૩ | ૦ | ૦ | ૩ | ૪ | ૫ |
| | લીમડી | ૦ | ૧ | ૯ | ૪ | ૨૦ | ૦ | ૧ | ૮ | ૩ | ૨૪ | ૦ | ૦ | ૧ | ૧ | -૪ |
| | સંજેલી | ૦ | ૧ | ૪ | ૧૭ | ૫૩ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૪ | ૧૭ | ૫૩ |
| ફતેપુરા | ફતેપુરા | ૦ | ૧ | ૫ | ૫ | ૧૬ | ૦ | ૧ | ૭ | ૩ | ૮ | ૦ | ૦ | -૨ | ૨ | ૮ |
| | સુખસર | ૦ | ૧ | ૭ | ૫ | ૨૭ | ૦ | ૧ | ૪ | ૩ | ૧૧ | ૦ | ૦ | ૩ | ૨ | ૧૬ |
| કુલ | | ૨ | ૧૯ | ૧૦૩ | ૧૨૧ | ૪૬૦ | ૧ | ૧૭ | ૭૪ | ૬૦ | ૨૬૨ | ૧ | ૨ | ૨૯ | ૬૧ | ૧૯૮ |

## ભરૂચ જિલ્લામાં લૂંટ, ખૂન, બળાત્કાર, ચોરી, છેડતી અને આર્થિક ગુનાઓના બનાવો

૨૨૪૩૮ **: શ્રી ઈકબાલ પટેલ (વાગરા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભરૂચ જિલ્લામાં તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં લૂંટ, ખૂન, બળાત્કાર, ચોરી, છેડતી અને આર્થિક ગુનાઓના કેટલા બનાવો પોલીસ સ્ટેશનવાર બન્યા, અને,

(૨) તેમાંથી કેટલા ગુના વણઉકેલ્યા રહ્યા, તેના કારણો શાં છે, અને તેના માટે શી કાર્યવાહી કરવામાં આવશે ?

**જવાબ**

(૧) **પત્રક-૧** સામેલ છે.

(૨) તેમાંથી નીચે મુજબ ગુના વણઉકેલ્યા છે.

(૧) લૂંટ : ૫
(૨) ખૂન : ૯
(૩) બળાત્કાર : એકપણ નહીં
(૪) ચોરી : ૧૭૬

(૫) છેડતી : એકપણ નહીં
(૬) આર્થિક ગુનાઓ ૧૪

-લૂંટ અને ચોરીઓનાં ગુનાઓમાં નામ-નમૂદ ન હોવાના કારણે વણશોધાયેલ રહેલ છે. જ્યારે ઠગાઈ, વિશ્વાસઘાત જેવા આર્થિક ગુનાના આરોપીઓ નાસતા-ફરતા હોવાથી વણ શોધાયેલ રહેલ છે. જો કે, તેઓની માહિતી મેળવી પકડવાની તજવીજ ચાલુ છે. તથા સમાન મોડસ-ઓપરેડીવાળા અગાઉનાં ગુનાનાં આરોપીઓને તપાસવામાં પણ આવેલ છે.

અલબત્ત, વણશોધાયેલ ગુનાઓ માટે નીચે મુજબની કાર્યવાહી પણ કરેલ છે.

ગુનાઓ શોધી કાઢવા જીલ્લા લેવલેથી તથા એસ.સી.આર.બી.માંથી સજેશન મેળવી સજેશન વાળા ઈસમોને ચેક કરવામાં આવેલ છે. ડોગ સ્ક્વોડ, એફ.એસ.એલ.ટીમ/ફીંગર ન્ટિનિષ્ણાંત ગુના શોધવા માટે મદદ લેવામાં આવેલ છે તેમજ ખાનગી રાહે બાતમીદારોથી બાતમી મેળવી ગુનો શોધી કાઢવા માટે તમામ પ્રકારના સર્વગ્રાહી પ્રયત્નો હાથ ધરવામાં આવેલ છે.

-ખૂનના ગુનાઓમાં ગુન્હાવાળી જગ્યાએથી સાયન્ટીફીક અધિકારીના માર્ગદર્શન મુજબ બ્લડ સેમ્પલ લેવામાં આવેલ છે. તેમજ ગુનાના સ્થળ ઉપર ગુનેગારોની અમુક કિસ્સાઓમાં વસ્તુઓ રહી જતી હોય છે. તેવી વસ્તુઓ કબજે લઈ તે દિશામાં તપાસ કરવામાં આવેલ છે. ગુનાવાળી જગ્યાઓથી લોહી વિગેરેના ડાઘા હોય જે બ્લડ સેમ્પલો તથા નમુના એફ.એસ.એલ. સુરત તરફ પૃથ્થકરણ માટે મોકલવામાં આવેલ છે.

-ગુનાવાળી જગ્યાની આજુબાજુમાં રહેતા સાહેદોને આરોપી બાબતે તથા વર્ણન અંગે પુછપરછ કરી નિવેદન લેવામાં આવેલ છે. ફિંગરપ્રિન્ટ એક્ષપર્ટ પાસે ચાન્સપ્રીન્ટ મેળવવા કાર્યવાહી કરવામાં આવેલ છે. ડોગ સ્ક્વોર્ડને સ્મેલ આપી ટ્રેક કરાવતાં આરોપીનું પગેરું મેળવવા પ્રયત્નો કરેલ છે. ગુનાઓ શોધી કાઢવા માટે ખાનગી રાહે અંગત બાતમીદારો રોકી હકીકત મેળવી તમામ પ્રકારના સર્વગ્રાહી પ્રયત્નો ચાલુ છે.

-ચોરી અંગેના ગુનાઓ શોધી કાઢવા માટે જિલ્લામાં સમયાંતરે કોમ્બીંગ નાઈટનુ આયોજન કરી શંકાસ્પદ ઈસમો, વાહનો, પડાવો, દંગાઓ, હોટલો, ધાબાઓ, રેલ્વે સ્ટેશન, બસ સ્ટેશન ઉપર વોચમાં રહી ચેક કરવામાં આવે છે તે ઉપરાંત એમ.સી.આર. કાર્ડવાળા ઈસમોને ચેક કરવામાં આવેલ છે. અને જેલમાંથી છુટેલ આરોપીઓની માહિતી મેળવી તેઓને ચેક કરવામાં આવેલ છે.

-શહેરોમાં ચાલતા ખાનગી ટ્યુશન ક્લાસીસના સંચાલકો, સ્કૂલ/કોલેજોના સંચાલકો અને વાલીઓનો સંપર્ક કરી તેમને માર્ગદર્શન આપવાનું આયોજન કરેલ છે.

-આમ, આવા ગુનાઓ શોધી કાઢવા માટે તમામ પ્રકારના સર્વગ્રાહી પ્રયત્નો હાથ ધરવામાં આવી રહેલ છે.

***પત્રક-૧**

**ભરૂચ જિલ્લામાં તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં**
**લૂંટ, ખૂન, બળાત્કાર, ચોરી, છેડતી અને આર્થિક ગુનાઓના બનાવોની વિગત નીચે મુજબ છે.**

| અ.નં. | પોલીસ સ્ટેશન | લુંટ | ખૂન | બળાત્કાર | ચોરી | છેડતી | આર્થિક ગુનાઓ |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | ભરૂચ એ. ડીવી. | ૦ | ૭ | ૨ | ૫૭ | ૦ | ૨૦ |
| ૨. | ભરૂચ બી ડીવી. | ૦ | ૦ | ૦ | ૧૪ | ૧ | ૦૬ |
| ૩. | ભરૂચ તાલુકા | ૦ | ૨ | ૧ | ૧૫ | ૩ | ૦૧ |
| ૪. | નબીપુરા | ૦ | ૧ | ૧ | ૧૦ | ૨ | ૦૩ |
| ૫. | પાલેજ | ૧ | ૦ | ૦ | ૦૫ | ૦ | ૦૧ |
| ૬. | દહેજ | ૩ | ૦ | ૦ | ૧૫ | ૦ | ૦૭ |
| ૭. | મહીલા પો. સ્ટે. | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦૦ |
| ૮. | અંક્લેશ્વર શહેર | ૧ | ૪ | ૧ | ૨૭ | ૧ | ૧૨ |
| ૯. | અંક્લેશ્વર રુરલ | ૦ | ૨ | ૦ | ૧૨ | ૦ | ૦૪ |
| ૧૦. | જીઆઇડીસી | ૪ | ૭ | ૧ | ૬૧ | ૦ | ૧૦ |
| ૧૧. | હાંસોટ | ૦ | ૧ | ૦ | ૦૯ | ૦ | ૦૧ |
| ૧૨. | વાલીયા | ૧ | ૭ | ૦ | ૩૧ | ૨ | ૦૩ |
| ૧૩. | ઝગડીયા | ૧ | ૪ | ૨ | ૨૩ | ૦ | ૦૧ |
| ૧૪. | ઉમલ્લા | ૦ | ૧ | ૧ | ૦૬ | ૧ | ૦૧ |
| ૧૫. | જંબુસર | ૦ | ૦ | ૦ | ૦૪ | ૦ | ૦૧ |
| ૧૬. | આમોદ | ૦ | ૨ | ૦ | ૧૧ | ૦ | ૦૨ |
| ૧૭. | વાગરા | ૦ | ૨ | ૦ | ૦૬ | ૧ | ૦૧ |
| ૧૮. | વેડચી | ૦ | ૦ | ૦ | ૦૭ | ૧ | ૦૩ |
| ૧૯. | કાવી | ૦ | ૦ | ૦ | ૦ | ૪ | ૦૨ |

--------

**આણંદ જિલ્લામાં ઈંટોના ભઠ્ઠા**

૨૨૩૮૧ **: શ્રી અમીતભાઈ ચાવડા (બોરસદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આણંદ જિલ્લામાં તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર ઈંટોના ભઠ્ઠા માટે કેટલી પરવાનગી આપવામાં આવી,

(૨) જિલ્લામાં તાલુકાવાર પરવાનગી સિવાય કેટલા ભઠ્ઠા ચાલે છે,

(૩) પરવાનગી સિવાય ઈંટોના ભઠ્ઠા ચાલવાથી સરકારને આર્થિક નુક્સાન થાય છે તે હકીક્ત સાચી છે, અને

(૪) જો હા, તો એના માટે શી કાર્યવાહી કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) આણંદ જિલ્લામાં તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર ૩૩૪ ઈંટોના ભઠ્ઠા માટે પરવાનગી આપવામાં આવી જેની વિગતનું ***પત્રક** સામેલ છે.

(૨) જિલ્લામાં તાલુકાવાર પરવાનગી સિવાયના કોઈ ઈંટ ભઠ્ઠા ચાલતા નથી.

(૩) હા, જી.

(૪) અવારનવાર ચેકીંગની કાર્યવાહી કરવામાં આવે છે અને ઈંટ ભઠ્ઠા પકડાય તો તેમની પાસેથી માટીની ખનીજ કિંમત તથા વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવે છે.

***પત્રક**

| અનુ. | તાલુકો | વર્ષ૨૦૦૯-૧૦ | વર્ષ-૨૦૧૦-૧૧ |
|---|---|---|---|
| ૧ | આણંદ | ૨૫ | ૨૨ |
| ૨ | બોરસદ | ૩૬ | ૪૩ |
| ૩ | પેટલાદ | ૩૨ | ૨૪ |
| ૪ | આંક્લાવ | ૪૪ | ૨૪ |
| ૫ | સોજીત્રા | ૨૩ | ૩૦ |
| ૬ | ખંભાત | ૧૩ | ૧૧ |
| ૭ | ઉમરેઠ | ૦૨ | ૦૪ |
| ૮ | તારાપુર | ૦૧ | - |
| | | ૧૭૬ | ૧૫૮ |

| | | | |
|---|---|---|---|
| | કુલ.. | ૧૭૬ + ૧૫૮= | ૩૩૪ |

--------

## જાફરાબાદ ખાતેની દરિયાઈ ખાડીમાં કાંપ ભરાવવા બાબત

૨૨૮૪૮ **: શ્રી હીરાભાઈ સોલંકી (રાજુલા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જાફરાબાદ ખાતેની દરિયાઈ ખાડીમાં કાંપ ભરાય જવાનાં કારણે માછીમારોને થતી મુશ્કેલી સરકારના ધ્યાન ઉપર છે કે કેમ, અને

(૨) જો હા, તો તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ માછીમારોને પડતી મુશ્કેલી નિવારવા ડ્રેઝીંગ કરવા અંગે કોઈ આયોજન કરાયેલ છે કે કેમ ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) માછીમારોને થતી મુશ્કેલીના નિવારણ માટે જરૂરી પાણીની ઉંડાઈ મળી રહે તે પ્રમાણેની નવી જેટીના બાંધકામના ભાગરૂપે ડ્રેજીંગ માટે રૂા.૧.૦૭ કરોડના ખર્ચે કામગીરી કરવાનું આયોજન છે.

--------

## આણંદ જિલ્લામાં ગેરકાયદેસર દારૂનો ધંધો કરતાં ઈસમો પર પાડવામાં આવેલ દરોડા

૨૧૯૭૮ **: શ્રી લાલસિંહ વડોદિયા (ઉમરેઠ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (નશાબંધી) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં ગેરકાયદેસર દારૂનો ધંધો કરતાં ઈસમો પર વર્ષવાર કેટલા દરોડા પાડવામાં આવ્યા,

(૨) દરોડા દરમિયાન વર્ષવાર કેટલો દેશી દારૂ અને કેટલો વિદેશી દારૂ પકડવામાં આવ્યો અને તેની અંદાજિત કિંમત કેટલી છે,

(૩) દરોડા દરમિયાન પકડાયેલ ઈસમો પેકી એકથી વધુ વખત પકડાયા હોય તેવા ઈસમોની સંખ્યા વર્ષવાર કેટલી છે, અને

(૪) પકડાયેલ ઈસમો ઉપર ખાતા દ્વારા શી શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવી ?

**જવાબ**

(૧)

| વર્ષ-૨૦૦૯ | વર્ષ-૨૦૧૦ |
|---|---|
| ૮૯૬૩ | ૭૫૦૯ |

(૨)

| હેડ | વર્ષ ૨૦૦૯ | ૨૦૧૦ |
|---|---|---|
| દેશી દારૂ | ૨૯૯૩૬ લીટર | ૧૭૮૫૫ લીટર |
| કિંમત | રૂા. ૫,૯૮,૭૨૦/- | રૂા. ૩,૫૭,૧૦૦/- |
| વિદેશી દારૂ | ૨૨૮૫૨ બોટલ તથા ૪૩૨ પાઉચ, | ૨૬૯૧૪ બોટલ |
| કિંમત | રૂા. ૫૨,૨૧,૧૩૦/- | રૂા. ૫૨,૫૬,૪૯૮/- |

(૩)

| વર્ષ-૨૦૦૯ | વર્ષ-૨૦૧૦ |
|---|---|
| ૯૪૦ | ૯૭૯ |

(૪) પકડાયેલ ઈસમો ઉપર નીચે મુજબના કેસો કરવામાં આવેલ છે.

| | |
|---|---|
| પાસા | ૧૯ |
| તડીપાર | ૧૨૩ |
| પ્રોહીબીશનની કલમ-૯૩ | ૨૧૮૬ |

## બનાસકાંઠા જિલ્લામાં પોષ ડોડાની પરમીટ

૨૨૭૬૦ **: શ્રી મફતલાલ મો.પુરોહિત (ધાનેરા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (નશાબંધી) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૧-૨-૨૦૧૧ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલી વ્યક્તિઓ પોષ ડોડાના પરમીટ ધરાવે છે,

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર ૨૨૫૨ વ્યક્તિઓ પોષડોડાની પરમીટ (પોપી-૧) ધરાવે છે.

| અ. નં. | તાલુકાનું નામ | પોપી-૧ પરમીટની સંખ્યા |
|---|---|---|
| ૧. | દાંતા | ૩૭ |
| ૨. | વડગામ | ૫૮ |
| ૩. | પાલનપુર | ૧૨૯ |
| ૪. | અમીરગઢ | ૧૨૮ |

| | | |
|---|---|---|
| ૪. | અમીરગઢ | ૧૨૮ |
| ૫. | ડીસા | ૪૨૯ |
| ૬. | દાંતીવાડા | ૪૭ |
| ૭. | ધાનેરા | ૨૫ |
| ૮. | થરાદ | ૨૯૯ |
| ૯. | વાવ | ૬૩૮ |
| ૧૦. | ભાભર | ૧૭૦ |
| ૧૧. | દિયોદર | ૧૯૧ |
| ૧૨. | કાંકરેજ | ૧૦૧ |
| | **કુલ** | **૨૨૫૨** |

(૨) ઉક્ત સ્થિતિએ તે પેકી કેટલા પરમીટ રીન્યુ કરવાના બાકી છે, અને

(૨) એક પણ નહીં.

(૩) ઉક્ત સ્થિતિએ કેટલી નવિન માંગણીઓ પેન્ડીંગ છે ?

(૩) એક પણ નહીં.

## પંચમહાલ જિલ્લામાં પોલીસ સ્ટેશન દીઠ મંજૂર થયેલ સંવર્ગવાર મહેકમ

૨૨૩૦૭ **: શ્રી સી. કે. રાઉલજી (ગોધરા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં પોલિસ સ્ટેશન દીઠ મંજુર થયેલ સંવર્ગવાર મહેકમ સામે કેટલી જ્ગ્યાઓ કેટલા સમયથી ખાલી છે,

(૨) આવી ખાલી જ્ગ્યાઓ સમયસર નહીં ભરવાના કારણો શાં છે, અને

(૩) કેટલા સમયમાં આ જ્ગ્યાઓ ભરવામાં આવશે ?

**જવાબ**

(૧) આ સાથે સામેલ *પત્રક "અ" મુજબ છે.

(૨) વહીવટી કારણોસર.

(૩) પોલીસ તંત્રની ખાલી જ્ગ્યાઓ ભરવા માટે ત્રણ વર્ષનો પરસ્પેક્ટીવ પ્લાન ઘડીને સરકારે પોલીસ ભરતી બોર્ડની રચના કરેલ. આ બોર્ડ દ્વારા સહાયક બિન હથિયારી પોલીસ સબ ઈન્સપેક્ટર ૬૮૦, સહાયક હથિયારી પોલીસ સબ ઈન્સપેક્ટર ૧૪૩, ખાસ સ્પર્ધાત્મક પરીક્ષાના આધારે બિન હથિયારી પોલીસ સબ ઈન્સપેક્ટર ૫૪૪, એસ.આર.પી. લોકરક્ષક ૪૨૬૪ની ભરતી કરવામાં આવી છે. તેમજ લોકરક્ષક ૮૭૩૪ની ભરતીનું પરિણામ બહાર પાડેલ છે. સહાયક પોલીસ સબ ઈન્સપેક્ટરની જ્ગ્યા પર પસંદગી પામેલ ઉમેદવારોની હાલ તાલીમ ચાલી રહેલ છે તેમજ લોકરક્ષક્ની જ્ગ્યા પર પસંદગી પામેલ ઉમેદવારોને તાલીમમાં મોક્લવા અંગેની પ્રક્રીયા ચાલી રહેલ છે. લોકરક્ષક્ની તાલીમ પૂર્ણ થયેથી પોલીસ કોન્સ્ટેબલની જ્ગ્યાઓ પર અન્ય જિલ્લાની સરખામણીમાં પંચમહાલ જિલ્લાના પોલીસ સ્ટેશનોની ખાલી જ્ગ્યાઓ ભરવાનું આયોજન શક્ય બનશે.

**(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)**

## વડોદરા જિલ્લામાં ખાણ-ખનીજ રેતીની લીઝો મેળવવાની માંગણી

૨૨૬૬૩ **: શ્રી મોહનસિંહ છો.રાઠવા (પાવી-જેતપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લામાં તાલુકાવાર કેટલી ખાણ-ખનીજ રેતી લીઝો મેળવવાની માંગણી નામંજૂર કરવામાં આવી,

(૨) તે પેકી રાજ્ય સરકારમાં કેટલી અપીલો દાખલ થઈ,

(૩) તે અપીલો પેકી કેટલી મંજૂર અને કેટલી નામંજૂર થઈ, અને

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લામાં ૧૪૭ રેતી લીઝો મેળવવાની માંગણી નામંજૂર કરવામાં આવી. તાલુકાવાર *પત્રક સામેલ છે.

(૨) ૫૮

(૩) જે પેકી ૧ અપીલ મંજૂર, ૫૭ નિર્ણય અર્થે પડતર તથા નામંજૂર એક પણ નહીં.

(૪) નામંજૂર થવાના કારણો શાં છે ?

(૪) એક પણ અપીલ નામંજૂર કરેલ ન હોવાથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

*** પત્રક**

| તાલુકાનું નામ | નામંજૂર લીઝની સંખ્યા |
|---|---|
| સાવલી | ૮ |
| કરજણ | ૩૨ |
| નસવાડી | ૧૯ |
| જેતપુર પાવી | ૧૭ |
| વાઘોડીયા | ૩ |
| સંખેડા | ૨૬ |
| ડભોઈ | ૧૩ |
| સિનોર | ૨૧ |
| છોટા ઉદેપુર | ૩ |
| પાદરા | ૨ |
| ક્વાંટ | ૨ |
| વડોદરા | ૧ |
| કુલ | ૧૪૭ |

--------

## ભાવનગર જિલ્લામાં લાંચ રુશ્વત વિરોધી બ્યુરો ધ્વારા પકડવામાં આવેલ ગુનાઓ

૨૨૬૦૧ : **શ્રી ડૉ. કનુભાઈ કલસરીયા (મહુવા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લામાં તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન લાંચ રુશ્વત વિરોધી બ્યુરો ધ્વારા કેટલા ગુના પકડવામાં આવ્યા,

(૨) આવા ગુનાઓમાં ઉપરોક્ત સ્થિતિએ કેટલા તહોમતદારો પકડાયા અને કેટલા તહોમતદારો પકડવાના બાકી છે, અને

(૩) પકડાયેલ તહોમતદારો ક્યા ક્યા વિભાગ/કચેરીના હતા ?

**જવાબ**

(૧) ૧૮ ગુના પકડવામાં આવેલ છે.

(૨) ૧૯ તહોમતદારો પકડવામાં આવેલ છે. કોઈ તહોમતદાર પકડવાના બાકી નથી.

(૩)

| ક્રમ | વિભાગનું નામ | કચેરીનું નામ |
|---|---|---|
| (૧) | ગૃહ વિભાગ | ૧. મહુવા પો. સ્ટે. |
| | | ૨. ભાવનગર સી-ડીવીઝન |
| | | ૩. બગદાણા પો. સ્ટે. |
| | | ૪. ભાવનગર એસ.ઓ.જી. |
| | | ૫. વલભીપુર પો. સ્ટે. |
| | | ૬. જેસર પો. સ્ટે. |
| | | ૭. પાળીયાદ પો. સ્ટે. |
| (૨) | શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ | ૧. વોટર વર્કસ વિભાગ, મહાનગરપાલિકા, ભાવનગર |
| | | ૨. ટેક્ષ વિભાગ, મહાનગર-પાલિકા, ભાવનગર. |
| **ક્રમ** | **વિભાગનું નામ** | **કચેરીનું નામ** |
| (૩) | પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | ૧. રાણીવાડા ગ્રામ પંચાયત.<br>૨. કુંડળ ગૃપ ગ્રામ પંચાયત. હેઠળ બોરડી ગ્રામ પંચાયત.<br>૩. ધારૂકા ગ્રામ પંચાયત.<br>૪. જલાલપુર ગ્રામ પંચાયત. |
| (૪) | નર્મદા જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ | ૧. નાની સિંચાઈ પેટા વિભાગ, (પંચાયત) પાલીતાણા |
| (૫) | સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ | જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારીની કચેરી, ભાવનગર. |
| (૬) | નાણા વિભાગ | વેચાણવેરા કચેરી ઘટક-૧, ભાવનગર |
| (૭) | કૃષિ અને સહકાર વિભાગ | ૧. મદદનીશ જીલ્લા સબ રજીસ્ટ્રાર (ધીરધાર), ભાવનગર<br>૨. જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળી (ઓડીટ), તળાજા, ભાવનગર. |

--------

## નર્મદા જિલ્લામાં વિજ્ઞાન કેન્દ્રોને મંજૂરી

૨૧૮૨૯ : **શ્રી અમરસિંહ વસાવા (દેડીયાપાડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નર્મદા જિલ્લામાં તાલુકાવાર કેટલા વિજ્ઞાનકેન્દ્રો મંજૂર

**જવાબ**

(૧) જિલ્લામાં તાલુકાવાર વિજ્ઞાનકેન્દ્રો મંજૂર કરવાની કોઈ યોજના ન હોવાથી, નર્મદા જિલ્લામાં

કરવામાં આવ્યા, અને

તાલુકાવાર વિજ્ઞાનકેન્દ્રો મંજૂર કરવામાં આવેલ નથી. પરંતુ જિલ્લા કક્ષાનું વિજ્ઞાનકેન્દ્ર મંજૂર કરવાની યોજના હોવાથી નર્મદા જિલ્લામાં વિજ્ઞાનકેન્દ્ર મંજૂર કરવામાં આવેલ છે.

(૨) તે અન્વયે કેટલો ખર્ચ થયો ?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**ધંધુકા, બરવાળા અને રાણપુરની વીજ ફરીયાદો**

૨૨૦૯૪ **: શ્રી રણછોડભાઈ ક.મેર (ધંધૂકા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ધંધુકા, બરવાળા અને રાણપુર તાલુકાઓની તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વીજ વિક્ષેપ, લાઈન ફોલ્ટ, પોલ ભાંગી/પડી ગયેલ મીટર લાઈટ બંધ વિગેરે જેવી ફરીયાદો કેટલી આવી, અને

(૨) કેટલા સમયમાં તેનું નિરાકરણ લાવવામાં આવશે ?

**જવાબ**

(૧) અને (૨) : ધંધુકા, બરવાળા અને રાણપુર તાલુકાઓમાં તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વીજ વિક્ષેપ, લાઈન ફોલ્ટ, પોલ ભાંગી/પડી જવા, મીટર/લાઈટ બંધ વિગેરે જેવી કુલ ૯૮૮૧ ફરીયાદો મળેલ જેનું યથા સમયે નિરાકરણ કરી દેવામાં આવેલ હોઈ હાલમાં એકપણ ફરીયાદ બાકી નથી.

**રાજકોટ, પાટણ, સાબરકાંઠા અને મહેસાણા જિલ્લામાં ખેડૂતોને ખેત વીજ કનેક્શનો**

૨૨૮૦૭ **: શ્રી પ્રભુભાઈ વસાવા (સોનગઢ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજકોટ, પાટણ, સાબરકાંઠા અને મહેસાણા જિલ્લામાં જિલ્લાવાર તા.૩૧-૩-૨૦૧૦ની સ્થિતિએ વર્ષવાર છેલ્લા બે વર્ષમાં ખેડૂતોને કેટલાં ખેત વીજ ક્નેક્શનોને મંજૂરી આપવામાં આવી,

(૨) કેટલી ખેત વીજ ક્નેકશન અરજીઓ પડતર છે, અને

(૩) બાકી રહેલ અરજદારોને ક્યાં સુધીમાં વીજ ક્નેક્શનો આપવા માંગે છે ?

**જવાબ**

(૧) રાજકોટ, પાટણ, સાબરકાંઠા અને મહેસાણા જિલ્લામાં તા.૩૧-૩-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મંજૂર કરવામાં આવેલ વીજ જોડાણોની વિગતો નીચે મુજબ છે.

| જિલ્લો | ૨૦૦૮-૦૯ | ૨૦૦૯-૧૦ |
|---|---|---|
| રાજકોટ | ૫૮૯૩ | ૫૨૪૫ |
| પાટણ | ૦૦ | ૦૦ |
| સાબરકાંઠા | ૨૮૭૪ | ૪૫૧૧ |
| મહેસાણા | ૧૧૦ | ૧૫૨ |

(૨) રાજકોટ, પાટણ, સાબરકાંઠા અને મહેસાણા જિલ્લામાં તા.૩૧-૩-૨૦૧૦ની સ્થિતિએ કૃષિ વીજ જોડાણની આપવા પાત્ર ૮૮૮૧૯ અરજીઓ પડતર છે.

(૩) ખેતી હેતુ વીજ જોડાણ આપવાની ક્રામગીરી એ સતત પ્રક્રિયા છે. રાજ્યના ખેડૂતોને સાતત્યપૂર્ણ અને ગુણવત્તા સભર વીજ પૂરવઠો મળી રહે એ બાબત ધ્યાને લઈ ઉપલબ્ધ વીજ પૂરવઠો, માળખાગત સુવિધા, વીજ તંત્ર પર પડનાર બોજો, નાણાંકીય ફાળવણી વગેરે પાસાઓને ધ્યાને લઈ અને ડાર્કઝોનની નીતિને અનુલક્ષીને પ્રતિ વર્ષ નક્કી કરેલ લક્ષ્યાંક મુજબ કૃષિ વીજ જોડાણો આપવામાં આવતા હોય છે.

--------

**દાહોદ જિલ્લામાં રાજીવ ગાંધી ગ્રામીણ વિદ્યુતીકરણ યોજના હેઠળ આપવામાં આવેલ વીજ જોડાણો**

૨૨૬૦૯ **: શ્રી બચુભાઈ કિશોરી (લીમડી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં દાહોદ જિલ્લામાં તાલુકાવાર કેટલા લાભાર્થીઓને રાજીવ ગાંધી ગ્રામીણ વિદ્યુતીકરણ યોજના હેઠળ વીજ જોડાણો આપવામાં આવ્યાં, અને

**જવાબ**

(૧) અને (૨) : કેન્દ્ર સરકારના ગ્રામ્ય વીજળીકરણ નિગમ (આર.ઈ.સી.) ને દાહોદ જિલ્લાનો પ્રોજેક્ટ ડીસેમ્બર-૨૦૦૫માં મોકલવામાં આવ્યો હતો. જે સ્થગિત કરવામાં આવ્યો હતો અને છેલ્લે માર્ચ ૨૦૦૮

(૨) આ યોજના અન્વયે હજી કેટલા લાભાર્થીઓને વીજ જોડાણો આપવામાં બાકી છે ?

માં મંજૂરી મળી હતી. ત્યારબાદ ભાવ વધારાના કારણે રીવાઈઝડ કોસ્ટ સાથે પુનઃ મંજૂરી માંગતા આખરી મંજૂરી તા.૩૦-૬-૨૦૦૯ના રોજ મળેલ અને આ પ્રોજેક્ટનો ટર્ન-કી કોન્ટ્રાક્ટ તા.૨૨-૭-૨૦૦૯ના રોજ આપવામાં આવેલ છે. તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં કુલ ૧૦૩૬૨ વીજ જોડાણ આપી દેવામાં આવ્યા છે. જ્યારે મંજૂર થયેલ પ્રોજેક્ટ મુજબ ૨૨૦૨૯ લાભાર્થીઓને વીજ જોડાણ આપવાના બાકી છે. જેઓને ભારત સરકારના ગ્રામ્ય વીજળીકરણ નિગમ (આર.ઈ.સી.) તરફથી નિયત થયેલ સમય મર્યાદા એટલે કે, જુલાઈ ૨૦૧૧ સુધીમાં વીજળીકરણથી આવરી લેવાનું આયોજન છે.

## આણંદ જિલ્લામાં બાજપાઈ બેંકેબલ યોજના અને વડાપ્રધાન રોજગાર સર્જન પ્રોગ્રામ અંતર્ગત મળેલ અરજીઓ

૨૨૮૧૯ **: શ્રી અમીતભાઈ ચાવડા (બોરસદ) : માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં આણંદ જિલ્લામાં વાજપાઈ બેંકેબલ યોજના અને વડાપ્રધાન રોજગાર સર્જન પ્રોગ્રામ અંતર્ગત તાલુકાવાર કેટલી અરજીઓ મળી,

(૧) તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં આણંદ જિલ્લામાં વાજપાઈ બેંકેબલ યોજના અને વડાપ્રધાન રોજગાર સર્જન પ્રોગ્રામ અંતર્ગત યોજના હેઠળ તાલુકાવાર નીચે મુજબ અરજીઓ મળેલ છે.

| અ.નં. | તાલુકો | વાજપાઈ બેંકેબલ યોજના | | | વડાપ્રધાન રોજગાર સર્જન કાર્યક્રમ | | |
|---|---|---|---|---|---|---|---|
| | | તા.૧-૨-૦૮ થી ૩૧-૧-૦૯ | તા.૧-૨-૦૯ થી ૩૧-૧-૧૦ | તા.૧-૨-૧૦ થી ૩૧-૧-૧૧ | તા.૧-૨-૦૮ થી ૩૧-૧-૦૯ | તા.૧-૨-૦૯ થી ૩૧-૧-૧૦ | તા.૧-૨-૧૦ થી ૩૧-૧-૧૧ |
| ૧ | આણંદ | ૫૩૦ | ૬૮૦ | ૭૧૮ | ૨૧ | ૯૭ | ૧૧૦ |
| ૨ | ઉમરેઠ | ૩૯૩ | ૫૦૬ | ૫૩૬ | ૬ | ૧૮ | ૩૩ |
| ૩ | ખંભાત | ૪૪૬ | ૫૭૪ | ૬૦૭ | ૯ | ૫૧ | ૬૦ |
| ૪ | તારાપુર | ૧૫૪ | ૨૦૨ | ૨૧૪ | ૬ | ૨૮ | ૧૨ |
| ૫ | પેટલાદ | ૪૨૦ | ૫૪૦ | ૫૭૨ | ૧૯ | ૫૬ | ૬૮ |
| ૬ | સોજીત્રા | ૧૮૩ | ૨૩૬ | ૨૫૦ | ૨ | ૧૧ | ૯ |
| ૭ | બોરસદ | ૩૬૭ | ૪૭૨ | ૫૦૧ | ૧૪ | ૩૬ | ૫૨ |
| ૮ | આંક્લાવ | ૧૩૧ | ૧૬૮ | ૧૭૮ | ૧ | ૧૪ | ૨૧ |
| | **કુલ :** | **૨૬૨૪** | **૩૩૭૮** | **૩૫૭૬** | **૭૮** | **૩૧૧** | **૩૬૫** |

(૨) તે પેકી કેટલી મંજૂર કરવામાં આવી અને કેટલી પડતર છે, અને

(૨) ઉપર્યુક્ત મળેલ અરજીઓ પૈકી તા.૩૧-૧-૧૧ ની સ્થિતિએ મંજૂર થયેલ અને પડતર અરજીઓની વિગતો નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકાનું નામ | વાજપાઈ બેંકેબલ યોજના | | વડાપ્રધાન રોજગાર સર્જન કાર્યક્રમ | |
|---|---|---|---|---|---|
| | | મંજૂર થયેલ અરજીઓ | પડતર અરજીઓ | મંજૂર થયેલ અરજીઓ | પડતર અરજીઓ |
| ૧ | આણંદ | ૮૫૫ | ૨૮૬ | ૪૨ | ૪૯ |
| ૨ | ઉમરેઠ | ૬૩૪ | ૨૨૧ | ૧૨ | ૨૧ |
| ૩ | ખંભાત | ૭૧૫ | ૨૫૨ | ૧૩ | ૨૯ |
| ૪ | તારાપુર | ૨૫૨ | ૮૬ | ૮ | ૧૨ |
| ૫ | પેટલાદ | ૬૭૪ | ૨૪૦ | ૧૬ | ૩૨ |
| ૬ | સોજીત્રા | ૨૯૧ | ૧૧૪ | ૭ | ૯ |
| ૭ | બોરસદ | ૫૯૧ | ૨૦૮ | ૧૮ | ૫૨ |
| ૮ | આંક્લાવ | ૨૧૨ | ૭૨ | ૫ | ૬ |
| | **કુલ :** | **૪૨૨૪** | **૧૪૭૯** | **૧૨૧** | **૨૧૦** |

(૩) મંજૂર અરજીઓ પેકી કેટલાને બેંક દ્વારા ધિરાણ આપવામાં આવેલ છે ?

(૩) મંજૂર થયેલ અરજીઓ પેકી નીચેની સંખ્યામાં લાભાર્થીઓને બેંક દ્વારા ધિરાણ આપવામાં આવે છે.

| અ.નં. | તાલુકો | વાજપાઈ બેંકેબલ | પી.એમ.ઈ.જી.પી. |
|---|---|---|---|
| ૧ | આણંદ | ૮૫૫ | ૩૫ |
| ૨ | ઉમરેઠ | ૬૩૪ | ૪ |
| ૩ | ખંભાત | ૭૧૫ | ૯ |
| ૪ | તારાપુર | ૨૫૨ | ૮ |
| ૫ | પેટલાદ | ૬૭૪ | ૧૬ |
| ૬ | સોજીત્રા | ૨૯૧ | ૭ |
| ૭ | બોરસદ | ૫૯૧ | ૧૮ |
| ૮ | આંક્લાવ | ૨૧૨ | ૪ |
| | કુલ : | ૪૨૨૪ | ૧૦૧ |

## આણંદ જિલ્લામાં ખેડૂતો માટે એનર્જી એફીસીયન્સી પમ્પની યોજના

૨૧૯૭૯ : **શ્રી લાલસિંહ વડોદિયા (ઉમરેઠ)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ આણંદ જિલ્લામાં ખેડૂતો માટે એનર્જી એફીસીયન્સી પમ્પની યોજના સરકાર દ્વારા શરૂ કરવામાં આવી છે કે કેમ,

(૨) જો હા, તો જિલ્લાના ક્યા ક્યા તાલુકાનો આ યોજના હેઠળ સમાવેશ કરવામાં આવ્યો છે,

(૩) આ યોજનાથી ક્યા ક્યા તાલુકાના કેટલા ખેડૂતોને શા લાભ થશે, અને

(૪) અન્ય તાલુકામાં આ યોજના માટે સરકારનું શું આયોજન છે ?

**જવાબ**

(૧) ના, જી.

(૨), (૩) અને (૪) : આ યોજના પ્રથમ તબક્કામાં પ્રાયોગિક ધોરણે આ સાથે સામેલ પત્રક-અ માં દર્શાવ્યા મુજબના ૧૧ તાલુકાઓમાં શરૂ કરવામાં આવેલ તેથી તે તાલુકાઓના ખેડૂતોને ગુણવત્તા સભર વીજ પૂરવઠો મળવો, મોટરના નિભાવ ખર્ચમાં ઘટાડો થવો તેમજ ઓછા વીજ ખર્ચે જરૂરી માત્રામાં પાણીની ઉપલબ્ધી થવી વગેરે લાભ થશે. આ યોજના પ્રાયોગિક ધોરણે જ અમલમાં મુકવામાં આવેલ હોવાથી હાલ અન્ય તાલુકાઓમાં લાગુ કરવાની બાબત વિચારણામાં નથી.

**પ ત્ર ક - અ**

| ક્રમ | તાલુકો | જિલ્લો |
|---|---|---|
| ૧ | અમરેલી | અમરેલી |
| ૨ | હળવદ | સુરેન્દ્રનગર |
| ૩ | હિંમતનગર | સાબરકાંઠા |
| ૪ | પ્રાંતિજ | સાબરકાંઠા |
| ૫ | માણસા | ગાંધીનગર |
| ૬ | મહેસાણા | મહેસાણા |
| ૭ | વિરપુર | મહેસાણા |
| ૮ | વિસનગર | મહેસાણા |
| ૯ | ડીસા | બનાસકાંઠા |
| ૧૦ | ધાનેરા | બનાસકાંઠા |
| ૧૧ | કાંકરેજ | બનાસકાંઠા |

--------

**સચિવશ્રી:** બાબત ક્રમાંક-૨, જાહેર અગત્યની બાબત પર શહેરી વિકાસ મંત્રીશ્રીનું નિવેદન. નિયમ-૪૪.(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી નીતિનભાઈ. (અંતરાય)

(આ તબક્કે કોંગ્રેસ પક્ષના માનનીય સભ્યશ્રી સિદ્ધાર્થભાઈ પટેલે ઝીરો અવર્સનો મુદ્દો ઉઠાવવાનો આગ્રહ રાખતા)

**અધ્યક્ષશ્રી** : મારી પાસે ઝીરો અવર્સ માટેની આવી કોઈ રજૂઆત આવી નથી. (અંતરાય)

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, આપની પરવાનગી લીધી હોય, માનનીય મંત્રીશ્રીની પરવાનગી લીધી હોય તો એલાઉ કરાય, નહીં તો નહીં. ગમે તેટલી અગત્યની બાબત હોય. આપના માટે અગત્યની હશે, પણ ઝીરો અવર્સની પ્રોસીજર જ નથી.

**અધ્યક્ષશ્રી** : પ્રશ્નકાળ પછી વિરામમાં ચેમ્બરમાં આવો. (અંતરાય) નહીં, નહીં, પ્લીઝ. મેં કોઈ મંજૂરી નથી આપી. પ્લીઝ. નો. નો. આપ રીસેસમાં મારી ચેમ્બરમાં આવજો, રીસેસમાં આપને હું બોલાવીશ. આપે ઝીરો અવર્સની કોઈ રજૂઆત નથી કરી. કોઈ મંજૂરી મેં આપી નથી. એમને નિયમ-૪૪ની મેં મંજૂરી આપી છે.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : અત્યારે શું છે સિદ્ધાર્થભાઈ, માનનીય અધ્યક્ષશ્રીએ કહ્યું. આપ ચેમ્બરમાં અલગ મળજોને? (અંતરાય) સિદ્ધાર્થભાઈ, પરવાનગી માગો ને...

**અધ્યક્ષશ્રી** : ઝીરો અવર્સની આપણે ત્યાં કોઈ સિસ્ટમ નથી. ઝીરો અવર્સની આપે મંત્રીશ્રીને પણ જાણ કરી નથી અને મારી પાસેથી પણ મંજૂરી લીધી નથી. ૧૧૬ની નોટિસ બાબતમાં આપ ચર્ચા કરવા માગતા હો તો આપ મારી ચેમ્બરમાં વિરામ સમયમાં આવજો. પ્લીઝ. (અંતરાય) નો. નો.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : ઝીરો અવર્સમાં પરવાનગી જ નથી આપી...

**અધ્યક્ષશ્રી** : નો, નો. નથી આપી.

# શહેરી વિકાસ મંત્રીશ્રીનું નિવેદન(નિયમ-૪૪)

## હોસ્પિટલ અંગેના વિનિમયો અંગે

**શ્રી નીતિનભાઈ ર. પટેલ (શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં દર્દીઓને ઉચ્ચ કક્ષાની..(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : આપ બેસી જાવ પ્લીઝ. આપ મને મળજો. પ્લીઝ. અર્જુનભાઈ, (અંતરાય)

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : ઈકબાલભાઈ, નિર્ણય પછી લેવાનો ન હોય. આપ સાહેબને ચેમ્બરમાં મળજો ને. માનનીય અધ્યક્ષશ્રીને અલગથી ચેમ્બરમાં મળોને, (અંતરાય) અર્જુનભાઈ તમે ચેમ્બરમાં મળજો ને.

**અધ્યક્ષશ્રી** : અર્જુનભાઈ, વિધાનસભામાં જે કંઈ પ્રણાલિકાઓ છે. વિધાનસભાના નિયમો છે એ પ્રમાણે આપણે વિધાનસભા ચલાવવી પડે. પ્લીઝ આપ બેસો. (અંતરાય) નિયમ-૪૪ની મેં એમને પરવાનગી આપી છે. તેમનું નિવેદન આપણે સાંભળીએ.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : સિદ્ધાર્થભાઈ, પ્લીઝ. માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં દર્દીઓને ઉચ્ચ કક્ષાની આધુનિક સારવાર વ્યાજબી ખર્ચે ઉપલબ્ધ થાય એ માટે ઉચ્ચ ગુણવત્તાયુકત સગવડો ધરાવતી નવી હૉસ્પિટલો શરૂ થાય તે માટે રાજય સરકાર તત્પર છે. રાજય સરકારે મૅડિકલ ટુરીઝમને..

**(આ તબક્કે વિરોધપક્ષના સભ્યશ્રીઓ દ્વારા સુત્રોચ્ચાર કરવામાં આવ્યો)**

**અધ્યક્ષશ્રી** : મંત્રીશ્રીએ પરવાનગી આપી નથી અને મને એ વાતની ખબર પણ નથી. પ્લીઝ. (અંતરાય) (સતત સુત્રોચ્ચાર) ભરતભાઈ,પ્લીઝ આપ બેસી જાવ. સિદ્ધાર્થભાઈ અને અર્જુનભાઈ આપ ખૂબ સિનિયર નેતા છો. આ ગૃહના માનનીય સભ્ય છો. વિધાનસભાના નિયમોથી જાણકાર છો. મંત્રીશ્રીએ આવી કોઈ બાબતની મને પણ જાણ કરી નથી. (સતત સુત્રોચ્ચાર) મંત્રીશ્રી, આપે પરવાનગી આપી છે માનનીય નરોત્તમભાઈ, માનનીય મંત્રીશ્રીએ મંજૂરી નથી આપી. પ્લીઝ. માનનીય મંત્રીશ્રી ના પાડે છે. (અંતરાય) પ્લીઝ, સિદ્ધાર્થભાઈ, અર્જુનભાઈ આપ બેસી જાવ. વિધાનસભામાં આવી કોઈ પ્રથા નથી. પ્લીઝ. (અંતરાય) મંત્રીશ્રી ના પાડે છે. પ્લીઝ. નથી આપી.

**શ્રી દિલીપ સંઘાણી** : અધ્યક્ષશ્રીએ પરમિશન આપી નથી. આપની લાગણી પહોંચી ગઈ.

**અધ્યક્ષશ્રી** : મંત્રીશ્રીનું નિયમ -૪૪ નીચેનું નિવેદન સાંભળીએ.. પ્લીઝ.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હૉસ્પિટલ અંગેના વિનિયમો :-

રાજયમાં દર્દીઓને ઉચ્ચ કક્ષાની આધુનિક સારવાર વ્યાજબી ખર્ચે ઉપલબ્ધ થાય, તે માટે ઉચ્ચ ગુણવત્તાયુકત સગવડો ધરાવતી નવી હૉસ્પિટલો શરૂ થાય, તે માટે રાજય સરકાર તત્પર છે. રાજય સરકારે મૅડિકલ ટુરીઝમને પ્રાધાન્ય આપીને વિશ્વ કક્ષાની આરોગ્યલક્ષી સુવિધાઓ રાજયમાં ઉપલબ્ધ થાય તે આશયથી, સંપૂર્ણ સુવિધાયુકત હૉસ્પિટલો બને તે માટે પ્રોત્સાહન નીતિ જાહેર કરી છે. તદઅનુસાર રાજયમાં કેટલીક આધુનિક હૉસ્પિટલો કાર્યરત છે જ્યારે ઘણી હૉસ્પિટલના નિર્માણની દરખાસ્તો વિચારણાધિન છે. આવી અદ્યતન હૉસ્પિટલોની જરૂરિયાતો ધ્યાને લઈ, તેઓ મહત્તમ સેવાઓ આપી શકે તથા જગ્યાનો કરકસરયુકત ઉપયોગ કરી શકે તેની સાથે સાથે જાહેર સલામતી, પાર્કિંગ વગેરે માટે પણ જોગવાઈઓ થઈ શકે તે માટે જી.ડી.સી.આર.માં જરૂરિયાત મુજબના ફેરફારો કરવાની આવશ્યકતા જણાયેલ છે.

રાજયના શહેરોમાં હૉસ્પિટલો થકી આરોગ્યલક્ષી સુવિધાઓના નિર્માણને પ્રોત્સાહન મળે તે માટે રાજય સરકારે નીતિ સ્વરૂપના વિનિયમો તૈયાર કરેલ છે અને તેનો સમાવેશ જે તે શહેરી/ વિસ્તાર વિકાસ સત્તા મંડળના જી.ડી.સી.આર.માં કરવાનું ઠરાવવામાં આવ્યું છે.

**( વિરોધપક્ષના સભાગૃહમાં ઉપસ્થિત રહેલા તમામ સભ્યશ્રીઓ સૂત્રોચ્ચાર કરતા કરતા સભાત્યાગ કરી ગયા.)**

**<u>હૉસ્પિટલના નિર્માણ માટેની વિશેષ જોગવાઈ</u>**

પ્રવર્તમાન જોગવાઈઓ મુજબ હાલમાં માત્ર કોમર્શિયલ તથા રહેણાંક ઝોનમાં હૉસ્પિટલનું બાંધકામ મળવાપાત્ર છે. હવે ૩૦ મીટર કે તેથી વધુ પહોળાઈના રોડ કે તેવો એપ્રોચ ધરાવતા તથા ૫૦૦૦ ચો.મી. કે તેથી વધુ ક્ષેત્રફળ ધરાવતા પ્લૉટ ઉપર કોઈપણ ઝોનમાં હૉસ્પિટલ બનાવી શકાશે.

પ્રવર્તમાન જોગવાઈ મુજબ મહત્તમ ૧.૮ મુજબની એફ.એસ.આઈ. મળવાપાત્ર રહે છે. હવે શરતોને આધીન જરૂરિયાતના પ્રમાણમાં ૪.૦ સુધીની એફ.એસ.આઈ. મળવાપાત્ર બનશે.

હાલની જોગવાઈઓમાં પાર્કિંગ તથા આનુષંગિક સુવિધાઓ માટેની વ્યવસ્થા એફ.એસ.આઈ.માં ગણતરીમાં લેવાય છે. હવે હૉસ્પિટલમાં પાર્કિંગ માટે ઉપયોગમાં લેવાનાર બેઝમૅન્ટ, રેફયુજ એરિયા, એટ્રીયલ, પાર્કિંગ તરફ જતા રેમ્પ, ફાયર એસ્કેપ, ઈકવીપમેન્ટ/ એર હેન્ડલીંગ રૂમની વ્યવસ્થા યોગ્ય રીતે કરવામાં આવે, તે હેતુથી આ તમામ ઉપયોગો માટેનું ક્ષેત્રફળ એફ.એસ.આઈ.માંથી બાદ મળશે.

પ્રવર્તમાન જોગવાઈ મુજબ મહત્તમ ૪૦ મીટર ઊંચાઈ એટલે કે, અંદાજે ૧૨ માળનું બાંધકામ મળવાપાત્ર રહે છે. હવે આ નિયમ મુજબ વધુમાં વધુ ૭૦ મીટરની ઊંચાઈ એટલે કે, અંદાજે ૨૨ માળનું બાંધકામ થઈ શકશે.

નવી જોગવાઈઓ મુજબ એટ્રીયમ, બાંધકામના ૫૦ ટકા સુધી પાર્કિંગ માટે જગ્યા રાખવાની જોગવાઈ, બેઝમૅન્ટમાં એકથી વધુ લેવલ પર પાર્કિંગ કરી શકાય તેવી વ્યવસ્થા, એન્ટ્રી અને એકઝીટ માટેના અલગ અલગ રેમ્પ રાખવા આવશ્યક છે.

પ્રવર્તમાન નિયમોમાં જાહેર સલામતી માટે કોઈ જોગવાઈ નથી. હવે હૉસ્પિટલમાં સલામતી માટે નેશનલ બિલ્ડીંગ કોડના નિયમો મુજબ હોનારત સમયે લોકોને સલામત જગ્યાએ ખસેડવા રેફયુઝ એરિયાની વ્યવસ્થા કરવાની રહેશે. આવા રેફયુઝ એરિયા ઇમારતની અન્ય જગ્યાઓ સાથે એસ્કેપ રૂટથી જોડવાની જોગવાઈ છે, તેમજ આવા રેફયુઝ એરિયાને નેશનલ બિલ્ડીંગ કોડ મુજબ બાંધકામનું આયોજન કરવાનું રહેશે.

હાલમાં બેઝમૅન્ટમાં મર્યાદિત સુવિધાઓ મળવાપાત્ર રહે છે તેના બદલે હવે હૉસ્પિટલ માટેની ખાસ જરૂરિયાતો ધ્યાને લેતા એ.સી.પ્લાન્ટ રૂમ, બૉયલર, હાઉસ કિપીંગ, મોર્ગ, વેસ્ટ વોટર કલેકશન, સેન્ટ્રલ લૉન્ડ્રી, ચેઈન્જ રૂમ, લાઇબ્રેરી જેવી સુવિધાઓ બેઝમૅન્ટમાં મળવાપાત્ર બનશે. માનનીય અધ્યક્ષશ્રી, હોસ્પિટલો માટેની જે જોગવાઈ કરી છે એની સાથે સાથે રાજ્યમાં પ્રવાસન વધી રહ્યું છે બહારથી હજારો લોકો આખી દુનિયામાંથી જ્યારે ગુજરાતમાં આવતા હોય ત્યારે એમની સુખ-સુવિધા માટે સારી હોટલો બને, ટુરિઝમ વધે અને લોકોને અહીંયા સારી રોજગારી પ્રાપ્ત થાય એ માટે હોટલ અંગેના પણ અમે વિનિયમો સુધાર્યા છે. એ આપ સમક્ષ રજૂ કરું છું.

**<u>હોટલ અંગેના વિનિયમો</u> :-**

ગુજરાત રાજ્યનો સર્વાંગી વિકાસ થઈ રહ્યો છે, જેને ધ્યાને લઈને, રાજ્યમાં વાયબ્રન્ટ ગુજરાતના માધ્યમ દ્વારા દેશ-વિદેશના લોકને આકર્ષીને આવનાર સમયમાં ગુજરાતનું નામ વિશ્વની ટોચમાં પ્રસિદ્ધિ પ્રાપ્ત કરે અને રાજ્યની મુલાકાતે આવનાર અતિથિને પૂરેપૂરો આવકાર મળે તે માટે પ્રવાસન પ્રવૃત્તિને વેગવાન બનાવી, રાજ્યમાં વ્યાપક તકોનું નિર્માણ થાય તે માટે આધુનિક સુવિધાયુકત હોટલોના નિર્માણ માટે પ્રોત્સાહન નીતિની જાહેરાત કરતા હું આનંદની લાગણી અનુભવું છું. સુવિધાયુકત હોટલોના નિર્માણની આ બાબત જે તે શહેરી / વિસ્તાર વિકાસ સત્તા મંડળના જીડીસીઆરનો એક ભાગ ગણાશે તથા હવે પછી સુવિધાયુકત હોટલોના નિર્માણ અંગેની દરખાસ્તો આ વિનિયમો દ્વારા હાથ ધરશે. આ વિનિયમોની મહત્વની જોગવાઈઓ આ પ્રમાણે છે.

<u>હોટલ આયોજન માટેની વિશેષ જોગવાઈ</u> :-

- પ્રવર્તમાન નિયમમા માર્જિનમાં એન્ટ્રસ લોબી તથા પોર્ચ આપવામાં આવતી નથી હવે માર્જિનમાં એન્ટ્રસ લોબી તથા પોર્ચ કરી શકાશે.
- પ્રવર્તમાન નિયમો મુજબ માત્ર કોમર્શિયલ ઝોનમાં તથા રહેણાંક ઝોનમાં વિકાસ પરવાનગી મળવાપાત્ર રહે છે. હવે ૩૦ મીટર કે તેથી વધુ પહોળાઈના રોડ કે તેવા એપ્રોચ ધરાવતા તથા ૫૦૦૦ ચો.મી. કે તેથી વધુ ક્ષેત્રફળ ધરાવતા પ્લોટ ઉપર કોઈપણ ઝોનમાં હોટેલ બાંધી શકાશે.
- પ્રવર્તમાન જોગવાઈ મુજબ મહત્તમ ૧.૮ મુજબની એફ.એસ.આઈ. મળવાપાત્ર રહે છે. હવે શરતોને આધીન જરૂરિયાતના પ્રમાણમાં ૪.૦ સુધીની એફ.એસ.આઈ. મળવાપાત્ર બનશે.
- પ્રવર્તમાન નિયમોમાં જાહેર સલામતિ માટે કોઈ જોગવાઈ નથી. હવે હોટલમાં સલામતી માટે નેશનલ બિલ્ડિંગ કોડ અનુસાર રેફ્યુજ એરિયાની ફરજિયાતપણે વ્યવસ્થા કરવાની રહેશે અને ઈમારતને અન્ય જગ્યાઓ સાથે એસ્કેપરૂટથી જોડવાની રહેશે.
- ઉકત સલામતીની જોગવાઈના પ્રોત્સાહનરૂપે હોટલમાં રેફ્યુજ એરિયા, ફાયર એસ્કેપરૂટ, સર્વિસ ફ્લોર, રેમ્પ, સલામતી માટેના કંન્ટ્રોલ રૂમ, સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન, એરહેન્ડલીંગ રૂમની વ્યવસ્થા યોગ્ય રીતે કરવામાં આવે તે હેતુથી તમામ ઉપયોગો માટેનું ક્ષેત્રફળ એફ.એસ.આઈ. માંથી બાદ મળશે.
- પ્રવર્તમાન જોગવાઈ મુજબ મહત્તમ ૪૦ મીટર ઉંચાઈ એટલે કે અંદાજે ૧૨ માળનું બાંધકામ મળવાપાત્ર રહે છે. હવે નિયમો મુજબ વધુમાં વધુ ૭૦ મીટરની ઉંચાઈ એટલે કે, અંદાજે ૨૨ માળનું બાંધકામ થઈ શકશે.

- 
- એટ્રીયમની કોઈ જોગવાઈ નથી તેથી હોટલ આકર્ષક બને તે માટે ગ્રાઉન્ડ કવરેજમાં ૪૦%ની મર્યાદામાં એન્ટ્રીયમ મળવાપાત્ર રહેશે તેવી જોગવાઈ કરાયેલ છે.
- પાર્કિંગની તથા ટ્રાફિકની સમસ્યાનું નિવારણ લાવવા માટે બાંધકામના ૩૦%ના પ્રવર્તમાન ધોરણના બદલે હવે બાંધકામના ૫૦% પાર્કિગ માટે જગ્યા રાખવાની જોગવાઈ અને બેઝમેન્ટમાં એકથી વધુ લેવલ ઉપર પાર્કિંગ કરી શકાય તેવી વ્યવસ્થા તેમજ પાર્કિંગના કુલ ૧૦% ટેકસી માટે અનામત રાખવાની જોગવાઈ કરાશે.
- સ્ટાર હોટલની જરૂરિયાતો ધ્યાને લેતા કોઈપણ માળ ઉપર સ્વીમીંગપુલની સુવિધાઓ પ્રાપ્ત થશે તેમજ હોટેલના બેઝમેન્ટમાં લોન્ડ્રી, હાઉસકિપિંગ, સ્ટોરલોકર, રેસ્ટરૂમ વગેરે માટે શરતોને આધીન અને સ્ટ્રકચરલ સેફ્ટી જળવાઈ રહે તે ધ્યાને લઈ સુવિધાઓ મળવાપાત્ર રહેશે જે હાલમાં મળવાપાત્ર નથી.
- આપણી પ્રાચીન સંસ્કૃતિની ગરિમા જળવાય તે માટે ૫૦ ચો.મી. જગ્યામાં યોગા સેન્ટર બનાવવું અનિવાર્ય રહેશે. હાલમાં આ અંગે કોઈ જોગવાઈ નથી.
- હોટલ ઉદ્યોગમાં પાણીનો વિશેષ ઉપયોગ થતો હોઈ ભવિષ્યમાં ડીસેલીનેશન કરી પાણીનો ઉપયોગ કરવાની જરૂરિયાત બનશે તેથી તે માટેના ફાળા સ્વરૂપે જંત્રી દરના ૫% પ્રમાણેની રકમ સમુચિત સત્તા મંડળને ચુકવવાની રહેશે.

<u>ઉપસંહાર</u> :-

આધુનિક સવલતો ધરાવતી અદ્યતન હોસ્પિટલોના નિર્માણ માટે તથા આધુનિક હોટલોના નિર્માણ માટે અમારા જીડીસીઆરમાં અમે આ સુધારા કર્યા છે. જે હવે અમલી બનશે અને રાજ્યમાં દર્દીઓ માટે અને પ્રવાસીઓ માટેની સગવડોમાં અનેકગણો વધારો થશે અને રાજ્યના યુવક-યુવતીઓને પણ મોટા પ્રમાણમાં રોજગારી પ્રાપ્ત થશે.

# સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

**શ્રી વજુભાઈ વાળા (સામાન્ય વહીવટમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત જાહેર સેવા આયોગનો સન ૨૦૦૯-૨૦૧૦નો વાર્ષિક અહેવાલ અને આયોગની સલાહના અસ્વીકારના કિસ્સાઓ માટેની સ્પષ્ટીકરણાત્મક યાદી સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ તથા સ્પષ્ટીકરણાત્મક યાદી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા ( સામાજીક ન્યાય અને અધિકારીતામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૮-૨૦૦૯નો વાર્ષિક આહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ .પર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહ મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**શ્રી જયનારાયણ વ્યાસ ( બંદરો અને મત્સ્યોદ્યોગમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત મેરી ટાઈમ બોર્ડનો સન ૨૦૦૯-૨૦૧૦નો વાર્ષિક વહીવટી અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.**

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઉદ્યોગ અને ખાણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજય કાપડ નિગમના તા.૬-૨-૧૯૯૭ થી ૫-૨-૨૦૦૬ દરમિયાનના નવ વર્ષના આવક-જાવકના વાર્ષિક પત્રકો (હિસાબ) અને તેની સબસીડીઅરી કંપનીઓ ગુજરાત ટેક્ષફેબ લી., ગુજરાત ફાઈનટેક્ષ લી. અને ગુજરાત સીલ્ટેક્ષ લી.ના તા.૨૧-૧૨-૧૯૯૭ થી ૨૦-૧૦-૨૦૦૬ દરમિયાનના નવ વર્ષના એકત્રિત વાર્ષિક પત્રકો (હિસાબો) તથા આ હિસાબોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતા નિવેદનો સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક પત્રકો(હિસાબો) તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**શ્રી પ્રફૂલ પટેલ (રાજય કક્ષાના ગૃહમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજય માનવ અધિકાર આયોગનો સન ૨૦૦૯-૨૦૧૦નો વાર્ષિક અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.**

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ ( પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની સન ૧૯૯૩ના ગુજરાત પંચાયત અધિનિયમ અન્વયેની (૧) તા.૧૫-૭-૨૦૧૦ ની અધિસુચના ક્રમાંક-કેપી-૧૨-૨૦૧૦-પીએસટી-૧૦૨૦૧૦-૭૯૭-ડી (૨) તા. ૩-૮-૨૦૧૦ની અધિસૂચના ક્રમાંક -કેપી-૧૪-૨૦૧૦-પીઆરઆર-૧૦૨૦૦૯-૨૮૩૯-ભાગ-૧-૬ (૩) તા. ૨૩-૮-૨૦૧૦ની અધિસૂચના ક્રમાંક-કેપી-૧૫-૨૦૧૦-પીઆરઆર-૧૧૯૪-૩૨૪-ડી (૪) તા.૩૧-૮-૨૦૧૦ની અધિસૂચના ક્રમાંક-કેપી-૧૭-૨૦૧૦-પીઆરઆર-૧૦૨૦૦૯-૧૯૭૬-ડી, સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અધિસૂચનાઓ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા ( સામાજીક ન્યાય અને અધિકારીતામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગની સન ૨૦૦૦ના ધ જુવેનાઈલ જસ્ટીસ બોર્ડ ( કેર એન્ડ પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન ) અધિનિયમ અન્વયેની તા.૧૪-૨-૨૦૧૧ની અધિસૂચના ક્રમાંક-જીએચ-એસએચ-૨-૨૦૧૧-જેજેએ-૧૦૨૦૦૮-૧૬૪૦-છ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અધિસૂચના સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક ૧૮૧૭૭ અનુસંધાને વધારાની માહિતી.**

**શ્રી પ્રફૂલ પટેલ (રાજય કક્ષાના ગૃહમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું તા.૨૫-૨-૨૦૧૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ માનનીય સભ્યશ્રી ભરતભાઈ બોધરાના "ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીના આધુનિકરણ બાબત" વિષયના તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૧૮૧૭૭ (અગ્રતા-૪)ના અનુસંધાને વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકું છું.

**માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

## વિધાનસભાની સમિતિઓના અહેવાલની રજૂઆત

**જાહેર હિસાબ સમિતિના ચોથા અહેવાલની રજૂઆત.**

**શ્રી મોહનસિંહ છો. રાઠવા(પ્રમુખશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું જાહેર હિસાબ સમિતિનો ચોથો અહેવાલ રજૂ કરું છું.

**અહેવાલ રજૂ કરવામાં આવ્યો.**

**પંચાયતી રાજ સમિતિના ત્રીજા અહેવાલની રજૂઆત.**

**શ્રી દિલીપસિંહ વ.પરમાર (પ્રમુખશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું પંચાયતી રાજ સમિતિનો ત્રીજો અહેવાલ રજૂ કરું છું.

**અહેવાલ રજૂ કરવામાં આવ્યો.**

**બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના સત્તરમા અહેવાલની રજૂઆત.**

**શ્રી નારાયણભાઈ લ. પટેલ(પ્રમુખશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિનો સત્તરમો અહેવાલ રજૂ કરું છું.

**અહેવાલ રજૂ કરવામાં આવ્યો.**

**બિન સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પ્રમુખશ્રીનો પ્રસ્તાવ**

**શ્રી નારાયણભાઈ લ. પટેલ** : (બિન સરકારી સમિતિના કામકાજ માટેની સમિતિના પ્રમુખશ્રી) માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે આ સભાગૃહ બિન સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના ૧૭મા અહેવાલ સાથે સંમત થાય.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

## સરકારી વિધેયકો

**સન ૨૦૧૧નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૯**

# ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયક,૨૦૧૧

**ગુજરાત ખાનગી યુનિવર્સિટી અધિનિયમ, ૨૦૦૯ વધુ સુધારવા બાબત વિધેયક.**

**શ્રી રમણલાલ વોરા ( શિક્ષણમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, અગાઉ *રાજયપત્રમાં પ્રસિદ્ધ થયેલ સન, ૨૦૧૧ના વિધેયક ક્રમાંક:૯ સન ૨૦૧૧ના ગુજરાત યુનિવર્સિટી સુધારા વિધેયક આપની પરવાનગીથી દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી** : વિધેયક દાખલ કરવામાં આવે છે

**શ્રી રમણલાલ વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૧ના વિધેયક ક્રમાંક:૯, સન-૨૦૧૧ના ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયકનું પહેલું વાંચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી રમણલાલ વોરા :** માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૦૯ના દિવસે આ જ વિધાનસભા ગૃહમાં નવી ખાનગી યુનિવર્સિટી માટેનો અધિનિયમન પસાર કરવામાં આવેલો છે. જે તે વખતે રાજયમાં છ જેટલી ખાનગી યુનિવર્સિટીઓ હતી. આ તમામ ખાનગી યુનિવર્સિટીઓના અધિનિયમોમાં અલગ અલગ જોગવાઈઓ હતી અને એ જોગવાઈઓને ધ્યાનમાં રાખીને છ નવી યુનિવર્સિટીઓ થઈ હતી. રાજય સરકારે શિક્ષણનો વ્યાપ વધે અને ગુણવત્તાસભર શિક્ષણ થાય એ માટે અધિનિયમની કલમ-ર ની કલમ-૩/૧ હેઠળ પ્રસ્તુત અધિનિયમની અનુસૂચિમાં ચાર ખાનગી યુનિવર્સિટીઓની જે તે સમયે રચના કરવામાં આવેલ હતી. ગુજરાત ખાનગી યુનિવર્સિટી અધિનિયમ-૨૦૦૯ની કલમ-૬, ૭, ૮માં નવી ખાનગી યુનિવર્સિટીઓની સ્થાપના કરવા માટે કાર્યપદ્ધતિઓની જોગવાઈ કરવામાં આવેલ છે જે હાલમાં પ્રવર્તમાન છે. પ્રસ્તુત અધિનિયમ અંતર્ગત ચાર નવી ખાનગી યુનિવર્સિટીઓ પુખ્ત વિચારણાને અંતે ગુજરાત ખાનગી યુનિવર્સિટી અધિનિયમ-૨૦૦૯ના પ્રકરણ-ર ની કલમ-૩/૧ ની જોગવાઈ મુજબ તે હેઠળની અનુસૂચિમાં દર્શાવ્યા મુજબની અનુક્રમે ૧ થી ૪ મુજબની ખાનગી યુનિવર્સિટીની રચના અગાઉ થઈ ગયેલ છે તે અનુસૂચિ ક્રમાંક- ૫ થી ૮ ચાર યુનિવર્સિટીની રચના કરવા સંદર્ભે રાજય સરકાર હાલનું વિધેયક ખાનગી યુનિવર્સિટી સુધારા ૨૦૦૦ રજૂ કરવામાં આવેલ છે. આ ખાનગી યુનિવર્સિટી માટેની ચકાસણીની પ્રક્રિયા છે જે રાજય સરકારે પૂર્ણ કરી છે અને કોઈપણ નવી ખાનગી યુનિવર્સિટીને વૈધાનિક પ્રક્રિયા દ્વારા આ અધિનિયમના શીડયુલમાં ઉમેરીને તેનો દરજજો આપી શકાય તેવી જોગવાઈ છે. આ કલમ-૧૦ પ્રમાણે જે તે યુનિવર્સિટીને ખાનગી યુનિવર્સિટીનો દરજજો આપીને શીડયુલમાં ઉમેરવાનો અધિનિયમ આ સન્માનનીય ગૃહ સમક્ષ હું લઈને આવ્યો છું. ઓરો યુનિવર્સિટી ઓફ હોસ્પાલીટી મેનેજમેન્ટ સુરત, યુ.કે. તરસાડીયા યુનિવર્સિટી બારડોલી, આર.કે. યુનિવર્સિટી રાજકોટ, ઈન્સ્ટીટયુટ ઓફ એડવાન્સ રીસર્ચ, ગાંધીનગર. આ અગાઉ ખાનગી યુનિવર્સિટીના સન-૨૦૦૯ના વિધેયક સમયે આ અંગે વિષદ ચર્ચા કરવામાં આવેલી છે એટલે આ તબકકે આ અંગે વિશેષ કંઈ નહીં કહેતાઆ સન્માનનીય સભાગૃહ આ બિલને મંજૂરી આપે તેવી વિનંતી કરું છું.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા ) વિધેયક લઈને આવ્યા છે, એમાં હું બિલના સ્કોપના સંદર્ભમાં જ મારા વિચારો વ્યક્ત કરવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે ગુજરાત ખાનગી યુનિવર્સિટી મૂળ વિધેયક આવ્યું, એ વખતે જ અમે ચિંતા વ્યક્ત કરી હતી કે શિક્ષણની અંદર માતબર લોકો આવે અને એ એવી મોન્યુમેન્ટલ યુનિવર્સિટી બનાવે, કે જેનાથી ગુજરાતના વિદ્યાર્થીઓને ખૂબ મોટા પાયે ફાયદો થાય અને શરૂઆતમાં આવા પ્રકારની યુનિવર્સિટી આવી પણ ખરી. આપણે ત્યાં નિરમા યુનિવર્સિટી હોય, ધીરુભાઈ અંબાણી યુનિવર્સિટી હોય કે પછી ગણપત વિદ્યાનગર યુનિવર્સિટી હોય એ વખતે અમે બધા આ યુનિવર્સિટીના વિધેયક આવતા હતા અને એને આવકારતા અને એ લોકોએ ઝીરોથી શરૂ કરી સારા માળખાની વ્યવસ્થા સાથેની યુનિવર્સિટી આપી હતી. હવે અત્યારે એવું છે કે એ પ્રકારની યુનિવર્સિટી આવી રહી છે કે આપણા વડવાઓએ મહેનત કરેલી હોય અને એના પછી જે લોકો તૈયાર ભાણા ઉપર આવી ગયા. એ લોકોએ ખાનગી કરણની પ્રક્રિયાના ભાગરૂપે એમાં કમાણી કરવા માટે આ યુનિવર્સિટીની રચના કરવા જઈ રહ્યા છે. એનો સૌથી ઉત્તમ નમૂનો જો કોઈ હોય તો એ અમદાવાદ યુનિવર્સિટી છે. આ અમદાવાદ યુનિવર્સિટીની રચના છે એ વખતે એ જમાનાની અંદર અમદાવાદની અંદર કિંમતી જમીનો લઈ અને ભવિષ્યના વિકાસને ધ્યાનમાં રાખી અને સમાજના છેવાડાના લોકો ભણી શકે, એટલા માટે સરકાર પાસેથી ગ્રાન્ટ લીધી. માળખાકીય વ્યવસ્થા સંસ્થાએ પોતે ઊભી કરી અને એના દ્વારા જે છેવાડાના લોકો છે, એના બાળકોને શિક્ષણ સારું

* વિધેયક તા.૪ થી માર્ચ,૨૦૧૧ના રોજ રાજયપત્રમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

મળે એ વ્યવસ્થા કરી. આપણે જોઈએ છીએ કે અત્યારે પણ આ અમદાવાદ યુનિવર્સિટીની ગ્રાન્ટેબલ ઇન્સ્ટિટ્યૂટ એ એચ.એ. કૉલેજ એ કૉલેજ આજે પણ નૉન ગ્રાન્ટ બહું ઊંચી ફી લેવાવાળી યુનિવર્સિટી કરતા નોમીનલ ફી લઈને સૌથી વધારેમાં વધારે ઊંચું મેરિટ જતું હોય તો આ અમદાવાદ એજ્યુકેશન સોસાયટીની આ કૉલેજને જતું હતું અને એના કારણે મેરિટવાળો વિદ્યાર્થી નોમીનલ ફી લઈ ગ્રાન્ટેબલ ઇન્સ્ટિટ્યૂટમાં ભણી શકતો હતો. અમદાવાદ એજ્યુકેશન સોસાયટી જ્યારે યુનિવર્સિટીનો દરજ્જો આપવાની વાત થઈ ત્યારે માનનીય મંત્રીશ્રીએ આ ગૃહમાં ખાતરી આપેલ હતી કે એમાં જે એક્ઝિસ્ટિંગ કૉલેજો છે એમાં એનો સમાવેશ કરવાનો નથી, પરંતુ જ્યારે યુનિવર્સિટીનું બિલ પાસ થઈ ગયું અને એના પછી યુનિવર્સિટીના સત્તાવાળાઓએ પ્રયાસ એવો કર્યો કે કોઈપણ હિસાબે જેનો ગ્રાન્ટેબલ વિભાગ બંધ થાય, એની જગ્યાએ કમાણી કરતો સેલ્ફ ફાઈનાન્સ વિભાગ શરૂ થાય. વિદ્યાર્થીઓએ આંદોલન કર્યુ, શિક્ષકોએ આંદોલન કર્યુ અને મારે એટલું જરૂર કહેવું પડશે કે અત્યાર સુધી માનનીય મંત્રીશ્રીએ એમને દાદ આપી નથી અને એમ કહેવામાં આવ્યું હતું કે તમે નવો વિકાસ કરો કોઈ વાંધો નહિ, એની પાસે ઘણી બધી સંપત્તિ, જમીનો ઘણી બધી છે. અને જ્યારે યુનિવર્સિટીના સ્થાપક હતા કસ્તુરભાઈ લાલભાઈ સહિતના જે ટ્રસ્ટીઓ એણે કોઈ આ ખાનગીકરણ કરવા માટે જમીનો નહોતી મેળવી. કેટલીક જમીનો દાનમાં લીધી હતી તો કેટલીક ટ્રસ્ટીના ડોનેશનથી ખરીદી હશે, એટલા માટે તેમણે નહોતી ખરીદી કે કમાણી કરવા માટેનું, વેપાર ધંધો કરવા માટેનું આ જમીનો સાધન બની જાય.માનનીય અધ્યક્ષશ્રી, મેં કહ્યું તેમ મંત્રીશ્રી અત્યાર સુધી દાદ નહોતા આપતા. ગમે તે થયું આજે સુધારો લઈને આવ્યા છે તે સુધારાની અંદર જે પૂરવણી ની અંદર કહ્યું છે કે આ અધિનિયમના આરંભની તરત પહેલાં યુનિવર્સિટી સાથે સંલગ્ન અને તેના વિશેષાધિકારો ભોગવતી પુરસ્કર્તા મંડળની ઘટક કૉલેજો અને સંસ્થાઓ તે યુનિવર્સિટી સાથે જોડાયેલી હોતી બંધ થશે અને અધિનિયમના આરંભની તારીખથી તેવા વિશેષાધિકારો પાછા ખેંચેલા ગણાશે અને અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલા સંબંધિત પુરસ્કર્તા મંડળની તત્સમાન યુનિવર્સિટીના વિશેષાધિકારોમાં દાખલ થયેલા હોવાનું ગણાશે અને એવી તમામ કૉલેજો અને સંસ્થાઓ તે યુનિવર્સિટીની ઘટક કૉલેજો અને સંસ્થાઓ બનશે.

અત્યાર સુધી જે અમદાવાદ એજયુકેશન સોસાયટીની કૉલેજો હતી તે બધી જ ગુજરાત યુનિવર્સિટી સાથે સંલગ્ન છે. તેની શરતો પણ તે જ પ્રમાણે લાગુ પડતી હતી. હવે આ અધિનિયમમાં જે સુધારો લઈ આવ્યા છે તેના કારણે અમદાવાદ એજયુકેશન સોસાયટી હેઠળની તમામ કૉલેજો છે તે અમદાવાદ યુનિવર્સિટીનો ભાગ બનવા જઈ રહી છે. ગ્રાન્ટ સરકારની, જે વ્યવસ્થા આપી છે તે પણ સમાજના લોકોએ આપી અને તે પણ આપણી પહેલાંની પેઢી એટલે કે આઝાદી સંગ્રામ સાથે સંકળાયેલા લોકોએ આપી અને હવે તે કમાણી કરવાનું સાધન આ સંચાલકો માટે બની રહ્યું છે. ટોરેન્ટ ગૃપને બીજી રીતે લાભ અપાય તેની સામે વાંધો નહીં પણ તેના સંચાલકો આની સાથે જોડાયેલા છે એટલા માટે આને એટલી બધી રાહત આપી દેવાય અને એટલી બધી છૂટછાટ આપી દેવાય કે અમદાવાદ શહેરનો વિદ્યાર્થી, અમદાવાદનો નહીં પણ આખા ગુજરાતનો વિદ્યાર્થી અમદાવાદમાં સારુ શિક્ષણ મેળવવા આવે છે અને તે તેનો અધિકાર છે. અત્યારે સ્થિતિ એવી થશે કે ધીરે ધીરે બધી યુનિવર્સિટીઓ આ પ્રકારની કૉલેજો છે તે આવી યુનિવર્સિટીનું મોડલ લઈ આવી ગ્રાન્ટેબલ કૉલેજો બંધ કરી બિનગ્રાન્ટેબલ સેલ્ફ ફાઈનાન્સના નામે કોઈપણ નિયંત્રણ વગરની વ્યવસ્થા તે લોકો કરી શકશે. તે શરૂઆત અમદાવાદ એજયુકેશન સોસાયટીમાં થઈ ચૂકી છે. તેના શિક્ષકો, તેના વિદ્યાર્થીઓને એમ કહેવામાં આવે છે કે અમે હવે આ બંધ કરવાના છીએ. તમે આની સાથે જોડાઈ જાઓ, નહીં જોડાઈ જાઓ તો તમને સરપ્લસ કરીશું, આ કરીશું, તે કરીશું. ઘણું બધું થયું. આખરે નિષ્ફળ નિવડયાં એટલે ગમે ત્યાં તેની વગ લગાડી અને આ કલમ ઉમેરો કલમ.૫નો કરાવી આવ્યા. હવે એવું થશે કે આ યુનિવર્સિટીની અંદર જે સામાન્ય વિદ્યાર્થી છે તેની પહોંચની બહારની યુનિવર્સિટી થઈ જવાની છે. શહેરો અને આપણા પછાત વિસ્તારોની અંદર કયાંય ગરીબ માણસોના વિદ્યાર્થીઓ ભણી શકે તેવી વ્યવસ્થા આપણે રાખવા માગીએ છીએ કે કેમ? તે સવાલ રાજય સરકારે પોતાની જાતને પૂછવાનો સમય આવ્યો છે. ખાનગી યુનિવર્સિટીઓ, મને હમણાં મોહનસિંહભાઈ કહેતા હતા કે આમાંથી આદિવાસી વિસ્તારોમાં કેટલી યુનિવર્સિટીઓ આવશે? મેં કહયું એકપણ યુનિવર્સિટી ન આવે. એટલા માટે, શું કરવા આવે, એ તો કમાણી કરવા આવે છે. એ તો મોટા શહેરો, અમદાવાદ, ગાંધીનગરમાં આવે છે. એમાં તો રાજય સરકારે જવું જોઈએ. પણ રાજય સરકારનું પ્રોત્સાહન એવી યુનિવર્સિટી, એવી કૉલેજો છે તેના બદલે આ યુનિવર્સિટીઓ છે તેના ઉપર નિયંત્રણ વિહીન વ્યવસ્થા થાય તે વ્યાજબી નથી. આદિવાસી વિસ્તારમાંથી કોંગ્રેસમાંથી તો મુખ્યમંત્રી આવતા હતા. આદિવાસી વિસ્તારમાંથી કેન્દ્રમાં મંત્રી જાય છે. તમારામાં હિંમત હોય તો અહીં બેસાડી દો એક વખત અમે અભિનંદન આપીશું. અહીં બેસાડી દો. એ ગૃહે બેસાડેલા છે તેની વાત કરો.

**અધ્યક્ષશ્રી** :આજના દિવસના કામકાજમાં ઘણું બધું કામ બાકી છે. કામ ઘણું બાકી છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, મોહનસિંહભાઈ અહીં બેઠા છે. અમે તો ઘણું બધું બનાવ્યું છે, તમે શીખો થોડું. અહીં બધા વાયા વાયા બીજી જગ્યાએથી નહીં લાવો તમે. લીસ્ટ આપશું તો પાછા મોંઢા બંધ થઈ જશે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે જે લિસ્ટ લઈને આવ્યા છે, એ ખાનગી યુનિવર્સિટીનું છે.એની હું એક જ વાત વાંચું છું. ઓરો યુનિવર્સિટી ઑફ હોસ્પિટાલીટી એન્ડ મેનેજમેન્ટ, સુરત માનનીય મંત્રીશ્રી આની બાબતમાં થોડીક

વિગત લઈને આવ્યા હોત તો સારું થાત, જ્યારે યુનિવર્સિટીનો દરજ્જો આપણે આપીએ છીએ ત્યારે એવી યુનિવર્સિટીને દરજ્જો આપવો જોઈએ કે જે એના માટેની પાત્રતા ધરાવતું હોય અને એક્ટમાં પણ આપણે જોગવાઈ એવી કરવી જોઈતી હતી કે મિનિમમ આટલા કરોડ રૂપિયાનું ફંડ હોય, આટલા એકર જમીન હોય, આપણે જૂની સરકારોને અભિનંદન આપવા પડે, કે એણે ગુજરાત યુનિવર્સિટી માટે માતબર જમીન અનામત રાખી, સૌરાષ્ટ્રની અંદર હોય, ઉત્તર ગુજરાતની અંદર હોય કે દક્ષિણ ગુજરાતની અંદર હોય સેંકડો એકર જમીન, થોડીઘ ણી નહીં, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીંમા ૫૦૦ એકર જમીન, હું માનું છું કે ગુજરાત યુનિવર્સિટીમાં એના કરતાંય વધારે એકર જમીન, ભૂતકાળની જે યુનિવર્સિટીઓ અહીયાં બની એમાં પણ આપણે પૂરતી જમીનની વ્યવસ્થા કરી પણ હવે જે અત્યારે આપણી પાસે જે લઈને આવ્યા છે, એમાં આટલી પૂરતી જમીન રખાઈ હોય તો અમે આવકારીશું કે જે માળખાગત વ્યવસ્થા છે, એ આવતા પચાસ સો વર્ષને ધ્યાનમાં લઈને કરાયું છે કે કેમ, અને એની અંદર એના સંચાલક મંડળની અંદર એવી માતબર વ્યકિતઓ છે કે કેમ, એ ચકાસ્યું હોત તો મને લાગે છે કે અમારે કદાચ આજે ઓબ્ઝર્વેશન કરવા પડ્યા હોત એ આ નવી યુનિવર્સિટીઓ માટે કદાચ ન કરવા પડ્યા હોત.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને આપના દ્વારા વિનંતી કરું છું કે, જ્યારે આ મૂકે ત્યારે કોઈ અણછડતી ટીકા કોઈની ન થઈ જાય અથવા તો કોઈ એવી યુનિવર્સિટી હોય કે જેની ટીકા કરવી ખૂબ જરૂરી હોય એ ચૂકાઈ ન જાય એટલા માટે એની વિગત આપવી ખૂબ જરૂરી હોય છે અને જ્યારે માનનીય મંત્રીશ્રી એનો જવાબ આપવા ઉભા થાય ત્યારે આ બાબતની સ્પષ્ટતા કરે એવી વિનંતી કરું છું અને આ જે નવી કલોઝ લઈને આવ્યા છે એની અંદર કોઈ સંજોગોમાં સહમત થઈ શકાય એમ નથી એટલે હું આ બિલની સાથે સહમત થઈ શકતો નથી.

**શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શિક્ષણ મંત્રીશ્રી સન ૨૦૧૧નું ગુજરાત વિધેયક ક્રમાંક- ૯ લઈને આવ્યા છે એના ઉપર હું મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારા પહેલાંના વક્તા માનનીય શ્રી અર્જુનભાઈએ જે વાત કરી એની સાથે હું મારો સૂર પુરાવું છું અને એમનું હાર્દ છે એમાં હું મારી વાતને કહેવાનો પ્રયત્ન કરું છું. યુનિવર્સિટી એટલે મહાવિદ્યાલય અને એનું જે મહત્ત્વ હતું એ આપણે સમજવું જોઈએ. આ સન્માનીય ગૃહની અંદર ડીમ્ડ યુનિવર્સિટીને આપણે એમાં ગણપત વિદ્યાલય હોય કે ધરમસિંહ દાદુભાઈ દેસાઈ ઇન્સ્ટિટ્યૂટ હોય એને પણ યુનિવર્સિટીનો દરજ્જો આપ્યો ત્યારે પણ અને માનનીય અધ્યક્ષશ્રી, આજે જ્યારે સુરતની વાત કરી, બારડોલીની વાત કરી, રાજકોટની વાત કરી, પુરી ઇન્સ્ટિટ્યૂટની વાત કરી આ બધાની અંદર વિદ્યાદાન દેવા કરતાં પણ વિદ્યાનો વેપાર કરવા માટેની એક વૃત્તિ છેને એ છતી થતી હોય તેવું દેખાય છે. કચ્છ યુનિવર્સિટીનો અમે ઠરાવ કર્યો અને પછી બે વર્ષ સુધી યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન સાથે આપણે રાજય સરકારના એ અધિકારીને આપણે નીમેલા સી.આર. વિશ્વાસને અને એમણે પરામર્શ કર્યો અને એના પછી પંદર યુનિવર્સિટીઓની દેશમાં જરૂરિયાત હતી અને એની અંદર એની માન્યતા મળી. માનનીય અધ્યક્ષશ્રી, આ રાજય સરકારે આ યુનિવર્સિટીઓની જરૂરિયાત માટેની રજૂઆતો જે છે એ એમની પાસે આવી હોય એ ગૃહ સમક્ષ કયારેય મૂકી ખરી ? ઈન્ટ્રાડકશન કરતી વખતે પણ માનનીય અર્જુનભાઈએ કહ્યું એ પ્રમાણે કે એની અંદર કેટલીક કંપનીઓ ગુજરાત રજીસ્ટ્રાર ઑફ ગુજરાત કંપની એકટની અંદર આ યુનિવર્સિટીઓનું રજીસ્ટ્રેશન થાય , ચૅરીટેબલ ટ્રસ્ટની અંદર થાય એ આપણે સમજીએ કે એની અંદરની એ થાય. પણ વ્યાપારી પેઢીઓનું રજિસ્ટેશન થાય એ રીતે યુનિવર્સિટીનું રજિસ્ટેશન નોંધણી કરેલી હોય એ વાત અને વિગત આ બિલમાં રજૂ કરવામાં આવી છે. એની કોઈ વિગત જો આપવામાં આવી હોત તો અમે એને ચોક્કસ આવકાર આપત. કારણ કે, અગાઉ પણ આ જ્યારે ખાનગી યુનિવર્સિટીના બિલો આવેલા ડિમ્ડ યુનિવર્સિટી આપવાના હતા ત્યારે અમે ધરમશી દાદુભાઈ દેસાઈ ઈન્સ્ટીટયુટ મેં કહ્યું એ પ્રમાણે અને ગણપત યુનિવર્સિટીને અમે આવકારેલ છે. આ જ્યારે આજે શિક્ષણની ભૂખ વધતી જાય છે અને વિદ્યાર્થીઓ જુદા જુદા કોર્સમાં જવા માગતા હોય છે ત્યારે એનું માર્કેટિંગ કરી એનો ઉપયોગ કરી અને કમાણી કરવાના આશય સાથેના જે કોઈ ટ્રસ્ટો આવતા હોય એને આપણે સ્ક્રીનીંગ કરવા જોઈએ. આ જે ટ્રસ્ટ છે એનો કેટલો અનુભવ છે, એણે આ ક્ષેત્રમાં કેટલું કામ કરેલું છે? એની માનનીય મંત્રીશ્રીએ કોઈ જાણકારી આપી હોત આ સન્માનીય સભાગૃહને તો અમે પૂછત નહીં. પણ જવાબ આપતી વખતે આજે આ આઠે આઠ યુનિવર્સિટીઓને માન્યતા આપવાની આપ વાત કરો છો ત્યારે તમામનું સ્ક્રીનીંગ કરી અને એની વિસ્તૃત એની શું કાર્યવાહી છે, એમણે કેટલું કામ કરેલું છે ગુજરાતમાં અને દેશમાં કે આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે એણે કેટલી કામગીરી કરેલ છે એની તમે માહિતી આપો અને પછી આના ઉપરની જે વાત કહેવાની હોય એ વાત અમે કહી શકીએ એટલા માટે થઈ આ બિલને આવકારતો નથી.

**રમણલાલ વોરા ( શિક્ષણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આ બિલ ઉપર માનનીય અર્જુનભાઈ અને શ્રી બાબુભાઈ શાહે પોતાના વિચારો વ્યકત કર્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, જયારે ૨૦૦૯માં આ બિલ ઈન્ટ્રોડ્યુસ કરવામાં આવ્યું ત્યારે માનનીય શકિતસિંહજી અર્જુનભાઈ, ભાઈશ્રી સિધ્ધાર્થભાઈ એ બધાએ એવી દહેશત વ્યકત કરી હતી કે ૪ યુનિવર્સિટીનું બિલ આવ્યું તો હવેની યુનિવર્સિટીઓ આવશે તો એને વિધાનસભા ગૃહમાં લાવશો કે કેમ? આજનો જે ૨૦૧૧નો અધિનિયમન આપણે ૨૦૦૯માં જે ૪ યુનિવર્સિટીઓને એ અધિનિયમ અન્વયે જે બિલ પસાર કર્યું છે એ ૪ માં ૫ થી ૮ નો

વધારો સૂચવે છે. આમાં બીજી વધારાની કોઈ જોગવાઈ આ રાજય સરકાર કરવા માગતી નથી. અર્જુનભાઈને અમદાવાદ યુનિવર્સિટીની પૂરેપૂરી જાણકારી છે અને એમણે વ્યક્તિગત પણે સરકારની આ વાતની સરાહના પણ કરી છે. પરંતુ મારે કહેવું છે કે ૨૦૦૯માં આ જ્યારે બિલ મૂકવામાં આવ્યું ત્યારે એની જોગવાઈઓ સ્પષ્ટ હતી અને શિક્ષણના વ્યાપ સાથે જે તે વિદ્યાર્થીઓ છે એમનું અહિત ન થાય એ ૨૦૦૯માં પણ કહેલું એ વાતની આજે પુનરોક્તિ કરું છું કે, આવી કોઈ પણ યુનિવર્સિટીને ગ્રાન્ટેડ સંસ્થા હોય એ સેલ્ફ ફાઈનાન્સ થાય, સેલ્ફ ફાઈનન્સ થવાના કારણે એની આવક વધે અને વિદ્યાર્થી મિત્રોને ફી વધારાની આપવાની એવી કોઈ જોગવાઈ આ ૨૦૧૧ના અધિનિયમમાં કરવામાં આવેલી નથી. એવી કોઈ કલમમાં સુધારો નથી. આજે જે બિલો આવે છે એ સેલ્ફ ફાઈનાન્સ સંસ્થાઓ છે એમની પાસે કોઈ ગ્રાન્ટેડ સંસ્થાઓ નથી. આજે જે કાયદામાં પ્રાઈવેટ કોલેજ, ગ્રાન્ટેડ કોલેજનો સમાવેશ છે એ ઓટોમેટિક નવી યુનિવર્સિટીસઓમાં જતી નથી, જે અમદાવાદ યુનિવર્સિટીનો દાખલો આપ્યો એવું એમાં કાંઈ થવાની સંભાવના નથી. હાલના કાયદામાં એ પ્રકારનો કોઈ ફેરફાર નથી. કલમ-પનો કોઈ પણ સુધારો નથી. અનુસૂચિતમાં મે કહ્યું એ પ્રમાણે ૧ થી ૪ આપણે ૨૦૦૯માં મંજૂર કરેલી છે એ ૫ થી ૮ એનો વધારો સૂચવે છે એની સાથે સાથે આ યુનિવર્સિટીઓની એટલા માટે જરૂરિયાત પણ છે કે ગયે વખતે માનનીય સિધ્ધાર્થભાઈએ પણ કહ્યું હતું કે, આદરણીય સામ પિત્રોડાજીએ કહ્યું હતું કે 'દેશમાં ૧૫૦૦ કરતા પણ વધારે યુનિવર્સિટીઓની જરૂરિયાત રહેશે.' એટલે આપણે પણ વધારે યુનિવર્સિટીઓ તો બનાવવી જ પડશે, અને જે પ્રમાણે સમય ચાલે છે એ પ્રમાણે આપણી યુનિવર્સિટીઓની સંખ્યા વધારવી પડશે. સાથે સાથે એ પણ વાત થઈ હતી કે સ્પેસિફિક ઉદ્યોગ સાથેની સ્પેસિફિક કોઈ કોલેજ થાય.તો નવા વિદ્યાર્થીઓને વધારે લાભ મળે એ પણ એ વખતની ચર્ચામાં થઈ હતી એના અનુસંધાનમાં આ યુનિવર્સિટીઓને લઈને હું તમારી વચ્ચે આવી રહ્યો છે. ઓરો યુનિવર્સિટીની વાત કરવી છે મારે એ વિશે થોડી માહિતી આપવી છે. આ ઓરો યુનિવર્સિટી ઓફ હોસ્પિટાલિટિ મેનેજમેન્ટ તે સુરત ખાતે સ્થપાવાની છે. અમેરિકાની ૨૫ mid-scale હોટલ કંપનીઓમાંની એક છે. ૪૦ હોટલો અને ૬૫ રૂમો આ સંસ્થા ધરાવે છે. ૧૦૦ ટકા મૂડી પોતાના કુટુંબના સભ્યોની છે. ભારત ખાતે તેમની અસ્ક્યામતો ૩૦૦ કરોડ રુપિયા કરતાં વધારે છે. આગામી દિવસોમાં વધારાના ૪૦૦ કરોડ રૂપિયા તેમના ફૅમિલી મારફતે તે ખર્ચવાની તેમની તૈયારી છે. કહેવાનો મતલબ એટલો છે કે આ સંસ્થા પોતે ગુજરાતીઓ છે, ગુજરાતના વિદ્યાર્થીઓને વધારે લાભ મળે તે તેમનો શુભ આશય છે. પોતાના ફંડમાંથી કરવા માગે છે ત્યારે ગુજરાતના વિદ્યાર્થીઓને પરદેશની પણ ડિગ્રી મળે એવી આ સંસ્થાનો પોતાનો અભિગમ છે. ત્રણ વર્ષનો તે કોર્સ ચલાવવા માગે છે. તેમણે એવું પણ કહ્યું છે કે પહેલાં બે વર્ષનો કોર્સ છે તે અહીંયા ગુજરાતમાં ચાલશે એ વિદ્યાર્થીને લાગે કે ત્રીજા વર્ષે મારે અમૅરિકાની ડિગ્રી જોઈએ છીએ તો માત્ર એક વર્ષ ત્યાં જવાનું રહેશે અને તેને અમૅરિકાની ડિગ્રી મળશે. જેના કારણે ગુજરાતના વિદ્યાર્થીઓના ત્રણ વર્ષના ભણતરમાં બે વર્ષ ગુજરાતમાં રહીને તેને આર્થિક લાભ થાય માત્ર એક વર્ષ અમૅરિકામાં ભણે અને તેને અમૅરિકાની યુનિવર્સિટીની ડિગ્રી મળે એટલો શુભ આશય તેમનો છે. તે સાથે સાથે તેમના જે પ્રમોટર્સ છે હસમુખ પીરામા, ચાર્ટડ એકાઉન્ટન્ટ છે તેમના ચેરમેન આ બધાજ લોકો એવી એવી સંસ્થાઓ સાથે જોડાયેલા છે Corona Hotel School, New York ખાતે છે. અનેકવિધ આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ સાથે આ લોકો જોડાયેલા છે. અને મેં અગાઉ કહ્યું તે પ્રમાણે આના કારણે ગુજરાતના વિદ્યાર્થીઓને ખૂબ મોટો લાભ મળવાનો છે તે જ પ્રમાણે બાબુભાઈએ કહ્યું છે તે પ્રમાણે આ યુ.કે.એ. તરસાડિયા યુનિવર્સિટી, બારડોલી. આદરણીય મુકેશભાઈ અંબાણી અને કુમાર મંગલમ બિરલાના વડપણ હેઠળ ભારત સરકારે નિયુક્ત કરેલી સમિતિના અનુસાર શિક્ષણ ક્ષેત્રની અંદર તે ભાગીદારી કરે એમાંની એક ભાગીદારી સંસ્થા તે આ યુ.કે.એ.તરસાડિયા યુનિવર્સિટીના લોકો છે. કહેવાનો મતલબ મુકેશ અંબાણી અને કુમાર મંગલમ જેવા ઉદ્યોગપતિઓ હોય, ભારત સરકારે સમિતિ રચી હોય અને સમિતિના સભ્ય તરીકે જ્યારે આ યુનિવર્સિટીને લઈને આવતાં હોય ત્યારે તેમની સંસ્થા ૧૯૬૦થી ચાલે છે. તેમણે જે કરવાનું છે તે રોકાણ તેમણે પૂરતાં પ્રમાણમાં કરેલું છે અને આગામી દિવસોમાં વધારે રોકાણ કરવાના છે. ૧૦૦ એકર જમીનની અંદર આમનું વિશાળ સંકુલ છે. અને નવી ૮ શૈક્ષણિક સંસ્થાઓ આ યુનિવર્સિટી કરવા માગે છે. તે જ પ્રમાણે આર.કે. યુનિવર્સિટી છેલ્લાં દસ વર્ષથી કામ ચાલે છે. ખૂબ મોટા વિશાળ સંકુલની અંદર આજે સાડા ચાર કરતાં વધારે વિદ્યાર્થી અભ્યાસ કરી રહ્યાં છે. તેમના ટ્રસ્ટી મંડળમાં ખોડીદાસભાઈ એસ.પટેલ, ભગવાનજીભાઈ એસ.પટેલ, મહેન્દ્રભાઈ પટેલ, ડેનીસ એ.પટેલ તે પણ એક જ ગ્રૃપ સાથે સંકળાયેલા લોકો પોતાના પગ ઉપર રહીને છેલ્લાં દસ વર્ષથી અનેકવિધ સંસ્થાઓ ચલાવી રહ્યાં છે. આ તબકકે મારે એક વાત એ પણ કરવી જોઈએ કે આ સંસ્થાઓએ ૨૦૦૯ના વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટમેન્ટ સમ્મિટ વખતે એમ.ઓ.યુ. સાઈન કર્યા હતા. એ ૨૦૦૯માં સાઈન કરેલા એમ.ઓ.યુ. આજે ૨૦૧૧માં આજે આ યુનિવર્સિટીઓ કાર્યાન્વિત થઈ રહી છે. એટલે વાયબ્રન્ટ ગુજરાત એટલે માત્ર ઉદ્યોગો નહીં, શિક્ષણ જગત સાથે પણ જે લોકો સંકળાયેલા હતા એવા લોકોએ ૨૦૦૯માં જે એમ.ઓ.યુ. સાઈન કર્યા હતા એ ૨૦૧૧માં આજે જયારે આ યુનિવર્સિટીઓ કાર્યાન્વિત થઈ રહી છે ત્યારે માનનીય સભ્યશ્રીઓએ જે લાગણી અને માગણી વ્યક્ત કરી છે એ તમામ આ અધિનિયમની અંદર સમાવિષ્ટ છે. ગુજરાતના શિક્ષણના હિતમાં, ગુજરાતના વિદ્યાર્થીઓના હિતમાં રાજય સરકાર જયારે આ બિલ લઈને આવી છે ત્યારે આ સભાગૃહના સર્વ સભ્યો સર્વસંમતિથી આ બિલને મંજૂરી આપે એવી હું એમને વિનંતી કરું છું.

**પ્રશ્ન મત પર મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી રમણલાલ વોરા :** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૧ના વિધેયક ક્રમાંક:૯નું બીજુ વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત પર મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ-૨થી ૪, કલમ-૧, પ્રસ્તાવના, દીર્ઘસંજ્ઞા અને ઈનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

**શ્રી રમણલાલ વોરા:** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૧ના વિધેયક ક્રમાંક:૯નું ત્રીજુ વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત પર મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી : વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને વિધેયક પસાર કરવામાં આવે છે.**

**સન ૨૦૧૧નું ગુજરાત વિધેયક ક્રમાંક:૨૫**

## સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક:૨૫

# ગુજરાત સાર્વજનિક ટ્રસ્ટ વિધેયક,૨૦૧૧

**ગુજરાત રાજયમાં સાર્વજનિક, ધાર્મિક અને સખાવતી ટ્રસ્ટોના વહીવટનું નિયમન કરવા અને તે માટે વધુ અસરકારક જોગવાઈઓ કરવા અને તેની સાથે સંકળાયેલી અને તેને આનુષંગિક બાબતો અંગે જોગવાઈ કરવા બાબત વિધેયક.**

**શ્રી દિલીપ સંઘાણી (કાયદો અને ન્યાયતંત્રમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, •રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલા સન ૨૦૧૧ના વિધેયક ક્રમાંક:૨૫, સન ૨૦૧૧ના ગુજરાત સાર્વજનિક ટ્રસ્ટ વિધેયકને આપની પરવાનગીથી હું દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી** : વિધેયક દાખલ કરવામાં આવે છે.

**શ્રી દિલીપ સંઘાણી ( કાયદો અને ન્યાયતંત્રમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૧ના વિધેયક ક્રમાંક:૨૫, સન ૨૦૧૧ના ગુજરાત સાર્વજનિક ટ્રસ્ટ વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી દિલીપ સંઘાણી ( કાયદો અને ન્યાયતંત્રમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, સ્વર્ણિમ્ ગુજરાતની ઉજવણી ગુજરાતના પ્રત્યેક નાગરિકના ગૌરવપ્રદ પ્રતિનિધિઓએ આ જ ગૃહમાં તારીખ ૧લી મેના રોજ કરી અને ત્યારે કેટલાક સંકલ્પો ગુજરાતનું ગૌરવ વધે એમ સાર્વત્રિક રીતે, સર્વસંમતિથી લેવાયા. એ પૈકી ગુજરાતના કાયદાઓ જે મુંબઈના નામ નીચે ચાલતા, એમને ગુજરાત સાથે જોડવાના એક સંકલ્પ, એ વિશે આજે જ આ ગૃહનું કામકાજ બંધ થાય તે પહેલા એ બિલ અલગ રીતે આવી રહ્યું છે. પરંતુ ગુજરાતમાં ગુજરાત સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ, ૧૯૫૦ જે ચાલતો હતો એની જગ્યાએ હવે ગુજરાત સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ ૨૦૧૧ નો નવો અધિનિયમ લાવતાં હું ગૌરવ અનુભવું છું. એટલા માટે કે આ અધિનિયમમાં મૂળભૂત કેટલાક શબ્દોના આધારે એના ઉદ્દેશ જોઈને આપને ખ્યાલ આવશે કે મુંબઈ સાર્વજનિક ટ્રસ્ટ ૧૯૫૦ માં Better Administration જે શબ્દ હતો એની જગ્યાએ More effective provision લાવીને આ ટ્રસ્ટની કેટલીક સાર્વત્રિક લોકોને ખૂબ ઉપયોગી થાય એવા ફેરફારો સાથે હું આ નવો અધિનિયમ લાવી રહ્યો છું એના કેટલાક મુખ્ય ઉદ્દેશો તરફ હું આપશ્રીના માધ્યમથી આ ગૃહના મારા સન્માનનીય સદસ્યશ્રીઓનો સહયોગ મળી રહે એટલા માટે કેટલીક વિગતો એમના ધ્યાન ઉપર મૂકવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું શરૂઆતમાં કહું તો આ ટ્રસ્ટમાં કેટલીક જોગવાઈ કરવામાં આવી છે કે સાર્વજનિક ટ્રસ્ટ એ સામાન્ય રીતે ઘણી વખત આ અધિનિયમ તળે મારું ખાનગી ટ્રસ્ટ છે એવા એક સામાજીક બાહ્ય સ્વરૂપનું પ્રાગટ્યીકરણ કરીને પોતાની માલિકી ભોગે કે પોતાની ઈચ્છા મુજબ જ કોઈને પ્રવેશ ન કરવા દે અને સાર્વત્રિક નાણા એકત્રિત કરીને વ્યકિતગત રીતે એનો ઉપયોગ કરતા હોય એવી અનેક ફરીયાદો આ પાટલી તરફ અને સામી પાટલી તરફ અને સમાજના શ્રેષ્ઠીઓ તરફથી સરકારને મળતી રહી છે આ સરકારમાં કે પેલી સરકારમાં અને એના નિકાલ માટે ખૂબ લાંબો સમય જતો હતો. એટલા માટ ટ્રિબ્યુનલની રચના, એની સમયમર્યાદામાં ટ્રસ્ટના રિપોર્ટમાં ફેરફાર કરવાની જોગવાઈ. પહેલાં ફેરફારનો રિપોર્ટ મહિનાઓ અને વર્ષો સુધી સ્વીકારવામાં ન આવે અને હવે આ નવી જોગવાઈમાં ૯૦ દિવસ સુધીમાં જો એનો નિર્ણય ના લેવાય તો ટ્રસ્ટે કરેલ જોગવાઈઓ અને અહેવાલ સ્વીકારી લેવામાં આવે છે એવી જોગવાઈ કરવામાં આવી છે જેથી કરીને કોઈક નિયંત્રિત રીતે અને આવા ફેરફારો રિપોર્ટમાં કેમ છે એની અપીલ અને એની અલગ અલગ જોગવાઈ કરીને પારદર્શક કેવી રીતે બનાવાય એની પણ જોગવાઈઓ કરવામાં આવી છે, પરંતુ મહત્વની જે જોગવાઈ કરવામાં

• વિધેયક તારીખ ૧૮મી માર્ચ, ૨૦૧૧ના રોજ રાજપત્રમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

આવી છે એ ટ્રસ્ટ તળે નોંધાયેલ કોઈપણ શૈક્ષણિક કે મેડીકલ હેતુ માટે રચવામાં આવેલ હોય તો કલમ-૨ ના પેટા ૧૨ માં એવી જોગવાઈ કરી છે કે કોઈપણ મેડીકલ સેવાકીય સંસ્થા આ સંસ્થા તળે ચાલતી હશે તો સરકાર એમને નિર્દેશ આપીને ૧૦ ટકા એવી સાર્વજનિક હોસ્પિટલમાં જોગવાઈ કરવી પડશે કે જે ગરીબ દર્દીઓ હોય એને સરકાર નિર્ધારિત કરે એટલી નોમિનલ ફીથી એની સીટો અનામત રાખવી પડશે જેથી કરીને સાર્વજનિક આવી સંસ્થામાં ગરીબ માણસોને સ્થાન મળે અને આ સંસ્થાનો લાભ મળી શકે એટલું જ નહીં, પરંતુ ઘણી વખત આ નોંધણી કરવામાં ઘણી વખત સાર્વજનિક ટ્રસ્ટના નામનો ઉપયોગ કરવામાં આવતો હતો, પરંતુ ટ્રસ્ટમાં નોંધણી ન કરાવતાં એના બદલે કોઈપણ સાર્વજનિક ટ્રસ્ટના નામનો ઉપયોગ કરવો હોય તો હવે તો ફરજીયાતપણે ૩ મહિનામાં નોંધણી એણે એની કરાવવાની પણ ફરજીયાત જોગવાઈ આમાં કરવામાં આવી છે. ટ્રસ્ટમાં નાણાનો અને મિલકતનો ઉપયોગ, કયાંથી નાણાંનો સોર્સ કેવી રીતે આવે છે આવી ઘણી વખત જાહેરાત કરવામાં આવતી ન હતી એના બદલે નોંધણી થાય ત્યારે. નાણાં મેળવવાનો સોર્સ, રાજયમાં અને રાજય બહાર અને એના માટેની માહિતી અને શરતો પણ હવે તો આ ટ્રસ્ટમાં જોગવાઈ કરીને એક પારદર્શકતા લાવવાનો પ્રયત્ન કર્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, મેં શરુઆતમાં કહયું એમ ટ્રસ્ટમાં જો ફેરફારો કરવામાં આવે તો ટ્રસ્ટીએ તો ૯૦ દિવસમાં રિપોર્ટ આપવો ફરજિયાત કર્યો જ છે પણ તેની સાથે સાથે અધિકારીઓએ વિવિધ ફેરફાર રિપોર્ટનો ૯૦ દિવસમાં નિર્ણય લેવાનું પણ ફરજિયાત કર્યુ છે. આ જોગવાઈઓમાં જે નવા ટ્રીબ્યુનલ અન્ય અધિકારીઓ કાર્ય ચેરીટી બનાવવાનું ટ્રસ્ટમાં ફરજિયાત બનાવ્યું છે. અને એ ન કરે તો એ નિર્ણયો અને ચૂકાદાઓ નિરર્થક બનાવવાની જોગવાઈઓ પણ કેટલીક કરી છે. સૌથી વધારે જે પારદર્શકતા લાવવાનો પ્રયત્ન કર્યો છે એમાં ઘણી વખત સરકારી મિલકતો કે અન્ય મિલકતો ટ્રસ્ટો મેળવે છે અને પછી તેનું વેચાણ બારોબાર જે તે સંબંધિત અધિકારીની મંજૂરી લઈને કરે છે. સરકારે મુકેલી શરતો, જમીનોનો ઉપયોગ વગેરે બાબતો તરફ ચેરીટી કમિશનરમાં નજર અંદાજ કરવામાં આવે છે, ચેરીટી કમિશનર માત્ર આમને મંજૂરી આપવામાં આવી છે એટલું જ મર્યાદિત જુએ છે. સરકારે જમીન આપવામાં જે શરતો કરી હોય એ શરતોનો ઉપયોગ ન કર્યો હોય તો પણ તેને મંજૂરી આપવામાં આવે છે અને આવી જમીનો ખૂબ ઉંચી કિમતે ટ્રસ્ટો દ્વારા વેંચાતી હતી, એના બદલે સંબંધિત વિભાગ દ્વારા જે ટ્રસ્ટોને જે જમીન મેળવી હોય તે વેંચતી વખતે તેના નિકાલ માટે કે ટ્રાન્સફર કરતી વખતે જે મુળ શરતો રાખી હોય તે વિભાગ પાસેથી એન.ઓ.સી. મેળવવું ખૂબ જરૂરી છે. તેના સિવાય આવી પરવાનગી ન અપાય જેથી પારદર્શકતા આવે એવી પણ જોગવાઈ કરવામાં આવી છે. અને આવી જોગવાઈઓમાં કેટલાક કેસો આજે મહેસુલ પંચમાં ચાલે છે અને ઘણાં લાંબા સમય સુધી આનો નિકાલ નથી આવતો. એટલા માટે ચેરીટી કશિનરમાં અલગ એક પબ્લિક ટ્રસ્ટ ટ્રીબ્યુનલની રચના કરવામાં આવશે, જેથી કરીને મહેસુલ પંચમાં ચાલતા આવા કેસો આ ટ્રીબ્યુનલમાં ટ્રાન્સફર થશે અને આવા કેસોનો નિકાલ ખૂબ ઝડપથી થાય તેવી જોગવાઈ પણ કરવામાં આવી છે. મેં હમણાં ઉલ્લેખ કર્યો એમ સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા ચલાવાતી હોસ્પિટલમાં, સમાજના એક લાખ કરતા ઓછી આવક ધરાવતા ગરીબ અને નબળા વ્યકિતઓ માટે આવા સાર્વજનિક ટ્રસ્ટોની તબીબી હોસ્પિટલ હોય તેમાં દસ ટકાની અનામત રાખવાની જોગવાઈ કરી છે. અને એવા નબળા સામાજિક વ્યકિતઓને સરકાર નિર્ધારીત કરે તેવી ફી થી સારવાર આપવાની રહેશે. જેથી કરીને સાર્વત્રિક શબ્દનો જે ભંડોળ એકત્રિત કરવામાં ઉપયોગ કર્યો હોય તે યોગ્ય રીતે ઉપયોગ થઈ શકે. આ નવી જોગવાઈઓમાં કલમ ૫૧માં ટ્રસ્ટમાં ટ્રસ્ટીઓની નિમણૂકને વેગ મળે એટલા માટે સતા ચેરીટી તંત્ર પાસે હતી તે હવે નવી રચાનાર ટ્રીબ્યુનલને આ સત્તા સોંપવામાં આવી છે. જુદા જુદા ટ્રસ્ટમાં દાખલ કરેલા દાવાઓ કમિશનરની પરવાનગીથી જે સુધારા કરવાના હોય તેના માટે નવી કલમમાં ૯૦ દિવસની મર્યાદા નકકી કરવામાં આવેલ છે. આવી પરવાનગી જે તે સમયે કરવામાં ન આવી હોય તો ટ્રીબ્યુનલની પરવાનગીથી આવા દાવાઓ દાખલ કરી અને ઝડપથી નિકાલ થાય તેવી પણ જોગવાઈ કરવામાં આવી છે. ટ્રસ્ટના કામકાજ સાથે સંકળાયેલી બીજી કોઈ વ્યકિત અધિનિયમના નિયમની જોગવાઈનું ઉલંઘન કરે, અથવા કમિશનરના આદેશનું પાલન ન કરે તો પોલીસ અધિકારનો ગુનો ગણાશે અને તેથી આ કાયદામાં કેદની જોગવાઈઓ જે હતી તેને કડક બનાવવામાં આવી છે જેથી કરીને સાર્વત્રિક ભંડોળનો દુરઉપયોગ ન થાય તેના માટે નિયમિત રીતે સરકારમાં સરકાર સૂચવે તે રીતે એના પત્રકો આપવાની પણ જોગવાઈ કરવામાં આવી છે. આવી વારંવાર સૂચનાઓ પછી સાર્વત્રિક હેતુ માટે જો તેનો ઉપયોગ ન થતો હોય તો રાજય સરકારે કાનુની જોગવાઈના આધારે એને પુરે પુરી સુનાવણીની તક આપીને વહીવટદાર મુકવા સુધીની જોગવાઈઓ કડક કરી છે. અને સતત દસ વર્ષ સુધી સરકારના નિયમોને આધીન રહીને એના હિસાબો રજૂ કરવામાં ન આવે એનું નિયમિત નક્કી કરેલુ ફંડ ભરવામાં ન આવે તો આવા ટ્રસ્ટો દસ વર્ષ સુધી અનિયમિતતા આચરે તો વહીવટદાર મૂકવાની પણ જોગવાઈ કરી છે. અત્યારે આ જોગવાઈ નથી એના કારણે દસ વર્ષ નહિ પરંતુ વરસો સુધી ચેરિટી કમિશ્નરને કોઈ રિપૉર્ટ નથી થતો. આજે ૧,૯૬,૦૦૦ નાના મોટા ટ્રસ્ટો રાજયમાં નોંધાયેલા છે. ત્યારે કડક નિયંત્રણ લાવવું ખૂબ જરૂરી લાગે છે. ચેરિટી કમિશ્નરના હુકમથી વિરુદ્ધ જો કોઈ નિર્ણય કરવો હોય તો પહેલા ટ્રિબ્યુનલની જોગવાઈ નહોતી હવે આ નવા કાયદામાં એની પણ જોગવાઈ કરી છે અને એના કારણે ઝડપથી પારદર્શક રીતે આ જોગવાઈને આધીન એનો નિકાલ થઈ શકે. એમાં વિવિધ જોગવાઈઓ કરીને એક નવો કાયદો ગુજરાતને ગુજરાતના શ્રેષ્ટ્રીઓને સેવાકીય પ્રવૃત્તિમાં પારદર્શિતા લાવવા માટે અને આવી પારદર્શક પ્રવૃત્તિ ઉપર કોઈ પોતાનું આધિપત્ય

કાયમ જમાવી ન લે તેવા વિવાદો ઊભા ન થાય એટલા માટે ગુજરાત સાર્વજનિક ટ્રસ્ટનો કાયદો હું લાવ્યો છું. તેથી આપ સૌ આ બિલને સર્વાનુમતે સ્વીકારશો તેવી હું વિનંતી કરુ છું.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા(પોરબંદર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે ગુજરાત સાર્વજનિક ટ્રસ્ટ વિધેયક ૨૦૧૧ લઈને આવ્યા છે. એ આમ તો આપણું મુંબઇ રાજય વખતનું જૂનું વિધેયક હતું એમાં સુધારા વધારા સાથેનું પરંતુ જૂનું રદ કરીને નવું લાવ્યા છે, ઘણી નવી બાબતો પણ લાવ્યા છે અને જૂના વિધેયકમાં જોગવાઈ સારી હતી એ એમાંથી ઘણી દૂર પણ થઈ છે. મૂળ હેતુ મંત્રીશ્રીએ બતાવ્યો એ સિદ્ધ થાય તો આવકારવા જેવી બાબત છે. ટ્રસ્ટની અંદર મેં અગાઉ શિક્ષણના બિલ ઉપર વાત કરી હતી કે મહેનત કરીને ટ્રસ્ટને સક્ષમ બનાવ્યું હોય એના પછી મારા જેવા લોકો કોઈ આવે એનો હેતુ તો એની સંપત્તિ ઉપર જ હોય તો આપણે એને રોકવું જોઈએ. પરંતુ મારે દુ:ખ સાથે કહેવું છે કે આ રાજયની અંદર જે આપણા શ્રેષ્ટ્રીઓએ સંપત્તિ બનાવી હતી સમાજની સેવા માટે એ સંપત્તિનું આજે ખુલ્લેઆમ વેચાણ થઈ રહ્યું છે અને મોટે ભાગે આવી સંપત્તિનું વેચાણ મોટા શહેરોમાં થાય છે. હૉસ્પિટલ બનાવી હોય, સ્કૂલ બનાવી હોય અને આ બધાની ખુલ્લેઆમ વાત થાય કે એક સ્કૂલ વેચવાની છે, આટલી જમીન છે, આટલી મિલકત છે, ગ્રાન્ટેબલ છે, આટલી મિલકત છે આટલું આ છે, તમારે લેવી છે? કેટલા પૈસા આપવાના તો એકાઉન્ટનો આટલો ચેક આપવાનો એ પણ નોમીનલ પરંતુ એમાંથી હજાર ગણી, ૫૦૦ ગણી, સો ગણી ઉપર એમાઉન્ટ આપવાની અને એનું વેચાણ થઈને હાથફેરો થઈ જાય, ખરેખર આ પ્રવૃત્તિ રોકવાની જરૂર છે અને અમુક જગજાહેર કિસ્સાઓ આના છે. આવા જગજાહેર કિસ્સાઓ આ ગૃહમાં મૂકવા માગું છું. હું અને દિલીપભાઈ બન્ને સૌરાષ્ટ્રમાં રહ્યા છીએ. મિત્રો પણ છીએ. તેમાં કોઈ સવાલ નથી અને તેમના પડોશમાં ભાવનગર જિલ્લામાં મુંબઈમાં બેઠેલા શ્રેષ્ઠીઓએ ચિંતા કરી. સૌરાષ્ટ્રમાં એ વખતે ટી.બી.ના રોગે ભરડો લીધેલો. એ વખતે શિહોરમાં જીથરીમાં ટી.બી. હૉસ્પિટલ બનાવવા માટે ૧૫૦ એકર જમીન લીધી. આખું નગર ત્યાં વસાવ્યું. ડૉક્ટરોને રહેવાની વ્યવસ્થા, નર્સિંગ સ્ટાફને રહેવાની વ્યવસ્થા. બગીચાની વ્યવસ્થા, સ્કૂલની વ્યવસ્થા. આખા સૌરાષ્ટ્રના જે દર્દીઓ જાય, એને પણ એવું થાય, ઘરની અંદર તો ગરીબી હોય. ગરીબ લોકોને જ મોટે ભાગે ટી.બી. થતો હતો. એ જાય તો એને એમ થાય કે હું મહેલ જેવા મકાનમાં રહું છું. એવી સારી વ્યવસ્થા જીથરીની કે.જે. મહેતા હૉસ્પિટલમાં કરવામાં આવી. આજે પણ એ હૉસ્પિટલમાં ૨૨૫ પથારીની હૉસ્પિટલ અસ્તિત્વમાં છે. આવી સંસ્થાઓએ પ્રયાસો કર્યા, સરકારે પ્રયાસો કર્યા એને કારણે ટી.બી.નું પ્રમાણ ઘટી ગયું.

**સભાપતિશ્રી ડૉ. નીમાબેન આચાર્ય અધ્યક્ષસ્થાને**

જે ટી.બી. રહ્યો એનું જે નવું રીસર્ચ આવ્યું એમાં હવે હોસ્પિટલાઈઝ કરવાની જરૂર ન પડે. એટલે જે ઈન્ડોર વ્યવસ્થા કરવી પડતી હતી એ બંધ થઈ. ટ્રસ્ટીઓ મોટે ભાગે મુંબઈના. પરિસ્થિતિ એ થઈ કે આ જમીન ઉપર કેટલાય લોકોની નજર હતી અને એના કારણે બન્યું એવું કે વેપાર કરવાવાળી એક સંસ્થા બરોડાની સુમનદીપ વિદ્યાલય એણે આવીને મૅડિકલ, ડેન્ટલ આ બધી જ સંસ્થાઓ શરૂ કરવા માટે આખેઆખી કે.જે. મહેતા ટી.બી. હૉસ્પિટલ એકવાયર કરી લીધી. જૂના ટ્રસ્ટીઓ છે તેને રવાના કરી દીધા. જે ન માન્યા તેને હેરાન-પરેશાન કરવામાં આવ્યા. સિગ્નેચરો લઈને ત્યાં વેપાર-ધંધો શરૂ કરી દીધો. આ સરકારની નજર સામે આ જમીન, આ શ્રેષ્ઠીઓએ ઉભી કરેલી સંપત્તિ હાથફેરો કરીને આવા વેપારીઓના હાથમાં ચાલી ગઈ. આ ગૃહની અંદર જ મેં એ વખતે વાત કરી હતી કે આ વડવાઓએ અને જે તે વખતની સરકારોએ જમીન છે એ આ વેપાર-ધંધો કરવા નથી આપી, આ ગરીબ દર્દીઓની સેવા કરવા માટે આપી છે. કોઈએ વાત સાંભળી નહીં અને બે વર્ષ પહેલાં એ બધો જ વેપાર, ઉદ્યોગ, ધંધો શરૂ થઈ ગયો.

બીજો દાખલો આપવા માગું છું. મારા પડોશમાં માંગરોળમાં શારદાગ્રામ. ૧૯૨૫માં કરાંચીમાં શારદાગ્રામની જે ફાઉન્ડેશન લેઈંગ સેરેમની છે એ મહાત્મા ગાંધીએ કરી હતી. આઝાદી આવી, દેશના ભાગલા થયા અને એ વખતે એના ટ્રસ્ટીઓ, એના સંચાલક મનસુખરામ જોબનપુત્રા કરાંચી છોડીને ગુજરાતમાં આવ્યા અને મહાત્મા ગાંધીના અને સરદાર સાહેબના ઈશારે એમને કહેવામાં આવ્યું કે જાવ, સૌરાષ્ટ્ર રાજય પાસે. જમીન તમને આપશે. એ વખતે માંગરોળમાં માંગરોળના શેખની ખાલસા થયેલી ૩૫૦ એકર જમીન અને વધારાની બીજી બાંધકામ કરવા માટેની સવાસો એકર જમીન બગીચાની. એ જમીન શારદાગ્રામ ટ્રસ્ટને અપાઈ. મુંબઈના તપસ્વી શ્રેષ્ઠીઓએ બાંધકામ કરવા માટે જેટલું ફંડ જોઈએ એટલું ફંડ આપ્યું અને એ સંસ્થા એવી બની કે આખા ગુજરાતમાંથી ગામડાંના સારા કુટુંબના વિદ્યાર્થીઓને જો કયાંય ભણવાનું સારામાં સારું સ્થળ એ વખતે હોય, અમારે ત્યાં તો વિદેશથી વિદ્યાર્થીઓ આવતા હતા અને એમ કહે કે અમે માંગરોળમાં શારદાગ્રામમાં ભણવા જઈએ છીએ અને એ તપસ્વી માણસે જ્યાં સુધી જીવ્યા ત્યાં સુધી, હું એમ કહું છું કે શારદાગ્રામનો જે આંબાનો બગીચો છે, હવે તો રહ્યો નથી, ખલાસ થઈ ગયો પણ એવો બગીચો કદાચ આખા ગુજરાતમાં નહીં હોય. મારી સાથે ભણેલો એક વિદ્યાર્થી એમ કહેતો હતો કે અમે એ બગીચાના ફળ સ્વાભાવિક છે. આ બાળપણમાં આપણે પણ કરેલું છે. એ કેરીના ફળ છે એ અમે લઈ જતા અને રાત્રે ચોરીને ખાતા એટલે બાપુજી- મનસુખભાઈ જોબનપુત્રા છે એ આખો દિવસ જમે નહીં અને પછી અમારી પાસે સ્વાભાવિક રીતે જ પ્રતિજ્ઞા લેવડાવે, અમે ચોરી નહીં કરીએ. એ પછી જ એ જમવાનું શરૂ કરે. એ મનસુખભાઈ જતા રહ્યા. એના ટ્રસ્ટી, એના ચેરમેન મુંબઇમાં રહે. એની ઇચ્છા એવી કે, આ ગાંધી પરંપરા પ્રમાણે ચાલે, એના વિચારો પ્રમાણે આ સંસ્થા ચાલવી જોઈએ. ખાદી પહેરવી જોઈએ. શિક્ષકો

ત્યાં સ્થળ ઉપર જ રહેવા જોઈએ અને પરિસ્થિતિ એવી થઈ કે, મારે નામ આપીને શરમમાં નથી મૂકવા એ માણસને અને માત્ર એક કરોડ રૂપિયા આપી અને પાંચસો કરોડ રૂપિયાની સંપત્તિનો હાથફેરો કરી ગયા. હું એમને શરમમાં મૂકવા નથી માગતો. પણ શરમ સાથે કહેવું છે કે, એ જે શ્રેષ્ઠી છે એમણે એમાં બી.એડ, પી.ટી.સી.ના ડોનેશન લેવાનું શરૂ કર્યું. હું ત્યાં ગયો અને એમને કહ્યું કે શું ઘટે છે? કરોડો રૂપિયાનું દાન આપીને અમારા જેવા સંચાલકો મેનેજમેન્ટ કવોટાની શીટો ભરવાનું વિચારતા નથી અને તમે મેનેજમેન્ટ કવોટાની શીટો ભરો છો. જે છાત્રાલયની વ્યવસ્થાના કારણે પ્રખ્યાત હતી એ છાત્રાલય બંધ કરી દીધું અને ઇંગ્લિશ મિડિયમ સ્કૂલ શરૂ કરી અને એ સ્કૂલોની અંદર એ વિસ્તારના માંગરોળના નહીં, અને આજુબાજુના લોકોના એક લાખ રૂપિયા, બે લાખ રૂપિયાની ફી લઈને શીટો ભરે છે અને એમાંથી કમાણી કરે છે. ૩૫૦ એકર અને ૧૨૫ એકર જમીન આ સંસ્થાની છે. આ આપણી સંસ્થાઓનો હાથફેરો થઈ જાય.

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, રાજકોટની અંદર સરકારે મ્યુનિસિપાલિટીની જમીન આપી વેરાણી હૉસ્પિટલ બનાવવા. રતિભાઈ ગાંધીયા જેવાએ સૌરાષ્ટ્રની શ્રેષ્ઠ હૉસ્પિટલ બનાવી. સારામાં સારી ચાલે અને કોઈ તકલીફ નહોતી પડતી. નવા લોકો આવ્યા અને વોખાર્ટ બનાવી દીધું. શ્રી વજુભાઈ સાક્ષી છે એ બાબતના.

**શ્રી વજુભાઈ વાળા** : કૉર્પોરેશને જગ્યા નથી આપી. પ્રાઇવેટ જગ્યા આપી છે. હજી તપાસ કરજો. આપ બોલો છો અને અમે સાંભળીએ છીએ. બિલને આ લાગતું વળગતું નથી.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : વોખાર્ટે લઈ લીધી એનો વાંધો નથી. ટ્રસ્ટીઓએ જાતે ખરીદી હોય તો એમને ધન્યવાદ આપું. ટ્રસ્ટીઓએ મહેનત કરેલી હતી. આજે પ્રાઇવેટ સંસ્થાને અપાઈ ગઈ છે. આજે ત્યાં જઈએ તો કોઈ ગરીબ માણસને માટે જગ્યા નથી. લાખ રૂપિયા, બે લાખ રૂપિયા, પાંચ લાખ રૂપિયા આવું બધું ચાલે છે. હું બિલ ઉપર જ બોલું છું, ટ્રસ્ટ ઉપર જ બોલું છું અને આમાં કોઈએ બંધ બેસતી પાઘડી પહેરવાની જરૂર નથી. રાજકીય રીતે બોલતો નથી. સાચી વાત કરું છું. સરકાર કસ્ટોડીયન છે. એણે રોકવું જોઈએ. હું કહેવા એ જતો હતો.

માનનીય અધ્યક્ષશ્રી, સોમનાથ- ભારતનું ગૌરવ. સરદાર સાહેબે કલ્પના કરી કે મંદિર બંધાવું જોઈએ અને એ વખતે કોંગ્રેસના આગેવાનોએ સોમનાથ મંદિર બંધાવ્યું. ૧૨૫ એકર જમીન એના માટે એકવાયર્ડ કરવામાં આવી. ગાંધીયન લોકો એની અંદર હતા. મુરબ્બી શ્રી કેશુભાઈ પટેલ આવ્યા એનો વાંધો નથી. આજે પણ એ મહેનત કરે છે. પણ એના પછી રાજકીય કારણોસર અડવાણી સાહેબને લીધા, મુખ્યમંત્રીશ્રીને પણ ટ્રસ્ટી બનાવ્યા. એમનું પ્રદાન શું હતું? મારે એ પ્રશ્ન પૂછવો છે. એ વખતના સરદાર સાહેબની વિચારધારા અને મોરારજીભાઈ દેસાઈનું પ્રદાન હતું. આમાંનું કોઈનું પ્રદાન હતું ખરું?(અંતરાય) જવાહરલાલનો વિરોધ હોય તો મંદિર બને નહિ. જવાહરલાલના અને મહાત્મા ગાંધીના આશીર્વાદ હતા.

**અધ્યક્ષશ્રી** : ઓર્ડર ઓર્ડર પ્લીઝ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : એ સંકલ્પ કોંગ્રેસના આગેવાનોએ પૂરો કર્યો. તમે તો એવા લોકો છો કે, કસમ રામકી ખાતે હૈ, મંદિર વહી બનાયેગે, અને પછી એમ કહો કે મંદિર અમારા એજન્ડામાં નથી. અમે એના નામે રાજનીતિ નથી કરી. સોમનાથના નામે તમે રાજનીતિ કરી છે અને આજે સોમનાથના નામે તમે રાજનીતિ કરો છો, મંદિરોના નામે તમે રાજનીતિ કરો છો. (અંતરાય) અહીંયા એમ કહો છો મંદિર બાંધવું છે. હિન્દુરાષ્ટ્રની વાત કરવી છે અને અમેરિકાના રાજદ્વારી સામે જઈને એમ કહેવું કે (અંતરાય) આ તકવાદી મુદ્દો હતો. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : આપ બિલ ઉપર આવી જાવ પ્લીઝ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : અમને બોલાવોમાં રાજકીય રીતે મને પણ બોલતા આવડે છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : ભરતભાઈ, વજેસિંગભાઈ પ્લીઝ. (અતંરાય) ભરતભાઈ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : અડવાણી સાહેબ રથ લઈને ગયા હતા અને મોદી સાહેબ એના સારથી હતા. કયાં ગયા ૬ વર્ષ સુધી? કોણ રોકતું હતું તમને? (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : અર્જુનભાઈ આપ બિલ ઉપર આવી જાવ પ્લીઝ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : રામનું નામ લ્યો છો તો ત્યાં મંદિર બાંધવું હતુંને તમારે ? મત માટે મંદિરની વાત કરો અને મહંમ્મદ અલી ઝીણાની મજારની વાત કરો એવા લોકો છો. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : આપ બિલ ઉપર આવી જાવ. પ્લીઝ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : મને વચ્ચે ડિસ્ટર્બ ના કર્યો હોત તો મારે બોલવાની જરૂર ન હતી. હું બિલ ઉપર બોલતો હતો. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી પ્લીઝ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : તમારે તો દેશની માફી માગવી જોઈએ. માનનીય અધ્યક્ષશ્રી, હું વાત એ કરતો હતો કે માનનીય મંત્રીશ્રી અહીંયા જે બિલ લઈને આવ્યા છે એ બિલની અંદર આવા હાથફેરા ના થાય એના

માટેની જોગવાઈ કરવાની ચિંતા કરું છું અને જો જોગવાઈ કરી હોત તો જરૂરથી એને આવકાર્યુ હોત. (અંતરાય) અરે, વિકિલિકસમાં એક સાચું અને આ એક ખોટું એ ના ચાલેને? પેલામાં કૂદી પડવાનું, લોકસભા બંધ કરાવવાની અને હવે (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : અર્જુનભાઈ આપને વિનંતી કરું છું આપ બિલ ઉપર આવો પ્લીઝ. નીતિનભાઈ પ્લીઝ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : મને ડિસ્ટર્બ ના કરે હું બિલ ઉપરજ આવું છું.

**અધ્યક્ષશ્રી** : નીતિનભાઈ, પ્લીઝ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું વાત એ કરતો હતો કે આની અંદર જે અમુક જોગવાઈઓ કરી છે એ જોગવાઈઓની સામે મારો વાંધો છે. નહિ તો બિલને જરૂરથી આવકાર્યુ હોત. આ ચેરિટી કમિશનર અને સંયુકત ચેરિટી કમિશનરના નિમણૂકની વાત કરી છે એમાં ઓર, ઓર.માં લખ્યું છે કે ડિસ્ટ્રીકટ સેસન્સ જજ અથવા બહારથી સનદી જજ જે નોકરીમાં હોય એમાંથી અથવા તો જે નીચેની કેડરના જે ચેરિટી કમિશનર હોય એ ઉપર આવે. માનનીય અધ્યક્ષશ્રી, એની અંદર એમ મૂકયું હોત કે સેસન્સ જજ અથવા તો ડિસ્ટ્રીકટ જજ કક્ષાના અધિકારીઓ છે એ ચેરિટી કમિશનર રહેશે તો આ બિલની અંદર એકજ અવાજે અમે એની અંદર સહકાર આપ્યો હોત, એને પાસ કરી દીધું હોત. એને બદલે આખી વ્યવસ્થાની અંદર સરકારી હસ્તક્ષેપ કરવાનો માર્ગ મોકળો થાય એ પ્રકારની વ્યવસ્થા, એ પ્રકારની નિમણૂક આની અંદર આપવામાં આવી. જે ઓબ્જેકશન છે અમારા પક્ષનું એ આટલા પુરતું છે. એની અંદર સરકાર છે, સરકારશ્રીના દંડકશ્રી સુધારો લઈ આવે કે જે વ્યવસ્થા છે એમાં ફર્સ્ટ કલાસ મેજિસ્ટ્રેટ, સેસન્સ જજ,ડિસ્ટ્રીકટ મેજિસ્ટ્રટ કે હાઈકોર્ટ જજ એમાંથી ડેપ્યુટેશન ઉપર લઈને નિમણૂક કરાશે તો અમને કોઈ વાંધો હોઈ શકે નહિ. આ જે સુધારો નથી થયો એને કારણે આજે સારા ટ્રસ્ટો છે એને સરકાર હસ્તક્ષેપ કરીને ચાલવા નથી દેતી અને જે લોકો જમીનો વેચવા માટેની વ્યવસ્થા જે ઊભી કરે છે એને આપણે રોકી શકવાની ક્ષમતા નથી અથવા ઈચ્છા શકિત નથી એને કારણે અમુક જે જોગવાઈઓ છે આ બિલની તેની સાથે હું સંમત થઈ શકતો નથી.

**શ્રી ધીરસિંહ ક. બારડ(કોડીનાર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કાયદા મંત્રીશ્રી સાર્વજનિક ટ્રસ્ટ વિધેયક લઈને આવ્યા છે (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : ભરતભાઈ, પ્લીઝ નહિતર આપને બહાર બેસાડવા પડશે.

**શ્રી ધીરસિંહ ક. બારડ** : એના ઉપર મારા કેટલાક વિચારો રજૂ કરું છું. મારા પહેલા મારા નેતાશ્રીએ ઘણી બધી વાતો આમાં વણી લીધી છે એટલે હું તો એક સામાન્યતઃહું તો એક સામાન્ય અમારા વિસ્તાર પૂરતા બે દાખલાઓ આપીને વાત કરવા માગુ છું. દીવ, દમણ અને દેલવાડા સાર્વજનિક ટ્રસ્ટ નીચે ચાલતી આ ટ્રસ્ટ નીચે પાંજરાપોળ અને ગૌશાળા જે ચાલતી હતી અને એની ૩૦૦ એકર જેટલી જમીન જે હતી એનો કોર્ટમાં એટલે કે મહેસૂલ વિભાગમાં આ ૧૯૮૪માં આની અપીલ દાખલ થયેલી હતી. અને આ ૧૯૮૪માં અપીલ દાખલ થયેલી એનો કોઈ જ નિર્ણય આવે એ પહેલાં ૧૯૫૦ના કાયદા મુજબ સંયુક્ત ચેરીટી કમિશનર રાજકોટમાં અને ૨૦૦૫ની અંદર આ મિલકતની કાયદા વિભાગ મારફત દબાણ હેઠળ આ મિલકત છે એની હરાજી પણ થઈ ગઈ અને બીજાના ખેડૂતોના ખાતે પણ ચઢી ગઈ છે. માનનીય અધ્યક્ષશ્રી ૨૦૧૦માં આનો ચુકાદો આવ્યો એવી જ રીતે આવી જમીનોને હડપ કરવા માટે થઈને પણ આના કાયદાઓમાં સુધારા વધારા કરવાના અને ચેરીટી કમિશનર ઉપર જે દબાણો થાય છે એ દૂર કરવા માટે થઈને પણ માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું પણ એક ટ્રસ્ટ ચલાવું છું. અમારું એક શૈક્ષણિક ટ્રસ્ટ છે અને ૧૯૬૯માં આ ૧૯૫૦ના કાયદા મુજબ આને રજીસ્ટ્રેશન મળેલું છે. આ પાંચ - પચીસ જણાના ખિસ્સામાંથી પૈસા નાખેલું ટ્રસ્ટ નથી. આ ટ્રસ્ટના ૫૪૦ જેટલા તો સભ્યો છે આજીવન છે. ચાર પ્રકારના છે, આજીવન છે, આશ્રયદાતા છે, સહાયક છે અને મુરબ્બી છે આવા ચાર પાંચ પ્રકારના સભ્યોથી આ પાંચસો જેટલા સભ્યોથી આ ટ્રસ્ટ ચાલે છે અને આ ટ્રસ્ટની પાસે ૧૭ હાઈસ્કૂલો અને બે કૉલેજો સામેલ છે એક જેન્ટસ અને એક લેડીઝ કૉલેજ. માનનીય અધ્યક્ષશ્રી, રાજકીય રીતે ગમે તેનો વહીવટ કરતા હોય મારે એની સામે વાંધો નથી. મારે આ ટ્રસ્ટમાં સરકારે જ્યારે જ્યારે હાથ નાખ્યો ૨૦૦૦થી ત્યારથી આ ટ્રસ્ટની કોઈ પણ ભરતી થઈ નથી, કોઈ પણ શિક્ષકની ભરતી થઈ નથી, કોઈ આચાર્યની ભરતી નથી થઈ, કોઈ આચાર્યની ભરતીના એન.ઓ.સી. આપવામાં આવ્યા નથી, ત્યાં

સુધીમાં કાયદા વિભાગના લોકોએ જ્યારે પ્રૅશર કર્યુ છે અને એને પણ દબાણ કરવામાં આવ્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, આ ટ્રસ્ટ છે ૨૦૦૧માં આ ટ્રસ્ટના સરકારશ્રીએ નક્કી કર્યા પ્રમાણે સુપરવાઈઝર મારફત ટ્રસ્ટનું ઈન્સ્પેકશન કરવામાં આવ્યું એને તપાસવામાં આવ્યું. એનાથી પણ સંતોષ નહીં થતાં ૨૦૦૨માં ત્રણ મદદનીશ ચેરીટી કમિશનરની ઑફિસોના સુપરવાઈઝરોને મૂકવામાં આવ્યા. જામનગરથી એકને બોલાવ્યા, એક ને સુરેન્દ્રનગરથી બોલાવ્યા અને એકને રાજકોટથી બોલાવવામાં આવ્યા અને ત્રણ દિવસ સુધી ૧૯૬૯ થી રજીસ્ટ્રેશન થયું હતું ત્યારથી રેકર્ડ એની સામે મૂકી દીધેલું અને ૨૦૦૨ સુધીનું રેકર્ડ તપાસતાં એક પણ મુદ્દો એને નહીં મળેલો એટલે સંયુક્ત ચેરિટી કમિશનર ઉપર પ્રૅશર થયું અને આજ દિવસ સુધી ૧૯૯૭માં થયેલી ચૂંટણી, ૨૦૦૨માં થયેલી કાયદા મુજબની ચૂંટણી અને ૨૦૦૭ની ચૂંટણીને આજ દિવસ સુધી ફેરફાર રિપૉર્ટો મંજૂર કરવા દેવામાં આવ્યા નથી. કાયદા મંત્રીશ્રી એમ કહે છે કે, ૯૦ દિવસમાં થઈ જવું જોઈએ. ૯૦ દિવસમાં તો ત્યારે પણ કાયદો હતો અને એને રજૂ પણ કરવાના હતા અને ૯૦ દિવસમાં એને મંજૂર પણ કરવાના હતા. પણ ૧૯૯૭નો ફેરફાર રિપૉર્ટ આજે પણ મંજૂર થયો નથી અને એ ટ્રસ્ટના કેટલાક સભ્યો આજે સુપ્રીમ કોર્ટમાં એને જવું પડ્યું અને આ ટ્રસ્ટની પરિસ્થિતિ છે જે આજે પણ આ ૧૬ હાઈસ્કૂલોનો વહીવટ એક પણ જાતની સૂચના આપ્યા વગર આ શાળાની નીચે આ ટ્રસ્ટની નીચે ચાલતી શાળાઓના ૧૬ માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ ૮-૧૦ હજારના ગ્રાન્ટ દોઢ વર્ષથી અટકાવી છે અને આજે એ બાળકોના ભવિષ્ય સાથે પણ આ કાયદા વિભાગ આ સાર્વજનિક ટ્રસ્ટમાં આડખીલી રૂપ ઊભા થાય છે. આ ટ્રસ્ટ ખરાબ છે, આ ટ્રસ્ટ બરાબર ચાલતું નથી. આ ટ્રસ્ટનો કોઈ વહીવટ કરતું નથી. મારે આજે જ કહેવું છે કે, કોડીનારની જે.એસ.પરમાર આર્ટસ અને કોર્મસ કૉલેજ..

**અધ્યક્ષશ્રી** : વિરામનો સમય થયો. આપનું પ્રવચન પૂરું થાય છે કારણ કે, આપ બીલ ઉપર બોલતાં નથી, આપનું પ્રવચન પૂરું થાય છે.

**વિરામ બપોરના ૨-૩૦ થી ૩-૧૫**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, કાયદા મંત્રીશ્રી સન-૨૦૧૧નું ગુજરાત વિધેયક ક્રમાંક-૨૫ લાવ્યા છે એના ઉપર મારા વિચારો રજૂ કરું છું. ચેરીટી કમિશ્નર, ટ્રસ્ટ આ બધા પરંપરાગત સમાજ જીવન સાથે વણાઈ ગયેલી બાબતો છે અને ટ્રસ્ટી એટલે એને તલવારની ધાર ઉપર ચાલવાનું હોય છે. નીતિ, નિયમો અને ન્યાયની પરંપરા જે છે એના વાહક ટ્રસ્ટી હોય છે એના ઉપર કન્ટ્રોલ કરવા માટે થઈને ચેરીટી કમિશ્નરની સંસ્થાની વ્યવસ્થા કરવામાં આવી અને વર્ષો સુધી ચેરીટી કમિશ્નરની જગ્યા જ રાજયની અંદર ખાલી હોય એને સંયુકત ચેરીટી કમિશ્નર કે એની નીચેના જે કમિશ્નર હોય એના મારફતે અને માનનીય મંત્રીશ્રીએ આ બીલના ઈન્ટ્રોડકશન વખતે કહયું કે ૧૯૮૦૦૦ જેટલી ચેરીટેબલ ટ્રસ્ટ આ રાજયની અંદર નોંધાયા હોય એટલે ૩૦૦ વ્યકિતએ એક ચેરીટી ટ્રસ્ટ હોય અને એની અંદરના અનેક પ્રશ્નો હોય એના માટે થઈને કાયદા વિભાગ ચેરીટી કમિશ્નર, એની નીચેની વિભાગીય સંયુકત ચેરીટી કમિશ્નરની ઓફીસ હોય કે એની નીચેના નાયબ અને મદદનીશ ચેરીટી કમિશ્નરના તાબાની કચેરીઓ હોય આની જગ્યાઓ તો ભરે. એની અંદર અર્જુનભાઈએ જે કહયું એ પ્રમાણે કે કેટલીક સારી સંસ્થાઓનો વહીવટ જેમના હાથમાં ગયો છે અને અત્યારે સંસ્થાઓની જે હાલત થઈ છે. જીથરીની ટી.બી. હોસ્પિટલ અમે એને અમરગઢ નામ આપ્યું હતું. સૌરાષ્ટ્રના લોકો એમાં સારવાર મેળવી અને જે સ્વસ્થ થતા અને ત્યાં અમે ભકત કવિ પદમશ્રી દુલા કાગને સારવાર લેતા જોયા છે, એમના દર્શન કર્યા છે. આવી જે સંસ્થા ભાવનગરથી રાજકોટ આવીએ ત્યારે મોકાના રોડ ઉપર એ હોસ્પિટલ હોય અને આ ટી.બી. હોસ્પિટલની અંદરની જે પથારીઓ છે એની સંખ્યા માટે પણ નાણાખાતાએ એ વખતે પૂરી ચિંતા કરેલી અને જગ્યાઓની અંદર પુરતી ગ્રાન્ટ અપાયેલી અને એ ખૂબ સારી સેવા આપતી હતી. આજે એ હોસ્પિટલો, એ મહા વિદ્યાલયો, એ શૈક્ષણિક સંસ્થાઓ અને ખાસ કરીને કહેવાનું છે કે દક્ષિણ ગુજરાતમાં આપણા કર્મઠ આગેવાન માનનીય ઝીણાભાઈ દરજીની સંસ્થાઓ જે છે એ ચેરીટેબલ એકટ નીચેની રજીસ્ટર થયેલી સંસ્થાઓ છે અને એમના ટ્રસ્ટીઓની અંદર એમના ગયા પછી મતભેદોના કારણે ગુજરાત આખામાં એમની શૈક્ષણિક સંસ્થાઓ મારા વિસ્તારમાં પણ રાજલસરમાં પણ એ આશ્રમશાળાઓ છે અને એ ટ્રસ્ટના જે મતભેદ હોય એને કારણે નબળા વર્ગના બાળકોને શિક્ષણ આપતી સંસ્થાઓમાં કાવાદાવા આવે ત્યારે એને કન્ટ્રોલ કરવા માટેની આ વ્યવસ્થા છે. અને ચેરીટીબલ કમિશ્નર કે એની પેટા કચેરીઓ હોય અને એની બહુ અણીશુદ્ધતાથી અને પારદર્શકતાથી વહીવટ થાય એની કાળજી રાખવી જોઈએ. નામદાર સુપ્રીમ કોર્ટે કહયું છે કે આવી કોઈપણ સરકારી મિલકતો હોય કે જાહેર ટ્રસ્ટની મિલકતો હોય એનું વેચાણ કરવા માટે જાહેર લીલામથી જયારે ચેરીટીબલ કમિશ્નરને સંસ્થાની કોઈ મિલકતો વેચવી હોય તો એની અનુમતી વગર વેચી શકાતી નથી. અને એની કિંમત કેટલી હોય એની નકકી કરવાનો ધોરણો છે ચેરીટી કમિશ્નર તપાસી અને ટ્રસ્ટને કોઈ નુકસાન ન થાય એની કાળજી લે છે. જે રીતે માંગરોળના શારદાગ્રામની વાત કરી. હું પણ ત્યાં ગયો છું. મનસુખલાલ જોબનપુત્રાને મેં જોયેલા છે અને કચ્છ સુધીથી વિદ્યાર્થીઓ એમને ત્યાં ભણવા જતા હોય છે. એ સંસ્થાની આજે આ સ્થિતિ જે હોયને એને માટે થઈને આપણી જે વ્યવસ્થા છે, લુફોલ્સ છે, ખામી છે, કારણકે આ ધાર્મિક ટ્રસ્ટો છે. ૧૯૮૦૦૦ ટ્રસ્ટો જે રાજયની અંદર હોય એનો વ્યાપ ખૂબ મોટો હોય, એની પારદર્શકતા હોય, એની ચોકસાઈ હોય.અને ન્યાય અને નીતિથી એ ટ્રસ્ટીનો વહીવટ થાય એના માટેની કાળજી

લેવાવી જોઈએ. આ બિલની અંદર કોઈ સ્પષ્ટતા થાય અને ખામી હોય તે સુધારવા માટેની માનનીય મંત્રીશ્રી ખાતરી આપે તેટલી વાત કરું છું.

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી દિલીપભાઈ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, બિલમાં આપણે સભ્યને રોકી ન શકીએ. બિલમાં ટાઈમ આપવો જોઈએ.

**અધ્યક્ષશ્રી** : સભ્યને આપણે રોકી નથી શકતા અર્જુનભાઈ, પણ એમને..

**શ્રી દિલીપ સંઘાણી** : અર્જુનભાઈ આમાં એ બોલતા હતા. આમાં એવું થયું છે કે એ બોલતા હતા ત્યાં રિસેસનો બેલ વાગ્યો સાહેબે એવું કહ્યું કે હવે પ્રવચન પૂરું થાય છે. રિસેસ પછી. એટલા પૂરતું. આપની વાત સાચી છે, પણ એ એમનું પ્રવચન પૂરું કરે છે. રિસેસ પડી. એટલું જ. હવે બાબુભાઈનું પ્રવચન આવી ગયું.

**અધ્યક્ષશ્રી** : આપની લાગણી હું સમજુ છું પણ ધીરસિંહભાઈ બિલ ઉપર કશું બોલતા નથી. વિષય બહાર જાય છે. (અંતરાય) મને કશો જ વાંધો નથી.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : બિલ સિવાય કોઈ વાત નથી કરી.

**અધ્યક્ષશ્રી** : અત્યારે જે બિલ આવ્યું છે, તેના ઉપર ચર્ચા નથી કરતા.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : પાંચ જ મિનિટ સાહેબ. એક દિવસમાં આટલા બિલ પસાર કરવાના અને..

**શ્રી વજુભાઈ વાળા** : એક સભ્ય બોલે પછી પાછા પેલા સભ્યને બોલવાની વાત વિધાનસભાના ઈતિહાસમાં નથી બની. આવું. ધીરસિંહ બોલ્યા પછી બાબુભાઈ બોલ્યા પછી બાબુભાઈ પાછા ધીરસિંહભાઈને બોલવા દેવા તે વિધાનસભામાં પદ્ધતિ જ નથી. ધીરસિંહભાઈ હતા નહિ અને રિસેસ પછી બાબુભાઈ બોલ્યા.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : એમનું પ્રવચન ચાલુ હતું રિસેસ પહેલા. આપે કહ્યું. એ રિસેસ પછી એમનું બોલવાનું હતું.

**અધ્યક્ષશ્રી** : મેં રિસેસ પહેલા એમને વાત કરી. મેં કહ્યું કે આપનું પ્રવચન પૂરું થાય છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : ના, સાહેબ એમનું પ્રવચન ચાલુ હતું.

**અધ્યક્ષશ્રી** : આપ રેકર્ડ જોવડાવી લેશો. અર્જુનભાઈ. હું ધીરસિંહભાઈ બીજા બિલ ઉપર તક આપીશ. આપ બેસી જાઓ. માનનીય મંત્રીશ્રી.

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારા આ બિલ ઉપર કોંગ્રેસ પક્ષના પ્રમુખ અને મારા સાથી પક્ષના અગ્રણી મિત્ર છે, એટલું કબુલવામાં વાંધો નથી. અર્જુનભાઈએ એમના વિચારો વ્યક્ત કર્યા. ધીરસિંહભાઈએ કર્યા, બાબુભાઈએ કર્યા. હું વ્યાપ સમગ્ર લઈ જવા માગતો નથી, પરંતુ હું વિશ્વાસ આપવા માગું છું કે આ નવા કાયદા તળે રાજ્યમાં જાહેર ટ્રસ્ટની મિલકતના વેચાણ, એનો ઉપયોગ જે રીતે થયો હતો અને અર્જુનભાઈએ જેની ચિંતા કરી. હું તેમનો આભારી છું, એટલા માટે જે ચિંતા વ્યક્ત કરી ટ્રસ્ટીઓની જાહેર મિલકત જે રીતે ટ્રસ્ટીઓ બદલવાથી વેચાય છે તે સાર્વજનિક હેતુ માટે એનો દુરુપયોગ થઈ રહ્યો છે, તેને અટકાવવા માટે આ જોગવાઈ ખૂબ જરૂરી અને એટલા માટે એમણે કહેલ કેટલીક જોગવાઈઓ તે અત્યારે જોગવાઈ કરવામાં આવેલી છે, કે જેથી કરીને કોઈ મિલકત પોતે એના નિયમ નક્કી કર્યા છે તો ચેરિટી કમિશનરની પૂર્વ મંજૂરી અને એની વ્યવસ્થા, એનો નિકાલ એ સિવાય આજે જે સિસ્ટમથી થાય છે તે કરી નહિ શકે, એટલું જ નહિ જે પૂર્વ કાયદામાં સારી કેટલીક જોગવાઈના પ્રસંગ હતા એને જાળવી રાખીએ છીએ. આ નવી જોગવાઈનો ઉમેરો કર્યો છે, જેથી કરીને સારુ જે છે તે છૂટી ન જાય અને નવું ઉંમેરવા જેવું છે તે ઉંમરેવાનું કોઈ વહીવટના અનુભવે અહીયા સભ્યોએ ચિંતા કરી એ ચિંતાઓમાં આપણે જોડાઈ જઈએ.માનનીય અધ્યક્ષશ્રી, એટલા માટે રાજય સરકારે આ બીલ લાવવાની ચર્ચાઓ ચાલતી હતી ત્યારે રાજયના તમામ કલેકટરોને સૂચના આપી કે આ રાજય સરકાર તરફથી જે તે જિલ્લામાં સાર્વજનિક હેતુ માટે જે ટ્રસ્ટોને જે જમીનો સરકારે આપી હોય અને જે હેતુઓ માટે આપી હોય તે હેતુઓનો ઉપયોગ બરાબર થાય છે કે કેમ, કયા ટ્રસ્ટને કેટલી જમીન, કેવા ઉપયોગ માટે આપી હતી તેનો સર્વે રિપોર્ટ તૈયાર કરીને રાજય સરકાર સમક્ષ રજૂ કરવા માટે સૂચના આપી હતી. એટલું જ નહીં અહીં ઉલ્લેખ શારદાગ્રામ માંગરોળનો થયો. ખૂબ આબરૂવાળું ટ્રસ્ટ ભણતા હતા ત્યારથી છે. તેમાં પણ કોઈ જગ્યાએ વહીવટદારની જોગવાઈ ન હતી. આજે અહીં અર્જુનભાઈ દ્વારા ચિંતા કરવામાં આવી છે આવી ચિંતાઓમાં અને તે વિશે તપાસ ચાલે છે અને તે તપાસમાં ખાસ આ જોગવાઈઓને આધીન રહીને અને જે નવી જોગવાઈઓ છે તે જોગવાઈઓમાં કોઈ જાતની કચાશ રહેતી હશે તો વહીવટદાર મૂકતાં આ રાજય સરકાર લેશમાત્ર સંકોચ નહીં કરે. પારદર્શકતાથી સાર્વજનિક રીતે સ્વીકૃતી થાય તેવો વહીવટ થાય તેની કાળજી પૂરેપૂરી લેવાય છે કે કેમ? તે જોવાની કાળજી રાજય સરકાર લેશે.

માનનીય અધ્યક્ષશ્રી, વિરાણી હોસ્પિટલ વોકહાર્ટને આપવામાં આવી છે તેમાં તેના હેતુઓથી બહાર આજનું ટ્રસ્ટ કામગીરી કરતું હશે તો તેને બે રીતે લાગું પડશે, હવે દસ ટકાની જોગવાઈ તો લાગુ પડશે પરંતુ તેના નિયમોને, તેના ઉદ્દેશોને ઉવેખીને જો જૂદું કામ થતું હશે તો તેની સામે પણ આ જ કાયદામાં જે જોગવાઈઓ છે તે પ્રમાણે કામ લેવામાં આવશે. ફેરફાર રિપોર્ટોની જોગવાઈઓ છે. આ જોગવાઈઓની મર્યાદાઓ હોય છે, સમય

મર્યાદા પ્રમાણે કરવાની જોગવાઈ ન હતી. હવે સમય મર્યાદા પ્રમાણે કરવાના કારણે ધીરસિંહભાઈની ફરિયાદ આવતા દિવસોમાં કોઈ ટ્રસ્ટીઓને ન રહે, કારણ કે ૧ લાખ ૯૬ હજાર કરતાં વધારે ટ્રસ્ટ નોંધાયેલ હોય ત્યારે માનનીય બાબુભાઈએ સ્ટાફની ભરતીની ચિંતા કરી. સ્ટાફ અંગેની ચિંતાઓ કરી તેમાં હું વિશ્વાસ આપવા માગું છું કે આવડું મોટું સ્ટ્રકચર છે તેને પૂરું કરવા માટે અન્ય ટ્રીબ્યુનલ દ્વારા આપણો સરકારનો અનુભવ રહ્યો છે, અમે બેઠા હોઈએ કે તમે બેઠા હોઇએ પણ હાઈકોર્ટ પાસેથી નામ મંગાવીએ ત્યારે પૂરતા નામ ઘણા લાંબા સમય સુધી મળી શકતા નથી. નામ મળે પછી પૂછાવવાનું આવે તો યોગ્ય જગ્યાએ પોતાને અનુકૂળતા હોય ત્યાં જ નિમણૂક થાય તો તે સ્વીકારતા હોય છે. તેના કારણે લાંબા સમય સુધી જગ્યાઓ ભરાતી નથી. આપણી અગ્રતા હાઈકોર્ટમાંથી મંગાવેલા નામને આપવામાં આવશે. તેમાં જો પૂર્તતા થાય એટલા નામો નહીં આવે અથવા તો હાજર થવાની તૈયારીઓ નહીં બતાવે તો ક્રમશ: જે બતાવવામાં આવ્યું છે તે પ્રમાણે ભરતી કરવામાં આવશે. પારદર્શકતાથી સમયસર આ ભરતી થાય તેના માટે આ નિમણૂકોનો વ્યાપ વધાર્યો છે. જેથી કરીને આ કામના સંચાલનમાં લાંબો સમય ન જાય તે બધી કાળજીઓ લઈને આ બીલ આપણે લાવ્યા છીએ. તેને આપ સૌ મંજૂર રાખો એવી વિનંતી.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી દિલીપ સંઘાણી :** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૧ના વિધેયક ક્રમાંક:૨૫ નું બીજું વાંચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ-૨ થી ૮૬ વિધેયકનો ભાગ બની.**

**કલમ - ૮૭ પરનો સુધારો**

**શ્રી અંબાલાલ આ. રોહિત (નાયબ મુખ્યદંડકશ્રી):** માનનીય અધ્યક્ષશ્રી, હું નીચે પ્રમાણેનો સુધારો રજૂ કરું છું. In clause ૮૭, for the words "with permission for three years' substitute the words "with imprisonment for a term which may extend to three years" માનનીય અધ્યક્ષશ્રી, હું આ વિધાનસભાગૃહને વિનંતી કરું છું કે, આ સુધારો મંજૂર રાખે.

**સુધારો રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી દિલીપ સંઘાણી ( કાયદા મંત્રીશ્રી ) :** માનનીય અધ્યક્ષશ્રી, આ કાયદામાં કાયદાની કોઈ ખાસ કલમનો ભંગ કરે તો ત્રણ વર્ષની સજા ફીટ કરવામાં આવી હતી અને આ સજા કરતી વખતે વિચાર્યુ કે criminology principle માલિકી જેમ કમિટીએના અહેવાલ પછી બદલાતા સમયમાં સજાઓ કડક કરવી પણ જનરલ કલોઝીસ ભારત સરકારના સુધારામાં ત્રણ વર્ષ જ, ત્રણ વર્ષ સુધી જેથી કરીને ગુનાની સજાને ધ્યાનમાં રાખીને ઓછી પણ કરી શકાય એટલા માટે જે જોગવાઈ ત્રણ વર્ષની હતી એના બદલે ત્રણ વર્ષ સુધીનો જે સુધારો માનનીય દંડકશ્રી લાવ્યા છે તે ન્યાયના હિતમાં રહેશે એટલે સુધારો સ્વીકારું છું.

**સુધારો મત માટે મૂકવામાં આવ્યો અને સુધારાનો સ્વીકાર કરવામાં આવ્યો.**

**સુધારેલી કલમ- ૮૭ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**સુધારેલી કલમ-૮૭ વિધેયકનો ભાગ બની.**

**કલમ- ૮૮ થી ૯૩ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**કલમ -૮૮ થી ૯૩ વિધેયકનો ભાગ બની.**

**કલમ- ૯૪ પરનો સુધારો**

**શ્રી અંબાલાલ આ. રોહિત (નાયબ મુખ્યદંડકશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું નીચે પ્રમાણનો સુધારો રજૂ કરું છું. In clause ૯૪, in sub-clause (૧), for the words "fule following returns at the end
of every quarter commencing from the month of April of the year" substitute the words "as and when so required by the State Government or the Charity Commissioner, file following returns."

**સુધારો રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી દિલીપ સંઘાણી ( કાયદા મંત્રીશ્રી ):** માનનીય અધ્યક્ષશ્રી, આ જોગવાઈ ૯૪માં દર ત્રણ મહિને કવાર્ટરલી એટલે ટ્રસ્ટે ચેરીટી કમિશનરમાં રિપોર્ટ આપવાની જોગવાઈઓ હતી પરંતુ દર ત્રણ મહિને એક લાખ છણ્ણું હજારના રિપોર્ટો આવેને અને જે બધી સ્થિતિઓ થાય અને કોઈ ચૂક થાય એની સામે કાર્યવાહી થાય એટલે એના બદલે હવે દર ત્રણ મહિનાના બદલે રૂલ્સમાં સરકારનો ઈરાદો દર ત્રણ મહિને નહીં વાર્ષિક કરતા હોય એવો છે એટલે કાયદામાં સુધારો કરીને રુલ્સમાં નક્કી કરે એ પ્રમાણે નક્કી કરવા માટે આ સુધારો હું સ્વીકારુ છું.

**સુધારો મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો**

**સુધારેલી કલમ ૯૪ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી**

**સુધારેલી કલમ-૯૪ વિધેયકનો ભાગ બની.**
**કલમ ૯૫ પરનો સુધારો**

**શ્રી અંબાલાલ આ. રોહિત (નાયબ મુખ્યદંડકશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું કલમ ૯૫ પરનો નીચે પ્રમાણેનો સુધારો રજૂ કરું છું,

In clause ૯૫, in sub-clause (૧), for the words "furnish the following returns to the State Government every quarter commencing from month of April of the year" substitute the words "as and when so required by the State Government furnish the following returns to the State Government,"

માનનીય અધ્યક્ષશ્રી, આ વિધાનસભા ગૃહને વિનંતી કરુ છું કે આ સુધારો મંજૂર કરે.

**સુધારો રજૂ કરવામાં આવ્યો**

**શ્રી દિલીપ સંઘાણી ( કાયદો અને ન્યાયતંત્રમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, કાયદામાં આ જોગવાઈ એવી હતી કે એક કેલેન્ડર ઈયરથી હિસાબ આપવાનો હતો અને એક ૧લી એપ્રિલથી માર્ચ સુધીનો એના બદલે વહીવટી રીતે અનુકૂળતા રહે એટલે ૧લી એપ્રિલથી માર્ચ સુધીનું ધોરણ કર્યું છે અને ચેરિટિ કમિશનરને ત્રણ મહિને રિપોર્ટ આપતા એ સરકારમાં ચેરિટિ કમિશનર કરેવાના હતા એ પણ એજ રીતે લંબાવી આપીએ ત્રણ મહિનાને બદલે વધારે સમયગાળો એવા ઈરાદાથી આ પણ રુલ્સમાં આપવા માટેનો સુધારો સૂચવ્યો છે એને સ્વીકારુ છું.

**સુધારો મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો**
**સુધારેલી કલમ ૯૫ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી**
**સુધારેલી કલમ-૯૫ વિધેયકનો ભાગ બની**
**કલમ ૯૬ થી ૧૨૧ અનુસૂચિ, કલમ ૧, દીર્ઘસંજ્ઞા અને ઈનેકટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

**શ્રી દિલીપ સંઘાણી ( કાયદો અને ન્યાયતંત્રમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૧ના સુધારેલા વિધેયક ક્રમાંક ૨૫-સન ૨૦૧૧નું ગુજરાત સાર્વજનિક ટ્રસ્ટ્ર વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો**

**અધ્યક્ષશ્રી :** સન ૨૦૧૧ના વિધેયક ક્રમાંક ૨૫-સન ૨૦૧૧નું ગુજરાત સાર્વજનિક ટ્રસ્ટ વિધેયકનું સુધારેલા સ્વરૂપમાં ત્રીજું વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

**સન ૨૦૧૧નું ગુજરાત વિધેયક ક્રમાંક :૨૭**

## ગુજરાત અનધિકૃત વિકાસને નિયમિત કરવા બાબત વિધેયક,૨૦૧૧

**રાજયમાં વિકાસ વિસ્તારોમાં અનધિકૃત વિકાસ અને તેની સાથે સંકળાયેલી અથવા તેને આનુષંગિક બાબતોને નિયમિત કરવા બાબત વિધેયક**

**શ્રી નીતિનભાઈ ર. પટેલ ( શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, •રાજપત્રમાં અગાઉ પ્રસિધ્ધ થયેલા સન ૨૦૧૧ના વિધેયક ક્રમાંક:૨૭, સન ૨૦૧૧ના ગુજરાત અનધિકૃત વિકાસને નિયમિત કરવા બાબત વિધેયકને આપની પરવાનગીથી હું દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી :** વિધેયક દાખલ કરવામાં આવે છે. **શ્રી નીતિનભાઈ ર. પટેલ (શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણમંત્રીશ્રી)** :માનનીય અધ્યક્ષશ્રી હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૧ના વિધેયક ક્રમાંક: ૨૭, સન ૨૦૧૧ના ગુજરાત અનધિકૃત વિકાસને નિયમિત કરવા બાબત વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો**

**શ્રી નીતિનભાઈ ર. પટેલ ( શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, દરેક નાગરિકની કે વ્યકિતની ઇચ્છા હોય છે કે પોતાના પરિવારને રહેવા માટેનું એક સારું ઘર તેની પાસે હોય અને પરિવારનું ગુજરાન કરવા માટે સારી આવક મેળવી શકે, સારો ધંધો-રોજગાર મેળવી શકે અને પોતાના પરિવારને સારી રીતે ભરણ પોષણ કરી શિક્ષણ, આરોગ્ય અને વિકાસની તકનો લાભ મળે એવી આવક મેળવી શકે તે માટે વ્યવસાય, નોકરી, ધંધો વગેરે કરવું તે નાગરિકની ઇચ્છા અને અધિકાર બન્ને છે.

માનનીય અધ્યક્ષશ્રી, માણસ જ્યારે પુખ્ત વયનો થાય ત્યારથી જ તેના મનમાં ઇચ્છા હોય છે તેના મા-બાપની પણ ઇચ્છા હોય છે કે મારો દીકરો-દીકરી આજીવિકા મેળવતાં થાય, કમાતા થાય અને મા-બાપને પરિવારને મદદરૂપ કરતાં થાય. અને જેમ પરિવાર મોટો થાય તેમ પરિવાર માટે વધારાની આવશ્યકતા પ્રમાણેનું ઘ

• વિધેયક તારીખ ૧૯મી માર્ચ, ૨૦૧૧ના રોજ રાજપત્રમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

ાર પણ તેને પ્રાપ્ત થાય. આ દરેક માણસનો અધિકાર છે અને તેની ઇચ્છા પણ હોય છે અને માનવજાત આખી આ બન્ને બાબત ઉપર આધારિત પોતાની આર્થિક અને વ્યવસાયિક પ્રવૃત્તિ કરતા હોય છે. ત્યારે સ્વભાવિક લાખો લોકોએ પોતાના રહેવા માટેનું ઘર કે પોતાના ધંધા માટેની જગ્યા દુકાન કે જે આપણે તેને નામ આપીએ તેને વસાવવા માટે, તેને બનાવવા માટે, તેને ખરીદવા માટે, તેને ઊભું કરવા માટે પોતાની જિંદગીની પરસેવાની કમાણી તેમાં મૂકેલી હોય છે. મધ્યમ વર્ગનો માણસ હોય, ગરીબ વર્ગનો માણસ હોય, નોકરી ધંધા કરીને આવક મેળવતો હોય અને તેનાથી જે આવક થાય તેમાંથી પરિવારનું ગુજરાન કરતો હોય અને વર્ષો પછી કરકસરપૂર્વક જીવન વિતાવ્યા પછી તેની જે બચત ભેગી થાય તે બચતમાંથી વ્યકિત પોતાના પરિવાર માટે પોતાનું ઘર બને તે માટે પૈસા રોકતાં હોય છે. એવી રીતે પોતાનો ધંધો-રોજગાર હોય, નાની એક કૅબિન હોય, દુકાન હોય, મોટી દુકાન હોય, હૉસ્પિટલ હોય, એડવોકેટની ઓફિસ હોય, સી.એ.ની ઓફિસ હોય કે કોઈ પણ પ્રકારની વ્યવસાયિક પ્રવૃત્તિની જગ્યા હોય તે વ્યકિત પોતાની આવડત, શકિત અને પોતાની વ્યવસ્થા પ્રમાણે ઊભાં કરતા હોય છે. ત્યારે સ્વભાવિક માણસે પોતાની આવકમાંથી કરકસરથી, બચતથી આખી જિંદગીની મૂડી ભેગી કરી તે રહેવાનું ઘર કે ધંધા માટેની જગ્યા ખરીદી હોય તેના અંગે કોઈ કાયદાકીય તકલીફ પડે,કોઈ તેની સાથેની ભૂતકાળની કાયદાકીય વ્યવસ્થાના કારણે અથવા ભૂતકાળના કોઈ નિયમનું અથવા અત્યારના કોઈ નિયમનું પાલન ભૂલથી નહીં થઈ શકવાના કારણે કદાચ જો તે વ્યકિત કે તે પરિવારના ઘર ઉપર કોઈ જાતની આંચ આવે તો એ પરિવારને ખૂબ મોટી તકલીફ સ્વભાવિક રીતે થતી હોય છે. એવી જ રીતે વેપાર ધંધા માટે પણ પોતે રાત દિવસ જે દુકાનમાં રહીને મહેનત કરતાં હોય, ઉભા પગે ગ્રાહકોની સેવા કરતાં હોય, ગ્રાહકોને સંતોષ આપતાં હોય અને પોતાનો ધંધો રોજગાર ચલાવતાં હોય એવા દુકાનધારકને એવી કોમર્શિયલ મિલકત ધારકને પણ કોઈ જગ્યાએ કોઈ કાયદાની આંચ આવે તો તેને તકલીફ પડતી હોય છે. કોઈ પણ વ્યકિત એવી નથી હોતી, કોઈ પરિવાર એવો નથી હોતો કે જે પોતાના પરસેવાની કમાણી તે કોઈ ખોટા મકાન માટે, ખોટી જગ્યાએ ખરીદવા માટે, બિન અધિકૃત જગ્યાએ ખરીદવા માટે તે રોકતા હોય. પરંતુ કાયદાકીય મર્યાદાઓ, કાયદાકીય જાણકારીના અભાવને કારણે, નિયમોની સ્પષ્ટતાની જોગવાઈ હોવા છતાં પણ એ જોગવાઈઓનો લાભ ન લેવાના કારણે અનેક લોકો આવા પ્રકારના બાંધકામોમાં ભૂલથી પોતાની મૂડી રોકી દેતા હોય છે. કોઈએ ઘર ખરીદયું હોય અને ૫, ૧૦ કે ૧૫ વર્ષ રહ્યાં પછી નગરપાલિકા, કોરપોરેશન કે સ્થાનિક સત્તા મંડળની નોટિસ એને મળે કે તમારી જગ્યામાં આ વસ્તુ વગર પરવાનગીએ બનાવવામાં આવી છે અને તમારું આટલું દબાણ ગણવાનું છે અને અમે તેને દૂર કરવા માટે તમને નોટિસ આપીએ છીએ. ત્યારે સ્વાભાવિક રીતે જ એ મિલકતનો ધારક કે માલિક જે હોય છે, એ મૂળ માલિક હોય કે ખરીદનાર હોય કે બનાવનાર કે વર્ષોથી ભાડે રહીને ત્યાં રહેતા હોય એવા લોકોને ધ્રાસ્કો પડતો હોય છે. એમને ખબર હોતી નથી કે આ મિલકત ખરીદીને તેણે શું ભૂલ કરી? પછી તપાસ કરતા ખબર પડે કે આટલા રૂમ બનાવવાની મંજૂરી હતી અને આટલા રૂમ વધારે બની ગયા છે. તમારા શોપીંગ સેન્ટરમાં આ પ્રકારનું બાંધકામ કરવાનું હતું, પરંતુ બિલ્ડરે વધારે બાંધકામ કરીને નિયમનો ભંગ કર્યો છે. બનાવનાર અને મંજૂરી આપનારે સમયસર કાયદાકીય પ્રવૃત્તિ ન કરવાને કારણે આવા નિર્દોષ નાગરિકોને છેતરાવું પડતું હોય છે અને છેતરાતાં હોય છે. વર્ષોથી આ પરંપરા ચાલી આવી હોય છે, પરંતુ કાયદાનું પણ એક સ્થાન છે. નામદાર હાઈકોર્ટ હોય કે નામદાર ડિસ્ટ્રીકટ કોર્ટ હોય કે પછી આપણી સારી સ્વૈચ્છિક સંસ્થાઓ હોય, એ બધાની નજર આવી બાબતો ઉપર હોય છે કે કાયદાનું પાલન થાય. રાજય સરકાર પણ ઈચ્છે છે કે કાયદાનું પાલન થાય. પણ કોઈની ભૂલના કારણે, કોઈના વાંકના કારણે નિર્દોષ લોકોને તકલીફ ન પડે, નિર્દોષ લોકો ન દંડાય, એટલા માટે આ કાયદામાં આ સુધારો કરવાનું આ બિલ અમારે આ સન્માનનીય ગૃહ સમક્ષ લાવવું પડયું છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણા ગુજરાત રાજયનો જે રીતે અવિરત વિકાસ થઈ રહ્યો છે. દરરોજ હજારો મિલકતો, દુકાનો માટે વ્યવસાયિક જગ્યાઓ કે રહેઠાણ માટે ૨૫, ૫૦ ચોરસ વારથી માંડીને મોટા મોટા બંગલાઓ, ટેનામેન્ટસ અને ફલેટો બની રહ્યાં હોય, હજારો મકાનો બની રહ્યાં હોય અને નાગરિકો એને ખરીદતા હોય અને ખરીદ્યા પછી ભૂતકાળની ભૂલના કારણે અત્યારના રહેનાર, વાપરનાર લોકો અને ભાડૂઆતને એનાથી જે નુકસાન થાય છે એ નુકસાનથી એને બચાવવા માટે અમે આ બિલ લાવ્યા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, જયારે કાયદાકીય પ્રક્રિયાઓ ચાલુ થઈ ત્યારે બધાના ધ્યાન પર આવ્યું. અમલ કરનાર એજન્સીઓ, સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ અથવા અમલ કરનાર એજન્સીને, કે ભૂતકાળમાં પૂરતું ધ્યાન ન આપવાના કારણે ભૂતકાળમાં પૂરતી વ્યવસ્થા નહીં કરવાના કારણે આજે રાજયમાં લાખો મિલકતો એવી ઉભી થઈ ગઈ છે કે જેમાં આવા પ્રકારના ગેરકાયદેસર દબાણો કે વધારાના બાંધકામોની નોટિસોનો નાગરિકોને સામનો કરવો પડે છે. એક અભ્યાસ પ્રમાણે ફકત અમદાવાદ શહેરની અંદર જ ૫ લાખ કરતા વધારે મિલકતો એવી છે કે જે નાના મોટા અનિયમિત પ્રકારના બાંધકામોનો ભોગ બની છે.

માનનીય અધ્યક્ષશ્રી, કોઈ પરિવાર મોટો થાય અને ઘરમાં પોતે સ્કુટર લાવે, મોટરસાયકલ લાવે અને એમ વિચારે કે મારો પરિવાર મોટો થયો છે. સંડાસ-બાથરૂમ વધારાના બનાવવા છે. પોતાના પ્લોટમાં ખુલ્લી જગ્યા હોય અને એમાં સંડાસ-બાથરૂમ કે રસોડું કે સાધન મૂકવાનું નાનું ગેરેજ બનાવી દે, ત્યારે એ નિર્દોષ નાગરિકને સ્વાભાવિક રીતે એવી ખબર હોતી નથી કે તે કાયદાનો ભંગ કરી રહ્યો છે. મંજૂર કરેલ પ્લાન કરતાં વધારાનું

બાંધકામ કરીને એ નિર્દોષ નાગરિક કાયદાની ભૂલ કરનાર તરીકે એને દંડ ભોગવવાનો વારો આવે છે. કોઈને બે માળનું મકાન હોય. બે ત્રણ દીકરા હોય. દીકરો પરણે, પરિવાર મોટો થાય. એ નાગરિકને સ્વાભાવિક રીતે એમ થાય કે મારા ધાબામાં એક બીજો રૂમ બનાવી દંઉ તો છોકરાઓ વાંચે અથવા તો એ લોકોને રહેવાની સારી સગવડો પ્રાપ્ત થાય. અને નાગરિકનું પોતાનું મકાન છે, એનો કાયદેસરનો કબજો એની પાસે છે, પરંતુ બાંધકામનો પ્લાન મંજૂર થયો હોય એમાં સુધારા વધારા કરાવવાની પરવાનગી મેળવવાની તકેદારી નાગરિકોએ ન રાખવાને કારણે એ બીજો માળ કે ત્રીજો માળે એક બે રૂમ બનાવે ત્યારે એને ખબર હોતી નથી કે મેં બાંધકામના નિયમોનો ભંગ કર્યો છે. એવા હજારો કેસો કે જેમાં નિદોર્ષતાથી, કોઈની જમીનમાં દબાણ ન કરીને, કોઈનું પચાવી નહીં પાડીને, ન કોઈનું લઈ લેવાની ભાવનાથી, કોર્પોરેશન કે નગરપાલિકાને નુકસાન નહીં કરીને બે માળવાળા મકાનામાં ત્રીજો માળ બનાવે અને એની પણ આકારણી તો કરી જ દેતા હોય છે, એનો મિલકતવેરો લેવનું પણ કોરપોરેશન કે નગરપાલિકા શરૂ કરી દેતી હોય છે, પરંતુ એ નિયમિત થઈ શકતું નથી અને એના કારણે જયારે જયારે પ્રશ્નો ઉભા થાય છે ત્યારે આવા લાખો નાગરિકોને નોટિસ મળતી હોય છે અને ખળભળાટ મચી જતો હોય છે. નગરપાલિકા હોય કે મ્યુનિસિપલ કોરપોરેશન હોય કે એને પણ દબાણ દૂર કરવાની બાધા આવતી હોય છે, એમને પણ નિયમોનું પાલન કરવાની ફરજ આવતી હોય છે અને એક બાજુ ફરજ અને બીજી બાજુમાનવતાની રાહે આ નિદોર્ષ નાગરિકોના એ બધાના કેસ નકકી કરવાના થાય અને ત્યારે એક જાતનું ધર્મસંકટ ઉભું થતું હોય છે એવા પ્રકારની પરિસ્થિતિ ઉભી થાયછે અને આવા વખતે રાજયમાંથી કાર્યકર્તાઓ, માનનીય ધારાસભ્યશ્રીઓ, મોટા મોટા આગેવાનો, બધા પ્રજાના પ્રતિનિધિઓ તરીકે સરકારમાં, કોરપોરેશનમાં અને નગરપાલિકામાં રજૂઆત કરતા હોય છે કે આ લાકોની ભૂલ થઈ ગઈ છે અન ેહવેથી નહીં થાય, પરંતુ તેમને કાયદાની ચૂંગાલમાંથી અને આ અનિયમિતતામાંથી દૂર કરો અને એવું કરવા માટે સરકારને પણ એક પ્રજાકીય, પ્રજાલક્ષી, માનવતાલક્ષી એક ફરજ છે કે નાગરિકોએ નિદોર્ષતાથી કોઈ ભૂલ કરી હોય તો એ ભૂલને વહેવારિક રીતે, કાયદેસર રીતે રેગ્યુલરાઈઝ કરવી જોઈએ અને એના માટે અમે આ બિલ લાવ્યા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, એક સરવે જે હમણાં જ થયો એમાં આપણને જાણીને નવાઈ લાગશે કે અમદાવાદ શહેરમાં જ આવી ૫ લાખ મિલકતો એવી છે કે અનઓથોરોઈઝ પણ ગણાય અથવા ઈરેગ્યુલર પણ ગણાય એવા પ્રકારની મિલકતો છે અને એ મિલકતોને જો આપણે તોડીએ તો આવી ૫ લાખ મિલકતો તોડવી પડે અને કરોડો અને અબજો રૂપિયાની રાષ્ટ્રીય સંપત્તિને નુકસાન થાય. માણસોનું પરિવાર, નાનાં પરિવારોના દીકરા દીકરીઓને અને વૃધ્ધોને ઘણી જ સામાજીક અને આર્થિક હાલાકી ભોગવવી પડે અને એ લોકોને પણ ફરીથી રેગ્યુલરાઈઝ કરવું પડે અને પુન:વસવાટ કરવો પડે એવી અનેક તકલીફ ઉભી થાય.

માનનીય અધ્યક્ષશ્રી, અમે પૂર્વ અમદાવાદનો થોડોક સરવે કરાવ્યો તો ૧ લાખ ૫૦ હજાર જેટલાં મકાનો ફકત પૂર્વ અમદાવાદનાં એવાં છે કે જે નિયમોનો ભંગ કરીને ઈરેગ્યુલરાઈઝ રીતે બાંધકામ કરવામાં આવ્યું છે. ૨૦-૨૦ કે ૨૫-૨૫ વર્ષથી લોકો અમદાવાદમાં જેમ જેમ સૌરાષ્ટ્રમાંથી કે ઉત્તર ગુજરાતમાંથી કે આખા રાજયમાંથી અહીં રહેવા આવ્યા હોય એવા લોકોએ આવાં મકાનો ખરીદ્યાં છે અને એમણે એ મકાનો ખરીદ્યાં ત્યારે એમને ખબર નહોતી કે અમે નિયમોનો ભંગ કરીએ છીએ અને એના કારણે એ લોકો આજે મુશ્કેલીમાં મૂકાઈ ગયા છે. એવી રીતે સૂરતમાં પણ હમણાં હમણાં અમે જોયું તો મોટા પ્રમાણમાં મિલકતો એવી છે કે જુદી જુદી રીતે કાયદાના ભંગ નીચે એ મિલકતો આવે છે. ગુજરાતનો કોઈ જ વિસ્તાર એવો નહીં હોય, લગભગ ગ્રામીણ વિસ્તાર સહિત કે જયાં આવા પ્રકારનું બાંધકામ નહીં હોય, પરંતુ મારા વિભાગ પૂરતો જે કાયદો લાગુ પડે છે, મારે જે જોગવાઈઓ કરવાની છે આ કાયદામાં એ શહેરી વિસ્તાર પૂરતી એમાં આ જોગવાઈઓ લાવ્યા છીએ કે જ લોકોએ ભૂલથી આ વ્યવસ્થા કરી છે તેમને એ રેગ્યુલરાઈઝ કરવા માગીએ છીએ અને એના માટેનું આ બિલ અમે અહીંયાં અંગ્રેજી અને ગુજરાતીમાં સરકયુલેટ કર્યુ છે અને માનનીય સભ્યશ્રીઓએ સારી રીતે એનો અભ્યાસ પણ કર્યો છે. મને આનંદ છે કે ઘણા મિત્રોએ આ હાઉસમાં સરકાર પક્ષના અને વિરોધપક્ષના હોય એ બન્નેએ મને કહ્યું છે કે આ બિલ હાઉસમાં સમયસરીલાવ્યા છો એની જરુર છે અને પ્રજાને મદદરૂપ થવું એ સરકારની ફરજ છે અને એના ભાગરૂપે ધારાસભ્યશ્રીઓ અને આ સન્માનનીય ગૃહ કે જેને આ કાયદો મંજૂર કરવાનો અને એમાં રાહત આપવાની સત્તા છે એવા તમામ લોકોની લાગણી છે કે ગુજરાતના આ રાજયના ગરીબ અને મધ્યમવર્ગના લોકોને આપણે મદદ કરીએ. માનનીય અધ્યક્ષશ્રી, પહેલા ૨૦૦૧માં પણ આ પ્રકારનું ૩ વર્ષ સુધીનું બિલ લાવવામાં આવેલું. પરંતુ તે વખતે કેટલીક કાયદાકીય જોગવાઈઓ જે અમે આ બિલમાં સામેલ કરી તે નહોતી કરી શકાઈ, અને તે વખતે તેના પ્રમાણમાં પુરતા લોકો તેનો ઉપયોગ નહોતા કરી શકયા, છતાં પણ એ વખતે લગભગ ૧ લાખ ૫૦ હજાર જેટલા મકાનો લોકોએ રેગ્યુલરાઈઝ કરાવેલા, અને ઈમ્પેકટ ફીની પ્રીમીયમની રકમ, પેનલ્ટી કે દંડ જે ગણો તે ભરી અને લોકોએ એમના મકાનો કાયદેસર કરાવ્યા હતા. ત્યારે આ બિલમાં અમે એ વાતની પુરે પુરી કાળજી રાખી છે કે નિર્દોષ માણસો, મધ્યમ વર્ગના માણસો, ગરીબ માણસો અને સાચા નાગરિકો, પ્રમાણિક નાગરિકોને તેનો લાભ ચોકકસ મળે, પણ જે લોકોએ ખોટી રીતે ગેરકાયદેસર રીતે બાંધકામ કર્યુ હોય, કેવા પ્રકારનું બાંધકામ તે આ બિલમાં અમે મુકયું છે, હું આ સન્માનનીય ગૃહ સમક્ષ એ કલમ પણ મુકવા માગું છું કે જેમાં એનો લાભ નથી મળવાનો, અને સરકારની જવાબદારીનું પણ આમાં પુરે પુરું ધ્યાન રાખ્યું છે, સરકારની મિલકતોની પણ અમે

કાળજી રાખી છે. અને આ બિલમાં કલમ ૮ ઉપર જે જોગવાઈ કરી છે તેમાં આ બધી છુટછાટો આપ્યા પછી પણ આ કલમ ૮ માં જે જગ્યાઓ બતાવેલી છે તે રેગ્યુલરાઈઝ થઈ શકશે નહીં. એમાં સરકારની જમીન હોય, સ્થાનિક સત્તા મંડળની અથવા વૈધાનિક મંડળની માલિકીની જમીન હોય, એટલે કે કોરપોરેશન, નગરપાલિકા, ઔડા, સુડા કે રુડા કોઈ પણ જમીન હોય, સરકારી જમીન ઉપર અથવા સરકારની માલિકીની સંસ્થાઓની જમીન ઉપર કોઈ દબાણ કર્યુ હશે તો તે દબાણ રેગ્યુલરાઈઝ કરવામાં નહીં આવે, એવી રીતે જયાં અમે નિર્દિષ્ટ હેતુ માટે સરકારી, સ્થાનિક સત્તા મંડળની અથવા વૈધાનિક મંડળની સંપાદિત કરેલ જમીન હોય, ઘણી જગ્યાએ રાજય સરકાર સંપાદિત કરે છે કોઈ જાહેર આરોગ્યના કામ કરવાના હોય, કોઈ કોલેજ ઉભી કરવાની હોય, કોઈ પીવાના પાણીની વ્યવસ્થા ઉભી કરવાની હોય, કોઈ ભૂગર્ભ ગટરના કામ કરવાના હોય અને તેના માટે સંપાદિત કરેલ હોય તેવી જમીનમાં દબાણ કર્યુ હશે તો એ રેગ્યુલરાઈઝ કરવાનું નથી. એવી જ રીતે જે લાઈન દોરીમાં આવતું બાંધકામ હશે, દા. ત. ૬૦ ફુટનો રોડ બનાવવાનો હોય, ૯૦ ફુટનો રોડ બનાવવાનો હોય કે ૧૨૦ ફુટનો રોડ બનાવવાનો હોય તો તેમાં જે દબાણ આવતું હોય અને રસ્તામાં તકલીફ પડતી હોય તો તેવા પ્રકારના દબાણો પણ અમે નિયમિત કરવાના નથી. એવી જ રીતે ટી. પી. સ્કીમ, વિકાસ યોજનાઓ લાગુ કરીએ છીએ તે વિકાસ યોજનામાં રીઝર્વ હશે અને જમીન અનામત રાખવામાં આવી હશે, જાહેર હેતુ માટે હશે એમાં દબાણ હશે તો તે પણ નિયમિત નથી કરવાનું, નદી, નાળા, જળાશયો, તળાવો વગેરે હોય, તેના ઉપર કોઈ દબાણ કર્યુ હોય, નદીના પટમાં દબાણ કર્યુ હોય, કોઈ કેનાલમાં દબાણ કર્યુ હોય, તળાવમાં દબાણ કર્યુ હોય તો તેવા લોકોના દબાણને નિયમિત કરવાના નથી. એવી જ રીતે પર્યાવરણની જાળવણી માટેનો પણ વિચાર કર્યો છે. જે અત્યારે પર્યાવરણ ઝોન બનાવવામાં આવ્યા છે. જયાં ઔદ્યોગિક કચરો નખાય છે તેવો ઔદ્યોગિક કચરો નખાતો હોય તેવા વિસ્તારોમાં દબાણ કર્યુ હશે તો તે પણ અમે આ કાયદામાં રેગ્યુલરાઈઝ કરવાના નથી. એવી રીતે પ્રજાકીય સલામતીનું પણ ધ્યાન રાખવામાં આવેલ છે. બહુમાળી ઈમારત હોય અને ફાયર સેફટીની જરુરીયાત હોય, અને ફાયર સેફટીના સાધનો ન મુકયા હોય તો તેવા દબાણોને પણ નિયમીત કરવાના નથી. આના માટે અમે આખું મીકેનીઝમ ઉભું કર્યુ છે. અને તેની બહુ કાળજી રાખીને ઉભું કર્યુ છે. આ કાયદો અમલમાં આવે, આનું નોટિફિકેશન બહાર પડે તેના પછી જેને નોટીસ મળી ચુકી છે, અત્યારે કોર્ટના આદેશના કારણે જેમની મિલકતો સીલ થયેલ હોય એવી વ્યકિતઓ, અથવા જેમને પોતાને સુઓમોટો એમ લાગે કે મેં ઉપરનો માળ કર્યો છે મેં દાદરો, નિસરણી, પાર્કિંગ વગેરેનું વધારાનું બાંધકામ કરી દીધું છે તે મારે નિયમિત કરાવવું છે તો નોટિસ નહીં મળી હોય તો પણ નાગરિક સામેથી આવી અને અરજી કરી અને રેગ્યુલરાઈઝ કરવા માટે માગણી કરી શકશે. અમે જે પ્રિમિયમ લેવાના છીએ એનું મિકેનીઝમ ગોઠવ્યું છે, કોમર્શીયલ ધંધાકીય પ્રવૃત્તિ માટેની જગ્યા હોય તો એના ઉપર વધારે પ્રિમિયમ લેવાનું, મધ્યમવર્ગના મકાન હોય એના માટે માપનું પ્રિમિયમ લેવાનું, રહેણાંક માટે માપનું પ્રિમિયમ લેવાનું આ પ્રમાણેની અમે વ્યવસ્થા કરી છે. આ બધી જ પ્રક્રિયા લગભગ ત્રણ વર્ષ સુધી ચાલશે. પરંતુ એક જોગવાઈ એવી કરી છે કે કોઈપણ નાગરિક જેનું મકાન સીલ થયું હોય કે ન થયું હોય એને એમ લાગે કે નિયમથી વધારે બાંધકામ છે એ વ્યકિત અરજી કરશે તો જે કાયદા હેઠળ જે કોર્ટના હુકમ હેઠળ સીલ મારવામાં આવ્યું હશે અથવા તો એને ભય હશે કે તોડી પાડવાની નોટિસ આપી હશે તો એ સ્ટેટસકો થઈ જશે. એ પ્રવૃત્તિ ચાલુ થઈ જશે. અને આ માટેના જે અધિકારીઓ મૂકવાના છે એ અધિકારીઓ પ્રિમિયિમ વગેરે ગણી એ માણસને નોટિસ આપશે કે તમારે આટલી રકમ ભરવાપાત્ર થાય છે. એક મહિનામાં એ રકમ દરેકે ભરવાની રહેશે. કદાચ ન ભરી શકે તો એને એ સ્ટેમાં લેવાશે. આપો આપ રદ થશે. આ કાયદાની અંદર ભૂતકાળમાં નહોતું એ કલમ-૯થી ઉમેર્યુ છે. કેટલીક મિલકતો એવી છે કે યુ.એલ.સી.ની જમીન હોય, કોઈ બહારથી આવ્યા હોય, પોતાની માલિકીની જમીન હોય, પોતાનું ખેતર હોય એન.એ. ન કરાવ્યું હોય, બાધકામની પરવાનગી ન લીધી હોય અને એન.એ. કર્યા વગર બાંધકામની પરવાનગી લીધા સિવાય મકાન બનાવી લીધા હોય તો બે કાયદાનો ભંગ એ નાગરિકે કર્યો કહેવાય. એક તો જમીન મહેસૂલ કાયદાનો ભંગ અને એક બિન અધિકૃત બાંધકામ કરવાનો શહેરી વિકાસ વિભાગના કાયદાનો ભંગ. તો અમે આનો પણ ૨૦૦૧માં જે ઉપાય નહોતો એ ઉપાય આ કાયદામાં અમે માનનીય મહેસૂલ મંત્રી આનંદીબહેનના સમર્થનથી એમના માર્ગદર્શન અને સપોટથી અમે આમાં આમેજ કર્યુ છે. એ કાયદામાં એવી જોગવાઈ કરી છે કે જે નાગરિકનું પોતાનું ખેતર છે, પણ એન.એ. નહોતું કરાવ્યું, એણે એન. એ. માટેની રકમ ભરવી પડતી એ રકમ નહિ ભરી. બાંધકામ મંજૂર કરાવવા માટે પ્લાન મંજૂર કરાવવા પડે છે એ નહોતા કર્યા, ખેતરની જમીનના વેચાણ માટે જે સ્ટૅમ્પ કરવો પડે છે એ સ્ટૅમ્પ નહોતો કર્યો તો સરકારની આવકને નુકસાન થયું. આ બધું રેગ્યુલરાઈઝ મહેસૂલ વિભાગ કરશે અને મહેસૂલ વિભાગ આ કાયદાની કલમ-૯ પ્રમાણે જ્યારે પૂર્તતા કરશે અને મહેસૂલ વિભાગ શહેરી વિકાસ વિભાગને સર્ટિફિકેટ આપશે કે આ અમારી જમીનમાં રેવન્યુના કાયદા નીચે ઉલ્લંઘન થયેલું એ ઉલ્લંઘન નાગરિકે રેગ્યુલરાઈઝ કરાવ્યું છે. તો એનું બાંધકામ તમે રેગ્યુલરાઈઝ કરો. તો અમે બાંધકામને રેગ્યુલરાઈઝ કરાવીશુ. આ રીતે લાખો મિલકતને આવરી લેતું આ બિલ છે. એમાં એક કરોડ નાગરિકો આવા પ્રકારની મિલકતોમાં પોતે હાડમારી વેઠે છે. પછી એ રહેઠાણની હોય કે ધંધાકીય હોય, જ્યારે ગુજરાત આટલો બધો વિકાસ અને પ્રગતિ કરી રહ્યું હોય અને સ્વર્ણિમ ગુજરાત વર્ષમાં માનનીય મુખ્યમંત્રીશ્રીએ પણ નક્કી કર્યુ કે નાગરિકોને એક તક આપવી અને આપણે એમની મિલકતો પછી

એ રહેઠાણની હોય કે ધંધાની હોય એને નિયમિત કરવા માટેની તક આપવી જોઈએ. અને સ્વર્ણિમ ગુજરાતના એક પ્રજાકીય કામ રૂપે અમે આ કામ આ કાયદો લાવવાનું નક્કી કર્યુ અને આજે આપ સૌ સમક્ષ આ બિલ રજૂ કર્યુ છે મારી સૌ સભ્યશ્રીઓને વિનંતી છે કે કોઈ રાજકીય રીતે ન જોતાં ગુજરાતના એક કરોડ નાગરિકોને મધ્યમવર્ગના મોટા ભાગના એક કરોડમાંથી ૭૦ થી ૮૦ ટકા નાગરિકો તો મધ્મવર્ગના હશે એને આનો લાભ મળવાનો છે તેથી સર્વાનુમતે આ બિલ મંજૂર કરો તેવી મારી આપ સૌને વિનંતી છે.

**શ્રી સિદ્ધાર્થ ચી. પટેલ (ડભોઈ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી બિલ નં. ૨૭, ગુજરાત અનધિકૃત વિકાસને નિયમિત કરવા બાબતનું વિધેયક લઈને આ સભાગૃહ સમક્ષ આવ્યા છે ત્યારે આ સંદર્ભમાં મારા વિચારો રજૂ કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, બહુ જ મહત્ત્વનું અને અત્યંત ગંભીર કહી શકાય એવા મુદ્દાને સ્પર્શતું બિલ લઈને માનનીય મંત્રીશ્રી સભાગૃહ સમક્ષ આવ્યા છે. આ પ્રશ્ન એ માત્ર એક શહેરનો કે એક રાજયનો નથી. ઘણા બધા રાજયોમાં આ પ્રકારના પ્રશ્નો ઉભા થયા છે અને એટલી હદ સુધી ગંભીર પ્રશ્નો ઉભા થયા કે કેટલાક રાજયોની સરકાર હાલમ-ડોલમ થઈ જાય એવી પરિસ્થિતિ આ પ્રશ્નને કારણે ઉપસ્થિત થઈ. પણ જ્યાં સરકાર પારદર્શકતાથી ચાલવા માગતી હતી, સરકાર શુદ્ધ બુદ્ધિથી ચાલવા માગતી હતી ત્યાં આવી વિપરિત પરિસ્થિતિ ઉભી થઈ હોવા છતાં પણ ત્યાંની સરકારોને ઉની આંચ આવી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, જે બિલ લઈને માનનીય મંત્રીશ્રી આવ્યા છે તેના ઉદ્દેશો અને કારણોના સંદર્ભમાં તેમણે જે સ્ટેટમેન્ટ કર્યું તે સ્ટેટમેન્ટ હું વાંચતો હતો. અહીં કહેવાયું છે કે અનધિકૃત વિકાસ એ ચિંતાનું બહુ મોટું કારણ છે. મોટી સંખ્યામાં મકાનો દૂર કરવાનું અને તોડી પાડવાનું શકય નથી કે ઈચ્છનીય નથી અને એમ કરવાથી કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ ઉભી થાય છે. સામાન્ય માણસને હાડમારી પડે છે. લાખોની સંખ્યામાં લોકો બેઘર બને અને તેમને આવાસ પૂરા પાડવા પડે એવી સ્થિતિ ઉભી થાય. આ પરિસ્થિતિ નિવારવા માટે યોગ્ય કાયદો, અધિનિયમન કરીને દરમ્યાનગીરી કરવાની સરકારને ફરજ પડી છે. ૨૦૦૧માં પણ આ પ્રમાણેનું બિલ લાવ્યા હતા અને ૨૦૦૧માં આ બિલ લાવ્યા પછી આજે ૨૦૧૧માં એટલે દસ વર્ષ પછી અનધિકૃત બાંધકામને અધિકૃત કરવા માટેનું બિલ આપણે ફરી લાવવું પડ્યું છે. કદાચ પરિસ્થિતિ એવી આવશે કે ૨૦૨૧માં આપણે ફરી બિલ લઈને આવવું પડશે. મહત્ત્વનો સવાલ એ છે કે અનધિકૃત બાંધકામ થાય છે કેમ અને અનધિકૃત બાંધકામ થતાં હોય ત્યારે તેને અટકાવવા માટેની વ્યવસ્થા જો આપણે પૂરેપૂરી નહીં ગોઠવીએ તો હું માનું છું કે બિલનું હાર્દ સચવાવાનું નથી અને માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે એક ધર્મસંકટ ઉભું થયું છે અને એટલા માટે આ બિલ લાવવું પડ્યું છે. તો આ ધર્મ સંકટ વારંવાર ઉભું ન થાય તેની કાળજી પણ વહીવટી તંત્રે રાખવી પડશે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી મુખ્ય વાત એ કે મંત્રીશ્રીના પ્રવચનમાં સામાન્ય માણસને ટાંકીને ઘણી બધી વાત કરવામાં આવી. સામાન્ય માણસની ચિંતા આપણને સૌને હોય અને સામાન્ય માણસની ચિંતાની વાત કરીએ તો આ જે અનધિકૃત બાંધકામ છે તેમાં પાકા મકાનોની જ ચિંતા કરીએ છીએ કે કાચા મકાન કે ઝૂંપડપટ્ટીની આપણે ચિંતા કરીએ છીએ ખરા? સરકારી જમીન નહીં પણ બિન સરકારી જમીનમાં ઝૂંપડપટ્ટી થઈ હોય, ગરીબ માણસ પોતાને માટે ઝૂંપડું બનાવીને રહેતો હોય અને એ ઝૂંપડપટ્ટીને પણ બુલડોઝરથી તોડી નાખવાનું કામ આપણે કરી રહ્યા છીએ. આ દાખલા નોંધાયા છે. રાજકોટ હોય, સુરત હોય, અમદાવાદ હોય. સરકારી જમીનમાં તમે કામગીરી કરો પણ સરકારી જમીન સિવાયની જમીનમાં આ પ્રકારની કામગીરી કરીને ગરીબ માણસને પોતાના ઘરથી વંચિત કરવાની પ્રવૃત્તિ જયારે ચાલતી હોય ત્યારે મારી અપેક્ષા એટલી કે ઝૂંપડપટ્ટીના સ્થાને પાકા મકાન આપવા માટેની પણ યોજના સાથે લઈને આવ્યા હોત તો કદાચ સારું થાત. કોઈની ભૂલના કારણે, માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે સામાન્ય માણસને વેઠવું ન પડે, નિર્દોષ માણસને વેઠવું ન પડે, જે માણસ કાયદો જાણતો નથી તેને વેઠવું ન પડે તેના માટે આ બિલ લાવવામાં આવ્યું છે. જો કોઈની ભૂલના કારણે આ બન્યું હોય તો જે ભૂલ માટે જવાબદાર છે એવા લોકો માટે કોઈ કાર્યવાહી તેમની સામે કરવા માગીએ છીએ કે કેમ અને તેની કોઈ જોગવાઈ આ બિલમાં કરી છે કે કેમ? સવાલ આજે રેગ્યુલરાઈઝ કરી દઈએ તેનો નથી. તેની સાથે એ પણ ચિંતા કરી છે કે ૨૦૧૫, ૨૦૧૭, ૨૦૨૧માં ફરી પાછું સરકારે આવું જ અનધિકૃત બાંધકામને અધિકૃત કરવાનું બિલ ફરી લઈને ન આવવું પડે.એની પણ ચિંતા આપણે કરવાની અને એટલા માટે આ મુદ્દો બહુ મહત્ત્વનો છે. બિલની જોગવાઈઓ હું વિગતે વાંચતો હતો અને બિલની જોગવાઈઓના સંદર્ભમાં થોડાક મુદ્દા માનનીય મંત્રીશ્રી સમક્ષ રજૂ કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, કલમ-૬(૨)માં જે માણસ અધિકૃત બાંધકામ કરે છે, જે નાનો માણસ પોતાના ઘરની અંદર બિન અધિકૃત કામ કરે છે એને પ્રોટેકશન આપવાની વાત કરી છે. ઈમ્પેકટ ફી ચૂકવવા માટે એક મહિનાનો સમય આપ્યો છે. ગરીબ વર્ગનો, મધ્યમ વર્ગનો છે એને આપ જે રકમ નક્કી કરો એ ચૂકવી ન શકે. મને એમ લાગે છે કે, એક મહિનાના સમયથી વધારી ત્રણ મહિનાનો સમય ત્યાં કરવો જોઈએ. કલમ-૮(૧)માં કયા કયા પ્રકારના બાંધકામને અધિકૃત નહીં કરી શકાય? એની સ્પષ્ટતા આ કલમમાં કરવામાં આવી છે. સરકારી જમીનો, સ્થાનિક સત્તા મંડળ કે વૈધાનિક મંડળની માલિકીની જમીનમાં થયેલ બાંધકામને અધિકૃત કરવામાં નહીં આવે. પણ અહીંયાં સ્પષ્ટતા નથી થતી કે, સરકારે જે જમીન લાંબા ભાડાના પટ્ટેથી લોકોને વાપરવા માટે આપેલી છે. એ જમીન સરકારની માલિકીની છે એનો ઉપભોક્તા ભાડાપટ્ટાના કરારથી કાયદેસર રીતે બીજો માણસ થયો છે, જેને સરકારે

મંજૂરી આપી છે, એ બાંધકામને ૯૯ વર્ષના ભાડા પટ્ટે સરકાર દ્વારા આપવામાં આવેલી હોય અને એના ઉપર અનઅધિકૃત બાંધકામ થયેલ હોય તો એને અધિકૃત કરવામાં આવશે કે કેમ? એની સ્પષ્ટતા આ જોગવાઈની અંદર થતી નથી. કલમ-૮(૧)(ચ) જેની જોગવાઈઓમાં કલમ-૯નો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. કલમ- ૮(૧)(ચ) અને કલમ-૯ બન્નેને જો સાથે વાંચતાં આ ગણોત ધારાની જોગવાઈઓનો જ્યાં ભંગ થયો હોય તેવા કિસ્સાઓમાં આ મંજૂરી આપવામાં નહીં આવે એ વાત કલમ-૯માં કહી છે. અહીંયાં કલમ-૮(૧)(ચ)ની અંદર કલમ -૯ હેઠળની પડતી જગ્યાઓને નિયમિત કરવામાં નહી આવે એમ લખ્યું છે અને પછી મંત્રીશ્રી એમ કહે છે કે, રેવન્યૂ વિભાગ જો એની ચકાસણી કરી અને જો એને મંજૂરી આપશે તો એને અધિકૃત કરવામાં આવશે. તો જ્યારે કલમ-૯ મૂકવામાં જ આવી છે ત્યારે હું સમજું છું કે, કલમ-૮(૧)ની અંદર કલમ-ચ- મૂકવાનો કોઈ અર્થ રહેતો નથી. કારણ કે જે હાર્દ છે એ કલમ-૯ની અંદર સમાવાઈ ગયું છે. કલમ- ૧૦(૧)માં કયા પ્રકારના અને કયા પ્રકારની ગેરરીતિઓને અધિકૃત કરવામાં આવશે. એની બહુ સ્પષ્ટતા મંત્રીશ્રી દ્વારા રજૂ થયેલ બિલમાં થઈ છે. ગ્રાઉન્ડ કવરેજ વધારે હશે તો એને અધિકૃત કરવામાં આવશે. ઊંચાઈ વધારે હશે તો એને અધિકૃત કરવામાં આવશે. હવે જ્યારે ગ્રાઉન્ડ કવરેજ વધારે હોય અને ઊંચાઈ વધારે હોય અને એ બન્ને અનિયમિતતાને અધિકૃત કરવા માગતા હોય તો કલમ-૧૦-(૨)માં એમ કહેવામાં આવ્યું છે કે, ફ્લોર સ્પેસ ઈન્ડેક્ષમાં રિલેક્શેશન આપવામાં નહીં આવે. એવો આડકતરો ઉલ્લેખ, એમાં સ્પષ્ટતા નથી. પણ એક આડકતરો ઉલ્લેખ સ્પષ્ટતા વગરનો અહીંયાં કરવામાં આવેલ છે અને તેથી તે ઉપરની બે બાબતો સાથે સુસંગત નથી. ઊંચાઈ વધારે હોય અને એફ.એસ.આઈ. વધારે વપરાઈ હોય તો એણે વાપરેલ જ હોય. તો વધારેલ એફ.એસ.આઈ.નો જે દંડ સરકાર નક્કી કરે એ દંડ લઈને એને અધિકૃત કરવામાં આવે તો જ આ કાયદા પાછળનું જે હાર્દ છે એ હાર્દ સચવાઈ શકશે. માનનીય મંત્રીશ્રી પણ જાણે છે કે, મુળ પ્રશ્ન જે મોટા ભાગના કોમર્શીયલ બિલ્ડીંગો છે એમાં પાર્કિંગનો મુળ પ્રશ્ન છે અને એ પાર્કિંગનો પ્રશ્ન હોય ત્યારે એ પાર્કિંગની ઓછી સગવડોને કોન્ડોન કરીને એની વૈકલ્પિક વ્યવસ્થા એની અંદર ઊભી કરવી.એ જાતનો બહુ સ્વાભાવિક રીતે આપણો આશય હોય. હવે જ્યારે અહીંયા કલમ-૮(૨)(ખ) હું વાંચતો હતો ત્યારે સામાન્ય વિકાસ નિયંત્રણ, નિયમનો પ્રમાણે માળખાકીય જરૂરિયાત સાથે અસંગત હોય તો એવા બાંધકામોને રેગ્યુલરાઈઝ કરવામાં નહિ આવે. માળખાકીય જરૂરિયાત સાથે અસંગત હોય અને હું સમજું છું કે માળખાકીય જરૂરિયાતોની અંદર પાર્કિંગની વ્યવસ્થાનો પણ સમાવેશ થઈ જાય અને આ જો આપણે કરતા હોઈએ તો હું માનું છું કે આ પ્રશ્નને નવેસરથી વિચાર કરવો પડે એવી એક પરિસ્થિતિ પણ આ બિલમાં ઊભી થઈ છે એટલે મંત્રીશ્રી જે હાર્દ સાથે આ બિલ લઈને આવ્યા છે એ હાર્દ સામાન્ય માણસને અને સામાન્ય પ્રજાને મુશ્કેલી ના પડે એ જોવાનું હાર્દ છે અને એક જે વિકટ પ્રશ્ન ઊભો થયો છે એ વિકટ પ્રશ્નમાંથી એક માર્ગ કાઢીને આગળ ચાલવાની વાત છે. પરંતુ આ બિલમાં કેટલીક જોગવાઈઓ છે એની જો સ્પષ્ટતા વધારે થાય તો એ લોકોને ઉપયોગી આ બિલ થઈ શકશે અને એની સાથો સાથ હું ફરી મંત્રીશ્રીને આ સભાગૃહ દ્વારા ખાસ કહેવા માગુ છું કે વારંવાર આવા જે બિલ લાવવા પડે છે એ બહુ ગંભીર પ્રશ્ન છે અને માનનીય મંત્રીશ્રી એ વાતની પૂરતી કાળજી રાખે અને એ સંદર્ભમાં આ સભાગૃહને જ્યારે એમને અનુકૂળ લાગે ત્યારે આ બિલ ફરી લાવવું ના પડે એના સંદર્ભમાં સરકાર શું પગલા લેવા માગે છે એનાથી પણ આ સભાગૃહને માહિતગાર કરે એટલી વિનંતી કરું છું.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા (પોરબંદર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે સુધારા વિધેયક લઈને આવ્યા છે એમાં હું મારા વિચારો વ્યકત કરવા ઊભો થયો છું.

માનનીય મંત્રીશ્રી જ્યારે પ્રવચન કરતા હતા ત્યારે હું બહુ ધ્યાનથી સાંભળતો હતો અને એમને એક એવો પ્રિય શબ્દ છે ભૂતકાળની સરકારોએ ધ્યાન ના આપ્યું એટલા માટે અમારે આ કરવું પડ્યું છે. આ વખતે પણ આપશ્રી એમ બોલ્યાં કે ભૂતકાળમાં કાંઈ ધ્યાન ના દેવાયું. (અંતરાય) અગાઉ કહેતા હતા આજે નહિ. ભૂતકાળમાં કાંઈ ધ્યાન ના દેવાયું એટલા માટે આ બિલ લઈ આવવું પડ્યું છે. ૨૦૦૧માં બિલ લઈ આવ્યા. આ જ સરકાર હતી, ભારતીય જનતા પાર્ટીની સરકાર હતી અને એ સરકારે એ વખતે એમ કહ્યું હતું કે એક વખત રેગ્યુલરાઈઝ કરી દઈએ એટલે ફરી પાછું આવું બિલ નહિ લઈ આવવું પડે. આ સરકારે ૨૦૦૧ થી ૨૦૧૧ સુધી ૧૦ વર્ષમાં એવો તે કેવો વહીવટ કર્યો કે માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે માત્ર અમદાવાદની અંદર જ પાંચ લાખ મિલકતો એવી છે કે જેને રેગ્યુલરાઈઝ કરવાની જરૂર પડે છે. આમ તો એમ કહે છે કે અમારો પારદર્શક વહીવટ છે અમે જે નિર્ણયો કરીએ છીએ એનો અમલ પણ બરોબર કરીએ છીએ. કાયદા પ્રમાણેનો અમલ કરીએ છીએ તો આ એક કેવો અમલ થયો કે જેથી હજારો, લાખો અને માનનીય મંત્રીશ્રી કહ્યું એ પ્રમાણે એક કરોડ મિલકત. એટલે તમે એમ ગણી લો કે એક ઘરની અંદર ચાર લોકો રહેતા હોય તો ૨૫ લાખ મિલકતો તમારા કહેવા પ્રમાણે એ ગેરકાયદેસર અસ્તિત્વમાં આવ્યું. (અંતરાય)

**શ્રી નીતિનભાઈ ર. પટેલ (બેઠા બેઠા)** : એમાં ધંધાકીય અને રહેણાંક બંને.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : હા, બધાજ. અને એમાં આટલી મિલકતો આટલા વખત સુધી ચાલતી હતી તો તમે રોકવા માટે પ્રયાસો શું કર્યા? વાત એ છે કે આ મિલકતો કાંઈ નાના વ્યકિતગત લોકોએ બનાવેલી છે એવી મિલકત નહિ, મિલકતો તો બિલ્ડરો બનાવી ગયા છે. બિલ્ડરોને મિલકત બાંધવા માટેની પરવાનગી કાયદેસર, ગેરકાયદેસર અધિકારીઓએ આપી. વહીવટી બોડીઓએ આપી છે. જે ખરીદનાર માણસ છે એ આની અંદર દંડાયો

છે. અને એ વખતે જ્યારે મિલકત બંધાતી હતી એ પાર્કિંગમાં હોય, માર્જિનમાં હોય, એક ફ્લોર ઊંચો ગયો હોય, એક ફ્લોર નીચો ગયો હોય એ વખતે જો રોકીને કહ્યું હોત કે રૂક જાવ. અમે અમારી સરકારની અંદર આવી ગેરકાયદેસર પ્રવૃત્તિ નથી ચાલવા દેવાના. તો આ પરિસ્થિતિ ઊભી ન થઈ હોત. પણ થાય એવું કે, આજે આ પ્રકારના બાંધકામો છેલ્લા દસ વર્ષથી આપણે ને આપણે ચાલવા દીધા અને એ જે બાંધકામો ગેરકાયદેસર થયા એના હપતાઓ મ્યુનિસિપલ ઈન્સ્પૅક્ટરોથી શરૂ કરીને ગાંધીનગર સુધી આવ્યા અને હવે જ્યારે ગુજરાત હાઈ કોર્ટે એમ કહ્યું કે, આ ગેરકાયદેસર મિલકતો તોડી નાખો ત્યારે તમે બીલ લઈ આવ્યા, તો રોક્યા શું કરવા નહીં ? પેલા નિદોર્ષ નાગરિકોને દંડાવા શું કરવા દીધા ? પણ ત્યારે બધાને આવક મળતી હતી અને આ જે બિલ્ડરોની બોડી છે આખી એ બિલ્ડરોની અંદર દર વર્ષે કાર્યક્રમો થાય, મુખ્ય મંત્રીશ્રી એના અતિથિ વિશેષ હોય, વિરોધપક્ષના નેતાને બોલાવવા ના આવે પણ ખાનગીમાં કહેવા આવે કે અમે તમને બોલાવી ન શકીએ એટલા માટે કે, સરકાર અમારાથી નારાજ થઈ જાય. અને આ પ્રકારના લોકોના દબાણથી દસ વર્ષ સુધી ચાલવા દીધું હવે હાઈ કોર્ટના કહેવાથી રેગ્યુલરાઈઝેશન કરવા આવ્યા છે. સિલીંગ હાઈ કોર્ટના કહેવાથી થયું છે, તમે સિલીંગ કરવાવાળા નહતા અને જો આ રેગ્યુલરાઈઝેશન કરવા માટે કાયદો લઈને આવ્યા છો તો હું એક દિલથી વિનંતી કરું છું કે, આ હવેથી, આવતી કાલથી બાંધકામ થાય એને પાંચ વર્ષની સજા એ બિલ્ડરને, એ અધિકારીને કરવાની જોગવાઈ કરતો કાયદો લઈ આવો આ બીલ પણ સર્વાનુમતે પસાર કરીએ અને તમારું એ બીલ પણ સર્વાનુમતે પસાર કરીએ પણ આજે જ પેપરમાં મેં વાંચ્યું કે દરેક વૉર્ડમાંથી એક ભંડોળ ભારતીય જનતા પાર્ટીએ ભેગું કરવાનું છે, દસ લાખ રૂપિયાનું. આ કયાંથી આવવાનું છે ? માનનીય અધ્યક્ષશ્રી, એટલા માટે હું કહું છું કે, આવી પ્રવૃત્તિઓ ઉપર આપણે જો અંકુશ નહીં લઈ આવીએ તો આ આપણા શહેરો છે એ જવાળામુખી ઉપર બેઠેલા શહેરો છે. અંદર જઈ નહીં શકાય. હું હમણાં જ થોડાંક દિવસો પહેલાં જ વાત કરી હતી કે અમે ખાડિયામાં ગયા હતા. એ ખાડિયામાં આજે T સેકશન ઉપરનો જે ભ્રષ્ટાચાર ચાલે છે, મારે નામ નથી દેવું એ મ્યુનિસિપલ કાઉન્સિલરોનું, ખુલ્લે આમ અમને લઈ ગયા કે આ મ્યુનિસિપલ કાઉન્સિલરનું T ગર્ડર ઉપર આખું મકાન તોડી નવેસરથી બાંધી અને એ મકાનો બધા જ કોર્મશીયલો વેચાઈ જાય. અત્યારે શેરીઓની અંદર નીકળી શકાય નહીં એટલો બધો ટ્રાફિક થયો છે, તમે બાંધકામ કરશો પણ તમારા ઘર સુધી પહોંચી કેવી રીતે શકાશે ? આ સ્થિતિ ખાડિયાની છે. આજ સ્થિતિ હું જ્યાં રહું છું એ વિસ્તારની આસપાસની જ છે. અહીંયા સ્ટર્લિંગ હૉસ્પિટલ કે સાલની હૉસ્પિટલની બાજુમાંથી નીકળીએ, પાંચ કિલોમીટર પાસ કરતાં જે સમય લાગે એ માત્ર પાંચસો મીટર પસાર કરતાં સમય લાગે છે. કારણ કે, આખી હૉસ્પિટલો ગેરકાયદેસર છે, કોઈ જગ્યાએ પાર્કિંગની વ્યવસ્થા નહીં, હૉસ્પિટલમાં દર્દીને લઈ આવવો હશે તમારી ઇમરજન્સી વાન હશે પણ ત્યાં સુધી પહોંચી કેવી રીતે શકશો ? કોઈએ વિચાર કરે છે ખરો ? આની કેમ ચિંતા કરતા નથી? શહેરોની અંદર વસવા લાયક એને રહેવા દેવા હશે તો એના માટે કડક કાયદો અને કડક એકાઉન્ટેબલીટીવાળો કાયદો લઈને આવવું પડશે. માત્ર માનનીય મંત્રીશ્રીને અહીંયા કહ્યું છે એવું નહીં બાજુની લોન્જમાં જઈને કહ્યું હતું કે, આ તમે લઈ આવો પણ સાથે આ કાયદો તો લઈ આવો.મને બતાવવા આવ્યા કે આ રેલ્વેની પ્રપોઝ લાઈન હતી ત્યાંને બદલે બીજી જગ્યાએ ફેરવે છે. મેં કહયું શું કરવા ફેરવે છે તો કહે અહીંયા મંજૂરી આપી દીધી છે. શું કરીએ? લેનાર માણસને દંડવા કરતા એક વખત આ સરકાર જે આવું ગેરકાનુની બાંધકામ કરે છે. અબજો, કરોડો રૂપિયાના કાળાનાણાનું સર્જન કરે છે અને એનાથી કોકના ખીસા ભરે છે એ અટકાવવાની જરૂર છે પણ આ સરકારની અંદર એ અટકાવવાની હિંમત નથી. દિલ્હીની અંદર ભાષણો કરવાના અને અહીંયા એ કાળાનાણાની આખું પ્રચારનું તંત્ર ચલાવવાનું એ આ સરકારનું કામ છે. હું એકાદ બે દાખલા આપવા માગું છું. કઈ કઈ પ્રકારની પ્રવૃત્તિ ચાલે છે. પોરબંદરની અંદર નેશનલ હાઈવે નંબર-૮ થી સોમનાથ-પોરબંદર અને દ્વારકાને જોડે અને એ પોરબંદરમાં દાખલ થાય એટલે આ રોડ ઉપર કોસ્ટગાર્ડનું હેડકવાર્ટર આવેલું છે, નેવીનું હેડકવાર્ટર આવેલું છે. દસ હજાર બાળકો આ રોડ ઉપરથી દરરોજ ભણવા જાય છે અને આ રોડની બરાબર સરહદ ઉપર સૌરાષ્ટ્ર કેમિકલ્સ નામની ફેકટરી આવેલી છે. આ ફેકટરીએ પોતાના એકસપાન્સન માટેની અરજી નગરપાલિકામાં મુકી. નગરપાલીકાએ મંજૂર કરી. એ કલેકટર પાસે ગઈ. કલેકટરે એ અરજી ઉપર સ્ટે આપ્યો કે આ નેશનલ હાઈવે આવે છે એટલા માટે નેશનલ હાઈવેનું માર્જીન મુકવું જોઈએ. એ મુકયું નહીં. એ ઉપરાંત એની અંદર ફેકટરી ઈન્સ્પેકટરે એપ્રુવ કરેલા નકશા હોવા જોઈએ એ નકશા પણ નથી. ૫૦મીટર હાઈટ છે ચીમનીની. એરપોર્ટનું કલીયરન્સ નથી. નેશનલ હાઈવેનું એન.ઓ.સી. નથી એટલા માટે ન થઈ શકે. કંપની હાઈકોર્ટમાં ગઈ. હાઈકોર્ટે આદેશ કર્યો કે સબંધિત પાર્ટીને સાંભળીને નિર્ણય કરવો. સાંભળીને નિર્ણય કરે તો નેશનલ હાઈવેની સેન્ટ્રલ લાઈન છે એનાથી બાવન મીટર છોડીને જ બાંધકામ કરવું પડે અને આ ફેકટરીએ તો ૯ મીટર છોડીને કરેલું છે. અમે રીકવેસ્ટ કરી કલેકટરને, અમે રીકવેસ્ટ કરી કંપનીને કે બાવન મીટર નહીં આ નેશનલ હાઈવે કરવાનો છે પ્રોજેકટ મંજૂર થયેલો છે એટલા માટે ૨૩ મીટર છોડી દો. તો કહે ૨૩ મીટર પણ નથી છોડવી. હાઈકોર્ટનો હુકમ થયો કે કલેકટરે સાંભળવું જોઈએ પણ ગાંધીનગરથી સુચના ગઈ કે નહીં, નવી અરજી મંજૂર કરી દો. એટલે નગરપાલીકામાં પાછી નવી અરજી મુકાઈ. આના આ નકશા. નકશામાં કોઈ ફેરફાર નહીં. એને મંજૂર કરી ૨૨ તારીખે. કલેકટર પાસે કોઈએ અરજી નહોતી કરી પણ કલેકટરે એને રીવ્યુમાં લીધી પોતાની પાસે. ૨૫ મી તારીખે એ જ કલેકટરે એ અરજીને મંજૂર કરી દીધી રીવ્યુમાં લઈને. એમાં બે ઓબ્જેકશન

હતા. એ પણ મંજૂર કરી દીધા અને ૩૦મી તારીખે કલેકટર નિવૃત્ત થઈ ગયા અને એ કલેકટરને બહુ સારી જગ્યાએ બેસાડી દીધા. સૌરાષ્ટ્ર કેમિકલ્સ એ નિરમા કંપનીની માલિકીની છે. નેશનલ હાઈવે જે આખેઆખો બોટલનેક થઈ જશે, કોસ્ટલ હાઈવે એની જવાબદારી કોની? અને એમાં આ સરકારને આવા બાંધકામ કરતા કોઈ રોકતું નથી. આજે પણ આ પ્રકરણ ચાલે છે પણ સરકાર છે એ નેશનલ હાઈવે ભલે બંધ થઈ જાય પણ નિરમા કંપનીનું જે ગેરકાયદેસર બાંધકામ છે એ રેગ્યુલરાઈઝ થવું જોઈએ. એ મતની છે. આ જ પોરબંદરનો બાયપાસ, આ બાયપાસ ઉપર ભારતીય જનતા પાર્ટીના દિગ્ગજ નેતાએ સાત માળની બિલ્ડીંગનું બાંધકામ રોયલ પાર્ક નામનું એરપોર્ટની બરાબર સામે બાંધવાનું શરૂ કર્યું. એના ઉપર બીજા ત્રણ માળ ગેરકાયદેસર ચણાઈ ગયા. કેટલાક લોકોએ વાંધો લીધો એટલે પોલીસ સ્ટેશનની અંદર ખોટી ફરિયાદ કરીને એને હેરાન કરવામાં આવે અને એને લેનાર કોણ? તો કહે એન.આર.આઈ. માર્કેટીંગ યાર્ડ પોરબંદરનું એની બાજુની અંદર એના બરાબર દરવાજાની સામે સરકારી જમીન ઉપર ગેરકાયદેસર બાંધકામ થઈ ગયું. કલેકટરથી માંડીને તમામ લોકો એ રસ્તા ઉપરથી પસાર થાય છે. કોઈની રોકવાની હિંમત નથી. પણ અહીંયા મહાત્મા મંદિરની અંદર મુખ્યમંત્રીશ્રીએ કાર્યક્રમ કરવો હતો એટલે ઝુંપડપટ્ટીવાળાને રાતોરાત બુલડોઝર મારી અને તગેડી મુકવામાં આવ્યા.સરકારના બુલડોઝરોને આવા ગેરકાયદેસર બાંધકામો ચાલે છે એનું સરનામું કેમ નથી મળતું અને ઝૂપડપટ્ટીનું સરનામું શા માટે દેખાય છે? ઝૂપડપટ્ટી રેગ્યુરલાઈઝ કરવા માટેની જોગવાઈ છે. શુકરવા અમલ નથી કરતા અને ભારત સરકારે આ વખતે રાજીવ ગાંધી આવાસ યોજનામાં કહ્યું છે કે જેને જેટલાં મકાનો બનાવવા હોય એટલી ગ્રાન્ટ આપવા સરકાર તૈયાર છે. તમે જમીન આપી વસવાટ કરાવવાનું શરૂ કરાવો. તમે ભલે એને મુખ્યમંત્રી સુવર્ણ જયંતી યોજનાનું નામ આપો, રાજીવ ગાંધી આવાસ યોજનાના નામે, પરંતુ તેને આપો તો ખરા, પરંતુ તે નથી કરવું. આ સરખેજ ગાંધીનગર હાઈવેની એક જાણીતી ક્લબ માનનીય મુખ્યમંત્રીશ્રી વારંવાર ત્યાં જાય છે. એનું ગેરકાયદેસર બાંધકામ સરકારી જમીન ઉપરનું બાંધકામ એને ટચ ન કરાય. ઝૂપડાઓ તોડી નાખવામાં આવે છે. શું કરવા? એ ત્યાં મુખ્યમંત્રીશ્રીના પ્રચાર કરવાના બોર્ડ, અમદાવાદની ગલીઓમાં, શેરીઓમાં ક્લબવાળા જ મૂકે છે, એટલા માટે. આના માટે બિલ લઈ આવવું હોય તો આપણા બધા માટેની વ્યાજબી વાત નથી. હું જરૂર સંમત થઈશ કે જે લોકોએ મકાન ખરીદ કર્યા છે, તેવા લોકોને રેગ્યુરલાઈઝ કરી દેવા જોઈએ. આના પછી કોઈપણ આ પ્રકારનું બિલ લઈ આવે, આ પ્રકારનું બાંધકામ થાય તો તેને જેલની સજા, અધિકારી હોય એ બિલ્ડર હોય એને જેલમાં જવું જોઈએ અને જેલમાં જવાની તૈયારી હોય તેને આવા ગેરકાયદેસર બાંધકામ કરવા જોઈએ. પણ નહિ કરી શકીએ, એટલા માટે કે આપણું ફંડ છે ને તે આવા લોકોથી ચાલે છે. વાયબ્રન્ટ પાર્ટી આના ઉપર ચાલે છે. આખી પાર્ટી વાયબ્રન્ટ થાય છે. આના કારણે. વાયબ્રન્ટ ફોટાઓ આના કારણે ચાલે છે, એટલા માટે આપણામાં હિંમત નથી. (અંતરાય) જલસી કશી નથી. આનંદીબેન. આખા ગાંધીનગર, અમદાવાદની પેરીફરી વેચી નાખી છે એની જલસી છે. અમે ઇચ્છીએ કે ગરીબ લોકોને આપો, નહિ આપી શકો તમે. ગાંધીનગરની જમીન ખેડૂતોને આપી છે એ ખેડૂતોને નહિ તમે ટાટા, નીરા રાડિયાને આપી દો. તે ચલાવી લેવાના નથી.(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : ઑર્ડર.. ઑર્ડર.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : આ મુદ્દો લઈને પ્રજાની વચ્ચે જવાના છીએ. ગરીબ લોકો પાસે નીરા રાડિયા નથી એ જ એનો ગુનો છે.(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : ઑર્ડર.. ઑર્ડર. અર્જુનભાઈ બિલ ઉપર આવી જાવ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : એમાં બોલું છું. મને રોકવામાં આવે છે. બાકી હું મુદા ઉપર બોલું છું. મુદાની બહાર જતો નથી.

**અધ્યક્ષશ્રી** : હજુ આપણી પાસે ૪ બિલ બાકી છે, એટલે સમય ખૂબ લંબાવવો પડશે, એટલે આપ ટૂંકમાં વાત કરો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, વાત હું એ કરતો હતો કે ગુજરાતનાં શહેરો છે એ નાનાં હોય કે મોટાં હોય. નાનાં શહેરની અંદર આપણે આત્મખોજ કરવી પડશે. બિલ્ડરો નવી સોસાયટી બનાવે એમાં ફરજિયાત શરત હોય કે તેમાં રસ્તો, ગેટ, પાણી બિલ્ડરે બનાવવાના છે. ન રસ્તો બને, ન ગટર બને કે ન પાણી આવે અને છતાય શહેરી વિકાસ વિભાગનો કોઈ અધિકારી કે રેવન્યુ અધિકારી ચેક કરવા ન જાય કે કેટલી સોસાયટીઓમાં રસ્તા બનેલા છે? કોઈક દિવસ આનો વિચાર કરવો જોઈએ. માત્ર પાંચ, પંદર, પચાસ ઉદ્યોગપતિઓને એક અબજ મીટર કે બે અબજ મીટર જમીન આપી દીધી. એનાથી રાજ્યનો વિકાસ નહિ થાય. શહેરોની અંદર આપણે રહી કરીએ એવી વ્યવસ્થા આપણે કરવી પડશે. આપણા સૌની જવાબદારી છે. એક-બે લોકોના ખિસ્સા ભરાય જાય એનાથી દેશ સમૃદ્ધ નથી થવાનો, રાજ્ય સમૃદ્ધ નથી થવાનું. એ માણસ શાંતિથી શહેરની અંદર રહી શકે તેવી શહેરી વ્યવસ્થા આપણે ભવિષ્યની પેઢીને આપવાની છે, હું એટલા માટે વિનંતી કરું છું કે માનનીય મંત્રીશ્રી ખાતરી આપે કે બિલ્ડરો અને અધિકારીઓ આ ગેરકાયદેસર બાંધકામ કરનારા લોકો સામે એને ફોજદારી ગુના હેઠળ આવરી લઈ શકાય એવો કાયદો કાનૂન લઈ આવે. આના પછીના દિવસોમાં લઈ આવવાના છે. આ બિલ અમે સર્વાનુમતે પસાર કરવા તૈયાર છીએ.

**શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી સન ૨૦૧૧નું ગુજરાત વિધેયક ક્રમાંક:૨૭ લઈ આવ્યા છે તેના ઉપર મારી વાત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આના મથાળાની અંદર ગુજરાત અનધિકૃત વિકાસને નિયમિત કરવાની વાત છે. વિકાસ શબ્દ છે તે અમને થોડોક ખૂંચે છે. આ અનધિકૃત છે તેમાં આવી ગયું. અનધિકૃત છે તેને નિયમિત કરવાનું કહ્યું હોત તો સમજી શકાત. આ વિકાસનો શબ્દ એવો ઘર કરી ગયો છે કે ઉઠતાં જ વિકાસ, વિકાસ, વિકાસ, વાઈબ્રન્ટ, વાઈબ્રાન્ટ. વિસ્તૃત રીતે માનનીય મંત્રીશ્રી આ બીલને રજૂ કરતી વખતે તેમણે આખા વિભાગની ચર્ચા હોય તે રીતે સમજ આપી દીધી અને તેની અંદર ૫ લાખ રહેણાંકો માત્ર અમદાવાદમાં અને માત્ર દોઢ લાખ રહેણાંકો પૂર્વ વિભાગના છે તેની વાત કરી. શહેરી વિસ્તારની અંદર આવા બાંધકામો કાંઈ નવા નથી. ભારતભરમાં આવા થતા હશે. સરકારી જમીન ઉપરના દબાણો તો રેગ્યુલરાઈઝ નહીં કરાય તે બરાબર છે. પરંતુ જે માલિકીના પ્લોટ ઉપર ફ્લોર સ્પેશ ઈન્ડેક્ષ જે આપવામાં આવી હોય અને તેના ઉપર માળ ચણવામાં આવ્યા હોય અને તેના કારણે સમગ્ર બાંધકામ જોખમી બની જતું હોય અને ત્યાંના રહેવાસીઓને, તે વિસ્તારના લોકોને જે પાયાની સગવડો, પાણી, ગટર વ્યવસ્થાની તેના ઉપર અસર થતી હોય તેને તમે કઈ રીતે રોકી શકશો? તેને કઈ રીતે બનાવી શકશો? એટલા માટે થઈને એક દાખલો આપવા માગું છું. મુંબઈ શહેરની અંદર એક આર.સી.અંકલેશ્વરીયા જાહેર જીવનના એ ધારાસભ્ય પણ હતા, મીનીસ્ટર પણ હતા અને તેમણે પોતાના વિસ્તારની અંદર આવા જે બાંધકામો થયેલા અને ફ્લોર સ્પેશ ઈન્ડેક્ષની અંદર રસ્તાની અંદર જતી જમીનોને બાંધકામમાં લીધેલા તે તમામને ખુલ્લા પાડેલા અને તેના કારણે પ્રતિભા નામની બિલ્ડીગ હતી તેના આઠ માળ ઉતારવા પડેલા. આજે તેવા માળ ઉતારવા માટેની તૈયારી છે ખરી? ગરીબ માણસો બીલો પોવર્ટી લાઈનના હોય કે સામાન્ય માણસ હોય તે ૩૦૦ કે ૫૦૦ ફૂટનું મકાન હોય તેને બાન રાખો પરંતુ જે મહાલોમાં મહાલતા હોય અને બિલ્ડરોએ આ મકાનો વેચ્યા હોય તેની જવાબદારી કોની ઉપર નાંખશો? આખી વ્યવસ્થા જે છે અને આ રેગ્યુલરાઈઝેશન થાય તેની સામે વાંધો નથી. આ માત્ર મહાનગરોની વાત નથી. ગાંધીધામની અંદર ગાંધીધામ ડેવલપમેન્ટ ઓથોરીટીએ ના કહી હતી તે છતાં ઔદ્યોગિક એકમોએ મકાનો બાંધ્યા, આજે પ્રશ્ન ત્યાં ગાંધીધામ ડેવલપમેન્ટ ઓથોરીટીમાં ચૂંટાયેલા કે નિમાયેલા પ્રતિનિધિઓ ન હતા. એ તો તમારા સરકારી અધિકારીઓ હતા તેમણે આટલા વર્ષો સુધી શું કર્યુ? હવે તેમના કારણે આ રેગ્યુલરાઈઝ કરી દેવાના? આ એક વખત તમે નિયમોનો ભંગ કરો અને પૈસા ભરીને તમે નિયમિત કરાવી લો, આ પ્રક્રિયાને ક્યાંક તો અટકાવવી પડશે. રીબન ડેવલપમેન્ટ ભંગનો મારા મતક્ષેત્ર રાપરની અંદર આ મુદ્દો આવી ગયેલો છે. નાના ગામડાઓની અંદર ગામના વથાણ જે કહેવાય, રસ્તાઓની અંદર દબાણો થઈ ગયા હોય તે દૂર કરાવી શકતું નથી. રસ્તાઓ રોકી રખાતા હોય, માનનીય અર્જુનભાઈએ કહયું કે નેશનલ હાઈવેની એલાઈમેન્ટ છે તેની અંદર જે ૫૧ મીટર મૂકવાનું હોય અને ન મૂકયું હોય તેને તોડવા માટેની ખાતરી આપો છો? આ બિલના વકતવ્યમાં ખાતરી આપો કે, આવાં બાંધકામોને તોડી પાડશું એને રેગ્યુલાઈઝ નહીં કરીએ એની કોઈ ખાતરી ખરી? એની માલિકીની જમીન હોય અને એની અંદર તમે જો રેગ્યુલાઈઝ કરી આપવાના હોય તો એને માન્યતા આપવા માટે થઈને આ બિલ લાવ્યા છો એવું માનીએ આપણે, અને એટલા માટે થઈ અને માનનીય મંત્રીશ્રીએ ખૂબ વિસ્તૃતપૂર્વક વાત કરી છે, અને એમાં કયાં બાંધકામો તોડવામાં નહી આવે અને કયા બાંધકામોને રેગ્યુલાઈઝ નહીં કરવામાં આવે એની પણ વાત કરી છે, એની સાથે આજે જે વાતો થઈ છે એની પણ સ્પષ્ટતા કરે કે કોઈ ઔદ્યોગિક એકમે એની જગ્યાની અંદર જો આ નિયમનો ભંગ કર્યો હોય તો એને અમે રેગ્યુલાઈઝ નહીં કરીએ અને એની અંદર કોઈએ જો રિવાઈઝ પ્લાનને મંજૂર કર્યા હશે તો રાજય સરકાર એ પ્લાનને અટકાવી દે એને નામંજૂર કરે એવી પણ ખાતરી આપે. મેં મોટા શહેરોની કહ્યું એ પ્રમાણે કે નાના નાના શહેરો જે છે જે બરો મ્યુનિસિપાલિટીના વિસ્તારો છે, ભચાઉની અંદર ભૂંકપ પછી જે તૂટી ગયેલા એન્ક્રોચ કરેલા એન્ક્રોચરનાને કોઈ જગ્યા આપણે આપવાની હતી આપણો નિયમ એવો છે કે જે જગ્યાએ રહેતા હોય એ જગ્યાએ આપણે બાંધકામ ને પ્લૉટને એને આપીએ પણ એના બદલે કોઈ સગવડવાળા પ્લૉટ ઉપર થઈને આપણે એને જગ્યા આપી દઈએ એ ડૅવલપમેન્ટ ઓથોરિટીએ એ કોઈ રાજકીય આગેવાનને એના દશ પ્લૉટ હતા ૫૦૦ મીટર હતું, એની આગળ પાછળનો એમ પંદરસો મીટરનો ભોગવટો કરી શકે એટલું જ નહીં પણ રોડ ડૅવલપમેન્ટનો ભંગ થાય એ રીતે એને કોમર્શિયલ રીતે મંજૂર કરાવી આપેલ હતું, આપ તપાસ કરો, એ કોમર્શિયલ જેમને મંજૂર કર્યુ એ અધિકારી સામે તમે કોઈ પગલાં લેવા માગો છો? અને એને તમે રેગ્યુલાઈઝ નહી કરો એની તમે કોઈ ખાતરી આપો છો? આ બાંધકામને તોડી પાડવા માટેનો માનનીય કલેકટરશ્રીએ જે હુકમ કર્યો હતો એનો અમલ થયો નથી એનો અમલ કરાવા માગો છો? અને આ રીતે આને જો નિયમિત કરી દેવા માટેનું બિલ હોય તો આપ એમને માટે થઈને આ બિલ લાવ્યા છો એવું મારે સ્પષ્ટ આપને માનનીય અધ્યક્ષશ્રી દ્વારા કહેવાનું છે આટલી સ્પષ્ટતાઓ આપ જવાબ આપતી વખતે કરો એટલી મારી વિનંતી છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી..

**શ્રી ગ્યાસુદીન હ. શેખ(શાહપુર)** : માનનીય અધ્યક્ષશ્રી,

**અધ્યક્ષશ્રી** : આપના દંડકશ્રીએ બે નામ સૂચવ્યાં હતાં, અને છતાં આપને ત્રણ સભ્યોએ ચર્ચા કરી છે, અને અન્ય ચાર બિલો આપણી પાસે છે, એટલે અન્ય બિલોમાં આપ બોલો તો સારું. એવી હું આપને વિનંતી કરું છું, આપને ના નથી પાડતો. વિનંતી કરું છું. સમજી ગયો હું એમને વિનંતી જ કરું છું. સમયની મર્યાદા છે એટલા માટે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : પાંચ મિનિટ.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, અમે અમારા તરફથી કોઈ વક્તા જ નથી રાખ્યા.

**અધ્યક્ષશ્રી** : એમને આપણે પાંચ મિનિટ આપીએ.

**શ્રી ગ્યાસુદીન હ. શેખ (શાહપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે ઈન્પેકટ અંગેનું બિલ લઈને આવ્યા છે તેની ઉપર હું મારા બહુ જ ટૂંકા વ્યકવ્યમાં હું મારી વાત મૂકીશ.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે બિલ લઈને આવ્યા છે, એ બિલ આપણે ૨૦૦૧માં પણ લાવ્યા હતા પણ અનેક ત્રુટિઓના કારણે એ વખતે આનો જે લાભ લોકો સુધી પહોંચવો જોઈએ એ લાભ લઈ શકે લોકો એ આપણે પહોંચાડી શક્યા ન હતા. તો હું માનનીય મંત્રીશ્રીને જે મારા થોડાક સૂચનો છે એ કરું છું કે એની ઉપર એ થોડુક ધ્યાન આપે કે જે પાર્કિંગ માટેના જે પ્રોબ્લેમ છે જે પાર્કિંગની અંદર જે બાબત છે એ બાબતની અંદર જમીનોના જે ભાવ છે અમદાવાદ શહેરની અંદર અને જે જમીનોની અછત છે તો લોકો ૫૦૦ મીટરની અંદર જમીન શોધી શકવાના નથી ત્યારે હું એવું સૂચન કરવા માગું છું કે, આપણે દંડ પેટે એમની પાસેથી બિલ્ડરો પાસેથી જે કોઈ યુનિટ હોય એના પૈસા લેવા જોઈએ અને કોરપોરેશન અને સરકાર પોતે જ પાર્કિંગ બનાવે જેનાથી એવું થવાનું કે, ૫૦૦ મીટરની મર્યાદાના લીધે જો પાર્કિંગ નહીં થાય તો હુ માનું છું કે, ૯૯ ટકા લોકો આનો લાભ નહીં લઈ શકે.

બીજી હું વાત કરવા માગું છું કે, માલિકીના પુરાવામાં ૭(૧૨)ના ઉતારા માગવામાં આવે છે. નરોડાથી લઈ નારોલ સુધી અને નારોલથી લઈને સરખેજ સુધી તમે જુઓ તો વીસ રૂપિયાના સ્ટેમ્પપેપર ઉપર લોકોએ મકાનો બનાવ્યા છે. આપણે આપણી જોગવાઈઓની અંદર સ્પષ્ટ કરેલ કે સરકારી જગ્યાઓ ઉપર નિયમિત કરવાના નથી. જયાં રિઝર્વેશન છે ત્યાં કરવાના નથી એટલે હું એવું કહેવા માગું છું કે આવી જે રિઝર્વેશન અને એની અંદર આપણે જે કોઈ મર્યાદાઓ મૂકી છે તો એ નહીં થઈ શકે તો એવા સિવાયના લોકો હોય એમને પાસેથી સાત બારના ઉતારાનો આગ્રહ આપણે નહી રાખવો જોઈએ પહેલાં જ્યારે બિલ લાવ્યા હતા ત્યારે આપણે યુનિટ દીઠ આની જોગવાઈ કરી હતી પણ આ વખતે આપે એવું કહ્યું છે કે આપણે જે સમગ્ર બિલ્ડીંગ છે, કોમ્પ્લેક્સ છે,જે કોઈ સોસાયટી છે એ બધા સંયુક્ત ભેગા થઈને કરશે આવું કરશે તો માનનીય અધ્યક્ષશ્રી, એ જે બિલ્ડરો તો હતા એ તો પૈસા લઈને નીકળી ગયા

માનનીય અધ્યક્ષશ્રી, હવે જે કોઈ છે એ ગરીબ અને મધ્યમ વર્ગ પોતે જવાના છે આનો લાભ લેવા માટે એટલે એ યુનિટ દીઠ કરવું જોઈએ. સ્ટેબિલિટી શર્ટીફિકેટ માટેની માગણી કરવામાં આવી છે. માનનીય અધ્યક્ષશ્રી, હું મંત્રીશ્રીને કહેવા માગુ છું કે સ્ટેબિલિટી શર્ટીફિકેટ જ્યારે કોઈ એન્જિનિયર પાસે લેવા જઈએ ત્યારે ૧૫ થી ૨૦ હજાર રૂપિયા એ એન્જિનિયર લેતા હોય છે. ગરીબ અને મધ્યમ વર્ગનો માણસ છે જેને ૭ હજાર ૧૦ હજાર રૂપિયા ઈમ્પેક્ટ ફી ભરવાની હોય એની સામે ૨૦ હજાર રૂપિયા એન્જિનિયરને સ્ટેબિલિટી શર્ટીફિકેટના એ નહીં આપી શકે. તો હું એ કહેવા માગુ છું કે જે રીતે આપણે ભૂકંપ વખતે આપણે સર્વે ટીમો મૂકી હતી અને ટેકનિકલી સ્ટાફ મૂકયો હતો એ જઈને કેટેગરી વાઈસ બિલ્ડીંગોને આપણે નક્કી કરી હતી કે બિલ્ડીંગની સ્ટેબિલિટી કેવી છે, એ રીતે કોરપોરેશને અથવા સરકારે આના માટે નિયમન કરવું જોઈએ અથવા વ્યવસ્થા ગોઠવવી જોઈએ અને સરકારે કે કોરપોરેશને પોતાની પાસે એક યાદી હોવી જોઈએ કે આ બિલ્ડીંગની શ્યોરીટી શું છે?

માનનીય અધ્યક્ષશ્રી, બીજી વાત હું એ કરવા માગુ છું કે T ગડર અને સ્ટ્રકચર પરના જે અમદાવાદ શહેરના બાંધકામો છે એ અત્યારે હાલ બંધ કરવામાં આવ્યા છે. હું મંત્રીશ્રીને કહેવા માગુ છું કે, ગેરકાયદેસર બાંધકામો થાય એની પાછળના કારણો મોટામાં મોટા કોઈ હોય તો GDCRની અંદર જે જે વિસંગતતાઓ છે, ગામતળ માટેના નિયમ જુદા, ટી.પી. માટેના નિયમો જુદા હવે પરિસ્થિતિ એવી નિર્માણ થાય છે કે, અધિકારીઓ પોત પોતાની રીતે અને લાગભાગ અને ભાગબટાઈ જે કાંઈ થતું હોય તે પ્રમાણે ગોઠવી અને પોતાની મનસુફીથી નિર્ણયો લેતા હોય છે. તો T ગડરનું જો આપણે નહીં રાખીએ તો શહેરની અંદર એક તો પુરાતત્વ ખાતાની મંજૂરી લાવવાની ફરજિયાત હોય છે, પોલીસ ખાતાની મંજૂરી ફરજિયાત હોય છે અને હેરિટેઝનો પ્રોબ્લેમ હોય છે ત્યારે હું એ કહેવા માગુ છું કે આપણે T ગડર સ્ટ્રક્ચરની ઉપર બાંધકામની મંજૂરી લોકોને આપવી જોઈએ. સવાલ એ છે કે, જેનાથી ખોટા લોકો લેભાગુ બિલ્ડરો ખોટો લાભ ન લઈ જાય અને એના માટે અધિકારીઓની જવાબદારી ફિકસ કરવી જોઈએ તો એનાથી ખરા અર્થમાં સામાન્ય લોકો છે એ લોકો દંડાઈ નહીં એ આપણો મુખ્ય હાર્દ છે જેમ કે માનનીય મંત્રીશ્રીએ એમના વક્તવ્યમાં કહ્યું કે ગરીબો અને મધ્યમ વર્ગના લોકોને તકલિફ ન પડે એના માટે આપણે આ વિધેયક લાવ્યા છીએ ત્યારે હું માનુ છું કે આ પણ વિચારવું જોઈએ કેમ કે GDCRમાં સુધારો નહીં કરીએ ત્યાં સુધી આ ગેરકાયદેસર બાંધકામો અટકવાના નથી. ગામતળ અને TP સ્કીમ માટે સમાન નિયમો હોવા જોઈએ. બીજું કે આપણે ફી એટલી રાખવી જોઈએ કે ઈમ્પેક્ટ ફી લોકો ભરી શકે. નહીં તો પરિસ્થિતિ એ થશે કે

લોકો પોતાની આર્થિક મુશ્કેલીઓના કારણે આનો લાભ નહીં લઈ શકે તો ફરી પ્રશ્ન એવોને એવો જ રહેશે. ત્રણ વર્ષનો જે સમય રાખ્યો છે લોકો વધારેમાં વધારે લાભ લે એનું પણ આપણે આયોજન કરવું જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, હું કહેવા માગુ છું કે, આ બિલ્ડીંગો જે ગેરકાયદેસ છે એ ગેરકાયદેસ બિલ્ડીંગો જે સત્તાધારી પક્ષની મીઠ્ઠી નજર હેઠળ ભ્રષ્ટ અધિકારીઓ અને લેભાગુ બિલ્ડરોની અવૈધ સંતાન છે આ ગેરકાયદેસર બિલ્ડીંગો અને એટલે હું કહું છું કે એના લીધે આ કાંઈ એક જ રાતમાં બાંધકામો નથી થયા. આ બાંધકામો થતા ઓછામાં ઓછા પંદરથી વીસ વર્ષ થયા છે અને પંદર-વીસ વર્ષ કોનું શાસન હતું એ આખું ગુજરાત જાણે છે. તો હું કહું છું કે આપણી ભૂલો, આપણી નબળાઈઓના લીધે ગરીબોને ભોગ ન બનવું પડે, મધ્યમ વર્ગના લોકોને ભોગ બનવું ન પડે માટે એકદમ ઓછી ફી રાખવી જોઈએ કેમ કે અમારા અમદાવાદની પરિસ્થિતિ તો એવી છે કે ત્યાં પહેલા તો એવું હતું કે ગેરકાયદેસ બાંધકામ કરવું હોય તો એકાદ હપતો આપો પાંચ પચ્ચીસ હજારનો તો ચાલે. હવે તો રાજકીય બેકારો જે છે એ લોકોનો તો ફકતને ફકત આજ ધંધો થઈ ગયો છે અને હવે તો પેકેજ લેવા માંડયા છે અને આ એક ધીકતો ધંધો થઈ ગયો છે. ગેરકાયદેસર બાંધકામની અંદર રાજકીય લોકોની નજર એટલી મીઠી છે કે, ડાયાબિટિસ થઈ જાય. એટલે હું એટલું જ કહેવા માગુ છું આપને કે આની અંદર વ્યવહારુ અભિગમ રાખવો જોઈએ. જે વિચારથી જે હાર્દથી મંત્રીશ્રી આ બિલ લઈને આવ્યા છે ત્યારે આનો વધારેમાં વધારે લોકો લાભ લે અને આપણે પાછું ૨૦૧૭ કે ૨૦૨૧માં ઈમ્પેકટનો કાયદો ન લાવવો પડે તો હું માનું છું આનો હાર્દ છે એનો સાર નીકળશે. તો હું માનું છું કે પરિસ્થિતિ ૨૦૦૧માં જે થઈ હતી એજ પરિસ્થિતિ પાછી નિર્માણ થશે. માટે વધારેમાં વધારે લોકોને રાહત થાય અને લાભ થાય એવો અભિગમ માનનીય મંત્રીશ્રી જ્યારે જવાબ આપવા ઉભા થાય ત્યારે અપનાવે એવી મારી વિનંતી છે.

## સભાગૃહનો સમય લંબાવવા અંગે

**શ્રી પંકજભાઈ દેસાઈ ( મુખ્યદંડકશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આજની કામકાજની યાદીમાં દર્શાવેલ સરકારી વિધેયકોની ચર્ચા પૂરી થાય અને વિધેયકો પસાર થાય ત્યાં સુધી સભાગૃહની બેઠકનો સમય લંબાવવામાં આવે.

**શ્રી ઈકબાલ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, કામકાજ સલાહકાર સમિતિમાં નક્કી થયા મુજબ આજે એકથી સાત બિલો આપણે પૂરા કરવાના છે ત્યારે સભાગૃહની બેઠકનો સમય વિધેયકો પસાર થાય ત્યાં સુધી લંબાવવા માટે સંમત છું.

**અધ્યક્ષશ્રી** : આજે જે સરકારી વિધેયકો કામકાજની યાદીમાં દર્શાવેલ છે તેના પર ચર્ચા પૂરી થાય અને વિધેયકો પસાર થાય ત્યાં સુધી સભાગૃહની બેઠકનો સમય લંબાવવામાં આવે છે.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ અતિ અગત્યના ગરીબ મધ્યમ વર્ગ માટેના ઉપયોગી બિલ ઉપર માનનીય પાંચ જેટલાં સભ્યશ્રીઓ સિધ્ધાર્થભાઈ, અર્જુનભાઈ, બાબુભાઈ, ગ્યાસુદીનભાઈએ તેમના વિચારો રજૂ કર્યા છે. મોટાભાગે સિધ્ધાર્થભાઈએ જે વાત કરી તે બિલની મર્યાદામાં વાત કરી છે. તેમણે બે-ત્રણ કાયદાકીય ગૂંચવણ જે તેમના મનમાં છે તે પ્રશ્નો અહીંયા ઉભાં કર્યા છે કે આવી આવી જોગવાઈ છે તો શું થશે ? તો કાયદામાં જે કલમમાં જે જોગવાઈ છે બહુ કિલયર છે. અમે જે રેગ્યુલરાઈઝ કરવાના છીએ તે પૈકીમાં મહેસૂલ વિભાગને લગતી જે બાબત છે મારા Preambles પ્રવચનમાં પણ મેં કહ્યું હતું કે મહેસૂલ વિભાગ તેને તેના વિભાગની કાર્યવાહી પૂર્ણ કરે, જમીનનું ટાઈટલ કિલયર થાય પછી અમે અમારી શહેરી વિકાસ વિભાગ હસ્તકની વધારાના બાંધકામની કાર્યવાહી કરીશું. એટલે બે સાથે જોતાં સિધ્ધાર્થભાઈ એમાં મારી દ્રષ્ટિએ અને કાયદાની દ્રષ્ટિએ કોઈ અસ્પષ્ટતા રહેતી નથી બે સાથે જ મૂકવી જ પડે. શહેરી વિકાસ વિભાગ આ કાર્યવાહી ક્યારે કરી શકશે કે જ્યારે મહેસૂલ વિભાગ તેમની કાર્યવાહી પૂર્ણ કરે જમીનનું ટાઈટલ કિલયર થાય તે પછી તે જગ્યાના માલિક, તે લાભાર્થીઓ આના માટે તે એન્ટાઈટલ થશે તે આપણે સ્પષ્ટ સમજવાનું છે.

બીજું માનનીય અધ્યક્ષશ્રી, તેમણે જે વાત કરી કે ૯૯ વર્ષના ભાડાપટ્ટે કોઈને જમીન આપવી હોય. વાત તેમની સાચી મનમાં પ્રશ્ન થાય પણ સરકારે કે જે સંસ્થાને ૯૯ વર્ષના ભાડાપટ્ટે જમીન જે હેતુ માટે આપી હોય અને એ હેતુ માટેનું બાંધકામ હોય તો આ નિયમ હેઠળ આપણે તેને લાભ આપી શકીશું. પણ દા.ત. કોઈને શૈક્ષણિક સંસ્થા માટે સરકારે જમીન આપી છે અને શૈક્ષણિકના બદલે તેનો કોમર્શિયલ ઉપયોગ કર્યો છે તો આપણે તેને આમાં રેગ્યુલરાઈઝ નહીં કરીએ તેવું મારું અત્યારે આમાં સ્પષ્ટ મંતવ્ય થાય છે.

બીજું માનનીય અધ્યક્ષશ્રી, તેમણે પાર્કિંગનો પ્રશ્ન કર્યો. ગ્યાસુદીનભાઈએ પણ પાર્કિંગનો પ્રશ્ન કહ્યો. શહેરી વિસ્તારમાં જે કોમર્શીયલ વિસ્તારો છે જ્યાં મોટા પ્રમાણમાં વેપારી દુકાનો, શો રૂમ્સ, દુકાનો, મોલ્સ આવા હજારોની સંખ્યામાં છે. ત્યાં સ્વભાવિક અગાઉના લોકોએ બિલ્ડરોએ પાર્કિંગની જગ્યા વેંચી મારી અને ત્યાં દુકાનો બનાવી દીધી અને ત્યાં નાગરિકોએ તે જગ્યા ખરીદી લીધી તે જે તકલીફમાં છે તેનું નિવારણ પાર્કિંગની જગ્યાની ઉપલબ્ધિ કરાવવા માટે આપણું પ્રાથમિક આપણી ધારણા છે કે આ કરાવવું જોઈએ. કારણ કે ટ્રાફિકનો પ્રશ્ન આપણે બધા જાણીએ છીએ કે અત્યારે ડગલે અને પગલે જો કોઈ પણ નાનામાં નાના ગામથી માંડી મોટામાં મોટા શહેરમાં લોકોને નડતો હોય તો અવર-જવર સરળતાથી નહીં થઈ શકવાની ટ્રાફિકની જે સમસ્યા છે તેનું નિવારણ કરવું હોય તો ટ્રાફિકના પ્રશ્ન માટે આપણે સખ્તાઈ રાખવી પડે. અમે ૫૦૦ મીટરની મર્યાદાનું રાખ્યું છે કદાચ ના મળે

તો કમિટી બનશે અને કમિટી એ લોકોને જે રકમ નક્કી કરે તે રકમ તેમણે ભરવી પડશે અને તેના દ્વારા તેમનું રેગ્યુલરાઈઝ કરવાનું આપણે કામ કરી શકીશું. માનનીય અર્જુનભાઈ તેમની પદ્ધતિ પ્રમાણે રાજકીય અવલોકનો લગભગ મોટાભાગે તેમની વાતમાં, તેમનાં પ્રવચનમાં કર્યા છે. મારે માનનીય અર્જુનભાઈને અને કોંગ્રેસ પક્ષના તમામ મિત્રોને પૂછવું છે કે જ્યાં સુધી રાજયમાં ભારતીય જનતા પક્ષની સરકાર નહોતી ત્યાં સુધી તમારા કોંગ્રેસના રાજમાં કોઈ વખતે કોઈ ઝૂંપડપટ્ટીને તમે દૂર કરી જ નથી ? કોઈ જગ્યાએ તમે દબાણો ખસેડ્યા જ નથી ? કે ગરીબોને તમે સરકારી જમીનમાંથી કે બીજી કોઈ જમીનોમાંથી દૂર નથી કર્યા એવું તમે અહીં બેઠેલાં જેટલાં છો પ્રમુખશ્રી કોંગ્રેસ પક્ષના નેતાશ્રી અહીંયા છે તેમનાથી માંડીને કોઈ અહીંયા ઉભાં થઈ અને એમ કહી શકે એવી સ્થિતિમાં છો તમે કે અમારી કોંગ્રેસની સરકાર હતી ત્યારે અમે કદી .. અંતરાય. . બેસો બાબુભાઈ કહું.. અંતરાય. અરે, હું રાજીવ ગાંધીજીનું પણ લઉં છું. આપ પહેલાં આ તો જવાબ આપો. કોંગ્રેસે ૧૯૬૦ થી ૧૯૯૫ સુધી ગુજરાતમાં લગભગ મોટાભાગના સમયમાં શાસન કર્યુ છે. તમે કોઈ ગરીબોના ઝૂંપડા હટાવ્યા જ નથી ? હા કે ના કહો. ના હટાવ્યા હોય તો મારે તમને અભિનંદન આપવા છે. અને હટાવ્યા હોય તો ગરીબોના નામે આંસુ વહાવવાનું અને ગરીબોના નામે રોટલો શેકવાનું બંધ કરો. વૈકલ્પિક વ્યવસ્થા આપી હોય તો પણ બતાવો માનનીય સિદ્ધાર્થભાઈ. મારે તમને..(સતત અંતરાય)

**શ્રી ઈકબાલ પટેલ** : આ • (xxxxxx) એમ કહ્યું.

**અધ્યક્ષશ્રી** : એ શબ્દો પાછા ખેંચી લો આપ.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : એ શબ્દો હું પાછા ખેંચી લંઉ છું. *(xxxxxx)

**અધ્યક્ષશ્રી** : (xxxxxx)એ શબ્દો પાછા ખેંચી લો.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ**: એ શબ્દો હું પાછા ખેંચું છું. માનનીય અધ્યક્ષશ્રી, આ મારા મનની વ્યથા છે. જે હું શબ્દોમાં નથી ગોઠવી શકતો એ મારી મજબૂરી છે. પણ તમે લોકો જે વાત કરો છો, જાણે તમે કદી કર્યુ જ ના હોય. ગરીબોનું એક મકાન ખસેડયુ ન હોય અને આ ભાજપની સરકાર આવી છે એટલે બધુ ખસેડી નાંખે છે એવું ચિત્ર ઉભું કર્યુ છે, એટલા માટે એની સામે મારો વાંધો છે. રાજય સરકાર હોય, નગરપાલિકા હોય કે ગ્રામ પંચાયત હોય. જયારે વહીવટમાં જે વ્યકિત હોય કે જે પક્ષ હોય. એની ફરજ છે કે સરકારના નીતિ નિયમોનું પાલન કરવું જોઈએ. તમે પણ એ પાલન કર્યુ છે, પણ હવે પાણીમાં બેસી જવાની વાત કરો છો, એ બરાબર નથી.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અર્જુનભાઈએ રાજીવ આવાસ યોજનાની વાત કરી. માનનીય અધ્યક્ષશ્રી, હું હમણા દિલ્હી ગયેલો. જયપાલ રેડ્ડીજી આ વિભાગના જયારે મંત્રી હતા. એમણે આખા દેશના શહેરી વિકાસ મંત્રીઓ, સચિવો, બધાને બોલાવેલા. સેમિનાર બોલાવેલો. ત્યાં રાજીવ આવાસ યોજનાની એમણે વાત કરી. મંચ ઉપર એમણે મને ટાઈમ આપ્યો. મેં એમને પ્રશ્ન પૂછયો કે તમે કેન્દ્ર સરકાર તરફથી રાજીવ આવાસ યોજનાની વાત કરો છો. બે વર્ષથી સિદ્ધાંત મૂકયો છે. હું ગુજરાતના શહેરી વિકાસ મંત્રી તરીકે અમે ગરીબોને લાભ આપવા માગીએ છીએ. અમારા મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી અમને ફંડ આપવા, બજેટ આપવા ઈચ્છે છે. પણ રાજીવ આવાસ યોજનાનું સ્વરુપ તો તમે એટલે કે કેન્દ્ર સરકાર અમને આપે. એની આખી વ્યવસ્થા આપે. મારે માનનીય અર્જુનભાઈને કહેવું છે કે તમે પણ ફોન કરીને પૂછી લેજો. રાજીવ આવાસ યોજના બે વર્ષથી તમે લોકો વાત કરો છો, કેન્દ્ર સરકાર વાત કરે છે, પણ હજુ એના નિયમો, પદ્ધતિ કે ભારત સરકાર શું ગ્રાન્ટ આપશે, એક પણ પૈસાની ચોખવટ બે વર્ષથી દિલ્હીની કોંગ્રેસ સરકારે કરી નથી. ખાલી રાજીવ આવાસ, રાજીવ આવાસ કહેવાથી ગરીબોને મકાન નહીં મળે. ગરીબોને મકાન તો મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની ભાજપની સરકારે ગુજરાતમાં ૫૦ વર્ષમાં ન બન્યું હોય એવા ૧ લાખ કરતા વધુ મકાનો શહેરી વિસ્તારોમાં ગરીબોને અમે આપ્યા. સુરત, અમદાવાદ, વડોદરા, રાજકોટ, જેની બજારમાં ૫ લાખ રૂપિયાની કિંમત આપ્યે ન મળે એવા ફલેટ અમારી સરકારે, અમે એમને આપ્યા છે. તમે શું અમને શીખવાડશો. તમે કશું એમાં કર્યુ નથી.

માનનીય અધ્યક્ષશ્રી, મારે બીજી એ પણ વાત આજે કરી લેવી છે. અહીંયા વાત કરી છે કે કેન્દ્ર સરકારે ગ્રાન્ટ આપી. અહીંયા બધાએ કીધું છે કે જમીનની કિંમત વધતી જાય છે. કેન્દ્ર સરકાર ગ્રાન્ટ આપે છે ને એના કરતા ૧૦૦ ગણી કિંમતી જમીન રાજય સરકારની આ ગરીબો માટે ગુજરાતની ભાજપ સરકાર મફત આપે છે. તમે સમજી લો. તમે ૨૫, ૫૦ હજાર રૂપિયા આપો, એની સામે અમે બે બે, ત્રણ ત્રણ લાખની કિંમતી જમીન મકાન માટે ગુજરાત સરકાર મફત આપે છે. તમે શું આપશો? ગુજરાત ઉપર દયા કરતા હોય, ગુજરાતના ગરીબો ઉપર.. (અંતરાય)

**શ્રી ઈકબાલ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને આપ કહો કે તેઓ બિલ ઉપર બોલે.

---

• (xxxxxx)માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

* (xxxxxx)માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ ( શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણમંત્રીશ્રી)** : બિલ ઉપર જ છે. એમણે ઝૂંપડપટ્ટીનું કીધુ એનો જવાબ આપું છું. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય ઈકબાલભાઈ, આપ બેસો. સભ્યશ્રીઓએ જે ચર્ચા કરી છે, એનો જવાબ આપે છે.

**શ્રી ઈકબાલ પટેલ** : સ્કોપમાં આપે. રાજકીય ભાષણ ન કરે.

**અધ્યક્ષશ્રી** : આપ બેસી જાઓ, હું એમને કહું છું. માનનીય નીતિનભાઈ, બિલ ઉપર આવી જાઓ, પ્લીઝ.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ:** સાહેબ, ઝૂંપડપટ્ટી માટે ઝૂંપડપટ્ટી પુનઃવસન યોજના આ સરકારે અમલમાં મૂકી છે. માનનીય સિદ્ધાર્થભાઈએ વાત કરી કે ખાનગી જમીનમાંથી ઝુંપડપટ્ટી સરકાર દૂર કરે છે.
સરકારની જમીનનું રક્ષણ કરવું એ અમારી ફરજ છે અને કોઈ ખાનગી જમીનમાંથી કોઈપણ જગ્યાએ મ્યુનિસિપલ કોરપોરેશનના તંત્ર દ્વારા કોઈ જગ્યાએ દબાણ દૂર કરવામાં આવ્યું હોય ખાનગી માલિકો માટેનું તો તો અમારું ધ્યાન દોરજો એમાં અમે યોગ્ય કરીશું.

માનનીય અધ્યક્ષશ્રી, એક જે ચિંતા માનનીય બધા સભ્યશ્રીઓએ કરી એ હું સ્વીકારું છું કે એ વ્યવહારિક અને સાચી વાત છે. દબાણ થાય અને એ આપણે જોયા કરીએ અને પછી ૫-૧૦ વર્ષે એને રેગ્યુલરાઈઝ કરીએ. તો અહીંયાં કહ્યું કે ભાજપની સરકાર આવી, ભાજપની સરકાર આવી. તો અમદાવાદમાં અને આખા ગુજરાત રાજયમાં વર્ષોથી ૨૫-૨૫ અને ૪૦-૪૦ વર્ષથી જૂના દબાણ છે તો ત્યારે કોંગ્રેસની સરકાર હતી, કોરપોરેશન પણ કોંગ્રેસનું હતું, નગરપાલિકા પણ કોંગ્રેસની હતી ત્યારથી જ આ દબાણો છે. એટલે અમારું તમારું ના કરશો, નહીંતર એના ઉપર કલર મારીશું કે ભારતીય જનતા પાર્ટીના વખતમાં કેટલું દબાણ થયું અને કોંગ્રેસના વખતમાં કેટલું દબાણ થયું. તો કદાચ તમારા વખતમાં તો સો ગણું થયું છે, પરંતુ મારે વિવાદ એટલા માટે કરવો નથી કે આપણા વિવાદથી ગરીબ અને મધ્યમવર્ગના માણસોને નુકસાન થાય અને એ નુકસાન હું તેમને થવા દેવા માગતો નથી. અમે એ પણ વિચારીએ છીએ કે આવા દબાણો ના થાય અને એક ગરીબ અને મધ્યમવર્ગના માણસની કે ધંધાદારી માણસની મૂડી ફસાય નહીં કે એની મૂડી રોકાય નહીં અને એ કાયદાની આંટીઘૂંટીમાં ફસાય નહીં એ બાબતમાં અમે કેટલુંક આયોજન વિચારીએ છીએ કે ભવિષ્યમાં આવાં મકાનો ના બને એ માટે કોરપોરેશન કે સ્થાનિક સ્વરાજયની સંસ્થાના જે તે સંબંધિત વિસ્તારના અધિકારીઓ અને કર્મચારીઓ હોય એમના ઉપર પૂરતી કાયદેસરની જવાબદારી ફીકસ કરવા માટેની વિચારણા કરી રહ્યા છીએ અને ચોકકસ એ અંગે પણ અમે એમાં કાર્યવાહી કરીશું.

માનનીય અધ્યક્ષશ્રી, મને આજે જ હમણાં જાણવા મળ્યું છે કે અમારા ધારાસભ્યશ્રી ભૂષણભાઈએ કહ્યું કે અમદાવાદમાં ગરીબોને છેતરવા માટે કોઈક નીકળ્યા છે અને 'ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમ યોગી કલ્યાણ બોર્ડ' એવા નામ સાથે કોઈ કહેવાતા આગેવાન વ્યકિતએ ફોર્મ છપાવ્યાં છે. આ ગેરકાયદેસર છે અને એનું નામ એવું છે કે એ સરકારનું હોય એવું લાગે એવું 'શ્રમ યોગી કલ્યાણ બોર્ડ' અને એ જાણે કે ગુજરાત સરકારનું હોય એવાં ફોર્મ છપાવીને ગરીબો પાસેથી પૈસા એકઠા કરે છે, ગરીબોના નામે તાગડધિન્ના કરનાર કોણ છે એ હું આ રીતે પૈસા એકઠા કરનાર એ કોણ છે એ હું તમને ફોર્મ આપીશ અને એના ઉપરથી તમારે તપાસ કરવી હોય તો કરાવી લેજો અને આવા લોકોને તમે રોકજો. (અંતરાય) એટલે આ બિલને જે રીતે આ વિધાનસભાગૃહે જે રીતે એનું હાર્દ સમજીને ટેકો આપ્યો છે એ રીતે કાયદાકીય રીતે અને વૈધાનિક રીતે મંજૂરી આપે ને સર્વાનુમત્તે મારું આ બિલ મંજૂર કરે એવી મારી ફરીથી બધા સભ્યશ્રીઓને વિનંતી છે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કેસન ૨૦૧૧ નું વિધેયક ક્રમાંક-૨૭-સન ૨૦૧૧ નું ગુજરાત અનધિકૃત વિકાસને નિયમિત કરવા બાબત વિધેયકનું બીજું વાંચન કરવામાં આવે.
પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

**કલમ ૨ થી ૧૯, કલમ-૧, પ્રસ્તાવના, દીર્ઘસંજ્ઞા, અને ઈનેકટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૧ નું વિધેયક ક્રમાંક-૨૭-સન ૨૦૧૧ નું ગુજરાત અનધિકૃત વિકાસને નિયમિત કરવા બાબત વિધેયકનું ત્રીજું વાંચન કરવામાં આવે અને વિધેયક વિના વિરોધે પસાર કરવામાં આવે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, ભવિષ્યમાં આવાં મકાનો ગેરકાયદેસર ના બને એના માટેની પૂરતી કાળજી રાખવાની ખાતરી જયરે માનનીય મંત્રીશ્રીએ આ સભાગૃહમાં આપી છે ત્યારે આ બિલને વિના વિરોધે પસાર કરાય એવી વિનંતી કરું છું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી** : સન ૨૦૧૧ નું વિધેયક ક્રમાંક-૨૭-સન ૨૦૧૧ નું ગુજરાત અનધિકૃત વિકાસને નિયમિત કરવા બાબત વિધેયકનું ત્રીજું વાંચન કરવામાં આવે અને વિધેયક વિના વિરોધે પસાર કરવામાં આવે છે.

## સન ૨૦૧૧નું ગુજરાત વિધેયક ક્રમાંક-૨૧

# ગુજરાત નાણાની ધીરધાર કરનારા બાબત વિધેયક, ૨૦૧૧

### ગુજરાત રાજયમાં નાણાની ધીરધારનું નિયમન કરવા બાબત વિધેયક

**શ્રી દિલીપ સંઘાણી ( કૃષિ અને સહકાર મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, *રાજપત્રમાં અગાઉ પ્રસિધ્ધ થયેલ સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક-૨૧-સન ૨૦૧૧નું ગુજરાત નાણાની ધીરધાર કરનારા બાબત વિધેયક હું આપની પરવાનગીથી દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી** : વિધેયક દાખલ કરવામાં આવેલ છે.

**શ્રી દિલીપ સંઘાણી ( કૃષિ અને સહકાર મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક-૨૧-સન ૨૦૧૧નું ગુજરાત નાણાની ધીરધાર કરનારા બાબત વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી દિલીપ સંઘાણી ( કૃષિ અને સહકાર મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં સામાન્ય અને ગરીબ માણસો ખાનગી વ્યકિતઓ પાસેથી પોતાના વ્યવહારો સાંચવવા માટે નાણા લે છે તેના માટે બોમ્બે નાણા ધીરધાર કાયદો, જે સામાન્ય રીતે શાહુકાર ધારાના નામથી પ્રચલિત છે તે કાયદો અમલમાં હતો. ગુજરાત રાજયની સ્થાપના થયા પછી આ કાયદામાં આજ સુધીમાં કોઈ જાતના સુધારાઓ થયેલા નથી. રાજય સરકારે અને ગુજરાતના સર્વ અગ્રણીઓએ પક્ષાપક્ષીથી પર ઉઠીને પહેલી મેં ના રોજ આ હોલમાં જે કેટલાક સંકલ્પો કર્યા તે પૈકી ગુજરાતનું ગૌરવ વધે એ રીતે ગુજરાતના નામ સાથેના કાયદા બનાવવા તેવો સંકલ્પ લીધેલો, તે સંકલ્પને અનુરુપ ગુજરાત નાણા ધીરધાર કરનારા બાબતનો આ કાયદો આજે અહીં લાવવામાં આવેલો છે. માનનીય અધ્યક્ષશ્રી, આ નવા કાયદામાં જે મુખ્ય મુખ્ય મુદ્દાઓ છે તે પ્રત્યે હું આ હાઉસનું ધ્યાન આપના મારફત દોરું છું અને ખાસ કરીને ગરીબ લોકોને વિશ્વાસ અપાવવા માટે આ ધ્યાન દોરું છું કે આજ દિવસ સુધી આ કાયદાના કારણે જે સ્થિતિ હતી એ સ્થિતિમાં જે નાણા ધીરનારા હોય તેને કેટલીક રીતે સંરક્ષણ મળતું હતું, નાણા લેનારને નહીં, આ કાયદામાં સુધારા કરીને સામાન્ય ગરીબ વર્ગના માણસ કે જે નાણા લેનાર છે તેને સંરક્ષણ મળે તેવી જોગવાઈઓ કરવામાં આવી છે. એક રીઝર્વ બેંકનું ટેકનિકલ ગૃપ બનેલું તેનો અહેવાલ અને રીઝર્વ બેંકે નકકી કરેલી ઈચ્છાઓ કે આ દેશમાં સામાન્ય રીતે જે નાણા ધીરવાની સ્થિતિ નિર્માણ થઈ છે એમાં એક સંગઠીત ગૃપ એટલે કે સહકારી સંસ્થાઓ હોય, રાષ્ટ્રીયકૃત બેંકો હોય કે સરકાર માન્ય સંગઠીત વિભાગ તરફથી નાણા ધિરધાર કરવામાં આવે છે. તેનું નિયંત્રણ રાજય કે કેન્દ્ર સરકાર રીઝર્વ બેંકના આધારે કરે છે.

**સભાપતિશ્રી મહેન્દ્રભાઈ મશરૂ અધ્યક્ષસ્થાને**

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, જયારે બીજું એક અસંગઠીત ગૃપ જે ખાનગી પ્રાઈવેટ માધ્યમથી નાણા ધીરધારનું કામ કરે છે. અને તેને કારણે ગરીબ લોકોનું શોષણ થાય છે અને તે શોષણ અટકાવવા માટે રાજય સરકારે એમને મળેલા અધિકારનો ઉપયોગ કરવો જોઈએ. સામાન્ય રીતે ૧૦૦૦ના ધિરાણ પૈકી ૨૫૭ રૂપિયાનું ધિરાણ એટલે કે લગભગ ૨૫ ટકા કરતા વધારે ધિરાણ ખાનગી પેઢીઓ દ્વારા આખા દેશમાં થાય છે. આવી ખાનગી પેઢીઓ દ્વારા ધિરાણ આખા દેશમાં થાય છે. આપણે ગૌરવ લઈ શકીએ તેમ છીએ કે દેશમાં એક હજારે ૨૫૭નું ધિરાણ થાય છે એની સામે ગુજરાતમાં ૬૫નું ધિરાણ થાય છે. આ ૬૫ રૂપિયાના ધિરાણથી પણ નીચે લાવવા માટે માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈએ જે પ્રયાસો કર્યા છે એ પ્રયાસોને માત્ર આપણે ગુજરાતી તરીકે સ્વીકારીએ એવું નહિ અન્ય રાજયો અને કેન્દ્ર સરકારે પણ સરાહના કરી છે એ સખી મંડળની યોજના દ્વારા આ રાજયમાં સખી મંડળોના રાજય સરકાર તરફથી ફંડની જોગવાઈ અને વ્યવસ્થા કરી છે એ પ્રશંસનીય અને એના માધ્યમથી અસંગઠીત માધ્યમો દ્વારા જે ખાનગી પેઢીઓ દ્વારા ધિરાણ લેવા જવામાં જેનું કમ્પલઝન હતું એમાંથી રાહત મળે, અને મિશન મંગલમ દ્વારા આવા ધિરાણો અને સગવડતાઓ એમને મળી રહે એટલે રાજય સરકારે પણ એમાં સખી મંડળીના ગૃપને ફંડ આપવાની જોગવાઈઓ કરી છે એ એક રચનાત્મક અભિગમ છે. પરંતુ આ કાયદામાં જે જોગવાઈઓ કરી છે એમાં મુખ્ય મુદ્દાઓ તરફ ધ્યાન દોરવા માગું છું.

અત્યાર સુધી ખાસ કરીને ગરીબ અને આદિવાસી વિસ્તાર, શહેરી વિસ્તારનો ઝૂંપડપટ્ટીમાં રહેતો ગરીબ વર્ગ, ગામડાંના ગરીબ વર્ગને ધિરાણ લેવા જવું હોય તો એણે શાહુકારો પાસે પોતાની મિલકત સસ્તામાં લખાવવી પડે, આપવી પડે, દર દાગીના સોનું ગીરવે મૂકવું પડે. હવે કોઈપણ રાજયમાં આ શાહુકારો આ ધિરાણના કાયદા તળે રજીસ્ટ્રેશન કરાવ્યા સિવાય આવો ધંધો કરી શકશે નહિ. અને કરતાં હશે તો એની સામે કડક શિક્ષાત્મક

* વિધેયક ૧૮મી માર્ચ, ૨૦૧૧ના રાજપત્રમાં પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

જોગવાઈઓ આ કાયદામાં કરવામાં આવી છે. આ કાયદા તળે ધિરાણ કરનારે જે કોઈ મિલકતો લીધી હશે જંગમ કે સ્થાવર એમની મિલકતના દસ્તાવેજો કે આજીવન કયાં રાખવામાં આવ્યું છે એની જાણકારી એક મહિનામાં સરકારના રજીસ્ટ્રારને કરવાની રહેશે. અને એવું નહિ કરે તો એની સામે શિક્ષાત્મક પગલાંની જોગવાઈ કરવામાં આવી છે. આ કડક જોગવાઈના કારણે હવે આ ધંધો કરનારને મનસુફીની રીતે પોતે વ્યાજના દર નક્કી કરતા એમાં પણ ફેરફારો કર્યા છે. હવે વ્યાજના દરો રાજય સરકાર નક્કી કરશે અને વ્યાજના દરમાં શરૂઆતમાં જૂના કાયદામાં મુદલની વ્યાખ્યાઓ નહિ હોવાને કારણે ચક્રવૃદ્ધિ વ્યાજ લેવામાં આવતું એના બદલે મુદલ એટલે મુદલની સ્પષ્ટ જોગવાઈની વ્યાખ્યા કરવામાં આવી છે જેથી કરીને ચક્રવૃદ્ધિ વ્યાજ હવે ધીરધારો લઈ શકશે નહિ. અભણ અશિક્ષિત લોકો પાસે કરાર કરીને પણ ચક્રવૃદ્ધિ વ્યાજ કે એની મિલકતો લખાવી લીધી હશે તો પણ એ ગેરકાયદેસર ઠરશે એને કાયદેસરનું સ્વરૂપ મળી શકશે નહિ. એમ ગરીબ નાણાં લેનારને માટે પણ સ્પષ્ટ વ્યાખ્યાઓ કરવામાં આવી છે. આવું ધિરાણ કરનારની સામે જે ભૂતકાળમાં જોગવાઈઓ હતી એના બદલે આવા ગરીબ લોકોને સતામણી જો કરવામાં આવશે તો આ વ્યાજ ધીરનાર રકમની સામે બે વર્ષ સુધીની કેદની જોગવાઈ જે ભૂતકાળમાં નહોતી એવી કડક કરવામાં આવી છે અને ૨૫ હજાર રૂપિયાના દંડની જોગવાઈ કરવામાં આવી છે. જો ભૂતકાળમાં ચક્રવૃદ્ધિ વ્યાજ લીધું હોય તો એની સામે ફરિયાદ કરવાની જોગવાઈ હતી, સજા કરવાની જોગવાઈ હતી પરંતુ વ્યાજ પરત આપવાની જોગવાઈ નહોતી. હવે આવું વ્યાજ ચક્રવૃદ્ધિ લીધું હોય તો એ ચક્રવૃદ્ધિ વ્યાજ પરત આપવાની જોગવાઈ પણ આમાં કરવામાં આવી છે. આપણે જોયું છે સાંભળ્યું છે કે ગરીબ માણસો લેણા ચૂકવવા માટે નાણાં ધીરનાર પાસે જાય તો ધર્માદાના નામે કાપે, સલામીના નામે કાપે તથા અન્ય કપાતો કરતા હતા. ૧૦૦ રૂપિયા લેવા હોય તો ૧૦ રૂપિયા કાપી લે. હવે આવી કપાત કરી શકશે નહીં. જે ધીરધાર કરવું હોય એ ચોખ્ખેચોખ્ખું કરવાનું રહેશે. અગાઉથી કપાત કરવા ઉપર પ્રતિબંધની જોગવાઈઓ જે જૂના કાયદામાં નહોતી એ નવા કાયદામાં કરવામાં આવી. સૌથી મહત્ત્વની જોગવાઈ એ કરવામાં આવી છે કે કોઈ મિલકત કે દસ્તાવેજ જે અંગૂઠો મારીને લખાવી લેવામાં આવતી, હવે આવી મિલકત લખાવી લે તો એ ગેરકાયદેસર ગણાશે. માત્રને માત્ર રોકડમાં જ વસૂલાત કરી શકશે. રોકડ સિવાય વસૂલાત કરવામાં આવશે નહીં. પણ તેની સામે સ્વાભાવિક પ્રશ્ન થાય કે નાણાં ધીરનારને માટે સલામતી શું? તો બે વર્ષ સુધી સતત જો નાણાં લઈ ગયે થાય અને એક પણ હપતો ન ભરે તો તેની ફરિયાદ, તેની મિલકત અંગેની રજિસ્ટ્રારની પરવાનગી લઈને તેનો નિકાલ કેવી રીતે કરી શકે તેની પારદર્શકતા સાથે એને રજિસ્ટ્રારની મંજૂરી લેવી પડશે, એનો નિકાલ કરવા માટે એની શરતો રાજય સરકાર નક્કી કરશે. પહેલાં મનમાની થઈને પોતાના ખાતે લખાવી લેતા તેમ નહીં કરી શકે. પણ રાજય સરકાર પારદર્શકતાથી બે વર્ષ સુધી એક પણ હપતો ન ભરે તો મિલકતમાંથી વસૂલાત માટેના જે નિયમો નક્કી કરે તે રીતે પારદર્શકતાથી વધારે આવક જેની મિલકત હોય તેને મળી રહે અને તેમાંથી વસૂલાત થાય જેથી કરીને એ સ્થિતિનું નિર્માણ થાય. એક જોગવાઈ એવી પણ કરવામાં આવી કે પબ્લિક ડિપૉઝિટ લેતી હોય એવી નૉન બેંકીંગ ફાયનાન્સ કંપનીઓ જે ખૂબ મોટી છે. જે ગુજરાતના મુખ્ય મથક ધરાવતી હોય એવી ૧૨ જેટલી પબ્લિક ડિપૉઝિટ લેતી હોય એવી સંસ્થાઓ છે. ભારતમાં નોંધાયેલી એમ.પી.એફ.સી.ની સંખ્યા લગભગ ૩૦૧ જેટલી આ કાયદા તળે છે અને કેટલીક સંસ્થાઓ જે ડિપૉઝિટ લેતી નથી પણ ફાયનાન્સ કરે છે એવી કંપનીઓ રાજયની બહાર નોંધાયેલી હોય અને અહીં ધિરાણ કરે છે, ૧૦૦૦ જેટલી કંપનીઓ આ રાજયમાં એવું કામ કરે છે. એમને પણ જો આર.બી.આઈ.માં નોંધાયેલી હોય તો ઑટોમૅટીક આ રજિસ્ટ્રેશનમાં એ નોંધાયેલી છે તેમ ગણીને તેમને પણ તેના રૅકૉર્ડ આ સરકારના નિયમોને આધીન રહીને કયાં મૂક્યા છે તેની જોગવાઈ કરવામાં આવી છે અને રાજય સરકારના અધિકારીઓ આવા રૅકૉર્ડ અને તેની તપાસણી તેમને જડતી કરી શકે એવી અનેક જોગવાઈઓ સાથે ગરીબ માણસોને સુરક્ષા આપવા માટે ગુજરાતના સ્વર્ણિમ વર્ષે ગુજરાત નવો કાયદો લઈને આવ્યો છું ત્યારે ગુજરાતની ગરીબ પ્રજાની સુરક્ષાને માટે આવેલ આ કાયદો આપ સૌ સર્વાનુમતે સ્વીકારો એવી વિનંતી કરું છું.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા (પોરબંદર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે ગુજરાત મનીલેન્ડર બિલ ૨૦૧૧ લઈને આવ્યા છે તેને અમે આવકારીએ છીએ અને જે શોષણ વ્યવસ્થા ઉભી થઈ હતી અમુક પ્રકારના શાહુકારોને કારણે અને એ પણ જે નવા શાહુકારોનો જે ફાલ આવ્યો છે, પહેલાં તો એવું હતું કે જે નાણાં ધીરધારનો ધંધો છે એ સમાજનો મહાજન વર્ગ કરતો હતો એટલે તેમાં બહુ પરેશાની થતી નહીં પરંતુ હવે આ ધંધામાં પરેશાની ખાસ કરીને જે પછાત વર્ગો છે, એસ.સી.નો એરિયા હોય, એસ.ટી.નો એરિયા હોય, ઝૂંપડપટ્ટી હોય કે મજૂર વર્ગ જ્યાં સૌથી વધારે રહેતો હોય ત્યાં આ વ્યવસ્થા ખૂબ મોટા પાયે ફૂલી ફાલી છે. આમાં લગભગ જે નાણું વપરાય છે એ પણ કાળું નાણું વપરાય છે. જે કયાંય નોંધાયેલ હોતું નથી. એટલા માટે ભારત સરકારે અને ખાસ કરીને વડાપ્રધાનશ્રીએ પણ દરેક રાજયોને આવું બિલ લઈ આવવાની સૂચના ડ્રાફટ સાથે આપેલી છે અને એ પ્રમાણે લગભગ દરેક રાજયો આ પ્રકારનું બિલ લઈ આવવાના છે. આપણે પણ આ બિલ લાવ્યા છીએ, એટલે તેને આવકારીએ છીએ. આપણે બધાએ અનુભવે જોયું છે અને આપણે રાજનીતિમાં છીએ એટલે આપણી પાસે આ પ્રકારની ફરિયાદો આવતી હોય છે. કયાંય સાંભળ્યો ન હોય એટલો વ્યાજનો દર આ પ્રકારે ગેરકાનૂની વ્યાજ વટાવનો ધંધો કરનારા લોકો છે તેના ઉપર લગાડતા હોય છે. એમ કહે કે અમે દસ ટકા ચાર્જ કરીએ છીએ મહિનાનો. કોઈ કહે ૫ ટકા ચાર્જ કરીએ છીએ. પાંચથી દસ ટકાના દરે ગેરકાયદેસર મની લેન્ડીંગ કરે છે એ લોકો

રાખતા હોય છે અને જ્યારે મંત્રીશ્રીએ કહ્યું એ પ્રમાણે પાંચ ટકા વ્યાજ તો એ પહેલાં કાપી લે અને રૂ.૯૫/- જ આપે. અને એના ઉપર પાંચ ટકા લગાવે એટલે પાંચ ટકાના સાત ટકા અને દસ ટકાના બાર ટકા થાય અને જો ન આપે તો કોઈ કાયદેસરની વ્યવસ્થા કરવાની જ નહીં. સીધા જ એના ઘરના સભ્યને ઉઠાવી આવવાનો, ગેરકાયદેસર કબજામાં રાખીને ટોર્ચર કરવાનો અને પૈસા વસૂલ કરી દેવાના. આ પ્રકારની વ્યવસ્થા લગભગ શહેરી વિસ્તારોમાં ખૂબ પ્રિવેલન્ટ છે અને આ બધા લોકોની પહોંચ એટલી બધી મોટી હોય છે કે, વહિવટી તંત્ર કે પોલીસ તંત્ર છે એને નિયમિતપણે હપ્તો પહોંચાડે એટલે એટલે એની સામે એકશન લઈ શકાય નહીં. એને કંટ્રોલ કરવા માટે પ્રોએકટીવ પગલાં ન લેવાય તો બીજા કોઈ કાયદા હેઠળ પગલાં ન લઈ શકાય. આ વ્યવસ્થાને થોડીક નિયમિત કરવાની અને એને નિયમિત કરીને એનું મોનીટરીંગ કરવાનું જે બિલ લઈને આવ્યા છે એને હું આવકારું છું અને આ બિલને સમર્થન આપું છું.

**શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સહકાર મંત્રીશ્રી, સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક- ૨૧ લાવ્યા છે એને હું મારું અનુમોદન આપું છું. આ નાણાકીય ધીરધાર કરનારાઓને નિયંત્રણમાં લાવવા માટેનું જે હાર્દ છે એ આવકારદાયક છે. એમણે જે કહ્યું કે, ગુજરાતમાં માત્ર ૧૦૦૦ની સામે રાષ્ટ્રમાં ૨૫૭ રૂપિયાનું ખાનગી ધીરધાર કરનારા ધીરાણ કરે છે. એનું પ્રમાણ ૬૫ રૂપિયા છે. આ ઓફિશિયલ ફિગર છે ફાયનાન્શિયલ સર્વિસીસ ૧૦૦૦ કંપનીઓ કરે છે. માનનીય અર્જુનભાઈએ કહ્યું એ પ્રમાણે નબળા વર્ગનું જે શોષણ કરનારા ધીરધાર કરનારા લોકો છે એની સંખ્યા ખૂબ મોટી છે અને એના કરતાં પણ જે આજે હપ્તા ઉપર વાહનો કે વસ્તુઓ આપતા હોય અને સમયસર હપ્તો ન ભરે તો એની વસૂલાત કરવા માટે મસલ પાવરથી એ લોકો એ વસ્તુઓ ઉપાડી જતા હોય છે એને કેવી રીતે રાખી શકીશું? એની પણ આપ વિચારણા કરજો. એટલું સૂચન કરું છું. એમણે જે કહ્યું કે, નાણાંની સામે માત્ર નાણાં જ વસૂલ થઈ શકે. એનું મકાન ગીરે હોય તો એ મકાન વસૂલ ન થઈ શકે. આ ખૂબ એપ્રોપ્રિએટ છે. એટલા માટે આ દેશની અંદર એ ભારત શીપ યાર્ડ કંપની છે એક શીપ બિલ્ડીંગ કંપની હતી. અને એણે એના શેર બીજે ક્યાંક એણે ગીરે મૂકેલા. એ સમયસર છોડાવી નહીં શકેલ. અને એના કારણે આ શેર ઓપન માર્કેટ બિડીંગમાં કોઈની વચ્ચે હરીફાઈ ચાલી અને શીપ બિલ્ડીંગ કંપની વેચાઈ અને એ કંપની પાછળથી જતી રહી. એટલે આ જે બિલનું હાર્દ છે. કરજ માફીના નામે શ્રીમતી ઇન્દિરા ગાંધીજી આ કરજ નાબૂદીનો કાયદો ત્યારે લાવેલા અને તમામ નબળાવર્ગના લોકોના કરજ નાબૂદ કરવા માટેનો કાયદો આ દેશમાં બનેલો. પણ આપણે નૈતિકતાને આગળ ધરીને કે દાદાનું કરજ પુત્ર ચૂકવે અને ચૂકવવું જોઈએ એ વાતને લઈને કરજ નીચે દબાયેલાને વધુ દબાવવામાં આવ્યા. આજે જે રીતે રાજય સરકાર પ્રયાસ કરી રહી છે એને બિરદાવીએ છીએ. સખી મંડળ વગેરેની વાત કરું. પરંતુ હું વંચિતોનો વાણોતર તરીકે ગણવામાં આવે છે. બાંગ્લાદેશમાં મહિલા સહકારી બૅન્ક થઈ એને વિશ્વભરની અંદર એના મહંમદ યુનીસનું નામ એમ લેવાય. અને કરોડો જે મહિલાઓ છે એને સંગઠિત કરીને વિશ્વબેંકે ઑફર કરી હતી એનો નિર્ણય લઈને કે એની વસુલાત છે ૯૦-૯૫% સ્થિતિએ ધીરધાર કરનારા લોકો ભરી શકે એવી સરળ વ્યાજની રકમ હોય અને વસુલાત માટેની સરળતા હોય માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા સમયની પાબંધી છે. પરંતુ આપણે ડિફોલ્ટ ગેરંટી જે લોન લેનારને રાજ્ય સરકારે આપી છે એની યાદી આવે છેને આપણે ત્યાંના કેટલાક નટ, બજાણિયા, ભવાય મંડળના એમના નામ પણ આવે છે. ૧૨,૦૦૦, ૧૫૦૦૦ કે ૨૦,૦૦૦ લોકોની રકમ રાજ્ય સરકારે જે ગેરંટી આપી છે જેની નામાવલી પણ આપણે લઈએ છીએ. આવી રકમ કોઈક રીતે ભરી દેવાતી હોય અને કરજમુકત કરી શકાતા હોય એનો પણ, આ વિષયમાં નથી આવતું પણ આ પ્રસંગે મારા વિચારો રજૂ એટલા માટે કરું છું કે એમણે ત્યાં કહ્યું છે કે એણે કેટલા પૈસા ભરવાના છે એ કહો તો અમે કોઈકના મારફતે ભરાવી દઈએ. કમસેકમ રાજ્ય સરકારે ડિફોલ્ટ ગેરંટી આપી હોય અને પૈસા ભરી શકતા હોય અને એને કારણે એમના નામ આવતા હોય એ પણ બરાબર નથી. એટલા માટે થઈને આજે બિલ આવ્યું છે એનો અમલ સારી રીતે થાય અને ખાસ કરીને જે લોકો આજે મોટા વ્યાજે પૈસા અને ઑફિસે આપેલ નોંધણીના ૬૫ રૂપિયા કહ્યાં એની અંદર એ ચર્ચા ના આવતી હોય એ સ્વાભાવિક છે. પરંતુ આવા લોકોને પણ શોધી કાઢીને એના માટેની વ્યાજના શોષણમાંથી શ્રમજીવી ગરીબ પ્રજા મુકત થાય એવું વાતાવરણ થાય એવી લાગણી વ્યક્ત કરું છું.

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, જે સભ્યશ્રીઓએ માનનીય અર્જુનભાઈએ આ બિલને આવકાર્યુ છે એ બદલ હું એમનો આભાર માનું છું અને બાબુભાઈએ અનુમોદન આપ્યું છે અને કેટલીક ચિંતા વ્યક્ત કરી છે કે વાહન લઈ જાય તો શું અને કેટલાક આંકડાઓ રિઝર્વ બેંકના આધાર ઉપરથી આપ્યા છે અને નોંધાયેલા છે. બિનનોંધાયેલા છે એના આંકડાઓ અને એની આગળ પગલાની જોગવાઈ આમાં કરી જ છે. પરંતુ આ બિલ અને કાયદો જ્યારે બનશે ત્યારે રોકડ રકમ સિવાય વાહન પણ વચેથી જે ચાવી લઈને લઈ જાય છે એ લઈ જઈ શકશે નહિ. એની સામે જો ફોજદારી કાયદા પ્રમાણે કોઈ લઈ જશે તો કાર્યવાહી થશે. એ ગમે એવડી મોટી કંપની હશે તો પણ આ કાયદા દ્વારા આવરી લીધા છે. આ બિલ ગરીબોના રક્ષણ માટે છે એટલે પુન:ખાતરી આપું છું. પુન: અર્જુનભાઈ, બાબુભાઈ અને સમગ્રનો આભાર માનીને આ બિલને આવકાર્યુ એ બદલ હું આનંદ વ્યક્ત કરું છું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૧ના વિધેયક ક્રમાંક ૨૧, સન ૨૦૧૧નું ગુજરાત નાણાની ધીરધાર કરનારા બાબત વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ ૨ થી ૫૮, કલમ-૧, દીર્ઘસંજ્ઞા અને ઈનેકટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

**શ્રી દિલીપ સંઘાણી ( સહકારમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક-૨૧-સન- ૨૦૧૧નું ગુજરાત નાણાની ધીરધાર કરનારા બાબત વિધેયકનું ત્રીજુ વાંચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી** : સન ૨૦૧૧ના વિધેયક ક્રમાંક-૨૧નું ત્રીજુ વાંચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

## સન ૨૦૧૧નું ગુજરાત વિધેયકક્રમાંક:૧૪

# સ્વર્ણિમ ગુજરાત રમતગમત યુનિવર્સિટી વિધેયક,૨૦૧૧

**ગુજરાત રાજયમાં સ્વર્ણિમ ગુજરાત રમતગમત યુનિવર્સિટી તરીકે ઓળખાતી, અધ્યાપન અને જોડાણ કરતી યુનિવર્સિટીની સ્થાપના અને સંસ્થાપન કરવા અને તેની સાથે સંકળાયેલી અથવા તેને આનુષંગિક બાબતો માટેનું વિધેયક.**

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા (રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, * રાજયપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક-૧૪-૨૦૧૧નું સ્વર્ણિમ ગુજરાત રમતગમત યુનિવર્સિટી વિધેયકને આપની અનુમતિથી દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી** : વિધેયક દાખલ કરવામાં આવે છે.

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા ( રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક-૧૪-સન-૨૦૧૧નું સ્વર્ણિમ ગુજરાત રમતગમત યુનિવર્સિટી વિધેયકનું પહેલું વાંચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં રમતગમત ક્ષેત્રે એવું વાતાવરણ ઊભું થાય કે જેના દ્વારા ગુજરાતના યુવાનોને રમતગમત ક્ષેત્રે કારર્કિદી બનાવવાની તક મળે અને તે માટે ગુજરાત સરકારે સ્વર્ણિમ જયંતી ઉજવણી દરમિયાન ખેલ મહા કુંભનું આયોજન કર્યુ અને એમાં પ્રજાનો અને વિશેષ કરીને યુવાનોનો જે પ્રતિસાદ સાંપડયો તેનાથી પ્રોત્સાહિત થઈ રાજય સરકારે રમતગમત માટે સ્વર્ણિમ ગુજરાત સ્પૉર્ટસ યુનિવર્સિટીની સ્થાપના કરવાનું નક્કી કરેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ યુનિવર્સિટી દ્વારા રમતગમત ક્ષેત્રે પ્રતિભા શોધ દ્વારા પ્રાપ્ત થયેલ તેજસ્વી રમતવીરોને રાષ્ટ્રીય અને આંતર રાષ્ટ્રીય કક્ષાએ સ્પર્ધામાં ઊભા રહે તેવા તૈયાર કરવા અને સમગ્રતઃ ગુજરાતમાં રમતગમતનું વાતાવરણ નિર્માણ થાય તેવા હેતુ સાથે આ યુનિવર્સિટીની સ્થાપના કરવાની છે. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં રાજ્યકક્ષાએ જે રમતવીરો શ્રેષ્ઠ પ્રદર્શન કરી શક્યા તેવા ખેલાડીઓને તજજ્ઞો દ્વારા રાષ્ટ્રીય અને આંતર રાષ્ટ્રીય ખેલાડીઓ દ્વારા સઘન તાલીમ મળે અને તેમનો સ્પર્ધાત્મક ક્ષેત્રોમાં પણ વિકાસ થાય તે માટે હાયર પરફોર્મન્સ સૅન્ટર ઊભા કરીને રમતગમતના ક્ષેત્રમાં ગુણાત્મક પરિવર્તન લાવવાનો અમારી સરકારનો આ પ્રામાણિક પ્રયત્ન છે. માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ખેલ મહા કુંભના પૂર્ણાહૂર્તિ સમારંભમાં બે બાબતોની જાહેરાત કરી હતી. એક, ખેલ મહા કુંભ દર વર્ષે યોજાશે અને ગુજરાતના યુવાનોને રમતગમતમાં કારકિર્દી બનાવવાની તક મળે તે માટે સ્વર્ણિમ ગુજરાત સ્પૉર્ટસ યુનિવર્સિટીની સ્થાપના કરાશે. માનનીય અધ્યક્ષશ્રી, આ સરકાર એની વચન પાલન માટેની પ્રતિબદ્ધતાને કારણે આટલી ઝડપથી સ્વર્ણિમ ગુજરાત સ્પૉર્ટસ યુનિવર્સિટી સ્થાપના કરવા આ બીલ લઈને આવ્યા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં રમતગમત યુનિવર્સિટીની સ્થાપના, શારીરિક શિક્ષણ માટે રમતગમતમાં શિક્ષિત તજજ્ઞો તૈયાર કરવાના ઉદ્દેશથી કરવામાં આવનાર છે. આ ઉપરાંત રમતગમતક્ષેત્રે સારા રમતવીરોની પ્રતિભા વધે, રમતવીર પ્રતિભા સંવર્ધન કેન્દ્ર તૈયાર થાય અને સાથેસાથે રમતગમત દ્વારા યુવા ધનના આરોગ્યનું પણ સંવર્ધન થશે. રમતગમત યુનિવર્સિટીની સ્થાપના કરવાનો હેતુ, રમતગમત તાલીમ કાર્યક્રમો તૈયાર કરવા અને રાષ્ટ્રીય સ્કવોર્ડ માટે રમતગમતના તજજ્ઞો પૂરા પાડવાનો આ રમતગમત યુનિવર્સિટી દ્વારા ભવિષ્યની પેઢીની શારીરિક ક્ષમતા વધે એ માટે વૈજ્ઞાનિક ધોરણે રમતગમત અને શારીરિક શિક્ષણ આપવાનો પવિત્ર ઉદ્દેશ રાખેલ છે. રાજયની સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટીમાં ઈન્ડોર સ્પોર્ટસ તમામ વિભાગો માટે શૈક્ષણિક ભવનો, શારીરિક યોગ્યતા

---

* વિધેયક તા.૯મી માર્ચ,૨૦૧૧ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

તાલીમ માટે જીમ્નેશીયમ ઉભા કરવાની યોજના છે. રમગતમતને લગતા આરોગ્ય કેન્દ્ર, વિશેષ સંશોધન કેન્દ્રો ઉભા કરવા, ઈન્ટરનેટ અને મલ્ટીમીડીયા સાથેની લાયબ્રેરી ઉભી કરવી, પુરુષ અને મહિલા માટે હોસ્ટેલ ઉભી કરવી તેમજ જુદી જુદી રમતોના સાધનો વસાવવા જેવી પ્રવૃત્તિઓનો આ યુનિવર્સિટીમાં સમાવેશ કરવામાં આવશે. આ યુનિવર્સિટીમાં ફેકલ્ટી ઓફ ટીચર્સ એજયુકેશન અંતર્ગત શારીરિક શિક્ષણનો વિભાગ તેમજ યોગા શિક્ષણનો પણ વિશેષ વિભાગ રાખવામાં આવનાર છે અને આ વિભાગો દ્વારા બી.પી.એડ. એમ.એડ. એમ.ફીલ. અને પી.એચ.ડી. જેવા ડીગ્રી અભ્યાસક્રમો રાખવામાં આવનાર છે. આ ઉપરાંત પ્રશિક્ષણ માટે ડિપ્લોમા એમ.એસ.સી. પ્રશિક્ષણ તેમજ પી.એચ.ડી. સુધીના અભ્યાસક્રમ હાથ ધરવામાં આવશે. રમતગમતનું જગત આજે વિકસી રહયું છે ત્યારે નવા વિષયોનું આધારભુત શિક્ષણ મળે તે માટે ફેકલ્ટી ઓફ હેલ્થ એન્ડ એલાઈડ સાયન્સ અંતર્ગત ડિપાર્ટમેન્ટ ઓફ એકસરસાઈઝ, ફીઝીયોલોજી એન્ડ ન્યુટ્રીશન, ડિપાર્ટમેન્ટ ઓફ સ્પોર્ટસ સાયકોલોજી એન્ડ સોશ્યોલોજી, ડિપાર્ટમેન્ટ ઓફ બાયોમીકેનીક એન્ડ કિંસ્યોલોજી, ડિપાર્ટમેન્ટ ઓફ સ્ટેટેટીકસ એન્ડ કોમ્પ્યુટર એપ્લીકેશન અને ડિપાર્ટમેન્ટ ઓફ કોમ્યુનિકેશન એન્ડ જર્નાલીઝમ જેવા વિભાગોનો પણ વિચાર કરવામાં આવેલ છે. આ યુનિવર્સિટીમાં ફેકલ્ટી માટે સ્પોર્ટસ મેનેજમેન્ટ અંતર્ગત ડિપાર્ટમેન્ટ ઓફ સ્પોર્ટસ મેનેજમેન્ટ અને ડિપાર્ટમેન્ટ ઓફ સ્પોર્ટસ ટેકનોલોજી તથા ફેકલ્ટી ઓફ સ્પોર્ટસ એન્ડ યુથ એફેર્સ અંતર્ગત ડિપાર્ટમેન્ટ ઓફ એડવાન્સ ટ્રેનીંગ, કોચીંગ તથા ડિપાર્ટમેન્ટ ઓફ યુથ એફેર્સ એન્ડ એડવેન્ચર સ્પોર્ટ જેવા વિભાગ ઉપરાંત તાલીમનો વિભાગ જેવા વિશિષ્ટ કેન્દ્રો થકી ગુજરાતમાં ક્રીડા જગતને નવું વાતાવરણ સર્જવાનો આ સરકારનો અભિગમ છે. આપણે બધા સદનસીબ છીએ કે માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના દ્રષ્ટિવંત નેતૃત્વને કારણે ગુજરાત રમતગમત જગતમાં પોતાનું આગવું સ્થાન પ્રાપ્ત કરે એવા પ્રયત્ન રાજય સરકાર દ્વારા હાથ ધરી શકાયા છે. આ દેશ અને દુનિયામાં રમતગમતની તાલીમ, શિક્ષણ અને સંશોધનમાં શ્રેષ્ઠ પરંપરાઓ અપનાવીને સ્વર્ણિમ ગુજરાતની આ ઉજવણીના વર્ષમાં ગુજરાતની જનતાને એક અદભૂત ભેટ સમાન છે. આમ સમગ્ર હકીકતને ધ્યાનમાં લેતા રાજયમાં રમતગમતક્ષેત્રે સાનુકૂળ વાતાવરણ ઉભું થાય, ગુજરાતના યુવાનોને રમતગમતક્ષેત્રે કારકિર્દી બનાવવાની તક મળે અને રમતગમતક્ષેત્રે પ્રતિભા સંપન્ન ખેલાડીઓ પ્રાપ્ત થાય તે માટે રાજય સરકાર દ્વારા રજૂ કરવામાં આવેલ આ સ્વર્ણિમ સ્પોર્ટસ યુનિવર્સિટી અધિનિયમ, ૨૦૧૧ને પસાર કરવા હું સન્માનનીય ગૃહને વિનંતી કરું છું.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા (પોરબંદર)** : આમ તો નવી યુનિવર્સિટીનું બિલ લઈને આવે તો સ્વાભાવિક રીતે જ એને આવકારવાનું મન થાય, પણ પછી બિલની અંદર જઈએ તો (અંતરાય) આ કાગળ આપ્યો એટલે જવું પડે છે. આ વાંચવાની કુટેવ છે. એના કારણે અંદર જવું પડે છે, એટલે આ બિલની અંદર જઈએ તો એમ થાય કે આ યુનિવર્સિટી નથી, પણ વિભાગને એક યુનિવર્સિટીનું સ્વરૂપ આપ્યું છે. સામાન્ય રીતે યુનિવર્સિટી બને તો યુનિવર્સિટી છે એ ગુજરાતની આપણે રમત ગમત યુનિવર્સિટી બનાવીએ તો યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન મોડેલ એકટ છે એ પ્રમાણે બનાવવી જોઈએ અને જો એ પ્રમાણે બન્યું હોત તો જરૂરથી અમે આવકારી હોત. મોડેલ એકટ એવો છે કે એ ઓટોનોમસ યુનિવર્સિટી હોવી જોઈએ અને ઓટોનોમસ યુનિવર્સિટીમાં વાઈસ ચાન્સેલરથી શરૂ કરીને મુખ્ય અધિકારીની નિમણૂક છે એ ઓટોનોમસ કમિટી કરે એનું સિલેક્શન એ કરે એના પછી ગવર્નર નિમણૂક કરે, આ બધાની અંદર વ્યવસ્થા આપી છે, એની અંદર તમામ અધિકારો રાજ્ય સરકારે રાખ્યા છે. એ કુલપતિની નિમણૂક હોય, બોર્ડની નિમણૂક હોય બધાની નિમણૂક હોય જે પ્રકારે આપણે અહીયા ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી બનાવી એમાં વિભાગ હતો. વિભાગને યુનિવર્સિટી બનાવી દીધી. એ જ પ્રકારે અત્યારે આપણો જે સ્પૉર્ટસ વિભાગ છે, એને લગભગ યુનિવર્સિટીનું સ્વરૂપ આ એકટથી આવે છે, એટલે ઓટોનોમી એમાં રહેવાની નથી, એટલે એને કારણે આ બિલની સાથે એના હેતુઓ માટે અમે સંમત હોવા છતા આ જે માળખુ છે એ માળખું આ હેતુને સિદ્ધ કરી શકે તેમ નથી અને આમય આ જે સરકાર છે એમ કહે કે અમે આની શરૂઆત કરી છે. આપનું શાસન લગભગ દસેક વર્ષથી આ મુખ્યમંત્રીશ્રી આવ્યા ત્યારથી છે. કારણ કે તમારું અગાઉનું શાસન છે, એને તમે તમારું ગણતા નથી. આમ તો ૧૯૯૫ થી તમારું ગણાય, પણ ૧૯૯૫ પછી એવું માનીએ છીએ કે તમે એવું માનો છો કે અગાઉના મુખ્યમંત્રીઓ થયા એ તમારા નહોતા, ભારતીય જનતા પાર્ટીના હોવા છતા પણ અને એણે જે કામ કર્યુ છે, તે તમારું ગણાય નહિ. તમારે ગણવાની ઇચ્છા હોય તો પણ માનનીય મુખ્યમંત્રીશ્રી તમને પરવાનગી આપતા નથી.(અંતરાય) કેશુભાઈ હજી તમારામાં છે. ના, કેશુભાઈ, સુરેશ મહેતા, કાશીરામ રાણા આ બધા તમારામાં છે. વાત એ થતી હતી કે સ્પૉર્ટસની અંદર માનનીય મંત્રીશ્રી એમની માગણીઓ વખતે ખૂબ મોટે પાયે અમે રમત ગમતના ક્ષેત્રમાં આ સરકારે આ કર્યુ, આ સરકારે તે કર્યુ, ખૂબ વાત કરી. મેં બજેટની આખી બુક જોઈ. તે જે સ્પૉર્ટસ વિભાગનું બજેટ છે, એમાં મોટા ભાગે કેન્દ્રીય યોજનાઓ છે, તે સિવાયનું નવું ભાગ્યે જ ખૂબ ઓછું રાખ્યું છે. આ સરકારે એમાં જોયું હોત તો જરૂરથી ખુશી થાત. માનનીય મંત્રીશ્રીએ ખેલ મહાકુંભના ખૂબ વખાણ કર્યા કે ખેલ મહાકુંભ અમે કર્યો. રમે ગુજરાત, વાંચે ગુજરાત. આ બધી ખૂબ વાતો કરી. પણ રમે ગુજરાત. ગુજરાત જ રમે, પછી ગુજરાતથી આગળ કયાંય જવાનું નહિ અને જાય તો જે જોગવાઈઓ કરી છે. આપણે એક-એક હજારની ડિશો સરકારી ખર્ચે ઝાપટી જઈએ,(અંતરાય) ઝાપટી જઈએ, તમે ખવડાવો કોઈક દિવસ તો હું તો ઝાપટી જઉં, એટલે એમાં વાંધો નહિ, પણ આ ખેલાડીને રમવા જાય, રાજય કક્ષાની રમત રમે તો મેં આ વખતે માનનીય અધ્યક્ષશ્રી, એક પ્રશ્ન પૂછયો હતો કે આપણા રાજય કક્ષાના જે પ્લેયર છે અને રાષ્ટ્રીય કક્ષાએ ભાગ લેવા

જતા આપણા રમતવીરોને કેટલું ભથ્થું ચૂકવવામાં આવે છે? માનનીય અધ્યક્ષશ્રી, દૈનિક ભથ્થું હાલ રાષ્ટ્રીય કક્ષાએ ભાગ લેવા જતા રમતવીરોને દૈનિક રૂપિયા સો આપવામાં આવે છે. આ જે રમત ગમતમાં ભાગ લેવા જાય તેને દૈનિક સો રૂપિયાની અંદર અને આપણે જે કક્ષાની હોટલોમાં જઈએ છીએ ત્યાં તો ચાનો એક કપ જ આવે છે. આપણે એમ કહીએ કે રમત ગમતમાં કયારે ભાગ લઈ શકે? તો કહે કે પૌષ્ટિક ખોરાક ખાય તો. તો એના માટે કોઈ જોગવાઈ જ નહીં. સો રૂપિયામાં શું કરવાનું. તેમાં તમે રમે ગુજરાત કરવાના છો. રમે ગુજરાત તમે એટલા માટે લઈ આવ્યા, ખેલ મહાકુંભ એટલા માટે લઈ આવ્યા કે યુવાનોની વચ્ચે મુખ્યમંત્રીનો ફોટો પહોંચાડવો હતો એટલા માટે. બીજો કોઈ હેતુ ન હતો તેનો. જો ખરેખર તમારે રમે ગુજરાત કરવું હોય તો અહીંયાં ૫૦૦ રૂપિયા શું કરવા ન આપ્યા? સો રૂપિયાના ૫૦૦ રૂપિયામાં તકલીફ કયાં છે? તે બીલ લઈ આવો અમે ટેકો આપીશું તેમાં. પણ તે નથી કરવું અને તેના કારણે મેડલોની વાત માનનીય મંત્રીશ્રીએ કરી કે અમે અને ૭૦૦ મેડલોની વાત કરી. મને આશ્ચર્ય થયું. એટલે મેં આ ફેબ્રુઆરી માર્ચની અંદર જે નેશનલ ગેમ્સ રમાઈ, રાષ્ટ્રીય ખેલકૂદ સ્પર્ધા. તેમાં માત્રને માત્ર એક જે એવી સ્પર્ધા છે કે રાષ્ટ્રીય કક્ષાએ માન્ય ખેલ ગણાય છે. તેના પછી બહાર જવું હોય તો તે કોમનવેલ્થ ગેમ અને તેના પછી એશિયન ગેમ્સ ગણાય અને ઓલમ્પિક ગણાય. કોમનવેલ્થની અંદર પણ આપણા દેશે પર્ફોમન્સ સારું કરેલ છે. તેમાં ગૌરવ લેવું જોઈએ. * (xxxx) (અંતરાય) (xxxx) અહીં આવશે. મને રહેવા દો. તે (xxxx) તેની તમારે તપાસ કરવી જોઈએ. )

**સભાપતિશ્રી:** માનનીય અર્જુનભાઈ આપ વિષય ઉપર આવી જાઓ. બીલ ઉપર આવી જાઓ. પેલો શબ્દ રેકર્ડ ઉપરથી દૂર કરું છું.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : મને ચિંતા એટલી છે કે ગુજરાતના રિસોર્સીસ નીરા રાડીયા લઈ ગઈ. નહીં તો હું નીરા રાડીયાનું નામ પણ ન લેત.

**સભાપતિશ્રી:** માનનીય અર્જુનભાઈ આપ વિષય ઉપર આવો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું તો માત્ર ગેમ્સની વાત કરતો હતો. હું જરાય પોલીટીક વાત કરતો ન હતો. મને ધરાર એ બાજુ લઈ જવામાં આવે છે. હું વાત એ કરતો હતો કે આ નેશનલ ગેમ્સમાં આપણે એક ગોલ્ડ મેડલ સમ ખાવા ન મળ્યો. ખેલ મહાકુંભ અહીં નહીં પણ સ્પોર્ટમેનને કંઈક સગવડતા આપો તો થાય. માત્ર મુખ્યમંત્રીના ફોટા અને બીજી વ્યવસ્થા કરો તેનાથી સફળતા ન મળે. રાજકીય સફળતા જરૂર મળશે તમને. પણ તેનાથી રમત ગમતની કોઈ સેવા નહીં થઈ શકે. એમાં આ નેશનલ ગેમ્સની અંદર એકપણ ગોલ્ડ મેડલ નહીં. માત્ર બે બ્રોન્ઝ મેડલ અને એક સિલ્વર મેડલ. તે પણ આ જે ત્રણ ગેમો છે તેમાં મળ્યા છે. એક અંશુલ કોઠારી છે તેને સ્વીમીંગમાં બ્રોન્ઝ મળ્યો. ભાઈઓ માટેની ટેબલ ટેનિસ હતી તેમાં એક સિલ્વર મળ્યો અને એથેલોનમાં પૂજા આપણી જે દિકરી હતી તેને બ્રોન્ઝ મેડલ મળ્યો. એ સિવાયની જે રમતો હતી તેમાં એકપણ રમતમાં એકપણ મેડલ મળ્યો નહીં. છતાં આપણે ખેલ મહાકુંભ, ખેલ મહાકુંભ, અરે, મણીપુરને ગોલ્ડ મેડલ મળતો હોય, નાનકડું રાજય એક શહેર જેવું, આપણા અમદાવાદથી નાનું તો ગુજરાતની અંદર તમારા મુખ્યમંત્રી શાસન કરે છે, તમે જેને તમારા મુખ્યમંત્રી ન્હોતા ગણતા છતાં ભારતીય જનતા પાર્ટીના હતા તે પણ ૧૯૯૫થી શાસન હતું. તો આટલા વખતમાં રમત ગમતની શું સેવા કરી આપણે? માત્ર જી.સી.એ.નો પાછલા બારણેથી કબજો લેવાથી રમતની સેવા નહી થાય. ગાંધીનગરની ચૂંટણીઓ આવે છે એટલે ટિકિટો લઈ અહીં આપી શકાય તેનાથી રમત ગમતની સેવા નહીં થાય. એ કરવું હશે તો એના માટે પૂરતા બજેટની ફાળવણી કરવી પડશે. તો માટે પૂરતા બજૅટની ફાળવણી આપણે કરવી પડશે અને એ બજૅટની ફાળવણી આપણે કરતા નથી પણ માત્રને માત્ર એક રમતગમત યુનિવર્સિટી એક ડિપાર્ટમૅન્ટને આપવાથી યુનિવર્સિટી બનતી નથી અને એટલા માટે આની પાછળ જે હેતુ છે એ હેતુ આ વિધેયકથી બળ આવે એમ નથી એટલે આ વિધેયક સાથે સહમત થઈ શકતા નથી.

**શ્રી નટવરસિંહ ફ. ઠાકોર (મહુધા)** : માનનીય અધ્યક્ષશ્રી, જે ૨૦૧૧ સ્વર્ણિમ ગુજરાત રમતગમત યુનિવર્સિટીનું વિધેયક ઉપર હું મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ રમતગમત યુગો યુગોથી ચાલે છે આ તમે નવું નથી કર્યુ ભાઈ, યુગો યુગોથી ચાલે છે અને અખંડ ભારત વર્ષમાં નાલંદા અને તક્ષશીલા જેવી વિદ્યાલયો હતી અને એમાં રમતગમત શિખવાડતા હતા તો કેવું શિખવાડતા હતા ત્યાં આખી દુનિયાના વિદ્યાર્થીઓ આવતા હતા. રમત ગમતનું શીખવા માટે, દુનિયાના વિદ્યાર્થીઓ આવતા હતા. એવું આપણું ભારત વર્ષ હતું અને તમે કહો કે અમે આ કરી દીધું પણ ભઈ, આ તો વર્ષોથી ચાલે છે. અત્યારે તમે જુઓ તો સાતમા ધોરણથી અથવા તે ગુજરાતી પછી અંગ્રેજીમાં બધા વિષયો હોય છેજને, પણ એમાં આપણે બરાબર ધ્યાન નથી આપતા. અમારા કોંગ્રેસના વખતમાં તો ધ્યાન અપાતું હતું અને તમારામાં તો જેને ટ્રેનિંગ શિક્ષકો છે એમને કારકુનમાં બેસાડી દીધા, ટ્રેનિંગ આપવાના બદલે, એટલે તમે એમને ટ્રેનિંગ આપવાનું કહો ભઈ, એમને તમે કારકુની ના શિખવાડો, આ તો કારકુનમાં બેસાડી દીધા, અને જુઓ તમે, આપણે ખેલકૂદમાં જે પ્રોત્સાહન આપવા માટે તૈયાર છીએ, નથી એમ નહીં પણ તમે એ રીતે બનાવો તો? બરોબર, ખેલકૂદ માટે હાલમાં તમે જુઓ પ્રાથમિક શાળાઓ છે, માધ્યમિક શાળાઓ છે કૉલેજો છે એમાં રમતો રમાડાય જ

* (xxxxxx)માનનીય સભાપતિશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

છે. અને તમે આ વખતે ખેલકૂદ કર્યુ એમાં તમે જુઓ ખેલકૂદ મહાકુંભ કર્યો એમાં ત્રીસ જણને ઈનામ મળ્યાં, પહેલાં આપણે સો થી દોઢસોને ઈનામ આપેલાં, પહેલાં અમારા વખતમાં, બરોબર, પણ તમે કહો છો કે અમે આ કર્યુ, આ કર્યુ પણ ભઈ એ ક્યારે કહો કે તમે એમાં સકસેશ થાઓ તો ખરું, પણ સકસેસ તો થતા નથી તમે જુઓ, ઘણા તારલાઓ છે આપણા ગુજરાતમાં, આખા દેશનું નામ રોશન કરે એવા છે. પણ આપણે એમને મદદ કરતા નથી, આપણે એમને સમજી શકતા નથી અને આપણે પક્ષાપક્ષી રાખીએ છીએ કે આ કોંગ્રેસનો અને આ ભાજપનો પણ અલ્યા ભઈ, આમાં પક્ષાપક્ષી ના રખાય, રમત એટલે બધાની રમત, બધાની નામના કરવાની છે,આખા ગુજરાતની નામના કરવાની છે પણ એવા તારલા છે પણ એમને કોઈ મદદ નથી કરતા અને જે ના આવે એને મદદ કરીએ છીએ એટલે જ આપણે પાછળ છીએ. ભલે તમે યુનિવર્સિટી કરો, પણ એનો અર્થ ન સચવાય તો એનો કોઈ અર્થ નથી. એ અર્થ સચવાય તો કરો, તમે જુઓ, તક્ષશિલા અને નાલંદા વિદ્યાપીઠો હતી તો એનું તો આખા વર્લ્ડમાં નામ હતું, આખી દુનિયામાં એનું નામ હતું. તો એવું કંઈક કરી બતાવો તો ખરા. નહીં તો કરીને પણ શકો અર્થ નથી. બરોબર, એટલે તમે સારી રીતે સમજો સારું ભઈ, નહીં સમજો તો કાંઈ અર્થ નહીં, એટલે આવું બધું કરવું જોઈએ. જુઓ એક તો આપણી ક્રિકેટ, પછી ફુટબૉલ, પછી બૉક્સીંગ, ગોળાફેંક, ઘોડેસવારી, તરવાની હરીફાઇ, મોટરગાડીની હરીફાઇ , હૉકીની હરીફાઇ, આવી ઘણી આપણી રમતો છે પણ એમાં આપણે સકસેસ થયા નથી અને તમે જુઓ, અમારા વખતનું તમે જુઓ કે ભઈ, કેટલા રમતવીરોને ઈનામ મળ્યું, એક તો આપણા અંશુમાન ગાયકવાડ, ઈરફાન પઠાણ, યુસુફ પઠાણ, પીયૂષ પટેલ, અને કીર્તિ પટેલ જેવા કેટલાય ખેલાડીઓને આપણે આપણા ગુજરાતમાં પેદા કર્યા છે તો તમે એવા કોઈ ખેલાડી આપણા ગુજરાતમાંથી પેદા કરો ભઈ, ક્યારે એ પેદા થાય કે જ્યારે તમે એને શિક્ષણ આપો તો, શિક્ષણ નહીં આપો તો કયાંથી પેદા થવાના છે? તમે જુઓ પહેલાં હતા આપણા ઋષિમુનિઓ એ કેવી તાલીમ આપતા હતા. પહેલા યુગમાં જુઓ, ઋષિમુનિઓ તાલીમ આપતા હતા રમતગમતમાં, પણ અત્યારે જોઈએ તો આપણા જે શિક્ષકો છે એ કાંઈ બરાબર ભણાવે નહીં, બરાબર ટ્રેનિંગ ન આપે, બીજા કામમાં એને બેસાડી દો તમે, તો એનો કશો અર્થ નહીં. ફિકસ પગારમાં રાખો એટલે શું કામ કરે? એને જે પગાર આપવો જોઈએ એ આપતા નથી એટલે તેઓ કંઈ કામ કરી શકતા નથી. યુનિવર્સિટી બનાવો તો સારી રીતે ચલાવવાની હોય તો બનાવો તો અમે સંમત છીએ પણ સારી ન બનાવો તો અમે સંમત નથી. આ સારું કામ છે કેમ કે યુવાનોની શારીરિક શકિત વધે અને જો શારીરિક શકિત વધે તો યુવાનો ઘણી રીતે આપણા દેશ માટે કામ આવે. એટલે આમ તો સારી બાબત છે પણ તમે એ પ્રમાણે નિયમો પાળો તો નહીં તો નહીં. અમારા વખતમાં રમત-ગમતના મેદાનો ઘણાં બનાવેલા હતા પણ તમારા આવ્યા પછી આ મેદાનો પર દબાણ થઈ ગયા છે એ મેદાનો ખુલ્લા કરાવો તો સારું. રમત-ગમત માટે મેદાનો તો જોઈશેને? આ બધા મેદાનો પર તમારુ રાજ આવ્યા પછી દબાણો થઈ ગયા છે અને ઉદ્યોગોને આપી દીધા છે એ ખાલી કરાવો અને ઉદ્યોગોને ન આપો એવી મારી વિનંતી છે. રમત-ગમત માટે મેદાનો સારા રાખો આ અમારા વખતમાં બધું હતું પણ તમારા આવ્યા પછી બધું બગડી ગયું છે એ સુધારો તો સારું નહીં તો કંઈ અર્થ નથી. બીજું વહીવટ કરવો હોય તો વ્યવસ્થિત વહીવટ કરવો પડે નહીં તો લોકો કાઢી મૂકશે તમને. જો વહીવટ સારો નહીં કરો તો અમે એ બાજુ આવવાના જ છીએ વહેલા-મોડા આ ૨૦૧૨માં જ અમે ત્યાં આવી જઈશું તમે જોજો. કારણ કે તમારો વહીવટ કેવો છે એ લોકો જાણી ગયા છે કે રમત-ગમતમાં તમે બરાબર વહીવટ કરતા નથી. રમત-ગમતમાં બરાબર સારો વહીવટ નહીં થાય તો લોકો કાઢી મૂકશે.

**શ્રી બાબુભાઈ મે. શાહ (૨૫૨)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રમત-ગમત મંત્રીશ્રી સ્વર્ણિમ ગુજરાત રમત-ગમત યુનિવર્સિટીનું વિધેયક ૨૦૧૧ લઈને આવ્યા છે તેના ઉપર મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રમત-ગમતનું મેદાન એટલે ખેલદિલીનું મેદાન. અને એની અંદર કોઈ મતભેદ હોઈ શકે નહીં પરંતુ એના લેખાજોખા તો લેવા જોઈએ. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રમત-ગમત મંત્રીશ્રી અહીંયા યુનિવર્સિટીનું જે વિધેયક લાવ્યા એના બદલે એના અંદરની બધી વિગતો જોઈએ તો એકેડેમી એને નામ આપ્યું હોત તો વધુ ઉચિત ગણાત. માનનીય અધ્યક્ષશ્રી, એકેડેમીક રીતે આ રાજયની અંદર ખેલાડીઓને તાલિમ આપવા માટેની અને તૈયાર કરવા માટેની ખૂબ લાંબાગાળાની યોજના હોવી જોઈએ. એટલા માટે કે, આ સન્માનીય સભાગૃહના માનનીય જયદિપસિંહજી બારિયાને મારે યાદ કરવા જોઈએ. કારણ કે, જયદિપસિંહજી બારિયા એ મેદાનના માણસ હતા અને એથ્લેટિકસ અને એ બધા ગ્રાઉન્ડ ઉપર એ ખેલાડીઓને પ્રોત્સાહન આપવા માટે અને એને તૈયાર કરવા માટે હંમેશા તેઓ હાજર રહેતા હતા. માનનીય મનોહરસિંહજી જાડેજા આ સન્માનીય ગૃહના સભ્ય હતા તેઓ રણજિત ટ્રોફી પ્લેયર હતા તેઓ પણ હંમેશા રમતવીરોને પ્રોત્સાહન આપવા માટે થઈને તત્પર રહેતા હતા. એજ રીતે પ્રવીણસિંહજી ગોહિલ જે બોટાદના ધારાસભ્ય હતા તેઓ પણ ટેબલ ટેનિસના ખૂબ સારા પ્લેયર હતા. માનનીય અધ્યક્ષશ્રી, આજ પણ અહીંયા આ સભાગૃહના કેટલાય સભ્યોએ રમતવીરો તરીકે પોતાની ચાહના મેળવી હશે અને અત્યારે પણ આ સન્માનીય ગૃહના જે સભ્યો છે એમાંથી કેટલાય રમત રમતા હશે એ બધાની ઈચ્છા સ્વાભાવિક હોય કે ગુજરાતના કોઈ ખેલાડીઓ રાષ્ટ્રીય કક્ષાએ કે આંતરરાષ્ટ્રીય કક્ષાએ નામના મેળવે એટલા માટે આ અમારા સૂચનો છે એને હકારાત્મકથી લેવામાં આવે એને ટીકાત્મક રીતે ન લેવામાં આવે. એટલા માટે કે એશિયાડની અંદર એક વખત એની કોરિયોગ્રાફી માટે આપણી ટીમ મોકલવાની હતી કારણ કે

રમત-ગમત અને સાંસ્કૃતિક બાબત હંમેશા એક સાથે શિક્ષણ વિભાગમાં એ વખતે હતું, ત્યારે એક જાહેરાત આવી કે જે ખેલાડીઓએ કોરિયોગ્રાફીમાં જવું હોય એને ૩૦ રૂપિયા આપવામાં આવશે. એટલે એ વખતે મંત્રીશ્રી મનોહરસિંહ જાડેજા હતા એમનું ધ્યાન દોરેલું કે દાદા આપ મંત્રી છો અને ગુજરાતના રમતવીરો હોય કે કલાકારો હોય એની સાથે આ પ્રકારનો વ્યવહાર, ૩૦ રૂપિયામાં દાડિયો પણ મળે ખરો? અને એમણે ખેલદિલીપૂર્વક સ્વીકારી લીધું અને એશિયાડમાં આપણી જે ટીમ જ્યારે કોરિયોગ્રાફી માટે વાદ્યકારોની ગયેલી અને એને રાજયના મહેમાન તરીકેનું સ્થાન ત્યાં આપેલું. આમ રાજયના મહેમાન તરીકેનુ સ્થાન તમે રમતવીરોને આપો અને રાજયના જે ગેસ્ટ હોય એ રીતે એની સાચવણી રાખો તો આ રમતવીરોને પોતાનું કૌવત દેખાડવા માટેની અનુકૂળતા થશે. આપણે બીજુ કંઈ આપી નથી દેવાના પણ તેને અનુકૂળ બનવા માટે કારણ કે બીજા રાજયોના ખેલાડી હોય અને તેને જે રીતે ત્યાં રાખતાં હોય અને તેની સામે આપણાં રાજયના ખેલાડીઓને પૂરતું પોષણ મળે એટલો ખોરાક પણ જો તેને ના આપીએ તો એ શું કરવાનો છે ? એટલા માટે થઈને આ બિલ જ્યારે આવ્યું છે ત્યારે આ યુનિવર્સિટીના માત્ર ખેલ રમે ગુજરાત તેની સમાપન વખતે કહેવામાં આવ્યું હોય તેની માત્ર ઇચ્છા એ વચન પૂરું કરવા માટે થઈને આવ્યું હોય તો બરાબર નથી પરંતુ એ સાચા દ્રષ્ટિની અંદર અમલી બને અને આવતાં દિવસોમાં જે આપણો આંતરરાષ્ટ્રીય કક્ષાએ તો નહીં પણ રાષ્ટ્રીય કક્ષાએ પણ મેડલ મળવામાં આંક સતત નીચો ગયો છે તે ફરીથી આપણે આંકને પહોંચી વળીએ તેનાથી પણ આગળ વધીએ એટલી મારી વાત કરીને હું પૂરું કરીશ.

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, આજના મારા બિલની ચર્ચામાં માનનીય સભ્યશ્રી અર્જુનભાઈ મોઢવાડીયા, શ્રી નટવરસિંહજી અને બાબુભાઈએ પોતાના વિચારો રજૂ કર્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે અર્જુનભાઈ બોલતા હતા અને ત્યારે જ્યારે તેમણે કોમનવેલ્થનો ઉપયોગ શબ્દોમાં કર્યો, ઉલ્લેખ કર્યો ત્યારે મારે તેમને કહેવું જોઈએ કે કોમન વેલ્થમાં જો આપણી આબરૂ કોઈએ જો બચાવી હોય તો એ રમતવીરોએ બચાવી છે આયોજકોએ તો કરોડોનો ભ્રષ્ટાચાર કર્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી વાત તેમણે કરી કે દરેક જગ્યાએ માનનીય મુખ્યમંત્રીશ્રીના ફોટા તો જ્યારે માહિતી પ્રસારણ વિભાગની માગણી વખતે મારા સાથી મંત્રીશ્રીએ કહ્યું હતું હું તેને દોહરાવું છું કે રાજયના મુખ્યમંત્રી હોય તો તેમના ફોટા હોય. અને એનાથી જરાય ઈર્ષા રાખવાની કે પીડા ભોગવવાની કોઈ જરૂર નથી. તેમણે બીજી એક વાત કરી કે તેમને ઓટોનોમશ બોડી હોવી જોઈએ તો કલમ સેકસન ૯(૩)માં જે સર્ચ કમિટીની ભલામણ કરવામાં આવી છે તેની અંદર રાજય સરકાર સિવાયના પણ જે રમતવીરો છે તેમને આપણે આમંત્રિત કરવાના છે. બીજી તેમણે પોષક આહારની વાત કરી. આપણે ત્યાં રાજય સરકારની શકિતદીપ યોજના ચાલે છે અને આ યોજનામાં યુવાનોને પોષક આહાર તાલીમ માટે ખાસ સહાય આપવામાં આવે છે. અને મને કહેતાં આનંદ થાય છે કે કુ.લજ્જા ગોસ્વામીને રાયફલ માટે આપણે સહાય કરી હતી અને પાંચ લાખનો ચેક માનનીય મુખ્યમંત્રીશ્રી તેમના ઘરે જઈને આપી આવ્યા હતા.

માનનીય અધ્યક્ષશ્રી, નેશનલ ગેમ્સમાં જે વિદ્યાર્થીઓ જીતીને આવતાં હોય છે તેને રૂપિયા ૫૦ હજાર અને અંશુલની તેમણે જે વાત કરી તેમને ૨ લાખ રૂપિયા પ્રોત્સાહનની રકમ રાજય સરકાર તરફથી આપવામાં આવી છે. બીજું તેમણે ટેબલ ટેનિસની અંદર ખ્યાલ હશે કે કેમ પણ ટેબલ ટેનિસમાં સિલ્વર મેડલ પણ આપણને મળ્યાં છે. અને પથિક મહેતાની આગેવાની નીચેની જે ટીમ ગઈ હતી તેમને અદ્ભુત દેખાવ કર્યો હતો અને આવું કહીને આપણે તેને પણ અન્યાય કરી રહ્યાં છીએ. તેમણે રમત ગમતના બજેટની વાત કરી તો મારે કહેવું જોઈએ કે પહેલી જ વખત ૧૪૦ કરોડની જોગવાઈ આ રાજય સરકારે પોતાના બજેટમાંથી કરી છે. અમારા નટવરસિંહે પણ તેમની પોતાની આગવી ભાષામાં જે કંઈ રજૂઆત કરી હું તેમને પૉઝિટીવ લઉં છું. પણ તેમના જ્ઞાનમાં વધારો થાય એટલા માટે મારે કહેવું છે કે આપણે ત્યાં જે કોચીઝ છે તેની ૧૩૧ જગ્યાઓ ખાલી હતી. આ વખતે જ ૭૬ જગ્યાઓની નિમણૂક અપાઈ ગઈ છે અને દરેક વિષયના કોચીસ આજે ઉપલબ્ધ છે. સાથોસાથ આપણે એને બિરદાવીએ કે ન બિરદાવીએ, પણ આ ગુજરાતમાં વિશ્વ કક્ષાએ ભારતનું નામ જો કોઈએ રોશન કર્યુ હોય તો આપણા સ્વર્ણિમ્ ચેસ મહોત્સવે. ૨૦૦૬નો રેકર્ડ હતો મેકિસકોનો ૧૩૦૦૦ somewhat ખેલાડીઓએ ભાગ લીધો હતો. અમદાવાદમાં એકીસાથે ૨૦૦૧૭ ખેલાડીઓએ રમીને ગીનીસ બૂક ઓફ વર્લ્ડ રેકર્ડમાં સ્થાન પ્રાપ્ત કર્યુ એ પણ ગૌરવ લેવા જેવી વાત છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી એમણે વાત કરી કે અમારા વખતે મેદાનો હતા. કયાં હતા, કેવા હતા, જયારે પણ મળવાનું થાય ત્યારે મને કહેશે તો મને આનંદ થશે.

**સભાપતિશ્રી:** માનનીય બાબુભાઈ, પ્લીઝ. બેઠા બેઠા કોમેન્ટ ન કરો.

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા:** માનનીય અધ્યક્ષશ્રી, આ રાજય સરકારે દરેક જિલ્લામાં સ્પોર્ટસ સંકુલ ઉભા કરવા માટેનું આયોજન કર્યુ. સરદાર વલ્લભભાઈ પટેલના નામ સાથે એને જોડયુ અને આજે ૧૦ જિલ્લામાં આ માટેના કામ પૂર્ણ થયા છે. જયાં જયાં જમીન ઉપલબ્ધ થઈ છે ત્યાં એક સ્પોર્ટસ સંકુલ બનાવવા માટેનું આયોજન પણ આ સરકાર કરી રહી છે અને મેં જે જાહેરાત કરી કે ગાંધીનગરમાં ૧૦૦ કરોડના ખર્ચે રાજય કક્ષાનું એક સ્પોર્ટસ સંકુલ અને એના માટે ૫૦ કરોડની જોગવાઈ આ વખતના બજેટમાં કરવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, યુનિવર્સિટી કક્ષાએ એટલા માટે, અમારા વડીલ છે બાબુભાઈ. એમણે કીધું કે ભાઈ, આને બદલે એકેડેમીક બનાવ્યુ હોત તો સારું હતું. આ યુનિવર્સિટી કક્ષાએ એટલા માટે કે આપ્યું છે કે એમાં એમને જે ડિગ્રી મળશે. એકેડેમીકમાં ડિગ્રી ના મળે. એમાં જે ડિગ્રી મળે, એમાં જે યુવાનો છે, (અંતરાય) અંદર જોગવાઈ આપ પૂરું વાંચશો તો ખ્યાલ આવશે. કે યુવાનોને એમાં ભવિષ્યની કારકિર્દી ઘડવામાં પણ એ ડિગ્રી ઉપયોગી થાય એ માટેનો અમારો પ્રયત્ન છે.

માનનીય અધ્યક્ષશ્રી, જે પ્રશ્નો ઉભા થયા હતા, એના જવાબો માનનીય સભ્યશ્રીઓ સમક્ષ મૂકયા છે. હું સભ્યશ્રીઓને વિનંતી કરું છું કે મારું આ વિધેયક સર્વાનુમતે પસાર કરે.

**પ્રશ્ન મત પર મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા:** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૧ના વિધેયક ક્રમાંક ૧૪નું બીજુ વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત પર મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ ૨ થી ૫૧, કલમ-૧, દીર્ઘસંજ્ઞા અને ઈનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા:** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૧ના વિધેયક ક્રમાંક ૧૪નું ત્રીજુ વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત પર મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**સભાપતિશ્રી:** વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને વિધેયક પસાર કરવામાં આવે છે.

**સન ૨૦૧૧ નું ગુજરાત વિધેયક ક્રમાંક:૧૫**

# ગુજરાત શરીરરચના વિધેયક, ૨૦૧૧

**ઉપચારાત્મક હેતુઓ માટે અથવા શરીરરચના વિષયક તપાસ અને અંગવિચ્છેદન સહિત તબીબી શિક્ષણ અથવા સંશોધનના હેતુ માટે, હોસ્પિટલ અને તબીબી અધ્યાપન સંસ્થાઓને, મૃતક વ્યકિતઓના બિનવારસી શરીર પૂરાં પાડવા માટેની અને કોઈ વ્યકિત દ્વારા મરણોત્તર દેહદાન માટેની જોગવાઈ કરવા બાબત વિધેયક**

**શ્રી જયનારાયણ વ્યાસ ( આરોગ્ય અને પરિવાર કલ્યાણમંત્રીશ્રી)** :માનનીય અધ્યક્ષશ્રી, •રાજપત્રમાં અગાઉ પ્રસિધ્ધ થયેલ સન ૨૦૧૧ નું વિધેયક ક્રમાંક-૧૫-સન ૨૦૧૧ નું ગુજરાત શરીર રચના વિધેયકને હું આપની પરવાનગીથી દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી** : વિધેયક દાખલ કરવામાં આવે છે.

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૧ નું વિધેયક ક્રમાંક-૧૫-સન ૨૦૧૧ નું ગુજરાત શરીર રચના વિધેયકનું પહેલું વાંચન કરવામાં આવે.

**પ્રરસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી જયનારાયણ વ્યાસ:** માનનીય અધ્યક્ષશ્રી, હું આ જે વિધેયક લઈને આ સન્માનનીય સભાગૃહ સમક્ષ આવ્યો છું એમાં આમ તો કેટલીક જોગવાઈઓ સ્વયંસ્પષ્ટ છે, પરંતુ કેટલીક બાબતો મારે આ સન્માનનીય સભાગૃહ સમક્ષ મૂકવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, બોમ્બે એનેટોમી એકટ ૧૯૪૯ ને સ્થાને ગુજરાત એનેટોમી એકટ ૨૦૧૧ ની કેટલીક વિશિષ્ટતાઓ એ છે કે અગાઉનો કાયદો એ અમદાવાદ, વડોદરા, સૂરત અને નડિયાદને જ લાગુ પડતો હતો. હવે આ કાયદો સમગ્ર ગુજરાત રાજયને લાગુ પડે તેવી જોગવાઈ આ વિધેયકમાં સૂચવી છે. એમાં કુદરતી મૃત્યુની વ્યાખ્યા ઉમેરવામાં આવી છે જે અગાઉના કાયદામાં નહોતી. કુદરતી મૃત્યુ થયેલ હોય એને જે આ કાયદો લાગુ પડે છે એમાં કુદરતી મૃત્યુ બાબતમાં શંકા હોય તો પોલીસ કાર્યવાહી કરવાની જોગવાઈ સૂચવેલ છે જે અગાઉના કાયદામાં નહોતી. મૃતદેહ સંબંધમાં દાવો કરનાર નજીકના સગા કોણ છે એ માટે એકઝિકયુટિવ મેજીસ્ટ્રેટ નો નિર્ણય આખરી ગણાશે તેવી જોગવાઈ અગૌના કાયદામાં નહોતી. કોઈ વ્યકિત આ કાયદાના સંદર્ભે કોઈ કાર્યવાહીમાં અંતરાય ઉભો કરે તો રૂા. ૫ હજારની જોગવાઈ આ વખતે કાયદામાં સૂચવવામાં આવી છે જે અગાઉ રૂા. ૫૦૦ ની હતી. શૈક્ષણિક હેતુ માટે મૃતદેહ યોગ્ય ન જણાય તો એનો સંસ્થા અસ્વીકાર કરી શકે એવી જોગવાઈ સૂચવેલ છે જે અગાઉના કાયદામાં નહોતી. જીવંત વ્યકિત જો જીવતાં જ જાહેર કરે એટલે કે દેહદાનની એની વાત હોય તો મૃત્યુ બાદ એના મૃતદેહને શૈક્ષણિક હેતુ માટે સ્વિકારવાની જોગવાઈ સૂચવેલ છે જે અગાઉના કાયદામાં નહોતી અને જે ઝડપે નવી મેડીકલ કોલેજો, ફીઝીયોથેરાપી કોલેજો અને બાકીની જે અભ્યાસ અને રિસર્ચ માટેની જરૂરિયાતો ઉભી થઈ રહી છે એને આનાથી એક મદદ થશે. જરૂરી કાર્યવાહી બાદ મૃતદેહનો નિકાલ કરી શકાશે એવી જોગવાઈ સૂચવેલ છે. મૃતદેહ સંબંધમાં જે તે સંસ્થાએ રજીસ્ટર વગેરે નિભાવવાની જોગવાઈ સૂચવેલ છે એટલે આ કાયદાને કારણે મૃતદેહ દેહદાન આપ્યા બાદ અથવા તો અત્યારસુધી જે બિન વારસી મૃતદેહ મળે એના પૂરતી

• વિધેયક તા.૧૧મી માર્ચ ૨૦૧૧ના રાજપત્રમાં પ્રસિધ્ધ કરવામાં આવ્યું છે.

જ જોગવાઈ સીમિત હતી, એક મર્યાદિત રીતે એની અમલવારી શકય હતી એના બદલે વ્યાપક સ્વરૂપે અને એના નિકાલ સંબંધમાં સંપૂર્ણ માર્ગદર્શિકા સાથેનો નવો કાયદો અસ્તિત્વમાં લાવવા માટેની દરખાસ્ત છે અને હું માનું છું ત્યાં સુધી એમાં માનનીય સભ્યશ્રીઓનું અનુમોદન પ્રાપ્ત થશે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા (પોરબંદર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનીય મંત્રીશ્રી આ જે બિલ લાવ્યા છે એને અમે આવકારીએ છીએ અને એમાં મારો થોડાંક સૂચનો કરવાનાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, જે માનનીય મંત્રીશ્રીએ ચિંતા વ્યકત કરી કે મેડીકલ કોલેજોમાં અત્યારે જે સામાન્ય રીતે વિદ્યાર્થીઓને ભણવા માટેનું રો-મટિરીયલ્સ છે એ માણસનું શરીર છે અને એની સંખ્યા મર્યાદિત હોવાને કારણે મુશ્કેલી પડે છે. એટલે વધારે દેહદાન થાય અને બીન વારસી બોડી અને આ દેહદાન થયેલ બોડી છે એ માટેના જે નિયમો બનાવ્યા છે એ હું માનું છું કે એ કોઈ નિષ્ણાતોએ જ તૈયાર કર્યા હશે. એટલે એમાં હું જતો નથી, પરંતુ માનનીય મંત્રીશ્રીને મારું સચન છે કે અત્યારે જે માણસોને જુદા જુદા રોગોને કારણે શરીરના જુદા જુદા ઓર્ગન્સની જૂરીયાત રહે છે એ ઓર્ગન્સ પણ બીજા કોઈપણ પ્રકારના ઓર્ગન્સ એ પણ દેહદાન થાય અથવા બિનવારસી લાશ મળે એમાંથી જો ઉપયોગ થઈ શકતો હોય તો એ કાયદામાં કોઈ જગ્યાએ જોગવાઈ કરી હોય તો અત્યારે જે હવે તો એવી પરિસ્થિતિ ઉભી થઈ છે કે ૩૦ પ્રકારનાં માણસોનાં ઓર્ગન્સ છે એનો ઉપયોગ કરી શકાય છે.

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

બીજું ડોનેશન સ્વીકારનાર માણસના શરીરમાં તેનું નિરુપણ કરી શકાય છે. તો આ કાયદા દ્વારા આવી બીન વારસી બોડી મળે અથવા દેહદાનથી બોડી મળે તો તે બોડીના ઓર્ગન્સનો ઉપછોગ કરી શકાય તેવા પ્રકારની વિચારણા રાજય સરકાર કરે તો હું માનું છું કે ઘણા લોકોને આપણે નવી જિંદગી આપી શકીશું આટલા મારા સૂચન સાથે હુંઆ બિલને આવકારું છું.

**શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર)** : માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક-૧૫ લઈને માનનીય આરોગ્ય મંત્રીશ્રી આવ્યા છે તેને હું મારું સમર્થન આપુંછું. મૃત્યુ પછી દેહદાન કે બીન વારસી શબને ઉપયોગમાં લેવા માટેની વ્યવસ્થા છે તેને વધુ અસરકારક બનાવવા માટે નિયમમાં થોડાક સુધારાઓ આવ્યા છે, માનનીય અર્જુનભાઈએ કહયું તે પ્રમાણે માનવદેહના કેટલાક અંગો મૃત્યુ પછીના થોડાક સમયમાં લેવામાં આવે તો તે ઉપયોગમાં આવી શકે છે. દા. ત. અકસ્માતમાં કોઈ યુવાનનું મૃત્યું થાય અને તેની કીડની સમયસર તેના પરિવારજનો તેની લાગણી સમજીને આપે તો એમાંથી બે કીડનીનું પ્રત્યારોપણ થઈ શકે છે. માનનીય આરોગ્ય મંત્રીશ્રી જયનારાયણભાઈએ આ બાબત સ્વીકારી છે અને કીડનીના પ્રત્યારોપણનું કામ કરનારા છે તેને હંમેશા તે ઉપયોગી થાય છે. માનવદેહ છે તે જીવતો તો કામમાં આવે જ છે પણ મૃત્યુ પછી પણ કામમાં આવે તો તેને આવકારવું જોઈએ. અને તેને અનુભુતી કરવી જોઈએ. એટલે આ બિલના વિરોધમાં કંઈ કહેવાનું નથી પણ તેનો વધુ અસરકારક રીતે અમલ થાય, તેનો બહોળો પ્રચાર-પ્રસાર થાય અને જેમ નેત્રદાન કરવામાં આવે છે એમ દેહદાનનો પણ પ્રચાર કરવામાં આવે તો આવતા દિવસોમાં એટોનોમીક ડિપાર્ટમેન્ટમાં જે જરૂર માનવદેહની છે તે પુરતા પ્રમાણમાં મળી રહે એટલી વાત કહીને મારું સ્થાન લઉં છું.

**શ્રી જયનારાયણ વ્યાસ ( આરોગ્ય અને પરિવાર કલ્યાણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, એક મુદ્દો જે ઉભો કરવામાં આવ્યો તે વાસ્તવીક છે અને માનનીય બન્ને સભ્યશ્રીઓની ચિંતા સાથે હું સૂર પુરાવું છું. ગુજરાતમાં આપણે કેડેવર જેને કહેવાય, માણસ બ્રેઈનડેડ થાય તે દરમિયાન ઓર્ગન લેવામાં આવે છે તેના માટેનો એક અલગ કાયદો છે. હયુમન ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટ એકટ મારફત તે ગવર્ન થાય છે. અને તેના માટે અલગય જોગવાઈઓ પણ છે. અને તેનો ઉપયોગ આપણે કરીએ છીએ અને કરશું. આ મૃતદેહ છે તેમાં અત્યારસુધી દેહદાન કરીએ અથવા બીજી રીતે તેનો નિકાલ કરવા માટેની જોગવાઈઓ અસ્પષ્ટ હતી એટલા પુરતું આ બિલની જોગવાઈઓ મર્યાદિત છે. એટલે આથી વિશેષ મારે કોઈ સ્પષ્ટતા કરવાની નથી.

**પ્રશ્ન મત માટે મુકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક-૧૫-સન ૨૦૧૧નું ગુજરાત શરીર રચના વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ ૨ થી ૧૫, કલમ ૧, દીર્ઘસંજ્ઞા અને ઈનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

**શ્રી જયનારાયણ વ્યાસ :** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક-૧૫-સન ૨૦૧૧નું ગુજરાત શરીર રચના વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તેને પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી** : સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક-૧૫-સન ૨૦૧૧નું ગુજરાત શરીર રચના વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તેને પસાર કરવામાં આવે છે.

# સન ૨૦૧૧નું ગુજરાત વિધેયક ક્રમાંક-૧૬
# ગુજરાત ટૂંકી સંજ્ઞા (સુધારા) વિધેયક, ૨૦૧૧
# મુંબઇ અધિનિયમોની ટૂંકી સંજ્ઞા સુધારવા બાબત વિધેયક

**શ્રી દિલીપ સંઘાણી (વૈધાનિક અને સંસદીય બાબતોમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, *રાજયપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક-૧૬-સન ૨૦૧૧નું ગુજરાત ટૂંકી સંજ્ઞા (સુધારા) વિધેયક આપની પરવાનગીથી દાખલ કરુ છું.

**અધ્યક્ષશ્રી** : વિધેયક દાખલ કરવામાં આવે છે.

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરુ છું કે સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક-૧૬-સન ૨૦૧૧નું ગુજરાત ટૂંકી સંજ્ઞા (સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, મેં અગાઉના બે બિલમાં આજે જ ઉલ્લેખ કરેલો કે આ ગુજરાત વિધાનસભાનો આજનો દિવસ પ્રત્યેક ગુજરાતી માટે એ ગુજરાતમાં હોય કે ગુજરાત બહાર હોય એ ગૌરવપદ લાગણી અનુભવશે એવો ઐતિહાસિક નિર્ણય આ ઘડીએ ગુજરાત વિધાનસભા લઈ રહી છે. એનો વિચાર માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ પહેલી મેના રોજ સ્વર્ણિમ ગુજરાતની ઉજવણી વખતે એક સંકલ્પ જાહેર કરીને કરેલો કે ગુજરાતમાં પ્રત્યેક ગુજરાત સમગ્ર ક્ષેત્રે ગૌરવપદ રીતે પોતાનું તમામ ક્ષેત્રનું કામ કરી શકે એવા હેતુ સાથે જે કેટલાક નિર્ણયો કર્યા છે એ પૈકીનો આજનો નિર્ણય એટલા માટે ગૌરવ પદ ગણું છું. બૉમ્બેની જગ્યાએ ગુજરાત અત્યારના ૬૭ જેટલા કાયદાઓમાં આ વિધેયક પસાર થયા પછી થશે, આપણને ઘણી વખત થાય કે નામમાં શું? પણ નામ એવી ચીજવસ્તુ છે કે આપણા પોતાના નામની સાથે કદાચ કોઈ જગ્યાએ લખાયું હોય અને ખાલી રસ્વય દીર્ઘયમાં ફેરફાર હોય તો જ્યાં સુધી એમાં આપણે સુધારો ન કરીએ ત્યાં સુધી આપણને એ નામમાં આતુરતા હોય છે. ત્યારે ૫૦-૫૦ વર્ષ સુધી આ ગુજરાતની રચના પછી એ ગુજરાતના કાયદાઓ બૉમ્બેના નામે ચાલ્યા અને આ બૉમ્બેના નામે કાયદા ચાલવાને કારણે કેટલીક વખત કોર્ટ તરફથી ઉચ્ચ ન્યાયાલય તરફથી એના સૂચનો થયા કે આ હવે કાયદામાં ફેરફારો કરવા જોઈએ. અને એવો આ કાયદો પહેલી માર્ચ, ૨૦૧૧ આ ચાલુ વર્ષમાં જ્યારે સુધારો લઈ જવા જઈએ છીએ ત્યારે ૧૯૬૦ના વ્દીભાષી મુંબઇ રાજયનું જ્યારે વિભાજન થયું ત્યારે ગુજરાત રાજય અસ્તિત્વમાં આવ્યું ત્યારે ધી બૉમ્બે રીઓર્ગેનાઈઝેશન એકટ ૧૯૬૦ની કલમ ૮૭ અન્વયે નવ રચિત ગુજરાત રાજયમાં આપો આપ લાગુ પડે છે અને એના કારણે કલમ-૮૮ હેઠળ બહાર પાડવામાં આવેલ ગુજરાત એડપ્શન લો, સ્ટેટ કરન્ટ સબ્જેકટ તરીકે ૧૯૬૦થી નવરચિત ગુજરાત રાજયમાં લાગુ પડ્યા હતા. અને એના કારણે બૉમ્બે નામથી ગુજરાત રાજય અમલીકરણ કાયદામાં અસ્તિત્વમાં હતું હવે જ્યારે ૫૦ વર્ષ પૂરા થવા જઈ રહ્યા છે ત્યારે આ કાયદામાં સુધારો કરીને બૉમ્બેની જગ્યાએ ગુજરાત શબ્દનું અમલીકરણ કરવાનો નિર્ણય આજે આપણે કરવા જઈ રહ્યા છીએ. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં જ આ કાયદાઓનું અમલીકરણ છે એવા ભૂતકાળમાં અગાઉ દેશમાં અન્ય રાજયોમાં પણ પ્રસંગો બન્યા હશે. તેના એક-બે કિસ્સા અહીં રજૂ કરવા માગું છું. કર્ણાટક રાજય જ્યારે અસ્તિત્વમાં આવ્યું ત્યારે ૧-૧-૭૩ પહેલાં મૈસૂર નામથી અસ્તિત્વમાં હતું. જે કર્ણાટકે કાયદો સુધારીને તેમાં જનરલ કોડમાં તેમણે મૈસૂરની જગ્યાએ કર્ણાટક કરીને અમલીકરણ કર્યું છે. એવી જ રીતે આપણે જે રાજયમાંથી જુદા પડ્યા એ રાજયમાં બૉમ્બે નામથી પ્રચલિત કાયદાઓમાં જે ચાલે છે તેમાં મહારાષ્ટ્ર શૉર્ટ ટાઈટલ એકટ-૧૯૮૦થી સુધારો કરીને બૉમ્બેની જગ્યાએ મહારાષ્ટ્રના નામે પણ સુધારો કરવામાં આવેલ છે. તો એવી જ રીતે આજે હું ટૂંકા શબ્દોનો સુધારો છે પણ પ્રત્યેક ગુજરાતી ગૌરવ લઈ શકે એવો સુધારો લઈને આવ્યો છું એમાં આ સન્માનનીય ગૃહનું અને પ્રત્યેક ગુજરાતીઓનું સન્માન છે. આપ સૌ સર્વાનુમતે સ્વીકારો એટલી વિનંતી.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા (પોરબંદર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય દિલીપભાઈ જે આ સુધારા લઈને આવ્યા છે તેને હું આવકારું છું અને હું માનું છું કે હવે કદાચ મુંબઈ શબ્દવાળો કદાચ કોઈ અધિનિયમ બાકી નહીં રહ્યો હોય, પણ માત્ર થોડો રૅકૉર્ડ સ્ટ્રેઈટ કરી દઉં કે આની પહેલાં પણ આપણે મુંબઈની જગ્યાએ ગુજરાત કરીને એવા અનેક કાયદાઓમાં સુધારા કરેલા છે. ઓછા જાણીતા થોડાક કાયદાઓ હતા એ થોડા બાકી રહી ગયેલા હતા. ૧૯૬૦ પહેલાના જે કાયદાઓ હતા એમાં મુંબઈનું નામ હતું. ૧૯૬૦ પછી જે કાયદા અસ્તિત્વમાં આવ્યા એ બધા ગુજરાતથી જ પ્રચલિત કાયદાઓ હતા. એટલે એમાં બાકી રહી ગયા હોય એવા બહુ મોટું કામ નથી પણ આ આવકાર્ય પગલું છે કે ગુજરાતમાં જુદા જુદા કાયદાઓ અત્યારે અસ્તિત્વમાં છે, કેટલાક સૌરાષ્ટ્રના નામે છે, કેટલાક કચ્છના નામે છે કેટલાક મુંબઈના નામે છે. એટલે આ જુદા જુદા જે હજી બાકી રહી ગયા હોય, કદાચ હું માનું છું સૌરાષ્ટ્રના નામે પણ કાયદાઓ હશે જ. કારણ કે સૌરાષ્ટ્ર રાજય પણ લગભગ પાંચ-છ વર્ષ

---

* તારીખ ૧૧મી માર્ચ, ૨૦૧૧ના રોજ રાજયપત્રમાં પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.

અસ્તિત્વમાં રહ્યું. એ જ રીતે કચ્છનું રાજય પણ થોડો સમય રાજય બન્યું હતું એ પણ બાકી રહી ગયું હશે. એટલે બધાને સરળ પડે એટલા માટે આ સુધારા છે એ થઈ જાય એ આવકાર્ય છે. એટલે આમાં મુખ્યમંત્રીશ્રીએ સંકલ્પ કરવો પડે એવડું મોટું આ કામ હતું નહીં. આપ સંકલ્પ કરો તો પણ અમે સંમત થઈ જઈએ અને એમાં પણ બહુ સહેલાઈથી..(અંતરાય) આપ પંદર વર્ષથી બેઠાં છો. તો સંકલ્પ આ વખતે શા માટે કર્યો? પહેલા દિવસે ન કરી દો અને હજી કંઈ બાકી રહી ગયું હોય તો તેમના સંકલ્પની રાહ ન જોતા. અમે એ સંકલ્પમાં સૂર પુરાવીશું. જેનો પણ સંકલ્પ હોય એ સંકલ્પ સારો છે અમે એને આવકારીએ છીએ અને આ બિલ વિના વિરોધે પસાર કરવાની અમારી તૈયારી છે.

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અર્જુનભાઈએ જે સૂચન કર્યું છે કે આવા કોઈ કાયદાઓ રહી ગયા હોય તો ચોક્કસ કોઈ કાયદાઓ આવા રહી ગયા હશે તો તેને પણ આ હાઉસમાં લાવીને બૉમ્બે કે સૌરાષ્ટ્ર કે કચ્છ એની જ્યાએ ગુજરાત કરવા માટે આ વિધાનસભામાં પુનઃ લાવીશું. માનનીય અધ્યક્ષશ્રી, આ કાયદા સુધારા પછી મૂળભૂત કાયદાઓમાં જે જોગવાઈ હતી એ પ્રમાણે જ અમલીકરણ રહેશે અને ક્રમશઃ એમાં કોઈ સુધારાઓની જરૂરિયાત હશે તો આ હાઉસ સમક્ષ લાવવામાં આવશે. આ સંકલ્પ જેનો હોય એને પણ માનનીય અર્જુનભાઈએ આવકાર્યો છે. પુનઃ આ સંકલ્પ માનનીય મુખ્યમંત્રીનો જ હતો, એ કહેતા હું આનંદ અનુભવું છું. આપ સૌ સ્વીકારો.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક- ૧૬ સન ૨૦૧૧નું ગુજરાત ટૂંકી સંજ્ઞા (સુધારા) વિધેયકનું બીજું વાંચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિનાવિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ- ૨થી ૫, અનુસૂચી કલમ-૧ દીર્ઘ સંજ્ઞા અને ઈનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક- ૧૬ સન ૨૦૧૧નું ગુજરાત ટૂંકી સંજ્ઞા (સુધારા) વિધેયકનું ત્રીજું વાંચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિનાવિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી** : સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક- ૧૬ સન ૨૦૧૧નું ગુજરાત ટૂંકી સંજ્ઞા (સુધારા) વિધેયકનું ત્રીજું વાંચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

**સભાગૃહનું કામકાજ સાંજના ૬.૩૧ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર મંગળવાર, તા.૨૯મી માર્ચ ૨૦૧૧ ના રોજ બપોરના ૧૨.૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

| વિષય | પાના નંબર |
|---|---|
| **અંબાલાલ આ. રોહિત** | |
| ગુજરાત સાર્વજનિક ટ્રસ્ટ વિધેયક,૨૦૧૧ | ૪૧૯ |
| ગુજરાત સાર્વજનિક ટ્રસ્ટ વિધેયક,૨૦૧૧ | ૪૧૯ |
| **અનિલ જોષીયારા** | |
| આદિવાસી વિસ્તારની શાળાઓમાં બાયોમેટ્રીક હાજરી પધ્ધતિ | ૧૨૮ |
| આદિવાસી વિસ્તારની સરકારી માધ્યમિક શાળાઓને સહાયક અનુદાન શાળામાં ફેરવવા અંગ | ૧૮૧ |
| ગાંધીનગરમાં સ્વેચ્છિક સંસ્થાઓને જમીન | ૧૬૨ |
| જાંબુઘોડા તાલુકાના રીઝર્વ ફોરેસ્ટ નોર્મલ વિસ્તારમાં રિસોર્ટ | ૫૬ |
| ડ્રીલરની ખાલી જગ્યાઓ ભરવા | ૩૮૮ |
| ભિલોડા તાલુકામાં તળાવો ઊંડા કરવાનું કામ | ૨૯૪ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ) | ૨૦૦ |
| વન વિભાગમાં વનપાલ અને વન વિસ્તરણ સહાયકોને પ્રમોશન આપવા બાબત | ૨૬ |
| સાબરકાંઠા જિલ્લાના આદિવાસી તાલુકાઓના ખેડૂતોને નર્મદાનું પાણી આપવાની યોજના | ૩૫૩ |
| સાબરકાંઠા જિલ્લામાં સરદાર આવાસની અરજીઓ | ૪૭ |
| હાથમતી અને ઈન્દ્રાસી નદી કિનારાનાગામોને પૂરથી બચાવવા પ્રોટેક્શન દિવાલો બનાવવા માંગણીઓ | ૨૪૮ |
| **અનિલકુમાર અ. માળી** | |
| બનાસકાંઠા જિલ્લામાં નર્મદા યોજનાની મડકા શાખાનું કામ | ૩૭૫ |
| બનાસકાંઠા જિલ્લામાં પાક વીમા યોજના | ૧૨૨ |
| બનાસકાંઠા જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજનામાં જોબકાર્ડ | ૫ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ) | ૭૬ |
| વાજપાઈ નગરવિકાસ યોજના અંતર્ગતબનાસકાંઠા જિલ્લાની નગરપાલિકાઓને ચૂકવેલ રકમ | ૨૭૩ |
| **અનિલકુમાર ત્રિ. પટેલ** | |
| આપત્તિ વ્યવસ્થાપન મંડળ દ્વારા સ્થપાયેલ ઈમરજન્સી રીસ્પોન્સ સેન્ટરો | ૧૭૪ |
| ગુજરાત ઈન્સ્ટીટ્યુટ ઓફ મેન્ટલ હેલ્થ સાયન્સીઝની સ્થાપના | ૩૧૨ |
| ડાર્ક ઝોનમાં ખેતી માટે ખેડૂતોને વીજ કનેકશન આપવા અંગે | ૨૨૭ |
| પામોલીન તેલ ગરીબ કુટુંબોને આપવા બાબત | ૨૧ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન(બારમો અને છેલ્લો દિવસ) | ૩૩૬ |
| રાજ્યમાં ખોરાક અને ઓષધ પ્રયોગશાળાઓ | ૨૭૯ |
| સપ્તધારા મહોત્સવ | ૧૪૨ |
| **અભેસિંહ મો. તડવી** | |
| અનુદાનીત કોલેજોના વ્યાખ્યાતાઓ માટે તાલીમ કાર્યક્રમ | ૧૩૫ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ) | ૨૦૪ |
| વડોદરા જિલ્લામાં પાક વીમા યોજના | ૧૬૭ |
| વડોદરા જિલ્લામાં સરદાર આવાસ | ૧૦ |
| વડોદરા જિલ્લામાં સી.એચ.સી.ના મકાનો બાંધવા મંજૂર રકમ | ૨૫૮ |
| વડોદરા જિલ્લામા પોલીસ ખાતાના રહેણાંકનાં કામો | ૩૫૫ |
| **અમરસિંહ રા. વસાવા** | |
| આંગણવાડી કાર્યકર અને તેડાગર બહેનોને માસિક વેતન | ૧૮૨ |
| આદિજાતિ સલાહકાર પરિષદની બેઠકો | ૬ |

| વિષય | પાના નંબર |
|---|---|
| **અમરસિંહ ર. વસાવા** | |
| કેન્દ્ર સરકારે આદિવાસીઓના ઉત્થાન માટે ફાળવેલ રકમ | ૩૮ |
| દેવમોગરાને પવિત્ર યાત્રાધામ જાહેર કરવા બાબત | ૨૭૯ |
| નર્મદા જિલ્લામાં વિજ્ઞાન કેન્દ્રોને મંજૂરી | ૪૦૦ |
| ભરૂચ અને નર્મદા જિલ્લામાં પત્થર કાઢવાની ખાણોને સીલ કરવા અંગે | ૩૬૨ |
| ભરૂચ જિલ્લા અને શહેરમાં એન્જીનીયરીંગ કોલેજોમાં ખાલી જગ્યાઓ | ૧૨૯ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ) | ૨૦૧ |
| સરકારી એન્જીનીયરીંગ કોલેજોમાં પ્રિન્સીપાલની ખાલી જગ્યાઓ | ૧૬૩ |
| સરદાર સરોવર નર્મદાની જમણાં કાંઠાની હાઈ કેનાલ શરૂ કરવા બાબત | ૩૯૦ |
| **અમિતકુમાર અ. ચાવડા** | |
| આણંદ અને ખેડા જિલ્લામાં ગોચર અને પંચાયતની જમીન ઉપર દબાણ | ૪૯ |
| આણંદ અને ખેડા જિલ્લામાં જમીનના દબાણ દૂર કરવા બાબત | ૧૬૪ |
| આણંદ જિલ્લા પંચાયતને ઓક્ટ્રોય નાબુદીની રકમ | ૩૧ |
| આણંદ જિલ્લા પંચાયતના આરોગ્ય વિભાગ હસ્તકની કચેરીઓનું મહેકમ | ૨૪૫ |
| આણંદ જિલ્લામાં ઈંટો બનાવનારા પાસેથી વસૂલ કરેલ રોયલ્ટી | ૩૮૪ |
| આણંદ જિલ્લામાં ઈંટોના ભઠ્ઠા | ૩૯૭ |
| આણંદ જિલ્લામાં બાજપાઈ બેંકેબલ યોજના અને વડાપ્રધાન રોજગાર સર્જન પ્રોગ્રામ અંતર્ગત મળેલ અરજીઓ | ૪૦૨ |
| આણંદ જિલ્લામાં રાષ્ટ્રીય સ્વાસ્થ વીમા યોજના અંતર્ગત ઇસ્યુ કરેલ કાર્ડ | ૨૮૯ |
| આણંદ જિલ્લામાં લેબર કોર્ટમાં પડતર કેસો | ૧૩૧ |
| રાજ્યમાં રાઈટ ટુ એજ્યુકેસન એક્ટનો અમલ | ૧૮૩ |
| **અમિતકુમાર અ.ચાવડા** | |
| ડાર્ક ઝોનમાં ખેતી માટે ખેડૂતોને વીજ કનેકશન આપવા અંગે | ૨૨૩ |
| **અરવિંદસિંહ દા. રાઠોડ** | |
| કાલોલ તાલુકાના રસ્તાને રીસરફેસ કરવા બાબત | ૧૨૪ |
| પંચમહાલ જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના | ૨૭ |
| પંચમહાલ જિલ્લામાં હીમોફીલીયાના દર્દીઓને આરોગ્ય સેવાઓ | ૨૫૩ |
| **અર્જુનભાઈ દે. મોઢવાડીયા** | |
| ઑડિટ રિપૉર્ટ સમયસર સભાગૃહમાં રજૂ કરવા અંગે | ૩૨૪ |
| ગાંધીનગર પંચામૃત ભુવન બનાવવા પાછળ ખર્ચ | ૧૭૬ |
| ગાંધીનગર સેન્ટ્રલ વિસ્ટા માટે ઈમારતો અને સરકારી રહેણાંક તોડવા બાબત | ૧૫૦ |
| ગીરના જંગલના સિંહોની વસ્તી ગણતરી | ૩૨ |
| ગીરનાર રોપ વેની મંજૂરી | ૫૦ |
| ગુજરાત અનધિકૃત વિકાસને નિયમિત કરવા બાબત વિધેયક,૨૦૧૧ | ૪૨૫ |
| ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયક,૨૦૧૧ | ૪૦૮ |
| ગુજરાત ટૂંકી સંજ્ઞા (સુધારા) વિધેયક, ૨૦૧૧ | ૪૪૩ |
| ગુજરાત નાણાની ધીરધાર કરનારા બાબત વિધેયક, ૨૦૧૧ | ૪૩૪ |
| ગુજરાત શરીરરચના વિધેયક, ૨૦૧૧ | ૪૪૧ |
| ગુજરાત સાર્વજનિક ટ્રસ્ટ વિધેયક,૨૦૧૧ | ૪૧૪ |
| નર્મદા યોજનાની જુદી જુદી કેનાલના નેટવર્કના કામ | ૩૭૪ |

| વિષય | પાના નંબર |
|---|---|
| **અર્જુનભાઈ દે. મોઢવાડીયા** | |
| પોલીસ સબ ઈન્સ્પેકટર મોડ-૨ના ઉતીર્ણ ઉમેદવારોને નામદાર હાઈકોર્ટના હુકમ અન્વયે નિમણૂક આપવા બાબત | ૩૯૩ |
| મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજનામાં જિલ્લા ઓમબડઝ્ર મેન નિમવાની સૂચનાઓ | ૫૭ |
| રાજ્યમાં મેડિકલ અને પેરા મેડીકલ અભ્યાસક્રમો ચલાવતી સરકારી સંસ્થાઓનું સંચાલન કરવા સોસાયટીની રચના | ૨૬૨ |
| વાયબ્રન્ટ ગુજરાત સમિટમાં ઉદ્યોગકારો દ્વારા જમીનની માગણી માટે અરજીઓ | ૧૧૧ |
| સ્વર્ણિમ ગુજરાત રમતગમત યુનિવર્સિટી વિધેયક,૨૦૧૧ | ૪૩૭ |
| **અશ્વિન કોટવાલ** | |
| સન ૨૦૦૫ અને ૨૦૦૭ના વાયબ્રન્ટ ગ્લોબલ ગુજરાત ઈન્વેસ્ટર્સ સમિટમાં સાબરકાંઠા જિલ્લામાં મુડી રોકાણના એમ.ઓ.યુ. | ૩૮૦ |
| સાબરકાંઠા જિલ્લામાં ઊંડા કરેલ તળાવો | ૨૯૫ |
| સાબરકાંઠા જિલ્લામાં કિસાન પથ યોજના હેઠળ થયેલ કામો | ૧૭૬ |
| સાબરકાંઠા જિલ્લામાં ગૃપ ગ્રામ પંચાયતોના વિભાજનની માગણીઓ | ૪૮ |
| સાબરકાંઠા જિલ્લામાં જમીનો ઉપરના દબાણો દૂર કરવા બાબત | ૧૧૫ |
| સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર બનાવેલ જૂથ પાણી પુરવઠા યોજના | ૨૫૧ |
| સાબરકાંઠા જિલ્લામાં નરેગા યોજનામાં બોગસ જોબકાર્ડ | ૩૦ |
| સાબરકાંઠા જિલ્લામાં બનાવેલ જૂથ પાણી પુરવઠા યોજના | ૩૧૮ |
| સાબરકાંઠા જિલ્લામાં સર્વ શિક્ષા અભિયાન હેઠળ થયેલ ખર્ચ | ૧૫૧ |
| **આત્મારામ મ. પરમાર** | |
| કેન્દ્ર અને રાજયો વચ્ચે સંવાદિતાનું વાતાવરણ ઊભું કરવા અંગે | ૨૧૭ |
| ખેડૂતોને વીજ બીલમાં રાહત | ૩૪૮ |
| ગઢડા ઘોઘા અને ઉમરાળા તાલુકા મથકમાં સિવિલ કોર્ટની સ્થાપના | ૧૩૩ |
| નાણાં પંચની રચના અને કામગીરી | ૨૨ |
| ભાવનગર જિલ્લાની નગરપાલિકાઓને સ્વર્ણિમ જ્યંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત ગ્રાન્ટ | ૨૪૮ |
| ભાવનગર જિલ્લામાં પોલીસ ખાતાના રહેણાંકના કામો | ૩૮૮ |
| ભાવનગર જિલ્લામાં પૂર્ણ કરેલ ચેકડેમો | ૨૯૩ |
| ભાવનગર જિલ્લામાં સમરસ ગ્રામ પંચાયતો | ૪૬ |
| **આનંદીબેન મ. પટેલ** | |
| ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૭-૨૦૦૮નો વાર્ષિક અહેવાલ | ૩૨૫ |
| **આર.સી. પટેલ** | |
| કેન્દ્ર અને રાજયો વચ્ચે સંવાદિતાનું વાતાવરણ ઊભું કરવા અંગે | ૨૧૪ |
| ખાનગી ક્ષેત્રે નવા બંદરો વિકસાવવા | ૩૪૬ |
| નવસારી જિલ્લામાં ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં કેસ | ૩૫ |
| નવસારી જિલ્લામાં નગરપાલિકાઓમાં મંજૂર ભૂગર્ભ ગટર યોજના | ૨૭૮ |
| નવસારી જિલ્લામાં પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનાના રસ્તાઓ મંજૂર કરવા બાબત | ૧૨૫ |
| **ઈકબાલ પટેલ** | |
| કરજણ ડેમમાં પાણીની સંગ્રહ ક્ષમતા | ૩૨૨ |
| કેન્દ્ર અને રાજયો વચ્ચે સંવાદિતાનું વાતાવરણ ઊભું કરવા અંગે | ૨૧૯ |

| વિષય | પાના નંબર |
|---|---|
| **ઈકબાલ પટેલ** | |
| દહેજ ઓદ્યોગિક વસાહત માટે જમીન સંપાદન | ૧૪૭ |
| ભરૂચ જિલ્લામાં અંત્યોદય યોજનામાં આવરી લીધેલ કુટુંબો | ૩૯ |
| ભરૂચ જિલ્લામાં ઈ-ગર્વનન્સ અંતર્ગત કોમ્પ્યુટરોની ફાળવણી | ૧૨ |
| ભરૂચ જિલ્લામાં જનસેવા કેન્દ્રો | ૧૦૭ |
| ભરૂચ જિલ્લામાં ડાર્કઝોન દૂર કરવા લેવાયેલ પગલાં | ૨૭૮ |
| ભરૂચ જિલ્લામાં ફોટા સાથેના બારકોડેડ રેશનકાર્ડ | ૫૩ |
| ભરૂચ જિલ્લામાં લૂંટ, ખૂન, બળાત્કાર, ચોરી, છેડતી અને આર્થિક ગુનાઓના બનાવો | ૩૯૫ |
| ભરૂચ દહેજ વિસ્તારમાં પેટ્રોકેમિકલ્સ ઈન્વેસ્ટમેન્ટની સુવિધા | ૩૮૩ |
| વાગરા રેફરલ હોસ્પિટલ અને સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં સંવર્ગવાર મંજૂર મહેકમ | ૩૧૧ |
| **ઈશ્વરભાઈ ન. વહીઆ** | |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ) | ૧૯૬ |
| લાર્સન એન્ડ ટુબ્રો લી. ને ફાળવેલ જમીન | ૧૭૩ |
| સુરતમાં લાર્સન ટુબ્રોને આપેલ જમીન | ૧૮૬ |
| એસ્સાર સ્ટીલ લિ. હજીરાને ફાળવેલ જમીન | ૧૪૧ |
| **ઉદેસિંહ પું. ઝાલા** | |
| બનાસકાંઠા જિલ્લામાં ગ્રાહક તકરારનિવારણ ફોરમમાં પ્રમુખ/સભ્યોની મંજૂર જગ્યાઓ | ૪૨ |
| બનાસકાંઠા જિલ્લામાં સોઇલ હેલ્થ કાર્ડ | ૧૩૬ |
| સાબરકાંઠા ખાતે ગ્રાહક તકરાર નિવારણ ફોરમનું નવીન મકાન | ૧૬ |
| સાબરકાંઠા જિલ્લામાં ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાના લાભાર્થી | ૨૩૧ |
| **ઉપેન્દ્રસિંહ પ્ર. ગોહિલ** | |
| આપત્તિ વ્યવસ્થાપન મંડળ દ્વારા સંસ્થાઓને વાહનો ફાળવવા અંગે | ૧૬૯ |
| ગાંધીનગરને જે.એન.યુ.આર.એમ. માં સમાવવા અંગે | ૨૪૬ |
| નર્મદા યોજનાના બન્ને વીજ મથકમાંથી વીજ ઉત્પાદન | ૩૮૩ |
| વડોદરા જિલ્લામાં જિપ્સમ સહાય માટે અરજીઓ | ૧૩૮ |
| વડોદરા જિલ્લામાં સસ્તા અનાજની દુકાનો ખોલવાની અરજીઓ | ૧૬ |
| **ઋષિકેશ ગ. પટેલ** | |
| ખેડા જિલ્લાની ઘોડાસર બ્રાન્ચ કેનાલનો કમાન્ડ એરીયા | ૩૬૭ |
| ખેડા જિલ્લાની નગરપાલિકાઓમાં મંજૂર ભૂગર્ભ ગટર યોજના | ૩૦૨ |
| ખેડા જિલ્લામાં ટ્રેક્ટર સહાય માટે અરજીઓ | ૧૮૦ |
| ખેડા જિલ્લામાં પોલીસ ખાતાના રહેણાંક્ના કામો | ૩૯૦ |
| ખેડા જિલ્લામાં પશુ આરોગ્ય મેળા | ૧૬૦ |
| ખેડા જિલ્લામાં સોઈલ હેલ્થ કાર્ડ | ૧૨૫ |
| ખેડા જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના | ૩૩ |
| ટેઈલ વિશાખાની રામપુરા માઈનોરની કામગીરી | ૨૬૭ |
| નર્મદા યોજના અંતર્ગત મહેસાણાસ્થિત બોલેરા શાખા નદીના વિસ્તારને સિંચાઈનો લાભ | ૩૭૫ |
| પાટનગર ગાંધીનગરને જે.એન.યુ.આર.એમ.માં સાંકળવા માટે દરખાસ્ત | ૨૫૧ |
| મહેસાણા જિલ્લામાં ઈ-ગ્રામ કેન્દ્રો ધ્વારા વીજળીનું બીલ લેવા બાબત | ૩૫ |
| મહેસાણા જિલ્લામાં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજનાના કામો | ૫૧ |

| વિષય | પાના નંબર |
|---|---|
| **ઋષિકેશ ગ. પટેલ** | |
| મહેસાણા જિલ્લામાં સી.એચ.સી. ના મકાનો બાંધવા મંજૂર રકમ | ૨૯૬ |
| મહેસાણા જિલ્લામાં જિપ્સમ સહાય માટે અરજીઓ | ૯૯ |
| **કનુભાઈ મે. ભાલાળા** | |
| સન ૨૦૦૮-૨૦૦૯નો સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીનો વાર્ષિક ઑડિટ અહેવાલ | ૩૨૫ |
| સન ૨૦૦૯-૨૦૧૦નો ગુજરાત રાજય બીજ નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ | ૩૨૫ |
| **કનુભાઈ વા. કળસરીયા** | |
| પંચાયત ફાયનાન્સ બોર્ડની રચના | ૫૭ |
| ભાવનગર જિલ્લાના સરકારી દવાખાનાઓમાં વર્ગ-૧ અને વર્ગ-૨ના ડોકટરોનું મંજૂર મહેકમ | ૩૧૫ |
| ભાવનગર જિલ્લામાં ઈ-ગ્રામ વિશ્વગ્રામ પ્રોજેક્ટ | ૩૬ |
| ભાવનગર જિલ્લામાં ગ્રામ્ય માર્ગો | ૧૦૫ |
| ભાવનગર જિલ્લામાં ગ્રામ્ય માર્ગોની સુધારણા | ૨૮૪ |
| ભાવનગર જિલ્લામાં જમીનોમાં લાઇમસ્ટોન માટે માઇનીંગની લીઝો | ૩૬૦ |
| ભાવનગર જિલ્લામાં લાંચ રુશ્વત વિરોધી બ્યુરો ધ્વારા પકડવામાં આવેલ ગુનાઓ | ૪૦૦ |
| ભાવનગર જિલ્લામાં સર્વોદય યોજના | ૫૧ |
| ભાવનગર જિલ્લામાં સામુહિક અને વ્યક્તિગત આત્મહત્યાના બનાવો | ૩૮૯ |
| રાષ્ટ્રીય કાર્યક્રમ અંતર્ગત શાળાદીઠ કરેલ ખર્ચ | ૧૪૫ |
| **કમાભાઈ ગ. રાઠોડ** | |
| અમદાવાદ જિલ્લામાં કાંસોની સફાઈ | ૨૯૬ |
| અમદાવાદ જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના | ૮ |
| ગાંધીનગરને જે.એન.યુ.આર.એમ. હેઠળ સાંકળી લેવા અંગે | ૨૫૨ |
| સન ૨૦૧૧ નું ગુજરાત રોઝડા સંરક્ષણ અને વસતિ નિયંતત્રણ વિધેયક | ૨૧૩ |
| **કરશનભાઈ ઓડેદરા** | |
| પોરબંદર જિલ્લામાં પોલીસ ખાતાના રહેણાંક્ના કામો | ૩૭૨ |
| **કલ્યાણસિંહ દે. ચૌહાણ** | |
| કરાઇ ખાતે અદ્યતન પોલીસ તાલીમ | ૩૬૩ |
| ગાંધીનગર જિલ્લામાં ટ્રેક્ટર સહાય માટે અરજીઓ | ૧૩૬ |
| ગાંધીનગર જિલ્લામાં સમરસ ગ્રામ પંચાયતો | ૨૫ |
| પિયજ - ધરોઈ પાઈપ લાઈનથી જોડવામાં આવેલ તળાવો | ૨૪૪ |
| મધ્યસ્થ ઓષધ ભંડાર તંત્ર ધ્વારા ઇ- ટેન્ડરીંગ પધ્ધતિનો અમલ | ૨૮૯ |
| **કાંતિભાઈ રા. પટેલ** | |
| ધરોઈ જમણાકાંઠા મુખ્ય નહેરની વિતરણ નહેરોની સુધારણાની કામગીરી | ૨૭૩ |
| નર્મદા યોજના અંતર્ગત મહેસાણા સ્થિત અમરાપુરા શાખા નહેરના કામો | ૩૭૫ |
| મહેસાણા જિલ્લામાં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજનામાં કામો | ૧૩ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ) | ૮૦ |
| વિજાપુર-લાડોલ-રણસીપુર-વલાસણા રસ્તાને પહોળા કરવાનો ખર્ચ | ૧૧૯ |
| **કાંતિલાલ શી. અમૃતિયા** | |
| કોલસા આધારિત વીજ ઉત્પાદન | ૩૮૨ |
| મોરબી નગરપાલિકામાં મંજૂર ભૂગર્ભ ગટર યોજના | ૨૭૦ |

| વિષય | પાના નંબર |
|---|---|
| **કાંતિલાલ શી. અમૃતિયા** | |
| રાજકોટ જિલ્લામાં ગરીબ કુટુંબોને પામોલીન તેલનું વિતરણ | ૨૦ |
| રાજકોટ જિલ્લામાં પી.એચ.સી. ના મકાનો બાંધવા મંજૂર રકમ | ૩૦૫ |
| **કાનજીભાઈ ૨ા. તળપદા** | |
| ધોળકા તાલુકામાં સ્વજલધારા કાર્યક્રમ અન્વયે મંજૂર કામો | ૨૪૬ |
| ધોળકા નગરપાલિકાને પીવાના પાણીની પાઈપો ખરીદવા રાજ્ય સરકારે ફાળવેલ રકમ | ૨૯૧ |
| **કાન્તિલાલ ૨ા. લકુમ** | |
| અમદાવાદ જિલ્લામાં વ્યાખ્યાતાઓની ખાલી જગ્યા | ૧૨૯ |
| અમદાવાદ જિલ્લામાં શૌચાલયો મંજૂર કરવા બાબત | ૩૪ |
| અમદાવાદ જિલ્લામાં સીકલસેલ એનીમીયાના દર્દીઓને સારવાર | ૨૫૫ |
| ગેસ ક્રુડની રોયલ્ટીની રકમ ગણત્રી કરવાની પધ્ધતિ | ૩૬૬ |
| ધોળકા અને ધંધુકા તાલુકામાં સ્વજલધારા કાર્યક્રમ હેઠળ મંજૂર કામો | ૨૯૯ |
| ધોળકા ખાતે તાલુકા સેવા સદનની કામગીરી | ૧૮૨ |
| રાજ્યમાં જેલોનું આધુનિકરણ | ૧૬૨ |
| **કાળુભાઈ ચ. રાઠોડ** | |
| ઉના ખાતે વધારાની જિલ્લા ન્યાયાધીશની અદાલતની સ્થાપના | ૧૫૮ |
| જૂનાગઢ જિલ્લામાં ખેડૂત અકસ્માત વિમા યોજના | ૧૨૧ |
| જૂનાગઢ જિલ્લામાં જર્જરિત વીજ વાયરો બદલવા | ૩૭૩ |
| જૂનાગઢ જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના | ૨૮ |
| **કાળુભાઈ વીરાણી** | |
| અમરેલી જિલ્લામાં ખેડૂતોને સહકારી ધિરાણ માફી | ૧૩૩ |
| અમરેલી જિલ્લામાં પોલીસ ખાતાના રહેણાંક્ના કામો | ૩૭૧ |
| અમરેલી જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના | ૪૪ |
| અમરેલી જિલ્લામાં સી.એચ.સીના મકાનો બાંધવા મંજૂર રકમ | ૨૪૭ |
| અમરેલી જિલ્લામાં સ્વર્ણ જયંતી ગ્રામ સ્વરોજગાર યોજના | ૨૦ |
| અમરેલી-કુંકાવાવ રસ્તાની સુધારણા પાછળ ખર્ચ | ૧૬૬ |
| ડાર્ક ઝોનમાં ખેતી માટે ખેડૂતોને વીજ કનેકશન આપવા અંગે | ૨૨૬ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ) | ૬૬ |
| **કિરણકુમાર એલ. મકવાણા** | |
| ભરૂચ જિલ્લા અને શહેરમાં એન્જીનીયરીંગ કોલેજોમાં ખાલી જગ્યાઓ | ૧૩૯ |
| ભરૂચ, ગાંધીનગર અને બનાસકાંઠા જિલ્લામાં ખેડૂતોને ખેત વીજ જોડાણો | ૩૫૮ |
| **કિરીટભાઈ ગં. પટેલ** | |
| સુરત જિલ્લાના પલસાણા તાલુકામાં સ્વજલધારા કાર્યક્રમ હેઠળ મંજૂર કામો | ૨૫૦ |
| સુરત જિલ્લાના રસ્તાઓને મંજૂરી | ૧૧૬ |
| સુરત જિલ્લામાં પંચવટી યોજના | ૪ |
| સુરત જિલ્લામાં પોલીસ ખાતાના રહેણાંક્ના કામો | ૩૮૨ |
| **કિશોર વાંકાવાલા** | |
| ક્રુડ ઓઈલ અને ગેસ પરની રોયલ્ટી | ૩૬૯ |
| સન ૨૦૧૧ નું ગુજરાત અવાજ પ્રદૂષણ (અટકાવવા) બાબત વિધેયક | ૨૧૪ |
| સુરત જિલ્લામાં ઇકો ટુરીઝમ યોજના | ૪ |

| વિષય | પાના નંબર |
|---|---|
| **કિશોર વાંકાવાલા** | |
| સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરીવિકાસ યોજના હેઠળ આંતરમાળખાકિય વિકાસના કામો માટે સુરત મહાનગરપાલિકાને ગ્રાન્ટ | ૨૭૪ |
| **કુંવરજીભાઈ ન. હળપતિ** | |
| માંડવી તાલુકાના કડોદ આઉટ પોલીસ સ્ટેશનનું મહેકમ | ૩૭૯ |
| માંડવી તાલુકામાં ચાલતી ક્વોરીઓ | ૩૯૪ |
| સુરત અને તાપી જિલ્લામાં એ.પી.એલ. અને બી.પી.એલ. કાર્ડ | ૫ |
| સુરત અને તાપી જિલ્લામાં પંચાયત વિભાગમાં રહેમરાહે નોકરીના કેસ | ૩૭ |
| સુરત અને તાપી જિલ્લાઓમાં રસ્તાના કામો | ૧૧૫ |
| સુરત અને તાપી જિલ્લામાં વનબંધુ કલ્યાણ યોજના નીચે પીવાના પાણી માટેની યોજનાઓ | ૨૫૩ |
| સુરત અને તાપી જિલ્લામાં વિધવા સહાયની અરજીઓ | ૧૫૦ |
| **કુંવરજીભાઈ ન.હળપતિ** | |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ) | ૨૦૫ |
| **કેશુભાઈ હી. નાકરાણી** | |
| ભાવનગર જિલ્લામાં જિપ્સમ સહાય માટે અરજીઓ | ૧૪૦ |
| **ખુમાનસિંહ રા. ચૌહાણ** | |
| દાહોદ જિલ્લામાં ખેતીના સાધનો માટે સહાય | ૧૦૩ |
| રાજ્યમાં જિલ્લા પુરવઠા અધિકારીની ખાલી જગ્યાઓ | ૪૭ |
| વડોદરા જિલ્લામાં ઈ-ગવર્નન્સ અંતર્ગત કોમ્પ્યુટર ફાળવવા બાબત | ૨૭ |
| સાવલી તાલુકામાં અંત્યોદય યોજના | ૫૬ |
| **ગીતાબેન યો. પટેલ** | |
| અમદાવાદ ખાતે રાજ્ય ગ્રાહક તકરાર નિવારણ કમિશનની કચેરીનું મકાન | ૧૦ |
| અમદાવાદ જિલ્લામાં ડિઝિટલ લેંગ્વેજ લેબ | ૧૩૫ |
